The Oath of the Vayuputras (The Shiva Trilogy)

Amish Tripathi

VISIT...

LANZAROTE Caliente.COM

શિવકથન ૩

વાયુપુત્રોના શપથ





"પૌરાણિક અને હચમચાવી દે તેવાં... અમીશનાં પુસ્તકો અંતરઆત્માના ઊંડા ગોખલાઓને અજવાળી દે છે."
-દીપક ચોપરા

અમીશ

વાયુપુત્રોના શપથ
અમીશ





‘વાયુપુત્રોના શપથ’ (શિવકથન-3) પુસ્તક ઉપર વરસેલાં પ્રશંસાનાં પુષ્પો

અમીશની પૌરાણિક કલ્પનાઓ, ભવિષ્યની સંભાવનાઓમાં છલાંગ મારે છે. તેઓનાં પુસ્તકો આપણા અંતરઆત્માના ઊંડા ગોખલાઓને અજવાળી દે છે.

– Deepak Chopra, world-renowned spiritual guru and bestselling author

અમીશ ભારતીય સાહિત્યજગતનો એક નવો જ અવાજ છે -- ઇતિહાસ અને પુરાણોને તેઓ તેમની અનુભવી નજરથી જોઈને પ્રભાવશાળી રીતે રજૂ કરે છે.

– Shashi Tharoor, Minister of State in the Indian Govenrment and celebrated author

દરેક પાને જોરદાર એકશન.

– Anil Dharker, renowned journalist and author

અમીશ ત્રિપાઠીની શિવકથન-3ની સરખામણી ટૉલ્કેઈનની ‘લૉર્ડ ઑફ ધ રિંગ’ સાથે કરવામાં આવી રહી છે.

— ધ હિન્દુસ્તાન ટાઇમ્સ

અમીશે ભારતની ઘણીબધી દંતકથાઓ, લોકકથાઓ અને પૌરાણિક કથાઓને ભેગી કરીને એવી સુંદર રીતે રજૂ કરી છે કે તેઓએ ઈશ્વર, સંસ્કૃતિ, ઇતિહાસ, દાનવ અને દેવતાઓ પ્રત્યેનો આપણો અભિગમ હંમેશ માટે બદલી નાખ્યો છે.

– Hi Blitz

અમીશની વાર્તા કહેવાની રીત અત્યંત તાજગી ભરેલી છે... તેઓ વાચકોને પાનાં ફેરવીને નીલકંઠના રહસ્યને જાણવા મજબૂર કરી દે છે.

– ધ ટેલિગ્રાફ

આ તો પ્રેમથી કરેલી મહેનત છે. ભારતના ઘણા લોકપ્રિય લેખકો જે નથી કરી શક્યા તેવું પાત્રોનું માનવીયકરણ અમીશ સહજતાથી કરી જાય છે.

– મિન્ટ

અમીશની સફળતાનો સાર છે -- સહનશીલતાની ફિલસૂફી, ધર્મની સાચી સમજ અને શિવ

પ્રત્યેનો ઊંડો પ્રેમ.

– Verve

ત્રિપાઠી એ નવાગંતુક લેખકોમાંથી એક છે, જેઓ ઇતિહાસ અને દંતકથાઓની ખણખોજ કરીને તેને રોચક સ્વરૂપે રજૂ કરે છે.

– ધ ન્યુ ઇન્ડિયન એક્સપ્રેસ

અમીશ ઇતિહાસ, માન્યતાઓ અને દંતકથાઓ પ્રત્યેના પોતાના પ્રેમને કાલ્પનિક સ્વરૂપે એક તિબેટ સમુદાયના નેતાને શિવના રૂપે રજૂ કરે છે.

– The Pioneer

જોકે કથા કાલ્પનિક છે, પરંતુ તેનાં પાત્રો અને ઐતિહાસિક વર્ણનો આધારભૂત છે...

– Harper's Bazaar

શિવના પાત્રને પૃથ્વી પર થઈ ગયેલા એક માનવી રૂપે રજૂ કરવાનો અમીશનો પ્રયત્ન અદ્ભુત છે.

– The Sentinel

શિવકથાઓનો રોમાંચ સુપ્રસિદ્ધ 'અમર ચિત્રકથા' જેવો જ બલ્કે તેનાથી વધારે અનુભવાય છે.

– રશ્મિ બંસલ



'મેલૂહા' (શિવકથન-૧) પુસ્તક ઉપર વરસેલાં પ્રશંસાનાં પુષ્પો

અમીશના આ પુસ્તકથી હું તો એવો રંગાઈ ગયો હતો કે એમાં જ ખોવાઈ ગયો હતો.

– કરણ જોહર

આ પુસ્તકમાં શિવ એક જુદા જ સ્વરૂપે જોવા મળે છે... એક શાંત મહાદેવ બનવા સુધીની શિવની સફર વાચકોને ભરપૂર રોમાંચ આપે છે, જેનાથી વાચક પુસ્તક સાથે જાણે જોડાઈ જાય છે.

–ધ ટાઇમ્સ ઑફ ઇન્ડિયા

બ્રંચ દ્વારા પસંદ કરાયેલાં પાંચ પુસ્તકોમાં આ પુસ્તક છે. ગજબ કથા છે.

–ધી હિન્દુસ્તાન ટાઇમ્સ

આ પુસ્તક ભગવાન શિવ અને તેઓની શરૂઆતની જિંદગીને એક અલગ જ દૃષ્ટીથી જુએ છે. સુંદર રીતે લખાયેલી આ રચના ભારતીય ઇતિહાસ અને પુરાણોમાં રસ ધરાવનાર વાચકો વાંચ્યા વગર નહિ રહે.

– સોસાયટી

આ પુસ્તકની કથા જોરદાર પક્કડ સાથે સારી રીતે આગળ ને આગળ વધે છે. એક પૌરાણિક કથાને આધુનિક ઢબે લખીને પુસ્તક વાચકના મનમાં કુતૂહલ જગાડે છે અને આખું પુસ્તક વાંચવા મજબૂર કરે છે.

– બિઝનેસ વર્લ્ડ

જોકે પુસ્તકનો વિષય ફિલસૂફી છે, પરંતુ તેમાં વાચકો માટે પુષ્કળ એડવેંચર પણ છે.

– ધ હિન્દુ

એકશન, પ્રેમ અને સાહસથી ભરેલું એક નવાઈ પામી જવાય તેવું પુસ્તક. લેખકે પૌરાણિક પાત્રોને સામાન્ય માણસોમાં ફેરવી નાખ્યાં છે. આ જ તો અમીશની સફળતા છે.

– ધ આફ્ટરનૂન

લેખક દંતકથાને સમકાલીન દર્શાવી, આપણાં સત્યો સામે પ્રશ્નો કરે છે. ધર્મ, લોકકથા અને પૌરાણિક તથ્યોથી બનેલી આ કાલ્પનિક કથા ખરેખર એક અસાધારણ પ્રયત્ન છે.

– પીપલ

પુસ્તકની જબરદસ્ત સફળતા જોતાં માનવું પડશે કે અમીશે લોકપ્રિયતાની નાડ પારખી લીધી છે.

– ધ ડેક્કન ક્રોનિકલ



‘નાગવંશ’ (શિવકથન-૨) પુસ્તક ઉપર વરસેલાં પ્રશંસાનાં પુષ્પો

શિવકથાનો બીજો ભાગ ‘નાગવંશ’ નાગાઓના રહસ્ય અંગેનો છે. અમીશ ખરેખર લોકપ્રિયતાનું નવું શિખર સર કરવામાં સફળ થયા છે.

– ધ હિન્દુસ્તાન ટાઇમ્સ

શિવકથાના આ બીજા ભાગમાં લેખક ખૂબ જ સુંદર રીતે વાર્તા કહી જાય છે અને અંત સુધી પટકથા ઉપર પોતાની પક્કડ જમાવી રાખે છે.

– The Sunday Guardian

‘... એક સશક્ત વાર્તા જેમાં એકશનની સાથે સાથે ઊંડી અને કુદરતી માન્યતાઓ પણ છે. અમીશ આપણને નિરાશ નથી કરતા. આ પુસ્તક વાચકોને જિજ્ઞાસા અને ઉત્સાહમાં ડુબાડી દે છે.’

– આઉટલુક

આ પુસ્તક પોતાની રીતે ફિલસૂફી, આધ્યાત્મિક સંદેશ, રાજકારણ, યુદ્ધ અને રહસ્યને સુપેરે રજૂ કરે છે.

– ધ ઇન્ડિયન એક્સપ્રેસ

એ સાવ સ્પષ્ટ છે કે આ પુસ્તક ભારતીય વાચકોના મનના તાર ઝણઝણાવી મૂકે છે.

– ધ હિન્દુ

શિવકથાના આ બીજા ભાગમાં અમીશ ત્રિપાઠી તેઓનો કલમનો જાદુ અકબંધ રાખે છે.

– Deccan Herald

આ પુસ્તકની કથા ખૂબ જ પ્રભાવશાળી છે -- ત્રિપાઠી પહેલી હરોળના વાર્તાલેખક છે.

– ડીએનએ

જેવું આપ આ પુસ્તક વાંચવાનું શરૂ કરો છો આપ એક રોલર કોસ્ટર રાઇડ પર સવાર થઈ જાવ છો, જે વચ્ચે વચ્ચે આપને એવી જગ્યાઓ પર ઉતારી દે છે જ્યાં પાત્રો જ પાત્રો હોય છે.

– Alive

ઇતિહાસ અને પુરાણ ઉપર બહુ જ ઓછાં એવાં પુસ્તકો છે જે આપને છાપેલા શબ્દો

ઉપર વિચાર કરતા કરી મૂકે છે. આ પુસ્તક એ જ કુળનું છે.

– Herald, Goa

શિવકથન : ૩

વાયુપુત્રોના શપથ

(અંગ્રેજી પુસ્તક 'The Oath of the Vayuputras'નો ભાવાનુવાદ)

અમીશ



ભાવાનુવાદ

આદિત્ય વાસુ



મુખ્ય પ્રાપ્તિસ્થાન

નવભારત સાહિત્ય મંદિર

જૈન દેરાસર પાસે, ગાંધી રોડ, અમદાવાદ-૧
ફોન : (૦૭૯) ૨૨૧૩૯૨૫૩, ૨૨૧૩૨૯૨૧

૨૦૨, પેલિકન હાઉસ, આશ્રમ રોડ, અમદાવાદ-૯
ફોન : (૦૭૯) ૨૬૫૮૦૩૬૫, ૨૬૫૮૩૭૮૭

E-mail : info@navbharatonline.com
Web : www.navbharatonline.com
fb.com/NavbharatSahityaMandir



બીજા માળે,
ઇન્દ્રપ્રસ્થ કૉર્પોરેટ હાઉસ,
રિલાયન્સ પેટ્રોલ પંપ સામે,
વિનસ એટલાન્ટિસ સામે,
૧૦૦ ફૂટ પ્રહ્લાદનગર ગાર્ડન રોડ,
અમદાવાદ-૧૫
ફોન : (૦૭૯) ૬૬૧૭૦૨૬૫

Vayuputrona Shapath
Originally Published in English as
The Oath of the Vayuputras
written by Amish
Gujarati Translation by Aditya Vasu
Navbharat Sahitya Mandir, Ahmedabad
2014

ISBN : 978-81-8440-924-6

પ્રથમ આવૃત્તિ : ૧૫ ફેબ્રુઆરી, ૨૦૧૪

પ્રકાશક
મહેન્દ્ર પી. શાહ
નવભારત સાહિત્ય મંદિર
જૈન દેરાસર પાસે, ગાંધી રોડ,
અમદાવાદ-૩૮૦ ૦૦૧
ફોન નં. : (૦૭૯) ૨૨૧૩ ૯૨૫૩, ૨૨૧૩ ૨૯૨૧
E-mail : info@navbharatonline.com
Web : www.navbharatonline.com

અર્પણ

મારા શ્વશુર સ્વર્ગસ્થ ડૉ. મનોજ વ્યાસને —

મહાન માણસો ક્યારેય મૃત્યુ પામતા નથી. તેઓ તેમના અનુયાયીઓનાં હૃદયોમાં વસેલા હોય છે .

હર હર મહાદેવ

આપણે સૌ મહાદેવો છીએ, આપણે સૌ પરમાત્માઓ છીએ, કારણ કે તેઓનાં અદ્ભુત મંદિરો, સુંદરતમ મસ્જિદો અને મહાન દેવળો આપણા આત્માઓમાં અસ્તિત્વ ધરાવે છે .



શિવકથન : ૩

શિવ ! મહાદેવ ! દેવોના દેવ. દુષ્ટ તત્ત્વોનો નાશ કરનાર. તામસી પ્રેમી. લડાયક યોદ્ધા. પૂર્ણ કળાના નૃત્યકાર. સર્વને આંજી દે તેવા નેતા. સર્વ શક્તિશાળી છતાંય નિષ્કલંક હાજરજવાબી અને શીઘ્ર ગુસ્સે થાય તેવા.

કોઈ પણ વિદેશી જે ભારત આવ્યો હોય -- પછી તે વિજેતા હોય, વ્યાપારી હોય, વિદ્વાન હોય, રાજવી હોય કે પ્રવાસી હોય -- માનતો હોય છે કે આટલો મહાન માણસ ખરેખર થયો હોવો જોઈએ. તેઓએ માની લીધું હતું કે એ માણસ દૈવી પ્રભુ હશે -- એક દંતકથા જે માણસની કલ્પના સાથે જોડાઈ ગઈ હશે અને સમય જતાં, આ માન્યતા, આ કલ્પના આપણને મળેલું ડહાપણ બની ગઈ હતી.

પરંતુ આપણે ખોટા હોઈએ તો પણ શું ? -- ભગવાન શિવ આપણી કલ્પનાનો અંશ ન પણ હોય અને તમારા અને મારા જેવી હાડ-ચામની બનેલી વ્યક્તિ હોય તો પણ શું ? એ એવી વ્યક્તિ હતી જે તેનાં કર્મોથી ભગવાનકક્ષાએ પહોંચી હતી. આ જ શિવકથાનું મૂળ છે જે આપણા પૌરાણિક વ્યાસમુનિના વારસાને કથા અને ઐતિહાસિક સત્યો સાથે મેળવીને આપણને તેનો અર્થ સમજાવે છે.

આ શિવકથાના ત્રણ ભાગમાં 'મેલુહા' પહેલો ભાગ હતો, જે આ અનન્ય નાયકની જીવનસફરને રજૂ કરતો હતો. આ જ કથા બીજા ભાગમાં એટલે કે 'નાગવંશ'માં પ્રવાહિત રહી હતી અને તેનો અંત તમે જે પુસ્તક હાથમાં લીધું છે -- 'વાયુપુત્રોના શપથ'માં પૂરો થાય છે.

આ એક કલ્પિત શ્રેણી છે જે મારા પ્રભુને હાર્દિક અંજલિરૂપે છે; નાસ્તિકતાના ઘનઘોર અંધારામાં ઘણાં વર્ષો વિતાવ્યા પછી મેં તેઓને પ્રાપ્ત કર્યા છે. હું આશા રાખું છું કે આપ પણ આપના પ્રભુને પામશો. એ મહત્ત્વની વાત નથી કે આપણે કેવા સ્વરૂપમાં તેઓને પામીએ -- મહત્ત્વની એ છે કે છેવટે આપણે તેઓને પામીએ. પછી તેઓ આપણી સમક્ષ શિવ કે વિષ્ણુ કે શક્તિમાં અથવા અલ્લાહ અથવા જિસસ ક્રાઇસ્ટ કે પછી બુદ્ધ અથવા તેઓનાં વિવિધ સ્વરૂપે આવે, તેઓ આપણને મદદ કરવા ઇચ્છતા હોય છે. આપણે સૌએ તેઓને તેમ કરવા દેવા જોઈએ.

મારા શંભુ, મારા શિવ, મારું દરેક કર્મ તમારા પ્રત્યેના માન માટેની મારી પ્રાર્થના છે.



ઋણસ્વીકાર

મેં કલ્પના પણ કરી ન હતી કે હું ક્યારેય લેખક બનીશ. અત્યારે હું જે રીતે જીવન જીવી રહ્યો છું -- એવું જીવન જેમાં હું લેખન કરું છું, પ્રાર્થનાઓ કરું છું, વાંચું છું, ચર્ચાઓ કરું છું અને મુસાફરી કરું છું -- જે મને ક્યારેક કાલ્પનિક લાગે છે. મારા આ સ્વપ્નને સાકાર કરવામાં ઘણા લોકોનો સહયોગ છે અને તે સૌનો આભાર માનવો મને ગમશે.

શિવજી, મારા પ્રભુ જેઓ મને ફરીથી -- આધ્યાત્મિક જીવનમાં લઈ આવ્યા છે. આ બનવું મારા જીવનની સૌથી મોટી વાત છે.

નીલ, મારો દીકરો, નાનકડો તોફાની છોકરો, જ્યારે પણ હું તન્મય થઈને લખતો હોઉં ત્યારે મારી પાસે આવીને પૂછતો : 'ડેડી, આપકા હો ગયા ક્યા ?'

પ્રીતિ -- મારી પત્ની, ભાવના -- મારી બહેન, હિમાંશુ -- મારા સાળા; અનિશ અને આશિષ -- મારા ભાઈઓ, ડોનેટા -- મારાં ભાભી. આ બધાં જ લોકોએ મારી સાથે રહીને કામ કર્યું હતું કે ઘણી વાર મને થાય છે કે આ ફક્ત મારા એકલાનું પુસ્તક નથી, પરંતુ સહિયારો પ્રોજેક્ટ છે -- ફક્ત મારું નામ પુસ્તક ઉપર લખી દેવામાં આવ્યું છે.

મારા કુટુંબના બીજા સભ્યો : ઉષા, વિનય, મીતા, શેહનાઝ, સ્મિતા, અનુજ અને ઋતા. તેઓ બધાં જ મારા માટે ખડેપગે તૈયાર રહેતાં હતાં.

શરવણી પંડિત, મારા સંપાદક, અસ્વસ્થ તબિયત છતાં મારી સહાનુભૂતિની આશા રાખ્યા વગર, તેમણે બધું કામ બરાબર કર્યું હતું અને મારું કર્મ પૂરું કરવામાં મને બધી જ મદદ કરી હતી. હું નસીબદાર છું કે તેણી મને મદદ કરવા તત્પર થઈ ગઈ હતી.

આ પુસ્તકના મુખપૃષ્ઠની ડિઝાઇન તૈયાર કરનાર રશ્મિ પુસાલકરને કેમ ભુલાય ? મારા પહેલા પુસ્તકથી તે મારી સાથે છે. મારો નમ્ર અભિપ્રાય છે કે ભારતીય પ્રકાશન ક્ષેત્રે તેણી પુસ્તકના મુખપૃષ્ઠ તૈયાર કરનાર સર્વશ્રેષ્ઠ ડિઝાઇનર છે.

ગૌતમ પદ્મનાભન, સતીશ સુંદરમ્, અનુશ્રી બેનરજી, પોલ વિનયકુમાર, વિપિન વિજય, રેણુકા ચેટરજી, દીપ્તિ તલવાર, ક્રિષ્નકુમાર નાયર અને મારા પ્રકાશક વેસ્ટલેન્ડની આખીયે ટીમ. તેઓએ નિષ્ઠાપૂર્વક અને સમજદારીપૂર્વક કામ કર્યું હતું, જે બહુ ઓછા પ્રકાશકો તેમના લેખકો માટે કરે છે.

મારો એજન્ટ અનુજ બાહરી, જે વિશાળ દિલનો તેજસ્વી પંજાબી છે, જે મને મારા નસીબજોગે મળી ગયો હતો અને મારાં સ્વપ્નાં સાકાર કરવામાં ઘણી મદદ કરી હતી.

આ પુસ્તક માટેની જાહેરાત અને ડિજિટલ માર્કેટિંગ માટે 'Think Why Not' નામની

કંપનીની ટીમ અને સંગ્રામ સુર્વે અને શાલિની આય્યરને હું યાદ કરું છું, કારણ કે મેં ઘણી જાહેરાતની કંપનીઓ સાથે કામ કર્યું છે, જેમાં મોટી મલ્ટિનેશનલ કંપનીઓ પણ આવી જાય પરંતુ તે બધાંમાં 'Think Why Not' મારા મતે સર્વશ્રેષ્ઠ છે.

આ પુસ્તકના કવર ઉપરના ફોટોગ્રાફ માટે ચંદન કોવલીને હું એટલા માટે યાદ કરું છું કે તેણે શ્રેષ્ઠ કામ કર્યું હતું જે બધી જ વખતે કરે છે. આ ઉપરાંત અતુલ પરગાંવકરે જે રીતે ધનુષ અને બાણને ગૂંથ્યાં છે; વિનય સાળુંખે જેણે મેકઅપનું કામ ઉપાડી લીધું હતું, કેતન કરાંડે જે મૉડેલ બન્યો હતો, જાફેથ બઉટીસ્ટા બેકગ્રાઉન્ડ ચાર્ટ માટે, ધ લીટલ રેડ ઝોમ્બીસની ટીમ અને 3D વસ્તુઓ અને 'સીન સેટઅપ' માટે Shing Lei Chua , સાગર પુસાલકર અને તેની ટીમે જે પ્રોસેસિંગ કામ કર્યું, જુલિયન દુબોઇસ આખા પ્રોડકશનને જોવા-સાંભળવા માટે, તેઓ સૌનો આભારી છું. તેઓએ સર્જન કરેલું કવર તમને સૌને ગમ્યું હશે તેવી આશા રાખું છું. મને તો ખૂબ ગમ્યું છે.

આ પુસ્તકમાં છપાયેલા મારા ફોટોગ્રાફ માટે હું ઓમેન્દુ પ્રકાશ, બીજુ ગોપાલ અને સ્વપ્નીલ પાટીલનો આભારી છું. તેઓની રચના અદ્‌ભુત હતી.

બનારસના ચંદ્રમૌલી ઉપાધ્યાય, શકુંતલા ઉપાધ્યાય અને વેદશ્રી ઉપાધ્યાય, સીંગાપોરના શાંતનુ ઘોષરોય અને શ્વેતા બાસુ ઘોષરોય -- આ સૌની યજમાનગીરીની પ્રશંસા કરવા માટે મારી પાસે શબ્દો નથી. જ્યારે હું પુસ્તક લખી રહ્યો હતો ત્યારે તેઓનો મહેમાન બન્યો હતો.

મારા મિત્ર મોહન વિજયને મીડિયા બાબતે મને જે સલાહો આપી હતી, તે મને સદાય યાદ રહેશે.

ડિજિટલ એજન્સી -- બ્લોગવર્કૂસની ટીમ અને રાજેશ લાલવાણી જેઓ મારા પ્રકાશક વતી કામ કરે છે, તેઓએ મને ખૂબ જ સહાય કરી હતી, તે ક્ષેત્રમાં જેમાં મને સમજ ન હતી.

મારા પ્રકાશકની પીઆર એજન્સી, wizskp ની ટીમ અને અનુજા ચૌધરીનો હું ઋણી છું, કારણ કે તેઓએ અસરકારક જાહેરાત માટે વ્યવસ્થા કરી હતી.

ઝોરાસ્ટ્રીઝમની ફિલસૂફી સમજાવવા માટે ડૉ. રામીયાર કરંજિયાએ મને ખૂબ જ મદદ કરી હતી.

અને છેલ્લે સહુ વાચકોનો -- મારા અંતરના ઊંડાણથી આભાર માનું છું કે મારાં અગાઉનાં બે પુસ્તકોને તમે ખૂબ જ સુંદર ટેકો આપ્યો હતો. આ પૂરા થતા ત્રીજા પુસ્તકમાં હું આશા રાખું છું કે તમને સંપૂર્ણતાની લાગણી જરૂર થશે.



અનુક્રમણિકા



પ્રકરણ-૧

મિત્રનું પાછા ફરવું

શરૂઆત કરતાં પહેલાં--

લોહી પાણીમાં ટપક્યું, જેના લીધે લહેરો ઊઠી અને ધીરેધીરે તળાવના કાંઠા સુધી ફેલાઈ ગઈ. શિવ નીચે નમ્યા. લહેરોના લીધે પાણીમાં પડતું તેઓનું પ્રતિબિંબ બેડોળ બની ગયું હતું. તેઓએ તેમના હાથ પાણીમાં બોળ્યા અને થોડું પાણી લઈ, લોહી અને ઘાને સાફ કરવા મોઢા ઉપર છાંટયું. તેઓ તાજેતરમાં ગણોના નેતા તરીકે નિયુક્ત થયા હતા. માનસરોવર તળાવના આરામદેહ વાતાવરણથી દૂર તેઓ પહાડના એક ગામમાં હતા. જે ઝડપથી આવવાનું તેઓએ કામ સોંપ્યું હતું છતાંય તેઓની જાતિના લોકોને ત્યાં પહોંચતાં ત્રણ અઠવાડિયાં લાગ્યાં હતાં. ઠંડી હાડકાંઓને ઠારી નાખે તેવી હતી, પરંતુ શિવે તેના તરફ ધ્યાન આપ્યું ન હતું. પ્રકૃતિનાં ઝુંપડાંઓ આગમાં લપેટાઈ ગયાં હતાં. પરંતુ શિવ તે જવાળાઓમાંથી નીકળી રહેલી ગરમી નહીં, પોતાની અંદર ઉદ્‌ભવેલી ગરમીથી ત્રસ્ત હતા.

શિવે પોતાની આંખો લૂછી અને પાણીમાં પડતા પોતાના પ્રતિબિંબ સામે જોઈ રહ્યા. શિવમાં એક ઝનૂન ઊભરાયું. પ્રકૃતિનો મુખી યક્ષ છટકીને નાસી છૂટયો હતો. યુદ્ધનો શિવને થાક લાગ્યો હતો એટલે શિવે ઊંડા શ્વાસ લેવા માંડ્યા હતા.

શિવને લાગ્યું કે તેઓએ તેઓના કાકા મનોભૂનું લોહીનીંગળતું શરીર પાણીમાં જોયું હતું. પાણીની સપાટી નીચે હાથ લંબાવી તેઓ બોલ્યા : ‘કાકા’.

પ્રતિબિંબ અદૃશ્ય થઈ ગયું અને શિવે બળપૂર્વક પોતાની આંખો મીંચી દીધી.

પોતાના કાકાનું શરીર મળી આવ્યું હતું તે દૃશ્ય તેઓના માનસપટ ઉપર ફરી ફરી ઊભરવા માંડયું હતું. મનોભૂ શાંતિમંત્રણા માટે યક્ષ પાસે ગયા હતા, એવી આશા સાથે કે પ્રકૃતિના લોકો ગણો તેઓની સતત ચાલતી લડાઈનો અંત લાવી દેશે. નક્કી કરેલા સમયે જ્યારે તેઓ પાછા ન આવ્યા એટલે શિવે તેઓની ભાળ મેળવવા માટે કેટલાક લોકોને મોકલ્યા હતા. પ્રકૃતિ ગામ જવાના રસ્તે બકરી પકડવાના ફાંસલામાં તેઓએ મનોભૂ અને તેઓના અંગરક્ષકોના લોહીથી લથબથ શરીરો જોયાં હતાં.

જે ખડક પાસે મનોભૂએ છેલ્લા શ્વાસો લીધા હતા ત્યાં લોહીથી લખેલો સંદેશો જોઈ શકાતો હતો.

‘શિવ, માફ કરી દે એમને. ભૂલી જા એમને. બૂરાઈ જ તારો એકમાત્ર શત્રુ છે.’

તેઓના કાકાની એકમાત્ર ઇચ્છા હતી કે શાંતિ સ્થપાય અને તેઓએ કેવી રીતે તેમના કાકાને બદલો આપ્યો હતો.

'યક્ષ ક્યાં છે ?' ભદ્રે ચીસ પાડી પોતાની ચુપકીદી તોડી હતી, અને શિવની વિચારશ્રૃંખલા પણ તૂટી ગઈ હતી.

શિવ પાછળ ફર્યા. આખુંય પ્રકૃતિ ગામ અગ્નિની જવાળાઓમાં લપેટાઇ ગયું હતું. લગભગ ત્રીસ મૃતદેહો નજીકમાં પડ્યા હતા. ગુસ્સે ભરાયેલા ગણ લોકોએ તેઓના ભૂતપૂર્વ મુખીના મૃત્યુનો બદલો લીધો હતો. પ્રકૃતિ ગામના પાંચ માણસોને હાથે પગે બાંધીને જમીન ઉપર ઘૂંટણીએ પાડી દીધા હતા. બાંધેલ રસ્સીઓને જમીનમાં ખોડી દેવામાં આવી હતી. ઝનૂન સવાર થયેલ ભદ્ર, લોહીવાળી તલવાર હાથમાં લઈને ગણોના વીસ ચોકિયાતોને દોરી રહ્યો હતો. પ્રકૃતિના લોકોને છટકવાનો કોઈ માર્ગ રહ્યો ન હતો.

દૂર ગણોના બીજા લોકોએ પ્રકૃતિ ગામની મહિલાઓ અને બાળકોને બાંધી દીધા હતા, જેઓ હજી સુધી કોઈ ઈજા પામ્યા ન હતા. ગણ લોકો ક્યારેય મહિલાઓ અને બાળકોને મારતા ન હતા, ક્યારેય નહીં.

'યક્ષ ક્યાં છે ?' ભદ્રે ફરી પુછ્યું અને પોતાની તલવાર પ્રકૃતિ ગામ તરફ ચીંધી.

'અમને ખબર નથી' પ્રકૃતિના એક માણસે જવાબ આપ્યો, 'હું સોગનપૂર્વક કહું છું કે અમને ખબર નથી.

ભદ્રે તેની તલવારની અણી પેલા માણસની છાતી પર ખોસી; જ્યાંથી લોહી નીકળવા માંડ્યું.

'જવાબ આપશો તો દયા દાખવીને તમને છોડી દઈશું. અમારે તો ફક્ત યક્ષ જોઈએ છે. મનોભૂની હત્યા માટે તેણે કિંમત ચૂકવવી પડશે.'

'અમે મનોભૂને માર્યા નથી. બધા જ પર્વતના દેવતાઓના સોગન ખાઈને કહું છું કે અમે તેઓને માર્યા નથી.'

ભદ્રે એ માણસને જોરથી લાત મારી, અને બોલ્યો : 'હરામખોર, મારી સામે જૂઠું ન બોલતો.'

જંગલની પેલે પાર દેખાતી ખુલ્લી જગ્યા પર શિવની આંખો કંઈક શોધી રહી હતી. તેઓએ તેમની આંખો બંધ કરી. હજી પણ તેઓના કાનમાં કાકા મનોભૂના શબ્દો સંભળાઈ રહ્યા હતા : 'ક્રોધ તારો શત્રુ છે. તેને કાબૂમાં રાખ. કાબૂમાં રાખ.'

શિવે ઊંડા શ્વાસો લઈને પોતાના ધડકતા હૃદયને શાંત કરવાનો પ્રયત્ન કર્યો.

દોરડે બાંધેલા પ્રકૃતિના એક માણસે બૂમ પાડીને કહ્યું : 'જો તમે અમને મારી નાખશો તો યક્ષ પાછો આવશે અને તમને બધાને મારી નાખશે. તમને શાંતિ નહીં મળે. અમે છેવટનો બદલો લઈશું.'

પ્રકૃતિના એક બીજા માણસે ભદ્ર તરફ ફરતા પહેલાં બૂમ પાડીને કહ્યું : 'ચૂપ રહે કાયના.'

'અમને છોડી મૂકો. આ આખી ઘટના સાથે અમારે કોઈ લેવાદેવા નથી.'

પરંતુ પ્રકૃતિના એ લોકો ઉપર કોઈ અસર થઈ ન હતી. કાયનાએ બૂમ પાડી : 'શિવ.'

શિવે પાછળ ફરીને જોયું.

'મનોભૂને તારા કાકા કહેવાની તને શરમ આવવી જોઈએ' મોટેથી કાયના બોલ્યો.

પ્રકૃતિના બીજા બધા લોકો બોલ્યા : 'ચૂપ રહે, કાયના.'

પરંતુ કાયનાને કોઈ ફીકર નહોતી. ગણો તરફના ધિક્કારને લીધે તેણે આત્મસન્માનની ભાવના છોડી દીધી હતી. 'એ બાયલો' એટલું બોલી તે થૂંક્યો. 'મનોભૂને અમે બકરાંની જેમ મારી નાખ્યો હતો -- તેનાં આંતરડાં અને તેની શાંતિયોજનાને અમે તેના ગળા નીચે ઉતારી દીધાં

હતાં !'

શિવની આંખો પહોળી થઈ ગઈ -- અંદર રહેલો રોષ બહાર આવી ગયો હતો. ફેફસાં ભરાઈ જાય તેવી બૂમ પાડીને તેઓએ પોતાની તલવાર બહાર કાઢી અને આગળ વધ્યા. આગળ વધીને તેઓ પ્રકૃતિના લોકો પાસે આવ્યા અને કાયનાનો શિરચ્છેદ કરી દીધો. તેઓની તલવારની મૂઠ પ્રકૃતિ તરફ વળી હતી. કાયનાનું ધડ પાસે બેઠેલા પ્રકૃતિના લોકો પાસે પડયું, પછી રગડતું રગડતું દૂર સરકી ગયું.

'શિવ' ભદ્રે બૂમ પાડી.

જો તેઓને યક્ષને શોધી કાઢવો હશે તો પ્રકૃતિના લોકોને જીવતા રાખવા પડશે. પરંતુ ભદ્ર એટલો આજ્ઞાંકિત હતો કે વાતને આટલી સ્પષ્ટ રીતે કહી ન શક્યો. એ ઉપરાંત એ પળે શિવને કશાયની પરવા નહોતી. તલવાર લઈને તેઓ ચપળતાપૂર્વક ફરતા હતા અને પ્રકૃતિના એક પછી એક માણસોનો વધ કરતા જતા હતા. થોડી જ પળોમાં પ્રકૃતિનાં પાંચ લોકોનાં ધડ કાદવમાં પડી ગયાં હતાં. તેઓ સૌ લોહીનાં ખાબોચિયાંમાં પડ્યા હતા.

શિવે જોસભેર શ્વાસો લીધા અને તેઓ મૃતકોની સામે જોઈ રહ્યા -- એ સમયે તેઓના કાકાનો અવાજ તેમના મસ્તકમાં ઘંટડીની જેમ વાગી રહ્યો હતો.

'ક્રોધ તારો દુશ્મન છે. તેને કાબૂમાં રાખ ! કાબૂમાં રાખ !



'મિત્ર, હું તમારી જ રાહ જોતો હતો.' શિક્ષકે કહ્યું. તેઓના હોઠ પર સ્મિત હતું પરંતુ આંખો ભીની હતી. 'મેં તમને કહ્યું હતું કે તમારા માટે હું ક્યાંય પણ જવા તૈયાર છું. જો તમને લાભ થતો હોય તો હું પાતાળલોકમાં જવા તૈયાર છું.'

તેઓની સામે ઊભેલી વ્યક્તિના આ શબ્દો તેઓએ મનોમન ઘણી વાર દોહરાવ્યા હતા પરંતુ અસુર ભૂમિનો પૂરો સંદર્ભ શિવ ક્યારેય સમજી શક્યા ન હતા. હવે બધું સમજાઈ રહ્યું હતું.

તેઓની દાઢી સાફ હતી અને તેની જગ્યાએ પાતળી મૂછો હતી. પહોળા ખભા અને છાતી સ્પષ્ટ કરતાં હતાં કે આ વ્યક્તિ નિયમિત રીતે અને વ્યવસ્થિત રીતે કસરત કરતી હશે. જનોઈ માંસલ ખભા પરથી લટકી રહી હતી. મસ્તક વાળ વગરનું હતું પરંતુ ચોટલી વધુ લાંબી અને વ્યવસ્થિત દેખાઈ રહી હતી. ઊંડી આંખોમાં એ જ ગંભીરતા હતી જેણે પહેલાં શિવને આકર્ષિત કરેલા. તે બહુ સમયથી વિખૂટો પડેલો મિત્ર, ભાઈ, સખો હતો.

'બૃહસ્પતિ !'

'મને શોધવામાં તમે બહુ સમય લીધો હતો.' બૃહસ્પતિ શિવની નજીક આવીને તેઓને ભેટી પડ્યા હતા. 'હું તમારી જ રાહ જોતો હતો.'

બૃહસ્પતિને આનંદપૂર્વક ભેટતા પહેલાં એક ક્ષણ માટે શિવ ખચકાયા. પોતાની લાગણીઓ ઉપર કાબૂ મેળવ્યો. પણ જેવી શિવે માનસિક સ્થિરતા મેળવી લીધી કે તરત શંકાઓ મનમાં ઊભરાવા માંડી.

બૃહસ્પતિએ પોતાના મોતનું નાટક રચ્યું હતું. તેઓ નાગલોકો સાથે મળી ગયા હતા. મહાન મંદાર પર્વતને નષ્ટ કરી નાખ્યો હતો, જે તેઓના જીવનનો હેતુ હતો. તેઓ સૂર્યવંશીદ્રોહી હતા.

મારો ભાઈ મારે પાસે જૂઠું બોલ્યો હતો !

શિવ ધીરેથી પાછળ હટી ગયા. શાંત સંવેદના સ્વરૂપે સતીનો હાથ શિવના ખભા ઉપર

આવ્યો.

બૃહસ્પતિ તેઓના શિષ્યો તરફ વળ્યા અને બોલ્યા : 'બાળકો, કૃપા કરીને અમને એકાંત આપશો ?'

વિદ્યાર્થીઓ તરત ઊભા થઈ ગયા અને બહાર ચાલ્યા ગયા. હવે ત્યાં રહ્યા હતા -- શિવ, બૃહસ્પતિ, સતી, ગણેશ અને કાલી.

બૃહસ્પતિ તેઓના મિત્રની સામે જોઈ રહ્યા હતા અને તેઓ પ્રશ્નો પૂછે તેની રાહ જોઈ રહ્યા હતા. શિવની આંખોમાં દુ:ખ અને ગુસ્સો દેખાઈ આવતો હતો.

'શા માટે ?' તેઓએ પૂછયું.

'મારો વિચાર હતો કે હું તમને મહાદેવના ભાગ્યમાં લખાયેલી વ્યક્તિગત નિયતિના શાપમાંથી બચાવી લઉં. હું આપનું કાર્ય કરવા માંગતો હતો. એવું શક્ય જ નથી કે કોઈ બૂરાઈ સામે લડે અને એના પંજાથી પોતાના આત્માને લોહીલુહાણ થતાં પણ બચાવી શકે. હું આપની રક્ષા કરવા માંગતો હતો.'

શિવની આંખો સંકોચાઈ ગઈ. 'શું આપ એકલા જ બુરાઈ સામે લડતા હતા ? એ પણ પાંચ વર્ષથી વધુ સમયથી ?'

'બૂરાઈ ક્યારેય ઉતાવળે આવતી નથી; એ ધીમેધીમે ફેલાય છે. એ છુપાઈ જતી નથી પરંતુ ખુલ્લેઆમ તમને પડકારે છે. એ દસકાઓ સુધી, અરે, ક્યારેક સદીઓ સુધી તમને ચેતવણી આપ્યા કરે છે. જ્યારે તમે બૂરાઈ સામે લડતા હો છો ત્યારે સમય ક્યારેય સમસ્યા નથી હોતો. સમસ્યા હોય છે એ બૂરાઈ સામે લડવાની તમારી ઇચ્છાનો.' બૃહસ્પતિએ તર્ક રજૂ કર્યો.

'આપ કહો છો કે આપ મારી રાહ જોઈ રહ્યા હતા અને પછી આપે આપનાં બધાં જ ચિહ્નો છુપાવી દીધાં હતાં. શા માટે ?'

'મેં સદાય આપની ઉપર વિશ્વાસ રાખ્યો હતો, શિવ.' બૃહસ્પતિ બોલ્યા, 'પરંતુ એ બધા લોકો ઉપર વિશ્વાસ ન રાખી શકું, જે આપની આસપાસ હતા. તેઓ મારું લક્ષ્ય મેળવવામાં બાધારૂપ બનત. જો એ લોકોને મારી યોજનાઓની જાણ થઈ જાય તો તેઓ મારી હત્યા પણ કરી દઈ શકત. હું સ્વીકાર કરું છું કે આપના તરફના મારા પ્રેમ કરતાં મારું લક્ષ્ય વધુ મહત્ત્વનું બની ગયું હતું. જ્યારે આપે તેઓથી અલગ થઈ જવાનું નક્કી કર્યું ત્યારે જ હું આપને સુરક્ષિત રૂપે મળી શકું તેમ હતો.'

'આ ખોટી વાત છે. તમે મને એટલા માટે મળવા માંગતા હતા, કારણ કે તમારા લક્ષ્યની સફળતા માટે તમને મારી જરૂર હતી, કારણ કે હવે તમે જાણો છો કે તમે એકલે હાથે તે મેળવી શકો તેમ નથી.'

બૃહસ્પતિના હોઠ ઉપર આછું સ્મિત આવ્યું, 'મારું તો લક્ષ્ય એ હતું જ નહીં. એ તો હંમેશાં આપનું લક્ષ્ય હતું.

ભાવવિહીન ચહેરે શિવે બૃહસ્પતિ સામે જોયા કર્યું.

'કંઈક અંશે આપ સાચા છો.' બૃહસ્પતિએ કહ્યું અને ઉમેર્યું, 'હું આપને મળવા માંગતો હતો -- જી, મારા માટે આપને મળવું જરૂરી હતું, કારણ કે હું નિષ્ફળ ગયો હતો. સારપ અને બૂરાઈ પક્ષ બદલી રહ્યા છે અને ભારતવર્ષને નીલકંઠની જરૂર છે. તેને આપની જરૂર છે. નહીં તો બૂરાઈ આપણી આ સુંદર ધરતીને બરબાદ કરી નાખશે.

બૃહસ્પતિને શંકાની નજરે જોતાં શિવે પૂછયું : 'સિક્કો બાજુ બદલી રહ્યો છે, તેમ તમારું કહેવું છે ?'

બૃહસ્પતિએ ડોકું ધુણાવ્યું.

શિવે ભગવાન મનુના શબ્દો યાદ કર્યા -- 'સારપ અને બૂરાઈ એક સિક્કાની બે બાજુઓ

છે.'

નીલકંઠની આંખો સહેજ પહોળી થઈ. મુખ્ય પ્રશ્ન એ નથી કે બૂરાઈ શું છે ? મુખ્ય પ્રશ્ન એ છે કે ક્યારે સારપ, બૂરાઈ બની જાય છે ? ક્યારે સિક્કો બાજુ બદલે છે ?

બૃહસ્પતિ ઉત્સુક્તાથી શિવની સામે જોઈ રહ્યા. ભગવાન મનુના નિયમો સ્પષ્ટ હતા. એ કાંઈ સમજાવી શકે તેમ નહોતા. મહાદેવે જાતે જ તે શોધવાનું હતું અને નિર્ણય કરવાનો હતો.

શિવે એક ઊંડો શ્વાસ લીધો અને નીલા કંઠ ઉપર હાથ ફેરવ્યો. તે હજી વિશ્વાસ ન બેસે તેવી રીતે ઠંડો હતો. એવું લાગતું હતું કે પ્રવાસ જ્યાંથી શરૂ થયો ત્યાં જ તેનો અંત આવવાનો હતો.

સૌથી મોટી સારપ શું છે ? એ સારપ જેણે આ યુગની રચના કરી હતી ? ઉત્તર સ્પષ્ટ હતો અને એટલે જ જ્યારે સમતુલાને વ્યવસ્થિત જોવાનું શરૂ કર્યું ત્યારે સૌથી મોટી બૂરાઈ તે બની ગઈ.

શિવે બૃહસ્પતિ સામે જોયું. 'મને કહો કેમ ?'

બૃહસ્પતિ મૌન રહ્યા અને રાહ જોતા રહ્યા કે પ્રશ્ન હજી વધારે સ્પષ્ટ થવો જોઈતો હતો.

'મને એ બતાવો કે તમને એવું લાગે છે કે સોમરસ સૌથી વધુ સારી ચીજમાંથી સૌથી વધુ ખરાબ ચીજ બની ગયો છે.'

સૈનિકો નિષ્ઠાથી કાટમાળના નાના નાના ટુકડા એકઠા કરી લાવ્યા હતા જેથી દૂર બેઠેલા પર્વતેશ્વર અને ભગીરથ એની તપાસ કરી શકે. શિવે મેલુહાના સેનાપતિ અન અયોધ્યાના રાજકુમારને કાટમાળની તપાસ કરવાનું કામ સોંપ્યું હતું. એમણે એ લોકોની ભાળ મેળવવાની હતી જેમણે પંચવટી તરફ જઈ રહેલા એમના કાફલા પર આક્રમણ કર્યું હતું. પર્વતેશ્વર અને ભગીરથ સો સૈનિકો સાથે પાછળ હતા, જ્યારે શિવના કાફલાના બીજા લોકો પંચવટી તરફ આગળ વધી ગયા હતા.

પર્વતેશ્વરે ભગીરથ તરફ જોયું અને ફરી પાછા લાકડાના ટુકડાઓ જોવા લાગ્યા. ધીરેધીરે પણ નિશ્ચિત રૂપે એમનો સૌથી ખરાબ ભય સાચો પડી રહ્યો હતો.

તેઓએ પાછળ ફરીને એ સૌ સૂર્યવંશી સૈનિકો પર નજર નાખી -- તેઓ એમને સૂચના આપ્યા મુજબ જ માનપૂર્વક અંતર જાળવીને ઊભા હતા. તેમને રાહત થઈ. એ સારું હતું કે એ લોકો આ જે સામે છે તે ન જુએ. લાકડીના ખીલાઓ સ્પષ્ટ રૂપથી મેલુહાના હતા.

'હું આશા રાખું છું કે પ્રભુ રામ આપના આત્મા પર કૃપા કરશે, સમ્રાટ દક્ષ.' તેમણે ડોકું ધુણાવતાં ઊંડો શ્વાસ લઈને કહ્યું.

ભગીરથ ક્રોધ અને શંકાથી પર્વતેશ્વર તરફ ફર્યા, 'શું થયું ?'

પર્વતેશ્વરે ભગીરથ સામે જોયું -- ગુસ્સાથી એમનો ચહેરો તમતમી રહ્યો હતો. 'મેલુહાને નિરાશ થવાનો વખત આવ્યો છે. એની સારી છબીને સદા માટે કલંકિત કરવામાં આવી છે અને એ પણ એ લોકો દ્વારા જેમણે મેલુહાની રક્ષા કરવાના સોગંદ લીધેલા.'

ભગીરથ શાંત રહ્યા.

'આ વહાણોને સમ્રાટ દક્ષે મોકલ્યા હતા' ધીરેથી પર્વતેશ્વરે કહ્યું.

ભગીરથ નજીક આવ્યા, એમની આંખોમાં શંકા હતી. 'શું ? આપ કેમ આવું કહો છો ?'

'આ ખીલાઓ ચોક્કસ મેલુહાના છે. આ વહાણો મારા દેશમાં બન્યાં હતાં.'

ભગીરથે પોતાની આંખો ઝીણી કરી. તેમણે ચોક્કસ કોઈ જુદી જ વાત જોઈ હતી અને એમને સેનાપતિના કથનથી આશ્ચર્ય થયું હતું, 'પર્વતેશ્વર, લાકડું જુઓ. ખૂણાઓ પર લગાડેલાં ચોકઠાંઓ જુઓ.'

પર્વતેશ્વરની ભ્રમરો ખેંચાઈ. તેઓ ચોકઠાંઓ ઓળખી નહોતા શક્યા.

‘આ ચોકઠાંઓ પાણી સામે રક્ષણ આપે છે’ ભગીરથે કહ્યું.

પર્વતેશ્વરે ઉત્સુક્તાથી પોતાના સાળા તરફ જોયા કર્યું.

‘આ કારીગરી અયોધ્યાની છે.’

‘હે રામ ! દયા કરજો.’

‘હા, એવું લાગે છે કે સમ્રાટ દક્ષ અને મારા નિર્બળ પિતાએ નીલકંઠની વિરુદ્ધ એક ગઠબંધન રચી દીધું છે.’



ભૃગુ, દક્ષ અને દિલીપ દેવગિરિમાં મેલુહાના સમ્રાટના અંગત કક્ષમાં હતા. દિલીપ અને ભૃગુ આગલા દિવસે જ પધારી ચૂક્યા હતા.

‘તમને લાગે છે કે તે પોતાના ઉદ્દેશમાં સફળ થશે, પ્રભુ ?’ દિલીપે પૂછયું.

દક્ષ અસંબદ્ધ અને ઉદાસ લાગતા હતા. તેઓને પોતાની પ્રિય પુત્રી સતીથી છૂટા પડ્યાનો ઘેરો સંતાપ સતાવતો હતો. એક વર્ષથી પણ પહેલાં કાશીમાં બનેલી એ ભયાનક ઘટના આજે પણ ત્રાસ આપતી હતી. તેઓ પોતાનું સંતાન ખોઈ ચૂક્યા હતા અને સાથે જ એ પ્રેમ પણ જેનો તેમના હૃદયે ક્યારેક અનુભવ કર્યો હતો.

કેટલાક મહિના પહેલાં, ભૃગુએ પંચવટી જવાના રસ્તે નીલકંઠની તેમના પૂરા સૈન્ય સાથે હત્યા કરવાની યોજના બનાવી હતી. તેઓએ ગોદાવરી નદીમાં પાંચ વહાણ મોકલ્યાં હતાં, જે પહેલાં શિવના કાફલા પર આક્રમણ કરે અને પછી પંચવટીનો ધ્વંસ કરી દે. કોઈને પણ જીવતો નહોતો મૂકવાનો જે એવું કહી શકે કે હકીકતમાં ત્યાં શું બન્યું હતું. કોઈ અસાવધ સેના પર આક્રમણ અનૈતિક નહોતું. એક જ ઝાટકામાં તેમના બધા જ શત્રુ ખતમ થઈ જવાના હતા, પરંતુ આ ત્યારે જ સંભવ થાય જ્યારે દક્ષ અને દિલીપ પણ આ યોજનામાં સામેલ થાય, કારણ કે સાથે મળીને જ એમની પાસે પર્યાપ્ત સાધનો, શસ્ત્રો ને તકનીક રહેત.

ભારતના લોકોને કહેવામાં આવત કે દુષ્ટ નાગલોકોએ સાદાસીધા વિશ્વાસુ નીલકંઠને લલચાવીને ફોસલાવીને પોતાના નગરમાં બોલાવ્યા અને પછી એમની હત્યા કરી નાખી. આખાય પ્રચારમાં સરળતાનું મહત્વ જાણતા ભૃગુ એ શિવ માટે નવું નામ પણ શોધી રાખેલું : ભોળાનાથ, જેમને સરળતાથી ભોળવી શકાય. નાગલોકો પર વિશ્વાસઘાતનો ને નીલકંઠ પર સરળતાનો દોષ મૂકવાથી દક્ષ અને દિલીપ નિંદાથી બચી જઈ શકે અને નાગલોકો માટે લોકોની ધૃણામાં વધારો થાય.

ભૃગુએ ઊડતી નજર દક્ષ પર નાખી અને પછી દિલીપ તરફ પોતાનું ધ્યાન કેન્દ્રિત કર્યું. સપ્તર્ષિ ઉત્તરાધિકારી હવે મેલુહાના સમ્રાટથી વધારે દિલીપ પર ભરોસો કરતા હતા એવું લાગતું હતું. ‘તેઓ સફળ થઈ ચૂક્યા હશે, બહુ જ જલદી આપણને સેનાપતિ તરફથી સમાચાર પ્રાપ્ત થશે.’

દિલીપનું મોં સહેજ ખેંચાયું. પોતાની તંગ નસોને શાંત કરવા એમણે ઊંડો શ્વાસ લીધો. ‘આશા રાખું કે આ કામ આપણે કર્યું છે એવી કોઈનેય ક્યારેય ખબર ન પડે. મારી પ્રજાનો ક્રોધ ભયંકર છે. આમ છળ કરીને નીલકંઠને મારવા...’

ભૃગુએ દિલીપને વચ્ચે જ ટોક્યા, એમનો સ્વર શાંત હતો, ‘એ નીલકંઠ નહોતો, એ એક ફરેબી, ધુતારો હતો. એને વાયુપુત્રોની સભાએ નહોતો બનાવ્યો, અરે, એમણે તો એને માન્યતા પણ નહોતી આપી.’

દિલીપની ભ્રૂકુટિ ખેંચાઈ. એમણે અફવાઓ તો હંમેશાં સાંભળી હતી પણ સુનિશ્ચિત રૂપે ક્યારેય જાણી શક્યા નહોતા કે પૂર્વ મહાદેવ ભગવાન રુદ્ર દ્વારા પાછળ જીવિત રહેલી મહાન જનજાતિ વાયુપુત્રનું ખરેખર અસ્તિત્વ હતું કે નહીં.

'તો પછી એમનો કંઠ નીલવર્ણો કઈ રીતે થઈ ગયો ?' દિલીપે પૂછયું.

ભૃગુએ દક્ષ સામે જોયું અને નિરાશાથી ડોકું ધુણાવ્યું, 'હું નથી જાણતો, આ એક રહસ્ય છે. હું એ જાણું છું કે વાયુપુત્ર સભાએ પ્રત્યક્ષ રૂપથી કોઈ નીલકંઠનું નિર્માણ નથી કર્યું, કારણ કે એ લોકો હજુ પણ એ વાદવિવાદમાં વ્યસ્ત છે કે બૂરાઈએ માથું ઊંચક્યું છે કે નહીં ? એટલે જ મેલુહાના સમ્રાટ દ્વારા નીલકંઠની શોધના આગ્રહ સામે મેં વાંધો નહોતો લીધો. હું જાણતો હતો કે હકીકતમાં નીલકંઠ મળવાની કોઈ સંભાવના જ નહોતી.'

દિલીપ અચંબામાં મુકાઈ ગયા.

'એ સમયે મને કેટલું આશ્ચર્ય થયું હશે એની કલ્પના કરો' ભૃગુ કહી રહ્યા હતા. 'જ્યારે આ શોધ, આ પ્રયત્ન એમને ખરેખર નીલકંઠ સુધી લઈ ગયા પરંતુ નીલવર્ણો કંઠ હોવાનો અર્થ એ નથી કે એ રક્ષણ કરવા સમર્થ છે, એમને પ્રશિક્ષણ નહોતું મળ્યું. આ કાર્ય માટે એમને શિક્ષણ આપવામાં નહોતું આવ્યું. આ માટે વાયુપુત્ર સભાએ એમને નિયુક્ત નહોતા કર્યા. પરંતુ સમ્રાટ દક્ષને લાગ્યું કે તિબેટના આ સાદાસીધા આદિવાસીને નિયંત્રણમાં રાખીને, મેલુહા માટેની પોતાની મહત્વાકાંક્ષાઓ પૂર્ણ કરી શકશે. મેં મહારાજ પર વિશ્વાસ રાખીને ભૂલ કરી.'

દિલીપે દક્ષ સામે જોયું જેમણે આ ડંખ પર પ્રતિક્રિયા ન આપી. સ્વદ્વીપના સમ્રાટ ફરી મહર્ષિ સામે ફર્યા, 'જે પણ હો, નાગાઓના નાશની સાથોસાથ બૂરાઈનો પણ નાશ થઈ જશે.'

ભૃગુની ભ્રમરો ખેંચાઈ, 'કોણે કહ્યું નાગા ખરાબ છે ?'

દિલીપે અચંબાથી ભૃગુ સામે જોયું. 'તો, આપ શું કહેવા માગો છો પ્રભુ, કે નાગાઓ આપણા મિત્ર બની શકે છે ?'

ભૃગુ હસ્યા. 'સારપ ને બૂરાઈ વચ્ચેનું અંતર ઘણું વ્યાપક છે જેમાં ઘણા લોકો બેમાંથી એક પણ આચરણ ન કરે તોય રહી શકે છે, મહારાજ.'

દિલીપે વિનયપૂર્વક માથું ધુણાવ્યું, જોકે ભૃગુની બૌદ્ધિક વાતો એમને સમજાઈ નહોતી, પરંતુ બુદ્ધિપૂર્વક તેઓ મૂંગા રહ્યા.

'પરંતુ નાગા ખોટા પક્ષમાં છે' ભૃગુ કહેતા રહ્યા. 'આપ જાણો છો કેમ ?'

સંપૂર્ણ રીતે મૂંઝાયેલા દિલીપે માથું ધુણાવ્યું.

'કારણ કે એ લોકો મહાન સારપની વિરુદ્ધ છે. એ લોકો ભગવાન બ્રહ્માના ઉત્કૃષ્ટ આવિષ્કારની વિરુદ્ધ છે. એ આવિષ્કારની વિરુદ્ધ છે જે આપણા રાષ્ટ્રની મહાનતાનો સ્રોત છે. આ આવિષ્કારની કોઈ પણ કિંમતે રક્ષા કરવી જોઈએ.'

દિલીપે સંમતિ આપતાં ડોકું ધુણાવ્યું, ફરી એક વાર તેઓ ભૃગુના શબ્દો નહોતા સમજી શક્યા. પણ એટલું સમજતા હતા કે દુર્જેય મહર્ષિ સાથે વાદવિવાદ કરવો કલ્યાણકારી નથી. તેમને એ ઔષધિઓની જરૂર હતી જે ભૃગુ પાસેથી ઉપલબ્ધ થતી હતી. એ ઔષધિ તેમને સ્વસ્થ અને જીવંત રાખતી હતી.

'આપણે ભારતવર્ષ માટે લડાઈ ચાલુ રાખીશું' ભૃગુએ કહ્યું, 'હું કોઈને પણ એ સારપને નષ્ટ કરવા નહીં દઉં જે આપણા રાષ્ટ્રની મહાનતાના કેન્દ્રમાં છે.



પ્રકરણ-૨

બૂરાઈ શું છે ?

'સોમરસ આપણા યુગની મહાનમાં મહાન સારપ રહી છે. એ પૂર્ણરૂપે સ્પષ્ટ છે.' બૃહસ્પતિએ કહ્યું. 'એણે આપણા યુગને આકાર આપ્યો હતો, એટલે સ્પષ્ટ છે કે એક દિવસ એ મોટામાં મોટી બૂરાઈ બની જશે. મહત્ત્વનો પ્રશ્ન એ છે કે આ રૂપાંતરણ ક્યારે થશે ?'

શિવ, સતી, કાલી અને ગણેશ હજુ પણ પંચવટીમાં બૃહસ્પતિના ખંડમાં હતા. બૃહસ્પતિએ બાકીના દિવસ માટે રજા જાહેર કરી દીધી હતી જેથી કરીને કોઈ ખલેલ વગર એમનો વાર્તાલાપ ચાલુ રહી શકે. પ્રસિદ્ધ વડનાં પાંચ વૃક્ષો, જેના પરથી પંચવટી નામ પડયું હતું, બારીમાંથી સ્પષ્ટ જોઈ શકાતાં હતાં.

'જ્યાં સુધી મારું માનવું છે, સોમરસ ત્યારથી જ બૂરાઈ છે જે ક્ષણે એની શોધ થઈ હતી.' કાલીએ ઝેરપૂર્વક કહ્યું.

શિવે નારાજ થઈને કાલી સામે જોયું અને બૃહસ્પતિ તરફ ફરીને કહ્યું, 'આપ બોલતા રહો...'

'કોઈ પણ મહાન શોધનાં બે પાસાં હોય છે -- સકારાત્મક અને નકારાત્મક. જ્યાં સુધી સકારાત્મક નકારાત્મક પર હાવી રહે છે, સુરક્ષિત રૂપે તમે એના પ્રયોગો કરી શકો છો. સોમરસે આપણી જીવનશૈલીનું નિર્માણ કર્યું છે અને સ્વસ્થ શરીરોમાં વધુ લાંબા સમય સુધી જીવવાની તક આપી છે. સોમરસે મહાન વ્યક્તિઓને સમાજના કલ્યાણમાં યોગદાન આપવામાં મદદ કરી, ભૂતકાળમાં સંભવ હતું એનાથી ઘણા વધારે સમય સુધી પહેલાં તો સોમરસનો પ્રયોગ ફક્ત બ્રાહ્મણો સુધી સીમિત હતો, જેનાથી સમાજના વ્યાપક કલ્યાણ માટે ઘણા લાંબા અને સ્વસ્થ જીવનની -- લગભગ બીજા જીવનનો ઉપયોગ કરવાની અપેક્ષા રાખી શકાતી હતી.'

શિવે હા ભણી. એમણે અનેક વર્ષો પહેલાં દક્ષ પાસેથી આ વાત સાંભળી હતી.

'પછી ભગવાન રામે આદેશ કર્યો કે સોમરસનો લાભ સર્વને મળવો જોઈએ. બ્રાહ્મણોને જ આ વિશેષાધિકાર શા માટે ? આ પછી સોમરસ સાધારણ લોકોને પણ મળવા લાગ્યો, જેના પરિણામસ્વરૂપ સમાજે સમગ્ર રીતે પ્રગતિ કરી.'

'આ બધું મને ખબર છે.' શિવે કહ્યું, 'પણ નકારાત્મક પ્રભાવ પડવો ક્યારથી શરૂ થયો ?'

'પહેલું ચિહ્ન તો નાગા હતા.' બૃહસ્પતિએ કહ્યું, 'ભારતમાં સદાકાળથી નાગાઓ વસે છે, પણ સામાન્યતઃ તેઓ બ્રાહ્મણ હતા. ઉદાહરણ રૂપે, ભગવાન રામના મોટામાં મોટા શત્રુ રાવણ

નાગા પણ હતા ને બ્રાહ્મણ પણ.'

'રાવણ બ્રાહ્મણ હતા ?' સ્તબ્ધ સતીએ પૂછયું.

'હા, એ બ્રાહ્મણ હતા.' કાલીએ જવાબ આપ્યો, કારણ કે પ્રત્યેક નાગાને એ વાત ખબર હતી. 'મહાન ઋષિ વિશ્રવના પુત્ર રાવણ દયાળુ શાસક, મહાવિદ્વાન, શૂરવીર યોદ્ધા અને ભગવાન રુદ્રના ચુસ્ત ભક્ત હતા. હા, જોકે, એમનામાં કેટલાક દોષ જરૂર હતા પણ તેઓ દુષ્ટતાનો સાક્ષાત્ અવતાર નહોતા જેવું સપ્તસિંધુના લોકો માને છે.'

'આ પરિસ્થિતિમાં, શું તમે લોકો ભગવાન રામને ઓછા આંકો છો ?' સતીએ પૂછયું.

'જરાય નહીં, ભગવાન રામ ઇતિહાસના મહાન સમ્રાટોમાંના એક હતા. વિષ્ણુના સાતમા સ્વરૂપ તરીકે અમે એમની પૂજા કરીએ છીએ. એમના વિચાર, એમની માન્યતાઓ અને એમના નિયમ નાગા જીવનશૈલીના પાયામાં છે. એમના રામરાજ્યને સદૈવ આખાય ભારતવર્ષમાં શાસનની સંપૂર્ણ શૈલી ગણવામાં આવશે. પરંતુ આપે એ પણ જાણવું જોઈએ કે કેટલાક લોકોને વિશ્વાસ છે કે ભગવાન રામ પણ એમને પૂર્ણ રીતે દુષ્ટ નહોતા માનતા. તેઓ પોતાના શત્રુનો આદર કરતા હતા. ક્યારેક ક્યારેક યુદ્ધના બંને પક્ષે સારા માણસો હોઈ શકે છે.'

શિવે એમને ચૂપ કરવા માટે પોતાનો હાથ ઉઠાવ્યો અને ફરી પોતાનું ધ્યાન મેલુહાના મુખ્ય વૈજ્ઞાનિક પર કેન્દ્રિત કર્યું, 'બૃહસ્પતિ...'

'તો નાગા, જોકે શરૂઆતમાં એમની સંખ્યા ઓછી હતી, બ્રાહ્મણ જ હતા.' બૃહસ્પતિએ કહેવું ચાલુ રાખ્યું, 'પણ ત્યાં સુધી સોમરસનો પ્રયોગ ફક્ત બ્રાહ્મણો જ કરતા હતા. આજે એ સ્પષ્ટ દેખાઈ રહ્યું છે, પણ એ વખતે આવું નહોતું.'

'સોમરસે નાગાઓનું નિર્માણ કર્યું ?' શિવે પૂછયું.

'હા, નાગાઓએ કેટલાક સૈકાઓ પહેલાં જ આ રહસ્યસ્ફોટ કર્યો. મેં પણ એમની પાસેથી જ જાણવું છે.'

'પણ અમે આ નથી શોધ્યું.' કાલીએ કહ્યું, 'વાયુપુત્ર સભાએ આ અમને કહ્યું છે.'

'વાયુપુત્ર સભા ?' શિવે પૂછયું.

'હા' કાલીએ કહેવાનું ચાલુ રાખ્યું, 'આ પહેલાંના મહાદેવ, ભગવાન રુદ્ર પોતાની પાછળ વાયુપુત્ર નામની એક જનજાતિ છોડી ગયા હતા. એ લોકો પશ્ચિમની સીમાઓની પેલી બાજુએ આવેલ પરિહા પ્રદેશમાં રહે છે. અર્થાત્ પરીઓની ધરતી નામના દેશમાં.'

'હું જાણું છું આ' શિવે એક વાસુદેવ પંડિત સાથે થયેલા પોતાના વાર્તાલાપને યાદ કરતાં કહ્યું.

'પરંતુ સભા વિષે હું કંઈ જ જાણતો નથી.'

'કોઈએ તો એ જનજાતિની વ્યવસ્થા કરવી પડે. વાયુપુત્રો પર એમની સભા શાસન કરે છે, જેના અધ્યક્ષપદે એમના જે પ્રમુખ હોય છે એમનું દેવતા જેમ સન્માન કરવામાં આવે છે. એમને મિત્રા કહેવામાં આવે છે. છ બુદ્ધિશાળી લોકોની સભા તેમને સલાહ આપે છે, જેને સામૂહિક સ્વરૂપે અમર્ત્ય ખંડ કહેવામાં આવે છે. સભા વાયુપુત્રોના બેવડા કામ પર નિયંત્રણ રાખે છે. પહેલું, જ્યારે પણ વિષ્ણુ અવતાર લે, તેમની મદદ કરવી અને બીજું, એક વાયુપુત્રને પ્રશિક્ષણ આપવું અને સમય આવે તેને મહાદેવ બનવા માટે તૈયાર કરવો.'

શિવે પોતાની ભ્રમર ઊંચી કરી.

'પ્રત્યક્ષ રીતે આપે એ નિયમ તોડ્યો હતો, શિવ' કાલીએ કહ્યું, 'મને વિશ્વાસ છે કે જ્યારે આપ અચાનક સામે આવી ગયા ત્યારે વાયુપુત્રોની સભાને અવશ્ય બહુ જ આશ્ચર્ય થયું હશે, કારણ કે એ સ્પષ્ટ છે કે તેમણે આપને નથી બનાવ્યા.'

'તમારા કહેવાનું તાત્પર્ય એ છે કે આ એક નિયંત્રિત પ્રક્રિયા છે ?'

‘હું નથી જાણતી’ કાલીએ કહ્યું, ‘પરંતુ આપના મિત્ર ઘણુંબધું જાણતા હશે.’

‘વાસુદેવ ?’

‘હા.’

શિવનાં ભવાં સંકોચાયાં, એમણે સતીનો હાથ પકડ્યો અને પછી કાલીને પૂછયું, ‘તો, તમને કેવી રીતે ખબર પડી કે સોમરસ નાગાઓનું નિર્માણ કરી રહ્યો છે ? શું વાયુપુત્ર તમારી પાસે આવ્યા હતા કે તમે એમને શોધ્યા હતા ?’

‘મેં એમને નહોતા શોધ્યા, કંઈ કેટલાય સૈકાઓ પહેલાં એ નાગા રાજા વાસુકિ પાસે આવ્યા હતા. તેઓ અકસ્માતે જ આવી ચડ્યા હતા, સુવર્ણનો વિશાળ ભંડાર લઈને અને તેમણે અમને વાર્ષિક ખાધ આપવાનો પ્રસ્તાવ મૂક્યો હતો. રાજા વાસુકિએ યોગ્ય રીતે જ, કોઈ સ્પષ્ટીકરણ કર્યા વગર જ ખાધ સ્વીકારવાની મના કરી દીધી હતી.

‘પછી ?’

‘પછી એમને કહેવામાં આવ્યું કે સોમરસને પરિણામે જ નાગા વિકૃતિઓ સાથે જન્મ લે છે. જો માતાપિતા ખૂબ લાંબા સમય સુધી સોમરસનું સેવન કરતાં રહ્યા હોય તો કેટલાક ગર્ભસ્થ શિશુઓ પર એનો ખરાબ પ્રભાવ પડી શકે છે.’

‘બધા શિશુઓ પર નહીં ?’

‘ના, મોટાભાગના બાળકો તો વિકૃતિ વિના જ જન્મે છે. પણ કેટલાંક અભાગી બાળકો, મારા જેવા, નાગાના રૂપમાં જન્મે છે.’

‘કેમ ?’

‘હું એને દુર્ભાગ્ય કહું છું.’ કાલીએ કહ્યું, ‘પણ રાજા વાસુકિને વિશ્વાસ હતો કે સોમરસ દ્વારા ઉત્પન્ન થયેલી વિકૃતિઓ પરમાત્માનો આ આત્માઓને દંડ આપવાનો રસ્તો હતો જેમણે પૂર્વજન્મમાં પાપ કર્યા હતાં. એટલે જ, એમણે વાયુપુત્ર સભાએ આપેલા અસરકારક સ્પષ્ટીકરણને ખાધ સાથે જ સ્વીકારી લીધા.’

‘માસીએ સિંહાસન સ્વીકારવાની સાથે જ આ શરતોનો અસ્વીકાર કરી દીધો.’ ગણેશે કહ્યું.

‘કેમ ? મને વિશ્વાસ છે કે તમારી પ્રજા માટે સુવર્ણ સદુપયોગમાં આવત.’ શિવે કહ્યું.

ઠંડકથી કાલી હસી, ‘એ સુવર્ણ કેવળ પીડાદાયી હતું. અમારે માટે નહીં, પણ વાયુપુત્રો માટે. એનો ઉદ્દેશ્ય એ ‘મહાન શોધ’ જેની એ લોકો રક્ષા કરતા હતા, અમારી સાથે થઈ રહેલા અત્યાચાર માટે એ લોકો ઓછો અપરાધભાવ અનુભવે એ જ હતો.’

એના ક્રોધને સમજતાં શિવે હા પાડી. તે બૃહસ્પતિ તરફ ફર્યા, ‘પણ હકીકતમાં સોમરસ આ માટે કઈ રીતે જવાબદાર છે ?’

બૃહસ્પતિએ સ્પષ્ટ કર્યું, ‘અમને વિશ્વાસ હતો કે સોમરસ શરીરનાં ઝેરી તત્ત્વોને દૂર કરીને લાબું આયુષ્ય બક્ષે છે, પણ સોમરસ આ એક જ રીતે કાર્ય નથી કરતો.’

શિવ અને સતી થોડાં આગળ ઝૂક્યાં.

‘એ એક વધારાના મૂળભૂત સ્તર પર પણ કાર્ય કરે છે. આપણું શરીર લાખો સૂક્ષ્મ કોશોનું બનેલું છે. એ આપણા જીવનનો નિર્માણ ઘટક છે.’

‘હા, મેં આ વાત મેલુહામાં તમારા એક વૈજ્ઞાનિક પાસેથી સાંભળી છે.’

‘ત્યારે તમે એ પણ જાણતા હશો કે કોશિકાઓ સૂક્ષ્મમાં સૂક્ષ્મ જૈવિક રૂપ છે. એ કોશિકાઓ મળીને અંગ, અવયવ અને હકીકતે સંપૂર્ણ શરીર બને છે.’

‘ખરું છે.’

‘આ કોશિકાઓમાં વિભાજિત થવાની અને વધવાની ક્ષમતા રહેલી છે. દરેક વિભાજન

એક નવા જન્મ જેવું હોય છે. જૂની જીર્ણ થઈ ગયેલી કોશિકા ચમત્કારિક રીતે નવી બે સ્વસ્થ કોશિકાઓમાં રૂપાંતરણ પામે છે. જ્યાં સુધી એનું વિભાજન થતું રહે છે, એ સ્વસ્થ રહે છે. માતાના ગર્ભમાં આપણી યાત્રા એક કોશિકાના સ્વરૂપે જ શરૂ થાય છે. આ કોશિકાઓ ત્યાં સુધી વિભાજન પામીને વધતી રહે છે જ્યાં સુધી એક સંપૂર્ણ શરીર ન બની જાય.'

'હા' સતીએ કહ્યું. એણે આ બધું મેલુહાના ગુરુકુળમાં જાણ્યું હતું.

'પ્રત્યક્ષ રૂપે...' બૃહસ્પતિએ કહ્યું, 'આ વિભાજન અને વૃદ્ધિએ ક્યાંક તો રોકાવું પડે નહીં તો માનવશરીર સતત વધ્યા કરે જેનાં અત્યંત વિનાશકારી પરિણામ મળે. એટલે, ઈશ્વરે કોશિકાઓની વિભાજિત થવાની સંખ્યા માટે એક સીમા નક્કી કરી છે. આ પછી, કોશિકાનું વિભાજન થતું બંધ થઈ જાય છે અને આ રીતે પ્રભાવશાળીરૂપે શરીર વૃદ્ધ અને અસ્વસ્થ થઈ જાય છે.'

'અને શું આ વૃદ્ધ કોશિકાઓ માનવશરીરને વૃદ્ધ અને પછી મૃત કરી દે છે ?' શિવે પૂછયું.

'હા, દરેક કોશિકા કોઈ ને કોઈ બિંદુ પર વિભાજનની સંખ્યાની પોતાની સીમા પર પહોંચી જાય છે. જ્યારે શરીરની મોટાભાગની કોશિકાઓ આ સીમા સુધી પહોંચી જાય છે, તો મનુષ્ય વૃદ્ધ થઈ જાય છે અને અંતે મૃત્યુ પામે છે.'

'શું સોમરસ વિભાજનની આ સીમાને દૂર કરે છે ?'

'હા, એટલા માટે કે આપની કોશિકાઓ વિભાજિત થતી રહે છે અને સ્વસ્થ પણ રહે છે. મોટા ભાગના લોકોમાં, આ સતત ચાલતું વિભાજન નિયમિત રહે છે પણ થોડા લોકોમાં કેટલીક કોશિકાઓ પોતાની વિભાજન પ્રક્રિયા પર કાબૂ ખોઈ બેસે છે અને અસામાન્ય ગતિથી વૃદ્ધિ પામે છે.'

'આ જ કર્કરોગ છે, હે ને ?' સતિએ પૂછયું.

'હા' બૃહસ્પતિએ કહ્યું, 'આ કર્કરોગ ક્યારેક કષ્ટદાયી મૃત્યુ સુધી લઈ જાય છે, પણ એવું પણ બને છે જ્યારે આ કોશિકાઓ વધતી રહે છે અને વિકૃતિરૂપે સામે આવે છે જેમ કે વધારાનો હાથ કે ખૂબ લાબું નાક.'

'કેટલું વિનમ્ર અને વૈજ્ઞાનિક સ્પષ્ટીકરણ છે.' સીસા જેવો રંગ ધરાવતી કાલીએ કહ્યું, 'પરંતુ કોઈ એ શારીરિક પીડા ને યાતનાની કલ્પના પણ નથી કરી શકતું, જેમાંથી અમે બાળપણમાંથી પસાર થઈએ છીએ, જ્યારે આવી અપવૃદ્ધિ થાય છે.'

સતીએ હાથ લંબાવીને પોતાની બહેનનો હાથ પકડી લીધો.

'નાગા નાની નાની અપવૃદ્ધિ સાથે જન્મે છે, જે શરૂઆતમાં નથી જણાતી પણ હકીકતે એ વર્ષોની યાતનાનું પૂર્વલક્ષણ હોય છે.' કાલીએ કહેવાનું ચાલુ રાખ્યું, 'આ એવું લાગે છે જાણે કોઈ રાક્ષસે તમારા શરીરને એના વશમાં લઈ લીધું હોય. એ રાક્ષસ વર્ષોના સમયગાળા દરમિયાન ધીરે ધીરે તમારી અંદરથી ફૂટી નીકળે છે. તમારા હૃદય, મન કચડાઈ જાય એવી પીડા આપે છે અને અંતે એ જ પીડા તમારી સાથી બની જાય છે. આપણા શરીર એટલી હદે વિકૃત બની જાય છે કે ઓળખી નથી શકાતાં. આવી રીતે કિશોરાવસ્થા સુધી પહોંચીને જ્યારે વિકાસ થતો અટકે છે ત્યારે અમે પણ એની સાથે ફસાઈ જઈએ છીએ જેને બૃહસ્પતિ વિનમ્રતાથી વિકૃતિ કહે છે. હું એને એ પાપોનો ભાર કહું છું જે અમે કર્યાં જ નથી. બીજા લોકોએ સોમરસ પીને જે પાપ કર્યાં હતાં, એનાં ફળ અમે ભોગવી રહ્યાં છીએ.'

શિવે ઉદાસ સ્મિત સાથે નાગા રાનીને જોઈ. કાલિનો ક્રોધ વાજબી હતો.

'અને નાગા સૈકાઓથી આ પીડા ભોગવી રહ્યા છે ?' શિવે પૂછયું.

'હા.' બૃહસ્પતિએ કહ્યું, 'જેમ જેમ સોમરસ પીવાવાળા લોકોની સંખ્યા વધી, તેમ તેમ નાગાઓની સંખ્યા પણ વધી. તમે જોશો કે મોટાભાગના નાગાઓ મેલુહાના છે, કારણ કે ત્યાં

સોમરસનો સૌથી અધિક વ્યાપક સ્તર પર પ્રયોગ કરવામાં આવે છે.'

'અને આ વિષયોમાં વાયુપુત્ર સભાનો શું દૃષ્ટિકોણ છે ?'

'ચોક્કસ નહીં કહી શકું, પણ હું જે થોડું થોડું જાણું છું એના આધાર પર વાયુપુત્ર સભા પ્રત્યક્ષ રૂપે એવું માને છે કે જે ક્ષેત્રોમાં સોમરસનો પ્રયોગ થઈ રહ્યો છે, એ હજુ પણ કલ્યાણકારી છે. નાગાઓનું કષ્ટ આનુષંગિક ખામી છે અને બૃહદ્ કલ્યાણ માટે આટલું તો સહન કરવું જ રહ્યું.'

'બકવાસ' કાલી ફુત્કારી ઊઠી.

શિવ કાલીના ક્રોધને સમજી શકતા હતા પરંતુ તેઓ અનેક સહસ્રાબ્દીઓથી ચાલ્યા આવતા સોમરસના વ્યાપક લાભથી પણ અજાણ નહોતા. 'સમતુલા સચવાય તો આ ખરેખર લાભદાયી હતું ખરું ?'

એ બૃહસ્પતિ તરફ ફર્યા. 'શું આ માનવાનાં કોઈ વધુ કારણો છે કે સોમરસ ખરાબ છે ?'

'આની પર વિચાર કરો, અમે મેલુહાવાસીઓ માનવા માગીએ છીએ કે સરસ્વતી નદી ચંદ્રવંશીઓના કપટભર્યા ષડયંત્રને કારણે સુકાઈ રહી છે. આ સત્ય નથી. વાસ્તવમાં, આપણે જાતે જ નદીમાતાને મારી રહ્યા છીએ. સોમરસ બનાવવા માટે અમે વિપુલ માત્રામાં સરસ્વતી નદીનું પાણી લઈએ છીએ. પ્રક્રિયા દરમિયાન મિશ્રણને સ્થિર થવામાં આ પાણી સહાય કરે છે. સંજીવની વૃક્ષની તૂટેલી શાખાઓને સંપૂર્ણ રીતે કચરવામાં પણ એનો ઉપયોગ થાય છે. મેં જાતે ઘણા પ્રયોગો કર્યા છે એ જોવા માટે કે બીજા કોઈ સ્રોતનું જળ વાપરી શકાય કે કેમ, પણ એવું થઈ શક્યું નહીં.'

'શું આના માટે સાચે જ આટલું બધું જળ આવશ્યક છે ?'

'હા શિવ, જ્યારે ફક્ત કેટલાક હજાર લોકો માટે જ સોમરસ બનાવી દેવામાં આવતો હતો, તો પ્રયોગમાં વાપરનાર સરસ્વતીના જળની માત્રા અર્થહીન હતી, પણ જ્યારે અમે ૮૦ લાખ લોકો માટે સોમરસનું વ્યાપક પ્રમાણમાં ઉત્પાદન શરૂ કર્યું તો આંકડાઓ બદલાઈ ગયા. મંદાર પર્વત પર આવેલા વિશાળ ઉત્પાદક યંત્રના ઉપયોગથી જળ ધીરે ધીરે ઓછું થવા લાગ્યું. પશ્ચિમી સમુદ્ર સુધી સરસ્વતી નદીનું પહોંચવું પણ બંધ થઈ ચૂક્યું હતું. હવે એ પોતાની યાત્રા રાજસ્થાનના દક્ષિણે આવેલા એક અંદરની નદીના મુખ પર છોડી દે છે. આ નદી મુખના દક્ષિણની જમીન રણવિસ્તારમાં ફેરવાઈ ચૂકી છે. થોડા સમયની જ વાત છે. પછી આ નદી સંપૂર્ણ રીતે નષ્ટ થઈ જશે. શું આપ મેલુહા પર આના પ્રભાવની કલ્પના કરી શકો છો ? અથવા ભારતવર્ષ પર ?'

'સરસ્વતી તો આપણી સમગ્ર સપ્તસિંધુ સભ્યતાની માતા છે' સતીએ કહ્યું.

'હા, આપણો મહાન ધર્મગ્રંથ ઋગવેદ પણ સરસ્વતીની મહિમાનાં ગુણગાન ગાય છે. એ આપણી સભ્યતાની પાલક જ નહીં, એની ચાલક પણ છે. આ મહાન નદી વગર આપણી ભાવિ પેઢીઓનું શું થશે ? સ્વયં વૈદિક જીવન સંકટમાં છે. આપણે આપણાં ભાવિ સંતાનોનું જીવનરક્ત છીનવી રહ્યા છીએ જેથી આપણી વર્તમાન પેઢી બસો કે એથીય વધુ વર્ષ જીવવાના આનંદનો ઉપભોગ કરી શકે. આ સિવાય જો આપણે બસો વર્ષ જીવીએ તો શું બહુ ખરાબ થશે ?'

શિવે હા પાડી. તેઓ સોમરસનાં ભયંકર દુષ્પરિણામો અને પર્યાવરણીય વિનાશને જોઈ શકતા હતા. પરંતુ હજી પણ સોમરસને તેઓ સંપૂર્ણ બૂરાઈના રૂપમાં નહોતા સ્વીકારી રહ્યા. એવી બૂરાઈ જે કેવળ એક જ વિકલ્પ આપે છે -- એના વિનાશ માટે ધર્મયુદ્ધ.

'બીજું કંઈ ?' શિવે પૂછ્યું.

'સોમરસના અન્ય અતિ ઘાતક પ્રભાવની સરખામણીમાં સરસ્વતી નદીનું નષ્ટ થવું બહુ

નાની ઘટના છે.'

'એ શું છે ?'

'બ્રંગાનો મહારોગ.'

'બ્રંગાનો મહારોગ ?' અચંબાથી શિવે પૂછયું, 'એનો સોમરસ સાથે શું સંબંધ ?'

બ્રંગા કંઈ કેટલાંય વર્ષોથી મહામારીથી પીડિત હતો, જેણે અસંખ્ય લોકોનો જીવ લીધેલો, ખાસ કરીને બાળકોનો. અત્યાર સુધીની મોટામાં મોટી રાહત તો બસ, નાગાઓ પાસેથી પ્રાપ્ત થતી ઔષધિ જ હતી અથવા તો પવિત્ર મોરને મારીને પ્રાપ્ત કરેલી બહુમૂલ્ય ઔષધિ જેને કારણે કાશી જેવા શાંતિપ્રિય નગરોમાં પણ બ્રંગાઓને બહિષ્કૃત કરી દેવામાં આવતા હતા.

'બધા જ' બૃહસ્પતિએ કહ્યું, 'સોમરસનું ઉત્પાદન કેવળ કઠિન જ નથી, પણ એનાથી મોટી માત્રામાં વિષયુક્ત કચરાનું પણ ઉત્પાદન થાય છે. એક એવી સમસ્યા જે અમે વાસ્તવમાં ઉકેલી નથી શક્યા. એ કચરાને ધરતી પર ન ફેંકી શકાય કેમ કે ભૂમિગત જળના સંક્રમણના માધ્યમથી એ તમામ નગરોનાં પાણીને વિષયુક્ત બનાવી શકે. એને સમુદ્રમાં ન ફેંકી શકાય. સોમરસનો કચરો ખારા પાણી સાથે પ્રતિક્રિયા કરીને ભયાનક રૂપથી તીવ્ર ગતિએ વિસ્ફોટ સાથે વિઘટિત થાય છે.'

એક વિચાર શિવના મસ્તકમાં ઝબક્યો. 'શું બૃહસ્પતિ સમુદ્રીજળ જોવા માટે જ મારી સાથે કરચપ ગયા હતા ? શું મંદાર પર્વતને નષ્ટ કરવા માટે જ આનો પ્રયોગ કરાયો હતો ?

બૃહસ્પતિ બોલતા રહ્યા, 'નદીનું મીઠું પાણી કારગત નીવડે એવું લાગતું હતું. જ્યારે નદીના મીઠા પાણીનો સોમરસનો કચરો ધોવા માટે પ્રયોગ કરવામાં આવ્યો તો ઘણાં વર્ષો પછી ઝેરની માત્રા ઓછી થતી પ્રતીત થઈ. મંદાર પર્વત પર કેટલાક પ્રયોગો બાદ આ સાબિત થઈ ચૂક્યું હતું. શીતળ પાણીમાં પ્રયોગનું વધુ સારું પરિણામ મળ્યું હતું અને બરફ સૌથી ઉત્તમ હતો. વાસ્તવમાં મોટા પ્રમાણમાં સોમરસના કચરાને ધોવા માટે અમે ભારતની નદીઓનો પ્રયોગ કરી શકીએ એમ નહોતા. એનાથી તો અમે આપણા જ લોકોને વિષ આપી બેસત. માટે અનેક દશાબ્દી પૂર્વે, તિબેટમાં આવેલ ઊંચા પહાડોની નદીઓનો પ્રયોગ કરવાની યોજના બનાવવામાં આવી. એ નદીઓ નિર્જન ભૂમિમાં વહે છે અને એનું પાણી હિમ જેવું શીતળ હોય છે. સોમરસ, કચરાને ધોવા માટે એ બરાબર કામ આવત. હિમાલયમાં બહુ જ ઊંચાઈ પર એક નદી છે, જેનું નામ છે ત્સાંગપો, જ્યાં મેલુહાએ એક વિશાળ કચરા સંશોધન યંત્ર સ્થાપવાનો નિર્ણય લીધો હતો.

'તમે એમ કહી રહ્યા છો કે મેલુહાવાસીઓ મારા દેશમાં પહેલાં આવી ચૂક્યા છે ?'

'હા, છુપાઈને.'

'પણ આટલી મોટી સંખ્યાને છુપાવી કેવી રીતે શકાય ?'

'આપે આખા શહેર માટે વર્ષભર માટે પર્યાપ્ત સોમરસ ચૂર્ણની માત્રા તો જોઈ જ છે. આ માટે કુલ દસ નાના થેલાઓ પૂરતા છે. આખા મેલુહામાં કેટલાંક સુનિશ્ચિત મંદિરોમાં જળ અને અન્ય સામગ્રી સાથે મેળવીને એને સોમરસ પીણામાં રૂપાંતરિત કરાય છે.'

'એનો અર્થ કચરાની માત્રા પણ બહુ નથી હોતી ?'

'નહીં, વધુ નથી હોતી. ખાસ્સી ઓછી માત્રા હોય છે જે સરળતાથી પહોંચાડી શકાય છે. પરંતુ એ ઓછી માત્રામાં પણ વિપુલ પ્રમાણમાં ઝેર હોય છે.'

'હમમ... તો આ કચરાનું યંત્ર તિબેટમાં લગાવવામાં આવ્યું હતું ?'

'હા, એને ત્સાંગપોની પાસે એક સાવ નિર્જન ક્ષેત્રમાં સ્થાપવામાં આવ્યું હતું. નદી પૂર્વ તરફ જતી હતી એટલે એ ભારતના બિનરહેવાસી ભાગોમાં વહેતી હતી. એટલે આપણા દેશને સોમરસના હાનિકારક પ્રભાવનો ભોગ ન બનવું પડત.'

શિવની ભમરો વંકાઈ, 'પણ આગળ આવેલા એ દેશોનું શું જ્યાં ત્સાંગપો વહીને જાય છે ? એ પૂર્વદેશો જે સ્વદ્વિપ આગળ આવેલા છે ? ખુદ ત્સાંગપોની નજીક આવેલી તિબેટની ભૂમિનું શું ? સોમરસના ઝેરી કચરાને કારણે શું એમને તકલીફ નહીં થાય ?'

'થઈ શકે છે.' બૃહસ્પતિએ કહ્યું, 'પરંતુ એને સ્વીકૃત આનુષંગિક નુકસાન માનવામાં આવતું હતું. મેલુહાવાસીઓએ ત્સાંગપોની નજીક રહેવાવાળા લોકોનું ધ્યાન રાખ્યું. ત્યાં ન કોઈ રોગ ફેલાયો, ન તો કોઈ વિકૃતિ નજરે પડી. ઝેરની અસર નિષ્ક્રિય રાખવામાં હિમશીતળ જળ ખરે જ કારગત નીવડયું લાગતું હતું. આ જાણકારી વાયુપુત્રોની સભાને મોકલવામાં આવતી હતી. સભાએ પણ સ્વદ્વિપના પૂર્વમાં આવેલા બર્માના ઓછા રહેણાકવાળા વિસ્તારોમાં વૈજ્ઞાનિકો મોકલ્યા હતા. એવો વિશ્વાસ હતો કે ત્યાંગપો આ વિસ્તારોમાં વહે છે અને બર્માની મુખ્ય નદી ઇરાવદી બની જાય છે. ફરી એક વાર, રોગોમાં અચાનક વધારો થવાનું કોઈ પ્રમાણ ન મળ્યું. એટલે એવા નિષ્કર્ષ પર પહોંચ્યા છે કે અમે કોઈને પણ હાનિ પહોંચાડયા વગર સોમરસના ઝેરી કચરાથી છુટકારો મેળવવાનો માર્ગ શોધી લીધો છે. જ્યારે ખબર પડી કે સ્થાનિક તિબેટની ભાષામાં ત્સાંગપોનો અર્થ 'નિર્મળ બનાવનાર' થાય છે તો એને એક નિશાની, એક દૈવી સંકેત ગણવામાં આવ્યો. એક નિરાકરણ શોધી કાઢવામાં આવ્યું હતું. મંદાર પર્વતના વૈજ્ઞાનિકો માટે આ પ્રાપ્ત જ્ઞાન પણ હતું.'

'બ્રંગાઓ સાથે આનો શું સંબંધ છે ?'

'જુઓ, બ્રહ્મપુત્રનાં ઉપરી ક્ષેત્રોનો ક્યારેય બરાબર રીતે ભૌગોલિક નકશો નથી બનાવવામાં આવ્યો. સાધારણ રીતે એવું જ માની લેવાયું હતું કે આ નદી પૂર્વ તરફથી આવે છે, કારણ કે એ પશ્ચિમમાં બ્રંગ્રા તરફ વહે છે. પરશુરામની મદદથી નાગાઓએ આખરે બ્રહ્મપુત્રના ઉપરના માર્ગનો ભૌગોલિક નકશો બનાવ્યો. એ હિમાલયની વિશાળ ઊંચાઈઓ પરથી પ્રલય કરી શકે એવી ભયંકર ગતિથી બ્રંગાના મેદાનમાં ખાડાઓમાંથી પડે છે જે જાણે બે હજાર હાથની દીવાલો જેવા છે.'

'બે હજાર હાથ !' શિવ સ્તબ્ધ થઈ ગયા.

'આપ સારી રીતે કલ્પના કરી શકો છો કે બ્રહ્મપુત્ર જેવી નદીના માર્ગ પર જવું લગભગ અશક્ય છે. પરંતુ પરશુરામ એમાં સફળ રહેલા અને તેઓ નાગાઓને પણ આ માર્ગ પર લઈ ગયા. નિ:સંદેહ, પરશુરામે નદીના માર્ગની શોધને મહત્વ નહોતું આપ્યું પરંતુ રાણી કાલી અને પ્રભુ ગણેશે આ મહત્વ સમજી લીધેલું.'

'શું તમે પણ બ્રહ્મપુત્રના ઉપરી ભાગમાં ગયા હતા ?' શિવે પૂછયું, 'આ નદી ક્યાંથી આવે છે ? શું એ કોઈ રીતે ત્સાંગપો સાથે સંકળાયેલી છે ?'

બૃહસ્પતિ દુ:ખ સાથે હસ્યા, 'આ ત્સાંગપો જ છે.'

'શું ?'

'ત્સાંગપો તિબેટના પોતાના માર્ગ પર પૂર્વ તરફ વહે છે. હિમાલયના પૂર્વના છેવાડા પર એ પોતાના વહેણને પાછો વાળતાં તીવ્ર વળાંક લે છે, પછી એ દક્ષિણ પશ્ચિમ તરફ વહેવાનું શરૂ કરે છે અને બ્રંગા નજીક બ્રહ્મપુત્રના રૂપમાં દેખાવા પહેલાં વિશાળ ખાડાઓથી નીચે પડે છે.'

'પવિત્ર જળના સોગંદ' શિવે કહ્યું, 'બ્રંગાઓને સોમરસના કરચાનું ઝેર અપાઈ રહ્યું છે.'

'એકદમ સાચું. ત્સાંગપોનું શીતળ જળ એક હદ સુધી ઝેરની અસરને હળવી બનાવી દે છે. પણ જ્યારે નદી બ્રહ્મપુત્રના રૂપે ભારતમાં પ્રવેશ કરે છે ત્યારે વધતું તાપમાન જળના સુષુપ્ત વિષને ફરી સક્રિય બનાવી દે છે. એટલે બ્રંગા બાળક પણ નાગા બાળકની જેમ જ શરીરને તોડી નાખતી પીડા ભોગવે છે પણ એ વિકૃતિઓથી મુક્ત રહે છે. દુ:ખની વાત એ છે કે બ્રંગાઓમાં પણ કર્કરોગનું ઊંચું પ્રમાણ જોવા મળે છે. વસ્તીનું પ્રમાણ વધુ હોવાને કારણે

મૃત્યુસંખ્યા સહજ રીતે જ અસ્વીકાર્ય છે.'

શિવ આખીય વાતના મણકા જોડી રહ્યા, 'દિવોદાસે મને કહ્યું હતું કે બ્રંગા મહામારી દર વર્ષે ગ્રીષ્મકાળમાં સૌથી વધુ હોય છે. આ એ જ સમય છે જ્યારે હિમાલયમાં હિમ જલદી પીગળે છે અને આ જ કારણે ઝેર વધારે માત્રામાં વહીને આવતું હશે.'

'હા' બૃહસ્પતિએ કહ્યું, 'બરાબર એમ જ થાય છે.'

'સ્પષ્ટ છે, કેમ કે નાગા અને બ્રંગા બંને એકસરખા પ્રદૂષણને કારણે બીમાર થાય છે. એટલા માટે અમારી ઔષધિ બ્રંગાઓ માટે પણ કારગત નીવડે છે.' કાલીએ કહ્યું, 'અમે એટલા માટે એમને ઔષધિ મોકલીએ છીએ કે જેથી કરીને એમની પીડા થોડી ઓછી થઈ શકે. જોકે અમે રાજા ચંદ્રકેતુને કહ્યું હતું કે એમના રાજ્યને કોઈ રીતે ઝેરયુક્ત બનાવી રહેવાયું છે, તો પણ કેટલાક બ્રંગાઓએ એવું માનવું પસંદ કર્યું કે દરેક વર્ષે મહામારી આવવાનું કારણ એ શાપ છે જે નાગાઓએ એમને આપ્યો છે. કાશ અમે એટલા શક્તિશાળી હોત ! પણ એવું પ્રતીત થાય છે કે રાજા ચંદ્રકેતુ અમારી પર વિશ્વાસ કરે છે, એટલે જ અમને નિયમિત રૂપે સૈનિકો અને સુવર્ણ મોકલે છે, જેથી અમે ચોરી-છૂપી સોમરસ ઉત્પાદક યંત્રો પર આક્રમણ કરી શકીએ જે અમારી સમસ્યાઓનું મૂળ છે.'

'બૂરાઈ સામે કદી છળથી ન લડવું જોઈએ, કાલી' શિવે કહ્યું, 'એના પર ખુલ્લેઆમ જ આક્રમણ કરવું જોઈએ.'

કાલી પ્રત્યુત્તર આપવા જતી હતી પણ એ પહેલાં શિવ બૃહસ્પતિ તરફ ફરી ચૂક્યા હતા.

'તમે કંઈ કહ્યું કેમ નહીં, આ સમસ્યા મેલુહામાં અથવા વાયુપુત્રોને કહેવી તો હતી ?'

'મેં આ પ્રશ્ન ઉઠાવ્યો હતો.' બૃહસ્પતિએ કહ્યું, 'મેં આ વાત સમ્રાટ દક્ષ સમક્ષ મૂકી હતી. પરંતુ એ વૈજ્ઞાનિક વાતો સમજતા નથી અથવા તકનિકી વર્ણનોમાં પોતાની જાતને લીન કરતા નથી. એમણે એ બુદ્ધિજીવીનો સહારો લીધો જેની પર એ સૌથી વધુ ભરોસો કરે છે, શ્રદ્ધેય રાજગુરુ ભૃગુ ઉપર. મહર્ષિ ભૃગુ પણ ઉત્સુક જણાયા અને મને વાયુપુત્ર સભામાં લઈ ગયા જેથી હું એમની સમક્ષ મારી વાત કહી શકું, પણ તેઓ જરાય સહયોગાત્મક નહોતા. કોઈ પણ બ્રહ્મપુત્રના સ્રોતના વિષયમાં મારી પર વિશ્વાસ રાખવા રાજી નહોતા. જ્યારે તેમણે સાંભળ્યું કે હું પ્રગટ રૂપે નાગાઓની વાત સાંભળી રહ્યો છું તો એમણે મારી હાંસી પણ ઉડાવી. એમના મત પ્રમાણે, નાગાઓ પર એક અંતિમવાદી રાક્ષસી રાજ્ય કરે છે, જેને પોતાનાં કર્મોને કારણે મળેલી હતાશાને કારણે એ બીજાઓને પોતાના ક્રોધનો ભોગ બનાવી રહી છે.

'હું આ વાત પ્રશંસાસ્વરૂપે લઈશ.' કાલીએ કહ્યું.

બૃહસ્પતિ તરફ પાછા વળતાં પહેલાં શિવ કાલી સામે જોઈને સહજ હસ્યા.

'પણ બ્રંગામાં જે કંઈ થઈ રહ્યું હતું, તેને વાયુપુત્રોએ કઈ રીતે તર્કસંગત ગણાવ્યું ?'

'એમના મતે,' બૃહસ્પતિએ કહ્યું, 'બ્રંગા સમૃદ્ધ પણ અસંસ્કૃત લોકો હતા, જેમની ખાવાપીવાની વિચિત્ર આદતો અને ધૃણાસ્પદ પરંપરાઓ હતી, એટલે મહામારીનું કારણ સોમરસ નહીં પરંતુ એમના દૂષિત આચાર-વિચાર અને કર્મ હતા. વાયુપુત્રોમાં બ્રંગાઓ માટે નહીં જેવી સહાનુભૂતિ હતી, કારણ કે એ બધાને ખબર હતી કે એ લોકો મોરનું લોહી પીવે છે. મોર પક્ષીને ભગવાન રુદ્રનો પ્રત્યેક અનુયાયી પવિત્ર માને છે.'

'અને તમે હાર માની લીધી ?' શિવે સામે કહ્યું, 'શું તમારે તમારી વાત પકડી રાખવા જેવી નહોતી ? સમ્રાટ દક્ષ શક્તિહીન છે અને એમને તો સરળતાથી પ્રભાવિત કરી શકાત. તેઓ મેલુહામાં પરિવર્તન લાવી શકત. વાયુપુત્રોની સભા તમારા દેશ પર તો શાસન નથી કરતી ને !'

'આ વિવાદને આગળ ન વધારવા માટે મારી પાસે ઉચિત કારણ હતું.'

'કેવું કારણ ?'

'તારા, એ સ્ત્રી, જેની સાથે હું લગ્ન કરવા ઇચ્છતો હતો, અચાનક અદૃશ્ય થઈ ગઈ.' બૃહસ્પતિ કહી રહ્યા હતા. 'છેલ્લી વાર જ્યારે મેં એને જોઈ ત્યારે એ પરિહામાં હતી. મેલુહા પાછો આવ્યો ત્યારે મને એનો પત્ર મળ્યો, જેમાં લખ્યું હતું કે સોમરસ વિરોધી મારા ભાષણથી એ બહુ નિરાશ થઈ હતી. મેં મહર્ષિ ભૃગુને કહ્યું કે એ પરિહામાં રહેતા પોતાના મિત્રો પાસેથી જાણકારી મેળવે. મને જણાવવામાં આવ્યું કે એ ગુમ થઈ ગઈ છે.'

શિવ ક્ષુબ્ધ બની ગયા.

'હું જાણું છું કે આ નિર્બળતા છે.' બૃહસ્પતિએ કહ્યું, 'પણ મારા મનમાં ઊંડે ઊંડે મને વિશ્વાસ હતો કે તારાને કેદી બનાવવામાં આવી છે. મારા માટે આ સંદેશ હતો. મૌન રહો અથવા...

'અને તમે હાર માની લીધી ?' શિવે ફરી પૂછયું, 'જો તમને વિશ્વાસ હતો કે તમે સાચા છો તો તમે આવું કેમ કર્યું ?'

'મેં હાર નથી માની.' બૃહસ્પતિએ પોતાનો બચાવ કરતાં કહેવાનું ચાલુ રાખ્યું, 'પરંતુ ત્યાં સુધી હું બીજાં ક્ષેત્રોના વરિષ્ઠ વૈજ્ઞાનિકોનો વિશ્વાસ ખોવા લાગ્યો હતો. હું જો આ મુદ્દાને વધારે ઉછાળત તો સૂર્યવંશીઓમાં મારી જે થોડીઘણી પ્રતિષ્ઠા હતી, એ પણ ખોઈ બેસત. હું કંઈ પણ કરવાની ક્ષમતા ખોઈ બેસત. જોકે હું જાણતો હતો કે મારે કંઈક કરવું પડશે, પણ હું એ પણ સમજી રહ્યો હતો કે ખુલ્લી તરફેણ કે વાદવિવાદ ઊલટા સાબિત થયા હતા. સોમરસ સાથે ઘણા ખોટા સ્વાર્થ પણ જોડાયેલા હતા. કેવળ વાયુપુત્રોની સભામાં જ, નીલકંઠ દ્વારા આને જાહેર રીતે રોકવાનું નૈતિક સાહસ થઈ શકે એમ હતું, પણ તેમણે આ માનવાનો ઇન્કાર કરી દીધો કે સોમરસ દૂષિત થઈ ચૂક્યો છે.'

'પછી શું થયું ?' શિવે પૂછયું. 'મેં ચૂપ રહેવાનો વિકલ્પ પસંદ કર્યો. કમ સે કમ ઉપર ઉપરથી, પણ મારે કંઈક કરવું તો હતું જ. મહર્ષિ ભૃગુ આશ્વસ્ત હતા કે સોમરસનાં તત્ત્વોથી ડરવાની કોઈ વાત નથી, એટલે સોમરસનું ઉત્પાદન એ જ તીવ્ર ગતિથી ચાલતું રહ્યું, સરસ્વતીનો એ જ બહોળા પ્રમાણમાં ઉપયોગ થતો રહ્યો. વિપુલ માત્રામાં સોમરસ બનાવ્યા બાદ ઝેરી કચરો ઉત્પન્ન થઈ રહ્યો હતો. જોકે હવે રાજ્યનું માનવું હતું કે શીતળ મીઠું પાણી ઝેરભર્યા કચરાને નષ્ટ કરવામાં સફળ નીવડયું હતું એટલે બીજી નદીઓનો ઉપયોગ કરવાની નવી યોજનાઓ બનાવાઈ રહી હતી. આ વખતે સિંધુ અથવા ગંગાના ઉપરના ભાગને પ્રયોગમાં લેવાનો વિચાર હતો.'

'ભગવાન રામ દયા કરો.' શિવ બડબડ્યા.

'લાખો જીવન જોખમમાં મુકાઈ જાત. અમે ભારતના હૃદયમાં જ ઝેરી કચરો છોડવાના હતા. આ સમયે લગભગ ભગવાને મોકલેલા સંદેશની જેમ ગણેશજી મારી પાસે આવ્યા. તેમણે એક યોજના બનાવી હતી, અને મારે સ્વીકારવું જોઈએ કે એમની વાત યોગ્ય હતી. કેવળ એક જ ઉપાય શક્ય હતો, મંદાર પર્વતનો વિનાશ. મંદાર પર્વત વગર સોમરસ બનત જ નહીં અને સોમરસ નષ્ટ થવાની સાથે જ આ તમામ મુશ્કેલીઓનો પણ અંત આવી જાત.'

શિવે સતી તરફ એક નજર નાખી.

'મારા મનમાં જે થોડીઘણી શંકાઓ હતી.' બૃહસ્પતિએ કહ્યું, 'એ ત્યારે નાશ પામી જ્યારે મારો ભેટો એક નવી પરિસ્થિતિ સાથે થયો. જ્યારે આવું થયું ત્યારે મારા હૃદયમાં મને એમ થયું કે હવે બૂરાઈના વિનાશનો સમય આવી ગયો છે.'

'કેવી નવી પરિસ્થિતિ ?' શિવે પૂછયું.

'આ પરિસ્થિતિમાં આપનો આવિર્ભાવ થયો.' બૃહસ્પતિએ કહ્યું, 'વાયુપુત્ર સભાની સંમતિ વગર પણ, શક્યતઃ એમની જાણકારી વગર પણ નીલકંઠ પ્રગટ થયા હતા. મારા માટે આ

અંતિમ સંકેત હતો, બૂરાઈના વિનાશનો સમય અમારી સામે હતો.'



વિશ્વધુમ્ને તરત જ પોતાના બ્રંગા સૈનિકોને હાથથી ઇશારો કર્યો. શિકારી દળ તરત જ નીચે નમી ગયું.

કાર્તિકની આંખો ચમકી ઊઠી, જે વિશ્વધુમ્નની બરાબર પાછળ હતો. એણે ધીરેથી સીટી વગાડી. 'અદ્‌ભુત.'

વિશ્વધુમ્ન કાર્તિક તરફ ફર્યો. શિવનો મોટા ભાગનો કાફલો પંચવટીની બહાર અતિથિઓ માટે બનેલી શિબિરમાં વિશ્રામ કરી રહ્યો હતો, પણ કેટલીક શિકારી ટોળીને વિશાળ કાફલા માટે માંસ લેવા માટે મોકલવામાં આવી હતી. પંચવટીના આખાય પ્રવાસ દરમિયાન કાર્તિક પોતાને એક નિપુણ શિકારી સિદ્ધ કરી ચૂક્યો હતો અને સ્વાભાવિક રીતે જ એક ટોળીનો પ્રમુખ બની ચૂક્યો હતો. વિશ્વધુમ્ન નીલકંઠના પુત્રની સાથે હતો. કાર્તિકની ભયંકર યુદ્ધકલાનો એ મોટો પ્રશંસક હતો.

'ગેંડો છે, સ્વામી.' વિશ્વધુમ્ને ધીરેથી કહ્યું.

ગેંડો વિશાળ પ્રાણી હતું, લગભગ ચાર મીટર લાંબુ, એની ઉબડખાબડ તપખીરી ત્વચા હતી, અનેક સ્તરોમાં ગોઠવાયેલી ત્વચા એના શરીર પર લટકીને વિશાળ કવચનો આભાસ કરાવતી હતી. એના પર વિશિષ્ટ રીતે દેખાઈ આવતું હતું એના નાકનું શીંગડું જે ભયંકર ઘાતક અસ્ત્રની જેમ લગભગ ૫૦ સેમીની ઊંચાઈ પર બહાર નીકળેલું હતું.

'જાણું છું' કાર્તિકે દબાયેલા અવાજે કહ્યું, 'કાશીની આસપાસ પણ આ રહે છે. એ લગભગ નાના હાથી જેવા જ હોય છે. આ ક્રૂર પશુઓની દૃષ્ટિ બહુ ક્ષીણ હોય છે પણ તેમની સૂંઘવાની ને સાંભળવાની શક્તિ બહુ તીવ્ર હોય છે.'

પ્રભાવિત વિશ્વધુમ્ને કાર્તિકને જોઈને ડોકું ધુણાવ્યું. 'આપનો શું પ્રસ્તાવ છે, સ્વામી ?'

ગેંડાનો શિકાર કરવો મુશ્કેલ હોય છે. સામાન્યત: એ શાંત પ્રાણી હોય છે અને પોતાના સુધી જ સીમિત રહે છે પણ સંકટનો ખ્યાલ આવતાં જ ભયંકર ક્રૂરતાથી આક્રમણ કરી શકે છે. એમના વિશાળ શરીર અને તીક્ષ્ણ શીંગડાના સીધા પ્રહારથી બહુ ઓછા બચી શકે છે.

કાર્તિકે પોતાના ખભા ઉપર હાથ લઈ જઈને પીઠ પર બાંધેલી બંને તલવારો કાઢી લીધી. એના ડાબા હાથમાં એક નાની બેધારી તલવાર હતી જે એના મોટાભાઈ ગણેશને પસંદ હતી. જમણા હાથમાં થોડી વળેલી ધારવાળી, જરા ભારે તલવાર હતી જે નિશ્ચિતપણે આક્રમણ કરવા માટે યોગ્ય નહોતી. આ અસ્ત્ર ઘુમાવવા અને કાપવા માટે યોગ્ય હતું -- એ શૈલી માટે જેમાં કાર્તિક શ્રેષ્ઠ હતો.

કાર્તિકે ધીરેથી કહ્યું, 'એની પીઠ પર બાણ મારો, વધુમાં વધુ ઘોંઘાટ કરો. હું ઇચ્છ છું કે તમે એને આગળ મોકલો.'

વિશ્વધુમ્નની આંખો ભયથી પહોળી થઈ ગઈ, 'આ ડહાપણભર્યું નથી, સ્વામી.'

'આ વિશાળ પ્રાણી છે. વધારે સૈનિકોના આક્રમણથી ભીડ થઈ જશે. એ ફક્ત શીંગડું ઘુમાવશે તો પણ અનેક ઈજાગ્રસ્ત થઈ જશે.'

'પણ આપણે દૂરથી બાણ વડે પણ એને મારી શકીએ છીએ.'

કાર્તિકે ભ્રમર ચડાવી, 'વિશ્વધુમ્ન, તમને તો ખબર હોવી જોઈએ, શું તમે ખરેખર એવું માનો છો કે આપણા તીર વાસ્તવમાં એટલા ઊંડા શરીરમાં ઘૂસીને ભારે ઈજા પહોંચાડી શકે ? તીર

નહીં પણ તમે ભેગા થઈને જે ઘોંઘાટ મચાવશો, એ એને આક્રમણ કરવા માટે ઉશ્કેરશે.

વિશ્વધુમ્ન હજુ પણ અનિશ્ચિત ભાવથી જોઈ રહ્યો.

'વળી એ હવાની દિશામાં ઊભો છે અને તમને એની પાછળથી મોરચો ઘડવો એકદમ ઠીક પડશે. ઘોંઘાટની સાથે જ તમારા સૈનિકોની દુર્ગંધ પણ એને આગળ વધવા મજબૂર કરશે. એ સારી વાત છે કે એ લોકો બે દિવસથી નાહ્યા નથી.' પોતાની રમૂજ પર હાસ્યનો સહેજ પણ સંકેત આપ્યા વગર કાર્તિકે કહ્યું.

બીજા બધા યોદ્ધાઓની જેમ જ, વિશ્વધુમ્ન પણ સંકટની સામે રમૂજને પસંદ કરતો હતો પણ અત્યારે એ નક્કી નહોતો કરી શકતો કે કાર્તિક રમૂજ કરે છે કે નહીં, એણે પોતાનું હાસ્ય દબાવીને પૂછ્યું, 'આપ શું કરશો, સ્વામી ?'

કાર્તિકે ધીરેથી કહ્યું, 'હું આ પ્રાણીને મારી નાખીશ.'

આટલું કહીને કાર્તિક ધીરેથી આગળ વધ્યો. એ જ રસ્તા પર જ્યાં વિશ્વધુમ્નના સૈનિકોના આક્રમણ બાદ એ પ્રાણી આવવાનું હતું. આ દરમિયાન સૈનિકો ગેંડાની પાછળ હવાની દિશામાં આગળ વધ્યા. પોતાના મોરચા પર પહોંચીને કાર્તિકે ધીરેથી સીટી વગાડી.

'હવે...' વિશ્વધુમ્ને બૂમ પાડી.

સૈનિકોએ જોરજોરથી બૂમો પાડવાનું શરૂ કર્યું, સાથે જ તીરોના વરસાદે પ્રાણી પર આક્રમણ કર્યું. ગેંડાએ પોતાનું માથું ઊંચું કર્યું, એના કાન ફરક્યા, તીર એની ચામડી સાથે અથડાઈને કોઈ પણ ઈજા પહોંચાડ્યા વગર નીચે પડ્યાં. જ્યારે સૈનિકો થોડા નજીક આવ્યા ત્યારે થોડાઘણા તીર શરીરમાં ઊંડે સુધી જઈ શકવામાં સફળ થયાં હતાં જેથી પ્રાણી ઉશ્કેરાઈ શકે. પોતાની નાની કાળી આંખોથી આગ વરસાવતા અને પોતાના બળ અને શક્તિનું પ્રદર્શન કરતા ગેંડાએ જોરદાર ફુત્કાર કર્યો અને માટીમાં પગ ઘસ્યો, એણે માથું ઝુકાવ્યું ને હુમલો કર્યો. એના પગ નીચેની ધરતી કંપી ઊઠી.

કાર્તિકે મોરચો સંભાળ્યો હતો. ગેંડો આજુબાજુ જોઈ શકતો હતો પણ સામે નહીં. એટલે નવાઈની વાત નહોતી કે રસ્તામાં આવતી વૃક્ષની લટકી રહેલી ડાળી સાથે અથડાઈને એની દિશા થોડી બદલાઈ ગઈ. બરાબર એ જ સમયે, એણે પોતાની જમણી બાજુ ઊભા રહેલા કાર્તિકને જોયો. ગેંડાએ ભયંકર જોરથી ત્રાડ પાડી, પોતાની દિશા બદલીને મૂળ માર્ગ પર આવ્યો ને શિવના નાના પુત્ર તરફ દોડ્યો.

ગેંડા પર પોતાની આંખો ઠેરવીને કાર્તિક સ્થિર અને શાંત ઊભો હતો. એના શ્વાસ નિયમિત અને ઊંડા હતા. એ જાણતો હતો કે ગેંડો એને નહીં જોઈ શકે કેમ કે કાર્તિક એની બરાબર સામે ઊભો હતો. ગેંડાએ છેલ્લી વાર કાર્તિકને જ્યાં ઊભેલો જોયો હતો, એ જ તરફ પોતાની યાદશક્તિને આધારે એ દોડી રહ્યો હતો.

વિશ્વધુમ્ને ગેંડાની ગતિને ધીમી કરવા માટે તીવ્રતાથી એની પર બાણ ચલાવ્યું -- પણ એની જાડી મોટી ખાલે સુનિશ્ચિત કરી લીધું હતું કે બાણ કંઈ ફેર નહીં પાડી શકે. ગેંડો સીધો જ કાર્તિક તરફ દોડી રહ્યો હતો, પણ કાર્તિક ન તો હલ્યો ન તો બોલ્યો. વિશ્વધુમ્ન જોઈ શકતો હતો કે યુવાન યોદ્ધો હાથમાં તલવાર સહેજ ઢીલી પકડીને ઊભો હતો. ઘા કરવા માટે આ રીત અયોગ્ય હતી, તેને માટે તો તલવાર કસીને પકડવી પડે. આવી રીતે તો ગેંડાના આક્રમણ સાથે જ તલવાર હાથમાંથી સરી જશે એમ લાગતું હતું.

બરાબર ત્યારે જ, જ્યારે એમ લાગતું હતું કે કાર્તિક ગેંડાના પગ નીચે કચડાઈ જશે, ત્યારે જ એ નીચે ઝૂક્યો અને વીજળીઝડપે ડાબી તરફ નમી ગયો. ગેંડાએ દોડવાનું ચાલુ રાખ્યું, કાર્તિકે વાર કર્યો, પહેલાં પોતાના ડાબા હાથમાં રહેલી તલવારથી, એ તરફ ફરતી વખતે એણે ચપળતાથી તલવારની મૂઠ પર રહેલી કળ દાબી દીધી. તલવારની મૂઠમાંથી બીજી ધાર બહાર

આવી ને પ્રાણીના આગળના પગના સ્નાયુ અને નસોને ચીરતી નીકળી ગઈ. રક્તની ધારો વહી અને ગેંડાનો ઈજાવાળો પગ નીચેથી લથડ્યો. એણે ચિત્કાર કર્યો. મૂંઝાયેલા ગેંડાએ પોતાના ભારને શરીરના પાછળના હિસ્સા પર ટેકવવાનો વ્યર્થ પ્રયત્ન કર્યો અને પેટના સહારે ડગમગી રહ્યો. આદર થાય એવી વાત તો એ હતી કે હજુ પણ ગેંડા આક્રમણ કરી રહ્યો હતો. પાછળ પલટીને જ્યારે એ પોતાની પર હુમલો કરનારનો સામનો કરવાનો સંઘર્ષ કરી રહ્યો હતો ત્યારે એના સાજા રહેલા ત્રણ પગ એના ભારથી ડગમગી રહ્યા હતા, ગેંડાનો પ્રયાસ જોઈને કાર્તિક આગળ દોડ્યો ને હવે ઘેરો કરતો હોય એમ જાનવરની પાછળથી આવ્યો. એણે પોતાના જમણા હાથેથી નિર્મમતાથી વાર કર્યો જેમાં ઘાતક થોડી વળેલી તલવાર હતી. તલવારે ગેંડાના પાછલા પગનું હાડકું જ વાઢી નાખ્યું. જમણી બાજુના બંને પગ કપાઈ જતાં ગેંડો ધરાશાયી થઈ ગયો. પીડાથી કરાંજતો, પોતાના બચેલા પગ પર ઊભા રહેવાની કોશિશ કરતો ગેંડો પાછળની તરફ ગબડી પડ્યો. એનું લોહી માટીમાં મળીને અજબ લાલ-કથ્થઈ કીચડ બનાવી રહ્યું હતું અને ભયથી ને પીડાથી તડપતા એના શરીર પર કીચડ લાગી રહ્યો હતો.

કાર્તિક થોડે દૂર મૌન ઊભો રહીને આ પ્રાણીને પોતાના અંતિમ શ્વાસ લેતાં જોઈ રહ્યો હતો.

વિશ્વધુમ્ન પાછળથી જોઈ રહ્યો હતો, એનું મોં ખુલ્લું રહી ગયું હતું. એણે ક્યારેય કોઈ પ્રાણીને આટલી કુશળતા અને ઝડપથી મારતા નહોતો જોયો.

શાંતિથી કાર્તિક ગેંડા તરફ આગળ વધ્યો. નિશ્ચેતન થયો હોવા છતાં પણ એણે ઊંચા સ્વરોમાં બૂમો પાડીને ગર્જના કરતાં -- પોતાનું માથું કાર્તિક તરફ ઘુમાવ્યું -- બીજા સૈનિકો જ્યાં સુધી દોડીને એમની પાસે ન પહોંચ્યા, કાર્તિકે સલામત અંતર જાળવી રાખ્યું.

નીલકંઠના પુત્રએ પશુને પ્રણામ કર્યાં. 'મને ક્ષમા કરો, હે અદ્‌ભુત પ્રાણી, હું ફક્ત મારું કર્તવ્ય નિભાવી રહ્યો છું. બહુ જ જલદી એને હું પૂરું કરી લઈશ.'

અચાનક કાર્તિક આગળ વધ્યો, એણે જોરથી વાર કર્યો, ગેંડાની ત્વચાના સ્તરોને ભેદીને હૃદય સુધી પહોંચીને, એના શરીરના કંપનને મહેસૂસ કરતાં -- ત્યાં સુધી કે જ્યાં સુધી એ શાંત ન થઈ ગયો.



'મહારાજ, હમણાં હમણાં એક પંખી સંદેશવાહક, ફક્ત આપને જોવા માટે એક સંદેશો લાવ્યું છે.' મેલુહાની પ્રધાનમંત્રી કનખલાએ કહ્યું, 'માટે હું સ્વયં એને લઈ આવી છું.'

દક્ષ પોતાના અંગત કમરામાં હતા, ચિંતાતુર વીરિની એમની પાસે બેઠી હતી. એમણે કનખલા પાસેથી પત્ર લીધો અને એને પાછી મોકલી દીધી.

સમ્રાટ અને સામ્રાજ્ઞીને વિનમ્રતાથી નમન કરતી કનખલા જવા માટે પાછી ફરી. પાછળ ફરતાં એની નજરે તેમની વચ્ચે આત્મીયતાથી એક દુર્લભ ક્ષણ પડી, તેમણે એકબીજાના હાથ પકડી રાખ્યા હતા. છેલ્લા કેટલાક મહિનાઓથી મેલુહામાં ચાલતી વિચિત્ર ગતિવિધિઓને કારણે એ કઠોર બની ગઈ હતી. સતીની પહેલી સગર્ભાવસ્થા દરમિયાન દક્ષના પૂર્વ વિશ્વાસઘાતે એને આઘાત આપ્યો હતો. પોતાના રામ પ્રતિ કનખલાના મનમાં સન્માનની લાગણી બચી નહોતી. ફક્ત મેલુહા તરફ પોતાની નિષ્ઠાને કારણે એ પોતાનું પદ સંભાળી રહી હતી. એણે પોતાના રાજાના વિચિત્ર આદેશો તરફ પ્રશ્ન ઉઠાવવા પણ બંધ કરી દીધા હતા. જેમ કે એ આદેશ, જે ગઈકાલે ભૃગુ અને દિલીપના મંદાર પર્વતના ભગ્ન અવશેષ પર જવા માટે પ્રબંધ કરવા માટેનો હતો. ત્યાં જવા માટે મહર્ષિ ભૃગુની રુચિ એ સમજી શકતી હતી, પરંતુ

સ્વદ્વિપના સમ્રાટે ત્યાં જવાની શું જરૂર હતી ? પોતાની પાછળ ચૂપચાપ દ્વાર બંધ કરી રહેલી કનખલાએ દક્ષને વીરિનીનો હાથ છોડતાં અને પત્રની મહોર ખોલતાં જોયા.

દક્ષ રડવા લાગ્યા. વીરિનીએ તરત જ હાથ લાંબો કરીને એમની પાસેથી પત્ર ઝૂંટવી લીધો.

વીરિનીએ ઉતાવળે પત્ર વાંચ્યો, એણે રાહતનો ઊંડો શ્વાસ લીધો, એની આંખમાં પાણી ભરાઈ આવ્યાં. 'તેઓ સુરક્ષિત છે. એ બધાં સુરક્ષિત છે.'

આમ તો નીલકંઠની હત્યાનું ષડયંત્ર ત્રણેય મુખ્ય ષડયંત્રકારીઓ મહર્ષિ ભૃગુ, સમ્રાટ દક્ષ અને સમ્રાટ દિલીપના સ્વાર્થને પૂરો કરત. ભૃગુ માટે સૌથી વધુ લાભ એ હોત કે સોમરસને નીલકંઠ દ્વારા લક્ષ્ય બનાવવામાં ન આવત. નીલકંઠની માન્યતામાં લોકોની આસ્થા દઢ હતી. જો નીલકંઠ ઘોષણા કરત કે સોમરસ દૂષણ છે અને નાગાઓના રસ્તા પર આગળ વધવાનો નિર્ણય કરત તો તેમના અનુયાયીઓ પણ એમ જ કરત. દિલીપ માટે આ એક તીરથી બે નિશાન સાધવા બરાબર હતું. ન એમને ભૃગુ પાસેથી જીવનદાયી ઔષધિ મળતી રહેત બલ્કિ એ પોતાના ઉત્તરાધિકારી અને મોટામાં મોટા સંકટ ભગીરથથી છુટકારો મેળવી લેત. દક્ષ ઉપદ્રવી નીલકંઠથી મુક્ત થઈ જાત અને આ બધાનું દોષારોપણ ફરી નાગાઓ પર કરી શકાત. આ એક સંપૂર્ણ યોજના હતી. ફક્ત એ સિવાય કે દક્ષ પોતાની પુત્રીની હત્યા માટે તૈયાર નહોતા. સતીની સુરક્ષા માટે દક્ષ બધું દાવ પર લગાડી દેવા તૈયાર હતા. ભૃગુ અને દિલીપને આશા હતી કે દક્ષ અને એમની પુત્રીના સંબંધોમાં કડવાશ આવ્યા પછી મેલુહાના સમ્રાટ સંપૂર્ણ રીતે આ યોજનામાં સહભાગી થશે. ખોટા હતા એ લોકો. સતી માટે દક્ષનો પ્રેમ શિવ માટેની એમની નફરત કરતાં ઘણો વધારે ઊંડો હતો.

વીરિનીની સલાહ મુજબ, દક્ષે અરિષ્ટનેમી દલપતિ માયાશ્રેણિકને ખાનગી કામ માટે મોકલ્યો હતો, જે મેલુહા પ્રતિ પોતાની આંધળી ભક્તિ અને નીલકંઠ પ્રતિ પોતાના સંપૂર્ણ સમર્પણ માટે જાણીતો હતો. માયાશ્રેણિકે એ પાંચ વહાણો સાથે જવાનું હતું જેને નીલકંઠના કાફલા પર આક્રમણ માટે મોકલવામાં આવ્યાં હતાં. વીરિની સંઘર્ષનાં આટલાં વર્ષો દરમિયાન ગુપ્ત રીતે પોતાની પુત્રી કાલીના સંપર્કમાં રહી હતી અને એણે દક્ષને નાગાઓની નદીની ચેતવણી ને સુરક્ષા પ્રણાલીની જાણકારી આપી હતી. બસ, આ જાણકારીનો યોગ્ય સમયે ઉપયોગ કરવાનો હતો. માયાશ્રેણિકનું કામ એ નક્કી કરવાનું હતું કે ચેતવણી યોગ્ય સમય પર અપાય. એ પછી ત્યાંથી બચીને મેલુહા પાછા આવી જવાનું હતું. અરિષ્ટનેમી દલપતિ અને મેલુહા સેનાના કાર્યવાહક સેનાપતિએ પોતાની સાથે પાલતુ કબૂતરો રાખ્યાં હતાં જેથી દક્ષને પછી થનારા યુદ્ધની સૂચના આપી શકાય. મેલુહાના સમ્રાટ માટે સુખદ સંદેશો એ હતો કે એ સંતાનો -- જેમની દક્ષને ચિંતા હતી -- સતી અને કાર્તિક -- જીવિત અને સુરક્ષિત હતા.

વીરિનીએ પોતાના પતિ સામે જોયું, 'જો તમે મારી વધુ વાતો સાંભળી હોત તો...'

દક્ષે ઊંડો શ્વાસ લીધો, 'જો ક્યારેક મહર્ષિ ભૃગુને ખબર પડી ગઈ કે...'

'શું તમે એમ ઇચ્છત કે આપના સંતાનોનું મૃત્યુ થાય ?'

દક્ષે ઠંડો નિ:શ્વાસ નાખ્યો. સતીની સુરક્ષા માટે એ કંઈ પણ કરી શકત. એમણે ડોકું ધુણાવ્યું, 'નહીં.'

'તો ઈશ્વરનો આભાર માનો કે આપણી યોજના સફળ નીવડી. કોઈ વાર કોઈની પણ સામે એક શબ્દ પણ ઉચ્ચારશો નહીં, ક્યારેય નહીં.'

દક્ષે માથું ધુણાવ્યું. એમણે વીરિનીના હાથોમાંથી પત્ર લીધો અને સળગાવી દીધો. શક્ય હતું ત્યાં સુધી કાગળને કિનારીએથી પકડી રાખ્યો જેથી એનો દરેક ભાગ એટલી હદે સળગી જાય કે ઓળખી પણ ન શકાય.



પ્રકરણ-૩

રાજવીઓએ પસંદગી કરી લીધી છે

'તમને બૃહસ્પતિ પર વિશ્વાસ છે ?' શિવે પૂછ્યું.

મુખ્ય નગરની બરાબર બહાર આવેલા પંચવટીના અતિથિકક્ષ પર રાત ઊતરી ચૂકી હતી. શિવના કાફલાના ઘાયલ અને થાકેલા લોકો વિશ્રામ માટે પોતાનાં રહેઠાણોમાં જઈ ચૂક્યા હતા.

નગરથી હમણાં હમણાં પાછા ફરેલા સતી અને શિવ પોતાના કક્ષમાં હતાં. પંચવટીના ગુરુકુળમાં એમને જે જાણવા મળ્યું હતું, એ વિષયમાં એમણે કોઈને કંઈ કહ્યું નહોતું. એમણે સૂર્યવંશીઓને કહ્યું નહોતું કે એમના પ્રિય મુખ્ય વૈજ્ઞાનિક બૃહસ્પતિ હજુ જીવિત છે. બીજે દિવસે એમને ફરી મળવાનું હતું.

'મને નથી લાગતું બૃહસ્પતિ અસત્ય કહી રહ્યા હોય.' સતી બોલી, 'મને યાદ છે કે બે દસકાથી પણ વધુ સમય પહેલાં મહર્ષિ ભૃગુએ કેટલાય મહિનાઓ દેવગિરિમાં વિતાવ્યા હતા, જે રાજગુરુ માટે અત્યંત અસ્વાભાવિક વાત હતી. મેલુહામાં એમનાં દર્શન દુર્લભ જ હોય છે કેમ કે સામાન્ય રીતે તેઓ પોતાનો સમય હિમાલયની પોતાની ગુફામાં સાધના કરવા માટે વિતાવે છે.'

'શું રાજગુરુઓએ રાજવી મહેલમાં રહેવાનું અને રાજાને દિશાસૂચન કરવાનું નથી હોતું ?'

'મહર્ષિ ભૃગુ જેવા રાજગુરુએ નહીં, એમણે સમ્રાટ બનવા માટે મારા પિતાની પસંદગી કરાવવામાં સહાયતા કરી હતી કેમ કે એમને વિશ્વાસ હતો કે મારા પિતા મેલુહા માટે ઉત્તમ રહેશે. આ સિવાય મહર્ષિ ભૃગુને મેલુહાના રોજબરોજના શાસનમાં કોઈ રુચિ નથી રહી. તેઓ એક સાદાસીધા મનુષ્ય છે, જે ભાગ્યે જ શક્તિશાળી જૂથોમાં જોવા મળે છે.'

'તો એમણે દેવગિરીમાં ખાસ્સો સમય વિતાવ્યો હતો. આ અસ્વાભાવિક હોઈ શકે છે, પણ એ બીજી વાતો જે બૃહસ્પતિએ કહી હતી ?'

'મહર્ષિ ભૃગુ, મારા પિતા અને બૃહસ્પતિજી સાથ્યે જ ઘણા મહિનાઓ બહાર રહ્યા હતા. આ બાબતે કોઈ મહત્ત્વપૂર્ણ વ્યવસાયિક યાત્રા પર જવાની ઘોષણા કરાઈ હતી, પરંતુ હું મહર્ષિ ભૃગુ કે બૃહસ્પતિજીને કોઈ વ્યાપારમાં રસ હોય એવી કલ્પના પણ નથી કરી શકતી. કદાચ તેઓ તે સમયે પરિહામાં હતા. અને હા, પ્રતિભાશાળી અને ખૂબસૂરત તારાબહેનજી જે મંદાર પર્વત પર કામ કરતા હતા અને જેમને કોઈ યોજના માટે પરિહા મોકલવામાં આવ્યા હતા, તેઓ અચાનક અદૃશ્ય થઈ ગયા હતા. એવી જાહેરાત કરવામાં આવી કે તેમણે સંન્યાસ લઈ લીધો

છે. મેલુહામાં સંસારિક જીવનનો ત્યાગ કરવો બહુ સામાન્ય છે, પણ બૃહસ્પતિજીએ આજે એક અલગ જ વાત જણાવી.'

'તો તમે માનો છો કે બૃહસ્પતિ સત્ય કહી રહ્યા છે ?'

'હું ફક્ત એમ કહી રહી છું કે બૃહસ્પતિજી એવો વિશ્વાસ કરી શકે કે આ સત્ય છે. પરંતુ શું હકીકતમાં આવું જ છે કે એમનાથી કોઈ ભૂલ થઈ છે ? આપનો આ નિર્ણય ઇતિહાસને બદલી શકે છે. હવે તમે જે કરશો એનાથી આવનારી પેઢીઓને દૂરગામી પરિણામ મળશે. આ એક અત્યંત મહત્ત્વપૂર્ણ અવસર છે, એક મહાયુદ્ધ છે. આપે સંપૂર્ણ રીતે નિશ્ચિત થવું પડશે.

'મારે વાસુદેવો સાથે વાત કરવી જોઈએ.'

'હા, ચોક્કસ કરવી જોઈએ.'

'પરંતુ તું મને માત્ર આટલું જ કહેવા નથી માગતી, હેં ને ?'

'મારું માનવું છે કે એક અન્ય પક્ષ પર પણ વિચાર કરવો જોઈએ. કયાં કારણોએ બૃહસ્પતિજીને પાંચથી વધુ વર્ષ છુપાઈને રહેવા માટે મજબૂર કર્યા ? આટલા સમયથી પંચવટીમાં તેઓ શું કરી રહ્યા હતા ? મને લાગે છે આ એક બહુ જ મહત્વનો પ્રશ્ન છે. કદાચ સોમરસના એ સહાયક સંયંત્ર સાથે જોડાયેલો હશે જેના વિષે પિતાજીએ મને કહ્યું હતું.'

'હા, પણ એ સમયે મેં બહુ ધ્યાન નહોતું આપ્યું. પણ જો સોમરસ દૂષણ છે, તો એ સંયંત્ર ચાવીરૂપ છે.'

'ખરેખર તો સરસ્વતી ચાવી છે. ઉત્પાદનયંત્ર તો ફરી પણ નિર્માણ કરી શકાય. પણ જે જગ્યાએ પણ એનું નિર્માણ થાય, એને સરસ્વતી જળની જરૂર પડવાની. કાલીએ ઇચ્છાવરમાં મને કહેલું કે એના માણસો મેલુહાનાં મંદિરો અને બ્રાહ્મણો પર હુમલો ત્યારે જ કરતા જ્યારે તેઓ નાગાઓને પ્રત્યક્ષ રૂપે હાનિ પહોંચાડતા. કદાચ એ મંદિરો જ ઉત્પાદન-કેન્દ્રો હતાં જે મંદાર પર્વત પરથી મેળવેલા ભૂકાનો ઉપયોગ કરીને સ્થાનિક સ્તરે સોમરસ બનાવતા. એણે એમ પણ કહ્યું હતું કે સરસ્વતી પાસેથી જ અંતિમ સમાધાન મળશે. નાગાઓ પણ આ માટે કામ કરી રહ્યા છે. મને ખબર નથી કે આ ગૂઢ કથનનું શું તાત્પર્ય છે. આપણે એ શોધવું પડશે.'

'તેં કાલી સાથેનો સંવાદ મને કહ્યો જ નહોતો.'

'શિવ, કાશીમાં મારા પુત્ર સાથે આપ મળ્યા બાદ આપણે પહેલી વાર કાલી અને ગણેશ વિષે પ્રમાણિકતાથી વાત કરી રહ્યા છીએ.'

શિવ શાંત થઈ ગયા.

'હું આપને દોષ નથી આપતી.'સતીએ આગળ કહ્યું, 'હું આપના ગુસ્સાને સમજી શકું છું. આપને એમ લાગતું હતું કે ગણેશે બૃહસ્પતિજીને માર્યા હશે. હવે સત્ય સામે આવી ગયું છે ત્યારે આપને સાંભળવાની ઇચ્છા થઈ રહી છે.'

શિવે હસીને સતીને આલિંગનમાં લઈ લીધી.



'આપને વિશ્વાસ છે ?' શિવે પૂછ્યું.

બીજા દિવસે સવારે દિવસ ખાસ્સો ચડી ગયો હતો. બીજો પ્રહર થવામાં ચાર કલાક હતા. શિવ પોતાના અંગત કક્ષમાં સતી સાથે બેઠા હતા. પર્વતેશ્વર અને ભગીરથ એક લાકડાનું પાટિયું લઈને સામે ઊભા હતા. મેલુહાના સેનાપતિ અને અયોધ્યાના રાજકુમાર નષ્ટ કરાયેલ

શત્રુઓનાં વહાણોનું નિરીક્ષણ કરીને હમણાં જ પાછા પધાર્યા હતા.

'હા પ્રભુ, નિર્વિવાદ પુરાવાઓ છે.' ભગીરથે કહ્યું.

'મને બતાવશો ?'

ભગીરથ આગળ વધ્યા. 'આ લાકડાના પાટિયા પર લગાડેલા ખીલાઓ સ્પષ્ટ રૂપથી મેલુહાના છે. માનનીય પર્વતેશ્વરે એને ઓળખી પણ લીધા છે.'

પર્વતેશ્વરે સંમતિ આપતાં ડોકું હલાવ્યું.

'અને અહીંની જોડ, જે જળને અવરોધવાની ક્ષમતા વધારે છે, તે સ્પષ્ટપણે અયોધ્યાનું છે.'

'શું આપ એવું સૂચવવા માગો છો કે સમ્રાટ દક્ષ અને સમ્રાટ દિલીપે આપણી વિરુદ્ધમાં ગઠબંધન કર્યું છે ?' શિવે ધીરેથી પૂછયું.

'એમણે આપણા બંને દેશોમાં ઉપલબ્ધ સર્વશ્રેષ્ઠ યંત્રરચનાનો પ્રયોગ કર્યો છે. આની ઉપર ચોંટેલા સૂક્ષ્મ જીવોને જોતાં સ્પષ્ટપણે કહી શકાય કે આ વહાણોએ સમુદ્રી જળમાં ખાસ્સી લાંબી યાત્રા કરી છે. આ યાત્રાને જલદી પૂરી કરવા માટે તેમને સર્વશ્રેષ્ઠ વહાણોની જરૂર હતી.'

વિચારોમાં ખોવાયેલા શિવે ઊંડો શ્વાસ લીધો.

'પ્રભુ.' ભગીરથે કહ્યું, 'મારા પિતાના સર્વ દોષો હોવા છતાં હું એ માની પણ નથી શકતો કે આવા પ્રકારના કોઈ પ્રપંચનું નેતૃત્વ કરવા જેટલા તેઓ સક્ષમ હોય. એમનામાં એ યોગ્યતા જ નથી. તેઓ બસ આ યોજનામાં અનુયાયી હોઈ શકે. નિ:સંદેહ તમારે એમને લક્ષ્ય બનાવવા જોઈએ, પરંતુ એવું માનવાની ભૂલ નહીં કરતા કે તેઓ મુખ્ય ષડયંત્રકારી હશે. તેઓ નથી જ.'

સતી શિવ તરફ ઝૂક્યા, 'શું તમે માનો છો કે મારા પિતા આવું કરી શકે ?'

શિવે ડીકું ધુણાવ્યું, 'ના, સમ્રાટ દક્ષ પણ આ પ્રપંચનું નેતૃત્વ કરવા જેટલા સક્ષમ નથી.'

પોતાના સામ્રાજ્ય પર લાગેલા કલંકથી શરમિંદા બનેલા પર્વતેશ્વરે શાંતિથી કહ્યું, 'મેલુહાનું બંધારણ આપણને નિયમોનું પાલન કરવાની આજ્ઞા આપે છે પ્રભુ. અમારા નિયમો રાજાના આદેશોનું પાલન કરવાની આજ્ઞા આપે છે. એક નિર્બળ સમ્રાટના હાથમાં આ બંધારણ ઘણું બધું ખોટું કરી શકે છે.'

'સમ્રાટ દક્ષે કદાચ આદેશ આપ્યા હોઈ શકે, પર્વતેશ્વર' શિવે કહ્યું, 'પણ તેમણે આની પરિકલ્પના ન કરી હોઈ શકે. આ કોઈ એવી કુશળ વ્યક્તિ છે જેણે મેલુહાને સ્વદ્વીપના શાસકોને એક કર્યા છે. કોઈ એવી વ્યક્તિ જે ભયંકર દૈવી શસ્ત્રો મેળવવામાં સફળ રહી છે. ઈશ્વર જ જાણે કે એની પાસે હજુ વધારે દૈવી શસ્ત્ર હશે કે નહીં. આ એક ઉત્કૃષ્ટ યોજના હતી. ભગવાન રામની કૃપાથી, આપણે માંડમાંડ બચ્યા. આ સમ્રાટ દક્ષ કે સમ્રાટ દિલીપ ન હોઈ શકે. આ કોઈ વધુ અગત્યની, વધુ બુદ્ધિશાળી ને વધુ સ્રોત ધરાવતી વ્યક્તિ હોઈ શકે અને એ પણ એવી વ્યક્તિ જે પોતાની ઓળખ છુપાવી શકે એટલી ચાલાક હોય.'



'મેલુહા જતા રહીએ ?' વિરભદ્રે પૂછયું.

વીરભદ્ર અને કૃતિક શિવના અંગત ખંડમાં હતા. કાલી અને સતી પણ ત્યાં હાજર હતાં.

'હા ભદ્ર' શિવે કહ્યું, 'એ પણ મેલુહાના અને અયોધ્યાના લોકો હતા જેમણે મળીને આપણી પર આક્રમણ કર્યું હતું.'

'આપને વિશ્વાસ છે કે આમાં મેલુહા પણ મળેલું છે ?' વીરભદ્રે પૂછયું.

'પર્વતેશ્વરે સ્વયં આ વાતની પુષ્ટિ કરી છે.'

'અને હવે આપને અમારા લોકોની ચિંતા છે.'

'હા.' શિવે કહ્યું, 'મને ચિંતા છે કે ગણલોકોને બંદી બનાવવામાં આવશે અને આપણી પર દબાણ લાવવા માટે કેદીઓ તરીકે એમનો ઉપયોગ કરવામાં આવશે. એ લોકો આવું કરે પહેલાં હું ઇચ્છું છું કે તમે ચૂપચાપ મેલુહામાં પ્રવેશ કરી લો અને આપણા લોકોને કાશી ખસેડી લો. હું તમને ત્યાં જ મળીશ.'

'મારા બાતમીદારો ગુપ્ત માર્ગે તમને અને કૃતિકાને લઈ જશે.' કાલીએ કહ્યું, 'અમારા વેગવાન ઘોડાઓ અને તેજ ગતિથી ચાલતી નૌકાઓ દ્વારા મારા માણસો તમને બે સપ્તાહમાં મયકા પાસે પહોંચાડી શકશે. એ પછી, તમારે સ્વયં આગળ વધવું પડશે.'

'યાત્રા કરવા માટે મેલુહા સુરક્ષિત દેશ છે.' કૃતિકાએ કહ્યું, 'આપણે સરસ્વતીના મુખ સુધી પહોંચવા માટે તેજીલા ઘોડાઓ ભાડે લઈ શકીએ. એ પછી આપણે નદી પર નૌકા દ્વારા યાત્રા કરી શકીએ. આ સરળ રસ્તો છે. નસીબે સાથ આપ્યો તો આપણે આવનારાં બે સપ્તાહમાં દેવગિરિ પહોંચી જઈશું. ગણલોકો એક નાનકડા ગામમાં છે જે ત્યાંથી બહુ દૂર નથી.'

'ઉત્તમ' શિવે કહ્યું, 'સમય સારો છે. હવે જાઓ.'

'હા શિવ' વીરભદ્રે કહ્યું અને પત્ની સાથે જવા માટે ફર્યા.

'અને ભદ્ર ...' શિવે કહ્યું.

વીરભદ્ર અને કૃતિકા પાછળ ફર્યાં.

'સાહસિક બનવાનો પ્રયત્ન નહીં કરતા.' શિવે કહ્યું, 'જો ગણલોકોને બંદી બનાવી ચુકાયા હોય તો તરત જ મેલુહા છોડી દેજો અને કાશીમાં મારી રાહ જોજો.

વીરભદ્રની મા ગણલોકો સાથે હતી. શિવ જાણતા હતા કે વીરભદ્ર આટલી સરળતાથી એમને ભાગ્યના આધારે નહીં છોડી દે.

'શિવ...' વીરભદ્ર ધીરેથી કહ્યું...

શિવ ઊઠયા અને એમણે વીરભદ્રના ખભા પર હાથ મૂક્યો, 'ભદ્ર, મને વચન આપો.'

વીરભદ્ર મૌન રહ્યા.

'જો સ્વયં તમે એમને છોડાવવાનો પ્રયત્ન કરશો તો મૃત્યુ પામશો અને જો તમે મૃત્યુ પામશો તો મા માટે કોઈ કામના નહીં રહો, ભદ્ર.'

વીરભદ્ર હજી પણ મૌન રહ્યા.

'હું તમને વચન આપું છું. ગણલોકોને કંઈ નહીં થાય. જો તમે એમને નહીં લઈ જઈ શકો તો હું લઈ આવીશ. પરંતુ કોઈ દુઃસાહસ નહીં કરતા. મને વચન આપો.'

વીરભદ્ર શિવના ખભા પર હાથ મૂક્યો. 'કોઈ વાત જરૂર છે જે આપ મને નથી કહી રહ્યા. આપે અહીં શું જાણ્યું છે ? આપ અચાનક જ આટલા ભયભીત કેમ બની ગયા છો ? શું કોઈ યુદ્ધ થવાનું છે ? શું મેલુહા આપણું દુશ્મન બનવાનું છે ?'

'હું ચોક્કસ નથી જાણતો, ભદ્ર. હજુ સુધી હું નક્કી નથી કરી શક્યો.'

'તો આપ જે જાણો છો, એ મને જણાવો.'

હવે મૌન રહેવાનો વારો શિવનો હતો.

'હું પાછો મેલુહા જઈ રહ્યો છું, શિવ. જો આપે મને એક મહિના પહેલાં કહ્યું હોત તો હું કહેત કે કદાચ આ સૌથી વધુ સુરક્ષિત યાત્રા હોત. ત્યારથી અત્યાર સુધીમાં ઘણું બધું બદલાઈ ચૂક્યું છે. આપે મને સત્ય જણાવવું પડશે. હું એ માટે યોગ્ય છું.'

શિવે એને બેસાડ્યા અને એ સઘળું જણાવી દીધું જે છેલ્લા કેટલાક દિવસોમાં એમને જાણવા મળ્યું હતું.



'અને તેં એકલાએ જ ગેંડાનું માર્યો ? આનંદમયીએ પ્રભાવિત થઈને પૂછયું, એના ચહેરા પર વિશાળ સ્મિત ઝગમગી રહ્યું હતું.

'જી, રાજકુમારી' હંમેશાની જેમ ઉદાસ અને ભાવહીન કાર્તિકે કહ્યું.

આનંદમયી, આયુર્વતી અને કાર્તિક ભોજનકક્ષની નરમ ગાદીઓ પર આરામથી બેઠાં હતાં. વાણી અને કર્મથી ક્ષત્રિય આનંદમયી અને કાર્તિક ગેંડાનું સ્વાદિષ્ટ માંસ ખાઈ રહ્યાં હતાં. બ્રાહ્મણ આયુર્વતીએ પોતાનું ભોજન રોટલી, દાળ અને શાકભાજી સુધી સીમિત રાખ્યું હતું.

'શું તેં જરા પણ નહીં હસવાનો નિર્ણય કર્યો છે ?' આનંદમયીએ પૂછયું 'કે પછી આ અસ્થાયી છે ?'

કાર્તિકે આનંદમયી તરફ જોયું. એના ચહેરા પર આછા સ્મિતની રેખા હતી. 'હસવામાં જેટલો પ્રયાસ કરવો પડે છે, એના માટે એ યોગ્ય નથી, રાજકુમારીજી.'

આયુર્વતીએ ડોકું હલાવ્યું, 'તું એક બાળક છે કાર્તિક, પોતાની જાતને આટલી હેરાન ન કર. તારે તારા બાળપણનો આનંદ લેવો જોઈએ.'

કાર્તિક મેલુહાની મુખ્ય ચિકિત્સક તરફ ફર્યો. 'મારો ભાઈ ગણેશ એક મહાન પુરુષ છે. આયુર્વતીજી, એમણે સમાજ અને દેશ માટે ઘણું વધારે યોગદાન આપવાનું છે. અને છતાં એમને એ જડબુદ્ધિ પશુઓએ જીવતા લગભગ ખાઈ જ લીધા હતા, કેમ કે એ મારી રક્ષા કરવાનો પ્રયત્ન કરતા હતા.'

આયુર્વતીએ હાથ લંબાવીને કાર્તિકને થપથપાવ્યો.

'હું ફરી આટલો નિ:સહાય ક્યારેય નહીં બનું' કાર્તિકે સોગંદ લીધા, 'હું ક્યારેય મારા પરિવારની મુશ્કેલીનું કારણ નહીં બનું.'

દરવાજો એક ઝટકા સાથે ખૂલ્યો. પર્વતેશ્વર અને ભગીરથ અંદર આવ્યા.

એમની પર નજર પડતાં જ આનંદમયી જાણી ગઈ કે એમણે એ જ જાણવું છે જેનો એમને ભય હતો. 'શું એ મેલુહા હતું ?'

આયુર્વતી અચકાઈ ગઈ. એ કલ્પના પણ નહોતી કરી શકતી કે પંચવટીની સીમા પર નીલકંઠના કાફલા પર થયેલા હુમલાના ધૃણાસ્પદ ષડયંત્રમાં એના મહાન દેશનું નામ આવશે. પણ છતાંય, પિયરમાં સતીની પ્રથમ ગર્ભાવસ્થા દરમિયાન સમ્રાટ દક્ષના વિશ્વાસઘાત વિષે જાણ્યા બાદ જો મેલુહાનાં વહાણોએ આ ધૃણાસ્પદ કાર્ય કર્યું હોય તો એને નવાઈ નહોતી લાગવાની.

'વાત વધુ ખરાબ છે.' ભગીરથે બેસતાં કહ્યું.

પર્વતેશ્વર આનંદમયીની નજીક બેસી ગયા અને એનો હાથ પકડી લીધો. એમણે આયુર્વતી સામે જોયું. એના ચહેરા પર દેખાતી પીડા એને થઈ રહેલા કષ્ટની સાક્ષી હતી. પર્વતેશ્વર પોતાના દેશનું મેલુહાના ભગવાન રામની અંતિમ ધરોહરના રૂપમાં સન્માન કરતા હતા. આવા મહાન દેશનો સમ્રાટ કઈ રીતે આવા પ્રકારના ભયંકર કાર્ય કરી શકે ?

'વધુ ખરાબ ?' આનંદમયીએ ફરી પૂછયું.

'હા, એવું લાગે છે કે સ્વદ્વીપ પણ આ ષડયંત્રમાં સામેલ છે.'

આનંદમયી સ્તબ્ધ થઈ ગઈ. 'શું ?'

'આ કાં તો ફક્ત અયોધ્યા છે અથવા આખુંય સ્વદ્વીપ. હું ખાતરી સાથે નથી કહી શકતો કે સ્વદ્વીપના અન્ય રાજ્ય પણ અયોધ્યાનું અનુકરણ કરી રહ્યા છે કે નહીં પરંતુ અયોધ્યા તો

સામેલ છે જ એ નિશ્ચિત છે.'

આનંદમયીએ પર્વતેશ્વર સામે જોયું. એમણે ભગીરથના શબ્દોને સંમતિ આપતાં ડોકું ધુણાવ્યું.

'ભગવાન રુદ્ર કૃપા કરે.' આનંદમયીએ કહ્યું, 'પિતાજીને થયું છે શું ?'

'જ્યાં સુધી મારો સવાલ છે, તો મને આશ્ચર્ય નથી થતું.' પોતાની ઘૃણાને મુશ્કેલીથી છુપાવતાં ભગીરથે કહ્યું, 'એ નિર્બળ છે અને સરળતાથી છેતરી શકાય એવા છે. એમને સંમોહિત કરવામાં બહુ સમય નથી લાગતો.'

પહેલી વાર પોતાના પિતાની નિંદા કરવા માટે આનંદમયી પોતાના ભાઈને ખિજાઈ નહીં. એણે પર્વતેશ્વર તરફ જોયું. એ ગુમસૂમ અને અનિર્ણિત દશામા હતા. અપરિવર્તનીય નિયમો અને જડ માન્યતાઓમાં રાચતા સૂર્યવંશીઓ માટે આ પરિવર્તન ભયંકર હતું. આનંદમયીએ પોતાના પતિનું મુખ પોતાની તરફ ફેરવ્યું અને ધીરેથી આશ્વસ્ત કરતું ચુંબન કર્યું. એણે હુંફાળું સ્મિત કર્યું. પર્વતેશ્વરે સામે ફિક્કું સ્મિત ફરકાવ્યું.

કાર્તિકે શાંતિથી પોતાની થાળી મૂકી, હાથ ધોયા અને કક્ષની બહાર ચાલ્યો ગયો.



બપોર હજી થઈ જ હતી ને કાર્તિક અને ગણેશના ચરણ એમને એ પાંચ વડનાં વૃક્ષો તરફ દોરી ગયા જેના પરથી પંચવટી નામ પડયું હતું -- નાગાઓ સિવાય અંદર શહેરમાં જવાની કોઈને અનુમતિ નહોતી. સત્ય તો એ હતું કે એમાંના ઘણાખરા બંગ્રાઓ સહિત અંદર પ્રવેશવા નહોતા ઇચ્છતા એનું કારણ અંદર પ્રવેશનાર પર દુર્ભાગ્ય આવી પડે છે એ હતું -- પરંતુ નીલકંઠનો પરિવાર આ બધામાં વિશ્વાસ નહોતો કરતો. અને એમ પણ, કોઈ એવું નહોતું ઇચ્છતું કે એમના પ્રવેશ પર પ્રતિબંધ લાગે.

'આ વૃક્ષો પર ફક્ત ભગવાન રામની મૂર્તિઓ જ કેમ દર્શાવવામાં આવી છે, દાદા ?' કાર્તિકે મોટાભાઈને પૂછયું.

'તારો કહેવાનો મતલબ એ છે કે એમની પત્ની સીતામાતા અને એમના ભાઈ લક્ષ્મણને કેમ નથી દર્શાવ્યા ?'

'એટલું જ નહીં, એમના મહાન ભક્ત હનુમાનજી પણ ગાયબ છે.'

ગણેશ અને કાર્તિક પાંચેય વટવૃક્ષના મુખ્ય થડ પર કોતરેલી ભગવાન રામની સુંદર મૂર્તિઓની પ્રશંસા કરી રહ્યા હતા. પાંચેય વૃક્ષોની પ્રતિમાઓ વિષ્ણુના સાતમા અવતારરૂપ રાજવીની એમના જીવનની પાંચ વિભિન્ન ભૂમિકાઓ દર્શાવી રહી હતી. પુત્ર, પતિ, ભાઈ, પિતા અને દેવસ્વરૂપ રાજા. દરેક વડનું વૃક્ષ એમનાં વિભિન્ન રૂપો દર્શાવી રહ્યું હતું. દરેક મૂર્તિનું રૂપ મૂર્તિઓના ચોકના એક ખૂણામાં બનેલા ભગવાન રુદ્ર અને મોહિનીદેવીના મંદિર તરફ જોઈ રહ્યું હોય એવું શિલ્પકારે બનાવ્યું હતું જે આ શૈલીમાં સ્વાભાવિક લાગતું હતું. બીજી તરફ, મોટા ભાગનાં મંદિરોની જેમ પાછળના ભાગમાં પ્રતિષ્ઠા કરવાને બદલે બંને મૂર્તિઓને મંદિરના સામેના ખંડમાં રાખવામાં આવી હતી, જેના પરિણામે આ બંને દિવ્ય સ્વરૂપ પણ વૃક્ષની પાંચેય મૂર્તિઓ જોઈ રહ્યાં હોય એમ લાગતું હતું. એવું લાગી રહ્યું હતું જાણે શિલ્પકાર મહાન મહાદેવ અને એટલા જ મહાન વિષ્ણુના સાતમા અવતારને એકબીજા તરફ સન્માન દર્શાવતા દેખાડવા માગતા હતા.

'આ ભૂમિદેવીના નિર્દેશો અનુસાર છે.' ગણેશે જવાબ આપ્યો, 'હું જાણું છું કે સપ્તસિંધુમાં

એમનું પારંપારિક ચિત્રાણ સંસારમાં હંમેશાં એમની ત્રણ પ્રિય વ્યક્તિઓ સીતામાતા, પ્રભુ લક્ષ્મણજી અને પ્રભુ હનુમાનજી સાથે જ કરવામાં આવે છે, પરંતુ અમારી સંસ્થાપક ભૂમિદેવીનો આદેશ હતો કે પંચવટીમાં ભગવાન રામને હંમેશાં એકલા જ દર્શાવાશે -- ખાસ કરીને પાંચ વટવૃક્ષોમાં.'

'કેમ ?'

'હું નથી જાણતો. કદાચ એ ઇચ્છતી હતી કે અમે હંમેશા યાદ રાખીએ કે વિષ્ણુ અને મહાદેવના લાખો અનુયાયીઓ હતા, પરંતુ અંતે તો પોતાના ધ્યેયનું દાયિત્વ એમણે એકલાએ જ કરવાનું હોય છે.

'બાબાની જેમ ?' પિતાનો નિર્દેશ કરતાં કાર્તિકે પૂછયું.

'હા, બાબાની જેમ. એ એક જ છે જે બૂરાઈ અને ભારતવર્ષની વચ્ચે ઊભા છે. જો તેઓ નિષ્ફળ જશે તો આ બૂરાઈ ઉપમહાદ્વીપને નષ્ટ કરી દેશે.'

'બાબા નિષ્ફળ નહીં જાય.'

કાર્તિકના જવાબથી ગણેશના ચહેરા પર સ્મિત છવાયું.

'આપ જાણો છો કેમ ?' કાર્તિકે પૂછયું.

ગણેશે ડોકું ધુણાવ્યું. 'નહીં, કેમ ?'

કાર્તિકે પ્રાચીનકાળમાં ભ્રાતાયોદ્ધાની જેમ ગણેશનો હાથ લઈને પોતાના ખભા પર રાખ્યો, 'કેમ કે એ એકલા નથી.'

ગણેશ હસ્યા અને કાર્તિકને એમણે ગળે વળગાડી દીધા. મૌન રહીને તેમણે વટવૃક્ષની ચારે તરફ ફરીને ભગવાન રામની મૂર્તિઓની પરિક્રમા કરી.

'શું થઈ રહ્યું છે, દાદા ?' પરિક્રમા કરતાં કરતાં કાર્તિકે પૂછયું.

ગણેશની ભ્રમરો તંગ થઈ ગઈ.

'બંને સમ્રાટ બાબાની વિરુદ્ધ એક કેમ થઈ ગયા છે ?'

ગણેશે ઊંડો શ્વાસ લીધો. એણે કાર્તિક પાસે ક્યારેય અસત્ય કહ્યું ન હતું. એ પોતાના ભાઈને પુખ્ત માનતા હતા અને એ જ રીતે વર્તન કરતા હતા. 'કેમ કે બાબા એમના માટે ભયજનક છે, કાર્તિક, એ ઉચ્ચ વર્ગના છે. એ લોકો બૂરાઈથી મળતા લાભના વ્યસની બની ચૂક્યા છે. બાબાનું ધ્યેય કચડાયેલાઓ માટે સંઘર્ષ કરવાનું છે. નિ:શબ્દ લોકોની વાણી બનવાનું છે. સ્પષ્ટ છે ઉચ્ચ વર્ગના માણસો બાબાને રોકવા ઇચ્છે જ.'

'એ કઈ બૂરાઈ છે જેની વિરુદ્ધ બાબા સંઘર્ષ કરી રહ્યા છે ? આ બૂરાઈએ પોતાના પંજા આટલી મજબૂત રીતે જમાવ્યા કઈ રીતે ?'

ગણેશે કાર્તિકનો હાથ પકડીને એને એક વડના વૃક્ષ નીચે બેસાડ્યો. 'આ ફક્ત તને કહું છું, કાર્તિક. તું બીજા કોઈને આ વાત કહીશ નહીં, કારણ કે આ બાબાનો જ અધિકાર છે કે ક્યારે અને કઈ રીતે બીજા લોકોને આ વાતની જાણ કરવી ?'

કાર્તિકે જવાબમાં ડોકું ધુણાવ્યું.

ગણેશ કાર્તિકની પાસે બેઠા અને એને જણાવ્યું કે આગલા દિવસે બૃહસ્પતિ અને શિવ વચ્ચે શું ચર્ચા થઈ હતી.



'આ પાંચ વર્ષો દરમિયાન આપ શું કરતા રહ્યા, બૃહસ્પતિ ?' શિવે પૂછયું.

સતી અને શિવ નાગા રાણીના કક્ષમાં પ્રમુખ વૈજ્ઞાનિક પાસે બેઠા હતા. બૃહસ્પતિને ક્ષણભર માટે લાગ્યું જાણે એમની પૂછપરછ થઈ રહી હોય, પરંતુ શિવની આ વિષયના મૂળ સુધી જવાની આવશ્યકતા એ સમજી શકતા હતા.

'હું સોમરસની સમસ્યાનું કાયમી નિરાકરણ શોધવાનો પ્રયાસ કરતો હતો.' બૃહસ્પતિએ જવાબ આપ્યો.

'કાયમી નિરાકરણ ?'

'મંદાર પર્વતને નષ્ટ કરવો એ અસ્થાયી નિરાકરણ હતું. આપણે જાણીએ છીએ કે એને ફરી બનાવી શકાશે. નાગાઓએ મને જણાવ્યું છે કે પુન:નિર્માણ આશ્ચર્યજનક રૂપે ધીમી ગતિથી ચાલી રહ્યું છે. આમાં પાંચ વર્ષ નહોતાં લાગવા જોઈતાં. મેલુહાના કૌશલ સાથે તો જરાય નહીં, પરંતુ આનું પુન:નિર્માણ થોડા સમયની તો વાત છે.

શિવે સતી સામે જોયું પણ એણે કંઈ કહ્યું નહીં.

'એક વાર મંદારે પૂર્ણરૂપે ઉત્પાદનક્ષમતા મેળવી લીધી, તો સરસ્વતીનો વિનાશ અને વિષયુક્ત કચરાનું ઉત્પાદન ફરી એક વાર મોટા પાયે શરૂ થઈ જશે. માટે આપણે એક સ્થાયી નિરાકરણ શોધવું પડશે. આ માટેનો સર્વશ્રેષ્ઠ રસ્તો સોમરસની સામગ્રી તપાસવાનો છે. જો કોઈ પણ પ્રકારે આપણે એને નિયંત્રિત કરી શકીએ તો સોમરસના કચરાની ઝેરીલી અસરને નિયંત્રિત કરી શકીએ. ઘણી બધી સામગ્રી સહેલાઈથી બદલી શકાય એવી છે, પરંતુ બે ચીજને નહીં બદલી શકાય. પહેલી છે સંજીવની વૃક્ષની છાલ તથા ડાળીઓ અને બીજી છે સરસ્વતી નદીનું પાણી. આપણે સંજીવની વૃક્ષની ઉપલબ્ધિને તો નિયંત્રિત ન કરી શકીએ. મેલુહાના ઉત્તર ભાગમાં આનાં ઘણાં ઉપવનો છે. કેટલાં ઉપવનનો નાશ થઈ શકે ? આ ઉપરાંત, વૃક્ષો તો ફરી ઉગાડી પણ શકાય. એટલે હવે વાત આવે છે સરસ્વતી પર. શું આપણે કોઈ પણ પ્રકારે આ નદીના જળને નિયંત્રિત કરી શકીએ ?'

શિવને દેવગિરિ આવ્યા ત્યારે પહેલી વાર દક્ષ રાજા સાથે થયેલી વાતચીતના અંશ યાદ આવી ગયા. 'સમ્રાટ દક્ષે મને કહ્યું હતું કે સો વર્ષથી પહેલાં પણ ચંદ્રવંશીઓએ સરસ્વતીને નષ્ટ કરવાનો પ્રયાસ કર્યો હતો. એની મુખ્ય સહાયક નદી યમુનાને સરસ્વતીથી દૂર લઈ જઈને એનો પ્રવાહ ગંગા તરફ વાળવાનો. મને આ વાત બહુ તર્કસંગત નહોતી લાગી પણ મેલુહાવાસી આ વાત પર વિશ્વાસ કરતા હોય એમ લાગે છે.'

બૃહસ્પતિએ ઉપહાસ કર્યો, 'ચંદ્રવંશી શાસકવર્ગ પોતાના સામ્રાજ્યમાં રસ્તાઓ સુધ્ધાં બનાવી નથી શકતા. કોઈ પણ કઈ રીતે વિચારી શકે કે એમનામાં કોઈ નદીનો માર્ગ બદલવાની ક્ષમતા હોય ? સો વર્ષ પહેલાં થયું હતું એમ એક ધરતીકંપના કારણે યમુનાનો માર્ગ બદલી નાખેલો. પછી મેલુહાએ ચંદ્રવંશીઓને પરાજિત કરેલા અને એના પરિણામસ્વરૂપે થયેલી સંધિએ એ સુનિશ્ચિત કર્યું કે યમુનાનો પૂર્વવતી માર્ગ રાજ્યવિહીન ભૂમિ હશે અને મેલુહાવાસીઓ પાસે નદીઓનો માર્ગ બદલવાનું કૌશલ છે. એમણે યમુનાનો પ્રવાહ રોકવા અને એને પરિવર્તિત કરવા માટે વિશાળ તટબંધ બનાવ્યા જેથી એના પ્રવાહને પાછા સરસ્વતી તરફ લઈ જઈ શકાય.

'તો આપની યોજના શું છે ? યમુનાના તટબંધોને નષ્ટ કરવા તે ?'

'ના, મેં આ પર વિચાર કર્યો હતો, પરંતુ આ પણ અસંભવ છે. એમની પાસે અસફળતાને રોકવાના અનેક વિકલ્પો છે. આ તટબંધોને નષ્ટ કરવામાં સામથર્ય મેળવવા માટે પાંચ સૈન્યદળ જોઈએ અને મહિનાઓ સુધી ખુલ્લમખુલ્લા કામ કરવું પડે. હકીકતે તો આપણે થોડા ચુનંદા માણસો સાથે ગુપ્ત રૂપે પણ કામ કરવું પડે.'

'તો આપની યોજના શું હતી ?'

'એક વિકલ્પ. આપણે સરસ્વતીને દૂર ન લઈ જઈ શકીએ, પરંતુ શું આપણે સરસ્વતીના જળને સોમરસ ઉત્પાદન માટે ઓછું અસરકારક બનાવી શકીએ ? શું એ શક્ય છે કે યમુનાના જળમાં, એના મૂળથી જ કંઈક મેળવી દેવાય જે પછી સરસ્વતીને મળે અને આ રીતે કચરાના ઉત્પાદનની માત્રાને નિયંત્રિત કરી શકાય ? મારો વિચાર એ હતો કે આપણને આવી એક વસ્તુ મળી ગઈ છે.'

'શું ?'

'એક જીવાણુ જે સંજીવની વૃક્ષ સાથે પ્રતિક્રિયા કરીને એમાં તરત જ સડો પેદા કરે છે.'

'હું એમ માનતો હતો કે સંજીવની વૃક્ષ પહેલેથી જ અસ્થિર હોય છે અને તરત જ સડવા લાગે છે. આયુર્વતીએ મને કહ્યું હતું કે નાગા ઔષધિને સંજીવનીની છાલમાં અન્ય વૃક્ષની શાખાના ચૂર્ણને મિશ્રિત કરીને બનાવવામાં આવે છે, જેથી લાંબા સમય સુધી એ ટકી શકે. જો સંજીવની પહેલેથી જ અસ્થિર પામેલું હોય તો એને સડવામાં મદદ કરે એવા જીવાણુની આવશ્યકતા કેમ છે ? શું એ એમને એમ જ સડી નહીં જાય ?

'સંજીવનીની ડાળી પરથી જો છાલ ઉખેડી નાખવામાં આવે તો એ ક્ષયવાન બની જાય છે પણ જો આખી ડાળીનો પ્રયોગ કરવામાં આવે તો એ ક્ષયવાન નથી બનતી. નાના સ્તર પર ઉત્પાદન માટે છાલ વાપરવી સરળ છે પણ મોટી માત્રામાં ઉત્પાદન કરવા માટે આપણે શાખાઓના ચૂર્ણનો પ્રયોગ કરવો પડે છે. મંદાર પર્વત પર અમે આ જ કરતા હતા, પરંતુ આ પ્રયોગની જાણ માત્ર મારા વૈજ્ઞાનિકોને જ છે.

'તો શું આપ એમ ઇચ્છો છો કે સંજીવનીની ડાળીઓને જ ક્ષયવાન બનાવી દેવામાં આવે ?'

'હા, અને મને મળી ગયું કે આ જીવાણુથી આવું કરવું શક્ય છે, પરંતુ આ જીવાણુ ફક્ત મેસોપોટેમિયામાં જ ઉપલબ્ધ છે.'

'મેલુહાની મારી શરૂઆતની યાત્રાઓમાં જ્યારે આપ સાથે આવ્યા હતા ત્યારે કરચપથી આ જ લેવા ગયા હતા આપ ? આપે કહ્યું હતું કે આપ મેસોપોટેમિયાથી કોઈ માલ આવવાની રાહ જોતા હતા.'

'હા.' બૃહસ્પતિએ કહ્યું, 'અને એ સંપૂર્ણ રીતે કામ પણ કરત. સોમરસને સંજીવની વૃક્ષ અને સરસ્વતીના પાણી વગર બનાવી જ ન શકાય. સરસ્વતીના જળમાં જીવાણુની ઉપસ્થિતિ પ્રક્રિયાની શરૂઆતમાં જ સંજીવની વૃક્ષને બિનઉપયોગી સાબિત કરી દેત અને કોઈ પણ સ્થિતિમાં સરસ્વતીના જળ વગર સોમરસ બનાવી જ ન શકાય. સંજીવનીની શક્તિ વગર સોમરસ એટલો અસરકારક ન રહેત. આ સોમરસ કોઈનું આયુષ્ય ત્રણગણું કે ચારગણું ન વધારી શકત, માત્ર વીસ-ત્રીસ વર્ષ જ વધારી શકે. પણ એનો અર્થ એમ પણ થાય કે સોમરસના કચરાનું વ્યવહારિક રૂપે કોઈ ઉત્પાદન નહીં થાય. સોમરસની કેટલીક અસરોનું બલિદાન આપીને આપણે સોમરસ કચરાના એ ઝેરને સંપૂર્ણપણે દૂર કરી શકીશું. વળી, આ જીવાણુ જળમાં મળી જાય છે અને વિપુલ માત્રામાં વૃદ્ધિ પામે છે. આપણે બસ આ જીવાણુને યમુનાના પાણીમાં છોડવાના હતા. બાકીનું બધું પોતાની મેળે થઈ જાત.'

'એકદમ સંપૂર્ણ યોજના લાગે છે. આપે એવું શા માટે કર્યું નહીં ?'

'કોઈ પણ વસ્તુ મૂલ્યરહિત નથી હોતી,' બૃહસ્પતિએ કહ્યું, 'જીવાણુની પોતાની પણ સમસ્યા છે. એ પોતે હળવું વિષ જ છે. જો આપણે એને વધુ માત્રામાં મેળવીએ તો જેટલું સરસ્વતી માટે હાનિકરક છે તેમ યમુના માટે પણ છે. તે યમુના પર નિર્ભર પશુપ્રાણીઓ માટે નવા રોગોને આમંત્રણ આપત. બસ એક સમસ્યા બીજી સમસ્યામાં બદલાઈ જાત.

'તો આપ એ જાણતા હતા કે સંજીવની વૃક્ષને નષ્ટ કરવાની જીવાણુની ક્ષમતાને છંછેડ્યા

વગર એના ઝેરીલા પ્રભાવને ઓછો કે નષ્ટ કઈ રીતે કરી શકાય ?'

'હા, વાત ખાનગી રાખવી જરૂરી હતી. જો એ લોકો કે જેઓ સોમરસનું સમર્થન કરે છે, આ જીવાણુઓ વિષે જાણી લેત તો એ મૂળ પર જ એનો નાશ કરવાની કોશિશ કરત. જો એ લોકો જાણત કે હું આવા કોઈ પ્રયોગ પર કાર્ય કરી રહ્યો છું તો એ મારી હત્યા કરાવી દેત.'

'શું હવે આપને મૃત્યુનો ભય નથી ?' શિવે પૂછયું, 'અનેક મેલુહાવાસી જ્યારે જાણી જશે કે આપ પીડિત નહોતા પરંતુ મંદાર પર્વત પર આક્રમણ કરાવનાર હતા તો એ લોકો આપ પર ચિડાશે.'

બૃહસ્પતિએ ઊંડો શ્વાસ લીધો, 'શરૂઆતમાં, મારા માટે જીવવું મહત્ત્વપૂર્ણ હતું કેમ કે એકલો હું જ આ શોધ કરી શકત. પરંતુ હું અસફળ રહ્યો છું અને હવે સોમરસની સમસ્યાનું સમાધાન મારા હાથમાં નથી રહ્યું. આપના હાથમાં છે. હું હવે જીવતો રહું કે નહીં એનાથી ઝાઝો ફરક નથી પડતો. મંદાર પર્વતનું પુન:નિર્માણ થઈ જશે. બસ થોડા સમયની વાત છે. સોમરસનું ઉત્પાદન પુનઃ શરૂ થઈ જશે. આપે આ રોકવું પડશે, શિવ. ભારતવર્ષ માટે થઈને આપે સોમરસ રોકવો પડશે.'

'પુન:નિર્માણ એક મુખવટો છે, બૃહસ્પતિજી.' સતીએ કહ્યું, 'આ શત્રુઓને ગુમરાહ કરીને એવું વિચારવા દેવા છે કે સોમરસનું ઉત્પાદન પાછું વ્યવસ્થિત કરવામાં સમય લાગશે. એમને એ વિચારવા દેવા કે મેલુહા સોમરસની ઓછી માત્રાથી કામ ચલાવી રહ્યું હશે.'

'શું ? શું કોઈ બીજું યંત્ર છે ?' કાલી પર ત્વરિત દૃષ્ટિ નાખતાં બૃહસ્પતિએ પૂછયું, 'પણ એ સત્ય ન હોઈ શકે.'

'હા છે.' સતીએ જવાબ આપ્યો. 'મને સ્વયં પિતાજીએ જણાવ્યું હતું. હકીકતે એને વર્ષો પહેલા બનાવવામાં આવ્યું હતું. મંદાર પર્વતના સહયંત્ર તરીકે સાવધાની રૂપે...'

'ક્યાં ?' કાલીએ પૂછયું.

'એ મને નથી ખબર.' સતીએ જવાબ આપ્યો.

'ઓહ !' કાલીએ ભ્રમર ચડાવીને બૃહસ્પતિ તરફ વળતાં કહ્યું, 'આપે કહ્યું હતું કે આ શક્ય નથી. વલોણાયંત્ર માટે મિસર દેશથી સામગ્રી મંગાવવી પડે છે. ભારતીય સામગ્રી નથી કામમાં આવતી. અમારા સહયોગીઓ સતત મિસર દેશની ખાણો પર નજર રાખી રહ્યા છે. કોઈ પણ સામગ્રી મેલુહા નથી ગઈ.'

જ્યારે આ વાતનો ગર્ભિત અર્થ બૃહસ્પતિની સમજમાં આવ્યો ત્યારે એમનો ચહેરો સફેદ થઈ ગયો. એમણે પોતાનું માથું પકડી લીધું અને ધીરેથી બોલ્યા, 'હે રામ, કૃપા કરો. એ લોકો આ હદ સુધી કઈ રીતે જઈ શકે ?'

'કઈ હદ સુધી ?' શિવે પૂછયું.

'એક બીજી રીત છે જેનાથી સરસ્વતીજળનું સંજીવનીની શાખાઓના ચૂર્ણની સાથે મિશ્રણ કરી શકાય, પરંતુ આ પદ્ધતિને હાનિકારક અને ધૃણાસ્પદ માનવામાં આવે છે.'

'કેમ ?'

'પહેલી વાત તો, એ સરસ્વતીના જળનો કંઈ વધુ અધિક માત્રાનો ઉપયોગ કરે છે. બીજું, એ માટે પશુ કે માનવત્વચાની કોશિકાઓની જરૂર પડે છે.'

'શું ?' શિવ અને સતી બોલી ઊઠયાં.

'એનો અર્થ એ નથી કે જીવતા પશુ કે માનવની ત્વચા ઉતારવી પડે છે.' બૃહસ્પતિએ કહ્યું. જાણે કે એમને આશ્વાસન આપી રહ્યા હોય, 'આને માટે જૂની અને મૃત ત્વચાની કોશિકાઓની જરૂર પડે છે જે જીવતાજીવ દરેક ક્ષણે આપણા શરીર પરથી ઊતરતી રહે છે. સંજીવની શાખાઓને આણિવક સ્તર પર પીસવામાં કોશિકાઓ સરસ્વતીજળની મદદ કરે છે. ત્વચાની

મૃત કોશિકાઓ મિશ્રિત જળને એક કક્ષમાં રાખેલી કચરેલી શાખાઓ પર રેડવામાં આવે છે. આ પ્રક્રિયામાં વલોવવાની જરૂરત નથી હોતી, પરંતુ આપ કલ્પના કરી શકો છો કે આ પ્રક્રિયામાં પાણીનો ખૂબ વ્યય થાય છે. બીજું, એવાં પશુઓ અને મનુષ્યો ક્યાં મળે છે જે આટલે દૂર યંત્રની ઉપર આવેલા આવા કક્ષની ઉપર બનેલા જળાશયમાં જાય જેમાં સંજીવનીની પીસેલી શાખાઓ રાખી હોય ? આ જોખમભર્યું છે.'

'કેમ ?'

'મનુષ્યો અથવા પશુઓની મૃત ત્વચાના કોશ સ્નાન વખતે સૌથી વધુ ઊતરે છે. એક મનુષ્ય વર્ષ દરમિયાન બેથી ત્રણ કિલોગ્રામ મૃત ત્વચા ઉતારે છે, સ્નાન કરવાથી આ પ્રક્રિયા ઝડપી બને છે.'

'પણ આમાં જોખમભર્યું શું છે ?'

'કેમ કે સોમરસ ઉત્પાદન સ્વાભાવિક રૂપે જ અસ્થિર છે. ત્વચાના કોશોવાળો રસ્તો એથીય વધુ અસ્થિર છે. કોઈ ઇચ્છે નહીં કે સોમરસ યંત્રની આસપાસ પણ મોટી વસ્તી હોય. જો કંઈ ગરબડ થાય તો પરિણામ રૂપે થનારો વિસ્ફોટ હજારો જીવ લઈ શકે. સામાન્ય રીતે ઓછા જોખમવાળી વલોવવાની પ્રક્રિયામાં પણ અમે નગરની પાસે સોમરસ ઉત્પાદન કેન્દ્ર નથી બનાવતા. શું આપ કલ્પના કરી શકો છો કે ત્યારે શું થશે જ્યારે વધુ જોખમભરી ત્વચાકોશિકા પ્રક્રિયાનું એવા નગરની નજીક સંચાલન કરવામાં આવે જ્યાં સોમરસ ઉત્પાદન કેન્દ્રની ઉપર મોટી સંખ્યામાં મનુષ્યો વિધિપૂર્વક નહાઈ રહ્યા હોય ?'

અચાનક જ શિવનો ચહેરો ફિક્કો પડી ગયો. 'મેલુહાના નગરોના સાર્વજનિક સ્નાનગૃહ...' એ ધીરેથી બોલ્યા.

'એકદમ સાચું' બૃહસ્પતિએ કહ્યું. 'કોઈ નગરની અંદર, સાર્વજનિક સ્નાનગૃહની નીચે યંત્ર બનાવો. આપને મૃત ત્વચાની જેટલી કોશિકાઓ જોઈશે, મળી જશે.'

'અને જો કંઈ ગરબડ થાય, જો વિસ્ફોટ થાય...'

'દૈવી શસ્ત્રો અને નાગાઓને દોષ આપો. જો આપ ઇચ્છો તો ચંદ્રવંશીઓને દોષ આપો.' બૃહસ્પતિ ભભૂકી ઊઠયા, 'આટલા બધા દુષ્ટ આત્માઓ બનાવ્યા બાદ, આપ જે ઇચ્છો તે પસંદ કરી શકો છો.'



'કંઈક ગરબડ છે.' ભૃગુએ કહ્યું.

તેઓ દિલીપ સાથે મંદાર પર્વત પર નષ્ટ થયેલા અવશેષોનું નિરીક્ષણ કરી રહ્યા હતા. સોમરસ નિર્માણ યંત્ર ક્યાંય સુધી પૂરું થશે એમ લાગતું ન હતું, જોકે પુન:નિર્માણનું કામ ચાલી રહ્યું હતું.

દિલીપ ઋષિ તરફ ફર્યા, 'હું સંમત છું, મુનિવર. નાગાઓ દ્વારા મંદારને નષ્ટ કર્યો પાંચ વર્ષથીય વધુ સમય વીતી ગયો છે. એ હાસ્યાસ્પદ વાત છે કે યંત્રનિર્માણ હજુ પણ થયું નથી.'

ભૃગુ દિલીપ તરફ ફર્યા અને અસંમતિમાં પોતાનો હાથ હલાવ્યો, 'મંદાર પર્વત હવે મહત્ત્વપૂર્ણ રહ્યો જ નથી. આ કેવળ પ્રતીક છે. હું પંચવટી પરના આક્રમણની વાત કરી રહ્યો છું.'

દિલીપે વિસ્ફારિત આંખોથી ઋષિ તરફ જોયા કર્યું. 'મંદાર પર્વત મહત્ત્વપૂર્ણ નથી ? એનો અર્થ એ કે અફવાઓ સાચી છે. સોમરસનિર્માણનું બીજું એક યંત્ર અસ્તિત્વ ધરાવે છે.'

'મેં હુમલાખોરોને પાલતુ કબૂતરોની આખીય ખેપ આપી હતી.' દિલીપની અવિશ્વાસુ નજરની પરવા કર્યા વગર ભૃગુએ આગળ કહ્યું, 'એ બધાને આ સ્થળ પર પાછા ફરવાનું પ્રશિક્ષણ આપ્યું હતું. છેલ્લુ કબૂતર બે સપ્તાહ પહેલાં પાછું ફર્યું હતું.

દિલીપે નારાજગી સાથે કહ્યું, 'આપ મારા માણસો પર વિશ્વાસ મૂકી શકો છો, મુનિવર. એ નિષ્ફળ નહીં જાય.'

ભૃગુએ દિલીપની સેનાના એક અધિકારીને પંચવટીમાં શિવના કાફલા પર આક્રમણનું નેતૃત્વ કરવા નિયુક્ત કર્યો હતો. એમને દક્ષની ક્ષમતા પર વિશ્વાસ નહોતો કે એ પોતાની દીકરીના પ્રેમથી પોતાને મુક્ત કરી શકશે. 'એનો તો મને વિશ્વાસ છે. એણે દરેક સપ્તાહે સંદેશો મોકલવાની મારી કઠોર આજ્ઞાનું પાલન કરીને પોતાને વિશ્વાસુ સાબિત કર્યો છે. નવી જાણકારી આવવી અચાનક અટકી ગઈ છે. એનો અર્થ એ છે કે કાં તો એ પકડાઈ ગયો છે કાં તો એ માર્યો ગયો છે.'

'મને વિશ્વાસ છે કે સંદેશો રસ્તામાં હશે. આપણે ચિંતા કરવાની જરૂર નથી.'

ભૃગુ ઝડપથી દિલીપ તરફ ફર્યા, 'શું આ જ રીતે આપ આપના રાજ્ય પર શાસન કરો છો, મહાન રાજા ? તો શું આશ્ચર્ય છે કે સિંહાસન પર આપના પુત્રનો દાવો વાજબી લાગે છે ?'

દિલીપનું મૌન બોલકું હતું.

ભૃગુએ ઠંડો શ્વાસ ભર્યો. 'જ્યારે આપ યુદ્ધની તૈયારી કરો છો, ત્યારે આપે હંમેશાં શ્રેષ્ઠની આશા રાખવી જોઈએ, પરંતુ ખરાબ માટે પણ તૈયાર રહેવું જોઈએ. છેલ્લા સંદેશમાં એવું સ્પષ્ટ હતું કે પંચવટી માત્ર છ દિવસના અંતરે છે. કોઈ સંદેશ ન મળવાથી કંઈક ખરાબ થયું છે એ માનવા માટે હું મજબૂર બન્યો છું. આક્રમણ અસફળ રહ્યું હશે. સાથે જ હું એમ પણ માનું છું કે શિવ હુમલાખોરોને ઓળખી ગયા હશે.'

દિલીપ કંઈ બોલ્યા નહીં, માત્ર ભૃગુને જોતા રહ્યા. એમને લાગ્યું હતું કે ભૃગુ આવશ્યકતાથી વધુ પ્રતિક્રિયા આપી રહ્યા હતા.

'હું આવશ્યકતાથી વધુ પ્રતિક્રિયા નથી આપતો, મહારાજ.' ભૃગુએ કહ્યું.

દિલીપ સ્તબ્ધ થઈ ગયા. એમણે તો એક શબ્દ પણ ઉચ્ચાર્યો નહોતો.

'સમસ્યાને નાની ન સમજો.' ભૃગુએ કહ્યું, 'આ તમારી કે મારી વાત નથી. આ ભારતના ભવિષ્યનો પ્રશ્ન છે. આ સૌથી મોટી સારપની રક્ષા કરવાનો પ્રશ્ન છે. આપણે અસફળતા ન મેળવવી જોઈએ. ભગવાન બ્રહ્મા પ્રત્યેનું આપણું કર્તવ્ય છે આ. આ મહાન ભૂમિ પ્રત્યેનું આપણું કર્તવ્ય છે.'

દિલીપ મૌન રહ્યા. જોકે, એક વિચાર એમના મનમાં ધમરાતો રહ્યો. 'હું આમાં બહુ ખરાબ રીતે ફસાઈ ગયો છું. મેં મારી જાતને એવી શક્તિઓ વચ્ચે ફસાવા દીધી છે જે સામ્રાજ્યોથી પર છે.'



પ્રકરણ-૪

દેડકાનીતિ

આખોય પરિવાર સાંજના ભોજન માટે શિવના કક્ષમાં એકઠો થયો. હમણાં જ બનેલા ભોજનની મહેક ચારે તરફ ફેલાઈ ગઈ. પરિવારરૂપે એક રીતે જોવા જઈએ તો પહેલી વાર સાથે ભોજન કરવાના અવસર માટે સતીની પાકકળા અને પ્રયાસ સ્પષ્ટ હતા. શિવ, ગણેશ અને કાર્તિકે ભોજન શરૂ કરતાં પહેલાં એમના બેસવાની પ્રતીક્ષા કરી.

પરંપરા મુજબ મહાદેવના પરિવારે પોતાનાં પાત્રોમાંથી થોડું પાણી લઈ પ્રતીકાત્મક રૂપે ભોજન અને પોષણ રૂપે પ્રાપ્ત અન્નપૂર્ણા દેવીના આશીર્વાદ માટે કૃતજ્ઞતા વ્યક્ત કરતાં પોતાની થાળીની ચારે બાજુ છાંટયું. ત્યારપછી, તેમણે ભોજનનો પહેલો કોળિયો દેવતાઓને અર્પણ કર્યો. જોકે સદીઓ પુરાણી પરંપરા તોડીને શિવ પહેલો કોળિયો હંમેશાં પોતાની પત્નીને ખવડાવતા હતા. શિવ માટે સતી જ દેવી હતાં. સતીએ પણ પહેલો કોળિયો શિવને ખવડાવીને આનો પ્રત્યુત્તર વાળ્યો.

અને આમ, ભોજન શરૂ થયું.

'આજે ગણેશ તારા માટે થોડી કેરીઓ લાવ્યો છે.' સતીએ કાર્તિક સામે વહાલથી જોતાં કહ્યું.

કાર્તિકે સ્મિત કર્યું, 'વાહ, આભાર, દાદા.'

ગણેશે વ્હાલથી હસીને કાર્તિકની પીઠ થપથપાવી.

'તારે થોડું વધારે હસવું જોઈએ, કાર્તિક.' શિવે કહ્યું, 'જીવન એટલું નિર્દય નથી.'

કાર્તિકે પોતાના પિતાને સ્મિત આપ્યું, 'પ્રયત્ન કરીશ બાબા.'

પોતાના બીજા સંતાનને જોઈને શિવે ઊંડો શ્વાસ લીધો. 'ગણેશ ?'

'જી… બાબા.' ગણેશે કહ્યું. શિવને બાબા કહેવાથી એમની પ્રતિક્રિયા પર એ અનિશ્ચિત હતો.

'મારા દીકરા.' શિવે ધીરેથી કહ્યું, 'મેં તને સમજવામાં ભૂલ કરી હતી.'

ગણેશની આંખો ભીની થઈ ગઈ.

'મને ક્ષમા કરી દે.' શિવે કહ્યું.

'નહીં બાબા.' ગણેશે અચકાઈને કહ્યું, 'આપ મારી પાસે કઈ રીતે ક્ષમા માગી શકો ? આપ મારા પિતા છો.'

બૃહસ્પતિએ શિવને જણાવ્યું હતું કે એમણે ગણેશને ગુપ્તતાના સોગંદ આપ્યા હતા, આ વાત કોઈને ખબર નહોતી પડવા દેવાની કે મેલુહાના મુખ્ય વૈજ્ઞાનિક જીવિત હતા. બૃહસ્પતિને કોઈ પર વિશ્વાસ નહોતો અને મેસોપોટેમિયાના જીવાણુના પોતાના પ્રયોગોને એ ખાનગી રાખવા માગતા હતા. પોતાની પ્રિય માને લગભગ ખોઈ દેવા છતાં અને શિવ સાથે પોતાના સંબંધને ખરાબ રીતે નુકસાન થવાની ભૂલ છતાં પણ ગણેશ પોતે આપેલા વચનને વળગી રહ્યા હતા.

'તું વચનનો પાક્કો છે.' શિવે કહ્યું, 'બૃહસ્પતિને આપેલા વચનને તેં પકડી રાખ્યું, એક વાર પણ વિચાર્યા વિના કે આ માટે તારે શું કિંમત ચૂકવવી પડશે ?'

ગણેશ મૌન રહ્યા.

'મને તારા માટે ગર્વ છે, પુત્ર' શિવે કહ્યું.

ગણેશના ચહેરા પર સ્મિત છવાયું.

સતીએ શિવ, કાર્તિક અને પછી ગણેશ સામે જોયું. એનો સંસાર પૂર્ણ થઈ ચૂક્યો હતો. જીવન એટલું જ સંપૂર્ણ હતું જેટલું હોઈ શકે. એને વિશેષ કંઈ નહોતું જોઈતું. જીવનના અંતિમ દિવસો સુધી એ પંચવટીમાં રહી શકે એમ હતી, પરંતુ એ જાણતી હતી કે આવું નહીં થાય. યુદ્ધ થવાનું હતું. એવું યુદ્ધ જેમાં ઘણાં મોટાં બલિદાન આપવાં પડે. એ જાણતી હતી કે જ્યાં સુધી આ સમય છે, ત્યાં સુધી એને માણી લેવાનો છે.

'હવે શું કરવું છે, બાબા ?' કાર્તિકે ગંભીરતાથી પૂછ્યું.

'આપણે ભોજન કરી રહ્યા છીએ.' શિવ હસ્યા, 'અને પછી, આશા છે આપણે સૂવા માટે જઈશું.'

'નહીં નહીં.' કાર્તિક હસી પડ્યો, 'આપ જાણો છો મારા કહેવાનો અર્થ શું છે. શું આપણે સોમરસને અધમ બુરાઈરૂપે ઘોષિત કરીશું ? શું આપણે એ લોકો સામે યુદ્ધની જાહેરાત કરીશું જે સોમરસની રક્ષા અથવા એનો પ્રયોગ ચાલુ રાખે ?'

શિવે વિચારપૂર્વક કાર્તિક તરફ જોયું, 'પહેલાં જ ઘણી લડાઈઓ થઈ ચૂકી છે, કાર્તિક. આપણે ઉતાવળે કંઈ જ નહીં કરીએ.' શિવ ગણેશ તરફ ફર્યા, 'મને માફ કરજે, પુત્ર, પરંતુ મારે હજુ ઘણું વધારે જાણવું છે. મારે વધુ જાણવું પડશે.'

'હું સમજું છું, બાબા, કેવળ બે જ જનજાતિઓના લોકો છે જે આ બધું જ જાણે છે જેટલું આ વિષયમાં જાણવું જોઈએ.'

'વાસુદેવ અને વાયુપુત્ર ?'

'હા.'

'મને ખાતરી નથી કે વાયુપુત્ર સભા મારી મદદ કરશે. પરંતુ એટલું જાણું છું કે વાસુદેવ અવશ્ય કરશે.'

'હું આપને ઉજ્જૈન લઈ જઈશ, બાબા. આપ એમના પ્રમુખ સાથે સ્વયં વાત કરી શકશો.'

'ઉજ્જૈન ક્યાં છે ?'

'એ ઉત્તરમાં આવેલું છે, નર્મદાથી આગળ.'

શિવે થોડી વાર વિચાર કર્યો. 'આ સ્વદ્વિપ અને મેલુહાના ટૂંકા રસ્તા પર આવેલું હશે, હેં ને ?'

પંચવટીની સુરક્ષાને પોતાના મનમાં સૌથી વધુ મહત્ત્વ આપીને કાલી શિવ અને એના દળને એક લાંબા રસ્તે કાશીથી પંચવટી લઈને આવી હતી, જેને પસાર કરવામાં લગભગ એક વર્ષ લાગી ગયું હતું. દળ પહેલાં સ્વદ્વિપ થઈને પૂર્વ તરફ આગળ વધ્યું હતું. પછી બ્રંગાથિ પશ્ચિમ તરફ. ત્યારબાદ ભયંકર દંડકવનોને પસાર કરીને કલિંગથી પશ્ચિમ તરફ આગળ વધ્યા હતા

જ્યાં પંચવટી આવેલું હતું. શિવને આછો ખ્યાલ હતો કે મેલુહા અને સ્વદ્વિપ માટે એક ટૂંકો રસ્તો પણ હશે, જેને વચ્ચે આવેલા અગમ્ય વનોને કારણે કોઈ નાગા માર્ગદર્શક વિના પસાર કરવો અસંભવિત હશે.

'હા, બાબા. જોકે માસી આ રસ્તા વિષે ગુપ્તતા જાળવે છે પણ મને ખબર છે કે આપ ત્રણેયને એ વિષે કહીને એમને જરૂર આનંદ થશે.'

'હું સમજું છું.' સતીએ કહ્યું, 'નાગાઓના અનેક શક્તિશાળી દુશ્મનો છે.'

'હા, મા.' શિવ તરફ ફરતાં પહેલાં ગણેશે કહ્યું, 'પરંતુ આ એકમાત્ર કારણ નથી. આપણે સ્પષ્ટ વાત કરીએ. જોકે યુદ્ધ હજુ સુધી શરૂ નથી થયું પણ આપણે જાણીએ છીએ કે દેશના સૌથી શક્તિશાળી રાજા આપણી વિરુદ્ધ છે. કોણ કોનો પક્ષ લે છે, એ લોકો સહિત જે પંચવટીના અતિથિકક્ષમાં રાહ જોઈ રહ્યા છે, એ આવનારા થોડા માસમાં જ સ્પષ્ટ થઈ જશે. પંચવટી સુરક્ષિત સ્થાન છે. હમણાં એના રહસ્યને જાહેર કરી દેવું ડહાપણભર્યું નહીં ગણાય.'

શિવે સંમતિ આપી, 'મને નક્કી કરવા દો કે મારે મારા દળ સાથે શું કરવું જોઈએ. સપ્તસિંધુમાં એવા બહુ રાજાઓ નથી જેમના પર આ સમયે હું એકદમ વિશ્વાસ કરી શકું. એક વાર હું મારા મનથી નક્કી કરી લઉં પછી આપણે ઉજ્જૈન જવાની યોજના બનાવી શકીએ.'

કાર્તિક ગણેશ તરફ ફર્યો, 'દાદા, એક વાત છે જે હું સમજી નથી શકતો. વાયુપુત્ર એ જનજાતિ છે જેને ભગવાન રુદ્ર પોતાની પાછળ છોડી ગયા હતા. એમણે વિષ્ણુના સાતમા અવતાર ભગવાન રામને પોતાનું ધ્યેય સિદ્ધ કરવામાં મદદ કરી હતી. તો એવું કઈ રીતે બને કે આ દૂષણ બની ચૂકેલા સોમરસની ખરાબ અસરો એમના ધ્યાનમાં નથી આવતી ?'

ગણેશ હસ્યા, 'મારો એક સિદ્ધાંત છે.'

શિવ અને સતીએ જમતાં જમતાં માથું ઊંચું કરી ગણેશ સામે જોયું.

'તેં દેડકો તો જોયો છે ને ?' ગણેશે પૂછ્યું.

'હા.' કાર્તિકે કહ્યું, 'મજાનું પ્રાણી છે. ખાસ કરીને એની જીભ.'

ગણેશ હસ્યા, 'વાસ્તવમાં એક અજ્ઞાત બ્રાહ્મણ વૈજ્ઞાનિકે ઘણા સમય પહેલાં દેડકાઓ પર કેટલાક પ્રયોગો કર્યા હતા. એમણે એક દેડકાને ઊકળતા પાણીના વાસણમાં નાખ્યો. દેડકો તરત કૂદીને બહાર આવી ગયો. પછી એને ઠંડા પાણીના વાસણમાં નાખ્યો. દેડકો આરામથી એમાં બેસી રહ્યો. બ્રાહ્મણે પછી કંઈ કેટલાય કલાકો સુધી ધીરે ધીરે પાણીનું તાપમાન વધાર્યું. દેડકો નવશેકા અને પછી ગરમ પાણીના તાપમાન મુજબ સ્વયંને અનુકૂળ બનાવતો રહ્યો અને અંતે બચીને ભાગવાનો પ્રયત્ન કર્યા વિના મરી ગયો.'

શિવ, સતી અને કાર્તિક ધ્યાનથી સાંભળતાં રહ્યાં.

'નાગા વિદ્યાર્થીઓ આ વાર્તા જીવનના પાઠ તરીકે શીખે છે.' ગણેશે કહ્યું, 'અચાનક આવી પડેલી કોઈ મુશ્કેલી સામે આપણી પ્રતિક્રિયા આપણને બચાવવામાં મદદ કરે છે. બીજી બાજુ, આવી ધીમે પગલે આવતી સમસ્યાઓ પ્રતિ આપણી પ્રતિક્રિયાઓ અનુકૂલન સાધી લે છે, જે અંતે આપણને સ્વવિનાશ તરફ દોરી જાય છે.'

'આપ એમ કહેવા માગો છો કે વાયુપુત્ર સોમરસના વધતા દુષ્પ્રભાવ તરફ અનુકૂળતા સાધી રહ્યા છે ?' કાર્તિકે પૂછ્યું, 'કે ખરાબ સમાચાર પૂરતી ઝડપથી સામે નથી આવતા?'

'કદાચ.' ગણેશે કહ્યું, 'કેમ કે હું એ માનવા તૈયાર નથી કે ભગવાન રુદ્રના માણસો વાયુપુત્રો જાણીબૂઝીને બૂરાઈને જીવંત રહેવા દેવાનું પસંદ કરે. એકમાત્ર સ્પષ્ટીકરણ એ છે કે એ લોકો ખરેખર એવું માને છે કે સોમરસ ખરાબ વસ્તુ નથી.'

'રસપ્રદ છે વાત.' શિવે કહ્યું, 'અને કદાચ તું સાચો પણ છે.'

વાતાવરણને હળવું કરવાના પ્રયાસ રૂપે સતીએ આછા સ્મિત સાથે ચપટી વગાડી, 'પણ શું

તું ખરેખર દેડકાના પ્રયોગમાં વિશ્વાસ કરે છે ?'

ગણેશ હસ્યા, 'અહીં આ વાર્તા એટલી પ્રચલિત છે કે બાળપણમાં મેં આ પ્રયોગ ખરેખર કર્યો હતો.'

'શું તેં સાચે દેડકાને એ મરી જાય ત્યાં સુધી ધીરે ધીરે ગરમ પાણીમાં ઉકાળ્યો હતો ? અને આખાય સમય દરમિયાન એ શાંત બેસી રહ્યો ?'

ગણેશ હસી પડ્યા. 'મા, દેડકો શાંત ન બેસે, ભલે તમે કંઈ પણ કરો. ઊકળતું પાણી હોય, ઠંડું પાણી હોય કે નવશેકું પાણી હોય, દેડકો હંમેશાં ઊછળીને બહાર આવી જ જાય.'

મહાદેવનો પરિવાર ખડખડાટ હસી પડ્યો.



શિવ અને સતી નાગાઓના ઉચ્ચ વર્ગને મળીને પંચવટીની રાજ્યસભામાંથી બહાર નીકળી રહ્યાં હતાં. ઘણા કુળવાન માણસો કાલી સાથે સંમત હતા જે તરત જ મેલુહા પર આક્રમણ કરવા અને સોમરસની બૂરાઈને નષ્ટ કરી દેવા આતુર હતા. પરંતુ વાસુકી અને આસ્તિક જેવા કેટલાક માણસો શાંતિ ચાહતા હતા.

'વાસુકી અને આસ્તિક હકીકતે શાંતિ ઇચ્છે છે, પરંતુ ખોટાં કારણોસર.' શિવે માથું ધુણાવતાં કહ્યું, 'તેઓ ભલે નાગા ઉચ્ચ વર્ગના હોય, પરંતુ તેઓ માને છે કે એમના લોકો એમની ક્રૂર નિયતિના અધિકારી છે, કેમ કે એમને એમનાં પૂર્વજન્મોનાં પાપોની સજા મળી રહી છે. આ બકવાસ છે.'

સતી અનેક જન્મો સુધી પ્રસરેલા કર્મની ધારણામાં વિશ્વાસ ધરાવતી હતી. એ વચ્ચે બોલ્યા વિના ન રહી શકી, 'ફક્ત આપણે કોઈ વાત સમજીએ નહીં એનો અર્થ એ નથી કે એ વાત બકવાસ છે.'

'છોડ સતી, ફક્ત આ જ એક જીવન છે, આ જ ક્ષણ છે. આ એકમાત્ર વસ્તુ છે જેના માટે આપણે નિશ્ચિત થઈ શકીએ. બાકીના બસ સિદ્ધાંત છે.'

'તો નાગાઓને જ કેમ વિકૃત જન્મ મળ્યો ? હું આટલા સમય સુધી વિકર્મ રૂપે કેમ જીવતી રહી ? ચોક્કસ આ એટલા માટે જ થયું હશે કે કોઈ કારણસર અમે એને લાયક હોઈશું. આપણે પૂર્વજન્મનાં પાપોનું ફળ ભોગવી રહ્યાં હતાં.'

'આ વાત હાસ્યાસ્પદ છે. પૂર્વજન્મનાં પાપો વિષે કોઈ નિશ્ચિત કઈ રીતે હોઈ શકે ? જે મનુષ્યજીવન પર શાસન કરે છે એ બધી પરંપરાઓની જેમ જ વિકર્મ પદ્ધતિ પણ આપણે જ બનાવેલી છે. તેં વિકર્મ પદ્ધતિ સામે સંઘર્ષ કરીને સ્વયંને મુક્ત કરી.'

'પરંતુ મેં મારી જાતને મુક્ત નથી કરી, શિવ. આપે કરી છે. એ આપની શક્તિ હતી, અને મારા સહિત ઘણાં વિકર્મોને આપે મુક્ત કર્યાં, એ આપનું કર્મ હતું.'

'એનો અર્થ, આ કઈ રીતે કામ કરે છે ?' શિવે અવિશ્વાસપૂર્વક પૂછયું. 'કે જ્યારે મેં આ નિયમને સમાપ્ત કર્યો તો બધાં વિકર્મોનાં પૂર્વજન્મનાં પાપ એક ક્ષણમાં નષ્ટ થઈ ગયાં ? એ મંગળ દિવસે, એક જ પળમાં, દરેક વિકર્મ આત્માને દૂષિત કરનાર અનેક જન્મોના પાપ ધોવાઈ ગયાં હતાં ? દૈવી ક્ષમાનો દિવસ ! વાહ... !'

'શિવ, આપ મારો ઉપહાસ કરો છો ?'

'શું એવું હું ક્યારેય કરી શકું પ્રિયે ?' શિવે કહ્યું પરંતુ એમના ચહેરા પરનું સ્મિત કંઈક જુદું કહેતું હતું. 'શું તું જોઈ નથી શકતી કે આ આખીય ધારણા કેટલી અતાર્કિક છે ? કોઈ આવો

વિશ્વાસ કઈ રીતે કરી શકે કે એક માસૂમ બાળક પાપ સાથે જન્મયો છે ? આ તો દિવસના અજવાળા જેવું સ્પષ્ટ છે. એક નવજાત શિશુએ કોઈ ભૂલ નથી કરી, ન તો એણે કંઈ સાચું કર્યું છે. એ તો બસ હમણાં હમણાં જ જન્મયો છે. એણે કંઈ કર્યું જ ન હોઈ શકે.'

'કદાચ આ જન્મમાં નહીં, શિવ, પરંતુ એ શક્ય છે કે બાળકે પૂર્વજન્મમાં કોઈ પાપ કર્યું હોય. કદાચ બાળકના પૂર્વજોએ પાપ કર્યું હોય, જેના કારણે બાળકને જવાબદાર ઠેરવાયો હોય.'

શિવ સંમત નહોતા, 'તું એ નથી સમજી રહી કે લોકોને નિયંત્રિત કરવા માટે બનાવેલી પરંપરા છે. જે લોકો પીડિત અથવા હેરાન છે એમને એમનાં દુ:ખો માટે આ પરંપરા દોષી ઠેરવે છે કેમ કે તમે માનો છો કે તમે કાં તો તમારા પૂર્વજન્મનાં અથવા તમારા પૂર્વજોના અથવા તમારા સમુદાય દ્વારા કરેલાં પાપોનું ફળ ભોગવી રહ્યા છો. કદાચ આદિપુરુષે કરેલા પાપનું પણ. આ રીતે આ પ્રણાલી દુ:ખનો એક પ્રકારના પશ્ચાત્તાપના રૂપમાં પ્રચાર કરે છે અને સાથે જ પોતાની સાથે થઈ રહેલા અન્યાય વિરુદ્ધ પ્રશ્ન કરવાની અનુમતિ પણ નથી આપતી.'

'તો પછી કેટલાક લોકોને જ કેમ કષ્ટ મળે છે ? કેટલાક લોકો એને લાયક હોવા છતાં એમને કેમ કષ્ટ ઓછું મળે છે ?'

'એ જ કારણથી કે જે કારણથી કેટલાક લોકોને અધિકારથી પણ વધુ દુ:ખ મળે છે. આ બધું આકસ્મિક છે.'

ઘોડા પર ચડી રહેલી સતીની મદદ કરવા શિવ સૌજન્યપૂર્ણ રીતે આગળ વધ્યા પરંતુ સતીએ ના પાડી દીધી ને સફાઈથી ઘોડા પર જાતે ચડી ગઈ. શિવના ચહેરા પર સ્મિત આવી ગયું. આત્મનિર્ભરતા અને ગર્વના ઊંડા ભાવથી વિશેષ પ્રિય એને કંઈ નહોતું. શિવ કૂદકો મારીને પોતાના ઘોડા પર ચડ્યા અને જલદીથી એડી લગાવીને સતીની નજીક આવી ગયા.

'સાચે જ, શિવ.' સતીએ એમની તરફ જોતાં કહ્યું, 'શું આપ માનો છો કે પરમાત્મા સંસારની સાથે જુગાર રમે છે ? આપણને સૌને સમજ્યા વિચાર્યા વગર આપણી નિયતિ આપી દેવામાં આવી છે ?'

સડક પર ચાલતા નાગાઓ શિવને ઓળખીને શ્રદ્ધાથી પ્રણામ કરતા હતા. એ લોકોને નીલકંઠની કથામાં વિશ્વાસ નહોતો પરંતુ દેખીતી રીતે જ એમની રાણી મહાદેવનું સન્માન કરતી હતી અને એ વાતે જ મોટાભાગના નાગાઓને પણ શિવમાં વિશ્વાસ મૂકવા માટે વિવશ બનાવ્યા હતા. મોં ફેરવ્યા વગર સતીને જવાબ આપતાં એમણે વિનમ્રતાથી પ્રત્યેકનો જવાબ આપ્યો, 'મને લાગે છે કે પરમાત્મા આપણા જીવનમાં મુશ્કેલીઓ નથી આપતા. એણે કેટલાક નિયમો રાખ્યા છે જેના કારણે સંસારનું અસ્તિત્વ છે, પરંતુ આ પછી, એ ઘણું અઘરું કામ કરે છે.'

'શું ?'

'એ આપણને એકલા છોડી દે છે. એ સ્વાભાવિક રૂપે જ બધું થવા દે છે. એ પોતાની રચનાને પોતાના જીવન અંગે નિર્ણય લેવા દે છે, જ્યારે બીજા કોઈ પાસે શાસન કરવાની શક્તિ હોય તો સાક્ષી બની રહેવું સરળ નથી, પરંતુ આવું કરવા માટે પરમેશ્વર સક્ષમ છે. એ જાણે છે કે આ સંસાર આપણી કર્મભૂમિ છે.' શિવે પોતાનો હાથ ચારે તરફ ઘુમાવતાં કહ્યું, જાણે પોતાના કર્મોની ભૂમિ તરફ ઇશારો કરી રહ્યા હોય.

'આપને નથી લાગતું આનો સ્વીકાર કરવો અઘરો છે ? જો લોકો એમ માની લે કે એમની નિયતિ સંપૂર્ણ રીતે આકસ્મિક છે તો એ વાત એમને સમજ, ધ્યેય અથવા પ્રયોજનથી દૂર કરી દેશે અથવા એનાથી દૂર કરી દેશે કે આ બધું કેમ છે, શું છે ?'

'આનાથી ઊલટું, આ એક શક્તિદાયક વિચાર છે. જ્યારે તમે જાણો છો કે તમારી નિયતિ

સંપૂર્ણપણે આકસ્મિક છે. તો તમારી સામે આવા કોઈ પણ સિદ્ધાંત પ્રતિ પ્રતિબદ્ધ થવાની સ્વતંત્રતા રહેલી છે, જે તમને શક્તિશાળી બનાવે છે. જો તમારી પર સદનસીબની કૃપા થઈ હોય તો તમે એવો વિશ્વાસ કેળવી શકો છો કે આ ઈશ્વરની ઉદારતા અને હૃદયતમ વિનમ્રતા છે. પરંતુ જો તમે દુર્ભાગ્યના શિકાર બન્યા હો તો તમારે એ માનવું પડે કે કોઈ મહાશક્તિ આપને દંડ નથી આપી રહી. હકીકતે તમારી સ્થિતિ સંપૂર્ણ રીતે આકસ્મિક પરિસ્થિતિઓનું એક પરિણામ છે, સંસારનો અણઓળખાયેલો ફેરો છે. એટલે જ જો તમે તમારી નિયતિને પડકાર આપવા ઇચ્છો તો તમારા વિરોધી કોઈ સર્વશક્તિમાન ઈશ્વર નહીં હોય જે તમને સજા આપવા ઇચ્છે. તમારો વિરોધી તમારા મનની સીમાઓ હશે. એ તમને તમારી નિયતિ સાથે સંઘર્ષ કરવાની શક્તિ આપશે.'

સતીએ ડોકું ધુણાવ્યું, 'ક્યારેક ક્યારેક આપ બહુ ક્રાંતિકારી બની જાઓ છો.'

શિવે આંખો ઝીણી કરતાં કહ્યું, 'કદાચ આ મારા પૂર્વજીવનનાં પાપોનું પરિણામ છે.'

એક સાથે હસતાં એ બંને નગરના દ્વારથી બહાર નીકળ્યાં.

દૂર આવેલા પંચવટીના અતિથિ આવાસને જોતાં શિવ ધીરેથી ગણગણ્યા. 'પરંતુ એક વ્યક્તિએ પોતાના જીવનમાં પોતાનાં કર્મ માટે મિત્રોને જવાબ આપવો પડશે.'

'બૃહસ્પતિજીએ ?'

શિવે હા પાડી.

'આપના મનમાં શું છે ?'

'મેં બૃહસ્પતિને પૂછ્યું હતું કે શું તેઓ પર્વતેશ્વર અને આયુર્વતીને મળીને, એમને જણાવવા ઇચ્છશે કે હજી સુધી તેઓ જીવિત કઈ રીતે રહી શક્યા છે ?'

'અને ?'

'એ તરત તૈયાર થઈ ગયા.'

'હું આનાથી વિરુદ્ધ આશા પણ નથી રાખતી.'



'આપ ઠીક છો ?' આનંદમયીએ પૂછયું.

પર્વતેશ્વર અને આનંદમયી, પંચવટીના અતિથિઆવાસના પોતાના કક્ષમાં હતાં.

'હું ખરાબ રીતે ગૂંચવાઈ ગયો છું.' પર્વતેશ્વરે કહ્યું, 'મેલુહાના શાસકે આપણા જીવનમાં જે સર્વશ્રેષ્ઠ છે -- સત્ય, કર્તવ્ય અને સન્માન, એનું પ્રતિનિધિત્વ કરવું જોઈએ. જો આપણા સમ્રાટ જ આ રીતે સ્વભાવગત રીતે નિયમનો ભંગ કરનારા હોય તો આનાથી આપણી છાપ કેવી પડશે ? જ્યારે સતીના બાળકનો જન્મ થયો, એમણે નિયમ તોડ્યો હતો.'

'હું જાણું છું કે સમ્રાટ દક્ષે જે કર્યું, એ સંપૂર્ણ રીતે અયોગ્ય હતું, પરંતુ એમ પણ કહી શકાય કે એ માત્ર એક પિતા છે જે પોતાના સંતાનની રક્ષા કરવા ઇચ્છતા હતા, પછી ભલેને મૂર્ખતાભરી રીતે હોય.'

'એ સાચે જ પૂરતું છે કે એમણે અયોગ્ય કર્યું, આનંદમયી. એમણે નિયમ તોડ્યો હતો. અને હવે, એમણે દૈવી શસ્ત્રોનો પ્રયોગ કરીને ભગવાન રુદ્રના નિયમને તોડ્યો છે. સંસારના સર્વશ્રેષ્ઠ દેશ, મેલુહામાં એમના જેવા સમ્રાટ કઈ રીતે હોઈ શકે ? શું ક્યાંય કશુંય અયોગ્ય નથી?'

આનંદમયીએ પોતાના પતિનો હાથ પકડ્યો, 'આપના સમ્રાટ ક્યારેય સારા નથી રહ્યા. આ

હું આપને અનેક વર્ષો પહેલાં કહી શકતી હતી, પરંતુ એમનાં અયોગ્ય કામો માટે આપ આખાય મેલુહાને દોષ ન આપી શકો.'

'આ રીતે કામ ન થાય. એક નાયકે માત્ર આદેશો નથી આપવાના હોતા. એ એવી વ્યક્તિ હોય છે જે પોતે નેતૃત્વ કરતો હોય એ સમાજનું પ્રતીક બને છે. જો નાયક ભ્રષ્ટ હશે તો સમાજ પણ ભ્રષ્ટ બનશે.'

'આપના મગજમાં આવી નકામી વાતો કોણ ભરે છે, પ્રિય ? એક નાયક પણ મનુષ્ય જ હોય છે, બીજા બધાની જેમ. એ કોઈનું પ્રતીક નથી હોતો.'

પર્વતેશ્વરે માથું ધુણાવ્યું, 'કેટલાંક સત્યો એવાં હોય છે જેને પડકાર નથી ફેંકી શકાતો. એક નેતાનાં કર્મો આખાય દેશ પર પ્રભાવ પાડે છે. એણે પોતાની પ્રજા માટે આદર્શ બનવું જોઈએ. આ એક જ સર્વસ્વીકૃત સત્ય છે.'

આનંદમયી આંખોમાં કોમળ ચમક સાથે એમની તરફ ઝૂકી. 'પર્વતેશ્વર, એક સત્ય આપનું છે અને એક સત્ય મારું છે. જ્યાં સુધી શાશ્વત સત્યની વાત છે તો એનું અસ્તિત્વ જ નથી.'

એના ચહેરા પર ધસી આવેલી વાળની લટને ખસેડતાં પર્વતેશ્વરે હસીને કહ્યું, 'તમે ચંદ્રવંશીઓ શબ્દોમાં બહુ નિપુણ છો.'

'શબ્દ એટલા જ સારા કે ખરાબ હોય છે જેટલા કે એ વિચાર તેમને વ્યક્ત કરે છે.'

પર્વતેશ્વરનું સ્મિત ગહેરું બન્યું, 'તો, તારો શું વિચાર છે, મારે શું કરવું જોઈએ ? મારા સમ્રાટનાં કાર્યોએ મને એવી પરિસ્થિતિમાં મૂકી દીધો છે જ્યાં મારા ઈશ્વર નીલકંઠ મારા જ દેશ વિરુદ્ધ યુદ્ધની ઘોષણા કરી શકે છે. ત્યારે મારે શું કરવું જોઈએ ? હું કઈ રીતે જાણું કે મારે કયો પક્ષ લેવો ?'

'આપે આપના ઈશ્વર સાથે રહેવું જોઈએ.' આનંદમયીએ પોતાના કંઠમાં રહેલા હિચકિચાટનો અણસાર આપ્યા વિના કહ્યું, 'પરંતુ આ સૈદ્ધાંતિક પ્રશ્ન છે એટલે આ વિષય પર વધારે પડતી ચિંતા ન કરો.



'પ્રભુ, આપે બોલાવી હતી ?' આયુર્વતીએ કહ્યું.

જ્યારે પર્વતેશ્વર અને તેને શિવના કક્ષમાં બોલાવવામાં આવ્યાં ત્યારે તે પર્વતેશ્વર જેટલી જ અચંબો પામી ગઈ હતી. પંચવટીમાં આવ્યા વિના શિવે પોતાનો મોટાભાગનો સમય નાગાઓ સાથે જ વિતાવ્યો હતો. આયુર્વતીને એટલી આશાયેશ હતી કે શિવના કાફલા પર થયેલા હુમલામાં નાગા કોઈ ને કોઈ પ્રકારે જોડાયેલા હતા. તેને એ પણ વિશ્વાસ હતો કે નીલકંઠ કદાચ પંચવટીના નાગાદ્રોહના મૂળ સુધી પહોંચવામાં લાગેલા છે.

'પર્વતેશ્વર, આયુર્વતી -- સ્વાગત છે.' શિવે કહ્યું, 'મેં આપ બંનેને અહીં એ માટે બોલાવ્યાં છે, કારણ કે હવે સમય આવી ગયો છે કે આપ બંને નાગાઓના રહસ્યને જાણો.'

નવાઈ સાથે પર્વતેશ્વરે ઉપર જોયું, 'પરંતુ અમે બેઉ જ શા માટે, પ્રભુ ?'

'કારણ કે આપ બંને જ મેલુહાવાસી છો. મારી પાસે એ શંકા કરવાનું કારણ છે કે ગોદાવરી ઉપર અમારા ઉપર જે હુમલો થયો તે કેટલીક વાતો સાથે જોડાયેલો છે; બ્રંગાની મહામારી, નાગાઓની પીડા અને સરસ્વતીનું સુકાઈ જવું.'

પર્વતેશ્વર અને આયુર્વતી ગભરાઈ ગયાં.

'પરંતુ એક વાતની મને નિરાંત છે.' શિવે કહ્યું, 'આ હુમલો મંદાર પર્વતના વિનાશ સાથે

સંબંધ ધરાવે છે.'

'શું ? ! કેવી રીતે ?'

'ફક્ત એક જ વ્યક્તિ આ કહી શકે તેમ છે. એ વ્યક્તિ જેને આપ મૃત્યુ પામેલો માનો છો.'

આયુર્વતી અને પર્વતેશ્વરે જ્યારે દરવાજો ખૂલવાનો અવાજ સાંભળ્યો એટલે તેઓ બંને પાછળ ફરી ગયાં.

બૃહસ્પતિ અવાજ કર્યા વગર અંદર આવ્યા.



'સોમરસ એક બૂરાઈ છે ?' આનંદમયીએ અવિશ્વાસ સાથે પૂછ્યું, 'શું પ્રભુ નીલકંઠ એવું વિચારે છે ?'

પર્વતેશ્વર અને આનંદમયી, પંચવટીના મહેમાનો માટેના મકાનોના ક્ષેત્રમાં પોતાના કક્ષમાં બેઠાં હતાં. ભગીરથ તે સમયે ત્યાં આવ્યો હતો.

'હું નક્કી નથી કહી શકતો કે તેઓ શું વિચારે છે.' પર્વતેશ્વરે કહ્યું, 'પરંતુ બૃહસ્પતિ એવું માનતા હોય તેમ લાગે છે.'

'પરંતુ બૂરાઈ તો બધા લોકો માટે બૂરાઈ જ હોવી જોઈએ' ભગીરથે કહ્યું, 'એક સૂર્યવંશી મતદ્રોહી કેવી રીતે એ નક્કી કરે કે બૂરાઈ શું છે ? આપણે તેની વાત શા માટે સાંભળવી જોઈએ ? નીલકંઠે પણ તેઓની વાત શા માટે સાંભળવી જોઈએ ?'

'ભગીરથ, શું મારી પાસેથી એવી અપેક્ષા રાખે છે કે હું બૃહસ્પતિનો બચાવ કરીશ, એ વ્યક્તિનો જેણે આપણા સામ્રાજ્યના આત્માને નષ્ટ કરી નાખ્યો છે ?' પર્વતેશ્વરે પૂછ્યું.

'જરા થોભો.' આનંદમયીએ પોતાનો હાથ ઊંચો કરીને કહ્યું, 'આ વાત ઉપર વિચાર કરીએ... જો બ્રંગ્રાની મહામારી સોમરસ સાથે સંબંધિત છે, જો સરસ્વતી નદીનું ધીરે ધીરે સુકાઈ જવું સોમરસ સાથે સંબંધિત છે, જો નાગાઓનો જન્મ સોમરસ સાથે સંબંધિત છે તો પછી એ વિચારવું ન્યાયપૂર્ણ નથી કે કદાચ આ બુરાઈ જ છે ?'

'તો પછી નીલકંઠ શું કરવાની યોજના બનાવી રહ્યા છે ? શું તેઓ સોમરસ ઉપર પ્રતિબંધ મૂકી દેવા માગે છે ?' ભગીરથે પૂછ્યું.

'મને ખબર નથી, ભગીરથ !' ચીડાયેલા પર્વતેશ્વરે ઊંચા સાદે કહ્યું, 'દક્ષ અને હવે બૃહસ્પતિના કારણે તેમનો સંસાર છિન્નભિન્ન થઈ ગયો હતો. તું મને એવા પ્રશ્નો પૂછ્યા કરે છે જેના ઉત્તરો હું જાણતો નથી.'

આનંદમયીએ પર્વતેશ્વરના ખભા ઉપર હાથ મૂક્યો, 'કદાચ નીલકંઠ પણ એટલા જ ચકિત થઈ ગયા છે જેટલા આપણે છીએ. તેઓને પરિસ્થિતિઓ ઉપર વિચાર કરવા માટે સમય જોઈએ. તેઓ ઉતાવળે નિર્ણય નહીં લઈ શકે.'

'તેઓ એક નિર્ણય તો લઈ ચૂક્યા છે.' પર્વતેશ્વરે કહ્યું.

ભગીરથ અને આનંદમયી ઉત્સકતાથી પર્વતેશ્વરને જોઈ રહ્યા.

'જેવા બધા જ ઘાયલ લોકો સારા થઈ જાય આપણે સ્વદ્વીપ જવું પડશે. પ્રભુએ કહ્યું છે કે આપણે કાશીમાં ત્યાં સુધી તેઓની રાહ જોવી જોઈએ જ્યાં સુધી તેઓ તેમના હવે પછીના પગલાંનો નિર્ણય ન લઈ લે. તેઓને વિશ્વાસ છે કે ગોદાવરી ઉપર આપણી હત્યાના કાવતરામાં રાજા અથિથિગવ અયોધ્યા સાથે મળેલા નહીં હોય.'

'પરંતુ જો આપણે કાશી જઈશું તો મારા પિતા જાણી જશે કે આપણે જીવતા છીએ'

ભગીરથે કહ્યું, 'તેઓ જાણી જશે કે આક્રમણ નિષ્ફળ ગયું છે.'

'આ વાતમાં આપણે મૌન રહેવું પડશે. આપણે એવું બતાવવું પડશે કે જાણે કશું બન્યું જ નથી કે આપણા ઉપર આક્રમણ થયું જ ન હતું અને આપણે કોઈ ઘટના બન્યા વગર પંચવટી સુધી ગયાં અને પાછાં આવી ગયાં.'

'શું તેઓ પોતાના પૌત્રો માટે હેરાન નહીં થાય ?'

'પ્રભુ કહે છે કે આ કોઈ વાત નથી. સમુદ્ર અને નદીની લાંબી યાત્રા દરમિયાન ઘણુંબધું બની શકે છે. તેઓ વિશ્વાસ કરી શકશે કે આપણા ઉપર હુમલો કરતા પહેલાં તેઓના પૌત્રો કોઈ દુર્ઘટનાના શિકાર થઈ ગયા હશે.'

ભગીરથે ભવાં ચડાવ્યાં. 'મારા પિતા એટલા મૂર્ખ થઈ શકશે કે આ કહાણી ઉપર વિશ્વાસ કરે, કારણ કે તેઓ અધિનાયક નથી. જે કોઈએ પણ આટલું મોટું ષડયંત્ર રચ્યું છે, તે શોધવાનો પ્રયત્ન કરશે કે ગરબડ ક્યાં થઈ હતી ?'

'પરંતુ શોધવામાં સમય લાગશે, જેનાથી નીલકંઠને એ બધું જાણવાનો સમય મળી જશે જે તેઓને જાણવું છે.'

'પ્રભુ આપણી સાથે નથી આવી રહ્યા ?' આશ્ચર્ય સાથે આનંદમયીએ પૂછયું.

પર્વતેશ્વરે ડોકું ધુણાવ્યું, 'ના. અને પ્રભુએ કહ્યું છે કે આપણે બધાને જણાવી દઈએ કે ન તો તેઓનો પરિવાર અને ન તો તેઓ પોતે આપણી સાથે કાશીમાં છે. એવો પ્રચાર કરવામાં આવે કે તેઓ પંચવટીમાં જ રોકાઈ ગયા છે. પ્રભુને વિશ્વાસ છે કે આનાથી આપણે સલામત રહીશું, કારણ કે હુમલાનું લક્ષ્ય તેઓ હતા.'

'આ વાતનો તો એક જ અર્થ થઈ શકે છે' ભગીરથે કહ્યું, 'તેઓ બૃહસ્પતિને ચોક્કસ માની રહ્યા છે પરંતુ પોતાનું મન નક્કી કરતા પહેલાં તેઓ બીજી કેટલીક વસ્તુઓ બાબતે સુનિશ્ચિત થવા માગે છે.'

આનંદમયીએ ચિંતાભરી નજરે પોતાના પતિની સામે જોયું. તે જાણતી હતી કે યુદ્ધ અવશ્ય થવાનું છે. કદાચ ભારતવર્ષના ઇતિહાસનું સૌથી મોટું યુદ્ધ અને સંપૂર્ણ સંભાવના છે કે મેલુહા શિવવિરોધી પક્ષો સાથે હશે. તેનો પતિ કયો પક્ષ પસંદ કરશે ?

'જે હોય તે.' આનંદમયીએ પર્વતેશ્વરના ચહેરાને પકડીને કહ્યું, 'આપણે સૌએ નીલકંઠમાં શ્રદ્ધા રાખવી પડશે.'

પર્વતેશ્વરે મૌન રહીને ડોકું હલાવ્યું.



શિવ, પરશુરામ અને નંદી ગોદાવરીના કિનારે બેઠા હતા. વિચારોમાં લીન, નદી તરફ જોતાં જોતાં શિવે ચલમમાંથી એક ઊંડો કશ લીધો. તેઓએ શ્વાસ છોડ્યો અને પોતાના મિત્રો તરફ વળ્યા. 'તમને વિશ્વાસ છે, પરશુરામ ?'

'હા, પ્રભુ.' પરશુરામે જવાબ આપ્યો, 'હું તો આપને પ્રચંડ બ્રહ્મપુત્રના સૌથી ઊંચા બિંદુ સુધી લઈ જઈ શકું તેમ છું, જ્યાં પેલી ત્સાંગપો હોય છે, પરંતુ હું તેવી સલાહ નહીં આપું કારણ કે એ ભયાનક માર્ગ ઉપર ઘાતક દુર્ઘટનાઓ બહુ જ વધારે પ્રમાણમાં થાય છે.'

શિવના મૌને પરશુરામને વધુ ખણખોજ કરવા પ્રેર્યા, 'એ નદી અંગે એવું તો શું છે, પ્રભુ ?' બ્રહ્મપુત્રના માર્ગમાં નાગાઓ દ્વારા બતાવવામાં આવેલા અસ્વાભાવિક રસથી તે આશ્ચર્યચકિત હતો. 'પહેલાં નાગા અને હવે આપ ! બધા તેમાં આટલો રસ કેમ લઈ રહ્યા છે ?' 'તે બૂરાઈને

ફેલાવનાર હોઈ શકે છે, પરશુરામ.'

નંદીએ ચિંતા સાથે ઉપર જોયું. 'ત્સાંગપો તો તિબેટમાં આપના પોતાના ઘરની નજીકથી નીકળે છે ને, પ્રભુ ?'

'હા, નંદી.' શિવે કહ્યું, 'એવું લાગી રહ્યું છે કે બૂરાઈ તેનાથી વધારે નજીક છે જેટલી શરૂઆતમાં માલૂમ પડતી હતી.'

નંદી મૌન રહ્યો. તે એ લોકોમાંનો એક હતો જેઓ જાણતા હતા કે શિવના કાફલા ઉપર હુમલો કરવાવાળા લોકો મેલુહાના હતા. તે જાણતો હતો કે તેને શું કરવાનું છે. જો વાત શિવ અને પોતાના દેશમાંથી એકને પસંદ કરવાની આવત તો તે શિવને પસંદ કરત. તો પણ એનાથી એને ઊંડી વેદના થતી. તે જાણતો હતો કે તેને એક એવી સેનાનો અંશ બનવું પડી શકે છે જે તેની પ્રિય માતૃભૂમિ મેલુહા ઉપર આક્રમણ કરશે. પોતાને આવી પરિસ્થિતિમાં મૂકવા માટે તે પોતાની નિયતિ ઉપર ગુસ્સે હતો.



'મને લાગે છે કે મને ખબર છે કે મુખ્ય ષડયંત્ર રચનારાઓનો પત્તો કેવી રીતે મેળવવો, પ્રભુ' ભગીરથે કહ્યું.

પર્વતેશ્વરના કક્ષમાંથી બહાર નીકળીને તરત જ તેણે શિવને મળવાની પરવાનગી માગી હતી. તે જાણતો હતો કે તેના પિતાએ નીલકંઠનો વિરોધ કરવાનો નિર્ણય લીધો છે. આ માટે એ યોગ્ય પગલું હતું કે ભગીરથ તરત જ શિવ તરફની પોતાની નિષ્ઠા સાબિત કરે. તેને શિવ હારી જાય તેમ લાગતું ન હતું. રાજાઓની માન્યતા ગમે તે હોય, લોકો તો નીલકંઠની સાથે જ રહેશે.

'કેવી રીતે ?' શિવે પૂછ્યું.

'તમે એ વાત સાથે તો સંમત થશો જ કે મારા પિતા પાસે આટલી મોટી વિશાળ યોજના બનાવવાના સાધનો હોવાં મુશ્કેલ વાત છે. હું તો કહીશ કે તેઓની સ્વાર્થી જરૂરિયાતોએ તેઓને બીજાઓથી દુષ્ટ યોજનાઓમાં સામેલ થઈ જવા માટે મજબૂર કર્યા હશે.'

આશ્ચર્યચકિત થઈને શિવ આગળ આવી ગયા, 'આપને લાગે છે કે તેઓને લાંચ આપવામાં આવી હોય ? આપના પિતાને ધનની કોઈ જરૂરત નથી.'

'જીવનથી વધીને વધુ સારી લાંચ કઈ હોઈ શકે, પ્રભુ ? જો આપે થોડા વર્ષો પહેલાં મારા પિતાને જોયા હોત, તો આપને લાગત કે ચિતા સુધી પહોંચવામાં તેઓ એક પગલું દૂર છે. દુરાચાર અને શરાબથી ભરેલા જીવને તેઓના શરીરમાં વિનાશ લાવી દીધો હતો. પરંતુ આજે તેઓ એટલા યુવાન દેખાય છે જેટલા મેં તેઓને ક્યારેય જોયા ન હતા.

'સોમરસથી ?'

'મને એવું નથી લાગતું. મને ખબર છે કે ભૂતકાળમાં તેઓ સોમરસ લઈને જોઈ ચૂક્યા છે. એ યોગ્ય સાબિત થયું ન હતું. કોઈ તેઓને ઉચ્ચતર ઔષધિઓ આપી રહ્યું છે. કોઈ એવી વસ્તુ જે એક રાજા પણ મેળવી શકતી નથી.'

શિવની આંખો પહોળી થઈ ગઈ. એક રાજાથી પણ વધુ શક્તિશાળી, વધુ જ્ઞાની કોણ હોઈ શકે છે ?'

'આપને લાગે છે કે કોઈ મહર્ષિ તેઓને મદદ કરી રહ્યું છે ?'

ભગીરથે માથું હલાવ્યું, 'નહીં, પ્રભુ. મને લાગે છે કે કોઈ મહર્ષિ તેઓને દોરવણી આપી

રહ્યું છે.'

'પરંતુ એ મહર્ષિ કોણ હોઈ શકે ?'

'હું નથી જાણતો. પરંતુ જ્યારે હું અયોધ્યા પાછો જઈશ...'

'અયોધ્યા ?'

'જો આપણે એવું બતાવવું હોય કે ગોદાવરી ઉપર કોઈ વહાણે આપણા ઉપર આક્રમણ નહોતું કર્યું તો, પ્રભુ, મારું અયોધ્યા પાછા ન જવાનું કયું કારણ હોઈ શકે છે. એનાથી શંકા જ ઉત્પન્ન થશે. એનાથી પણ મહત્ત્વની વાત એ છે કે જ્યારે હું અયોધ્યામાં હોઈશ તો ષડયંત્ર કરનારાઓની સાચી ઓળખાણ હું મેળવી શકીશ. મારા પિતાની બધી જ કોશિશો છતાં પણ એ અભેદ નગરમાં હજી પણ મારા આંખ-કાન હાજર છે.'

શિવે પળવાર માટે તે વાત પર વિચાર કર્યો. તેઓ એ વિચારધારા સાથે સંમત હતા. એ સિવાય પણ હવે જ્યારે દિલીપે શિવ વિરુદ્ધ પોતાને સંગઠિત થવાનું નક્કી કર્યું હતું ત્યારે ભગીરથ તેઓના પ્રતિ પોતાની નિષ્ઠા સિદ્ધ કરવા વધુ આતુર હશે.

શિવે અનુમતિ આપી, 'ઠીક છે, અયોધ્યા જઈએ.'

'પરંતુ, પ્રભુ. હવે સમય આવશે તો હું આશા રાખીશ કે અયોધ્યા અને સ્વદ્વીપ ઉપર થોડી ઉદારતા બતાવશો.'

'ઉદારતા ?'

'અમે સોમરસનો વધારે પડતો ઉપયોગ કર્યો નથી, પ્રભુ. ફક્ત કેટલાંક ચંદ્રવંશી કુલીન લોકો જ તેનો ઉપયોગ કરે છે, અને તે પણ થોડી માત્રામાં. એ તો મેલુહાવાસી છે જેઓએ તેનો દુરુપયોગ કર્યો છે. તેણે જ બૂરાઈને જન્મ આપ્યો છે. એટલા માટે તે યોગ્ય હશે કે જ્યારે સોમરસ ઉપર પ્રતિબંધ લગાવી દેવામાં આવે તો તે કેવળ મેલુહા ઉપર જ હોય, સ્વદ્વીપના દેવતાઓ આ પીણાથી જરાય લાભ પામ્યા નથી. મને આશા છે કે આપણે તેનો ઉપયોગ કરવાની અનુમતિ આપીશું.'

'આપે સોમરસનું અલ્પ માત્રામાં ઉપયોગ કરવાનું નક્કી કર્યું ન હતું, ભગીરથ.' શિવે કહ્યું, 'આપને એવું કરવાનો મોકો જ નહોતો મળ્યો. જો મળ્યો હોત તો સ્થિતિ બહુ જ જુદી રહી હોત. આટલું તો આપ પણ જાણો છો અને હું પણ જાણું છું.'

'પરંતુ મેલુહા...'

'હા, મેલુહાએ વધુ માત્રામાં પ્રયોગ કર્યો છે. એટલે સ્વાભાવિક છે કે તેઓ વધુ કષ્ટ પામશે. પરંતુ હું એક વાતની ચોખવટ કરી લઉં. જો હું એ નિર્ણય લઈશ કે સોમરસ બૂરાઈ છે તો કોઈ પણ તેનો ઉપયોગ નહીં કરે. કોઈ નહીં.'

ભગીરથ મૌન રહ્યો.

'આટલી વાત સ્પષ્ટ છે ?' શિવે પૂછ્યું.

'બિલકુલ, પ્રભુ.'



પ્રકરણ-૫

ટૂંકો માર્ગ

પાંચસો લોકોનો કાફલો પંચવટીના ઉત્તર તરફના માર્ગે વાસુદેવોની નગરી ઉજ્જૈન તરફ આગળ વધી રહ્યો હતો. શિવ અને તેઓનો પરિવાર કેન્દ્રમાં હતો અને નાગા તથા બ્રંગા સૈનિકોની બનેલી ટુકડીઓ રક્ષા કરવા માટે તેઓને ઘેરીને ચાલતી હતી. કાલી નહોતી ઇચ્છતી કે આ રસ્તાની ખબર શિવના મૂળ કાફલાની કોઈ વ્યક્તિને મળે, એટલે તેઓમાંથી કોઈનો તેમાં સમાવેશ કરવામાં આવ્યો ન હતો. નંદી અને પરશુરામ એકમાત્ર અપવાદ હતા. બૃહસ્પતિનો એટલા માટે તેમાં સમાવેશ કરવામાં આવ્યો હતો કે સોમરસ વિષે વાસુદેવ જે કાંઈ કહે, તેને સમજવામાં શિવને તેઓ સાથે ચર્ચા કરવાની જરૂરિયાત ઊભી થઈ શકતી હતી.

જોકે શિવ બૃહસ્પતિ પાસેથી પોતાને જે જાણવું હોય તે જાણી લેતા હતા અને પ્રશ્ન કરતા રહેતા હતા, પરંતુ તેઓ વચ્ચે પહેલાં જેવો ભાઈઓનો સ્નેહ ક્યાંય ખોવાઈ ગયો હતો.

પર્વતેશ્વર, આયુર્વતી, આનંદમયી અને ભગીરથ મૂળ કાફલા સાથે પંચવટીમાં જ રોકાઈ ગયાં હતાં. થોડા અઠવાડિયાંઓ પછી તેઓને કાશી જવા નીકળવાનું હતું, તેઓનો રસ્તો દંડકવન થઈને આગળ બ્રંગા થઈને જતો હતો. બ્રંગા સુધી વિશ્વધુનને તેઓ સાથે માર્ગદર્શક રૂપે જવાનું હતું.

'ગણેશ, શું ઉજ્જેન પંચવટીથી મેલુહાના રસ્તે આવે છે કે પછી આપણે ફરીને જઈશું ?' જંગલની વચ્ચે પગદંડી ઉપર પોતાના ઘોડાને એડી લગાવતાં શિવે પૂછયું. પગદંડી બે સુરક્ષાત્મક વાડોથી સુરક્ષિત હતી. અંદરની બાજુ હાનિરહિત નાગવેલની લતાઓ હતી, જ્યારે બહારની બાજુ જંગલી પશુઓને આવતાં રોકવા માટે ઝેરવાળા છોડ લગાવવામાં આવ્યા હતા.

'આમ જોઈએ તો, બાબા, ઉજ્જૈન સ્વદ્વિપના રસ્તે છે. તે ઉત્તર-પૂર્વમાં છે. મેલુહા ઉત્તર-પશ્ચિમમાં પડે છે.'

સરસ્વતીના સુકા પટ ઉપર સતીએ મેલુહા અને મયકાના સંદર્ભમાં પોતાની સ્થિતિ સમજવાનો પ્રયત્ન કર્યો. નર્મદાના મુખથી મેલુહાની પ્રસવ-નગરી બહુ દૂર ન હતી. 'શું નર્મદા તમારા માટે જલમાર્ગનું કામ કરે છે ? વહાણ મારફત મેલુહા માટે પશ્ચિમ અને ઉજ્જૈન તથા સ્વદ્વીપ માટે પૂર્વમાં જઈ શકાય છે ?'

'હા, મા.' ગણેશે જવાબ આપ્યો.

શિવ પોતાના પુત્ર તરફ ફર્યા, 'શું તું ક્યારેય મયકા ગયો છું ? ત્યજાયેલ નાગા બાળકોને

ગોદમાં કઈ રીતે લેવામાં આવે છે ?'

'મયકા જ એકમાત્ર એવું સ્થળ છે જ્યાં નાગાઓ માટે કોઈ પૂર્વગ્રહ નથી, બાબા. કદાચ શરીરમાંથી કર્કરોગની ગ્રંથિઓ ફૂટવાને લીધે થતી પીડાના લીધે કકળતા અસહાય નાગા બાળકોને જોઈને અધિકારીઓનું હૃદય પીગળી જતું હોય છે. મયકાના પ્રાંતપાલ નાગા બાળકોને બચાવી લેવા ખાસ રસ લેતા હતા. દર મહિને નર્મદાથી એક નાગા વહાણ ચાલે છે જે મોડી રાત સુધી મયકામાં લંગર નાખે છે અને એ મહિનામાં જન્મેલા બાળકોને મયકાના લેખોપાલ અમને સોંપી દે છે. કોઈ કોઈ નાગા માતા-પિતા સાથે રહેવાનો નિર્ણય લે છે અને પોતાના બાળકો માટે પંચવટી આવી જાય છે.

'શું મયકાના અધિકારી તેઓને રોકતા નથી ?'

'ખરેખર તો મેલુહાના લખાણમાં છે કે નાગા બાળકો સાથે તેઓનાં માતાપિતા પણ પંચવટી જાય. આમ કરીને તેઓ તેમના લખાણનું જ પાલન કરે છે, પરંતુ બીજાઓ તેમ કરવાનો ઇન્કાર કરી દે છે. તેઓ તેમનાં બાળકોને ત્યાગી દે છે અને મેલુહામાં તેઓના સુખસગવડવાળા જીવનમાં પાછાં આવી જાય છે. આવી પરિસ્થિતિમાં ફક્ત બાળકોને જ અમને સોંપવામાં આવે છે. મયકાના પ્રાંતપાલ આ વાત તરફ આંખ આડા કાન કરે છે.'

સતીએ પોતાનું માથું હલાવ્યું. તે સોથી પણ વધુ વર્ષો મેલુહામાં રહી હતી, જેમાંથી કેટલાંક બાળક તરીકે મયકામાં વીત્યાં હતાં. તેણે આ બધું ક્યારેય જાણયું ન હતું. તે તો તેના નીતિવાન દેખાતા રાષ્ટ્રને નવી રીતે જાણી રહી હતી. એવું લાગતું હતું કે ઘણા બધા મેલુહાવાસીઓએ પોતાનાં બાળકો તરફ પોતાનું કર્તવ્ય કે ભગવાન રામનાં વચનોનું પાલન કરવા કરતાં પોતાના પ્રદેશની સગવડોને વધુ મહત્ત્વ આપ્યું હતું.

શિવે આગળ એક વિશાળ ખાડીમાં લંગર નાખેલું મોટું વહાણ જોયું. દૂરના છેડે એક ઊંડા કુંજમાં પાણીને રોકી દેવામાં આવ્યું હતું. બ્રંગામાં તરતી સુંદર વૃક્ષોની કુંજને જોઈને શિવે અનુમાન લગાવ્યું હતું કે આ વૃક્ષોનાં પણ મુક્ત તરતાં મૂળિયાં હશે. સામેનો રસ્તો બહુ જ સ્પષ્ટ દેખાવા લાગ્યો. 'મારું અનુમાન છે કે આપણે તમારી ગુપ્ત ખાડી ઉપર પહોંચી ગયા છીએ. હું સમજુ છું કે ત્યાં સુધી નર્મદા એ કુંજ પછી હશે.'

એ કુંજ પછી એક વિશાળ નદી છે, બાબા.' ગણેશે કહ્યું, 'પણ તે નર્મદા નથી. તે તાપી છે. આપણે તેને પાર કરીને સામેના કિનારે જવું પડશે. એ પછી નર્મદા સુધી થોડા વધુ દિવસોની યાત્રા છે.'

શિવ હસ્યા. 'પરમેશ્વરે આ ધરતીને સૌથી વધારે નદીઓથી સમૃદ્ધ કરી છે. ભારતવર્ષમાં પાણીની અછત ક્યારેય નહીં થઈ શકે.'

'જો, આપણે એ રીતે નદીઓને દૂષિત ન કરીએ જે રીતે અત્યારે સરસ્વતીને કરી રહ્યા છીએ.'

શિવે મૌન સંમતિ આપતાં ગણેશ સામે જોઈ હકારમાં ડોકું ધુણાવ્યું.



ભૃગુએ ફાડીને પત્ર ખોલ્યો. એ બિલકુલ એવો જ હતો જેવો તેઓ ધારતા હતા. વાયુપુત્રોએ તેમનો બહિષ્કાર કરી દીધો હતો.

'શ્રદ્ધેય ભૃગુ,

અમારું ધ્યાન એ વાત તરફ ખેંચવામાં આવ્યું છે કે કરચપમાં વહાણોના એક કાફલામાં

દૈવી શસ્ત્રો લાદવામાં આવ્યાં હતાં. ખણખોજ કર્યા પછી એ હકીકત સામે આવી કે આપે એ સામગ્રીનો પ્રયોગ કરવાનો નિર્ણય કર્યો હતો, જે આપને વિશુદ્ધ રૂપે શોધકાર્ય કરવા માટે આપવામાં આવી હતી. એટલે અમે સમજીએ છીએ કે આપ ક્યારેય પણ એ શસ્ત્રોનો દુરુપયોગ નહીં કરો જેને અમારા ઈશ્વર પ્રભુ રુદ્ર સ્પષ્ટ રૂપે પ્રતિબંધિત કર્યો છે, છતાં પણ અમે એ શસ્ત્રોના બીનઅધિકૃત પરિવહનને દંડના એક ભાગીદાર બન્યા વિના ન છોડી શકીએ. એટલા માટે પરિહામાં આપના ક્યારેય પ્રવેશ ઉપર અથવા કોઈ વાયુપુત્ર સાથે સંપર્ક કરવા ઉપર પ્રતિબંધ મૂકવામાં આવે છે. અમને આશા છે કે આપ એ મહાન વચનને માન આપશો જે વાયુપુત્રોના દરેક મિત્ર ભગવાન રુદ્રને આપે છે : દૈવી શસ્ત્રોનો ક્યારેય ઉપયોગ ન કરવાનો. સભાને આશા છે કે આપ આપનાં શસ્ત્ર તરત વાયુપુત્ર સુરક્ષાને સોંપી દેશો.'

ભૃગુને આશ્ચર્ય એ વાત ઉપર થયું કે પત્ર ઉપર સભાના અધિનાયક મિત્રાના હસ્તાક્ષર હતા. આદેશો ઉપર મિત્રાનું વ્યક્તિગત રૂપથી હસ્તાક્ષર કરવાની વાત અસ્વાભાવિક હતી. સામાન્ય રીતે સભાના ૬ સભ્યોમાંથી કોઈ એકના હસ્તાક્ષર હોય છે. સ્પષ્ટ હતું કે વાયુપુત્ર આ વાતને બહુ જ ગંભીરતાથી લઈ રહ્યા હતા.

પરંતુ ભૃગુને વિશ્વાસ હતો કે તેઓએ વચનને તોડયું નથી. તેઓ આ પહેલાં જ વાયુપુત્રોને લખી ચૂક્યા હતા કે તેઓ આ સ્વયંભૂ બહુરૂપિયાની વિરુદ્ધ પગલાં ન લઈને નીલકંઠની પદવીનો ઉપહાસ કરી રહ્યા છે. પરંતુ દુ:ખ છે કે વાયુપુત્રોએ કશું જ કર્યું ન હતું, પરંતુ તેઓ જોઈ શકતા હતા કે તેઓ શા માટે એવું વિચારતા હશે કે તેઓએ તેમની આપેલી શોધ-સામગ્રીનો દુરુપયોગ કર્યો હતો. વિડંબના એ હતી કે તેઓએ એવું કર્યું જ ન હતું. ભલેને એ સામગ્રીના પ્રયોગ કરવાના દુ:ખથી તેઓ ઉબકાઈ ગયા હતા, છતાંય ભૃગુ જાણતા હતા કે તેઓ એ પરિમાણનાં દૈવી શસ્ત્રો બનાવવા માટે પૂરતાં નથી. જેની જરૂરત હતી. એ સામગ્રીના પ્રયોગથી એવાં શસ્ત્રોનો તેઓએ પોતાનો એક ભંડાર બનાવી લીધો હતો જેને તેઓએ વર્ષોથી ભેગો કર્યો હતો. સંભવ છે કે એ જ કારણ હતું કે તેમાં વાયુપુત્ર સામગ્રી જેવી વિનાશક શક્તિ ન હતી. તેઓ પાસે સંપૂર્ણ પ્રયોગશાળાઓ હતી જ્યારે ભૃગુ એકલા કામ કરતા હતા.

ભૃગુએ ઊંડો શ્વાસ લીધો. તેઓએ બધાં જ શસ્ત્રોનો ઉપયોગ કરી લીધો હતો જે તેઓએ નિર્માણ કર્યાં હતાં. એકમાત્ર રહસ્ય એ હતું કે તેઓએ તેમનું ધ્યેય પ્રાપ્ત કર્યું હતું કે નહીં ! નીલકંઠની હત્યા થઈ કે નહીં. દક્ષની સાથે વાત કરવી વ્યર્થ હતું. પોતાની પુત્રી સાથેનો સંબંધ તૂટી ગયા પછી તેઓ અત્યંત દુ:ખી સ્થિતિમાં દેખાવા લાગ્યા હતા. મામલો શું છે તેની તપાસ કરવા ભૃગુએ એક વધુ વહાણ ગોદાવરીના મુખ તરફ મોકલ્યું હતું, જેના પર દિલીપની સેનાના સૈનિકો હતા, પરંતુ એ જાણવામાં મહિનાઓ થઈ જશે કે ત્યાં શું થયું હતું.

'બીજું કાંઈ, પ્રભુ ?' સેવિકાએ પૂછ્યું.

ભૃગુએ બેધ્યાન દશામાં હાથ હલાવી તેને જવા માટે કહ્યું. મહદ્અંશે કામ પૂરું થઈ ગયું હતું. કદાચ નીલકંઠ હવે જીવતા નહીં હોય. પરંતુ એ પણ સંભવ હતું કે ભૃગુનાં વહાણ અસફળ રહ્યાં હોય. એનાથી પણ ખરાબ એ કે નીલકંઠને નાગાઓએ ફોસલાવી લીધા હોય અને હવે તેઓ લોકોને સોમરસની વિરુદ્ધ કરવાનું ષડયંત્ર રચી રહ્યા હો. જ્યાં સુધી તેમને એ પાંચે વહાણોના કોઈ સમાચાર નહીં મળી જાય, જે તેમણે શિવના કાફલા ઉપર આક્રમણ કરવા માટે મોકલ્યાં હતાં, કશું પણ નિશ્ચિત કહી શકાય તેમ નહોતું. હવે તો ભલે દેવગિરિમાં રહેવાનું તેમને ગમે તેટલું અરુચિકર લાગે, તેના માટે રાહ જોવા સિવાય કોઈ રસ્તો નહોતો. તેમને વિશ્વાસ હતો કે ભારતવર્ષનું ભવિષ્ય દાવ ઉપર લાગ્યું છે.

ભૃગુએ ઊંડો શ્વાસ લીધો અને ફરી સમાધિમાં ચાલી ગયા.



તાપીને પાર કર્યા પછી તરત જ શિવના કાફલાએ જમીનમાર્ગને પસાર કરી લીધો હતો અને હવે એક ગુપ્ત ખાડીના કિનારે રાહ જોઈ રહ્યા હતા, જ્યારે નાગા નૌકાયાત્રાની તૈયારી કરી રહ્યા હતા. આ ખાડીની જાણે રક્ષા કરતા હોય તેવા કુંજની પેલે પાર નર્મદા વહેતી હતી જેને શ્રદ્ધેય મનુએ સપ્તસિંધુની દક્ષિણ સીમાનું નામ આપ્યું હતું.

'હજી કેટલું દૂર છે, દાદા ?'

'બહુ વધારે નથી, કાર્તિક. બસ થોડાં સપ્તાહ વધારે' ગણેશે ઉત્તર આપ્યો. 'થોડા દિવસ આપણે નર્મદાની પૂર્વમાં વહાણથી જઈશું, પછી ચંબલ નદી પહોંચવા સુધી મહાન વિંધ્ય પર્વતોમાંથી પગે ચાલીને જઈશું. પછી ઉજ્જૈન પહોંચવા માટે આપણને થોડા દિવસો માટે ચંબલમાં નૌકાયાત્રા કરવી પડશે.'

સતી વહાણ પર લાંગરવાની તૈયારી કરતા નાવિકોને જોઈ રહી હતી.

કૃત્તિકા પોતાના ઘોડાને આગળ લઈ આવી જેથી સતીના ઘોડા સાથે તે ચાલી શકે. 'સારું થયું હોત જો રાણી કાલી પણ આપણી સાથે આવી હોત, દેવી.'

સતીએ કૃત્તિકા તરફ જોયું, 'જાણું છું, પરંતુ તે રાણી છે. પંચવટીમાં તેનું બહુ મોટું કામકાજ છે.'

વહાણ પર જવાના લાકડાના જોરદાર અવાજ સાથે તેઓની વાતચીતમાં અડચણ પડી.



પર્વતેશ્વર, આનંદમયી, ભગીરથ અને આયુર્વતી મોડી બપોરે એક સાથે ભોજન કરી રહ્યાં હતાં. તેઓ હમણાં જ પંચવટીથી દંડકારણ્ય માર્ગ ઉપર પાંચ ખુલ્લાં સ્થાનોમાંથી પહેલા ઉપર પહોંચ્યાં હતાં. આ માર્ગ બ્રંગામાં મધુમતી ઉપર એક ગુપ્ત ખાડી સુધી જતો હતો. સોળસો સૈનિકોના કાફલા સાથે, જે વર્ષ પહેલાંથી શિવની સાથે નીકળ્યો હતો, તે શિવની પાછા આવવાની રાહ જોવા માટે પાછો કાશી જઈ રહ્યો હતો.

ભગીરથે નવાઈ સાથે પાંચે માર્ગોને જોયા. તેમાંથી એક જ સાચો હતો જ્યારે બીજા પ્રલોભન હતા જે રજા વગર પ્રવેશ કરવાવાળાઓને તેઓના અંત તરફ લઈ જતા હતા. 'આ નાગા તો સુરક્ષાને લઈને ઝનૂની છે.'

આનંદમયીએ ઉપર જોયું, 'શું આપણે તેઓને દોષ આપી શકીએ છીએ ? એ ન ભૂલતા કે જ્યારે ગોદાવરી ઉપર એ વહાણોએ આપણા ઉપર આક્રમણ કર્યું હતું ત્યારે તેઓના આ વ્યવહારે આપણી જીવનરક્ષા કરી હતી.'

'સાચી વાત છે.' ભગીરથે કહ્યું, 'નિઃસંદેહ નાગા સારા મિત્રો સાબિત થશે. નીલકંઠ પ્રતિ તેઓની નિષ્ઠા ઉપર શંકા નથી. જોકે કારણો હોઈ શકે છે. જ્યારે સત્યની પળ આપણી સામે ઊભી હશે ત્યારે બધાએ એક સાધારણ લાગતા પ્રશ્નનો ઉત્તર આપવો પડશે : શું તેઓ નીલકંઠ માટે પૂરી દુનિયાથી યુદ્ધ કરશે ? હું તો જાણું છું કે હું તો કરીશ.'

આનંદમયીએ પર્વતેશ્વરને જોયો અને પછી ફરી ભગીરથને. ભગીરથને ખખડાવવા માટે તેની આંખો ભડકી ઊઠી. 'ભોજન કરો, નાનાભાઈ.'

પર્વતેશ્વરે પીડાના ભાવ સાથે આનંદમયીને જોઈ. 'મને નથી લાગતું કે પરમાત્મા મારી સાથે

આટલા કઠોર થશે. તેઓ એવું નહીં કરી શકે કે મારા જીવતા પ્રભુને પામવા માટે તેઓ મને એક શતાબ્દીથી પણ વધુ રાહ જોવડાવે અને પછી મને તેમના અને આપણા દેશ વચ્ચે કોઈ એકને પસંદ કરવા માટે વિવશ કરે. મને વિશ્વાસ છે પરમેશ્વર કોઈ ને કોઈ રસ્તો ખોળી કાઢી એ વાત નક્કી કરી દેશે કે મેલુહા અને પ્રભુ નીલકંઠ વિરોધી પક્ષોમાં ના રહે.'

પર્વતેશ્વરના ઉદાસ હાસ્ય આનંદમયીને જણાવી દીધું હતું કે તેઓ પોતે પણ આ વાત ઉપર વિશ્વાસ કરતા નથી. તેણે હલકા હાથે પોતાના પતિના ખભાનો સ્પર્શ કર્યો.

ભગીરથ બેધ્યાનપણે રોટી સાથે રમત કરતો રહ્યો. એને વિશ્વાસ થતો ગયો હતો કે તે પર્વતેશ્વર પર ભરોસો મૂકી શકે તેમ નહોતો. નીલકંઠની સેના માટે આ એક મોટી ખોટ હશે. પર્વતેશ્વરની યુદ્ધનીતિ સંબંધી આવડતોમાં કોઈ પણ યુદ્ધનો નકશો બદલી નાખવાની યોગ્યતા હતી.

આયુર્વતીએ સહાનુભૂતિપૂર્વક પર્વતેશ્વરને જોયો. તે એની અંદર ચાલતા સંઘર્ષને સમજી શકતી હતી. જોકે તેના મામલામાં નિર્ણય થઈ ગયો હતો જે તેના હૃદયમાં શાંતભાવથી સ્થિર થઈ ગયો હતો. તેના સમ્રાટે ધૃણાસ્પદ કામો કર્યાં હતાં જેણે મેલુહાને કલંકિત કર્યું હતું. હવે આ એ દેશ નહોતો રહ્યો જેને તેણે જીવનપર્યંત પ્રેમ કર્યો હતો અને ખમ્યો હતો. પોતાના હૃદયમાં તે જાણતી હતી કે ભગવાન રામ એ અનૈતિકતાને ક્યારેય માફ નહીં કરે, જેમાં દક્ષના નેતૃત્વમાં મેલુહાનું પતન થઈ ગયું હતું. તેનો માર્ગ સ્પષ્ટ હતો : મેલુહા અને શિવ વચ્ચે સંઘર્ષમાં તે નીલકંઠને પસંદ કરશે, કારણ કે તે જ વાત મેલુહામાં પણ બધું જ બરાબર કરશે.



નાગાવહાણે ચંબલના કિનારા નજીક લંગર નાખી દીધું. શિવ, સતી, ગણેશ અને કાર્તિક દોરડાની નિસરણીથી એ વિશાળ નૌકામાં ઊતર્યાં જેને વહાણના લંગરના દોરડાથી બાંધી દેવામાં આવ્યું હતું. બૃહસ્પતિ, નંદી અને પરશુરામ પણ દસ નાગાસૈનિકો સાથે તેઓની પાછળ પાછળ ઊતર્યા.

જ્યારે બધા જ ઊતરીને આવી ગયા એટલે તેઓ કિનારે જવા માટે હોડીમાં બેસી ગયાં. વાસુદેવ નાગાઓથી વધારે રહસ્યમય હતા, એટલા માટે શિવે નદીની નજીકની વસ્તીને કોઈ સંકેત ન મળે તેનું ધ્યાન રાખ્યું હતું.

નદીના કિનારાને અડીને આવેલ ગાઢ વનસ્પતિની દીવાલના લીધે આગળનું દૃશ્ય ઢંકાઈ ગયું હતું. ચંબલના શાંત પાણીમાં ઘાસ ઊગી નીકળ્યું હતું જેના લીધે નૌકાને આગળ ધપાવવી મુશ્કેલ વાત બની ગઈ હતી. ગણેશ નૌકાને બે વિશાળ તાડના વૃક્ષોની વચ્ચે એક નાના ખુલ્લા સ્થાન ઉપર લઈ ગયા. આ ખુલ્લા સ્થાન માટે શિવ કશુંક અસામાન્ય અનુભવી રહ્યા હતા, પરંતુ તેને જાણી શકતા ન હતા. કાર્તિકની તરફ ફરીને તેઓ એ જ સ્થાનને જોઈ રહ્યા હતા.

'બાબા, આ ખુલ્લા સ્થાનની પાછળ આવેલાં વૃક્ષોને જુઓ.' કાર્તિકે કહ્યું. 'આપને મારી લંબાઈ સુધી નીચા વળવું પડશે.'

જ્યારે શિવ નીચે ઝૂક્યા ત્યારે ચિત્ર સ્પષ્ટ થઈ ગયું. ચારેબાજુ ઘનઘોર, અનિયંત્રિત વનસ્પતિને જોતા, ખુલ્લા સ્થાનની પાછળ આવેલાં વૃક્ષ અસામાન્ય રૂપે વ્યવસ્થિત હતા. દૂર સુધી નજર નાખતા, સરખા દૂર લાગેલાં વૃક્ષો ઊંચાઈમાં વધતાં જતાં હોય તેમ લાગતું હતું. એનું કારણ એ હતું કે ખુદ ધરતી સમાન ઊંચાઈએ ઉપર જઈ રહી હતી. સ્પષ્ટ હતું કે આ કુદરતી પહાડી નહોતી. મેદાનની પાછળ અધિકાંશ વૃક્ષ ગુલમહોરનાં હતાં, જેના નારંગી રંગનાં

ફૂલ અગ્નિનો આભાસ આપતાં હતાં. શિવે આંખો પટપટાવીને ફરીથી તેને જોયા જે તેઓને દૃષ્ટિભ્રમ સમાન લાગ્યા હતા. તેઓ અચાનક ઊભા રહી ગયા, નાવ હાલી ઊઠી, સતી અને ગણેશે હાથ આગળ કરી તેઓને સંભાળી લીધા. ગુલમહોર વૃક્ષ એક વિશિષ્ટ ક્રમમાં લગાવવામાં આવ્યા હતા જે એક નક્કી અંતરે ત્યારે દેખાતાં હતા જ્યારે કોઈ એ તાડનાં વૃક્ષો વચ્ચે આવેલા એ નાનકડા મેદાનની બરાબર સામે ઊભો રહી જતો હતો. આ જવાલાના આકારમાં હતા. એક વિશિષ્ટ ચિહ્ન જેને શિવે ઓળખી લીધું હતું.

'ફ્રવાશી' શિવ ધીમેથી બોલ્યા.

અચંબો પામીને ગણેશે પૂછ્યું : 'આપને આ શબ્દની કેવી રીતે ખબર છે, બાબા ?'

શિવે ગણેશને અને ફરી પાછા ગુલમહોર વૃક્ષોને જોયાં. એ ચિહ્ન અદૃશ્ય થઈ ગયું હતું. શિવ બેસી ગયા અને ગણેશ તરફ ફર્યા. 'આપને આ શબ્દની કેવી રીતે જાણ છે ?'

'આ વાયુપુત્રોનો શબ્દ છે. આ ભગવાન રુદ્રના સ્ત્રીસ્વરૂપનું પ્રતિનિધિત્વ કરે છે, જેનામાં એ કાર્ય કરવામાં આપણી મદદ કરવાની શક્તિ છે, જે યોગ્ય છે. આપણે તેનો સ્વીકાર પણ કરી શકીએ છીએ અને અસ્વીકાર પણ. પરંતુ આ સ્વરૂપ મદદ કરવા માટે કદી ઇન્કાર નથી કરતું, ક્યારેય નહીં.'

શિવને જ્યારે પોતાની પ્રાચીન સમૃતિઓ સમજાવા લાગી એટલે તેઓ હસી પડયા.

'આપને ફ્રવાશીના વિષયમાં કોણે કહ્યું હતું, બાબા ?' ગણેશે ફરીથી પૂછ્યું.

'મારા કાકા મનોભૂએ.' શિવે કહ્યું, 'આ તે અનેક ધારણાઓ અને પ્રતીકચિહ્નોમાં હતા જે તેઓએ મને શીખવાડ્યા હતા. તેઓ કહેતા હતા કે જ્યારે સમય આવશે તો એ મને મદદ કરશે.'

'એ કોણ હતા ?'

'મને લાગતું હતું કે હું જાણું છું.' શિવે કહ્યું, 'પરંતુ હવે હું હેરાન થવા લાગ્યો છું કે શું હું પૂરતા પ્રમાણમાં સારી રીતે જાણતો પણ હતો ?'

નૌકા કિનારે અથડાઈ એટલે વાતચીતમાં શાંતિ છવાઈ ગઈ. બે નાગાસૈનિકો કૂદીને બહાર આવ્યા અને તેઓએ નૌકાને વધારે ઉપર સૂકી ધરતી ઉપર ખેંચી લીધી. દોરડું ખેંચીને તેઓએ તેને એક ઝાડ સાથે બાંધી દીધી. બધા જ લોકો ઝડપથી નૌકામાંથી ઊતરી ગયા. કાર્તિકે તાડનાં વૃક્ષોનું નિરીક્ષણ કર્યું જે મેદાનમાં ઊભા હતા. તે ગણેશની તરફ ફર્યો જે મેદાનની વચ્ચે ઊભો હતો.

'શું બધા લોકો મારી પાછળ ઊભા રહી જશે.' ગણેશે સૂચના આપી, 'હું નથી ઇચ્છતો કે મારી અને તાડનાં વૃક્ષો વચ્ચે કોઈ હોય.'

બીજા લોકો દૂર જતા રહ્યા જ્યારે ગણેશે એકાગ્રતા મેળવવા પોતાની આંખો બંધ કરી દીધી.

ગણેશે ઊંડો શ્વાસ લીધો અને અનિયમિત તાલમાં વારેવારે જોરજોરથી તાળીઓ પાડી. તાળીઓ વાસુદેવ ગૂઢાર્થમાં વાગી હતી અને ઉજ્જૈનના દ્વારપાલને મોકલાવી રહી હતી. "હું નાગા લોકાધીશ ગણેશ છું. મારા દળની સાથે આપના મહાન નગરમાં પ્રવેશવાની અનુમતિ માગું છું."

શિવે એ તાળીઓના પ્રતિભાવ રૂપે મૃદુ ધ્વનિ સાંભળ્યો. ઉજ્જૈનના દ્વારપાલે ઉત્તર મોકલ્યો હતો. "સ્વાગત છે, માનનીય ગણેશ. આ અણધાર્યું સન્માન છે. શું આપ સ્વદ્વીપ જઈ રહ્યા છો ?"

"નહીં, અમે વાસુદેવોના મહાન પ્રમુખ માનનીય ગોપાલને મળવા આવ્યા છીએ."

"શું આપને કોઈ ખાસ વિષય ઉપર ચર્ચા કરવાની હતી, માનનીય ગણેશો ?"

સ્પષ્ટ હતું, વાસુદેવ હજી પણ નાગાઓ સાથે સહજતાથી વર્તતા નહોતા. જોકે એ વાત સાચી હતી કે કાર્તિકના જન્મમાં મદદ કરવા માટે નાગા ઔષધિઓ લેવા માટે તેઓએ ગણેશનો સંપર્ક કર્યો હતો. ઉજ્જૈનનો દ્વારપાળ ગણેશનું અપમાન કર્યા વગર તેઓની વાતને ટાળવાનો પ્રયત્ન કરી રહ્યો હતો.

ગણેશે લયપૂર્વક તાળી વગાડવી ચાલુ રાખી. "શ્રદ્ધેય ગોપાલને હું મળવા માંગતો નથી, માનનીય દ્વારપાળ, પ્રભુ નીલકંઠ મળવા માગે છે."

થોડી વાર મૌન છવાઈ રહ્યું. પછી સતત રીતે તાળીઓનો અવાજ સંભળાયો. "શું તાડક્ષત્રમાં પ્રભુ નીલકંઠ પણ આપની સાથે છે ?"

"તેઓ મારી સાથે ઊભા છે. તેઓ આપને સાંભળી શકે છે."

દ્વારપાળ ઉત્તર આપે તે પહેલાં એક વાર ફરીથી મૌન છવાઈ ગયું. "માનનીય ગણેશ, માનનીય ગોપાલ ખુદ ત્યાં આવી રહ્યા છે. આપના કાફલાનું આતિથ્ય કરવું એ તો અમારા સૌભાગ્યની વાત હશે. અમને ત્યાં પહોંચતાં એક દિવસ લાગશે. કૃપા કરીને ત્યાં સુધી રાહ જોજો."

"ધન્યવાદ."

ગણેશે પોતાની હથેળીઓને મસળી અને શિવની તરફ જોયું. 'તેઓને અહીં પહોંચતાં એક દિવસ થઈ જશે, બાબા. તેઓના આવતાં સુધી આપણે વહાણમાં રાહ જોઈ શકીએ છીએ.'

'તું ક્યારેય ઉજ્જૈન ગયો છે ?' શિવે પૂછ્યું.

'ના; બસ એક વાર આ મેદાનમાં હું વાસુદેવોને મળ્યો છું.'

'ઠીક છે, આપણે આપણા વહાણ ઉપર પાછા જઈએ છીએ.'



'તમે મને જણાવી રહ્યા હતા કે મહર્ષિ ભૃગુ વીતેલા વર્ષમાં આઠ વાર અયોધ્યા ગયા હતા ?' આશ્ચર્ય સાથે સુર્પદમને પૂછ્યું.

મગધના યુવરાજની પોતાની એક ગુપ્તચર જાળ હતી, જે મગધની ખરાબ રૂપે અક્ષમ રાજસી ગુપ્તચર સેવાથી સ્વતંત્ર હતી. તેઓના ગુપ્તચરે હમણાં જ તેઓને અયોધ્યાના રાજસી પરિવારમાં ચાલતી ગતિવિધિની માહિતી આપી હતી.

'જી, રાજકુમાર.' ગુપ્તચરે કહ્યું, 'એ ઉપરાંત સમ્રાટ દિલીપ પોતે એ સમય દરમિયાન બે વાર મેલુહા ગયા છે.'

'એ તો મને ખબર છે.' સુર્પદમને કહ્યું, 'પરંતુ જે સમાચાર તમે લાવ્યા છો, તે આના ઉપર નવો પ્રકાશ નાખે છે. કદાચ દિલીપ એ મૂર્ખ દક્ષને મળવા જઈ નહોતા રહ્યા -- કદાચ તેઓ મહર્ષિ ભૃગુને મળવા જઈ રહ્યા હતા, પરંતુ એ મહાન ઋષિ દિલીપમાં શા માટે રસ લેશે ?'

'એ તો હું નથી જાણતો, રાજકુમાર. પરંતુ મને વિશ્વાસ છે કે આપે સમ્રાટ દિલીપને નવા નવા મળેલા યુવાસ્વરૂપ વિષે જરૂર સાંભળ્યું હશે. કદાચ મહર્ષિ ભૃગુ તેઓને સોમરસ આપતા રહ્યા છે.'

સુર્પદમને નકારમાં પોતાનો હાથ હલાવ્યો. 'સોમરસ તો સ્વદ્વીપના રાજવી પરિવારને સુગમતાથી મળે છે. દિલીપને તેના માટે કોઈ મહર્ષિ પાસે હાથ લંબાવવાની જરૂરત નથી. હું જાણું છું કે દિલીપ વર્ષોથી સોમરસ લઈ રહ્યા છે. પરંતુ જ્યારે કોઈ પોતાના શરીરનો આટલો દુરુપયોગ કરી ચૂક્યું હોય જેટલું તેઓએ કર્યું છે તો સોમરસ માટે તેઓના આયુષ્યને વધતું

અટકાવવું મુશ્કેલ હશે. મને શંકા છે કે મહર્ષિ ભૃગુ તેઓને એવી ઔષધિઓ આપી રહ્યા છે જે સોમરસથી પણ વધુ શક્તિશાળી છે.'

'પરંતુ મહર્ષિ ભૃગુ એવું શા માટે કરે ?'

'એ તો રહસ્ય છે. તે જાણવાનો પ્રયત્ન કરો. નીલકંઠના કોઈ સમાચાર ?'

'નહીં રાજકુમાર. તેઓ નાગા રાજ્યમાં જ છે.'

સુર્પદમને પોતાની હડપચી મસળી અને ગંગાકિનારે બનેલા મહેલના પોતાના કક્ષની બારીમાંથી બહાર જોયું. એની દૃષ્ટિ જાણે નદીની પાર જંગલો સુધી જઈ રહી હતી જે દક્ષિણ સુધી ફેલાયેલાં હતાં. એ એ જ જંગલ હતાં જ્યાં નાગાઓએ તેના ભાઈ ઉગ્રસેનને મારી નાખ્યો હતો. તેણે મનોમન ઉગ્રસેન પર ગુસ્સો કર્યો. તેને પોતાના ભાઈની હત્યાની સચ્ચાઈ ખબર હતી. સાંઢોની દોડનો વ્યસની થઈ ગયેલ ઉગ્રસેન સતત વધતા રહેતા ધૃષ્ટ ધૂતમાં લીન થઈ ગયો હતો. પોતાના સાંઢો માટે બાળસવારો મેળવવા માટે વ્યાકુળ તે વનવાસીઓનાં જંગલો ખંદી વળતો અને પોતાની મરજી મુજબ બાળકોનું અપહરણ કરતો હતો. આવી જ એક ઘટના વખતે તેણે એક નાગાને મારી નાખ્યો હતો, જે એક અસહાય મા અને તેના નાના પુત્રને બચાવવાનો પ્રયત્ન કરી રહ્યો હતો. પરંતુ એને એ સમજ પડી ન હતી કે એક વનવાસી માં અને તેના બાળકને બચાવવા માટે એક નાગાએ પોતાનું જીવન જોખમમાં શા માટે નાખ્યું હતું.

પરંતુ એ મૃત્યુના લીધે સુર્પદમના વિકલ્પ ઓછા થઈ ગયા હતા. નીલકંઠ જેને પણ બૂરાઈ માનશે, તેની વિરુદ્ધ પોતાના અનુયાયીઓનું નેતૃત્વ કરશે. બૂરાઈ વિરુદ્ધના આ યુદ્ધની સુર્પદમન બહુ પરવા કરતા નહોતા. તેઓ તો બસ એ સારી રીતે નક્કી કરવા માંગતા હતા કે મગધ અયોધ્યાના વિરોધી પક્ષમાં યુદ્ધ કરે. યુદ્ધ વખતની અંધાધૂંધીનો ઉપયોગ તે મગધને સ્વદ્વીપના સ્વામી અને પોતાને તેના સમ્રાટ સ્થાપવા માટે કરવા માંગતો હતો. પરંતુ ઉગ્રસેનની હત્યાએ તેના પિતા રાજા મહેન્દ્રના નાગાઓ પ્રતિ અવિશ્વાસને વધુ ઘેરો બનાવીને તેને શુદ્ધ ધૃણામાં બદલી નાખ્યો હતો. સુર્યદમન જાણતો હતો કે મહેન્દ્ર તેને એ પક્ષની વિરુદ્ધ લડવા માટે મજબૂર કરશે જેની સાથે નાગા જોડાયેલા હોય. એની એકમાત્ર આશા એ હતી કે નાગા અને અયોધ્યાના સમ્રાટ એક જ પક્ષમાં રહે.



કનખલા ધીરજપૂર્વક મહેલમાં મહર્ષિ ભૃગુના કક્ષ બહાર રાહ જોઈ રહી હતી. મહર્ષિ ગહન સમાધિમાં હતા. જોકે તેમનો કક્ષ એક મહેલમાં હતો પરંતુ તે એટલો સાધારણ અને કઠોર હતો જેટલી હિમાલયની ગુફા તેઓનો અસલી આવાસ હતો. ભૃગુ કક્ષમાં હાજર એકમાત્ર સાદા પથ્થરના પલંગ ઉપર બેઠા હતા. એટલા માટે કનખલા પાસે ઊભા રહેવા સિવાય કોઈ ઉપાય ન હતો. ફરશ અને ભીંતો ઉપર બરફ જેવું ઠંડું પાણી છાંટવામાં આવ્યું હતું. એના લીધે જે ઠંડક થઈ હતી. તે કક્ષને હળવો બનાવી રહી હતી. તેણે કમરાના દૂર ખૂણામાં એક નાની બાજઠ પર રાખેલા ફળોના વાસણને જોયું. મહર્ષિએ પાછલા ત્રણ દિવસોમાં બસ એક જ ફળ ખાધું હોય તેમ લાગતું હતું. કનખલાએ મનોમન નક્કી કર્યું કે તાજાં ફળ રાખવાનો તે આદેશ આપશે. દીવાલમાં બનાવેલા એક ગોખલામાં ભગવાન બ્રહ્માની એક મૂર્તિ સ્થાપવામાં આવી હતી. ભૃગુના ધીમા મંત્રોચ્ચારને દોહરાવતી કનખલા એકીટશે મૂર્તિને જોતી રહી.

ઓમ બ્રહ્માય નમ: ઓમ બ્રહ્માય નમ:

ભૃગુએ આંખો ખોલી અને કંઈ પણ બોલતા પહેલાં તેઓ વિચારપૂર્વક કનખલાને જોતા

રહ્યા. 'કહો, પુત્રી !'

'પ્રભુ, પક્ષી સંદેશાવાહક મારફત આપના માટે એક મહોરબંધ પત્ર લાવવામાં આવ્યો છે. એના ઉપર અત્યંત ખાનગી લખેલું છે. એ માટે મેં જાતે જ આપની પાસે તે લાવવાનું ઉચિત માન્યું છે.'

ભૃગુએ નમ્રતાથી માથું હલાવ્યું અને કંઈ પણ કહ્યા વગર કનખલા પાસેથી પત્ર લઈ લીધો.

'જણાવ્યા પ્રમાણે, અમોએ કબૂતરને પણ અમારી પાસે જ રાખ્યું છે. તે ત્યાં પાછું જઈ શકે છે જ્યાંથી તે આવ્યું હતું. હા, જો નૌકા આગળ નીકળી ગઈ હશે તો તે સંભવ નહીં બને. જો આપ કબૂતર સાથે ઉત્તર મોકલવા માંગતા હો તો કૃપા કરીને મને કહેજો.'

'હમ્મ્.'

'શું આટલું પૂરતું છે, પ્રભુ ?' કનખલાએ પૂછ્યું.

'હા. ધન્યવાદ.'

કનખલાએ પોતાની પાછળ બારણું બંધ કર્યું એટલે ભૃગુએ મહોર તોડીને પત્ર ખોલ્યો. તેમાંનું લખાણ નિરાશાજનક હતું.

હે પ્રભુ, ગોદાવરીના મુખ પાસે અમને આપણી નૌકાઓના કેટલાક અવશેષ મળ્યા છે. સ્પષ્ટ દેખાય છે કે વિસ્ફોટે તે ઉડાવ્યા છે. એ નિર્ણય લેવો મુશ્કેલ છે કે એ તોડફોડના કારણે નાશ પામ્યા કે પછી એ સામાનને કારણે જે તે લઈ જઈ રહી હતી. એ કહેવાનું પણ મુશ્કેલ છે કે બધી જ નૌકા નષ્ટ થઈ ગઈ છે કે કોઈ કોઈ બચી ગઈ છે. હવે પછીના નિર્દેશોની રાહ જોવાય છે.

આ શબ્દોએ ભૃગુને સ્થિતિની તેઓની સમજ વધાર્યા વિના જાણકારી આપી હતી. એ પાંચ નૌકાઓમાંથી જે તેઓએ નીલકંઠની હત્યા કરવા માટે અને પંચવટીનો નાશ કરવા મોકલી હતી, તેમાંથી એક પણ બચી નહોતી, ન તો કોઈએ કોઈ સંદેશ મોકલાવ્યો હતો. ઓછામાં ઓછું કોઈ નૌકાઓના અવશેષ મળ્યા હતા જે ગોદાવરીમાં વહીને આવ્યા હતા. બંને સંભવિત નિષ્કર્ષ અશાંતિભર્યા હતા : યા તો નૌકાઓનો નાશ કરી દેવામાં આવ્યો હતો અથવા તેમાંથી કેટલીકને કેદી બનાવી દેવામાં આવી હતી. વધુ ઊંડી તપાસ માટે ભૃગુ એક વધુ નૌકા ગોદાવરીમાં મોકલવાનું સાહસ કરી શકે તેમ નહોતા. તેઓ અંતિમ યુદ્ધ પહેલાં એક વધુ સારી રીતે નિર્માણ પામેલી યુદ્ધનૌકા દુશ્મનને ભેટ આપી દેત. બેશક, આ પણ સંભાવના હતી કે નૌકાઓ પોતાના અભિયાનમાં સફળ રહી હોય અને અંતે નષ્ટ કરી દેવામાં આવી હોય. પરંતુ ભૃગુ નિશ્ચિત થઈ ન શક્યા.

ભૃગુએ રાહ જોવી પડશે. બની શકે છે કે દંડકવનથી ક્રોધે ભરાયેલા નીલકંઠ બહાર આવી જાય. તેઓ તેમના અનુયાયીઓને પ્રેરણા આપી શકે છે અને તેઓ ઉપર આક્રમણ કરી શકે છે જેઓ તેમની વિરુદ્ધ એકજૂથ થઈ ગયા છે. જો આવું નહીં થયું હોય તો ઋષિ માની લેશે કે નીલકંઠનું સંકટ વીતી ગયું છે.

ભૃગુએ બહાર હાજર રક્ષકને બોલાવવા માટે ઘંટડી વગાડી. તેઓ ગોદાવરીના મુખ પાસે હાજર નૌકાને પાછા બોલાવવા માટે સંદેશો મોકલશે. તેઓ મેલુહા અને અયોધ્યાને પણ યુદ્ધ માટે લશ્કર તૈયાર કરવાનો આદેશ આપશે. સંભવિત સ્થિતિ માટે.



પ્રકરણ-૬

ગર્વને જીતી જતું નગર

પૂનમની રાત હતી. શિવ લંગર નાખેલી નૌકાના કઠેડા પાસે ઊભા હતા અને ચંબલના કિનારાના જંગલના અંધકારભરેલા વિસ્તારને જોઈ રહ્યા હતા. દૂર ક્યાંક એકદમ કાળા પથ્થરોની બનેલી વિશાળ પહાડી જણાઈ રહી હતી. શિવ આખી રાત એ પહાડીને જોતા રહ્યા હતા. એ એટલી ચીકણી હતી કે કુદરતી ન હોઈ શકે. એથી પણ અસ્વાભાવિક વાત એ હતી કે તેના શિખર ઉપર એક ઊંધા પ્યાલા જેવી રચના કરવામાં આવી હતી, જે દેખીતી રીતે એક ગુંબજ હતો. આ એ જ પહાડીનો ભાગ નહોતો અને તેને વધારે કાળા રંગથી રંગવામાં આવ્યો હતો.

'આ માનવે બનાવેલું છે. બાબા.' કાર્તિકે કહ્યું.

શિવ, ગણેશ અને બૃહસ્પતિ કાર્તિકની તરફ ફર્યા, જે પેટ ઉપર સૂઈને ઓછી ઊંચાઈથી નદીના કિનારા તરફ જોઈ રહ્યો હતો. શિવ પણ કાર્તિક જેટલી ઊંચાઈએ નમ્યા. તેઓએ તાડનાં વૃક્ષોના મેદાનની પાછળનો ભાગ જોયો ! તેઓ પુરાણા વાયુપુત્ર ફ્વાશીના આકારને ચોખ્ખો જોઈ શકતા હતા. જ્યારે તેઓની આંખોએ ચઢાણના માર્ગને જરા ફંફોસ્યો તો તેઓના જાણવામાં આવ્યું કે જો ચઢાણ ચાલુ રહ્યું હોત તો તે દૂર આવેલી કાલી પહાડીના ગુંબજ ઉપર પૂરું થાત.

બૃહસ્પતિ બોલ્યા : 'વૃક્ષોવાળું ચઢાણ કદાચ એ બહુ જ લાંબા માર્ગનો અવશેષ હશે જેનો પ્રયોગ એ પથ્થરના ગુંબજને શિખર સુધી લઈ જવા માટે કરવામાં આવ્યો હશે.'

વાસુદેવોના હોશિયાર કારીગરોનું કૌશલ જોઈને શિવ હસી પડ્યા. તેઓ વર્ષોથી તેઓના રહસ્યમય સલાહકારોથી પરિચિત હતા. એટલા માટે જ તેઓ તેઓના પ્રમુખને મળવા માટે આતુર હતા.

દક્ષે સરસ્વતીના ફરકતા પાણીમાં પૂનમના ચંદ્રનું પ્રતિબિંબ જોયું. પોતાના ખાનગી મહેલના કક્ષની એક મોટી બારી સામે તેઓ ઊભા હતા. છેલ્લા કેટલાક મહિનાઓથી તેઓ સતત સ્વયંને અલગ-અલગ કરતા રહ્યા હતા, જ્યાં સુધી બને ત્યાં સુધી તેઓ લોકોને મળવાથી દૂર રહેતા હતા. તેઓ ખાસ કરીને મહર્ષિ ભૃગુને મળવાથી ડરતા હતા. તેઓને સંપૂર્ણ વિશ્વાસ હતો કે મહર્ષિ તેઓના મનને વાંચી લેશે અને જાણી લેશે કે એ દક્ષ જ હતો જેણે પોતાની પ્રિય પુત્રીને બચાવવાના પ્રયાસમાં પંચવટી ઉપર થયેલા હુમલાને નિષ્ફળ બનાવી દીધો હતો.

પરંતુ જુદાપણાનો આ ગાળો દક્ષ અને વીરિનીના સંબંધો માટે નવાઈભરેલો રહ્યો હતો. તેઓનાં લગ્નનાં શરૂઆતનાં થોડાં વર્ષોની જેમ તેઓ એકબીજા સાથે વાતો કરતાં હતાં, ત્યાં સુધી કે એક વાર ફરીથી તેઓ પોતાનાં રહસ્યો એકબીજાને કહેવા લાગ્યાં હતાં -- દક્ષ દ્વારા મેલુહાના શાસક બનવાની મહત્ત્વાકાંક્ષા પહેલાંના જેવી મોટી થઈ ગઈ હતી.

વીરિની પોતાના પતિની પાસે આવી અને તેણે તેના ખભા ઉપર પોતાનો હાથ મૂક્યો, 'આપ શું વિચારી રહ્યા છો ?'

દક્ષ પોતાની પત્નીથી દૂર ખસી ગયા. વીરિની ભ્રમરો ખેંચાઈ આવી. પછી તેણે દક્ષના હાથોને જોયા. તેઓ એક પ્રતીક ચિહન પકડીને ઊભા હતા, જે તેઓની ચૂંટેલી જનજાતિને દર્શાવતું હતું -- જાતિના ઉપરના ક્રમમાં દર્શાવ્યા પ્રમાણે યુવક અને યુવતીઓ જે અપનાવે છે. આ એક મહત્ત્વ વગરની શ્રેણી હતી -- સાવ નાનો બકરો. બહુ બધા ક્ષત્રિય માનતા હતા કે બકરા ચૂંટેલી જનજાતિ જેટલી નિમ્ન કક્ષાની હોય છે કે તે પોતાના સભ્યોને પૂર્ણ ક્ષત્રિય માનવાને હકદાર નથી બનાવતી. દક્ષના કિસ્સામાં તેઓના પિતા બ્રહ્મનાયકે તેની ચૂંટેલી જનજાતિ નક્કી કરી હતી, જે સ્પષ્ટ રૂપે પોતાના પુત્ર તરફની તેઓની ધૃણા દર્શાવતી હતા.

'શું વાત છે, દક્ષ ?'

'તે એવું કેમ વિચારે છે કે હું રાક્ષસ છું ? મેં તેની ભલાઈ માટે જ તેના પુત્રથી છુટકારો મેળવ્યો હતો અને અમે ગણેશને ત્યાગી દીધો ન હતો. પંચવટીમાં તેની સારી દેખરેખ કરવામાં આવી હતી. અને એ એવી કલ્પના પણ કેવી રીતે કરી શકે છે કે હું તેના પતિને મારવા માટે વિચાર પણ કરી શકતો હતો ? એ હું નહોતો.'

વીરિની શાંત રહી. એ વિચારીને કે પોતાના પતિ સાથે વાદવિવાદ કરવાનો સમય ન હતો. જો તેઓ ઇચ્છતા તો સતીના પહેલા પતિ ચંદનધ્વજને બચાવી લઈ શકતા હતા. દક્ષે ભલે હુકમ કરીને હત્યા ન કરાવી હોય છતાંય તેઓ અનાચરણ થકી સહઅપરાધી જરૂર હતા. પરંતુ નબળા લોકો ક્યારેય એ સ્વીકાર નથી કરતા કે તેઓની સ્થિતિ માટે તેઓ પોતે જ જવાબદાર છે. તેઓ હંમેશાં પરિસ્થિતિઓ અથવા બીજા લોકોને દોષ આપે છે.

'હું ફરીથી કહી રહી છું, દક્ષ, આપણે બધું જ ભૂલી જઈએ છીએ.' વીરિનીએ કહ્યું, 'આપે એ બધું જ મેળવી લીધું છે જે આપ ઇચ્છતા હતા. આપ ભારતના સમ્રાટ છો. આપણે હવે પંચવટીમાં તો રહી શકતાં નથી. એ અવસર આપણે બહુ પહેલાં ગુમાવી ચૂક્યાં છીએ. કાલી અને ગણેશ આપણી ધૃણા કરે છે અને એના માટે હું તેઓને દોષ પણ નથી આપતી. આપણે સંન્યાસ લઈ લઈશું, હિમાલય જતાં રહીશું અને આપણું બાકીનું જીવન શાંતિથી અને ધ્યાન કરતાં કરતાં વિતાવીશું. આપણા હોઠો ઉપર પ્રભુનું નામ લેતાં લેતાં આપણે મૃત્યુ પામીશું.'

'હું ભાગીશ નહીં.'

'દક્ષ...'

'હવે બધું જ મારી સામે સ્પષ્ટ છે. મારે સ્વદ્વીપ જીતવા માટે નીલકંઠની જરૂરત હતી. હવે તેઓએ તેમનું ધ્યેય પૂરું કરી દીધું છે. તેઓ જતા રહે તો સતી પાછી આવી જશે અને આપણે એક વાર ફરી આનંદપૂર્વક રહીશું.'

ભયભીત થયેલી વીરિનીને પોતાના પતિ તરફ ધૂરકીને જોયું, 'દક્ષ, ભગવાન રામની કૃપા થાય, આપ શું વિચારી રહ્યા છો ?'

'હું બધું જ બરાબર કરી દઈશ...'

'વિશ્વાસ રાખો, સૌથી સારી વાત તો એ હશે કે આ બધાંને છોડી દઈએ. આપે તો ક્યારેય સમ્રાટ બનવાનો પ્રયત્ન નહોતો કરવા જેવો. આપ અત્યારે પણ પ્રસન્ન રહી શકો છો પણ...'

'ક્યારેય સમ્રાટ બનવાનો પ્રયત્ન પણ નહીં કરવો ? કેવી મૂર્ખ જેવી વાત છે. હું સમ્રાટ છું.

ન ફક્ત મેલુહાનો પણ આખા ભારતનો. તું એવું વિચારે છે કે નીલા કંઠવાળો કોઈ અસભ્ય મને હરાવી શકે છે ? કે એ ચલમ પીવાવાળો, ગમાર કૃતઘ્ન, મારા પરિવારથી મને દૂર કરી દેશે ?

વીરિનીએ નિરાશ થઈને પોતાનું માથું પકડી લીધું.

'મેં એને બનાવ્યો હતો.' દક્ષે કહ્યું, 'અને હું જ તેને સમાપ્ત કરીશ.'



'પ્રભુ' પરશુરામ ઉત્તજિત થઈને બોલ્યા, 'જુઓ.'

શિવ તાડનાં વૃક્ષોના મેદાનની પેલે પાર ગાઢાં જંગલો તરફ જોવા વળ્યા.

બહુ જ દૂર, તેઓએ અચાનક ચકલીઓના એક ઝુંડને આકાશમાં ઊડતું જોયું. સ્પષ્ટ હતું કે તે બધી કોઈ મોટી વાત બન્યાથી ગભરાઈ ગઈ હતી. નજીક આવતું દળ વનમાં આગળ વધતું કોઈ પ્રયાસ કર્યા વગર વૃક્ષોને એક બાજુ ધકેલતું જતું હતું.

'તેઓ આવી રહ્યા છે' નંદીએ કહ્યું.

શિવ પાછળ ફર્યા અને તેઓએ ઊંચા અવાજમાં કહ્યું, 'ગણેશ, નૌકાઓને નીચે ઉતારો.'



વધારે સંખ્યામાં સૈનિકોને વહાણ ઉપર મૂકીને શિવ અને બસ્સો લોકોનું તેઓનું દળ મેદાનમાં પહોંચી ગયું હતું, જ્યારે ભીમકાય હાથીઓ વનમાંથી બહાર આવ્યા. મહાવત તેઓના માથા પાછળ બેઠા હતા અને દોરડાં બાંધીને પોતાની જાતને સલામત રાખી હતી. તેઓ માથાથી પગ સુધી કવચથી ઢંકાયેલા હતા, જેથી ઝાડની ડાળીઓનો માર તેમને નડતો નહોતો. પોતાના પગ અને અંકુશ વડે મહાવત હાથીઓને મેદાનમાં લઈ આવ્યા હતા. હાથીઓની પીઠ ઉપર લાકડાના પોલાણમાં એ લોકો સુરક્ષિત રીતે બેઠેલા હતા.

શિવની આંખો પહેલી હરોળના પહેલા હાથી ઉપર ટકેલી હતી. જેવો તે થોભ્યો કે તેની બગલમાં આવેલું દ્વાર ખૂલી ગયું અને એક દોરડું નીચે લટકાવી દેવામાં આવ્યું. કેસરિયા રંગની ધોતી અને તેવું જ અંગવસ્ત્ર પહેરેલા લાંબા અને દૂબળાપાતળા પંડિત નીચે ઊતર્યા. પંડિતના પગ જેવા જમીનને અડચા કે તેઓ તરત વિનયપૂર્વક હાથ જોડીને શિવની તરફ ફર્યા. તેઓની લાંબી દાઢી પવનમાં ફરફરતી હતી અને તેઓના લાંબા સોનેરી વાળ હતા. તેઓનો બૌદ્ધિક ચહેરો, શાંત આંખો અને સહજ સ્મિત તેઓને ઊંડી સમજવાળી વ્યક્તિ દર્શાવતી હતી.

'નમસ્તે, પંડિતજી' શિવે કહ્યું. 'પ્રમુખ વાસુદેવ સાથે મળવાની વાતને હું મારું સૌભાગ્ય માનું છું.'

'નમસ્તે, મહામહાદેવ.' ગોપાલે વિનમ્રતાથી કહ્યું, 'વિશ્વાસ રાખજો કે સૌભાગ્ય તો મારું છે. હું આ પળ માટે જીવતો રહ્યો છું.'

શિવ આગળ વધ્યા અને ગોપાલને આલિંગન આપ્યું. ચકિત થઈ ગયેલા વાસુદેવ પ્રમુખે પહેલાં તો અચકાતાં અચકાતાં પ્રતિભાવ આપ્યો અને પછી તેઓએ પણ આલિંગન આપ્યું. નીલકંઠની સરળતા ઉપર તેઓ રાજી થઈને હસી પડ્યા.

શિવ જરા પાછળ ગયા અને શાંતિથી રાહ જોતા માણસો અને હાથીઓની મોટી સેનાને જોઈ. 'અહીં થોડી ભીડ થઈ ગઈ છે, નહીં ?'

ગોપાલ હસ્યા. 'આ એક નાનકડું મેદાન છે, મહામહાદેવ. અમે આમ તો બહુ લોકોને

મળતા નથી.'

'ઠીક છે, તો અમે આપના હાથીઓ ઉપર સવાર થઈએ છીએ અને ઉજજૈન જવા રવાના થઈએ છીએ.'

'જરૂર.' પોતાના માણસોને ઇશારો કરતાં ગોપાલે કહ્યું.



હાથી ઉપરની બેઠક આશ્ચર્યજનક રીતે મોટી હતી અને આરામથી આઠ લોકોનો તેમાં સમાવેશ થઈ શકતો હતો. જે બેઠકમાં ગોપાલ અને શિવ હતા તેમાં સતી, ગણેશ, કાર્તિક, બૃહસ્પતિ, નંદી અને પરશુરામ પણ હતા.

'આશા રાખું છું કે આપની યાત્રા સુખદ રહી હશે.' ગોપાલે કહ્યું.

'હા, જરૂર સારી રહી હતી.' શિવે ગણેશ તરફ ઇશારો કરતાં પહેલાં જ કહ્યું, 'મારા પુત્રે સારું માર્ગદર્શન આપ્યું હતું.'

'લોકાધીશ એક બુદ્ધિમાન વ્યક્તિના રૂપમાં ખ્યાતનામ છે.' ગોપાલે સહમતિ દર્શાવી. 'અને આપના બીજા સુપુત્ર કાર્તિકનાં પરાક્રમોની કથાઓ અમારા કાનો સુધી પહોંચી ગઈ છે.'

કાર્તિકે ધીરે રહીને માથું હલાવી પોતાની પ્રશંસાનો સ્વીકાર કર્યો અને સન્માનપૂર્વક હાથ જોડી નમસ્કાર કર્યા.

'પંડિતજી, શું દૂર હોવાને લીધે અમને ઉજજૈન પહોંચવામાં એક દિવસ લાગશે કે પછી ગાઢા જંગલોને કારણે ?' શિવે પૂછ્યું.

'બંને વાતો છે, મહાનીલકંઠ. ચંબલ ઉપર ખુલ્લી જગ્યાએથી ઉજજૈન નગર સુધી અમે કોઈ સડક બનાવી નથી. અમે ખરેખર તો બહુ લોકોને મળતા નથી, પરંતુ, જ્યારે અમને મુસાફરી કરવાની જરૂર પડે છે તો અમારી પાસે સુશિક્ષિત હાથી છે, જે અમારા માટે બધું જ સંભવ બનાવી દે છે.'



હાથી પરની બેઠકોમાં બેઠેલા લોકો ઝાડપાનના કચડવાના અવાજથી ટેવાયેલા હતા. આ એક લાંબી અને સીધી મુસાફરી હતી, જેથી જેવા અવાજો બંધ થયા કે તેઓનું ધ્યાન તેની તરફ ગયું.

તેઓમાંથી કોઈ પણ સવાલ કરે તે પહેલાં ગોપાલ બોલી ઊઠયા : 'આપણે પહોંચી ગયા.'

આટલું કહીને ગોપાલે પોતાની ડાબી તરફની ઠેસી દબાવી. આમ કરવાથી બેઠકના ડાબા, જમણા અને પાછળનાં પાટિયાં બહારની તરફ પડી ગયાં. આખી વ્યવસ્થા એવી રીતે બનાવી હતી કે કોઈ મુસાફર પડી ન જાય. પરંતુ બેઠકમાં બેઠેલા મુસાફરો કોઈ તરફ જોઈ રહ્યા ન હતા. તેઓ સૌ તો ઉજજૈનને, ગર્વને જીતી જનાર નગરને જોઈને ચકાચૌંધ થઈ ગયા હતા.

સંપૂર્ણ રીતે ગોળાકાર નગર ગાઢ જંગલના વિશાળ ચોરસ મેદાનની અંદર બનાવવામાં આવ્યું હતું. પથ્થરોનો લગભગ દસ ફૂટ પહોળો અને ત્રીસ ફૂટ ઊંચો સુદૃઢ ગઢ નગરની ચારેબાજુ બનાવવામાં આવ્યો હતો, જે એક મજબૂત અને પ્રભાવશાળી કિલ્લાની દીવાલ હતી. ચંબલની એક સહાયક નદી ક્ષિપ્રામાંથી (જે ઉજજૈનની નજીકથી વહે છે) નહેર કાઢીને દીવાલના કિનારે બનાવવામાં આવેલી ખાઈમાં પાણી છોડી દેવામાં આવ્યું હતું. આ ખાઈ

જંગલની ખાલી જગ્યા પ્રમાણે જ રચવામાં આવી હતી. આ રીતે ગોળાકાર નગર ચોરસ ખાઈથી ઘેરાયેલું હતું. ખાઈ મગરોથી ભરેલી હતી. હાથી ધીરેધીરે ખાઈ તરફ આગળ વધી રહ્યા હતા. બધા હેરાન હતા, કારણ કે ત્યાં કોઈ પુલ દેખાતો ન હતો.

શિવે ભારતભરમાં ઘણાબધા કિલ્લાઓ જોયા હતા જેની ખાઈઓ ઉપર ખેંચી લેવાય તેવા પુલ રહેતા હતા. આ બધી ખાઈઓ સારું રક્ષણ પૂરી પાડતી હતી, પરંતુ અહીં તો આવો પુલ હતો નહીં. તેઓને હતું કે હાથી રોકાઈ જશે અને પુલ નીચે આવે તેની રાહ જોશે, પરંતુ ન તો હાથી રોકાયા કે ન કોઈ પુલ નીચે આવે તેવાં ચિહ્ન દેખાયાં. એના બદલે ત્યાં વીસ સશસ્ત્ર સૈનિકો હતા જે ખાઈની સાથે સાથે બાંધેલી દીવાલ ઉપર ઊભા હતા. હાથી નજીક પહોંચ્યા એટલે બે સૈનિકો પાછળ હટી ગયા અને તેઓએ પથ્થર જેવી લાગતી જમીનને જોરથી ખસેડી. એક હલકા અવાજ સાથે પથ્થરના ટુકડાના આકારનું બટન દબાયું. બસ તે પછી જમીન ખસી અને પહોળી સીડી પગથિયાં સાથે દેખાઈ. આ સીડી અજવાળાવાળી સુરંગમાં જતી હતી, જેમાં હાથીઓએ પ્રવેશ કર્યો. નીલકંઠ પ્રતિ સન્માન વ્યક્ત કરવા વાસુદેવરક્ષકો ઘૂંટણીએ પડી ઝૂક્યા.

કાર્તિકે હસતાં હસતાં ગણેશ તરફ જોયું, 'કેટલો અદ્ભુત વિચાર છે, મોટાભાઈ !'

'હા, ખાઈ ઉપર પુલ બનાવવાને બદલે તેઓએ તેની નીચે સુરંગ બનાવી છે અને સુરંગનો દરવાજો પથ્થરો જડેલી જમીનમાં સંપૂર્ણ રીતે ઢંકાઈ જાય છે. આમ તે સારી રીતે ઢંકાઈ જાય છે.'

'ખાઈની આસપાસની બધી જમીન પથ્થરોથી બનેલી છે. એનાથી સુરંગના પ્રવેશદ્વારની આજુબાજુ કોઈ પશુઓનાં પગલાં પણ નહીં પડે.'

'જ્યાં સુધી કોઈ શત્રુને બરાબર ખબર ન હોય કે પ્રવેશદ્વાર ક્યાં છે, તે ક્યારેય ખાઈને પાર કરીને નગરમાં ઘૂસવાનો રસ્તો પામી નહીં શકે.'

નંદીએ ગોપાલ તરફ જોયું. 'આપના લોકો ઉત્કૃષ્ટ છે, પંડિતજી.'

ગોપાલ નમ્રતા સાથે હસ્યા.

જ્યારે હાથી નગરના દરવાજા તરફ આગળ વધ્યા ત્યારે મુસાફરોએ દીવાલોની સાથેસાથે મોટામોટા પ્રકાશમય આકાર જોયા. તે એક ચોરસમાં ગોઠવેલા ગોળ દીવાઓ હતા. આ ઉજ્જૈન આકાશમાંથી કેવું દેખાય તેની પ્રતીકૃતિ સમાન હતા. નગરના ગોળાકાર કિલ્લાની દીવાલ સંયોગવશ નહીં પરંતુ એ પરિણામસ્વરૂપે હતી, જેને વાસુદેવ એક પૂર્ણ ભૂમિતિમય રચના માનતા હતા.

'અમે પૂરા નગરને એક મંડલના આકારમાં બનાવ્યું છે.' ગોપાલે કહ્યું.

'મંડલ શું હોય છે, પંડિતજી.' શિવે પૂછ્યું.

'તે આધ્યાત્મિકતા તરફ આગળ વધવા માટેનું પ્રતીકાત્મક પ્રતિનિધિત્વ કરે છે.'

'એ કેવી રીતે ?'

'ખાઈની ચોરસ સીમા પૃથ્વીનું પ્રતીક છે, જેના ઉપર આપણે રહીએ છીએ. એ ચોરસનું પ્રતિનિધિત્વ કરે છે જે ચારેબાજુથી બંધ હોય છે, જેવી રીતે આપણી જમીન જે ચારે દિશાઓથી બંધ હોય છે. ચોરસની અંદરની જગ્યા પ્રકૃતિનું પ્રતિનિધિત્વ કરે છે એટલે કે કુદરત. કારણ કે જે જમીન પર આપણે રહીએ છીએ તે ન કેળવાયેલું પ્રચંડ જંગલ છે. તેની અંદર ચેતનાનો માર્ગ એ પરમાત્માનો માર્ગ છે, જેનું પ્રતિનિધિત્વ કુંડાળું કરે છે.

'શા માટે કુંડાળું ?'

પરમાત્મા સર્વોચ્ચ આત્મા છે. તેઓ અનંત છે. અને જો તમારે અનંતતાને કોઈ ભૂમિતિય રીતે વર્ણવવી હોય તો કુંડાળા સિવાય તમે સારી રીતે વર્ણવી ન શકો. તેની કોઈ શરૂઆત નથી

કે નથી કોઈ અંત. તેમાં તમે કોઈ બાજુ ઉમેરી શકતા નથી અને કોઈ બાજુ દૂર કરી શકતા નથી. તે સંપૂર્ણ છે. એ જ અનતતા છે.'

શિવ હસ્યા.

ઉજ્જૈનને ઉપરથી જોતાં માલૂમ પડશે કે કિલ્લાની ગોળ દીવાલોની અંદર વૃક્ષોની હાર સાથે પાંચ ગોળાકાર માર્ગ હતા જે ગોળાકાર રીતે બનાવવામાં આવ્યા હતા. સૌથી બહારનો રસ્તો કિલ્લાની દીવાલોના કિનારે કિનારે હતો. બાકીના ચાર રસ્તાઓ ઘટનાક્રમે ગોળાકાર રીતે રચવામાં આવ્યા હતા. સૌથી નાનો ગોળાકાર માર્ગ નગરની વચ્ચે આવેલા વિશાળ વિષ્ણુ મંદિરની ચારેબાજુ ઘેરાયેલો હતો. સૌથી બહારનો ગોળાકાર માર્ગ સૌથી અંદરના માર્ગ સુધી સીધી રેખાઓમાં વીસ પાકા રસ્તાઓથી જોડાયેલો હતો.

આ સડકોએ ઉજ્જૈનને અસરકારક રૂપે પાંચ વિભાગમાં વહેંચી લીધું હતું. ચોથા અને પાંચમા માર્ગ પર ઘરેલું પશુઓ જેવાં કે ગાય અને ઘોડાઓ માટેના મોટા તબેલાઓ હતા. સૌથી મહત્ત્વપૂર્ણ સ્થાન હજારો સુશિક્ષિત હાથીઓના કબજામાં હતું. ત્રીજા અને ચોથા માર્ગ ઉપર નવું નવું શીખવાવાળાઓનાં મકાન હતાં. અહીં તેઓના વિદ્યાલય, બજાર અને મનોરંજનનાં સ્થાન હતાં. બીજા અને ત્રીજા ગોળાકાર માર્ગની વચ્ચે વાસુદેવોના ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર રહેતા હતા. પહેલા અને બીજા માર્ગની વચ્ચે બ્રાહ્મણ રહેતા હતા -- એ લોકો જે વાસુદેવ લોકોનો વહીવટ કરતા હતા અને પહેલા ગોળાકાર માર્ગની અંદર, નગરના કેન્દ્રમાં, ઉજ્જૈનનું સૌથી પવિત્ર સ્થાન તેઓનું કેન્દ્રીય મંદિર હતું.

મંદિર કાળી ઈંટોનુ બનેલું હતું અને આ એ જ હતું જે ચંબલથી શિવને એક 'પહાડ' સમાન જણાયું હતું. સંપૂર્ણ રીતે માનવ-નિર્મિત આ મંદિર એક પૂર્ણ અંદરથી નમેલું શંકુ આકારનું હતું જેનો આધાર ગોળ કુંડાળા પર હતો જેને હજાર થાંભલાઓએ ટેકો આપ્યો હતો. શંકુ આકારનું આ મંદિર અંદરથી સંપૂર્ણ રીતે ખોખલું હતું અને નિરંતર નાનાં થઈ જતાં કુંડાળાંઓથી બસો હાથની ઊંચાઈના શિખર સુધી ગયું હતું. છતના ભારે બોજને ખમવા માટે મંદિરની અંદર સખત સ્ફટિકોનો એક કેન્દ્રીય થાંભલો બનાવવામાં આવ્યો હતો. કાળા ચૂનાના પથ્થરથી બનાવવામાં આવેલો એક વિશાળ ગુંબજ મંદિરના શિખર ઉપર લગાવવામાં આવ્યો હતો. આશરે ચાલીસ ટન વજનનો આ ગુંબજ વીસ કિલોમીટરની લાંબી ઊંચાઈ ઉપર હાથીઓ મારફત ખેંચીને મંદિરના શિખર સુધી લઈ જવામાં આવ્યો હતો. આ વિધિના અવશેષ શિવે ચંબલથી જોયા હતા.

જોકે શિવ અને તેમના દળને હજી આ ભવ્યતાને જોવાની બાકી હતી. જ્યારે હાથી સુરંગના કિલ્લાની અંદરની દીવાલની સાથે બનેલા બહારના ગોળાકાર માર્ગ ઉપર નીકળ્યા તો બધી જ આંખો એ દૃશ્ય પર ચોંટી ગઈ જેને ઉજ્જૈનના કોઈ પણ ભાગમાંથી ચૂકી જવું અસંભવ હતું. કેન્દ્રમાં આવેલું વિષ્ણુમંદિર બધા જ લોકો આશ્ચર્ય સાથે જોતા રહ્યા. બીજા લોકો તો મનોમન અનુભવ કરી રહ્યા હતા, પરંતુ બૃહસ્પતિએ પોતાની ભાવનાને અવાજ આપ્યો : 'અદ્ભુત !'



પ્રકરણ-૭

અનંત ભાગીદારી

શિવના કાફલાને કેન્દ્રમાં આવેલા વિષ્ણુમંદિરને અડીને આવેલા ઉજ્જૈનના બ્રાહ્મણોના નિવાસસ્થાનો નજીક ઉતારો આપવામાં આવ્યો હતો. રાત આખી આરામ કર્યા પછી શિવે પોતાના પરિવાર સાથે સવારનો નાસ્તો પૂરો કર્યો કે તરત વાસુદેવ પંડિત તેઓને તેમની સાથે વિષ્ણુમંદિર લઈ જવા માટે આવ્યા. સવારે જ શિવની ગોપાલ સાથે મુલાકાત થવાની હતી.

જ્યારે શિવ વિશાળ વિષ્ણુમંદિર તરફ આગળ વધ્યા ત્યારે તેઓની નજરે મંદિરની સાધારણ ભવ્યતા, હજી વધુ ખીલી ઊઠી હતી. આ એક ગોળાકાર વ્યાસપીઠ ઉપર ચમકદાર ગ્રેનાઇટ પથ્થરોથી બનાવવામા આવ્યું હતું, જેમાં ધાતુઓને જોડી દેવામાં આવી હતી. પથ્થરોમાં કાણાં પાડી તેમાં ધાતુનો રસ નાખવામાં આવ્યો હતો. જ્યારે એ રસ સખત થઈ ગયો એટલે આખી રચનાની મજબૂતાઈ વધી ગઈ હતી. પથ્થરોને ગારાથી જોડવાને બદલે આ રીતથી મજબૂતાઈ સખત આવી ગઈ હતી. વ્યાસપીઠ ઉપર કોઈ કોતરણીકામ હતું નહીં અને તેના લીધે એ મંદિરની સાદગી દીપી ઊઠતી હતી. સમગ્ર ગોળાકારમાં પગથિયાં હતાં જેથી ચારેબાજુથી યાત્રિકો તેઓના સાતમા વિષ્ણુ ભગવાન રામ સુધી પહોંચી શકે.

વ્યાસપીઠ ઉપર એક હજાર લાંબા નળાકાર થાંભલાઓ હતા જેના પાયા ઊંડે સુધી ખોસેલા હતા. હાથીઓ દ્વારા યંત્રથી આ થાંભલાઓને જડી દેવામાં આવ્યા હતા, જેથી આખા મંદિરનો ભાર તે સુગમતાથી વહન કરી શકતા હતા. દરેક શીલાખંડ એકસરખા આકારનો હતો અને તેને સારી રીતે જડી દેવામાં આવ્યો હતો. કાળા ચૂનાના પથ્થરનો બનેલો ગુંબજ શિખર ઉપર રાખવામાં આવ્યો હતો. આ જોઈને શિવ આશ્ચર્યચકિત થઈ ગયા હતા અને તેઓને સીડી ચડતા જોઈ વાસુદેવ પંડિત મૌન જ રહ્યા હતા.

મુખ્ય મંદિરમાં પ્રવેશ કર્યા પછી તેઓએ જોયું કે શિખર અંદરથી સાવ પોલું હતું, જેના લીધે તેને શંખાકાર મળતો હતો અને જે દૂરથી પણ ભવ્ય લાગતો હતો. બીજાં મંદિરો જે શિવે ભારતમાં જોયાં હતાં, તે મુજબ આ મંદિરમાં કોઈ અલગ ગર્ભગૃહ હતું નહીં. મંદિરની અંદર એક ખુલ્લો સાર્વજનિક પૂજાનો ખંડ હતો. તેની છત ભગવાન રામના જીવનનાં દૃશ્યો બતાવતા ચમકદાર રંગોથી બનેલાં ચિત્રોથી શોભાયમાન હતી : તેઓનો જન્મ, તેઓની શિક્ષા, તેઓનો વનવાસ અને અંતે વિજયી બનીને પાછા ફરવું. એક મુખ્ય દીવાલ ઉપર એક વિશાળ ભીંતચિત્ર પ્રભુના અયોધ્યાના સિંહાસન ઉપર બેઠા બાદના જીવનને અર્પણ કરેલું હતું. તેઓના વાસ્તવિક

શત્રુ, તેઓ વિરુદ્ધ તેઓએ લડેલાં યુદ્ધ, તેઓનાં પ્રેરણાદાયક પત્ની સીતામાતાની સાથેના તેમના ગાઢ સંબંધો અને તેઓ દ્વારા મેલુહાની સ્થાપના.

કક્ષની બરાબર વચ્ચે સફેદ સ્ફટિકોનો બનાવેલો એક વિશાળ થાંભલો હતો. એ આશરે બસ્સો હાથ ઊંચો હતો અને શંખાકારમાં શિખર સુધી જઈ રહ્યો હતો. શિવ જાણતા હતા કે સ્ફટિક બધા જ જાણીતા પથ્થરોમાં સૌથી વધુ કઠોર હોય છે અને તેમાં કોતરણી કરવી મુશ્કેલ હોય છે અને તેથી જ આ થાંભલા ઉપર ઝીણી કોતરણી જોઈને તેઓને ભારે આશ્ચર્ય થતું હતું. તેના ઉપર ભગવાન રામ અને સીતામાતાનાં ભવ્ય ચિત્રો હતાં. સાધારણ વસ્ત્રોમાં અલંકારો કે મુગુટ વગર, તેઓએ હાથના બનાવેલાં સૂતરનાં વસ્ત્રો પહેરેલાં હતાં જે ગરીબમાં ગરીબ વ્યક્તિ પહેરતા હતા. પોતાના ચૌદ વર્ષના વનવાસ દરમિયાન, જેમાંથી વધુ વર્ષો તો આ ગાઢ જંગલમાં જ વીત્યાં હતાં, આ દિવ્ય દંપતીએ આ જ વસ્ત્રો પહેર્યાં હતાં. એથી પણ વધુ નોંધપાત્ર વાત એ હતી કે લક્ષ્મણ અને હનુમાનની ગેરહાજરી તરી આવતી હતી, જે સામાન્ય રીતે સાતમા વિષ્ણુના દરેક ચિત્રમાં હોય છે જ. સીતામાતાએ પ્રભુનો હાથ નીચેથી પકડેલો હતો -- જાણે સમર્થન ન કરતાં હોય.

'આ ચિત્રાવલીમાં તેઓના જીવનના સૌથી બૂરા સમયને જ કેમ પસંદ કરવામાં આવ્યો છે ?' શિવે પૂછ્યું.

'આ એ સમયનું છે જ્યારે તેઓને અયોધ્યા છોડી જતા રહેવાનું કહેવામાં આવ્યું હતું, જ્યારે તે પછી રાક્ષસરાજા રાવણે સીતામાતાનું અપહરણ કર્યું હતું અને ભગવાન રામને તેઓને બચાવવા માટે ભયાનક યુદ્ધ લડવું પડયું હતું.'

વાસુદેવ પંડિત સહેજ હસ્યા, 'ભગવાન રામે કહ્યું હતું કે ભલે તેઓના સમગ્ર જીવનને ભૂલી જવામાં આવે પરંતુ એ સમય જે તેઓએ તેમનાં પત્ની, ભાઈ અને ભક્ત હનુમાન સાથે વનમાં વિતાવ્યો હતો, તે બધા જ કાયમ માટે યાદ રાખે, કારણ કે તેઓને વિશ્વાસ હતો કે આ એ જ સમય હતો જેણે તેઓને એ બનાવ્યા જે તેઓ હતા.'

ગોપાલ વચ્ચેના થાંભલાનો ટેકો લઈને ઊભા હતા. તેઓની નજીક જ બે આસનો હતાં, એક સીતામાતાની પ્રતિમાની નીચે અને બીજું ભગવાન રામના ચરણોમાં. આ બે આસનો વચ્ચે ક્રિયાકાંડનો અગ્નિ સળગી રહ્યો હતો. શુદ્ધિકારક અગ્નિની હાજરી સ્પષ્ટ જણાવતી હતી કે તેઓની બંને બાજુ બેઠેલા લોકો અસત્ય નહીં બોલે; નહીં બોલી શકે. ગોપાલની પાછળ અનેક વાસુદેવ પંડિત ધૈર્યપૂર્વક ઊભા હતા.

ગોપાલે શિવને નમન કર્યું અને ભાવપૂર્વક નમસ્તે મુદ્રામાં હાથ જોડ્યા. 'એક વાસુદેવ કેવળ બે ઉદ્દેશોને પૂરા કરવા જીવિત રહે છે. હવે પછીના વિષ્ણુ અમારી સામે આવી જાય અને જ્યારે ક્યારેય પણ મહાદેવ અવતરવાનો નિર્ણય લે તો અમે તેઓની સેવા કરીએ.'

જવાબમાં શિવે ગોપાલની સામે માથું નમાવ્યું.

'અહીં હાજર અમારામાંથી સૌ વ્યક્તિઓ ગૌરવ અનુભવે છે.' ગોપાલે વધુમાં કહ્યું, 'કારણ કે અમારા જીવનકાળમાં અમારો એક ઉદ્દેશ પૂરો થઈ જશે. અમે સૌ આપના આદેશને શિરોમાન્ય ગણીશું, પ્રભુ નીલકંઠ.'

'આપ મારા અનુયાયી નથી, ગોપાલ.' શિવે કહ્યું, "આપ મારા મિત્ર છો. હું અહીં આપની સલાહ લેવા આવ્યો છું, કારણ કે હું નિર્ણય લઈ શક્યો નથી.'

ગોપાલે હસીને બેઠકો તરફ ઇશારો કર્યો.

શિવ અને ગોપાલ પોતપોતાની બેઠકો ઉપર બેસી ગયા જ્યારે બીજા વાસુદેવ પંડિત તેઓની ચારેબાજુ જમીન ઉપર વ્યવસ્થિત રીતે બેસી ગયા.



ગણેશ, કાર્તિક અને બૃહસ્પતિ એક વાસુદેવ ક્ષત્રિયની સાથે ઉજ્જૈનમાં થોડી વાર માટે ફરવા નીકળી પડ્યા. ગણેશને સૌથી વધારે રસ બહારના વિસ્તારમાં આવેલા પશુઓના વાડાઓમાં હતો -- ખાસ કરીને હાથીઓના તબેલાઓમાં.

પોતાના ઘોડાને ગણેશના ઘોડા પાસે લાવીને વાસુદેવ ક્ષત્રિયે પૂછયું, 'હાથીઓમાં આપને આટલો રસ કેમ છે, સ્વામી ?'

'ભવિષ્યના યુદ્ધ માટે તે મહત્વપૂર્ણ છે. જો તેઓ આટલી સારી રીતે કેળવાયેલા છે, જેટલી હું આશા રાખું છું તો તેઓ એક મોટી ભૂમિકા ભજવશે.'

વાસુદેવ હસ્યા અને હાથીઓના તબેલા જ્યાં હતા તે રસ્તે પોતાના ઘોડાને આગળ કર્યો. નીલકંઠના પુત્રને તેઓના યુદ્ધ-હાથીઓમાં રસ લેતા જોઈ તે પ્રસન્ન હતા. વાસુદેવ ક્ષત્રિયોએ શાસક વાસુદેવ પંડિતોની સલાહ વિરુદ્ધ જઈને હાથીઓને કેળવણી આપવાની કળાને ફરીથી જીવતી કરી હતી. આ અદ્ભુત હાથીઓ ક્યારેક ભારતીય સૈન્યના એક મજબૂત અંગ રહ્યા કરતા હતા, પરંતુ હમણાંના સમયે સંરક્ષણની યુક્તિઓ વિકાસ પામી ગઈ હતી, જેના લીધે તેઓની ભયંકર શક્તિ ડગમગાઈ ગઈ હતી, જેમાં સૌથી અગત્યની યુક્તિ નગારાંઓનો અવાજ હતી જે હાથીઓને ઉત્તેજિત કરી દેતી હતી અને હાથીઓ ગાંડાની જેમ દોડવા માંડતા હતા, જેના લીધે તેમની જ સેનાના લોકો માર્યા જતા હતા. મોટાભાગના સેનાનીઓએ આના લીધે તેનો ઉપયોગ બંધ કરી દીધો હતો. છતાંય એ વાતને નકારી શકાય તેમ નહોતી કે કેળવાયેલા હાથી યુદ્ધના મેદાનમાં મહાવિનાશકારી થઈ શકતા હતા. ગણેશે વાસુદેવ સેનામાં કૌશલપૂર્વક કેળવાયેલા હાથીઓ વિષે સાંભળ્યું હતું, પરંતુ તેઓની વાત કરવાની પ્રખ્યાત રીતથી એ વાત ઉપર વિશ્વાસ મૂકવો કે કેમ તે મુશ્કેલ પ્રશ્ન હતો. કાર્તિક પોતાના ભાઈ તરફ ઝૂક્યો. 'પરંતુ મોટાભાઈ, ચંબલના હાથીઓ ઉપર સવાર થઈને અહીં આવતી વખતે તો આપણે તેઓના હાથીઓને જોઈ લીધા છે. તેઓ અસાધારણ રૂપે કેળવાયેલા અને શિસ્તબદ્ધ છે.

'હા, તેઓ છે, કાર્તિક.' ગણેશે જવાબ આપ્યો, 'પરંતુ તે હાથણીઓ હતી જેઓનો યુદ્ધમાં ઉપયોગ કરવામાં આવતો નથી. તે બધી ઘરગથ્થું કામો માટે ઉપયોગમાં લેવામાં આવે છે, જેમ કે લોકોનો સામાન લાવવો-લઈ જવો. યુદ્ધ સમયે તો નરહાથીઓની જરૂરત હોય છે.'

'શું એટલા માટે કે તેઓ વધુ આક્રમક હોય છે ?'

'પોતાના શાંત સ્વભાવ સિવાય પણ હાથીઓને વધુ આક્રમક બનાવવા માટે ભડકાવી શકાય છે, ત્યાં સુધી કે તેઓને કેળવી પણ શકાય છે. પરંતુ હાથિણીઓને વધુ આક્રમક બનાવવા માટે કેળવવી બહુ મુશ્કેલ છે, કારણ કે તે યોગ્ય કારણ હોય ત્યારે જાણી લેતી હોય છે, એટલે કે જ્યારે તેનું સંતાન સંકટમાં હોય. પરંતુ નરહાથીને એથી પણ વધુ સરળતાથી લડાયક થવા માટે કેળવણી આપી શકાય છે.

'એવું કેમ છે ?' કાર્તિકે પૂછ્યું, 'શું તુલનાત્મક રૂપથી હાથિણીઓમાં ઓછી બુદ્ધિ હોય છે ?'

'મેં સાંભળ્યું છે કે સરેરાશ માદાઓ વધુ તેજ હોય છે, પરંતુ તે થોડું જટિલ છે. હાથીઓના ઝુંડમાં માદાની જ સત્તા ચાલતી હોય છે અને સામાન્ય રીતે સૌથી મોટી ઉંમરની માદા જ જંગલમાં બધા નિર્ણય લેતી હોય છે; ક્યારે તેઓ આગળ વધશે, ક્યાં ભોજન લેશે, કોણ ઝુંડમાં રહેશે અને કોને બહાર કાઢી મૂકવાના છે.'

'કાઢી મૂકવાના ?'

'હા, નરહાથીઓ મોટી ઉંમરના થાય એટલે તેઓને ઝુંડને છોડી દેવાનું હોય છે. તેઓ પછી ક્યાં તો પોતે જ પોતાની રક્ષા કરવાનું શીખી જાય છે અથવા આવા બેઘર નરહાથીઓના ઝુંડમાં સામેલ થઈ જાય છે.'

'આ તો યોગ્ય ન કહેવાય.'

'કુદરત યોગ્ય-અયોગ્યની પરવા કરતી નથી, કાર્તિક. તેનો રસ તો કેવળ દક્ષતામાં હોય છે. નરહાથી ઝુંડમાં કોઈ વિશેષ ઉપયોગમાં નથી હોતો. માદાઓ પોતાની રક્ષા કરવા અને એકબીજાના સંતાનોનું ધ્યાન રાખવા યોગ્ય પ્રમાણમાં સક્ષમ હોય છે. નરની જરૂરત તો ફક્ત ત્યારે જ પડે છે જ્યારે માદા સંતાન ઇચ્છતી હોય છે.'

'તો એ કેવી રીતે... ?'

'પ્રજનનની ઋતુમાં માદા ઝુંડ કેટલાક ભટકતા હાથીઓનો થોડા સમય માટે સ્વીકાર કરી લે છે, જેથી માદાઓ ગર્ભધારણ કરી શકે. એ પછી નરહાથીઓને ફરી ત્યજી દેવામાં આવે છે.'

કાર્તિકે માથું હલાવ્યું. 'આ તો બહુ મોટી ક્રૂરતા કહેવાય.'

'બસ, તે આમ જ છે. જંગલી હાથિણીઓનો એક નક્કી કરેલો સામાજિક વ્યવહાર હોય છે અને સમૂહમાં રહેવાનો નિયમ હોય છે, જેને માતૃસત્તા લાગુ હોય છે. બીજી તરફ નરહાથીઓ ભટકતા હોય છે જેઓને પોતાના વર્ગના બીજા હાથીઓ સાથે કોઈ સંબંધ હોતો નથી, કારણ કે સામાન્ય રીતે તેઓ એકલા હોય છે, એટલે જીવતા રહેવા માટે તેઓને વધુ આક્રમક બનવું પડે છે. એટલે તેઓને ભાંગી પાડવા બહુ મુશ્કેલ હોય છે અને તેઓને નાની ઉંમરમાં જ પકડી લેવાના હોય છે. પરંતુ જો એક વાર તેઓને નમાવીને કબજે કરી લીધા તો તેઓને સાચવવા સરળ બની જાય છે અને પછી તેઓ તેમના મહાવત તરફ પ્રમાણિક રહે છે. એનાથી પણ મહત્વની વાત એ છે કે હાથિણીથી વિરુદ્ધ તેઓ કોઈ પૂરતા કારણ વગર જાન લઈ લેશે, ફક્ત એટલા માટે કે મહાવત તેને તેમ કરવાનો હુકમ આપે.'

'સ્વામી', ક્ષત્રિય વાસુદેવે આગળ તરફ આંગળી ચીંધીને તેઓની વાતચીતમાં ખલેલ પહોંચાડી, 'હાથીઓના તબેલા.'



'હું ધારું છું કે આપ પહેલેથી જ જાણો છો કે મને કઈ વસ્તુ બૂરાઈ છે તેની શંકા છે' શિવે વિધિ માટેના નાનકડા અગ્નિની સામે બેઠેલા ગોપાલને જોઈને કહ્યું.

'જો હું જાણતો ન હોત તો હું સારો મનને જાણનારો ન હોત', ગોપાલ હસ્યા, 'પરંતુ મને લાગે છે કે આપને એ જાણવામાં વધારે રસ છે કે હું સહમત છું કે નહીં.'

'હા, અને જો તમે સહમત છો તો આપનાં કયાં કારણો છે ?'

'પહેલી વાત પહેલાં. જરૂર અમે આપથી સહમત છીએ. પ્રત્યેક વાસુદેવ આપની સાથે સહમત છે.'

'શા માટે ?'

"અમે મહાદેવની સંસ્થાના નિષ્ઠાવાન અનુયાયી છીએ. એક વાર આપને સાચો ઉત્તર મળી જાય તો અમારે આપનાથી સહમત થવું જ પડશે.'

શિવે એ વાક્ય પકડી લીધું, 'એક વાર મને સાચો ઉત્તર મળી જાય ?'

'હા, અનેક પડકારો છતાં આપ પ્રત્યેક મહાદેવની સામે રાખવામાં આવેલા પ્રશ્નના સાચા ઉત્તર ઉપર પહોંચી ગયા છો : બૂરાઈ શું છે ?'

'શું તેનો અર્થ એ છે કે આપ પહેલાથી જ સાચો ઉત્તર જાણતા હતા ?'

'જરૂર. જે હું નહોતો જાણતો, તે મારી સામે મૂકવામાં આવેલા પ્રશ્નોના ઉત્તર હતા. વિષ્ણુ સંસ્થાના પ્રશ્નો બહુ જ જુદા હોય છે. મહાદેવનો મુખ્ય પ્રશ્ન છે : બૂરાઈ શું છે ? વિષ્ણુ માટે બે મુખ્ય પ્રશ્નો છે : હવે પછીની મહાન સારપ શું છે ? અને ક્યારે સારપ બૂરાઈ બની જતી હોય છે ?'

ક્યારે ?'

'હા, મહાદેવ બહારની વ્યક્તિ હોય છે પરંતુ વિષ્ણુને તો અંદરની વ્યક્તિ બનવાનું હોય છે. તેઓનું કામ એક નવી જીવનશૈલી રચવા માટે એક મહાન સારપનો પ્રયોગ કરવાનો અને પછી માનવીને એ માર્ગ ઉપર લઈ જવાનો હોય છે. મહાન સારપ કંઈ પણ હોઈ શકે છે. દૈવી શસ્ત્રો જેવી કોઈ નવી ટેકનિક અથવા સોમરસ જેવી રચના ! તે કોઈ નવું જ દર્શન પણ હોઈ શકે છે. મોટાભાગના અધિનાયક બસ તેનું અનુકરણ કરે છે જેનો પહેલાંના વિષ્ણુએ આદેશ આપ્યો હતો. પરંતુ ક્યારેક ક્યારેક કોઈ એવા વિષ્ણુ બહાર આવે છે જેઓ એક નવી જીવનશૈલીની રચના કરવા માટે એક મહાન સારપનો પ્રયોગ કરતા હોય છે. પ્રભુ રામે એવી જ એક સારપનો પ્રયોગ કર્યો હતો, જેમ કે આ વિચાર કે આપણે આપણા સમુદાયની પસંદગી કરી શકીએ છીએ -- નહીં કે એ સમુદાયમાં ફસાયેલા રહેવાનું જેમાં આપણો જન્મ થયો હોય છે. તેઓએ સોમરસના વ્યાપક પ્રયોગની પણ પરવાનગી આપી હતી જેથી ફક્ત કુલીન લોકો જ નહીં પણ બીજા કોઈ પણ તેની શક્તિઓનો લાભ ઉઠાવી શકે પરંતુ યાદ રાખજો, મહાન સારપ ક્યારેક મહાબૂરાઈ તરફ લઈ જતી હોય છે.'

'ભગવાન મનુએ આપેલી સમજણથી એટલું તો હું સમજી ગયો હતો. હું આપનાં કારણો સાંભળવા માંગીશ કે એવું કેમ છે ?'

'અમારા સમુદાયમાં અમારું એક દર્શનશાસ્ત્રનું પુસ્તક છે જે આ પ્રશ્નનો ઉત્તર બહુ જ સુંદર ઢબે આપે છે. એમાં મહાન ફિલસૂફોએ કહેલી વાતો આપવામાં આવી છે જેનું સદીઓથી આપણે બહુ જ સન્માન કરતા આવ્યા છીએ, જેવા કે શ્રદ્ધાપાત્ર હરિ અને શ્રદ્ધાપાત્ર મોહન. તેમાં અમારા સંસ્થાપક શ્રદ્ધાપાત્ર વાસુદેવથી શરૂ કરીને વાસુદેવ સમાજના પ્રમુખોની સમજણ પણ આપેલી છે. એ પુસ્તકનું નામ છે -- 'પ્રભુનાં ગીત'.

'પ્રભુનાં ગીત ?'

'હા. પુરાણી સંસ્કૃતમાં એને ભગવદ્‌ગીતા કહે છે. ગીતામાં એક સુંદર પંક્તિ છે જેમાં એ વાત છુપાયેલી છે જે હું કહેવા માગું છું. અતિ સર્વત્ર વર્જયેત્. અતિથી બચવું જોઈએ. કોઈ પણ વસ્તુનો અતિરેક ખૂબ જ ખરાબ વાત છે. આપણામાંથી કેટલાક લોકો સારપની તરફ ખેંચાઈએ છીએ. પરંતુ બ્રહ્માંડ સમતુલા રાખવાનો પ્રયત્ન કરે છે. એટલા માટે જે કોઈ લોકો માટે સારપ હોય છે તે બીજા લોકો માટે બૂરાઈ હોઈ શકે છે. ખેતી આપણે મનુષ્યો માટે સારી વાત છે કારણ કે તે આપણને ભોજનની પૂરતી અને નક્કી સગવડ આપે છે, પરંતુ તે પશુઓ માટે બૂરી વાત છે જેઓ પોતાના વન અને ચરવાની જગ્યાઓ ખોઈ બેસે છે. પ્રાણવાયુ આપણા માટે સારી વાત છે, કારણ કે તે આપણને જીવતા રાખે છે, પરંતુ અવાયુજીવો માટે જેઓ અબજો વર્ષો પહેલાં જીવતા હતા, આ વિષયુક્ત હતું અને તેણે બધાનો નાશ કરી નાખ્યો હતો. આ માટે જો બ્રહ્માંડ સમતુલા બનાવી રાખવાનો પ્રયાસ કરી રહ્યું છે તો આપણે એ નક્કી કરી દેવું જોઈએ કે સારપનો અતિશય ઉપભોગ ન કરવો, અને તેમાં સહાયરૂપ થવું. નહીં તો બ્રહ્માંડ સારપને પ્રભાવ વગરનું બનાવવા માટે બૂરાઈની રચના કરીને પોતાને ફરીથી સંતુલિત કરી દેશે. આ બૂરાઈનો હેતુ છે : તે સારપને સંતુલિત કરે છે.

'એવી સારપ કેમ નથી હોતી જે બૂરાઈને બનાવે જ નહીં ? આપણે એવી જીવનશૈલીની

સ્થાપના કેમ નથી કરી શકતા જે બ્રહ્માંડને અસંતુલિત ન કરે ?'

'આ અશક્ય છે. આપણું જીવતા રહેવું જ અસંતુલનોને ઉત્પન કરે છે. જીવતા રહેવા માટે આપણે શ્વાસ લઈએ છીએ. જ્યારે શ્વાસ લઈએ છીએ ત્યારે આપણે પ્રાણવાયુને અંદર ખેંચીએ છીએ, અને કાર્બન વાયુને બહાર ફેંકીએ છીએ. આમ કરીને શું આપણે અસંતુલન ઉત્પન કરતા નથી ? શું કાર્બનવાયુ કેટલાક લોકો માટે બૂરી વસ્તુ નથી ? એક માત્ર રસ્તો જેને આપણે બૂરાઈને જન્મ લેતા રોકી શકીએ છીએ, તે એ છે કે આપણે સારપનો પ્રયોગ કરવાનો બંધ કરી દઈએ ! આપણે જીવતા રહેવાનું જ બંધ કરી દઈએ. પરંતુ આપણો જન્મ થયો છે તો પછી જીવતા રહેવું એ આપણું કર્તવ્ય છે. એને આપણે બ્રહ્માંડના દ્રષ્ટિકોણથી જોઈએ. એકમાત્ર સમય હતો જ્યારે બ્રહ્માંડ પૂર્ણ સંતુલનમાં હતું જે તેમની સૃષ્ટિની પળ હતી અને તેની પહેલાંની પળ એ હતી જ્યારે તેનો નાશ કરી દેવામાં આવ્યો હતો ! કારણ કે તે એ સમય હતો જ્યારે તે પૂર્ણ અસંતુલનમાં હતું. સૃષ્ટિ અને વિનાશ એક જ પળના બે છેડા છે. સૃષ્ટિ અને હવે પછીના વિનાશની વચ્ચે બધી જ જીવનયાત્રા છે. બ્રહ્માંડનો ધર્મ રચના કર્યા કરવાનો છે, જીવનને પોતાના નક્કી વિનાશ ઉપર પહોંચાડવા સુધી પૂરી રીતે જીવવાનું છે અને ફરીથી બીજીવાર રચના કર્યા કરવાની છે. આપણે તો આ બ્રહ્માંડના સાધારણ અંશમાત્ર છીએ.'

'આ તો ફક્ત સિદ્ધાંત છે, પંડિતજી.'

'હા, સિદ્ધાંત તો છે. પરંતુ તે ઘણીબધી એવી વાતોને સમજાવે છે જે અન્યથા ગૂઢ લાગતી હોય છે.'

'જો હું આપની સાથે સહમત પણ થઈ જાઉં તો એ આપણા સ્તર ઉપર કેવી રીતે કાર્ય કરશે ? બ્રહ્માંડની સરખામણીએ આપણે તો અતિસૂક્ષ્મ છીએ.'

'હા, આ સાચી વાત છે, પરંતુ બ્રહ્માંડ પોતાના સૂક્ષ્મ રૂપે આપણી અંદર રહે છે. સારપ અને બૂરાઈ દરેક જીવિત એકમની જીવનશૈલી છે -- આપણા સહિત. આપણી રચના અને વિનાશ સારપ અને બૂરાઈના માધ્યમથી, સંતુલન અને અસંતુલનના માધ્યમથી થાય છે. એ પશુઓ, છોડો, ગ્રહો, નક્ષત્રો, દરેક વસ્તુઓ માટે સત્ય છે. આપણે મનુષ્યોને જે વાત વિશિષ્ટ બનાવે છે તે એ છે કે આપણે નક્કી કરી શકીએ છીએ કે સારપ અને બૂરાઈને કેવી રીતે નિયંત્રિત કરીએ. મોટાભાગનાં પ્રાણીઓને આ તક નથી આપવામાં આવી. લાખો વર્ષો પહેલાં પૃથ્વી ઉપર વિશાળ પ્રાણીઓ રહેતાં હતાં. જળ અને વાયુમાં પરિવર્તન આવવાથી તેઓ લુપ્ત થઈ ગયાં. આપણી પાસે એ માનવાને પૂરતાં કારણો છે કે તે માટે તેઓ જવાબદાર ન હતાં, પરંતુ તેઓ તો એ બૂરાઈનો શિકાર બન્યા હતા જેણે અચાનક જ પોતાનું માથું ઊંચક્યું હતું. પરંતુ મનુષ્ય પરમાત્માની સૌથી મોટી ભેટ બુદ્ધિથી સમૃદ્ધ છે. તે આપણને પસંદગી કરવાની તક આપે છે. આપણામાં સચેતન ભાવથી સારપને પસંદ કરવાની અને આપણા જીવનને સુધારવાની શક્તિ આપે છે. બૂરાઈ સંપૂર્ણ રીતે આપણો નાશ કરે તે પહેલાં આપણામાં તેને રોકવાની ક્ષમતા છે. બીજા જીવતાં પ્રાણીઓની સરખામણીમાં પ્રકૃતિ સાથેનો આપણો સંબંધ જુદો જ છે. બીજાઓ ઉપર પ્રકૃતિ સ્વચ્છાએ આરોપિત થાય છે. આપણી પાસે ઘણી વાર એ વિશેષાધિકાર હોય છે કે આપણે આપણી ઇચ્છા પ્રકૃતિ ઉપર આરોપિત કરી દઈએ. આપણે સારપની રચના કરીને અને તેના પ્રયોગથી તેમ કરી શકીએ છીએ, જેવી રીતે આપણે ખેતીની રચના કરી હતી. પરંતુ એ ભુલાઈ ગયું કે ક્યારેક જે સારપની આપણે રચના કરીએ છીએ તે આપણને એ બૂરાઈ તરફ લઈ જાય છે જે આપણો વિનાશ કરશે.'

'શું અહીં મહાદેવ આવે છે ?'

'હા, સારપ ભગવાન બ્રહ્મા જેવા રચનાત્મક વિચારકો અને વૈજ્ઞાનિકો દ્વારા ઉત્પન થતી હોય છે, પરંતુ તે માટે એક વિષ્ણુની જરૂરત પડે છે કે તેઓ એ સારપને કાબૂમાં કરીને

માનવતાને પ્રગતિના પથ ઉપર લઈ જાય. વિરોધાભાસી રૂપથી જોઈએ તો સમાજમાં અસંતુલન આ પ્રગતિમાં છુપાયેલું છે. બીજાં કામોમાં એક વિષ્ણુ જાગે છે અને સમાજને એ બૂરાઈથી દૂર કરવા માટે હસ્તક્ષેપ કરે છે, જેમાં સારપ તેને લઈ જઈ રહી હોય છે ! તેઓ એક વૈકલ્પિક સારપનું નિમણ કરે છે. સોમરસના ખરાબ બળને અને એ રીતે તેના વિષ ભરેલા પ્રભાવોને ઓછા કરીને બૃહસ્પતિ એવો જ હસ્તક્ષેપ કરવાનો પ્રયાસ કરી રહ્યા હતા. જો તેઓ સફળ થઈ ગયા હોત તો અમે વાસુદેવ જરૂર એ ધ્યેયને પૂરો કરવા માટે તેઓની મદદ કરત. એક હાનિ વગરની સોમરસ ઉપર આધારિત એક નવી જીવનશૈલી સ્થપાઈ હોત. પરંતુ દુઃખ છે, બૃહસ્પતિ સફળ ન થયા અને તે માર્ગ બંધ થઈ ગયો. હવે બસ મહાદેવનો માર્ગ બચ્યો છે ! સંઘર્ષ કરીને અને પછી લોકોને એ સારપથી દૂર લઈ જવાના, જે હવે બૂરાઈ બની ગઈ છે.’

‘એટલે કે એક વિષ્ણુ એક વૈકલ્પિક સારપ પ્રદાન કરીને લોકોને એ સારપથી દૂર કરી શકે છે જે બૂરાઈમાં બદલાઈ ચૂકી છે. પરંતુ એક મહાદેવને લોકોને સારપને ત્યાગવાનું કહેવાનું, બદલામાં બીજું કશું આપ્યા વગર.’

‘હા, અને આમ કરવું સરળ નથી. સોમરસ હજી પણ અનેક લોકો માટે સારો છે. એ નાટકીય રૂપે તેઓના જીવનકાળને વધારી દે છે અને તેઓને યુવાન, રોગમુક્ત અને ફળદાયી જીવન જીવવા માટે શક્તિ આપે છે, પરંતુ આખા સમાજ માટે તે બૂરાઈ છે. આપણે એક મોટા કલ્યાણ માટે લોકોને તેઓનાં સ્વાર્થી હિતોનો ત્યાગ કરવાનું કહી રહ્યા છીએ, પરંતુ બદલામાં સામે કશું આપતા નથી. આ માટે એક બહારની વ્યક્તિ, એક અધિનાયકની જરૂરત છે, જેનું લોકો આંધળું અનુકરણ કરે. તેના માટે એક ઈશ્વરની જરૂરત છે જે ઉત્કટ સમર્પણને જાગૃત કરે છે. એના માટે મહાદેવની જરૂરત છે.’

‘તો આપ સદૈવથી જાણતા હતા કે સોમરસ બૂરાઈ છે ?’

‘અમે સદેવ જાણતા હતા કે આ અંતે તો બૂરાઈ બની જશે. બસ અમે એ જાણતા નહોતા કે ક્યારે. યાદ રાખજો, સારપને તેનો માર્ગ પૂરો કરવાનો હોય છે. જો આપણે સારપને સમયના પહેલાં સમાજમાંથી દૂર કરી દઈશું તો સભ્યતાના વિકાસમાં આડખીલી ઊભી કરીશું, પરંતુ જો બહુ જ મોડેથી દૂર કરીશું તો આપણે સમાજના સંપૂર્ણ વિનાશનું જોખમ ઊભું કરી દઈશું. એ માટે બૂરાઈ વિરુદ્ધ લડાઈમાં, વિષ્ણુની સંસ્થાને મહાદેવની સંસ્થાની રાહ જોવી પડી કે નિર્ણય લઈ લે કે યોગ્ય સમય આવી ગયો છે. અમારી બાબતમાં એક મહાદેવ સામે આવ્યા અને તેઓનું સંશોધન તેઓને એ નિષ્કર્ષ પર લઈ ગયું કે સોમરસ બૂરાઈ છે. એટલા માટે અમે જાણી ગયા હતા કે હવે સમય આવી ગયો છે જ્યારે બૂરાઈને હટાવવી જ પડશે. સોમરસને સંતુલનની બહાર કરવો જ પડશે.



ગણેશ, કાર્તિક અને બૃહસ્પતિ હાથીઓના તબેલાના પ્રવેશદ્વાર ઉપર ઊભા હતા. ત્યાં વિશાળ પથ્થરોમાંથી બનાવવામાં આવેલા દસ ગોળાકાર વાડા હતા. દરેક વાડામાં ૮૦૦થી ૧૦૦૦ સુધી હાથી રહી શકતા હતા. પાંચ વાડા હાથિણીઓ અને તેઓના સંતાનો માટે હતા. બાકીના પાંચ નરહાથીઓ માટે સુરક્ષિત હતા જેઓને નિયમિત રૂપે યુદ્ધ માટે કેળવણી આપી તૈયાર કરવામાં આવતા હતા.

હાથિણીઓના વાડામાં વચ્ચોવચ વિશાળ તળાવ હતાં, જે પશુઓને ડૂબકી મારવા, માટીમાં નહાવા અને પાણીથી રમત કરવાની તક આપતાં હતાં. તળાવોની આજુબાજુના

વિસ્તારમાં પશુઓનું સામાજિક હળવામળવાનું સ્થાન પણ હતું. મધ્યમાં આવેલા તળાવની આસપાસ -- પૌષ્ટિક પાંદડાંઓનો ઢગલો પશુઓની ખોરાકની ભરપૂર માંગને પૂરો કરતો હતો. તાજી વનસ્પતિ ખવડાવવા માટે હાથિણીઓને નાના નાના સમૂહમાં જંગલમાં પણ લઈ જવામાં આવતી હતી. આવી રીતે ફરતી વખતે હાથિણીઓ પોતાની પીઠ ઝાડના થડ સાથે ઘસી લેતી પણ હતી, જેના લીધે તેઓની મરી ગયેલી ચામડી ખરી જતી હતી. હાથિણીઓના વાડામાં આરામ કરવા માટેની જગ્યા જુદી કરવામાં આવી ન હતી જેના લીધે તેઓ સ્વતંત્ર રીતે એકબીજા સાથે મળતી રહેતી હતી. તે બધી ખાસ કરીને પોતાની વિશિષ્ટ વરિષ્ઠ હાથિણીના નેતૃત્વમાં સમૂહમાં રહેતી હતી.

પરંતુ નરહાથીઓના વાડા એકદમ જુદા જ હતા. સૌથી પહેલાં તો વિશ્રામશાળાઓમાં દરેક હાથીના માટે અલગ ઓરડો બનાવેલો હતો. હાથીનો પોતાનો મહાવત એના વાડાની બરાબર ઉપર રહેતો હતો અને એક રીતે જોઈએ તો પોતાનો બધો જ સમય પોતાને આધીન હાથીને નિયંત્રિત કરવામાં ગાળતો હતો. તે હાથીના મનમાં પોતાના મહાવત પ્રતિ લગાવ પેદા કરતો હતો. હાથીઓ તરફથી કોઈ કામ કરવાની અપેક્ષા રાખવામાં આવતી નહોતી. મરેલી ચામડી ઉતારવા માટે તેઓ પોતાની પીઠ પથ્થરો કે ઝાડ સાથે ઘસતા ન હતા, મહાવત રોજ તેઓને નવડાવતો હતો. તેઓ તેમના ભોજન માટે કોઈ ખાસ જગ્યાએ જતા ન હતા. એના બદલે તાજા કાપેલા છોડ તેઓના વાડાની બહાર પહોંચતા કરવામાં આવતા હતા. નરહાથીઓનું બસ એક જ કામ રહેતું -- યુદ્ધ માટે કેળવણી પામવી.

નરહાથીઓના મધ્યવિસ્તારને આ ઉદ્દેશ્ય માટે સરખી રીતે તૈયાર કરવામાં આવ્યો હતો. મધ્યવાડામાં એક તળાવ હતું -- હાથિણીઓના વાડાની જેમ. પરંતુ આ તળાવ વધુ ઊંડું હતું. અહીં હાથીઓને તેઓની જન્મજાત તરવાની આવડતને વધુ સારી રીતે વિકસાવવાની તાલીમ આપવામાં આવતી હતી. તેઓને નૌકાઓ સાથે અથડાઈ જવાનું અને તેને ડુબાડી દેવાનું શીખવવામાં આવતું હતું. તળાવની આજુબાજુ બહુ જ મોટાં કેળવણી માટેનાં સ્થળ હતાં જ્યાં હાથીઓને વિરોધી દુશ્મનની સીમારેખાને કચડી નાખવા જેવાં વિશિષ્ટ કામો શીખવવામાં આવતાં હતાં. તેઓને યુદ્ધની ગરમીને સહન કરી શકે તેટલા મજબૂત બનાવવામાં આવતા હતા. વાસુદેવ હમણાં હમણાં શરૂ થયેલ ધીમા અવાજનાં નગારાંઓના વ્યાપક પ્રયોગ પ્રતિ સજાગ હતા, જે હાથીઓને પરેશાન કરીને ખોખલા કરી દેતા હતા. તેનો સામનો કરવા માટે વાસુદેવોએ તેઓના કાન માટે એક નવી જ જાતના ડટ્ટા બનાવ્યા હતા. એ સિવાય, હાથીઓને રોજ ધીમા અવાજનાં યુદ્ધનગારાં પણ સંભળાવવામાં આવતાં હતાં જેથી તેઓ એ અવાજથી ટેવાઈ જાય.

ગણેશ, કાર્તિક અને બૃહસ્પતિને નરહાથીઓના વાડામાં લઈ જવામાં આવ્યા. વાસુદેવ તેઓને સીધા એક એવા હાથી તરફ લઈને ગયા જેના ઉપર વ્યક્તિગત રીતે તેને ગર્વ હતો. વાડાની પાસે પહોંચીને તેણે મહાવતને બૂમ પાડી અને કહ્યું કે હાથીને આશ્રયસ્થાનની બહાર લઈને તે આવે. હાથી ઉપર તેના માથાની પાછળ બેઠેલા મહાવતે તરત તે પ્રમાણે કર્યું. ગણેશને નવાઈ લાગી કે હાથીની આંખો પડદાથી ઢંકાયેલી હતી. વાસુદેવ ક્ષત્રિયે ચોખવટ કરી કે એ આવરણને મહાવત પોતાની જગ્યાએથી સરળતાથી હટાવી શકતો હતો. એનો ઉપયોગ ત્યારે કરવામાં આવતો હતો કે જ્યારે તેઓ ઇચ્છતા હતા કે હાથી ફક્ત મહાવતના કહેવા પ્રમાણે ચાલે, ન કે એ આધાર ઉપર જે તે જોતો હોય છે. એક પિત્તળની જંજીર સાથે તેની સુંઢમાં ધાતુનો એક વેલણ આકારનો દડો બાંધેલો હતો. વાસુદેવે તે પછી લાકડાના એક ગોળ પાટિયાને લક્ષ્યના રૂપમાં રાખ્યો. તે માનવકપાળથી ત્રણગણો મોટો હતો.

'આપ સૌ થોડા પાછળ જતા રહો.' વાસુદેવે ભેગા થયેલા લોકોને કહ્યું.

જ્યારે અતિથિ પાછળ હટી ગયા ત્યારે વાસુદેવે મહાવતની તરફ જોયું અને માથું હલાવ્યું. તેણે નિર્દેશ પ્રમાણે ધીરેથી પોતાના પગ હાથીના કાનો પાછળ દબાવ્યા. હાથી ધીરેથી લાકડાના લક્ષ્યની તરફ આગળ વધ્યો અને આદેશો સમજ્યો હોય તેમ તેણે પોતાનું માથું હલાવ્યું. પછી અચાનક જ વીજળી જેવી ગતિથી તેણે પોતાની શક્તિશાળી સુંઢ ઝુલાવી, ધાતુના ગોળાથી લાકડાના પાટિયાની વચ્ચોવચ્ચ પ્રહાર કર્યો અને લક્ષ્યને ચૂરચર કરી નાખ્યો.

કાર્તિકે પ્રશંસામાં ધીમેથી સીટી વગાડી.

ગણેશે વાસુદેવની તરફ જોયું. 'શું આપણે લક્ષ્યને થોડો વધુ દિલચસ્પ બનાવી શકીએ છીએ ?'

વાસુદેવ પોતાના હાથી માટે એટલો આત્મવિશ્વાસ ધરાવતો હતો કે તરત સહમત થઈ ગયો. લાકડાનું એક બીજું લક્ષ્ય લાવવામાં આવ્યું, પરંતુ ગણેશના કહેવા પ્રમાણે તેને નીચે પૈડાના તખ્તા ઉપર રાખી દેવામાં આવ્યું. તેણે લક્ષ્યના રૂપમાં લાકડાના પાટિયા ઉપર એક નાનો ચાંલ્લો બનાવી દીધો. તે માનવકપાળના આકારનો હતો. એની સાથે જ ગણેશે હાથીની સૂંઢ પર બાંધેલા ધાતુના ગોળાને ગાઢા લાલ રંગમાં રંગવાનું કહ્યું. જેથી તેને ખબર પડી જાય કે ગોળાએ લક્ષ્ય ઉપર સારી રીતે ક્યાં ઘા કર્યો હતો. મહાવતને એ નક્કી કરવાનું કામ આપી દેવામાં આવ્યું કે હાથી ગોળાના નાના ચાંલ્લા ઉપર ઘા કરે જ્યારે બે બીજા સૈનિકો લાંબા દોરડાથી પાટિયાને અહીં-ત્યાં ખેંચી રહ્યા હતા. લક્ષ્ય -- એવા માણસની પ્રતિકૃતિ જેવા હતા જે હાથીના ઘાથી બચવા માટે પ્રયત્ન કરી રહ્યા હોય. જો વ્યાપક નરસંહારથી બચવા હાથીને કોઈ વિશેષ વ્યક્તિને મારવા માટે પ્રયોગમાં મૂકવામાં આવે તો વિરોધી સેનાના નાયકને લક્ષિત કરીને તેને નેતાવિહોણી કરી શકાતી હતી.

બધા લોકો પાછળ જતા રહ્યા. મહાવતે પોતાના પગથી ઇશારો કરતાં કરતાં અને હાથીને ધીરે ધીરે લક્ષ્યની તરફ આગળ વધારતા જઈને પોતાની આંખો પાટિયા ઉપર ચોંટેલી રાખી. દોરડાં પકડેલા સૈનિકો એક પછી એક દોરડાં ખેંચીને છોડી રહ્યા હતા, જેના લીધે લક્ષ્ય સતત ગતિમાન રહેતું હતું. અચાનક મહાવતે પોતાના ડાબા પગથી તીવ્રતાથી તેને દબાવ્યો અને હાથીએ પોતાની શક્તિશાળી સુંઢ ઘુમાવી દીધી. ધાતુનો ગોળો લાકડાના પાટિયાની મધ્યમાં જઈને અથડાયો. આ ઘાતક હુમલો હતો.

ગણેશ હસ્યા અને બોલી ઊઠયા, 'પશુપતિનાથની સોગંદ, શું હાથી છે !'



પ્રકરણ-૮

કોણ છે શિવ ?

'જો હું કોઈ જુદા જ નિષ્કર્ષ પર પહોંચ્યો હોત તો ?' શિવે પૂછયું.

'તો અમે જાણી જાત કે હજી બૂરાઈના જવાનો સમય આવ્યો નથી.' ગોપાલે પ્રત્યુત્તર આપ્યો, 'સોમરસ હજી પણ સારપનું બળ છે.'

'શું આ વધુ પડતું સરળ નથી ? શું આપને ખરેખર વિશ્વાસ હતો કે કોઈ નિરુદ્દેશ્ય, અપરિચિત વિદેશી આ યુગના સૌથી મહત્ત્વપૂર્ણ પ્રશ્નના સાચા ઉત્તર સુધી પહોંચી શકશે ? શું આ રીતે આ પ્રણાલી કામ કરે છે ?'

ગોપાલ હસ્યા, 'હકીકતમાં નહીં. પ્રણાલી બહુ જ જુદી છે. જો હું ખોટો ન હોઉં તો એક વાસુદેવ પંડિતે આપને વાયુપુત્રોના વિષયમાં બતાવ્યું હતું. જેવી રીતે આપણે અગાઉના વિષ્ણુ દ્વારા પાછળ છોડી ગયેલો સમુદાય છીએ, એ જ રીતે વાયુપુત્ર અગાઉના મહાદેવ, ભગવાન રુદ્ર દ્વારા પાછળ છોડવામાં આવેલો સમુદાય છે. વિષ્ણુ અને મહાદેવની સંસ્થાઓ એકબીજા સાથે હળીમળીને કામ કરે છે. વાસુદેવ વાયુપુત્રોની સાથે નજીકનો સંપર્ક રાખે છે. આપણે તેઓને એ પ્રશ્ન કરીએ છીએ જે ભગવાન મનુએ તેમના માટે આરક્ષિત રાખ્યો હતો : બૂરાઈ શું છે ? અને તેઓ આપણને એ પ્રશ્ન કરે છે જે આપણા માટે આરક્ષિત રાખવામાં આવ્યો છે : હવે પછીની મહાન સારપ શું છે ? વાયુપુત્ર નીલકંઠની સંસ્થાને નિયંત્રિત કરે છે. તેઓ નીલકંઠની ભૂમિકા માટે સંભવિત ઉમેદવારોને પ્રશિક્ષિત કરે છે અને જો તેઓને વિશ્વાસ થાય કે બૂરાઈએ માથું ઊંચકી લીધું છે તો તેઓ નીલકંઠની ઓળખાણની રજા આપી દે છે.'

'કાલીએ મને આ અંગે કહ્યું હતું. પરંતુ વાયુપુત્ર તેઓના નક્કી કરેલા સમયે કોઈ વ્યક્તિના કંઠને નીલા રંગમાં બદલી નાખવાનું કાર્ય કેવી રીતે કરતા હશે ?'

'મેં સાંભળ્યું છે કે જ્યારે ભાવી ઉમેદવાર કિશોરાવસ્થામાં પ્રવેશ કરે છે ત્યારે તેઓ તેના ઉપર કોઈ ઔષધિનો પ્રયોગ કરે છે. તેના કંઠમાં એ ઓષધિનો પ્રભાવ વર્ષો સુધી નિષ્ક્રિય રહે છે, પછી એક વિશિષ્ટ આયુમાં તેના સોમરસ પીવાથી તે રૂબરૂ દેખાય છે. મને વિશ્વાસ છે કે સોમરસ વ્યક્તિના કંઠમાં પહેલેથી હાજર ઔષધિના અંશો સાથે પ્રતિક્રિયા કરે છે, જેના લીધે તેનો કંઠ નીલો બની જાય છે. જો આ ક્રિયાને એ પ્રમાણે થવાનું હોય છે જેમ કે વિચારી લેવામાં આવ્યું હતું તો એ બધી ક્રિયાઓને એ વ્યક્તિના જીવનના વિશિષ્ટ સમયે કરવી પડશે. દાખલા તરીકે જો કોઈ વ્યક્તિ કિશોરાવસ્થાના પંદરથી વધુ વર્ષો પછી સોમરસ પીવે છે તો તેનો કંઠ

નીલો નહીં થાય, ભલેને તેને બાળપણમાં વાયુપુત્ર ઓષધિ આપવામાં આવી હોય.'

શિવની આંખો પહોળી થઈ ગઈ. 'આ તો ખરેખર જટિલ છે.'

'આ એક સાધન છે જેના દ્વારા પ્રણાલીને નિયંત્રણમાં રાખી શકાય છે. જેમ કે આપ કલ્પના કરી શકો છો, કેવળ વાયુપુત્ર જ આ પ્રક્રિયાને એ રીતે નિયંત્રિત કરી શકે છે કે નિશ્ચિત સમય ઉપર એ વ્યક્તિનો કંઠ નીલો થઈ જાય. આ કિંવદંતીમાં લોકોનો અંધવિશ્વાસ સુનિશ્ચિત કરશે કે તેઓ નીલકંઠનું આગમન વિચારશે અને બૂરાઈને સંતુલનની બહાર કરી શકાશે. મારે એ કહેવું પડશે કે થોડા સમયથી આપણે પણ એ માનવા લાગ્યા હતા કે સોમરસ બૂરાઈમાં પરિવર્તિત થઈ રહ્યો છે. પરંતુ નીલકંઠ સંસ્થાને આપણે નિયંત્રિત કરતા નથી. એ વાયુપુત્ર કરે છે અને તેઓને વિશ્વાસ હતો કે સોમરસ હજી પણ સારપ છે. એટલે જ તેઓએ તેમના નામાંકિત નીલકંઠને સામે લાવવાની ના કહી દીધી હતી. જોકે અમને ભરોસો હતો કે નીલકંઠનો પ્રત્યક્ષ આવવાનો સમય આવી ગયો છે પરંતુ તેવું થયું નહીં.'

'શું આપે આપની વાત વાયુપુત્રોની સામે મૂકી હતી ?'

'મૂકી હતી. પરંતુ તેઓ સંમત હતા નહીં. આપણી સામે કેવળ એક જ વિકલ્પ હતો કે કોઈ બીજી સારપ બનાવીને આપણે વિષ્ણુવિધિ મારફત પ્રશ્ન ઉકેલવાનો પ્રયત્ન કરીએ. એમાં અમે લાગી ગયા હતા અને એક એવી ઘટના બની જેણે બધાને અચંબામાં નાખી દીધા, વાયુપુત્રો સહિત.'

શિવે પોતાની તરફ સંકેત કરતાં કહ્યું, 'અચાનક હું ટપકી પડ્યો.'

'હા, ખરેખર તો કોઈ સમજી જ ન શકયું કે આ શું થઈ ગયું. અમે જાણતા હતા કે આપ વાયુપુત્રો દ્વારા અધિકૃત ઉમેદવાર નહોતા. સાચી વાત તો એ છે કે ઘણાબધા વાયુપુત્રો માનતા હતા કે આપ ધુતારા છો અને જલદી ઉઘાડા પડી જવાના છો. કેટલાક તો નીલકંઠ સંસ્થાના હિતમાં આપની હત્યા કરાવી દેવા માંગતા હતા. પરંતુ વાયુપુત્રોના અધિનાયક મિત્રાએ એમને રોક્યા અને તેઓએ નિર્ણય સંભળાવ્યો કે આપને આપના કર્મ અનુસાર જીવવા દેવામાં આવે.

'મિત્રા એવું શા માટે કરશે ?'

'હું નથી જાણતો. આ એક રહસ્ય છે. અમારી વચ્ચે પણ ખૂબ ચર્ચાઓ થઈ હતી. અમારામાંથી કેટલાકને વિશ્વાસ હતો કે આપનું રૂબરૂ આવવું અમને યોગ્ય ઠેરવશે અને સોમરસને સંતુલનની બહાર કરવા માટે આપનો ઉપયોગ કરવો જોઈએ. બીજા કેટલાક લોકો હતા જેમનો વિચાર હતો કે આપ એક અજ્ઞાત વ્યક્તિ છો જે અવ્યવસ્થા ફેલાવવા માટે નીલકંઠની કિંવદંતીનો ઉપયોગ કરી શકે છે. એ માટે અમારે તમારી સાથે કોઈ સંબંધ રાખવો જોઈએ નહીં. પરંતુ અમારી વચ્ચે કેટલાક એવા લોકો પણ હતા જેઓને વિશ્વાસ હતો કે બૂરાઈની નિયતિ નક્કી કરવી તે અમારું કામ નથી. આ બધી જ રીતે નીલકંઠનો અધિકાર છે. છતાં પણ અમારી વચ્ચે કેટલાક લોકોએ કહ્યું કે આપ ખરેખર, ક્ષમા ચાહું છું, એક અસભ્ય પુરુષ છો અને પૂરી સંભાવના છે કે આપ બૂરાઈના વિષયમાં અયોગ્ય નિષ્કર્ષ પર પહોંચશો. પરંતુ જે દ્રષ્ટિકોણ અંતે માન્ય થયો, તે એ હતો કે કદાચ પરમાત્માએ નીલકંઠ બનાવવા માટે આપને પસંદ કર્યા છે તો તે જ આપને યોગ્ય ઉત્તર સુધી લઈ જશે. અને અમારે પૂરી વિનમ્રતા સાથે તેનો સ્વીકાર કરવો જોઈએ.'

'અને હું સોમરસ પર પહોંચ્યો.'

'શું આ વાત નિર્ણયને સ્પષ્ટ કરી દેતી નથી ? આપ આ કામ માટે સૂચવવામાં આવ્યા નહોતા. છતાંય કોઈ રીતે યોગ્ય ઉંમરે આપને વાયુપુત્ર ઔષધિઆપવામાં આવી હતી. એ સિવાય, આપ યોગ્ય સમયે મેલુહા પણ પહોંચી ગયા હતા અને આપને સોમરસ આપવામાં આવ્યો, જેના લીધે આપનો કંઠ નીલો થઈ ગયો. આપને નીલકંઠની ભૂમિકા માટે પ્રશિક્ષિત

કરવામાં આવ્યા નહોતા. કોઈએ આપને મહત્ત્વપૂર્ણ પ્રશ્નનો ઉત્તર કહ્યો નહોતો. અમે જાણીજોઈને એવું કંઈ કહેવાની ના કહી દીધી હતી જે આપના મનમાં પૂર્વગ્રહ ઉત્પન કરી શકે. આપના કાર્યના સંબંધમાં આપની સાથે વાતચીતમાં અમે બહુ સતર્ક રહ્યા હતા અને છતાં પણ આપ યોગ્ય ઉત્તર સુધી પહોંચી ગયા. શું આ પૂરતો પુરાવો નથી કે આપને પરમાત્માએ પસંદ કર્યા છે અને આપ જ વાસ્તવમાં મહાદેવ છો ? તો શું એનાથી મારો એ નિર્ણય સરળ નથી બની જતો કે આપનું અનુકરણ કરીને અમે સ્વયં પરમાત્માનું અનુકરણ કરી રહ્યા છીએ ?'

શિવ પોતાની ખુરશીમાં પાછળ નમ્યા, પોતાના માથાને ઘસ્યું. તેઓનાં ભવાં આશાયેશ વગરનાં બની ગયાં.



ઉજજૈનની તેઓની નાનકડી મુલાકાત પછી બૃહસ્પતિ, ગણેશ અને કાર્તિક અતિથિગૃહમાં સતી, નંદી અને પરશુરામની પાસે આવી ગયા.

'નગર કેવું લાગ્યું, બૃહસ્પતિ ?' સતીએ પૂછ્યું.

'સુંદર અને સુવ્યવસ્થિત' બૃહસ્પતિએ ઉત્તર આપ્યો, 'મેલુહા અને પંચવટીની સરખામણીએ આ નગર પ્રભુ રામના આદર્શોને સારી રીતે વ્યક્ત કરે છે.'

સતી તે પછી ગણેશ અને કાર્તિકની તરફ વળી, 'મારા દીકરાઓ, તમને નગર પસંદ પડ્યું ?'

ગણેશે પોતાનો અભિપ્રાય વિચારીને આપ્યો. 'જોકે ઉજજૈન સારું નગર છે પરંતુ મને તેઓના હાથીઓના તબેલાઓએ આકર્ષી લીધો. અમે યુદ્ધમાં આ પશુઓને સંભાળવાવાળા મહાવતોને જોયા. એ પાંચ હજારમાંથી દરેક એક હાથી, એક હજાર પાયદળના સૈનિકોની બરોબરીના છે. જ્યારે એવું લાગે છે કે વાસુદેવ નીલકંઠને અનુસરશે, તો હું કહી શકું છું કે આપણી શક્તિ અનેકગણી વધી ગઈ છે. આ હાથીઓ આપણા પક્ષમાં હશે તો આપણે પહેલાંની જેમ અનિશ્ચિત સ્થિતિમાં નહીં રહીએ.'

'અનિશ્ચિત સ્થિતિ ?' પરશુરામે પૂછ્યું. 'માનનીય ગણેશ, હું તમારી વાત સાથે સંમત નથી થતો, તો ક્ષમા કરજો. પરંતુ આપ એવું કઈ રીતે કહી શકો છો ? આપણી સાથે નીલકંઠ છે. એનો અર્થ એ થયો કે ભારતવાસીઓની એક વિશાળ બહુમતી આપણી સાથે હશે. હું તો કહીશ કે શક્યતાઓ મોટા સ્વરૂપે આપણા પક્ષમાં છે.'

'પરશુરામ, મેં સદાય તમારી બહાદુરી અને નીલકંઠ તરફના તમારા અતૂટ સમર્પણનાં વખાણ કર્યાં છે. પરંતુ યુદ્ધ માત્ર આશા રાખવાથી જીતી શકાતું નથી. કેવળ આપણી નબળાઈઓનું ઈમાનદારીપૂર્વક મૂલ્યાંકન અને તેનું નિરાકરણ જ વિજય અપાવી શકે છે.'

'આપણી કઈ નબળાઈઓ હોઈ શકે છે ? આપણું નેતૃત્વ નીલકંઠ કરી રહ્યા છે. લોકો તેમનું અનુકરણ કરશે.'

'લોકો નીલકંઠનું અનુકરણ કરશે પરંતુ તેઓના રાજા નહીં. અને યાદ રાખજો, સેના ઉપર લોકો નહીં, રાજા નિયંત્રણ રાખતા હોય છે. સમ્રાટ દક્ષ પહેલેથી જ આપણી વિરુદ્ધ છે અને સમ્રાટ દિલીપ પણ. એક સાથે મળીને તેઓ પાસે મેલુહાની તકનીકી હોશિયારી અને સ્વદ્વીપની બહુમતી થઈ જાય છે. આ એક બહુ જ શક્તિશાળી સેના બની જતી હોય છે.'

'પરંતુ મોટાભાઈ,' કાર્તિકે દલીલ કરી. 'જો નબળો અધિનાયક નેતૃત્વ કરે તો સૌથી સબળ સેના પણ બીનઉપયોગી થઈ જતી હોય છે. શું આપ તેઓના પક્ષમાં કોઈ સારો સેનાપતિ જોઈ

શકો છો ? મને તો કોઈ દેખાતો નથી.'

ગણેશે પોતાનું માથું હલાવ્યું, અને કાર્તિક તરફ જોતા પહેલાં તેણે બૃહસ્પતિ અને નંદીની તરફ જોયું. 'તેઓ પાસે સર્વશ્રેષ્ઠ છે. તેઓ પાસે માનનીય પર્વતેશ્વર છે.'

સતી ગુસ્સે થઈ ગઈ. 'ગણેશ, મેં તને ચેતવણી આપી છે કે પિતાતુલ્યનું અપમાન ન કરવું.'

'હું જાણું છું કે તેઓ આપના પિતા સમાન છે, મા.' ગણેશે નમ્રતા સાથે કહ્યું, 'પરંતુ સચ્ચાઈ એ છે કે માનનીય પર્વતેશ્વર મેલુહા તરફથી લડશે.'

'ના, તેઓ નહીં લડે. તારા પિતાને તેઓ ઉપર સંપૂર્ણ વિશ્વાસ છે. તું એવું કેમ માની લે છે કે તેઓ છાનામાના જતા રહેશે અને એ લોકો સાથે ભળી જશે જેઓએ નીલકંઠની હત્યા કરવાનો પ્રયાસ કર્યો હતો ?'

'મા, પર્વતેશ્વરજી એટલા સ્વમાની છે કે ભાગી નહીં જાય. પોતાની વાત બાબાને સમજાવ્યા પછી તેઓ ખુલ્લેઆમ જશે. અને વિશ્વાસ કરજો, બાબા તેઓને જવા દેશે. તેઓ તેમને રોકવાનો પ્રયત્ન નહીં કરે, કારણ કે બંને સ્વમાની વ્યક્તિ છે જે પોતાના સ્વમાનને ઠેસ પહોંચાડવાને બદલે પોતાને નુકસાન પહોંચાડવું વધુ બહેતર સમજશે.'

'ખરેખર, તેઓ સ્વમાની વ્યક્તિ છે, ગણેશ. શું આ કર્તવ્યભાવ તેઓને નીલકંઠના રસ્તે નહીં બાંધી લે ?'

'ના, પર્વતેશ્વરજી બાબાની સાથે એટલા માટે છે કે તેઓ તેમનાથી પ્રેરણા પામેલા છે, એટલા માટે નહીં કે તેઓ તેમનું અનુકરણ કરવા માટે સ્વમાનથી બંધાયેલા છે. તેઓ કેવળ એક જ મૂલ્ય પ્રતિ સર્વોચ્ચ સ્વરૂપે બંધાયેલા છે, જે રીતે બધા જ મેલુહાવાસી બંધાયેલા છે : મેલુહાની રક્ષા. આપ અહીં હાજર કોઈ પણ મેલુહાવાસીને પૂછી શકો છો.'

સામાન્ય રીતે મિત્રભાવ ધરાવતો નંદી ક્રોધભરી આંખે શિવના દીકરા સામે જોઈ રહ્યો. તેની આંખો ખુલ્લી હતી. 'માનનીય ગણેશ, મેં મારી પસંદગી પહેલેથી જ કરી લીધી છે. હું નીલકંઠના માટે જીવું છું અને નીલકંઠના માટે મરીશ પણ. જો એનો અર્થ એમ થાય કે મારે દેશનો વિરોધ કરવાનો છે તો તે પણ બરાબર છે. મારા દેશને દગો દેવા માટે હું મારા કર્મનો સામનો કરીશ, પરંતુ ફરીથી હું મારી નિષ્ઠા માટે તમને સવાલ કરવા દઈશ નહીં.'

ગણેશે તરત નંદીને શાંત કર્યો, 'વીર નંદી, હું આપની નિષ્ઠા પર શંકા કરી રહ્યો નથી. હું તો એ જાણવા માંગતો હતો કે સેનાપતિ પર્વતેશ્વર કેવી પ્રતિક્રિયા આપશે તે અંગે તમે શું માનો છો ?

'હું નથી જાણતો કે સેનાપતિ શું વિચારે છે. હું તો બસ એટલું જાણું છું કે હું શું વિચારું છું.' નંદીએ ગુસ્સા સાથે કહ્યું.

'ખેર, હું જાણું છું કે પર્વતેશ્વર શું વિચારે છે.' બૃહસ્પતિએ કહ્યું 'મને ખબર છે કે એ જાણીને તમને આઘાત લાગશે, સતી, પરંતુ ગણેશ સાચું કહે છે. પર્વતેશ્વર મેલુહાનો ત્યાગ નહીં કરે. સાચી વાત એ છે કે તેઓ એ લોકો સામે યુદ્ધ કરશે જેઓ મેલુહાને હાનિ પહોંચાડવાનો પ્રયત્ન કરશે. અને જો શિવ, મને લાગે છે કે નિર્ણય કરશે કે સોમરસ બૂરાઈ છે તો મેલુહા આપણા સૌથી મોટા પ્રાથમિક શત્રુ હશે. યુદ્ધરેખા દોરાઈ ગઈ છે, મારી પુત્રી.'

કશું પણ બોલ્યા વગર સતીએ બારીની બહાર વિષ્ણુમંદિરને જોયું અને ઊંડો શ્વાસ લીધો.



પોતાની ફરકતી ભ્રમર ઉપર હાથ મસળતાં શિવ પોતાના બાળપણનાં રહસ્યો ઉપર વિચાર

કરવા લાગ્યા.

ગોપાળ જરા આગળ નમ્યો, 'શું વાત છે, મહા-નીલકંઠ ?'

'આ નસીબનો મામલો નથી, પંડિતજી.' શિવે કહ્યું, 'ન તો આ પરમાત્માની મહાન યોજના છે કે હું નીલકંઠના સ્વરૂપે હાજર થયો છું. મને શંકા છે કે આ મારા કાકાનું કામ છે. જોકે આ બધું તેઓએ કેવી રીતે કર્યું એ મારા માટે એક રહસ્ય છે.'

'આપ શું કહેવા માંગો છો ?'

'મને યાદ છે કે બાળપણમાં મારા કાકાએ મને કોઈક ઔષધિ આપી હતી. જ્યારે હું બહુ જ નાનો હતો ત્યારે મારી ભ્રમરોની વચ્ચે બહુ બળતરા થયા કરતી હતી. કાકાની ઔષધિએ એ બળતરા શાંત કરવામાં મદદ કરી હતી. બળતરા આજ સુધી છે પરંતુ એટલી ખરાબ નથી જેટલી પહેલાં હતી. મને આજે પણ એ શબ્દો યાદ છે જે તેઓ ઔષધિતૈયાર કરતી વખતે બોલ્યા હતા : 'અમે આપના આદેશ પ્રતિ સદૈવ નિષ્ઠાવાન રહીશું, ભગવાન રુદ્ર, આ એક વાયુપુત્રની રક્ત-પ્રતિજ્ઞા છે.' પછી તેઓએ તેમની તર્જની કાપી અને લોહીની એક બુંદ ઔષધિમાં નાખી દીધી. એ મિશ્રણ તેઓએ મને આપ્યું હતું અને કહ્યું હતું કે મારા કંઠની પાછળના ભાગે તેનો લેપ મારે કરી લેવો.'

મંત્રમુગ્ધ થઈને ગોપાલ શિવને જોઈ રહ્યા હતા. તેઓએ પળભર અયોધ્યાના મંદિરના વાસુદેવ પંડિતને જોયા જેઓ પહેલી હરોળમાં બેઠા હતા.

અયોધ્યાના વાસુદેવ બોલ્યા : 'મહા-નીલકંઠ, આપના કાકાનું શું નામ હતું ?'

'મનોભૂ' શિવે કહ્યું.

આશ્ચર્યચકિત થઈને અયોધ્યાના વાસુદેવ ગોપાલ તરફ ફર્યા. 'ભગવાન રામની કૃપા હજો.'

'શું વાત છે ?' આશ્ચર્ય પામીને શિવે પૂછ્યું.

'શ્રદ્ધેય મનોભૂ આપના કાકા હતા ?' ગોપાલે પૂછ્યું.

'શ્રદ્ધેય મનોભૂ ?'

'તેઓ વાયુપુત્ર શ્રદ્ધય હતા. મિત્રાના નેતૃત્વમાં વાયુપુત્રો ઉપર શાસન કરવાવાળી છ બૌદ્ધિક સ્ત્રી-પુરુષોની સભા 'અમર્ત્યખંડ'ના એક સભ્ય.'

'તેઓ વાયુપુત્ર શ્રદ્ધય હતા ? !!'

'હા, આ સાચી વાત છે. ઘણાં વર્ષો પહેલાં, જ્યારે અમે વાયુપુત્રોને એ વાત ગળે ઉતારવાનો પ્રયત્ન કરતા હતા કે સોમરસ બૂરાઈમાં બદલાઈ ગયો છે તો 'અમર્ત્ય ખંડ'માં એકમાત્ર તેઓ હતા જે અમારી સાથે સહમત હતા. દુર્ભાગ્યવશ, સભાના બીજા સભ્યોનો તેઓને ટેકો મળ્યો નહીં. મિત્રાએ પણ મનોભૂનો અસ્વીકાર કર્યો હતો.'

'એ પછી શું થયું હતું ?'

'મને એ વાર્તાલાપ એવી રીતે યાદ છે કે જાણે કાલે જ બન્યો ન હોય.' ગોપાલે કહ્યું, 'શ્રદ્ધેય મનોભૂ અને મેં કલાકો સુધી સોમરસ ઉપર વાતો કરી હતી. એ દેખીતું હતું કે અમે સભાનો વિશ્વાસ જીતી શકીશું નહીં. તેઓએ વચન આપ્યું હતું કે તેઓ એક નીલકંઠ રૂબરૂ થાય તેવો ભરપૂર પ્રયત્ન કરશે. જ્યારે મેં તેઓને પૂછ્યું કે તેઓ એ કઈ રીતે કરશે તો તેઓએ કહ્યું હતું કે ભગવાન રુદ્ર તેઓને સહાય કરશે. તેઓએ મારી પાસેથી વચન લીધું હતું કે જ્યારે નીલકંઠ રૂબરૂ હાજર થાય તો વાસુદેવ અને હું પૂરા હૃદયથી તેઓનું સમર્થન કરીશું. મેં તેઓને આશ્વસ્ત કર્યા હતા કે આ આમ પણ અમારું કર્તવ્ય છે.'

'અને પછી શું થયું ?'

'શ્રદ્ધેય મનોભૂ અદૃશ્ય થઈ ગયા. કોઈને ખબર ન હતી કે તેઓનું શું થયું ? કોઈ લોકો એવું માનતા હતા કે વાયુપુત્ર સભામાંથી તેઓને અલગ કરી દેવામાં આવ્યા બાદ તેઓ તેમની

માતૃભૂમિ તિબેટ ચાલ્યા ગયા હતા. કેટલાકનું માનવું હતું કે તેઓની હત્યા કરી દેવામાં આવી હતી. હું પણ આ વાત સાથે સહમત હતો, કારણ કે તેમના જેવી વ્યક્તિને મૃત્યુ જ વચન પૂરાં કરતા પહેલાં રોકી શકે. પરંતુ તેઓ નિષ્ફળ ગયા નહોતા. તેઓએ આપનું સર્જન કર્યું હતું. હવે તેઓ ક્યાં છે ? તેઓએ કેવી રીતે આ યુક્તિ કરી કે આપને મેલુહા બોલાવી લેવાય અને સોમરસ આપી દેવાય ?'

'તેઓએ આ નહોતું કર્યું. તેઓ તો બહુ વર્ષો પહેલાં તિબેટમાં એક શાંતિ સંમેલનમાં, અમારા સ્થાનિક શત્રુ પ્રકૃતિઓના હાથે એક કાયરતાપૂર્ણ છૂપા આક્રમણમાં માર્યા ગયા હતા.'

'તો પછી એ ખાસ સમયગાળા દરમિયાન આપને કેવી રીતે મેલુહામાં આવવાનું આમંત્રણ મળ્યું હતું ? મેં જેમ આપને કહ્યું હતું કે આપનો કંઠ ફક્ત ત્યારે જ નીલો બની શકતો હતો. જો આપ કિશોરાવસ્થામાં પ્રવેશ કરવાનાં પંદર વર્ષોની અંદર સોમરસનું પાન કરો છો.'

'હું નથી જાણતો.' શિવે ઉત્તર આપ્યો, 'એ સમયે વસાહતીઓ માટેની પૂછપરછ કરવા નંદીનું માનસરોવર આવવાનું થયું હતું.'

ગોપાલે મંદિરના વચ્ચેના થાંભલાની તરફ ઉપર આવેલી ભગવાન રામ અને સીતારામની મૂર્તિઓને જોઇ. 'તો પછી એ વાત સ્પષ્ટ છે. તે પરમાત્માની ઇચ્છા હતી કે પ્રસંગો એવી રીતે બનતા ગયા જેવા તેઓ બનવા જેવા હતા.'

શિવે ગોપાલની સામે જોયું. એ વાત ઉપર તેઓની આંખમાં શંકા સ્પષ્ટ રીતે દેખાઈ રહી હતી કે તેઓનું જીવન શું ખરેખર કોઈ દિવ્ય યોજનાના ભાગરૂપે હતું ?

ગોપાલે ચતુરાઈપૂર્વક વિષયને બદલી નાખ્યો, 'મારા મિત્ર, આપે કહ્યું હતું કે આપની ભ્રમર નાનપણથી ફડકતી રહી છે. શું તેની શરૂઆત કોઈ ખાસ ઘટના પછી થઈ હતી ? શું આપના કાકાએ આપને કંઈક આપ્યું હતું જેનાથી ચચરાટ શરૂ થયો હતો ?'

શિવે ભવાં ચડાવ્યાં. 'ના, હું યાદ કરી શકું ત્યારથી આ પ્રમાણે છે. મને લાગે છે કે હું જન્યો ત્યારથી આમ છે. જ્યારે પણ હું વિહ્વળ થઈ જાઉં ત્યારે મારા ભવાં ધબકવા માંડે છે.'

'શું એવું ત્યારે બને છે ખરું કે જ્યારે આપના હૃદયની ગતિ અચાનક વધી જાય ?'

શિવે એક પળ એના ઉપર વિચાર કર્યો, 'હા, જ્યારે પણ હું ગુસ્સે થઈ જાઉં છું અથવા તાણમાં આવી ગયો હોઉં છું તો મારું હૃદય નાટકીય ઢબે ધડકવા માંડે છે. અથવા તો હું સતી અંગેના વિચારો કરું છું. પરંતુ તે તો સુખદ ધડકન હોય છે.'

ગોપાલ હસ્યા, 'એનો અર્થ એ થયો કે આપની ત્રીજી આંખ આપના જન્મ સમયથી સક્રિય રહી છે અને આ બહુ જ અસાધારણ વાત છે. આ વાતથી મને ખાતરી થઈ ગઈ છે કે આપને પરમાત્મા દ્વારા પસંદ કરીને ચૂંટી કાઢવામાં આવ્યા છે.'

'ત્રીજી આંખ ?'

'આ ભ્રમરોની વચ્ચેનો ભાગ હોય છે. એવું માનવામાં આવે છે કે માનવશરીરમાં સાત ચક્ર હોય છે જે ઊર્જાનું અંદર ગ્રહણ કરે છે અને તેને બહાર ફેંકે છે. છઠ્ઠા ચક્રને અજનચક્ર કહે છે -- ત્રીજું આંખનું વમળ. વર્ષોની તપસ્યા પછી આ ચક્રોને યોગીઓ કાર્યાન્વિત કરી શકે છે. જોકે ઔષધિઓથી પણ તેને સક્રિય કરી શકાય છે. ત્રીજી આંખને સક્રિય કરવા વાયુપુત્ર પોતાના તે બાળકોને ઔષધિ આપે છે જે સંભવિત ઉમેદવાર હોય છે. પરંતુ મારા જીવનનાં ૧૪૦ વર્ષોમાં મેં હજી સુધી એવા કોઈ બાળક વિષે સાંભળ્યું નથી જે સક્રિય ત્રીજી આંખ સાથે જન્મયો હોય.'

'તો આમાં એટલું વિશિષ્ટ શું છે ? આ તો મને પરેશાન જ કરતી રહે છે. તેમાં ભયંકર બળતરા થતી હોય છે.'

ગોપાલ હસ્યા. 'આ તો બસ એક નાનકડી આડ-અસર છે. મને વિશ્વાસ છે કે આપની

સક્રિય ત્રીજી આંખ એ કારણોસર હશે જ્યારે આપના કાકાએ વિચાર્યું હશે કે આપ તે પસંદગી પામેલા વ્યક્તિ હોઈ શકો છો, કારણ કે તેણે આપના શરીરે, સરળતાથી વાયુપુત્ર ઔષધિને સ્વીકાર કરવા માટે તૈયાર કરી દીધું હતું.

'એ કેવી રીતે ?'

'પરિહાન ઔષધિ પદ્ધતિનું માનવું છે કે 'એક ખાસ ગ્રંથિ', જે આપણા મગજની બહુ જ અંદર આવેલી છે તે જ ત્રીજી આંખ છે. તે એક અનોખી ગ્રંથિ છે. આપણું મગજ બે સરખા હિસ્સામાં વહેંચાયેલું છે જેની અંદર મોટાભાગના અંશો જોડીમાં હોય છે. એકલી આ ગ્રંથિ જોકે બે ભાગોની વચ્ચે હોય છે. તે નાનકડી આંખ જેવી હોય છે અને પ્રકાશની તેના ઉપર અસર થાય છે. અંધકારમાં તે સક્રિય થાય છે અને પ્રકાશમાં નિષ્ક્રિય. અતિ સક્રિય આ ગ્રંથિ પુનર્જીવિત થતી હોય છે. આ કદાચ એવી વાત છે કે જેણે આપના શરીરને એવું બનાવ્યું કે સોમરસ ન તો ફક્ત આપનું આયુષ્ય વધારે પરંતુ સાથે સાથે આપની ઈજાઓને પણ સાજી કરી દે. એ સાથે આ ગ્રંથિ રક્ત અવરોધક પ્રણાલી મારફત નિયંત્રિત નથી થતી.

'રક્ત અવરોધક પ્રણાલી ?'

'હા, શરીરમાં રક્ત મુક્ત રીતે ફરે છે, પરંતુ જ્યારે તે મસ્તક તરફ જાય છે ત્યારે એક અવરોધક હોય છે. મોટાભાગે તે કીટાણુઓ અને ચેપથી મસ્તકને બચાવવા માટે હોય છે -- જ્યાં આત્માની બેઠક હોય છે. જોકે આ ગ્રંથિ મગજના બે ભાગો વચ્ચે હોય છે, પરંતુ રક્ત અવરોધક પ્રણાલીથી ઘેરાયેલું નથી હોતી. એથી એ દેખીતું છે કે જ્યારે તમે વ્યાકુળ હો છો ત્યારે આપની ત્રીજી આંખ ધબકે છે. આ એ વાતનું પરિણામ છે કે તે સમયે રક્ત આપની આ સક્રિય ગ્રંથિમાં દોડતું હોય છે.'

શિવે ધીરે રહીને માથું હલાવ્યું, 'શું આવું બીજા લોકોની સાથે પણ થાય છે ?'

'હા, થાય છે. પરંતુ તેવા લોકોની સાથે થાય છે જેઓએ પોતાની ત્રીજી આંખને પ્રશિક્ષિત કરવા માટે વર્ષોની યોગસાધના કરી હોય છે. અથવા આ એ લોકોમાં સક્રિય થાય છે જેઓને તેને ઉત્તેજિત કરવા ઔષધિ આપવામાં આવી હોય છે. આપના માટે અસામાન્ય વાત એ છે કે આપ એક સક્રિય ત્રીજી આંખ સાથે જન્મયા હતા. આવું ક્યાંય સાંભળ્યું નથી.'

શિવે અસુખ સાથે આસનમાં પડખું બદલ્યું. 'તો એક જન્મની સાથે બનતી ઘટનાએ મને આ ભૂમિકા માટે નક્કી કરી દીધો હતો. મારા કાકા કશુંક ખોટું જ સમજ્યા હશે. તો પછી કદાચ હું એક ભૂલભરેલી પસંદગી હોઈ શકું અને હું તે ધ્યેય પ્રાપ્ત ન કરી શકું જે મારા માટે નક્કી કરવામાં આવ્યું હોય.'

'પરંતુ મને નક્કી ખબર છે કે આપના કાકાએ કેવળ આપની સક્રિય ત્રીજી આંખના લીધે આપને ઔષધિ આપી નહીં હોય. તેઓએ આપના ચારિત્ર્યને પારખી લીધું હશે અને આપને સુયોગ્ય માન્યા હશે અને આ માટે જ તમને શિક્ષણ આપ્યું હશે.'

'બેશક, તેઓએ મને શિક્ષણ આપ્યું હતું. તેઓએ મને નીતિશાસ્ત્ર, યુદ્ધકળા, મનોવિજ્ઞાન અને કળાઓ શીખવાડી હતી, પરંતુ મારે કરવાના કાર્ય અંગે તેઓએ મને કશું જ કહ્યું ન હતું.'

'પરંતુ આપ એ તો જરૂર માનશો કે તેઓએ સર્વોત્તમ કાર્ય કર્યું હતું, કારણ કે આપે નીલકંઠના સ્વરૂપે ઘણું સારું કામ કર્યું છે.'

'નસીબની વાત છે' શિવે વાંકું મોં કરીને કહ્યું.

'મહા-નીલકંઠ, એક નાસ્તિક પણ પોતાની ઉપલબ્ધિઓ માટે નસીબને શ્રેય આપે છે, પરંતુ પરમાત્મામાં વિશ્વાસ રાખવામાં, મારા જેવી વ્યક્તિ જાણી જશે કે નીલકંઠે આ બધું પ્રાપ્ત કરી લીધું છે, કારણ કે પરમાત્માની એવી ઇચ્છા હતી અને તેનો અર્થ એવો છે કે નીલકંઠ પોતાની માયા પૂરી કરશે અને છેવટે બૂરાઈને સંતુલનની બહાર કાઢી મૂકવામાં સફળ થશે.'

શિવ હસ્યા, 'ક્યારેક ક્યારેક આસ્થા અતિસરલતાની તરફ નમી જતી હોય છે.'

પ્રત્યુત્તરમાં ગોપાલ પણ હસ્યા, 'કદાચ અત્યારે વિશ્વને સરળતાની જ જરૂરત છે.'

શિવ ધીરેથી હસ્યા અને તેઓએ વાસુદેવ પંડિતોની સભાને જોઈ જે તેઓ સૌ બેઉને તન્મયતાથી સાંભળી રહ્યા હતા. 'ખેર, મારા ઘણા બધા સંશયો દૂર થઈ ગયા છે. સોમરસ સૌથી મોટી સારપ છે અને એટલે એક દિવસ નક્કી તે સૌથી મોટી બૂરાઈના રૂપમાં સામે આવશે. પરંતુ આપણે એ કેવી રીતે જાણીશું કે એ પળ આવી ગઈ છે ? આપણે નિશ્ચિત કઈ રીતે થઈશું ?'

એક વાસુદેવ પંડિતે ઉત્તર આપ્યો : 'આપણે ક્યારેય સંપૂર્ણ રીતે નિશ્ચિત નહીં થઈ શકીએ, મહા-નીલકંઠ. પરંતુ આપ મને મારો અભિપ્રાય વ્યક્ત કરવાની રજા આપો તો આપણી પાસે એક સારપ છે જેણે હજારો વર્ષોની યશસ્વી યાત્રા કરી છે અને માનવતા એની ઉદારતાથી બહુ જ વધારે લાભ પામી છે. પરંતુ આપણે એ પણ જાણીએ છીએ કે તે હવે બૂરાઈમાં બદલાઈ જવાની પાસે છે. એ સંભવ છે કે સોમરસને થોડા સમય પહેલાં સંતુલનની બહાર કરી દીધો હોત અને સંસારે એની દ્વારા કરી શકે તેવાં કલ્યાણના કેટલાંક સૌ વર્ષો ગુમાવી દીધાં હોત. પરંતુ એ મોટા યોગદાનની સરખામણીએ એ નગણ્ય વાત હોત જે વીતેલાં હજારો વર્ષોમાં તે કરી ચૂક્યું છે. બીજી તરફ, એ મુશ્કેલી છે કે સોમરસ બૂરાઈની સમીપ જઈ રહ્યો છે અને સંભવ છે કે તે અવ્યવસ્થા અને વિનાશ તરફ લઈ જાય. પહેલાં પણ એ ભરપૂર માત્રામાં એવું કરી રહ્યો છે. હું માત્ર બ્રંગાની મહામારી કે નાગાઓની કુરૂપતાઓનો જ સંદર્ભ આપી રહ્યો નથી. એવું માનવામાં આવે છે કે મેલુહાવાસીઓના જન્મ-દરમાં આવેલી તીવ્ર કમી માટે પણ સોમરસ જવાબદાર છે.'

'ખરેખર ?'

'હા.' ગોપાલે જવાબ આપ્યો, 'કદાચ મૃત્યુને અપનાવવાનો ઇન્કાર કરવાને લીધે તેઓ તેમના જ વંશને ફૂલતાફાલતા ન જોઈ શકવાનું મૂલ્ય ચૂકવી રહ્યા છે.'

શિવે ધીરેથી માથું હલાવી સંકેત આપ્યો કે તેઓ સમજી ગયા છે. ભગવાન રામ અને સીતામાતાની વિશાળ મૂર્તિઓ જે વચ્ચેના થાંભલા ઉપર રાખવામાં આવી હતી, તે તેઓની સામે જોઈને જાણે હસી રહી હતી. તેઓના આ છૂપા આશીર્વાદનો સ્વીકાર કરતાં શિવની આંખો આગળની તરફ ગઈ -- એક ભવ્ય ચિત્રની તરફ જે રામેશ્વરમમાં ભગવાન રામને ભગવાન રુદ્રના ચરણોમાં બેઠેલા બતાવતા હતા. જીવનના વિશાળ ચક્રને જોઈ શિવ હસ્યા. આદરપૂર્વક હાથ જોડીને તેઓને પ્રણામ કર્યા. પોતાની આંખો બંધ કરી અને પ્રાર્થના કરી. જય મા સીતા. જય શ્રીરામ..

શિવે જ્યારે પોતાની આંખો ખોલીને ગોપાલની તરફ જોયું ત્યારે તેઓ નિર્ણય લઈ ચૂક્યા હતા. 'મેં નિર્ણય લઈ લીધો છે. આપણે યુદ્ધ અને અનાવશ્યક રક્તપાતથી બચવાનો પ્રયત્ન કરીશું. પરંતુ જો આપણા પ્રયત્નો વ્યર્થ સાબિત થયા તો આપણે અંતિમ વ્યક્તિના જીવતા રહેવા સુધી યુદ્ધ કરીશું. આપણે સોમરસના સામ્રાજ્યને સમાપ્ત કરી દઈશું.'



પ્રકરણ- ૯

પ્રેમપીડિત જંગલી માણસ

'આપના કાકા વાયુપુત્ર શ્રદ્ધેય હતા ?' ચકિત થયેલી સતીએ પૂછયું.

સતી અને શિવ પોતાના ખાનગી કક્ષમાં બેઠાં હતાં. શિવે હમણાં જ વાસુદેવો સાથે થયેલો સંપૂર્ણ વાર્તાલાપ સંભળાવ્યો હતો અને એ નિર્ણય પણ જે તેઓએ લીધો હતો.

'કોઈ સાધારણ શ્રદ્ધેય નહીં.' શિવે હસીને કહ્યું 'અમર્ત્ય ખંડ'.

સતીએ પોતાના હાથ ઊંચા કર્યા અને તેને શિવના સ્નાયુબદ્ધ ખભાઓ પર મૂકી દીધા, તેની આંખો શરારતથી ભરેલી હતી, 'હું સદાય જાણતી હતી કે આપની પાસે કશીક વિશેષ વાત છે ! કે આપ કોઈ સાધારણ ગામડિયા તો ન હોઈ શકો અને મારી પાસે તેનો પુરાવો છે. આપની એક વંશાવલી છે !'

સતીને નજીક ખેચતાં શિવ જોરથી હસી પડ્યા, 'બકવાસ ! જ્યારે મેં પહેલી વાર તને જોઈ હતી તો તે વિચાર્યું હતું કે હું કોઈ ગમાર જંગલી છું !'

સતી પંજાના જોર પર ઊંચી થઈ અને તેણે શિવના હોઠો ઉપર હોઠ મૂકીને ભરપૂર ચુંબન લીધું. 'અરે, આપ તો હજી પણ ગમાર જંગલી જ છો.'

શિવે ભવાં ચડાવ્યાં.

'પરંતુ આપ મારા ગમાર જંગલી છો...'

શિવનો ચહેરો એ શરારતી સ્મિત સાથે ખીલી ઊઠયો જે તેઓએ સતી માટે સુરક્ષિત રાખ્યું હતું. એ સ્મિત જે સતીને ઢિલિઢબ્બ કરી દેતું હતું. શિવે સતીને જોરથી ભીંસી દીધી અને ઉપર ઉઠાવી લીધી. -- પોતાના હોઠોની નજીક. સતીના પગ હવામાં ઝૂલી રહ્યા હતા અને તેઓએ ઊંડા ભાવથી ચુંબન કર્યું - ઉષ્માભર્યું અને જબ્બર.

'તું મારું જીવન છો' શિવ ધીમેથી બોલ્યા.

'પરંતુ આપ તો મારા બધા જીવનોનો સરવાળો છો' સતીએ કહ્યું.

શિવે સતીને એમ જ હવામાં ઉઠાવેલી રાખી, કસીને આલિંગનમાં જકડેલી, પોતાના માથાને તેના ખભા પર ટેકવીને. સતીએ પોતાના હાથો પોતાના પતિફરતે વીંટાળી દીધા, તેની આંગળીઓ તેના વાળોમાં ફરી રહી હતી.

'તો આપ ક્યારેક તો મને નીચે ઉતારશોને ?' સતીએ પૂછયું.

શિવે ઉત્તરમાં પોતાનું માથું નકારમાં ધુણાવ્યું. તેઓને કોઈ ઉતાવળ હતી નહીં.

સતી હસી પડી અને તેણે પોતાનું માથું તેમના ખભા પર ટેકવી દીધું, હવામાં પોતાના પગોને ઝુલાવવામાં, શિવના વાળો સાથે રમત કરવામાં તેને સંતોષ હતો.



'આ લઈ લેજો' સતીએ કહ્યું.

શિવે સતી પાસેથી દૂધનું પાત્ર લઈ લીધું. તેઓને કાચું દૂધ પીવું પસંદ હતું -- ઉકાળ્યા વગરનું, ન ગળપણ, ન ઇલાયચી, ન બીજું કશું. બસ ફક્ત દૂધ. શિવે મોટા ઘૂંટડા ભરીને પાત્ર ખાલી કરી દીધું અને સતીને આપી દીધું અને પછી પોતાની બેઠક પર આરામથી બેસી ગયા. સતીએ પાત્ર નીચે મૂક્યું અને તેઓની પાસે બેસી ગઈ. શિવે બાલ્કની બહાર વિષ્ણુમંદિરની તરફ જોયું. તેઓએ ઊંડો શ્વાસ લીધો અને સતી તરફ ફર્યા. 'તું સાચું કહે છે. ગણેશની તકનીક રીતે વિચારવાની વાતની હું પ્રશંસા કરું છું પરંતુ આ વખતે તે ખોટો છે. પર્વતેશ્વર મને છોડશે નહીં.'

સતીએ સહમતિ બતાવતાં જોરથી માથું ધુણાવ્યું. 'એમના જેવા પ્રેરણાદાયી અધિનાયક વિના મેલુહા અને સ્વદ્રીપના લશ્કરો પાસે, ભલે તેઓ બળવાન હોય, ઉત્તમ યુદ્ધનીતિ અને પ્રેરણાનો અભાવ જ રહેશે.'

'આ સાચી વાત છે. પરંતુ આપણે આશા રાખવી રહી કે સ્વયં લોકો જ વિદ્રોહ કરીને સામે થઈ જાય અને યુદ્ધની જરૂરત જ ન રહે.'

'પરંતુ આ વાત આપણે કઈ રીતે નક્કી કરીશું, વારુ ? જો આપ સોમરસ ઉપર પ્રતિબંધ લગાવવાનું જાહેરનામું રાજાઓને મોકલશો તો તેઓ બરાબર ધ્યાન રાખશે કે સામાન્ય પ્રજાજનો તે ક્યારેય જાણી ન શકે.'

'વાસુદેવ અને મેં એ જ વાત ઉપર ચર્ચા કરી હતી. મારું જાહેરનામું રાજાઓ પાસે નહીં પણ સીધું ભારતવર્ષના દરેક નાગરિક સુધી પહોંચવું જોઈએ. આમ કરવાનો સૌથી સારો રસ્તો એ છે કે એ જાહેરનામાનો પત્ર બધાં જ મંદિરોમાં લગાવવામાં આવે. બધા ભારતીય નિયમિત રીતે મંદિરમાં જાય છે અને જ્યારે તેઓ ત્યાં જશે એટલે મારું જાહેરનામું અવશ્ય વાંચશે.'

'અને મને વિશ્વાસ છે કે લોકો આપને સાથ આપશે. આપણે તો એ આશા રાખવી જોઈએ કે રાજા પોતાની પ્રજાની ઇચ્છાને માન આપે.'

'હા, યુદ્ધથી બચવા માટેનો મને કોઈ બીજો રસ્તો દેખાઈ રહ્યો નથી. હું તો ફક્ત કાશી, પંચવટી અને બ્રંગાના રાજપરિવારોના દૃઢ ટેકાની આશા રાખી રહ્યો છું. બીજા બધા રાજાઓ ફક્ત પોતાના સ્વાર્થી હિતો પ્રમાણે પોતાની પસંદગી કરશે.'

સતીએ શિવનો હાથ પકડ્યો અને સ્મિત આપ્યું. 'પરંતુ રાજાઓના રાજા, ખુદ પરમાત્મા આપણી સાથે છે. આપણે હારીશું નહીં.'

'આપણને હાર પોસાય તેમ નથી.' શિવે કહ્યું, 'રાષ્ટ્રનું ભાગ્ય દાવ પર લાગેલું છે.'



'તને વિશ્વાસ છે કે તું આ કરી શકીશ, કાર્તિક ?' ગણેશે પૂછયું.

શાંત જળ જેવી આંખોએ કાર્તિકે પોતાના ભાઈ તરફ જોયું, 'જરૂર, હું કરી શકીશ. હું આપનો ભાઈ છું.'

ગણેશ હસી પડ્યા અને હાથી પર ચઢવાના ચબૂતરા પાસેથી પાછળ હટી ગયા. કાર્તિક અને એક નાનો વાસુદેવ સૈનિક ઉજ્જૈનના તબેલાના સૌથી મોટા હાથીઓમાંથી એક હાથી ઉપર બેઠા હતા. હાથી ઉપરની બેઠકને જે સામાન્ય હોય તેના કરતાં બદલી નાખવામાં આવી હતી. ઉપરની છડીને હટાવી દેવામાં આવી હતી અને બાજુનાં પડખાંઓને અડધાં કાપી નાખવામાં આવ્યાં હતાં. એના લીધે સવારોની સુરક્ષા ઓછી થઈ ગઈ હતી પરંતુ શસ્ત્રોને છોડવાની ક્ષમતા ખૂબ વધી ગઈ હતી. કાર્તિકને આ નવો વિચાર સૂઝયો હતો. હાથીની દુશ્મનરેખાને કચડી નાખવા સિવાય પણ આ વિચાર ભિન્ન હતો. ઊંચી બેઠક અને તે પણ ખુલ્લી હોવાને લીધે શસ્ત્રો ચારે દિશાઓમાં છોડી શકાય તેમ હતાં.

આ રણનીતિમાં હાથીઓના જોરદાર આક્રમણ કરવાના બદલે તેઓની ચોક્કસ ચાલ નક્કી કરવામાં આવી હતી. પરંતુ શસ્ત્રોની પસંદગીનો મુદ્દો બાકી હતો. હાથીની પીઠ ઉપરથી છોડવામાં આવતાં બાણ ક્યારેય એટલી સંખ્યામાં નહોતા રહેતા કે કોઈ વિશેષ નુકસાન પહોંચાડી શકે. વાસુદેવના સૈન્ય અંગેના તજજ્ઞો આ માટેના ઉકેલ સાથે તૈયાર હતા. એક નવું જ જવાળા ફેંકી શકાય તેવું ઈંધણ જે મેસોપોટેમિયાથી આયાત કરવામાં આવ્યું હતું તેનો પ્રયોગ કરવામાં આવવાનો હતો. આ વિનાશકારી જવાળાશસ્ત્ર અગ્નિનો એક સતત પ્રવાહ છોડતું હતું અને પોતાના માર્ગમાં આવતી દરેક વસ્તુને સળગાવી દેતું હતું. આ ઈંધણની ટાંકીઓ બેઠકના મોટાભાગમાં ગોઠવી દેવામાં આવી હતી, જેના લીધે બસ એક-બે શસ્ત્ર અને સૈનિકો માટે જગ્યા રહેતી હતી. આ અગ્નિ વરસાવતાં શસ્ત્રો વજનદાર ન હતાં પણ છોડ્યા પછી બહુ જ ગરમી છોડતા હતા. એટલે તેના માટે બળવાન સંચાલક જોઈએ. પરંતુ બેઠકમાં જગ્યા ઓછી હોવાને લીધે સંચાલક અનિવાર્યપણે કદમાં નાનો હોવો જોઈએ. એવા જ એક સૈનિકની સાથે કાર્તિક આ શક્તિશાળી શસ્ત્રના પ્રયોગ માટે સ્વચ્છાએ આગળ આવ્યો હતો.

ગણેશ, પરશુરામ, નંદી અને બૃહસ્પતિની સાથે થોડે દૂર ઊભા હતા. ગણેશે બૂમ પાડીને પોતાના ભાઈને કહ્યું : 'તૈયાર છો, કાર્તિક ?'

કાર્તિકે પણ બૂમ પાડીને જવાબ આપ્યો : 'હું તો જન્મથી જ તૈયાર હતો, મોટાભાઈ.'

ગણેશ હસી પડ્યા અને વાસુદેવ નાયક તરફ ફર્યા, 'શરૂ કરીએ છીએ, વીર વાસુદેવ.'

નાયકે ડોકું ધુણાવ્યું અને એક લાલ ઝંડો ફરકાવ્યો.

કાર્તિક અને સાથેના નાનકડા વાસુદેવ સૈનિકે તરત આગ લગાડી અને શસ્ત્રો પર મૂકી. આગની વિનાશક લાંબી ધારાઓ ફૂટી અને હાથીની બંને બાજુથી આશરે ત્રીસ મીટર સુધી પહોંચી ગઈ. હાથીની બંને બાજુ લગાડવામાં આવેલા સુરક્ષાકવચે એ જોઈ લીધું હતું કે હાથીને ગરમી અનુભવાય નહીં. કાર્તિક અને નાના વાસુદેવને માટીનાં ત્રીસ પૂતળાંઓને રાખમાં ફેરવી નાખવાનું કામ સોંપવામાં આવ્યું હતું. માટીમાંથી બનાવેલા આ 'શત્રુ' સૈનિકોને દૂરદૂર મૂકવામાં આવ્યા હતા જેથી શસ્ત્રો કેટલાં દૂર સુધી જાય છે તે અને તેઓના નિશાનની પરીક્ષા કરી શકાય. આ અગિનશસ્ત્રો આમ તો વજનદાર હતાં પણ ચલાવવા નવાઈ પામી જવાય તેટલાં સહજ હતાં. મહાવતે કાર્તિકનાં સૂચનોનું પાલન કરવા માટે ધ્યાન કેન્દ્રિત કર્યું અને પળભરમાં તો માટીના સૈનિકો રાખ થઈ ગયા.

પરશુરામે ગણેશ તરફ જોયું. 'યુદ્ધમાં આ વિનાશ સજી શકે છે, માનનીય ગણેશ. આપ શું વિચારો છો ?'

ગણેશે હસીને પોતાના પિતાનું વાક્ય દોહરાવ્યું : 'અરે, હા !'

— ⅄ⓞ⩌ᛋ⊛ —

'અમે આપનું જાહેરનામું લખાવી દીધું છે, પ્રભુ નીલકંઠ.' ગોપાલે કહ્યું.

ગોપાલ અને શિવ વિષ્ણુમંદિરના વચ્ચેના થાંભલા પાસે હતા. શિવે જાહેરનામાનો કાગળનો વીંટો વાંચ્યો.

'પ્રતિ એ સવ લોકો માટે જેઓ તેમને મનુના સંતાન અને સનાતન ધર્મના અનુયાયી માને છે. આપના નીલકંઠ તરફથી આ સંદેશ છે.

મેં આપણી મહાન ભૂમિની, એ બધાં જ રાજ્યોની વિસ્તુત યાત્રા કરી છે, જેમાં આપણે વહેંચાયેલા છીએ, એ બધી જ જનજાતિઓને મળ્યો છું જે આપણા નિષ્પક્ષ દેશમાં વસે છે. આ બધું મેં એ છેવટની બૂરાઈની શોધ માટે કર્યું કારણ કે એ મને સોંપવામાં આવેલું કાર્ય હતું. આદરણીય પિતા મનુએ આપણને કહ્યું હતું કે બૂરાઈ એ કોઈ દૂર વસતો દાનવ નથી. તે તો પોતાનું વિનાશકાર્ય આપણી નજીક આપણી સાથે રહીને, આપણી અંદર રહીને કરે છે. તેઓએ સાચું કહ્યું હતું. તેઓએ કહ્યું હતું કે બૂરાઈ ક્યાંક નીચેથી આવીને આપણું ભક્ષણ કરતી નથી, પરંતુ આપણે જ આપણા જીવનને બરબાદ કરવામાં બૂરાઈને સાથ આપીઓ છીએ. તેઓ સાચા હતા. તેઓએ આપણને કહ્યું હતું કે સારપ અને બૂરાઈ એક જ સિક્કાની બે બાજુઓ છે અને એક દિવસ સૌથી મોટી સારપ, સૌથી મોટી બૂરાઈમાં બદલાઈ જશે. તેઓ સાચા હતા. સારપનું સૌથી વધારે પાન કરવાની લાલચ, તેને બૂરાઈમાં બદલી નાખે છે. આ બ્રહ્માંડની સંતુલન સ્થાપના કરવાની રીત છે. આપણા અતિરેકને નિયંત્રિત કરવાની પરમાત્માની આ રીત છે.

હું એ નિષ્કર્ષ ઉપર પહોંચ્યો છું કે હવે સોમરસ આપણા યુગની સૌથી મોટી બૂરાઈ બની ગયો છે. સોમરસથી જેટલી સારપ મેળવી શકાતી હતી તે મેળવી લેવાઈ છે. હવે સમય આવી ગયો છે કે તેના વપરાશ ઉપર પ્રતિબંધ મૂકી દેવાય, એ પહેલાં કે તેની બૂરાઈ આપણા સૌનો નાશ કરી દે. પહેલાં પણ એ ભારે નુકસાન પહોંચાડી ગયો છે. સરસ્વતી નદી સુકાઈ જવાથી માંડીને જન્મથી જ વિકૃતિ સાથે આવતાં બાળકો અને એવા રોગો જેણે કેટલાંક રાજ્યોમાં ત્રાસ ફેલાવી દીધો છે. આપણા સંતાનો માટે, આપણા સમગ્ર સંસાર માટે, આપણે હવે સોમરસનું પાન ન જ કરી શકીએ.

આ માટે, મારા આદેશથી, હવે સોમરસના ઉપયોગ ઉપર પ્રતિબંધ લગાવવામાં આવે છે.

એ બધા જ લોકો જેઓ નીલકંઠની દંતકથામાં વિશ્વાસ રાખે છે -- મને અનુસરે. સોમરસનો વપરાશ બંધ કરે.

એ બધા જ લોકો જે સોમરસના વપરાશને બંધ કરવાની ના કહે છે : એ જાણી લે -- આપ મારા શત્રુ બની જશો અને હું ત્યાં સુધી ઝંપીશ નહીં જ્યાં સુધી સોમરસનો વપરાશ બંધ ન થઈ જાય. આ આપના નીલકંઠની પ્રતિજ્ઞા છે.'

શિવે આંખ ઊંચી કરી અને હકારમાં માથું હલાવ્યું.

'આ પત્રને સપ્તસિંધુનાં બધાં જ વાસુદેવ મંદિરોમાં બધા પંડિતોને વહેંચી દેવામાં આવશે.' ગોપાલે કહ્યું. 'અમારા વાસુદેવ ક્ષત્રિય દેશનાં બીજાં મંદિરોની પણ યાત્રા કરશે. તેઓ આપના આ જાહેરનામાને પથ્થર ઉપર કોતરાવીને તો લઈ જશે પણ સાથે સાથે એ મંદિરની દીવાલો ઉપર તેને લગાવી પણ દેશે. આ બધાને એક જ રાતની અંદર લગાવી દેવામાં આવશે -- આજથી એક વર્ષ પછી. રાજાઓ પાસે તેને રોકવાનો કોઈ રસ્તો રહેશે નહીં, કારણ કે તેને બધી જ જગ્યાએ એક સાથે લગાવવામાં આવશે. આપનો સંદેશ લોકો સુધી પહોંચી જશે.'

શિવ પણ આ જ ઇચ્છતા હતા. 'બિલકુલ બરાબર, પંડિતજી. એના લીધે યુદ્ધની તૈયારી કરવા માટે આપણને એક વર્ષનો સમય મળી જશે. જ્યારે આ જાહેરનામું બહાર પાડવામાં આવે ત્યારે એ સમયે હું કાશીમાં રહેવાનું પસંદ કરીશ.'

'હા, મિત્ર. ત્યાં સુધી આપણે યુદ્ધની તૈયારી કરવી પડશે.'

'હું આ એક વર્ષનો ઉપયોગ આપણા ખરેખરા શત્રુઓ કોણ છે તે જાણવા માટે કરીશ.'

ગોપાલે ભવાં ચડાવ્યાં, 'આપ શું કહેવા માગો છો, મહા-નીલકંઠ ?'

'મને વિશ્વાસ નથી કે સમ્રાટ દક્ષ કે સમ્રાટ દિલીપ આ સ્તરના ષડયંત્રને અંજામ આપવા સક્ષમ છે. દેખીતું છે કે તેઓનું નેતૃત્વ કોઈ બીજું જ કરી રહ્યું છે. એ વ્યક્તિ જ મારો ખરેખરનો શત્રુ છે. મારે તેને ખોળી કાઢવાની જરૂર છે.'

'મને લાગતું હતું કે આપ જાણો છો કે આપનો ખરેખરનો શત્રુ કોણ છે ?'

'શું આપ તેને જાણો છો ?'

'હા, જાણું છું અને આપ સાચું કહો છો. તે સાચેસાચ ખતરનાક છે.'

'શું તે એટલો સક્ષમ છે, પંડિતજી ?'

'ઘણા લોકો સક્ષમ હોય છે, નીલકંઠ. એક સક્ષમ વ્યક્તિને ખરેખર તો ખતરનાક તેના અંગેની ધારણા બનાવે છે. જો આપણે માનતા હોઈએ કે આપણે બૂરાઈના પક્ષે લડી રહ્યા છીએ તો આપણા મનમાં નૈતિક દુર્બળતા હોય છે. ઊંડાણમાં ક્યાંક હૃદય માનતું હોય છે કે આપણે ખોટા છીએ, પરંતુ જો હકીકતે આપણે આપણા ધ્યેયની પવિત્રતા ઉપર વિશ્વાસ રાખીએ તો ? જો આપનો શત્રુ સાચે જ વિશ્વાસ રાખતો હોય કે તે સારપના પક્ષમાં લડી રહ્યો છે અને આપ નીલકંઠ બૂરાઈ માટે લડી રહ્યા છો તો ?'

શિવે ભવાં ચડાવ્યાં. 'એવી વ્યક્તિ ક્યારેય લડવાનું બંધ નહીં કરે. બરાબર એવી રીતે જેવી રીતે હું નહીં કરું.'

'બરાબર -- સાચું.'

'એ વ્યક્તિ કોણ છે ?'

'તેઓ એક મહર્ષિ છે. વાસ્તવમાં ભારતમાં બહુ બધા લોકો સપ્તર્ષિ ઉત્તરાધિકારીના રૂપમાં તેઓને માન આપે છે.' ગોપાલે કહ્યું. 'તેઓનું વિજ્ઞાનનું જ્ઞાન અને પરમાત્મા તરફનું સમર્પણ આધુનિક યુગમાં અદ્વિતીય છે. તેઓની ઊંડી આધ્યાત્મિક શક્તિ તેઓની હાજરીમાં સમ્રાટોને કંપાવી દે છે. તેઓ હિમાલયની ગુફાઓમાં નિઃસ્વાર્થી, અત્યંત સાદું જીવન જીવે છે. લોકો સમક્ષ તેઓ ત્યારે આવે છે જ્યારે તેઓને લાગે છે કે ભારતવર્ષનું હિત સંકટમાં છે અને ગયું આખું વર્ષ તેઓએ મેલુહા અથવા અયોધ્યામાં વિતાવ્યું છે.'

'શું તેઓ ખરેખર માને છે કે સોમરસ સારપ છે ?'

'હા, અને તેઓ માને છે કે આપ કપટી છો. તેઓ જાણે છે કે આપને વાયુપુત્રોએ ચૂંટ્યાનથી. ખરેખર તો અમે માનીએ છીએ કે વાયુપુત્રો પણ તેઓના પક્ષમાં છે. નહીં તો કોણ બીજું તેઓને એ દેવી શસ્ત્રો આપે, જેને પંચવટીના આક્રમણ વખતે ઉપયોગમાં લેવામાં આવ્યાં હતાં.'

'શું એવી કોઈ સંભાવના છે કે તેઓએ જાતે જ દૈવી શસ્ત્રો બનાવ્યાં હોય ? કારણ કે મારું માનવું હતું કે એવું જ થયું હશે.'

'વિશ્વાસ રાખજો, એવું સંભવ નથી. ફક્ત વાયુપુત્રોને જ દૈવી શસ્ત્ર બનાવવાની વિધિ ખબર છે. બીજા કોઈને નહીં. અમને પણ નથી.'

શિવે આશ્ચર્ય સાથે ગોપાલની તરફ જોયું, 'મને એ અપેક્ષા ન હતી કે વાયુપુત્ર મારું સમર્થન કરશે. હું તેઓમાંનો એક નથી, પરંતુ મારો વિચાર હતો કે ઓછામાં ઓછું તેઓ તટસ્થ રહેશે.'

'ના, મારા મિત્ર. આપણે એ માનવું પડશે કે વાયુપુત્ર આપના શત્રુના પક્ષમાં છે. તેઓ તો સોમરસ હજી પણ સારપ હોવાનું લઈને તેઓ સાથે સહમત પણ થઈ શકે છે.'

શિવે ઊંડો શ્વાસ લીધો. આ માણસ તો ભયાનક લાગી રહ્યો હતો. 'કોણ છે એ ?'

'મહર્ષિ ભૃગુ.'



મેલુહાના સૈનિકો યુદ્ધ અંગેનો અભ્યાસ કરી રહ્યા હતા. તેનું નિરીક્ષણ કરતી વખતે ભૃગુએ દૂર સુધી જોઈ લીધું. તેઓની પાસે જ દક્ષ આંખો જમીન ઉપર રાખીને ઊભા હતા. પર્વતેશ્વરની ગેરહાજરીમાં મેલુહાની સેનાના કાર્યકારી સેનાનાયક માયાશ્રેણિક થોડે દૂર ઊભા હતા.

ભૃગુએ દક્ષની તરફ ફર્યા વિના ધીમેથી કહ્યું : 'આપના સૈનિક અસાધારણ છે, મહારાજ.'

દક્ષે કોઈ જવાબ આપ્યો નહીં અને જમીનને જોતા ઊભા રહ્યા.

ભૃગુએ પોતાનું માથું હલાવ્યું. 'મહારાજ, મેં કહ્યું કે આપના સૈનિક સારી રીતે કેળવાયેલા છે.'

દક્ષે ભૃગુ તરફ જોયું. 'નિ:સંદેહ, મહર્ષિ. મેં તો આપને પહેલાં જ કહ્યું હતું. ચિંતા કરવાની કોઈ જરૂર નથી. પહેલી વાત તો એ છે કે યુદ્ધ થવાની કોઈ સંભાવના નથી. પરંતુ યુદ્ધની સંભાવના હોય તોપણ ભયભીત થવાની જરૂર નથી, કારણ કે મેં અયોધ્યા અને મેલુહાની સેનાઓને મારા હાથ નીચે ભેગી કરી દીધી છે... જો...'

'આપણે ભયભીત થવાની જરૂર છે.' ભૃગુએ દક્ષની વાત કાપી નાખતાં કહ્યું, 'આપના સૈનિક સારી રીતે કેળવાયેલા છે પરંતુ તેઓ સારું નેતૃત્વ ધરાવતા નથી.'

'પરંતુ માયાશ્રેણિક...'

'માયાશ્રેણિક દોરવણી આપે તેવો નેતા નથી. તે સારો કાર્યકારી સેનાનાયક છે. તે પ્રશ્નો પૂછયા વગર આદેશોનું પાલન કરશે અને તેને પ્રભાવી સ્વરૂપે લાગુ પણ કરશે. પરંતુ તે નેતૃત્વ નહીં કરી શકે.'

'પણ...'

'આપણે કોઈ એવી વ્યક્તિ જોઈએ જે વિચારી શકતી હોય. કોઈ એવું જે રણનીતિ બનાવી શકે. એવો કોઈ જે એક મોટી સારી વાત માટે કષ્ટ ઉઠાવવા તૈયાર હોય. આપણે એક સારો નેતા જોઈએ.'

'પરંતુ હું તેઓનો નેતા છું જ ને !'

ભૃગુએ ઘૃણાભાવ સાથે દક્ષને જોયા. 'આપ નેતા નથી, મહારાજ . પર્વતેશ્વર નેતા છે. પરંતુ આપે તેને પેલા કપટી નીલકંઠની પાસે મોકલી દીધો છે. મને ખબર નથી કે તે જીવતો છે કે નહીં અથવા એનાથી પણ ખરાબ કે તે તિબેટ પાસેના અસભ્ય લોકો પ્રતિ નિષ્ઠાવાન ન થઈ ગયો હોય.'

દક્ષને ભૃગુની ટીકા ખિન્ન કરી ગઈ. 'મેલુહામાં પર્વતેશ્વર જ એકલા સારા યોદ્ધા નથી, મહર્ષિ. આપણે વિધુન્માલીનો ઉપયોગ કરી શકીએ છીએ. તેઓ શક્તિશાળી રણનીતિકાર છે અને એક સારા સેનાપતિ બનશે.'

'મને વિધુન્માલી ઉપર ભરોસો નથી. અને હું એ કહેવા માગીશ કે મહારાજ લોકોને પારખવામાં કાબેલ નથી.'

દક્ષ ફરીથી જમીન તરફ તાકીને જોવા લાગ્યા, જેણે થોડી પળ પહેલાં તેઓની એકાગ્રતાને બાંધી રાખી હતી.

ભૃગુએ ઊંડો શ્વાસ લીધો. આ ચર્ચા નિરર્થક હતી. 'મહારાજ, હું અયોધ્યા જઈ રહ્યો છું. કૃપા કરીને તેની વ્યવસ્થા કરાવી દેજો.'

'જી, મુનિવર.' દક્ષે કહ્યું.



ભગીરથ અને આનંદમયી દંડકવનના અંતિમ ખાલી ક્ષેત્રમાં હતા. બ્રંગા અને ત્યાંથી કાશી પહોંચવામાં થોડા મહિના હજુ લાગવાના હતા, પરંતુ ભગીરથના મનમાં બાકીની યાત્રાના વિચાર ઘૂમી રહ્યા નહોતા.

'એ લોકો આટલી બધી વારથી શું વાતો કરી રહ્યા છે ?' ભગીરથે પૂછયું.

આનંદમયીએ ભગીરથ જ્યાં જોતો હતો ત્યાં જોયું. આયુર્વતી અને પર્વતેશ્વર ઉત્તેજના સાથે હાથ હલાવીને વાતો કરી રહ્યાં હતાં. પરંતુ મેલુહાના લોકોની જેમ તેઓનો અવાજ ધીમો અને નમ્ર હતો. તેઓ કોઈ ઊંડા વાદવિવાદમાં મગ્ન હોય તેવું લાગતું હતું.

આનંદમયીએ માથું ધુણાવ્યું, 'મારી પાસે કોઈ અલૌકિક શક્તિઓ નથી. હું સાંભળી શકતી નથી કે તેઓ શું કહી રહ્યા છે.'

'પરંતુ હું અનુમાન કરી શકું છું.' ભગીરથે કહ્યું, 'આશા રાખું છું કે આયુર્વતી સફળ થાય.'

આનંદમયીએ ચીડાઈને ભગીરથ તરફ જોયું.

'આયુર્વતી તો પહેલાંથી જ પોતાના નિર્ણય લઈ ચૂકી છે. તે આપણી સાથે છે. તે મહાદેવની સાથે છે. અને હવે મને લાગે છે કે તે પર્વતેશ્વરને દલીલ કરીને સમજાવી રહી છે.'

આનંદમયી જાણતી હતી કે તેનો ભાઈ કદાચ સાચું કહી રહ્યો છે પરંતુ પ્રેમ તેને આશા રાખવા માટે વિવશ કરી રહ્યો હતો. 'ભગીરથ, પર્વતેશ્વરે હજી સુધી કોઈ નિર્ણય લીધો નથી. તે મહાદેવ પ્રતિ સમર્પિત છે. એ ન માનતો...'

'મારામાં વિશ્વાસ રાખ. જો વાત યુદ્ધ કરવા સુધી પહોંચી ગઈ અને તેઓને ભગવાન શિવ અને પોતાના પ્રિય મેલુહા વચ્ચે પસંદગી કરવાની આવશે તો તમારા પતિ મેલુહાને જ પસંદ કરશે.'

'ભગીરથ, ચૂપ રહે.'

ભગીરથ ચીડાઈને આનંદમયી તરફ ફર્યો. 'હું તો ફક્ત સાચું બોલી રહ્યો છું.'

'એ તો દરેકની માન્યતા પ્રમાણે હોય છે.'

'હું અયોધ્યાનો યુવરાજ છું. બહુ લોકો કહેશે કે મારી માન્યતા સાચી છે.'

આનંદમયીએ પોતાના ભાઈના માથામાં ટપલી મારી. 'અને યુવરાજની મોટીબહેનના સંબંધે મને જ્યારે ઇચ્છે ત્યારે તેને ચૂપ કરી દેવાનો અધિકાર છે.'



'પર્વતેશ્વર, આપે એના ઉપર બરાબર વિચાર કર્યો નથી.' આયુર્વતીએ કહ્યું.

પર્વતેશ્વર ઉદાસ થઈને હસ્યા. 'છેલ્લા કેટલાક મહિનાઓથી હું બીજું કશું વિચારી જ રહ્યો નથી. મને એ માર્ગની ખબર છે જે મારે લેવાનો જ છે.'

'પરંતુ આપ એ જીવંત પ્રભુની વિરુદ્ધ કાર્ય કરી શકશો, જેની આપ પૂજા કરો છો ?'

'જ્યારે કોઈ બીજો વિકલ્પ નથી, મારે કરવું પડશે.'

'પરંતુ ભગવાન રામે કહ્યું હતું કે આપણે આપણી આસ્થાનું રક્ષણ કરવું જોઈએ. મહાદેવ અને વિષ્ણુ આપણા જીવંત દેવતા છે. જો આપણે આપણા જીવંત દેવતાઓ સાથે મળીને નહીં

લડીએ તો આપણા ધર્મની રક્ષા કઈ રીતે કરી શકીશું ?'

'તું આસ્થા અને ધર્મમાં ગૂંચવાઈ ગઈ છો. એ બંને સંપૂર્ણ રીતે જુદી જુદી વાત છે.'

'ના, એવું નથી.'

'હા, એવું જ છે. સનાતન ધર્મ મારો ધર્મ છે. પરંતુ તે મારી આસ્થા નથી. મારી આસ્થા મારો દેશ છે. મારી આસ્થા મેલુહા છે. ફક્ત મેલુહા.'

આયુર્વતીએ ઊંડો શ્વાસ લીધો અને આકાશ તરફ જોયું. એણે પોતાનું માથું ધુણાવ્યું અને પછી ફરી પર્વતેશ્વર તરફ ફરી. 'હું જાણું છું કે આપ નીલકંઠ માટે કેટલા સમર્પિત છો. શું આપ પ્રભુની વિરુદ્ધ યુદ્ધમાં ઊતરી શકો છો ? શું આપનામાં એટલું સાહસ છે કે તેઓને આપ હાનિ પહોંચાડી શકો ?'

પર્વતેશ્વરે ઊંડો શ્વાસ લીધો. તેઓની આંખો ભીની હતી. 'હું એ બધા સાથે લડીશ જેઓ મેલુહાને હાનિ પહોંચાડવા માંગે છે. જો મેલુહાને જીતવું હશે તો એ મારા શબ પરથી થઈ શકશે.'

'પર્વતેશ્વર, શું આપ ખરેખર માનો છો કે સોમરસ બૂરાઈ નથી ? કે તેના ઉપર પ્રતિબંધ ન મૂકવો જોઈએ ?'

'ના, હું જાણું છું કે તેના ઉપર પ્રતિબંધ મૂકી દેવો જોઈએ. મેં તો પહેલેથી જ સોમરસ વાપરવાનું મૂકી દીધું છે. મેં તો એ દિવસથી તેને વાપરવાનું બંધ કરી દીધું હતું જ્યારે બૃહસ્પતિએ અમને એ બધી જ બુરાઈઓ વિષે કહ્યું હતું જેના માટે તે જવાબદાર હતું.'

'તો પછી આપ આ હળાહળની રક્ષા કરવા માટે લડવા માટે કેમ ઇચ્છો છો ?' આયુર્વતીએ બ્રહ્માંડના સૌથી શક્તિશાળી ઝેરનું સંસ્કૃત નામ વાપરીને પૂછયું.

'પરંતુ હું સોમરસની રક્ષા કરી રહ્યો નથી.' પર્વતેશ્વરે કહ્યું, 'હું મેલુહાની રક્ષા કરી રહ્યો છું.'

'પરંતુ તેઓ બંને એક જ પક્ષમાં છે.' આયુર્વતીએ કહ્યું.

'આ મારું કમનસીબ છે. પરંતુ મેલુહાની રક્ષા કરવી એ મારા જીવનનું ધ્યેય છે. એ માટે જ મારો જન્મ થયો છે.'

'પર્વતેશ્વર, મેલુહા એ નથી રહ્યું જે પહેલાં હતું. આપ એ સચ્ચાઈને બરાબર જાણો છો કે સમ્રાટ દક્ષ ભગવાન રામ નથી રહ્યા. આપ એવા દેશ માટે લડી રહ્યા છો જેની મહાનતા ફક્ત સ્મૃતિઓમાં જીવંત છે. આપ એવી આસ્થા માટે લડી રહ્યા છો જેને એટલો ભ્રષ્ટ કરી દેવામાં આવ્યો છે કે હવે તેને સુધારી શકાય તેમ નથી.'

'એવું બની શકે છે, આયુર્વતી. પરંતુ આ મારું ધ્યેય છે. મેલુહા માટે લડવું અને મરવું.'

આયુર્વતીએ ચીડાઈને પોતાનું માથું હલાવ્યું, પરંતુ તેનો અવાજ પહેલાંની જેમ જ વિનમ્ર હતો. 'પર્વતેશ્વર, આપ ભૂલ કરી રહ્યા છો. આપ આપના જીવંત દેવતાની વિરુદ્ધ આપને ઊભા કરી રહ્યા છો. આપ સોમરસની રક્ષા કરી રહ્યા છો જે આપ પણ જાણો છો કે બૂરાઈમાં બદલાઈ ચૂક્યો છે અને આપ આ બધું કોઈ 'ધ્યેય' પૂર્ણ કરવા કરી રહ્યા છો. શું મેલુહાની રક્ષા કરવાનું ધ્યેય એ બધી જ ભૂલોને ન્યાયી ઠેરવે છે જે આપ જાણો છો કે આપ કરી રહ્યા છો.'

પર્વતેશ્વરે નમ્રતાથી કહ્યું, 'શ્રેયાન્ સ્વધર્મો વિગુણ: પરધર્માત્ સ્વાનુષ્ઠિત:'

સંસ્કૃતના આ પ્રાચીન શ્લોકને ને યાદ કરીને આયુર્વતી ઉદાસ ભાવથી હસી. આ શ્લોકને શ્રદ્ધેય દ્વારા રચવામાં આવ્યો હતો. તેમ માનવામાં આવતું હતું, જેઓના નામ ઉપરથી હરિયુપ્પા નગરનું નામકરણ થયું હતું. આ શ્લોકનો અર્થ થતો હતો કે 'એ માર્ગ ઉપર સંપૂર્ણ જીવન જીવવા કરતાં, જે આપના આત્મા માટે નિર્ધારિત નથી, એ માર્ગ ઉપર ચાલતાં ચાલતાં ભૂલો કરવી બહેતર છે જેના પર આત્માએ ચાલવું જોઈએ.' સાદા અર્થમાં કહીએ તો 'કોઈ બીજા માટે નક્કી જીવન જીવવાનો પ્રયાસ કરવાને બદલે પોતાના ધર્મનું પાલન કરો, ભલે પછી તે

દોષોથી ભરેલું હોય.'

આયુર્વતીએ પોતાનું માથું હલાવ્યું. 'આપને કેવી રીતે લાગે છે કે આ જ આપનું કર્તવ્ય છે ? શું આપે એ ભૂમિકા માટે નિષ્ઠાવાન ન થવું જોઈએ જે ભૂમિકા સંસારે આપના ઉપર લાદી છે ? સમાજ આપને જે કામ કરવા માટે મજબૂર કરી રહ્યો છે, તે શું આપ અંધભક્તિથી પાલન નથી કરી રહ્યા ?'

'શ્રદ્ધેય હરિએ એ પણ કહ્યું હતું કે જે બીજાઓને નક્કી કરવા દેતા હોય છે કે તેઓનું કર્તવ્ય શું છે, તેઓ પોતાનું જીવન જીવતા હોતા નથી. ખરેખર તો તેઓ બીજાઓનું જીવન જીવતા હોય છે.'

'પરંતુ તે તો આપ પણ કરી રહ્યા છો. આપ બીજા લોકોને નક્કી કરવા દો છો કે આપનું કર્તવ્ય શું છે. આપ મેલુહાને આપના આત્માનું ધ્યેય નક્કી કરવાની રજા આપી રહ્યા છો.'

'ના, હું એવું નથી કરી રહ્યો.'

'હા, આપ કરી રહ્યા છો. આપનું હૃદય પ્રભુ શિવ સાથે છે. શું તમે એ વાતનો ઇન્કાર કરી શકો છો ?'

'ના, હું ઇન્કાર નથી કરી શકતો. મારું હૃદય નીલકંઠની સાથે છે.'

'તો પછી આપ કેવી રીતે માનો છો કે મેલુહાની રક્ષા કરવી એ આપનું કર્તવ્ય છે ?'

'કારણ કે હું જાણું છું.' પર્વતેશ્વરે મક્કમ સ્વરે કહ્યું. 'હું તો બસ એટલું જાણું છું કે આ મારું કર્તવ્ય છે. શ્રદ્ધેય હરિએ શું આમ નથી કહ્યું ? સંસારમાં કોઈ પણ, ત્યાં સુધી કે ઈશ્વર પણ, આપણને બતાવી શકતા નથી કે આપણું કર્તવ્ય શું છે. ફક્ત આપણો આત્મા બતાવી શકે છે. આપણે તો બસ મૌનની ભાષા સામે સમર્પણ કરવાનું રહેશે અને આપણા આત્માના અવાજને સાંભળવાનો રહેશે. મારા આત્માનો અવાજ એકદમ સ્પષ્ટ છે. મેલુહા મારી આસ્થા છે ! મારી માતૃભૂતિની રક્ષા કરવી એ મારું કર્તવ્ય છે.'

આયુર્વતીએ પોતાના વાળ વગરના કપાળ ઉપર હાથ ફેરવ્યો અને પોતાના બ્રાહ્મણત્વના પ્રતીક સમી ચોટલીને સ્પર્શ કર્યો. તે દૂર ઊભેલા આનંદમયી અને ભગીરથને જોવા માટે ફરી. તે જાણતી હતી. હવે કાંઈ વધુ કહેવા માટે બચ્યું નથી.

'આપ હારી જનાર પક્ષમાં હશો, પર્વતેશ્વર.' આયુર્વતીએ કહ્યું.

'હું જાણું છું.'

'અને આપ માર્યા જશો.'

'જાણું છું. પરંતુ જો આ મારું ધ્યેય છે તો એ જ બરાબર છે.'

આયુર્વતીએ પોતાનું માથું હલાવ્યું અને સહાનુભૂતિપૂર્વક પર્વતેશ્વરના ખભાને અડકી લીધું.

પર્વતેશ્વર હળવેથી હસ્યા. 'આ ઉત્તમ મૃત્યુ હશે. હું નીલકંઠના હાથે માર્યો જઈશ.'



પ્રકરણ-૧૦

તેનું ફક્ત નામ જ ડર પેદા કરે છે

એક નીચી બેઠક ઉપર પોતાના પગ લંબાવીને, આરામદાયક આસન ઉપર અડધા સૂતેલા શિવ, સતીની સાથે પોતાના કક્ષની બાલ્કનીમાંથી ઉજ્જૈનના મંદિરને નિહાળી રહ્યા હતા. ગણેશ દરવાજે અડીને ઊભા હતા જ્યારે કાર્તિક કઠેરાના ટેકે ઊભો હતો. શિવે હમણાં જ પોતાના વાસ્તવિક શત્રુ સહિત, વાસુદેવો સાથે થયેલો વાર્તાલાપ પોતાના પરિવારને સંભળાવ્યો હતો.

નીલકંઠે સતી તરફ ફરતા પહેલાં સાંજના આકાશને જોયું. ‘કશુંક કહે.’

‘હું શું કહી શકું ?’ સતીએ સામે પૂછ્યું. ‘મુનિવર ભૃગુ... ભગવાન રામ કૃપા કરે.’

‘તેઓ એટલા શક્તિશાળી તો ન હોઈ શકે.’

સતીએ શિવને જોયા. ‘તેઓ સપ્તર્ષિ ઉત્તરાધિકારીઓમાંના એક છે. તેઓની આધ્યાત્મિક અને વૈજ્ઞાનિક શક્તિઓ દંતકથા સમાન છે. પરંતુ આ તેઓની શક્તિઓના ભયે મને વિચલિત કરી દીધી નથી. એ વાત સાચી છે કે તેઓના જેટલા ચારિત્ર્યમાં દઢતાવાળી વ્યક્તિએ આપણો વિરોધ કરવાનું પસંદ કર્યું છે.’

‘તું એવું શા માટે કહે છે ?’

‘તેઓ નિ:સ્વાર્થી અને નૈતિક તાકાત ધરાવનાર વ્યક્તિ છે.’

‘અને છતાંય તેઓએ આપણો નાશ કરવા માટે પાંચ નૌકાઓ મોકલી હતી.

‘હા, તેઓ ખરેખર માનતા હશે કે સોમરસ સારપ છે અને એના વપરાશ ઉપર પ્રતિબંધ મૂકવાનો પ્રયાસ કરનાર આપણે ખરાબ છીએ. જો તેઓ એવું માનતા હોય તો શું એ સંભવ છે કે આપણે ખોટા છીએ ?

કાર્તિક વચ્ચે બોલવા જતો હતો કે શિવે પોતાનો હાથ ઊંચો કર્યો.

‘નહીં’ શિવે કહ્યું, ‘મને વિશ્વાસ છે. સોમરસ બૂરાઈ છે અને તેને રોકવો જ પડશે. પાછળ હટી જવાનો કોઈ પ્રશ્ન જ નથી.’

‘પરંતુ મુનિવર ભૃગુ.’ સતી બોલી.

‘સતી, આટલા જબરદસ્ત નૈતિક ચારિત્ર્યવાળી કોઈ વ્યક્તિ દૈવી શસ્ત્રોનો પ્રયોગ શા માટે કરશે, જેને આપણે બધા જ જાણીએ છીએ કે ભગવાન રુદ્રે ખુદે પ્રતિબંધિત કર્યાં હતાં ?’

સતી મૌન રહીને શિવને જોતી રહી.

'સોમરસ પ્રત્યે મહર્ષિ ભૃગુના પ્રેમે જ તેઓ પાસે આમ કરાવ્યું છે.' શિવે કહ્યું, 'તેઓ એવું વિચારે છે કે તેઓ એક વધુ સારપને માટે આમ કરી રહ્યા છે, પરંતુ ખરેખર તો તેઓને સોમરસથી પ્રેમ થઈ ગયો છે. આ પ્રેમ જ છે જે લોકોને ન તો ફક્ત પોતાના નૈતિક કર્તવ્ય, પરંતુ ત્યાં સુધી ભૂલાવી દે છે કે તેઓ ખરેખર કોણ છે.'

કાર્તિક છેવટે બોલી પડ્યો, 'બાબા સાચું કહે છે. જો મહર્ષિ ભૃગુ જેટલી પ્રતિષ્ઠાવાળી વ્યક્તિ સાથે સોમરસ એવું કરી શકે છે તો નિઃશંક તે બૂરાઈ જ હશે.'

શિવે ડોકું ધુણાવ્યું અને ફરી સતી તરફ ફર્યા. 'આપણે જે કરી રહ્યાં છીએ તે યોગ્ય છે. સોમરસને રોકવો પડશે.'

સતી કંઈ બોલી નહીં.

'આપણે ભાવિ યુદ્ધ માટે આપણા મગજને તૈયાર કરવું પડશે.' શિવે કહ્યું, 'એમાં શંકા નથી કે તેઓ પાસે મેલુહા અને અયોધ્યાની સેનાઓ સાથે સાથે મહર્ષિ ભૃગુ જેવા સમર્થ અધિનાયક છે. સંભાવનાઓ આપણી વિરુદ્ધ છે. આપણે તેનો ઉકેલ કઈ રીતે લાવીશું ?'

'તેઓની શક્તિઓને વિભાજિત કરીને.' કાર્તિકે કહ્યું.

'આગળ કહે.'

કાર્તિક પોતાના શયનખંડમાં ગયો અને એક નકશો લઈને પાછો આવ્યો. 'બાબા, શું આપ...'

જ્યારે શિવે પોતાના પગ નાની બેઠક પરથી લઈ લીધા એટલે કાર્તિકે નકશાને ખોલીને પાથર્યો, અને બોલતા પહેલાં ગણેશ તરફ જોયું. 'મોટાભાઈ અને હું સહમત હતા કે તેઓની શક્તિ મેલુહાની તકનીકી સર્વોચ્ચતા અને અયોધ્યાના સૈનિકોની વધુ સંખ્યાના લીધે છે. જો આપણે તેમાં ભાગલા પડાવી દઈએ તો મુશ્કેલીઓ ઓછી થઈ જાય.'

'મેલુહા અને અયોધ્યા વચ્ચે મેળ થઈ જાય તેની ખાતરી કરીને અને પંચવટીમાં મારી હત્યાનું ષડયંત્ર રચીને મહર્ષિ ભૃગુએ સારો દાવ ખેલ્યો હતો. જ્યારે તેઓ જાણશે કે હું તો જીવતો છું ત્યારે તેઓ મને તેઓ બધાનો શત્રુ માનવા માંડશે અને પછી એકબીજાના મિત્ર બની જશે. આમ તો શત્રુનો શત્રુ મિત્ર હોય છે.'

કાર્તિક હસ્યો, 'હું તેઓના જોડાણને તોડવાની નહીં પણ તેઓની શક્તિઓને વિભાજિત કરવાની વાત કરી રહ્યો હતો, બાબા.'

સતી, જે આ બધી વખતે નકશાને સારી રીતે સમજી રહી હતી, તે દેખી શકાય તેવી વાતને જોઈને ચમકી ગઈ. 'મગધ.'

'એકદમ સાચું.' કાર્તિકે મગધના સ્થાનને ઠપઠપાવીને કહ્યું, 'સ્વદ્વીપના અંદરના રસ્તાઓ કાં તો બહુ જ ખરાબ હાલતમાં છે અથવા તો છે જ નહીં. એટલે સેનાઓ, ખાસ કરીને મોટી સેનાઓ, ક્યાંય પણ જવા માટે નદીઓનો ઉપયોગ કરતી હોય છે. અયોધ્યાની સેના ગાઢ જંગલોમાં થઈને મેલુહાને મદદ કરવા નહીં આવે. તેઓ નૌકાઓથી સરયૂ નદીમાં યાત્રા કરશે, પછી ગંગામાં થઈને એ નવા બનાવેલા રસ્તે થઈને દેવગિરિ જશે જે માર્ગને મેલુહાએ બનાવ્યો છે.'

શિવે હકારમાં માથું ધુણાવ્યું. 'અયોધ્યાની નૌકાઓને મગધથી સરયૂ અને ગંગા નદીઓના સંગમ પર થઈને જવું પડશે. તેઓની વિશાળ સેનાને આપણે બસ મગધની નૌસેનાના નાના કાફલાની મદદથી રોકી શકીએ છીએ.'

'એકદમ સાચું.' કાર્તિકે કહ્યું.

હસતાં હસતાં શિવે કાર્તિકના ખભાને થપથપાવ્યો, 'હું પ્રભાવિત છું, દીકરા.'

કાર્તિક પિતા સામે જોઈ હસ્યો.

સતીએ શિવ સામે જોયું. 'આપણે સૌથી પહેલાં રાજકુમાર સુર્પદમનને આપણા પક્ષમાં કરી લેવા પડશે. ભગીરથે મને કહ્યું હતું કે મગધના રાજકુમાર જ બધા નિર્ણય લેતા હોય છે, તેઓના પિતા રાજા મહેન્દ્ર નહીં.'

શિવે ગણેશ તરફ ફરતા પહેલાં આ વાત સાથે સહમતિ દર્શાવી.

ગણેશ મૌન જ રહ્યા. આ નવી વાતથી તેઓ થોડા વિચલિત હોય તેવું લાગતું હતું.



'આ સારો વિચાર છે.' ગોપાલે કહ્યું.

શિવ, સતી, ગણેશ અને કાર્તિક, ગોપાલની સાથે વિષ્ણુમંદિરમાં હતા.

'મગધને આપણા પક્ષમાં લાવવું આમ તો સરળ વાત હોવી જોઈએ.' ગોપાલ આગળ બોલ્યા. 'રાજા મહેન્દ્ર વૃદ્ધ અને નિર્ણય ન લઈ શકે તેવા થઈ ગયા છે પરંતુ તેઓનો પુત્ર સુર્પદમન એક લડાયક યોદ્ધો અને ચતુર રણનીતિકાર છે. અને સૌથી મહત્ત્વપૂર્ણ વાત એ છે કે તેઓ ગણતરીબાજ અને મહત્વાકાંક્ષી વ્યક્તિ છે.'

'તેઓની મહત્વાકાંક્ષાઓને ભાવિ યુદ્ધમાં રહેલી તકો વિષે અવગત કરાવી દેવી જોઈએ.' શિવે કહ્યું, 'તે તેનો ઉપયોગ પોતાની સ્થિતિ મજબૂત કરવા માટે અને અયોધ્યાથી સ્વતંત્ર થવાની જાહેરાત માટે કરી શકે છે.'

'બરાબર.' સતીએ કહ્યું, 'આપણને ટેકો આપવા માટે તેની પાસે કોઈ પણ કારણ હોય, પરંતુ તેની સાથે ગઠબંધન કરવાથી યુદ્ધ જીતવામાં તે વાત મદદરૂપ થશે.'

ગોપાલનું ધ્યાન અચાનક ઉદાસ ગણેશ ઉપર ગયું... 'માનનીય ગણેશ ?'

ગણેશ ચોંકી ગયા.

'શું આ યોજનાની કોઈ વાત આપને પરેશાન કરી રહી છે ?' ગોપાલે પૂછ્યું.

ગણેશે પોતાનું માથું હલાવી કહ્યું, 'એવું કશું નથી જેને આ સમયે કહેવાની જરૂરત હોય, પંડિતજી.'

ગણેશને ચિંતા હતી કે મગધ સાથેના ગઠબંધનની કોઈ પણ શક્યતાને તેઓ અજાણતાં બરબાદ કરી ચૂક્યા છે, કારણ કે તેઓએ જ મગધના જ્યેષ્ઠ રાજકુમાર ઉગ્રસેનની હત્યા કરી હતી. એવું તેઓએ એક નિર્દોષ મા અને તેના પુત્રને ઉગ્રસેનથી બચાવવા માટે કર્યું હતું. તેઓ આશા રાખતા હતા કે સુર્પદમનને તેઓની ઓળખની ખબર નહીં હોય.

'મોટાભાઈ અને હું આ વાત ઉપર ચર્ચા કરી ચૂક્યા છીએ.' કાર્તિકે કહ્યું, 'અને અમને વિશ્વાસ છે કે આપણે એવું માનીને ન ચાલવું જોઈએ કે મગધ આપણા પક્ષમાં આવી જ જશે. જો જરૂરત પડે તો આપણે મગધને જીતવા માટે પણ તૈયાર રહેવું જોઈએ.'

'જોકે આશા તો એવી છે કે તેવી સ્થિતિ નહીં આવે.' શિવે ગણેશની તરફ ફરીને કહ્યું, 'પરંતુ હા, આપણે મગધ સાથેના યુદ્ધની સંભવિત યોજના પણ બનાવી દેવી જોઈએ. આ યુદ્ધ આપણા પ્રારંભિક યુદ્ધોમાંનું એક હશે.'

'તો હું મગધ જવા માટેની આપણી યોજના બનાવવાની શરૂ કરું છું.' ગોપાલે કહ્યું.

'આપ પણ અમારી સાથે આવી રહ્યા છો, પંડિતજી ?' વિસ્મયભાવે શિવે પૂછ્યું, 'એ તો આપની નિષ્ઠાને બધાની સામે ખુલ્લી કરી દેશે.'

'છુપાઈ રહેવાનો એક સમય હતો, મિત્ર.' ગોપાલે કહ્યું, 'પરંતુ હવે અમારા માટે સામે આવી જવું જરૂરી છે, કારણ કે બૂરાઈની સામેનું યુદ્ધ અમારી સામે છે. અમારે ખુલ્લંખુલ્લા

અમારો પક્ષ નક્કી કરવો પડશે. ધર્મયુદ્ધમાં કોઈ દર્શક નથી હોતો.'



એકબીજા સાથે ધીરે અવાજે વાતો કરતાં પર્વતેશ્વર અને આનંદમયી પોતાના માનીતા ઘોડાઓ પર સવાર થઈને બેઠાં હતાં. આનંદમયીનો હાથ પકડીને તેઓ થોડા ડાબી તરફ ઝૂકેલા હતા. તેઓએ હમણાં જ જણાવ્યું હતું કે જો યુદ્ધ થાય તો તેઓ પાસે મેલુહા તરફથી લડવા સિવાય કોઈ વિકલ્પ નથી. તેના જવાબમાં -- આનંદમયીએ પર્વતેશ્વરને કહ્યું હતું કે તેની સમક્ષ મેલુહાનો વિરોધ કરવા સિવાયનો કોઈ વિકલ્પ નહીં હોય.

'આપ મને પૂછશો પણ નહીં કે કેમ ?' આનંદમયીએ પૂછ્યું.

પર્વતેશ્વરે માથું ધુણાવી દીધું, 'મને જરૂરત નથી. હું જાણું છું કે તું કઈ રીતે વિચારે છે.'

આનંદમયીએ પોતાના પતિ તરફ જોયું. તેની આંખો ભીની હતી.

'અને હું ધારું છું કે તું પણ જાણે છે કે હું કઈ રીતે વિચારું છું.' પર્વતેશ્વરે કહ્યું, 'કારણ કે તેં પણ મને પૂછ્યું નથી.'

આનંદમયી પર્વતેશ્વરને જોતી જોતી, તેનો હાથ દબાવીને દુઃખભર્યા ભાવે હસી.

'હવે આપણે શું કરીશું ?' પર્વતેશ્વરે પૂછ્યું.

આનંદમયીએ ઊંડો શ્વાસ લીધો. 'સાથે સાથે ચાલતાં રહીએ.'

પર્વતેશ્વરે પોતાની પત્નીને જોઈ.

'જ્યાં સુધી આપણા માર્ગ આપણને સંમતિ આપે છે...'



ચંબલ પર ધીરે ધીરે સરકતા જતા વહાણના લાકડા ઉપર શિવ ઝૂકેલા હતા. કિનારાઓને પેલે પારનાં ગાઢ જંગલોને જોઈ રહ્યા હતા. કોઈ પણ દિશાઓમાં દૂરદૂર સુધી માનવવસ્તીનું કોઈ ચિહ્નન દેખાતું ન હતું. તેઓએ તેમની પાછળ આવતાં પાંચ વહાણોને જોયાં જે આમ તો પચાસ વહાણોના વાસુદેવના એકમનો એક નાનકડો ભાગ હતો. નીકળવાની તૈયારી કરવામાં વાસુદેવોને માત્ર બે મહિના લાગ્યા હતા.

'આપ શું વિચારી રહ્યા છો, મિત્ર ?' ગોપાલે પૂછ્યું.

શિવ વાસુદેવ પ્રમુખની તરફ ફર્યા. 'હું વિચારી રહ્યો હતો કે બૂરાઈનું પ્રાથમિક મૂળ મનુષ્યની લાલચ છે. આ આપણી લાલચ જ છે જે સારપને વધુમાં વધુ નિચોવી લેવા માંગતી હોય છે, જે તેને બૂરાઈમાં બદલી નાખે છે. શું એ ઉત્તમ વાત નહીં હોય કે તેને મૂળ સ્રોત પર જ નિયંત્રિત કરી દેવાય ? આપણામાંથી કેટલા લોકો બસ્સો વર્ષ જીવવાની પોતાની ઇચ્છાને કાબૂમાં રાખવા ઇચ્છા ધરાવતા હશે ? હજારો વર્ષોથી સોમરસના પ્રભુત્વે નિઃશંક સારું અને ખરાબ બંને કર્યું છે, પરંતુ તરત જ એ બધું વ્યાવહારિક ઉદ્દેશો માટે નાશ પામશે. તો શું એ કહેવું યોગ્ય નહીં હોય કે પરિસ્થિતિના વિશાળ ફલક ઉપર તેણે પોતાનું ધ્યેય પૂરું કર્યું નથી ? કદાચ એ સારી વાત હોત કે સોમરસની શોધ જ ન કરવામાં આવી હોત. જ્યારે આપને ખબર હોય કે કોઈ સફર આપને પાછા નહીં લઈ જાય, જ્યાંથી આપે સફર શરૂ કરી હોય છે, તો પછી એવી સફરની શરૂઆત જ શા માટે કરવી જોઈએ ?'

'શું એવી કોઈ સફર છે જે આપને ત્યાં ન લઈ જતી હોય જ્યાંથી તમે શરૂઆત કરી હતી

?'

શિવની ભ્રમર તંગ થઈ ગઈ. 'નિ:શંક છે.'

ગોપાલે પોતાનું માથું હલાવ્યું. 'જો આપ પાછા ન પહોંચ્યા હો, જ્યાંથી આપને શરૂઆત કરી હતી તો તેનો અર્થ કેવળ એ જ છે કે સફર હજી પૂરી થઈ નથી. કદાચ એમાં આખો જીવનકાળ પૂરો થઈ જાય. કદાચ અનેક જીવનકાળ. પરંતુ આપ આપની સફર ત્યાં જ પૂરી કરશો જ્યાંથી આપે તેની શરૂઆત કરી હતી. આ જ જીવનની પ્રકૃતિ છે. બ્રહ્માંડ પણ પોતાની સફર ત્યાં સમાપ્ત કરશે. જ્યાંથી શરૂઆત કરી હતી -- પૂર્ણ મૃત્યુના અત્યંત સૂક્ષ્મ કાળા છીદ્રમાં અને એ મૃત્યુની બીજી બાજુ એક મોટા અવાજની સાથે જીવન ફરી એક વાર શરૂ થશે અને આ રીતે તે ક્યારેય સમાપ્ત ન થવાવાળા ચક્રમાં ચાલ્યા કરશે.'

'તો એનો અર્થ શું છે ?'

'પરંતુ આવું વિચારવું એ તો સૌથી મોટી મૂર્ખતા છે, મહા-નીલકંઠ, એવું વિચારવું કે ક્યાંક પહોંચવા માટે આપણે આ માર્ગ ઉપર છીએ.'

'શું એવું નથી ?'

'ના, હેતુ એ લક્ષ્ય નથી પરંતુ ખુદ સફર છે. ફક્ત એ લોકો જે આ સરળ સત્યને સમજે છે, સાચા આનંદનો અનુભવ કરી શકે છે.'

'એટલે કે આપ કહી રહ્યા છો કે હેતુ, ત્યાં સુધી કે લક્ષ્ય પણ અર્થહીન છે ? કે સોમરસે તો આ બધાનો અનુભવ કરવાનો જ હતો કે હજારો વર્ષ સુધી આટલી સારપનું નિર્માણ કરે અને પછી એ જ રીતે બૂરાઈનું નિર્માણ કરવા તૈયાર થઈ જાય. અને પછી કોઈ નલીકંઠ આવે અને આ સફરનો અંત કરે. જો આ વાત ઉપર વિશ્વાસ મૂકવામાં આવે તો વ્યાપક દૃષ્ટિકોણથી સોમરસે કશું પ્રાપ્ત કર્યું નથી.'

'હું એને જુદી રીતે કહીશ. મને ખબર છે કે આપને જાણ હશે કે ભારતવર્ષમાં કયા પ્રકારે વર્ષા થાય છે. ખબર છે ને ?'

'નિઃશંક મને ખબર છે. આપના એૈક વૈજ્ઞાનિકે મને જણાવ્યું હતું. મારું માનવું છે કે સૂર્ય સમુદ્રના પાણીને ગરમ કરે છે અને તેને વરાળના રૂપે ઉપર લઈ જાય છે. આ જળની વરાળ વિશાળ વાદળોમાં એકઠી થાય છે જેને તે પછી ધરતી ઉપર ઉડાડીને લઈ જાય છે. આ વાદળો જ્યારે પહાડો સાથે અથડાય છે તો વર્ષાના રૂપે વરસી જાય છે.'

'એકદમ બરાબર. પરંતુ આપે હજી અડધી સફર પૂરી કરી છે. જળના આપણી ઉપર વરસી ગયા પછી શું થાય છે ?'

શિવનું સમજણભરેલું હાસ્ય બતાવી દઈ રહ્યું હતું કે તેઓને વાત સમજમાં આવી રહી છે.

ગોપાલે કહેવાનું ચાલુ રાખ્યું. 'જળ પોતાનો માર્ગ કરીને વહેળાઓમાં અને પછી નદીઓમાં પહોંચી જાય છે અને અંતે નદી વહીને ફરી સમુદ્રમાં પહોંચી જાય છે. વર્ષાના રૂપમાં વરસતું થોડું જળ મનુષ્યો, પશુઓ, વનસ્પતિઓ ઉપયોગમાં લે છે, કારણ કે તેઓ બધાને જીવતા રહેવાનું હોય છે. પરંતુ આપણા દ્વારા વપરાયેલું જળ પણ નદીઓમાં અને પછી ફરી સમુદ્રમાં પહોંચી જાય છે. સફર હંમેશા ત્યાં જ સમાપ્ત થાય છે જ્યાંથી તેની શરૂઆત થઈ હતી. તો શું આપણે કહી શકીએ છે કે જળની સફર કોઈ ઉદ્દેશ્યપૂર્ણ નહોતી ? જો સમુદ્રને થતું કે સફર ત્યાં સમાપ્ત થઈ જાય છે જ્યાંથી શરૂ થઈ હતી, કારણ કે તેનાથી કોઈ લાભ નથી તો આપણું શું થાત ?

'આપણે સૌ મરી જાત.'

'બિલકુલ. તો કોઈ એ વિચારવા માટે લલચાશે કે જળની આ સફર કેવળ સારપ માટે જ છે. બરાબર ને ? જ્યારે સોમરસે તો સારપ અને બૂરાઈ બંને ઉત્પન્ન કર્યાં છે.'

'પરંતુ નિ:શંક' શિવ વ્યંગપૂર્વક હસ્યા, "આપ આવી કોઈ ધારણાથી મારો મોહભંગ કરી

દેશો.'

ગોપાલનું હાસ્ય પણ ફિક્કું હતું. 'વર્ષા મારફત આવતા પૂરનું શું ? એ રોગોનો ફેલાવો શું જે વર્ષાની સાથે આવે છે ? જો આપણે એ લોકોને પૂછીશું જેઓ પૂર અને રોગથી પીડાયા હોય છે તો તેઓ કહેશે કે વર્ષા બૂરી છે.'

'અતિશય વર્ષા બૂરાઈ છે.' શિવે કહ્યું.

ગોપાલે હસીને સંમતિ દર્શાવી, 'સાચું કહ્યું. તો જળની સમુદ્રથી અને ફરી સમુદ્રમાં પહોંચવાની સફર એક હેતુ પૂરો કરે છે, કારણ કે તે ધરતી પર જીવનની સફરને સંભવ બનાવે છે. એ જ રીતે સોમરસની સફરે બહુ લોકો માટે, આપની સાથે, એક હેતુને પૂરો કર્યો છે, કારણ કે આપનો હેતુ સોમરસને સમાપ્ત કરવાનો છે. એ સોમરસનું અસ્તિત્વ જ ન હોત તો આપ શું કરત ?'

'હું ઘણીબધી વાતો વિચારી શકું છું. દાખલા તરીકે સતીની સાથે આરામથી રહેતો હોત અથવા નૃત્યસંગીતમાં ડૂબકી મારી મારો સમય પસાર કરતો હોત. તે એક સારું જીવન હોત...'

ગોપાલ ધીરેથી હસ્યો, 'પરંતુ સાચું પૂછો તો શું સોમરસે આપના જીવનને હેતુ આપ્યો નથી ?'

શિવ હસ્યા. 'હા, આપ્યો છે.'

'અને આપની યાત્રાએ મારા જીવનને હેતુ આપ્યો છે, કારણ કે જો હું હવે પછીના મહાદેવને સહાય ન કરી શકું તો વાસુદેવ પ્રમુખ થવાનો શું લાભ છે ?'

શિવે હસીને ગોપાલની પીઠ થાબડી.

'લક્ષ્યની ધારણાએ આ યાત્રા છે જે આપણા જીવનને અર્થ આપે છે, મહાનીલકંઠ. આપણા માર્ગ પ્રતિ નિષ્ઠાવાન થવું આપણને પરિણામો સુધી લઈ જશે -- સારું અને ખરાબ બંને સુધી, કારણ કે આ જ બ્રહ્માંડની કામ કરવાની રીત છે.'

'દાખલા તરીકે, મારી યાત્રાનો ભારતવર્ષના ભવિષ્ય ઉપર સકારાત્મક પ્રભાવ હોઈ શકે છે. પરંતુ એ લોકો માટે એ જરૂર નકારાત્મક હશે જેઓ સોમરસના વ્યસની બની ગયા હશે. કદાચ આ જ મારો હેતુ છે.'

'બિલકુલ. શ્રદ્ધેય વાસુદેવનો વિચાર હતો કે આપણે એવા કોઈ ભ્રમમાં ન રહેવું જોઈએ કે આપણા પોતાના શ્વાસો ઉપર આપણો કાબૂ છે. આપણે આ સરળ સત્યને સમજવું જોઈએ કે આપણને 'શ્વાસો આપવામાં આવી રહ્યા છે.' આપણને જીવતા રાખવામાં આવી રહ્યા છે, કારણ કે આપણું જીવન એક હેતુને પૂરું કરે છે. જ્યારે આપણો હેતુ પૂરો થઈ જશે એટલે આપણા શ્વાસ થંભી જશે, અને બ્રહ્માંડ આપણા રૂપને કોઈ બીજી વસ્તુમાં ફેરવી નાખશે, જેથી આપણે કોઈ બીજા હેતુને પૂરો કરી શકીએ.'

શિવ હસી પડ્યા.



પ્રકરણ-૧૧

બ્રંગા જોડાણ

પર્વતેશ્વરનું દળ મધુમતીના એ સ્થળ સુધી પહોંચી ગયું હતું જ્યાં તે પ્રચંડ બ્રંગા નદીથી અલગ પડે છે. ત્યાં તેઓએ ભગીરથના પરત ફરવાની રાહ જોતાં લંગર નાખી દીધાં. ભગીરથની નૌકા પૂર્વ તરફ વળી ગઈ હતી અને બ્રંગાની મુખ્ય શાખા મોટી પદ્મા પર આગળ વધી ગઈ હતી. એક અઠવાડિયા પછી તેઓની નૌકાએ બ્રંગા રાજ્યની રાજધાની બ્રંગદિરાઈના બંદર ઉપર લંગર નાખ્યું હતું.

રાજા ચંદ્રકેતુને ભગીરથના આગમનની સૂચના આપી દેવામાં આવી હતી. બ્રંગાના રાજાએ ખાસ ખ્યાલ રાખ્યો હતો કે અયોધ્યાના રાજકુમારને યોગ્ય સન્માન સાથે તેઓના મહેલમાં લાવવામાં આવે. જ્યારે ભગીરથને દરબારના બદલે ખાનગી મહેલમાં લઈ જવામાં આવ્યા ત્યારે તેઓ સમજી ગયા હતા કે ચંદ્રકેતુ તેઓ સાથે સ્વદ્વીપના યુવરાજની જેમ નહીં પણ એક મિત્રની જેમ વ્યવહાર કરી રહ્યા છે.

ભગીરથે ચંદ્રકેતુને તેઓના મહેલના દરવાજે પોતાની પત્ની અને પુત્રી સાથે તેઓની રાહ જોતા જોયા. બ્રંગાના રાજાએ હાથ જોડીને પ્રણામ કર્યા, 'આપ કેમ છો, અયોધ્યાના વીર રાજકુમાર ?'

ભગીરથે હસીને તેઓને પ્રણામ કર્યાં. 'હું મજામાં છું, મહારાજ.'

ચંદ્રકેતુએ મીઠા સ્મિત સાથે પોતાની પત્ની તરફ જોયું, 'રાજકુમાર, આ છે મારી પત્ની, રાણી સ્નેહા.'

ભગીરથે રાણી સ્નેહા તરફ માથું ઝુકાવ્યું. 'પ્રણામ, મહારાણી.'

પછી વિવેકી ભગીરથ છ વર્ષની બાલિકા જેટલા બની જવા, ઘૂંટણભેર બેસી ગયા. એ બાલિકા ચમકતી આંખો સાથે તેઓને જોઈ રહી હતી. 'અને આ સુંદર દેવી કોણ છે, વારુ ?'

ચંદ્રકેતુ હસ્યા, 'આ મારી પુત્રી રાજકુમારી નવ્યા છે.'

'નમસ્તે, દેવી.' ભગીરથે કહ્યું.

નવ્યા પોતાનો ચહેરો છુપાવતી પોતાની માની પાછળ જતી રહી.

ભગીરથ હસ્યા, 'હું આપના પિતાનો મિત્ર છું, દીકરી. મારાથી ડરવાની જરૂરત નથી.'

'આપનામાંથી વિચિત્ર વાસ આવે છે – ' નવ્યાએ પોતાનો ચહેરો બહાર કાઢીને ધીમેથી કહ્યું.

અચંબો પામેલા ભગીરથ જોરથી હસી પડ્યા.

ચંદ્રકેતુએ પોતાના હાથ જોડીને કહ્યું, 'ક્ષમા માગું છું, રાજકુમાર ભગીરથ. ક્યારેક ક્યારેક તે બહુ જ વાચાળ બની જાય છે.'

ભગીરથે પોતાના હાસ્યને કાબૂમાં લાવી દીધું. 'ના, ના, એ સાચું કહી રહી છે.' પછી તે નવ્યા તરફ ફર્યા. 'પરંતુ દેવી, મને અજાણ્યા લોકો સાથે સદાય નમ્રતાથી વર્તવાનું શીખવવામાં આવ્યું છે. આપને નથી લાગતું કે આ પણ મહત્ત્વની વાત છે.'

'નમ્રતાનો અર્થ જૂઠું બોલવું તેવો નથી થતો' નવ્યા બોલી, 'ભગવાન રામે કહ્યું હતું કે આપણે સદાય સાચું બોલવું જોઈએ. સદાય.'

આશ્ચર્યચકિત થઈ ગયેલા ભગીરથે ચંદ્રકેતુ તરફ જોયું. 'સુંદર. આ ઉંમરે ભગવાન રામની પંક્તિ. તે ખૂબ ચતુર છે.'

'હા, તે ખૂબ જ બુદ્ધિશાળી છે' દેખીતી રીતે ગર્વ અનુભવતા ચંદ્રકેતુએ કહ્યું.

ભગીરથ વહાલપૂર્વક નવ્યા તરફ ફર્યા. 'સાચે જ, આપ બરાબર કહી રહ્યાં છો, દીકરી. મારામાંથી એક લાંબી અને મુશ્કેલ યાત્રાની ગંધ આવી રહી છે. હવે પછી આપને મળવા આવીશ ત્યારે ધ્યાન રાખીશ, સ્નાન કરીને આવીશ. બીજી મુલાકાત વેળાએ આપને મારી ગંધ ખરાબ નહીં લાગે -- શરત સાથે કહું છું.'

ચંદ્રકેતુ હસી પડ્યા. 'મહાન રાજકુમાર, હું તમને ચેતવી દેવા માગું છું. નાનકડી આ નવ્યા ક્યારેય કોઈ શરત હારી નથી.

નવ્યા પોતાની મા સામે જોઈ હસી. 'આ એટલા ખરાબ નથી લાગતા, મા. મારું ધારવું છે કે અયોધ્યાના રાજપરિવારના બધા લોકો ખરાબ નથી...'

ભગીરથ ફરી એક વાર હસી પડ્યો. 'મહારાજ ચંદ્રકેતુ, મને લાગે છે કે મારાં માન-સન્માન ઉપર ફરી હુમલો કરવામાં આવે તે પહેલાં આપણે આપણા કક્ષમાં જતા રહેવું જોઈએ.'

હસતાં હસતાં ચંદ્રકેતુએ પોતાની પત્ની તરફ જોઈને માથું હલાવ્યું અને પછી ભગીરથ તરફ ફર્યા. 'મારી સાથે ચાલો, રાજકુમાર ભગીરથ.'



'બાબા...' ગણેશે ધીરેથી કહ્યું.

ગણેશે હમણાં જ વાસુદેવ-નાગાઓના સંયુક્ત કાફલાની મુખ્ય નૌકામાં શિવના કક્ષમાં પ્રવેશ કર્યો હતો.

શિવે પોતાના ભોજપત્રના પુસ્તકને બાજુમાં મૂકીને ઉપર જોયું, 'શું વાત છે, દીકરા ?'

અચકાતાં અચકાતાં ગણેશે ધીમેથી કહ્યું : 'મારે આપની સાથે વાત કરવી છે.'

શિવે પોતાની પાસે પડેલા આસન તરફ ઇશારો કરતાં, પોતાના પગ સીધા કર્યા

ગણેશે ઊંડો શ્વાસ લીધો, 'બાબા, મગધની સાથે કેટલીક મુશ્કેલીઓ આવી શકે છે.'

શિવ હસ્યા, 'હું વિચારી જ રહ્યો હતો કે તું આ વિષય ઉપર ક્યારે બોલીશ ?'

ગણેશનું મોં પડી ગયું. 'આપ જાણતા હતા ?'

'હું જાણું છું કે ઉગ્રસેનને કોઈ એક નાગાએ માર્યો હતો. હું સમજું છું કે એના લીધે પરિસ્થિતિઓ મુશ્કેલ થઈ જાય છે.'

ગણેશ મૌન જ રહ્યા.

'તો ? તને ખબર છે તેને કોણે માર્યો હતો ? જો આ અપરાધભરેલું કૃત્ય છે તો આપણે

સુર્પદમનને ટેકો આપવો જોઈએ. એથી ન ફક્ત ન્યાય થશે પરંતુ મગધને આપણા પક્ષમાં કરવામાં મદદ મળશે.'

ગણેશ કશું જ બોલ્યા નહીં

શિવ સહેજ ચીડાયા. 'ગણેશ !'

'એ હું હતો.' ગણેશે કબૂલ કર્યું.

શિવની આંખો પહોળી થઈ ગઈ. 'ઓહ, એનાથી તો જરૂર પરિસ્થિતિઓ મુશ્કેલ બની જાય છે...'

ગણેશ મૂંગા રહ્યા.

'શું તારી પાસે યોગ્ય કારણ હતું ?'

'હા, બાબા.'

'શું કારણ હતું ?'

'ચંદ્રવંશી ઉચ્ચ વર્ગે -- સાંઢોની દોડની પરંપરાને સદાય રક્ષણ આપ્યું છે. નબળામાં નબળા સવારની શોધમાં આ ખેલ એક એવી હદ સુધી પતન પામ્યો છે કે નિર્દોષ બાળકોનું અપહરણ કરવામાં આવે છે અને તેઓને ગુસ્સાબાજ સાંઢો ઉપર સવાર થવા માટે મજબૂર કરવામાં આવે છે. આ નિર્દયી રમતે અસંખ્ય બાળકોને પંગુ બનાવી દીધા છે જેમાંથી કેટલાંક તો અત્યંત પીડા પછી મૃત્યુ પામ્યાં છે.'

શિવે ભય સાથે ગણેશ સામે જોયું 'કઈ જાતના જંગલી લોકો બાળકો સાથે આવું કામ કરાવતા હશે ?'

'ઉગ્રસેન જેવા લોકો. મેં તેને એક બાળકનું બળજબરીપૂર્વક અપહરણ કરતો જોયો હતો. બાળકની મા તેને છોડવા તૈયાર ન હતી, એટલે ઉગ્રસેન અને તેના સૈનિકો એ મહિલાનો જાન લેવા તૈયાર થઈ ગયા હતા. મારી પાસે બીજો વિકલ્પ રહ્યો નહોતો...'

શિવને કંઈક યાદ આવ્યું જે કાલીએ કહ્યું હતું. 'શું આ એ ઘટના છે જ્યારે તું ગંભીર રીતે ઘાયલ થયો હતો ?

'હા, બાબા.'

શિવે ઊંડો શ્વાસ લીધો. પોતાના જીવનને સંકટમાં નાખીને પણ અન્યાય સામે લડીને ગણેશે એક વાર ફરીથી પ્રબળ ચારિત્ર્યનો પરિચય આપ્યો હતો. શિવને પોતાના પુત્ર માટે ગર્વ થયો. 'તે યોગ્ય કામ કર્યું હતું.'

'મને દુઃખ છે કે મેં આખા મામલાને જટિલ બનાવી દીધો છે.'

શિવ હસ્યા અને તેઓએ પોતાનું માથું હલાવ્યું.

'શું થયું, બાબા ?'

'સંસારની રીત પણ વિચિત્ર છે.' શિવે કહ્યું, 'તે એક નિર્દોષ બાળક અને તેની માની એક અનૈતિક રાજકુમારથી રક્ષા કરી, પરંતુ મગધવાસી એ અસત્યને ફેલાવવાથી જરાય શરમાયા નહીં કે ઉગ્રસેન નાગા આતંકવાદી આક્રમણ સામે લડતાં લડતાં માર્યા ગયા હતા અને લોકોએ પણ એ અસત્ય ઉપર વિશ્વાસ રાખ્યો હતો.'

ગણેશે પોતાના ખભા ઊંચા કર્યા. 'નાગાઓ સાથે તો હંમેશા એવો જ વ્યવહાર કરવામાં આવ્યો છે. અસત્ય ક્યારેય અટક્યું જ નથી.'

શિવે પોતાના કક્ષની છતને જોઈ.

'હવે આપણે શું કરીશું ?' ગણેશે પૂછ્યું.

'કશું અલગ નહીં. આપણે યોજના પ્રમાણે જ ચાલીશું. આશા રાખીએ કે સુર્યદમન એટલો મહત્વાકાંક્ષી થાય ને સમજી શકે કે મગધનું હિત ક્યાં છે ?'

ગણેશે હકારમાં ડોકું ધુણાવ્યું.

'અને તું કાશીમાં જ રોકાઈ જજે.' શિવ આગળ બોલ્યા, 'મારી સાથે મગધ ન આવતો.'

'જી, બાબા.'



મુઠ્ઠીઓ દબાવીને ચંદ્રકેતુએ પોતાની અંદર ઊભરાતા ક્રોધને દબાવવાનો ભરપૂર પ્રયત્ન કર્યો. ભગીરથે હમણાં જ તેઓને જણાવ્યું હતું કે સોમરસનો કચરો એ મહામારી માટે જવાબદાર છે જે પેઢીઓથી બ્રંગાને ત્રાસ આપી રહી છે.

'ભગવાન રુદ્રના કોપની સોગંદ.' ચંદ્રકેતુ ગરજ્યા, 'દસકાઓથી મારી પ્રજા મરી રહી છે, અમારાં બાળકો ભયાનક રોગોથી પીડાઈ રહ્યાં છે અને અમારા વડીલોએ ભયંકર પીડા સહન કરી છે, આ બધું એટલા માટે કે વિશિષ્ટ મેલુહાવાસી બસો વર્ષ જીવી શકે.'

ભગીરથે મૌન ધારણ કર્યું. તેઓએ ચંદ્રકેતુને યોગ્ય ગુસ્સો ઠાલવવા દીધો.

'પ્રભુ નીલકંઠ શું કહે છે ? આપણે ક્યારે આક્રમણ કરવાનું છે ?'

'હું આપને ખબર કરી દઈશ, મહારાજ.' ભગીરથે કહ્યું, 'પરંતુ એ જલદી જ થશે, કદાચ થોડા મહિનાઓમાં. આપ આપની સેનાઓને સંગઠિત કરીને તૈયાર રહેજો.'

'અમે ન તો ફક્ત અમારી સેનાઓને, પરંતુ દરેક એવા બ્રંગાને પણ સંગઠિત કરીશું, જે લડી શકે તેમ હશે. આ અમારા માટે ફક્ત યુદ્ધ નથી. આ એક પ્રતિશોધ છે.'

'મારા નાવિક નાગાઓ અને પરશુરામ તરફથી મોકલવામાં આવેલી ભેટને બ્રંગદિરાઈ બંદર ઉપર ઉતારી રહ્યા છે કારણ કે નીલકંઠે વચન આપ્યું હતું કે નાગા ઔષધિ બનાવવા માટે જરૂરી બધી સામગ્રી આપને આપવામાં આવશે. એક નાગા વૈજ્ઞાનિક પણ અહીં રહેશે અને આપને શીખવશે કે આપ જાતે ઔષધિ કેવી રીતે બનાવી શકો છો. આપના રાજ્યમાં મળતી જડીબુટ્ટીઓ સાથે મેળવી દેવાથી આ સામગ્રી ત્રણ વર્ષો સુધી નાગા ઔષધિની ખોટ પૂરશે.'

ચંદ્રકેતુ ધીરેથી હસ્યા, 'પ્રભુ નીલકંઠે તેઓનું વચન પાળ્યું. તેઓ પ્રભુ રુદ્રના યોગ્ય ઉત્તરાધિકારી છે.'

'એ તો છે જ.'

'પરંતુ મને નથી લાગતું કે અમારે એટલી ઔષધિની જરૂર પડશે. અયોધ્યા અને બ્રંગાની સંયુક્ત શક્તિ ત્રણ વર્ષોની અંદર મેલુહાની હારને નક્કી કરી દેશે. આપણે સોમરસના ઉત્પાદનને રોકી કાઢીશું અને હિમાલયમાં તેઓના કચરાને સાચવવાની જે વ્યવસ્થા છે તે પણ તોડી પાડીશું. તેનો કચરો બ્રહ્મપુત્રને વિષયુક્ત બનાવવી બંધ કરી દેશે તો ન તો મહારોગ ફેલાશે કે ન કોઈ ઔષધિની જરૂર પડશે.

અવઢવમાં ભગીરથે આંખો ઝીણી કરી.

'શું થયું રાજકુમાર ભગીરથ ?'

'મહારાજ, આ યુદ્ધમાં કદાચ અયોધ્યા આપણી સાથે નહીં હોય.'

'શું ? આપ એમ કહી રહ્યા છો કે અયોધ્યા મેલુહાને સાથ આપી શકે છે ?'

'હા, ખરેખર તો તેઓએ પહેલાંથી જ પોતાનું ભવિષ્ય મેલુહા સાથે જોડી દીધું છે.'

'પછી શા માટે...'

ભગીરથે પ્રશ્ન પૂરો કર્યો, 'હું શા માટે મારા પિતા અને રાજ્યની વિરુદ્ધ કામ કરી રહ્યો છું ?'

'હા, આપ એવું શા માટે કરી રહ્યા છો ?'

'હું આપણા પ્રભુ મહા-નીલકંઠનો અનુયાયી છું. તેઓનો માર્ગ સત્ય છે અને હું તેના પર જ ચાલીશ, ભલેને પછી મારે મારા સંબંધીઓ સાથે કેમ લડવું ન પડે.'

ચંદ્રકેતુ ઊઠ્યા અને તેઓએ ભગીરથને પ્રણામ કર્યા. 'ન્યાયના આદર્શ માટે પોતાના જ સંબંધીઓ સાથે લડવા માટે એક વિશિષ્ટ મહાનતાની જરૂર પડે છે. જ્યાં સુધી મને લાગેવળગે છે ત્યાં સુધી, આપ બ્રંગા માટે, ન્યાય માટે લડી રહ્યા છો. હું તમારા આ વર્તનને યાદ રાખીશ, રાજકુમાર ભગીરથ.'

ભગીરથ હસ્યા, જે રીતે વાતચીત આગળ વધી હતી તેનાથી તેઓ પ્રસન્ન હતા. તેઓએ એ કાર્ય પૂરું કરી દીધું હતું જે શિવે તેઓને સોંપ્યું હતું. પરંતુ બીજી રીતે જોઈએ તો તેઓએ બ્રંગાના અતિશય સમૃદ્ધ રાજાની અંગત મિત્રતા પણ જીતી લીધી હતી. જ્યારે તેઓ અયોધ્યાનું સિંહાસન પામવાનો પ્રયાસ કરશે ત્યારે આ મિત્રતા કામ આવશે. ચંદ્રકેતુના ભાવુક સ્વભાવ વિષે સાંભળી ચૂકેલા ભગીરથ આ મિત્રતાને લોહીના સંબંધથી પણ વધુ મજબૂત બનાવી દેવામાં જ સાર છે તેમ માનવા લાગ્યા હતા.

તેઓએ તેમની કટાર કાઢી, પોતાની હથેળી કાપી અને તેને રાજા તરફ આગળ કરી. 'મારું લોહી આપની નસોમાં વહે, મારા બંધુ.'

ભીની આંખો સાથે ચંદ્રકેતુએ પણ તરત પોતાની કટાર ખેંચી, પોતાની હથેળી કાપી અને તેને ભગીરથના લોહી ભરેલા હાથમાં મેળવી દીધી. 'અને મારું લોહી આપની ધમનીઓમાં વહે.'



વાસુદેવ અને નાગાઓના કાફલાની સૌથી આગળની નૌકામાં બેઠેલા બૃહસ્પતિ, નંદી અને પરશુરામ પોતાની પાછળ આવી રહેલી નૌકામાં તલવારબાજીનો અભ્યાસ કરી રહેલા ગણેશ અને કાર્તિકનાં શરીરોને જોઈ શકતા હતા અને તેઓની પાછળ, ઊંચા છાપરે શિવ સતીની સાથે બેઠા હતા.

બૃહસ્પતિની લાગણીઓ સાથે ઊંડો પશ્ચાત્તાપ છલકાઈ રહ્યો હતો, 'મારા જીવનકર્તવ્યને અધિનાયક તો મળી ગયો પરંતુ મેં એક મિત્ર ગુમાવી દીધો.'

નંદીએ બૃહસ્પતિ તરફ જોયું, 'ના જી ના, બૃહસ્પતિજી, પ્રભુ નીલકંઠ હજી પણ આપને પ્રેમ કરે છે.'

બૃહસ્પતિએ પોતાની ભ્રમર ઊંચી કરી અને હસ્યા. 'નંદી, જૂઠું બોલવું તને શોભા આપતું નથી.'

નંદી ધીમેથી હસીને બોલ્યા, 'જો એ જાણીને આપને કંઈક સારું લાગે તો હું કહીશ કે જ્યારે પ્રભુ શિવને ચોક્કસ લાગ્યું કે આપ મૃત્યુ પામી ચૂક્યા છો તો તેઓને આપનો અભાવ ખૂબ કનડતો હતો. આપ હંમેશાં તેઓના મન-મગજ ઉપર છવાયેલા રહેતા હતા.'

'હું તેનાથી ઓછાની અપેક્ષા રાખતો નથી.' બૃહસ્પતિએ કહ્યું, 'પરંતુ મને નથી લાગતું કે તેઓ એ સમજે છે કે મેં જે કાંઈ કર્યું, તે કેમ કર્યું.'

'સાચું કહું.' નંદી બોલ્યો, 'હું પણ નથી સમજી શકતો. આપના માટે મૃત્યુનું નાટક કરવું મહત્ત્વપૂર્ણ હતું, એમ હું માનું છું. પરંતુ કદાચ આપે પ્રભુ શિવને સાચી વાત કહી દેવા જેવી હતી.'

'હું તેમને કહી શકું તેમ નહોતો.' બૃહસ્પતિ બોલ્યા, 'શિવ મારા મુખ્ય શત્રુ સમ્રાટ દક્ષના જમાઈ છે. જો દક્ષને ખબર પડી જાત કે હું જીવતો છું તો તેઓ મારી પાછળ હત્યારાઓ મોકલી દેત. હું એટલો સમય જીવતો ન રહેત અને તે પ્રયોગ કરી શકત જે મારે કરવાના હતા અને મારી પાસે એ જાણવાનો કોઈ રસ્તો નહોતો કે શિવને મારામાં એટલો વિશ્વાસ છે કે તેઓ દક્ષને કઈ નહીં કહે.'

પરશુરામે બૃહસ્પતિને આશ્વાસન આપવાનો પ્રયત્ન કર્યો. 'તેઓએ આપને ક્ષમા આપી દીધી છે. વિશ્વાસ રાખો, ખરેખર ક્ષમા કર્યા છે.'

'તેઓએ ભલે મને ક્ષમા કર્યો હોય પરંતુ મને નથી લાગતું કે તેઓ મને સમજી શક્યા હોય.' બૃહસ્પતિએ કહ્યું, 'આશા રાખું છું કે એક સમય એવો આવશે જ્યારે મારા મિત્રને હું પાછો મેળવી લઈશ.'

'એવું થશે.' પરશુરામે કહ્યું, 'એક વાર સોમરસ નાશ પામે, પછી આપણે બધા પ્રભુની સાથે કૈલાશ પર્વત જઈશું અને આનંદ સાથે બાકીનું જીવન વિતાવીશું.'

નંદી હસ્યો, 'કૈલાશ પર્વત એટલો સગવડભરેલો નથી, જેટલી તમે કલ્પના કરો છો, પરશુરામ. મને ખબર છે, કારણ કે હું ત્યાં જઈ આવ્યો છું. એ કોઈ આનંદપ્રમોદની જગ્યા નથી.'

'જો આપણે પ્રભુ શિવના ચરણોમાં બેસી જઈ શકીએ તો બધી જગ્યા સ્વર્ગ હશે.'



'શું તેં આંખોમાં કાજળ લગાવ્યું છે ? આશ્ચર્ય સાથે શિવે પૂછ્યું.

નૌકાની ઉપરની અગાશીમાં આરામદાયક આસન ઉપર અડધા સૂતેલા શિવ પ્રેમપૂર્વક પોતાના સંતાનોને જોઈ રહ્યા હતા જેઓ તૈયાર તલવારો સાથે એકબીજા સાથે લડાઈ કરી રહ્યા હતા. સતી આવીને બેઠી અને વિચારોમાં ખોવાયેલી શિવની નજીક થઈ ગઈ.

શિવે ભાગ્યે જ સતીને પ્રસાધનોનો ઉપયોગ કરતી જોઈ હતી. તેઓ માનતા હતા કે સતીનું સૌંદર્ય એટલું અપ્રતિમ છે કે તેને કોઈ અલંકારોની જરૂરત જ નથી.

સતીએ લજજાપૂર્વક હસતાં હસતાં શિવ સામે જોયું. તેનું પ્રભાવશાળી સૂર્યવંશી વ્યક્તિત્વ, આનંદમયી જેવી ચંદ્રવંશી જેવી મહિલાઓથી પ્રભાવિત થયેલું લાગતું હતું. તે સૌંદર્યનો આનંદ ખાસ કરીને એ પુરુષની પ્રશંસાપાત્ર આંખોથી લેતી હતી જેને તે ચાહતી હતી, 'હા, મને લાગી રહ્યું હતું કે આપે મને જોઈ જ નથી.'

કાજળ આંજેલી સતીની મોટી મોટી બદામ જેવી આંખો અને શરમાળ હાસ્યે તેના ચહેરાને જીવંત કરી દીધું.

હંમેશની જેમ શિવ મંત્રમુગ્ધ થઈ ગયા હતા. 'અદ્‌ભુત... આ સુંદર લાગે છે.'

સતી ધીરેથી હસી અને તે શિવના મોં પાસે સરકી અને ધીરેથી તેમને ચૂમી લીધા.

નૌકાના ઉપરના ભાગે ગણેશ અને કાર્તિક ભીષણ યુદ્ધમાં તલ્લીન હતા. જાણે આ તેઓની પરંપરા ન હોય તેમ હવે તેઓ લાકડાની તલવારને બદલે સાચાં શસ્ત્રોથી લડતા હતા. તેઓનું માનવું હતું કે ગંભીર હુમલો થવાનો હોય તેમ જાણ થાય તો તેઓના મન વધુ એકાગ્ર થઈને કામ કરશે અને તેઓનો અભ્યાસ સુધરશે. ઈજા કરી દે તેવા હુમલા પહેલાં તેઓ અટકી જતા હતા અને બીજાને બતાવતા હતા કે તેણે ક્યાં ભૂલ કરી હતી.

પોતાના નાના કદનો લાભ લઈને કાર્તિક ગણેશની સાવ નજીક આવી ગયો અને તેને એની

જગ્યાએ જકડી લઈને કાર્તિકે પોતાના લાંબા શરીરવાળા હરીફને સહેલાઈથી હુમલો કરતો અટકાવી દીધો. ગણેશ પાછળ જતા રહ્યા અને રક્ષણાત્મક રૂપે પોતાની ઢાલ નીચે ઘુમાવી પરંતુ કાર્તિકના ખભાથી થોડા ઇંચ દૂર તેઓ અટકી ગયા.

'કાર્તિક, મારી ઢાલમાં કટાર છે.' ગણેશે કટાર કાઢવા ચાંપ દબાવતાં કહ્યું. 'આ હુમલો મારી તરફેણનો રહ્યો. મેં તને પહેલાં પણ કહ્યું છે : બે તલવારોથી લડવું બહુ જ આક્રમક વાત છે. તારે ઢાલનો ઉપયોગ કરવો જોઈએ. તેં મારા માટે ઘા થઈ શકે તેવી ખાલી જગ્યા ઊભી કરી દીધી હતી.'

કાર્તિક હસ્યો. 'ના, મોટાભાઈ, ઘા તો હું કરી રહ્યો છું. નીચે જુઓ.'

ગણેશને ધાતુનો હળવો સ્પર્શ અનુભવાયો એટલે તેઓની આંખો પોતાની છાતી તરફ જોવા માંડી. કાર્તિક પોતાના ડાબા હાથની તલવારને ઘુમાવીને પકડી બેઠો હતો, એક નાની ધારદાર વસ્તુ મૂઠના ઉપરના ભાગેથી બહાર આવી ગઈ હતી. તે તલવારને ઘુમાવવામાં મૂઠના ઉપરના ભાગને ખોલવામાં અને તેને નજીક લાવવામાં સફળ થયો હતો. જ્યારે સાથેસાથે તે સમયે ખુલ્લી ડાબી બાજુ રાખી ગણેશને ભૂલમાં નાખી દીધા હતા. શિવના મોટા પુત્રે વિચાર્યું હતું કે કાર્તિકે પોતાની ડાબી તલવારને લડાઈમાંથી પાછી ખેંચી લીધી છે.

ગણેશ આશ્ચર્યચકિત આંખે જોઈ રહ્યા હતા. પોતાના ભાઈથી તેઓ ખરેખર પ્રભાવિત થઈ ગયા હતા. 'ભૂમિદેવીના સોગંદ, તેં એવું કેવી રીતે કર્યું ?' ઉપરની અગાશીમાં બેઠેલા શિવ પણ આ બધી પેંતરાબાજી જોઈ રહ્યા હતા અને તેઓ પણ કાર્તિકથી એટલા જ પ્રભાવિત થયા હતા. તેઓ સતી પાસેથી હટી ગયા અને બૂમ પાડીને બોલ્યા : 'બહુ જ સુંદર, કાર્તિક !'

પાછળ ગુસ્સા ભરેલી આંખો તેઓને જોઈ રહી હતી. તે જાણીને શિવ તરત સતીની તરફ ફર્યા. તે સળગતી આંખો વડે ક્રોધથી પોતાનો શ્વાસ રોકીને પોતાના પતિને જોઈ રહી હતી. તેના હોઠ હજી ભીના અને બંધ હતા.

'હું દિલગીર છું, હું દિલગીર છું.' શિવે સતીને નજીક ખેંચતાં અને ફરીથી ચુંબન કરવાનો પ્રયત્ન કરતાં કહ્યું.

સતીએ બનાવટી ગુસ્સા સાથે શિવના ચહેરાને દૂર કરી દીધો, 'એ પળ વીતી ગઈ...'

'હું ખૂબ દિલગીર છું. વાત એવી છે કે કાર્તિકે જે કર્યું તે...'

'જરૂર.' સતીએ પોતાના માથાને હલાવતાં, હસતાં હસતાં કહ્યું.

'એવું ફરી ક્યારેય નહીં બને...'

'ન બને તો સારું...'

'હું દિલગીર છું...'

સતીએ પોતાનું માથું હલાવ્યું અને શિવની છાતી ઉપર ટેકવી દીધું. શિવે તેને નજીક ખેંચી. 'મને કાજળ ખૂબ ગમ્યું. મેં ક્યારેય વિચાર્યું પણ નહોતું કે એ સંભવ છે કે તું હજી વધારે સુંદર બની શકે છે.'

સતીએ શિવ તરફ જોયું અને પોતાની આંખો ઘુમાવી. તેણે ધીરેથી તેઓની છાતી ઉપર ટપલી મારી, 'બહુ જ ઓછું વહાલ અને તે પણ મોડું મોડું.'



પ્રકરણ- ૧૨

મુશ્કેલ પરિસ્થિતિ

'કેવું રહ્યું ?' આનંદમયીએ પૂછ્યું.

ભગીરથ પદ્મા નદી ઉપર થઈને પર્વતેશ્વરની નૌકા ઉપર પહોંચ્યો હતો, જે નૌકા પદ્મા નદી, બ્રંગા નદીથી જુદી પડે છે તે સ્થાન ઉપર લંગર નાખીને ઊભી હતી. નૌકાનો કપ્તાન લંગર ઉઠાવી આગળ જવા માટેની તૈયારી કરી રહ્યો હતો. બ્રંગાના સમાચાર જાણવા આતુર પર્વતેશ્વર, આનંદમયી અને આયુર્વતી પાછળની બાજુ ભગીરથની રાહ જોઈ રહ્યાં હતાં.

ભગીરથે પળવાર પર્વતેશ્વર અને આયુર્વતી ઉપર નજર નાખી અને પછી આનંદમયી તરફ ફર્યો.

'તમે શું વિચારો છો ?'

'શું આપે તેમને બધું જ કહી દીધું ?' આયુર્વતીએ પૂછ્યું.

'આ જ વાત પ્રભુ નીલકંઠે મને કરવાની કહી હતી.' ભગીરથે જવાબમાં કહ્યું.

'પર્વતેશ્વરે ઊંડો શ્વાસ લીધો અને ત્યાંથી ચાલ્યા ગયા.

આનંદમયીએ પાછા ફરતા પહેલાં પોતાના પતિ તરફ જોયું. 'તો બ્રંગાએ શું કહ્યું, ભગીરથ ?'

'રાજા ચંદ્રકેતુ ગુસ્સામાં છે, કારણ કે તેઓની પ્રજા આટલી ભયંકર મહામારીની પીડા ભોગવી રહી છે, કારણ કે મેલુહાવાસી વધારાનું લાબું જીવન જીવી શકે.'

'પરંતુ મને આશા છે કે આપે તેઓને કહ્યું હશે કે મોટાભાગના મેલુહાવાસીઓને આ વાતની ખબર નથી.' આયુર્વતીએ કહ્યું, 'જો અમને ખબર હોત કે સોમરસ બ્રંગામાં આટલો ત્રાસ ફેલાવી રહ્યો છે તો આપણે તેનો ઉપયોગ કર્યો ન હોત.'

ભગીરથ અવિશ્વાસભરી નજરે આયુર્વતીને જોઈ રહ્યો અને પછી વ્યંગભરી રીતે બોલ્યો, 'મેં તેઓને કહ્યું હતું કે મોટાભાગના મેલુહાવાસી જાણતા નહોતા કે તેઓનું વ્યસન આટલો વિનાશ ઉત્પન્ન કરી રહ્યું છે. વિચિત્ર વાત છે કે એનાથી રાજા ચંદ્રકેતુનો ક્રોધ ઓછો થયો હોય તેમ લાગતું નથી.'

આયુર્વતી મૌન રહી.

ચીડાઈને આનંદમયી બોલી, 'શું પળવાર માટે તમે નિર્ણાયક થવું છોડીને મને એ કહી શકશો કે બ્રંગામાં અત્યારે શું બની રહ્યું છે ?'

‘અત્યારે તો રાજા ચંદ્રકેતુ એ ઔષધિઓ બનાવવા ઉપર ધ્યાન આપી રહ્યા છે જેની તેઓની પ્રજાને જરૂરત છે.’ ભગીરથે કહ્યું, ‘પરંતુ તેની સાથેસાથે તેઓએ યુદ્ધની તૈયારીઓ પણ શરૂ કરી દીધી છે. ત્રણ મહિનામાં તેઓ તૈયાર થઈ જશે અને પ્રભુ નીલકંઠના આદેશોની રાહ જોતા હશે.’

દુ:ખી હૃદયે દૂર ઊભેલા પર્વતેશ્વરને જોઈને – આયુર્વતીની આંખો આંસુઓથી ભરાઈ ગઈ. તે પર્વતેશ્વરના હૃદયની પીડાનો અનુભવ કરી શકતી હતી, કારણ કે તેનું હૃદય પણ એટલું જ ભારે થઈ ગયું હતું.



‘મહારાજ’ અયોધ્યાના પ્રધાનમંત્રી સિયામંતકે સમ્રાટ દિલીપના કક્ષમાં દાખલ થતાં કહ્યું, ‘મને હમણાં સંદેશો મળ્યો છે કે મહર્ષિ ભૃગુ આવી રહ્યા છે.’

‘મુનિવર ભૃગુ?’ નવાઈ પામતાં દિલીપે પૂછ્યું, ‘અહીં ?’ સિયામંતકે કહ્યું, ‘મુનિવર ભૃગુ કાલ સુધીમાં તો અહીં પહોંચી જવા જોઈએ.’

‘મને પહેલાં કેમ જણાવ્યું નહીં ?’

‘મને પણ ખબર નહોતી, મહારાજ.’

‘મેલુહાએ એવું કરવા જેવું નહોતું. મુનિવર ભૃગુને અહીં મોકલતા પહેલાં તેઓએ આપણને જાણ કરી દેવી જોઈતી હતી.’

‘મેલુહા અંગે શું કહી શકું, મહારાજ ? તેઓ છે જ અહંકારી.’

વિચલિત દિલીપે પોતાના મોં ઉપર હાથ ફેરવ્યો. ‘ગોદીમાંથી કોઈ સમાચાર છે ? શું આપણી નૌકાઓ સંપૂર્ણ થવાની નજીક છે ?’

સિયામંતકે ચિંતાતુર ભાવે ચૂંક ગળા નીચે ઉતાર્યું, ‘ના, મહારાજ. આપે મને કહ્યું હતું કે સડક ઉપર રહેવાવાળા લોકો ઉપર હું ધ્યાન આપું અને...’

‘મને ખબર છે કે મેં આપને શું કરવાનું છે તે કહ્યું હતું. મને મારા પ્રશ્નનો ઉત્તર ફક્ત હા કે નામાં આપો.’

‘હું દિલગીર છું, મહારાજ. ના, નૌકા હજી પૂરી થવાની નજીક પણ નથી પહોંચી.’

‘કામ ક્યાં સુધીમાં પૂરું થશે ?’

‘જો આપણે બીજાં બધાં કામ બંધ કરી દઈએ તો મારું માનવું છે કે આપણે છથી નવ મહિનામાં તૈયાર કરી દઈ શકીએ.’

દિલીપના શ્વાસ જરા ધીમા પડ્યા, ‘આ કાંઈ ખરાબ પરિસ્થિતિ ન કહેવાય. હવે પછીના નવ મહિનાઓમાં કશું જ થવાનું નથી.’

‘જી, મહારાજ .’



સમ્રાટ દિલીપ અયોધ્યાની નૌકા બનાવતી ગોદી પર મહર્ષિ ભૃગુની સાથે હતા. મેલુહાના સેનાપતિ પ્રસેનજીત થોડે દૂર ઊભા હતા.

ઊતર્યા પછી આવકારવિધિનો અસ્વીકાર કરીને ભૃગુ નૌકા નિર્માણસ્થળ તરફ નીકળી પડ્યા હતા. ગભરાઈને દિલીપ મજબૂરીથી તેઓની પાછળ ચાલ્યા – સભાસદો સહિત. તેઓએ

સિયામંતક અને પોતાના બધા સભાસદોને અંતર રાખવાનો ઇશારો કર્યો. તેઓ જાણતા હતા કે ભૃગુ ગુસ્સામાં છે અને તેઓ કટુવચનો સાંભળવાની આશા રાખતા હતા.

'રાજન,' ભૃગુએ ધીમા સ્વરે, પોતાના ક્રોધને સંયમમાં રાખતાં કહ્યું, 'આપે મને વચન આપ્યું હતું કે આપની નૌકાઓ તૈયાર થઈ જશે.'

'જાણ છું, મુનિવર.' દિલીપે મૃદુ સ્વરે કહ્યું, 'પરંતુ સાચું કહું તો થોડા મહિનાના વિલંબથી આપણને કોઈ નુકસાન થવાનું નથી. પંચવટી ઉપરના આપણા આક્રમણને અનેક મહિના થઈ ગયા છે. નીલકંઠના કોઈ જ સમાચાર નથી. મને વિશ્વાસ છે કે આપણે સફળ થયા છીએ. આપણે વિચલિત થવાની કોઈ જરૂર નથી. હું ખરેખર માનું છું કે યુદ્ધની સંભાવના ઓછી થઈ ગઈ છે.'

ભૃગુ દિલીપ તરફ ફર્યા, 'રાજન, શું હું આપને વિનંતી કરી શકું કે વિચારવાનું કામ મારા ઉપર છોડી દો ?'

દિલીપ તરત મૌન થઈ ગયા.

'શું તે આપનું સૂચન નહોતું કે આપ આપની વ્યાપારી નૌકાઓને યુદ્ધનૌકાઓમાં ફેરવી દેશો ?'

'હા, હતું, મુનિવર.' દિલીપે કહ્યું.

'મેં સૂચન કર્યું હતું કે કદાચ ગંગા પર નૌકાસૈન્યની જરૂર નહીં પડે. મેં આપને કહ્યું હતું કે આપણને ફક્ત પરિવહન નૌકાઓની જરૂર પડશે, જેના માટે આપની વ્યાપારી નૌકાઓ પૂરતી હતી. '

'હા, આપે કહ્યું હતું, મુનિવર.'

'છતાં પણ આપે આગ્રહ રાખ્યો હતો કે નદી ઉપર યુદ્ધ થવાની શક્યતાએ યુદ્ધજહાજો રાખવાં એ સારો વિચાર હશે.'

'હા, મુનિવર.'

'અને હું એક જ શરતે તૈયાર હતો કે યુદ્ધનૌકાઓ છ મહિનામાં તૈયાર થઈ જાય. બરાબર છે ?'

'હા, મુનિવર.'

'હવે સાત મહિના થઈ ગયા છે. આપે વ્યાપારી નૌકાઓ ખોલાવી દીધી છે પરંતુ હજી સુધી તેને ફરીથી તૈયાર કરી દીધી નથી. તો હવે સાત મહિના પછી ન તો આપણી પાસે યુદ્ધનૌકા છે કે ન તો વ્યાપારી કે પરિવહન નૌકા છે.'

'હું જાણું છું કે સ્થિતિ બહુ જ ખરાબ છે, મુનિવર.' દિલીપે આંગળીઓથી પોતાનાં ભવાં લૂછતાં કહ્યું, 'પરંતુ અહીં સડક પર રહેવાવાળાઓએ અનશન કરી લીધા હતા.'

ગુંચવાઈ ગયા હોય તેવા ભાવ સાથે હતાશામાં ભૃગુએ પોતાનો હાથ ઉપર કર્યો, 'એનો નૌકાઓ સાથે શું સંબંધ છે ?'

'મુનિવર,' દિલીપે ધીરજપૂર્વક કહ્યું, 'ઉદાર થઈને મેં એવી જાહેરાત કરી હતી કે અયોધ્યામાં કોઈ ઘર વગરનું નહીં રહે. ખેર, આ જબરદસ્ત મોટું કામ આંતરિક મામલાઓ સંભાળતી રાજકીય સમિતિને સોંપવામાં આવ્યું હતું જે ઘરોની સાથે સાથે રાજવી નૌકાઓ બનાવતી ગોદીને પણ સંભાળતી હતી. આ સમિતિ છેલ્લાં ત્રણ વર્ષોથી આ મહાયોજનાનો અમલ કરાવવા માટે ગંભીરતાથી ચર્ચાઓ કરી રહી છે. એટલે આપણી ગઈ વાતચીત પછી મને યોગ્ય લાગ્યું હતું કે આ સમિતિને નૌકાનિર્માણ ઉપર ધ્યાન કેન્દ્રિત કરવાનો આદેશ આપું. એના લીધે મફત આવાસ યોજના તરફ દુર્લક્ષ સેવવામાં આવતા સડક ઉપર રહેવાવાળા લોકો એટલા ગુસ્સે ભરાયા હતા કે તેઓ જનઆંદોલન કરવા બેસી ગયા હતા. જનાદેશ સર્વોપરી

હોવાના કારણે મેં સમિતિને ફરીથી આવાસ યોજના ઉપર ધ્યાન આપવાનો હુકમ કર્યો હતો. એ જણાવતાં મને આનંદ થઈ રહ્યો છે કે – આવાસ અભિલેખનું સાતમું સંસ્કરણ જલદી તૈયાર થઈ જશે જેમાં ખૂબ સારી રીતે બધા જ નાગરિકોના દ્રષ્ટિકોણો ઉપર વિચાર કરવામાં આવ્યો છે. આનો સ્વીકાર થઈ જતાં સમિતિ પોતાનું બધું જ ધ્યાન નૌકાનિર્માણના મામલાને આપશે.

ભૃગુ ચકિત થઈને ફાટી આંખે દિલીપને જોઈ રહ્યા.

'તો આપે જોયુંને, મુનિવર,' દિલીપે કહ્યું, 'હું જાણું છું કે પરિસ્થિતિ બહુ સારી તો નથી દેખાઈ રહી, પણ બહુ જલદી બધું ઠીક થઈ જશે. મને આશા છે કે આવતા સાત દિવસોમાં સમિતિ નૌકાનિર્માણના મામલા ઉપર ચર્ચા શરૂ કરી દેશે.'

ભૃગુએ ધીમા સ્વરે કહ્યું પરંતુ તેમનો ક્રોધ ઊકળી રહ્યો હતો, 'રાજન, ભારતવર્ષનું ભવિષ્ય દાવ પર છે અને આપની સમિતિ ચર્ચાઓ કરી રહી છે ?'

'પરંતુ, મુનિવર, ચર્ચાઓ મહત્ત્વની હોય છે. તે બધા જ દ્રષ્ટિકોણોને ભેગા કરવામાં મદદ કરે છે. નહીં તો આપણે એવા નિર્ણય લઈ શકીએ છીએ જે...'

'ભગવાન રામના નામ પર, આપ રાજા છો ! નિયતિએ આપને અહીં સ્થાપિત કર્યા છે જેથી આપ આપની પ્રજા માટે નિર્ણય લઈ શકો.'

દિલીપ મૌન થઈ ગયા.

ભૃગુ થોડી વાર પોતાના ક્રોધને કાબૂમાં રાખવાના પ્રયાસમાં મૌન રહ્યા, પછી ધીમે અવાજે બોલ્યા, 'રાજન, આપના રાજ્યમાં આપ શું કરો છો, એ આપની સમસ્યા છે. પરંતુ હું ઇચ્છું છું કે એ નૌકાઓને ફરી તૈયાર કરવાનું કાર્ય આજથી જ શરૂ થઈ જાય. સમજી ગયા ?'

'જી, મુનિવર.'

'નૌકા કેટલી જલદી તૈયાર થઈ શકે તેમ છે ?'

'જો મારા માણસો રોજ કામ કરે તો છ મહિનામાં.'

'એ જડ લોકો પાસે દિવસ-રાત કામ લો અને ત્રણ મહિનામાં તેને તૈયાર કરાવી દો. મારી વાત સમજ્યા ?'

'જી, મુનિવર.'

'સાથે સાથે મહેરબાની કરીને નકશા ચીતરનારાઓ પાસે અયોધ્યાથી ઉપરની ગંગા સુધીના વનમાર્ગનો નકશો પણ તૈયાર કરાવી લેજો.'

'હંઅઆ, પરંતુ શા માટે ?...'

ભૃગુએ હતાશ થઈને ઊંડો શ્વાસ લીધો. 'રાજન, મને લાગે છે કે મેલુહા જ વાસ્તવિક યુદ્ધભૂમિ હશે. આપની અયોધ્યા કદાચ સંકટમાં નહીં પડે. જરૂરિયાત પડશે તો આ નૌકા આપની સેનાને જલદીથી મેલુહા પહોંચાડવા માટે જોઈશે. કારણ કે તે હમણાં તૈયાર થવાની નથી એટલે આવતા થોડા મહિનામાં જ યુદ્ધની ઘોષણા થઈ જાય તો આપણને એક વૈકલ્પિક યોજનાની જરૂરત પડશે. હું ઇચ્છું છું કે આપની સેના ઉત્તર-પશ્ચિમ દિશાઓમાં વનોને ચીરતી ઉપર ગંગા પર ધર્મખેતની નજીક પહોંચે. એનાથી આગળ દેવગિરિ પહોંચવા માટે આપ મેલુહાવાસીઓ દ્વારા બનાવેલા નવા માર્ગનો ઉપયોગ કરી શકો છો. સ્પષ્ટ છે કે આપ જંગલો વીંધીને જશો તો આ રસ્તો ધીમો રહેશે અને તેમાં અનેક મહિનો લાગી જઈ શકે છે પરંતુ મેલુહા સુધી કોઈ દળ ન પહોંચવાથી તો આ સારું રહેશે. અને એ સુનિશ્ચિત કરવા માટે કે આપની સેના જંગલમાં ભૂલી ન પડી જાય, સ્પષ્ટ નકશો હોવો સારી વાત બનશે. મને વિશ્વાસ છે કે આપના સેનાનાયકો પોતાના મિત્રોને મદદ કરવા માટે સમયસર મેલુહા પહોંચવા માગશે.'

દિલીપે હકારમાં ડોકું ધુણાવ્યું.

'સાથે એ વાત પણ છે કે અયોધ્યા ઉપર સીધુ આક્રમણ થાય તો મને નવાઈ લાગશે.'

'નિ:શંક, કોઈ અયોધ્યા ઉપર સીધું આક્રમણ શા માટે કરવા માગશે ?' દિલીપે પૂછ્યું, 'અમે તો કોઈને નુકસાન પહોંચાડયું નથી.'

સાચી વાત તો એ હતી કે ભૃગુને ભરોસો નહોતો કે અયોધ્યા પર આક્રમણ નહીં થાય, પરંતુ તેઓને એની ચિંતા નહોતી. તેઓની એકમાત્ર ચિંતા સોમરસ હતી. સોમરસની રક્ષા કરવા મેલુહાની રક્ષા કરવી અત્યંત જરૂરી વાત હતી. જો દિલીપને તરત અયોધ્યાની સેનાને દેવગિરિ માટે રવાના કરવાનો આદેશ આપવા સમજાવી શકાય તેમ હોય તો ભૃગુ એવું કરતાં જરાય અચકાશે નહીં.

'હું નકશા બનાવનારાઓને વનના રસ્તાઓનો નકશો તૈયાર કરવાનો આદેશ આપી દઈશ; મુનિવર.' દિલીપે કહ્યું.

'ધન્યવાદ, રાજન.' ભૃગુ હસ્યા, 'ખેર, આપની કરચલીઓ દેખાતી બંધ થઈ ગઈ છે. શું આપની ખાંસીમાં લોહી ઓછું થઈ ગયું છે ?'

'ખતમ થઈ ગયું, મુનિવર. આપની ઔષધિઓ તો ચમત્કારિક છે.'

'કોઈ પણ ઔષધિ રોગની પ્રતિક્રિયા ઉપર સારી કે ખરાબ હોય છે. બધું જ માન આપને જાય છે, રાજન.'

'આપ તો બહુ જ ઉદાર થઈ રહ્યા છો. મારા શરીર સાથે આપે જે કર્યું હતું તે ચમત્કારિક છે. પરંતુ મુનિવર, મારાં ઘૂંટણો હજી પણ મને પરેશાન કરી રહ્યા છે. એમાં ખૂબ પીડા થાય છે જ્યારે હું ...'

'અમે તેને પણ સારા કરી દઈશું. ચિંતા ન કરતા.'

'આભાર. આપનો.'

ભૃગુએ પોતાની પાછળ ઇશારો કર્યો, 'અને હા, હું મારી સાથે મેલુહાના દળપતિ પ્રસેનજિતને લાવ્યો છું. તેઓ આધુનિક યુદ્ધમાં આપની સેનાને શિક્ષિત કરશે.'

'હંઅઅ પરંતુ..'

'મહેરબાની કરીને એ જોજો કે આપના સૈનિક તેઓની વાત સાંભળે, રાજન.'

'જી, મુનિવર.'



પર્વતેશ્વર અને તેના કાફલાને લઈ જતી બંને નૌકાઓએ વૈશાલી નદીના તટે લંગર નાખ્યું હતું, જે બ્રંગાની નજીકનું પાડોશી રાજ્ય હતું. શિવે પર્વતેશ્વરને કહ્યું હતું કે તેઓ વૈશાલીના રાજા માતલિ સાથે વાત કરે અને નીલકંઠ માટે તેઓનો ટેકો મેળવી લે. પર્વતેશ્વર એવું માનતા હતા કે મહાદેવનો વિરોધ કરવાનો તેઓનો નિર્ણય અને મેલુહાનું રક્ષણ કરવાનો નિર્ધાર, આમ જોઈએ તો રાજા પાસે જઈને આવી વાત કરવી અનૈતિક ગણાશે. આથી તેઓએ આ કામ આનંદમયીને સોંપી દીધું હતું.

ભગીરથ, આનંદમયી અને આયુર્વતી નૌકાના પાછળના ભાગે ઊભાં હતાં અને વૈશાલી બંદર ઉપર નૌકા લાંગરે તેની રાહ જોતા હતા. પર્વતેશ્વરે આ આખી વાતમાં નૈપથ્યમાં રહેવાનું નક્કી કરતા, તેઓએ મુખ્ય નૌકાના ઉત્તંક સાથે તલવારબાજીનો અભ્યાસ કરવાનું રાખ્યું હતું. નૌકામાં રાહ જોતા બધા મત્સયાવતારને અર્પણ કરાયેલા ભવ્ય વિષ્ણુમંદિરને જોઈ રહ્યા હતા જે નદીના ઘાટની બહુ જે નજીક બનાવવામાં આવ્યું હતું. તેઓ સૌએ પ્રથમ વિષ્ણુ ભગવાનને નમીને વંદન કર્યા.

'આપ સૌએ મને માફ કરીને રજા આપવી પડશે.' ભગીરથે આનંદમયી તરફ ફરીને કહ્યું.

'શું તમે તરત અયોધ્યા જવા નીકળી જવાની યોજના બનાવી રહ્યા છો ?' આનંદમયીએ પૂછ્યું.

'હા, મોડું શા માટે કરવું ? મારો વિચાર બીજી નૌકા લઈને સરયૂ થઈને અયોધ્યા જવાનો છે. વૈશાલીના રાજાનો ટેકો તો નક્કી છે. તેઓ તો નીલકંઠ પર આંધળો વિશ્વાસ મૂકે છે. મારે તેઓને મળવું એ તો ફક્ત ઔપચારિકતા હશે. હું એક બીજા કાર્ય અંગે ધ્યાન કેન્દ્રિત કરવા માગું છું જે પ્રભુ નીલકંઠે મને સોંપ્યું છે.'

'ઠીક છે.' આનંદમયીએ કહ્યું.

'ભગવાન રામના આશીર્વાદ સાથે આગળ વધો, ભગીરથ.' આયુર્વતીએ કહ્યું.

'આપને પણ.' ભગીરથે કહ્યું.



શિવના કાફલાની મુખ્ય નૌકા જ્યારે કાશીના અસ્સી ઘાટ પર પડાવ નાખી રહી હતી ત્યારે બીજી નૌકાઓ પાસેના બ્રાહ્મી ઘાટ ઉપર ઊભી હતી. રાજા અથિથિગ્વ પરંપરાગત સ્વાગત માટે તૈયાર ઊભા હતા. જેવો શિવે નૌકાના સાંકડા લાકડા ઉપર પગ મૂક્યો કે ઇશારો થતાંની સાથે નગારાંવાદકોએ સુમધુર તાલથી નગારાંઓ વગાડવાં શરૂ કર્યાં હતાં, અને શંખનાદ છવાઈ ગયો. પરંપરાગત આરતી ઉતારી સ્વાગત કરતા લોકોએ ઉત્સવ જેવું વાતાવરણ બનાવી દીધું. તેઓના જીવંત ભગવાન પાછા આવી ગયા હતા.

શિવે જેવો અસ્સી ઘાટ ઉપર પોતાનો પગ મૂક્યો કે રાજા અથિથિગ્વે તેઓને પ્રણામ કરી ચરણસ્પર્શ કર્યા.

'આયુષ્યમાન ભવ, રાજન.' શિવે રાજા અથિથિગ્વને આશીર્વાદ આપ્યા.

અથિથિગ્વ હસ્યા. તેઓના હાથ હજી પ્રણામની મુદ્રામાં જ હતા. 'જો અહીં કાશીમાં આપની હાજરીનો લાભ ન મળે તો દીર્ઘ આયુષ્યનો શું લાભ, પ્રભુ ?'

શિવ, જેઓ આવી ભક્તિ જોઈને સહજતા ગુમાવી દેતા હતા, તેઓએ તરત વિષય બદલ્યો અને પૂછ્યું : 'બીજું બધું કેમ ચાલી રહ્યું છે, મહારાજ ?'

'બહુ જ સરસ. વ્યાપાર પણ સારો છે. પરંતુ સાંભળવામાં આવ્યું છે કે નીલકંઠ બહુ જ જલદી કોઈ મોટી જાહેરાત કરવાના છે. શું આ વાત સાચી છે, પ્રભુ ?'

'આપના મહેલે પહોંચીને વાત કરીશું, મહારાજ.'

'જરૂર.' અથિથિગ્વે કહ્યું, 'હું આપને એ પણ જણાવી દઉં કે મને એક ઝડપી નૌકા મારફત સૂચના મળી છે કે રાણી કાલી કાશી પહોંચવામાં છે. તે આપનાથી બસ થોડા દિવસની સફરથી પાછળ છે. તે બહુ જલદી અહીં પહોંચી જશે.'

ભવાં ચડાવીને શિવે સહજ ભાવથી નદીની ઉપરની તરફ જોયું જ્યાંથી કાલીની નૌકા આવવાની વકી હતી, 'તેણીનું અહીં હોવું નિઃશક સારી વાત બની રહેશે. આપણે ઘણી બધી યોજનાઓ બનાવવાની છે.'



પ્રકરણ-૧૩

ગણો છટકી જાય છે

પ્રસન્ન શિવ વીરભદ્રને ભેટ્યા, તો સતીએ કૃતિકાને બાથમાં લીધી. તેઓ બંનેએ હમણાં જ કાશીમહેલના શિવના અંગત કક્ષમાં પ્રવેશ કર્યો હતો.

વીરભદ્ર અને કૃતિકાની મેલુહા થઈને કરવામાં આવેલી મુસાફરી કોઈ ઘટના વગરની રહી હતી. એ ગામમાં જ્યાં ગણલોકોને ઘરોમાં રાખવામાં આવ્યા હતા, ત્યાં તેઓનું કરવામાં આવેલું સ્વાગત, તેઓ માટે નવાઈ પમાડે તેવું હતું. ત્યાં ન તો કોઈ સૈનિક હતા, ન કોઈ ચેતવણી આપવામાં આવી હતી અને ન કશું અસાધારણ હતું. દેખીતી રીતે, નીલકંઠ વિરુદ્ધ લાભ મેળવવા માટે ગણવાળાઓને લક્ષ્ય બનાવવામાં આવ્યા નહોતા. પ્રણાલી પ્રમાણે ચાલતા મેલુહાવાસીઓએ એ મેળવી લીધું હતું જે તેઓની પરંપરાઓએ કલ્પના કરી હતી – દરેક વ્યક્તિ સાથે નિયમાનુસાર વ્યવહાર કરવામાં આવતો હતો અને કોઈ ખાસ વ્યક્તિ માટે અલગ વ્યવસ્થા હતી નહીં.

'શું તમને કોઈ તકલીફ પડી હતી ?' શિવે પૂછ્યું.

'જરાય નહીં.' વીરભદ્રે કહ્યું, 'કબીલો બીજા બધાની જેમ સુવિધાજનક સમતાપૂર્ણ રીતે રહ્યો હતો. અમે તરત જ તેઓને એક કાફલામાં બાંધી દીધો હતો અને પછી ચૂપચાપ નીકળી ગયા હતા. અમે થોડા મહિનાઓ પછી કાશી પહોંચી ગયા હતા.

'એનો અર્થ એ થયો કે તેઓને અત્યાર સુધી ગોદાવરી ઉપર મારા બચી જવા અંગેની જાણ નથી.' શિવે કહ્યું, 'નહીં તો તેઓ ગણવાળાઓને કેદી બનાવી દેત.'

'આ તર્કસંગત વાત છે.'

'પરંતુ તેનો અર્થ એ પણ છે કે જો કોઈ મેલુહાવાસી ગણોના ગામમાં તપાસ કરવા જાય અને જો તેઓ ન મળે તો તેઓ માની લેશે કે હું જીવતો છું અને યુદ્ધની યોજના બનાવી રહ્યો છું.'

'આ પણ તર્કસંગત વાત છે પરંતુ આ બાબતે આપણે કંઈ કરી શકીએ તેમ નથી, સાચી વાત છે ને ?'

'ના, આપણે કંઇ જ કરી નથી શકતા.' શિવ સહમત થયા.



'દીદી !' કાલી પોતાની બહેનને ભેટીને હસી.

'તું કેમ છે, કાલી ?' સતીએ પૂછ્યું.

'થાકી ગઈ છું. આપની સાથે થવા માટે મારી નૌકાને ચંબલ અને ગંગામાં બહુ જ ઝડપથી હંકારવું પડ્યું હતું.'

'આટલા મહિનાઓ પછી તને મળીને સારું લાગે છે, કાલી.' શિવે કહ્યું.

'મને પણ.' કાલીએ કહ્યું, 'ઉજ્જૈન કેવું લાગ્યું ?'

'પ્રભુ રામના નામ પ્રમાણેનું શહેર હતું.' શિવે કહ્યું.

'શું એ સાચી વાત છે કે કેટલાક વાસુદેવ આપની સાથે અહીં આવ્યા છે ?'

'હા, ખુદ વાસુદેવ પ્રમુખ માનનીય ગોપાલ સહિત.'

કાલીએ ધીરેથી સીટી વગાડી, 'હજી હમણાં સુધી મને વાસુદેવ પ્રમુખનું નામ ખબર નહોતું અને હવે એવું લાગી રહ્યું છે કે બહુ જલદી હું તેઓને મળવાની છું. વાત ખરેખર એટલી ગંભીર હશે કે તેઓને આ રીતે તેઓના એકાંતવાસમાંથી બહાર આવવું પડ્યું.'

'પરિવર્તન સરળતાથી આવતું નથી.' શિવે કહ્યું, 'હું આશા નથી રાખતો કે સોમરસના સમર્થક સૂર્યાસ્તની સાથે અસ્ત થઈ જશે. ખરેખર તો વાસુદેવો માને છે કે યુદ્ધ તો પહેલેથી શરૂ થઈ ગયું છે -- પછી ભલેને તેની ઘોષણા થઈ હોય કે નહીં. ખરેખરની હિંસાખોરી શરૂ થાય તે તો બસ થોડા સમયની વાત છે. હું પણ સંમત છું.'

'શું એ માટે મારી નૌકાને અસ્સી નદીમાં ખેંચી લેવામાં આવી હતી ?' કાલીએ પૂછ્યું, 'મને તો ચિંતા થતી હતી કે તે કદાચ ઘાટ સુધી પણ નહીં પહોંચે. આ નદી તો એટલી નાની છે કે ખરેખર તો તેને નાળું કહેવું જોઈએ.'

'એ નૌકાના રક્ષણ માટે છે, કાલી.' શિવે કહ્યું, 'એ મહારાજ અથિથિગ્વનો વિચાર હતો. નગરની જેમ કાશીનો ઘાટ પણ કોઈ દીવાલ વડે રક્ષાયેલો નથી. કાશીમાં રુદ્રપ્રભુનો આત્મા વસેલો હોવાના વિશ્વાસને કારણે આપણા શત્રુ નગર ઉપર હુમલો કરતાં અચકાશે. પરંતુ ગંગા ઉપર લાંગરેલી કોઈ પણ નૌકા શિકારનો ભોગ બનશે.'

'એટલા માટે નૌકાઓને અસ્સીમાં લઈ જવાનો નિર્ણય લેવામાં આવ્યો, જે ગંગામાં વહી જાય છે.' સતીએ કહ્યું, 'નદીના મુખ પાસે આવેલી ખાડી સાંકડી છે, એટલે શત્રુની એકથી વધુ નૌકા અહીં આવી શકશે નહીં. એ રીતે આપણી નૌકાઓને સરળતાથી બચાવી શકાશે. સાથે સાથે અસ્સી કાશી નગરી વચ્ચેથી વહે છે. મોટાભાગના ચંદ્રવંશી એની અંદર આવવા નહીં માગે, એવું માનીને કે કાશીને ભૂલથી પણ જો આપણાથી નુકસાન થશે તો પ્રભુરુદ્રનો આત્મા આપણને શ્રાપ આપશે.'

કાલીએ ભવાં ચડાવ્યાં, 'શત્રુઓના પોતાના અંધવિશ્વાસનો તેઓની વિરુદ્ધ ઉપયોગ ? મને ગમ્યુ.'

'ક્યારેક સારી રણનીતિ તલવારની ધારથી પણ વધારે સારું કામ કરે છે.' શિવ હસતાં હસતાં બોલ્યા.

'આહ.' કાલીએ હસતાં હસતાં કહ્યું, 'આપ આવું ફક્ત એટલા માટે કહી રહ્યા છો કારણ કે આપે મારી તલવારનો સામનો કર્યો નથી.'

શિવ અને સતી આનંદ સાથે હસી પડ્યાં.



શિવ તથા તેઓના ખાસ લોકો ભવ્ય કાશીમંદિરના મુખ્ય કક્ષમાં બેઠા હતા. અથિથિગ્વ મંદિરના મુખ્ય પંડિત સાથે ગભારામાં ભગવાન રુદ્ર અને દેવી મોહિનીની પ્રતિમાઓને પ્રસાદ ચડાવવા ગયા હતા. પ્રસાદ ચડાવીને તેઓ પાછા આવ્યા.

'પ્રભુ રુદ્ર અને દેવી મોહિની આપણા કાર્ય ઉપર કૃપા કરે.' અથિથિગ્વે શિવને પ્રસાદ આપતાં કહ્યું.

શિવે બંને હાથે પ્રસાદ લીધો અને તેને સંપૂર્ણપણે ગળા નીચે ઉતાર્યો અને પછી પોતાના ડાબા હાથને માથા ઉપર ફેરવી દીધો. આ રીતે તેઓએ પ્રભુ રુદ્ર અને દેવી મોહિનીને તેઓના આશીર્વાદ માટે ધન્યવાદ આપ્યો હતો. દરમિયાન મંદિરના પંડિતે બાકીના સર્વ લોકોને પ્રસાદ વહેંચ્યો હતો. બધી વિધિ પતી ગયા પછી અથિથિગ્વ આગામી યુદ્ધની રણનીતિ ઉપર ચર્ચા કરવા બાકીના લોકો સાથે બેસી ગયા. કાશીના સુરક્ષાકર્મી પંડિતને મંદિરની બહાર લઇ ગયા અને પ્રવેશદ્વાર બંધ કરી દીધું. સભા ચાલે ત્યાં સુધી કોઈને મંદિરમાં આવવાની રજા નહોતી.

'પ્રભુ, મારી પ્રજા માટે આત્મરક્ષા સિવાય હિંસાના કોઈ પણ કાર્યમાં જોડાવાની મનાઈ છે.' અથિથિગ્વે કહ્યું, 'આ માટે આ અભિયાનમાં અમે આપની સાથે સક્રિય રીતે જોડાઈ નહીં શકીએ. પરંતુ મારા રાજ્યના બધા જ સ્રોતો આપના આદેશને આધીન છે.'

શિવ હસ્યા. કાશીના શાંતિપ્રિય લોકો આમ પણ સારા સૈનિક ન બની શકે. તેઓને યુદ્ધમાં ઘસડી જવાનો તેમનો કોઈ ઇરાદો નહોતો. 'હું જાણું છું, મહારાજ અથિથિગ્વ હું આપની પ્રજા પાસે એવું કશું નહીં માગું જેની 'ના' પાડવા માટે તેઓ મર્યાદાથી બંધાયેલા હોય. પરંતુ જો આક્રમણ થાય તો આપે કાશીની રક્ષા કરવા માટે સમર્થ હોવું જોઈશે, કારણ કે અમે યુદ્ધના ઘણાબધા સ્રોતો અહીં રાખવાની યોજના બનાવી રહ્યા છીએ.'

'અમારા છેલ્લા શ્વાસ સુધી અમે તેની રક્ષા કરીશું, પ્રભુ.' અથિથિગ્વે કહ્યું.

શિવે ડોકું ધુણાવ્યું. તેઓને ખરેખર એવું લાગતું નહોતું કે ચંદ્રવંશી કાશી ઉપર આક્રમણ કરશે. તેઓ ગોપાલની તરફ ફર્યા, 'પંડિતજી, ઘણી વાતો છે જેના ઉપર આપણે ચર્ચા કરવાની છે. સૌથી પહેલાં, મેલુહામાં થનાર યુદ્ધ વખતે આપણે કઇ રીતે ચંદ્રવંશીઓને યુદ્ધથી દૂર રાખીશું ? બીજું, મેલુહા સાથે આપણે કઇ રણનીતિ અપનાવીશું ?'

'હું માનું છું કે માનનીય ગણેશ અને કાર્તિકે તેના માટે અત્યંત સારો વિચાર દર્શાવ્યો હતો.' ગોપાલે કહ્યું, 'આપણે આશા રાખીએ આપણે મગધને આપણા પક્ષમાં ખેંચી લઈ શકીશું.'

'કરવા કરતાં કહેવું સરળ છે.' કાલીએ કહ્યું, 'સુર્યદમનને તેના પિતા પોતાના મૂર્ખ ભાઈ ઉગ્રસેનનો બદલો લેવા માટે દબાણ કરશે. અને હું એ કાર્ય, જે ખરેખર એક ન્યાયસંગત હત્યા હતી, ગણેશને સોંપવા માટે પ્રસ્તાવ મૂકીશ નહીં.'

'તો પછી તારો પ્રસ્તાવ શું છે, કાલી ?' સતીએ પૂછ્યું.

'મારો પ્રસ્તાવ છે કે ક્યાં તો આપણે તરત જ મગધ સાથે યુદ્ધ કરીએ અથવા તેઓને કહી દઈએ કે અમે તપાસ કરીશું અને જેવા નાગ અપરાધી અમારા હાથમાં આવશે અમે તેને સોંપી દઈશું.'

સતીએ બચાવ કરતી હોય તેમ ગણેશનો હાથ પકડી લીધો

કાલી ધીમું હસી. 'દીદી, હું ફક્ત સૂચન કરી રહી છું કે આપણે સુર્યદમનને વિચારવા દઈશું કે આપણે તેને સોંપવાના છીએ. આ રીતે આપણે થોડો સમય મેળવી લઈશું અને અયોધ્યા ઉપર હુમલો કરી દઈશું.'

'શું આપ એવું કહી રહ્યા છો કે આપણે મગધને જૂઠું કહેવું, રાણી ?' ગોપાલે પૂછ્યું.

કાલીએ ગોપાલની તરફ આંખો કાઢી, 'હું તો ફક્ત એ કહી રહી છું કે આપણે સત્ય માટે થોડી કંજૂસી કરીએ, મહાવાસુદેવ. ભારતવર્ષનું ભવિષ્ય દાવ ઉપર છે. બહુ લોકો આપણા ઉપર વિશ્વાસ કરી રહ્યા છે. જો એક વધુ સારી સારપ માટે આપણે આપણા આત્માઓને કલંકિત કરવા પડે તો કોઈ વાત નથી.

'હું જૂઠું નહીં બોલું.' શિવે કહ્યું, 'આ બૂરાઈ વિરુદ્ધનું યુદ્ધ છે. આપણે સારપના પક્ષમાં છીએ. આપણી લડાઈમાં પણ તેનું પ્રતિબિંબ પડવું જોઈએ.'

'બાબા' ગણેશે કહ્યું, 'આપ જાણો છો કે સામાન્ય પરિસ્થિતિઓમાં હું આપની સાથે સંમત થતો હોઉં છું. પરંતુ શું આપને લાગે છે કે બીજા પક્ષે એ માપદંડો બનાવી રાખ્યા છે ખરા જેને આપ ટેકો આપી રહ્યા છો ? શું પંચવટીમાં આપણા ઉપર કરવામાં આવેલું આક્રમણ સંપૂર્ણપણે લુચ્ચાઈ અને ધૂર્તતાનું કૃત્ય નહોતું ?

'હું નથી માનતો કે પૂરી તૈયારી કર્યા વગર આવેલા શત્રુ ઉપર હુમલો કરવો ખોટી વાત છે. હા, તેઓનાં દૈવી શસ્ત્રોના પ્રયોગો ઉપર સવાલ ઉઠાવી શકાય છે, છતાંય બે ખોટી વાત મળીને એક સાચી વાત નથી બનાવી શકાતી. આ યુદ્ધ જીતવા માટે હું જૂઠું બોલીશ નહીં. આપણે તેને યોગ્ય રીતરસમથી જીતીશું.'

કાર્તિક મૌન રહ્યો. જોકે તે ગણેશની વાતોની વ્યવહારિકતા સાથે સંમત હતો, પરંતુ શિવની નૈતિક પારદર્શકતાથી પ્રભાવિત પણ હતો.

ગોપાલ શિવને જોઈને હસ્યા, 'સત્ય વદ: | અસત્ય મા વદ:'

'શું ?' શિવે પૂછ્યું.

કાલી બોલી, 'આ પ્રાચીન સંસ્કૃત છે. સત્ય બોલો, ક્યારેય અસત્ય ન બોલો.'

સતી હસી, 'હું સંમત છું.'

'મને પણ થોડું સંસ્કૃત આવડે છે.' કાલીએ કહ્યું, 'સત્યં બ્રૂયાત પ્રિયં બ્રૂયાત, ના બ્રૂયાત સત્યં અપ્રિયં.'

શિવે નિરાશ થઈને પોતાનો હાથ ઊંચો કર્યો, 'શું આપણે આ સંસ્કૃતની હરીફાઈ બંધ કરીશું ? મને સમજણ નથી પડતી કે આપ સૌ શું કહી રહ્યાં છો ?'

ગોપાલે શિવ માટે અનુવાદ કર્યો. 'રાણી કાલીએ જે કહ્યું તેનો અર્થ થાય છે કે 'એવું સત્ય બોલો જે પ્રિય હોય, પરંતુ ક્યારેય પણ એવું સત્ય ન બોલો જે બીજાઓ માટે અપ્રિય હોય.'

'આ મારી રચના નથી.' કાલીએ શિવની તરફ ફરીને કહ્યું, 'મને ખાતરી છે કે આ પંક્તિઓને આપના જ એક ઋષિ દ્વારા રચવામાં આવી હશે. પરંતુ મને લાગે છે કે આ છે તો અર્થપૂર્ણ. આપણે સુર્યદમન સમક્ષ રહસ્ય ખોલવાની જરૂર નથી કે આપણે જાણીએ છીએ કે તેના ભાઈના હત્યારા કોણ છે. આપણે તો તેને એટલું કરવા માટે પ્રેરણા આપવી છે કે આપના મિત્ર અને શત્રુને પસંદ કરતા પહેલાં તેઓ ત્યાં સુધી રાહ જુએ જ્યાં સુધી આપણે અયોધ્યા ઉપર આક્રમણ ન કરી દઈએ. તેઓની મહત્ત્વાકાંક્ષા તેઓને એ દિશા તરફ દોરશે જેવી આપણે ઇચ્છા રાખીશું.'

'અયોધ્યાની દીવાલો ભેદી શકાય તેવી નથી.' ગોપાલે એક વધુ હકીકત તરફ ધ્યાન દોરતાં ચેતવણીના સૂરમાં કહ્યું, 'આપણે તેઓને રોકવામાં તો શક્તિશાળી સાબિત થઈશું, પરંતુ નગરનો નાશ નહીં કરી શકીએ.'

'જાણું છું.' ગણેશે કહ્યું, 'પરંતુ આપણું ધ્યેય અયોધ્યાનો નાશ કરવાનું નથી. પરંતુ એ નક્કી કરવાનું છે કે તેઓની નૌસેના પોતાની તાકાતથી મેલુહા પહોંચવા માટે અશક્તિમાન થઈ જાય. આપણું મુખ્ય યુદ્ધ મેલુહામાં થશે.'

'પરંતુ અયોધ્યાને આપણે ચારેબાજુથી ઘેરી લઈએ પછી સુર્યદમન જો પાછળથી હુમલો કરે તો ?' ગોપાલે પૂછ્યું, 'સામેથી અયોધ્યા અને પાછળથી સુર્યદમન વચ્ચે ફસાવીને આપણો નાશ કરી શકાય છે.'

'ખરેખર નહીં.' ગણેશે કહ્યું, 'સુર્પદમન જો આપણા ઉપર પાછળથી હુમલો કરે તો પરિસ્થિતિ આપણા માટે સરળ બની જશે. જ્યારે તે મગધની બહાર આવશે ત્યારે આપણે આપણી ચાલ ચાલીશું.' શિવ, કાર્તિક અને સતી હસી પડ્યાં. તેઓ યોજનાઓ સમજી ગયા હતા.

'અતિ ઉત્તમ.' પરશુરામે પ્રશંસા કરી.

બીજા લોકો ધીમે અવાજે આખી વાત સમજવા માટે પરશુરામ તરફ ફર્યા.

'આપને જૂઠું બોલવાની જરૂરત નથી.' કાલીએ શિવને કહ્યું, 'ફક્ત સુર્પદમનને એ ભાગ સિવાય સંપૂર્ણ સત્ય ન બતાવતા જે તેને વિચારવા માટે વ્યાકુળ કરી દે. બાકીનું તેની મહત્ત્વાકાંક્ષાને કરવા દો. આપણી તો એકમાત્ર ઇચ્છા છે કે તે આપણી નૌકાઓને સરયૂ અને ગંગાના સંગમને વટાવીને અયોધ્યા તરફ આગળ વધવા દે. એક વાર એવું થઈ જશે તો આપણે યેનકેન પ્રકારે આપણું ધ્યેય પ્રાપ્ત કરી લઈશું -- અયોધ્યાને ત્યાં જ રોકી રાખીને અથવા મગધ સેનાનો નાશ કરીને.'

શિવે ધીરેથી પોતાનું માથું હલાવી તેને પોતાની મંજૂરી આપી દીધી, 'પરંતુ મેલુહાનું શું થશે ? શું આપણે પૂરી તાકાતથી સામી છાતીએ આક્રમણ કરી દઈએ ? અથવા જુદી જુદી યુક્તિઓ અપનાવી જેનાથી તેઓની સેનાનું ધ્યાન ખોરવાઈ જાય, જ્યારે એક નાનકડું દળ સોમરસના ગુપ્ત સ્થળને ખોળી કાઢી તેનો નાશ કરી દે.'

'વાસુદેવો અને નાગાઓની સેનાઓને મેલુહા અભિયાન માટે રાખીને, આપણી બ્રંગા અને વૈશાલીની સેનાઓ મગધ અને અયોધ્યામાં લડશે.' સતીએ કહ્યું, 'મેલુહામાં આપણી પાસે બહુ જ નાનું દળ હશે. શંકા નથી કે તેઓ અસાધારણ રૂપે ખૂબ જ શિક્ષિત હશે અને તેઓ પાસે અગ્નિ વરસાવતી હાથીસેનાનું ઉત્કૃષ્ટ કૌશલ હશે જેને વાસુદેવોએ હાલમાં જ વિકસિત કર્યું છે. પરંતુ આપણે મેલુહાની સેનાનો પણ સામનો કરવો પડશે. તેઓ પણ સમાન રીતે શિક્ષિત અને તકનીકી રૂપે પારંગત છે.

'તો તમારી સલાહ એ છે કે આપણે સીધા આક્રમણથી બચવું જોઈએ ?' શિવે પૂછ્યું.

'હા.' સતીએ કહ્યું, 'આપણું મુખ્ય ધ્યેય સોમરસ બનાવતા યંત્રનો નાશ કરવાનું છે. તેને ફરી બનાવતાં તેઓને અનેક વર્ષો લાગી જશે. લોકો વચ્ચે આપની ઘોષણાને પ્રખ્યાત કરવા માટે આટલો સમય પૂરતો હશે. સરાસરી મેલુહાવાસી નીલકંઠની દંતકથા પ્રતિ સન્માન ધરાવે છે. સોમરસ કુદરતી મોતને પામશે. પરંતુ જો આપણે સીધો હુમલો કરીશું તો મેલુહા સાથેનું યુદ્ધ લાંબો સમય ખેંચાશે. જે ટલો વધુ સમય તે ખેંચાશે એટલા વધુ નિર્દોષ લોકો માર્યા જશે. સાથે સાથે, મેલુહાવાસી યુદ્ધને સોમરસ વિરોધ યુદ્ધ નહીં પણ પોતાના પ્રિય દેશ ઉપરના આક્રમણ રૂપે જોશે. મને પૂરો વિશ્વાસ છે કે મોટાભાગના મેલુહાવાસી એવા હશે જે સોમરસ વિરુદ્ધ જવા માટે તૈયાર હશે, પરંતુ જો આપણે તેઓની દેશભક્તિને પડકાર આપીશું તો આપણી પાસે વિજયી થવાની કોઈ સંભાવના નહીં રહે.'

કાલી હસી રહી હતી.

'શું થયું ?' સતીએ પૂછ્યું.

'મેં જોયું કે અત્યારે આપ મેલુહાવાસીઓનો દાખલો આપી રહ્યાં હતાં ત્યારે 'આપણી'ની જગ્યાએ 'તેઓની' કહ્યું હતું.' કાલીએ કહ્યું.

સતી અકળાઈ ગઈ હોય તેમ લાગ્યું. છતાંય તે હજી પણ માનતી હતી કે મેલુહા તેનો

પોતાનો દેશ હતો. 'હં, એ મહત્ત્વ વગરની વાત છે. તે હજી પણ મારો દેશ છે...'

'બિલકુલ છે.' કાલી ફરી હસી.

ગોપાલે વાતને અહીં કાપી નાખી, 'ફક્ત તર્ક માટે કલ્પના કરીએ કે જો સીધું યુદ્ધ થાય તો શું થાય ?'

'આ એક એવી વાત છે કે જેનાથી આપણે બચવું પડશે.' શિવે કહ્યું, 'સતી જે કહી રહી છે તેમાં મને યોગ્યતા દેખાઈ રહી છે.'

'છતાં પણ આપણે એ વિચારવું જોઈએ કે મુનિવર ભૃગુ અને દક્ષ શું વિચારતા હશે.' ગોપાલે કહ્યું, 'હું માનું છું કે એ આપણા હિતમાં જ છે કે સીધું યુદ્ધ ન થાય. પરંતુ તેઓના હિતમાં સીધું અને વિનાશકારી યુદ્ધ થવાનું જ છે. તેઓ ઇચ્છશે કે તણાવ વધે, જેથી તેઓ લોકોને ભ્રમિત કરી શકે. પછી તેઓ કહેશે કે નીલકંઠે મેલુહા સાથે વિશ્વાસઘાત કર્યો છે, જેમ કે દેવી સતીએ ઇશારો કર્યો છે કે મેલુહાવાસીઓની દેશભક્તિ, નીલકંઠમાં તેઓની આસ્થા કરતાં વધી જાય તેમ છે.'

'હું સંમત છું કે મહર્ષિ ભૃગુ બગાડવા ઇચ્છતા હોય.' શિવે કહ્યું, 'જે વાત હું સમજી નથી શકતો તે એ છે કે આવું થયા પછી તે તેને કઈ રીતે સંભાળી શકશે. મેં મેલુહાની સેનાને નજદીકથી જોઈ છે. તે કેન્દ્રીય અને સારી શિસ્તવાળી સેના છે. પરંતુ આ જાતની સેનાની તકલીફ એ હોય છે કે તે સંપૂર્ણ રીતે એક સારા સેનાપતિ ઉપર આધાર રાખતી હોય છે. તેઓના સેનાપતિ પર્વતેશ્વર આપણી સાથે છે. વિશ્વાસ સાથે કહું છું કે તેઓ પાસે તેમના જેવી બીજી કોઈ વ્યક્તિ નથી. જો મુનિવર ભૃગુ એટલા બુદ્ધિશાળી છે જેવા આપ કહો છો કે તેઓ છે તો પછી એ પણ આ વાત જાણતા હશે.'

ગણેશ અને કાર્તિકે એકીસાથે ઊંડો શ્વાસ લીધો.

શિવ ઘૂરકીને પોતાના પુત્રોને જોવા લાગ્યા.

'બાબા...' કાર્તિક બોલ્યો.

'બસ કરો !' શિવ ગજર્યાં, 'તમે એમની નિષ્ઠા ઉપર શંકા નહીં લાવો. શું વાત બરાબર સમજાઈ ?'

ગણેશ અને કાર્તિકે પોતાનાં માથાં નમાવી દીધાં. તેઓના મોં પર વિદ્રોહનો ભાવ હતો, પણ મોં બંધ હતાં.

'શું વાત સ્પષ્ટ છે ?' શિવે ફરી એક વાર પૂછ્યું.

કાલીએ ભવાં ચડાવીને શિવને અને પછી ગણેશ તથા કાર્તિકને જોયા, પરંતુ મૌન રહી.

શિવ ગોપાલની તરફ પાછા ફર્યા, 'આપણે ઉશ્કેરણીથી બચવું પડશે. આપણો સૈન્યવ્યૂહ મક્કમ રીતે રક્ષાત્મક હોવો જોઈશે, જેથી તેને ખુલ્લો સંઘર્ષ કરવાથી રોકી શકાય. આપણી સેનાનું મુખ્ય કામ તેઓને ભટકતા રાખવાનું હશે, જેથી એક નાનકડું સૈન્યદળ સરસ્વતીના કિનારાઓના નગરોમાં સોમરસ બનાવતા યંત્રનાં ચિહનોની ભાળ કાઢી શકે. એક વાર આપણે જો એ યંત્રનો નાશ કરવામાં સફળ થયા તો યુદ્ધ જીતી જઈશું.'

'નંદી.' સતીએ મેલુહાના મુખ્ય અધિપતિ તરફ જોઈને કહ્યું.

નંદીએ તરત મેલુહાનો નકશો ખોલી દીધો. બધા તેમાં જોવા લાગ્યાં.

'જુઓ.' સતીએ કહ્યું, 'સરસ્વતી એક ત્રિકોણ ટાપુ પાસે સમાપ્ત થઈ જાય છે. મેલુહાવાસીઓ કરચપથી સરસ્વતીમાં પોતાના વિશાળ કાફલાને લાવવામાં સફળ નહીં થાય. તેઓની સંરક્ષણ માહિતી ફક્ત બે સંભવિત સંકટો સામે રક્ષણ આપે છે -- સિંધુ માર્ગેથી નૌસેનાના સૈનિકોનું આક્રમણ અથવા પૂર્વ તરફથી ભૂમિસેનાનું આક્રમણ. એ માટે સરસ્વતી ઉપર તેઓનું કોઈ વિશાળ લશ્કર નથી.'

સતી જે કહી રહી હતી તેને શિવે બરાબર સમજી લીધું, 'તેઓ સરસ્વતી ઉપર નૌસેનાથી આક્રમણ કરવા તૈયાર નથી...'

'આપે સમજવું પડશે કે તેનું યોગ્ય કારણ છે. તેઓ એવું માનીને ચાલે છે કે શત્રુની કોઈ પણ નૌકા સરસ્વતીમાં પ્રવેશ નહીં કરી શકે. શત્રુના કબજાવાળી કોઈ નદી એમાં પ્રવાહિત થતી નથી અને સરસ્વતી સમુદ્રમાં મળતી નથી.'

'પરંતુ શું એ એક મુશ્કેલી નથી ?' વિમાસણમાં પડી ગયેલા અથિથિગ્વે પૂછ્યું, 'આપણે સરસ્વતીમાં નૌકાઓને કેવી રીતે લઈ જઈશું ?'

'આપણે નહીં લઈ જઈએ.' શિવે કહ્યું, 'એના બદલે આપણે સરસ્વતી ઉપર ઊભેલી મેલુહાઓની નૌકાઓને જપ્ત કરી લઈશું.'

કાલીએ હકારમાં ડોકું ધુણાવ્યું, 'તેઓને આ વાતની જરાય ખબર નહીં હોય અને આ જ કારણથી આ કામ થઈ શકશે.'

'હા,' સતી બોલી, 'આપણે તો બસ મ્રિત્તકાવટી ઉપર કબજો કરવાનો રહેશે, જ્યાં મેલુહાની સેનાની વધારે સરસ્વતી ટુકડી રહે છે. જ્યારે એ નૌકાઓ આપણા કબજામાં આવી જશે તો આપણો સરસ્વતી ઉપર કબજો થઈ જશે. પછી આપણે તરત જ કોઈ પડકાર વગર નદીની ઉપરની તરફ જઈ શકીશું અને સાથે સાથે સોમરસ બનાવતા યંત્રની આપણી શોધખોળ પણ કરી શકીશું.'

'આ બરાબર છે.' બૃહસ્પતિએ કહ્યું, 'સોમરસ બનાવતું યંત્ર સરસ્વતી નદીના કાંઠે જ ક્યાંક હોઈ શકે છે. તેનું બીજી કોઈ જગ્યાએ હોવું અસંભવ છે.'

'આ એક સારી યોજના લાગે છે.' ગોપાલે કહ્યું, 'પરંતુ આપણે તેઓની નૌકાઓ ઉપર કબજો કઈ રીતે કરી લઈશું ? આપણે તેઓના વિસ્તારમાં પ્રવેશ ક્યાંથી કરીશું ? મ્રિત્તિકાવટી સીમા પરનું નગર નથી. આપણે લશ્કર લઈને તેમાં પ્રવેશ કરવો પડશે અને ચોખ્ખી વાત છે કે માર્ગમાં આવતા સીમા પરના નગર લોથલના પ્રતીકારનો સામનો કરવો પડશે.'

'લોથલ ?' કાર્તિકે પૂછ્યું.

'લોથલ મયકાનું બંદર છે.' ગોપાલે જવાબ આપ્યો, 'તે આમ જોઈએ તો જોડકું શહેર છે. મયકા એ સ્થળ છે જ્યાં બધા જ મેલુહાઈ બાળકો જન્મે છે અને તેઓને પાળવા પોષવામાં આવે છે, જ્યારે લોથલ સ્થાનિક સૈન્યનું થાણું છે.'

'મયકા કે લોથલની ચિંતા ન કરતા.' કાલીએ કહ્યું, 'તેઓ આપણા પક્ષમાં હશે.'

ગોપાલ, શિવ અને સતી ખરેખર અચંબામાં પડી ગયાં.

'જો કોઈ પણ મેલુહાવાસી એવો હોય જેને ખરેખર આપણી તરફ સહાનુભૂતિ હોય તો તે મયકાના લોકો હશે.' કાલીએ આગળ બોલતાં કહ્યું, 'તેઓએ નાગા બાળકોને પીડા ભોગવતાં જોયાં છે. તેઓએ ઘણી વખત આપણને મદદ કરવાનો પ્રયત્ન કર્યો છે, અરે એમ કરતાં તેમના કાયદા તોડવા પડે તો તે પણ તોડ્યા છે. મયકાના હાલના પ્રાંતપાલ ચેનારધ્વજ લોથલના પણ વહીવટકર્તા છે. થોડાં વર્ષો પહેલાં તેઓની કાશ્મીરથી બદલી કરવામાં આવી હતી. તેઓ નીલકંઠ સંસ્થા પ્રત્યે નિષ્ઠા ધરાવે છે. એ ઉપરાંત, મેં એક વાર તેમને મરવામાંથી બચાવ્યા પણ છે. ભરોસો રાખજો, જ્યારે યુદ્ધ શરૂ થશે એટલે મયકા અને લોથલ આપણા પક્ષમાં હશે.'

'મને ચેનારધ્વજ યાદ છે.' શિવે કહ્યું, 'બધું બરાબર છે તો મ્રિત્તિકાવટીને જીતવા માટે આપણે લોથલના સમર્થનનો ઉપયોગ કરીશું. તે પછી સરસ્વતીના કિનારાનાં નગરોમાં શોધખોળ માટે આપણે તેઓની નૌકાઓનો ઉપયોગ કરીશું. પરંતુ યાદ રાખજો, આપણે સીધા સંઘર્ષથી બચવા માટેનો પ્રયત્ન કરવાનો છે.'



પ્રકરણ-૧૪

મનને વાંચનાર

'આપને વિશ્વાસ છે કે આપણે તેમના ગળે વાત ઉતારી શકીશું ?' શિવે પૂછયું.

વાસુદેવોના પ્રમુખ ગોપાલે હજી હમણાં જ શિવના કક્ષમાં પ્રવેશ કર્યો હતો. સતી અને નીલકંઠ તેઓ સાથે મગધ જવાની તૈયારી કરી રહ્યાં હતાં. ગણેશ અને કાર્તિક પોતાનાં માતા-પિતાને વિદાય આપવા આવી ગયા હતા.

'જો આપણે મહર્ષિ ભૃગુને મળવાના હોત તો તેમને ચિંતા રહેત.' ગોપાલે કહ્યું 'પરંતુ હવે તો ફક્ત સુર્યદમન છે.'

'મહર્ષિ ભૃગુમા એવી તો શું ખાસ વાત છે ?' શિવે પૂછયું, 'તેઓ પણ આપણા જેવા માનવ છે. આપ સૌ એમનાથી આટલા ભયભીત શા માટે છો ?'

'તેઓ મહર્ષિ છે, શિવ.' સતીએ કહ્યું 'ખરેખર, જેવું ગોપાલજીએ કહ્યું મોટાભાગના લોકો મહર્ષિ ભૃગુને મહર્ષિઓથી પણ ઉપરના માને છે. તેઓ સપ્તર્ષિ ઉત્તરાધિકારી છે.'

'આપણે સૌએ મનુષ્યનું સન્માન કરવું જોઈએ, તેના સ્થાનનું નહીં.' શિવે ગોપાલની તરફ ફરીને કહ્યું 'એક વાર ફરી હું પૂછું છું, મારા મિત્ર, આપ તેઓના લીધે આટલા વ્યાકુળ કેમ છો ?'

'સૌથી પહેલી વાત તો એ છે કે તેઓ મનની વાત વાંચી લઈ શકે છે.' ગોપાલે કહ્યું.

'તો ?' શિવે પૂછયું, 'આપ અને હું પણ તેમ કરી શકીએ છીએ. ખરેખર તો દરેક વાસુદેવ પંડિત તેમ કરી શકે છે.'

'સાચી વાત છે, પરંતુ અમે તેમ ત્યારે કરી શકીએ છીએ જ્યારે અમે અમારાં મંદિરોમાં હોઈએ છીએ. મહર્ષિ ભૃગુ પોતાની આસપાસ ઊભેલી કોઈ પણ વ્યક્તિનું મન વાંચી લઈ શકે છે, પછી તેઓ કોઈ પણ જગ્યાએ કેમ ન હોય.'

ગણેશ ખરેખર નવાઈ પામીને જોઈ રહ્યા હતા, 'કેવી રીતે ?'

ગોપાલે કહ્યું, 'જ્યારે આપણે વિચારતા હોઈએ છીએ ત્યારે આપણું મગજ વિધુતતરંગો પ્રસારિત કરે છે. કોઈ આ વસ્તુનો જાણકાર આ વિચારોને પકડી શકે છે પરંતુ તેણે કોઈ શક્તિશાળી સંચાલનના વર્તુળમાં રહેવું પડે છે. પરંતુ એવું માનવામાં આવે છે કે મહર્ષિઓ એક ડગલું આગળ જઈ શકે છે. તેઓને એ વાતની રાહ જોવાની જરૂર પડતી નથી કે આપણા વિચારો વિધુતતરંગોમાં બદલાય તો જ તેઓ ઓળખે. તેઓ આપણા વિચારોને એ સમયે જ

વાંચી શકતા હોય છે જ્યારે આપણે તેને આકાર આપી રહ્યા હોઈએ છીએ.'

'પરંતુ કેવી રીતે ?'

'વિચાર બીજું કશું નથી, ફક્ત આપણા મગજના વિધુતસંવેગ છે.' ગોપાલે કહ્યું, 'આ સંવેગ આપણી આંખોની કીકીને ધીરેથી ગતિશીલ કરી દે છે. કોઈ જાણકાર વ્યક્તિ, જેમ કે કોઈ મહર્ષિ આપણી કાકીની એ હલનચલનને સમજીને આપણા વિચારોને વાંચી લઈ શકે છે.'

'ભગવાન રામ, કૃપા કરજો.' આશ્ચર્યમાં ગરકાવ કાર્તિક ધીરેથી બોલ્યો.

'હું હજી સુધી સમજી શક્યો નથી કે આ કેવી રીતે બની શકે.' સંશય સાથે શિવે ટિપ્પણી કરી. 'શું આપ એવું કહી રહ્યા છો કે આપણા બધા વિચારો આપણી આંખની કીકીઓની ગતિથી સ્પષ્ટ થઈ જાય છે ? આ સંવાદ કઈ ભાષામાં થાય છે ? આ ન સમજાય તેવી વાત છે.'

'મારા મિત્ર,' ગોપાલે કહ્યું, 'આપ સંવાદની ભાષા અને મગજની આંતરિક ભાષા વચ્ચે અટવાઈ ગયા છો. દાખલા તરીકે સંસ્કૃત સંવાદની ભાષા છે. આપ બીજા લોકો સાથે સંવાદ કરવા, વાતચીત કરવા, તેનો ઉપયોગ કરો છો. આપ આપના મગજ સાથે વાતચીત કરવા માટે પણ તેનો ઉપયોગ કરો છો, જેથી આપનું ચેતન મન આપના આંતરિક વિચારોને સમજી શકે છે. પરંતુ ખુદ મગજ પોતાના કામ માટે ફક્ત એક ભાષાનો ઉપયોગ કરે છે. આ બધાં જ જાણીતાં પ્રાણીઓના મગજની એક સાર્વભૌમ ભાષા છે અને આ ભાષાના મૂળાક્ષરોમાં ફક્ત બે અક્ષર અથવા સંકેત છે.'

'બે સંકેત ?' સતીએ પૂછયું.

'હા, ગોપાલે કહ્યું, 'માત્ર બે -- સક્રિય વિધુત અને નિષ્ક્રિય વિધુત. આપણા મગજમાં એકીસાથે લાખો વિચારો અને માહિતીઓ દોડતી રહે છે, પરંતુ એક સમયે જ આ વિચારોમાંથી કોઈ એકને જ આપણું ચેતન મગજ પકડી લે છે. આ એક ખાસ વિચાર મગજની ભાષા દ્વારા આપણી આંખોમાં પ્રતિબિંબિત થાય છે. એક મહર્ષિ આ ચેતન વિચારને વાંચી શકે છે, એટલા માટે કોઈ મહર્ષિની હાજરીમાં વ્યક્તિએ બહુ જ સાવધાન રહેવું પડતું હોય છે કે ચેતન મગજથી તેણે શું વિચારવું જોઈએ.'

'એનો અર્થ એ કે આંખો ખરેખર આપણા આત્માનું દર્પણ હોય છે.' ગણેશે કહ્યું.

ગોપાલ હસ્યા અને બોલ્યા, 'લાગે છે તો એવું જ.'

શિવે દાંત કાઢીને પોતાનાં ભવાં ચઢાવ્યાં, 'હું ધ્યાન રાખીશ કે જ્યારે હું મહર્ષિ ભૃગુ મળીશ ત્યારે મારી આંખો બંધ રાખીશ.'

ગોપાલ અને સતી ધીમું હસ્યાં.

'એ જે હોય તે, વિજયી તો આપણે જ થઈશું.' ગોપાલે કહ્યું.

'હા.' ગણેશે કહ્યું, 'આપણે સારપના પક્ષમાં છીએ.'

'ખરેખર, આ સાચી વાત છે, પરંતુ કારણ એ નથી, માનનીય ગણેશ. આપણે આપના પિતાના કારણે વિજયી થઈશું.' ગોપાલે કહ્યું.

'ના,' શિવે કહ્યું, 'ફક્ત હું જ કારણભૂત ન હોઈ શકું. આપણે વિજયી થઈશું કારણ કે આપણે સૌ આ કામમાં એકસાથે છીએ.'

'એ તો આપ જ છો જેઓએ અમને બધાને એકસાથે રાખ્યા છે, મહાનીલકંઠ.' ગોપાલે કહ્યું, 'મહર્ષિ ભૃગુ એટલા બુદ્ધિશાળી હોઈ શકે છે જેટલા આપ છો, કદાચ વધારે હોય. પરંતુ તેઓ આપના જેવા અધિનાયક નથી. પોતાના અનુયાયીઓ પાસેથી ડરાવી-ધમકાવીને કામ કરાવવા માટે તેઓ પોતાની તેજસ્વિતાનો ઉપયોગ કરે છે, કહોને દુરુપયોગ કરે છે. તેઓ તેમને આદર્શ માને છે. તેમનાથી ડરે છે. બીજી તરફ, આપ આપના અનુયાયીઓમાં રહેલું શ્રેષ્ઠ તત્વ બહાર લાવવા સક્ષમ છો, મારા મિત્ર. એવું ન માનતા કે થોડા દિવસ પહેલાં આપે જે કર્યું હતું

તે હું સમજ્યો ન હતો. આપે પહેલેથી જ આપની વ્યૂહરચના નક્કી કરી લીધી હતી, પરંતુ તેના ઉપર ચર્ચા કરવા આપે મના કરી ન હતી અને અમને બધાને એ નિર્ણયના ભાગીદાર બનાવ્યા હતા. કોઈ પણ રીતે આપે અમને બધાને એ કહેવા માટે નિર્દેશ આપ્યો હતો જે આપ સાંભળવા માગતા હતા અને છતાંય આપે અમને બધાને એવું લાગવા દીધું કે જાણે તે અમારો નિર્ણય હોય. એ નેતૃત્વ છે. મહર્ષિ ભૃગુ પાસે આપણાથી મોટી સેના હોઈ શકે છે, પરંતુ તેઓ એકલા લડે છે. આપણા મામલામાં આપણી સંપૂર્ણ સેના એકજૂથ થઈને લડશે. આ જ તો, મહા-નીલકંઠ, આપના નેતૃત્વનો સર્વોચ્ચ ગુણ છે.'

પોતાની પ્રશંસા સાંભળીને શિવને સંકોચ તો થયો પણ તેઓએ તરત વિષય
બદલી નાખ્યો, 'આપ બહુ જ ઉદાર મનના છો, ગોપાલજી. એ જે હોય તે પણ
મારો વિચાર છે કે આપણે હવે નીકળવું જોઈએ. મગધ આપણી રાહ જોઈ રહ્યું છે.'



'ભગીરથ અહીં છે ?'

પોતાના ચોંકી ગયેલા સમ્રાટને જોઈને સિયામંતકે ડોકું ધુણાવ્યું, 'હા, મહારાજ ...'

'પરંતુ એ કેવી રીતે... ?'

'પ્રધાનમંત્રી સિયામંતક,' ભૃગુએ દિલીપની વાત કાપી નાખતાં કહ્યું, 'એમને મળવાથી મને આનંદ થશે. શું રાજકુમારી આનંદમયી અને તેણીના પતિ પણ તેઓની સાથે આવ્યાં છે ?'

'ના, મુનિવર.' સિયામંતકે કહ્યું, 'તેઓ એકલા આવ્યા છે.'

'આ તો અત્યંત દુર્ભાગ્યપૂર્ણ વાત થઈ.' 'ભૃગુએ કહ્યું, 'કૃપા કરીને તેઓને પૂરા માન સાથે અમારી પાસે લઈ આવો.'

'જેવી આપની ઇચ્છા, મુનિવર.' સિયામંતકે કહ્યું અને કક્ષમાંથી બહાર જતા પહેલાં ભૃગુ અને દિલીપને નમન કર્યું.

જેવા તેઓ ત્યાંથી ગયા, ભૃગુ દિલીપ તરફ ફર્યા, 'રાજન, આપને જાતે જ પોતાના પર નિયંત્રણ રાખતાં શીખવું પડશે. ગોદાવરી પર થયેલા આક્રમણથી સિયામંતક અજાણ છે'

'મને ક્ષમા કરો, મુનિવર.' દિલીપે કહ્યું, 'વાત ફક્ત એટલી છે કે હું આંચકો ખાઈ ગયો છું.'

'હું નથી ખાઈ ગયો.'

દિલીપના માથે કરચલીઓ પડી, 'કેમ, મુનિવર, શું આપને તેવી અપેક્ષા હતી ?'

'હું એવું તો નથી કહી શકતો કે મને ખાસ તે માટેની અપેક્ષા હતી, પરંતુ મને શંકા હતી કે આપણું આક્રમણ અસફળ થઈ ગયું છે. એકમાત્ર પ્રશ્નન એ છે કે એની પૃષ્ટિ કઈ રીતે કરવી ?'

'હું સમજ્યો નહીં, મુનિવર. આપણી નૌકાઓ અનેક રીતે નાશ પામી હોઈ શકે છે.'

'વાત ફક્ત આપણી નૌકાઓ નાશ પામી તેની નથી. કશુંક બીજું પણ છે. મેં કનખલાને કહ્યું હતું કે ગણોનું સ્થાન અને પત્તો મેળવવાનો પ્રયત્ન કરે.'

'ગણો કોણ છે ?'

'તેઓ એ કપટી નીલકંઠની જનજાતિ છે. ગણ લોકો મેલુહામાં બીનનિવાસી વસાહતી હતા. આવા વસાહતીઓ માટે મેલુહામાં નક્કી કરેલી નીતિઓ છે, એમાંની એક છે કે તેઓની નિયમસરની નોંધ અત્યંત ગુપ્ત રાખવામાં આવે. આ નીતિ એવું સારી રીતે નક્કી કરે છે કે તેઓને લક્ષ્ય બનાવવામાં નહીં આવે કે તેઓ પર દમન કરવામાં નહીં આવે અને ખરેખર તેઓને સારી રીતે રાખવામાં આવ્યા હતા. પરંતુ તેનું પરિણામ એ આવ્યું હતું કે રાજવી

નોંધણી રાખનાર પોતાના પ્રધાનમંત્રી સુધ્ધાંને એ જણાવવા ઇન્કાર કરી રહ્યા હતા કે ગણલોકોને ક્યાં વસાવવામાં આવ્યા છે.'

'નોંધણી રાખનાર એવું કઈ રીતે કરી શકે ? -- પ્રધાનમંત્રીનો હુકમ તો સમ્રાટના હુકમ બરાબર કહેવાય અને તેઓનો શબ્દ એટલે કાયદો !'

ભૃગુ હસ્યા. 'મેલુહા આપના સામ્રાજ્ય જેવા નથી, મહારાજ દિલીપ. તેઓમાં નિયમોને વળગી રહેવાનો ખરાબ સ્વભાવ છે.'

ભૃગુનો વ્યંગ દિલીપની સમજમાં ન આવ્યો.

'પહેલાં તો કનખલાને સંપૂર્ણ રીતે ખાતરી થઈ હતી કે ગણલોકો દેવગિરિમાં જ હશે. જ્યારે શરૂઆતની શોધખોળથી કંઈ વળ્યું નહીં તો તેની પાસે સમ્રાટ દક્ષ પાસે જવા સિવાય કોઈ રસ્તો ન હતો. તેણે રાજ્યસભા મારફત આદેશ બહાર પાડ્યો, જેના લીધે મેલુહાનો નોંધણી કરનાર ગણલોકોનાં સ્થાન બતાવવા મજબૂર થઈ ગયો. જ્યાં સુધીમાં અમે તેઓના ગામ પહોંચ્યા, ત્યારે તેઓ જતા રહ્યા હતા.'

'ક્યાં જતા રહ્યા હતા ?'

'હું એ જાણતો નથી. મને કહેવામાં આવ્યું કે આવું ઘણી વાર બને છે. ઘણા વસાહતી મેલુહા સભ્ય અને શિસ્તબદ્ધ જીવન જીવવામાં અસફળ રહે છે અને તેઓ પોતાના ગામે જતા રહે છે. એટલે મને એવો ભરોસો રાખવાનું કહેવામાં આવ્યું હતું કે ગણલોકો હિમાલય પાછા જતા રહ્યા હશે.'

'અને આપે એ વાત ઉપર વિશ્વાસ મૂક્યો ?'

'બિલકુલ નહીં. મને શંકા હતી કે એ કપટી નીલકંઠે યુદ્ધની ઘોષણા કરતા પહેલાં પોતાની જનજાતિને ત્યાંથી હટાવી દીધી હશે, પરંતુ હું શું કરી શકું તેમ હતો ? હું નહોતો જાણતો કે ગણલોકો ક્યાં જતા રહ્યા હશે.'

'પરંતુ ભગીરથ અહીં કેમ આવ્યો છે ? નીલકંઠ એમાં પોતાનો હાથ છે તેમ કેમ જણાવા દેશે ?'

'કપટી નીલકંઠ, રાજન.' ભૃગુએ દિલીપની ભૂલ સુધારતાં કહ્યું.

'માફ કરજો, મુનિવર.' દિલીપે કહ્યું.

ભૃગુએ ઉપરની તરફ જોયું, 'હા, શિવે તેને અહીં શા માટે મોકલ્યો છે ?'

'હે ભગવાન !' દિલીપ ધીમેથી બોલ્યો, 'શું મારી હત્યા કરવા તેને અહીં મોકલ્યો તો નહીં હોય ને ?'

ભૃગુએ નકારમાં ડોકું ધુણાવ્યું, 'આ શક્ય નથી. મને નથી લાગતું કે આપની હત્યા કરવાથી કોઈ મોટો ઉદ્દેશ્ય પાર પડે.'

દિલીપે કંઈક કહેવા મોં ખોલ્યું પરંતુ પછી મૌન રહેવું ઉચિત માન્યું.

'હા.' ભૃગુએ આંખો નીચી કરતાં આગળ કહ્યું, 'આપણે એ જાણવું પડશે કે રાજકુમાર ભગીરથ અહીં શા માટે આવ્યા છે. હું તેઓને મળવા આતુર છું.'



'પિતાજી' ભગીરથે આત્મવિશ્વાસ સાથે દિલીપના કક્ષમાં દાખલ થતાં કહ્યું.

દિલીપ બની શકે તેટલા સ્નેહથી હસ્યા. તેઓ ખરેખર તો તેમના પુત્રને પસંદ કરતા ન હતા. 'આપ કેમ છો, ભગીરથ ?'

'હું બિલકુલ ઠીક છું, પિતાજી.'

'પંચવટીની આપની યાત્રા કેવી રહી ?'

પોતાના પિતા તરફ ફરતા પહેલાં, ભગીરથે ભૃગુની તરફ નજર નાખી. તે મૂંઝવણ અનુભવતો હતો કે આ વૃદ્ધ બ્રાહ્મણ કોણ છે ? 'યાત્રા કોઈ અઘટિત ઘટના વગરની રહી, પિતાજી. કદાચ નાગા એટલા ખરાબ નથી જેટલા આપણે ધારીએ છીએ. અમારામાંથી કેટલાક પહેલા પાછા આવી ગયા છે. પ્રભુ નીલકંઠ પછી આવશે.'

દિલીપ વ્યાકુળ થઈ ગયો, માનોને અચંબો પામી ગયો અને ભૃગુની તરફ જોવા લાગ્યો.

ભગીરથની ભમ્મર તણાઈ, પણ પછી તે પણ પ્રણામ કરતો અને જલદીથી નમન કરતો ભૃગુની તરફ ફર્યો, 'મારા અયોગ્ય વર્તન બદલ મને માફ કરજો, બ્રાહ્મણ. મારા પિતાને જોઈને હું ભાવવિભોર થઈ ગયો હતો.'

ભૃગુએ ઊંડી નજરથી ભગીરથની આંખોમાં જોયું.

ભગીરથ એ જાણવા માટે વ્યાકુળ છે કે હું કોણ છું. સારું એ રહેશે. જો હું તેની જિજ્ઞાસા શાંત કરી દઉં, કારણ કે તેનું ચેતન મગજ વધુ સારા વિચારો કરી શકે'.

'કદાચ, ક્ષમાયાચના તો મારે કરવી જોઈએ.' ભૃગુએ કહ્યું, 'મેં મારો પરિચય જ આપ્યો નથી. હું એક સાધારણ સાધુ છું જે હિમાલયમાં રહે છે અને જેને ભૃગુના નામે ઓળખવામાં આવે છે.'

ભગીરથ આશ્ચર્યથી ચકિત થઈ ગયો, જરૂર તેને ખબર હતી કે ભૃગુ કોણ છે, પરંતુ તે તેઓને મળ્યો ન હતો. ભગીરથ આગળ આવ્યો અને ઋષિના ચરણસ્પર્શ કરવા નીચો નમ્યો. 'મહર્ષિ ભૃગુ, આ મારું પરમ સૌભાગ્ય છે કે આપનાં દર્શન થયાં. આપના આશીર્વાદ પામવાનો મને લાભ મળ્યો. હું ધન્ય થઈ ગયો.'

'આયુષ્યમાન ભવ' ભૃગુએ ભગીરથને દીર્ઘાયુ થવાના આશીર્વાદ આપ્યા.

તે પછી ભૃગુએ ભગીરથને ખભાથી ઊંચકીને ઊભો કર્યો અને ફરીથી સીધા તેની આંખમાં જોવા લાગ્યા.

ભગીરથ જાણી ગયો છે કે તેના નિર્બળ પિતા ખરેખર નાયક નથી. હું છું. અને આથી તે ભયભીત છે. હવે બસ, મારે તેને થોડું વધુ વિચારવા પ્રેરિત કરવો પડશે.

'હું ધારું છું કે નીલકંઠ સ્વસ્થ હશે.' ભૃગુએ પૂછયું, 'મને હજી સુધી એ પુરુષને મળવાનો અવસર મળ્યો નથી, જેને સામાન્ય લોકો આપણા યુગના મુક્તિદાતા માને છે.'

'તેઓ સ્વસ્થ છે, મુનિવર.' ભગીરથે કહ્યું 'અને તેઓ આ પદવી ધારણ કરવા માટે બધી રીતે યોગ્ય છે. ખરેખર આપણામાંથી કેટલાક લોકો એવા છે જેઓને વિશ્વાસ છે કે તેઓ તો મહાદેવની પદવી પામવાના અધિકાર ધરાવે છે.'

તો ભગીરથે જાતે જ વાસ્તવિક નાયકની ઓડખાણ આપવાની પહેલ કરી દીધી છે. અતિ ઉત્તમ. આ તિબેટનો જંગલી માને છે કે આ મૂર્ખ દિલીપ તો નાયક ન થઈ શકે. તેનામાં હું માનતો હતો તેના કરતાં વધુ બુદ્ધિ છે.

'એ પુરુષ પર મૂકવામાં આવેલું સન્માન અને પદવીનો નિર્ણય તો આવનારી સંતતિઓને કરવા દે, અયોધ્યાના પ્રિય રાજકુમાર.' ભૃગુએ કહ્યું, 'કર્તવ્યને કર્તવ્ય માટે કરવા દેવું જોઈએ, એ શક્તિ અને સંપત્તિ માટે નહીં, જે તેની સાથે આવી શકે છે. મને વિશ્વાસ છે કે આપના નીલકંઠ પણ શ્રદ્ધેય વાસુદેવના જ્ઞાનના આ મોતીથી પરિચિત હશે, જેમાં આ વિચાર વ્યક્ત કરવામાં આવ્યો છે :

'કર્મણયેવાધિકારસ્તે મા ફલેષુ કદાચન.'

'ઓહ, નીલકંઠ, તો આ વિચારની સાકાર પ્રતિમા છે, મુનિવર.' ભગીરથે કહ્યું 'તેઓ

ક્યારેય પોતાને મહાદેવ નથી કહેતા. એ તો આપણે સૌ છીએ જે તેઓને આ પ્રકારથી સંબોધન કરીએ છીએ.'

ભૃગુ હસ્યા, 'આપના નીલકંઠ ખરેખર બહુ જ મહાન હશે કે આ પ્રકારની નિષ્ઠા લોકોમાં પ્રેરે છે, વીર રાજકુમાર. ખેર, પંચવટી કેવી લાગી ? એ પ્રદેશમાં જવાનું સૌભાગ્ય મને ક્યારેય મળ્યું નથી.'

'એ એક રમણીય નગર છે, મુનિવર.'

પંચવટીની સીમા ઉપર તેઓ ઉપર આક્રમણ થયું હતું.. એટલે કે અમારી નૌકા સફળ રહી હતી અને તેઓની ગુપ્ત નૌકાઓનો અમે નાશ કરી દીધો. ચાલો, ઓછામાં ઓછું પંચવટીના સ્થાનની અમારી સૂચના સાચી તો છે.

'ભગવાન રામની કૃપા થશે તો,' ભૃગુ બોલ્યા, 'એક દિવસ હું પંચવટી ફરવા આવીશ.'

'મને વિશ્વાસ છે કે નાગાઓની રાણી એને મહેરબાની સમજશે, મુનિવર.' ભગીરથે કહ્યું.

ભૃગુ હસ્યા, 'કાલીને જો થોડો સમય પણ મળે તો તે મને મારી નાખશે. તેનો ક્રોધ તો ભગવાન રુદ્રના પ્રખ્યાત ક્રોધથી પણ ભીષણ છે.'

'પરંતુ રાજકુમાર ભગીરથ,' ભૃગુએ કહ્યું, 'મારે આપના ઉપર એ અન્યાયનો આરોપ લગાવવો પડશે જે આપે કર્યો છે.'

અચંબો પામેલા ભગીરથે ક્ષમા માગતો હોય તેમ હાથ જોડી દીધા, 'જો કોઈ પણ પ્રકારે મેં આપને ઈજા પહોંચાડી હોય તો હું હૃદયપૂર્વક ક્ષમા માગું છું, મુનિવર. કૃપા કરીને મને બતાવો કે મારી ભૂલ હું કઈ રીતે સુધારું.'

'એ તો બહુ જ સરળ છે.' ભૃગુએ કહ્યું, 'હું તો ખરેખર સમ્રાટની પુત્રી અને તેના નવા પતિને મળવા માટે ઉત્સક હતો, પરંતુ આપ રાજકુમારી આનંદમયીને સાથે જ નથી લાવ્યા.'

'એ અજાણતાં થયેલી ભૂલની ક્ષમા ચાહું છું, મુનિવર.' ભગીરથે કહ્યું, 'મારા આદરણીય પિતાના પ્રતિ, જેમને લાંબા સમયથી હું મળ્યો ન હતો, મારી શ્રદ્ધા વ્યક્ત કરવાની ઉતાવળમાં મારાથી આ ભૂલ થઈ ગઈ અને રાજકુમારી આનંદમયી કર્તવ્યબદ્ધ થઈને પોતાના પતિ સેનાપતિ પર્વતેશ્વર સાથે કાશી જતી રહી છે.'

ભૃગુએ ભગીરથના મનના ભાવ વાંચી લીધા એટલે તેઓનો શ્વાસ અચાનક થંભી ગયો.

પર્વતેશ્વર અલગ થવા માગે છે ? તેઓ મેલુહા પાછા ફરવા માગે છે ?

'મને લાગે છે કે જ્યારે પ્રભુની મરજી હશે ત્યારે મને રાજકુમારી આનંદમયી અને સેનાપતિ પર્તવેશ્વરને મળવાનું સૌભાગ્ય પ્રાપ્ત થશે.' ભૃગુએ કહ્યું.

ભૃગુના મોં પરના હાસ્યે ભગીરથને વ્યાકુળ બનાવી દીધો.

'આશા છે કે બહુ જ જલદી થશે, મુનિવર.' ભગીરથે કહ્યું, 'હવે જો આપ મને રજા આપો તો હું કેટલાક લોકોને મળવા માગું છું અને તે પછી કેટલાંક અધૂરાં રહી ગયેલાં કામો માટે મારે કાશી જવાનું છે.'

દિલીપ કંઈક બોલવા જતા હતા પરંતુ ભૃગુએ હાથ ઊંચો કર્યો અને ભગીરથના માથા ઉપર મૂકી દીધો, 'જરૂર, વીર રાજકુમાર, ભગવાન રામ આપની સાથે રહે.'

ભગીરથના જતાંની સાથે દિલીપ બોલ્યો, 'આપે એને કેમ જવા દીધો, મુનિવર ? આપણે તેને કેદી બનાવી શકતા હતા. પૂછપરછથી જરૂર એ વાત ખબર પડી જશે કે પંચવટીમાં શું થયું હતું.'

'હું પહેલેથી જાણી ગયો છું કે શું થયું હતું' 'ભૃગુએ કહ્યું, 'આપણી નૌકાઓ પંચવટી પહોંચી હતી અને તેઓના કાફલાના મોટી સંખ્યામાં લોકોને મારવામાં સફળ પણ થયા હતા, પરંતુ મુખ્ય નાયકોને મારી શક્યા નહોતા. શિવ હજી પણ જીવતા છે અને યુદ્ધમાં આપણી

નૌકાઓનો નાશ કરી દેવામાં આવ્યો હતો.'

'એ છતાં પણ, આપણે ભગીરથને જવાની અનુમતિ આપવા જેવી નહોતી. આપણે તેઓના મુખ્ય નાયકોમાંથી એકને ઈજા વગર શા માટે જવા દઈએ છીએ ?'

'મેં એને દીર્ઘાયુનો આશીર્વાદ આપ્યો છે, રાજન. મને વિશ્વાસ છે કે આપ મને જુઠ્ઠી સાબિત કરવા તો નથી માગતા.'

'જરાય નહીં, મુનિવર.'

ભૃગુએ દિલીપને જોયો અને હસ્યા, 'હું જાણું છું કે આપ શું વિચારી રહ્યા છો, રાજન. ભરોસો રાખજો, શતરંજની રમતની જેમ યુદ્ધમાં પણ અનેક ચાલ પછી કોઈ મોટું યાદું પકડવા કેટલાંક નાનાં પ્યાદાંનો ભોગ આપી દેવો પડે છે જેથી અંતે પેલું મોટું યાદું કબજામાં આવી જાય.'

દિલીપના કપાળમાં કરચલીઓ પડી ગઈ.

'હું મારી વાત જરા વધારે સ્પષ્ટ કરું છું, રાજન.' ભૃગુએ કહ્યું, 'રાજકુમાર ભગીરથને અયોધ્યામાં કોઈ ઈજા ન પહોંચવી જોઈએ. મારી ધારણા છે કે તેઓ એક દિવસની અંદરોઅંદર આપનું નગર છોડીને જતા રહેશે. તેઓ સ્વસ્થ અને સુરક્ષિત થઈને જવા જોઈએ. હું ઇચ્છું છું કે તેઓ એવું વિચારતા થઈ જાય કે ભગીરથની આ ટૂંકી યાત્રાથી આપણને કશું જ જાણવા મળ્યું નથી.'

'જી, મુનિવર.'

'એક ઝડપી નૌકા તૈયાર કરાવો. મારે તરત જ કાશી જવા નીકળવું પડશે.'

'જી, મુનિવર.'

'કૃપા કરીને મારા નૌકાગમન પત્રમાં લખાવજો કે હું પ્રયાગ જઈ રહ્યો છું. અયોધ્યામાં હજી પણ ભગીરથના મિત્રો છે. હું નથી ઇચ્છતો કે તેને જાણ થાય કે હું કાશી જઈ રહ્યો છું. સમજી ગયાને ?'

'જરૂર, મુનિવર. હું સિયામંતક પાસે તરત જ તેની ગોઠવણ કરવા કહી દઉં છું.'



પ્રકરણ-૧૫

મગધની સમસ્યા

શિવ, સતી અને ગોપાલને હમણાં જ મગધના બંદરોના મંત્રી અંધક મારફત સુર્પદમનના રાજમહેલમાં લઈ આવવામાં આવ્યા હતા.

ગોપાલે તેના જવાની રાહ જોઈ અને પછી ટિપ્પણી કરી, 'આ રસપ્રદ વાત છે કે આપણને રાજા મહેન્દ્રના મહેલમાં નહીં પણ સુર્પદમનના અંગત આવાસમાં રાખવામાં આવ્યા છે.'

'સુર્પદમન આપણા અને પોતાના પિતા વચ્ચે માહિતીનું એકમાત્ર માધ્યમ બનીને કામ કરવા માગે છે.' સતીએ કહ્યું, 'એકમાત્ર માધ્યમ હોવાથી એને વાતોને પોતાની પસંદગી મુજબ ચૂંટીને બતાવવાની છૂટ મળશે. ખરેખર, એનાથી હું સફળતા મેળવવા માટે વધુ આશા રાખતી થઈ ગઈ છું.'

'મને બહુ થોડી આશા છે.' શિવે સામે પ્રત્યાઘાત આપ્યો, 'એમાં શક નથી કે સુર્પદમનની આજ્ઞાથી મગધ પર શાસન ચાલે છે. રાજકુમાર હોવા ઉપરાંત રાજાની મહોર પણ તેની પાસે જ રહે છે. પરંતુ રાજકુમાર ઉગ્રસેનની હત્યાને લીધે પોતાના પિતાની પ્રતિક્રિયાની પણ તેને ચિંતા હશે. કદાચ એટલે જ તે આપણી સાથે અહીં વ્યક્તિગત રૂપે વાત કરવા માગે છે.'

'કદાચ' ગોપાલે કહ્યું, 'હોઈ શકે છે કે આ કારણસર મગધમાં આપણું સ્વાગત અંધકે કર્યું હતું, રાજા મહેન્દ્રના પ્રધાનમંત્રીએ નહીં.'

'હા' શિવે કહ્યું, 'મને વિશ્વાસ છે કે અંધક સુર્પદમન માટે પૂરી નિષ્ઠા ધરાવે છે.'

'આપણે સર્વોત્તમની આશા રાખવી જોઈએ.' સતીએ કહ્યું.



જેવા શિવ, સતી અને ગોપાલે રાજકુમારના દરબારમાં પ્રવેશ કર્યો, સુર્પદમન પોતાના રાજવી આસન પરથી ઊઠી ગયો. તે નીલકંઠની પાસે આવ્યો અને ઘૂંટણભેર બેસી ગયો. સુર્પદમને શિવના ચરણોમાં પોતાનું માથું રાખી દીધું. 'મને આશીર્વાદ આપો, મહા-નીલકંઠ.'

'સુખીન: ભવ' શિવે સુર્પદમનના માથા ઉપર હાથ રાખીને તેને સુખી રહેવાના આશીર્વાદ આપ્યા.

સુર્પદમને શિવ સામું જોયું, 'આશા રાખું છું, પ્રભુ, કે આ વાર્તાલાપ સમાપ્ત થવા સુધીમાં

આપ સુખની સાથે સાથે મને વિજયી થવાના આશીર્વાદ આપવા આપના હૃદયને તૈયાર કરી દેશો.'

શિવ હસ્યા અને સુર્પદમન ઊભો થતાં, તેના ખભા ઉપર શિવે હાથ મૂકી દીધા. 'મને રજા આપો તો મારા સાથીઓનો પરિચય કરાવું, રાજકુમાર સુર્યદમન. આ મારી પત્ની છે -- સતી.'

સુર્પદમને સતીને નમીને પ્રણામ કર્યાં. સતીએ સામે નમ્રતા સાથે સુર્પદમનની શુભેચ્છાઓનો ઉત્તર આપ્યો.

'આ છે મારા અત્યંત નજીકના મિત્ર અને વાસુદેવ પ્રમુખ ગોપાલા.' શિવે કહ્યું.

સુર્પદમનના હાથ સન્માનપૂર્વક પ્રણામ કરતા જોડાઈ ગયા હતા, જ્યારે તેઓની આંખો આશ્ચર્યથી પહોળી થઈ ગઈ હતી. 'પ્રભુ રામની કૃપા હો.'

'તેઓની પ્રાર્થના કરો, તો તેઓ અવશ્ય કૃપા કરશે.' ગોપાલે કહ્યું.

સુર્પદમન હસ્યા, 'માફ કરજો, ગોપાલજી. મારા ગુપ્તચરોએ સદાય મને ભરોસો આપ્યો છે કે દંતકથા સમાન વાસુદેવ હકીકત છે. પરંતુ મારું માનવું હતું કે તેઓ ત્યાં સુધી સાંસારિક મામલાઓમાં હસ્તક્ષેપ નહીં કરે જ્યાં સુધી આપણી સામે અસ્તિત્વનું સંકટ ઊભું થઈ જાય.'

'એવો જ સમય આવી ગયો છે, સુર્પદમન.' ગોપાલે કહ્યું, 'અને પ્રભુ રામના બધા જ સાચા આસ્થાવાનોએ નીલકંઠ સાથે જોડાવાનું રહેશે.'

સુર્પદમન કાંઈ બોલ્યો નહીં.

'ચાલો બેસીને વાત કરીએ, મગધના વીર રાજકુમાર.' શિવે કહ્યું.

સુર્પદમન તેઓને પોતાના દરબારની વચ્ચે લઈ ગયો, જ્યાં ગોળાકારમાં અૌપચારિક આસનો રાખવામાં આવ્યાં હતાં. ગોપાલે જોયું કે અંધક સિવાય ત્યાં મગધના રાજદરબારના બીજા કોઈ અધિકારીઓ ન હતા. પુષ્ટિ વગરની અફવાઓ કદાચ સાચી હતી કે અંધક બહુ જલદી મગધની સેનાનું સેનાપતિપદ ગ્રહણ કરવાનો છે. એ પણ માનવામાં આવતું હતું કે મગધનો બાકીનો દરબાર ખરેખર નીલકંઠ સાથે જોડાયેલો નહોતો, પરંતુ અયોધ્યા સાથે મગધની પરંપરાગત શત્રુતા હોવાને લીધે એ માનવામાં આવતું હતું કે તેઓ નીલકંઠ સાથે મિત્રતા બાંધી દેશે. પરંતુ ઉગ્રસેનની હત્યાને લીધે આખી પરિસ્થિતિ બદલાઈ ગયેલી લાગતી હતી.

'હું આપની શું સેવા કરી શકું, પ્રભુ ?' સુર્પદમને પૂછયું.

'હું સીધો મુખ્ય વાત પર આવીશ, રાજકુમાર સુર્પદમન.' શિવે કહ્યું, 'આપના હોશિયાર ગુપ્તચર અધિકારીઓએ આપને પહેલેથી કહી જ દીધું હશે કે યુદ્ધની સંભાવના છે.'

સુર્પદમને મૌન રહીને ડોકું ધુણાવ્યું.

'કદાચ આપ એ પણ જાણતા હશો કે અયોધ્યાએ બુદ્ધિપૂર્વક નિર્ણય લીધો નથી.' ગોપાલે કહ્યું.

'જી, મને એની ખબર છે.' સુર્પદમને હળવું હાસ્ય કરતાં કહ્યું, 'પરંતુ અનિર્ણય અને ભ્રમ તરફ અયોધ્યાના લગાવને જોઈને ભાગ્યે જ કોઈ નિશ્ચિત થઈ શકે છે કે તેઓ અંતે પોતાને કયા પક્ષમાં જોડશે ?'

સતી હસી, 'અને આપનો શું કરવાનો વિચાર છે, રાજકુમાર ?'

'દેવી,' સુર્પદમને કહ્યું, 'હું નીલકંઠની દંતકથામાં આસ્થા રાખું છું અને પ્રભુએ બતાવી આપ્યું છે કે તેઓ મહાદેવની પદવીના યોગ્ય ઉત્તરાધિકારી છે.'

શિવે વિચિત્ર રીતે પોતાના આસનમાં પડખું બદલ્યુ. તેઓ હજી પણ મહાપ્રભુ રુદ્ર સાથે પોતાની સરખામણી થાય તેનાથી વ્યાકુળ હતા.

'એ ઉપરાંત અયોધ્યા ભયંકર રીતે પ્રભુમય છે.' સુર્પદમને આગળ કહ્યું 'સ્વદ્વીપના હિતમાં

તેને પડકાર આપવો જોઈએ અને ફક્ત મગધમાં જ તેમ કરવાની ક્ષમતા છે.'

'હું જોઈ શકું છું કે ફક્ત શક્તિશાળી મગધમાં જ અયોધ્યાથી ટક્કર લેવાની શક્તિ છે.' સતીએ કહ્યું.

'આપ સાચું કહો છો.' સુર્પદમને કહ્યું, 'મેં આપને બધા કારણ જણાવ્યાં છે જેના માટે મારે નીલકંઠની સેના સાથે ઊભા રહેવા માટે પસંદગી કરવી જોઈએ.'

શિવ, ગોપાલ અને સતી મૌન રહીને એ અનિવાર્ય 'પણ'ની રાહ જોવા લાગયા.

'પરંતુ છતાં પણ,' સુર્પદમને કહ્યું, 'પરિસ્થિતિઓએ મારી હાલત કંઈક મુશ્કેલ બનાવી દીધી છે.'

શિવ તરફ ફરીને સુર્પદમને આગળ કહ્યું, 'હે પ્રભુ, નક્કી આપ મારા ધર્મસંકટથી પરિચિત હશો. મારો ભાઈ ઉગ્રસેન એક નાગા આતંકવાદી હુમલામાં માર્યો ગયો હતો અને મારા પિતા બદલો લેવા માટે આતુર છે.'

આ વાતની સંવેદનશીલતા ધ્યાનમાં રાખીને શિવે મૃદુ સ્વરે કહ્યું, 'સુર્યદમન, મારા માનવા પ્રમાણે આ ઘટના...'

'પ્રભુ,' સુર્પદમને કહ્યું, 'વચ્ચેથી વાત કાપી નાખવા બદલ મને માફ કરજો પરંતુ સત્ય મને ખબર છે.'

'મને નથી લાગતું કે આપને ખબર છે, રાજકુમાર સુર્પદમન. નહીં તો આપની પ્રતિક્રિયા જુદી જ હોત.'

સુર્પદમન હસ્યા અને પળભર તેઓએ અંધકને જોયા પછી આગળ બોલ્યા, 'પ્રભુ, અંધક અને મેં વ્યક્તિગત રીતે મામલાની તપાસ કરી હતી. અમે એ સ્થળે પણ ગયા હતા જ્યાં મારો ભાઈ અને તેના સૈનિકોને મારી નાખવામાં આવ્યા હતા. અમને ઘટનાની જાણકારી છે.'

સતી પોતાની જાતને વચ્ચે બોલતાં અટકાવી ન શકી. 'તો પછી કેમ...'

'હું શું કરી શકું, દેવી ?' સુર્પદમને પૂછયું, 'મારા પિતા શોકમાં ડૂબેલા વૃદ્ધ માણસ છે જેઓએ પોતાને વિશ્વાસ આપી દીધો છે કે તેઓનો પ્રિય પુત્ર એક સજ્જન અને બહાદુર ક્ષત્રિય હતો, જે એક કાયરતાપૂર્ણ નાગા આક્રમણમાં પોતાના રાજ્યની રક્ષા કરતાં માર્યો ગયો હતો. હું તેઓને સત્ય કેવી રીતે બતાવી શકું ? હું તેઓને કેવી રીતે કહું કે ઉગ્રસેન હકીકતે એક દુર્વ્યસની જુગારી હતો જે એક અસહાય બાળકનું અપહરણ કરવાનો પ્રયત્ન કરી રહ્યો હતો જેથી તે ધન જીતી શકે ? શું હું મારા પિતાને જણાવી દઉં કે મારો મહાન ભાઈ એક માની હત્યા કરવાનો પ્રયાસ કરી રહ્યો હતો જે તેના પુત્રનો બચાવ કરી રહી હતી ? કે ખરેખર તો દુષ્ટ લાગતો નાગા ખરેખર તો ધીરજવાન નાયક છે જેણે પોતાના રાજ્યના એક નાગરિકની, એક પુત્ર સામેની દુષ્ટતા બદલ હત્યા કરી હતી ? આપને લાગે છે કે તેઓ મારી વાત સાંભળશે ?'

'સત્યમાં પ્રભુતા હોય છે.' સતીએ કહ્યું, 'પછી ભલે તેનાથી દુ:ખ પહોંચે.'

સુર્પદમન ધીમેથી હસ્યો, 'આ મેલુહા નથી, દેવી. 'સત્ય' તરફ મેલુહાવાસીઓના સમર્પણને અહીં ઘણાબધા લોકો માત્ર વૈચારિક કટ્ટરતાના રૂપમાં જુએ છે. ચંદ્રવંશી અનેક વૈકલ્પિક સત્યોમાંથી ચૂંટવાનું પસંદ કરે છે જે એકીસાથે સહઅસ્તિત્વમાં રહી શકે છે.'

સતી મૌન રહી.

સુર્પદમન શિવ તરફ ફર્યા, 'પ્રભુ, મારા પિતા વિચારે છે કે હું એક મહત્વકાંક્ષી યુદ્ધખોર છું, જે સિંહાસન ઉપર બેસવા આતુર છે. તેઓ મારા મોટાભાઈને પસંદ કરતા હતા જે તેઓના દૃષ્ટિકોણથી વધુ અનુકૂળ હતો. મને લાગે છે કે તેઓને શંકા છે કે મારું લક્ષ્ય પૂરું કરવા મેં જ ઉગ્રસેનની હત્યા કરાવી દીધી છે.'

'મને વિશ્વાસ છે કે આ સાચી વાત નથી' 'શિવે કહ્યું, 'આપ તેઓના યોગ્ય સુપુત્ર છો.'

'કોઈ બીજી વ્યક્તિના ગુણોનાં વખાણ કરવાં એ બહુ જ સંકલ્પશીલ વ્યક્તિથી જ થઈ શકે, પ્રભુ.' સુર્પદમને કહ્યું. 'ભલે ને વાત પોતાના સંતાનની કેમ ન હોય ? વિડંબના એ છે કે નાગાઓએ ખરેખર મારી મદદ કરી છે, કારણ કે સિંહાસન માટેનો મારો માર્ગ ચોખ્ખો થઈ ગયો છે. હવે બસ મારે મારા પિતાના મૃત્યુની રાહ જોવાની છે. અને એવું કશું પણ કરવાથી દૂર રહેવાનું છે કે તેઓ મને ઉત્તરાધિકારથી દૂર કરી દે અને કોઈ સંબંધીને સિંહાસન સોંપી દે. આ બધું જાણીને, જો હું મારા પિતાને કહું કે 'દુષ્ટ' નાગાઓ દ્વારા તેઓના પ્રિય પુત્રની હત્યા કરવી સંપૂર્ણ રીતે ન્યાયપૂર્ણ હતી તો કદાચ ઇતિહાસમાં હું સદાને માટે મૂર્ખતમ રાજકુમારના રૂપે જ વર્ણવવામાં આવીશ.'

ગોપાલ ધીરેથી હસ્યા, 'એવું લાગી રહ્યું છે કે આપણે એક બંધ ગલી પર આવી ગયા છીએ, રાજકુમાર સુર્યદમન, આપણે શું કરવું જોઈએ ?'

સુર્પદમને પોતાની આંખો ઝીણી કરી. 'મને એક નાગા આપી દો.'

'હું ન આપી શકું.' શિવે કહ્યું.

'હું આપની પાસે એ નાગાને માગી નથી રહ્યો, જેણે ખરેખર ઉગ્રસેનને મારી નાખ્યો હતો, પ્રભુ.' સુર્પદમને કહ્યું. 'મારું અનુમાન છે કે તે કોઈ મહત્ત્વપૂર્ણ વ્યક્તિ છે. હું તો ફક્ત કોઈ પણ નાગાની માગણી કરી રહ્યો છું. મારા પિતાની સામે હું તેને ઉગ્રસેનના હત્યારા રૂપે રજૂ કરી દઈશ અને અમે વિના વિલંબે તેને મૃત્યુની સજા કરી દઈશું. મારા પિતા સહર્ષ રાજસિંહાસનનો ત્યાગ કરી દેશે અને મારા ભાઈના આત્માની શાંતિ માટે પ્રાર્થના કરવા સંન્યાસ લઈ લેશે અને હું મગધના બધા જ સ્રોતો સાથે આપની સાથે ઊભો થઈ જઈશ. હું જાણું છું કે બ્રંગા આપની સાથે છે. હવે એ મગધ અને બ્રંગા એક જ પક્ષમાં હોય તો વિજય નક્કી જ છે. આપ યુદ્ધ જીતી જશો અને બૂરાઈનો સર્વનાશ થઈ જશે. આપે ફક્ત એક નગણ્ય નાગાનું બલિદાન કરવું પડશે, જે આમ પણ પોતાનાં પૂર્વજન્મોનાં પાપોનું ફળ ભોગવી રહ્યો હશે. આપણે તો ખરેખર તેને સુકર્મ કમાવવા માટે અવસર આપીશું. આપ શું કહો છો ?'

શિવ પળ વાર પણ ન અટક્યા, 'હું તેવું નહીં કરી શકું.'

'પ્રભુ...'

'હું એવું નહીં કરું.'

'પરંતુ....'

'ના.'

સુર્પદમન પોતાના આસન પર પાછળ ખસીને બેસી ગયા, 'આપણે ખરેખર આંધળી ગલી ઉપર આવીને અટકી ગયા છીએ, મહાવાસુદેવ. મારા પિતા મને એવી સેનામાં યુદ્ધ કરવાની રજા નહીં આપે જેમાં નાગા પણ હોય, જ્યાં સુધી આપણે તેઓની બદલાની આગને શાંત ન કરી દઈએ.'

ગોપાલ કોઈ સામો ઉત્તર આપે તે પહેલાં શિવ બોલી ઊઠયા, 'અને જો આપ કોઈ પક્ષ પસંદ ન કરો તો ?'

અચંબો પામેલા સુર્પદમનના કપાળમાં કરચલીઓ પડી ગઈ.

'આપના પિતાને તટસ્થ રહેવા માટે રાજી કરો.' શિવે આગળ કહ્યું, 'મારી નૌકાઓને અયોધ્યા થઈને યુદ્ધ કરવા માટે આગળ જવા દે. જો અમે તેને પરાજિત કરી શક્યા તો આપનો મુખ્ય શત્રુ નિર્બળ થઈ જશે. જો તેઓએ અમને પરાજિત કરી દીધા તો અમારી સેના નાગાઓ સહિત પાછી આવશે. બાકીનું આપની કલ્પના ઉપર છોડું છું. બંને બાજુથી આપ વિજયી થશો.'

સુર્પદમન હસ્યો, 'આ તો ગમી જાય તેવી વાત છે.'



હમણાં જ કાશી પહોંચેલા પર્વતેશ્વર અને આનંદમયીને વિશાળ કાશીમહેલના એક અલગ બાગમાં ઉતારો આપવામાં આવ્યો હતો. આનંદમયી, આયુર્વતી વીરભદ્ર અને ગણલોકોને મળવા ગઈ હતી.

મેલુહાના સેનાપતિ પોતાના કક્ષમાં બેઠા બેઠા દૂરદૂર વહેતી ગંગાની તરફ જોઈ રહ્યા હતા.

'સ્વામી' દ્વારપાલે બૂમ પાડી.

પર્વતેશ્વરે પાછળ ફરીને પૂછયું, 'હા !'

'એક દૂત હમણાં જ આપના માટે એક સંદેશો આપી ગયો છે.'

'મને આપી દો.'

'જી, સ્વામી.'

દ્વારપાળ અંદર આવ્યો એટલે પર્વતેશ્વરે પૂછયું, 'સંદેશો કોણ લાવ્યું હતું ?'

'મુખ્ય મહેલનો દ્વારરક્ષક, સ્વામી.'

પર્વતેશ્વરે પોતાનાં ભવાં ઊંચા ચડાવ્યાં, 'કોઈ બહારની વ્યક્તિને તો અંદર આવવા દેવાતો તો નથી ને, બરાબર ? હું એ જાણવા માગતો હતો કે મહેલના દ્વારરક્ષકને આ સંદેશો કોણે આપ્યો હતો ?'

દ્વારપાલ મૂંઝાઈ ગયો. 'હું કેવી રીતે જાણી શકું, સ્વામી ?'

પર્વતેશ્વરે ઊંડો શ્વાસ લીધો. આ સ્વદ્વીપના લોકોને કોઈ વટવ્યવહાર કે આચારની ખબર જ નથી. નવાઈ તો એ વાતની છે કે કોઈ શત્રુ તેઓનાં મુખ્ય સ્થાનોમાં ઘૂસી નથી આવતો. તેણે સાચવીને મોહરબંધ પત્ર દ્વારપાલ પાસેથી લીધો અને તેને બહાર મોકલી દીધો. પર્વતેશ્વર મહોર પર લગાવવામાં આવેલા પ્રતીકને ઓળખી ન શક્યો. આ કોઈ તારા જેવું લાગતું હતું, જેમ કે પ્રાચીન જ્યોતિષીય ગણતરીમાં ઉપયોગ કરવામાં આવતું હતું. તેણે પત્ર ખોલ્યો. લિપિએ તેને આશ્ચર્યમાં નાખી દીધો. આ મેલુહાની સૈન્ય માટેની ગુપ્ત લિપિ હતી. ખાસ કરીને વરિષ્ઠ સૂર્યવંશી સૈન્ય અધિકારી જ તેનો ઉપયોગ કરતા હતા. યુદ્ધના દિવસોમાં અત્યંત ખાનગી વાત આ લિપિમાં લખવામાં આવતી હતી. બીજા લોકો આ પત્રની વાત જરાય સમજી શકે તેમ નહોતા.

"માનનીય પર્વતેશ્વર, સમય આવી ગયો છે કે આપ મેલુહા પ્રતિ આપની નિષ્ઠા સિદ્ધ કરો. ત્રીજા પ્રહરની સમાપ્તિ પર સંકટમોચન મંદિરની પાછળ આવેલા ઉપવનમાં મને મળજો. એકલા આવજો."

પર્વતેશ્વરનો શ્વાસ થંભી ગયો. સહજતાથી તેણે દ્વાર તરફ જોયું. તે એકલો હતો. તેણે પત્રને કમ્મર પર બાંધેલી થેલીમાં ખોસી દીધો.

તે જાણતો હતો કે તેણે શું કરવાનું છે.



સંકટમોચન મંદિરમાં દિવસે ઘંટ, ઢોલ અને પ્રાર્થનાયંત્રોના અવાજના લીધે સવારથી જ હવા ગુંજતી રહેતી હતી. આ રીતે પ્રભુ હનુમાનને જગાડ્યા બાદ તેઓના સ્વામી પ્રભુ રામને શાંતિથી જગાડવા માટે ભક્તજનો ભજનો ગાતા હતા, જેવા પ્રભુ હનુમાનના ગાતા હતા. આ

લાંબી પૂજાના અંતમાં સાતમા મહાવિષ્ણુ દર્શન આપીને દિવ્ય આનંદ આપતા હતા, પરંતુ સાંજની શાંતિ સવારના અવાજોને જૂઠા પાડી દેતી હતી. આ એ સમય હતો જ્યારે પર્વતેશ્વરે ભવ્ય મંદિરમાં પ્રવેશ કર્યો હતો.

પર્વતેશ્વરે ખાતરી કરવા પાછળ જોઈ લીધું હતું કે કોઈ તેમનો પીછો તો કરતું નથીને ? પછી તે સારી રીતે ચાલીને મંદિરની પાછળ આવેલા ઉપવન તરફ આગળ વધી ગયા. ત્યાં શાંતિ હતી. પર્વતેશ્વર ઉપવનના દૂરના છેડે આવેલા વૃક્ષ તરફ આગળ વધ્યા અને તેના ટેકે બેસી ગયા.

'આપ કેમ છો, સેનાપતિ ?' એક નરમ, વિનમ્ર અવાજે પૂછયું.

પર્વતેશ્વરે નજર ઊંચી કરી, 'જો હું આપને જોઈ શકીશ તો મને ખૂબ સારું લાગશે.'

'આપ એકલા છો ?'

'જો એકલો ન હોત તો હું ન આવત.'

થોડી પળ મૌન છવાયું.

પર્વતેશ્વર જવા માટે ઊઠી ગયા, 'જો આપ સાચા મેલુહાવાસી છો તો આપ જાણતા હશો કે મેલુહાવાસી જૂઠું નથી બોલતા.'

'થોભો, સેનાપતિ.' ભૃગુએ અંધકારમાંથી બહાર આવતાં કહ્યું.

પર્વતેશ્વર ચકિત થઈ ગયા. તે સપ્તર્ષિ ઉત્તરાધિકારીને ઓળખી ગયા હતા. તે જાણતા હતા કે પ્રબળ પ્રભાવ હોવા છતાં તેઓએ ક્યારેય પણ મેલુહાના કામકાજમાં હસ્તક્ષેપ કર્યો નહોતો. તેના માટે ભરોસો કરવો મુશ્કેલ હતો કે ભૃગુ સંસારિક જીવનના સાવ નિમ્ન કક્ષાના મામલાઓમાં પોતાને આટલા લીન કરી શકે છે.

'આપને સામસામે રૂબરૂ મળવાથી હું બહુ મોટું જોખમ ખેડી રહ્યો છું.' ભૃગુ હસ્યા, 'મારે એ નક્કી કરવાનું હતું કે આપ એકલા જ છો ને ?'

'આપ અહીં શું કરી રહ્યા છો, મુનિવર ?' પર્વતેશ્વરે મહર્ષિને પ્રણામ કરતાં પૂછયું.

'હું મારું કર્તવ્ય બજાવી રહ્યો છું. જેમ આપ આપનું કર્તવ્ય બજાવી રહ્યા છો.'

'પરંતુ આપે તો ક્યારેય સંસારિક વાતોમાં માથું માર્યું જ નથી.'

'માર્યું છે.' ભૃગુએ કહ્યું, 'પરંતુ ખાસ પ્રસંગોએ જ અને આ પણ તેવો જ પ્રસંગ છે.'

પર્વતેશ્વર કંઈ બોલ્યા નહીં. તો ભૃગુ જ ખરેખરા કર્તા-હર્તા છે. આ એ જ છે જેઓએ પંચવટી બહાર પ્રભુ શિવના કાફલા ઉપર છળપૂર્વક આક્રમણ કરવા માટે મેલુહા-અયોધ્યાનું સંયુક્ત સૈન્ય મોકલ્યું હતું. ભૃગુ તરફનો પર્વતેશ્વરનો સન્માનભાવ ઓછો થઈ ગયો. મહર્ષિ પણ છેવટે તો મનુષ્ય જ હતા.

'આપ તો જાણો જ છો કે આપે શું કરવાનું છે.' ભૃગુએ કહ્યું, 'હું જાણું છું કે આપણી પ્રિય માતૃભૂમિ પર આક્રમણ કરવા માટે આપ એ કપટી નીલકંઠને ટેકો નહીં આપો.'

પર્વતેશ્વર ક્રોધથી ફાટી પડ્યા, 'પ્રભુશિવ કપટી નથી. પ્રભુ રામ પછી આ ધરતી ઉપર આવવાવાળા તેઓ સર્વોતત્કૃષ્ટ વ્યક્તિ છે.'

અચંબો પામતા ભૃગુ પાછળ હટી ગયા, 'કદાચ મને ભ્રમણા થઈ છે. કદાચ આપ મેલુહાને એટલો પ્રેમ નથી કરતા જેટલો હું માનતો હતો કે આપ કરો છો.'

'મહર્ષિ ભૃગુ, મેલુહા માટે હું મારો પ્રાણ આપી દઈશ.' પર્વતેશ્વરે કહ્યું, 'કારણ કે એમ કરવું એ મારું કર્તવ્ય છે... પરંતુ એવું વિચારવાની ભૂલ ન કરતા કે પ્રભુ નીલકંઠની હું ઘૃણા કરું છું. તેઓ મારા જીવંત ઈશ્વર છે.'

ભૃગુના કપાળમાં કરચલીઓ પડી. તેઓ વધુ અચંબામાં પડી ગયા. તેઓએ પર્વતેશ્વરની આંખોમાં જોયું. સામાન્ય રીતે નિયંત્રણમાં રહેતા ઋષિનું મોં હળવેથી ખૂલી ગયું. તેઓ જાણી

ગયા હતા કે તેઓ એક એવા અસાધારણ મનુષ્યને જોઈ રહ્યા છે જેણે એ જ કહ્યું હતું જે તે વિચારી રહ્યા હતા. ભૃગુનો અવાજ બદલાઈ ગયો અને તેઓ સન્માનપૂર્ણ બની ગયા, 'ક્ષમા કરજો, મહાન સેનાપતિ. હું જોઈ શકું છું કે આપની પ્રતિષ્ઠા કારણ વગર નથી. મેં આપને સમજવામાં ભૂલ કરી હતી. ક્યારેક ક્યારેક સંસારની બનાવટી હવા આપણને એક અસાધારણ કર્તવ્યનિષ્ઠ વ્યક્તિ પ્રતિ અસંવેદનશીલ બનાવી દે છે.'

પર્વતેશ્વર કંઈ ન બોલ્યા.

'શું આપ મેલુહાના પક્ષે રહીને યુદ્ધ કરશો ?' ભૃગુએ પૂછ્યું.

'મારા છેલ્લા શ્વાસ સુધી.' પર્વતેશ્વરે ધીમેથી કહ્યું, 'પરંતુ હું ભગવાન રામના નિયમો પ્રમાણે જ યુદ્ધ કરીશ.'

'અવશ્ય.'

'આપણે યુદ્ધના નિયમોને નહીં તોડીએ.'

ભૃગુએ મૌન રહીને ડોકું ધુણાવ્યું.

'મારી સલાહ છે, મુનિવર ' 'પર્વતેશ્વરે કહ્યું, 'કે આપ મેલુહા પાછા જતા રહો. હું થોડાં સપ્તાહ પછી આવીશ.'

'અહીં રહેવામાં સાર નથી, સેનાપતિ.' ભૃગુએ કહ્યું, 'જો આપને કંઈ થઈ જાય તો મેલુહા માટે તે વાત ખૂબ જ વિનાશકારી હશે. આપની સેનાને એક સારા અધિનાયકની જરૂરત છે.'

'હું મારા પ્રભુની રજા વગર ના જઈ શકું.'

ભૃગુને લાગ્યું કે જાણે તેઓએ આ વાક્ય બરાબર સાંભળ્યું નથી. 'ક્ષમા કરશો ? શું આપે એવું કહ્યું કે જતા પહેલાં આપ નીલકંઠની રજા લેવા માગો છો ?'

તેઓએ 'કપટી નીલકંઠ' બોલાઈ ન જાય તેનું ધ્યાન રાખ્યું હતું.

'હા,' પર્વતેશ્વરે જવાબ આપ્યો.

'પરંતુ તેઓ આપને જવાની રજા શા માટે આપશે ?'

'હું નથી જાણતો કે તેઓ આપશે કે નહીં, પરંતુ હું એટલું જાણું છું કે હું તેઓની રજા વગર ન જઈ શકું.'

ભૃગુએ સાવચેતી રાખતાં કહ્યું : 'અહંહ, માનનીય પર્વતેશ્વર, મને નથી લાગતું કે આપ પરિસ્થિતિની ગંભીરતાને સમજી રહ્યા છો. જો આપ નીલકંઠને કહેશો કે આપ તેઓના શત્રુનું નેતૃત્વ કરવા જઈ રહ્યા છો તો તેઓ આપને મારી નાખશે.'

'નહીં, તેઓ નહીં મારે. પરંતુ જો તેઓ એવું કરવાનો નિર્ણય લેશે તો એ મારું ભાગ્ય હશે.'

'અવિનય બદલ માફ કરજો, પરંતુ આ મૂર્ખતા છે.'

'ના, એવું નથી. કોઈ ભક્ત જો પોતાના પ્રભુને છોડવા માગે છે તો તે આમ જ કરે છે.'

'પરંતુ....'

'મહર્ષિ ભૃગુ, આપને આ વિચિત્ર લાગશે, કારણ કે આપ પ્રભુ શિવને મળ્યા નથી. તેઓના સાથીઓ કાંઈ ભયના કારણે તેઓને અનુસરતા નથી. તેઓ એમ એટલા માટે કરે છે, કારણ કે તેઓના જીવનમાં પ્રભુ શિવ સર્વાધિક પ્રેરણાદાયી વ્યક્તિ છે. મારા ભાગ્યે મને એવી સ્થિતિમાં મૂકી દીધો છે જેમાં હું તેઓનો વિરોધ કરવા મજબૂર થઈ ગયો છું. આ મારા હૃદયને ચીરી નાખે છે. જે મારું કર્તવ્ય છે, તે કરવાની શક્તિ મેળવવા મારે તેઓના આશીર્વાદ અને અનુમતિ જોઈએ.'

ભૃગુનો ધીમેથી માથું હલાવવામાં તેઓનો દ્વેષ દેખાઈ આવ્યો હતો. 'આ પ્રકારની નિષ્ઠા બહાર લાવનાર નીલકંઠ જરૂર કોઈ વિશેષ વ્યક્તિ હશે.'

'તેઓ માત્ર વિશેષ વ્યક્તિ જ નથી, પરંતુ તેઓ જીવંત ઈશ્વર છે.'



પ્રકરણ-૧૬

ગુપ્ત વાતો બહાર આવે છે

'મને લાગે છે કે આપણે એ મેળવી લીધું છે જે માટે આપણે અહીં આવ્યા હતા.' સતીએ કહ્યું.

ગોપાલ, સતી અને શિવ, સુર્પદમનના મહેલમાં પોતાના કક્ષમાં જતાં રહ્યાં હતાં. સદ્ભાવનાના પ્રતીક રૂપે સુર્પદમને તેઓને થોડા વધુ દિવસો સુધી રોકાવા માટે મનાવી લીધાં હતાં અને શિવની સેના માટે થોડાં શસ્ત્રો તૈયાર કરાવવાની રજા પણ મેળવી લીધી હતી.

'હા, હું સંમત છું.' ગોપાલે કહ્યું, 'શસ્ત્ર આપવાનો સુર્પદમનનો પ્રસ્તાવ ભલે શુકુનરૂપ હોય, પરંતુ આપણી સાથે ગઠબંધન કરવાનું તે પ્રતીક છે.'

'પરંતુ મગધ દરબારની કોઈ બીજી વ્યક્તિ આપણને મળવા ન આવી.' શિવે કહ્યું, 'હું આશા રાખું છું કે રાજા મહેન્દ્ર સુર્પદમન ઉપર કોઈ મૂર્ખામી કરવાનું દબાણ ન નાખે.'

'આપને લાગે છે કે તે આપણી નૌકાઓને અયોધ્યા જતાં રોકી શકે છે ?' ગોપાલે કહ્યું.

'હું નક્કી નથી કહી શકતો.' શિવે કહ્યું, 'વધુ સંભવ એ છે કે તે સહયોગ કરશે, પરંતુ એ તેના પર આધાર રાખે છે કે તેના પિતાની પ્રતિક્રિયા કેવી રહે છે.'

'આશા કરીએ કે બધું સારું જ થશે.' સતીએ કહ્યું.

'મારા ઘોષણાપત્રનું શું થયું, પંડિતજી ?'

'હવે થોડાં સપ્તાહની અંદર તે તૈયાર થઈ જશે અને તેનું વિતરણ થઈ જશે.' ગોપાલે કહ્યું, 'જનતાની સાથે સાથે ખાનદાન અને ઉમરાવ વર્ગની પ્રતિક્રિયા માટે દેશભરના વાસુદેવ પંડિતો આપણને સતત છેલ્લામાં છેલ્લી જાણકારી આપતા રહેશે.

'પરંતુ જો વાસુદેવ પંડિતોને ખોળી કાઢવામાં આવ્યા તો ?'

'નહીં, તેઓને ખોળી શકાશે નહીં. રાજવી વર્ગના લોકો એ ભલે જાણતા હોય કે વાસુદેવ સમૂહ નીલકંઠ સાથે જોડાઈ ગયો છે, પરંતુ તેઓ પોતાના રાજ્યના વાસુદેવોની ઓળખાણ ક્યારેય નહીં જાણી શકે.'

શિવે એક લાંબો શ્વાસ છોડ્યો. 'અને આ રીતે જ આની શરૂઆત થશે.'



ભગીરથ મોડી સાંજે કાશી પહોંચ્યો અને સીધો મહેલ તરફ ચાલ્યો ગયો. ત્યાં પહોંચ્યા પછી તેને જણાવવામાં આવ્યું કે શિવ સુર્પદમનનો સાથ મેળવવા મગધ ગયા છે. એટલે ભગીરથ આ સમાચાર આપવા ગણેશ અને કાર્તિકને મળવા ચાલ્યો ગયો.

'અયોધ્યા પાસે કોઈ બીજી મદદરૂપ થાય તેવી યોજના હોય તેવું લાગે છે' ભગીરથે કહ્યું, 'તેઓને ડર છે કે મગધ ગંગા ઉપર મેલુહા અને સૈનિકોને લઈ જઈ રહેલી તેઓની નૌકાઓને રોકશે. એટલા માટે તેઓનો વિચાર જંગલોને કાપીને ઉત્તર-પશ્ચિમ તરફ પોતાનું સૈન્ય મોકલવાનો છે -- તે છેક ધર્મખેત સુધી. ત્યાંથી તેઓ ગંગા પાર કરી દઈ શકે છે અને નવા બનાવેલા માર્ગે મેલુહા સુધી જઈ શકે છે.'

'આ તર્કસંગત છે.' ગણેશે કહ્યું, 'પરંતુ આ અભિયાન ધીમું રહેશે. ગાઢ જંગલો કાપીને મેલુહા પહોંચવામાં તેઓને અનેક મહિનાઓ લાગી જશે. એ સમય દરમિયાન તો યુદ્ધ હકીકતે પૂરું થઈ જઈ શકે છે.'

ભગીરથ આ વાત સાથે સંમત થયા, 'સાચી વાત છે.'

ગણેશ આગળ ઝૂક્યા, 'પરંતુ હું જોઈ શકું છું કે કશુંક વિશેષ પણ છે.'

ભગીરથ પોતાની જાતને રોકી ન શક્યો, 'મને એ વ્યક્તિની ભાળ મળી ગઈ છે જે આપણા શત્રુઓનું નેતૃત્વ કરી રહી છે.'

'મહર્ષિ ભૃગુ ?' કાર્તિકે સૂચનાર્થે પ્રશ્નન કર્યો.

ભગીરથ ચકિત થઈ ગયો, 'આપને કેવી રીતે ખબર પડી ?'

'બાબાના મિત્રો, વાસુદેવોએ અમને જણાવ્યું હતું.' ગણેશે જવાબ આપ્યો.

ભગીરથે દંતકથાઓમાં વાસુદેવોની કહાણીઓ સાંભળી હતી. 'શું ખરેખર વાસુદેવો હોય છે ખરા ?'

'હા, તેઓ હોય છે, વીર રાજકુમાર.' કાર્તિકે કહ્યું.

ભગીરથ હસ્યો. 'એમના જેવા મિત્રો હોય પછી પ્રભુ શિવને મારા જેવા અનુયાયીઓની જરૂરત નહીં હોય !'

ગણેશ હસી પડ્યા, 'જ્યારે તેઓએ આપના સૂચનને માન્યું હતું ત્યારે તેઓને ખબર નહોતી કે વાસુદેવ મુખ્ય અપરાધીની ઓળખાણ જાહેર કરશે.'

'જરૂર' ભગીરથે કહ્યું, 'પરંતુ હવે ઓછામાં ઓછું આપણને અયોધ્યાની ઉત્તર-પશ્ચિમે આવેલા ભેદી ન શકાય તેવાં જંગલોમાંથી જવાની તેઓની યોજના અંગે તો ખબર મળી ગઈ છે.'

'હા, આ બહુ ઉપયોગી માહિતી છે, ભગીરથ.' ગણેશે કહ્યું.

કાર્તિક અચાનક ટટ્ટાર બેસી ગયો, 'રાજકુમાર ભગીરથ, શું આપ જાતે મહર્ષિ ભૃગુને મળ્યા હતા ?'

'હા.'

કાર્તિકે ચિંતાતુર નજરે ગણેશ તરફ જોયું.

'શું વાત છે ?' ભગીરથે કહ્યું.

'શું તેઓએ વાતો કરતી વખતે આપની આંખોમાં જોયું હતું, ભગીરથ ?' ગણેશે પૂછયું.

'જ્યારે તેઓ મારી સાથે વાતો કરી રહ્યા હતા ત્યારે તેઓ બીજે ક્યાં જોતા હોત ?'

કાર્તિકે છતની તરફ જોયું, 'પ્રભુ રામ કૃપા કરે.'

'શું થયું ?' સમજણ ન પડતાં ભગીરથે પૂછયું.

'અમને જણાવવામાં આવ્યું છે કે મહર્ષિ ભૃગુ આંખોમાં જોઈને આપના મનની વાત જાણી લઈ શકે છે.' કાર્તિકે કહ્યું.

'શું ? આ અશક્ય છે !'

'તેઓ સપ્તર્ષિ ઉત્તરાધિકારી છે, ભગીરથ.' ગણેશે કહ્યું, 'તેઓ માટે ઘણી ઓછી વાતો અશક્ય છે. જો તેઓ ખાસ ધ્યાન રાખીને આપની આંખોમાં જોઈ રહ્યા હતા તો પૂરી શક્યતા છે કે તેઓએ આપના ચેતન વિચારોને જાણી લીધા હશે. હવે તેઓ પાસે આપણી યોજનાઓની કોઈક બહુ જ સંવેદનશીલ માહિતી હોઈ શકે છે.'

'હે ભગવાન !' ભગીરથ ધીરેથી બોલ્યો.

'હું જાણવા માગીશ કે આપ સાવચેતીપૂર્વક યાદ કરો કે મહર્ષિ ભૃગુ સાથે વાત કરતી વખતે આપ શું શું વિચારી રહ્યા હતા.' ગણેશે કહ્યું.

'મેં કહ્યું હતું...'

કાર્તિકે અહીં ભગીરથની વાત કાપી નાખી, 'એ જાણવું જરૂરી નથી કે આપે શું કહ્યું. જરૂરી એ છે કે તે સમયે આપ શું વિચારતા હતા.'

ભગીરથે પોતાની આંખો બંધ કરી અને યાદ કરવાનો પ્રયત્ન કર્યો. 'મેં વિચાર્યું હતું કે મારા નિર્બળ પિતા ષડયંત્રના સાચા નાયક ન હોઈ શકે.'

'આ કોઈ રહસ્ય નથી.' ગણેશે કહ્યું, 'આપે બીજું શું વિચાર્યું હતું ?'

'જ્યારે મને સમજાઈ ગયું કે મહર્ષિ ભૃગુ જ ખરેખરા નાયક છે તો મને ગભરાટ થયેલો તે યાદ છે.'

'તમારી જગ્યાએ હું હોત તો તેઓને તમારો ગભરાટ જાણવા ન દેત.' કાર્તિકે કહ્યું, 'પરંતુ તેનાથી આપણને કોઈ નુકસાન થશે નહીં.'

'મને એવું વિચારવું યાદ છે કે પ્રભુ શિવે મને ખરેખરા નાયકની ઓળખાણ શોધી લાવવા અયોધ્યા મોકલ્યો છે.'

'ફરીથી કહું' ગણેશે કહ્યું, 'કોઈ શત્રુને જાણવા માટે આ કોઈ મોટી નુકસાનકારક માહિતી નથી.'

ભગીરથે આગળ કહ્યું, 'મેં એવું પણ વિચાર્યું હતું કે પંચવટીમાં આપણા ઉપર મેલુહા -- અયોધ્યાની સંયુક્ત નૌકાઓએ હુમલો કર્યો હતો અને કેવી રીતે આપણે એ હુમલાને નિષ્ફળ બનાવી દીધો હતો.'

ગણેશે મનમાં ને મનમાં દુ:ખ વ્યક્ત કર્યું.

ભગીરથે ક્ષમા માગતો હોય તેમ ગણેશ તરફ જોયું.

'એનો અર્થ એ થયો કે મહર્ષિ ભૃગુ પંચવટીની સુરક્ષા-વ્યવસ્થાને જાણી ગયા છે -- મને બહુ દુ:ખ થાય છે ગણેશ.'

કાર્તિકે આશ્વાસન આપતો હોય તેમ ભગીરથના કાંડાને થપથપાવ્યું. 'આપનો એવું કરવાનો ઇરાદો નહોતો, રાજકુમાર ભગીરથ. શું બીજું પણ કંઈ તમે વિચાર્યું હતું ?'

'ઓહ, પ્રભુ રુદ્ર ! ' ભગીરથ ધીરેથી બોલ્યો.

ગણેશે આંખો ઝીણી કરી, 'શું ?'

'મેં પર્વતેશ્વરની મેહુલાને ટેકો આપવાની ઇચ્છા અંગે પણ વિચાર્યું હતું.' ભગીરથે કહ્યું.

ગણેશનો શ્વાસ થંભી ગયો જ્યારે કાર્તિકે પોતાનું માથું પકડી લીધું, 'હવે શું કરીશું મોટાભાઈ ?'

'માસીને અહીં બોલાવો, કાર્તિક.' ગણેશે પોતાના ભાઈને નાગાઓની રાણી કાલીને બોલાવી લાવવા કહ્યું, 'આપણે જાણીએ છીએ કે આપણે શું કરવાનું છે, પરંતુ બાબાનો ક્રોધ ભયંકર હશે. માસી જ તેઓની સામે ઊભી રહી શકશે. આપણે જાણવું પડશે કે તેઓ આપણી સાથે સંમત છે કે નહીં'

કાર્તિક તરત કક્ષમાં જતો રહ્યો.

આંચકો ખાઈ ગયેલા ભગીરથે ગણેશ તરફ જોયું, 'આશા રાખું છું કે આપ એ નથી વિચારી રહ્યા જેનો મને ભય છે.'

'શું આપણી સામે કોઈ વિકલ્પ છે, ભગીરથ ? મહર્ષિ ભૃગુ જેવી તક મળશે એટલે પર્વતેશ્વરનો સંપર્ક કરવાના અને તેઓને ઉઠાવી જવાનો પ્રયત્ન કરશે.'

'ગણેશ, પર્વતેશ્વર મારી બહેનના પતિ છે. આપણે તેઓની હત્યા ન કરી શકીએ.'

ગણેશે ગુસ્સામાં આવી પોતાનો હાથ ઉઠાવ્યો, 'તેઓની હત્યા ? આપ શું કહી રહ્યા છો ભગીરથ ?'

ભગીરથે મૌન ધારણ કર્યું

'હું તો ફક્ત સેનાપતિ પર્વતેશ્વરને કેદી બનાવવા માગું છું જેથી તેઓ ભાગી જઈ ન શકે.'

ભગીરથ કંઈક કહેવા જઈ રહ્યા હતા ત્યાં ગણેશે તેઓને રોકી લીધ.

'આપણી પાસે કોઈ વિકલ્પ નથી. જો પર્વતેશ્વર તેઓના પક્ષમાં જતા રહ્યા તો તે વાત આપણા માટે ભારે વિનાશકારી સાબિત થશે. તેઓ ઉત્કૃષ્ટ રણનીતિકાર છે.'

ભગીરથે ઊંડો શ્વાસ લીધો, 'હું આપનો વિરોધ કરી રહ્યો નથી. જે જરૂરી હોય તે તો કરવાનું જ રહેશે, પરંતુ આપણે તેઓની હત્યા ન કરી શકીએ. હું મારી બહેનને વિધવા બનાવવાનું પાપ નહીં કરું.'

'પર્વતેશ્વર જેવી વ્યક્તિને મારવાની વાત હું સ્વપ્નમાં પણ વિચારી નથી શકતો, પરંતુ આપણે તેઓને કેદી બનાવવા પડશે, કારણ કે આપણે જાણીએ છીએ, સંભવ છે કે મહર્ષિ ભૃગુ તેઓનો સંપર્ક સાધવાનો પ્રયત્ન કરી પણ ચૂક્યા હોય.'



કાશીના અસ્સી ઘાટ ઉપર નિરવ શાંતિ સાથે ચંદ્રમા વગરની રાત ઝળુંબી રહી હતી. સામાન્ય રીતે કામકાજમાં વ્યસ્ત રહેતા અસ્સી ઘાટના બંદર ઉપર રાત્રે બહુ ઓછી સંખ્યામાં નૌકાઓ આવતી હતી, પરંતુ અંધકારના લીધે એ થોડા બહાદુર નાવિકો પણ લંગર નાખાવાથી દૂર રહ્યા હતા.

શાંત અને વિચારોમાં ખોવાયેલા પર્વતેશ્વર ઘાટ પરથી પાછા જઈ રહ્યા હતા. તેઓએ હમણાં જ ચાદર ઓઢેલા ભૃગુને એક રાહ જોતી નૌકામાં બેસાડ્યા હતા જે તેઓને નદીની વચ્ચે લંગર નાખીને ઊભેલી નૌકા પર લઈ જવાની હતી. ભૃગુનો વિચાર થોડો સમય પ્રયાગમાં રોકાઈને અને પછી મેલુહા જવાનો હતો.

'સેનાપતિ પર્વતેશ્વર !'

પર્વતેશ્વરે આંખ ઊંચી કરીને કાલીને જોઈ. મશાલોના આછા પ્રકાશમાં જાણી શકાતું હતું કે તેની સાથે ગણેશ, કાર્તિક અને આશરે પચાસ સૈનિક છે. પર્વતેશ્વર હસ્યા.

'આપ એક માણસને પછાડવામાં પચાસ સૈનિક લાવી છો ?' પોતાની તલવારની મૂઠ ઉપર હાથ રાખીને પર્વતેશ્વરે પૂછ્યું, 'મારા માટે આપના બહુ મોટા વિચારો હોય તેમ લાગે છે, રાણી કાલી.'

'શું આપ ભાગી જવાની યોજના બનાવી રહ્યા હતા, સેનાપતિ ?' કાલીએ પૂછ્યું.

સૈનિકોએ ઝડપથી તેઓને ઘેરી લઈને તેઓની ભાગવાની વાત અશક્ય બનાવી દીધી.

પર્વતેશ્વર ઉત્તર આપવા જ જતા હતા ત્યાં તેઓએ કાર્તિકની પાસે એક પરિચિત આકૃતિ

જોઈ.

'ભગીરથ ?'

'હા' ભગીરથે જવાબ આપ્યો, 'આ મારા માટે દુ:ખદ દિવસ છે.'

'હું જાણું છું કે છે જ.' પર્વતેશ્વરે વ્યગમાં કહ્યું અને પછી કાલી તરફ તેઓ ફર્યા, 'તો આપ શું કરવા માગો છો, રાણી કાલી ? મને સીધો મારી નાખવો છે કે પછી પ્રભુ નીલકંઠના આવવાની રાહ જોવી છે ?'

'એટલે આપ કબૂલ કરો છો કે આપ દ્રોહી છો ? કાલીએ કહ્યું.

'હું કશું જ કબૂલ નહીં કરું કારણ કે આપે કશું પૂછયું નથી.'

'મેં આપને પૂછયું હતું કે શું આપ ભાગી જવાનો પ્રયત્ન કરી રહ્યા હતા.'

'જો એવી જ વાત હોત, તો હું અસ્સી ઘાટથી દૂર ન જતો રહ્યો હોત, મહારાણી ?'

'શું આપ મહર્ષિ ભૃગુને મળ્યા હતા ?' ગણેશે પૂછયું.

પર્વતેશ્વર ક્યારેય જૂઠું બોલ્યા નહોતા, 'હા.'

કાલીએ ઊંડો તીવ્ર શ્વાસ લીધો અને પોતાની તલવાર ઉપર હાથ મૂક્યો.

'માસી' ગણેશે નાગા રાણીને પોતાના ક્રોધ ઉપર કાબૂમાં રાખવાની માગણી કરતાં કહ્યું, 'મહર્ષિ ક્યાં છે, સેનાપતિ ?'

'તેઓ નૌકા ઉપર પાછા ફરી ગયા છે.' પર્વતેશ્વરે કહ્યું, 'કદાચ મેલુહાના રસ્તે ગયા હોય.'

'આપ જાણો છો ને આગળ હવે શું થશે ?' કાલીએ પૂછયું.

'શું મને એક સૈનિકનું મોત મળશે ?' પર્વતેશ્વરે પૂછયું, 'શું આપ સૌ મારા પર એક-એક કરીને હુમલો કરશો જેથી હું આપનામાંથી કેટલાકને મારવાનો આનંદ લઈ શકું કે પછી આપ સૌ કાયર દીપડાની જેમ ઝુંડમાં મારી પર તૂટી પડશો ?'

'કોઈને મારી નાખવામાં આવી રહ્યા નથી, સેનાપતિ.' ગણેશે કહ્યું, 'અમે નાગાઓના ત્યાં ન્યાયપ્રણાલી છે. આપના ગુનાને ન્યાયાલયમાં સાબિત કરવામાં આવશે અને પછી આપનો દંડ કરવામાં આવશે.'

'કોઈ નાગા મારો ન્યાય નહીં કરે.' પર્વતેશ્વરે કહ્યું, 'હું ફક્ત બે ન્યાયાલયોને જાણું છું : એક જે મેલુહાના કાયદાઓ દ્વારા પ્રમાણિત છે અને બીજું પ્રભુ નીલકંઠનું.'

'તો જ્યારે નીલકંઠ પાછા આવશે ત્યારે આપનો ન્યાય કરશે.' કાલીએ સૈનિકો તરફ ફરતા પહેલાં કહ્યું, 'સેનાપતિને પકડીને કેદી બનાવી દો.'

પર્વતેશ્વરે કોઈ દલીલ કરી નહીં. તેઓએ પોતાના હાથ આગળ ધરી દીધા અને હાથકડી પહેરાવવાવાળી વ્યક્તિનો ઊતરેલો ચહેરો જોયો. તે નંદી હતો.



શિવ, સતી અને ગોપાલ મગધમાં નીલકંઠના કક્ષમાં બેસીને ભોજન કરતાં હતા.

'સાંજે નૌકાના નૌકાધ્યક્ષ મને મળ્યા હતા.' સતીએ કહ્યું, 'બધાં શસ્ત્ર નૌકામાં મૂકી દેવામાં આવ્યાં છે. કાલે સવારે આપણે કાશી જવા નીકળી શકીએ તેમ છીએ.'

'સરસ.' શિવે કહ્યું, 'થોડાં જ અઠવાડિયાંઓમાં આપણે આપણું અભિયાન શરૂ કરી શકીએ તેમ છીએ.'

ગોપાલે આનું અનુમાન કર્યું હતું, 'મેં પહેલેથી જ મગધના નરસિંહ મંદિરના પંડિતને સંદેશો આપી દીધો છે. તે સંદેશો તેઓ રાજા ચંદ્રકેતુની પાસે પહોંચાડી દેશે, જેઓ તે પછી

નૌકાકાફલા સાથે નીકળશે અને વૈશાલી બંદરે હવે પછીની સૂચનાઓની રાહ જોશે.'

'ભગીરથ, ગણેશ અને કાર્તિક તેઓ સાથે અયોધ્યા જશે.' શિવે કહ્યું, 'ગણેશ પૂર્વમોરચાનું નેતૃત્વ કરશે.'

'બુદ્ધિપૂર્વકની પસંદગી,' ગોપાલે કહ્યું.

'પશ્ચિમ સેના, જેમાં વાસુદેવ, નાગ અને બ્રંગા સૈનિકો હશે જેઓને નાગાઓના નેતૃત્વમાં સોંપી દેવામાં આવ્યા છે, મારી સાથે મેલુહા ઉપર આક્રમણ કરશે. કાશી પહોંચ્યા પછી એક અઠવાડિયાની અંદરોઅંદર અમે કાલી અને પર્વતેશ્વર સાથે આગળ વધી જઈશું.'

'મેં પહેલેથી ઉજ્જૈન સંદેશો મોકલી દીધો છે.' ગોપાલે કહ્યું, 'આપણી નૌકાઓના છોડી નાખવામાં આવેલા ભાગો સાથે સેના નીકળી ચૂકી છે. આ ભાગોને નર્મદા પર ફરી જોડી દેવામાં આવશે. આપણે પશ્ચિમના સમુદ્ર અને પછી આગળ કાંઠા પરના લોથલ સુધી એકસાથે યાત્રા કરીશું.'

'આપના યુદ્ધહાથીઓનું શું થશે, પંડિતજી ?' સતીએ પૂછયું, 'તે બધા મેલુહા કેવી રીતે પહોંચશે ?'

'આપણી હાથીસેના જંગલોના રસ્તે ઉજ્જૈનથી ઊપડશે અને આપણને લોથલમાં મળશે.' ગોપાલે જવાબ આપ્યો.

'ગોપાલજી, શું નરસિંહ મંદિરના પંડિત પંચવટીમાં સુપર્ણાને પણ એક સંદેશો મોકલી શકે છે ?' શિવે પૂછયું, 'કાલીએ પોતાની ગેરહાજરીમાં તેઓને નાગા સેનાના સેનાપતિ નિયુક્ત કર્યા છે. તેઓને પણ નર્મદા નદી ઉપર આપણને મળવું પડશે.'

'હું આમ કરી દઈશ, નીલકંઠ.' ગોપાલે કહ્યું.



પ્રકરણ-૧૭

મોભી કેદખાને

રાજમહેલની નીચે એક ભોંયરાને સેનાપતિ પર્વતેશ્વર માટે કામચલાઉ કારાવાસમાં ફેરવી દેવામાં આવ્યું હતું. જોકે કાશીના જાહેર કેદખાના માનવતાપૂર્ણ હતા, પરંતુ પર્વતેશ્વર જેવી વ્યક્તિને સામાન્ય અપરાધીઓની સાથે કેદી બનાવી રાખવા તેઓ માટે અપમાનજનક વાત કહેવાય. મોટો કક્ષ જોકે બધી સગવડોવાળો હતો પણ તેને એક પણ બારી નહોતી. કોઈ પણ જોખમ લીધા વિના, પર્વતેશ્વરના હાથ-પગમાં બેડીઓ પહેરાવી દેવામાં આવી હતી. કક્ષના એકમાત્ર દરવાજા ઉપર નાગાસૈનિકોની એક સંપૂર્ણ ટુકડી પહેરો ભરી રહી હતી. સાથે સાથે બે વરિષ્ઠ અધિકારી પૂરો સમય પર્વતેશ્વર ઉપર નજર રાખી રહ્યા હતા. નજર રાખવાનો પહેલો વારો નંદી અને પરશુરામનો હતો.

'મને ક્ષમા કરજો, સેનાપતિ.' પરશુરામે કહ્યું.

પર્વતેશ્વર હસ્યા, 'આપે ક્ષમાયાચના કરવાની કોઈ જરૂરત નથી, પરશુરામ. આપ તો આદેશોનું પાલન કરી રહ્યા છો. એ આપનું કર્તવ્ય છે.'

નંદી પર્વતેશ્વરની સામે બેઠો હતો, પરંતુ તેણે પોતાનો ચહેરો ફેરવી રાખ્યો હતો.

'શું તમે મારાથી ક્રોધે ભરાયા છો, પ્રધાન અધિપતિ નંદી ?' પર્વતેશ્વરે પૂછયું.

'આપના ઉપર ગુસ્સો કરવાનો મને શો અધિકાર છે, સેનાપતિ ?'

'જો મારા અંગે કોઈ એવી વાત હોય જે તમને વ્યાકુળ કરી રહી હોય તો તમને ગુસ્સો કરવાનો પૂરો અધિકાર છે. પ્રભુ રામે આપણને કહ્યું હતું કે પોતાના પ્રતિ હંમેશા સત્યનિષ્ઠ રહેવું.'

નંદી મૌન રહ્યો.

પર્વતેશ્વર દુ:ખી ભાવે હસ્યા અને પછી બીજી તરફ જોવા લાગ્યા. નંદીએ બોલવાનું સાહસ એકઠું કર્યું, 'શું આપ આપના પ્રતિ સત્યનિષ્ઠ છો, સેનાપતિ ?'

'હા, હું છું.'

'મને ક્ષમા કરજો, પરંતુ આપ નથી. આપ આપના જીવંત ઈશ્વરને દગો દઈ રહ્યા છો.'

દેખાય તેવી રીતે પર્વતેશ્વરે પોતાના ક્રોધને કાબૂમાં રાખ્યો, 'તેઓ બહુ જ દુર્ભાગ્યશાળી હોય છે જેઓને પોતાના ઈશ્વર અને સ્વધર્મ વચ્ચે પસંદગી કરવાની હોય છે.'

'આપ એવું કહેવા માગો છો કે આપનો અંગત ધર્મ આપને સારપથી દૂર લઈ જઈ રહ્યો છે

?'

'હું એવું કંઈ કહી રહ્યો નથી, પ્રધાન અધિપતિ નંદી. પરંતુ મેલુહા તરફનું મારું કર્તવ્ય મારા માટે સર્વથી વધુ મહત્ત્વપૂર્ણ છે.'

'પોતાના ઈશ્વરથી વિદ્રોહ કરવો દ્રોહ છે.'

'કેટલાક લોકો કહી શકે છે કે પોતાના દેશથી વિદ્રોહ કરવો મહાદ્રોહ છે.'

'હું સંમત થતો નથી. નિઃશંક મેલુહા મારા માટે મહત્ત્વપૂર્ણ છે. હું તેના માટે પ્રાણ આપવા તૈયાર છું. પરંતુ મેલુહા માટે હું મારા જીવંત ઈશ્વર સાથે યુદ્ધ નહીં કરું. આ સંપૂર્ણ રીતે ખોટું હશે.'

'હું એવું નથી કહી રહ્યો કે તમે ખોટા છો, પ્રધાન અધિપતિ નંદી.'

'તો આપ માનો છો કે આપ ખુદ ખોટા છો.'

'મેં એવું પણ નથી કહ્યું.'

'એવું કઈ રીતે હોઈ શકે, સેનાપતિ ?' નંદીએ પૂછયું, 'આપણે તદ્દન વિરોધી વાત કરી રહ્યા છીએ. આપણામાંથી એકે ખોટા સાબિત થવું જ પડશે.'

પર્વતેશ્વર હસ્યા, 'આ એક અત્યંત કટ્ટર સૂર્યવંશી માન્યતા છે : સત્યનું વિરુદ્ધ અસત્ય જ હોય.'

નંદી મૌન રહ્યો.

'પરંતુ આનંદમયીએ મને એક ઊંડી વાત શીખવાડી છે.' પર્વતેશ્વરે કહ્યું 'એક તમારું સત્ય છે અને એક મારું સત્ય છે. જ્યાં સુધી વૈશ્વિક સત્યની વાત છે તો તેનું કોઈ અસ્તિત્વ જ નથી.'

'વૈશ્વિક સત્યનું અસ્તિત્વ છે, પરંતુ મનુષ્યો માટે તે સદાને માટે એક રહસ્ય છે.' પરશુરામ હસ્યા, 'અને આ ત્યાં સુધી રહસ્ય બની રહેશે જ્યાં સુધી આપણે આ નશ્વર શરીરથી બંધાયેલા છીએ.'



ચોકીદારને એક તરફ ધકેલીને આનંદમયી ધડામ કરીને કાશીમહેલમાં ભગીરથના કક્ષમાં ધસી આવી.

'આ તે શું કર્યું છે ?' તે ગરજી.

ભગીરથ તરત ઊઠયો અને પોતાની બહેન તરફ આગળ વધ્યો. 'આનંદમયી, અમારી પાસે કોઈ બીજો રસ્તો જ નહોતો...'

'ખોટી વાત ! તેઓ મારા પતિ છે. તારી હિંમત કેવી રીતે થઈ ?'

'શું તું પર્વતેશ્વરને નથી જાણતો ? શું તને લાગે છે કે તેઓ ક્યારેય કશું પણ અનૈતિક કરે ? જ્યારે તું પ્રભુ નીલકંઠના આદેશોના વિષે વાત કરતો હતો તો તેઓ ત્યાંથી દૂર જતા રહેતા હતા. તેઓને તમારી કોઈ પણ 'ગુપ્ત' સૈન્ય યોજનાની ખબર નથી.'

'તમે સાચાં છો. મને દુઃખ છે.'

'તો તેઓને કેદી કેમ બનાવવામાં આવ્યા છે ?

'આનંદમયી, આ મારો નિર્ણય નહોતો...'

'આ વાહિયાત વાત છે. તો તેઓની ધરપકડ શા માટે કરવામાં આવી છે ?'

'તેઓ છટકી જઈ શકે જો...'

'તને લાગે છે કે જો તેઓ ચાહે તો છટકી શકે નહીં ? તેઓ તો પ્રભુ નીલકંઠને મળવાની

રાહ જોઈ રહ્યા છે. તે પછી જ તેઓ મેલુહા જવા નીકળશે.'

'તેઓએ આમ જ કહ્યું હતું પરંતુ....'

'પરંતુ ? 'પરંતુથી તું શું કહેવા માગે છે ? તું એવું વિચારે છે કે પર્વતેશ્વર અસત્ય બોલી શકે છે ? તું એવું વિચારે છે કે પર્વતેશ્વર જૂઠું બોલવામાં માહેર છે ?'

'ના.'

'જો તેઓએ કહ્યું હોય તેઓ પ્રભુ શિવના આવ્યા સુધી નહીં જાય તો મારા પર વિશ્વાસ રાખો કે તેઓ ક્યાંય નહીં જાય.'

ભગીરથ મૌન રહ્યો.

આનંદમયી પોતાના ભાઈ તરફ આગળ ચાલી, 'શું તું એમની હત્યા કરવાની યોજના બનાવી રહ્યો છે ?'

'ના, આનંદમયી' અચંબા સાથે ભગીરથ મોટેથી બોલી પડ્યો, 'તું એવું વિચારી પણ કેમ શકે છે કે હું એવું કોઈ કામ કરીશ.'

'જાણે ચોટ વાગી હોય તેવું નાટક ન કરીશ, ભગીરથ. જો મારા પતિ સાથે કંઈ પણ થશે, કોઈ અકસ્માત પણ, તો તું જાણે છે કે પ્રભુ નીલકંઠનો ક્રોધ ભયંકર હશે. તું અને તારા મિત્ર મારી ગણના નહીં કરતા હો પરંતુ તમે બધા એમનાથી ડરો છો. કોઈ પણ મૂર્ખતા કરતા પહેલાં તેઓના ક્રોધને યાદ કરી લેજો.'

'આનંદમયી, અમે નથી..'

'પ્રભુ નીલકંઠ એક મહિનામાં આવી જશે. ત્યાં સુધી આ કક્ષની બહાર હું સતત નજર રાખીશ, જ્યાં તે તેઓને કેદી બનાવી રાખ્યા છે. જો કોઈ પણ તેમને ઈજા પહોંચાડવા ઇચ્છતો હશે તો તેણે પહેલાં મારી સાથે સંઘર્ષ કરવો પડશે.'

'આનંદમયી, કોઈ કશું નહીં...'

તે ફરી ગઈ અને ઝડપથી ચાલી ગઈ, ભગીરથની વાત સાંભળ્યા વગર. પોતાના માર્ગમાં ઊભેલા કાશીના એક નાના સૈનિકને ધકેલીને પાડી દીધો અને તેણે જોરથી પોતાની પાછળ બારણું બંધ કર્યું.



આયુર્વતીએ આનંદમયીના ખભા ઉપર હાથ મૂક્યો. અયોધ્યાની રાજકુમારી એ કક્ષની બહાર બેઠી હતી જ્યાં પર્વતેશ્વરને કેદી બનાવવામાં આવ્યા હતા. છેલ્લા થોડા દિવસોથી તેણે જરાય ખસવાની ના કહી દીધી હતી.

'તમે તમારા કક્ષમાં જઈને સૂઈ કેમ જતાં નથી ?' આયુર્વતીએ કહ્યું, 'અહીં હું બેસી રહીશ.'

દૃઢ સ્વભાવની આનંદમયીએ પોતાનું માથું ધુણાવ્યું. જંગલી ઘોડા પણ તેને ત્યાંથી દૂર કરી શકે તેમ નહોતા.

'આનંદમયી...'

'તેઓ મને એમને મળવા પણ દેતા નથી, આયુર્વતી.' આનંદમયી રડવા લાગી.

આયુર્વતી આનંદમયીની પાસે બેસી ગઈ. 'હું જાણું છું...'

આનંદમયી એ નાગા સૈનિકો તરફ ફરી જે દ્વાર ઉપર ચોકી કરી રહ્યા હતા. 'મારા પતિ કોઈ ગુનેગાર નથી.'

આયુર્વતીએ આનંદમયીનો હાથ પોતાના હાથમાં લીધો. 'શાંત થઈ જાવ. આ સૈનિકો તો ફક્ત હુકમોનું પાલન કરે છે.'

'તેઓ ગુનેગાર નથી... તેઓ સારા મનુષ્ય છે...'

'હું જાણું છું.'

આનંદમયીએ પોતાનું માથું આયુર્વતીના ખભા ઉપર ઢાળી દીધું અને રડવા લાગી.

'શાંત થઈ જાવ.' આયુર્વતીએ હુંફ આપતાં કહ્યું.

આનંદમયીએ પોતાનું માથું ઊંચું કર્યું અને આયુર્વતીને જોઈ. 'સમગ્ર સંસાર તેઓની વિરુદ્ધ થઈ જાય તોપણ મને પરવા નથી. નીલકંઠ પણ તેઓની વિરુદ્ધ થઈ જાય તોપણ મને પરવા નથી. હું મારા પતિને સાથ આપીશ. તેઓ સારા મનુષ્ય છે. સારા મનુષ્ય છે !'

'નીલકંઠમાં વિશ્વાસ રાખો. તેઓના ન્યાયમાં વિશ્વાસ રાખ. જેવા તેઓ કાશી પહોંચે, તેઓને વાત કરજે.'



જ્યારે શિવની નૌકા અસ્સી ઘાટ ઉપર લંગર નાખવાની તૈયારી કરી રહી હતી ત્યારે સૂરજ માથે આવી ગયો હતો. શિવ, સતી અને ગોપાલ નૌકાકઠેડા ઉપર ઊભા હતા.

'મને સમજ નથી પડતી કે હું જેટલી વાર અહીં આવું છું ત્યારે મહારાજ અથિથિગ્વ આટલા ભવ્ય સ્વાગતનું આયોજન શા માટે કરે છે.' વિશાળ મંડપ અને રાહ જોતા લોકોના ટોળાને જોતાં શિવે કહ્યું.

ગોપાલને હસવું આવ્યું. 'મને નથી લાગતું મહારાજ અથિથિગ્વ તેઓની પ્રજાને એકઠા થઈને આવવાનો આદેશ આપતા હશે, મિત્ર. લોકો પોતાની ઇચ્છાથી પોતાના નીલકંઠનું સ્વાગત કરવા આવી પહોંચતા હશે.'

'હા, પરંતુ આ કેટલું બીનજરૂરી છે !' શિવે કહ્યું, 'મારું સ્વાગત કરવા તેઓએ તેમનાં કામ છોડીને આવવું ન જોઈએ. જો ખરેખર તેઓ મારું સ્વાગત કરવા માગતા હોય તો તેઓએ તેમનું કામ વધુ લગનપૂર્વક કરવું જોઈએ.' ગોપાલ હસી પડ્યા, 'લોકોનો સ્વભાવ એ કામ કરવાનો હોય છે જે તેઓને કરવું ગમતું હોય છે, નહીં કે જે તેઓએ કરવું જોઈએ.'

નૌકા હવે નજીક પહોંચી ગઈ હતી, જેથી તેઓ ઘાટ ઉપર ઊભેલા લોકોના મોંના ભાવ જોઈ શકે, અરે, જરા ઉપરની બાજુ ઊભેલા મોભાવાળા લોકોને પણ જોઈ શકે.

' કશુંક બરાબર નથી.' સતીએ કહ્યું.

'બધા દુ:ખી કેમ લાગે છે ?' ગોપાલે પૂછયું.

શિવે ધ્યાનથી ટોળાને જોયું, 'સાચું કહો છો. કશુંક બરાબર નથી.' 'રાજા અથિથિગ્વ પણ પરેશાન હોય તેમ દેખાય છે.' સતીએ કહ્યું.

'કાલી, ગણેશ, કાર્તિક અને ભગીરથ ગરમ ચર્ચામાં ઉલઝાયેલા છે.' શિવે કહ્યું, 'કઈ વાતથી તેઓ આટલા પરેશાન લાગી રહ્યાં છે ?'

સતીએ ધીરેથી શિવને ટપલી મારી, 'જુઓ, ત્યાં આનંદમયીને જુઓ.'

'ક્યાં ?' શિવે પૂછયું. તેઓ મોભાવાળા લોકો માટે અલગ રચવામાં આવેલી જગ્યામાં તેને જોઈ શકતા નહોતા.

'તેણી ટોળામાં છે.' સતીએ પોતાની આંખથી ઇશારો કરતાં કહ્યું 'બરાબર ત્યાં જ્યાં નૌકાને લાંગરવામાં આવશે.

'કદાચ, જેવા તમે ઊતરો કે તરત જ તે આપને કંઈક કહેવા માગતી હશે, મિત્ર.' ગોપાલે કહ્યું.

'એ બહુ જ પીડાદાયક દુ:ખમાં હોય તેમ લાગે છે.' સતીએ કહ્યું.

શિવે બંદરના આખા વિસ્તારને બરાબર રીતે જોયો અને પછી ધીમેથી પૂછયું, 'પર્વતેશ્વર ક્યાં છે ?'



નીલકંઠે જ્યારે અત્યંત ઝડપથી કામચલાઉ બનાવેલી જેલમાં પ્રવેશ કર્યો ત્યારે રક્ષકો એક બાજુ ખસી ગયા. તેઓ એટલી ઝડપે ચાલ્યા હતા કે સતી, ગોપાલ, આનંદમયી અને કાલી પણ તેમની ચાલ સાથે કદમ મીલાવી શકતાં નહોતાં.

તેઓએ બેડીઓથી બંધાયેલા પર્વતેશ્વર સાથે વીરભદ્ર, પરશુરામ અને નદીને ઊંડી ચર્ચા કરતા જોયા.

'આ બધાનો મને કહેશો શું અર્થ છે ?' ક્રોધમાં શિવ ગરજી ઊઠયા.

'પ્રભુ !' પર્વતેશ્વર બોલ્યા. જ્યારે તેઓ ઊઠયા ત્યારે બેડીઓનો રણકાર સંભળાયો.

નંદી, વીરભદ્ર અને પરશુરામ પણ ઊભા થઈ ગયા હતા.

'એમની બેડીઓ ખોલી નાખો.'

'શિવ,' કાલી ધીમેથી બોલી, 'મને નથી લાગતું કે આ સમજદારીની વાત છે...'

'હમણાં ને હમણાં તેઓની બેડીઓ ખોલી નાખો.'

નંદી અને પરશુરામ તરત તે કામમાં લાગી ગયા. બેડીઓ બહુ જ જલદી ખોલી નાખવામાં આવી. પર્વતેશ્વરે એમનાં કાંડાંઓને મસળ્યા, જેથી લોહી ફરવા માંડે.

'મને પર્વતેશ્વર સાથે એકાંતમાં છોડી બધાં જતાં રહો.'

'શિવ...' વીરભદ્ર બોલ્યો.

'શું મેં સ્પષ્ટ વાત કરી નથી, ભદ્ર ? બધાં જ તરત ચાલ્યાં જાવ.' કાલીએ નાપસંદગીથી પોતાનું માથું હલાવ્યું પરંતુ આજ્ઞાનું પાલન કર્યું. બીજા બધા લોકો કોઈ વિરોધ મોં ઉપર દર્શાવ્યા વગર બહાર જતાં રહ્યાં.

શિવ પર્વતેશ્વર તરફ ફર્યા, તેઓની આંખો ક્રોધથી સળગી રહી હતી.

શરૂઆત પર્વતેશ્વરે કરી, 'પ્રભુ...'

શિવે પોતાનો હાથ ઊંચો કરી, તેઓને શાંત રહેવાનો ઇશારો કર્યો. પર્વતેશ્વરે તરત આજ્ઞા માથે ચડાવી. કક્ષમાં આગળ-પાછળ ચાલતાં, ઊંડા શ્વાસ લઈને પોતાને શાંત રાખવાનો પ્રયત્ન કરતા શિવ બીજી તરફ જ જોતા રહ્યા. તેઓને તેમના કાકા મનોભૂના શબ્દો યાદ આવી રહ્યા હતા.

'ક્રોધ તારો શત્રુ છે. એને કાબૂમાં રાખ. એને કાબૂમાં રાખ.'

શિવ જેટલો પણ પ્રયત્ન કરતા હતા, એટલો જ તેઓની અંદર ઊકળતો ક્રોધ બહાર આવવાનો પ્રયત્ન કરતો હતો, જેમ ફેણ ચડાવી સાપ હુમલો કરવાની તૈયારી કરતો ન હોય ! જોકે તેઓનું મગજ એ પણ કહી રહ્યું હતું સામે ઊભેલી સમસ્યા એટલી મહત્ત્વપૂર્ણ છે કે ક્રોધને તેના ઉપર હાવી થવા ન દેવો જોઈએ.

ઊંડા શ્વાસો લઈ, પોતાના મન-મગજને શાંત કરી લીધા પછી શિવ પર્વતેશ્વર તરફ ફર્યા, 'મને કહો કે આ સત્ય નથી. બસ, આપ કહી દો અને હું માની લઈશ, ભલે કોઈ કંઈ પણ

કહે.'

'પ્રભુ, આ સૌથી કઠિન નિર્ણય છે જે મારે મારા જીવનમાં લેવો પડ્યો છે.'

'શું આપ મારી સાથે યુદ્ધ કરવાનો વિચાર કરો છો, પર્વતેશ્વર ?'

'ના પ્રભુ, પરંતુ મેલુહાની રક્ષા કરવા માટે હું કર્તવ્યથી બંધાયેલો છું. હું પ્રાર્થના કરું છું કે કોઈ એવો ચમત્કાર બને જેથી નક્કી થઈ જાય કે આપ અને મેલુહા વિરોધી પક્ષમાં ન હો...'

'ચમત્કાર ? ચમત્કાર ? આપ શું નાના બાળક છો પર્વતેશ્વર ? શું આપ એવું વિચારો છો કે મારા માટે એ શક્ય છે કે જ્યાં સોમરસનો પ્રશ્નન છે ત્યાં હું મેલુહા સાથે સમાધાન કરી લઉં ?'

'ના, પ્રભુ.'

'શું આપ એવું વિચારો છો કે સોમરસ બૂરાઈ નથી ?'

'ના, પ્રભુ. સોમરસ બૂરાઈ છે. મેં તો એ પળથી તેનું સેવન બંધ કરી દીધું હતું જ્યારે આપે કહ્યું હતું કે તે બૂરાઈ છે.'

'તો પછી આપ સોમરસની રક્ષા કરવા માટે યુદ્ધ શા માટે કરવા માગો છો ?'

'હું ફક્ત મેલુહાની રક્ષા કરવા માટે યુદ્ધ કરીશ.'

'પરંતુ તે બેઉ તો એક જ પક્ષમાં છે.'

'આ મારાં કમનસીબ છે, પ્રભુ.'

'અરે, જિદી...'

શિવે સમય પારખીને પોતાને શાંત કરી દીધા. પર્વતેશ્વર મૌન જ રહ્યા. તેઓ જાણતા હતા કે નીલકંઠનો ક્રોધ ન્યાયસંગત હતો.

'શું ભૃગુ આપને એવું કરવા માટે દબાણ લાવી રહ્યા છે ? શું તેઓએ એવી કોઈ વ્યક્તિને કેદી બનાવી દીધી છે જે આપના માટે મહત્ત્વપૂર્ણ હોય ? આપણે તે અંગે જોઈ લઈશું. જ્યાં સુધી હું જીવતો છું આપની કોઈ પણ મહત્ત્વપૂર્ણ વ્યક્તિને કોઈ પણ પ્રકારે હાનિ નહીં પહોંચે.'

'મહર્ષિ ભૃગુ મારા ઉપર કોઈ પણ પ્રકારનું દબાણ લાવતા નથી, પ્રભુ.'

'પ્રભુ રુદ્રના નામે તો પછી કોણ આપની પાસે આવું કરાવી રહ્યું છે ?'

'મારો આત્મા. મારી પાસે બીજો કોઈ રસ્તો નથી. મારે આ જ કરવું પડશે.'

'આ વાતમાં કોઈ દમ નથી, પર્વતેશ્વર. શું આપ ખરેખર માનો છો કે આપનો આત્મા આપને બૂરાઈ માટે યુદ્ધ કરવા મજબૂર કરી રહ્યો છે ?'

'મારો આત્મા ફક્ત મારી માતૃભૂમિ માટે યુદ્ધ કરવાની પ્રેરણા આપી રહ્યો છે, પ્રભુ. એ પુકારની હું અવગણના ન કરી શકું. એ મારું ધ્યેય છે.'

'આપનો આત્મા આપને ભયંકર માર્ગ ઉપર લઈ જઈ રહ્યો છે, પર્વતેશ્વર.'

'તો પછી એમ જ ભલે હોય. મનુષ્યને પોતાના માર્ગે ચાલવામાં કોઈ ભય હોવો ન જોઈએ.'

'આ શું બકવાસ છે ? આપ એવું માનો છો કે ભૃગુને આપની ચિંતા છે ? તેઓને ચિંતા છે તો ફક્ત સોમરસની. મારી વાતમાં વિશ્વાસ રાખજો, જેવો તેમનો ઉદ્દેશ્ય પૂરો થઈ જશે, તેઓ આપની હત્યા કરાવી દેશે.'

'આમ તો આપણા સૌના ઉદ્દેશ્યો પૂરા થઈ જાય એટલે મૃત્યુ પામતા જ હોઈએ છીએ. આ તો બ્રહ્માંડની રીત છે.'

સખત હતાશ થઈને શિવે પોતાના હાથોથી પોતાનું મોટું છુપાવી દીધું. 'જાણું છું કે આપ ગુસ્સામાં છો, પ્રભુ.' પર્વતેશ્વરે કહ્યું, 'પરંતુ આપનો ઉદ્દેશ્ય બૂરાઈ સામે યુદ્ધ કરવાનો છે અને એ કરવા માટે આપે એ બધું જ કરવું પડે જે આપ કરી શકો તેમ હો છો.'

શિવ મૌન રહીને પર્વતેશ્વરને જોતા રહ્યા.

'હું તો ફક્ત આપ એ વાત સમજો તેની માગણી કરી રહ્યો છું કે જેમ આપે આપનો ઉદ્દેશ્ય

પૂરો કરવાનો છે તેમ મારે મારો ઉદ્દેશ્ય પૂરો કરવાનો છે. જ્યાં સુધી આપ બૂરાઈને ખતમ નહીં કરી દો ત્યાં સુધી આપનો આત્મા શાંત નહીં થાય. મારો આત્મા ત્યાં સુધી શાંત નહીં થાય જ્યાં સુધી મેલુહાનું રક્ષણ કરવાના હું ભરપૂર પ્રયત્ન કરી ન લઉં.'

પોતાની જાતને શાંત રાખવા માટે, શિવે પોતાના ચહેરા ઉપર હાથ ફેરવ્યા. 'આપને એવું લાગે છે કે હું ખોટો છું, પર્વતેશ્વર ?'

'ક્ષમા કરો, પ્રભુ. હું એવું વિચારી પણ કેવી રીતે શકું ? આપ ક્યારેય કંઈ પણ એવું નહીં જ કરો જે ખોટું હોય.'

'તો પછી કૃપા કરીને આપ આપના મગજની વિચિત્ર કામ કરવાની રીત મને સમજાવી શકશો ? આપ મારી સાથે રહેવા તૈયાર નથી જ્યારે આપ સ્વીકારો છો કે મારો માર્ગ યોગ્ય છે. એના બદલે આપ એવા માર્ગ ઉપર ચાલવાની હઠ લઈને બેઠા છો જે આપને આપના મૃત્યુ તરફ લઈ જઈ રહ્યો છે. પ્રભુ રુદ્રના સોગન ખાઈને કહો, શા માટે ?'

'સ્વધર્મે નિધાનમ્ શ્રેયા: પરાધમાં ભયાવહ:' -- પર્વતેશ્વરે કહ્યું, 'પોતાનું કર્તવ્ય નિભાવતાં મૃત્યુને ભેટવું એ બીજા કોઈ માર્ગ પર ચાલવા કરતાં વધુ સારું છે કારણ કે તે સાચેસાચ મુશ્કેલી ભરેલું હોય છે.'

શિવ જાણે અનંતકાળ સુધી પર્વતેશ્વર સામે ટીકી ટીકીને જોતા રહ્યા, પછી પાછળ ફરીને તાડૂક્યા.

'નંદી ! ભદ્ર ! પરશુરામ !'

તેઓ બધા દોડતા આવ્યા.

'સેનાપતિ પર્વતેશ્વર આપણા કેદી બન્યા રહેશે.' શિવે કહ્યું.

'જેવી આપની આજ્ઞા, પ્રભુ.' નંદીએ શિવને પ્રણામ કરતાં કહ્યું.

'અને નંદી, સેનાપતિને બેડીઓ ન પહેરાવતા.'



પ્રકરણ-૧૮

મોભો કે વિજય ?

'હું તો કહું છું કે આપણી સામે બીજો કોઈ વિકલ્પ નથી.' કાલીએ કહ્યું, 'હું સંમત છું કે આપણે તેઓને મારી નાખી શકીએ નહીં, પરંતુ યુદ્ધ પૂરું થાય ત્યાં સુધી આપણે તેઓને કેદી બનાવીને રાખવા જોઈએ.'

ગોપાલની સાથે શિવ અને તેઓનો પરિવાર કાશીમહેલમાં નીલકંઠના અંગત કક્ષમાં ભેગો થયો હતો.

ગણેશે ક્રોધથી તગતગતી સતી ઉપર નજર નાખી અને પોતાનો અભિપ્રાય વ્યક્ત કરવાથી તે દૂર રહ્યા.

પરંતુ કાર્તિકને એવો કોઈ સંકોચ હતો નહીં. 'હું માસી સાથે સંમત થાઉં છું.'

શિવે કાર્તિક તરફ જોયું.

'હું જાણું છું કે આ એક મુશ્કેલ નિર્ણય છે.' કાર્તિકે આગળ કહ્યું, 'પર્વતેશ્વરજીએ સંપૂર્ણ મોભા સાથે વ્યવહાર કર્યો છે. તેઓ રણનીતિને લગતી આપણી કોઈ ચર્ચામાં સામેલ નહોતા. અનેક એવા પ્રસંગો હતા જ્યારે તેઓ ભાગી છૂટચા હોત, પણ તેઓ ન ગયા. તેઓ આપના આવવાની રાહ જોતા રહ્યા, જેથી જવા માટે તેઓ આપની રજા લઈ શકે, પરંતુ આપ નીલકંઠ છો, બાબા. આપના માથે ભારતવર્ષની જવાબદારી છે. ક્યારેક ક્યારેક વિશાળ કલ્યાણ માટે વ્યક્તિને એવાં કાર્યો કરવાં પડે છે જે એ સમયે કદાચ યોગ્ય ન પણ લાગતાં હોય. કદાચ એક પ્રશંસાપાત્ર અંત કેટલાંક વિવાદાસ્પદ સાધનોને ન્યાયી ઠરાવી શકે છે.'

સતીએ પોતાના નાના પુત્ર તરફ ઘૂરકીને જોયું. 'કાર્તિક, તું એવું કેવી રીતે વિચારી શકે છે કે એક પ્રશંસાપાત્ર અંત કેટલાંક વિવાદાસ્પદ સાધનોને ન્યાયી ઠરાવી શકે છે ?'

'મા, શું આપણે એવી દુનિયાનો સ્વીકાર કરી શકીશું જ્યાં સોમરસ ફૂલ્યોફાલ્યો રહે ?'

'નિઃશંક આપણે ન કરી શકીએ.' સતીએ કહ્યું, 'પરંતુ શું તું એવું વિચારી રહ્યો છે કે આ સંઘર્ષ ફક્ત સોમરસ માટે જ છે ?'

છેવટે ગણેશ બોલ્યા, 'જરૂર છે, મા.'

'ના, એવું નથી.' સતીએ કહ્યું, 'આ એ વારસા માટે પણ છે જે આપણે આપણી પાછળ છોડી જઈશું કે શિવને કઈ રીતે યાદ કરવામાં આવશે. દુનિયાભરના લોકો તેઓના જીવનના દરેક પાસાનું વિશ્લેષણ કરશે અને તેમાંથી પદાર્થપાઠ શીખશે. તેઓ એમના જેવા બનવાની

ઇચ્છા રાખશે. શું આપણે સૌએ પંચવટીના આક્રમણમાં દેવી શસ્ત્રોના ઉપયોગ માટે મહર્ષિ ભૃગુની નિંદા કરી નહોતી ? મહર્ષિએ જે પણ કર્યું, તેને જરૂર એ જ રીતે તર્ક દઈને ન્યાયી ઠરાવ્યું હશે જેમ અત્યારે તું કહી રહ્યો છે. જો આપણે તેઓની જેમ જ વ્યવહાર કરીશું તો આપણે તેઓથી કઈ રીતે જુદા પડીશું ?'

'લોકો ફક્ત વિજેતાઓને જ યાદ રાખતા હોય છે, દીદી.' કાલીએ કહ્યું, 'કારણ કે ઇતિહાસ વિજેતાઓ મારફત જ લખવામાં આવે છે. તેઓ જેમ ઇચ્છે તેમ લખી શકે છે. પરાજિતોને હંમેશા એ રૂપે યાદ રાખવામાં આવે છે જેવી રીતે વિજેતાઓ તેઓનું વર્ણન કરે છે. અત્યારે તો આપણા માટે મહત્ત્વની વાત આપણા વિશ્વને સુનિશ્ચિત કરવાની છે.'

'કૃપા કરીને મને અસંમત થવાની રજા આપશો, રાણી.' ગોપાલે કહ્યું, 'એ સત્ય નથી કે ફક્ત વિજેતાઓ જ ઇતિહાસને ઘડે છે.'

'જરૂર એવું જ છે.' કાલીએ કહ્યું, 'ઘટનાઓનું એક દેવરૂપ હોય છે અને બીજું અસુરરૂપ હોય છે. આપણને કયું રૂપ યાદ છે ?'

'જો આપ વર્તમાનકાળના ભારતની વાત કરો તો હા, દેવરૂપ જ યાદ કરવામાં આવે છે.' ગોપાલે કહ્યું, 'પરંતુ આજે પણ ભારતની બહાર અસુરરૂપ સારી રીતે જાણવામાં આવે છે.'

'પરંતુ આપણે તો અહીં રહીએ છીએ.' કાલીએ કહ્યું, 'આપણે એ માન્યતાઓની ચિંતા શા માટે કરવી જોઈએ જે બીજે પ્રચલિત હોય ?'

'કદાચ હું મારું કહેવાનું સમજાવી શક્યો નથી, રાણી.' ગોપાલે કહ્યું, 'વાત ફક્ત સ્થાનની નથી, સમયની પણ છે. શું ઇતિહાસનું દેવરૂપ એવી જ રીતે યાદ કરવામાં આવશે જેવું કે તે છે અથવા એવી પણ શક્યતા છે કે તેનાં જુદાં જુદાં રૂપ બહાર આવશે. યાદ રાખજો, જો ઘટનાઓનું એક વિજેતારૂપ હોય છે તેમ સહન કરનારાઓનું પણ એક રૂપ હોય છે જે પણ સમાન રીતે જીવંત રહે છે. જ્યાં સુધી વિજેતાઓના હાથમાં લગામ હોય છે ત્યાં સુધી તેઓનું રૂપ અટલ રહે છે. પરંતુ ઇતિહાસે જો આપણને કોઈ વાત શીખવી હોય તો એ છે કે સમાજ એ શ્રેષ્ઠ રીતે ઉપર આવે છે અને નીચે પડે છે, જે રીતે ભરતી અને ઓટ. એવો પણ સમય આવે છે જ્યારે વિજેતા એટલા શક્તિશાળી નથી રહેતા, જ્યારે સહન કરનારાઓ આજના અગ્રણી બની જતા હોય છે. પછી બધાને ખબર પડે છે કે કથાઓ નાટકીય રૂપે બદલાઈ જાય છે. આ નવું રૂપ એ સમયનું લોકપ્રિય રૂપ બની જાય છે.'

'હું સંમત થતી નથી.' કાલીએ વાતને બાજુ પર રાખતાં કહ્યું, 'જ્યાં સુધી સહન કરનાર કોઈ બીજા પ્રદેશમાં ભાગી ન જાય, જેમ કે અસુરો, ત્યાં સુધી તેઓ સદાને માટે કમજોર રહે છે, તેઓના અનુભવોને કિંવદંતી માનીને અમાન્ય કરી દેવામાં આવે છે.'

'સાવ એવું નથી.' ગોપાલે કહ્યું, 'હું એવી વાત જણાવીશ જે આપના હૃદયની નજીક છે. જે યુગમાં આપણે જીવી રહ્યા છીએ તેમાં નાગાઓથી ડર રાખવામાં આવે છે અને તેઓને દાનવો કહીને શાપ આપવામાં આવે છે. અનેક હજારો વર્ષો પહેલાં તેઓ સન્માનિત લોકો હતા. આ યુદ્ધ જીતી ગયા પછી નીલકંઠના નિષ્ઠાવાન સહયોગીઓના રૂપમાં તેઓ એક વાર ફરીથી સન્માનલાયક અને શક્તિશાળી બની જશે. તે સમયે ઇતિહાસને આપ જે રીતે જુઓ છો તે રૂપ ફરી એક વાર આધારભૂત બની જશે. બરાબરને ?'

હજી કાલીને ગળે આ વાત ઊતરી નહોતી એટલે તેણે ચૂપ રહેવાનું યોગ્ય માન્યુ.

'નવા યુગમાં હજી સુધી સહન કરનારા લોકોનો વ્યવહાર એક રસપ્રદ વાત રહી છે.' ગોપાલે કહ્યું, 'નવા જ સશક્તિકરણથી સજ્જ શું તેઓ જીવતા રહેવા પુરાણા મોભાદાર વર્ગના લોકોથી બદલો લેશે ?'

'સ્પષ્ટ છે, સહન કરનારાઓ પોતાના હૃદયમાં ધિક્કારને પોષતા રહેતા હશે. શું આપ તેઓ

પાસેથી માનવીય દયાભાવની આશા રાખો છો ?s કાલીએ વ્યગપૂર્વક કહ્યું.
‘આપ મેલુહાવાસીઓથી ધૃણા કરો છો. નહીં ?’
‘હા, કરું છું.’
‘પરંતુ મેલુહાના સ્થાપક પિતા, પ્રભુ રામના માટે આપને કેવો ભાવ ઉદ્દભવે છે ?’
કાલી ચૂપ થઈ ગઈ. પ્રભુ રામના માટે તેના હૃદયમાં ઊંડી શ્રદ્ધા હતી.
‘આપ પ્રભુ રામનું આટલું સન્માન કરો છો પરંતુ એ લોકોને નકારી દો છો જેઓને તેઓ પાછળ મૂકી ગયા હતા ?’ ગોપાલે પૂછયું.
સતીએ પોતાની બહેન તરફથી કહ્યું, ‘એવું એટલા માટે છે કે વર્તમાન મેલુહાવાસીઓથી તદ્દન અલગ પ્રભુ રામ પોતાના શત્રુઓ સાથે પણ સન્માનપૂર્વક વ્યવહાર કરતા હતા.’
શિવે અત્યંત સંતોષથી સતી તરફ જોયું.
‘કોઈ વ્યક્તિ ત્યારે દેવતા બને છે જ્યારે તેનો દૃષ્ટિકોણ વિજેતાઓ અને પરાજિતોની સીમાથી ઉપર ઊઠી જાય છે.’ સતીએ કહ્યું, ‘શિવનો સંદેશ સદાય જીવંત રહેશે અને એવું ત્યારે જ બની શકે છે જ્યારે વિજેતા અને પરાજિત બંને તેમાં સત્યનો અંશ જુએ છે. તેણે વિજયી થવાનું છે એ તો નક્કી છે, પરંતુ એટલું જ મહત્ત્વપૂર્ણ તેને યોગ્ય રીતે વિજયી થવાનું છે તે છે.’
ગોપાલે તરત જ સતીને સમર્થન આપ્યું, ‘સન્માન જ સન્માન પામે છે. આ જ એકમાત્ર માર્ગ છે.’
શિવ બાલ્કનીમાં ગયા અને પવિત્ર રસ્તે આવેલા વિશાળ કાશી વિશ્વનાથ મંદિરને અને તેની પછી આવેલ પવિત્ર ગંગાને જોવા લાગ્યા.
બધા લોકો તેઓના નિર્ણયની રાહ જોઈ રહ્યા હતા.
તેઓ ફર્યા અને ધીમેથી બોલ્યા, ‘મને વિચાર કરવા માટે થોડો સમય જોઈશે. આપણે કાલે ફરી મળીશું.’



સતીએ નીચે જોયું. તેણીની નીચે ઝીલનું નિર્મળ પાણી હતું. માછલીઓ જોરથી, એની સાથે તાલ મેળવીને તરી રહી હતી, જ્યારે તે સૌ પાણી ઉપર થઈને દૂરના કિનારાઓ તરફ ઊડી રહી હતી.
તેણે ઉપર વિશાળ કાળા પર્વત તરફ જોયું, જે આજુબાજુના પર્વતોની સરખામણીએ જુદા જ રંગના હતા અને તેઓનાં શિખર હિમ-મુગટ જેવા હતા. જ્યારે તે નજીક પહોંચી તો તેની નજર ઝીલના કિનારે બેઠેલા એક યોગી ઉપર પડી. તેઓએ વાઘના ચામડાનું નીચેનું વસ્ત્ર પહેર્યું હતું. તેઓના લાંબા જટા જેવા વાળ માથે બાંધી દેવામાં આવ્યા હતા. તેઓનું બળવાન શરીર યુદ્ધના અસંખ્ય ઘાથી ભરપૂર હતું. સૂર્ય જેવું એક પ્રભામંડળ તેઓના માથાની પાછળ ચમકતું હતું. તેઓના વાળમાં એક બાલચંદ્ર શોભી રહ્યો હતો અને ગળામાં એક સાપ લપેટાયેલો હતો. તેઓની સાવ નજીક એક ત્રિશૂળ અડધું જમીનમાં ખોડાયેલું હતું, પરંતુ યોગીના મોં પર ડાઘ હતા અને પછી એ ડાઘ દૂર થઈ ગયા.
‘શિવ’ સતીએ કહ્યું.
શિવ તેને જોઈને હસ્યા.
‘શું આ આપનું નિવાસસ્થાન છે ? કેલાશ ?’

એના તરફથી જરાય નજર ફેરવ્યા વિના શિવે 'હા' કહી.

'એક દિવસ અમે પણ અહીં આવીશું, પ્રિય, જ્યારે આ બધું પૂરું થઈ જશે તો અમે આપના આ રમણીય દેશમાં સાથે રહીશું.'

શિવનું હાસ્ય આખા ચહેરા પર ફેલાઈ ગયું.

'ગણેશ અને કાર્તિક ક્યાં છે ?'

શિવે જવાબ ન આપ્યો.

'શિવ, આપણા પુત્રો ક્યાં છે ?'

અચાનક શિવ વૃદ્ધ થવા માંડ્યા. તેઓનો સુંદર ચહેરો ઝડપથી કરચલીઓથી ભરાઈ ગયો. લગભગ તરત જ તેઓની જટાના વાળ સફેદ થઈ ગયા. તેઓના પહોળા ખભાઓ નમી પડ્યા, તેઓની સખત માંસપેશીઓ સતીની આંખો સામે ઓગળવા માંડી.

સતી હસી પડી, 'શું આપણે એકસાથે વૃદ્ધ થઈશું ?'

શિવની આંખો ચોંકી ગઈ. જાણે કોઈ એવી વસ્તુને તેઓ જોઈ રહ્યા હતા જે સમજાતી નહોતી.

સતીએ નીચે પાણીમાં પોતાના પ્રતિબિંબને જોયું. નવાઈથી તેની આંખો પહોળી થઈ ગઈ. તેનું આયુષ્ય એક દિવસ પણ વધ્યું નહોતું. તે હજી પણ સદા હોય તેવી યુવાન દેખાઈ રહી હતી. તેણે પોતાના પતિ તરફ ફરીથી જોયું, 'પરંતુ મેં તો સોમરસનું સેવન બંધ કરી દીધું છે. આનો શું અર્થ છે ?'

શિવ ખૂબ જ ગભરાયેલા હતા. તેઓના કરચલીઓવાળા ચહેરા ઉપરથી આંસુની ધાર વહી રહી હતી. તેઓનું મોં પીડાથી ભરાઈ ગયું હતું. તેઓએ જોરથી બૂમ પાડતાં પોતાના હાથ ફેલાવી દીધા, 'સતી.'

સતીએ નીચે જોયું. તેનું શરીર આગની લપેટીમાં હતું.

'સતી !' તેઓ એક વાર ફરી બરાડી ઊઠયા, પછી ઊભા થયા અને ઝીલ તરફ દોડવા લાગ્યા. 'મને છોડીને ન જા.'

શિવ તરફ મોં રાખીને સતી પાછળની બાજુ ઊઠવા લાગી હતી -- ઝડપથી અને વધુ ઝડપથી. તેના શરીર પરની જવાળાને હવા ઓર વધારે ગરમ કરી રહી હતી. પરંતુ જવાળાઓ વચ્ચે પણ તે પોતાના પતિને જીવ લઈને પોતાની તરફ દોડતા જોઈ શકતી હતી.

'સતી !'

સતી ગભરાઈને ઊઠી ગઈ. કાશીમહેલની કોતરણીથી ભરપૂર છત મશાલોના થરથરતા પ્રકાશમાં અલૌકિક લાગતી હતી. એકમાત્ર અવાજ કાણાવાળી દીવાલોમાંથી નીચે પડતા પાણીનો હતો જેના લીધે ગરમ સૂકી હવા ઠંડી થઈ જતી હતી. સતીએ અનાયાસ પોતાની ડાબી બાજુ હાથ ફેલાવ્યો. શિવ ત્યાં નહોતા.

ચિંતાતુ તે એક સટાકે ઊભી થઈ ગઈ, 'શિવ ?'

તેણે બાલ્કનીમાંથી આવતો તેમનો અવાજ સાંભળ્યો, 'હું અહીં છું, સતી.'

ત્યાં પહોંચીને, તેણે અંધારામાં પણ શિવનો આકાર ઓળખી લીધો. શિવ આરામદાયક આસન ઉપર પાછળ ટેકો લઈને બેઠા હતા અને દૂરના વિશ્વનાથ મંદિર ઉપર નજર ટેકવીને જોઈ રહ્યા હતા. આસનના હાથ પર આરામથી બેસીને સતીએ તેમને ચોંટીને, તેમના વાળમાં આંગળીઓ ફેરવવા માંડી.

પૂનમની રાત ન હતી, પરંતુ એટલો પ્રકાશ જરૂર હતો કે શિવ પોતાની પત્નીના મુખના ભાવોને સ્પષ્ટ રીતે જોઈ શકતા હતા.

'શું વાત છે ?' શિવે પૂછ્યું.

સતીએ ડોકું ધુણાવી કહ્યું, 'કંઈ નહીં.'

'કશું તો ખોટું છે. તું વ્યાકુળ દેખાઈ રહી છે.'

'મેં એક વિચિત્ર સપનું જોયું હતું.'

'શું હતું ?'

'મેં જોયું કે આપણે જુદાં પડી ગયાં છીએ.'

શિવ હસ્યા અને તેઓએ સતીને આલિંગનમાં બાંધતાં પોતાની પાસે ખેંચી લીધી. 'તું ગમે તેટલાં સપનાં જોજે, પરંતુ મારાથી છુટકારો ક્યારેય પણ મેળવી શકીશ નહીં.'

સતી હસી પડી. 'મારી એવી કોઈ ઇચ્છા પણ નથી.'

શિવે પોતાની પત્નીને પોતાની સાવ નજીક ખેંચી અને ફરીથી વિશ્વનાથ મંદિરને જોવા લાગ્યા.

'આપ શું વિચારી રહ્યા છો ?' સતીએ પૂછયું.

'હું બસ એવું વિચારી રહ્યો છું કે તારી સાથે લગ્ન કર્યા તે મારા જીવનની સર્વશ્રેષ્ઠ વાત હતી.'

સતી હસી પડી, 'હું એ વાતથી અસંમત નહીં થાઉં. પરંતુ આ સમયે એ વાત ખાસ કરીને કેમ કહી ?'

શિવે સતીના ચહેરા ઉપર હાથ ફેરવ્યો, 'કારણ કે હું જાણું છું કે જ્યાં સુધી તું મારી સાથે છો, તું હંમેશા મને યોગ્ય માર્ગે વાળીશ.'

'એટલે કે આપે ઉચિત નિર્ણય લઈ લીધો છે કે...'

'હા, લઈ લીધો છે.'

સતીએ સંતોષભાવે માથું હલાવ્યું, 'આપણે વિજયી થઈશું, શિવ.'

'હા, આપણે વિજયી થઈશું. પરંતુ તે યોગ્ય રીતે મેળવેલો વિજય હોવો જોઈએ.'

'નિ:શંક,' સતીએ કહ્યું અને ભગવાન રામના શબ્દો યાદ કર્યા, 'યોગ્ય કાર્ય કરવાનો કોઈ અયોગ્ય માર્ગ હોતો નથી.'



એક ખાસ ચૂંટેલી સભા પર્વતેશ્વરના આવવાની રાહ જોઈ રહી હતી, જેઓને બીજા પ્રહરે કાશીની સભામાં પ્રસ્તુત કરવાના હતા. કાશીના ઉમરાવ લોકોનું પ્રતિનિધિત્વ અથિથિગ્વ એકલા કરી રહ્યા હતા. શિવ ભાવહીન દશામાં બેઠા હતા. તેઓની આસપાસ અર્ધચંદ્રાકારે તેઓના નજીકના સલાહકારો બેઠા હતા : ગોપાલ, સતી, કાલી, ગણેશ અને કાર્તિક. ભગીરથ અને આયુર્વતી થોડે દૂર ઊભાં હતાં. આનંદમયી ગેરહાજર હતી.

શિવે આથિથિગ્વ તરફ ઇશારો કર્યો.

અથિથિગ્વે એ મોટા અવાજે પુકાર કર્યો : 'સેનાપતિને અંદર લાવવામાં આવે.'

પરશુરામ, વીરભદ્ર અને નંદી, પર્વતેશ્વરને સભાગૃહમાં લઈ આવ્યા. શિવની સ્પષ્ટ આજ્ઞાને અનુસરીને મેલુહાના સેનાપતિ બેડીમુક્ત હતા. શિવ તરફ જોતાં પહેલા પર્વતેશ્વરે સતી તરફ જોઈ લીધું. નીલકંઠનો રુક્ષ ચહેરો ભાવવિહીન હતો. પર્વતેશ્વરને હતું કે તેને મૃત્યુદંડ આપવામાં આવશે. તેઓ જાણતા હતા કે શિવની એવી ઇચ્છા નહીં હોય પણ બીજા બધાઓએ તેમને ખાતરી કરાવી દીધી હશે કે સેનાપતિથી છુટકારો પામવો જરૂરી છે.

પર્વતેશ્વર એ પણ જાણતા હતા કે ભલે તેઓની સાથે ગમે તે વર્તન કરવામાં આવે પરંતુ

તેઓ નીલકંઠ સાથે એ જ શ્રદ્ધાપૂર્ણ વ્યવહાર કરશે જેના માટે પ્રભુ લાયક છે. સેનાપતિએ પોતાની એડી સાથે કરી અને પોતાની બંધ મુઠ્ઠી છાતી સુધી લઈ ગયા અને પછી મેલુહા સૈન્યની જેમ સલામી કર્યા પછી તેઓએ નમીને નીલકંઠને પ્રણામ કર્યાં. બીજા કોઈની તેઓએ પરવા સુધ્ધાં કરી નહીં.

'પર્વતેશ્વર' શિવે કહ્યું.

પર્વતેશ્વરે તરત ઉપર જોયું.

'હું આ વાતને વધારે પડતી લાંબી ખેંચવા માગતો નથી.' શિવે કહ્યું, 'આપના વિદ્રોહે મને આઘાત પહોંચાડ્યો છે, પરંતુ એણે મારી માન્યતાને ફરી બળ આપ્યું છે કે અમે બૂરાઈ સામે યુદ્ધ કરી રહ્યા છીએ અને આ વાત અમારા માટેનો માર્ગ સરળ બનાવશે નહીં. આ વાત અમારામાં જે સર્વશ્રેષ્ઠ છે તેઓને પણ વિમાસણમાં મૂકી શકે છે, પ્રલોભનોથી નહીં, તો કર્તવ્ય વિશેની વિવાદાસ્પદ પુકારની પણ હોઈ શકે છે.'

દંડની રાહ જોતાં, પર્વતેશ્વર શિવને જોતા રહ્યા.

'પરંતુ જ્યારે કોઈ બૂરાઈની વિરુદ્ધ લડતું હોય છે, ત્યારે તેને સારપની સાથે પણ લડવું પડે છે.' શિવે કહ્યું, 'ફક્ત સારપના પક્ષમાં નહીં, પણ હૃદયમાં પણ સારપ લઈને. આ માટે મેં આપને જવા માટેની રજા આપવાનો નિર્ણય લીધો છે.'

પર્વતેશ્વરને પોતાના કાન પર વિશ્વાસ ન બેઠો.

'હવે આપ જતા રહો.' શિવે કહ્યું.

પર્વતેશ્વરને આખી વાત ન સમજાઈ. નીલકંઠના આ અદ્ભુત વ્યવહારથી તેઓની આંખોમાં આંસુ આવી ગયાં.

'પરંતુ હું આપને ખાતરીપૂર્વક કહેવા માગું છું.' શિવે ઠંડા સ્વરે આગળ કહ્યું, 'હવે પછી આપણી મુલાકાત જ્યારે થશે ત્યારે યુદ્ધભૂમિ પર થશે અને તે એ દિવસ હશે જ્યારે હું આપને મારી નાખીશ.'

આંખમાં આંસુઓ સાથે પર્વતેશ્વરે એક વાર ફરીથી નમન કર્યાં, 'એ મારો મુક્તિનો દિવસ હશે, પ્રભુ.'

શિવ વિરક્ત રહી કંઈ ન બોલ્યા.

પર્વતેશ્વરે શિવ તરફ જોઈને કહ્યું, 'પરંતુ જ્યાં સુધી હું જીવતો છું, પ્રભુ, હું મેલુહાની રક્ષા કરવા માટે લડીશ.'

'જતા રહો.' શિવે કહ્યું.

પર્વતેશ્વર સતીને જોઈને હસ્યા. તેઓને હાથ જોડીને વિનમ્રતાથી પણ ભાવવિહીન ચહેરે પ્રણામ કર્યાં. પર્વતેશ્વરે ધીમેથી 'વિજયી ભવ:' કહીને પોતાની ધર્મપુત્રીને વિજયના આશીર્વાદ આપ્યા.

જ્યારે તેઓ જવા માટે ફર્યા તો તેઓએ દરવાજા પાસે ઊભેલાં આયુર્વતી અને ભગીરથને જોયાં. તેઓ એમની પાસે ગયા.

'મને ક્ષમા કરજો, પર્વતેશ્વર.' ભગીરથ બોલ્યા.

'હું સમજુ છું.' પર્વતેશ્વરે ભાવહીન સ્વરમાં કહ્યું.

પર્વતેશ્વરે આયુર્વતીને જોઈ.

આયુર્વતીએ ફક્ત પોતાનું માથું હલાવી દીધું, 'આપ જાણો છો કે આપ સંસારમાં અત્યાર સુધીના ઇતિહાસના સર્વશ્રેષ્ઠ વ્યક્તિને છોડીને જઈ રહ્યા છો ?'

'જાણું છું.' પર્વતેશ્વરે કહ્યું, 'પરંતુ મને તેઓના હાથે મૃત્યુ પામવાનું સૌભાગ્ય મળશે.'

આયુર્વતીએ ઊંડો શ્વાસ લીધો અને પર્વતેશ્વરના ખભાને થપથપાવ્યો, 'મને આપની ખોટ

સાલશે, મિત્ર.'

'મને પણ આપની ખોટ સાલશે.'

પર્વતેશ્વરે ઝડપથી કક્ષ ઉપર નજર નાખી, 'આનંદમયી ક્યાં છે ?'

'તે ઘાટ ઉપર આપની રાહ જોઈ રહી છે.' ભગીરથે કહ્યું, 'એ નૌકાની પાસે જે આપને લઈ જવાની છે.'

પર્વતેશ્વરે માથું ધુણાવ્યું. તેઓએ છેલ્લી નજર શિવ ઉપર નાખી અને ચાલતા થયા.



જેવા પર્વતેશ્વર અસ્સી ઘાટ પર પહોંચ્યા કે ઘાટના રખેવાળ તેઓની પાસે ગયા, 'સેનાપતિ, આપની નૌકા પેલી દિશામાં ઊભી છે.'

તેઓ કહેલી દિશામાં ચાલવા માંડ્યા. એક નાનકડી નૌકા, જે આમ તો વ્યાપારી નૌકા હતી, તેના કઠેડાને પકડીને આનંદમયીને ઊભેલી જોઈ.

'તને ખબર હતી કે મને સન્માનપૂર્વક મુક્ત કરી દેવામાં આવશે ?' તેની પાસે પહોંચતાં હસતાં હસતાં પર્વતેશ્વરે પૂછયું.

'આજે સવારે જ્યારે તેઓએ મને ગંગાના ઉપરના કિનારા તરફ જવા માટે એક નૌકાની ગોઠવણ કરવા કહ્યું.' આનંદમયીએ કહ્યું, 'તો હું જાણી ગઈ હતી કે આ આપનું શબ મેલુહા લઈ જવા માટે અને સૂર્યવંશીઓ સામે તેનું પ્રદર્શન કરવા માટે તો નહીં જ હોય.'

પર્વતેશ્વર આ સાંભળીને હસી પડ્યા

'વળી નીલકંઠમાંથી મારો વિશ્વાસ ક્યારેય ઓછો થયો નહોતો.' આનંદમયીએ કહ્યું.

આનંદમયીએ નૌકા તરફ જોયું. 'હું જાણું છું કે આ કોઈ ખાસ નૌકા નથી. તે આરામદાયક પણ નથી પરંતુ તે ઝડપી જરૂર છે.'

પર્વતેશ્વર અચાનક આગળ વધ્યા અને તેઓએ આનંદમયીને પોતાના બાહુપાશમાં જકડી લીધી. વિસ્મય પામેલી આનંદમયીએ પ્રત્યુત્તર આપવામાં એક પળ વિતાવી દીધી. પર્વતેશ્વર જાહેરમાં પ્રેમ વ્યક્ત કરનાર વ્યક્તિ નહોતા. તે જાણતી હતી કે એમ કરવાથી તે ખૂબ જ વ્યાકુળ થઈ જતા હતા, એટલે તેણે ક્યારેય જાહેરમાં આલિંગન કરવાનો પ્રયત્ન કર્યો ન હતો.

ઉષ્માભરી રીતે આનંદમયી હલી અને તેણે પોતાના હાથ પર્વતેશ્વર ફરતે વીંટાળી દીધા, 'ચાલો, હવે એ બધું પૂરું થયું.'

પર્વતેશ્વર થોડા પાછળ જતા રહ્યા, પરંતુ તેમના હાથ પત્નીને વિંટળાયેલા જ હતા, 'મને તારી ખોટ સાલશે.'

'મારી ખોટ સાલશે ?' આનંદમયીએ પૂછયું.

'તું મારા જીવનમાં થયેલી સર્વશ્રેષ્ઠ ઘટના છો.' આંખોમાં આંસુ સાથે લાગણીવશ બની પર્વતેશ્વરે કહ્યું.

આનંદમયીએ તેની ભમ્મર ચડાવી અને હસી પડી, 'અને હું તમારા જીવનની ઘટના બનતી જ રહીશ. ચાલો જઈએ.'

'ચાલો જઈએ ?'

'હા.'

'ક્યાં ?'

'મેલુહા.'

‘તું મેલુહા આવી રહી છો ?’

‘હા.’

પર્વતેશ્વર પાછળ ખસી ગયા. ‘આનંદમયી, આગળનો માર્ગ ભયંકર છે. હું પ્રમાણિકપણે માનું છું કે મેલુહા જીતી નહીં શકે. મને એવું લાગતું નથી.

‘તો ?’

‘હું તને તારું જીવન જોખમમાં નાખવાની રજા ન આપી શકું.’

‘શું મેં આપની રજા માગી છે ?’

‘આનંદમયી, તું જીદ ન કર...’

પર્વતેશ્વર બોલતાં બોલતાં અટકી ગયા, કારણ કે આનંદમયીએ તેમનો હાથ પકડ્યો, ફરી અને નૌકા તરફ ચાલવા લાગી. પર્વતેશ્વર ચહેરા પર હાસ્ય અને આંખોમાં આંસુ સાથે પાછળ પાછળ ચાલવા લાગ્યા.



પ્રકરણ-૧૯

નીલપ્રભુનો ઢંઢેરો

'મારી પાસે એક અદ્ભુત યોજના છે.' દક્ષે કહ્યું.

દક્ષ અને વીરિની દેવગીરના રાજમહેલમાં ભોજન કરી રહ્યાં હતાં. ચિંતામાં ડૂબેલી વીરિનીએ રોટલી અને શાકનો કોળિયો પાછો થાળીમાં મૂકી દીધો. તેણે ઝડપથી એક નજર દરવાજે ઊભેલા ચોકીદારો પર નાખી.

'કેવી યોજના ?' વીરિનીએ' પૂછયું.

'મારા પર ભરોસો રાખજે.' ઉત્તેજિત દક્ષ બોલ્યો, 'જો આપણે તેનો અમલ કરી શકીએ તો યુદ્ધ શરૂ થતા પહેલાં જ સમાપ્ત થઈ જશે.'

'પરંતુ મહર્ષિ ભૃગુ...'

'મહર્ષિ ભૃગુ પણ પ્રભાવિત થશે. આપણે નીલકંઠ નામની સમસ્યામાંથી કાયમ માટે છુટકારો પામી જઇશું.'

'શું થોડાં વર્ષો પહેલાં નીલકંઠ 'તક' ન હતા ? વીરિને વ્યંગમાં પૂછયું.

'તું સમજી નથી રહી કે શું બની રહ્યું છે ?' દક્ષે ખિજાઈને પૂછયું, 'શું હવે બધી જ વાતો તને સમજાવવી પડશે ? યુદ્ધ શરૂ થવાની તૈયારીમાં છે. આપણા સૈનિકો સતત તાલીમ લઈ રહ્યા છે.'

'હા, મને તેની ખબર છે, પરંતુ મારો વિચાર છે કે આપણે તેનાથી દૂર રહેવું જોઈએ અને આખો મામલો સંપૂર્ણ રીતે મહર્ષિ ભૃગુ પર છોડી દેવો જોઈએ.'

'શા માટે ? મહર્ષિ ભૃગુ ભારતના સમ્રાટ નથી, હું છું.' 'શું આપે આ વાત મહર્ષિ ભૃગુને જણાવી દીધી છે ?'

'મને ગુસ્સો ન કરાવ, વીરિની. મારે જે કહેવું છે તે જો તારે સાંભળવું ન હોય તો મને સ્પષ્ટ કહી દે...'

'મને દરગુજર કરો. પરંતુ હું માનું છું કે નિર્ણય લેવાનું સંપૂર્ણ કામ મહર્ષિ ભૃગુ ઉપર છોડી દેવું ઉત્તમ વાત હશે. આપણે તો બસ આપણા પરિવારની ચિંતા રાખવી જોઈએ.'

'પાછી શરૂ થઈ ગઈ, તું !' દક્ષે જરા ઊંચા અવાજે કહ્યું, 'પરિવાર ! પરિવાર ! પરિવાર ! તને એ ચિંતા નથી કે સંસાર મને કેવી રીતે જોશે ? ઇતિહાસ મારાં કેવાં લેખાંજોખાં કરશે ?'

'મહાનમાં મહાન પુરુષો પણ નથી બતાવી શકતા કે તેઓની ભાવિ સંતતિ તેઓને કેવી

રીતે આંકશે ?'

દક્ષે પોતાની થાળી દૂર ખસેડી દીધી અને બૂમ પાડી ઊઠયો – 'તું જ મારી બધી જ સમસ્યાઓનું મૂળ છો. તારા કારણે જ હું તે બધું ન મેળવી શક્યો જે હું મેળવી શકતો હતો.'

વીરિનીએ ચોકીદારોની તરફ જોયું અને પછી પોતાના પતિ તરફ ફરી, 'આપનો અવાજ ધીમો રાખો, દક્ષ. આપણાં લગ્નની મશ્કરી ન કરો.'

'હા, આ લગ્ન શરૂઆતથી જ મશ્કરી રહી છે. જો મારી પત્ની વધુ સહકાર આપતી હોત, તો અત્યાર સુધીમાં મેં સંસાર ઉપર વિજય મેળવી લીધો હોત.'

દક્ષ ક્રોધમાં ને ક્રોધમાં ઊઠી ગયા અને ધમધમ કરતા બહાર ચાલ્યા ગયા.



'આ બહુ જ ભયંકર ભૂલ છે.' કાલીએ કહ્યું, 'યોગ્ય માર્ગના પોતાના મનમાં ભરાયેલા ભૂતને લીધે તારા પિતા યુદ્ધ ગુમાવી દેશે.'

ગણેશ અને કાર્તિક કાશીમહેલમાં કાલીના કક્ષમાં હતા.

'હું સંમત નથી, માસી.' કાર્તિકે કહ્યું, 'હું માનું છું કે બાબાએ યોગ્ય કર્યું છે. આપણે વિજયી થવાનું છે અને આપણે યોગ્ય માર્ગે વિજય મેળવવાનો છે.'

'મને લાગતું હતું કે તું અમારી સાથે સંમત છે.' ક્રોધિત કાલીએ કહ્યું.

'હતો, પરંતુ માની વાતોએ મારો મત બદલી નાખ્યો.'

'જે પણ હોય, માસી,' ગણેશે કહ્યું, 'આ તો થઈ ગયું છે. એના ઉપર ધૂંધવાવું વ્યર્થ છે. એના બદલે આપણે યુદ્ધ ઉપર ધ્યાન આપવું જોઈએ.'

'શું કોઈ બીજો વિકલ્પ છે ?' કાલીએ પૂછયું.

'બાબાએ મને કહ્યું હતું કે હું અયોધ્યામાં યુદ્ધના ક્ષેત્રે નેતૃત્વ કરીશ.' ગણેશે કહ્યું, 'કાર્તિક, તું મારી સાથે રહીશ.'

'આપણે તેઓનો નાશ કરી દઈશું, મોટાભાઈ.' કાર્તિકે પોતાની ડાબી મુઠ્ઠી હવામાં લહેરાવતાં કહ્યું.

'એ તો આપણે કરીશું જ.' ગણેશે કહ્યું, 'માસી, લોથલ અને મયકાના વિષયમાં આપ નિરાંત રાખજો.'

'મેં સુપર્ણાના પ્રાંતપાલ ચેનારધ્વજની પાસે દૂત મોકલવા માટે કહી પણ દીધું છે.' કાલીએ કહ્યું, 'મારા પર ભરોસો રાખજો, એ મિત્ર છે.'



કાર્તિકે નમીને પોતાની માતાના પગને સ્પર્શર્યા.

'વિજયી ભવ: મારા દીકરો.' સતીએ કાર્તિકના માથા ઉપર સૌભાગ્ય અને વિજયના પ્રતીક સમું લાલ તિલક કર્યું.

સતી, ગણેશ અને કાર્તિક નીલકંઠના કક્ષમાં હતા. ગણેશના માથા ઉપર પહેલેથી જ તિલક લગાડેલું હતું. તેણે ગર્વથી પોતાના ભાઈને જોયો. કાર્તિક હજી પણ બાળક જેવો જ હતો પણ ચારે તરફ એક લડાયક અને ભયંકર યોદ્ધાના રૂપમાં તેને જોવામાં આવી રહ્યો હતો. શિવના બંને પુત્રો ગંગા નદી પર મુસાફરી કરીને વૈશાલીમાં પોતાની મિત્રસેનાઓને મળવા જવાની

તૈયારીમાં હતા. ત્યાંથી તેઓએ પાછા ફરવાનું હતું, સરયૂ નદી ઉપર યાત્રા કરીને, અયોધ્યા ઉપર આક્રમણ કરવાનું હતું. ગણેશ પોતાના પિતા તરફ ફર્યા અને તેમનો ચરણસ્પર્શ કર્યો.

શિવ હરયા અને તેઓએ ગણેશને ખેંચીને પોતાની છાતીએ લગાવી દીધો. 'મારા આશીર્વાદ, તમારી માના હૃદયથી નીકળેલા આશીર્વાદ જેટલા શક્તિશાળી નથી, પરંતુ હું જાણું છું કે તમે મારું મસ્તક ઊંચું કરશો જ.'

'હું મારા તરફથી પૂરો પ્રયત્ન કરીશ, બાબા.' ગણેશે કહ્યું. કાર્તિક પણ ફર્યો અને તેણે પણ શિવના ચરણોનો સ્પર્શ કર્યો. શિવે પોતાના આ નાના પુત્રને પણ છાતીએ લગાડ્યો, "તેઓને નરકના દર્શન કરાવી દેજે, કાર્તિક.'

કાર્તિક હસ્યો, 'જરૂર, બાબા.'

'તું હજી વધારે હસતો રહેજે, કાર્તિક.' સતીએ કહ્યું, 'જ્યારે તું હસે છે ત્યારે ખૂબ સુંદર દેખાય છે.'

કાર્તિક મોટેથી હસી પડ્યો, 'હવે પછી જ્યારે આપણે મળીશું ત્યારે હું જરૂર એક કાનથી બીજા કાન સુધી હસતો હોઈશ, કારણ કે ત્યાં સુધીમાં આપણી સેના અયોધ્યાને હરાવી ચૂકી હશે.'

ગણેશ તરફ ફરતા પહેલાં શિવે કાર્તિકની પીઠ થાબડી, 'જો મારો ઢંઢેરો જાહેર થઈ ગયા પછી અયોધ્યા મેલુહા સાથે સંબંધ તોડવા રાજી હોય તો હું ઇચ્છીશ કે આપણે તેઓ ઉપર આક્રમણ ન કરીએ.'

'હું સમજું છું, બાબા.' ગણેશે કહ્યું, 'એ માટે હું ભગીરથને મારી સાથે લઈ જઈ રહ્યો છું. તેઓના પિતા ભલે અયોધ્યાના રાજકુમાર માટે ધૃણા રાખતા હોય, પરંતુ હજી પણ કુલીન કુળના અનેક લોકો સુધી ભગીરથની પહોંચ છે. હું આશા રાખીશ કે તેઓ તે સૌને સમજાવવામાં સમર્થ સાબિત થશે.'

'ઢંઢેરો ક્યારે બહાર પડશે, બાબા ?' કાર્તિકે પૂછયું.

'હવે પછીના અઠવાડિયે.' શિવે ઉત્તર આપ્યો. 'સ્વદ્વીપનાં વિવિધ રાજ્યોની પ્રતિક્રિયા જાણવા માટે વૈશાલીના વાસુદેવ પંડિતના સંપર્કમાં રહેજો. ત્યારે તમે જાણી જશો કે અયોધ્યામાં પણ શું પ્રતિક્રિયા મળવી જોઈએ.'

'હા, બાબા.' કાર્તિકે કહ્યું.

શિવ તે પછી ગણેશ તરફ ફર્યા, 'મને કહેવામાં આવ્યું છે કે તમોએ સેનામાં દિવોદાસ અને બ્રંગા સૈનિકોને પણ સામેલ કરી લીધા છે.'

'જી.' ગણેશે કહ્યું, 'અમે પાંચ નૌકાઓમાં નીકળીશું અને વૈશાલીમાં બ્રંગાવૈશાલીની સંયુક્ત સેનાને મળીશું. મને જણાવવામાં આવ્યું છે કે તેઓ પાસે બસ્સો નૌકાઓ છે. તેમાંથી પચાસને આપના સૈન્યની દેખરેખ નીચે પશ્ચિમી સેનામાં નિયુક્ત કરવામાં આવી છે અને તેઓ કાશીના રસ્તે નીકળી ચૂક્યા છે. બાકીની દોઢસો નૌકાઓ મારી સાથે રહેશે. આપણે દોઢ લાખ સૈનિકો સાથે અયોધ્યા ઉપર આક્રમણ કરીશું.' 'તેઓ પર વિજય મેળવવા માટે આ પૂરતા નહીં થાય.' સતીએ કહ્યું, 'પરંતુ કદાચ આપણે તેઓને અટકાવી રાખવા સમર્થ રહીશું.' 'હા' ગણેશે ઉત્તર વાળ્યો.

'તેઓને પાછળ રોકી રાખીશું, બાબા.' કાર્તિકે કહ્યું, 'હું વચન આપું છું.' શિવ હસ્યા.

'હવે તેને કેમ છે ?' કાલીએ પૂછયું.

કાલી કાશીના રાજા અથિથિગવના પૂર્વ તરફના મહેલના નદી તરફના દરવાજે હતી. મહેલને ગંગાના પૂર્વ તરફના તટ ઉપર બનાવવામાં આવ્યો હતો, જેને કોઈ સ્થાયી બાંધકામ માટે અપશુકનિયાળ માનવામાં આવતો હતો. કાશીના રાજાઓએ એ નક્કી કરવા માટે આ જમીન ખરીદી લીધી હતી કે કોઈ નાગરિક તે તરફ ન રહે. આ મહેલમાં અથિથિગવે પોતાની નાગા બહેન માયાનું નિવાસસ્થાન બનાવ્યું હતું. ગણેશ અને કાલીની ખુલ્લી હાજરીમાં અથિથિગવ પોતાની બહેનને ગુપ્તવાસમાંથી બહાર લાવવાનું સાહસ કરી શક્યા હતા.

'આપની ઔષધિઓએ બહુ જ મદદ કરી છે, રાણી.' અથિથિગ્વે કહ્યું, 'કમ સે કમ હવે તે ભયંકર પીડા નથી અનુભવતી. મારી બહેનને મદદ કરવા માટે પ્રભુએ આપને દૂત બનાવીને મોકલ્યા છે.'

કાલી ઉદાસ ભાવે હસી. તે જાણતી હતી કે માયા સંયુક્ત જોડકી બહેનો જે છાતી નીચેના ભાગથી જોડાયેલી હતી, તેને મૃત્યુ પામવાને હવે બહુ વાર ન હતી. એ એક ચમત્કાર જ હતો કે માયા આટલો સમય જીવતી રહી હતી. તેની હાજરીની જાણ થતાં જ કાલીએ તેની પીડા ઓછી કરવા માટે તરત નાગા ઔષધિઓ આપવી શરૂ કરી દીધી હતી, કારણ કે તેણે હવે પછીના દિવસે પશ્ચિમી સૈન્ય સાથે જવાનું હતું એટલે તે બાકી વધેલી ઓષધિઓ માયા પાસે મૂકી જવા આવી હતી.

'હું કોઈ દૂત નથી.' કાલીએ કહ્યું, 'જો પરમાત્માને ન્યાયનું સહેજ પણ ભાન હોત તો તેઓ માયા જેવી નિર્દોષ વ્યક્તિને આટલી પીડા ભોગવવા ન દેત. તેઓના અન્યાયને સુધારવા હું મારાથી બનતો ભરચક પ્રયત્ન કરી રહી છું.'

અથિથિગવે નિરાશ થઈને ખભા ઊંચા કર્યા પરંતુ તેઓ એટલા ધાર્મિક હતા કે પરમાત્માની નિંદા કરી શકતા ન હતા.

કાલીની નજર ગંગાનદી તરફ ગઈ, જ્યાં બ્રગાની સેનાની પચાસ નૌકાઓએ ગઈકાલે લંગર નાખ્યાં હતાં. વિશાળ બેડાએ બીજા કિનારા સુધી ફેલાઈને નદીની પહોળાઈને ઢાંકી દીધી હતી. છેક કાશી સુધી એક વ્યગ્ર ઉત્તેજના ફેલાઈ ગઈ હતી. યુદ્ધની ગંધ વાતાવરણમાં અનુભવાતી હતી.

નૌકાના આ કાફલાની શરૂઆતની પ્રગતિ ધીમી રહેતી, કારણ કે પહેલાં તેઓએ પ્રવાહની વિરુદ્ધ જવાનું હતું અને ચંબલમાં ઉપર દક્ષિણ તરફ જવાનું હતું. કિનારે ઊતર્યા પછી સૈનિકો નર્મદા તરફ કૂચ કરવાના હતા. બીજી યાત્રા તેઓને નર્મદાના રસ્તે પશ્ચિમી સમુદ્રમાં અને પછી ઉત્તરમાં મેલુહા તરફ લઈ જવાની હતી.

'ચાલો, અંદર જઈએ.' કાલીએ કહ્યું, 'જતા પહેલાં હું માયાને મળવા માગું છું.'



'મહારાજ !' કનખલાએ દોડતાં દક્ષના અંગત કક્ષમાં પ્રવેશ કરીને કહ્યું. દક્ષે નજર ઊંચી કરીને પોતાની પ્રધાનમંત્રીને જોઈ, સાથે જ એ પત્રને પોતાના, મેજના ખાનામાં સરકાવી દીધો જે તેઓ વાંચી રહ્યા હતા, 'ક્યાં આગ લાગી ગઈ, કનખલા ?'

'મહારાજ,' ગભરાઈ ગયેલી કનખલા બોલી. દેખી શકાય તે રીતે તે પોતાનાં વસ્ત્રોમાં કશું છુપાવીને આવી હતી, 'આપે આ જોઈ જવું જોઈશે.'

કનખલાએ એક પાતળા પથ્થરનો શીલાલેખ પોતાના સમ્રાટની લાકડાની ચોકી ઉપર મૂકી

દીધો.

'આ શું છે ?' દક્ષે પૂછયું.

'આપે તેને વાંચવો પડશે, મહારાજ.'

દક્ષ તેને વાંચવા માટે નીચા નમ્યા.

એ સર્વ લોકો માટે જેઓ પોતાને મનુનાં સંતાન અને સનાતન ધર્મના અનુયાયી માને છે, મારી, શિવની, આપના નીલકંઠની તરફથી આ સંદેશ છે.

મેં આપણી મહાન ભૂમિની, એ બધાં જ રાજ્યોની યાત્રા કરી છે જેમાં આપણે વહેંચાયેલા છીએ, એ તમામ જનજાતિઓને મળ્યો છું જે આપણા નિષ્પક્ષ દેશમાં વસે છે. આવું મેં એ ઘોર બૂરાઈની શોધ માટે કર્યું, કારણ કે આ જ મારું કાર્ય છે. પિતા મનુએ આપણને કહ્યું હતું કે બૂરાઈ કોઈ દૂર વસેલો દાનવ નથી. એ પોતાનું વિનાશકાર્ય આપણી પાસે, આપણી સાથે, આપણી અંદર રહીને કરે છે. તેઓએ સાચું કહ્યું હતું. તેઓએ આપણને કહ્યું હતું કે બૂરાઈ ક્યાંક નીચેથી આવીને આપનું ભક્ષણ કરતી નથી, પરંતુ આપણે ખુદ આપણું જીવન નષ્ટ કરવા બૂરાઈને મદદ કરીએ છીએ. તેઓએ સાચું કહ્યું હતું. તેઓએ આપણને કહ્યું હતું કે સારપ અને બૂરાઈ એક સિક્કાની બે બાજુઓ છે. અને એક દિવસ સૌથી મોટી સારપ, સૌથી મોટી બૂરાઈમાં બદલાઈ જશે. તેઓએ સાચું કહ્યું હતું. સારપનો વધારેમાં વધારે ઉપયોગ કરવાની આપણી લાલચ તેને બૂરાઈમાં બદલી નાખે છે. આ બ્રહ્માંડનો સમતુલા જાળવવાનો નિયમ છે. આ પણ અતિરેકને નિયંત્રિત કરવાનો પરમાત્માનો નિયમ છે.

હું એ નિષ્કર્ષ ઉપર પહોંચ્યો છું કે હવે સોમરસ આપણા યુગની સૌથી મોટી બૂરાઈ બની ગઈ છે. સોમરસથી જેટલી સારપ મેળવવાની હતી, મેળવી લેવાઈ છે. હવે સમય આવી ગયો છે કે તેના ઉપયોગને રોકવામાં આવે, એ પહેલાં કે તેની બૂરાઈ આપણા બધાનો નાશ કરી દે. પહેલાં પણ તે ભારે નુકસાન પહોંચાડી ગયું છે, સરસ્વતી નદીના મૃત્યુથી લઈને જન્મવિકૃતિઓ અને એ રોગો સુધી જે આપણાં કેટલાંક રાજ્યોને ત્રાસ પહોંચાડી ચૂકી છે. આપણા સંતાનો માટે, આપણા સંસાર માટે આપણે હવે સોમરસનો વધુ ઉપયોગ નહીં કરી શકીએ.

આ માટે, મારો આદેશ એ છે કે, હવે સોમરસનો ઉપયોગ પ્રતિબંધિત કરવામાં આવે.

એ બધા જ લોકોને જેઓ નીલકંઠની દંતકથામાં વિશ્વાસ રાખે છે તેઓ મારું અનુકરણ કરે. સોમરસનો ઉપયોગ બંધ કરી દે.

એ સર્વ લોકો જેઓ સોમરસનો ઉપયોગ કરવાનો ઇન્કાર કરે છે તેઓ જાણી લે. આપ મારા શત્રુ બની જશો. હું ત્યાં સુધી નહીં રોકાઈશ જ્યાં સુધી સોમરસનો ઉપયોગ બંધ ન થઈ જાય. આ આપના નીલકંઠની પ્રતિજ્ઞા છે.

દક્ષ એકદમ સ્તબ્ધ થઈ ગયા, 'આ વળી શી મુસીબત છે ?' 'હું સમજી ન શકી કે એનો અર્થ શું છે, મહારાજ.' કનખલાએ કહ્યું, 'શું આપણે સોમરસનો ઉપયોગ બંધ કરી દેવો ?'

'તને આ ક્યાંથી મળ્યો ?' 'મને મળ્યો નથી, મહારાજ.' કનખલાએ કહ્યું, 'આ સાર્વજનિક સ્નાનગૃહ નજીક ઇંદ્રદેવના મંદિરની બહારની દીવાલ પર લટકતો હતો. અડધા નાગરિક તો તેને જોઈ ચૂક્યા છે અને અત્યારે તેઓ બાકીના અડધા નાગરિકો સાથે ચર્ચા કરતા હશે.'

'મહર્ષિ ભૃગુ ક્યાં છે ?' 'પરંતુ જો નીલકંઠે આ આદેશ જાહેર કર્યો છે તો આપણી પાસે કોઈ વિકલ્પ નથી...'

'બસ કરો, કનખલા !' દક્ષ મોટેથી બરાડ્યા, 'મહર્ષિ ભૃગુ ક્યાં છે ?' એક પળ માટે કનખલા મૂંગી થઈ ગઈ. સમ્રાટે જેવી રીતે તેની સાથે વાત કરી હતી તે તેને સારી રીત લાગી ન હતી. 'મહર્ષિ ભૃગુ એક મહિનાથી પણ વહેલા પ્રયાગથી નીકળી ચૂક્યા છે. આ જ તેઓના છેલ્લા સમાચાર મને ખબર છે, મહારાજ . દેવગિરિ પહોંચતાં તેઓને ઓછામાં ઓછા બે

મહિના લાગશે.'

'તો કોઈ પગલાં ભરતા પહેલાં આપણે તેઓની રાહ જોઈશું.' દક્ષે કહ્યું. 'પરંતુ આપણે નીલકંઠના ઢંઢેરાનો વિરોધ કેવી રીતે કરી શકીએ, મહારાજ ?'

'સમ્રાટ કોણ છે, કનખલા ?'

'આપ છો, મહારાજ.'

'અને શું મેં નિર્ણય લઈ લીધો છે ?'

'જી, મહારાજ ..'

'તો મેલુહાનો આ નિર્ણય છે.'

'પરંતુ પ્રજા તેને વાંચી ગઈ છે...'

'હું ઇચ્છુ છું કે તમે એવી સૂચના બહાર પાડો કે ઢંઢેરો કપટથી ભરેલો છે. આ સાચા નીલકંઠ દ્વારા જાહેર ન કરવામાં આવ્યો હોય, કારણ તેઓ ક્યારેય ભગવાન બ્રહ્માના મહાનતમ આવિષ્કાર સોમરસની વિરુદ્ધ નહીં જાય.'

'પરંતુ શું આ સત્ય છે, મહારાજ ?'

દક્ષની આંખો ઝીણી થઈ ગઈ, તેઓનો ક્રોધ પારાવાર થઈ ગયો. 'કનખલા, જેમ મેં કરવાનું કહ્યું, તેમ કરો. નહીં તો હું બીજા કોઈને પ્રધાનમંત્રી નિયુક્ત કરી દઈશ.'

કનખલાએ ઔપચારિક પરંતુ સાવ ઠંડકથી હાથ જોડ્યા અને જવા માટે ફરી ગઈ. પરંતુ જતાં જતાં તે એક અંતિમ તીર છોડ્યા વગર ન રહી શકી. 'જો આ પ્રકારની બીજી સૂચના પણ થઈ તો ?'

દક્ષે માથું ઊંચું કર્યું. 'સમગ્ર સામ્રાજ્યમાં પક્ષીદૂત મોકલો. જો તેઓને ક્યાંય પણ આ પ્રકારની સૂચના નજરમાં આવે તો તેને હટાવી દે અને તેના સ્થાને એ લગાવે જે મેં હમણાં તમને લગાવવા માટે કહ્યું છે. આ સૂચના મિથ્યા છે, તમે સમજી રહ્યાં છો ને ?'

'હા, મહારાજ.' કનખલાએ કહ્યું.

જેવી કનખલા દરવાજો બંધ કરીને બહાર ગઈ કે દક્ષે ક્રોધમાં આવીને એ શીલાખંડને જમીન પર પછાડ્યો. 'આ બધાને રોકવા માટે એકમાત્ર મારો ઉપાય વ્યવહારિક છે. મહર્ષિ ભૃગુએ મારી વાત સાંભળવી પડશે.'



પ્રકરણ-૨૦

અગ્નિ-ગીત

ગોપાલ જેવા પહોંચ્યા કે તેઓને શિવના અંગત કક્ષમાં લઈ જવામાં આવ્યા. તેઓ બાલ્કનીમાં ઊભેલા શિવ અને સતીની પાસે જતા રહ્યા અને તેઓ પાસે પડેલા એક ખાલી આસન ઉપર બેસી ગયા.

'આપની પાસે શું સમાચાર છે, પંડિતજી ?' શિવે પૂછ્યું.

શિવની સોમરસ ઉપર પ્રતિબંધ મૂકવાની સૂચનાને આખા મેલુહા અને સ્વદ્વીપમાં એક સાથે રજૂ કર્યાને એક અઠવાડિયું થઈ ગયું હતું. તેઓ આશા રાખતા હતા કે લોકો તેઓના આદેશનું પાલન કરશે.

'દેશભરમાં ફેલાયેલા મારા પંડિતોએ પોતપોતાનો અહેવાલ મોકલી આપ્યો છે.'

'અને ?'

'સ્વદ્વીપની તુલનાએ મેલુહાની પ્રતિક્રિયા બહુ જ જુદી છે.'

'હું એવું ધારતો જ હતો.'

'એવું લાગી રહ્યું છે કે સ્વદ્વીપની પ્રજાએ ઢંઢેરાનો સ્વીકાર કરી લીધો છે. તેઓએ મેલુહા વિરુદ્ધના તેઓના પૂર્વગ્રહોને વધારે મજબૂત કર્યા છે. આ વાતને મેલુહાવાસીઓ દ્વારા બીજા બધાથી આગળ રહેવાનું અયોગ્ય ષડયંત્ર કરવાનું એક બીજા ઉદાહરણ તરીકે જોવામાં આવી રહ્યું છે. અને યાદ રાખજો, આ લોકોમાંથી કોઈ પણ સોમરસનો ઉપયોગ નથી કરતા. એટલે ખરું જોતાં તેઓ માટે આ કોઈ ત્યાગ નથી.'

'પરંતુ રાજાઓએ કેવો પ્રતિભાવ આપ્યો ?' સતીએ પૂછ્યું, 'તેઓ એ લોકો છે જેઓનો સેનાઓ ઉપર કાબૂ હોય છે.'

'આ કહેવું બહુ જલદી થઈ પડશે, સતીજી.' ગોપાલે કહ્યું, 'પરંતુ હું જાણું છું કે અત્યારે જ્યારે આપણે વાત કરી રહ્યા છીએ, સ્વદ્વીપના બધા જ રાજા તેઓના સલાહકારો સાથે ઊંડી ચર્ચા કરી રહ્યા હશે.'

'પરંતુ,' શિવે કહ્યું, 'મેલુહાવાસીઓએ મારા ઢંઢેરાને નકારી દીધો છે, ખરુંને ?'

ગોપાલે એક ઊંડો શ્વાસ લીધો. 'એ એટલું સરળ નથી. મારા પંડિતોએ મને જણાવ્યું હતું કે શરૂઆતમાં તો મેલુહાના નાગરિકો આપનો ઢંઢેરો સાંભળીને ખરેખર વિચલિત થઈ ગયા હોય તેમ લાગતું હતું. નગરના ચોરેચૌટે ગંભીર ચર્ચાઓ થઈ રહી હતી અને ઘણા લોકો માનતા

હતા કે તેઓએ પોતાના નીલકંઠની વાતનું અનુકરણ કરવું જોઈએ.'

'અને લોકો તેમાં માનતા થયા ?'

'મેલુહા રાજ્ય અત્યંત સક્ષમ છે, મારા મિત્ર. ઢંઢેરાને પહેલા ત્રણ દિવસની અંદર જ દૂર કરી દેવામાં આવ્યો હતો -- ઓછામાં ઓછા મોટાં નગરોમાંથી તો ખરું જ. તેના બદલે મેલુહાનો રાજવી આદેશ લગાડી દેવામાં આવ્યો હતો, જેમાં કહેવામાં આવ્યું હતું કે આ ઢંઢેરો બનાવટી નીલકંઠે વહેતો મૂક્યો છે.'

'અને લોકોએ તે વાત પર વિશ્વાસ પણ મૂકી દીધો ?'

'મેલુહાવાસીઓએ પેઢી દર પેઢીથી પોતાના રાજ્યકર્તાઓ ઉપર પૂરો વિશ્વાસ રાખવાનું શીખી લીધું છે, શિવ.' સતીએ વચ્ચે કહ્યું, 'તેઓના રાજ્યકર્તાઓ તેઓને જે પણ કહે છે, તેના ઉપર તેઓ પૂરો વિશ્વાસ મૂકે છે.'

'એ સાથે,' ગોપાલે કહ્યું, 'આપ અનેક વર્ષોથી મેલુહાથી દૂર છો, મિત્ર. એવા પણ લોકો છે જેઓ ખરેખર વિચારવા માંડ્યા છે કે ક્યાંક નીલકંઠ મેલુહાને ભૂલી તો નથી ગયાને ?'

શિવે પોતાનું માથું હલાવ્યું, 'લાગે છે કે યુદ્ધ અનિવાર્ય છે.'

'દક્ષ અને તેનાથી પણ વધીને મહર્ષિ ભૃગુ આ વાત નક્કી કરશે.' ગોપાલે કહ્યું, 'પરંતુ સારી વાત એ છે કે મોટાભાગના મેલુહાવાસીઓને આપણો સંદેશ પહોંચી તો ગયો છે. આશા રાખીએ કે તેઓમાંથી થોડા લોકો પ્રશ્નો પૂછવા શરૂ કરી દેશે.'

શિવે ગંગા ઉપર લંગર નાખીને ઊભેલા બ્રંગાઓ, વાસુદેવો અને નાગાઓની નૌકાઓ તરફ જોયું.' આપણે બે દિવસમાં કૂચ કરીશું.'



'નહીં, નહીં.' શિવે નિરાશ થઈને પોતાનું માથું હલાવ્યું, 'આપ સાવ ખોટું સમજ્યા છો.'

હોળીની અગ્નિમાંથી આવતો પ્રકાશ અને પડછાયા બૃહસ્પતિ, વીરભદ્ર, નંદી અને પરશુરામના ચહેરાઓ પર પડી રહ્યા હતા. તેઓ શિવ તરફ જોઈ રહ્યા હતા. આ અમાસની રાત હતી અને નદી પરથી ઠંડો પવન વાઈ રહ્યો હતો. બ્રૅંગા કાફલાની મશાલોના પ્રકાશના પ્રતિબિંબથી ગંગાનું પાણી ઝિલમિલાઈ રહ્યું હતું.

પ્રાચીન પરંપરાઓ અનુસાર ગણલોકોએ મોટા યુદ્ધની શરૂઆત પહેલાં પાંચે પવિત્ર તત્ત્વો મારફત રક્ષા કરવાની વિનંતી કરતાં સ્તુતિગીતો અને સંકટનો સામનો થઈ શકે તેવા પૌરુષના પ્રતીકરૂપ કીર્તિગીતો ગાયાં. મહાગણના મિત્રો આ પરંપરાનું સન્માન કરવા એકત્ર થયા હતા, કારણ કે તેઓએ બીજા દિવસે સવાર થતાં જ કૂચ કરવાની હતી.

શિવે, પરશુરામ તરફ ચિલમ આગળ ધરી અને પોતાના મિત્રોને ગીત ગાવાની સુમધુર કલા શીખવવાનો નિર્ણય લીધો.

'અસલ ચાવી અહીં છે.' શિવે કહ્યું અને પોતાની પાંસળીઓના વચ્ચેના ભાગમાં ઇશારો કર્યો.

'હું માનતો હતો કે તે અહીં છે.' વીરભદ્રે રમતિયાળ ભાવે કહ્યું અને પોતાના ગળા તરફ ઇશારો કર્યો.

શિવે નકારમાં પોતાનું માથું ધુણાવ્યું. 'ભદ્ર ! ધ્વનિમંત્ર મૂળ તો વાયુના સાધન હોય છે. તમારી કુશળતા એમાં રહેલી છે કે તમે તમારા શ્વાસ ઉપર કેટલું નિયંત્રણ રાખી શકો છો; જેનો અર્થ થયો. ફેફસાં અને ફેફસાંઓને પાંસળીઓના માધ્યમથી નિયમિત કરી શકાય છે.

અહીંથી ગાવાનું શરૂ કરો અને તમે જોઈ શકશો કે તમે તમારો સ્વર વધુ સાહજિકતાથી કાઢી શકો છો અને ઉપર-નીચે લઈ જઈ શકો છો.'

નંદીએ એક સૂર ગાયો અને પછી પૂછ્યું, 'હું બરાબર ગાઈ રહ્યો છું, પ્રભુ ?'

'હા.' શિવે નંદીના વિશાળ પેટને જોતાં કહ્યું, 'જો તું તારી પાંસળીઓનું દબાણ તારા પેટ ઉપર અનુભવી શકે તો તું બરાબર ગાઈ રહ્યો છે. બીજી વાત એ જાણવાની છે કે શ્વાસ ક્યારે લેવાનો હોય છે. જો આ વાત તું યોગ્ય રીતે કરી શકીશ તો પંક્તિના અંતમાં તારે મુશ્કેલી અનુભવવી નહીં પડે અને જો તને મુશ્કેલ નહીં પડે તો છેલ્લે કેટલાક સૂર ઉપર ઝડપ કર્યા વગર તું તારી ધૂન પૂરી કરી શકીશ.'

બૃહસ્પતિ, પરશુરામ અને નંદી તન્મય થઈને સાંભળી રહ્યા હતા.

પરંતુ વીરભદ્ર વ્યંગપૂર્વક માથું હલાવી રહ્યો હતો. તેની આંખોમાં વિનોદનો ભાવ હતો. સૂરમાં ગાવાની તે બહુ ચિંતા કરતો ન હતો. 'શિવ, આપ આ વાતને જરા વધારે ગંભીરતાથી લઈ રહ્યા છો. મહત્ત્વપૂર્ણ તો ભાવ હોય છે. જ્યાં સુધી હું મારા હૃદયથી તેને ગાતો હોઉં છું, તો મને નથી લાગતું કે જો હું ગીતની હત્યા પણ કરી દઉં તો કોઈને એના માટે વિરોધ હોવો જોઈએ.'

પરશુરામે વીરભદ્ર તરફ શાંત રહેવા માટે હાથ હલાવ્યો અને પછી તેઓ શિવ તરફ ફર્યા, 'પ્રભુ, આપ જ ગાવ ને અમને દર્શાવો કે એ કેવી રીતે કરી શકાય છે ?'

દરેકની નજર શિવ પર ચોંટેલી હતી અને શિવે આકાશની તરફ જોયું, પોતાના ઠંડા ગળાને મસળ્યું અને પોતાના ગળાને ખંખેરીને સાફ કર્યું.

'બહુ નાટક કર્યું.' વીરભદ્ર બોલ્યા, 'હવે ગાવાનું પણ શરૂ કરો.'

શિવે હસીને વીરભદ્રના હાથ પર હળવેથી થપ્પડ મારી.

'ઠીક છે, હવે શાંતિ !' શિવે પ્રસન્ન હાસ્ય સાથે કહ્યું.

વીરભદ્રે હળવાશથી પોતાના હોઠો ઉપર આંગળી મૂકી દીધી, બુહસ્પતિએ ઘૂરકાઈને તેની સામે જોયું. વીરભદ્રે હાથ લાંબો કર્યો, પરશુરામના હાથમાંથી ચિલમ લીધી અને ઊંડો કશ ખેંચ્યો.

શિવે પોતાની આંખો બંધ કરી દીધી અને પોતાની ભીતર ચાલ્યા ગયા. એક સુમધુર ગુણગુણાહટ તેઓના આત્માના ઊંડાણમાંથી બહાર આવી અને તેઓએ તરત જ એક સંપૂર્ણ સૂર છેડી દીધો. એક પ્રફુલ્લ ગીતની શરૂઆત થઈ અને ભાવવિભોર શ્રોતાઓ તેના મહત્ત્વને સમજી ગયા. આ અગ્નિ પાસે તેઓના આશીર્વાદની યાચના કરતી એક યોદ્ધાની પ્રાર્થના હતી. આ ઉપકારનો બદલો યોદ્ધા યુદ્ધમાં પોતાના શત્રુઓને ચિતાની અગ્નિની ભૂખી જવાળાઓને સમર્પિત કરીને ચૂકવશે. શ્રોતાઓ સહજ રીતે જ સમજી ગયા હતા કે શિવની પ્રકૃતિ બીજાં ચાર તત્ત્વો કરતાં અગ્નિની વધારે નજીક છે.

આ એક નાનકડું ગીત હતું પરંતુ શ્રોતાઓ મંત્રમુગ્ધ થઈ ગયા હતા. જોરદાર તાળીઓના ગડગડાટ સાથે શિવે પોતાનું ગીત ગાયન પૂરું કર્યું.

'આપમાં હજી સુધી સ્વરમાધુર્ય છે.' વીરભદ્રે હસીને કહ્યું, 'આ હિમ જેવા શીતળ કંઠે આપના સ્વરને નષ્ટ કરી દીધા નથી.'

શિવ હસ્યા અને વીરભદ્રના હાથમાંથી ચિલમ લઈ લીધી. તેઓ કશ લેવાની તૈયારી જ કરી રહ્યા હતા ત્યાં તેઓએ અગાશીના દરવાજા પાસે કોઈ ઉધરસ ખાઈ રહ્યું હોય તેવો અવાજ સાંભળ્યો. બધા મિત્રોએ પાછળ ફરીને જોયું તો સતી ત્યાં ઊભી હતી.

શિવે હસતાં હસતાં ચિલમ નીચે મૂકી દીધી, 'શું અમોએ તને જગાડી દીધી ?'

શિવની નજીક આવી રહેલી સતી હસી પડી. 'આપ એટલા ઊંચા સ્વરે ગાઈ રહ્યા હતા કે

પૂરા શહેરને જગાડી દેત. પરંતુ ગીત એટલું સુંદર હતું કે મને જાગી જ વાનો રંજ નથી.'

બધા લોકો હસી પડ્યા. સતી શિવની નજીક જઈને બેસી ગઈ.

શિવ હરયા, 'આ ગીત આપણા દેશનું છે. આ યુદ્ધના સમયે યોદ્ધાનું હૃદય લોખંડનું બનાવી દે છે.'

'મને લાગે છે કે ગીતથી પણ વધુ આપની ગાવાની રીત સુંદર હતી.' સતીએ કહ્યું.

'હા, સાચી વાત છે.' શિવે કહ્યું.

'આપ એ ગીત ગાવાનો કેમ પ્રયત્ન નથી કરતાં, દેવી ?' નંદીએ પૂછ્યું.

'ના, ના.' સતીએ કહ્યું, 'બિલકુલ નહીં.'

'કેમ નહીં ?' વીરભદ્રે પૂછ્યું.

'તું ગાઈશ તો મને ગમશે, પુત્રી.' બૃહસ્પતિએ કહ્યું.

'માની જા. હવે.' શિવે આગ્રહ કર્યો.

'ઠીક છે.' હસતાં હસતાં સતીએ કહ્યું, 'પ્રયત્ન કરીશ.'

શિવે ચિલમ ઉપાડીને સતીને ધરી. સતીએ માથું હલાવી દીધું.

સતી શિવના ગીતને બહુ જ ધ્યાનથી સાંભળી રહી હતી. ગીત, તેની ધૂન, તેના બોલ તેની સમૃતિમાં વસી ગયા હતા. સતીએ આંખો બંધ કરી અને ઊંડો શ્વાસ લીધો અને સંગીતમાં પોતાની જાતને ડુબાડી દીધી. ગીત બહુ જ ધીમા સૂરથી શરૂ થયું હતું. તેઓએ આગળ રજૂ થયેલા ગીતની સાથે તાલ મેળવીને ગીતને ફરી રજૂ કરી દીધું હતું. જ્યાં જરૂર લાગે ત્યાં તેઓ શબ્દોને તાલની સાથે વહેવા દેતાં હતાં અને જ્યાં તેઓને કોમળતાને જકડી રાખવાનું લાગે ત્યાં તેઓ તેને જકડી રાખતાં. અંત તરફ વધતાં વધતાં તેઓનો શ્વાસ તીવ્ર થઈ ગયો અને તેઓ સ્વરને ઊંચે ને ઊંચે લઈ ગયાં જ્યાં ગીત સંપૂર્ણ ભવ્યતા સાથે સમાપ્ત થયું.

'અતિ સુંદર !' ગીત પૂરું થતા શિવે સતીને ભેટીને કહ્યું, 'મને તો ખબર જ નહોતી કે તું આટલું સુંદર ગાઈ શકે છે.'

સતી શરમાઈ ગઈ. 'શું તે એટલું સારું હતું ?'

'દેવી !' અચંબો પામેલ વીરભદ્રે કહ્યું, 'અદ્ભુત હતું એ ગીતગુંજન. મને સદાય લાગતું હતું કે શિવ સંસારના સર્વોત્તમ ગાયક છે, પરંતુ આપ તો તેમનાથી પણ શ્રેષ્ઠ છો.'

'બિલકુલ નહીં.' સતીએ કહ્યું.

'બિલકુલ હા.' શિવે કહ્યું, 'એવું લાગી રહ્યું હતું કે જાણે તે તારી આસપાસની બધી જ અગ્નિને તારી ભીતર ખેંચી લીધી કેમ ન હોય !'

'અને હું તેને મારી ભીતર જ રાખીશ.' સતીએ કહ્યું, 'આપણે આપણા જીવનના યુદ્ધને લડવા જઈ રહ્યાં છીએ. આપણને એ બધી જ અગ્નિની જરૂરત પડશે જે આપણે મેળવી શકીએ તેમ છીએ.'



ગણેશ અને કાર્તિકને વૈશાલીના રાજા માતલિના અંગત ભવનમાં ઉતારો આપવામાં આવ્યો હતો. તેઓની સાથે અયોધ્યાના રાજકુમાર ભગીરથ અને બ્રંગાના રાજા ચંદ્રકેતુ પણ હતા. તેઓ પાસે માહિતી હતી કે મગધ તેઓની નૌકાઓને અયોધ્યા તરફ જતાં રોકવાની તૈયારી કરી રહ્યા નથી. પરંતુ મગધ સેનાને સાવચેત કરી દેવામાં આવી હતી અને તેમના તાલીમના કલાકોને બેગણા કરી દેવામાં આવ્યા હતા. આ ક્યાં તો સુર્પદમન દ્વારા લેવામાં આવેલ સાવચેતીપૂર્ણ

પગલું હતું કે પછી મગધ તેઓ ઉપર ભારે આક્રમણ કરવાની યોજના બનાવી રહ્યું હતું જ્યારે તે અયોધ્યા વિરુદ્ધ યુદ્ધ કરીને થાકી ગયું હોય.

'મગધને પસાર કરતી વખતે આપણે ન તો સૈનિક ગુમાવવા સહન કરી શકીશું ન તો નૌકાઓ ખોવા.' ગણેશે કહ્યું, 'આપણે ખરાબમાં ખરાબ પરિસ્થિતિ માટે તૈયાર રહેવું પડશે.'

'જે રીતે હું જોઈ રહ્યો છું.' ભગીરથે મેજ પર પડેલા નદીના નકશા તરફ ઇશારો કરતાં કહ્યું, 'તેઓના પહેલા પાષાણ પ્રક્ષેપક સરયૂ નદીના પશ્ચિમ કિનારા પર આવેલા મુખ્ય કિલ્લામાં હશે. પૂર્વ તરફ પણ તેઓનો નાનકડો કિલ્લો છે, જ્યાં પણ તેઓ પાષાણ પ્રક્ષેપક ચડાવીને આપણા ઉપર અગ્નિના ગોળા વરસાવી શકે છે, પરંતુ આ કિલ્લાનો આકાર જોઈને મને નથી લાગતું કે તેઓની ક્ષમતા બહુ વધારે હશે. એટલા માટે મારું સૂચન છે કે આપણે આપણી નૌકાઓને સરયૂ નદીના પૂર્વ તરફના કિનારાની નજીકથી લઈ જઈએ.'

'પરંતુ વધુ નજીકથી પણ નહીં.' ચંદ્રકેતુએ કહ્યું.

'બિલકુલ.' ભગીરથે કહ્યું, 'આપણે પૂર્વ તરફના નાના પાષાણ પ્રક્ષેપકથી પણ નુકસાન વેઠવા માગતા નથી.'

'સાથે સાથે આપણે એ બરાબર નક્કી કરી શકીએ છીએ કે આપણે આપણાં વહાણો પર આધાર ન રાખતાં, આપણા નાવિકોને નૌકાઓને ઝડપથી હંકારી જવાનું પણ કહીએ.' વૈશાલીના રાજા માતલિએ કહ્યું.

'પરંતુ યાદ રાખજો, આપણે નદીની કોઈ પણ બાજુ હોઈએ અને ગમે તેટલી ઝડપથી નૌકાઓને લઈ જઈએ, પણ જો તેઓએ આક્રમણ કરવાનો નિર્ણય લઈ લીધો હશે તો આપણે સૈનિકોને ગુમાવીશું.' ગણેશે કહ્યું, 'યાદ રહે, આપણે નૌકાઓ ઉપર હોઈશું, એટલે વળતો હુમલો કરવા ઝડપથી આપણા સૈનિકોને કિનારા ઉપર ઉતારી નહીં શકીએ.'

'શા માટે આપણે તેઓનાં જોખમોને વધારી ન દેવું ?' કાર્તિકે પૂછ્યું.

'કેવી રીતે ?' ગણેશે પૂછ્યું.

'મગધ પહેલાં દરેક નૌકાના અડધા સૈનિકોને કિનારે ઉતારી દેવાના. આપણે તેઓને આપણી નૌકાઓ સાથે સાથે પૂર્વકિનારે પગે ચાલીને આવવાનું કહીએ. વજન ઓછું થવાને લીધે આપણી નૌકાઓની ગતિ ઝડપી બનશે. સાથે સાથે પૂર્વકિનારે મગધના કિલ્લાને ખબર પડી જશે કે તેઓના કિલ્લા બહાર શત્રુસૈનિકોનું વિશાળ લશ્કર છે. કોઈ પણ મૂર્ખામી કરતા પહેલાં તેઓ બે વાર વિચાર કરશે.'

'આ વિચાર મને ગમ્યો.' ભગીરથે કહ્યું.

'મેં બીજી પણ સાધારણ વાત વિચારી છે.' ચંદ્રકેતુએ કહ્યું.

ગણેશે બ્રગાના રાજા તરફ જોયું.

'સ્વદ્વીપમાં મગધ રાજવંશ સૌથી ગરીબ છે.' ચંદ્રકેતુએ કહ્યું, 'આમ તો આ શક્તિશાળી રાજ્ય છે પરંતુ રાજા મહેન્દ્ર પોતાના પુત્ર ઉગ્રસેનની સાથે સાથે પોતાના જુગારના વ્યસનના કારણે પોતાના ખજાનામાંથી એક વિશાળ રકમ ખોઈ ચૂક્યા છે.'

'શું આપ તેને પ્રલોભન આપવા માગો છો ?' ભગીરથે પૂછ્યું.

'શા માટે નહીં ?'

'પહેલી વાત તો એ કે આપણને ખૂબ નાણાંની જરૂરત પડશે. કેટલીક હજાર સુવર્ણમુદ્રાઓ પૂરતી નહીં હોય. આપણે કેટલાક સૈન્ય અધિકારીઓ સાથે નહીં પણ ખુદ રાજવંશ સાથે સોદો કરી રહ્યા હોઈશું.'

'શું એક લાખ સુવર્ણમુદ્રાઓ પૂરતી થશે ?'

ભગીરથ આંચકો ખાઈ ગયા. 'એક લાખ ?'

'હા.'

'ફક્ત ઈજા પામ્યા વગર જવા માટે ?'

'હા.'

'પ્રભુ રુદ્ર કૃપા કરે. આ તો મગધ રાજ્યની આશરે છ મહિનાના કરની રકમ હશે.'

'બિલકુલ. પહેલી નૌકામાં આની અડધી રકમ લઈને દિવોદાસને મગધ મોકલી દઈશ. બાકીની રકમ ત્યારે આપવામાં આવશે જ્યારે આપણી છેલ્લી નૌકા પણ સહીસલામત નીકળી જશે.'

'પરંતુ તેઓ આ નાણાનો ઉપયોગ શસ્ત્રો ખરીદવામાં કરી શકે છે.' કાર્તિકે કહ્યું.

'તેઓ એ એટલું જલદી નહીં કરી શકે.' ચંદ્રકેતુએ કહ્યું, 'અને યુદ્ધ પૂરું થઈ ગયા પછી તેઓ નાણાનું શું કરે છે તે મારી ચિંતાનો વિષય નથી.'

'શું આપને ખરેખર આટલું સુવર્ણ આપવું પોષાશે મહારાજ ?' ગણેશે પૂછ્યું.

ચંદ્રકેતુ હસ્યા, 'અમારી પાસે જોઈએ તે કરતાં ઘણું વધારે છે, માનનીય ગણેશ. પરંતુ અમારા માટે તેનો કોઈ અર્થ નથી. સોમરસ રોકવા માટે હું તે બધું જ સુવર્ણ આપી શકું છું જે અમારી પાસે છે.'

'બરાબર.' ગણેશે કહ્યું, 'આ કામ ન થાય તે માટે મને કોઈ કારણ દેખાતું નથી.'



પ્રકરણ- ૨૧

અયોધ્યા પર ઘેરો

આગેવાન નૌકાના ઉપરના ભાગે શિવ ગોપાલ, સતી અને કાલીની સાથે બેઠા હતા. મંદમંદ વાતો શીતળ પવન સુખદ લાગતો હતો. છપ્પન નૌકાઓનો કાફલો નદીની ઉપરની તરફ સતત આગળ વધતો જતો હતો. શિવ જાણતા હતા કે થોડાં અઠવાડિયાંઓમાં તે ચંબલના મૂળ સુધી પહોંચી જશે જ્યાં સૈનિકોને નીચે ઊતરી નર્મદા સુધી પગે ચાલીને જવું પડશે.

'પંડિતજી, શું આપની નૌકાઓ, આપણી સાથે આવી રહેલા પંચાવન હજાર સૈનિકો માટે વધારાની સગવડ સાથે નર્મદા ઉપર આપણી રાહ જોઈ રહી હશે ?' કાલીએ પૂછયું.

'હા, રાણી.' ગોપાલે કહ્યું, 'કારણ કે અમે જાણતા હતા કે અમે નૌકાઓનો ઉપયોગ નહીં કરી શકીએ જેના પર અત્યારે આપણે સફર કરી રહ્યા છીએ, એટલા માટે આપણી નૌકાઓને વધારાનો ભાર ઉપાડી શકાય તે માટે ખાસ પ્રકારે બનાવવામાં આવી છે.'

'જે નકશાઓ આપણે જોયા છે તે પ્રમાણે,' સતીએ કહ્યું, 'આપણે ત્રણ મહિનામાં લોથલ પહોંચી જવું જોઈએ, બરાબરને, પંડિતજી ?'

'હા, સતીજી.' ગોપાલે કહ્યું, 'જો અનુકૂળ હવામાન હશે તો આપણે વહેલા પણ પહોંચી જઈશું.'

'શું તને લોથલના ગવર્નર તરફથી કોઈ સંદેશો મળ્યો છે, કાલી ?' શિવે પૂછયું.

'મારા રાજદૂત સંદેશા સાથે નર્મદા ઉપર આપણી રાહ જોઈ રહ્યા હશે.' કાલીએ જવાબ આપ્યો, 'મારા પર ભરોસો રાખજો, લોથલમાં આપણને સરળતાથી પ્રવેશ મળી જશે. પરંતુ આપણી સેનામાં કોઈ વિશાળ ભરતી થાય તેવી આશા ન રાખતા. લોથલમાં બે-ત્રણ હજારથી વધુ સૈનિક નથી હોતા.'

'આપણે ખરેખર તો તેઓના સૈનિકોની જરૂરત નથી.' શિવે કહ્યું, 'આપણી પાસે પૂરતા પ્રમાણમાં આપણી સેના છે. નર્મદા પર રાહ જોઈ રહેલી વાસુદેવસેના, તારી પોતાની નાગસેના અને આ બ્રંગા સેના સાથે આપણી પાસે એક લાખથી પણ વધુ સૈનિકો છે. તે મેલુહાની સેનાના જોરને પહોંચી વળે તેમ છે.'

'આપણે તેઓને સરળતાથી હરાવી દઈશું.' કાલીએ કહ્યું.

'મારી આક્રમણ કરવાની યોજના નથી.' શિવે કહ્યું.

'મારા વિચાર પ્રમાણે આપે આક્રમણ કરવું જોઈએ.'

'આપણે તો ફક્ત સોમરસ બનાવતી જગ્યાઓનો નાશ કરવો છે, કાલી.'

'પરંતુ આપની સાથે નાગાઓ છે. આપે સામસામા યુદ્ધથી ભય રાખવાની જરૂર નથી.'

'હું ભય નથી રાખતો. મને બસ એમાં કોઈ સાર્થકતા નથી દેખાતી. આ આપણા મુખ્ય ધ્યેય -- સોમરસના વિનાશથી આપણને અવળે પાટે ચડાવી દેશે. આપણે મેલુહાનો વિનાશ કરવાની ઇચ્છા નથી રાખતા. આ વાત ભૂલતા નહીં.'

'મને વિશ્વાસ છે કે જ્યારે પણ હું આ ભૂલી જઈશ ત્યારે આપ મને યાદ કરાવી જ દેશો.' કાલીએ કહ્યું.

શિવ હસ્યા અને તેઓએ માથું હકારમાં હલાવી દીધું.



સરયૂ સુધીની સફર નવાઈ પમાડે તે રીતે ઘટનાવિહીન રહી. મગધના સૈન્ય ગણેશની નૌકાઓ પર આક્રમણ ન કર્યું. વિશાળ કાફલો એટલો લાંબો હતો કે મગધના રક્ષકોએ મિનારાઓ ઉપર ઊભા રહી આખો દિવસ નૌકાઓને પસાર થતી જોવામાં જ વિતાવી દીધો.

એક અઠવાડિયાની ઉપર થોડા સમયે, ગણેશે પોતાની નૌકાઓને લંગર નાખવાનો આદેશ આપ્યો. કાર્તિક ભગીરથ, ચંદ્રકેતુ અને ગણેશ નાની નૌકાઓમાં બેસીને કિનારે પહોંચ્યા. બહુ જ દૂર સુધી જંગલોને કાપીને સાફ કરી દેવામાં આવ્યાં હતાં. કાશીમાં બ્રંગાના બિનવસાહતીના નેતા દિવોદાસ વીસ સૈનિકો સાથે ત્યાં રાહ જોઈ રહ્યા હતા.

જેવી નાવ કિનારાને અડકી કે ગણેશ કૂદીને ઊતરી ગયા અને છીછરા પાણીમાં ચાલતાં ચાલતાં નદીના કિનારે પહોંચી ગયા. બાકીના બધાએ પણ તે પ્રમાણે કર્યું. કાંઠે પહોંચીને ગણેશે ધરતી પર પોતાનું માથું ટેકવ્યું. તેઓએ જંગલમાં અંદર સુધી જોયું અને એ સમયને યાદ કર્યો જ્યારે ઘણા સમય પહેલાં તેઓએ ઝાડોની પાછળ સંતાઈને પોતાની માતાને જોઈ હતી. 'કાર્તિક, આ બલ-અતિબલ કુંડ છે. અહીં જ સપ્તર્ષિ વિશ્વામિત્રે ભગવાન રામને ઉત્કૃષ્ટ કુશળતાઓ શીખવી હતી.'

કાર્તિકની આંખો વિસ્મયથી પહોળી થઈ ગઈ. તે નીચે નમ્યો અને હાથથી ધરતીને સ્પર્શ કર્યો અને ધીમેથી બોલ્યો, 'જય શ્રીરામ.'

તેની આજુબાજુ ઊભેલા સૌએ પણ સાથ આપ્યો -- 'જય શ્રીરામ.'

'કાર્તિક.' ગણેશે કહ્યું, 'આ ધરતીને સપ્તર્ષિ વિશ્વામિત્ર અને ભગવાન રામે પવિત્ર કરી હતી, પરંતુ અનેક લોકો તેમની મહાનતાને ભૂલી ગયા છે. આપણે રક્ત વડે આ ધરતીનાં માન-સન્માનને ફરીથી પ્રાપ્ત કરવું પડશે.'

કાર્તિકને સમજવામાં થોડી વાર થઈ, 'આપને લાગે છે કે સુર્પદમન આપણો પીછો કરી શકે છે ?'

ગણેશ હસ્યા, 'તે આપણો પીછો કરશે. મારી વાત માનજે. અયોધ્યાનો ઘેરો એટલા માટે કરવાનો છે કે સુર્પદમન મગધની બહાર દોડી આવશે. એક વાર તે બહાર આવી ગયો એટલે આપણે તેની સેનાનો નાશ કરી તેમના નગર પર કબજો કરી લઈશું. ગંગા પરના મગધના અવરોધની સાથે આપણે અયોધ્યાની નૌકાઓને સરળતાથી રોકી શકીશું. અને મગધનું ભવિષ્ય નક્કી કરવાનું યુદ્ધ અહીં લડવામાં આવશે. માટે આ એ સ્થાન છે જ્યાંથી હું ઇચ્છીશ કે તું એમના ઉપર આક્રમણ કરે.'

'મને તો એવું લાગતું હતું કે સુર્પદમન પોતાના પિતાને મનાવી લેશે.'

'તે ચતુર વ્યક્તિ છે, કાર્તિક. જેટલું હું સમજ્યો છું, તે પ્રમાણે તેની ઇચ્છા આપણને ટેકો આપવાની હતી, પરંતુ આટલા વિરોધ સામે, તે એ જ કરશે જે તેના સર્વશ્રેષ્ઠ હિતમાં હશે અને તેની પાસે મેળવવાનું ઘણુંબધું છે. પોતાના ભાઈના મૃત્યુનો બદલો લઈ તે પોતાના પિતા અને દેશવાસીઓનો પ્રેમ જીતી લેશે. તે અયોધ્યાના ઉદ્ધારકના સ્વરૂપે સામે આવશે, જોકે થોડા વિલંબ પછી, જેથી અયોધ્યા નિર્બળ થઈ જાય અને કોને ખબર છે, તે નીલકંઠના પુત્રોને પણ કેદી બનાવી શકે છે. -- શું આ વાત તેને ભૃગુના જોરદાર મિત્ર ન બનાવી દે ?' ગણેશે વ્યગપૂર્વક હાસ્ય સાથે કહ્યું, 'હા, ભાઈ, તે આક્રમણ કરશે અને જાણશે કે ચતુર લોકોએ સદાય પોતાના અંતરઆત્માને સાંભળવો જોઈએ.'

કાર્તિકે ઊંડો શ્વાસ લીધો અને આકાશ તરફ જોયું અને પછી આંખોમાં કઠોર સંકલ્પ લઈને તે ગણેશ તરફ ફર્યો, 'આપણે આ નદીને લોહીથી લાલ કરી દઈશું, મોટાભાઈ.'

ભગીરથે તેના જાણીતા અચંબા અને ડરના ભાવ સાથે કાર્તિક તરફ જોયું.

'આ જ ધરતી શા માટે, માનનીય ગણેશ ?' ચંદ્રકેતુએ પૂછયું.

'મહારાજ,' ગણેશે જવાબ આપ્યો, 'જેમ કે આપ જોઈ શકો છો કે આ જમીનનો ટુકડો લાંબો અને સાંકડો છે. તે સુર્પદમનને લલચાવશે કે તે કિનારે પોતાની નૌકાઓનાં લંગર પણ નાખી દે, એ રીતે તેની સેના પાતળી થઈને ફેલાઈ જશે. કિનારાથી આ જંગલ કાંઈ બહુ દૂર નથી. જેનો અર્થ એ થશે કે આપણી મુખ્ય સેના ઝાડોની પાછળ છુપાઈ રહી શકે છે. કિનારે તો આપણું એક નાનું સૈન્ય હશે.'

ભગીરથ હસ્યો, 'આ તો એક મજાનું છટકું હશે. સુર્પદમન કદાચ કલ્પના કરશે કે આ એક નાનકડી પલટન છે જે અયોધ્યાના ઘેરાવને છોડીને આવી છે. પોતાના સૈનિકોને વિજયનો સ્વાદ ચખાડવા તે એ બધાને મારી નાખશે.'

'બરાબર.' ગણેશે કહ્યું, 'પરંતુ મુખ્ય લડાઈ જમીન પર નહીં લડાય. આપણે અહીં જ તેને દબાવી દેવો પડશે, જેના માટે જો ઈમાનદારીથી કહું તો બહુ જ વધારે સાહસની જરૂર પડશે, કારણ કે તેની પાસે પણ ઘણું મોટું સૈન્ય હશે. માટે જ હું કાર્તિકને અહીં રાખવા માગું છું, પરંતુ સુર્પદમનને નદીમાં જ હરાવી દેવામાં આવશે.'

'કેવી રીતે ?' ચંદ્રકેતુએ પૂછયું.

'હું અયોધ્યાથી પાછો આવીશ અને સામેથી જ તેની નૌકાઓને ટક્કર આપીશ.' ગણેશે કહ્યું, 'મેં રાજા માતલિને પણ ત્રીસ નૌકાઓ સાથે શારદા નદી પર રાહ જોવાનું કહ્યું છે. શારદા નીચે સરયૂને મળે છે. સુર્પદમનની નૌકાઓ નીકળ્યા પછી મગધના લોકોને પાછળથી ઘેરીને વૈશાલીનો કાફલો સરયૂમાં આગળ વધશે. મારી ટુકડી તેઓ ઉપર સામેથી હુમલો કરશે જ્યારે વૈશાલીની સેના તેઓને પાછળથી ઘેરી લેશે. કાર્તિકે એટલો સમય સુર્પદમનને રોકી રાખવો પડશે, જેથી તેની નૌકાઓનો કાફલો જરાય ખસી ન શકે.'

'તે રાજા માતલિ અને આપની નૌકાઓ વચ્ચે ફસાઈ જશે.' ચંદ્રકેતુએ કહ્યું, 'એના માટે પછી કોઈ જગ્યા રહેશે નહીં.'

'બિલકુલ.'

'સારી યોજના લાગી રહી છે.' ભગીરથે કહ્યું.

'યુદ્ધની સફળતા બે વાત ઉપર ટકેલી છે.' ગણેશે કહ્યું, 'પહેલી વાત -- કાર્તિકે સુર્પદમનને પોતાની નૌકાઓને લંગર નાખવા અને કિનારા ઉપર આપણા સૈનિકો ઉપર હુમલો કરવા માટે લલચાવવાનો રહેશે. જો એમ ન થાય તો તે આગળ વધતો રહેશે અને તેની મોટી નૌકાઓ મારી નાની નૌકાઓનો નાશ કરી દેશે અને સંભવ છે કે યુદ્ધનું પલ્લ તેની તરફ નમી જશે. મગધની નૌકાઓ મોટી છે અને તેને મજબૂત બનાવવામાં આવી છે. જો કાર્તિક સુર્પદમનને

કિનારે લાવવામાં નિષ્ફળ ગયો તો મારા મતે આપણા કાફલાને મોટું નુકસાન સહેવું પડશે. આ સંભાવનાને સંભાળવા માટે મારે નેતૃત્વમાં રહેવું પડશે.'

'અને બીજી વાત ?' ભગીરથે પૂછયું.

'રાજા માતલિએ સુર્પદમન મગધ પાછો ન જાય તે માટે તેને રોકવા માટે મોરચો સંભાળી રાખવો પડશે. આ સાણસી જેવા છટકાને બંધ કરી દેશે.'

ચંદ્રકેતુને ન તો કાર્તિકના સાહસ પર શંકા હતી કે ન તો તેની વ્યહાત્મક વિચારસરણી પર. તે જે બોલ્યો તેમાં યુવા યોદ્ધા માટે સન્માન વ્યક્ત થતું હતું. 'આપ આપના દળ અને બળ પર ઊભા છો, કાર્તિક. હવે આ બધું જ આપના શિર પર છે.'

કાર્તિકે આંખો ઝીણી કરી, પોતાનો હાથ તલવારની મૂઠ ઉપર મૂક્યો, 'હું તેને ખેંચી લાવીશ મહારાજા ચંદ્રકતુ, અને એક વાર જો હું તેને ખેંચી લાવ્યો તો હું આપને ભરોસો આપું છું કે તેની પૂરી સેનાને જાતે કાપી નાખીશ. આપણી નૌકાઓને યુદ્ધમાં સામેલ થવાની જરૂરત જ ઊભી નહીં થાય.'

ગણેશ પોતાના ભાઈને જોઈને હસ્યો.



ગણેશે મેજ પર પડેલા એક બીજા દસ્તાવેજને હાથમાં લીધો અને વાંચવા માંડ્યા, પછી પોતાની થાકી ગયેલી આંખોને મસળવા માટે થોડી વાર રોકાઈ ગયા. તેઓ પોતાના અંગત કક્ષમાં બેઠા હતા અને આક્રમણની પ્રગતિ માટે, પોતાના જાસૂસો મારફત મોકલવામાં આવેલા સંદેશાઓથી ઘેરાઈ ગયા હતા. ઘણાબધા સંદેશા એવા હતા જેમાં અયોધ્યાની પ્રજાની માનસિકતાથી લઈને ધનુર્ધરોની તીર માટેની માંગ પૂરી કરવા શસ્ત્રાગારની પ્રગતિ અંગે પણ જણાવવામાં આવ્યું હતું. યુદ્ધની તૈયારીઓ શરૂ થયા પછી તેઓ અનેક અઠવાડિયાંઓથી બરાબર ઊંઘી શક્યા પણ નહોતા અને તેઓનું શરીર આરામ માંગી રહ્યું હતું -- પરંતુ આ સંદેશાઓ રાહ જોઈ શકે તેમ ન હતા. એવું લાગી રહ્યું હતું કે અયોધ્યા સમર્પણની ધાર ઉપર ઊભું હતું અને હવે કોઈ પણ ખોટું પગલું વિનાશકારી સાબિત થઈ શકતું હતું. કાર્તિક અને ચંદ્રકેતુ ધીરજ રાખીને તેઓની પાસે બેઠા હતા અને સંદેશાઓના અવિરત પ્રવાહમાં ગણેશને મદદ કરી રહ્યા હતા. મૌન બેઠેલા એ ત્રણે ભગીરથના પાછા ફરવાની રાહ જોઈ રહ્યા હતા જેથી તેના અભિયાનના સમાચાર સાંભળી શકે.

અયોધ્યાનો ઘેરાવ એક મહિના પહેલાં શરૂ થઈ ગયો હતો. ગણેશની નૌસેનાએ પ્રાચીન યુદ્ધપ્રણાલી મુજબ ખૂબ જ સારી રીતે નગર ઉપર આક્રમણ કર્યું હતું. સરયૂના પશ્ચિમ કિનારે કાફલાના એક મોટા હિસ્સાને બે પંક્તિઓમાં, પૂર્વના કિનારાના કિલ્લાની દીવાલો પર રાખવામાં આવેલાં શસ્ત્રોની પહોંચથી દૂર, લંગર નાખીને ઊભા કરી દેવામાં આવ્યા હતા. કતારબંધ નૌકાઓ અયોધ્યાની ઉત્તર તરફ ફેલાઈ ગઈ હતી, ફક્ત એ શિખરથી જરા દૂર જ્યાં સરયૂ એક ઝરણું બની નીચે પડે છે. નાનકડી જીવનરક્ષક નૌકાઓને બધી નૌકાઓની ડાબી તરફ ગણેશે બંધાવી રાખી હતી અને રક્ષક એક એક પળ બરાબર ચોકી કરી રહ્યા હતા. આ અયોધ્યાના છેડેથી ગુપ્ત નૌકાઓ મારફત નૌકાઓને આગ લગાડવાના પ્રયત્નને રોકવા માટે હતું. સેનાનો એક હિસ્સો નૌકાઓની ડાબી બાજુ અને ખુદ કિનારે છાવણી લગાવી બેસી ગયા હતા જેથી અયોધ્યાવાસીઓના છૂપા હુમલાને રોકી શકાય.

અને દૂર દક્ષિણમાં ગણેશે ખુદની નૌકાઓના લંગર નાખ્યાં હતાં અને તેને નદીની આરપાર

દસ પંક્તિઓમાં એક સાથે બાંધી રાખ્યા હતા. અવરોધક નૌકાઓના પહેલા સ્તરની એકદમ પાછળ એક બીજી પંક્તિ હતી. એની પાછળ પાંચ અત્યંત ઝડપી નૌકાઓ નદી ઉપર ફરી રહી હતી, જેથી કોઈ પણ અયોધ્યાવાસી ભાગી જવાનો પ્રયત્ન કરે તો તે અસફળ બનાવી શકાય. આ રીતે, જો અયોધ્યાની કોઈ પણ નૌકા નદીના અવરોધને તોડીને ભાગવાનો પ્રયત્ન કરે તો એણે વીસ દુશ્મનનૌકાઓની એક મોટી હરોળ અને પાંચ ઝડપી નૌકાઓ સાથે યુદ્ધ કરવું પડે.

રક્ષણ કરતી સેના દ્વારા આસપાસનાં જંગલોને કાપી નાખવામાં આવ્યાં હતાં જેથી આક્રમણ થાય ત્યારે તેઓ દૂર સુધી સ્પષ્ટ જોઈ શકે. મેલુહાના સેનાપતિ -- પ્રસેનજિતે, જેઓને ભૃગુ ત્યાં મૂકી ગયા હતા, અયોધ્યાવાસીઓને ખુલ્લા મેદાનને હજી વધારે પહોળું કરવા માટે સમજાવવા ખૂબ પ્રયત્ન કર્યા હતા પણ તેઓ નિષ્ફળ ગયા હતા. ગણેશે પોતાના સૈનિકો મારફત બીજી પંક્તિનાં વૃક્ષોને કાપી નખાવ્યાં હતાં, જેથી આગ સામે રક્ષણ મળી શકે. એક વખત બહારની અગ્નિરેખા નક્કી થઈ ગઈ એટલે ગણેશે હુકમ કર્યો હતો કે આ બંને રેખાઓ વચ્ચેનાં વૃક્ષોને સળગાવી દેવામાં આવે. એનાથી ઉત્પન્ન થયેલ સખત ગરમી અયોધ્યાની આસપાસ કરવામાં આવેલી સુરંગોને પાડી દઈ શકે છે જે નગરમાં ચોરીથી ભોજન લઈ જવા માટે કામ આવતી હતી. આગ લગાતાર ચાર દિવસ ચાલતી રહી અને તેણે 'અભેદ નગર'ના નાગરિકોને હતોત્સાહ કરી દીધા હતા.

અયોધ્યાની ઉત્તરમાં એક સીધા શીખર પરના ધોધે કુદરતી અવરોધકનું કામ કરી દીધું હતું, જેણે નૌકાઓને સરયૂની ઉત્તર તરફ આગળ જતાં રોકી દીધી હતી -- અયોધ્યાવાસીઓએ આ ધોધની નજીક ચાર દીવાલોવાળા ઘાટમાં એક નહેર બનાવી લીધી હતી. એકમાત્ર આ સાંકડી નહેરને સહેલાઈથી રક્ષણકર્તા બનાવી દીધી હતી. જ્યારે દરવાજાવાળી દીવાલની બહાર નીકળતી આ નહેરે નાવ-ઘાટની રક્ષા કરવાનું કામ ઉપાડી લીધું હતું અને સાથે સાથે તે શત્રુઓની નૌકાઓ માટે અવરોધ પણ ખડી કરતી હતી. ગણેશે વૃક્ષોને કાપ્યા પછી વધેલાં લાકડાંઓને નહેર રોકવા માટે વાપર્યાં હતાં અને આમ નગરના ઘેરાવને નાવઘાટ સુધી વિસ્તારી દીધો હતો. તેઓ તેને અંદર જ સીમિત કરી દેવા માગતા હતા અને આમ કરવાથી નાવ-ઘાટને ઘેરવા માટે તેઓને વધુ નૌકાઓની જરૂરત નહોતી પડવાની.

ગણેશ જાણતા હતા કે મેલુહાવાસીઓએ -- અયોધ્યાવાસીઓ માટે પક્ષીદૂત પ્રણાલી સ્થાપી હતી. એનો નાશ કરવા માટે તેઓએ એક બહુ જ સાધારણ રણનીતિ નક્કી કરી હતી. અયોધ્યાની બહાર અને સરયૂના કિનારે તેઓએ અનેક વૃક્ષોની ટોચ પર ૬૦૦ બાણાવળી મૂકી દીધા હતા. આ બાણાવળી દિવસમાં ત્રણ પાળી બદલીને આઠ આઠ કલાકો કામ કરતા હતા. તેઓ ચોવીસે કલાક સતત ચોકી કરતા હતા. તેઓને આપવામાં આવેલો હુકમ સાવ સાધારણ હતો : આકાશમાં તેઓને જે કોઈ પક્ષી દેખાય, તે સૌને મારી નાખવાનાં. આમાંથી મોટાભાગનાં પક્ષીઓ જાણકારોના હાથમાં આવી જતાં હતાં. આ રીતે મેળવેલા પક્ષીઓ પાસેથી તેઓ ફક્ત મેલુહા અને અયોધ્યા વચ્ચે થનાર સંદેશાઓને મેળવી લેતા હતા પણ સાથે સાથે મરેલાં કબૂતર અને બીજાં પક્ષીઓ સૈનિકો માટે તાજા માંસનો અવેજ બની જતાં હતાં.

અયોધ્યાએ પીવાના પાણી માટે સરયૂમાંથી નહેરો બનાવી હતી જે નદીમાંથી શહેરની દીવાલોની અંદર જતી હતી. સરયૂના કિનારે નિપુણતાપૂર્વક બનાવવામાં આવેલ વિશાળ જળ-ચક્રોના માધ્યમથી નહેરોને પાણી પહોંચાડવામાં આવતું હતું. આ ચક્ર નદીના પ્રવાહને ઘુમાવવાનું કામ કરતા હતા. તેની અંદર અનેક ડોલ બાંધેલી હતી જે પાણીને ભરતી અને ઉપર પહોંચીને તેને નહેરમાં છોડી દેતી હતી. કોઈ નુકસાન ન કરે એ માટે આ ચક્રોની આસપાસ લાંબી લાંબી દીવાલો બનાવી દેવામાં આવી હતી. જોકે દીવાલોમાં છેક નીચે એક છીદ્ર રાખવામાં આવ્યું હતું. ત્યાંથી ડોલ પાણી ભરતી હતી. ખુલ્લા ભાગને પિત્તળના સળિયાથી બંધ

કરી દેવામાં આવ્યો હતો, જેની વચ્ચેનો ભાગ એટલો પહોળો હતો કે વચ્ચેથી પાણી લઈ જઈ શકાતું હતું, પણ તે એટલો પહોળો પણ ન હતો કે કોઈ માણસ તેની વચ્ચેથી તરીને જઈ શકે, પરંતુ આ આખી રચના ગણેશને રોકી શકી ન હતી.

ગણેશે રાત્રે પોતાના સૈનિકોને નાનાં નાનાં, તરતાં લાકડાનાં પાત્રો લઈને સરયૂમાં તરવા મોકલ્યા. આ પાત્રોમાં એનાથી પણ નાના તેલથી ભરેલાં લોખંડનાં પાત્રો હતાં. લાકડા અને લોખંડનાં પાત્રોની વચ્ચે પાણી અને શણની બનેલી એક બત્તી આ ઉપકરણને સંપૂર્ણ કરતી હતી. આગ લગાવતાં જ બત્તી તેલને ગરમ કરતી, જેનાથી પાણી ઊકળવા માંડતું, પરિણામે ગરમીના લીધે બનતું દબાણ એક વિસ્ફોટ કરી દેતું જેમાં ખુદ લોખંડ અને લાકડી છરીનું કામ કરતાં. કુશળ તરવૈયાઓનું કામ આ ઉપકરણોને યોજનાબદ્ધ રીતે જળ-ચક્રોની ડોલોની વચ્ચે રાખવાનું હતું અને એ રીતે તેનો નાશ કરવાનું હતું. અયોધ્યાના હાજર કૂવાઓ તેઓના અસંખ્ય રહીશોની તરસ ક્યારેય છિપાવી ન શકત.

ગણેશે બિન-યોદ્ધા મહિલાઓ અને પૂજારીઓની એક નાની સંખ્યાને રોજ શહેરની બહાર આવી, અંગત ઉપયોગ માટે ઓછા પ્રમાણમાં પાણી લઈ જવાની રજા આપી હતી. તેઓએ એ પણ હુકમ કર્યો હતો કે પ્રતિરોજ આ સંખ્યા નિયમિત રીતે ઓછી થતી જશે, જ્યાં સુધી અયોધ્યાના લોકો સમર્પણ ન કરી દે. આ એક ધીમું દબાણ હતું જેને એવી રીતે રચવામાં આવ્યું હતું કે છેલ્લે આમજનતા તેઓના અગ્રણીઓ વિરુદ્ધ ઊભી થઈ જાય. ગણેશના સૈનિકોએ બહાર આવતા અયોધ્યાવાસીઓને નીલકંઠની ઇચ્છા વિરુદ્ધ જવા માટે અને મેલુહાનો પક્ષ લેવા માટે તિરસ્કારભર્યો વર્તાવ કરીને માનસિક યુદ્ધ પણ શરૂ કરી દીધું હતું. તેઓને જણાવવામાં આવ્યું હતું કે ગણેશ દ્વારા અયોધ્યા પર આક્રમણ ન કરવાનું એકમાત્ર કારણ, ત્યાંના નિર્દોષ લોકોને નુકસાન પહોંચાડવાનું નથી, જેને તેઓના સમ્રાટ દિલીપના નિર્ણયોથી કોઈ લેવાદેવા નથી.

રોજ બે વખત આવવા-જવાને લીધે કેટલાક અયોધ્યાવાસીઓનો એક વધુ ઉદ્દેશ પૂરો કર્યો હતો. એને રામજન્મભૂમિ મંદિરમાં છુપાયેલા વાસુદેવ પંડિતને પૂરા ભારતના મંદિરોના વાસુદેવ પંડિતો દ્વારા એકઠી થયેલી સૂચના લઈને એક સંદેશાવાહકને ગણેશ પાસે મોકલવાની તક મળી હતી.

બે અઠવાડિયા પછી અંદર અંદરની સમજૂતી પર પહોંચવા માટે ગણેશે ભગીરથને પોતાના પિતાના રાજ્યના ઉમરાવ લોકોને મળવા માટેનો પ્રસ્તાવ મૂક્યો. અયોધ્યાવાસીઓએ તરત જ આ મોકો ઝડપી લીધો.

ગણેશે પોતાની થાકી ગયેલી માંસપેશીઓને ખેંચી અને કક્ષમાં પોતાની સાથે બેઠેલા કાર્તિક અને ચંદ્રકેતુ તરફ જોયું. તેઓ પણ મુશ્કેલીથી ઊંઘી શક્યા હશે, પરંતુ પોતાના થાકને છુપાવીને તેઓએ કાગળો જોવાના ચાલુ રાખ્યા. ગણેશ પોતાની જાત પર હસ્યા. જ્યારે આ બધું પતી જશે, તેઓએ વિચાર્યું, અમે બધા પોતપોતાના કક્ષમાં બંધ થઈ જઈશું અને અઠવાડિયા સુધી સૂતા રહીશું.

પગલાં સંભળાયાં અને કક્ષનો દરવાજો ખોલતા પહેલાં ધીમેથી ટકોરા સંભળાયા. ભગીરથે ધીમેથી ગણેશ તરફ માથું ઝુકાવ્યું. હવાના લીધે તેના વાળ થોડા ફેંદાઈ ગયેલા હતા, પછી અંદર આવી તે ત્રણે વ્યક્તિઓ પાસે આવી બેસી ગયો.

'શું સમાચાર છે, ભગીરથ ?' સંદેશાઓના ઢગલાને એક તરફ ખસેડતાં પૂછયું.

'મને દુ:ખ છે કે બહુ સારા સમાચાર નથી.'

'ખરેખર ?' ચંદ્રકેતુએ કહ્યું, 'મને લાગતું હતું કે અયોધ્યાની સેના ખરાબ રીતે છૂટી પડી ગઈ હશે. તેમાં ભાગલા પડી ગયા હશે. મને તેનું કોઈ બીજું કારણ સમજમાં આવતું નથી કે

આપણે આટલી સરળતાથી શહેર ઉપર ઘેરાવ કેવી રીતે નાખી શક્યા. ન ઝડપ, ન ગુપ્ત આક્રમણ, કશું નહીં. એનો મતલબ તો ફક્ત એ જ હોઈ શકે કે સેનાનો લડવાનો વિચાર જ નથી.'

ભગીરથે ડોકું હલાવ્યું, 'આપ અયોધ્યાને જાણતા નથી, મહારાજ ચંદ્રકેતુ. આ સેનાની કાયરતા નથી પણ તેઓના સારાપણાની અનિર્ણાયકતા છે, જેણે આપણા પક્ષ વતી કામ કર્યું છે. તેઓ આપણા ઉપર આક્રમણ કરવાની સર્વશ્રેષ્ઠ રીત ઉપર સહમત થઈ શક્યા નથી. એથી પણ આગળ વધીને, અયોધ્યાની યુદ્ધની તૈયારીઓનું નિરીક્ષણ કરવા માટે મહર્ષિ ભૃગુ એક મેલુહાઈ સેનાનાયક પ્રસેનજિતને લઈ આવ્યા હતા. એણે તો બસ નગરને વધુ ખંડિત કરવાનું કામ કર્યું હતું. હજી તો તેઓ કોઈ રણનીતિ પર એકમતી સાધે, આપણે નદી ઉપર નિયંત્રણ કરી ચૂક્યા હતા. એ પછી તેઓ માટે કરવાનું કંઈ રહ્યું નહોતું.'

'તો ?' ગણેશે પૂછયું, 'તેઓની આ બધી મુશ્કેલીઓએ તેઓમાંથી થોડા લોકોની પણ આંખ ન ખોલી ?'

'ના.' ભગીરથે કહ્યું, 'નગરની અંદર જબરદસ્ત ગૂંચવાડો અને ગભરાટ છે. અનેક અયોધ્યાવાસીઓ ભગવાન શિવના કટ્ટર ભક્ત છે અને તેઓને વિશ્વાસ છે કે નીલકંઠ તેઓને નુકસાન નહીં કરે. તેઓ એ ભરોસો મૂકવા તૈયાર જ નથી કે તેઓએ આ આક્રમણનો આદેશ આપ્યો હોય. આ આંધળી ભક્તિ પણ આપણી વિરુદ્ધ કામ કરતી હોય તેમ લાગે છે.'

'તો તેઓના માનવા પ્રમાણે આ આક્રમણનો આદેશ કોણે આપ્યો છે ?' ચંદ્રકેતુએ પૂછયું.

'સેનામાં બ્રંગાના સૈનિકોની સંખ્યા જોતા તેઓ વિચારે છે કે તે આપ છો.' ભગીરથે કહ્યું.

ચંદ્રકેતુએ પોતાના હાથ ઊંચા કરી દીધા, 'હું અયોધ્યા પર આક્રમણ શા માટે કરું ?'

'તેઓ માને છે કે બ્રંગા સ્વદ્વીપના અધિપતિ બનવા માગે છે.' ભગીરથે કહ્યું, 'ભગવાન શિવની ગેરહાજરીમાં આપણે તેઓને એમનાથી અલગ વિશ્વાસ આપવા કંઈ ન કરી શકીએ. થોડા એવા લોકો પણ છે જે આ ઢંઢેરામાં વિશ્વાસ રાખે છે, જે જાહેર કરવામાં આવ્યો છે. પરંતુ તેઓ અલ્પમતમાં છે. તેઓને એક સાવ સાધારણ દલીલથી ચૂપ કરી દેવામાં આવે છે.' અમે તો ક્યારેય સોમરસનો ઉપયોગ કર્યો નથી, તો નીલકંઠ આપણા ઉપર આક્રમણ શા માટે કરે ? તેઓએ તો મેલુહા પર આક્રમણ કરવું જોઈએ.' શંકા વગરની વાત છે કે મોટા ઘરના થોડા સદસ્યો સોમરસનો ઉપયોગ કરે છે, પરંતુ સામાન્ય લોકો આ વાત જાણતા નથી.'

'અત્યારે તો મોટા ઘરના લોકોનો અભિપ્રાય અધિક મહત્ત્વપૂર્ણ છે.' કાર્તિકે કહ્યું, 'સેના ઉપર સામાન્ય જનતાનો કાબૂ હોતો નથી. એ માટે મોટા ઘરના લોકો શું વિચારે છે ?'

'આ વર્ગ ખરાબ રીતે વહેંચાયેલો છે. તેઓમાંથી કેટલાક તો આપણી સફળતા ચાહે છે, જે તેઓને મેલુહાને મદદ મોકલવા ઇન્કાર કરવાનું સંભવિત કારણ આપશે. બીજાઓ માને છે કે શરણે જવું એ અત્યંત શરમજનક વાત હશે. એ લોકો કહે છે કે સેના બહાદુરીપૂર્વક આક્રમણ કરે અને મેલુહા તરફ પ્રસ્થાન કરે, ભલેને પછી એનાથી બાકીના સ્વદ્વિપ સમક્ષ એ સાબિત કરવાનું હોય કે અયોધ્યામાં શક્તિ છે કે તે જે ચાહે તે કરી શકે છે.'

'આપણે એ લોકોની સહાયતા કેવી રીતે કરીએ જે મેલુહાની સહાયતા માટે જવા નથી માગતા ?' ગણેશે પૂછયું.

'આ કઠિન વાત છે. ગયા અઠવાડિયે જ મારા પિતાએ એક ઉત્કૃષ્ટ ચાલ ચાલી છે. તેઓએ એ બધાને જીવનપર્યંત સોમરસ મળે તેવી ખાતરી આપી છે.'

'શું ?'

'હા, તેઓએ એ બધાને કહ્યું હતું કે મહર્ષિ ભૃગુએ અયોધ્યાને મોટા પ્રમાણમાં સોમરસ ચૂર્ણ પૂરું પાડવાનું વચન આપ્યું છે.'

'પરંતુ મહર્ષિ ભૃગુ આ રીતનું વચન કેવી રીતે આપી શકે ?' કાર્તિકે પૂછ્યું. 'આ આવશે ક્યાંથી ? શું ઉત્પાદન-સ્થળ એટલું વધારે ઉત્પાદન કરવા માટે સક્ષમ છે ?'

'નિ:શંક હશે.' ભગીરથે કહ્યું, 'જે પણ હોય, આ પ્રસ્તાવ ફક્ત મોટા ઘરના લોકો માટે છે એટલે સંખ્યા ઓછી હશે.'

'હત્' ગણેશે કહ્યું.

'આ મારો પણ વિચાર છે.' ભગીરથે કહ્યું, 'આ તેઓને સો વર્ષ વધુ જીવવા દેશે. ગમે તેટલું સુવર્ણ હોય તેની તોલે નહીં આવે.'

'હવે આપણે શું કરીશું ?' ચંદ્રકેતુએ પૂછ્યું.

'યુદ્ધ માટે તૈયાર રહો.' ગણેશે કહ્યું, 'તેઓ આ ઘેરાવને તોડવા પૂરી કોશિશ કરશે.'



પ્રકરણ-૨૨

મગધ સંગઠિત થાય છે

નર્મદાકિનારે સતી, ગોપાલ અને કાલીની સાથે શિવ, તેઓની વિશાળ સેનાને વાસુદેવ અને નાગા નૌકાઓ પર સવાર થતી જોઈ રહ્યા હતા. વાસુદેવોએ કેટલાંક લાંબાં લાકડાંઓને બાંધીને તરતો પુલ બનાવી દીધો હતો, જેથી સેના લંગર નાખેલી નૌકાઓ સુધી જઇ શકે. કિનારા પાસે એક વડના ઝાડ ઉપર એક મંચ બનાવવામાં આવ્યો હતો જેથી શું થઈ રહ્યું છે તે જોઈ શકાય. સૈનિકો નૌકાઓમાં બરાબર ગોઠવાઈ જાય તે જોવા માટે ઝાડનાં પાંદડાઓને કાપી નાખવામાં આવ્યાં હતાં. જ્યાં સુધી નજર જતી હતી, નૌકાઓ કતારબંધ ઊભેલી દેખાતી હતી. બ્રંગા, વાસુદેવો અને નાગાઓ સહિત એક લાખથી પણ વધુ સૈનિકો શિસ્તબદ્ધ રીતે નૌકાઓમાં સવાર થઈ રહ્યા હતા. દરેક નૌકામાં બે હજાર સૈનિકો હોવાથી યાત્રા અગવડભરેલી બનત, પરંતુ નસીબજોગે લોથલ સુધીની યાત્રા ટૂંકી હતી.

'આવતીકાલ સુધીમાં આપણે કૂચ કરવા માટે તૈયાર થઈ જવું જોઈએ.' કાલીએ કહ્યું.

'શું સુપર્ણા નૌકામાં બેસી ગઈ ?' શિવે પૂછ્યું.

ભયાનક યોદ્ધા સુપર્ણા, ગરૂડ નાગાઓની નેતા હતી.

'હજી નથી ગઈ.' કાલીએ કહ્યું.

'શું હું તેને મળી શકું ? તેના નેતૃત્વમાં રહેલા નાગાઓની બાબતે હું તેની સાથે કેટલીક વાતો કરવા માગું છું.'

કાલીએ પોતાની ભમ્મર ચડાવી. તેણી પોતે યુદ્ધમાં નાગાઓની નેતાગીરી કરવાની ઇચ્છા રાખતી હતી.

'તને હું મારી સાથે રાખવા ઇચ્છીશ, કાલી.' શિવે કાલીને શાંત કરતાં કહ્યું. 'મને તારા ઉપર વિશ્વાસ છે. સોમરસ બનાવતી જગ્યાઓ શોધી કાઢવામાં હું મેલુહાના નગરોના શોધખોળ કરનારા લોકોનું નેતૃત્વ કરીશ. આપણે શાંતિથી અને અજાણ્યા રહીને કામ કરવું પડશે, જ્યારે નગરની બહાર આપણી સેના મેલુહાવાસીઓને વ્યસ્ત રાખશે.'

'આપ બહુ જ ચતુર છો, શિવ.'

શિવનાં ભવાં ચડી ગયાં.

'આપ કોઈને પણ એ લગાડ્યા વિના કે તેઓનું મહત્વ ઓછું કરી દેવામાં આવ્યું છે, આપની વાત કેમ મનાવવી તે જાણો છો.' કાલીએ કહ્યું.

શિવ એક વાર હસ્યા અને પછી મૌન થઈ ગયા.

'પરંતુ મને લાગે છે કે સોમરસ બનાવતી જગ્યાઓની શોધ મહત્વની છે.' કાલીએ કહ્યું, 'એટલે આપની સાથે રહેવું મારા સૌભાગ્યની વાત બનશે.'

'અતિ ઉત્તમ.' ગોપાલ તરફ ફરતાં શિવે કહ્યું, 'વાસુદેવો તરફથી કોઈ સમાચાર, પંડિતજી ?'

'અયોધ્યાનો ઘેરાવ આશ્ચર્યજનકરૂપે સરળ રહ્યો છે.' ગોપાલે કહ્યું, 'અયોધ્યાવાસીઓએ યુદ્ધ કર્યું નહીં. ગણેશે નગર પર ફાંસલો બારબર બાંધી રાખ્યો છે.'

'પરંતુ શું રાજા દિલીપે પોતાનો દૃષ્ટિકોણ બદલ્યો ?'

'હજી સુધી નહીં અને ગણેશ બહુ જ બુદ્ધિપૂર્વક હિંસાનો સહારો નથી લઈ રહ્યા, કારણ કે એનાથી નાગરિક પોતાના રાજા સાથે એકજૂથ થઈ શકે છે. આપણે ધીરજ રાખવી પડશે.'

'જ્યાં સુધી અયોધ્યાની સેના મેલુહાને મદદ કરવા નહીં આવે, હું રાજી છું. મગધના શું સમાચાર છે ?'

'તેઓની નૌકાઓ તૈયાર છે.' ગોપાલે કહ્યું, 'પરંતુ સુર્પદમનની સેનાએ હજી સુધી કૂચ કરી નથી.'

આશ્ચર્યચકિત થઈને શિવે તેઓનાં ભવાં ચડાવ્યાં. 'મેં આવું ધાર્યું નહોતું કે સુર્પદમન આ પ્રકારનો મોકો હાથથી જવા દેશે. હું એ પણ માનીશ કે તેના પિતા રાજા મહેન્દ્રએ તેને આપણા ઉપર આક્રમણ કરવા દબાણ કર્યું હશે.'

'જોઈએ છે.' સતીએ કહ્યું, 'કદાચ સુર્પદમન ઇચ્છતો હોય કે પહેલાં અયોધ્યા અને આપણી સેનાઓ લડે. એ પછી તે નબળા પડી ગયેલા શત્રુઓ પર આક્રમણ કરશે.'

શિવે ડોકું ધુણાવ્યું, 'કદાચ.'



'જુઓ ભગીરથ' ગણેશે કહ્યું.

રાજકુમાર હજી હમણાં જ ગણેશના કક્ષમાં પ્રવેશ્યા હતા. એક સૈનિક મેલુહાનો સંદેશો આપી ગયો હતો, જે ઘાયલ પક્ષી પાસેથી મળ્યો હતો. તે ન સમજાય તેવી ભાષામાં હતો. પરંતુ ભગીરથ મેલુહા-અયોધ્યાની વાતચીત કરવાની ગુપ્ત ભાષા જાણતા હતા અને તેઓ ગણેશના સૈનિકોને પણ શીખવી ચૂક્યા હતા કે સંદેશોના ગૂઢ અર્થને કઈ રીતે ઉકેલવો.

ભગીરથે મોટા અવાજે સંદેશો વાંચવા માંડ્યો, 'પ્રધાનમંત્રી સિયામંતક, શું મહર્ષિ ભૃગુ અયોધ્યા પરત આવી ગયા છે ? તેઓ પ્રયાગથી નીકળ્યાને અનેક મહિના વીતી ગયા છે, પરંતુ હજી સુધી તેઓ મેલુહા પહોંચ્યા નથી. જો આપને કોઈ પણ માહિતી હોય તો અમે ઇચ્છશું કે આપ અમને પ્રભુ શિવ અને સેનાપતિ પર્વતેશ્વર ક્યાં છે તે જણાવશો.'

ભગીરથ શું કહે છે તેની રાહ જોતા ગણેશ કાંઈ ન બોલ્યા.

'આ સંદેશ ઉપર પ્રધાનમંત્રી કનખલાની સહી છે.' ભગીરથે કહ્યું, 'ખૂબ મજાનું.'

'ખરેખર ખૂબ મજાની વાત છે.' ગણેશે કહ્યું, 'પરંતુ મહર્ષિ ભૃગુ ક્યાં છે ? અને મેલુહાની પ્રધાનમંત્રી સેનાપતિ પર્વતેશ્વર અંગે શા માટે પૂછી રહી છે ? શું તેઓ હજી સુધી ત્યાં નહીં પહોંચ્યા હોય ? શું તેઓને ખબર નથી કે તેઓ આપણો પક્ષ છોડી ગયા છે ?'

'આપની ધારણા પ્રમાણે તેઓ ક્યાં હશે ?' ભગીરથે પૂછયું.

'નિઃશંક, તેઓ મેલુહામાં તો નહીં જ હોય.' ગણેશે કહ્યું, 'એનાથી મારા પિતાના માટે

સ્થિતિ સરળ બની જશે.'

'આપને લાગે છે કે પ્રભુ શિવ અત્યાર સુધીમાં મેલુહા પહોંચી ગયા હશે ?'

'મને લાગે છે કે હજી પણ તેઓ થોડાં અઠવાડિયાં પાછળ હશે.'

'અને અયોધ્યાની સેના પ્રસ્થાન કરવામાં તૈયાર થઈ શકી નથી.' ભગીરથે કહ્યું, 'સમાચારો તો સારામાં સારા આવી રહ્યા છે.'

અચાનક કાર્તિક ઝડપથી દોડતો આવ્યો, 'દાદા !'

'શું વાત છે, કાર્તિક ?'

'મગધ સંગઠિત થઈ રહ્યું છે.'

'તને કોણે કહ્યું ? વાસુદેવ પંડિતે ?' ભગીરથે પૂછ્યું.

'હા.' કાર્તિકે ગણેશની તરફ ફરતાં કહ્યું, 'હું માનું છું કે નૌકાઓ ઉપર શસ્ત્રો ચડાવવામાં આવી રહ્યાં છે. સૈનિકોને તૈયાર રહેવાનું કહી દેવામાં આવ્યું છે.'

ગણેશ હસ્યા. 'કેટલા સૈનિકો છે ?'

'પંચોતેર હજાર.'

'પંચોતેર હજાર ?' આશ્ચર્યસહિત ભગીરથે પૂછ્યું, 'શું સુર્પદમન બધું જ દાવ પર લગાવી રહ્યા છે ? મગધ સાવ અરક્ષિત થઈ જશે.'

'તેઓ ક્યારે આગળ વધે તેમ લાગે છે ?' ગણેશે પૂછ્યું.

'કદાચ, બે અઠવાડિયાંઓની અંદરોઅંદર.' કાર્તિકે કહ્યું, 'વાસુદેવ પંડિતની આ ધારણા છે.'

'હવે પછીના થોડા દિવસોમાં તારે નીકળી જવું જોઈએ.' ગણેશે કહ્યું, 'તારી સાથે એક લાખ સૈનિકોને લઈ જજે.'

'એટલા બધા શા માટે, દાદા ?' કાર્તિકે પૂછ્યું, 'અહીં આપને વધારે સૈનિકોની જરૂર નહીં પડે ?'

'મારે તો બસ એટલા સૈનિકોની જરૂરત પડશે જેઓ નૌકાઓ ચલાવી શકે અને અગ્નિબાણ ચલાવી શકે.' ગણેશે કહ્યું, 'જો તું બલ-અતિબલ કુંડ ઉપર સુર્પદમનને રોકવામાં સફળ ન રહ્યો તો તે પોતાની મોટી મોટી નૌકાઓ લઈને આપણા ઉપર તૂટી પડશે અને આપણને બધાને ડુબાડી દેશે. આપણા સૈનિકો તારા છેડે વધુ ઉપયોગી બની રહેશે, મારા છેડે નહીં.'

'હું તરત જ નીકળવાની તૈયારી શરૂ કરી દઉં છું.' કાર્તિકે કહ્યું.



બપોર શરૂ થાય તે પહેલાં એક લાખ સંપૂર્ણ રીતે સજ્જ સૈનિકો બલઅતિબલ કુંડની નજીક આવેલાં જંગલોમાં પહોંચી ગયા હતા. કાર્તિકના મુખ્ય સલાહકારના રૂપે અયોધ્યાના રાજકુમાર સેનાની સાથે આવ્યા હતા. રાજા ચંદ્રકેતુ ગણેશની પાસે રોકાઈ ગયા હતા જેથી કાર્તિકની સેનાના બ્રંગા સૈનિકો નેતૃત્વ બાબતે મૂંઝાઈ ન જાય.

આવીને તરત જ કાર્તિકે પાણી ન જાય તેવી નૌકાઓ બનાવવાનો આદેશ આપી દીધો હતો જે મગધના નૌકાઓના કાફલાને ગુપ્ત રીતે આગ લગાડવાનું કામ કરવાની હતી. એક હજાર સૈનિકોએ તેને બનાવી દીધી અને પછી તેને કુંડની ઊંધી દિશામાં પૂર્વના કિનારે છુપાવી દીધી. જો યુદ્ધકુંડની નજીકના ક્ષેત્રમાં પણ થાય તો તેઓ બીજા છેડેથી દુશ્મનની નૌકાઓનો નાશ કરી શકે.

વૃક્ષોની ટોચ પર છૂપા માંચડા બનાવવામાં આવ્યા હતા, જેથી બંને કિનારાઓ વચ્ચે માહિતીની આપ-લે થઈ શકે. સૈનિકો માટે માહિતીની આપ-લે માટે એક સરળ સાધન બનાવવામાં આવ્યું હતું : માટીના નાના ઘડાઓમાં ઉપર નાના નાના ધાતુની નળી લગાવી દેવામાં આવી હતી જેમાં એવા કોલસા મૂકવામાં આવ્યા હતા જે ધુમાડા વગર સળગાવી શકાતા હતા. આ ધાતુના પાઈપોનાં ઢાંકણાં સહેલાઈથી ખોલી અને બંધ કરી શકાતાં હતાં, જેમાંથી જોઈએ તેટલો જ પ્રકાશ બહાર દેખાડી શકાતો હતો. તેના કાણાં એટલાં નાનાં હતાં કે જાણે -- આગિયા ઊડતા હોય તેવું લાગે. પરંતુ નદીના બંને કિનારે રહેલા કાર્તિકના સૈનિકો માટે આ પ્રકાશ-સંકેત ખાનગી સંદેશાઓની આપ-લે માટે ખૂબ ઉપયોગી હતા.

કાર્તિક ઇચ્છતો હતો કે બલ-અતિલબ કુંડની આસપાસનું ક્ષેત્ર કંઈ પણ કર્યા વગર એમ જ છોડી દેવામાં આવે. સેનાએ તો સદંતર જંગલોની વચ્ચે જ રહેવાનું હતું.

'મને સમજણ ન પડી, કાર્તિક. જો આપણે આપણા સૈનિકોનો ચારે તરફ ઉપયોગ કરવાનો હોય તો આપણે તેઓને કિનારા પરની જગ્યાએ રાખવા જોઈએ, બરાબરને ? ઓછામાં ઓછું ગણેશનો તો આ જ વિચાર હતો.'

'હું સુર્પદમનને ઓછો નહીં આંકુ, રાજકુમાર ભગીરથ. અને હું એ પણ કહીશ કે તેઓ પણ આપણને ઓછા નહીં આંકે. જો તે આપણા થોડા સૈનિકોને જાણે લાપરવાઈથી એવી જગ્યાએ ગોઠવ્યા હોય તેમ જોશે, તો તેને છટકાની ગંધ આવી જશે અને જ્યારે આપણે આપણા સૈન્યને છોડી જઈએ તો કોઈ પણને સમજાય કે આપણે એટલા મૂર્ખ નથી કે કોઈ આપણને જોઈ જાય, બરાબરને ?'

'બરાબર વાત છે. તો આપની શું સલાહ છે ?'

'આપણે પશ્ચિમના કિનારે છીએ. સરયૂના પશ્ચિમ કિનારા પર જ મગધ દૂર દૂર આપણી દક્ષિણે છે. જો આપણે નદીની સાથે સાથે આગળ વધતા જઈએ, જ્યાં જંગલો ગાઢાં નથી. તો મગધ ત્યાંથી બે-ત્રણ અઠવાડિયાંથી વધારે દૂર નહીં હોય.'

ભગીરથ હસ્યા, 'શું તમે ઇચ્છો છો કે સુર્પદમન આપણી ખરેખરી રણનીતિનો અંદાજ લગાવે કે અયોધ્યાનો ઘેરો તેને બહાર કાઢવા માટેનું છૂપું આવરણ હતું. તે એ સમજી જશે કે ખુદ અયોધ્યા ઉપર ઘેરો નાખવા કરતાં મગધને જીતીને આપણે અયોધ્યાની નૌકાઓના આવવા-જવા ઉપર ઘણો વધારે કાબૂ રાખી શકીશું.'

'બરાબર અને જો તે એટલો ચતુર હશે, જેમ કે હું માનું છું કે તે છે, તો તે નદીની આસપાસનાં જંગલોમાં જાસૂસોને મોકલશે. અને જ્યારે તેને આપણી વિશાળ સેનાની માહિતી મળશે તો તે જાતે જ નિષ્કર્ષ પર આવશે કે આપણે મગધને જીતવા માટે કૂચ કરી દીધી છે જ્યારે તે અયોધ્યા તરફ જવા માટે તેનો સમય બરબાદ કરી રહ્યો છે.'

'કોઈ બીજી ભૂમિને જીતવા માટે તમે તમારા ઘરને રક્ષા વગરનું છોડી દો, ત્યારે તમારું ઘર જ કોઈના દ્વારા જીતાઈ ગયેલું નજરે પડે.'

'આપ ઠીક સમજ્યા.' કાર્તિકે કહ્યું, 'સાથે સાથે આ વાત સુર્પદમનની આંખોને વિશ્વાસપાત્ર લાગશે, કારણ કે એક ચતુર શત્રુ તરફથી તે આમ જ કરવાની ધારણા રાખશે. મને નથી લાગતું કે તે આપણો આંક ઓછો મૂકે છે.'

'પરંતુ તેને પાછા ફરીને મગધ તરફ જતો કોણ રોકી શકે છે ?'

'કોઈ પણ નદીમાં નૌકાઓના વિશાળ કાફલાને પાછો વાળવાની વાત કહેવી તો સરળ છે, કરવી નહીં, ખાસ કરીને જ્યારે સમયનો અભાવ હોય. પરંતુ જો સુર્પદમન એમ કરવામાં સફળ પણ થાય અને નદીમાં ઝડપથી હંકારીને આપણી પહેલાં મગધ પહોંચી પણ જાય તો તેને ખબર પડશે કે આપણી સેનાએ આગળ વધવાનું બંધ કરી દીધું છે અને તે તેના નગરના

દરવાજે દેખાતું નથી. એ સમયે તેના પોતાના મગધવાસીઓ માની લેશે કે સુર્પદમન મગધ પર સંકટ છે તેમ બહાનું કાઢીને અયોધ્યાના યુદ્ધમાંથી ભાગી ગયો હતો. એક યુવરાજ પોતાને લોકો બીકણ સમજે તેવું જોખમ ન લઈ શકે. આથી તેની સામે અહીં આપણા ઉપર સામેથી આક્રમણ કરવા સિવાય બીજો કોઈ વિકલ્પ નહીં હોય. આપ શું વિચારો છો ?'

'યોજના મને પસંદ આવી.' ભગીરથે કહ્યું, 'સુર્પદમન જેવા સેનાપતિ સાથે એ કામ કરી જશે, કારણ કે તે નદીકિનારા ઉપર પોતાના જાસૂસોને દોડાવતો રહેશે જે તેને જાણકારી આપ્યા કરશે કે શું થઈ રહ્યું છે. આપણે આ જાસૂસો ઉપર આક્રમણ કરવાનું રહેશે પણ તે એવી રીતે કે કેટલાક જાસૂસ બચી જઈને તેને આપણી સેનાના કદ વિશે માહિતી આપી શકે. એ સાથે એ પણ છે કે જંગલોમાં આપણાં થાણાંઓ બે ગાઉ સુધી ફેલાયેલાં છે. જ્યારે તેઓની નૌકાઓ આપણાં સ્થાનો પાસેથી નીકળશે તો આપણે આપણા થાણાની શરૂઆતના સૈનિકોને ઝાડોની ટોચ પર બેઠેલાં પક્ષીઓને ઉડાઉડ કરાવવા કહીશું. એ સાથે આપણાં થાણાંઓના અંત તરફ આપણે કેટલીક આગને 'બેદરકારીથી' સળગેલી છોડી દઈશું. આ બંને સંકેતો વચ્ચેના મોટા અંતરના આધાર પર, સુર્પદમન અનુમાન લગાવશે કે નદીના કિનારા પર દક્ષિણ તરફ એક વિશાળ સેના કૂચ કરી રહી છે. તે આક્રમણ કરવા વિવશ થઈ જશે.'

'એકદમ બરાબર..'

'આપણે પશ્ચિમ કિનારે પણ થોડી ગુપ્ત નૌકાઓ રાખવી જોઈએ.'

'પરંતુ યુદ્ધ તો અહીં પશ્ચિમ કિનારે જ લડાશે.' કાર્તિકે ભવાં ચડાવીને કહ્યું, 'તેઓના સૈનિકો અહીં યુદ્ધમાં લીન હશે અને આપણી હરિગોલ નૌકાઓ સ્પષ્ટ દેખાઈ આવશે. ગુપ્ત નૌકાઓ નૌકાઓમાં ત્યારે જ આગ લગાવી શકતી હોય છે જ્યારે તેમાં નવાઈનો ભાવ નહીંવત્ હોય છે. જો તે જોઈ શકાશે તો એને સરળતાથી ડુબાડી શકાય છે. એટલા માટે મેં ગુપ્ત નૌકાઓને પૂર્વના કિનારાઓ ઉપર રાખવાનું કહ્યું છે.'

'યુદ્ધ આપણી તરફ લડાશે.' ભગીરથે કહ્યું, 'પરંતુ સુર્પદમન પોતાના સૈનિકોને પશ્ચિમ કિનારા પર બીજે ક્યાંય નહીં, પરંતુ બલ-અતિબલ કુંડની રેતી ઉપર ઉતારવા માટે મજબૂર બનશે. આગળ ઉત્તરની તરફ નદીની સાથે લાગેલાં ગાઢ જંગલોમાં મોટી સંખ્યામાં સૈનિકોને ઉતારવા લગભગ અશક્ય હશે. એ માટે જો આપણે આપણી હરિગોલ નૌકાઓને ઉત્તરમાં રાખીએ તો તે દુશ્મનની નજરમાંથી બચી જશે. જેથી તેમની નૌકાઓ આપણી સ્થિતિ સમજવા માટે લંગર નાખશે. આપણે તેઓના કાફલા ઉપર ઉત્તર તરફના છેડા પરથી હુમલો કરીશું.'

'સારો મુદ્દો છે. હું આ હુકમ જાહેર કરી દઈશ.'



કાર્તિકની સેનાએ જેવા સરયૂમાં વિશાળ નૌસેનાની નૌકાઓના હલનચલનનો અવાજ સાંભળ્યો કે તેઓએ મોરચો સંભાળી લીધો. સંત્રીઓનાં નગારાંની થાપ અને પાણીમાં હલેસાંના અવાજ પર આધાર રાખીને એ અનુમાન કરવું યોગ્ય હતું કે મગધની નૌકાઓ આવતા એક-બે કલાકમાં બલ-અતિબલ કુંડ પહોંચી જશે.

સૈનિકોને તરત જ યુદ્ધમોરચો સંભાળી લેવાનો આદેશ આપવામાં આવ્યો હતો. શસ્ત્રોને ચકાસી લેવામાં આવ્યાં અને રક્ષાકવચોની પરીક્ષા લેવાઈ ગઈ.

કાર્તિક જંગલના છેડા સુધી ગયો અને તેણે બલ-અતિબલ કુંડની રેતી અને તેને પેલે પાર ફેલાયેલી નદીના વિસ્તારનું નિરીક્ષણ કર્યું. બાલચંદ્ર મધ્યરાતના અંધકારને દૂર કરવામાં

અસફળ રહ્યો હતો. જોકે તે અંધકાર તેની રણનીતિને અનુકૂળ હતો. આછું ધુમ્મસ નદી પર છવાવા લાગ્યું હતું. અતિ ઉત્તમ ! ટેવાયેલી આંખોથી તેણે જોયું કે માહિતી આપ-લેના કુંડા ધુમ્મસમાં પણ દેખાઈ રહ્યાં હતાં અને બીજું જે કાંઈ તેણે જોયું તેનાથી તેને પ્રસન્નતા થઈ.

કાર્તિક ભગીરથ તરફ ફર્યો અને પછી તેણે વધુ આગળ દિવોદાસ અને બ્રંગા સેનાના બીજા સૈન્યપ્રમુખોની દિશામાં જોયું.

'મારા મિત્રો,' કાર્તિકે કહ્યું, 'મારા પિતાની જેમ હું શબ્દોને વ્યક્ત કરવામાં એટલો સારો નથી. એટલે હું મારી વાત ટૂંકમાં કહીશ. મગધ ફક્ત વિજય અને યશ માટે જ લડશે. આ સાવ નબળા હેતુઓ છે. આપ સૌ પ્રતિશોધ અને પ્રતિઘાત માટે લડી રહ્યા છો. આપ એ સોમરસને રોકવા માટે લડી રહ્યા છો, જેણે આપના બાળકોના પ્રાણ હરી લીધા છે અને આપના પરિવારજનોને અપંગ બનાવી દીધા છે. આપ એ બૂરાઈને અટકાવીને ખતમ કરવા માટે લડી રહ્યા છો. આપે આ બૂરાઈના અંત સુધી લડવાનું છે જ્યાં સુધી તે ખતમ ન થઈ જાય. મારે કેદીઓ જોઈતા નથી. હું તેઓને મરેલા જોવા માગું છું. જો કોઈ બૂરાઈનો પક્ષ લે છે તો તે જીવવાનો અધિકાર ગુમાવી દે છે. યાદ રાખજો ! આપના બાળકોની પીડાઓને યાદ રાખજો !'

બ્રંગા સૈન્યપ્રમુખો એક સાથે ગજી ઊઠયા, 'મગધના લોકોને મૃત્યુ મળો.'

'આ ભૂમિ જેના ઉપર આપણે ઊભા છીએ,' કાર્તિકે આગળ કહ્યું, 'ભગવાન રામના ચરણોથી પવિત્ર થયેલી છે. આજે રક્તથી આપણે તેનું સન્માન કરીશું. જય શ્રીરામ.'

'જય શ્રીરામ.'

'સૌ સૌના મોરચા સંભાળો !' કાર્તિકે આદેશ આપ્યો.

બ્રંગા સૈન્યપ્રમુખો ઝડપથી ચાલ્યા ગયા. જેવા બધા લોકો સાંભળી ન શકે તેટલા દૂર ગયા એટલે ભગીરથે કહ્યું, 'કાર્તિક, આપ એ બધાને મરેલા શા માટે જોવા માગો છો ?'

'રાજકુમાર ભગીરથ, જો મોટી સંખ્યામાં મગધવાસીઓ કેદી બનશે તો તેઓ પર નજર રાખવા આપણે બહુ મોટા દળને પાછળ છોડી જવું પડશે. આપણો છેવટનો હેતુ વધુમાં વધુ સૈનિકોને મેલુહા લઈ જવાનો છે. જો મગધસેના નાશ પામી જાય તો આપણે આપણા બહુ સૈનિકોને મગધ મૂકી જવાની જરૂરત નહીં રહે. નગર ઉપર ચોકીપહેરો રાખવા ફક્ત થોડા હજાર સૈનિક પૂરતા રહેશે. સાથે સાથે, પૂરા મગધને મારી નાખવાથી અયોધ્યાને પણ એક સંદેશો, એક સંકેત મળશે. આ તેઓને મેલુહા સાથેના તેઓના ગઠબંધન ઉપર ફરી વિચાર કરવા મજબૂર કરશે.'

ભગીરથ કાર્તિકની હિંસક પરંતુ પ્રભાવશાળી વિચારધારા સાથે સહમત થવા તૈયાર થઈ ગયા.



પ્રકરણ- ૨૩

બલ-અતિબલ કુંડનો સંગ્રામ

મગધ નૌસેનાની અગ્રણી નૌકા બલ-અતિબલ કુંડ પસાર કરી ગઈ. મગધની નૌકાઓ નજરે પડે તે પહેલાં જ કાર્તિકની સેનાએ નગારાંની થાપટો અને હલેસાંના અવાજ સાંભળી લીધા હતા.

કાર્તિકે સંકેત આપવા માટે મોરચો સંભાળતા સૈનિકોને હાથથી ઇશારો કરી જણાવ્યું કે શિબિરના દક્ષિણ છેડે જે એક ગાઉ દૂર હતો, ત્યાં સુધી સંકેત પહોંચે તેવો હોય ત્યારે જ સંકેત આપવો. સૈનિકોના એક જૂથે ચુપકીદીથી દોરડું ખેંચ્યું, જેથી પક્ષીઓના ઝુંડને બાંધેલી જાળ ખુલ્લી થઈ ગઈ. ન ધારેલી સ્વતંત્રતા મળતાં આશ્ચર્યચકિત પક્ષીઓ એકાએક ઊડી ગયાં. કાર્તિકે મગધની નૌકાઓમાં થોડી હલચલ જોઈ. દેખાઈ આવતું હતું કે તેઓએ પક્ષીઓના ફફડાટને સાંભળી લીધો હતો.

કાર્તિકે પોતાની આંખોને દબાવીને જોયું. મગધના સૈનિકોની આંખો વહાણના કૂવાસ્તંભની ટોચે ચોંટેલી હતી.

'છટ્' ભગીરથ બબડ્યા, કારણ કે તેની શું અસર થશે તે તેઓ સમજી ગયા હતા.

કાર્તિકના ચહેરા પર શત્રુની કુશળતા જોઈને ચિંતા સાથેનું હાસ્ય ચમક્યું. તે દિવોદાસ તરફ ફર્યો, જે બરાબર તેની પાછળ જ ઊભો હડતો. 'દિવોદાસ, આપણા વૃક્ષો ઉપર બેઠેલા સૈનિકોને સંદેશ મોકલી દે કે મગધવાળાઓએ તેઓના કૂવાસ્તંભ પરના કાગડાના માળામાં દૂર જોવાવાળા જાસૂસોને બેસાડ્યા છે. તેઓની નજરમાં ન પડી જવાય તે માટે આપણા સૈનિકોએ નીચા નમીને રહેવું પડશે.'

કાગડાનો માળો નૌકાના મુખ્ય કૂવાસ્તભ પર બનાવવામાં આવે છે, જ્યાં નાવિકોને દૂરદૂર સુધી નજર રાખવા માટે બેસાડવામાં આવે છે જેથી તેઓ નીચે હાજર નૌકાઅધિપતિને માહિતી આપી શકે. સમુદ્રની નૌકાઓમાં આ એક સામાન્ય પ્રથા હતી, પરંતુ નદીની નૌકાઓમાં તેનો બહુ જ ઓછો ઉપયોગ કરવામાં આવતો હતો. સુર્પદમન દેખીતી રીતે એક સતર્ક વ્યક્તિ હતો, કારણ કે તેઓએ પોતાની નૌકાઓ ઉપર કાગડાના માળા બનાવ્યા હતા. દિવોદાસ જલદીથી કાર્તિકના આદેશોનું પાલન કરવા જતો રહ્યો.

'નૌકાઓમાંના સૈનિકો પોતાનાં હલેસાં ખેંચી રહ્યા છે.' ભગીરથે સામેની બાજુ ઇશારો કરતા કહ્યું.

કારણ કે તેઓ નદીના પ્રવાહથી ઊંધી દિશામાં આવી રહ્યા હતા એટલે મગધની નૌકાઓ ધીમી પડી ગઈ હતી. નૌકાઓને રોકવા માટે કૂવાસ્તંભોને ફરીથી ગોઠવવામાં આવ્યા. એમની અગાઉની ગતિ એવી હતી કે સુર્પદમનનો કાફલો ઊભો રહ્યો ત્યાં સુધીમાં, જ્યાં કાર્તિક ઊભો હતો ત્યાંથી ઓછામાં ઓછી દસ નૌકાઓ નીકળી ચૂકી હતી. નૌકાઓ પર હાજર સૈનિકો પશ્ચિમ કિનારે આવેલાં ગાઢ જંગલોમાં જોવા માટે સખત પ્રયત્ન કરી રહ્યા હતા.

'હવે આપણે રાહ જોઈશું.' કાર્તિકે કહ્યું.



ભગીરથ કાર્તિક તરફ ઝૂક્યો. 'તેઓના જાસૂસ આપણી પાછળ થોડે જ દૂર છે, પાણીના કિનારાની નજીક.'

કાર્તિકે જરા વધારે પડતી રીતે પોતાના હાથ ફેલાવ્યા અને પછી એટલા જ જોરથી દિવોદાસને બૂમ પાડી, જેથી મગધનો જાસૂસ સાંભળી શકે. 'જુઓને તેઓની નૌકાઓએ આગળ વધવાનું શરૂ કર્યું કે નહીં.'

દિવોદાસ નદી તરફ ગયો, જેથી જાસૂસ શાંતિથી પાછળ હટી ગયો. દિવોદાસ તરત પાછો આવ્યો. 'માનનીય કાર્તિક, તેઓનો જાસૂસ તો નૌકા તરફ તરી રહ્યો છે.'

કાર્તિક તરત જ ઊભો થયો અને લસરતો લસરતો જંગલના કિનારે પહોંચ્યો. તે મગધના જાસૂસને અવાજ કર્યા વગર તરતો જોઈ શકતો હતો.

'હું તરત જ આક્રમણ કરવા માગું છું.' ભગીરથે કહ્યું, 'આપણે આપણા મોરચા સંભાળી લેવા જોઈએ.'

'થોડી વાર રાહ જોઈએ.' કાર્તિકે કહ્યું, 'હું એ જોવા માગું છું કે તે કઈ નૌકામાં ચઢે છે. એનાથી આપણને ખબર પડી જશે કે સુર્પદમન ક્યાં છે.'



'લગભગ અડધો કલાક થઈ ગયો.' ભગીરથે કહ્યું, 'તે કઈ વાતની રાહ જોઈ રહ્યો છે ?'

કાર્તિક અને તેનું સૈન્ય જંગલરેખાની પાછળ જ રહ્યું હતું. તેઓ સુર્પદમન ઉપર એવી છાપ પાડવા માગતા હતા કે બ્રંગા યુદ્ધમાં જોડાવા માગતા નથી. તેઓ એવી આશા રાખતા હતા કે તેને એવું માનવાને લલચાવી શકાય કે તે એક આશ્ચર્યજનક હુમલો કરી શકે તેમ છે.

અચાનક કાર્તિક બોલી ઊઠયો, 'લુચ્ચો ક્યાંકનો !'

'માનનીય કાર્તિક ?' દિવોદાસે પૂછ્યું.

'આપણા જાસૂસોને સંદેશો મોકલો.' કાર્તિકે કહ્યું, 'તેઓને કહો કે બીજા કિનારાવાળા જાસૂસો સાથે વાત કરે. હું જાણવા માગું છું કે ત્યાં શું થઈ રહ્યું છે ?'

ભગીરથે પોતાના માથાને થપાટ મારી, 'હે ભગવાન ! આપણે આપણા જાસૂસોને નીચા નમેલા રહેવાનું કહ્યું હતું.'

દિવોદાસ ઝડપથી ભાગ્યો અને તરત જ પ્રકાશસંકેતો મારફત સરયૂના સામે કાંઠે સંદેશ મોકલી દેવામાં આવ્યો હતો. થોડી જ વારમાં તે એક ચિંતાજનક સમાચાર લઈને પાછો આવ્યો. 'પોતાની વિશાળ નૌકાઓની પાછળ રહીને તેઓ બીજી તરફ એકઠા થઈ રહ્યા છે. નાની નૌકાઓને અવાજ વગર નદીમાં ઉતારવામાં આવી રહી છે અને આપણી વાતચીત દરમિયાન

સૈનિકો તેના ઉપર ચઢી રહ્યા છે. એવું લાગી રહ્યું છે કે તેઓ નૌકાઓમાં બેસીને નદીની નીચેની બાજુ જવાની તૈયારી કરી રહ્યા છે.'

'હડકાયા કૂતરાનો લુચ્ચો દીકરો !' ભગીરથે કહ્યું, 'તે પોતાની નૌકાઓની આડશમાં રહીને નદીમાં નીચેની તરફ જઈને, દક્ષિણ તરફથી આપણા ઉપર આક્રમણ કરવાની યોજના બનાવી રહ્યો છે.'

'હવે આપણે શું કરીશું, માનનીય કાર્તિક ?' દિવોદાસે કહ્યું.

'આપણા જાસૂસોને પૂછો કે શું મગધના સૈનિકો પોતાની દસમી નૌકામાંથી પણ ઊતરી રહ્યા છે ? એની અંદર સુર્પદમન છે.' ભગીરથ તરફ વળીને કાર્તિકે આગળ કહ્યું, 'રાજકુમાર ભગીરથ, મને શંકા છે કે તે બે તરફથી આક્રમણ કરશે. પહેલો હુમલો બલ-અતિબલ કુંડ પર હશે, સુર્પદમન આપણને ત્યાં રોકી રાખવા માગશે. એ દરમિયાન મગધસૈનિકોની એક બીજી ટુકડી નૌકાઓમાં દક્ષિણ તરફ જશે, આપણી દક્ષિણની બાજુ પર હુમલો કરશે અને પાછળથી આપણી છાવણીમાં ઘૂસવાનો પ્રયત્ન કરશે. આપણે કદાચ તેના સૈન્યના બે ભાગો વચ્ચે ફસાઈ જઈશું.'

'એનો અર્થ એ થયો કે આપણે વહેંચાઈ જવું જોઈશે.' ભગીરથે કહ્યું. 'આપણામાંથી એક અહીં બલ-અતિબલ કુંડ પર રહે અને બીજો દક્ષિણ તરફ તેઓના મોરચાનો સામનો કરવા ઊપડે.'

'એકદમ બરાબર.' કાર્તિકે કહ્યું.

એ દરમિયાન દિવોદાસ પાછો આવ્યો, 'માનનીય કાર્તિક, તેઓ સુર્પદમનની નૌકામાંથી પણ ઊતરી રહ્યા છે.'

'રાજકુમાર ભગીરથ,' કાર્તિકે કહ્યું, 'આપ અહીં આપણી મુખ્ય સેનાનું નેતૃત્વ કરશો. આપણે એ પાક્કું કરવું પડશે કે મગધ બલ-અતિબલથી આગળ ન જઈ શકે. હું તેને તેઓ માટેની મૃત્યુ-જાળ બનાવવા માગું છું.'

'એવું જ થશે, કાર્તિક, હું આપને ભરોસો આપવા માગું છું, પરંતુ મારી સાથે આપણા બહુ સૈનિકો મૂકીને જતા નહીં. દક્ષિણમાં સુર્પદમન સાથે લડવા માટે આપને મોટી સંખ્યામાં સૈનિકોની જરૂર પડશે.'

'ના, મને નહીં જોઈએ.' કાર્તિકે કહ્યું, 'તેઓ નૌકામાં નદીમાં નીચેની તરફ જઈ રહ્યા છે. તેઓ પાસે ઘોડા નહીં હોય, મારી પાસે છે.'

ભગીરથ તરત સમજી ગયો. એક ઘોડેસવાર યોદ્ધો દસ પગે ચાલતા સૈનિકો બરાબર હોય છે. એની પાસે ઘોડાથી કરી શકાય તેવા ભયંકર પ્રહારોની સાથે સાથે ઊંચાઈનો પણ ફાયદો હતો. 'ઠીક છે.'

કાર્તિકે ઊઠતા પહેલાં દિવોદાસને આદેશો આપી દીધા, 'આપ દક્ષિણ તરફ જાવ. આપણી સેનાને જણાવો કે બહુ જલદીથી મગધ તરફથી આક્રમણ થવાની સંભાવના છે. આપ તેનું નેતૃત્વ કરશો. હું બે હજાર ઘોડેસવાર સૈનિકોની સાથે પશ્ચિમ તરફથી એક વિશાળ અર્ધગોળાકાર બનાવવા પહોંચી રહ્યો છું. હું સુર્પદમનની સેના ઉપર પાછળથી હુમલો કરવાની યોજના બનાવી રહ્યો છું. મારા ઘોડેસવાર અને આપના પાયદળ વચ્ચે આપણે તેઓને કચડી નાખીશું.'

દિવોદાસ હસ્યો, 'આપણે એમ જ કરીશું.'

'નક્કી !' કાર્તિકે કહ્યું, 'હરહર મહાદેવ.'

'હરહર મહાદેવ' દિવોદાસે કહ્યું.

દિવોદાસ પોતાના ઘોડા તરફ દોડ્યો, કૂદીને તેના પર સવાર થયો અને નીકળી પડ્યો.

કાર્તિક પોતે આપેલી સૂચના ઉપર મનમાં વિચાર કરી રહ્યો હતો. કોઈ પણ નાની ભૂલ રહી ન જાય તેની તે મનોમન ખાતરી કરી રહ્યો હતો.

'હું ઘણાં જ યુદ્ધો લડી ચૂક્યો છું, કાર્તિક.' ભગીરથે આનંદિત ચહેરે કહ્યું, 'આપ જઈને આપનું યુદ્ધ લડો, મને મારું સંભાળવા દો.'

કાર્તિક હસ્યો, 'આપણે સૌ મારા પિતાને એક યાદગાર વિજયભેટ આપીશું.'

'જરૂર, એમાં કોઈ શંકા નથી.' ભગીરથે કહ્યું.

કાર્તિક પોતાના ઘોડા તરફ આગળ વધ્યો. પેંગડામાં પોતાનો ડાબો પગ મૂકવા તે થોડો ઊંચો થયો, કારણ કે તે હજી ઊંચાઈમાં નાનો હતો, પછી તેણે પોતાનો જમણો પગ બીજી તરફ ઉછાળી અને પોતાના ઘોડા ઉપર સવાર થઈ ગયો. ભગીરથે, જે કાર્તિકની પાછળ પાછળ આવ્યો હતો, એ બાળકની આંખોમાં એ જ સખત ભાવો જોયા જે તે પશુઓના શિકાર વખતે પહેલાં પણ ઘણી વાર જોઈ ચૂક્યો હતો. ભગીરથના હૃદયમાં ભય અને મોહિનીનો જાણીતો ભાવ ઘર કરી ગયો. તે સહેજ ઢીલો થઈને વ્યંગમાં હસ્યો અને ધીરેથી બોલ્યો : 'પ્રભુ સુર્પદમન ઉપર દયા કરે...'

કાર્તિકે આ ટિપ્પણી સાંભળી લીધી હતી અને તે ધીરેથી હસી પડ્યો, 'તેણે જ દયા કરવી પડશે, કારણ કે હું તો નહીં જ કરું.'

નીલકંઠના પુત્રે પોતાના ઘોડાને વાળ્યો અને અંધકારમાં વિલીન થઈ ગયો.



પાતળો ચંદ્ર વાદળો પાછળ ઢંકાઈ ગયો હતો. તેનો સાવ ઓછો પ્રકાશ ધુમ્મસમાં છુપાઈ ગયો હતો. ભગીરથ વનમાં પોતાની સાથે ઊભેલા સૈનિકોની પંક્તિઓને પણ મુશ્કેલીથી ગણી શકતો હતો. તે હવે અંધકારમાં તેઓના શ્વાસોશ્વાસના અવાજથી જ અનુભવી રહ્યો હતો. હવામાં પરસેવાની ગંધ ફેલાઈ ગઈ હતી. ભગીરથ પોતાના ઉપલા હોઠ પર પરસેવાનાં ટીપા વહેતાં અનુભવી શકતો હતો. જે તેના મોઢાના ખૂણામાં જઈ રહ્યા હતા. સુર્પદમનના સૈન્યનો સામનો કરવા તૈયાર સૈનિકોનો ગણગણાટ તેના કાનો સુધી પહોંચતો હતો -- 'હરહર મહાદેવ... હરહર મહાદેવ...' જેવી એ કોઈ પ્રાર્થના ન હોય.

અચાનક ચંદ્ર વાદળોમાંથી બહાર આવી ગયો અને ભગીરથ મશાલો સાથે સૈનિકોને શત્રુનૌકાઓમાં ઉપરથી નીચે ભાગતા જોઈ શકતો હતો. તેઓ ધનુર્ધરો માટે બાણ સળગાવી રહ્યા હતા.

'ઢાલો ઉપર !' ભગીરથે મોટેથી બૂમ પાડી.

ભગીરથના સૈનિકો, જેમાં મુખ્યત્વે બ્રંગા હતા, તરત એ બાણવર્ષા માટે તૈયાર થઈ ગયા, જે બહુ જલદી તેઓ પર વરસવાનાં હતાં. ધનુર્ધરો દ્વારા છોડવામાં આવેલા અગ્નિબાણોથી આકાશ ઝગમગી ઊઠ્યું. તે એક વિશાળ અર્ધગોળાકાર બનાવીને ઊડ્યાં અને જંગલમાં જઈને પડ્યાં. ભગીરથે ખાસ ધ્યાન રાખીને પોતાના સૈનિકોને જંગલની સીમાની અંદર જ રાખ્યા હતા, એટલે વૃક્ષોએ તેઓ માટે સુરક્ષાની પહેલી પંક્તિની ગરજ સારી હતી. થોડાં તીર જે વૃક્ષોને વટાવીને આવ્યાં તેને ઊઠેલી ઢાલોએ રોકી લીધાં હતાં.

મગધસૈન્યને આશા હતી કે તેઓના અગ્નિબાણ જંગલમાં આગ લગાવી લેશે, જેના લીધે બ્રંગાસેનામાં ગભરાટ ફેલાઈ જશે અને ભાગદોડ મચી જશે. પરંતુ રાતનું ધુમ્મસ અને ઠંડીના કારણે પાંદડાઓ ઉપર ઝાકળ જામી ગયું હતું. વૃક્ષોમાં આગ લાગી જ ન શકી.

જેવી બાણવર્ષા અટકી કે ભગીરથે મોટા અવાજે નારો લગાવ્યો -- 'હરહર મહાદેવ !'

મગધના સૈન્ય ઝડપથી બાણોની એક વર્ષા ફરીથી કરી. એક વાર ફરીથી, વૃક્ષો અને બ્રંગા ઢાલોએ સુનિશ્ચિત કરી દીધું કે ભગીરથના સૈનિકોને કોઈ નુકસાન ન થાય.

બ્રંગાઓએ પોતાની ઢાલો એક તરફ નમાવી અને પોતાના શત્રુઓને ચીડવતા હોય તેમ યુદ્ધઘોષણા કરી. 'હરહર મહાદેવ !'

ભગીરથે નૌકાઓમાંથી નાવડીઓ ઉતારાતી જોઈ. આક્રમણ શરૂ થવાનું જ હતું. અગ્નિબાણ તો ફક્ત એક આડશ હતાં. જ્યાં તેણે જોયું કે અગ્નિબાણોને ફરી સજ્જ કરવામાં આવી રહ્યાં છે, તે પોતાના સૈનિકો તરફ ફર્યો. 'ઢાલ ઊંચી' તેણે બૂમ પાડી.

બ્રંગાઓએ સહજતાથી અગ્નિબાણોના એક વધુ હુમલાથી પોતાને બચાવી લીધા હતા.

'બીજા કિનારે હાજર આપણા સૈનિકોને સંદેશો મોકલો કે તેઓની અગ્નિ હરિગોળ નૌકાઓ છોડી નાખે. તરત.' જ્યારે તેઓનો સહાયક ઝડપથી જઈ રહ્યો હતો ત્યારે ભગીરથે જોયું કે તેઓના શત્રુ નાવડીઓમાં કુંડ તરફ આગળ વધી રહ્યા છે. ફરી બાણની એક વધુ વર્ષા કરવામાં આવી.

'હાલતા નહીં.' પોતાના સૈનિકોને રોકીને ભગીરથે બૂમ પાડી, 'પહેલાં તેઓને કિનારે પહોંચવા દો.'

વધારેમાં વધારે નુકસાન પહોંચાડવા માટે ભગીરથ શત્રુસૈનિકોના એક મોટા દળને પહેલા કિનારે આવવા દેત, તે પછી પાસેના જંગલમાંથી ત્રણ બાજુએથી આક્રમણ કરત. ખભાથી ખભો મેળવીને ઊભેલો, ઢાલ સામે રાખીને તેના પાયદળનો અભેદ વ્યુહ આગળ વધતો અને ભયાનક જોર સાથે મગધસૈનિકોની આગલી હરોળને ધકેલી દેત. પાછળથી આવતા શત્રુસૈનિકોને છેવટે પાણીમાં ધકેલી દેવામાં આવત. તેઓ તો તેમનાં શસ્ત્રો અને કવચના ભારથી જ ડૂબી જાત. તે પછી નિરાશાજનક રીતે મોટાભાગની આગલી હરોળ નાશ પામી હોત.

'ઢાલ ઉપર', ભગીરથે જ્યારે બાણોને સળગાવાતાં જોયાં તો તેણે એક વાર ફરીથી આદેશ આપ્યો.

તેને સહજતાથી લાગ્યું કે આ છેલ્લી બાણવર્ષા હશે. શત્રુસૈનિકો પોતાની નાવડીઓમાંથી બલ-અતિબલની રેતી પર કૂદીને ઊતરી રહ્યા હતા. હાથોહાથની હિંસક લડાઈ હવે થોડી પળ દૂર હતી. ભગીરથ પોતાનાં ફેફસાંમાં ઉત્તેજના અનુભવી રહ્યો હતો. તે તો લોહીની ગંધ પણ સૂંઘી શકતો હતો જે વહેવાનું હતું.

'આક્રમણ કરો.' ભગીરથે મોટેથી ચીસ પાડી.



કાર્તિક પોતાના બે હજાર બળવાન ઘોડેસવારોને લઈને જબરદસ્ત ઝડપથી જઈ રહ્યો હતો. ગાઢ વનસ્પતિ હોવા છતાં, તે મગધની નૌકાઓમાંથી છોડવામાં આવતા અગ્નિબાણોને જોઈ શકતો હતો. તેઓએ યુદ્ધ શરૂ કરી દીધું હતું, જેનો અર્થ થતો હતો કે મગધસેનાની દક્ષિણ પાંખે મોરચો સંભાળી લીધો હતો.

'હજી વધારે ઝડપ રાખો.' કાર્તિકે પોતાના ઘોડેસવારોને મોટા અવાજે કહ્યું.

એને દેખાઈ રહ્યું હતું કે કાફલાની વચ્ચે રહેલી નૌકાઓમાં આગ લાગી ગઈ હતી. ગુપ્ત નૌકાઓએ આક્રમણ કરી દીધું હતું. ભગીરથ મગધની નૌસેનાને નુકસાન પહોંચાડી રહ્યો હતો તે

જોઈ શકાતું હતું. પરંતુ નવાઈની વાત એ હતી કે દક્ષિણનો છેડો પણ સળગી રહ્યો હતો. વૈશાલીની સેના પણ આવી પહોંચી હશે અને તેણે પાછળથી મગધની સેના ઉપર આક્રમણ કરી દીધું હશે.

આગળ થઈ રહેલા અવાજોએ કાર્તિકનું ધ્યાન ખેંચ્યું. આ મગધસેનાની દક્ષિણ ટુકડી અને દિવોદાસની બ્રંગા ટુકડી વચ્ચે ઘમસાણ ચાલી રહેલા યુદ્ધના અવાજો હતા.

'હજી વધુ ઝડપથી ચલાવો !'

સુર્પદમનના સૈનિકોએ કદાચ અહીં પણ અગ્નિબાણ છોડ્યાં હતાં કારણ કે છાવણી ક્યાંક ક્યાંક સળગી રહી હતી. પરંતુ એણે કાર્તિકના ઘોડેસવારો માટે માર્ગદર્શકનું જ કામ કર્યું. તેણે પોતાના ઘોડાને જોરથી એડી મારીને ગતિ વધારી દીધી. દક્ષિણના છેડે બ્રંગા આશરે વીસ હજાર સૈનિકોને રોકી રાખવા માટે ભારે સંઘર્ષ કરી રહ્યા હતા. મગધ, જેઓએ અસાવધાન શત્રુનો વિનાશ કરવાની આશા રાખી હતી, તેઓ આ ભયંકર સામનાથી સ્તબ્ધ થઈ ગયા હતા, પરંતુ પરિસ્થિતિ હજુ વધારે બગડવાની હતી, કારણ કે મગધના સૈન્ય પાછળથી પણ મુશ્કેલી ઊભી થશે તેની આશા રાખી ન હતી.

'હરહર મહાદેવ !' કાર્તિકે પોતાની લાંબી તલવાર ખેંચીને જોરથી હુંકાર કર્યો.

'હરહર મહાદેવ !' બોલીને બ્રંગાના ઘોડેસવારો પણ આક્રમણ કરવા આગળ વધ્યા.

મગધના પાયદળનું સૈન્ય, જે પાછળથી થનાર ઘોડેસવાર સૈનિકોના આક્રમણથી સંપૂર્ણ રીતે બેધ્યાન હતું, થોડી જ પળોમાં નિર્દયતાથી માર્યું ગયું. કાર્તિક અને તેના ઘોડેસવારોએ મગધસેનાઓ ઉપર મોટે પાયે હાહાકાર મચાવી દીધો. તેઓના ઘોડેસવારો અસહાય સૈનિકોને મારી નાખી રહ્યા હતા અને જે કોઈ વચ્ચે રસ્તામાં આવતું તેને તેઓની તલવાર કાપી નાખતી હતી.

શરૂઆતમાં તો દુશ્મનસેનાની વિશાળતા અને ભયાનક યુદ્ધના હિંસાપૂર્ણ કોલાહલને કારણે બ્રંગા ઘોડેસવારો દ્વારા પાછળથી કરવામાં આવેલા આક્રમણ ઉપર મગધના સૈનિકોનું ધ્યાન ગયું ન હતું. તરત જ તેઓએ આ અચાનક હુમલા ઉપર નિયંત્રણ મેળવીને તેઓ મગધ સૈનિકોના ઘોડેસવારો ઉપર તૂટી પડ્યા, ઘોડાઓને તલવાર ખૂંપાવી દેતા અને એટલે સુધી કે તેઓ ઘોડાની લગામના ઝૂલતા ભાગને વળગી પડતા હતા જેથી એના પર બેઠેલો ઘોડેસવાર નીચે પડી જાય. દુશ્મનસૈનિકોને જ્યારે ખ્યાલ આવ્યો કે કાર્તિક ઘોડેસવાર સેનાનું નેતૃત્વ કરી રહ્યા છે ત્યારે તેઓ કાર્તિકના ઘોડા પર લટકી પડ્યા, જેથી બંને નીચે પડી ગયા. પરંતુ તરત જ તેઓ ઇચ્છા કરવા માંડ્યા કે તેઓએ આમ ન કર્યું હોત તો સારું થાત.

બિલાડી જેટલી ચપળતાથી કાર્તિક ઊછળીને ઊભો થઈ ગયો અને તે સાથે જ નિર્દયતાથી તેણે પોતાની બીજી તલવાર પણ બહાર ખેંચી લીધી અને પોતાની તરફ આવતા સૈનિકોમાંથી પહેલાને તો કાપી નાખ્યો. મગધસૈનિક કશું બોલ્યા વિના ધરતી પર ઢળી પડ્યો. તેના ગળાની નસ ફાટી ગઈ હતી, તેના કપાઈ ગયેલા ગળામાંથી લોહીનો ફુવારો ઊડ્યો હતો, જે લોહીના છાંટા આજુબાજુ ઊભેલા લોકો પર પડ્યા હતા. એક બીજો સૈનિક આક્રમણ કરવા આગળ વધ્યો પણ હજી તે બે પગલાં ચાલીને આવે તે પહેલાં કાર્તિકની તલવારે તેના માથાને ધડથી જુદું કરી નાખ્યું.

બાકીના સૈનિકો આ જોઈ અટકી ગયા, હવે તેઓ આ બાળક જેવા લાગતા માણસની સતર્કતા પામી ગયા હતા, જે આટલી સહજતાથી મારી શકતો હતો. તેઓ સૌ એક વર્તુળ બનાવી તેની ચારે બાજુ ઊભા રહી ગયા. કાર્તિક જાણતો હતો કે તેઓ બધી દિશાઓમાંથી એક સાથે આક્રમણ કરશે, એટલે તેણે તેઓ પહેલ કરે તેની રાહ જોઈ.

આક્રમણ કરવામાં આવ્યું, એકે પાછળથી, બે જણે સામેથી અને એક ચોથો ડાબી તરફથી

આગળ વધ્યો. કાર્તિક નમી ગયો અને લગભગ માન્યામાં ન આવે તેટલી ઝડપે ડાબી બાજુ કદમ ચલાવીને, તે ભયંકર રીતે ફરી ગયો. ફરતાંની સાથે તલવારની ભયંકર ગતિ વધારીને તેણે પોતાની ચારે બાજુ નિર્દયતાથી એ ચારે પર તલવાર ફેરવી અને બધાનાં અંગોને ઘાયલ કરી દીધાં. ચારે તરફ લોહી અને માંસ ફેલાઈને નીચે પડ્યાં.

હાંફતાં હાંફતાં તે થોભ્યો, તેના બંને હાથોમાં પકડેલી તલવારોમાંથી લોહી ટપકી રહ્યું હતી. તેણે પોતાની આજુબાજુ જોયું. એક વિરોધી સૈનિકને પસંદ કર્યો અને ફરીથી તેના ઉપર આક્રમણ કર્યું. જેમ ભગવદ્‌ગીતામાં કહેવામાં આવ્યું છે તેમ કાર્તિક સાક્ષાત્ મૃત્યુ બની ગયો હતો.

ભીષણ યુદ્ધ અડધો કલાક ચાલતું રહ્યું અને તેનું પલ્લું સતત માગધોની વિરુદ્ધ નમતું ગયું. પરંતુ તેઓ લડતા રહ્યા કારણ કે કાર્તિક કે તેની સેના દ્વારા તેઓને કોઈ જગ્યા કરી આપવામાં આવતી નહોતી.

ધીરેધીરે મરણચીસો ઓછી થતી ગઈ અને પછી સુર્પદમનની સમગ્ર સેના મૃત્યુ પામતાં મૌન છવાઈ ગયું. સૈનિકોએ નરસંહાર બંધ કરી દીધો અને તેઓ શાંતિથી પોતાની તલવારોને ટેકે થાકેલા-પાકેલા હાંફતાં હાંફતાં ઊભા હતા. પરંતુ કાર્તિક શાંત પડ્યો નહોતો અને સતત એ દુશ્મનસૈનિકો ઉપર હુમલો કરી રહ્યો હતો જેઓ હજી ઊભા હતા.

કાર્તિક તરફ આગળ વધતા દિવોદાસે દોડવાનો પ્રયત્ન કર્યો પરંતુ તેના પગ નબળાઈના લીધે કંપી રહ્યા હતા અને તે બસ પડતો-આખડતો જ પહોંચી ગયો. અનેક નાનામોટા ઘાને લીધે તે લોહીલુહાણ હતો અને એક ઊંડા ઘાને લીધે તેનો ડાબો હાથ લબડી પડ્યો હતો. ‘માનનીય,’ તેણે ભરેલા શ્વાસે અને ભારે અવાજ સાથે બૂમ પાડી, ‘માનનીય...’

કાર્તિક ક્રૂરતા સાથે પાછળ ફર્યો. કાવતરાની ગંધ આવતાં તેની ઝડપ વધી ગઈ હતી. તેની તલવારે જોરથી ઘા કર્યો. દિવોદાસે પોતાની ઢાલ પર એ ઘા ઝીલ્યો પરંતુ આ ઘાતક હુમલાને રોકવા જતા જે ઝાટકો વાગ્યો તેણે તેને ઝણઝણાવી નાખ્યો અને તેનો ડાબો હાથ ખભા સુધી સુન્ન થઈ ગયો.

‘માનનીય’ તેણે હતાશ થઈને યાચના કરી, ‘આ તો હું છું, દિવોદાસ !’

કાર્તિક તરત જ થોભી ગયો, તેણે પોતાની લાંબી તલવાર પોતાના ડાબા હાથમાં ઊંચી પકડી રાખી હતી અને બીજી તલવાર જમણા હાથમાં નીચે રાખીને પકડી રાખી હતી. તેનો શ્વાસ જોરથી ચાલતો હતો અને આંખોમાં લોહીની તરસ છલકી રહી હતી.

‘માનનીય !’ દિવોદાસે ચીસ પાડી, તેનો ભય સાચો હતો, ‘આપે એ બધાને મારી નાખ્યા છે. કૃપા કરીને હવે થોભી જાવ.’

જ્યારે કાર્તિકનો શ્વાસ ધીમો પડ્યો ત્યારે તેણે પોતાની ચારે તરફ નજર ફેરવીને ફેલાયેલા વિનાશને બરાબર જોયો. કપાયેલાં, ફાટેલાં શબ યુદ્ધના મેદાનમાં વિખરાયેલાં પડ્યાં હતાં. અહંકારમાં રાચતી મગધસેના સંપૂર્ણ રીતે નાશ પામી ગઈ હતી. દિવોદાસનો આગળથી હુમલો અને ઘોડેસવાર સેનાનો પાછળથી હુમલો, બંનેએ સાથે મળીને કાર્તિકની યોજનાને સફળ બનાવી દીધી હતી.

કાર્તિકને હજી તીવ્ર ઉત્તેજનાનો અનુભવ થઈ રહ્યો હતો.

કાર્તિકથી હજી ડરતા દિવોદાસે ધીમેથી કહ્યું ‘આપ જીતી ગયા, માનનીય.’

કાર્તિકે પોતાની લાંબી તલવાર હવામાં ઊંચી કરી અને મોટેથી ગર્જના કરી, ‘હરહર મહાદેવ.’

એની સાથે બ્રંગા સૈનિકો પણ બોલી ઊઠયા, ‘હરહર મહાદેવ.’

કાર્તિક નીચે વળ્યો અને એક મગધસૈનિકના કપાયેલા માથાને ચતું કર્યું અને પછી દિવોદાસ

તરફ ફરીને બોલ્યો : 'સુર્પદમનને ખોળી કાઢો. જો તે જીવતો હોય તો હું ઇચ્છીશ કે તેને જીવતો મારી પાસે લાવવામાં આવે.'

'જી, માનનીય,' દિવોદાસે કહ્યું અને ઝડપથી હુકમનું પાલન કરવા ચાલ્યો ગયો.

કાર્તિકે એક મરી ગયેલા સૈનિકનાં કપડાંથી પોતાની બંને તલવારોને લૂછી અને સાવચેતીથી તે બંનેને પોતાની પીઠ પર બાંધેલી મ્યાનમાં મૂકી દીધી. બ્રંગા સૈનિકોએ હમણાં હમણાં કાર્તિકે કરેલી નિર્દયી હત્યાથી ભયભીત થઈને તેનાથી થોડે દૂર ઊભા રહેવાનું જ યોગ્ય ગણવ્યું. કાર્તિક ધીમેધીમે નદી તરફ ગયો અને નીચા નમીને તેણે હથેળીમાં પાણી લઈ પોતાના ચહેરા પર છાલક મારી. હમણાં જ થયેલા રક્તપાતને લીધે નદી લાલ થઈ ગઈ હતી. તે લોહી જોઈને આંચકો ખાઈ ગયો. પરંતુ તેની આંખો સાફ અને શાંત હતી. હવે લોહીની તરસ તેના મનમાંથી દૂર થઈ ગઈ હતી.

તે પછી દિવસ દરમિયાન, જ્યારે મરનારાઓની ગણતરી કરવામાં આવી ત્યારે જાણ થઈ કે મગધસેનાના પંચોતેર હજાર સૈનિકોમાંથી સિત્તેર હજારની હત્યા કરી દેવામાં આવી હતી અથવા તેઓને સળગાવી દેવામાં આવ્યા હતા કે પછી ડુબાડી દેવામાં આવ્યા હતા. બીજી તરફ કાર્તિકે પોતાના એક લાખ સૈનિકોમાંથી માત્ર પાંચ હજાર સૈનિકોને ગુમાવી દીધા હતા. આ યુદ્ધ નહોતું. આ નરસંહાર હતો.

કાર્તિકે આકાશ તરફ જોયું. એક નવા દિવસનો જન્મ થઈ રહ્યો હતો. ક્ષિતિજ પર સૂર્યનાં પહેલાં કિરણો દેખાઈ રહ્યાં હતાં. અને આ દિવસે એક નવી દંતકથાનો જન્મ થયો હતો. યુદ્ધના દેવતા કાર્તિકની દંતકથા.



પ્રકરણ-૨૪

હિંસાનો યુગ

જમણી તરફની મુખ્ય જમીનની ક્ષિતિજે સૂરજનો સોનેરી પ્રકાશ ઝબક્યો અને દક્ષિણની જોરદાર હવા લોથલ બંદર તરફ આગળ વધતી નૌકાઓના શઢમાં ભરાઈ ગઈ. પાછળ ઊભેલી સતી સાથે શિવ નૌકાના આગળના ભાગે ઊભા હતા, તેઓની આંખો ઉત્તરની તરફ મંડાયેલી હતી અને તેઓ ઇચ્છી રહ્યા હતા કે નૌકા હજી વધુ ઝડપથી ચાલે તો સારું.

'ખબર નથી સ્વદ્વીપમાં યુદ્ધ કેવું ચાલી રહ્યું હશે ?' સતીએ કહ્યું.

શિવ હસતાં હસતાં સતી તરફ ફર્યા. 'આપણને તો એ પણ ખબર નથી કે ત્યાં કોઈ યુદ્ધ થઈ રહ્યું છે કે નહીં, સતી. સંભવ છે કે ગણેશની યુક્તિપ્રયુક્તિઓ સફળ થઈ હોય.'

'આશા તો એ જ છે.'

શિવે સતીનો હાથ પકડ્યો. 'આપણા પુત્રો યોદ્ધા છે. તેઓ એ કરી રહ્યા છે જે તેઓએ કરવું જોઈએ. તારે એ બાબતે ચિંતા કરવાની જરૂર નથી.'

'મને ગણેશની ચિંતા નથી. હું જાણું છું કે જો તે રક્તપાતથી બચી શકે તેમ હશે તો જરૂર બચી જશે. એવું નથી કે તે ભીરુ છે. તે યુદ્ધની નિરર્થકતાને સમજે છે. પરંતુ કાર્તિક... તેને તો યુદ્ધકળાથી પ્રેમ છે. મને ડર છે કે સંકટને સામેથી બોલાવવા તે કંઈ પણ કરી બેસશે.'

'કદાચ તું બરાબર કહે છે.' શિવે કહ્યું, 'પરંતુ તું એનો મૂળ સ્વભાવ બદલી ન શકે અને આમ જોઈએ તો યોદ્ધા થવાનો શું આ અર્થ નથી ?'

'પરંતુ બીજા બધા યોદ્ધા અવઢવ સાથે યુદ્ધમાં આવે છે. તેઓ એટલા માટે લડતા હોય છે, કારણ કે તેઓને લડવું હોય છે. કાર્તિક એવો નથી. તે તો યુદ્ધનું નામ સાંભળીને ઉત્સાહમાં આવી જાય છે. જાણે એવું લાગે છે કે તેનો સ્વધર્મ યુદ્ધ જ હોય. આ વાતની મને ચિંતા થાય છે.' સતીએ પોતાની ચિંતા જણાવી.

શિવે સતીને પોતાની બાંહોમાં ખેંચી અને દિલાસો આપવાના ભાવથી તેના હોઠોને ચૂમ્યા. 'બધું જ બરાબર થઈ જશે.'

સતી હસી પડી અને તેણે પોતાનું માથું શિવની છાતી પર રાખી દીધું. 'મારે માનવું પડશે કે આમ વહાલ કરવાથી મને થોડી રાહત થઈ ખરી...'

શિવ ધીમું હસ્યા, 'તો મને થોડી વધુ રાહત કરવા દે.'

શિવે સતીના ચહેરાને ઉપર લીધો અને ફરીથી ચૂમી લીધો.

'હં…હં…હં…'

શિવ અને સતી પાછળ ફર્યાં તો તેઓએ વીરભદ્ર અને કૃત્તિકાને તેઓ તરફ આવતાં જોયાં.

'આ ખુલ્લી જગ્યા છે.' હસતાં હસતાં વીરભદ્ર પોતાના મિત્રને ચીડવતાં કહ્યું, 'કોઈ કક્ષ શોધી કાઢો.'

શરમાઈ ગયેલી કૃત્તિકાએ વીરભદ્રના પેટ ઉપર હળવી ટપલી મારી. 'ચૂપ રહો !'

શિવ હસ્યા. 'કેમ છો, કૃત્તિકા ?'

'હું મજામાં છું, પ્રભુ.'

'કૃત્તિકા,' શિવે કહ્યું, 'મારે તને કેટલી વાર કહેવાનું કે તું મારા મિત્રની પત્ની છો. મને શિવ કહ્યા કર.'

શિવે પોતાનો હાથ વીરભદ્રના ખભા પર મૂક્યો. 'નૌકાધ્યક્ષનું શું કહેવું છે, ભદ્ર ? આપણે કેટલા દૂર છીએ ?'

'જે ઝડપે આપણે જઈ રહ્યા છીએ તે પ્રમાણે બસ થોડા દિવસ વધારે. હવામાન સારું રહ્યું છે.'

'હંહં… શું તું ક્યારેય લોથલ કે મયકા ગઈ છો, કૃતિકા ?'

કૃત્તિકાએ માથું ધુણાવ્યું, 'મારા માટે ગર્ભધારણ કરવું મુશ્કેલ વાત છે, શિવ, અને આ એકમાત્ર રસ્તો છે કે જેનાથી કોઈ બહારની વ્યક્તિ મયકામાં જઈ શકે છે.'

શિવ વ્યાકુળ થઈ ગયા. તેઓએ દુખતી નસને અડકી લીધું હતું. વીરભદ્રને તો કોઈ પરવા નહોતી કે કૃત્તિકા ગર્ભધારણ નથી કરી શકતી, પરંતુ આ વાત તેને હજી પણ ડંખતી હતી.

'મને ક્ષમા આપજે.' શિવે કહ્યું.

'ના, ના.' કૃત્તિકા હસી. 'વીરભદ્રે મને આશ્વાસન આપ્યું છે કે અમે એકબીજા માટે પૂરતાં છીએ. અમને એકબીજાને પૂર્ણ કરવા માટે કોઈ બાળકની જરૂર નથી.'

શિવે વીરભદ્રની પીઠ થાબડી, 'ક્યારેક ક્યારેક આપણે જંગલી લોકો આપણા સારા વિચારોથી પોતાની જાતને ચકિત કરી દેતા હોઈએ છીએ.'

કૃત્તિકા ધીમું હસી, 'પરંતુ હું એક વાર પુરાણા લોથલ ગઈ છું.'

'પુરાણું લોથલ ?'

'શું મેં આપને કહ્યું નહોતું ?' સતીએ પૂછયું, 'લોથલનું સમુદ્રનું બંદર હકીકતે નવું નગર છે. પુરાણું લોથલ સરસ્વતી પર બનેલું નદી પરનું બંદર હતું. પરંતુ જ્યારે સરસ્વતીએ સમુદ્ર સુધી પહોંચવાનું બંધ કરી દીધું, તો પુરાણા નગરની આજુબાજુ પાણી જ નહોતું રહ્યું અને તેની ગતિશીલતા સમાપ્ત થઈ ગઈ. સ્થાનિક લોકોએ સમુદ્ર પાસે તેઓનું વતનનું નગર ફરી વસાવવાનો નિર્ણય કર્યો. નવું લોથલ એકદમ પુરાણા નગર જેવું છે, ફક્ત ફેર એટલો છે કે આ સમુદ્રતટનું બંદર છે.'

'વાત મજાની છે.' શિવે કહ્યું, 'તો પુરાણા લોથલનું શું થયું ?'

'તે આમ જોવા જાવ તો ત્યજાઈ દીધેલું નગર છે, પરંતુ કેટલાંક લોકો હજી પણ ત્યાં રહે છે.'

'તો પછી તેઓએ નવા નગરને જુદું જ નામ કેમ ન આપ્યું ? એને લોથલ જ કેમ કહે છે ?'

'પુરાણા નગરના નાગરિકો પોતાના નગરથી ખાસ્સા જોડાયેલા હતા. તે સામ્રાજ્યનાં મહાન નગરોમાંનું એક હતું. તેઓ નહોતા ઇચ્છતા કે એનું નામ સમયની રેતીમાં ભુલાઈ જાય. તેઓ એ પણ માનતા હતા કે મોટાભાગના લોકો પુરાણા લોથલને ભૂલી જશે.'

શિવે સમુદ્ર તરફ જોઈને કહ્યું : 'નવા લોથલ, અમે આવી રહ્યાં છીએ.'



બલ-અતિબલ કુંડ ઉપર સૂરજ ઊંચે આવી ગયો હતો. આ બીજા પ્રહરનો ત્રીજો કલાક હતો. મગધસૈનિકો અને બ્રંગાઓનાં શબોને ખસેડીને જંગલની એક ચોખ્ખી જગ્યાએ લઈ જવામાં આવી રહ્યાં હતાં, જ્યાં ધાર્મિક મંત્રોચ્ચાર વચ્ચે તેઓનાં નશ્વર શરીરોને અંતિમ સંસ્કાર આપવામાં આવી રહ્યો હતો. મૃત્યુ પામેલા મગધસૈનિકોની વિશાળ સંખ્યા જોતાં આ કમ્મર તોડી નાખે તેવું કામ હતું, પરંતુ કાર્તિકનો આગ્રહ હતો કે વીરતાનું સન્માન થવું જ જોઈએ, જીવનમાં પણ અને મૃત્યુ પછી પણ.

'શું સુર્પદમન હજી સુધી મળ્યો નહીં ?' કુંડની રેતી પર આંખો દોડાવતાં ભગીરથે પૂછ્યું. ગઈકાલ સુધી તો આ રેતી એકદમ સફેદ હતી. આજે પુષ્કળ પ્રમાણમાં લોહી વહી જવાથી તે મેલા ગુલાબી રંગની બની ગઈ હતી.

'હજી સુધી તો નથી મળ્યો.' કાર્તિકે કહ્યું, 'પહેલાં તો મને લાગ્યું હતું કે તે દક્ષિણ તરફના મોરચે લડી રહ્યો છે. આપણે ત્યાં તેને શોધી કાઢવામાં નિષ્ફળ ગયા એટલે મેં અનુમાન લગાવ્યું કે તે અહીં જ ક્યાંક હશે.'

વૈશાલીના રાજા માતલિએ મગધના સૈન્યને પાછળથી હુમલો કરી નાશ કરી દેવાની પોતાની કુશળતા સાબિત કરી દીધી હતી. કાર્તિકની બહાદુરી અને નિર્દયતા વિષે સાંભળીને તેઓ હવે તેને નવા સન્માન સાથે જોવા લાગ્યા હતા. નીલકંઠના પુત્ર પ્રત્યેના તેઓના ભાવ સાવ બદલાઈ ગયા હતા.

'મારા ભાઈનો કાફલો કેટલો દૂર છે, મહારાજ માતલિ ?' કાર્તિકે પૂછ્યું.

'મેં આપણી કેટલીક નૌકાઓને નદીની ઉપરની તરફ મોકલી દીધી છે. નદીમાં મગધનાં તૂટેલાં વહાણો પડેલાં છે. આપણી નૌકાઓ તેને સાફ કરવાનો પ્રયત્ન કરી રહી છે, પરંતુ તેમાં થોડો સમય લાગશે. અને માનનીય ગણેશ બહુ જ સતર્કતાથી આગળ વધી રહ્યા છે, જેથી નૌકાઓને કોઈ નુકસાન ન થાય. એટલે તેઓને અહીં પહોંચવામાં થોડો સમય લાગશે.'

કાર્તિકે હકારમાં ડોકું ધુણાવ્યું.

'પરંતુ તેઓને આપના મહાન વિજય અંગે ખબર મોકલી દેવામાં આવી છે, માનનીય કાર્તિક.' માતલિએ કહ્યું, 'તેઓ આપના માટે ગર્વ અનુભવે છે.'

કાર્તિકની ભમ્મર સંકોચાઈ. 'આ મારો વિજય નથી, મહારાજ. આ આપણો વિજય છે. અને આ મારા મોટાભાઈ વગર સંભવ ન થઈ શકત, જેઓએ મગધનૌસેનાનો ઉત્તરના છેડે નાશ કરી દીધો હતો.'

'સાચી વાત છે.' માતલિએ કહ્યું.

'માનનીય !' ગાઢ જંગલ પાર કરીને બલ-અતિબલ કુંડની રેતાળ જમીન તરફ આવતા દિવોદાસે મોટેથી બૂમ પાડી. પોતાના જખ્મોના કારણે નબળા પડી ગયેલ દિવોદાસ, પાંચ સૈનિકોની મદદથી કોઈ વસ્તુને દોરડાથી બાંધીને ખેંચીને લાવી રહ્યો હતો.

કાર્તિકને એક પળ માટે તો સમજ ન પડી કે તે શું ખેંચીને આવી રહ્યો છે.

'દિવોદાસ ! તેની સાથે સન્માનપૂર્વક વર્તો.'

દિવોદાસ તરત અટકી ગયો. કાર્તિક તેની તરફ દોડ્યો, તેની પાછળ ભગીરથ અને માતલિ હતા. જે શબને તેઓ ખેંચીને લાવી રહ્યા હતા, તે એક લાંબા, સ્નાયુબદ્ધ, શ્યામ રંગના પુરુષનું હતું. તેનાં કપડાં અને કવચ લોહીથી લાલ રંગનાં થઈ ગયાં હતાં અને તેનું શરીર ઘાથી ભરચક હતું. કેટલાક ઘા સુકાઈ ગયા હતા અને તે કાળા પડી ગયા હતા જ્યારે બીજા હજી તાજા, લાલ

અને ભીના હતા. તેની ખોપરી તેના લમણા પાસેથી ફાટી ગઈ હતી, જે બતાવી રહ્યું હતું કે તેનું મોત કેવી રીતે થયું હતું. એના ઘા એટલા બધા હતા કે ગણી શકાય તેમ નહોતા, જે યુદ્ધમાં તેની વીરતાની સાક્ષી પૂરી રહ્યા હતા. બધા જ ઘા સામી છાતીના હતા, એક પણ પીઠ પાછળનો ઘા નહોતો. આ એક સન્માનજનક મૃત્યુ હતું.

'સુર્પદમન...' ભગીરથે ધીમેથી કહ્યું.

'તેઓ દક્ષિણિના મોરચે હતા, માનનીય.' દિવોદાસે કહ્યું.

કાર્તિકે પોતાનું ચાકુ બહાર કાઢયું અને નીચા નમીને સુર્પદમનના ખભા ઉપર બાંધેલા દોરડાને કાપી નાખ્યું અને પછી ધીરેથી મૃત્યુ પામેલા રાજકુમારનું શબ જમીન પર મૂક્યું. તેણે સુર્પદમનના જમણા હાથને જોયો જે હજી પણ પોતાની તલવારને જોરથી પકડેલી દશામાં હતો. તે તલવારને અડક્યો, તેની ધાર પર સુકાઈ ગયેલું લોહી ભેગું થયેલું હતું. દિવોદાસે સુર્પદમનની આંગળીઓ ખોલવાનો પ્રયત્ન કર્યો.

'થોભી જા.' કાર્તિકે હુકમ કર્યો, 'સુર્પદમન પોતાની તલવાર સાથે જ પરલોક જશે.'

દિવોદાસે તરત પોતાનો હાથ ખેંચી લીધો અને પાછળ જતો રહ્યો.

સુર્પદમનનું મોં અડધું ખુલ્લું હતું. મૃત્યુ માટે રચવામાં આવેલી પ્રાચીન વૈદિક ઋચાઓનું કહેવું હતું કે અંતિમ શ્વાસની સાથે આત્મા શરીરમાંથી નીકળી જાય છે. એટલે મૃત્યુના સમયે મોં ખૂલી જાય છે. પરંતુ આ પણ અંધવિશ્વાસ છે કે મૃત્યુ પછી તરત મોંને બંધ કરી દેવું જોઈએ, જેથી આત્મા વગરના શરીરમાં દુષ્ટ આત્માનો પ્રવેશ ન થઈ જાય.

કાર્તિકે ધીમેથી સુર્પદમનના મોંને બંધ કરી દીધું.

'પીઢ બ્રાહ્મણને ખોળી કાઢો.' કાર્તિકે કહ્યું, 'સુર્પદમનના શબને યોગ્ય રીતે તૈયાર કરો. તેઓને અગ્નિસંસ્કાર એક રાજકુમારની જેમ થશે, જે તેઓ હતા.'

દિવોદાસે હકારમાં ડોકું ધુણાવ્યું.

કાર્તિક ભગીરથ તરફ ફર્યો. 'આપણે મારા ભાઈના આવવા સુધી રાહ જોઈશું. તે પછી સુર્પદમનનો સંપૂર્ણ રાજવી સન્માન સાથે અંતિમ સંસ્કાર કરવામાં આવશે.'



ગણેશ મગધના કિલ્લાની ભીંત ઉપર ઊભા રહીને મહાન સરયૂ નદીને શક્તિશાળી ગંગામાં સમાઈ જતી જોઈ રહ્યા હતા. ઢળતા સૂરજે પાણીને ચમકતું નારંગી રંગનું બનાવી દીધું હતું. પોતાની સેનાનો સર્વનાશ અને રાજકુમાર સુર્પદમનના મૃત્યુથી આંચકો ખાઈ ગયેલા રાજા મહેન્દ્ર અને મગધના નાગરિકોએ ગણેશની સેનાને નગરમાં આવવા માટે ચૂપચાપ માર્ગ કરી આપી આત્મસમર્પણ કરી દીધું હતું. જોકે ગણેશને કોઈ પ્રકારના વિરોધની અપેક્ષા જ નહોતી, કારણ કે આમ જોઈએ તો મગધનો કોઈ સૈનિક જીવતો બચ્યો જ ન હતો. ગણેશની યોજના હતી, કિલ્લાનો ચોકીપહેરો અને અયોધ્યાનાં કોઈ પણ વહાણોને રોકવા માટે તેઓ દસ હજાર સૈનિકોની નાનકડી સેના ત્યાં છોડી જવા માગતા હતા અને પછી મેલુહામાં પોતાના પિતાની સેનાને મળવા તેઓ અન્ય સૈનિકો સાથે નીકળી પડવાના હતા. તેઓ હવે પછીના દિવસે નીકળી જવાના હતા.

સ્વદ્વીપનું યુદ્ધ ગણેશ માટે સંપૂર્ણપણે યોગ્ય રહ્યું હતું. હવે તેઓ આનાથી પણ ઓછા સૈનિકો વડે અયોધ્યાની સેનાની ગતિવિધિઓને રોકી શકતા હતા અને ઓછા સૈનિકો વડે તેઓ અયોધ્યાને ઘેરો નાખી શકતા હતા.

'શું વિચારી રહ્યા છો, મોટાભાઈ ?' કાર્તિકે પૂછયું.

બે નદીના સંગમ તરફ ઇશારો કરતાં ગણેશે પોતાના ભાઈને જોઈને સ્મિત આપ્યું. 'સંગમને જો, જ્યાં સરયૂ ગંગાને મળે છે.'

નજર દોડાવતા પહેલાં જ કાર્તિક સંગમ પરના બે નદીના મળવાના અવાજોને સાંભળી શકતો હતો. તેણે જોયું કે પોતાનું સ્થાન કિનારા પર જમાવવા સંઘર્ષમાં ડૂબેલી યુવાન, ચંચળ, સરયૂ, ધીર-ગંભીર ગંગા સાથે ટક્કર લઈ રહી છે. જોકે ગંગા ક્યારેક ક્યારેક કોમળતા દાખવતી હતી, પરંતુ નવાઈ પમાડે તેમ તે સહજતાથી સરયૂના પાણીને અલગ પાડી દેતી હતી જેના લીધે તેના માર્ગમાં વમળ અને મોજાં પેદા થતાં હતાં. આ સંઘર્ષ ચાલતો રહ્યો, ત્યાં સુધી જ્યારે અનંત મા ગંગાએ અંતે પોતાની ચંચલ સાથી નદીને પોતાની બાંહોમાં ખેંચી ના લીધી અને પછી બંને નદી શાંત પ્રવાહમાં એકાકાર થઈ ગઈ.

'છેલ્લે હંમેશા એકતા થતી હોય છે.' ગણેશે કહ્યું, 'અને તે એક નવી શાંતિ લઈ આવે છે. પરંતુ બંને સંસારોનું મિલન અસ્થાયી સ્વરૂપે ભારે અવ્યવસ્થા ઉત્પન કરતું હોય છે.'

કાર્તિક આનંદભેર હસ્યો.

'એનાથી બચી શકાતું નથી.' ગણેશે કહ્યું, 'પરંતુ રાજા મહેન્દ્રનો ઘવાયેલો ચહેરો હૃદય ચીરી નાખે તેવો હતો. મગધના પ્રત્યેક ઘરમાંથી ક્યાં તો પુત્ર કે પુત્રીને બલ-અતિબલ યુદ્ધમાં ખોઈ દીધો હતો.'

'પરંતુ રાજા મહેન્દ્રએ તો રાજકુમાર સુર્પદમનને આક્રમણ કરવા માટે દબાણ કર્યું હતું હવે તો તેઓ પોતાની જાતનો જ વાંક કાઢી શકે તેમ છે.' કાર્તિકે કહ્યું, 'મને એવી ખબર મળી હતી કે રાજકુમાર સુર્પદમન હકીકતે તટસ્થ રહેવા માગતા હતા.'

'આ સાચું હોઈ શકે છે, કાર્તિક. પરંતુ એ છતાંય એનાથી એ સત્ય તો સત્ય જ રહે છે કે આપણે મગધની અડધી યુવાન પેઢીને મારી નાખી છે.'

'આપણી પાસે બીજો કોઈ વિકલ્પ નહોતો, મોટાભાઈ.' કાર્તિકે કહ્યું.

'હું તે જાણું છું.' ગણેશે કહ્યું અને ફરીથી ગંગા અને સરયૂના સંગમને જોતા રહ્યા, 'નદીઓ એકબીજા સાથે એક જ દ્રવ્ય માટે લડતી હોય છે, જે દ્રવ્ય તેઓ જાણતી હોય છે : પાણી. આપણે મનુષ્યો એક જ દ્રવ્યને માટે લડતા હોઈએ છીએ જેને આપણે યુગોથી જાણીએ છીએ : હિંસા.'

'પરંતુ તો પછી કોઈ પણ વ્યક્તિ પોતાનો દૃષ્ટિકોણ કયા પ્રકારે સ્થાપિત કરી શકે છે, મોટાભાઈ ?' કાર્તિકે પૂછયું, 'એવો પણ સમય આવે છે જ્યારે તર્ક કામ નથી કરતું અને શાંતિપૂર્ણ પ્રયાસ પૂરતા કારગત નીવડતા નથી. હિંસા જ અંતિમ ઉપાય હોય છે. હંમેશા આમ જ થતું આવ્યું છે. કદાચ સંસાર ક્યારેય આ વાતથી અલગ નહીં થાય.'

ગણેશે પોતાનું માથું ધુણાવ્યું, 'અલગ થશે, એક દિવસ. આપણે ક્ષત્રિય યુગમાં રહીએ છીએ. એ માટે આપણે વિચારીએ છીએ કે બદલાવ લાવવાનું એકમાત્ર દ્રવ્ય હિંસા છે.'

'ક્ષત્રિય યુગ ? મેં તો આવું ક્યારેય સાંભળ્યું નથી.'

'તે ચાર યુગો અંગે તો સાંભળ્યું હશે, જેમાં સમય અંતહીન ચક્ર ઘુમાવતો રહે છે : સતયુગ, ત્રેતાયુગ, દ્વાપરયુગ અને કલિયુગ.'

'હા.'

'આ પ્રત્યેક યુગમાં નાનાં નાનાં ચક્ર હોય છે જે જુદા જુદા લોકો અને વ્યવસાયો દ્વારા નિયંત્રિત થતા હોય છે. બ્રાહ્મણોનો, ક્ષત્રિયોનો, વૈશ્યોનો અને શૂદ્રોનો યુગ હોય છે.'

'બ્રાહ્મણોનો યુગ, મોટાભાઈ ? મેં તો આ વિષયમાં કંઈ સાંભળ્યું જ નથી.'

'નક્કી સાંભળ્યું હશે. આપણે બધાએ પ્રજાપતિના ચમત્કારિક યુગની વાર્તાઓ સાંભળી

છે.'

કાર્તિક હસ્યો, 'સાચે જ. અજ્ઞાનીઓને જ્ઞાન ચમત્કાર જેવું લાગતું હોય છે.'

'હા, બ્રાહ્મણયુગનું મુખ્ય દ્રવ્ય જ્ઞાન હતું અને આપણા યુગમાં હિંસા છે. કેટલાંક દાર્શનિકોને વિશ્વાસ છે કે આપણા યુગ પછી વૈશ્યોનો યુગ આવશે.'

'અને એ યુગમાં લોકો પોતાના ઝઘડાઓ ઉકેલવા હિંસાનો પ્રયોગ શું નહીં કરે ?'

'હિંસા તો ક્યારેય સમાપ્ત નહીં થાય, કાર્તિક. એ જ રીતે જ્ઞાન પણ સમાપ્ત નહીં થાય. પરંતુ તે નિર્ણયતત્વ નહીં હોય, કારણ કે આ યુગ વૈશ્યમાર્ગથી સંચાલિત થશે, જે લાભ આપી જશે. તેઓ ધનનો ઉપયોગ કરશે.'

'હું એવા સંસારની કલ્પના પણ નથી કરી શકતો, મોટાભાઈ.'

'તે આવશે. હું તો પ્રાર્થના કરું છું કે તેમાં વધુ વાર ન થાય. એવું નથી કે હું હિંસાથી ડરું છું પરંતુ હિંસા તેના રસ્તામાં અનેક દુ:ખી હૃદયોને છોડી જાય છે.'

'મોટાભાઈ, જો હું એવો ભરોસો મૂકી દઉં કે એવો પણ કોઈ સમય આવશે તો આપ કહી રહ્યા છો તેમાં શું હિંસાની સરખામણીએ ધન ઓછો વિનાશ લાવશે ? શું તે સમયે પણ જીતવાવાળા અને હારવાવાળા નહીં હોય ? શું દુ:ખ સમાપ્ત થઈ જશે ?'

ગણેશે આશ્ચર્ય સાથે પોતાનાં ભવાં ચડાવ્યાં. તેઓ હસ્યા અને તેઓએ તેમના ભાઈની પીઠ થાબડી, 'તું સાચું કહે છે. જીતવા અને હારવાવાળા હંમેશા રહેશે, કારણ કે એ સંસારનો નિયમ છે.'

કાર્તિકે પોતાનું બાવડું પોતાના ભાઈની કમ્મરમાં નાખી દીધું અને ગણેશે પોતાનો હાથ કાર્તિકના ખભા ઉપર મૂક્યો. 'તે છતાંય એ વાતનું દુ:ખ ઓછું નહીં થાય કે આપણે બીજાઓને પીડા આપી હતી.'



'તમને કદાચ આ જરા વિચિત્ર લાગશે.' શિવે લોથલના પ્રાંતપાલના નિવાસસ્થાનની સગવડો વચ્ચે આરામ કરતાં કહ્યું, 'પરંતુ મને જાણે એવું લાગી રહ્યું છે કે હું મારા ઘરે આવી ગયો છું. મેલુહાથી જ મારી યાત્રા શરૂ થઈ હતી.'

કાલીએ જેવી અપેક્ષા રાખી હતી તેમ જ લોથલના પ્રાંતપાલ ચેનારધ્વજ મેલુહાના નબીરા લોકો સાથે સંબંધો તોડી નાખ્યા હતા અને નીલકંઠના પ્રતિ નિષ્ઠાના સોગન લઈને શિવની સેના માટે નગરનાં દ્વાર ખોલી નાખ્યાં હતાં.

'અને અહીં યાત્રા સમાપ્ત થશે.' સતીએ કહ્યું, 'અને પછી આપણે બધા કેલાશ પર જઈને રહી શકીશું.'

શિવ હસ્યા, 'તું જેવી કલ્પના કરી રહી છે તેવું કૈલાશ પર જીવન આરામદાયક નહીં હોય. તે બહુ જ મુશ્કેલ અને ઉજ્જડ પ્રદેશ છે.'

'પરંતુ આપ તો ત્યાં હશો. મારા માટે તે સ્વર્ગ હશે.'

શિવે હસીને, આગળ નમીને, પ્રેમપૂર્વક પોતાની પત્નીને નજીક ખેંચીને ચૂમી લીધી.

'પરંતુ પહેલાં આપણે એ બધાને ખતમ કરવા પડશે જેઓ દુષ્ટ સોમરસનો બચાવ કરી રહ્યા છે.' સતીએ કહ્યું.

'મગધની હાર પછી એની શરૂઆત થઈ ગઈ છે.'

'હંઅઅ... એ સાચી વાત છે, હવે જ્યારે મગધ બરાબર રીતે આપણા નિયંત્રણમાં છે ત્યારે

આપણે અયોધ્યાની નૌસેનાને સરળતાથી રોકી શકીશું. ગણેશ અને કાર્તિક મેલુહા આવવા ક્યારે નીકળી રહ્યા છે ?'

'તેઓ નીકળી ચૂક્યા છે.'

'અને આપણે મ્રિત્તિકાવટી તરફ ક્યારે કૂચ કરીશું ?'

'થોડા દિવસોમાં.'

સતી એ મક્કમ ભાવોને ઓળખવા લાગી હતી જે હવે શિવના ચહેરા ઉપર રહેતા હતા અને તે પોતાની માતૃભૂમિ માટે ચિંતા અનુભવ્યા વગર રહી શકતી ન હતી. 'હું આશા રાખું છું કે તેઓ તેમના ભલા માટે સમર્પણ કરી દે.'

'હું પણ એમ આશા રાખું છું.'



પ્રકરણ-૨૫

પ્રભુ કે દેશ

'ભગવાન બ્રહ્માના સોગન' ભૃગુએ ગર્જના કરી.

ભૃગુ અંતે દિવગિરિ પહોંચી ગયા હતા. સ્વદ્વીપમાં ધર્મખેત અને મેલુહા વચ્ચે હાલમાં બનેલી સડક પર યમુનાના પૂરનાં પાણી ભરાઈ જવાથી તેઓને વાર થઈ હતી. પૂરના પાણીએ રસ્તાને ડુબાડી દીધો હતો. જ્યારે તેઓ ચંદ્રવંશી અને સૂર્યવંશી સામ્રાજ્યો વચ્ચેના સાવ નિર્જન વિસ્તારમાં ફસાઈ ગયા હતા ત્યારે ભૃગુએ સડકકિનારે મેલુહા દ્વારા બનાવવામાં આવેલા યાત્રી આવાસગૃહની સગવડોનો લાભ ઉઠાવ્યો હતો, પણ એવું ન હતું કે ત્યાં આરામદાયક સગવડો હોવાથી તેઓ શાંત થઈ ગયા હતા, કારણ કે તેઓને દેવગિરિ પહોંચવાનું હતું. આનંદમયી સાથે પર્વતેશ્વર ત્યાં આવવાથી તેઓનો તણાવ દૂર થઈ ગયો હતો. એ પછી તેઓએ સાથે મુસાફરી કરી હતી અને ભૃગુએ આ તકનો પર્વતેશ્વર સાથે યુદ્ધ રણનીતિ ઉપર ચર્ચા કરવામાં લીધો હતો. યમુનાના પૂરે કેટલાંક અઠવાડિયાંઓની મુસાફરીને કેટલાક મહિનાઓમાં બદલી નાખી હતી.

ભૃગુ, દક્ષ, પર્વતેશ્વર અને કનખલા, દેવગિરિના અંગત રાજવી કાર્યાલયમાં બેસીને નીલકંઠના ઢંઢેરાનાં પરિણામો ઉપર વિચાર કરી રહ્યાં હતાં.

'શું હું તે ઢંઢેરો જોઈ શકું છું, મુનિવર ?' પર્વતેશ્વરે પૂછયું.

ભૃગુએ પથ્થરને તેમના હાથમાં આપી દીધો, જેના પર ઢંઢેરો કોતરેલો હતો અને કનખલા તરફ ફરી ગયા, 'એને ક્યારે લગાવવામાં આવ્યો હતો ?'

'થોડા મહિના પહેલાં, મુનિવર.' દક્ષે જવાબ આપ્યો.

'સામ્રાજ્યની અંદર આવેલા લગભગ દરેક નગરનાં બધાં જ મુખ્ય મંદિરો ઉપર લગાડવામાં આવ્યો હતો.' કનખલાએ ઉમેર્યું.

'અને શું આ એક જ દિવસે ગોઠવી દેવાની યોજના હતી ?' પર્વતેશ્વરે પૂછ્યું. દેખીતી રીતે તે આખી વાતથી પ્રભાવિત થઈ ગયા હતા.

'હા.' કનખલાએ કહ્યું, 'ફક્ત નીલકંઠ જ એવું કરી શકતા હતા, પરંતુ તેઓ એવું શા માટે કરે ? તેઓ તો મેલુહા પ્રત્યે સ્નેહ રાખે છે અને આપણે તેઓની પૂજા કરીએ છીએ. એટલે અમે એવું ધારી લીધું હતું કે આ કોઈ એવી વ્યક્તિએ કર્યું હશે જે આપણા પ્રભુની પ્રતિષ્ઠાને કલંકિત કરવા માગતી હશે. દુ:ખની વાત એ છે કે આપણને હજી સુધી આપણી શોધખોળમાં કોઈ સફળતા મળી નથી, અને આપણે જાણતા નથી કે ખરેખર દોષી કોણ છે.'

‘શું તમારા વહીવટકર્તાઓમાં કોઈ દેશદ્રોહી છે, રાજન ?’ ભૃગુએ પૂછ્યું.

દક્ષ અંદરથી સમસમી ગયા પરંતુ તેમણે તેમના ક્રોધને જાહેર થવા દીધો નહીં. ‘નક્કી નથી, મુનિવર. આપ મેલુહા લોકો ઉપર એટલો જ વિશ્વાસ રાખી શકો છો જેટલો મારા પર રાખો છો.’

ભૃગુનું વ્યંગભરેલું હાસ્ય તરત જ દેખાઈ આવ્યું, ‘આપ એમાંથી શું અર્થ કાઢો છો, માનનીય પર્વતેશ્વર ?’

’મેં નીલકંઠ પાસેથી એનાથી ઓછી આશા રાખી ન હોત.’ પર્વતેશ્વરે કહ્યું.

આ જાણીને કનખલા અચંબો પામી ગઈ, પરંતુ વિવેક સાચવવા તેણીએ મૌન રહેવાનું જ યોગ્ય માન્યું.

‘પરંતુ હું આપને જણાવવા માગું છું કે અમે બરાબર પ્રતિક્રિયા આપી હતી, મુનિવર.’ દક્ષે ભૃગુને કહ્યું, ‘થોડા દિવસોમાં એ પથ્થરના ઢંઢેરાઓને હટાવી દેવામાં આવશે અને તેના સ્થાને અધિકૃત સૂચના મૂકી દેવામાં આવશે કે અગાઉનો ઢંઢેરો કોઈ કપટીએ લગાવ્યો હતો અને તેના ઉપર કોઈએ વિશ્વાસ મૂકવો નહીં.’

કનખલાને આઘાત લાગ્યો. તેનાથી અજાણતા જ પાપ થઈ ગયું હતું, જ્યારે તેણે દક્ષના કહેવાથી જ તે સૂચના લગાવી હતી એટલે તે પણ જૂઠાણાની ભાગીદાર થઈ ગઈ હતી. તેણીએ પદત્યાગ કરવા વિશે વિચારવા માંડ્યું, પરંતુ એ સ્પષ્ટ વાત હતી કે યુદ્ધ સાવ નજીક હતું અને યુદ્ધ સમયે તેને કરવાનાં કર્તવ્ય હતાં : રાજા અને દેશ પ્રતિ પૂર્ણ અને શંકારહિત નિષ્ઠા. તેણીએ ક્યારેય આવી સ્થિતિનો સામનો કર્યો ન હતો, જ્યાં તેનું કર્તવ્ય તેના ધર્મ સાથે સંઘર્ષમાં ઊભું થઈ ગયું હોય. આ ગભરાટ સ્તબ્ધ કરી દે તેવો હતો.

‘તો આપ જોઈ શકો છો, મુનિવર, કે આ સમસ્યા આમ તો પતાવી દેવામાં આવી છે.’ દક્ષે કહ્યું, ‘હવે આપણે એ વાત ઉપર ધ્યાન આપવાનું રહેશે કે શિવની સેનાને કઈ રીતે ફેંકી દેવાય.’

ભૃગુએ દક્ષ તરફ ઇશારો કરતાં કહ્યું : ‘હમણાં નહીં, રાજન. પહેલાં મારે સેનાપતિ પર્વતેશ્વર સાથે એકાંતમાં ચર્ચાવિચારણા કરવાની છે.’

કનખલા પોતાના અંતરઆત્મામાં ચાલતા મનોમંથનમાં એટલી ખોવાઈ ગયેલી હતી કે તેનું આ વાતો પર ધ્યાન જ ન ગયું.



‘ઢંઢેરો નીલકંઠ દ્વારા કરવામાં આવ્યો હતો. આપણે તેઓના આદેશ વિરુદ્ધ કેવી રીતે જઈ શકીએ ? એ ખોટું કહેવાય. જ્યારે પ્રભુ કહે છે કે સોમરસનો ઉપયોગ ન કરવો, તો મને સમજ નથી પડતી કે આપણે એ આદેશ વિરુદ્ધ કેવી રીતે જઈ શકીએ ?’

ચર્ચા-વિચારણા પછી પર્વતેશ્વર કનખલા સાથે તેના કાર્યાલયમાં હતા. તેઓ જાણતા હતા કે સવારે જે બન્યું હતું તેનાથી કનખલા મૂંઝવણમાં હતી.

‘મેં સોમરસનો ઉપયોગ બંધ કરી દીધો છે, કનખલા.’

‘હું પણ આ પળથી બંધ કરી દઈશ. પણ હું એ વાતથી મૂંઝવણમાં નથી. નીલકંઠ ઇચ્છે છે કે પૂરું મેલુહા સોમરસનો ઉપયોગ બંધ કરી દે અને તેઓના નિર્ણયની અવગણના કરવાનું પરિણામ તેઓના ઢંઢેરામાં એકદમ સ્પષ્ટ છે : જો આપણે તેમ ન કર્યું તો આપણે તેઓના શત્રુ બની જઈશું.’

'મને આ વાતની ખબર છે. બધા જ યોગ્ય હેતુઓ પ્રમાણે યુદ્ધ ઘોષિત થઈ ચૂક્યું છે. આપણે અત્યારે વાતો કરી રહ્યાં છીએ ત્યારે તેઓની સેના તો આગળ વધતી જ જાય છે.'

'મેલુહાએ સોમરસનો ઉપયોગ બંધ કરી દેવો જોઈએ.'

'શું કાયદો તને કે મને સોમરસ ઉપર પ્રતિબંધ લગાવવાનો હુકમ બહાર પાડવાની રજા આપે છે ?'

'ના, ફક્ત સમ્રાટ એવું કરી શકે છે.'

'અને તેઓએ એ નથી કર્યું, બરાબરને ? એ સાથે, યુદ્ધ સમયે સમ્રાટના હુકમો ઉપર સવાલ પૂછી શકાતો નથી.'

'શું આપણે કોઈ પણ રીતે યુદ્ધ ટાળી ન શકીએ ? આપ મહર્ષિ ભૃગુ સાથે કેમ વાત કરતા નથી ? તેઓ આપને માનપૂર્વક જુએ છે.'

'મહર્ષિ ભૃગુ એવું નથી માનતા કે સોમરસ બૂરાઈમાં બદલાઈ ચૂક્યો છે.'

'તો પછી આપણે સીધી સામાન્ય જનતા સાથે વાત કરવી જોઈએ.'

'કનખલા, તું એમને સારી રીતે જાણે છે. એનો અર્થ એ થશે કે તું પ્રધાનમંત્રી પદની તારી પ્રતિજ્ઞા તોડવા માગે છે, કારણ કે તું સીધી પોતાના સમ્રાટના આદેશ વિરુદ્ધ જઈશ.'

'પરંતુ હું તેઓના આદેશનું પાલન શા માટે કરું ? એમણે મને ભ્રમમાં રાખી છે.'

'હું તને ખાતરી આપું છું કે જ્યાં સુધી હું જીવતો છું અને મેલુહામાં છું, ફરીથી આવું નહીં થાય.'

પોતાના ક્રોધને કાબૂમાં રાખવા સંઘર્ષ કરતી કરતી કનખલા બીજી તરફ જોવા લાગી.

'કનખલા, ધારી લઈએ કે આપણે સીધા મેલુહાવાસીઓ પાસે જઈએ.' પર્વતેશ્વરે કહ્યું, 'આપણે આપણા દેશવાસીઓને આશ્વાસન આપીએ કે તેઓ સ્વેચ્છાએ પોતાના જીવનને એના અંત કરતાં ઘણા વહેલા સમાપ્ત કરવા તૈયાર થઈ જાય. અને સામે તેઓને આપવા માટે આપણી પાસે કશું નહીં હોય. લોકોને એવું કરવા માટે તૈયાર કરવા એ સરળ વાત નથી. મેલુહાવાસીઓ જેવા કર્તવ્યનિષ્ઠ અને મર્યાદાપૂર્ણ લોકોને પણ નહીં. એમાં સમય લાગશે, પરંતુ જ્યારે સોમરસની વાત નીકળે છે ત્યારે નીલકંઠની ધીરજ રહેતી નથી. તેઓ ઇચ્છે છે કે એનો ઉપયોગ તરત સમાપ્ત થઈ જાય અને એવું કરવા માટે એક રસ્તો છે અને તે છે એના ઉત્પાદનકેન્દ્ર ઉપર હુમલો કરવો.'

'જે મેલુહા છે...'

'હા. અત્યારે તો આપણું કામ આપણા દેશની રક્ષા કરવાનું છે. તું તો જાણે છે કે ભગવાન રામના નિયમો બહુ જ સ્પષ્ટ છે, જે કહે છે કે આપણું પહેલું કર્તવ્ય આપણા દેશ પ્રતિ હોવું જોઈએ. તેઓએ તો કહ્યું હતું કે જો ભગવાન રામ અને મેલુહા વચ્ચે પસંદગી કરવાની વાત આવે તો આપણે મેલુહાને પસંદ કરવું જોઈએ.'

'કોણે કલ્પના કરી હશે કે વાત ખરેખર આવી પસંદગી કરવા સુધી પહોંચી જશે, પર્વતેશ્વર ? કેવું છે કે આપણે આપણા દેવતા અને આપણા દેશમાંથી એકની પસંદગી કરવી પડશે ?'

પર્વતેશ્વર ઉદાસ ચહેરે હસ્યા, 'આપણા દેશ પ્રત્યેનું મારું કર્તવ્ય સૌથી ઉપર છે, કનખલા.'

કનખલાએ પોતાના વાળ વગરના માથા પર હાથ ફેરવ્યો અને શક્તિ મેળવવાના પ્રયાસ રૂપે માથા પાછળ બાંધેલી ચોટલીનો સ્પર્શ કર્યો, 'નસીબ આપણી સમક્ષ કેવો પડકાર ઊભું કરી રહ્યું છે ?'

'આ મૂર્ખામીભરેલો વિચાર છે, રાજન.' ભૃગુએ કહ્યું. 'આપની સમસ્યા એ છે કે આપ આપની રણનીતિઓ નક્કી કરતી વખતે આગળના ત્રણ મહિનાઓથી આગળ કશું જોઈ શકતા નથી.'

દક્ષ મોટી આશા લઈને, ઉત્સુકતાથી ઉત્તરની રાહ જોતા મહર્ષિ ભૃગુના ચરણો પાસે બેઠા હતા, કારણ કે હમણાં જ તેઓએ ભૃગુ સમક્ષ પોતાની 'ઉત્કૃષ્ટ' યોજના રજૂ કરી હતી, જેનાથી યુદ્ધથી બચી જવાય તેમ હતું.

હાલ્યાચાલ્યા વગર ભૃગુ તે પછી પોતાની પથ્થરની પથારીમાંથી દક્ષ તરફ ઝૂક્યા, 'આપણે નીલકંઠ સાથે લડી રહ્યા નથી, પણ એ ભક્તિની ભાવના સામે લડી રહ્યા છીએ જે તેઓ આપની પ્રજામાં જગાવે છે. તેઓને શહીદ બનાવવાથી આપની પ્રજાને આપની અને અનિવાર્ય રૂપથી સોમરસની વિરુદ્ધ કરી દેશે.'

દક્ષે વાત સ્વીકારતા હોય તેમ માથું ધુણાવ્યું, 'આપ સાચું કહો છો, મુનિવર. જો આપણે પંચવટીમાં જ તેઓને મારવામાં સફળ થઈ ગયા હોત તો લોકો નાગાઓને દોષ આપત. એ અસફળતા સૌથી વધુ દુ:ખદ હતી.'

'એ ઉપરાંત, રાજન, જેમ કોઈ અસાવધ સેના ઉપર આક્રમણ કરવું અનૈતિક નથી, પરંતુ કેટલાક એવા નિયમ હોય છે જેને તોડી નથી શકાતા, યુદ્ધકાળ દરમિયાન પણ નહીં, જેમ કે કોઈ શાંતિદૂત અથવા સંદેશાવાહકની હત્યા કરી દેવી.'

'બરાબર છે, મુનિવર.' ધ્યાન વગર દક્ષે કહ્યું. ખરેખર તો તેઓનું ધ્યાન પોતાની યોજનાને કઈ રીતે સુધારવી તેમાં હતું.

'આપ સાંભળી તો રહ્યા છો ને, રાજન ?' ચીડાયેલા સ્વરે ભૃગુએ પૂછયું.

ગભરાયેલા દક્ષે તરત ઉપર જોયું, 'હા, બરાબર સાંભળી રહ્યો છું, મુનિવર.'

ભૃગુએ ઊંડો શ્વાસ લીધો અને હાથ હલાવી તેઓને પોતાના કક્ષમાંથી બહાર જતા રહેવાનું કહ્યું.



પર્વતેશ્વર ઝડપથી પોતાના ઘરમાં ઘૂસ્યા અને સેવિકા તરફ માથું હલાવી દોડતા મુખ્ય ફળિયાની સીડીઓ ચઢી ગયા. પહેલા માળે પહોંચ્યા પછી, જાણે તેઓને કંઈક યાદ આવ્યું હોય તેમ મુખ્ય ફળિયાવાળી સીડી પર પાછા આવ્યા.

'રતિ !'

'જી, સ્વામી ?' સેવિકાએ જવાબ આપ્યો.

'શું આજે અઠવાડિયાનો એ દિવસ નથી જ્યારે દેવી આનંદમયી દૂધ અને ગુલાબની પાંદડીઓથી સ્નાન કરે છે ?' પર્વતેશ્વરે પૂછયું.

'જી, સ્વામી. રવિવાર સિવાય અઠવાડિયાના બધા જ દિવસે ગરમ પાણીથી અને રવિવારે દૂધ અને ગુલાબની પાંદડીઓથી તેઓ સ્નાન કરે છે.'

પર્વતેશ્વર હસ્યા, 'તો શું તે તૈયાર છે ?'

રતિ ઉષ્માભરી રીતે સહેજ હસી. તેણે પોતાનું સંપૂર્ણ જીવન પર્વતેશ્વરની સેવામાં ગાળ્યું હતું પણ પોતાના સ્વામીને આટલા વધારે પ્રમાણમાં હસતા ક્યારેય જોયા નહોતા, જ્યારથી તેઓ પોતાની નવી બાઈ સાથે આવ્યા હતા. 'બસ, થોડી જ વારમાં તૈયાર થવામાં છે, સ્વામી.'

'જેવાં તૈયાર થઈ જાય એટલે દેવીને જણાવવાનું ભૂલી ન જતી.'

'જી, સ્વામી.'

પર્વતેશ્વર ફર્યા અને દોડતાં દોડતાં બાકીના બે માળ ચડીને ઉપર આવેલા પોતાના અંગત કક્ષમાં પહોંચી ગયા. તેઓએ આનંદમયીને અટારીમાં આરામદાયક બેઠક પર આરામ કરતી અને નીચે આવેલા રસ્તા ઉપરની ચહલપહલને જોતી જોઈ. કપડાંનો પડદો સાંજના તડકાથી છાંયો કરી રહ્યો હતો. પર્વતેશ્વરને ઝડપથી અંદર આવતો જોઈને તે પાછળ ફરી.

'આટલી ઉતાવળી શેની છે ?' હસતાં હસતાં આનંદમયીએ પૂછયું.

પર્વતેશ્વર થોભ્યા અને ખુલ્લા દિલથી હસતાં બોલ્યા, 'હું તો ફક્ત જાણવા માંગતો હતો કે તમે કેમ છો ?'

આનંદમયી હસી અને તેણે પર્વતેશ્વરને પાસે બોલાવ્યા. મેલુહાના સેનાપતિ તેની પાસે ગયા અને તેણીની બેઠકના હાથા ઉપર બેસી ગયા. આનંદમયીએ પોતાનું માથું તેમના હાથ પર ટેકવી દીધું અને નીચે રસ્તાને જોતી રહી. બજાર હજી પણ ખુલ્લું હતું પરંતુ અવાજો કરતાં અને વાતોડિયા ચંદ્રવંશીઓ કરતાં દેવગિરિના નાગરિકો ખરેખર વિનમ્ર હતા. રસ્તા, ઘર, લોકો -- બધું જ સૂર્યવંશીના સંયમ, માનમર્યાદા અને એકતા જેવા ગુણોનું દર્શન કરાવતા હતા.

'અમારી રાજધાની વિશે તમારો શું અભિપ્રાય છે ?' પર્વતેશ્વરે પૂછયું, 'શું તે નવાઈ પમાડે તેટલું સુનિયોજિત અને શિસ્તબદ્ધ નથી ?'

આનંદમયીના હોઠો પર સ્નેહભરેલું સ્મિત આવ્યું તે પર્વતેશ્વરે જોયું, 'આ હૃદય તોડી નાખે તેવું નિરસ અને રંગ વગરનું છે.'

પર્વતેશ્વર હસ્યા. 'આ નગરમાં રંગ ભરવા માટે તમે પૂરતાં છો.'

આનંદમયીએ પર્વતેશ્વરના હાથ ઉપર પોતાનો હાથ રાખ્યો અને કહ્યું, 'તો આ તે ભૂમિ છે જ્યાં હું મૃત્યુને પામીશ...'

જવાબમાં પર્વતેશ્વરે પોતાનો હાથ ફેરવીને તેનો હાથ પકડી લીધો.

'કોઈ સમાચાર ?' આનંદમયીએ પૂછયું, 'શું પ્રભુ મેલુહા વિસ્તારમાં પ્રવેશી ગયા છે ?'

'હજી સુધી તો કોઈ ખબર નથી મળી.' પર્વતેશ્વરે કહ્યું, 'પરંતુ ખરી ચિંતાની વાત તો એ છે કે અયોધ્યાથી પક્ષી-દૂત નથી આવી રહ્યા.'

ચિંતાતુર થઈને સીધી બેસીને આનંદમયીના ચહેરાના ભાવ બદલાઈ ગયા. 'શું અયોધ્યાને જીતી લેવામાં આવ્યું છે ?'

'હું નથી જાણતો, પ્રિયે, પરંતુ મને નથી લાગતું કે પ્રભુની પાસે અયોધ્યા જીતવા માટે પૂરતું લશ્કર હોય. એ નગરમાં સાત સમકેન્દ્રી દીવાલો છે, જે જોકે ખરાબ રીતે બંધાયેલી છે, પણ સૈનિકો સારી રીતે તૈયાર થયેલા હોય તોપણ આ સુરક્ષા અજેય છે.'

આનંદમયીએ ચીડાઈને પોતાની આંખો ઝીણી કરી, 'સૈનિકોને સારું નેતૃત્વ મળ્યું નથી, પર્વતેશ્વર, પણ તેઓ બહાદુર છે. મારા દેશના સેનાપતિ મૂર્ખ હોઈ શકે છે, પરંતુ સામાન્ય જનતા પોતાની જન્મભૂમિ માટે જબરો સંઘર્ષ કરશે.'

'આ મારા એ તર્કને પુષ્ટી આપે છે કે પ્રભુ નીલકંઠ બ્રંગા અને વૈશાલીના માત્ર દોઢ લાખ સૈનિકો વડે અયોધ્યા જીતી નહીં શકે.'

'તો આપ શું ધારો છો કે શું થયું હશે ?'

'સ્પષ્ટ છે, અયોધ્યામાં મેલુહાનાં હિતોની રક્ષા થઈ રહી નથી. એક સંભાવના તે છે કે તમારા પિતા, રાજા દિલીપ, નીલકંઠ સાથે મળી ગયા છે.'

'અસંભવ. મારા પિતા સ્વયં પોતાના સખત પ્રેમમાં છે. તેઓને મહર્ષિ ભૃગુ તરફથી એ ઔષધિઓ મળી રહી છે, જે તેઓને જીવતા રાખી રહી છે. એ કોઈ પણ વસ્તુ માટે તેના પર સંકટ આવવા નહીં દે.'

‘બને કે અયોધ્યાના લોકોએ પોતાના રાજા સામે બળવો કરી દીધો હોય અને નીલકંઠ સાથે પોતાનું નસીબ જોડી દીધું હોય.’

‘હં હં... આ સંભવ છે. સાચે જ મારા દેશવાસીઓ મારા પિતા કરતાં નીલકંઠ તરફ વધારે સમર્પિત છે.’

‘અને જો નીલકંઠે અયોધ્યાને પોતાના કબજામાં લઈ લીધું હોય તો તેઓ તરત જ તેઓનું ધ્યાન પોતાના મુખ્ય લક્ષ્ય, મેલુહા પર લગાવી દેશે.’

‘તેઓનો ઉદ્દેશ સોમરસનો નાશ કરવાનો છે, પર્વ. તેઓ ગમે તેવા વિનાશમાં રસ નહીં લે. તેઓ એવું શા માટે કરે ? તેવું કરે તો લોકો તેમની વિરુદ્ધ થઈ જાય. તેઓ તો ફક્ત સોમરસની પાછળ પડશે.’

પર્વતેશ્વરની આંખો ચમકારા સાથે ખૂલી ગઈ, ‘જરૂર ! તેઓ ગુપ્ત રીતે સોમરસ બનાવતી જગ્યાઓ અને તેના વૈજ્ઞાનિકોને નિશાન બનાવશે. આમ થાય તો સોમરસ મળતો બંધ થઈ જાય. લોકો પાસે એના વગર જીવવાનું શીખવા સિવાય કોઈ વિકલ્પ નહીં રહે.’

‘આપે સાચું કહ્યું. આ જ તેઓનું ધ્યેય છે. આ ગુપ્ત રીતે સોમરસ બનાવતી જગ્યાઓ છે ક્યાં ?’

‘મને ખબર નથી. પરંતુ હું જાણી લઈશ.’

‘હા, આપે જાણી લેવું જોઈશે.’

‘જે હોય તે,’ પર્વતેશ્વરે કહ્યું, ‘મેં કનખલાને કહી દીધું છે કે અયોધ્યાને હવે બીજો કોઈ સંદેશો ન મોકલે. સંભવ છે કે આપણે ફક્ત શત્રુના હાથમાં જાણકારી સોંપી રહ્યા હોઈએ.’

‘જો તેઓએ અયોધ્યા પર કબજો લઈ લીધો હોય અને જો તેઓ નીકળવાના હોય તો બહુ જલદી તેઓ મેલુહામાં હોઈ શકે છે.’

‘હા, આ બધું છ મહિનાની અંદરોઅંદર થઈ શકે છે. એ સાથે, અયોધ્યાની મળીને પ્રભુ પાસે વિશાળ સેના થઈ જશે.’

‘આપની તૈયારીઓ બેગણી કરી નાખજો.’

‘હંહં -- વિદ્યુન્માલીને પણ હુકમ આપી દઈશ કે વીસ હજાર સૈનિકો સાથે લોથલ તરફ પ્રસ્થાન કરી દે.’

‘લોથલ ? ફક્ત એટલા માટે કે તેઓએ આપને માસિક અહેવાલ નથી મોકલ્યો ? શું જરૂર કરતાં વધારે પ્રતિક્રિયા ન કહેવાય ?’

‘મને તે લોકો માટે સાચી લાગણી થતી નથી.’ પર્વતેશ્વરે માથું હલાવતાં કહ્યું, ‘તેઓએ મારા પક્ષી-સંદેશનો કોઇ જવાબ આપ્યો નથી.’

‘માત્ર એક શંકાના આધારે આપ વીસ હજાર સૈનિકો મોકલવાનો ખર્ચ ઉપાડશો ?’

‘લોથલ બહુ દૂર નથી. વળી તે સરહદી નગર છે. પંચવટીથી તે સૌથી નજીક મેલુહાઈ નગર છે. તેને વધુ મજબૂત કરવું એ ખોટો વિચાર નથી.’



પ્રકરણ-૨૬

મ્રિત્તિકાવટીનું યુદ્ધ

સાવ થાકી ગયેલો, પોતાની ચિંતા છુપાવવામાં અસફળ એક ગુપ્તચર સૈન્યના તંબુમાં ઘૂસ્યો. શિવે એક જ ઝાટકે એ નકશા પરથી માથું ઊંચક્યું, જે નકશો તેઓ જોઈ રહ્યા હતા. સૈનિકે ઝડપથી પ્રણામ કર્યાં. 'શું વાત છે ?'

શિવના બાણ જેવા તીક્ષ્ણ અવાજના લીધે કાલી, સતી, ગોપાલ અને ચેનારધ્વજે ઉપર જોવા માંડ્યું, ચિંતાની રેખાઓ તેઓના ચહેરા પર છવાઈ ગઈ હતી. શિવની સેના લોથલથી કૂચ કરી ગઈ હતી અને મ્રિત્તિકાવટીથી માત્ર એક દિવસ દૂર હતી.

'પ્રભુ, ખરાબ સમાચાર લાવ્યો છું.'

'હકીકત કહે. જાતે નિષ્કર્ષ ન કાઢીશ.'

'પહેલાં કરતાં હવે મ્રિત્તિકાવટીની સુરક્ષા ઘણી જ ઉત્તમ છે. સેનાપતિ વિધ્યુન્માલી થોડા દિવસો પહેલાં જ જળમાર્ગે નગરમાં પહોંચી ગયા છે. દેખીતું છે કે તેઓ સીમા ઉપર મેલુહાની સુરક્ષા સુદૃઢ કરવા લોથલ જઈ રહ્યા છે. એ વાતની સમ્રાટ દક્ષને માહિતી નથી તે સ્પષ્ટ દેખાઈ આવે છે કે લોથલે આપના પ્રત્યે નિષ્ઠાના સોગન લઈ લીધા છે, પ્રભુ.'

'વિધ્યુન્માલીની સાથે કેટલા સૈનિક છે ?' ચેનારધ્વજે પૂછ્યું.

'લગભગ વીસ હજાર, સ્વામી. તે સાથે પાંચ હજાર સૈનિક છે જે પહેલાંથી મ્રિત્તિકાવટીમાં તેનાત હતા.'

'સંખ્યાની રીતે જોઈએ તો આપણે હજી પણ પૂરતા લાભની સ્થિતિમાં છીએ, પ્રભુ.' ચેનારધ્વજે કહ્યું, 'પરંતુ મ્રિત્તિકાવટીની રક્ષણ-વ્યવસ્થા પચીસ હજાર સૈનિકો હાજર હોવાથી ઘણી મોટી થઈ પડશે.'

શિવે માથું ધુણાવ્યું. 'મને નથી લાગતું કે આ કોઈ સમસ્યા થવી જોઈએ. એનાથી ફેર નથી પડતો કે તેઓ પાસે કેટલા સૈનિક છે. આપણે તો બસ તેઓની નૌકાઓ ઉપર નિયંત્રણ મેળવવું છે, તેઓના નગરને જીતવું નથી. જો વિધ્યુન્માલી વીસ હજાર સૈનિકો સાથે જળમાર્ગે આવ્યો હોય તો તેની પરિવહન નૌકાઓ પણ મ્રિત્તિકાવટી બંદરે હશે, બરાબર છે ? તો કબજે કરવા માટે આપણી પાસે વધુ નૌકાઓ હશે.'

કાલી હસી પડી. 'આ સાચી વાત છે.'

'મ્રિત્તિકાવટી કૂચ કરવાની તૈયારી કરો.' શિવે કહ્યું, 'આપણે બે દિવસમાં આક્રમણ

કરીશું.'



શિવ જોઈ રહ્યા હતા કે મ્રિત્તિકાવટીના કિલ્લા ઉપરથી વારંવાર કરવામાં આવતા ચેતવણીના શંખનાદના અવાજો સાંભળી ગભરાઈ ગયેલા લોકો નગરમાં ઝડપથી પાછા જઈ રહ્યા હતા. શત્રુની વિશાળ સેનાને આમ અચાનક આવતી જોઈને મેલુહાવાસીઓ સ્તબ્ધ થઈ ગયા હતા.

જ્યાંથી બધું જોઈ શકાય તેવા પહાડના એક ઊંચા શિખર પરથી શિવ પોતાના ઘોડા પર બેસીને મ્રિત્તિકાવટી નગર અને તેના બંદરને સ્પષ્ટ જોઈ શકતા હતા. મોટાભાગનાં મેલુહા નગરોની જેમ પૂર સામે રક્ષણ મેળવવાની દૃષ્ટિથી તેને સરસ્વતી નદીથી એક કિલોમીટર દૂર વિશાળ વ્યાસપીઠ ઉપર બનાવવામાં આવ્યું હતું, પરંતુ એ મહાન નદીના કિનારે બનેલા બંદરથી શિવ લલચાઈ ગયા હતા.

ગોળાકાર બંદરગાહ વિશાળ હતું, જેમાં એક સાંકડા માર્ગે સરસ્વતી નદીનું પાણી અંદર જઈ રહ્યું હતું. એક જળાશય અર્ધવર્તુળાકાર ગોદીને બંદરગાહના બહારના ભાગથી અલગ કરી રહ્યું હતું. ગુંબજથી ઢંકાયેલી અંદરની ગોદી સમારકામ માટેના ઓરડાઓને સુરક્ષિત રાખી રહી હતી. અંદરની ગોદીની બહાર અને બહારના કિનારાની અંદર વહાણો લંગર નાખીને ઊભાં હતાં. આ બંદરગાહનું નિર્માણ એટલી સુંદર રીતે થયું હતું કે પચાસ નૌકાઓ અહીં ઊભી રહી શકતી નથી. બંદરગાહની અંદરની વ્યવસ્થા એટલી વિવેકપૂર્વક કરવામાં આવી હતી કે નૌકાઓ સહેલાઈથી બે કતારમાં ઊભી રહી શકતી હતી અને આગળપાછળ જઈ શકતી હતી. દરવાજો એક જ હતો પણ તેમાંથી એક નૌકા જઈ કે આવી શકતી હતી અને સુરક્ષા માટે પછી તરત દરવાજો બંધ થઈ જતો હતો.

શિવ હરખા અને મનોમન બોલ્યા, 'ખરેખર ક્યાંય છીંડું નથી. મેલુહાનું કામ અદ્‌ભુત છે.'

કાલી શિવ તરફ નમી, 'નગર અને બંદર વચ્ચે જે કિલ્લાનો રસ્તો છે તે એક નબળાઈ બની શકે તેમ છે.'

'હા,' સતીએ કહ્યું, 'ત્યાંથી આક્રમણ કરીએ. જો આપણે તેઓમાં અસુરક્ષિત છીએ તેવી ભાવના પેદા કરીશું તો તેઓ નગરના દરવાજા બંધ કરી દેવા મજબૂર થઈ જશે, જે આ માર્ગ તરફ છે અને તેઓ તેમના સૈનિકોને અંદર લઈ લેશે. નગર અને બંદરગાહ એકબીજાની નજીક નથી, જેનો અર્થ એ થયો કે જો માર્ગની દીવાલોમાં ભંગાણ કરી દેવાય તો તેઓએ ગમે તે એકનો ત્યાગ કરવો પડશે. મારું અનુમાન છે કે તેઓ સમજીને બંદરગાહને છોડી દેશે.'

શિવે સતી સામે જોયું, 'વિધુન્માલી આક્રમક છે. તે સમાધાન કરવું પસંદ નથી કરતો. જેવું તે સમજશે કે આપણે નગર પાછળ નહીં પણ તેઓની નૌકાઓ પાછળ છીએ તો તે જુગાર ખેલી શકે છે. તે નગરમાંથી બહાર આવવાનો અને આપણી આક્રમણમાં મચેલી રહેલી સેના ઉપર પાછળથી હુમલો કરવાનો વિકલ્પ પસંદ કરી શકે છે. તેને કદાચ આ યોગ્ય વિકલ્પ લાગશે. તે એવું વિચારી શકે છે કે તે આપણને માર્ગ ઉપર હરાવી શકે છે અને એ રીતે તે બંદરગાહ અને નગર બંનેને બચાવી શકે છે. હું આશા રાખું છું કે તે આવી ભૂલ કરે.'



પોતાના ઘોડા પર સવાર થઈને શિવ, વાસુદેવો, નાગાઓ અને લોથલના કેટલાક સૂર્યવંશીઓથી બનેલી પોતાની સંપૂર્ણ સેનાની પહેલી લાઇનથી છેલ્લી લાઇન સુધી ગયા. સતી અને કાલી પોતાના ઘોડાઓ પર સવાર થઈને સેનાના પોતાના હિસ્સાનું નેતૃત્વ કરી રહી હતી. સૈનિકો તૈયાર હતા પરંતુ તેઓ જાણતા હતા કે મેલુહાવાસીઓએ જોરદાર નાકાબંધી કરી હતી.

'સૈનિકો !' શિવે ગર્જના કરી, 'મહાદેવો, મારી વાત સાંભળો !'

સૈનિકો મૌન થઈ ગયા.

'આપણને કહેવામાં આવ્યું છે કે એક હજાર વર્ષ પહેલાં આ ધરતી પર એક મહાન મનુષ્ય આવ્યા હતા. ભગવાન રામ, મર્યાદા પુરુષોત્તમ. રાજાઓમાં સૌથી શ્રેષ્ઠ. પરંતુ આપણે સાચી વાત જાણીએ છીએ. તેઓ મનુષ્યથી પણ વિશેષ હતા. તેઓ પરમાત્મા હતા.'

ખૂબ જ શાંત ચિત્તે સૈનિકો સાંભળી રહ્યા હતા.

'આ લોકો,' શિવે મ્રિત્તિકાવટીના કિલ્લા ઉપર મોરચો સંભાળી ઊભેલા મેલુહાવાસીઓ તરફ ઇશારો કર્યો, 'ફક્ત તેઓનું નામ-સ્મરણ કરે છે. તેઓ તેમનાં વચનોનું સ્મરણ કરતા નથી. પરંતુ મને શ્રીરામનાં વચનોનું સ્મરણ છે. મને યાદ છે તેઓએ કહેલું : 'જો તમારે મારા લોકો અને ધર્મ વચ્ચે પસંદગી કરવાની હોય તો ધર્મને પસંદ કરજો ! જો તમારે મારા પરિવાર અને ધર્મ વચ્ચે પસંદગી કરવાની હોય તો ધર્મને પસંદ કરજો ! જો તમારે મારા અને ધર્મ વચ્ચે કોઈ એકને પસંદ કરવાના હોય તો સદાય ધર્મને પસંદ કરજો.'

'ધર્મ' એક અવાજે સેનાએ ગર્જના કરી.

'મેલુહાવાસીઓએ બૂરાઈને પસંદ કરી છે.' શિવ બરાડ્યા, 'આપણે ધર્મને પસંદ કરીએ છીએ.'

'ધર્મ !'

'તેઓએ મૃત્યુને પસંદ કર્યું છે. આપણે વિજયને પસંદ કરીએ છીએ.'

'વિજય.'

'તેઓએ સોમરસને પસંદ કર્યો છે.' શિવ ગર્જ્યા, 'આપણે ભગવાન રામને પસંદ કરીએ છીએ.'

'જય શ્રીરામ !' સતીએ મોટી ગર્જના કરી.

'જય શ્રીરામ !' કાલી પણ એ ગર્જનામાં સામેલ થઈ.

'જય શ્રીરામ !' બધા જ સૈનિકોએ ગર્જના કરી.

'જય શ્રીરામ !'

'જય શ્રીરામ !'

નીલકંઠની સેનાનો આ ચિરપરિચિત અવાજ મ્રિત્તિકાવટીની દીવાલોની અંદર ગુંજી ઊઠયો. આ એક એવો અવાજ હતો જે સામાન્ય રીતે મેલુહાવાસીઓમાં જોશ ભરી દેતો હતો. પરંતુ આ વખતે તેણે એ સૌને ભયભીત કરી દીધા.

પોતાના સૈનિકોની વિજયઘોષણાથી ઘેરાયેલા શિવે કાલી તરફ મોં ફેરવ્યું અને માથું હલાવી ઇશારો કર્યો. કાલીના હોઠો પર એક હળવું સ્મિત આવી ગયું અને તેણે જવાબમાં માથું હલાવ્યું, તેની આંખો ચમકી ઊઠી અને તેણે પોતાની તલવાર હવામાં એવી રીતે ઘુમાવી કે તે તડકામાં ચમકી ઊઠી. પછી તેણે પોતાની પાછળ ઊભેલા સૈનિકોની તરફ હાથ ઊંચો કર્યો અને ચુપકીદીની એક લહેર સમગ્ર સેના ઉપર છવાઈ ગઈ, એટલે સુધી કે તેઓનાં માથા ઉપર લહેરાતા ધ્વજોનો ફફડાટ પણ સાંભળી શકાતો હતો. પછી તેણે તલવાર ઉપાડી અને તેને આકાશ તરફ ઊંચી કરી અને લોહી થંભી જાય તેવી ચીસની સાથે તલવારને સામે કરી અને સૈનિકોનો ગરજતો સમૂહ દીવાલો ઉપર તૂટી પડ્યો.



કિલ્લાના એક નાનકડા માર્ગના નાના ભાગમાં ચાલતા યુદ્ધને શિવ બહુ જ ધ્યાનથી જોઈ રહ્યા હતા. વાસુદેવોના હાથીઓ અને પથ્થર તોડી શકે તેવા સૈનિકો સાથે કાલી ઉપરાઉપરી આક્રમણ કરી રહી હતી. તેણે પોતાનાં બધાં જ સાધનો એક નાનકડી દીવાલને ભેદવામાં વાપર્યાં હતાં. અસાધારણ રીતે વીર નાગા સૈનિકોનું એક નાનકડું દળ કસોટી કરે તેવી મુશ્કેલીઓ સામે લડી રહ્યું હતું, જ્યારે મેલુહાના સૈનિકો બાણ ચલાવી રહ્યા હતા અને ઊકળતું તેલ ફેંકી રહ્યા હતા. પોતાની દિવ્ય હિંમતથી પંકાયેલા નાગા સૈનિકો તેઓને લડાઈમાં પહોંચી વળે તેવા હતા. રસ્તાની દીવાલો પર નાનીનાની તિરાડો પડવા માંડી હતી. શિવના સૈનિકો તરત જ બંદર અને નગરને છુટ્ટું પાડી દેવા તૈયાર જ હતા. પરંતુ તેની સામે તરત જ સામનો આવ્યો, જેની શિવને વિધુન્માલી તરફથી આશા હતી. મ્રિત્તિકાવટીના દરવાજાઓ ખોલી નાખવામાં આવ્યા અને મેલુહા સૈનિકો કૂચભેર બહાર આવ્યા અને શિવની કલ્પના મુજબ વ્યુહબદ્ધ ઊભા થઈ ગયા.

વીસ ગુણ્યા વીસના વ્યૂહબદ્ધ ચોરસમાં મેલુહાના સૈનિકો ગોઠવાઈ ગયા હતા. દરેક સૈનિકે પોતાની ઢાલથી પોતાના શરીરના ડાબા અડધા અંગને અને પોતાની ડાબી બાજુના સૈનિકના જમણા ભાગને ઢાંકી રાખ્યો હતો. પાછળના સૈનિકે પોતાની ઢાલથી સ્વયં પોતાને અને આગળના સૈનિકને ઢાંકી રાખ્યો હતો. દરેક યોદ્ધાએ પોતાની અને પોતાની સાથેના સૈનિકની ઢાલોની વચ્ચેની જગ્યાનો ઉપયોગ પોતાના લાંબા ભાલાઓ પકડવા કર્યો હતો. આ વ્યુહરચનાએ તેઓને કાચબા જેવી સુરક્ષા પૂરી પાડી હતી, પરંતુ સાથેસાથે શત્રુ તરફ તકાયેલા લાંબા ભાલાને લીધે વિનાશકારી આક્રમણ કરવાની તક પૂરી પાડતા હતા.

પરંતુ કાચબામાં એક નબળાઈ હતી જે આ વ્યૂહ ઘડનારા શિવને ખૂબને ખબર હતી. આ આખી કવચની રચનાની ભૂલ પાછળની તરફ હતી : જો પાછળથી આક્રમણ કરવામાં આવે તો સૈનિકો કાંઈ કરી શકે નહીં. તેઓ ઉપર વજનદાર ભાલાઓનો બોજ હતો જે આગળની તરફ તકાયેલા હતા. ઝડપથી પાછળ ફરવું તેઓ માટે મુશ્કેલ કામ હતું. આ ઉપરાંત આખી વ્યૂહરચનામાં પાછળ ઢાળનું રક્ષણ મળતું નહોતું. તો શત્રુ જો પાછળ પહોંચી જાય તો તે સૈનિક પર આક્રમણ કરી શકતો હતો અને તેનો સંપૂર્ણપણે નાશ કરી શકતો હતો.

શિવ હસતાં હસતાં સતી તરફ ફર્યા, ‘વિધુન્માલી ધારતા હતા તેવો જ નીકળ્યો.’

સતીએ હકારમાં ડોકું ધુણાવ્યું, ‘વ્યૂહરચનામાં ?’

‘હા, વ્યૂહરચનામાં.’ શિવ સંમત થયા.

સતીએ તરત પોતાના ઘોડાને વાળ્યો અને પોતાને આધીન સેનાની ટુકડીને રસ્તાની દીવાલ તરફ લઈ જઈને, તે ઝડપથી જમણી તરફ આગળ વધી. તેણે સારી રીતે પોતાને નગરના દ્વારમાંથી નીકળતા મેલુહાના કાચબાઓ અને કાલીના બહાદુર નાગાઓ વચ્ચે ગોઠવી દીધી હતી, જેઓ તેની પાછળ કિલ્લેબંધી રસ્તા ઉપર આક્રમણ કરી રહ્યા હતા. તેનું કામ પહેલાં જબ્બર યુદ્ધ કરવું અને પછી ધીરે ધીરે પાછળ હટી જવાનું હતું, જેનાથી મેલુહાના સૈનિકોને સરળ વિજયનું ખોટું માન મળે અને તેઓ આગળ વધતા રહે. આ જબરજસ્ત લડાઈ થવાની હતી જેમાં ઘણા લોકો માર્યા જવાના હતા, કારણ કે તે અજેય કાચબા વ્યૂહની બરાબર સામે રહેવાની હતી. જ્યારે મેલુહાસૈનિકો આગળ વધે તો તેઓની પાછળની જગ્યા ખાલી થઈ જશે અને શિવને પોતાના ઘોડેસવારો સાથે તેઓ પર પાછળથી આક્રમણ કરવાની તક મળી જશે.

આ દરમિયાન શિવ ડાબી બાજુ હાથી અને ઘોડેસવાર સેના તરફ ચાલી નીકળ્યા.

'સાવધાન !' શિવે હાથીસેનાના મુખ્ય વાસુદેવને આદેશ આપ્યો.

શિવને ઝડપથી આગળ વધવાનું હતું પરંતુ સાથે સાથે તેઓએ યોગ્ય સમયે આગળ વધવાનું હતું. જો તેઓ બહુ ઝડપથી આક્રમણ કરી દે તો વિદ્યુન્માલી છટકાની શંકા પડી જાય.

જ્યારે વીરભદ્રે મેલુહાના કાચબાઓને સતીની સેના પર આક્રમણ કરતા જોયા તો તે ચિંતા સાથે શિવની તરફ ફર્યો. 'સતીના માટે કપરાં ચઢાણ છે. આપણે...'

'તમારું ધ્યાન એકધાર્યું રાખો, ભદ્ર.' શિવે કહ્યું, 'તે જાણે છે કે તે શું કરી રહી છે.'

કાચબા વ્યૂહરચના સતી અને તેના સૈનિકો ઉપર જબરદસ્ત હુમલો કરી રહી હતી. સૂર્યવંશી યુદ્ધકલાની સર્વોત્તમ પરંપરાઓ પ્રમાણે સતી આગળ રહીને મોરચાનું નેતૃત્વ કરી રહી હતી. તે એકદમ વ્યવસ્થિત રીતે ધીમી, આગળ ધકેલતી દોડતી ઢાલોની એક દીવાલને અને દરેક છીંડામાંથી દેખાતા ભાલોઓના જંગલને જોઈ શકતી હતી. તેઓ જેમ જેમ આગળ વધતા જતા હતા તેમ તેમ તેમના ભાલાઓ પર પડતાં સૂર્યનાં કિરણોનો પ્રકાશ જોઈ શકાતો હતો. તેણે ધીમેથી શ્વાસ છોડ્યો અને પોતાના ઘોડાને ધીરેથી આગળ વધવા કહ્યું. તે જીન ઉપર ધીરગંભીર થઈને બેઠી હતી અને પોતાના લાગની રાહ જોઈ રહી હતી.

તે વ્યૂહરચનાની નજીક ને નજીક આવી રહી હતી, તેની આંખો કોઈ છીંડાને શોધી રહી હતી. સૈનિકોના દોડવાની વચ્ચે એક પળ માટે એક ઢાલ થોડી સરકી અને એક સૈનિકની ડોક દેખાઈ ગઈ. પોતાની જગ્યાએથી હાલ્યા વગર સતીએ મ્યાનમાંથી એક છરો કાઢ્યો અને એકદમ ચોક્કસ નિશાન લઈને તેને ફેંક્યો અને ઘા નિશાન પર લાગ્યો અને સૈનિક વચ્ચે જ નીચે પડી ગયો.

દુશ્મનની વ્યૂહરચના લગભગ તેના ઉપર આવી ગઈ હતી. તેણે જોરથી લગામ ખેંચી, તેનો ઘોડો પાછલા પગ ઉપર ઊભો થઈ ગયો, જ્યારે સતીએ પાછળ ફરી જવાનો પ્રયત્ન કર્યો હતો, તેણે તેના ખભામાં તીવ્ર પીડા અનુભવી, પોતાના ઘોડાને જોરથી હણહણતો સાંભળ્યો અને પછી તેને નીચે પડી જતો જોયો. ભાલાના ઘાથી, પીડાથી કણસતાં કણસતાં તેણે પોતાની જાતને મરણોન્મુખ ઘોડાથી અલગ કરવાનો પ્રયત્ન કર્યો. તેણે આંખો ઊંચી કરીને જોયું કે કયા સૈનિકે તેના પર હુમલો કર્યો હતો, પરંતુ તે જાણી ન શકી કે ઢાલોની ઉપરથી જોતી આંખોમાંથી કઈ આંખોએ તે ભાલો પકડ્યો હતો જે તેના ખભામાં ઊંડે સુધી ઘૂસી ગયો હતો. ભાલાને હજી વધારે ઘુસાડવામાં આવ્યો અને તે ચીસ પાડી ગઈ, કંઈક પીડાથી અને કંઈક જુસ્સાથી, તેની આંખોમાં પાણી આવી ગયું. તેણે જોરથી પોતાની તલવાર ઘુમાવી અને ભાલાને કાપી નાખ્યો અને ઘોડા પરથી ઊતરીને પોતાના પગ ઉપર ઊભી થઈ ગઈ.

કેટલાંક તીર સતીના ખભા પાસેથી ગયાં અને કાચબાની વ્યૂહરચના બનાવેલા વધારે સૈનિકોને વાગ્યા. થોડી પળો માટે મેલુહાના સૈનિકોનું આક્રમણ ધીમું પડયું. પરંતુ વખાણ કરવાં પડે તે રીતે મેલુહાના સૈનિકો તરત જ વ્યુહરચનામાં પાછા આવી ગયા અને તેઓએ તેમનું આક્રમણ ફરી શરૂ કરી દીધું હતું. સતી એક ડગલું પાછળ જતી રહી અને એ જ ચાલમાં, જાણે કે તેના પગ બાંધી દેવામાં આવ્યા હોય, તેમ તેની સેના પણ એકદમ પાછળ હટી ગઈ. જોકે તેઓ બહાદુરીથી લડી રહ્યા હતા. તેઓ ધીમે ધીમે પાછળ જતા ગયા, જાણે કે અજેય કાચબા સેના દ્વારા ધકેલવામાં ન આવી રહ્યા હોય. સતીના સૈનિકો દ્વારા સતત પાછળ જતા રહેવાની થોડી પળ પછી, પછી મેલુહાસૈનિકો એટલા આગળ વધી જાત કે શિવ તેઓની પાછળથી ઘૂસી જાત અને તેઓના વ્યૂહનો નાશ કરી દેત.

શિવ દૂરથી ભયાનક યુદ્ધને જોઈ રહ્યા હતા. તેઓની નજર મેલુહાના રથો ઉપર પડી, જે કાચબાવ્યૂહની પાછળની બાજુ હતા અને તેઓને રક્ષણ આપી રહ્યા હતા. દરેક રથમાં રથ ચલાવનાર સારથિ અને એક યોદ્ધો હતો. બે વ્યક્તિનું બનેલું દળ તેઓને ભયંકર ગતિ અને

હિંસક બળ આપી રહ્યું હતું. આ રથ શિવની ઘોડેસવાર સેનાના ભાવિ આક્રમણને રોકી શકે તેમ હતા.

'હું ઇચ્છ છું કે આપના હાથી એ રથોને દૂર કરી દે, હમણાં જ.' તેઓએ વાસુદેવ સેનાનાયકને આદેશ આપ્યો.

વાસુદેવ સેનાનાયક પોતાના મહાવતો તરફ ફર્યા અને ઝડપથી તેઓને આદેશ આપવામાં આવ્યો.

હાથી ભયંકર ઝડપથી દોડવા માંડ્યા. તેઓનાં પગલાંઓથી ધરતી ધ્રૂજી ઊઠી હતી. રથોમાં સવાર મેલુહા યોદ્ધાઓએ આત્મવિશ્વાસ સાથે હાથીઓને આવતા જોયા. તેઓએ તરત તેઓના સારથિઓને ઘોડાની લગામો છોડી દેવાનું કહ્યું, જેઓએ આ જ પ્રસંગ માટે રાખેલાં નગારાં બહાર કાઢયાં. મેલુહાસૈનિકોને હજી પણ ચંદ્રવંશીઓની સાથે થયેલું યુદ્ધ યાદ હતું. નગારાંઓનો જોરદાર અવાજ સદાય વિશાળકાય પશુઓને ગભરાવી દેતા હતા અને તેઓ ગાંડાની જેમ ભાગવા માંડતા હતા અને ક્યારેક પોતાની જ સેનાને કચડી નાખતા હતા. પરંતુ અહીં જે હાથીઓ હતા તેઓને વાસુદેવો મારફત અચાનક થતી તીવ્ર ધ્વનિઓને સહન કરવાની શિક્ષા આપવામાં આવી હતી. મેલુહાના રથ ચલાવનારાઓને સ્તબ્ધ કરી દે તેવું હાથીઓએ પોતાનું આક્રમણ ચાલુ રાખ્યું.

પોતાની યુક્તિ-પ્રયુક્તિ નિષ્ફળ જતાં તેઓએ તરત નગારાંઓને છોડીને પોતાના ઘોડાઓની લગામ સંભાળી લીધી. યોદ્ધાઓએ પોતાના ભાલાઓ સંભાળ્યા અને યુદ્ધ માટે તૈયાર થઈ ગયા. વાસુદેવોના હાથીઓ નજીક આવ્યા તો મેલુહાના રથો ઝડપથી દૂર જતા રહ્યા અને પાછા ફરીને હાથીઓની પાછળ જઇને આક્રમણ કર્યું. એ આશા સાથે કે પોતાના ભાલાઓ આ વિરાટકાય પશુઓ પર ફેંકીને તેઓને ઈજા પહોંચાડી શકાય અથવા કમ સે કમ તેઓને ધીમા પાડી શકાય. પરંતુ હાથીઓ તૈયાર હતા. તેઓની સૂંઢોમાં લોખંડના મોટા ગોળાઓ બાંધેલા હતા. પૂરી નિપુણતા સાથે હાથીઓએ પોતાની સુંઢો ઘુમાવી અને ઘોડાઓ અને રથ હંકારનારાઓ ઉપર લોખંડના ગોળાઓ માર્યા. કેટલાક મેલુહાસૈનિકો ભાગ્યશાળી હતા કે તરત મૃત્યુ પામ્યા, પરંતુ એ લોખંડના ગોળાઓએ બીજાઓનાં હાડકાંપાંસળાં તોડી નાખ્યાં અને તેઓને પીડાથી ચીસો પાડતા છોડી દીધા હતા. અને હજી આટલું પૂરતું ન હોય તેમ મેલુહાના રથ હંકારનારાઓ માટે એક બીજું આશ્ચર્ય બાકી હતું. અચાનક જ હાથીઓની અંબાડીઓ પરથી આગ ઊછળી પડી.

વાસુદેવોએ તેઓના ઇજનેરોએ બનાવેલાં ઉપકરણો હાથીઓ પર લગાવી રાખ્યાં હતાં. બે વાસુદેવ સૈનિક ચાંપ દબાવતા જતા હતા જેનાથી સતત આગની ધારા છૂટી રહી હતી, જેણે માર્ગમાં આવતી બધી જ વસ્તુઓને બાળીને રાખ કરી દીધી હતી. કેટલાક અભાગિયા મેલુહાના રથ ચાલકો જેઓ સળગી નહોતા ગયા, તેઓ હાથીના પગ નીચે ચગદાઈને મૃત્યુ પામ્યા હતા. મેલુહાની રથસેનાની હાથીઓ સામે કોઈ વિસાત ન હતી.

શિવે પોતાની તલવાર ખેંચી અને હવામાં ઉપર ઉઠાવી. તેઓ પોતાની ઘોડેસવાર સેના તરફ ફર્યા અને અવાજો વચ્ચે ગર્જના કરી, 'બને તેટલી ઝડપથી એ વ્યૂહરચના પાછળ ચાલો ! તેમાં ઘૂસી જાઓ ! તેનો નાશ કરી દો !'

શિવની ઘોડેસવાર સેનાની ગર્જના સાથે સતી પોતાની ભૂમિકા સારી રીતે નિભાવતી જતી હતી. તેણીના સૈનિકો સતત પાછળ હટતા જઇને મેલુહાસૈનિકોને ખુલ્લામાં આગળ ને આગળ ખેંચતા જતા હતા, જેના લીધે તેઓના કાચબાવ્યૂહની પાછળ અને કિલ્લાની દીવાલો વચ્ચે એક મોટી તિરાડ ખૂલી ગઈ હતી. પોતાની યુક્તિની વિશ્વસનીયતા જાળવી રાખવા અને મેલુહાસૈનિકોને યુદ્ધમાં રત રાખવા માટે સતીના સૈનિકો ઉતાવળમાં ભાગતા જતા નહોતા, પરંતુ

તેઓ લડતા રહ્યા હતા અને અનેક માર્યા પણ ગયા હતા. સતી પોતે પણ ગંભીરરૂપે ઘાયલ થઈ ગઈ હતી, તેણીના બંને ખભાઓ અને જાંઘ પર ઘા કરવામાં આવ્યા હતા. પરંતુ છતાંય તેણી યુદ્ધ કરતી રહી હતી. તેણી જાણતી હતી કે અસફળ થવું તે જીરવી નહીં શકે. પોતાના કર્તવ્યમાં તેની સેનાની સફળતા તેઓના સંપૂર્ણ વિજય માટે મહત્ત્વપૂર્ણ હતી.

શિવની ઘોડેસવાર સેના મુખ્ય રણમેદાનની ચારે બાજુ એક મોટું વર્તુળ બનાવી ઝડપથી આગળ વધી ગઈ. તેઓ ડાબી બાજુ વાસુદેવોના હાથીઓ અને મેલુહાના રથો વચ્ચે થતા યુદ્ધને જોઈ શકતા હતા. લગભગ નાશ પામેલા રથ ઘોડેસવાર સેનાના નવા પડકારનો સામનો કરવા ઊભા રહી શકે તેમ નહોતા. શિવ ઝડપથી કોઈ પણ જાતના વિરોધ વગર આગળ વધતા ગયા, ત્યાં સુધી કે તેઓ મેલુહાના કાચબાવ્યૂહના અરક્ષિત પાછળના ભાગે ન પહોંચે.

'જય શ્રીરામ !' શિવે ગર્જના કરી.

'હર હર મહાદેવ !' તેઓની ઘોડેસવાર સેનાએ પોતાના ઘોડાઓને એડી લગાવતા હુંકાર કર્યો.

શિવના ત્રણ હજાર બળવાન ઘોડેસવારોએ મેલુહાસૈનિકો ઉપર હુમલો કરી દીધો. ઊંધી જ દિશામાં મોઢું ફેરવી ઊભેલા અને પોતાના જ વ્યૂહમાં ફસાઈ ગયેલા સૈનિકો પોતાના અત્યંત ભારે ભાલાઓના વજનથી ત્રસ્ત હતા. તેઓ પાછા ફરવા માટે અસમર્થ હતા. શિવના ઘોડેસવાર સૈનિકોએ પોતાની લાંબી તલવારોથી હુમલો કરી મેલુહાની કાચબાસેનાને અસ્તવ્યસ્ત કરી દીધી. આ હિંસક આક્રમણની થોડી જ પળોમાં મેલુહાનો વ્યૂહ તૂટી પડવા માંડ્યો હતો. કેટલાક સૈનિકોએ સમર્પણ કરી દીધું જ્યારે બીજા કેટલાક ભાગી ગયા હતા. જ્યારે પોતાની સેનાના સૌથી આગળના ભાગે લડી રહેલા વિદ્યુન્માલીને પાછળથી પોતાની સેનાના સર્વનાશના સમાચાર મળ્યા ત્યારે બહુ મોડું થઈ ગયું હતું. મેલુહાના લશ્કરને ચતુરાઈપૂર્વક હરાવી દેવામાં આવ્યા હતા. તેઓ શિવની સેનાની તુલનામાં સાવ નબળા પુરવાર થયા હતા.



પ્રકરણ- ૨૭

નીલકંઠ ઉવાચ

જીવતા બચેલા સૈનિકોને શસ્ત્રહીન કરીને સમૂહમાં એક સાથે શ્રેણીબદ્ધ ઊભા રાખી સાંકળોમાં બાંધી દેવામાં આવ્યા હતા. સાંકળોને જમીનમાં ખોડેલા ખૂંટા સાથે બાંધી દેવામાં આવી હતી. શિવની સેનાની સૌથી શ્રેષ્ઠ ચાર ટુકડીઓએ તેઓને ઘેરી રાખ્યા હતા. બચીને ભાગી છૂટવું તેઓ માટે અશક્ય હતું. આયુર્વતીએ બહારના બંદરગાહ ક્ષેત્ર પર કબજો કરી લીધો હતો અને કામચલાઉ દવાખાનું શરૂ કરી દીધું હતું. મેલુહા અને શિવની સેના બંનેના ઘાયલોને સારવાર આપવામાં આવી રહી હતી.

નીચેની પથારીમાં જ્યાં હમણાં જ સતી પર શૈલ્યચિકિત્સા કરવામાં આવી હતી ત્યાં શિવ ઉભડક બેઠા હતા. તેણીના ખભાના ઘા તો જલદી રૂઝાઈ જશે પરંતુ જાંઘના ઘાને સારું થતાં સમય લાગશે. કાલી અને ગોપાલ થોડે દૂર ઊભાં રહ્યાં હતાં.

'હું બિલકુલ ઠીક છું.' શિવને દૂર ધકેલતાં સતીએ કહ્યું 'મ્રિત્તિકાવટી જાવ. આપે બહુ જલદીથી નગર ઉપર આપનો કબજો કરવો જોઈશે. તેને આપે સંભાળવું પડશે. આપે તેને શાંત કરવું પડશે. આપણે નથી ઇચ્છતા કે મ્રિત્તિકાવટીના નાગરિકો અને આપણી સેના વચ્ચે લડાઈ થાય.'

'જાણું છું, જાણું છું. હું જઈ રહ્યો છું.' શિવે કહ્યું, 'મારે તો ફક્ત તને જોવી હતી.'

સતી હસી પડી અને ફરીથી શિવને ધક્કો માર્યો, 'હું ઠીક છું. હું એટલી જલદી મરી નહીં જાઉં. હવે જાવ !'

'દીદી બરાબર કહે છે.' કાલીએ કહ્યું 'આપણે નગરની હદમાં એક શોભાયાત્રા કાઢવી પડશે અને લોકોને શાંત કરવા પડશે.'

આશ્ચર્યચકિત થઈને શિવે પાછળ જોયું, 'આપણે નગરમાં આપણી સેનાને લઈ જતા નથી.'

કાલીએ ક્ષોભ પામીને પોતાના હાથ મસળ્યા, 'તો પછી આપણે નગરને શા માટે જીત્યું હતું ?'

'આપણે નગરને નથી જીત્યું. આપણે તો ફક્ત તેઓની સેનાને હરાવી છે. આપણે મ્રિત્તિકાવટીના નાગરિકોને આપણી તરફેણમાં કરવા પડશે.'

'આપણી તરફેણમાં ? શા માટે ?'

'કારણ કે ત્યારે જ આપણે આપણી સંપૂર્ણ સેના સાથે અહીંથી જવા માટે સ્વતંત્ર હોઈશું.

આપણી પાસે મેલુહાસેનાના દસ હજાર કેદી છે. શું તું એવું ઇચ્છે છે કે આપણે આપણા સૈનિકોને આ યુદ્ધકેદીઓ પર ચૉકી કરવા લગાવી દઈએ ? જો બ્રિત્તિકાવટીને આપણે આપણા પક્ષમાં કરી લઈએ તો આપણે મેલુહાસેનાને નગરમાં જ કેદી બનાવી છોડી શકીએ છીએ.'

'તેઓ એવું ક્યારેય નહીં કરે, શિવ. ખરેખર તો એમ વાત છે કે જો તેઓ આપણામાં કોઈ નબળાઈ જોઈ જશે તો બળવાની સંભાવના જોઈ જશે.'

'આ આપણી નબળાઈ નથી, કાલી, પરંતુ સહાનુભૂતિ છે. કદાચ લોકો આ તફાવતને સમજે છે.'

'આપ જરૂર મશ્કરી કરી રહ્યા છો. ઈશ્વરની સોગન, તેઓની સેનાનો સંહાર કર્યા પછી આપ કેવી રીતે તેઓ તરફ સહાનુભૂતિ દર્શાવશો ?'

'એવું હું નગરમાં આપણી સેના વગર જઈને કરીશ. હું ત્યાં ફક્ત ભદ્ર, નંદી અને પરશુરામની સાથે જઈશ અને હું નાગરિકોને સંબોધન કરીશ.'

'એનાથી કઈ રીતે મદદ મળશે ?'

'મળશે.'

'આપે હમણાં હમણાં જ તેઓની સેનાનો વિનાશ કર્યો છે, શિવ ! મને નથી લાગતું કે તેઓ આપની એક પણ વાત સાંભળશે.'

'સાંભળશે. હું તેઓનો નીલકંઠ છું.'

કાલી પોતાના ગુસ્સાને છુપાવી શકતી નહોતી. 'ઓછામાં ઓછું મને કેટલાક નાગાસૈનિકો લઈને આપની સાથે આવવા દો. આપની સુરક્ષાની જરૂરત પડી શકે છે.'

'નહીં.'

'શિવ...'

'તને મારા પર વિશ્વાસ છે ?'

'એનો શું અર્થ...'

'કાલી, તને મારા પર વિશ્વાસ છે ?'

'જરૂર, છે.'

'તો મને આ આખી વાત સંભાળવા દે.' શિવે વાત પૂરી કરીને સતી તરફ ફરીને જોયું, 'હું જલદીથી પાછો આવી જઈશ, પ્રિયે.'

સતી હસી અને તેણે શિવના હાથને અડકી લીધું.

શિવ ઊઠીને જવા માટે ફર્યા એટલે ગોપાલે કહ્યું, 'ભગવાન રામ તમારી સાથે રહે, મારા મિત્ર.'

શિવ હસ્યા. 'તેઓ સદૈવ મારી સાથે જ છે.'



એક હજાર સ્વરો એકીસાથે નગરના વચ્ચેના ચોકમાં ગુંજી રહ્યા હતા, જ્યારે બીજી તરફ પોતાના નીલકંઠની એક ઝલક પામવા માટે બ્રિત્તિકાવટીના નાગરિકો સમૂહમાં ચાલી આવતા હતા. નગરમાં તેઓ આવવાના છે તે સમાચાર દાવાનળની જેમ ફેલાઈ ગયા હતા.

શું તેઓ એ જ નીલકંઠ હતા જેમણે આપણા ઉપર આક્રમણ કર્યું હતું ?

તેઓ આપણા ઉપર આક્રમણ શા માટે કરે ?

આપણે તો તેઓના ભક્ત છીએ ! તેઓ આપણા દેવતા છે !

શું સાચે જ તેઓએ સોમરસ ઉપર પ્રતિબંધ લગાવ્યો હતો, માત્ર નીલકંઠે નહીં ? આપણા સમ્રાટે આપણને અસત્ય કહ્યું હતું ? ના, એવું ન હોઈ શકે...

પથ્થરના ચબૂતરા ઉપર શિવ આત્મવિશ્વાસ સાથે ઊભા હતા અને બહુ જ મોટી અને ઉત્તેજિત ભીડનું નિરીક્ષણ કરી રહ્યા હતા. તેઓએ તે સૌને પોતાના નીલા કંઠને સ્પષ્ટ રીતે જોવા દીધો હતો. આદેશ પ્રમાણે શસ્ત્ર વગરના નંદી, વીરભદ્ર અને પરશુરામ શંકાના ભાવ સાથે તેઓની પાછળ ઊભા હતા.

'મ્રિત્તિકાવટીના નાગરિકો,' શિવે ગર્જના કરી, 'હું આપનો નીલકંઠ છું.'

સમગ્ર ચોકમાં ગણગણાટ થઈ ગયો.

'શાંતિ !' નંદીએ હાથ ઊંચો કરીને કહ્યું. ભીડ તરત શાંત થઈ ગઈ.

'હું ઊંડા હિમાલયના દૂરના દેશથી આવ્યો છું. એ વસ્તુએ મારા જીવનમાં પરિવર્તન આણી દીધું જેને મેં અમૃત માન્યું હતું. પરંતુ હું ખોટો હતો. આ ચિહ્ન જે હું મારા કંઠ પર લઈને ફરું છું, એ દેવતાઓનો આશીર્વાદ નથી પણ એક અભિશાપ છે, હળાહળનું તે ચિહ્ન છે. હું આ ચિહનને ધારણ કરું છું.' શિવે પોતાના નીલા કંઠ તરફ ઇશારો કરતાં કહ્યું. 'પરંતુ મારા સાથી મેલુહાવાસીઓ, આપ પણ આ કષ્ટને ભોગવી રહ્યા છો અને આપ એ વાત જાણતા પણ નથી !'

દર્શક મંત્રમુગ્ધ થઈને સાંભળતા રહ્યા.

'સોમરસ આપને દીર્ઘાયુ આપે છે અને આપ તેના માટે તેના મહેરબાન છો. પરંતુ જે વધારાનાં વર્ષો તે આપને ભેટમાં આપે છે, કોઈ કિંમતનાં નથી. તે આપની પાસેથી ઘણું વધારે છીનવી લે છે અને આપના આત્મા માટે તેની તરસની કોઈ સીમા નથી.'

એક અમંગલકારી હવાની લહેરખીએ ચોકના છેડે ઊભેલાં વૃક્ષોનાં પાંદડાંઓને હલાવી દીધાં.

'આ થોડાં વધારાનાં નશ્વર વર્ષો માટે આપ એ કિંમત ચૂકવો છે જે શાશ્વત છે. આ કોઈ અકસ્માત નથી કે મેલુહામાં આટલી વધુ સ્ત્રીઓ ગર્ભધારણ કરી શકતી નથી. આ સોમરસનો શ્રાપ છે.'

શિવના શબ્દોએ તરત મેલુહાવાસીના હૃદયમાં પડઘો પાડ્યો, જેમાંથી અનેક મયકાની દત્તકપ્રણાલી મારફત બાળક પ્રાપ્ત કરવાની લાંબી રાહ જોઈને તૂટી ચૂક્યા હતા. તેઓ બાળક વગર વૃદ્ધ થવાની પીડા સમજતા હતા.

'આ પણ કોઈ અકસ્માત નથી કે આપના દેશની માતા, ખુદ ભારતીય સંસ્કૃતિની માતા, પૂજનીય સરસ્વતી પણ ધીરે ધીરે સુકાઈ જઈ રહી છે. તરસ્યો સોમરસ એના પાણીને શોષી રહ્યો છે. તેનો સર્વનાશ પણ અશુભ અને બૂરા સોમરસના કારણે જ થશે.'

મોટાભાગના ભારતીયો માટે સરસ્વતી નદી માત્ર જળનું સ્રોત ન હતી. ખરેખર તો કોઈ પણ નદી ન હતી અને સરસ્વતી તો સૌથી પવિત્ર નદીઓમાં એક હતી. તે તેઓની આધ્યાત્મિક મા હતી.

'મયકામાં હજારો બાળકો પીડાદાયી કર્કના રોગ સાથે જન્મ લે છે જે તેઓના શરીરને ખાઈ જાય છે. લાખો સ્વદ્વિપવાસી સોમરસના કચરાથી ફેલાતી મહામારીમાં માર્યા જાય છે. આ બધા લોકો એ લોકોને શ્રાપ આપે છે જે સોમરસનો ઉપયોગ કરે છે. તેઓ આપને શ્રાપ આપી રહ્યા છે અને આપના આત્માઓ અનેક જન્મોથી આ બોજાને ઊંચકીને સહન કરી રહ્યા છે. આ સોમરસની બૂરાઈ છે.'

વીરભદ્રે શિવની પીઠને જોઈ અને પછી શ્રોતાઓને. શિવે પોતાના નીલકંઠનો સ્પર્શ કર્યો અને પછી ઉદાસ ભાવે હસ્યા, 'આપને એવું લાગશે કે સોમરસે મારો કંઠ પકડી લીધો છે, પરંતુ

સાચી વાત તો એ છે કે તેણે સંપૂર્ણ મેલુહાના કંઠને પકડી લીધો છે. અને તે ધીરે ધીરે આપની અંદરના જીવનને નિચોવી રહ્યો છે, એટલું ધીરેથી કે આપને ખબર પણ પડતી નથી અને જ્યારે ખબર પડશે ત્યારે બહુ મોડું થઈ ગયું હશે. પૂરું મેલુહા, પૂરું ભારત નાશ પામી ગયું હશે.'

મ્રિત્તિકાવટીના નાગરિકો તેમના ભાષણમાં ડૂબી ગયા હતા.

'મેં શાંતિપૂર્વક તેને રોકવાનો પ્રયત્ન કર્યો હતો. મેં આપણા ભારતની સુરમ્યભૂમિમાં બધે જ, દરેક રાજ્યમાં દરેક શહેરમાં ઢંઢેરો મોકલ્યો હતો, પરંતુ મેલુહામાં, મારા ઢંઢેરાના સ્થાન પર આપના સમ્રાટે બીજો જ સંદેશો લગાવી દીધો, જેમાં કહેવામાં આવ્યું હતું કે મેં નહીં પરંતુ કોઈ કપટી નીલકંઠે સોમરસને પ્રતિબંધિત કર્યો છે.'

નંદીએ જનપ્રવાહને બદલાતો અનુભવ્યો.

'આપના સમ્રાટે આપને અસત્ય કહ્યું.'

ગાઢ મૌન ચારે તરફ પ્રસરી ગયું.

'સમ્રાટ દક્ષ એ સ્થાન પર વિરાજમાન છે જે એક હજાર વર્ષ પહેલાં ભગવાન રામનું હતું. તેઓ મહાન સાતમા વિષ્ણુની પરંપરાનું પ્રતિનિધિત્વ કરે છે. તેઓએ આપના રક્ષણહાર બનવું જોઈએ અને તેને બદલે આપને સૌને અસત્ય કહ્યું.'

પરશુરામે શ્રદ્ધાભાવ સાથે શિવને જોયા. તેઓએ મેલુહાવાસીઓને દૃઢતાપૂર્વક પોતાના પક્ષમાં વાળી દીધા હતા.

'જેમ આટલું ઓછું ન હોય, તેમ તેઓએ આપની અને મારી વચ્ચે તિરાડ પાડવા માટે પોતાની સેના મોકલી દીધી, પરંતુ હું જાણું છું કે કોઈ પણ વસ્તુ આપણને છૂટા પાડી શકશે નહીં. હું જાણું છું કે આપ સૌ મારી વાત સાંભળશો કારણ કે હું મેલુહા માટે લડી રહ્યો છું. હું આપના સંતાનોના ભવિષ્ય માટે લડી રહ્યો છું.'

સમજણની એક લહેર ભીડની વચ્ચેથી પસાર થઈ ગઈ. નીલકંઠ તેઓની વિરુદ્ધ નહીં, પણ તેઓ માટે લડી રહ્યા છે.

'આપ સૌએ વાસુદેવ લોકો વિષે કથાઓ સાંભળી હશે, જેઓને આપણા મહાપ્રભુ શ્રીરામ તેઓની પાછળ મૂકીને ગયા હતા. દંતકથાઓવાળો આ સમૂહ, એ લોકો જે ભગવાન રામનો વારસો આગળ લઈ જઈ રહ્યા છે, હજી અસ્તિત્વમાં છે. તેઓ પણ મારી સાથે, મારા આ અભિયાનમાં સહયોગ આપી રહ્યા છે. તેઓ પણ સોમરસથી ભારતવર્ષને બચાવવા માગે છે.'

લગભગ પ્રત્યેક મેલુહાવાસી ખુદ ભગવાન રામના સમૂહના વાસુદેવોની કથાઓથી પરિચિત હતા. હવે એ જાણકારી કે ન તેઓ સશરીર વિધમાન છે, પરંતુ નીલકંઠની સાથે પણ છે, આ જાણીને તેઓના મનમાંથી વિવાદના અંશો સમાપ્ત થઈ ગયા.

'હું મેલુહાની રક્ષા કરવા જઈ રહ્યો છું. હું સોમરસ રોકવા જઈ રહ્યો છું.' શિવે ગર્જના કરતાં કહ્યું, 'કોણ કોણ મારી સાથે છે ?'

'હું છું.' નંદીએ મોટેથી કહ્યું.

'હું છું.' મ્રિત્તિકાવટીના દરેક નાગરીકે મોટેથી કહ્યું.

'મને સોમરસથી વધારે મેલુહાથી પ્રેમ છે.' શિવે કહ્યું, 'એ માટે મેં સોમરસ પર પ્રતિબંધ લગાવવાની ઘોષણા કરી હતી, આપના સમ્રાટને મેલુહા કરતાં સોમરસ વધુ પ્રિય છે, એટલે તેઓએ મારો વિરોધ કરવાનો નિર્ણય લીધો. આપ સૌ કોના પક્ષમાં છો ? મેલુહા કે સોમરસના ?

'મેલુહાના.'

'તો અમે એ સેનાનું શું કરીએ જે આપના સમ્રાટ માટે લડી રહી છે, જે સોમરસ માટે લડી રહી છે.'

‘તેઓને મારી નાખો.’

‘તેઓને મારી નાખીએ ?’

‘હા.’

‘ના’ શિવે ગર્જના કરી.

લોકો મૌન થઈ ગયા, જાણે ગૂંગા થઈ ગયા.

‘આપની સેના તો ફક્ત હુકમોનું પાલન કરી રહી હતી. તેઓએ આત્મસમર્પણ કરી દીધું છે. યુદ્ધકેદીઓને મારવા એ ભગવાન રામના આદર્શોની વિરુદ્ધ હશે. તો એક વાર ફરી કહો, આપણે તેઓ સાથે શું કરવું જોઈએ ?’

શ્રોતાઓ મૌન રહ્યા.

‘હું ઇચ્છ છું કે સૈનિકોને મ્રિત્તિકાવટીમાં કેદી તરીકે રાખવામાં આવે.’ શિવે કહ્યું, ‘હું ઇચ્છ છું કે આપ સૌ એ બરાબર નક્કી કરો કે તેઓ છટકીને ભાગી જાય નહીં. જો તેઓ ભાગી જશે તો તેઓ આપના સમ્રાટના હુકમનું પાલન કરશે અને ફરી મારી સાથે યુદ્ધ કરશે. શું આપ તેઓને આપના નગરમાં કેદી બનાવી રાખી શકશો ?’

‘હા !’

‘શું આપ એ બરાબર જોશો કે તેઓમાંથી કોઈ ભાગી ન જાય ?’

‘હા !’

શિવે પોતાના હોઠો પર સ્મિત આવવા દીધું, ‘હું મારી સામે દેવતાઓને ઊભેલા જોઈ રહ્યો છું. એ દેવતાઓ જેઓ બૂરાઈથી લડવા તૈયાર છે. એ દેવતાઓ જેઓ બૂરાઈ તરફની તેઓની આસક્તિને ત્યાગવા તૈયાર છે.’

મ્રિત્તિકાવટીના નાગરિકોએ પોતાના નીલકંઠની વાતોને આત્મસાત્ કરી.

શિવે પોતાની મુઠ્ઠી હવામાં ફેલાવી, ‘હર હર મહાદેવ.’

‘હર હર મહાદેવ.’ લોકોએ ગર્જના કરી.

નંદી, વીરભદ્ર અને પરશુરામે પોતપોતાના હાથ ઊંચા કર્યા અને નીલકંઠ તરફની નિષ્ઠાવાનોની ગર્જનાને દોહરાવી, ‘હર હર મહાદેવ.’

‘હર હર મહાદેવ.’



મ્રિત્તિકાવટીના પ્રાંતપાલના મહેલને મેલુહાસેનાના જીવતા રહી ગયેલા સૈનિકો માટે કારાવાસમાં ફેરવી દેવામાં આવ્યો હતો. શિવની સેના નાના નાના સમૂહોમાં કેદીઓને આ કામચલાઉ કારાવાસમાં લઈ ગઈ હતી. જ્યારે વિધુન્માલીને અંદર લઈ આવવામાં આવી રહ્યો હતો ત્યારે શિવ, કાલી, સતી, ગોપાલ અને ચેનારધ્વજ દરવાજાથી થોડે દૂર જ ઊભાં હતાં. વિધુન્માલીએ મુક્ત થઈ જઈ, શિવ પર હુમલો કરવાનો પ્રયત્ન કર્યો પરંતુ એક સૈનિકે તેને જોરદાર લાત મારી અને ફરી તેને હારમાં ઊભો રાખી દીધો.

‘કોઈ ચિંતા નહીં.’ શિવે કહ્યું, ‘એને આવવા દો.’

વિધુન્માલીને વાંસની આડશમાંથી બહાર લાવીને શિવ તરફ જવા દેવામાં આવ્યો.

‘તું તો ભાઈ તારું કર્તવ્ય નિભાવી રહ્યો હતો, વિધુન્માલી’ શિવે કહ્યું, ‘તું તો હુકમોનું પાલન કરી રહ્યો હતો. મારા મનમાં તારા માટે કોઈ વેર નથી. પરંતુ જ્યાં સુધી સોમરસને હટાવી દેવામાં નહીં આવે ત્યાં સુધી તારે કારાવાસમાં રહેવું પડશે. એ પછી તારે જે કરવું હોય તે કરવા

તું સ્વતંત્ર હોઈશ.'

વિધુન્માલીએ પોતાની ખીજ છુપાવ્યા વગર શિવની સામે જોયું, 'જ્યારે અમોએ તમને પામ્યા હતા ત્યારે તમે જંગલી હતા અને હજી પણ તમે જંગલી જ છો. અમે મેલુહાના લોકો કોઈ જંગલી પાસેથી હુકમો લેતા નથી.'

ચેનારધ્વજે પોતાની તલવાર ખેંચી, 'નીલકંઠની સાથે માનપૂર્વક વાત કરો.'

વિધુન્માલી લોથલ-મયકાના પ્રાંતપાલની તરફ થૂંક્યો, 'હું દ્રોહી લોકો સાથે વાત કરતો નથી.'

વિધુન્માલી તરફ આગળ જતી કાલીએ પોતાનો છરો કાઢ્યો, 'મને લાગે છે કે તારે બોલવું જ ન જોઈએ...'

'કાલી...' વિધુન્માલી તરફ ફરતા પહેલાં શિવે ધીમેથી કહ્યું, 'જો ભાઈ, તારા દેશ સાથે મારે કોઈ દુશ્મનાવટ નથી. મેં તો શાંતિથી મારું ધ્યેય પૂરું કરવા ધાર્યું હતું. મેં એક સ્પષ્ટ ઢંઢેરો મોકલ્યો હતો જેમાં તમને સૌને સોમરસનો ઉપયોગ બંધ કરવા માટે કહેવામાં આવ્યું હતું, પરંતુ...'

'અમે સંપૂર્ણ સ્વતંત્ર દેશ છીએ. અમે નક્કી કરીશું કે અમે શેનો ઉપયોગ કરી શકીએ છીએ અને શેનો નહીં.'

'વાત બૂરાઈની આવે તોપણ નહીં. જ્યારે વાત સોમરસની આવતી હોય છે ત્યારે તમે એ જ કરશો જે લોકો અને મેલુહાના ભવિષ્યના હિતમાં હોય.'

'તમે કોણ છો, અમને બતાવવાવાળા કે અમારા હિતમાં શું છે ?'

શિવની સહનશક્તિ ખૂટી ગઈ હતી. તેઓએ નિરાશા સાથે પોતાનો હાથ હલાવ્યો. 'એને લઈ જાવ.'

નંદી અને વીરભદ્ર તરત લાતો મારતાં મારતાં વિધુન્માલીને કામચલાઉ કારાવાસમાં લઈ ગયા.

'તારી હાર થશે, ધુતારા.' વિધુન્માલીએ ચીસ પાડીને કહ્યું, 'મેલુહા નહીં હારે.'



'શિવ, હું આપને કોઈની સાથે મેળવવા માગું છું.' બૃહસ્પતિએ કહ્યું.

બૃહસ્પતિએ હમણાં જ એક બ્રાહ્મણ સાથે મ્રિત્તિકાવટીના સરકારી અતિથિગૃહમાં શિવના અંગત કક્ષમાં પ્રવેશ કર્યો હતો. સતી, ગોપાલ અને કાલી નીલકંઠની સાથે હતાં.

'આપને પાણિની યાદ છે ?' બૃહસ્પતિએ પૂછયું, 'તેઓ મંદાર પર્વત ઉપર મારા સહાયક હતા.'

'હા, મને યાદ છે.' શિવે પાણિની તરફ ફરતા પહેલાં કહ્યું, 'આપ કેમ છો, પાણિની ?'

'હું મજામાં છું, મહા-નીલકંઠ.'

'શિવ,' બૃહસ્પતિએ કહ્યું, 'મને પાણિની મ્રિત્તિકાવટીમાં મળ્યા. તેઓ સરસ્વતી નદીના મુખ આગળ બનતા ત્રિકોણપ્રદેશ ઉપર વૈજ્ઞાનિક શોધખોળ કરતા લોકોનું નેતૃત્વ કરી રહ્યા છે. તેઓએ મને પૂછયું હતું કે શું તેઓ સોમરસ વિરુદ્ધની આપણી લડાઈમાં સામેલ થઈ શકે છે?'

શિવને આખી વાત ન ગમી. તેમનો અણગમો દેખાઈ આવતો હતો કે આવી નગણ્ય વાત લઈને બૃહસ્પતિ શા માટે તેઓને હેરાન કરી રહ્યા હતા. 'બૃહસ્પતિ, તેઓ આપના સહાયક હતા. મને આપના કોઈ પણ નિર્ણય ઉપર સંપૂર્ણ વિશ્વાસ છે. આપે મને પૂછવાની જરૂર

નથી…'

'તેઓ પાસે કેટલાક બીજા સમાચાર પણ છે જે ઉપયોગી થઈ શકે છે.' બૃહસ્પતિએ વાતને કાપતાં કહ્યું.

'શું વાત છે, પાણિની ?' શિવે નમ્રતા સાથે પૂછ્યું.

'પ્રભુ,' પાણિનીએ કહ્યું, 'મને મહર્ષિ ભૃગુએ મંદાર પર્વત ઉપર કોઈ ગુપ્ત કાર્ય કરવા માટે રાખ્યો હતો.'

શિવને તરત રસ પડ્યો, 'મને હતું કે હજી સુધી મંદાર પર્વતની સોમરસ બનાવતી જગ્યા ફરી બંધાઈ ગઈ નથી.'

'મારું કામ સોમરસ સાથેનું નહોતું, પ્રભુ. મને મેલુહાના વૈજ્ઞાનિકોના નાનકડા દળનું નેતૃત્વ કરવાનું કહેવામાં આવ્યું હતું. આ દળને મહર્ષિ ભૃગુએ પોતાની પાસેની સામગ્રી વડે દૈવી શસ્ત્રો બનાવવા માટે પસંદ કર્યું હતું.'

'શું ? આપે જ એ દૈવી શસ્ત્રો બનાવ્યાં હતાં ?'

'હા.'

'શું વાયુપુત્ર પણ આપને મદદ કરવા આવ્યા હતા ?'

'અમને ખુદ મહર્ષિ ભૃગુએ તાલીમ અને શિક્ષણ આપ્યું હતું કે આ ગુપ્ત સામગ્રી વડે તે દૈવી શસ્ત્રો કેવી રીતે બનાવાય, જે સામગ્રી તેઓએ અમને આપી હતી. દૈવી શસ્ત્રોની તકનીક વિષે મને થોડી જાણકારી છે, પરંતુ એટલી નથી કે કોઈ પ્રકારનાં ઉપયોગી શસ્ત્ર બનાવી શકું. કદાચ મને એટલા માટે પસંદ કરવામાં આવ્યો હતો કે મારું અલ્પજ્ઞાન બીજા ઘણાઓ કરતાં વધારે હતું.'

'પરંતુ આપને મદદ કરવા કોઈ વાયુપુત્ર હાજર નહોતા ?' શિવે એક વાર ફરીથી પૂછયું, 'આપે તેઓને મહર્ષિ ભૃગુની સાથે કદાચ જોયા પણ હોય.'

'મને નથી લાગતું કે મહર્ષિએ અમને જે ગુપ્ત સામગ્રી આપી હતી, તે તેઓને વાયુપુત્રો પાસેથી મળી હોય.'

આશ્ચર્યચકિત શિવે ગોપાલ તરફ જોયું, પછી પાણિની તરફ ફર્યા, 'આપ આ પ્રમાણે કેવી રીતે કહી શકો છો ?'

'દૈવી શસ્ત્રોની તકનીક બાબતે હું જે કાંઈ જાણું છું, તે વાયુપુત્રોના જ્ઞાન પર આધારિત છે. મહર્ષિ ભૃગુની પ્રક્રિયાઓ અને સામગ્રી સંપૂર્ણપણે જુદી જ છે.'

'શું દૈવી શસ્ત્ર બનાવવા માટે તેઓ પાસે તેઓની પોતાની ગુપ્ત સામગ્રી હતી ?'

'એવું જ લાગે છે.'

શિવ ફરી એક વાર ગોપાલ તરફ ફર્યા ! સારાંશ સ્પષ્ટ અને અમંગલકારી હતો. પહેલી વાત તો એ કે વાયુપુત્ર ભૃગુના પક્ષમાં નહોતા પરંતુ એનાથી પણ મહત્વપુર્ણ વાત એ હતી કે જો ભૃગુની પાસે ખુદની દૈવી શસ્ત્રો બનાવવાની ગુપ્ત સામગ્રી હતી તો પછી તેઓ મુશ્કેલ દુશ્મન સાબિત થાય તેમ હતા.

'અને મને એવું પણ લાગે છે કે,' પાણિનીએ કહ્યું, 'કે મહર્ષિ ભૃગુએ જ્યારે અમને શસ્ત્ર બનાવવાનું કહ્યું હતું ત્યારે તેઓએ દૈવી શસ્ત્રોની એ બધી જ સામગ્રીનો પ્રયોગ કરી લીધો હશે જે તેઓ પાસે હતી.'

'આપને એવું કેમ લાગે છે ?'

'તેઓ સતત મને કહ્યા કરતા હતા કે હું સામગ્રી પર ચાંપતી નજર રાખું અને તેમાંથી અંશમાત્ર પણ વેડફાઈ ન જાય તે જોઉં. મને યાદ છે કે એક વાર અકસ્માતે અમારાથી તેમાંથી સાવ થોડી માત્રા નીચે પડી ગઈ હતી. તેઓ ખૂબ ગુસ્સે થઈ ગયા હતા અને ગુસ્સામાં અમને

ખૂબ લડ્યા હતા કે તેઓ પાસે દૈવી શસ્ત્ર બનાવવાની કુલ મળીને એટલી જ સામગ્રી છે ! અને અમને વધુ સાવધ રહેવાનું કહ્યું હતું.'

શિવે ગોપાલ તરફ ફરતા પહેલાં એક ઊંડો શ્વાસ લીધો, 'તેઓ પાસે બીજાં દૈવી શસ્ત્રો નથી ?'

'એવું જ લાગે છે.' ગોપાલે પ્રત્યુત્તર આપ્યો.

'અને વાયુપુત્ર તેઓની સાથે નથી.'

'એવું અનુમાન કરવું યોગ્ય જ લાગે છે.'

'શિવ.' બૃહસ્પતિએ કહ્યું, 'બીજી વધુ વાત પણ છે.'

શિવે ભવાં ચડાવ્યાં અને તેઓ પાણિની તરફ ફર્યા.

'પ્રભુ' પાણિનીએ કહ્યું, 'હું એવું પણ માનું છું કે સોમરસનું ગુપ્ત નિર્માણસ્થાન દેવગિરિમાં છે.'

'આપ આટલા વિશ્વાસ સાથે કેવી રીતે કહો છો ?' શિવે પૂછ્યું.

'હું માનું છું કે આપને ખબર હશે કે સોમરસ માટે મોટા જથ્થામાં સંજીવની વૃક્ષોની જરૂર પડે છે. નગરમાં આવતાં સંજીવનીનાં થડોની ગુણવત્તા તપાસવા મને નિયમિત રીતે દેવગિરિ લાવવામાં આવતો હતો -- પરંતુ ફક્ત રાત્રે.'

'હું સમજ્યો નહીં. સોમરસના નિર્માણસ્થળે મોકલતા પહેલાં માલની ગુણવત્તા તપાસવાનું શું આપના સામાન્ય કર્તવ્યનો એક ભાગ નહોતો ?'

'આ સાચું છે, પરંતુ જકાત વિભાગમાં મારો એક મિત્ર હતો જેના વડે મેં જાણ્યુ હતું કે શું સંજીવનીના થડ ક્યારેય નગરની બહાર ગયાં હતાં ખરાં ? તેને આવી કોઈ ગતિવિધિની માહિતી નહોતી. જો આટલી મોટી સંખ્યામાં સંજીવનીનાં લાકડાં દેવગિરિમાં લાવવામાં આવતાં હતાં અને તે બહાર જતાં નહોતાં, તો સૌથી મોટી તર્કપૂર્ણ ધારણા એ હોઈ શકે કે આ એ જ નગર છે જ્યાં સોમરસ બનાવવામાં આવે છે.'

શિવના ભાવોમાં આ બ્રાહ્મણ પ્રત્યે કૃતજ્ઞતા દેખાઈ રહી હતી. 'પાણિની, ધન્યવાદ. આપ નથી જાણતા કે આ જાણકારી કેટલી ઉપયોગી છે.'



'મગધ હારી ગયું ?' પર્વતેશ્વરે પૂછ્યું.

પર્વતેશ્વર મેલુહાની પ્રધાનમંત્રી કનખલાના કાર્યાલયમાં હતા. કેટલાક મહિનાઓ પછી તેઓને અયોધ્યાથી પક્ષી-દૂત મળ્યા હતા.

'હજી એથી પણ વધુ છે.' કનખલાએ કહ્યું 'મગધની સંપૂર્ણ સેનાને પૂરી કરી દેવામાં આવી છે. રાજકુમાર સુર્પદમન માર્યા ગયા છે. રાજા મહેન્દ્ર ઊંડા શોકમાં ડૂબી ગયા છે. હવે મગધ ઉપર બ્રંગાઓનું શાસન છે.'

આ બધું સાંભળીને અને તેની અસરો વિષે વિચારતાં પર્વતેશ્વરે પોતાના નાકના ઉપરના ભાગને દબાવ્યો. 'જો મગધ ઉપર તેઓનો કબજો થઈ ગયો હોય તો ગંગાના સાંકડા બિંદુ પર પણ તેઓનો કબજો હશે. અયોધ્યાની કોઈ પણ નૌકાએ નીકળવાનો પ્રયત્ન કર્યો તો તેના પર આક્રમણ કરવા માટે તેઓને મગધના કિલ્લાની અંદર પાંચ હજાર સૈનિકો રાખવા પડશે.'

'બિલકુલ ! એનો અર્થ એ થયો કે અયોધ્યા તરત આપણી મદદ માટે નહીં આવી શકે. તેઓએ પોતાની પશ્ચિમે આવેલા જંગલમાર્ગે કૂચ કરવી પડશે અને પછી આપણી તરફ આગળ

વધવું પડશે.'

'જો મેલુહાને જીતી લેવામાં આવ્યું છે તો એનો અર્થ એ થયો કે પ્રભુ નીલકંઠ તે નગરમાં નાનકડી સેનાને મૂકીને બાકીની સેના સાથે ગંગામાં ઉપર યાત્રા કરીને અને પછી સ્વદ્વિપ તરફથી મેલુહામાં પ્રવેશ કરી શકે છે. આપણે અયોધ્યાના આપણા સહસાથીઓને તરત મેલુહા તરફ કૂચ કરી જવાનું કહેવું જોઈએ. હું મહર્ષિ ભૃગુ સાથે વાત કરીશ.'

'હજી બીજું વધુ પણ છે.' ચિંતાતુર કનખલાએ કહ્યું, 'સંદેશામાં એ પણ કહેવામાં આવ્યું છે કે અયોધ્યા પર ઘેરો કરવા અને મગધ પર આક્રમણ કરવાવાળી સેનાનું નેતૃત્વ ગણેશ, કાર્તિક, ભગીરથ અને ચંદ્રકેતુ કરી રહ્યા હતા.'

'તો પછી પ્રભુ નીલકંઠ ક્યાં છે ?'

'એ તો વાત છે.' કનખલાએ કહ્યું, 'પ્રભુ નીલકંઠ ક્યાં છે ?'

બરાબર એ સમયે એક મદદનીશ ભાગતો ભાગતો કનખલાના કાર્યાલયમાં આવ્યો, 'સ્વામી, સ્વામિની, કૃપા કરીને તરત જ મહારાજના કાર્યાલયમાં આવો. મહર્ષિ ભૃગુએ કહેવરાવ્યું છે કે આપ બંને તરત આવો.'

જ્યારે કનખલા અને પર્વતેશ્વર ઝડપથી કાર્યાલયમાંથી બહાર આવી રહ્યાં હતાં ત્યારે બીજો મદદનીશ મેલુહાના સેનાપતિ માટે એક સંદેશો લઈને તેઓની પાસે આવ્યો. સંદેશ ઉપરની મહોરથી સ્પષ્ટ હતું કે સંદેશો વિદ્યુન્માલીએ મોકલ્યો હતો. સમ્રાટના કાર્યાલય તરફ જતાં જતાં સંદેશો વાંચવાનો વિચાર કરતાં પર્વતેશ્વરે મહોર તોડી.



પ્રકરણ-૨૮

મેલુહા સ્તબ્ધ થઈ જાય છે

'શું વાત છે, પર્વતેશ્વર ?' કનખલાએ પૂછ્યું.

તેણે જોયું હતું કે વિદ્યુન્માલીનો સંદેશો વાંચતાં મેલુહાના સેનાપતિનો ચહેરો સફેદ પૂણી જેવો થઈ ગયો હતો. પર્વતેશ્વર કાંઈ જવાબ આપે તે પહેલાં તેઓ દક્ષના કાર્યાલયના દરવાજા પર હતા.

જેવા પર્વતેશ્વર અને કનખલાએ સમ્રાટના કક્ષમાં પ્રવેશ કર્યો કે દક્ષ ક્રોધથી વરસી પડ્યા, 'પર્વતેશ્વર ! આપનો સેના પર અંકુશ છે કે નહીં ? ભગવાન રામ જાણે આપ કરી શું રહ્યા છો ?'

પર્વતેશ્વર જાણતા હતા કે સમ્રાટ કયા વિષય પર વાત કરી રહ્યા છે. તેઓ એ પણ જાણતા હતા કે સમ્રાટ સાથે આ વિષય ઉપર વાત કરવી એ સમય બગાડવા જેવી વાત છે. તેઓ જાણીજોઈને મૌન રહ્યા. પોતાના માથાને થોડું નમાવીને અને હાથ જોડીને તેઓએ સમ્રાટને પ્રણામ કર્યાં.

'ખરાબ સમાચાર છે,સેનાપતિ.'ભૃગુએ કહ્યું, 'મ્રિત્તિકાવટી ઉપર આ ક્રમણ કરીને શિવે તેને જીતી લીદું છે.'

'શું ?' સ્તબ્ધ કનખલાએ પૂછ્યું, 'તેઓ મ્રિત્તિકાવટી સુધી પહોંચી કેવી રીતે ગયા ? તેઓ લોથલની સંરક્ષણ હરોળને તોડીને કેવી રીતે નીકળી ગયા ?'

લોથલ એક અસાધારણ રચના પામેલો સમુદ્રી દુર્ગ હતો. એની રક્ષણહરોળ એટલી નક્કર હતી કે તેને જીતવા માટે કોઈ પણ આક્રમણ કરનારને ઘણી મુશ્કેલીઓનો સામનો કરવો પડે. એ પણ બધા જાણતા હતા કે લોથલ મેલુહાનું દક્ષિણ-પૂર્વનું પ્રવેશદ્વાર હતું અને કોઈ પણ આક્રમણ કરનાર સેનાને મ્રિત્તિકાવટી પહોંચવા માટે આ નગરને પાર કરીને જ જવું પડે.

ભૃગુએ પાંચ કાગળિયાં ઉપાડ્યાં, 'આ મ્રિત્તિકાવટીના પ્રાંતપાલે મોકલ્યાં છે. એવું જણાઈ આવે છે કે ચેનારધ્વજે શિવ તરફ પોતાની નિષ્ઠાના સોગાન લીધા છે. દેશદ્રોહી !'

'સુવ્વરની ઓલાદ' દક્ષ ગાજ્યાં, 'હું જાણતો હતો કે મારે તેના પર ક્યારેય વિશ્વાસ મૂકવો જોઈતો નહોતો.'

'તો પછી આપે તેને લોથલનો પ્રાંતપાલ કેમ બનાવ્યો હતો, રાજન ?' ભૃગુએ પૂછ્યું.

દક્ષ નિરાશામાં ડૂબી ગયા.

ભૃગુ પર્વતેશ્વર તરફ ફર્યા, 'લોથલ માટેની આપની શંકા સાચી હતી, માનનીય પર્વતેશ્વર. પહેલેથી આપની વાત ન સાંભળવા માટે હું ક્ષમા માગું છું. કદાચ જો આપણે વિદ્યુન્માલીને જલદીથી એક શક્તિશાળી સેના સાથે લોથલ મોકલી દીધો હોત તો હજી પણ એ નગર ઉપર આપણો કબજો હોત.'

'જે થઈ ગયું તેને આપણે બદલી શકતા નથી, મુનિવર.' પર્વતેશ્વરે કહ્યું, 'આપણે એ વાત પર ધ્યાન કેન્દ્રિત કરીએ જે આપણે હવે કરવાનું છે. મને વિદ્યુન્માલીનો સંદેશો મળ્યો છે.'

ભૃગુએ પર્વતેશ્વરના હાથમાં રહેલો પત્ર જોયો, 'સેનાપતિએ શું કહ્યું છે ?'

'આ મને ગુપ્તચર તંત્રની અસફળતા દેખાય છે.' પર્વતેશ્વરે કહ્યું, 'તેઓએ લખ્યું છે કે એક લાખ સૈનિકોને લઈને મ્રિત્તિકાવટીના દરવાજે પહોંચીને પ્રભુ શિવે તેઓને અચંબામાં નાખી દીધા હતા. ફક્ત પચીસ હજાર સૈનિકો સાથે વિદ્યુન્માલીએ જોરદાર મુકાબલો કર્યો હતો પરંતુ તેને હરાવી દેવામાં આવ્યો.'

કનખલા મ્રિત્તિકાવટીનું વ્યુહાત્મક મહત્ત્વ સમજતી હતી, 'મ્રિત્તિકાવટીમાં સરસ્વતીના કાફલાનું મુખ્યાલય છે અને વિદ્યુન્માલી આપણાં જેમ તેમ બચાવેલાં યુદ્ધજહાજોને પણ લઈ ગયા હતા. જો મ્રિત્તિકાવટી પ્રભુના કબજામાં છે તો સરસ્વતી નદી પર પણ તેઓનો જ કબજો છે.'

'શિવ પ્રભુ નથી.' દક્ષે મોટેથી બૂમ પાડીને કહ્યું, 'આવું બોલવાની તમારામાં હિંમત કેવી રીતે આવી ? તમે કોના પ્રત્યે નિષ્ઠા ધરાવો છો, કનખલા ?'

'રાજન,' ભૃગુએ કહ્યું. તેઓના શાંત સ્વરમાં તેઓની અંદર રહેલો ક્રોધ છૂપો રહેતો નહોતો.

દક્ષ ભયથી સંકોચાઈ ગયો.

'રાજન, એ સારું રહેશે. જો આપ આપના અંગત કક્ષમાં આરામ કરો.'

'પરંતુ.'

'રાજન,' ભૃગુએ કહ્યું, 'આ વિનંતી નહોતી.'

પોતાના તરફ દર્શાવવામાં આવેલ ઘોર અપમાન તરફ દક્ષે આંખો બંધ કરી દીધી. તેઓ ઊભા થયા અને ધીમે ધીમે પોતાના કાર્યાલયમાં જતા રહ્યા.

ભૃગુ પર્વતેશ્વર તરફ ફર્યા, સહેજ પણ વિચલિત થયા વગર, જાણે કશું બન્યું જ ન હોય તેમ, 'સેનાપતિ, વિદ્યુન્માલીએ બીજું શું કહ્યું છે ?'

'સંપૂર્ણ સરસ્વતી કાફલો હવે પ્રભુ નીલકંઠના કબજામાં છે, પરંતુ સમાચાર એનીથી પણ ખરાબ છે.'

'એનાથી પણ ખરાબ ?'

'મ્રિત્તિકાવટીના લોકોએ હવે તેઓ પ્રત્યે નિષ્ઠાના સોગન ખાઈ લીધા છે. વિદ્યુન્માલીની સેનાના બચી ગયેલા સૈનિકોને મ્રિત્તિકાવટીમાં કેદી બનાવી દેવામાં આવ્યા છે.

'તો હવે નીલકંઠે મ્રિત્તિકાવટીમાં પોતાને સ્થાપિત કરી દીધા છે ?' ભૃગુએ પૂછ્યું. તેઓએ પર્વતેશ્વરની હાજરીમાં 'કપટી નીલકંઠ' ન બોલાઈ જાય તેની સાવચેતી રાખી હતી, 'કારણ કે તેઓએ આપણા સૈનિકો ઉપર ચોકી કરવા માટે પોતાના સૈનિકો મૂકવા પડશે, બરાબરને ?'

'ના,' પર્વતેશ્વરે માથું ધુણાવીને કહ્યું, 'આપણી સેનાને મ્રિત્તિકાવટીના નાગરિકો દ્વારા કેદી બનાવવામાં આવ્યા છે.'

'નાગરિકો દ્વારા ?

'હા. આ રીતે પ્રભુ નીલકંઠને આ કામ માટે પોતાના કોઈ સૈનિકને નીમવા પડ્યા નથી. તેઓ આપણા પચીસ હજાર સૈનિકોની યુદ્ધમાંથી બાદબાકી કરવામાં સફળ થયા છે અને તેઓની સંપૂર્ણ સેના એક રીતે જોઈએ તો તેમની સાથે જ છે. તેઓએ આપણા સરસ્વતી

કાફલાને પોતાના હુકમ નીચે લાવી દીધો છે. મને ખાતરી છે કે આપણી આ વાતચીત દરમિયાન તેઓ જળમાર્ગે ઉત્તર તરફ આગળ વધી ગયા હશે. વિદ્યુન્માલીએ પ્રભુની સેનામાં અસાધારણ રૂપે શિક્ષણ પામેલા હાથીઓની ભયંકર સેના વિષે પણ લખ્યું છે, જેને હરાવવી લગભગ અસંભવ છે.'

'ભગવાન રામની કૃપા હજો !' અચંબા સાથે કનખલાએ કહ્યું.

'આ તો આપણી કલ્પનાથી પણ ખરાબ છે.' ભૃગુએ કહ્યું.

'પરંતુ એક વાત મારી સમજમાં ન આવી.' કનખલાએ કહ્યું, 'એવું કેવી રીતે બન્યું કે પ્રભુની પાસે મેલુહાના એક લાખ સૈનિક છે, જ્યારે થોડાં અઠવાડિયાં પહેલા જ તેઓના દોઢ લાખ સૈનિક અયોધ્યામાં હતા ?'

'અયોધ્યા ?' ભૃગુએ આશ્ચર્ય પામીને પૂછ્યું.

'હા.' કનખલાએ કહ્યું અને એ સંદેશા વિષે કહેવા માંડી જે તેને હમણાં અયોધ્યાના અને મગધસેનાના સર્વનાશ અંગે મળ્યો હતો.

'હે પ્રભુ બ્રહ્મા !' ભૃગુએ કહ્યું, 'એનો અર્થ એ થયો કે અયોધ્યાની સેના જળમાર્ગે મગધ થઈને બહાર નહીં જઈ શકે. તેણે જંગલમાંથી કૂચ કરવી પડશે. એનો અર્થ એ થયો કે આપણને મદદ કરવા પહોંચતાં તેઓને એક યુગ જેટલો સમય લાગશે.'

'પરંતુ હજી પણ મને સમજ નથી પડતી કે પ્રભુ નીલકંઠની પાસે મેલુહામાં આટલા બધા સૈનિકો કેવી રીતે હાજર છે.' કનખલાએ કહેવાનું ચાલુ રાખ્યું, 'બ્રંગા અને નાગાસેનાઓ મળીને પણ એટલી સંખ્યા થઈ ન શકે.'

છેવટે સાચી વાત ભૃગુને સમજાઈ. 'વાસુદેવ પણ શિવની સેના સાથે જોડાઈ ગયા છે. સૂર્યવંશી અને ચંદ્રવંશીઓ સિવાય એક તેઓ જ છે જે આટલા બધા સૈનિકો લાવી શકે છે. આનાથી અસાધારણ રીતે કેળવાયેલા એ હાથીઓની વાત પણ સમજાય છે જેનો શિવે મ્રિત્તિકાવટીના યુદ્ધમાં ઉપયોગ કર્યો હતો. વાસુદેવ હાથીઓના સૈન્યબળની કથાઓ મેં સાંભળી છે.'

પરંતુ ભૃગુને એ વાતની ખભર નહોતી કે વાસુદેવોનો સૌથી શક્તિશાળી લાભ તેઓની હાથીસેના નહોતી પરંતુ તેઓના રહસ્યમય વાસુદેવ પંડિતો હતા જેઓ પૂરા સપ્તસિંધુનાં મંદિરોમાં છુપાયેલા હતા. આ પંડિતો નીલકંઠના આંખ અને કાન હતા, જેઓ તેમને યુદ્ધમાં સૌથી વધુ નિર્ણાયક લાભ કરી આપતા હતા : સમયસરની અને સાચી માહિતીઓ દ્વારા.

'પ્રભુ શિવ બહુ જલદી એક મોટી સેના સાથે અહીં આવી પહોંચશે.' પર્વતેશ્વરે કહ્યું, 'અને અયોધ્યાના ત્રણ લાખ સૈનિકો સમયસર આપણી પાસે નહીં પહોંચી શકે. તેઓએ તેમની ખૂબ સુંદર ચાલ ચાલી છે.'

'લશ્કરની ચાલ સમજે તેવું મારું મન નથી, સેનાપતિ.' ભૃગુએ કહ્યું, 'પરંતુ હું જોઈ શકું છું કે આપણે ભારે મુશ્કેલીમાં છીએ. આપની શું સલાહ છે ?'

પર્વતેશ્વરે બે હાથ ભેગા કર્યા અને પોતાના ગાલને આંગળી વડે સહેજ મસળ્યા. થોડી વાર પછી તેઓએ આંખ ઊંચી કરીને ભૃગુને જોયા. 'જો ગણેશ ઉત્તર તરફથી મેલુહામાં દાખલ થવાનો નિર્ણય કરે, તો આપણે ખલાસ થઈ જઈશું. બે તરફના આક્રમણ સામે આપણે કોઈ પણ રીતે આપણું રક્ષણ નહીં કરી શકીએ. આપણા ઇજનેરો યમુનામાં આવેલા પૂરના લીધે નુકસાન પામેલી સડકોને ઠીક કરવામાં સખત મહેનત કરી રહ્યા છે. હું તરત તેઓને સંદેશો મોકલું છું કે સડકને જેમ છે તેમ રહેવા દે. જો ગણેશ એ માર્ગે આવવાનો નિર્ણય લેશે તો આપણે તેની યાત્રાને મુશ્કેલ બનાવી દઈશું. દોઢ લાખ સૈનિકોના જોરદાર દળ સાથે એક ખરાબ થઈ ગયેલી સડક પર ચાલવું સહેલું નહીં પડે.'

'સારો વિચાર છે.'
'પ્રભુ નીલકંઠ થોડાં જ અઠવાડિયાંમાં દેવગિરિ પહોંચી જઈ શકે છે.'
'એ સારું છે કે આપે સેનાને તાલીમ, વ્યાયામ અને યુદ્ધઅભ્યાસમાં જોડી દીધી છે.' ભૃગુએ કહ્યું.
'પ્રભુ અહીં જીતી નહીં શકે.' પર્વતેશ્વરે કહ્યું, 'હું આપને વચન આપું છું, મુનિવર.'
'મને આપના ઉપર પૂરો ભરોસો છે, સેનાપતિ. પરંતુ વાસુદેવ હાથીઓનું શું કરીશું ? જ્યાં સુધી એ હાથીઓ ઉપર કાબૂ નહીં મેળવીએ ત્યાં સુધી શિવની સેનાને જીતી નહીં શકીએ.'



'આપનો શું વિચાર છે, શિવ ?' ગોપાલે પૂછ્યું.
ગોપાલ, સતી અને કાલી શિવની સાથે મ્રિત્તિકાવટીના તેઓના કક્ષમાં વિચાર કરી રહ્યા હતા. પાણિની તરફથી મળેલા સમાચારના અનુસંધાનમાં તેઓ પોતાની રણનીતિનું પુનર્મૂલ્યાંકન કરી રહ્યાં હતાં.
કાલી બહુ જ સ્પષ્ટ હતી. 'શિવ, મારો પ્રસ્તાવ છે કે આપ મ્રિત્તિકાવટીથી પ્રસ્થાન કરો અને પરિહા તરફ સફર શરૂ કરો. જો આપ વાયુપુત્રો પાસેથી કોઈ ઘાતક દૈવી શસ્ત્ર જેવું કે બ્રહ્માસ્ત્ર, લેવા માટે તેઓને સમજાવી શકો તો પછી આ યુદ્ધ પૂરું થઈ ગયેલું સમજજો.'
'આપણે ખરેખર એ દૈવી શસ્ત્રોનો ઉપયોગ ન કરી શકીએ, રાની.' ગોપાલે કહ્યું 'તે માનવતાના નિયમો વિરુદ્ધ હશે. આપણે તેવાં શસ્ત્રોનો ઉપયોગ ફક્ત ધ્યાન દોરવા માટે કરી શકીએ જેથી સામેનો પક્ષ વાસ્તવિકતા સમજે.'
'હા, હા.' કાલીએ વાત ટાળતાં કહ્યું, 'હું માનું છું.'
'પરિહા જતાં કેટલો સમય લાગશે, પંડિતજી ?' શિવે પૂછ્યું.
'ઓછામાં ઓછા છ મહિના.' ગોપાલે કહ્યું, 'જો હવામાન આપણી તરફેણમાં ન રહ્યું તો નવથી બાર મહિના પણ લાગી શકે છે.'
'તો પછી નિર્ણય સ્પષ્ટ છે.' શિવે કહ્યું, 'મને નથી લાગતું કે આ સમયે પરિહા જવું કોઈ મતલબ સારશે.'
'કેમ ?' કાલીએ પૂછ્યું.
'હજી ઝડપ અને સમય આપણા પક્ષે છે, કાલી.' શિવે કહ્યું, 'અયોધ્યાની સેના ઓછામાં ઓછા છ મહિનાથી આઠ મહિના સુધી મેલુહા નહીં પહોંચી શકે. મેલુહા પાસે માત્ર પંચોતેર હજાર સૈનિકો સામે આપણા પક્ષે અઢી લાખ સૈનિકો અને છ મહિનાનું અંતર હશે. મને આ વિષમ સંજોગો સારા લાગે છે. મારું કહેવું છે કે આપણે અત્યારે અને અહીં જ આ યુદ્ધને સમાપ્ત કરી દઈએ. જેટલો સમય મને પરિહા જવા અને ત્યાંથી પાછા આવવામાં લાગશે, એટલામાં તો અહીંની પરિસ્થિતિ સંપૂર્ણપણે જુદી થઈ જઈ શકે છે. સાથે સાથે એ પણ ભૂલીએ, કે આપણને ખબર છે કે વાયુપુત્ર મહર્ષિ ભૃગુની સાથે નથી. એનો અર્થ જોકે એવો નથી કે તેઓ આપણને સાથ આપવાનું પસંદ કરશે. તેઓ તટસ્થ રહેવાનો નિર્ણય લઈ શકે છે.'
'વાત સમજાય તેવી છે.' સતીએ સહમત થતાં કહ્યું, 'જો આપણે દેવગિરિને જીતીને સોમરસ નિમાણ કરતી જગ્યાઓનો નાશ કરી દઈએ તો પછી યુદ્ધ સમાપ્ત જ થઈ જશે, પછી ભલેને વાયુપુત્ર જે ધારવું હોય તે ધારે.'

'તો આપની શું સલાહ છે, શિવ ?' ગોપાલે પૂછ્યું.

'આપણે આપણી નૌસેનાને બે ભાગમાં વહેંચી દેવી જોઈએ.' શિવે કહ્યું, 'હું પચીસ નૌકાઓના નાનકડા નૌસેનાના જોર પર સરસ્વતી ઉપર અને પછી ઉત્તરમાં યમુના સુધી જઈશ. જ્યારે ગણેશ અને કાર્તિક યમુનાની સડક પર જઈને ચાલતા આવશે તો હું તેઓને મળીશ અને અમે તેઓના સૈનિકોને નૌકાઓમાં ચડાવી દઈશું. તેઓ પગે ચાલીને મેલુહાની રાજધાની પહોંચે તેના બદલે અમે જળમાર્ગે તરત જ દેવગિરિ પહોંચી જઈ શકીએ છીએ. આ દરમિયાન સતી નૌસેનાની આપણી બીજી ટુકડીનું નેતૃત્વ કરીને, આપણી સંપૂર્ણ સેનાને મ્રિત્તિકાવાટી સરસ્વતીના રસ્તે દેવગિરિ લઈ જશે. સતીએ મારા ગયા પછી ત્રણ અઠવાડિયાં બાદ પ્રસ્થાન કરવું જોઈએ જેથી આપણે સૌ લગભગ એક જ સમયે દેવગિરિ પહોંચી જઈ શકીએ. અઢી લાખ સૈનિકો દેવગિરિને ઘેરી લે તો કદાચ તેઓ આખી પરિસ્થિતિ સમજી જઈ શકે.'

'સિદ્ધાંતમાં તો આ સારી વાત લાગે છે.' કાલીએ કહ્યું, 'પરંતુ અમલમાં મૂકતી વખતે મુશ્કેલી ઊભી થઈ શકે છે. મોડાં પડી શકીએ છીએ. જો આપણી કોઈ પણ એક સેના કેટલાંક અઠવાડિયાંઓ પહેલાં દેવગિરિ પહોંચી ગઈ તો મેલુહાના સૈનિકો સામે તે કમજોર સાબિત થઈ શકે છે.'

'પરંતુ શિવે એવું નથી કહ્યું કે જેવા આપણામાંથી કોઈ ત્યાં પહોંચે કે તે આક્રમણ કરીને દેવગિરિને જીતી લે.' સતીએ કહ્યું, 'આપણે તો પોતાને એક કિલ્લા સમાન બનાવી બીજાની રાહ જોઈશું. જ્યારે આપણી બધી સેના ભેગી થઈ જશે પછી આપણે આક્રમણ કરીશું.'

'સાચી વાત છે, પરંતુ જો મેલુહાની સેનાએ આક્રમણ કરવાનો નિર્ણય લઈ લીધો તો ?' કાલીએ પૂછ્યું, 'યાદ રાખજો, લંગર નાખેલા વહાણ છૂપી નૌકાઓ માટે ખુલ્લો શિકાર હોય છે.

'મને નથી લાગતું કે તેઓ તેમના કિલ્લાની સલામતી છોડીને બહાર આવે.' શિવે કહ્યું, 'હું જે સેનાનું નેતૃત્વ કરીશ તેમાં દોઢ લાખ સૈનિકો હશે, જેઓએ તાજેતરમાં જ શક્તિશાળી મગધનો નાશ કર્યો છે. ફક્ત પંચોતેર હજાર સૈનિકો સાથે મેલુહાના શાસકો આપણા ઉપર આક્રમણ નહીં કરે. સતીની સેનામાં એક લાખ સૈનિકો હશે અને એ પણ ન ભૂલતા કે તેઓ પાસે વાસુદેવ હાથીઓ પણ હશે. તો તું જોઈ શકે છે કે આપણી જુદી જુદી સેનાઓ પણ મેલુહાના સૈન્યને ખુલ્લા મેદાનમાં પછાડવા સક્ષમ છે. સેનાપતિ પર્વતેશ્વરના બળવાન ખભાઓ ઉપર શાંત મગજ છે. તેઓ તરત સમજી જશે કે તેઓ માટે બહાર નીકળીને આપણી ઉપર આક્રમણ કરવા કરતાં પોતાના કિલ્લામાં સુરક્ષિત રહેવું ઉત્તમ રહેશે.'

'હું તમારું કહેવાનું સમજી રહી છું, કાલી.' સતીએ કહ્યું, 'જો હું પહેલાં પહોંચી ગઈ તો હું દેવગિરિની દક્ષિણે દસ કિલોમીટર દૂર તંબુ તાણી દઈશ. સરસ્વતીના કિનારે એક મોટી ટેકરી જેવો પહાડ છે જે અમારી ઉત્તમોત્તમ રક્ષાનું કામ કરશે, કારણ કે તે અમને ઊંચાઈનો લાભ આપશે. સુરક્ષાના પહેલા પગલા રૂપે હું આપણા વાસુદેવ હાથીઓને ચક્રવ્યહ રચના કરીને ગોઠવી દઈશ. તેઓની એ રચનાને તોડવી લગભગ અસંભવ હશે.'

'મને એ પહાડની ટેકરી વિશે ખબર છે.' શિવે સતીને કહ્યું, 'જો હું તમારા પહેલાં પહોચી જઈશ તો હું પણ ત્યાં ડેરાતોંબુ તાણીશ.'

'બરાબર છે.'

— ⅄ⵀⵓ4⊛ —

'ઝડપને કોઈ વિશ્રાંતિ હોતી નથી, ખરી વાતને પ્રભુ ?'

શિવ અને પરશુરામ સૌથી આગળની નૌકામાં ઉપરના ભાગે ઊભા હતા, અને અત્યંત ઝડપથી જઈ રહેલી નૌકા પર લાગતા હવાના થપેડા સામે પોતાની આંખો ખુલ્લી રાખવાનો પ્રયત્ન કરી રહ્યા હતા.

કાફલો સરસ્વતી પર ઉપરની તરફ જઈ રહ્યો હતો, માત્ર બે હજાર સૈનિકોનું દળ, મેલુહા લોકોને આક્રમણ કરવાની કોઈ તક આપી રહ્યું ન હતું. જ્યારે સરસ્વતીના કિનારે વસેલું કોઈ પણ નગર નૌસેના યુદ્ધ માટે તૈયાર નહોતું કારણ કે મેલુહાએ આ પ્રકારના આક્રમણની ક્યારેય કલ્પના કરી નહોતી -- છતાંય શિવે નિયતિને ન પડકારવાનો નિર્ણય લીધો હતો. માન-સન્માન અને સાહસમાં મેલુહાવાસી જરાય ઊતરતા નહોતા. વધુ સાવધાની રૂપે, તેઓએ અનેક સાહસિક નાગાસૈનિકોને પણ પોતાની નૌસેનામાં સામેલ કરી લીધા હતા. નાગાઓની રાણી, કાલી કાફલાની છેલ્લી નૌકામાં યાત્રા કરી રહી હતી.

શિવ હસ્યા. 'ના, પરશુરામ, કોઈ વિશ્રાંતિ નહીં હોય. ઝડપ જ મહત્ત્વપૂર્ણ વાત છે.'

શિવના આદેશ અનુસાર હલેસાં મારવામાં કોઈને આરામ આપવાનો ન હતો. છ કલાકની પારી માટે ચાર દળ તૈયાર કરી દેવામાં આવ્યાં હતાં. હલેસાં મારનારાઓ માટે તાલ બનાવી રાખવા નગારાં વગાડવાની વ્યવસ્થા રાખવામાં આવી હતી. ઝડપ માટે શિવ હવામાન પર આધાર રાખવા માગતા નહોતા. બધાની સાથે તેઓ કદમથી કદમ મિલાવી રહ્યા છે તેવી લાગણી ઊભી કરવા શિવે પણ હલેસાં મારનારાઓમાં પોતાનું નામ રાખી દીધું હતું. દિવસમાં છ કલાક હલેસાં મારવા માટે તેઓનો વારો આવવાની તૈયારીમાં હતો.

'આ ખરેખર સુંદર નદી છે, પ્રભુ.' પરશુરામે કહ્યું, 'એ દુઃખની વાત છે કે આપણને તેનો નાશ કરવો પડી શકે છે.'

'તમારો કહેવાનો અર્થ શું છે ?'

'પ્રભુ, મેં સોમરસ ઉપર સંશોધન કર્યું છે. માનનીય ગોપાલે ઘણી વાતો મને સમજાવી છે અને મને એક વિચાર આવ્યો છે.'

'શું ?

'સોમરસ તેના વગર બનાવી શકાતો નથી.' પરશુરામે સરસ્વતી તરફ સંકેત કરતાં કહ્યું.

'બૃહસ્પતિએ તેનો પ્રયાસ કર્યો હતો, પરશુરામ... તેઓએ એવો રસ્તો ખોળવાનો પ્રયત્ન કર્યો હતો જેનાથી સરસ્વતીનું પાણી બિનઉપયોગી બનાવી શકાય. પરંતુ તે સફળ થયો ન હતો, યાદ છે ?'

'મારો કહેવાનો એ મતલબ નહોતો, પ્રભુ. જો સરસ્વતીનું અસ્તિત્વ જ ન રહે તો ? સોમરસનું પણ નહીં રહે, બરાબરને ?'

શિવે પરશુરામને ગૂઢ દૃષ્ટિથી જોયા.

'પ્રભુ, એક સમય હતો જ્યારે સરસ્વતીનું, જેમ આજે આપણે જાણીએ છીએ, કોઈ અસ્તિત્વ જ નહોતું. યમુના પૂર્વમાં ગંગા તરફ વહેવા લાગી હતી. યમુના અને સતલજના સંગમ વગર સરસ્વતી અસ્તિત્વમાં ન રહી શકે.'

'આપણે સરસ્વતીને મારી નાખી ન શકીએ.' શિવે જાણે પોતાની જાતને કહેતા હોય તેમ કહ્યું.

'પ્રભુ, જેમ આપ જાણો છો, સોથી પણ વધુ સમય પહેલાં, જ્યારે એક ભૂકંપે યમુનાને પોતાનો માર્ગ બદલીને ગંગા તરફ વહેવા માટે મજબૂર કરી દીધી હતી ત્યારે કદાચ કુદરત આ જ કરવા માગતી હતી. જો હાલના સમ્રાટના પિતા માનનીય બ્રહ્મનાયકે યમુનાનો માર્ગ બદલીને તેનો પ્રવાહ ફરી સતલજ તરફ ન કર્યો હોત તો ઇતિહાસ બહુ જ જુદો હોત. કદાચ કુદરત

સોમરસ રોકવાનો જ પ્રયત્ન કરી રહી હતી.

શિવ શાંતિથી સાંભળી રહ્યા.

'આપણે એવું ન વિચારવું જોઈએ કે સરસ્વતી મૃત્યુ પામશે. તેનો આત્મા છતાં પણ યમુના અને સતલજના સ્વરૂપે વહેતો જ રહેશે. ફક્ત તેનું શરીર અદૃશ્ય થઈ જશે.'

શિવ સરસ્વતીના પાણીને, તેની ઊંડાઈને માપતા તાકી રહ્યા. પરશુરામની વાતોમાં તર્ક હતો. પરંતુ તેનો સ્વીકાર કરવા માગતા નહોતા. પોતાની જાત માટે પણ નહીં. કોઈ રીતે હમણાં તો નહીં જ.



પ્રકરણ-૨૯

દરેક લશ્કરમાં એક વિશ્વાસઘાતી હોય છે

'કોઈ સમાચાર, ગણેશ ?' ભગીરથે પૂછ્યું.

ભગીરથ અને ચંદ્રકેતુ હમણાં જ સૌથી આગળની નૌકા પર કાર્તિક અને ગણેશની પાસે પહોંચ્યા હતા. વિશાળ સેના ઉત્તર તરફથી મેલુહા પહોંચવા માટે ગંગાના ઉપરના ભાગે યાત્રા કરી રહી હતી. તેઓ ફક્ત થોડા કલાકો માટે ધીમા પડ્યા હતા જેથી એક નૌકા તેઓને મળવા આવી શકે. તે નૌકાનો નાવિક વાસુદેવ પંડિતનો સંદેશો લાવ્યો હતો.

'મને હમણાં જ સમાચાર મળ્યા છે કે મારા પિતાની સેનાએ મ્રિત્તિકાવાટીને જીતી લીધું છે.' ગણેશે કહ્યું.

ચંદ્રકેતુ ઉત્સાહમાં આવી ગયા, 'આ તો શુભ સમાચાર છે.'

'જરૂર છે.' ગણેશે જવાબ આપ્યો, 'આ તો એનાથી પણ ઉત્તમ છે ! મ્રિત્તિકાવાટીના નાગરિકોને મારા પિતાએ તેઓના પક્ષમાં કરી લીધા છે. મેલુહાસેનાના બચી ગયેલા સૈનિકોને તેઓના જ નગરમાં કેદ કરી લેવામાં આવ્યા છે.'

'અને શું તેઓને સોમરસ બનાવતા સ્થળની માહિતી મળી ગઈ ?' ભગીરથે પૂછ્યું.

'હા,' કાર્તિકે કહ્યું, 'તે દેવગિરિ છે.'

'દેવગિરિ ? શું કહી રહ્યા છો ? આ કેટલી મૂર્ખામીભરી વાત છે ! તે તો તેઓની રાજધાની છે. કોઈ પણ વિચારે કે આવું સ્થળ કોઈ સુરક્ષિત, ગુપ્ત સ્થાન પર હશે.'

'પરંતુ તેઓ આવા સ્થળને મોટી વસતીવાળાં નગરોમાં બનાવી શકતા હતા, બરાબરને ? અને જો તેવું હોય તો દેવગિરિથી વધુ સારું નગર બીજું કયું હોઈ શકે ? તેઓએ ધારી લીધું હશે કે તેઓની રાજધાનીને તો તેઓ નક્કી સુરક્ષિત રાખી શકશે.'

'તો આપણા માટે કયો આદેશ છે ?' ચંદ્રકેતુએ કહ્યું.

'દેવગિરિમાં મેલુહા પાસે માત્ર પંચોતેર હજાર સૈનિક છે.' ગણેશે કહ્યું, 'એટલે આપણે એક સામૂહિક આક્રમણ કરવાના છીએ.'

'વિસ્તારપૂર્વક જણાવો કે યોજના શું છે ?' ચંદ્રકેતુએ પૂછ્યું.

'આપણે ગંગાના ઉપરના માર્ગ પર જઈશું અને ગંગા-યમુના મળે છે તે રસ્તે પહોંચીશું. પછી આપણે મેલુહા સુધી પગે ચાલીને જઈશું. મારા પિતા એક કાફલો લઈને યમુનાના ઉપરના ભાગે પહોંચી રહ્યા છે અને જ્યારે આપણે પગપાળા જઈશું ત્યારે તેઓ આપણને મળશે. પછી

એક સાથે આપણે જળમાર્ગે દેવગિરિ સુધી જઈશું. એ દરમિયાન મારી મા પોતાના કબજાના એક લાખ સૈનિકોને લઈને ત્યાં પહોંચી જશે.'

'તો પછી પોતાના સ્થાનમાં ફસાઈ ગયેલા પંચોતેર હજાર મેલુહાસૈનિકો વિરુદ્ધ આપણી પાસે અઢી લાખ સૈનિક હશે, જેઓ બધા તાજેતરના વિજયથી ઉત્સાહથી ભરપૂર છે.' ભગીરથે કહ્યું, 'મને આખી વાત ગમી ગઈ છે.'

'બરાબર આમ જ બાબાએ કહ્યું હશે.' કાર્તિક હસ્યો.



'તું મને ઉત્તર આપીશ જે હું ઇચ્છું છું.' વિધુન્માલીએ દાંત પીસ્યા, 'તને સારું લાગે કે ન લાગે.'

શિવની સેનાના પકડાઈ ગયેલા એક વાસુદેવ સેનાનાયકને ચામડાના પટ્ટાઓ વડે, ફરી શકે તેવી લાકડી સાથે બાંધી દેવામાં આવ્યો હતો. અંધારી કોટડીમાં બંધ હવા દુર્ગંધથી ભરેલી હતી. પકડાઈ ગયેલો વાસુદેવ પરસેવાથી રેબઝેબ હતો. પરંતુ નિર્ભય હતો.

મેલુહાના સૈનિકો થોડે દૂર ઊભા રહીને ચિંતાના ભાવ સાથે વિધુન્માલીને જોઈ રહ્યા હતા. તેઓનો દળપતિ તેઓને જે કરવાનું કહી રહ્યો હતો, તે ભગવાન રામના નિયમોની વિરુદ્ધ કામ હતું. પરંતુ તેઓ તાલીમબદ્ધ હતા. મેલુહાની સૈન્ય માટેની તાલીમ પોતાના વરિષ્ઠ સૈન્ય અધિકારી પ્રત્યે શંકા વગરની આજ્ઞા માનવાનું કહે છે. આ તાલીમે હજી સુધી સૈનિકોની શંકાઓને દબાવી દેવાનું અને વિધુન્માલીના હુકમોનું પાલન કરવા મજબૂર કરી દીધા હતા. પરંતુ તેઓની નૈતિક આચારસંહિતાને હજી વધુ જોરથી લલકારવામાં આવવાની હતી.

વિધુન્માલીએ સાંભળ્યું કે વાસુદેવ વારે વારે કંઈક ગણગણી રહ્યો છે. તે પાસે જઈને નમ્યો, 'તારે કંઈ કહેવું છે ?'

વાસુદેવ સૈનિક ધીરે ધીરે પોતાના શબ્દોમાં જોર કરીને ગણગણી રહ્યો. 'જય ગુરુ વિશ્વામિત્ર. જય ગુરુ વશિષ્ઠ. જય ગુરુ વિશ્વામિત્ર. જય ગુરુ વશિષ્ઠ...'

વિધુન્માલીએ મોં મચકોડયું. 'તેઓ તને મદદ કરવા અહીં નથી, મારા મિત્ર.'

તે ફર્યો અને તેણે એક સ્તબ્ધ મેલુહાસૈનિકોને બોલાવ્યો. સેનાનાયકે એક લોખંડના હથોડા અને એક મોટી ખીલી તરફ ઇશારો કર્યો.

'સ્વામી !?' ગભરાઈ ગયેલા સૈનિકે ધીમેથી કહ્યું. તે સારી રીતે જાણતો હતો કે એક શસ્ત્રહીન, બાંધેલા માણસ ઉપર હુમલો કરવો એ ભગવાન રામના નિયમો વિરુદ્ધની વાત છે, 'મને નથી લાગતું કે આપણે...'

'શું કરવું કે ન કરવું એ તમારું કામ નથી.' વિધુન્માલીએ દાંત પીસ્યા. 'આ મારું કામ છે. તમારું કામ એ કરવાનું છે જેનો મેં તમને હુકમ કર્યો છે.'

'હા, સ્વામી.' મેલુહાના સૈનિકે ધીરેથી માથું નમાવીને કહ્યું. તેણે હથોડાને અને ખીલીને ઉપાડી લીધાં. ને ધીરે ધીરે વાસુદેવ તરફ ગયો અને તેણે કેદીના હાથ પર કાંડાની ઉપર ખીલી મૂકી. તેણે હથોડાને પાછળ ખેંચ્યો અને ખીલી પર હથોડો લગાવવા ખભાને જરા ત્રાંસા કર્યા.

વિધુન્માલી વાસુદેવ તરફ ફર્યો, 'સારું એ રહેશે કે તું તારું મોં ખોલી દે...'

'જય ગુરુ વિશ્વામિત્ર. જય ગુરુ વશિષ્ઠ...'

વિધુન્માલીએ સૈનિકને માથું હલાવી રજા આપી.

'જય ગુરુ વિશ્વામિત્ર. જય ગુરુ... આ આ આ હ હ હ.'

વાસુદેવની કાનોને ચીરી નાખતી ચીસ કોટડીની દીવાલો પર ગુંજી ઊઠી. પરંતુ તે ઊંડી, ત્યજી દેવાયેલી કોટડી જે મ્રિત્તિકાવાટી અને દેવગિરિની વચ્ચે ક્યાંક હતી, સદીઓથી ઉપયોગમાં આવી નહોતી. કોટડીની પાછળ ઊભેલા મેલુહાના સૈનિકો સિવાય આસપાસ તેની ચીસ સાંભળવાવાળું કોઈ ન હતું. આ સૈનિકો ભગવાન રામ પાસે તે કેદી માટે ક્ષમા માગતા સતત પ્રાર્થના કરી રહ્યા હતા.

સૈનિક વાસુદેવના જમણા હાથમાં ખીલીને હથોડાથી યંત્રની જેમ ઠોકતો રહ્યો. વાસુદેવ ત્યાં સુધી ચીસો પાડતો રહ્યો જ્યાં સુધી તેના મગજે પીડા અનુભવવાનું બંધ કર્યું. તેનું હૃદય ભયંકર રીતે ધડકી રહ્યું હતું અને ખુલ્લા ઘામાંથી લોહી ઊછળી ઊછળીને વહી રહ્યું હતું.

વિધુન્માલી પોતાના કાન તેની નજીક લઈ ગયો. વાસુદેવ ઊંડા શ્વાસો લઈ રહ્યો હતો. પોતાના જમણા હાથને ભૂલી જઈને તે તેનું ધ્યાન પોતાના સાથીઓ, પોતાના દેવતાઓ, પોતાની પ્રતિજ્ઞાઓ તરફ કેન્દ્રિત કરી રહ્યો હતો.

'હજી તારે કાંઈ વધારે જોઈએ છે ?' વિધુન્માલીએ પૂછ્યું.

પોતાના મંત્રોચ્ચાર ઉપર ધ્યાન કેન્દ્રિત કરીને વાસુદેવે મોં ફેરવી લીધું.

વિધુન્માલીએ ખીલી બહાર ખેંચી લીધી, એક ભીનું કપડું લીધું અને વાસુદેવના હાથને લૂછી નાખ્યો. પછી તેણે એક નાનકડી શીશી લીધી અને તેમાંની વસ્તુ તેના ઘા ઉપર ઠાલવી દીધી. તેનાથી સખત જલન થઈ પણ વાસુદેવનું લોહી વહેતું તરત બંધ થઈ ગયું.

'હું નથી ઇચ્છતો કે તું મૃત્યુ પામે.' વિધુન્માલીએ ધીમેથી કહ્યું, 'ઓછામાં ઓછું હમણાં તો નહીં.'

વિધુન્માલી પોતાના સૈનિક તરફ ફર્યો અને તેણે માથું હલાવ્યું.

'સ્વામી,' આંખોમાં આંસુ સાથે સૈનિક ધીમેથી બોલ્યો. તે એનાં એ પાપોને પણ ગણવાનાં ભૂલી ગયો હતો જે તે પોતાના આત્મા પર ચઢાવતો ગયો હતો. 'કૃપા કરીને...'

વિધુન્માલીએ આંખો પહોળી કરીને જોયું.

સૈનિક તરત ફરી ગયો અને તેણે એક શીશી લીધી. તે વાસુદેવ તરફ આગળ વધ્યો અને તે ઝેરી પદાર્થ એ ઘા ઉપર નાખી દીધો જે વિધુન્માલીએ આપ્યો હતો.

વિધુન્માલી પાછળ જતો રહ્યો અને એક ચમકતો પથ્થર લઈને આવ્યો જેનો એક છેડો સળગી રહ્યો હતો. 'આશા રાખું છું કે આના પછી તું પ્રકાશ જોઈ શકીશ.'

વાસુદેવે ભયંકર ભય સાથે આંખો ખોલી. પરંતુ તે બોલવા તૈયાર નહોતો ! તે જાણતો હતો કે તેણે રહસ્યને કહી દેવું ન જોઈએ. તે એના લોકો માટે વિનાશકારી સાબિત થાય તેમ હતું.

'જય... ગુ...રુ... વિશ્વા...'

'અગ્નિ તને શુદ્ધ કરી દેશે.' વિધુન્માલી કોમળ સ્વરે ગણગણ્યો, 'અને તું બોલવા માંડીશ.'

'...મિત્ર... જય... ગુ...રુ... વશિ...'

કોટડી ફરી એક વાર વાસુદેવની નિરાશ ચીસોથી ગુંજી ઊઠી, જ્યારે કોટડીમાં માંસ સળગવાની ગંધ ભરાઈ ગઈ.



'તમને વિશ્વાસ છે ?' પર્વતેશ્વરે પૂછ્યું.

'સંપૂર્ણપણે.' હસતાં હસતાં વિધુન્માલીએ કહ્યું.

પર્વતેશ્વરે ઊંડો શ્વાસ લીધો.

તેઓ જાણતા હતા કે શિવ જ નૌકાઓના એ વિશાળ કાફલાનું નેતૃત્વ કરી રહ્યા હતા જે બે અઠવાડિયાં પહેલાં ઝડપી ગતિએ દેવગિરિ થઈને નીકળ્યો હતો. પર્વતેશ્વરને શંકા હતી કે શિવ ઉત્તર તરફ ગણેશની સેનાને લેવા અને તેને દેવગિરિ લઈ આવવા જઈ રહ્યા છે. તેઓને ગણેશની સેના દ્વારા નાશ પામેલા ગંગા-યમુના માર્ગ પર થઈ રહેલા વિલંબના સમાચાર પણ મળ્યા હતા. ગણેશની સેનાના દોઢ લાખ સૈનિકોને લઈને શિવને દેવગિરિ પહોંચવામાં કદાચ એક મહિનો થઈ જશે.

તેઓ એ પણ જાણતા હતા કે નીલકંઠની સેનાનો બીજો હિસ્સો સતીની આગેવાની હેઠળ હમણાં જ મ્રિત્તિકાવાટીથી નીકળ્યો છે. તેઓ એક કે બે અઠવાડિયાંમાં દેવગિરિ પહોંચી જશે. એ સારી રીતે જાણવા સાથે કે ગણેશને વિલંબ થશે, પર્વતેશ્વરને સતીની સેના દેવગિરિ પહેલાં પહોંચવાની ધારણા હતી. તેઓ એ પણ જાણતા હતા કે આ તેઓના પોતાના પંચોતેર હજાર સૈનિકોની સામે એક લાખ સૈનિકોનું જોર હશે. એક વાર જો શિવ અને ગણેશની સેના આવી ગઈ તો શત્રુનું બળ વધીને અઢી લાખ સૈનિકોનું થઈ જશે. પર્વતેશ્વર જાણતા હતા કે શિવ અને ગણેશ પહોંચે તે પહેલાં સતીની સેના ઉપર આક્રમણ કરવું તે તેઓના માટે ઉત્તમ વાત કહેવાશે.

એકમાત્ર સમસ્યા એ હતી કે સતીના કબજામાં રહેલી વાસુદેવોની અજેય હાથીસેના સામે તેની પાસે કોઈ જવાબ નહોતો. હજી સુધી તો નહોતો.

‘મરચું અને છાણ ?’ પર્વતેશ્વરે પૂછ્યું, ‘આ તો બહુ સામાન્ય વાત લાગે છે.’

‘સામાન્ય રીતે હાથીને મરચાંની ગંધ પસંદ પડતી નથી, સ્વામી. એ ગંધના લીધે તેઓ અંધાધૂંધ દોડવા માંડે છે. છાણની સાથે મરચાંને ભેળવીને આપણે કુંડાં તૈયાર રાખવાં જોઈએ અને તેને સળગાવીને હાથીઓ તરફ ફેંકવાં જોઈએ. તીખો ધુમાડો તેઓને ગાંડા કરી દેશે અને આશા રાખીએ કે તેઓ પોતાની જ સેનામાં ઘૂસી જશે.’

‘આ વાતનો પ્રયોગ કરવા માટે કોઈ હાથી તો નથી, વિદ્યુન્માલી. એનો પ્રયોગ કરવાનું એકમાત્ર માધ્યમ યુદ્ધ જ હશે. જો તે સફળ ન થયો તો ?’

‘ક્ષમા ચાહું છું, સેનાપતિજી, પરંતુ શું આપણી પાસે બીજો કોઈ વિકલ્પ છે ?’

‘ના.’

‘તો એનો પ્રયોગ કરવામાં નુકસાન શું છે ?’

પર્વતેશ્વરે હકારમાં ડોકું ધુણાવ્યું અને દૂર અભ્યાસ કરી રહેલા પોતાના સૈનિકોને જોવા ફરી ગયા. ‘તમને આ માહિતી કઈ રીતે મળી ?’

વિદ્યુન્માલી મૌન રહ્યા.

પર્વતેશ્વરે ફરી જઈને વિદ્યુન્માલીની તરફ જોયું. તેઓની દૃષ્ટિ જાણે તીર બની ગઈ હતી, ‘સેનાનાયક, મેં તમને કંઈક પૂછ્યું છે.’

‘દરેક લશ્કરમાં એક વિશ્વાસઘાતી હોય છે.’

પર્વતેશ્વર સ્તબ્ધ થઈ ગયા હતા. પ્રખ્યાત વાસુદેવની શિસ્ત વિલક્ષણ હતી. ‘તમને કોઈ વિશ્વાસઘાતી વાસુદેવ મળી ગયો ?’

‘જેમ મેં કહ્યું, દરેક લશ્કરમાં એક વિશ્વાસઘાતી હોય છે. આપ શું ધારો છો કે હું કેવી રીતે બચીને અહીં આવી ગયો હતો ?’

પર્વતેશ્વર એક વાર ફરીથી, પોતાના સૈનિકોને જોવા માંડ્યા. આ પ્રયોગ કરવામાં કોઈ નુકસાન નથી. બની શકે છે આ પ્રયોગ કામ કરી જાય.



દેવગિરિ, દેવતાઓનું નિવાસસ્થાન, તદ્દન ગભરાઈ ગયેલું નગર બની ગયું હતું. તેના બે લાખ નાગરિકોને યાદ પણ નહોતું કે કોઈ એક દિવસે કોઈ પણ શત્રુસેનાએ તેઓના નગર સુધી ચાલી આવવાની હિંમત બતાવી હોય અને છતાં પણ તેઓ અત્યારે કલ્પનાતીત ઘટનાઓના સાક્ષી હતા.

બસ, થોડાં અઠવાડિયાં પહેલાં, તેઓએ યુદ્ધનૌકાઓના એક મોટા કાફલાને સરસ્વતીમાં ઝડપી ગતિએ પોતાના નગરની સામેથી જતો જોયો હતો. એ સ્પષ્ટ હતું કે આ નૌકાઓ મ્રિત્તિકાવાટીમાં રહેલા મેલુહાના કાફલાનો ભાગ હતો અને હવે તે શત્રુના નિયંત્રણમાં હતો. શત્રુની તે નૌકાઓ દેવગિરિ પર આક્રમણ કર્યા વિના કેમ જતી રહી, તે એક રહસ્ય હતું.

સમાચાર એવા મળી રહ્યા હતા કે સરસ્વતી નજીક નગરથી લગભગ દસ કિલીમીટર દૂર એક વિશાળ સેના પડાવ નાંખી રહી છે. સામાન્ય રીતે સુરક્ષિત દેવગિરિના નાગરિકો હવે પોતાને નગરની ચાર દીવાલો અંદર જ રાખવા માંડ્યા હતા અને ત્યાં સુધી બહાર જતા નહોતા જ્યાં સુધી જરૂરત ન હોય. વ્યાપારીઓએ પોતાનાં બધાં જ વ્યાપારિક કામો થભાવી દીધાં હતાં અને તેઓની વ્યાપારી નૌકાઓ બંદર પર જ લંગર નાખીને ઊભી હતી.

અફવાઓએ નગરમાં જોર પકડ્યું હતું. કોઈ કોઈ કાનમાં કહી જતા હતા કે દેવગિરિની દક્ષિણે પહોંચી ગયેલી સેનાનું નેતૃત્વ ખુદ નીલકંઠ કરી રહ્યા છે. કેટલાક તો વળી સોગંદપૂર્વક કહેતા હતા કે તેઓએ નીલકંઠને એ યુદ્ધજહાજો પર જોયા છે, જેઓ ત્યાંથી જઈ રહ્યા હતા. પરંતુ તેઓ કોઈ અનુમાન નહોતા લગાવી શકતા કે પ્રભુ શિવ આટલી જલદી ક્યાં જઈ રહ્યા હતા. બીજાં નગરોમાંથી વાતો આવી રહી હતી કે મ્રિત્તિકાવાટી સિવાય આ વિશાળ સેનાએ સરસ્વતી પર યાત્રા કરતી વખતે મેલુહાના બીજા કોઈ નગર ઉપર આક્રમણ કર્યું ન હતું. તેઓએ કોઈ નગર અથવા ગામડામાં લૂંટફાટ કરી નહોતી, ન તો કોઈ વિનાશકારી ઉત્પાત મચાવ્યો હતો, પરંતુ તેઓ જાણે સંતો જેવા સંયમ સાથે મેલુહામાંથી પસાર થયા હતા.

કેટલાક તો એ ગપગોળા ઉપર વિશ્વાસ રાખતા થયા હતા જે તેઓએ સાંભળ્યા હતા અને તેઓને સાચા લાગ્યા હતા, કે નીલકંઠ ખરેખર મેલુહાની નહીં પણ સોમરસની વિરુદ્ધ હતા, કે થોડા મહિનાઓ પહેલાં તેઓએ જે ઢંઢેરો વાંચ્યો હતો તે ખરેખર તો તેઓના પ્રભુ તરફથી જ હતો અને ખોટો ન હતો, જેવું તેઓના સમ્રાટે સમજાવ્યું હતું કે પછી સંભવ છે કે નીલકંઠની સેના આક્રમણ કર્યા વિના સરસ્વતીના કાંઠે રાહ જોઈ રહ્યા હશે, કારણ કે ખુદ પ્રભુ સમ્રાટ સાથે સમર્પણની સંભવિત શરતો ઉપર ચર્ચા કરી રહ્યા હોય.

પરંતુ બીજા પણ એવા લોકો હતા જેઓ મેલુહા પ્રતિ હજી પણ નિષ્ઠાવાન હતા અને તેઓ એ માનવા તૈયાર ન હતા કે તેઓના શાસકો અસત્ય બોલે. તેઓ પાસે એ માનવાને પૂરતાં કારણો હતાં કે શિવની સેનામાં ચંદ્રવંશી અને નાગા સામેલ છે. ખુદ નાગારાણી નીલકંઠની સેનામાં વરિષ્ઠ સેનાપતિ છે અને નીલકંઠને ચંદ્રવંશીઓ અને નાગાઓના ખરાબ મેળાપના લીધે ભ્રમિત કરી નાખ્યા છે. આ બધા લોકો મેલુહા માટે જાન આપવા પણ તૈયાર હતા. જે વાત તેઓની સમજમાં આવતી નહોતી તે એ હતી કે તેઓની સેના હજી સુધી યુદ્ધમાં સામેલ કેમ થઈ નથી.

'આપને વિશ્વાસ છે, સેનાપતિ ?' ભૃગુએ પૂછ્યું.

પર્વતેશ્વર દેવગિરિના રાજમહેલમાં ભૃગુના કક્ષમાં હતા.

'હા, આ એક જુગાર છે, પરંતુ આપણે આ દાવ રમવો પડશે. જો આપણે વધુ મોડું કરીશું

તો પ્રભુ ગણેશની સેનાને યમુનામાર્ગે દેવગિરિ લઈ જશે. સતીની સેનાની સાથે મળીને તેઓને વિશાળ સંખ્યાનો લાભ મળી જશે અને આપણા માટે જીતવું અશક્ય બની જશે. અત્યારે આપણી વિરુદ્ધમાં ફક્ત સતીના સૈનિકો છે, જેઓએ નદીની નજીક પડાવ નાખ્યો છે. દેખીતું છે કે તેઓ યુદ્ધ કરવા માગતા નથી. હું તેઓને બહાર ખેંચીને અને પછી તેઓના હાથીઓમાં અંધાધૂંધી ફેલાવવાનો પ્રયત્ન કરવાની યોજના બનાવી રહ્યો છું. જો આ યોજના કારગત નીવડે તો તેઓના જ હાથીઓ તેઓની પોતાની સેના ઉપર આક્રમણ કરી શકે છે. પાછળ નદી હોવાને કારણે તેઓ પાસે પાછળ જવાનો કોઈ રસ્તો નહીં રહે. જો બધું જ યોજના મુજબ થયું તો આપણે તેઓ પર ચડી બેસી શકીશું.'

'શું સતી આપની ધર્મપુત્રી નથી ?' ભૃગુએ પર્વતેશ્વરની આંખોમાં આંખો નાખીને પૂછ્યું.

પર્વતેશ્વરે ઘડીભર પોતાનો શ્વાસ રોકી લીધો, 'આ સમયે તો તે મારા માટે ફક્ત મેલુહાની શત્રુ છે.'

ભૃગુ તેઓની આંખમાં ઊંડેઊંડે જોઈ રહ્યા હતા અને તેઓ જે વાંચી રહ્યા હતા તેનાથી તેઓને સંતોષ હતો. 'જો આપને ખાતરી થઈ ગઈ હોય, સેનાપતિ, તો મને પણ થઈ ગઈ છે. ભગવાન રામનું નામ લઈને આક્રમણ કરો.'



સતી પોતાનાં લંગર નાખીને પડેલાં જહાજોમાં બેસી રહી શકતી નહોતી. ઝડપથી ચાલતી નૌકાઓને જમીન તરફથી તો કોઈ સંકટ હતું નહીં પરંતુ લંગર નાખીને એમ ને એમ બેસી રહેવાથી તેઓ ઉપર ગોળા નાખવા અને ગુપ્ત નૌકાઓને આક્રમણ કરવાનું સરળ હતું. એટલે તેણીએ ભૂમિ ઉપર પડાવ નાખવાનો નિર્ણય લીધો, જે મેલુહાવાસીઓને નદીના કિનારાની બહુ જ નજીક આવતા રોકવામાં અને તેઓની નૌકાઓને પણ રક્ષણ આપી શકાતું હતું.

તેણીએ પોતાની સેના માટે એક સારું સ્થાન પસંદ કર્યું હતું. એ સ્થાન સરસ્વતીની પાસે જ એક મોટી અને સારા ઢોળાવવાળી ટેકરી હતી.

આ ટેકરી અને દેવગિરિ નગર વચ્ચેનાં વૃક્ષોને કાપી નાખવામાં આવ્યાં હતાં. આથી ટેકરીની એક ખાસ જગ્યાએથી સતીને દસ ગાઉ દૂર આવેલ દેવગિરિનગરના દરવાજા પર શત્રુઓનું હલનચલન સ્પષ્ટ દેખાઈ આવતું હતું. ટેકરીની ઊંચાઈ બીજો એક લાભ પણ આપતી હતી : ટેકરીથી નીચે આક્રમણ કરવું, ટેકરી પર ચડવા કરતાં વધારે સરળ હતું, જે તેના શત્રુઓએ કરવું પડત. ઊંચાઈના લીધે તેના ધનુર્ધરોની મારવાની શક્તિ અત્યંત વધારી દીધી હતી.

ઊંચા સ્થાને ગોઠવાઈ ગયા પછી સતીએ રક્ષાત્મક સૈન્ય વ્યુહોની સૌથી વધુ પ્રભાવકારી સ્થિતિ, 'ચક્રવ્યુહ'ને અપનાવવાનો નિર્ણય લીધો. ચક્રવ્યુહમાં કેન્દ્રમાં કાચબા સ્થિતિમાં પાયદળના સૈનિકોની હારમાળા હતી. કાચબાઓ પાછળથી નદી અને નદીની વચ્ચે લંગર નાખીને ઊભેલા સરસ્વતીના કાફલાથી સુરક્ષિત હતા. તે મેલુહાના કોઈ પણ હુમલા સામે રક્ષણ આપતા હતા જે નદી તરફથી આક્રમણ કરે. જો જરૂરત પડી તો ભાગવાની સ્થિતિમાં, નૌકાઓને કિનારે લાવીને નદીના મેલા પાણીમાં બાંધી દેવામાં આવી હતી. ત્રણ પંક્તિઓમાં ઘોડેસવાર સેના સામેથી અને વચ્ચેથી શક્તિ પ્રદાન કરતી હતી. સૈન્ય હાથીઓની બે પંક્તિઓ અંદરના વ્યુહને સુરક્ષા આપતી, એક ભેદી ન શકાય, અર્ધગોળાકાર બહારનું આવરણ બની ગઈ હતી. પચાસ હજાર સૈનિકોના બનેલા વિશાળ ચક્રવ્યુહે પૂરતી જગ્યા છોડી હતી જેથી ગતિમાં અવરોધ ન આવે.

બધાં જ પશુઓ ધાતુનાં પાતળાં કવચ પહેરેલાં હતાં અને સૈનિકો પાસે લાંબાં બાણો હતાં અને પિત્તળની મોટી મોટી ઢાલ હતી.

આ યુદ્ધથી બચવા માટેનો અને જરૂર પડે તો ઝડપથી પાછા હટી જવા માટે બનાવવામાં આવેલ એક સંપૂર્ણ રક્ષાત્મક વુહ હતો.

શિવ તરફથી કોઈ સમાચાર મળે ત્યાં સુધી સતીનો વિચાર આ જ ચક્રવ્યુહમાં રહેવાનો હતો.



પ્રકરણ-૩૦

દેવગિરિનું યુદ્ધ

ઘોડેસવાર સૈનિકોની એક હાર પાછળ સતી પોતાના માટે બનાવેલા લાકડાના એક લાંબા માંચડા પર બેઠી હતી. અહીંથી તે સંપૂર્ણ મેદાન અને દૂર આવેલા દેવગિરિ નગરનું ભવ્ય દર્શન કરી શકતી હતી. તેણી એ નગરને જોઈ રહી હતી જ્યાં તેણીએ પોતાનું મોટાભાગનું જીવન વિતાવ્યું હતું, જેને ક્યારેક તે 'ઘર' કહેતી હતી. વીતેલી વાતોની યાદોએ તેના હૃદયમાં ત્યાંની શાંત, ગંભીર કુશળતા અને સંસ્કૃતિમાં પાછા જવાની ઇચ્છા જાગી. ભગવાન અગ્નિના મંદિરમાં પૂજા કરવાની તેને અદમ્ય ઇચ્છા થઈ આવી. આટલી નજીક હોવા છતાં તે હવે તેની પોતાની માને મળવા પણ ત્યાં જઈ શકતી ન હતી. તેણીએ પોતાના માથાને જોરથી હલાવ્યું. આ ભાવુક થઈ જવાનો સમય નથી. તેણે ધ્યાન કેન્દ્રિત કરી રાખવાનું હતું.

તેણીએ ઊંચા માંચડાની નીચે બાંધેલા પોતાના ઘોડાને જોયો. નંદી અને વીરભદ્ર પોતપોતાના ઘોડા ઉપર સવાર થઈને નજીકમાં જ રાહ જોઈ રહ્યા હતા. તેઓને તેના અંગત અંગરક્ષકોની જેમ નીમવામાં આવ્યા હતા.

સતી જાણતી હતી કે ગણેશની સેનાની સાથે શિવને આવવા સુધીનો સમય બહુ જ મુશ્કેલ હશે. તેણે પોતાના સૈનિકોને યુદ્ધ માટે તૈયાર રાખવા પડશે અને છતાંય પાછું યુદ્ધથી દૂર રહેવું જોઈશે. જેમ દરેક સેનાપતિ જાણતા હોય છે, તેમ તેને પણ ક્યારેક ક્યારેક સેનામાં બેચેનીભરી ચીડ ઉત્પન્ન થઈ જતી હતી.

તેણીએ દૂર ક્યાંક હલચલ જોઈ તો તેનું ધ્યાન તે તરફ ગયું. જે તેણીએ જોયું, તેના ઉપર તેને વિશ્વાસ ન બેઠો. દેવગિરિનો તાંબાનો મુખ્ય દરવાજો ખોલવામાં આવી રહ્યો હતો.

તેઓ શું કરી રહ્યા છે ? મેલુહાવાસી બહાર ખુલ્લામાં શા માટે જશે ? તેઓ તો અલ્પસંખ્યામાં છે.

'સાવધાન !' સતીએ હુકમ કર્યો, 'બધા જ લોકો પોતાની જે સ્થિતિ હોય તેમાં સ્થિર થઈ જાય. આપણે આક્રમણ શરૂ કરવાની લાલચમાં નહીં આવીએ !'

નીચે ઊભેલા સંદેશવાહકોએ તરત બધા જ દળપતિઓને આ હુકમ પહોંચાડી દીધો. સતીના સૈનિકો માટે કતારબંધ ઊભા રહેવું મહત્ત્વનું હતું. જ્યાં સુધી તેઓ એમ વર્તતા ત્યાં સુધી તેઓને હરાવવા અસંભવ હતા. તે વિશેષ રૂપથી ખાસ વાત હતી કે સતીના વ્યુહના બહારના ઘેરાવના હાથી કતારબંધ પોતાના મોરચાને સંભાળી રાખે. તેઓ તેમના બચાવ માટે

બખ્તરરૂપ હતા.

સતી મેલુહાના સૈનિકોનાં નાનાંનાનાં દળોને દેવગિરિમાંથી બહાર આવતાં જોઈ રહી, જે મોટાભાગે એક ટુકડીથી વધુ ન હતા. જેવા તેઓ બહાર આવ્યા કે નગરનાં દ્વાર બંધ થઈ ગયાં.

શું આ આત્મઘાતી દળ છે ? કયા હેતુના માટે...

મેલુહાના સૈનિકો ધીમે ધીમે સતીના સ્થાન તરફ આગળ વધતા રહ્યા. તેણી તેઓને આગળ વધતાં જોઈ રહી -- તેણીને કાવતરાની ગંધ આવી ગઈ. ઊંચાઈ પર બેઠેલી હોવાથી તેણીએ તરત જોઈ લીધું કે સૈનિકોની પાછળ ગાડાંઓ હતાં જેને બળદો જોરપૂર્વક ખેંચી રહ્યા હતા.

આ એક હજાર સૈનિકો શું મેળવવા માગે છે ? અને એ ગાડાંઓમાં શું છે ?

જ્યારે મેલુહાવાસીઓ પહાડ પાસે આવી ગયા, તો સતીએ જોયું કે ઘણા સૈનિકો પોતાના ડાબા હાથમાં લાંબાં શસ્ત્રો લઈને આવ્યા હતા.

ધનુર્ધર

તેણીએ તેઓને અટકી જતા જોયા એટલે તે તરત સમજી ગઈ કે શું થવાનું છે. તેઓની મદદે સખત પવન પણ વાઈ રહ્યો હતો. મેલુહાના લોકોએ જાણીજોઈને આ યોજના તે સમય માટે બનાવી હતી જ્યારે પવન તેઓની તરફેણમાં હોય. તેણી બધું સમજી ગઈ કે તેના ધનુર્ધર જેટલું પામશે તેટલું સામે આપી નહીં શકે.

‘ઢાલ ઊંચી કરો.’ સતીએ જોરથી બૂમ પાડી, ‘બાણ આવી રહ્યાં છે.’

પરંતુ ધનુર્ધર બહુ જ દૂર હતા. દેખાઈ આવતું હતું કે તેઓએ હવા ઉપર વધારે પડતો ભરોસો રાખ્યો હતો. બાણ સતીની સેના સુધી પણ બરાબર પહોંચ્યાં ન હતાં. જોરદાર હવા જોકે મેલુહાની સેના માટે લાભદાયક હતી પરંતુ તે સતીના લાભ માટે કામ કરી રહી ન હતી. પોતાના ધનુર્ધરો દ્વારા તેણી મેલુહા તરફથી આવતા તીરના વરસાદનો એ જ રીતે જવાબ આપી શકી ન હતી. તેણીએ મેલુહાના સૈનિકોને ધીરે ધીરે આગળ વધતા અને ધનુર્ધરોને પાછળના બળદગાડાંઓને ખેંચતા જોયા.

સતીએ પોતાના જીવનકાળ દરમિયાન યુદ્ધમાં બળદગાડાંઓને જોયા નહોતાં.

તેણીએ ભવાં ચડાવ્યાં. અરે, હાથીઓની સામે બળદ શું કરી શકશે ? પિતૃતુલ્ય શું કરી રહ્યા છે ?

સતીને એક વાતની નિરાંત હતી કે તેણી આજે સેનાપતિ પર્વતેશ્વરની રણનીતિનું પરીક્ષણ કરવા માગતી નહોતી. જોકે આખી વાત લલચામણી હતી કે જો તેણી પોતાના હાથીઓને મોકલી દે તો એ નાનકડી ટુકડીને તેઓ ચપટી વગાડતા સાફ કરી દે તેમ હતા, પરંતુ તેને કોઈ કાવતરાની ગંધ આવી રહી હતી, માટે તેણી તેના ઊંચા સ્થાન પરથી ખસવા માગતી નહોતી. તેણી જાણતી હતી કે તેણીએ શું કરવાનું છે. શિવના આવ્યા સુધી મોરચાને બરાબર સંભાળવાનો છે. તેણી લડવા માગતી નહોતી -- આજે તો નહીં જ.

હજી વધુ નજીક આવીને મેલુહાના ધનુર્ધરોએ ફરીથી પોતાનાં બાણ ચડાવ્યાં.

‘ઢાલ ઊંચી કરો.’ સતીએ હુકમ આપ્યો.

આ વખતે બાણ સતીની સેનાની જમણી બાજુએ ઢાલોને જઈને અથડાયાં. અંતરને જાણી લીધા પછી તેઓની બાણ મારવાની શક્તિ વધારવા મેલુહાના ધનુર્ધર એક વાર ફરી આગળ વધ્યા.

કદાચ મેલુહાના સૈન્ય પાસે કોઈ ગુપ્ત શસ્ત્ર છે, જેના લીધે તેઓ એકદમ નિરાંતથી કામ લઈ રહ્યા છે. આ વ્યુહરચનામાં બળદગાડાંઓની પણ કોઈ ભૂમિકા હોઈ શકે છે. તેઓ મારા સૈનિકોને તેઓ પર હુમલો કરવા ઉત્તેજિત કરવા માગે છે, જેના પછી તેઓ તેમના એ છૂપા શસ્ત્રની અજમાયશ કરી શકે.

પરિણામ સામે હતું. જો સતીની સેના ઉશ્કેરાય નહીં તો કોઈ લડાઈ નહીં થાય. તેણીની સેનાનાં બધાં જ પશુઓ સારી રીતે કવચ ધારણ કરીને ઊભાં હતાં. સૈનિકો પાસે મોટી ઢાલો હતી, તેઓ બાણોની વર્ષા થાય તો તેના બચાવ માટે તૈયાર હતા, જે મેલુહાના સૈનિકો અત્યારે કરી રહ્યા હતા. બે વખત બાણો વરસ્યા છતાંય સતીની સેનામાં કોઈ માર્યું ગયું ન હતું. જે વ્યુહરચના કરી હતી તેને તોડવાથી કશો લાભ થાય તેમ નહોતો અને વ્યુહરચનાના જાળવી રાખવાથી કોઈ નુકસાન થાય તેમ ન હતું.

સતીએ એ પણ જોઈ લીધું હતું કે જોકે શત્રુઓ પહેલેથી જ બહુ જ નજીક આવી ગયા છે એટલે પોતાના ધનુર્ધરોને બાણ ચલાવવાનો હુકમ આપવો પ્રતિકૂળ સાબિત થશે. જે પણ બૂરી વસ્તુ તેઓ તેમના બળદગાડાંઓમાં લઈ આવ્યા છે, તેમાં જો બાણોનો મારો કરવામાં આવે તો બળદ ગાંડા જેવા થઈ જઈ શકે, અને ગમે તેમ દોડવા માંડે -- અરે પોતાના સૈન્ય તરફ પણ દોડે. સતી પાસે એક વધુ સારો વિચાર હતો. તેણીએ પોતાના સંદેશવાહકોને કહ્યું કે ઘોડાસવાર્ ટુકડીને એ ટેકરીની પાછળ જવાનું કહેવામાં આવે જ્યાં અત્યારે તેઓ હતા. એ રીતે પોતાની હલચલ છુપાવીને તેઓ પશ્ચિમ તરફ આવેલી બાજુની ટેકરી ઉપર જતા રહે. તે ઇચ્છતી હતી કે એ ટેકરીની ટોચની પાછળ આવેલા કિનારા તરફથી તેઓ આક્રમણ કરે અને મેલુહાના ધનુર્ધરોને ચમકાવી દઈને મારી નાખે અને બળદોને ભગાડી મૂકે. અત્યારે તો સતીએ મેલુહાના સૈનિકોને તેઓ જ્યાં ઊભા હતા ત્યાંથી થોડા પાસે આવે તેની રાહ જોવાની હતી. પછી તો તેણી પોતાની ઘોડેસવાર સેનાના આક્રમણથી તેઓને સ્તબ્ધ કરી શકતી હતી.

સતીએ ફરી એક વાર પોતાના સૈનિકોને હુકમ કર્યો, 'શાંત રહો. પોતપોતાની પંક્તિઓમાં રહો. જો આપણે આપણા વ્યુહ્ પ્રમાણે વર્તીશું તો તેઓ આપણને કોઈ નુકસાન પહોંચાડી નહીં શકે.'

મેલુહાના સૈનિકોએ થોડા વધુ નજીક આવીને પોતાની પણછો ચઢાવી અને પછી બાણ છોડ્યાં.

'ઢાલો ઊંચી.'

સતીની સેના તૈયાર જ હતી. જોકે બાણ તેઓની સેનાના કેન્દ્ર સુધી પહોંચી ગયાં હતાં પરંતુ કોઈ સૈનિક ઘાયલ થયો નહોતો. મેલુહાના સૈનિકોએ એક વાર ફરી ધનુષ્ય પાછળ રાખી દીધા અને એક વાર ફરી આગળ ખસવાની તૈયારી કરવા લાગ્યા. જોકે આ વખતે તેઓ સહેજ અચકાતા હતા.

હવે તેઓ વિચલિત થઈ ગયા છે. તેઓ જાણે છે કે તેઓની યોજના કામ કરી રહી નથી.

'શું છે આ બધું !' હાથી પર સવાર એક ગુસ્સે ભરાયેલા વાસુદેવે પોતાના સાથી તરફ ફરીને ગર્જના કરી, 'આપણી આખી સેનાની વિરુદ્ધમાં આ બળદોને લઈને આવેલી નાનકડી સેના છે. સેનાપતિ સતી આપણને હુમલો કરવાની રજા કેમ નથી આપતાં ?'

'કારણ કે તેઓ વાસુદેવ નથી.' તેના સાથીએ ખરાબ રીતે વ્યગમાં કહ્યું, 'તેઓને ખબર જ નથી કે કેવી રીતે લડાય ?'

'સ્વામી,' મહાવતે આ બંને સવારોને કહ્યું, 'આપણને હુકમ કરવામાં આવ્યો છે. સેનાપતિના હુકમોનું પાલન કરવું.'

વાસુદેવ ચીડાઈને મહાવત તરફ ફર્યો, 'શું મેં તારી સલાહ માગી હતી ? તારું કામ ફક્ત મારા હુકમ માનવાનું છે.'

મહાવત તરત ચૂપ થઈ ગયો, દૂરથી સેનાનાયકની પુકાર સંભળાઈ, 'ઢાલો ઊંચી.'

બાણોનો એક વધુ વરસાદ વરસ્યો. ફરીથી કોઈને ઈજા ન પહોંચી.

'બહુ થઈ ગયું. આ ગાંડપણ !' હાથી પરનો એક સવાર બોલ્યો. 'આપણે ક્ષત્રિય છીએ.

આપણે ડરપોક બ્રાહ્મણોની જેમ ડરી ન જવું જોઈએ. આપણે યુદ્ધ કરી દેવું જોઈએ.'

સતીએ પોતાના વ્યુહથી દૂર ડાબી બાજુ કેટલાક હાથીઓને જોયા, જેઓ મેલુહાની લશ્કરી ટુકડીની સૌથી નજીક હતા અને તેઓ આગળ વધવા લાગ્યા હતા.

'કતારમાં રહો' સતીએ મોટી બૂમ પાડી, 'કોઈ કતાર તોડે નહીં.'

સંદેશાવાહકોએ તરત જ આ હુકમ મેદાનના બીજા છેડા સુધી પહોંચાડી દીધો. મહાવતોએ હાથીઓને પાછા કતારમાં લાવી દીધા.

'નંદી,' સતીએ નીચે જોતાં કહ્યું, 'તમારા ઘોડાને એ છેડે લઈને જા અને એ મૂર્ખાઓને કહે કે કતારમાં જ રહે.'

'જી, દેવી.' નંદીએ પ્રણામ કરતાં કહ્યું.

'ઊભા રહેજો !' સતીએ કહ્યું, તેણીએ મેલુહાના ધનુર્ધરોને ફરીથી બાણ ચઢાવતા જોઈ લીધા હતા. 'એ બાણવર્ષાને થઈ જવા દો, પછી જાવ.'

'ઢાલો ઉપર'નો હુકમ ફરીથી આગળ સુધી પહોંચાડી દેવામાં આવ્યો અને બાણ કોઈને પણ ઈજા પહોંચાડ્યા વગર ઢાલો પર અથડાયાં. સતીના કોઈ પણ સૈનિકને ઈજા પહોંચી નહીં.

જ્યારે સતીએ પોતાની ઢાલ નીચે કરી અને ઉપરની તરફ જોયું તો તેણી સડક થઈ ગઈ. જમણી બાજુથી વીસ હાથીઓએ ગાંડાની જેમ હુમલો શરૂ કરી દીધો હતો.

'મૂર્ખાઓ' સતીએ મોટી બૂમ પાડી અને માંચડા પરથી નીચે કૂદીને પોતાના ઘોડા પર સવાર થઈ ગઈ.

અંધાધૂંધ દોડતા હાથીઓ મારફત થઈ ગયેલી તિરાડને પૂરતી તે ઝડપથી આગળ જઈ રહી હતી. તેણીની બરાબર પાછળ વીરભદ્ર અને નંદી હતા. ઘોડેસવાર સેનાની હરોળની પાસેથી જતાં તેણીએ અરક્ષિત સેનાને પોતાની પાછળ આવવાનો હુકમ કર્યો. થોડી જ પળોમાં સતીએ પોતાને એ સ્થાન ઉપર મૂકી દીધી હતી જેણે હરોળ તોડીને હુમલો કરવા ભાગેલા વાસુદેવ હાથીએ ખુલ્લો કરી દીધો હતો.

'અહીં ઊભા રહો.' તેણીએ હાથ ઊંચો કરી પોતાની પાછળના સૈનિકોને હુકમ કર્યો.

તેણી દૂર પોતાના હાથીઓને આગળ ભાગતા જોઈ રહી હતી, તેઓના મહાવત તેમને અંકુશ મારી રહ્યા હતા. મેલુહાના ધનુર્ધર બહાદુરીથી પોતાના સ્થાન ઉપર ઊભા હતા અને તેઓએ બાણોની એક વધુ વર્ષા કરી દીધી.

હુકમ સતીની સેનામાં ફેલાઈ ગયો : 'ઢાલો ઉપર.'

વાસુદેવ હાથીસવારો ધનુર્ધરો સાથે ટકરાઈને જોરથી બોલી ઊઠ્યા : 'જય શ્રીરામ.'

હાથીઓએ તેઓની શક્તિશાળી સુંઢ ઝુલાવી, જેની સાથે લોખંડના મજબૂત ગોળા બાંધવામાં આવ્યા હતા. સુંઢના શક્તિશાળી મારથી મેલુહાના સૈનિકો દૂર દૂર ફેંકાઈ ગયા. કેટલાક જે રહી ગયા હતા, તેઓ હાથીના વિશાળ પગો નીચે ચગદાઈ ગયા. આ સંહારની થોડી જ પળો પછી ધનુર્ધર પાછળ જતા રહેવા માંડયા.

જોકે એવું લાગી રહ્યું હતું કે જાણે વીસ વાસુદેવ હાથીઓ મેલુહાના ધનુર્ધરોને કચડીને ધૂળ બનાવી રહ્યા હોય, પરંતુ સતી શંકાથી ધ્રૂજી ઊઠી, તેણીએ પોતાના શરીરમાં એક સનસનાટી ફેલાઈ જતી અનુભવી. તેણીએ મોટેથી ચીસ પાડી, પણ તેણીને ખબર હતી કે હાથી પરના સવારો તેણીને સાંભળી નહીં શકે.

'પાછા આવી જાઓ, મૂરખાઓ !'

પરંતુ વાસુદેવ હાથીસવાર ઉન્માદમાં હતા. સરળ વિજય જાણે હાથવેતમાં છે તેમ માનીને તેઓ પોતાના મહાવતોને હાથીઓને આગળ લઈ જવા માટે કહ્યા કરતા હતા.

'આક્રમણ શરૂ .'

હાથીસવારોએ પોતાનાં મુખ્ય શસ્ત્રો -- અગ્નિ ફેંકતા ગોળાઓ -- છોડી દીધા. હોદ્દામાંથી લાંબી ભાલા જેવી જવાળાઓ ફૂટી નીકળી. સવારો ઝડપથી નિશાન લઈને મેલુહાસૈનિકોની આગળની હરોળમાં ઘૂસી ગયા.

આગળ દૂર બળદગાડાંઓને જોઈને હાથીઓએ દોડવાનું ચાલુ રાખ્યું અને પછી પરિસ્થિતિ બદલાઈ ગઈ. પાછળ ખસી જઈને મેલુહાના ધનુર્ધર સળગતાં બાણ લઈને ઊંધા ફરી ગયા અને સીધું પોતાનાં બળદગાડાંઓનું નિશાન લીધું. ગાડાંઓમાં સૂકાં છાણના ગોળ કટકાઓ અને મરચું ભરેલું હતું અને જેવાં બાણ પડ્યાં કે તેમાં આગ લાગી ગઈ. અચાનક આગ જોઈ ભડકેલા બળદ ગભરાઈને આગળ વધતા હાથી તરફ દોડ્યા.

મહાવતોને સૌથી પહેલાં લાગ્યું કે કંઈક ગરબડ છે. પશુઓ સાથે વર્ષોથી કામ કર્યું હોવાથી તેઓની અંદરનો તણાવ અનુભવી શકતા હતા. પરંતુ પોતાની પાછળ આગના ગોળા ફેંકતા હાથીઓને જોઈને તેઓ પણ પોતાના હાથીઓને આગળ વધવા દબાવ કર્યા કરતા હતા. તરત જ બળદગાડાંઓની સામગ્રી ઝડપથી સળગવા માંડી અને ગાઢો, તીખો ધુમાડો નીકળવા માંડ્યો. પરંતુ હાથીસવારો આક્રમણ કરવા તૈયાર હતા. તેઓ સીધા આંધળા કરી દે તેવા ધુમાડામાં ઘૂસી ગયા.

જેવા હાથી એ ધુમાડાની લપેટમાં આવ્યા કે તેઓ ચીસો પાડવા માંડ્યા. મહાવત એ ગંધને ઓળખી ગયા હતા.

મરચું !

‘પાછળ જતા રહો.’ એક મહાવતે બૂમ પાડી.

‘ના !’ એક યુદ્ધમાં મશગૂલ હાથીસવારે પાછળ ફરીને બૂમ પાડી. ‘આ આપણા હાથની વાત છે. એ બળદોને કચડી નાખો. આગળ વધો.’

પરંતુ હાથી પહેલેથી જ ગભરાઈ ગયા હતા. તેઓ આ ન ગમતી ગંધને છોડીને દોડવા માંડ્યા. પોતાનાં ગાડાંઓમાં લાગેલી આગથી ગભરાઈને બળદોએ પણ આગથી બચવા પાગલની જેમ દોડવા માંડ્યું હતું.

સતી દૂરથી પરિસ્થિતિને ઝડપથી મોટી થતી જોઈ રહી હતી. બળદો જે કાંઈ પણ લઈ જઈ રહ્યા હતા તે વસ્તુ હાથીઓને ગાંડા કરી દેતી હતી. થોડી જ પળોમાં બળદો બહારની હરોળમાં બચેલા હાથીઓ પાસે પહોંચી જશે અને સતીના દળમાં ભારે અંધાધૂંધી ફેલાવી દેશે. તેણીએ જોયું કે દેવગિરિના બીજી વાર ખોલવામાં આવેલા દ્વારમાંથી એક અગ્નિબાણ છોડવામાં આવ્યું છે. મેલુહાના સૈનિકોએ જોઈ લીધું કે તેઓની રણનીતિ સાચી સાબિત થઈ હતી અને હવે તેઓ સંપૂર્ણ આક્રમણ માટે તૈયાર થવા માંડ્યા હતા. તેઓની માન્યતાને ત્યારે ટેકો મળ્યો જ્યારે તેણીએ મેલુહાના ઘોડેસવારોની સેનાને ઝડપથી દેવગિરિના દરવાજામાંથી બહાર આવતી જોઈ. નગર દસ ગાઉ દૂર હતું અને સતી જાણતી હતી કે એ લોકો એ સ્થાને પહોંચે તે પહેલાં તેની પાસે થોડો સમય જરૂર છે. તેની તાત્કાલિક ચિંતા આગળ વધતા બળદોની હતી જે બધા જ વાસુદેવ હાથીઓને તેઓના પોતાના જ લશ્કર ઉપર આક્રમણ કરવા માટે ગાંડા કરી શકે તેમ હતા.

પાછળ ફરીને સતીએ ચીસ પાડીને પોતાના મુખ્ય સંદેશવાહકને કહ્યું : ‘પાછળની હરોળના લોકોને કહો કે તેઓ નૌકાઓમાં પાછા જતા રહે. તરત જ !’

તેણીએ હાથીઓની બાકી બચી ગયેલી હરોળોને પણ તરત વિખરાઈ જવા માટે અને દક્ષિણ તરફ ભાગી છૂટવા કહ્યું. જો બળદગાડીઓ વિશાળકાય પશુઓની હરોળ સુધી પહોંચી જાય અને તેઓને આધીન સેંકડો હાથીઓમાં ગભરાટ ફેલાવવામાં સફળ રહે તો તેની સેના પોતાના જ હાથીઓ દ્વારા સંપૂર્ણ નાશ પામી જઈ શકે.

પછી સતીએ પોતાની ઘોડેસવાર સેનાને આગળ વધવાનો હુકમ કર્યો.

'આપણી તરફ આગળ વધતાં એ પશુઓ ઉપર હુમલો કરો ! આપણે તેને કોઈ બીજા જ માર્ગે વાળી દેવા પડશે. આપણને આપણા સૈનિકો પાછા આવે તે માટે સમય જોઈએ !'

તેમની ઘોડેસવાર સેનાએ પોતપોતાની તલવારો ઉઠાવી અને બરાડી ઊઠયા :'હર હર મહાદેવ !'

'હર હર મહાદેવ' સતીએ પણ તેમાં સૂર પુરાવ્યો અને પોતાની તલવાર કાઢીને આગળ દોડી ગઈ.

સતીની હોશિયાર ઘોડેસવાર સેનાએ હાથીઓ અને બળદો તરફ આગળ વધતાં બાણોની સતત વર્ષા ચાલુ રાખી. જોકે તેણે અનેક બળદોને સતીની સેનાના માર્ગમાંથી દૂર કરી નાખ્યા હતા, પરંતુ હાથીઓએ પોતાનું અનિયંત્રિત આક્રમણ ચાલુ રાખ્યું. સતત આગ ફેંકતા હાથીઓના હોદ્દાઓ નરકમાં બદલાઈ ગયા હતા. હોશ ગુમાવી બેઠેલાં પશુઓ ઉપર બેઠેલા સ્તબ્ધ થઈ ગયેલા હાથીસવાર પોતાના જ અગ્નિબાણો ઉપર પડી ગયા હતા અને અગ્નિ ફેંકવાની ચાંપો તૂટી ગઈ હતી.

થોડી પળો પછી સતીની ઘોડેસવાર સેના, બેકાબૂ ઝુલતી સુંઢો અને લોખંડના ગોળાઓથી હોશિયારીપૂર્વક બચીને નિર્ભય બનીને પાછળ જઈને પોતાના હાથીઓ તરફ આગળ વધતી ગઈ. તેઓને પોતાના જ હાથીઓને મારીને પાડી દેવાના હતા. આ માટે તેઓએ એકદમ તેઓની પાછળ જવાનું હતું અને તેઓની ટાંગોને તોડી નાખવાની હતી જેથી તેઓના પાછલા પગ વળી જાય. પરંતુ આ કહેવું સહેલું હતું પરંતુ કરવું અઘરું હતું, કારણ કે ખરાબ થઈ ગયેલા ગોળા ફેંકનાર સાધનો સતત આગ ઓકી રહ્યા હતા. સતી આ કામ માટે બહાદુરીપૂર્વક પોતાની ઘોડેસવાર સેનાનું નેતૃત્વ કરી રહી હતી. કારણ કે તે ફક્ત વીસ હાથી હતા એટલે તેઓને જલદીથી મારી નાખવામાં આવ્યા. પરંતુ તે પહેલાં ઘોડેસવાર સેનાના અનેક સૈનિકોએ પોતાના જાન ગુમાવી દીધા હતા, કેટલાક કચડાઈ ગયા હતા, તો ઘણાબધા અગ્નિના ગોળાના લીધે સળગી મર્યા હતા. ખુદ સતીનો ચહેરો એક તરફથી દાઝી ગયો હતો.

આ દરમિયાન સતીની સેનાના બચી ગયેલા ઘોડેસવાર સૈનિકોએ પોતાની તરફ આવતા બળદોને ભાલા અને બાણોનો કુશળતાપૂર્વક ઉપયોગ કરીને તેઓને બીજી દિશામાં વાળી દીધા હતા. પોતાની પાછળ બાંધેલાં સળગી રહેલાં ગાડાંઓથી ગભરાઈને બળદો હજી પણ દોડી રહ્યા હતા, પરંતુ પશ્ચિમ તરફ અને સતીની બાકી રહેલી હાથીસેનાથી સારી રીતે દૂર. સતીએ પાછળ ફરીને પૂર્વમાં જોયું, જ્યાં તેણીનું પાયદળ નૌકાઓના રક્ષણ માટે જઈ રહ્યું હતું. તેણીની તર્કબદ્ધ યોજનામાં આવી કોઈ પણ પરિસ્થિતિ માટે નક્કી કર્યું હતું કે મોટી સંખ્યામાં નાની નૌકાઓ તૈયાર રહે.

પરંતુ સંપૂર્ણ વિનાશ પહેલાં આ તો એક નાનકડો વિજય સાબિત થાત. મેલુહાની ઘોડેસવાર સેના ઝડપથી યુદ્ધક્ષેત્ર તરફ આગળ વધી રહી હતી અને જેવા બળદોને દૂર કરી દેવામાં આવ્યા કે મેલુહા ઘોડેસવાર સેનાએ સતીની ઘોડેસવાર સેના ઉપર હુમલો કરી દીધો.

તલવારો સામસામી ટકરાઈ.

સતીની ઘોડેસવાર સેનામાં ત્રણ હજાર સૈનિકો હતા અને તે મેલુહાના સૈનિકો જેટલા જ હતા. પરંતુ તેઓના સૈનિકો હમણાં જ ગભરાયેલા હાથીઓ અને બળદો સાથે ઘાતકી લડાઈમાંથી બહાર આવ્યા હતા. તેઓની સંખ્યા ઓછી થઈ ગઈ હતી અને તેઓની શક્તિ પણ ઓછી થઈ ગઈ હતી, પરંતુ સતી જાણતી હતી કે પાછળ જતા રહેવાનો કોઈ વિકલ્પ નથી. તેણીએ હજી થોડી વાર લડાઈ કરતાં રહેવી પડશે જેથી તેણીના બધા જ પાયદળના સૈનિકો નૌકાઓની સુરક્ષામાં પહોંચી જઈ શકે.

એ જ વખતે સતીએ એક વાર ફરીથી હાથીઓનો અવાજ સાંભળ્યો.

તેણીએ પોતાની સામે ઊભેલા મેલુહાના સૈનિકને મારી નાખ્યો અને પાછળ ફરીને જોયું.

'પ્રભુ રામ, કૃપા કરજો.'

જે હાથીસેનાને તેણીએ દક્ષિણ તરફ જવાનો હુકમ કર્યો હતો, એમાંથી કેટલાક હાથી ગર્જનાઓ કરતા પાછા આવી રહ્યા હતા. હાથી મોટા અવાજે ગાંડાની જેમ ગરજી રહ્યા હતા અને બધી જ દિશાઓમાં આગ વરસાવી રહ્યા હતા. મહાવતો તો આ પહેલાં જ નીચે પડી ગયા હતા જેના લીધે હાથીઓ સંપૂર્ણપણે બેકાબૂ બની ગયા હતા. હાથીઓની પાછળ, પોતાની પાછળ બાંધેલા સળગતાં ગાડાંઓ લઈને બળદો પણ દોડી રહ્યા હતા.

પર્વતેશ્વર દ્વારા તૈયાર કરવામાં આવેલી ઉત્કૃષ્ટ રણનીતિ મુજબ સૈનિકોની મરચું અને છાણનાં છાણાં ભરેલાં બળદગાડાંઓની એક ટુકડી સતીના મોરચાની દક્ષિણે ઊભી કરી દેવામાં આવી હતી. આ ગાડીઓ આગલી સાંજે ખેતીપેદાશો લઈ આવતા ગાડાના સ્વરૂપે દેવગિરિથી રવાના થઈ હતી, કારણ કે સતીએ નગરને ઘેરો નાખ્યો હતો. ફક્ત તેની નજીક જ પડાવ નાખ્યો હતો, એટલે તેઓ ફક્ત શસ્ત્રો લઈ જતાં વાહનો પર જ આક્રમણ કરતાં હતાં અને આક્રમણમાં ઉપયોગમાં ન આવે તેવી સામગ્રી વિના રોકટોક આવતી-જતી હતી. એનું કારણ સ્પષ્ટ હતું : સંપૂર્ણ ઘેરો નાખવો હોય તો બહુ જ વધારે સૈનિકો જોઈએ અને તે જોઈને યુદ્ધ ભડકી પણ જાય તેમ હતું. સતી તેમાંથી બચી જવા માગતી હતી. તેણીના ચંદ્રવંશી જાસૂસો એ ન સમજી શક્યા કે છાણ અને ખેતી-ઉત્પાદનો પણ તેઓ માટે ઘાતક બની શકે છે.

જ્યારે હાથીઓ એ ગાડાંઓ તરફ દોડ્યા તો તે ગાડાંઓમાં પણ આગ લગાડી દેવામાં આવી અને જેવી ધારણા હતી, પાછળ ફરી ગયેલા હાથીઓ ગભરાઈને ઊંધા ફરી ગયા અને યુદ્ધમેદાન તરફ ભાગી નીકળ્યા.

સતી અવઢવમાં હતી. સામે મેલુહાની સેના હતી અને તેણીની પાછળ ભાગીને આવતા, ગભરાઈ ગયેલા અને આગ ઓકતા હાથીઓનું વિશાળ ઝુંડ હતું.

'પાછળ જતા રહો.' સતીએ મોટેથી બૂમ પાડી.

તેણીની ઘોડેસવાર સેના યુદ્ધથી અલગ થઈને નદીની તરફ ભાગી. તેણીનું નસીબ સારું હતું કે મેલુહાની ઘોડેસવાર સેનાએ તેઓનો પીછો કર્યો ન હતો. અત્યંત ઝડપથી પોતાની તરફ આવતા ભયભીત હાથીઓને જોઈને ગભરાઈને તેઓ પાછા ફરી ગયા અને પોતાની ચાર દીવાલોની સલામતીમાં ચાલ્યા ગયા.

સતીના ઘોડેસવારોએ ઉધામો મચાવતા અનેક હાથીઓને કચડી નાખ્યા હતા અથવા સળગાવી દીધા હતા. કેટલાક ઘોડેસવાર નદી સુધી પહોંચી ગયા હતા અને એક પળના વિલંબ વગર પાણીમાં ઊતરી ગયા હતા. પોતાના સવારોને લઈને ઘોડાઓ હતાશ થઈને સલામતી મેળવવા નૌકાઓ તરફ તરવા લાગ્યા હતા, પરંતુ ઘણા બધા પોતાના કવચોના ભારના લીધે સરસ્વતીમાં ડૂબી ગયા હતા. સતી, વીરભદ્ર અને નંદી એ થોડા ભાગ્યશાળી લોકોમાં હતા જેઓ નૌકાઓ સુધી પહોંચી ગયાં હતાં.

જોકે મોટાભાગના પાયદળ સૈનિકોને બચાવી લેવામાં આવ્યા હતા, પરંતુ હાથી અને ઘોડાઓની સેનાઓ નાશ પામી હતી. જ્યારે હાથીઓ દ્વારા કરવામાં આવેલો ભીષણ વિનાશ સમજાયો ત્યારે મ્રિત્તિકાવાટીના યુદ્ધમાં તેઓએ કરેલા નાશકારી હુમલાની યાદ જલદી ભુલાઈ ગઈ.

જેવો જીવતો રહેલો છેલ્લો સૈનિક નૌકા પર આવ્યો કે નૌકાઓનું સંચાલન કરી રહેલ ચેનારધ્વજે જલદીથી હુકમ કર્યો કે તેઓ પાછળ જઈ રહ્યા છે. પાયદળની સલામતી વગર

તેઓની સ્થિર નૌસેના ભાવિ આક્રમણો માટે ખુલ્લા આમંત્રણ સમાન હતી.



પ્રકરણ-૩૧

અવરોધ

'પૂર્ણ સર્વનાશ' વિધુન્માલીએ બડાઈ મારી, 'હવે આપણે તે મૂખર્તઓની પાછળ પડીને તેઓની મૂર્ખ બચી ગયેલી સેનાને ખતમ કરી દેવી જોઈએ. તેઓને સમજાઈ જવું જોઈએ કે આપણી પવિત્ર માતૃભૂમિ ઉપર કોઈ આક્રમણ કરી શકે નહીં.'

દક્ષ, ભૃગુ, પર્વતેશ્વર અને કનખલાની સાથે વિધુન્માલી પણ સમ્રાટના અંગત કક્ષમાં સામેલ હતો. જોકે દળપતિ સામાન્ય રીતે રણનીતિ નક્કી કરતી સભાઓમાં ભાગ લેતા ન હતા, પરંતુ દક્ષે આગ્રહ કર્યો હતો કે હાથીઓ અંગે જાણકારી મેળવી આપવામાં તેણે ભજવેલી મહત્વપુર્ણ ભૂમિકાને ધ્યાનમાં રાખીને તેને પણ હાજર રહેવાનું કહેવામાં આવે.

પર્વતેશ્વરે વિધુન્માલીને ચૂપ રહેવા માટે હાથ ઊંચો કર્યો. 'આપણે અતિઉત્સાહી ન થઈ જવું જોઈએ, વિધુન્માલી. યાદ રહે, દબાણમાં પણ સતીની હોશિયારી અસાધારણ હતી. તેણે પોતાની મોટાભાગની સેનાને બચાવી લીધી હતી. તો પછી એવું નથી કે જો આપણે તેઓની પાછળ પડીશું તો આપણને વધુ સૈનિકો હોવાનો લાભ મળશે.'

પોતાની આંખો જમીન પર ખોડીને વિધુન્માલી ચૂપચાપ ઊકળતો રહ્યો. શત્રુ સેનાપતિનાં વખાણ ? માનનીય પર્વતેશ્વરને થયું છે શું ? તેણી ક્યારેક મેલુહાની રાજકુમારી હશે પરંતુ અત્યારે તો તેણી આપણી માતૃભૂમિની જબ્બર શત્રુ છે.

'અને આપણે એ ભૂલવું ન જોઈએ,' કનખલાએ કહ્યું, 'કે નીલકંઠ એક મોટી સેના લઈને જળરસ્તે ઉત્તર તરફથી આવી રહ્યા છે. એ સમયે આપણી સેના માટે સૌથી સલામત સ્થાન કિલ્લાની આ દીવાલોની અંદર છે.'

નીલકંઠ ? સામ્રાજ્યના પોતાના વરિષ્ઠ લોકો સાથે દલીલો કરવાની અનિચ્છા ધરાવનાર વિધુન્માલી મનોમન સળગી રહ્યો. તે નીલકંઠ નથી. તે આપણા શત્રુ છે અને આપણી સેનાઓએ યુદ્ધ કરવું જોઈએ, નહીં કે ઊંચી દીવાલો પાછળ પોતાને સુરક્ષિત રાખવા.

'કનખલા સાચું કહે છે.' દક્ષે કહ્યું, 'આપણે આપણી સેના અહીં રાખવી જોઈએ અને જેવી એ કપટી નીલકંઠની નૌકાઓ બંદર પર લાંગરે, આપણે તેના ઉપર આક્રમણ કરી દેવું જોઈએ. તે બાયલો મારી દીકરીને લડાઈ કરવા એકલી છોડી ગયો, જ્યારે પોતે યમુના ઉપર મોજમસ્તી કરી રહ્યો છે. તેને તેની કાયરતાનું ફળ ભોગવવું પડશે.'

વિધુન્માલીએ જે સાંભળ્યું, એના પર તેને વિશ્વાસ બેસતો ન હતો. શું અહીં કોઈ મેલુહાનાં

હિતોને બીજા બધા કરતાં ઉપર રાખે છે ?

'આપણે રાજકુમારી સતી અને તેણીના પતિની તેની તરફની ફરજોના બદલે મેલુહાની ચિંતા કરવી જોઈએ.' ભૃગુએ કહ્યું, 'માનનીય પર્વતેશ્વર સાચું કહે છે. આપણે એક મોટો વિજય મેળવ્યો છે. પરંતુ આપણાં હવે પછીનાં પગલાં આપણે સાવધાની સાથે માપી-તોલીને ઉઠાવવાં પડશે. આપનું શું સૂચન છે, સેનાપતિ ?'

'મુનિવર, આપણે તેઓની હાથી અને ઘોડેસવાર સેનાનો નાશ કરી દીધો છે.' પર્વતેશ્વરે કહ્યું, 'સતીની સેના પાછળ હટી ગઈ છે. એટલે મને નથી લાગતું કે નીલકંઠ અહીં રોકાઈને આપણી ઉપર આક્રમણ કરશે.'

'નક્કી નહીં કરે.' દક્ષ બોલી પડ્યા, 'તેઓ ડરપોક છે.'

'રાજન,' ભૃગુએ પોતાનો અપ્રસન્નતાનો ભાવ મુશ્કેલીથી છુપાવીને કહ્યું. પછી તેઓ પર્વતેશ્વર તરફ ફર્યા, 'તેઓ અહીં કેમ નહીં રોકાય, સેનાપતિ ?'

'મારા જાસૂસોએ ગણેશની સેના અંગેની આપણી પૂર્વધારણાઓ અંગે પૃષ્ટિ મોકલી છે.' પર્વતેશ્વરે કહ્યું, 'તેઓ પાસે દોઢ લાખ સૈનિક છે. તે એક અત્યંત વિશાળ સેના છે પરંતુ જો આપણે આપણા કિલ્લાની દીવાલોની અંદર રહીએ, તો એ જોઈને કે તેઓને સાથ આપવા સતીની સેના રહી નથી, તો તેઓ આપણી સેનાને હરાવવા માટે પૂરતા નથી. અને આપણી રક્ષાત્મક સ્થિતિઓથી આપણે તેઓની સેનાને ધીરે ધીરે થકવી નાખી શકીએ છીએ. એટલે નીલકંઠ અહીં લાંબો સમય ઘેરાવ નહીં નાખે. તેઓને કશું જ મળે તેમ નથી અને એટલે તેઓ નાહક પોતાના સૈનિકોને ગુમાવી દેશે.'

'તો આપ શું વિચારો છો કે તેઓ શું કરશે ?'

'તેઓ દેવગિરિ થઈને આગળ નીકળી જશે અને સતીની સેના સાથે મળી જશે, કદાચ મ્રિત્તિકાવાટીમાં અથવા લોથલમાં.'

'તો પછી આપણે તેઓની નૌકાઓ ઉપર હુમલો કરી દેવો જોઈએ.' દક્ષ વચ્ચે બોલ્યા.

'આ મુશ્કેલી હશે, મહારાજ.' પર્વતેશ્વરે કહ્યું, 'તેઓની નૌકાઓ નદીના પ્રવાહની સાથે જઈ રહી છે. આપણે સડક પરથી જવાનું હશે, કારણ કે સરસ્વતીમાં અત્યારે આપણા કાબૂમાં કોઈ યુદ્ધજહાજ નથી. તેઓને ગતિનો લાભ મળશે. આપણે તેઓને પકડી પાડી શકીશું નહીં.'

'તો આપણે તેઓ ઉપર ક્યાં હુમલો કરવો જોઈએ ?' ભૃગુએ પૂછ્યું.

'જો આપણે તેઓ પર હુમલો કરવો જ હોય તો હું તે મ્રિત્તિકાવાટીમાં જ કરવાનું પસંદ કરત.'

'શા માટે ?'

'લોથલ સારો વિચાર નથી. લોથલની સુરક્ષા વ્યવસ્થા કેમ કરવી તે મેં તૈયાર કરી હતી અને ખોટી વિનમ્રતા છોડીને હું કહીશ કે તે સુરક્ષાઓ મજબૂત છે. લોથલને જીતવા માટે આપણને દસ ઉપર એક સૈનિકનો લાભ હોવો જોઈએ. તે આપણી પાસે નથી. આપણે સતી-ગણેશની અઢી લાખથી વધુ સંયુક્ત સેના વિરુદ્ધ આપણા માત્ર એંસી હજાર સૈનિક ઊભા રહેશે. લોથલ પર આક્રમણ કરવું આપણા માટે વિનાશકારી રહેશે. આપણે ઘણા બધા સૈનિકોને ગુમાવી દઈશું. બીજી તરફ મ્રિત્તિકાવાટીની સુરક્ષા-વ્યવસ્થાને આ પ્રકારનો સંખ્યાનો લાભ ન જોઈએ. સાથે સાથે મ્રિત્તિકાવાટીમાં આપણા પોતાના વીસ હજાર સૈનિક પણ છે. હું સંમત છું કે તેઓ કેદી હોઈ શકે છે, પરંતુ જો તેઓને ખબર પડે કે તેઓના મેલુહાબંધુઓએ નગરને ઘેરી લીધું છે તો તેઓ અંદર જ પ્રભુ માટે ભારે પરેશાની ઊભી કરી શકે છે. આટલું કહ્યા પછી, આ કારણથી હું આશા રાખું છું કે પ્રભુ મ્રિત્તિકાવાટી નહીં, લોથલ જશે.'

ભૃગુને મનોમન લાગી રહ્યું હતું કે પર્વતેશ્વર એક તદ્દન જુદી રણનીતિ પસંદ કરશે. 'મને

એવું લાગી રહ્યું છે કે આપ કોઈ આક્રમણ ન કરવાનું પસંદ કરશો.'

'કોઈ આક્રમણ ન કરવું ?' આશ્ચર્ય સાથે દક્ષે પૂછ્યું, 'શા માટે ? આપણી સેના વિજયનો સ્વાદ ચાખી ચૂકી છે. પર્વતેશ્વર આપને...'

'રાજન,' ભૃગુએ વચ્ચેથી વાત કાપતાં કહ્યું, 'આપણે શું કરવું જોઈએ એ બતાવવાનું કામ આપણે કદાચ માનનીય પર્વતેશ્વર જેવા કોઈ વિશેષજ્ઞ ઉપર છોડી દેવું જોઈએ. આગળ કહો, સેનાપતિ.'

'હમણાં આક્રમણ ટાળવા પાછળનું મારું કારણ એ છે કે પ્રભુ નીલકંઠ એવી આશા રાખશે કે આપણે આક્રમણ કરીએ.' પર્વતેશ્વરે કહ્યું, 'પૂરી સંખ્યામાં સૈનિકો ન હોય તો કોઈ પણ સારી રીતે રક્ષાયેલા કિલ્લા ઉપર આક્રમણ કરી શકે નહીં. આપણી પાસે તે નથી. એટલે તેઓ ઉપર આક્રમણ કરીને આપણે કંઈ પણ મેળવી શકીશું નહીં, એની જગ્યાએ ઘણા વધારે સૈનિકોને ગુમાવી દઈશું. એટલે મારું કહેવું છે કે આપણે દેવગિરિની સુરક્ષિત દીવાલોની અંદર જ રહીએ. જો આપણે છ મહિના રાહ જોઈશું તો અયોધ્યાની સેના પણ અહીં પહોંચી જશે. તેઓના ત્રણ લાખ સૈનિકો ઉમેરાતાં આપણને પ્રભુની સેના કરતાં સંખ્યામાં મોટો લાભ મળશે.'

'એટલે આપ એવી સલાહ આપી રહ્યા છો કે આપણે કાયરોની જેમ બેસી રહીએ ?' દક્ષે કહ્યું.

'જ્યારે સ્થિતિ આપણી તરફેણમાં ન હોય ત્યારે આક્રમણથી બચવું એ કાયરતા ન ગણાય.' ભૃગુએ પર્વતેશ્વર તરફ ફરતા પહેલાં કહ્યું, 'આપ કહો, પર્વતેશ્વર.'

'જ્યારે અયોધ્યાની સેના આવી જશે તો આપણે કરચપ તરફ કૂચ કરી દઈશું.' પર્વતેશ્વરે કહ્યું, 'આપણી નૌસેનાની સિંધુ ટુકડી ઉપર હજી પણ આપણો કબજો છે. અયોધ્યાના સૈનિકો સાથે મળીને આપણી પાસે ચાર લાખ સૈનિકોનું શક્તિશાળી દળ હશે. એની સાથે અત્યંત ઉચ્ચ કક્ષાનું તે નૌસૈનિક દળ પણ જોડાઈ જશે જે આપણી પાસે સિંધુ નદીમાં છે અને એટલે આપણે લોથલ પર બહુ જ જોરદાર આક્રમણ કરી શકીશું.'

'આપ જે કહી રહ્યા છો, તે તર્કપૂર્ણ લાગે છે.' ભૃગુએ કહ્યું, પછી તેઓ દક્ષની તરફ ફર્યા, 'મારી સલાહ છે કે આપણે માનનીય પર્વતેશ્વરની રણનીતિ પર ચાલીએ, રાજન.'

દક્ષે તરત સહમતીમાં માથું હલાવી દીધું.

પરંતુ વિધુન્માલીએ ધારી લીધું હતું કે આ નિર્ણયમાં સમ્રાટનું દિલ નહોતું. તે વિચારી રહ્યો હતો કે શું આ તેના માટે સમ્રાટને વધુ આક્રમક રણનીતિ અપનાવવા માટે સમજાવવાની તક છે ?



સરસ્વતી પર આગળ વધતાં, ગણેશની સ્તબ્ધ થઈ ગયેલી સેના દેવગિરિના દક્ષિણમાં પહાડી યુદ્ધક્ષેત્રની વિનાશલીલા જોઈને જડ થઈ ગઈ હતી. હાથીઓ અને ઘોડાઓની ફૂલી ગયેલી લાશો પહાડ પર વિખરાયેલી પડી હતી. તેના પર માખીઓ બણાબણી રહી હતી. કાગડાઓ અને ગીધ પશુઓનાં ટોળાં આ મડદાંઓ માટે ખરાબ રીતે લડી રહ્યાં હતાં, જોકે ત્યાં તે સૌ માટે પૂરતી લાશો પડેલી હતી. જાણે મિજબાની હોય તેમ પક્ષીઓના અવાજો દૃશ્યને વધારે ભયાવહ બનાવી જતા હતા.

પરંતુ સૈનિકોને રસ પડે તેવી વાત એ હતી કે યુદ્ધક્ષેત્રમાં માનવીઓનાં શબ નહોતાં.

પોતાની સન્માનજનક પરંપરાઓ પ્રમાણે મેલુહાના લોકોએ કદાચ પોતાના બધા શત્રુયોદ્ધાઓના અંતિમસંસ્કાર કરી દીધા હતા. સાથે તેઓએ એ પણ ધ્યાન રાખ્યું હતું કે સરસ્વતી ઉપર કોઈ કચરો ન રહી જાય. એનો અર્થ એ હતો કે સતીની નૌકાઓ વિનાશમાંથી બચી ગઈ હતી અને કદાચ તેણીની મોટાભાગની સેના સુરક્ષિત હતી.

શિવ સૌથી આગળની નૌકામાં ખુલ્લા ભાગ ઉપર ઊભા રહીને પોતાના પુત્રો અને કાલી સાથે યુદ્ધક્ષેત્રનું નિરીક્ષણ કરી રહ્યા હતા. તેઓ જાણતા હતા કે હવે તેઓ દેવગિરિમાં રોકાઈને યુદ્ધમાં જોડાઈ નહીં શકે. હવે તેઓ પાસે સંખ્યાત્મક બળ ન હતું. તેઓએ દક્ષિણમાં જઈને ખબર મેળવવી પડશે કે સતીની કેટલી સેના બચી છે. તેઓના જાસૂસ જણાવી ગયા હતા કે વિનાશ જેટલો દેખાય છે, ખરેખર એટલો ભયાનક નહીં થયો હોય. સતીની સેનાના મોટાભાગના પાયદળ સૈનિકો બચી ગયા હતા અને તેણીની નૌકાઓ સુરક્ષિત રૂપે દક્ષિણ તરફ આગળ વધી રહી હતી. શિવ જાણતા હતા કે સતીની મોટાભાગની સેના સુરક્ષિત હોવાને લીધે યુદ્ધમાં તેઓ માટે સંભાવનાઓ હજી બચી હતી, પરંતુ તેઓએ પોતાની રણનીતિ ફરીથી બનાવવી રહેશે.

પરંતુ આ બધી પછીની વાત હતી. આ પળે તેઓનું મન ફક્ત એક વિચાર ઉપર કેન્દ્રિત હતું : તેઓની સતી તો બરાબર છે ને ? શું તેને ઈજા પહોંચી હશે ? શું તે જીવતી તો હશેને ?

'નીલકંઠ,' ગોપાલે ઝડપથી શિવની તરફ આવતાં કહ્યું. તેને હમણાં જ એક વાસુદેવ પંડિતના દૂત તરફથી સમાચાર મળ્યા હતા, જે સરસ્વતીના પૂર્વકિનારે છુપાઈને શિવની નૌકાઓના આવવાની રાહ જોઈ રહ્યો હતો. 'દેવી સતીને જ્યારે પાછી આવતી નૌકામાંથી એક ઉપર ચડાવવામાં આવ્યાં ત્યાં સુધી તો તે જીવતાં હતાં.'

'ત્યાં સુધી જીવતી હતી ? એનો શું અર્થ છે તમારો ?'

'તેઓ ખરાબ રીતે ઈજાગ્રસ્ત થયાં હતાં, શિવ. વિનાશ ફેલાવતા હાથીઓ અને મેલુહાની ઘોડેસવાર સેના વિરુદ્ધ તેઓએ જાતે ઘોડેસવાર સેનાનું નેતૃત્વ કર્યું હતું. નંદી અને વીરભદ્ર તેઓને સુરક્ષિત લઈ ગયા હતા. જે સમયે તેણી નૌકા પર પહોંચી હતી ત્યારે બેભાન હતી. કમનસીબે, જે વ્યક્તિ સાથે મેં વાત કરી, તેની પાસે વધુ માહિતી નહોતી.'

શિવે તરત જ નિર્ણય લીધો. તેઓ જાણતા હતા કે તેઓની નૌસૈનિક દળની નૌકા એટલી જ ઝડપે ગતિ કરી શકે છે જેટલી ઝડપે કોઈ ધીમી નૌકા કરે. તેઓ એટલો સમય રાહ જોઈ શકે તેમ નહોતા.

'ગણેશ, હું સૌથી ઝડપી નૌકા લઈને દક્ષિણ તરફ આગળ વધી રહ્યો છું. મારે તમારી માની નૌકાને શોધવી પડશે. કાલી, કાર્તિક અને તમે દળની સાથે રહેશો. બધાં જ યુદ્ધોથી બચીને અને જેટલું જલદી સંભવ હોય, નૌકાઓને ચલાવીને મને મ્રિત્તિકાવટીમાં મળજો.'

પોતાની માના માટે ચિંતાતુર ગણેશ અને કાર્તિક મૂંગા ઊભા હતા.

'તે જીવિત છે.' શિવે પોતાના પુત્રોના ખભાઓને પકડ્યા, 'હું જાણું છું કે તે જીવિત છે. તે મારા વિના મરી જઈ ન શકે.'



શિવની નૌકા ઝડપથી ચાલી અને તેણે સતીની પાછળ ચાલી જતા દળને પકડી લીધું. તેઓ પોતાની પત્નીની નૌકા ઉપર ચડ્યા અને જાણ્યુ કે સતી હવે સંકટની બહાર છે, પરંતુ હજી પણ પથારીમાંથી ઊઠી શકતી નથી, પરંતુ આ શાંતિ આપે તેવા સમાચાર સાથે જ એક

વાસુદેવ પંડિતે દુ:ખદ સમાચાર આપ્યા. દેવગિરિમાં સતીની સેનાના વિનાશના સમાચારે મ્રિત્તિકાવટીમાં કેદી મેલુહાના સૈનિકોમાં સાહસ આવી ગયું છે કે તેઓ તેમને કેદમાં રાખતા નાગરિકોને પડકારે. તેઓ પોતાનાં કેદખાનાં તોડીને બહાર આવી ગયા છે અને તેઓએ નગર ઉપર પોતાનો કાબૂ જમાવી દીધો છે. આ આખી ઘટનામાં નીલકંઠ પ્રત્યે નિષ્ઠાવાન ત્રણ હજાર નાગરિકો માર્યા ગયા. શિવ પાસે હાલ મ્રિત્તિકાવટીથી બચવા સિવાય કોઈ વિકલ્પ નહોતો, કારણ કે તે હવે તેઓની સેના માટે સુરક્ષિત રહ્યું ન હતું. તેઓએ સરસ્વતીની એક બીજી સહાયક નદીમાં થઈને લોથલ જવાનો નિર્ણય લીધો. એક વાસુદેવ પંડિત મારફત ગણેશની સેના સુધી પણ સંદેશો મોકલાવી દેવામાં આવ્યો.

પરંતુ અત્યારે તો શિવ સરસ્વતી ઉપર ચાલતી સતીની નૌકા પર જ રહ્યા. નૌકાધ્યક્ષની સાથે નૌસૈનિક હલચલ જોયા પછી શિવ સતીના કક્ષમાં ગયા.

આયુર્વતી સતીની પથારી પાસે બેસીને તેના દાઝી ગયેલા ચહેરા ઉપર શાંતિદાયક જડીબુટ્ટીઓ ચોપડી રહી હતી. જલદીથી અને સ્વચ્છતાથી તેણે લીમડાના પાનની પટ્ટી બાંધી દીધી. 'આનાથી આપના ઘાને કોઈ ચેપ નહીં લાગે.'

સતીએ નમ્રતા સાથે ડોકું ધુણાવ્યું, 'ધન્યવાદ, આયુર્વતીજી.'

'એ સાથે,' આયુર્વતીએ એ વિચારીને આગળ કહ્યું કે સતી કદાચ એ કદરૂપા ચિહ્નને લઈને ચિંતા કરશે જે લગભગ તેના પા ચહેરાને ઢાંકી દેતો હતો, 'ઘાની ચિંતા ન કરતાં. જ્યારે પણ આપ કહેશો ત્યારે હું આપના ચહેરા પર સૌંદર્યચિકિત્સા કરી દઈશ.'

સતીએ હકારમાં ડોકું ધુણાવ્યું.

આયુર્વતીએ શિવને જોયા અને પછી ફરી સતીને જોઈ, 'ધ્યાન રાખજો, દીકરી.'

'એક વાર ફરી ધન્યવાદ, આયુર્વતીજી.' સતીએ કહ્યું. પોતાના ચહેરા પરના ઘાને લીધે તે હસી શકતી નહોતી.

આયુર્વતી ઝડપથી કક્ષની બહાર જતી રહી. શિવ ઘૂંટણભેર બેસી ગયા અને તેઓએ સતીનો હાથ પકડી લીધો.

'મને દુ:ખ છે, શિવ. મેં આપને નિરાશ કર્યા.'

'કૃપા કરીને વારંવાર એમ ન કહે.' શિવે કહ્યું, 'મને જણાવવામાં આવ્યું છે કે સળગતા મરચા ઉપર હાથીઓએ કેવા પ્રકારની પ્રતિક્રિયા કરી હતી. એ ચમત્કાર જ છે કે તું આપણા આટલા બધા સૈનિકોને બચાવવામાં સફળ રહી હતી, જે બધાને તે બચાવી લીધા હતા.'

'આપ એટલા માટે ઉદારતા બતાવી રહ્યા છો કારણ કે હું આપની પત્ની છું. આપણી સંપૂર્ણ હાથીસેના અને મોટાભાગની ઘોડેસવાર સેના નષ્ટ થઈ ગઈ. આ ભયંકર વિનાશકારી વાત છે.'

'તું તારા તરફ આટલી કઠોર શા માટે થઈ રહી છો ? દેવગિરિમાં જે થયું તેમાં તારો દોષ ન હતો. આપણી હાથીસેનાને તો આપણે એ જ પળે ગુમાવી દીધી હતી જ્યારે મેલુહાના લોકોને ખબર પડી ગઈ હતી કે સળગતા મરચાનો ધુમાડો હાથીઓને વ્યાકુળ કરી દે છે.'

'પરંતુ મારે પહેલેથી જ પાછળ ખસી જવા જેવું હતું.'

'તેં જેવો હાથીઓ ઉપર તેનો પ્રભાવ જોયો કે તું પાછળ હટી ગઈ હતી. તારી પાસે આપણી ઘોડેસવાર સેનાને લઈને યુદ્ધમાં જવા સિવાય કોઈ વિકલ્પ હતો જ નહીં. નહીં તો આપણા સૈનિકો માર્યા જાત. આમ જોવા જઈએ તો આપણી સંપૂર્ણ સેના સુરક્ષિત છે. તે એ બરાબર નક્કી કરીને ઉત્તમ કાર્ય કર્યું હતું કે આપણને બહુ વધુ નુકસાન વેઠવું ન પડયું.'

સતી દુ:ખ સાથે બીજી તરફ જોવા લાગી. તે હજી પણ પોતાને ખરાબ રીતે દોષી અનુભવી રહી હતી.

શિવે હળવેથી તેના માથાનો સ્પર્શ કર્યો, 'વહાલી, મારી વાત સાંભળો...'
'મને થોડી વાર માટે એકલી છોડી દો, શિવ.'
'સતી...'
'શિવ, કૃપા કરો -- કૃપા કરીને મને એકલી છોડી દો.'
શિવે કોમળતાથી સતીને ચુંબન કર્યું. 'આ તારો દોષ નહોતો. જીવનમાં સામાન્ય રીતે આવી કરુણાંતિકાઓ થયા કરી કરતી હોય છે, જેના માટે ખરેખર આપણે જવાબદાર હોઈએ છીએ. જરૂર તેવી ઘટના માટે અપરાધભાવ અનુભવવો, પરંતુ આ વાતમાં કોઈ તર્ક નથી કે તું એ ઘટનાઓ માટે તારા હૃદયમાં અપરાધભાવનો બોજો લઈ ફરે, જેમાં તારો કોઈ દોષ નથી.'
સતી દુ:ખભરી નજરે શિવ તરફ ફરી, 'અને આપ શિવ ? શું આપ ખરેખર વિચારો છો કે કૈલાશ ઉપર એક છ વર્ષનો બાળક એ સ્ત્રીને બચાવવા કંઈ પણ કરી શકે તેમ હતો ?'
હવે મૌન રહેવાનો વારો શિવનો હતો.
'સાચો ઉત્તર તો છે નહીં.' સતીએ કહ્યું, 'છતાંય આપ એ અપરાધીને વેઠયા કરો છો, ખરેખરને ? શા માટે ? કારણ કે આપ આપના બળથી વધારેની આશા રાખતા હતા.'
શિવની આંખો બાળપણની એ યાદની પીડાથી ભરાઈ ગઈ. તેઓના જીવનનો એક પણ દિવસ એવો નહોતો ગયો જ્યારે તેઓએ એ સ્ત્રી પાસે મૌન ક્ષમા માગી ન હોય જેને તેઓ બચાવી શક્યા નહોતા. એ સ્ત્રી જેને બચાવવાનો તેઓએ પ્રયત્ન સુધ્ધાં કર્યો ન હતો.
મૌન આલિંગનમાં તેઓ એકબીજાની પીડાનો અનુભવ કરતાં રહ્યાં.



શિવ અને સતીની નૌકાઓનો કાફલો સરસ્વતીની એ શાખાના અંતિમ બિંદુ સુધી પહોંચી ગયો હતો જ્યાંથી નદી સૌથી વધુ છીછરી થઈ જતી હતી જેથી નૌકાઓને આગળ ધપાવવી મુશ્કેલ બની જતું હતું. અહીંથી સરસ્વતી સમુદ્ર સુધી પહોંચી શકતી નહોતી અને વચ્ચે જ સુકાઈ જતી હતી.
શિવે એ શાખાને છોડી દીધી હતી જે મ્રિત્તિકાવટી જતી હતી. તેઓ સરસ્વતીના દક્ષિણ ભાગમાં હતા. અહીંથી તેઓની સેનાને લોથલના સરહદ પરના કિલ્લા સુધી પગે ચાલીને જવાનું હતું. ખાલી નૌકાઓને પાછળ મૂકી જવી મુશ્કેલી સમાન હતું. થોડા જ સમયમાં મેલુહાના લોકોને તેની ખબર મળી જતી. શિવ, ખરેખર પચીસ સારી સૈન્યનૌકાઓ મેલુહાવાસીઓને પરત કરી દેત., જેનાથી તેઓ ઝડપથી પોતાની સેનાને સરસ્વતીમાં ઉપર-નીચે લઈ જઈ શકતા હતા. હવે નિર્ણય સ્પષ્ટ હતો. નૌકાઓનો નાશ કરી દેવો.
જેવી તેઓની પૂરી સેના કિનારે ઊતરી અને લોથલ તરફ કૂચ કરી જનાર કાફલો તૈયાર થયો, શિવે નૌકાઓને સળગાવી દેવાનો હુકમ કર્યો. નસીબજોગે વરસાદ અટકેલો હતો, જે આ વર્ષે થોડો વહેલો આવ્યો હતો. એટલે અગ્નિએ ઝડપથી નૌકાનો નાશ કરી નાખ્યો.
શિવ ઊભા રહીને ઊંચી ઊંચી જવાળાઓને જોઈ રહ્યા. તેઓને સંભળાયું નહીં કે ગોપાલ અને ચેનારધ્વજ ક્યારના તેઓની પાસે આવી ગયા હતા.
'અગ્નિદેવ વસ્તુઓનો ઝડપથી નાશ કરી દે છે.' ગોપાલે કહ્યું.
શિવે ગોપાલને જોયો અને પછી સળગતી નૌકાઓને જોવા માંડ્યા. 'આપણી પાસે બીજો કોઈ વિકલ્પ નથી, પંડિતજી.'
'એ તો નથી જ.'

'આપના વિચાર પ્રમાણે આપણે શું કરવું જોઈએ, પંડિતજી ?' શિવે પૂછ્યું. 'અહીં વર્ષાઋતુ છે.' ગોપાલે કહ્યું, 'નજીકના ભવિષ્યમાં દેવગિરિ ઉપર આક્રમણ કરવું મુશ્કેલ હશે અને જો આપણે આક્રમણ કરી પણ દઈએ તો આપણી ઘોડેસવાર સેનાની મદદ વગર એ અસંભવ જ છે કે આપણે દેવગિરિ જેવા સારી રીતે બંધાયેલા કિલ્લાને જીતી શકીએ.'

'પરંતુ તેઓ માટે લોથલમાં આપણા ઉપર આક્રમણ કરવું મુશ્કેલ હશે.' શિવે કહ્યું, 'ખરેખર તો સુરક્ષાની દૃષ્ટિથી દેવગિરિ કરતાં લોથલ વધારે સારી રીતે બંધાયેલું છે.'

'સાચી વાત.' ગોપાલે કહ્યું, 'તો આ અવરોધ છે. જોકે મેલુહાવાસીઓ માટે આ બહુ જ ઉત્તમ છે કારણ કે તેઓએ તો બસ અયોધ્યાની સેનાને મેલુહા પહોંચવા સુધી રાહ જોવી પડશે. તેઓ છ મહિના જેવા થોડા સમયમાં અહીં પહોંચી શકે છે.'

મૂંગા થઈ ગયેલ શિવ સળગતી નૌકાઓને જોતા રહ્યા અને આ દુ:ખદ ઘટનાક્રમ ઉપર વિચાર કરતા રહ્યા.

ચેનારધ્વજે કહ્યું : 'મારું એક સૂચન છે, પ્રભુ.'

શિવ ભમ્મર ચઢાવીને ચેનારધ્વજ તરફ ફર્યા.

'આપણે નાગાઓ અને મારી સેના મળીને એક ઘાતક દળ બનાવીએ.' ચેનારધ્વજે કહ્યું, 'તેના આક્રમણખોરો છુપાઈને ચોરીથી સોમરસ બનાવતાં સ્થાનો પર આક્રમણ કરશે. આ આત્મઘાતી અભિયાન હશે પણ આપણે તેને સમાપ્ત જરૂર કરી દઈશું.'

'નહીં.' શિવે કહ્યું.

'શા માટે પ્રભુ ?'

'કારણ કે પર્વતેશ્વર જરૂર તે માટે તૈયાર હશે. તે જડભરત નથી. આ આત્મઘાતી અભિયાન તો હશે પણ સફળ નહીં થાય.'

'એક રસ્તો બીજો પણ છે.' ગોપાલ ધીમેથી બોલ્યો.

'વાયુપુત્ર ?'

'હા.'

શિવ ફરીથી સળગતી નૌકાઓને જોવા લાગ્યા, તેઓના મોં પરના ભાવ કળી શકાય તેવા નહોતા. હવે વાયુપુત્ર જ એકમાત્ર સહારો લાગતો હતો.'



પ્રકરણ-૩૨

છેવટનો ઉપાય

શિવે એક પાતળું, હળવું વસ્ત્ર માથા ઉપર ખેંચીને બાંધી રાખ્યું હતું, જેના લીધે તેઓની ફક્ત ખુલ્લી આંખો દેખાતી હતી. અંગવસ્ત્ર તેઓના બળવાન શરીર પર લપેટાયેલું હતું જે ઝરમર વરસાદ સામે રક્ષણ આપતું હતું. સતી ધીરે ધીરે ચાલતી બંધ બળદગાડીમાં આરામથી આડી પડી હતી. તેણીમાં એટલી શક્તિ તો આવી ગઈ હતી કે પગે ચાલી શકે, પરંતુ લોથલ તરફ કૂચ કરી જતી વખતે સાવધાની રાખવાનું આયુર્વતીએ ખાસ કહ્યું હતું. શિવે બળદગાડીનો પડદો દૂર કરીને પોતાની સૂઈ ગયેલી પત્નીને જોઈ. તેઓ હસ્યા અને ફરીથી પડદો પાડી દીધો.

તેઓએ એડી લગાવી ઘોડાની ગતિ વધારી દીધી.

'પંડિતજી.' ગોપાલ પાસે પહોંચીને પોતાના ઘોડાની ગતિ ધીમી કરતાં શિવે કહ્યું, 'વાયુપુત્રો વિશે...'

'જી ?'

'તેઓ પાસે એવાં ભયાનક શસ્ત્રો કયા છે જેના વિષે કાલીએ કહ્યું હતું ?'

'બ્રહ્માસ્ત્ર ?' ગોપાલે સામે પૂછ્યું.

'હા. તે દૈવી શસ્ત્રોથી જુદાં કેવી રીતે છે ?' શિવે પૂછ્યું. કારણ કે તેઓ સમજી શક્યા નહોતા કે બીજાં દિવ્ય શસ્ત્રોથી તુલનાએ બ્રહ્માસ્ત્ર આટલું વધારે ભયાનક કઈ રીતે હોય.

'મોટાભાગનાં દૈવીશસ્ત્ર ફક્ત મનુષ્યોના પ્રાણ હરી લે છે, પરંતુ બ્રહ્માસ્ત્ર જેવા શસ્ત્ર ભલે આખા રાજ્યને નહીં પણ પૂરા નગરનો નાશ કરી શકે છે.'

'પવિત્ર તળાવના સોગન ! એક શસ્ત્ર એવું કેવી રીતે કરી શકે ?'

'બ્રહ્માસ્ત્ર સંપૂર્ણ વિનાશનું શસ્ત્ર છે, મિત્ર ! નગરોનો નાશ કરનાર અને મનુષ્યોનો સંહાર કરનાર. જ્યારે તેને કોઈ એક સ્થળ પર ફેંકવામાં આવે છે ત્યારે એક વિશાળ વાદળ છવાઈ જાય છે, એટલું ઊંચું કે જાણે આકાશને અડી ગયું હોય તેમ લાગે છે. જે સ્થળે તેને ફેંકવામાં આવે છે તે સ્થળની દરેક વ્યક્તિ અને વસ્તુ પળવારમાં વરાળ બની જાય છે. આ વિનાશલીલાની બહાર જે અભાગિયા હોય છે તેઓ બચી જાય છે પરંતુ તેઓ પેઢી દર પેઢી દુઃખ ભોગવે છે. દસકાઓ સુધી એ ભૂમિનું પાણી ઝેરી બની જાય છે. જમીન ન વપરાય તેવી બની જાય છે, ત્યાં કશું જ ઊગી શકતું નથી. આ શસ્ત્ર એવું છે કે તે એક વાર મારતું નથી પણ વારંવાર મારે છે -- તેના ફેંકાયા પછી સદીઓ સુધી.'

'અને લોકો ખરેખર આ પ્રકારના શસ્ત્રનો ઉપયોગ કરવાનો વિચાર કરતા હોય છે ?' સ્તબ્ધ થઈ ગયેલ શિવે પૂછ્યું, 'પંડિતજી, આ પ્રકારનાં ભયંકર શસ્ત્રોનો ઉપયોગ માનવતાના નિયમો વિરુદ્ધ છે.'

'એકદમ બરાબર, મહાનીલકંઠ. આ પ્રકારના શસ્ત્રનો ખરેખર ક્યારેય ઉપયોગ ન કરવો જોઈએ. શત્રુ પાસે આવું શસ્ત્ર છે, તેની ખબર માત્ર લોકોના દિલમાં ભય ઉત્પન્ન કરી શકે છે. પરિસ્થિતિ ગમે તે હોય, તેઓ સમર્પણ કરી જ દેશે. બ્રહ્માસ્ત્ર સામે કોઈ જીતી નથી શકતું.'

'આપને લાગે છે કે વાયુપુત્ર મને આ શસ્ત્ર આપશે ? અથવા હું જરા વધારે પડતું માનતો થઈ ગયો છું ? છેવટે હું તેઓમાંનો એક તો છું નહીં. તેઓ વિચારતા હશે કે હું કોઈ કપટી છું. બરાબર ને ?'

'તેઓ આપણને મદદ કરે તે માટેનાં હું બે કારણો વિચારી શકું છું. પહેલું કારણ, તેઓએ આપની હત્યા કરવાનો પ્રયત્ન કર્યો નથી, જોકે જો તેઓમાંથી મોટી સંખ્યાના લોકોને એ વિશ્વાસ હોત કે આપ કપટી છો તો તેઓ આપની હત્યા કરાવી દેત. કદાચ તેઓની અંદર એક મજબૂત દળ છે જે હજી પણ આપના કાકા શ્રદ્ધેય મનોભૂને માનની નજરે જુએ છે.'

'અને બીજું કારણ ?'

'માનનીય ભૃગુએ પંચવટીના પોતાના આક્રમણ વખતે દેવીશસ્ત્રોનો ઉપયોગ કર્યો હતો. તે બ્રહ્માસ્ત્ર ન હતાં, પરંતુ છતાંય તે દેવીશસ્ત્ર હતાં. ભલે તેને માનનીય ભૃગુની પોતાની સામગ્રીથી બનાવવામાં આવ્યાં હોય, પરંતુ તેઓએ ખરેખર તો તેનો ઉપયોગ કરીને ભગવાન રુદ્રના નિયમનો ભંગ કર્યો હતો. મને શંકા છે કે તેણે વાયુપુત્રોને તેમના વિરોધી બનાવી દીધા હશે અને શત્રુનો શત્રુ...'

'મિત્ર હોય છે.' શિવે ગોપાલના વાક્યને પૂરું કરતાં કહ્યું, 'પરંતુ મને હજી નથી લાગતું કે આ કારણ પૂરતું છે.'

'આપણી પાસે બીજો કોઈ વિકલ્પ નથી, મિત્ર.'

'કદાચ -- જવાનું આવે તો આપણે વાયુપુત્રોના દેશમાં કેવી રીતે જઈશું ?'

'પરિહા આપણી પશ્ચિમની તરફ ખૂબ દૂર છે. આપણે જમીન રસ્તે વિશાળ પર્વતોમાં થઈને પગપાળા ત્યાં જઈ શકીએ છીએ, પરંતુ તે જોખમકારક છે અને ઘણો સમય લેશે. બીજો વિકલ્પ સમુદ્રમાર્ગે જવાનો છે, પરંતુ તે માટે આપણે ઉત્તર-પૂર્વના પવનની રાહ જોવી પડે.'

'ઉત્તરપૂર્વ ? પરંતુ તે તો વર્ષાઋતુ સમાપ્ત થયા પછી જ શરૂ થાય છે. આપણે એક અથવા બે મહિના રાહ જોવી પડશે.'

'હા, તે તો જોવી જ પડશે.'

'મારો એક વિચાર છે. મને ખાત્રી છે કે મેલુહાના લોકોએ એ જાણીને કે આપણે લોથલ પાછા આવી ગયા છીએ, એટલે નગરમાં અને તેની આજુબાજુ પોતાના જાસૂસ અને ખાસ માણસો ગોઠવી દીધા હશે. એટલે જો આપણે પરિહા માટે પરંપરાગત રસ્તો પકડીશું તો તેઓ જાણી લેશે કે હું પશ્ચિમ તરફ ગયો છું. માનનીય ભૃગુ ધારી લેશે કે હું વાયુપુત્રોની મદદ લેવા ગયો છું, જે તેઓને મારી પાછળ હત્યારાઓ મોકલવા પ્રેરિત કરશે. શા માટે આપણે સૈન્યનૌકાઓના નાના કાફલા સાથે દક્ષિણ તરફ ન જઈએ ?'

ગોપાલ આખી વાત તરત સમજી ગયો, 'આપણે તેઓને એવું વિચારતા કરી દઈશું કે આપણે નર્મદા તરફ, કદાચ ઉજ્જૈન અથવા પંચવટી તરફ જઈ રહ્યા છીએ.'

'એકદમ બરાબર.' શિવે કહ્યું, 'આપણે કોઈ છૂપા સ્થાનેથી સૈનિકનૌકાઓમાં ઉત્તર તરફ જઈશું અને પછી કોઈ અજાણ્યા જ વ્યાપારી જહાજ મારફત પરિહા તરફ નીકળી પડીશું.'

'ખૂબ સરસ. મેલુહાના સૈનિકો આપને નર્મદા પર ખોળયા કરશે જ્યારે આપણે પરિહા જઈ

રહ્યા હોઈશું ?'

'સાચી વાત.'

'અને જો આપણે કોઈ સંપૂર્ણ કાફલાની જગ્યાએ ફક્ત એક વ્યાપારી જહાજનો ઉપયોગ કરીશું તો આપણે આપણી યાત્રાને ગુપ્ત અને ઝડપી રાખી શકીશું.'

'ફરી સાચી વાત.'



લોથલના કિલ્લાની દક્ષિણ બાજુએ સતી એક નજર રાખવાના સ્થળની બારી પાસે ઊભી હતી અને દૂર ફેલાયેલા સમુદ્રના વિશાળ વિસ્તારને જોઈ રહી હતી. વર્ષાઋતુ જોરથી બેસી ગઈ હતી અને મુશળધાર વરસાદ નગરને પાણી પાણી કરી રહ્યો હતો.

શિવ અને તેઓની સેના, નગરની દીવાલોની અંદર સારી રીતે સલામત હતી. પોતાની સેના સાથે ગણેશ એક કે બે અઠવાડિયાંમાં લોથલ પહોંચવાની આશા હતી.

એક મોટા અવાજ સાથે આયુર્વતી પોતાની નેતરની લાકડી અને કાપડની છત્રીને દરવાજે મૂકીને ઝડપથી ત્યાં આવી, 'ભગવાન ઇન્દ્ર અને ભગવાન વરુણની કૃપા અપરંપાર હો. આ વર્ષનો પૂરો વરસાદ તેઓએ કદાચ એક જ દિવસમાં આપી દેવાનું નક્કી કર્યું લાગે છે.'

નિસ્તેજ નજરે સતી આયુર્વતી તરફ ફરી.

આયુર્વતીએ તેનાં ભીના કપડાં નિચોવ્યાં અને સતીની પાસે બેસી ગઈ. 'વરસાદ મને ગમે છે. તે આપણાં દુ:ખોને વહાવી દે છે અને એક નવી આશા સાથે એક નવું જીવન લાવી દે છે. ખરી વાતને ?'

સતીએ નમ્રતાથી ડોકું ધુણાવ્યું પરંતુ તેને કોઈ રસ હતો નહીં, 'હા, આપ બરાબર કહો છો, આયુર્વતીજી.'

આયુર્વતી એમ હાર માની જાય તેવી નહોતી. સતીની માનસિક સ્થિતિ હળવી બનાવવા તે મક્કમ હતી એટલે પાછી વાત કરવા લાગી, 'મારી પાસે હમણાં કાંઈ બહુ કામ નથી. કોઈ વધારે લોકો ઘાયલ થયા નથી અને વર્ષાઋતુમાં થતા રોગ આ વર્ષે ખૂબ જ ઓછા છે, જેની મને નવાઈ લાગે છે.'

'આ તો સારા સમાચાર કહેવાય, આયુર્વતીજી.' સતીએ કહ્યું.

'હા, તે તો છે જ. તો હું વિચારી રહી હતી કે આપની સૌંદર્ય ચિકિત્સા કરવા માટે આ સારો સમય છે.'

સતીના ડાબા ગાલે એક બેડોળ ડાઘ હતો, જે તેણીને દેવગિરિની લડાઈ વખતે થયેલી ઈજાને લીધે જે વાગ્યું હતું તેનો હતો.

'મને કાંઈ થયું નથી.' સતીએ વિનમ્રતાથી કહ્યું.

'ખરેખર, કશું નથી થયું. હું તો ફક્ત એ ઘાને લીધે આપના ચહેરા ઉપર જે નિશાન પડી ગયું છે તેની વાત કરું છું. સૌંદર્ય ચિકિત્સાથી તે સાવ સહેલાઈથી દૂર કરી શકાય તેમ છે.'

'ના, મારે સૌંદર્ય ચિકિત્સા નથી કરાવવી.'

આયુર્વતીએ ધારી લીધું કે સતીને સારું થતાં તો લાંબો સમય લાગશે અને હવે પછીના યુદ્ધમાં ભાગ લેવાની તેની ક્ષમતા પર જે અસર પડે તેની સતીને ચિંતા થઈ રહી હશે. 'પરંતુ આ સાવ સાધારણ ઉપાય છે, સતી. આપ બે અઠવાડિયાંમાં તો બરાબર થઈ જશો. આ વર્ષે સારો વરસાદ પડી રહ્યો છે. એનો અર્થ એ કે કેટલાક મહિનાઓ સુધી યુદ્ધ નહીં થાય. આપ કોઈ

યુદ્ધ ચૂકી નહીં જાવ.'

'હવે પછીના યુદ્ધથી મને કોઈ દૂર નહીં રાખી શકે.'

'તો પછી આપ આ સર્જરી શા માટે કરાવવા માગતાં નથી, પુત્રી ? મને વિશ્વાસ છે કે એનાથી પ્રભુ નીલકંઠ પણ પ્રસન્ન થશે.'

સતીના ગંભીર ચહેરા પર એક હળવું સ્મિત આવ્યું, 'શિવ તો મને કહેતા રહેતા હોય છે કે ઘા હોય કે ન હોય, હું તો સદાના જેવી સુંદર જ છું. હું જાણું છું કે હું ભયંકર દેખાઉં છું. તેઓ મને પ્રેમ કરે છે માટે જૂઠું બોલી રહ્યા છે, પરંતુ હું તેઓની વાત માનવાનું પસંદ કરું છું.'

'આપ આવું કેમ કરી રહ્યાં છો ?' દુખી સ્વરે આયુર્વતીએ પૂછ્યું, 'તેમાં આપને સહેજ પણ પીડા નહીં થાય. એવું નથી ને કે આપ પીડાથી ડરી રહ્યાં છો...'

'ના, આયુર્વતીજી.'

'પણ શા માટે ? આપે મને કોઈ કારણ બતાવવું પડશે.'

'કારણ કે મને આ ઘાની જરૂર છે.' સતીએ ગંભીરતાથી કહ્યું.

આયુર્વતી એક પળ માટે અટકી ગઈ પછી બોલી : 'શા માટે ?'

'આ મને સતત મારી અસફળતાનું સ્મરણ કરાવે છે. હું ત્યાં સુધી શાંતિથી બેસીશ નહીં જ્યાં સુધી હું બધું બરાબર ન કરી દઉં અને એ ભૂમિ ફરીથી હાંસલ ન કરી લઉં જેને મેં મારી સેના માટે ગુમાવી દીધી છે.'

'સતી, તેમાં આપનો કોઈ વાંક નહોતો કે...'

'આયુર્વતીજી.' સતીએ મેલુહાની ભૂતપૂર્વ મુખ્ય સૌંદર્ય ચિકિત્સાની વાત વચ્ચેથી કાપતાં કહ્યું, 'આપ તો ઓછામાં ઓછું મને સફેદ જૂઠ ન કહો. હું સેનાપતિ હતી અને મારી સેનાનો પરાજય થયો હતો, એ મારો દોષ, મારો વાંક હતો.'

'સતી...'

'આ ચિહ્‌ન મારી સાથે જ રહેશે. દરેક વખતે જ્યારે હું અરીસામાં મારું પ્રતિબિંબ જોઈશ ત્યારે તે મને યાદ અપાવશે કે મારે હજી એક કામ કરવાનું બાકી છે. મને મારી સેના માટે કોઈ લડાઈ જીતવા દે અને પછી આપણે આ સૌંદર્ય ચિકિત્સા કરી શકીશું.'



'મોટાભાઈ,' કાર્તિકે કોમળતાથી પોતાના ગુસ્સે ભરાયેલા ભાઈના બાવડે હાથ મૂકીને કહ્યું.

ગણેશની સેના હમણાં જ લોથલ પહોંચી હતી. વાસુદેવ પંડિતની સલાહ પ્રમાણે તેઓએ પણ મ્રિત્તિકાવટીને એક બાજુ રાખી દીધી હતી. શિવની જેમ જ ગણેશે પણ એ જોયું હતું કે લોથલ માટે દક્ષિણ તરફ કૂચ કરતાં પહેલાં સરસ્વતી ઉપરના તેઓનાં બધાં જ જહાજોનો નાશ કરી નાખવો.

લોથલ દરવાજે પ્રાંતપાળ ચેનારધ્વજે તેઓનું સ્વાગત કર્યું હતું. ગણેશ અને કાર્તિક બહુ જલદીથી પોતાનાં માતા-પિતાને મળવા માગતા નહોતા, પરંતુ ચેનારધ્વજે જણાવ્યું કે પહેલાં શિવ તેઓને મળવા માગતા હતા. દેવગિરિની લડાઈમાં તેઓની માની હાર બાદ તેઓની પહેલી મુલાકાત માટે શિવ તેઓને તૈયાર કરવા માગતા હતા.

આ દરમિયાન નીલકંઠના સહસાથીઓ -- અયોધ્યાના રાજકુમાર ભગીરથ, બ્રંગાના રાજા ચંદ્રકેતુ અને વૈશાલીના રાજા માતલિ -- ને ખાસ અધિકારીઓ મારફત લોથલના પ્રાંતપાળના નિવાસસ્થાનમાં તેઓના કક્ષમાં મોકલી દેવામાં આવ્યા હતા. પોતાના દેશમાં ચમકદમકથી

ટેવાયેલા ચંદ્રવંશી રાજાઓ મેલુહાનાં નિવાસસ્થાનોની સાદી-સરળ સગવડ જોઈને ચોંકી ગયા હતા. તેઓ માટે આ વાત સમજવી મુશ્કેલ હતી કે દુનિયાના સૌથી સમૃદ્ધ સામ્રાજ્યના સૌથી સમૃદ્ધ પ્રાંતોમાંથી એકના પ્રાંતપાળ આટલી સાદાઈથી રહેતા હતા, પરંતુ તેઓએ જ્યારે જાણ્યું કે આ શિવની ઇચ્છા છે એટલે તેઓએ ખૂબ જ વિવેકપૂર્વક પોતાનાં નિવાસસ્થાનોનો સ્વીકાર કર્યો હતો.

સેનાને અતિથિગૃહો અને નગરની અંદર બનાવવામાં આવેલા કામચલાઉ આવાસોમાં ઉતારો આપવામાં આવ્યો હતો. આ મેલુહાની સુદૃઢ નગરયોજના હતી કે આટલી મોટી સંખ્યામાં મહેમાનોને પૂરતી સગવડ ધરાવતા આવાસોમાં ઝડપથી વસવાટ આપવામાં આવતો હતો. બધા મળીને, આશરે દોઢ લાખ સૈનિકોની વિશાળ સેનાએ લોથલમાં પોતાના આવાસ બનાવી દીધા હતા.

શિવ તરફથી જાણકારી મેળવ્યા બાદ ગણેશ અને કાર્તિક તેઓની માતાને મળવા દોડ્યા. તેઓને સતીના ઘા વિષે જણાવી દેવામાં આવ્યું હતું. શિવ નહોતા ઇચ્છતા કે બંને ભાઈ ક્યાંક અજાણતાં જ સતીને ઠેસ ન પહોંચાડી દે. જોકે કાર્તિક, શિવના કહેવા પ્રમાણે પોતાના ક્રોધ અને આઘાતને કાબૂમાં રાખવા સફળ થઈ ગયો હતો, પરંતુ પોતાની મા તરફ ગણેશના ખૂબ સનેહના લીધે તેઓ કાર્તિક જેટલા તૈયાર નહોતા.

પોતાની માના કદરૂપા મોંને જોઈને ગણેશે પોતાની મુઠ્ઠીઓ જોરથી વાળી દીધી. તેણે પોતાના દાંત પીસ્યા, તેના શ્વાસ ઝડપી થઈ ગયા અને સામાન્ય રીતે શાંત રહેવાવાળી તેઓની આંખો સળગવા માંડી. ક્રોધથી કાંપતું તેઓનું લાંબુ નાક તંગ થઈ ગયું. તેઓના મોટા મોટા કાન સડક થઈ ગયા.

ગણેશે ગર્જના કરી, 'હું મારી નાખીશ એક એકને.'

'ગણેશ,' શાંતિથી ગણેશની વાત કાપતાં સતીએ કહ્યું, 'મેલુહાના સૈનિકો તો ફક્ત તેઓની ફરજ બજાવી રહ્યા હતા, જેમ હું બજાવી રહી હતી. તેઓએ કશું જ ખોટું નથી કર્યું.'

ગણેશનું મૌન તેઓના ક્રોધને છુપાવવા અસફળ રહ્યું હતું.

'ગણેશ, યુદ્ધમાં આવું તો બન્યા કરતું હોય છે. તું પણ આ જાણે છે.'

'મોટાભાઈ, મા સાચું કહે છે.' કાર્તિકે કહ્યું.

સતી નજીક આવી અને તેણે પોતાના મોટા પુત્રને બાંહોમાં લઈ લીધો. તેણીએ ગણેશના ચહેરાને નીચે ખેંચ્યો અને સ્નેહથી હસતાં હસતાં તેના માથાને ચૂમી લીધું. 'શાંત થઈ જા, ગણેશ.'

કાર્તિકે પોતાની માતાને અને ભાઈને પોતાના હાથોમાં જકડી લીધાં. 'મોટાભાઈ, યુદ્ધના ઘા તો એક યોદ્ધા માટે ગર્વ-ચિહ્ન હોય છે.'

ગણેશે પોતાની માતાને જોરથી પકડી લીધી. આંસુઓ તેના ચહેરા પરથી વહી રહ્યાં હતાં. 'આપ ફરીથી યુદ્ધક્ષેત્રમાં નહીં જાવ, મા. ત્યાં સુધી નહીં જ્યાં સુધી હું આપની સાથે ઊભો હોઉં.'

સતીના ચહેરા પર એક આછું સ્મિત આવ્યું અને તેણીએ ગણેશની પીઠ થાબડી.



શિવે લોથલના પ્રાંતપાળના આવાસમાં પોતાના કક્ષમાં પ્રવેશ કર્યો. સતીએ કેટલીક વસ્તુઓ દૂર કરીને એક અભ્યાસવર્તુળ બનાવી દીધું હતું અને તેણી તલવારના પાઠોનો

અભ્યાસ કરી રહી હતી. શિવ એક દીવાલને અડીને ઊભા રહી ગયા અને ચૂપચાપ પોતાની પત્નીને જોતા રહ્યા, જેથી તેણીનું ધ્યાનભંગ ન થાય. તેઓ સતીની તલવારબાજીની પ્રશંસા કરતા ઊભા હતા, કારણ કે સતી તલવારબાજીના બધા દાવ કુનેહપૂર્વક રમી રહી હતી. પોતે શા માટે સતીને આટલો પ્રેમ કરે છે એ યાદ આવતાં શિવે ઊંડો શ્વાસ લીધો.

સતી પોતાની ઢાલને ઊંચે ઉઠાવીને ફરી, તો તેની નજર શિવ ઉપર પડી.

'આપ ક્યારથી જોઈ રહ્યા છો ?' તેણીએ નવાઈ પામીને પૂછ્યું.

'એટલી વારથી કે એ જાણી ગયો છું કે તને દ્વંદ્વયુદ્ધ માટે ક્યારે ન પડકારું.'

સતી હળવેથી હસી, કંઈ બોલી નહીં. તેણીએ જલદી તલવારને મ્યાનમાં મૂકી દીધી અને ઢાલને નીચે મૂકી દીધી. શિવ આગળ આવ્યા અને મ્યાનને શરીર પરથી ઉતારવામાં મદદ કરી.

'ધન્યવાદ.' સતીએ કહ્યું. અને પછી પોતાની સ્થાન શિવ પાસેથી લઈ લીધી અને પોતાના નાનકડા શસ્ત્રાગારમાં પોતાની ઢાલ, મ્યાનમાં રાખેલી તલવાર ત્યાં લટકાવી દીધી.

'આપણે પરિહા સાથે નહીં જઈ શકીએ.' શિવે કહ્યું.

'જાણું છું.' સતીએ કહ્યું, 'ગોપાલજીએ મને જણાવ્યું હતું કે પરિહાવાસી ફક્ત વાયુપુત્રો અને વાસુદેવોને જ પોતાના ક્ષેત્રમાં પ્રવેશ કરવા દે છે. હું તો બેમાંથી એક પણ નથી.'

'આમ જોવા જઈએ તો હું પણ નથી.'

સતીએ પોતાનું અંગવસ્ત્ર માથા ઉપર ખેંચ્યું જેથી પોતાનો ડાબો ગાલ ઢંકાઈ જાય. ચહેરાના ડાઘને ઢાંકતા વસ્ત્રના છેડાને તેણે પોતાના દાંતો વચ્ચે દબાવી દીધો, 'પરંતુ આપ તો નીલકંઠ છો. આપના માટે નિયમો તોડી શકાય.'

શિવ આગળ આવ્યા અને એક હાથથી સતીને નજીક ખેંચી. બીજા હાથથી તેણીના ચહેરાને ઢાંકતું અંગવસ્ત્ર પકડયું અને તેને ખેંચવાનો પ્રયત્ન કર્યો. જોકે સતી જાણતી હતી કે શિવના વર્તનમાં એનાથી કોઈ ફેર પડવાનો નહોતો, છતાંય તેણી પોતાના ડાઘને છુપાવવા માગતી હતી. બીજા લોકો જુએ તેની એને કોઈ પરવા નહોતી, પરંતુ શિવ ન જુએ.

'શિવ...' પોતાના અંગવસ્ત્રને જોરથી પકડતાં સતીએ કહ્યું.

શિવે જોરથી અંગવસ્ત્ર ખેંચ્યું અને તેને તેણીના દાંતોમાંથી મુક્ત કરી દીધું. વ્યગ્ર સતીએ તેને ફરી ખેંચવાનો પ્રયત્ન કર્યો પરંતુ તેને જોરથી પડી રાખેલા શિવે મચક ન આપી.

'કાશ, તું મારી આંખોથી જોતી.' શિવે ધીરેથી કહ્યું, 'તો તું તારા શાશ્વત સૌંદર્યને જોઈ શકતી.'

સતીએ આંખોને ફેરવી અને પછી મોઢું ફેરવી લીધું. તેણી હજી પણ શિવની પકડમાંથી છટકવાનો પ્રયત્ન કરી રહી હતી. 'હું કદરૂપી થઈ ગઈ છું. હું આ જાણું છું. આપના પ્રેમથી મારું અપમાન ન કરો તો સારું.'

'પ્રેમ ?' શિવે બનાવટી આશ્ચર્ય સાથે પોતાનાં ભવાં હલાવતાં કહ્યું, 'પ્રેમ વિષે તો કોણ કંઈ કહે છે ? આ તો વાસના છે. શુદ્ધ અને સરળ.'

ફાટી આંખે સતી શિવને જોઈ રહી. પછી તે હસી પડી.

હસતાં હસતાં શિવે તેણીને ફરીથી નજીક ખેંચી લીધી. 'આ હસવાની વાત નથી, મારી રાજકુમારી. હું તારો પતિ છું. મારા પણ અધિકારો છે, તું જાણે છે.'

શિવની છાતીમાં ચંચળતાથી પ્રહાર કરતાં સતી હસતી રહી.

શિવે કોમળતાથી તેણીને ચુંબન કર્યું. 'હું તને પ્રેમ કરું છું.'

'તમે ગાંડા થઈ ગયા છો.'

'એ તો હું છું જ. છતાંય તને પ્રેમ કરું છું.'



પ્રકરણ-૩૩

ષડયંત્ર ઘેરું બને છે

'અતિ ઉત્તમ વિચાર છે, મહારાજ.' વિધુન્માલીએ કહ્યું.

દક્ષ પોતાના અંગત કાર્યાલયમાં પોતાના નવા વિશ્વાસપાત્ર વિધુન્માલી સાથે બેઠા હતા. પર્વતેશ્વરની સતર્ક નીતિના કારણે મેલુહાના દળપતિની વધતી જતી હતાશાએ એક નવું ગઠબંધન બનાવી દીધું હતું. વિધુન્માલી મુજબ સેનાપતિ પર્વતેશ્વરની 'થોભો -- રાહ જુઓ -- પછી જુઓ'ની રણનીતિ શિવની સેનાને દેવગિરિના પરાજયમાંથી બહાર આવી જવાનો સમય આપી રહી હતી. આથી વિધુન્માલીએ સમ્રાટ સાથે જેટલો બને તેટલો વધુ સમય ગાળવાનું શરૂ કરી દીધું હતું. દક્ષે તેને એક હજાર સૈનિકોની એ ટુકડીનો સેનાનાયક બનાવી દીધો હતો જે સમ્રાટ અને તેના પરિવાર અને મહેલનું રક્ષણ કરતી હતી. એનાથી તેને એક સરળ લાભ મળી ગયો હતો : આ ટુકડી સમ્રાટ દ્વારા આદેશ આપવામાં આવેલાં અંગત અભિયાનોને પૂરાં કરી શકતી હતી.

પોતાના સંબંધોમાં વધતી જતી સહજતાનો અનુભવ કરીને દક્ષે છેવટે વિધુન્માલી સાથે યુદ્ધ સમાપ્ત કરવાના પોતાના વિચારોને વહેંચ્યા. દક્ષને અત્યંત ખુશી થઈ, કારણ કે વિધુન્માલીની પ્રતિક્રિયા, ભૃગુની પ્રતિક્રિયાથી બહુ જ જુદી હતી.

'એ તો વાત છે.' પ્રસન્ન દક્ષે કહ્યું, 'સમજ નથી પડતી કે બીજા લોકો આ કેમ સમજી શકતા નથી.'

'મહારાજ, આપ સમ્રાટ છો.' વિધુન્માલીએ કહ્યું, 'એનાથી ફેર નથી પડતો કે બીજા લોકો સહમત છે કે નહીં. જો આપે આગળ વધવાનો નિર્ણય લઈ લીધો છે તો મેલુહાની પણ આ જ ઇચ્છા છે.'

'તમને સાચે જ લાગે છે કે આપણે આગળ વધવું જોઈએ ?...'

'મને શું લાગે છે તેનાથી કોઈ ફેર પડતો નથી, મહારાજ. આપને શું લાગે છે?'

'મને તો લાગે છે કે આ અતિ ઉત્તમ છે !'

'તો મેલુહાને પણ એવું જ લાગે છે, સ્વામી.'

'મને લાગે છે કે આપણે તેનો અમલ કરવો જોઈએ.'

'મારા માટે આપનો શું હુકમ છે, સ્વામી ?'

'મેં ઝીણવટપૂર્વક કામ કર્યું નથી, સેનાનાયક.' દક્ષે કહ્યું, 'તમારે એના ઉપર વિચાર કરવો

પડશે. મારું કામ તો મોટા ચિત્રને જોવાનું છે.'

'જરૂર,' વિધુન્માલીએ કહ્યું, 'ક્ષમા કરજો, મહારાજ, પરંતુ મને લાગે છે કે જ્યાં સુધી મહર્ષિ અને સેનાપતિ દેવગિરિ છોડીને જાય નહીં, આપણે આપણી યોજનાને સાકાર નહીં કરી શકીએ. જો તેઓને આપણા વિચારોની સહેજ પણ ગંધ આવી તો તેઓ આપણને રોકવાનો પ્રયત્ન કરી શકે છે.'

'તેઓ કરચપ જવાની યોજના બનાવી રહ્યા હતા, અથવા ઓછામાં ઓછી પર્વતેશ્વરની નવીનમાં નવીન યોજના આ હતી. હું પહેલાં તો આ વિચારની તરફેણમાં ન હતો. પરંતુ હવે હું તેને પ્રોત્સાહન આપીશ અને તેઓની રવાનગીમાં ઝડપ કરાવીશ.'

'ઉત્સાહ આપે તેવી ચાલ છે, મહારાજ, પરંતુ આપણે યોગ્ય હત્યારાઓને મેળવવા ઉપર ધ્યાન આપવું પડશે.'

'હું સંમત છું, પરંતુ આપણે તેઓને ક્યાંથી મેળવીશું ?'

'તેઓ વિદેશી હોવા જોઈએ, મહારાજ. આપણે નથી ઇચ્છતા કે તેઓ ઓળખાઈ જાય. વળી તેઓએ છૂપો વેશ અને મુખવટા પહેરેલા હોવા જોઈએ. આપ ઇચ્છો છો કે તેઓ નાગાઓ જેવા દેખાય, બરાબર ?'

'હા, બરાબર..'

'હું કેટલાક લોકોને જાણું છું. તેઓ આ કામમાં ખૂબ પ્રવીણ છે.'

'તેઓ ક્યાંના છે ?'

'ઇજિપ્તના.'

'ભગવાન વરુણની કૃપા હજો. તે તો બહુ જ દૂર છે. તેઓને અહીં લાવવામાં તો બહુ જ સમય લાગશે.'

'હું તરત જ રવાના થઈ જઈશ. હા, જો આપની રજા હોય તો.'

'અરે, બિલકુલ છે, આ કામને પૂરું કરી દો, વિધુન્માલી, તો મેલુહા સદીઓ સુધી તમારા ગુણ ગાતું રહેશે.'



'માનનીય ગોપાલ અને હું એક અઠવાડિયાની અંદર ચાલી નીકળીશું.' શિવે કહ્યું.

શિવ અને ગોપાલ પ્રાંતપાળના કાર્યાલયમાં સતી, કાલી, ગણેશ, ભગીરથ, ચેનારધ્વજ, ચંદ્રકેતુ અને માતલિથી ઘેરાયેલા બેઠા હતા. વર્ષાઋતુ પૂરી થવાની તૈયારીમાં હતી, ક્યાંક ક્યાંક વરસાદનાં હળવાં ઝાપટાં પડી જતાં હતાં, જાણે વિદાય લઈ રહ્યાં હતાં. શિવ અને ગોપાલે યોજના પ્રમાણે યુદ્ધનૌકાઓના નાના કાફલા સાથે દક્ષિણની યાત્રા કરવાનો નિર્ણય કર્યો હતો. તેઓની યોજના હતી કે નર્મદાના ત્રિકોણાકાર પ્રદેશમાં ઉત્તરમાં કોઈ ગુપ્ત સ્થાન પર એક વ્યાપારી નૌકાને મળશે. ત્યાં સુધીમાં દક્ષિણ પશ્ચિમ પવનો ધીરા પડી ગયા હશે અને વર્ષા પણ સમાપ્ત થઈ ગઈ હશે. ત્યારે તેઓ વ્યાપારી નૌકાઓ ઉપર સવાર થશે અને પરિહાની દિશામાં પશ્ચિમ તરફ યાત્રા કરવા માટે ઉત્તરપૂર્વી પવનોનો ઉપયોગ કરશે. જો ભાગ્યે સાથ આપ્યો તો આ છેતરપિંડી કામયાબ રહેશે અને મેલુહાવાસીઓને શિવના પહોંચવાના ખરેખરના સ્થાન વિષે ખબર નહીં પડે.

'હું ઇચ્છું છું કે અમારા પહોંચવાના સ્થાનને ગુપ્ત રાખવામાં આવે.' શિવે આગળ કહ્યું 'જો આપણું આ અભિયાન સફળ થઈ ગયું તો વિજય નક્કી છે.'

'આપ શું કરવાની યોજના બનાવી રહ્યા છો, પ્રભુ ?' ભગીરથે પૂછ્યું.

'એ મારા પર છોડી દો, મિત્ર.' શિવે રહસ્યમય ભાવે કહ્યું, 'મારી ગેરહાજરીમાં, સતી અધિનાયક હશે.'

બધાએ તરત સંમતિદર્શક ડોક ધુણાવી, પરંતુ તેઓ સૌ એ વાતથી અજાણ હતા કે સતી આ નિર્ણય સામે બહુ જ લડી હતી. દેવગિરિ પછી, તેણીને લાગતું નહોતું કે તેણી અધિનાયક બનવાને લાયક છે, પરંતુ શિવનો આગ્રહ હતો. તેણી ઉપર તેઓને સૌથી વધારે વિશ્વાસ હતો.

'ભગવાન રામ અને ભગવાન રુદ્રને પ્રાર્થના કરજો કે આપણું આ અભિયાન સફળ થાય.' ગોપાલે કહ્યું.



શિવ માનસરોવરના તળાવને કિનારે ઊભા હતા અને સાંજના સૂર્યને ધીરે ધીરે અસ્ત થતો જોઈ રહ્યા હતા. સહેજ પણ હવા વાતી નહોતી અને બધું જ જાણે સ્થિર થઈ ગયું હતું. અચાનક એક ઠંડીના મોજાઓ તેઓને ઘેરી લીધા, તેઓએ નીચે જોયું, જોઈને તેઓને ભારે નવાઈ લાગી કે તેઓ ઘૂંટણભેર પાણીમાં ઊભા છે. તેઓ પાછળ ફરી ગયા અને તળાવમાંથી બહાર નીકળવા લાગ્યા. ભારે ધુમ્મસે માનસરોવરના કિનારાઓને ઢાંકી દીધા હતા. તેઓને તેમનું ગામ જરાય દેખાતું નહોતું. જ્યારે તેઓ તળાવની બહાર આવ્યા તો ધુમ્મસ રહસ્યમય રૂપે અલોપ થઈ ગયું.

'સતી ?' નવાઈ પામેલા શિવે પૂછ્યું.

સતી શાંતિથી લાકડાના ઊંચા ઢગલા ઉપર બેઠી હતી. તેણીની ધાતુનું કવચ તેણીના ધડ પર સુરક્ષિત હતું. બાવડા પરના બાજુબંધ સાંજના પ્રકાશમાં ચમકી રહ્યા હતા. તેણીની તલવાર તેણીની પાસે જ હતી અને ઢાલ પીઠ પર બાંધેલી હતી. તેણી યુદ્ધ માટે તૈયાર હતી, પરંતુ તેણીએ અંતિમ યાત્રાનાં સૂચક ભગવાં વસ્ત્રો કેમ પહેરી રાખ્યાં હતાં ?

'સતી !' શિવે તેણીની તરફ આગળ વધતા કહ્યું.

સતીએ આંખો ખોલી અને શાંતિથી સહેજ હસી. એવું લાગતું હતું કે જાણે તેણી બોલી રહી હતી, પરંતુ શિવને શબ્દો સંભળાઈ રહ્યા ન હતા. અવાજ તેઓના કાનમાં થોડી પળો પછી પહોંચ્યા : 'હું આપની પ્રતીક્ષા કરીશ...'

'શું ? તું ક્યાં જઈ રહી છો ?'

અચાનક, સળગતી મશાલ લઈને એક ધૂંધળી આકૃતિ દેખાઈ. એક પળના પણ વિલંબ વગર તેણે મશાલ એ લાકડાના ઢગલામાં ખોસી દીધી, જેના ઉપર સતી બેઠી હતી. ઢગલામાં તરત આગ લાગી ગઈ.

'સતી !' સ્તબ્ધ શિવે મોટી બૂમ પાડી અને તેની તરફ દોડયા.

સતી સળગતાં લાકડાંઓ ઉપર બેસી રહી. શાંતિથી તેણીનું પવિત્ર સ્મિત તેણીની આસપાસ જવાળાની લપેટો વચ્ચે એક વિચિત્ર વિરોધાભાસ ઉત્પન્ન કરી રહ્યું હતું.

'સતી !' શિવે મોટી બૂમ પાડી. 'કૂદી પડ.'

પરંતુ સતી જરાય હાલી કે ચાલી નહીં. શિવ બસ તેણીથી થોડા હાથ જ દૂર હતા કે સૈનિકોની એક પલટન તેઓની સામે કૂદી પડી. સૈનિકોને એક તરફ ધક્કો મારીને શિવે એક પળભરમાં પોતાની તલવાર ખેંચી લીધી, પરંતુ સૌનિકો નિષ્ઠુરતાથી તેઓ સાથે લડતા રહ્યા. સૌનિકો મોટા શરીરવાળા અને ન જોયા હોય તેવા આખા શરીરે વાળ ભરેલા હતા -- તેઓને

સ્વપ્નમાં આવતા દાનવો જેવા. શિવ થાક્યા વગર તેઓ સાથે લડયા પરંતુ તેઓને ઓળંગી ન શક્યા. આ દરમિયાન આગની જ્વાળાઓએ તેઓની પત્નીને લગભગ ઢાંકી દીધી હતી, એટલું બધું કે તેઓ તેણીને સ્પષ્ટ જોઈ શકતા નહોતા અને છતાંય ભાગવાનો પ્રયત્ન કર્યા વગર તેણી અગ્નિમાં બેસી રહી.

'સતી *!'*

શિવ પરસેવાથી રેબઝેબ થઈ ગયા. તેઓના હાથ હતાશાપૂર્વક ફેલાયેલા હતા. અંધારાથી તેઓની આંખોને ટેવાતાં એક પળ લાગી. તેઓ જાતે જ પોતાની ડાબી તરફ ફર્યા. સતી સૂઈ ગઈ હતી, તેનું દાઝેલું કપાળ રાતના અજવાળામાં સ્પષ્ટ દેખાઈ રહ્યું હતું.

શિવ તરત જ નીચા નમયા અને પોતાની પત્નીને બાહુમાં લઈ લીધી.

'શિવ...' ઊંઘમાં ને ઊંઘમાં સતીએ ધીમેથી કહ્યું.

શિવે સામે કંઈ ન કહ્યું. તેઓ જોરથી તેણીને પકડીને બેસી રહ્યા. આંસુઓ તેમના ચહેરાને ભીનો કરી રહ્યાં હતાં.

'શિવ !' સતીએ કહ્યું. હવે તે બરાબર જાગી ગઈ હતી. 'શું વાત છે, પ્રિય ?'

પરંતુ શિવ એક શબ્દ પણ બોલી શક્યા નહીં. લાગણીના લીધે તેમનું ગળું રૂંધાઈ ગયું હતું.

બરાબર જોઈ શકાય તે માટે સતીએ પોતાનો ચહેરો પાછળ લીધો. તેણીએ હાથ આગળ કરીને શિવના કપાળે મૂક્યો. કપાળ ભીનું હતું.

'શિવ ! પ્રિય ! શું થયું ? શું તમે કોઈ ખરાબ સપનું જોયું છે ?'

'સતી મને વચન આપ કે મારા પાછા ફર્યા સુધી તું યુદ્ધમાં જઈશ નહીં.'

'શિવ, આપે તો મને અધિનાયક બનાવી છે. જો સેનાને યુદ્ધમાં જવું પડે તો મારે તેનું નેતૃત્વ કરવું પડે. આપ આ વાત તો જાણો છો.'

શિવ મૌન રહ્યા.

'આપે શું જોયું હતું ?'

શિવે ફક્ત માથું હલાવ્યું.

'એ તો ફક્ત એક ખરાબ સપનું હતું, શિવ. તેનો કોઈ અર્થ નથી. આપે આપની યાત્રા ઉપર આપનું ધ્યાન કેન્દ્રિત કરવું જોઈશે. આપ કાલે જઈ રહ્યા છો. વાયુપુત્રો સાથેના આપના અભિયાનમાં આપે સફળ થવાનું જ છે. તે જ આ યુદ્ધને સમાપ્ત કરી દેશે. મારી ચિંતા કરીને આપનું ધ્યાન બીજે ભટકે નહીં તે જોજો.'

શિવ નિર્વિકાર રહ્યા. તેઓ એ સપનાને ભૂલી જવા તૈયાર ન હતા.

'શિવ, આપ આપના ખભા ઉપર ભવિષ્યને લઈને ફરી રહ્યા છો. હું એક વાર ફરીથી આ કહી રહી છું. મારા પ્રત્યેના પ્રેમને લીધે આપના મનને ભટકવા ન દેતા. તે માત્ર એક સપનું હતું. બસ.'

'હું તારા વગર નહીં જીવી શકું.'

'આપે મારા વગર નથી જીવવાનું. જ્યારે આપ પાછા આવશો, હું આપની રાહ જોઈ રહી હોઈશ. હું વચન આપું છું.'

શિવ થોડા પાછળ ગયા અને સતીની આંખોમાં જોયું. 'આગથી દૂર રહેજે.'

'શિવ, સાચું કહેજો... શું...'

'સતી, મને વચન આપ ! તું આગથી દૂર રહીશ.'

'હા, શિવ. હું વચન આપું છું.'



પ્રકરણ-૩૪

ઉંબરગાંવની મદદ વડે

શિવ જવા માટે તૈયાર થઈ ગયા હતા. તેઓના સામાનને નૌકામાં મોકલી આપવામાં આવ્યો હતો. તેઓએ પોતાના બધા જ સહાયકોને પોતાના કક્ષમાંથી બહાર જવાનો હુકમ કરી દીધો. તેઓ થોડી વાર માટે સતી સાથે એકાંતમાં રહેવા માગતા હતા.

'તો આવજો.' શિવ ધીમેથી બોલ્યા.

તેણી હસી પડી અને શિવને ભેટી પડી. 'મને કંઈ જ નહીં થાય, મારા પ્રાણપ્રિય ! આપ મારાથી આમ સહેલાઈથી છુટકારો પામી નહીં શકો.'

શિવ પણ ધીમેથી હસ્યા, કારણ કે સતીએ તેનું વાક્ય દોહરાવ્યું હતું. 'જાણું છું. આ તો બસ એક મુર્ખામી ભરેલા દુઃસ્વપ્નની વધારે પડતી પ્રતિક્રિયા માત્ર હતી.'

શિવે સતીના ચહેરાને ઊંચો કર્યો અને સ્નેહપૂર્વક ચુંબન કર્યું, 'હું તને પ્રેમ કરું છું.'

'હું પણ આપને પ્રેમ કરું છું.'



બે અઠવાડિયાં પછી શિવ અને ગોપાલ એક ગુપ્ત ટાપુના કિનારા ઉપર ઊભા હતા, જે નર્મદાથી ઉત્તરમાં થોડે દૂર હતો. ગઈ રાત્રે સૈન્યની નૌકાઓનો નાનો કાફલો ચોરી છુપાઈને આ ટાપુ પર ઘૂસી ગયો હતો. સાવ થોડા દળ સાથે શિવ અને ગોપાલ નાની નૌકામાંથી ઊતર્યા અને ચૂપચાપ કિનારે પહોંચી ગયા. બીજે દિવસે વહેલી સવારે એક વ્યાપારી જહાજ ટાપુ ઉપર પહોંચી ગયું જે તેઓને પરિહા લઈ જવાનું હતું.

'હં, ખૂબ જ સારું જહાજ છે.' શિવે વખાણ કર્યાં.

આ ખરેખર એક મોટું જહાજ હતું, દેખાઈ આવે કે મોટી વસ્તુઓ લઈ જવા માટે જ તેને બનાવવામાં આવ્યું હશે, પરંતુ તેની રચના એવી હતી કે કોઈ પણ નાવિક તરત જ કહી દે કે ઝડપથી જવા માટે જ તેને બનાવવામાં આવ્યું છે. વળી તેમાં એવી રચના કરવામાં આવી હતી કે જરૂર પડે માણસો હલેસાં મારીને પણ તેને આગળ લઈ જાય.

'આપણને ખરેખર તો નાવિકોની જરૂરત નહીં પડે.' ગોપાલે કહ્યું, 'આપણા જહાજને ઉત્તરપૂર્વની હવાઓ મળી જશે.'

'આ અદ્ભુત જહાજ ક્યાંથી આવ્યું છે ?' શિવે પૂછ્યું.

'એક નાનકડા ગામ, જેનું નામ છે. ઉંબરગાંવ, જ્યાં વહાણ બને છે.'

'એ નર્મદા નદીની દક્ષિણમાં છે.'

'એ તો કોઈ સામ્રાજ્ય, સ્વદ્રીપ અથવા મેલુહાનો ભાગ નથીને.'

'આપે યોગ્ય અનુમાન બાંધ્યું, મિત્ર. આ કારણથી તે આવા જહાજ બનાવવા માટે ઉત્તમ સ્થાન છે, જેની કોઈ ભાળ લગાવી શકતું નથી. સ્થાનિક શાસક જાદવ રાણા વ્યવહારકુશળ વ્યક્તિ છે. નાગાઓએ અનેક વાર તેઓને મદદ કરી છે. તેઓ તેમની મિત્રતાનું બહુ માન કરે છે અને સૌથી વધુ મહત્વની વાત એ છે કે ત્યાંની પ્રજા જહાજનિર્માણમાં વિશેષજ્ઞ છે. આ જહાજ એટલી જલદી આપણને પરિહા લઈ જશે જેટલું માનવીય રૂપે શક્ય છે.'

'અદ્ભુત. તેઓની અમૂલ્ય સહાય માટે આપણે તેઓના ઋણી રહીશું.'

'ના.' ગોપાલે હસતાં હસતાં કહ્યું, 'ઉંબરગાંવના ઋણી તો પરિહાએ રહેવું પડશે, કારણ કે ઉંબરગાંવે એ શક્ય બનાવ્યું છે કે નીલકંઠ રૂપી ભેટ પરિહા પહોંચે.'

'હું કોઈ ભેટ નથી.' શિવે સહેજ અસ્વસ્થતાથી કહ્યું.

'હા, છો, કારણ કે આપ વાયુપુત્રોને તેમનો ઉદ્દેશ પાર પાડવામાં મદદ કરશો. ભગવાન રુદ્ર તેઓએ કરેલી પ્રતિજ્ઞા -- બૂરાઈનો વિજય ન થવા દેતા -- ને પૂરી કરવામાં આપ તેઓને સહાય કરશો.'

શિવ સદાયની જેમ મૌન રહ્યા, શરમાઈને.

'અને મને વિશ્વાસ છે.' ભવિષ્યદ્રષ્ટા ગોપાલે આગળ કહ્યું, 'કે એક દિવસ, પરિહા પણ બદલામાં ઉંબરગાંવ માટે કોઈ ભેટ મોકલશે.'



'હવે કેવો અનુભવ થઈ રહ્યો છે, મિત્ર ?' શિવના કક્ષમાં પ્રવેશ કરતાં ગોપાલે પૂછ્યું.

બે જ વ્યક્તિઓને લઈ જઈ રહેલા જહાજને ખુલ્લા સમુદ્રમાં જતાં એક અઠવાડિયાથી વધુ થોડો સમય થઈ ગયો હતો. તેઓ કિનારાથી બહુ દૂર હતાં અને કોઈ મેલુહાના યુદ્ધજહાજથી ટકરાવાની સંભાવના નગણ્ય હતી, પરંતુ હમણાં થોડા દિવસથી તે બહુ ઉત્તેજિત સમુદ્ર પર વહી રહ્યા હતા. સમુદ્રથી જાણકાર નાવિકોને એનાથી કોઈ ચિંતા હતી નહીં. ન તો ગોપાલને હતી, જેઓ ઘણીવાર આ વિશાળ સમુદ્રની યાત્રા કરી ચૂક્યા હતા, પરંતુ શિવે ફક્ત એક વાર જ સમુદ્રયાત્રા કરી હતી, તે પણ નર્મદાથી લોથલ સુધીની અને તે વખતે જહાજ કિનારે કિનારે જ જતાં હતાં. એટલે એ નવાઈની વાત નહોતી કે શિવને આ સમુદ્રી તોફાનવાળી યાત્રાને લીધે સમુદ્રની બીમારી આપી દીધી હતી.

શિવે પોતાની પથારીમાંથી ઊઠીને જોયું અને નિસાસો નાખ્યો, તેઓની આંખો અડધી બંધ હતી. 'મને તો પેટ હોય તેવી લાગણી જ થતી નથી. જાણે તે બહાર નીકળી ગયું હોય તેમ લાગે છે. આ દુષ્ટ સમુદ્રને તો શું કહું ?'

ગોપાલે શાંતિથી કહ્યું, 'આપની દવાઓ લેવાનો સમય થઈ ગયો છે, નીલકંઠ.'

'શું ફાયદો છે, પંડિતજી ? પેટમાં કશું ટકતું નથી.'

'જે થોડી ઘણી દવા ટકી જશે, તે કામ પૂરું કરી દેશે. લઈ લો.'

ગોપાલે લાકડાની ચમચીમાં જડીબુટ્ટીનો આસવ રેડયો. સંભાળીને પકડીને વાસુદેવ પ્રમુખે તે શિવને આપ્યો, તેમણે જલદીથી ગળા નીચે ઉતારી દીધો અને ફરી પથારીમાં સૂઈ ગયા.

‘પવિત્ર સરોવર, મને મદદ કર.’ શિવ ગણગણ્યા, ‘આ દવાને ઓછામાં ઓછું થોડી વાર તો મારા પેટમાં રહેવા દેજો.’

પરંતુ આ પ્રાર્થના કદાચ માનસરોવરના તળાવ સુધી પહોંચી શકી નહોતી. શિવ પોતાની પાછળ નમ્યા અને જમીન પર પડેલા એક મોટા પાત્રમાં ઊલટી કરી નાખી. પથારી પાસે જ ઊભેલો એક નાવિક ઝડપથી આગળ આવ્યો અને એક ભીનો કકડો શિવના હાથમાં આપી દીધો, જેઓ પછી તેના વડે ધીમે ધીમે પોતાનો ચહેરો લૂછી રહ્યા હતા.

શિવે પોતાનું માથું હલાવ્યું અને ચીડ પૂર્વક પોતાના કક્ષની છતને જોઇ. ‘છી !’



ભૃગુ અને પર્વતેશ્વર પોતપોતાના ઘોડા પર સવાર થઈને એ વિશાળ સેનાના સૌથી આગળના ભાગે પહોંચ્યા જેણે દેવગિરિમાંથી કૂચ કરી હતી. તેઓ વ્યાસ નદી તરફ આગળ વધી રહ્યા હતા જ્યાંથી નૌકા તેઓને કરચપ લઈ જવાની હતી.

‘હું વિચારી રહ્યો હતો કે આપણા યુદ્ધનું કેન્દ્ર બદલવાના આપણા નિર્ણયનો એકમાત્ર લાભ કરચપમાં રહેલું શક્તિશાળી દળ જ નથી.’ ભૃગુએ કહ્યું.

પર્વતેશ્વરે ભમ્મર ચડાવી. ‘એ સિવાય શું લાભ હોઈ શકે છે, મુનિવર ?’

‘એ પણ હકીકત છે કે હવે આપને સમ્રાટના મૂર્ખતાભરેલા હુકમ ઉઠાવવા નહીં પડે. આપ યોગ્ય સમજો એ રીતે યુદ્ધ પર આપનું નિયંત્રણ રાખી શકશો.’

એ સ્પષ્ટ હતું કે ભૃગુ દક્ષને ધિક્કારની લાગણીથી જોતા હતા અને તેઓની ગમાર જેવી બુદ્ધિ દ્વારા ઘડાયેલી યોજનાઓ ઉપર વિશેષ ધ્યાન આપતા ન હતા, પરંતુ પર્વતેશ્વર એટલા શિસ્તબદ્ધ મેલુહાવાસી હતા કે તેઓ ખુલ્લંખુલ્લા પોતાના સમ્રાટ વિરુદ્ધમાં કાંઈ બોલ્યા નહીં. તેઓ પોતાના મૌનમાં અડગ રહ્યા.

ભૃગુ હસ્યા. ‘આપ ખરેખર અનન્ય વ્યક્તિ છો, સેનાપતિ, પુરાણી શૈલીના વ્યક્તિ. ભગવાન રામને આપના ઉપર ગર્વ થાત.’



ઉત્તરપશ્ચિમી હવાઓના સઢ ઉપર ભરપૂર બળની સહાય વડે, વ્યાપારજહાજ ઝડપી ગતિએ પાણીને ચીરતું આગળ વધી રહ્યું હતું. કેટલાક દિવસોની નરમી ગરમી પછી શિવ છેવટે સમુદ્રથી ટેવાઈ ગયા હતા. એટલા માટે હવે નીલકંઠ જહાજના છેક આગળના ભાગે ગોપાલ સાથે સવારના પવનનો આનંદ લઈ રહ્યા હતા.

‘હવે આપણે એક સાંકડા રસ્તે પશ્ચિમી સમુદ્રમાંથી બહાર નીકળી રહ્યા છીએ.’ ગોપાલે કહ્યું, ‘એ ફક્ત ૫૦ કિલોમીટરનું અંતર છે.’

‘ત્યાં બીજી બાજુ શું છે ?’

‘જમ જર્યંધ.’

‘બીક લાગે તેવું લાગે છે. હે રામ, એનો અર્થ શું થયો ?’

ગોપાલ હસવા લાગ્યા. ‘કશુંક એકદમ માયાળું. સ્થાનિક ભાષામાં જર્યંધનો અર્થ સાગર -- સમુદ્ર થાય છે.’

‘અને જમનો અર્થ શું થાય છે.’

'જમનો અર્થ થાય છે 'ત્યાંથી આવવું.'

'ત્યાંથી આવવુ ?'

'હા.'

'તો આ તે સમુદ્ર છે જેના પરથી આપણે આવવાનું છે.'

'હા, સરળ નામ છે. આ એ સમુદ્ર છે જેના પરથી જો આપ ચાહો તો ઇલામ કે મેસોપોટેમિયા કે દૂરદૂર પશ્ચિમના કોઈ પણ ક્ષેત્રમાં જવું હોય તો આપને અહીં આવવું પડે છે, પરંતુ સૌથી અગત્યની વાત એ છે કે આ તે સમુદ્ર છે જેના પરથી જો આપને પરિહા જવું છે તો આપને અહીં આવવું જ પડે.'

'મેં મેસોપોટેમિયા વિષે સાંભળ્યું છે. તેના મેલુહા સાથે મજબૂત વ્યાપારિક સંબંધો છે, ખરુંને ?'

'હા, તે આ ક્ષેત્રની બે મહાન નદીઓ ટાઇગ્રીસ અને યુફ્રેટિસ વચ્ચે વસેલું એક અત્યંત શક્તિશાળી અને સમૃદ્ધ સામ્રાજ્ય છે.'

'શું એ સામ્રાજ્ય મેલુહા અને સ્વદ્વીપથી મોટું છે ?'

'ના, ફક્ત મેલુહાથી જ મોટું નથી, પરંતુ એવું માનવામાં આવે છે કે માનવસભ્યતાની શરૂઆત ત્યાંથી થઈ હતી.'

'ખરેખર ? મારો વિચાર હતો કે આપણે ભારતીયો માનીએ છીએ કે માનવસભ્યતા અહીંથી શરૂ થઈ હતી.'

'હા.'

'તો પછી સાચું કોણ છે ?'

ગોપાલે ખભા ઉલાળ્યા. 'હું નથી જાણતો. આ હજારો વર્ષ પુરાણી વાત છે, પરંતુ સાચું કહીએ તો, જ્યારે આપણે સભ્ય થઈ ગયા છીએ તો તેનાથી શું ફરક પડે છે કે પહેલાં કોણ સભ્ય બન્યું હતું ?'

શિવ હસવા માંડ્યા. 'સાચું કહ્યું. અને ઇલામ ક્યાં છે ?'

'ઇલામ મેસોપોટેમિયાની દક્ષિણ-પશ્ચિમે આવેલું એક નાનું રાજ્ય છે.'

'દક્ષિણ-પશ્ચિમે ?' શિવે પૂછ્યું, 'તો ઇલામ પરિહાની નજીક છે ?'

'હા. અને ઇલામ પરિહા અને મેસોપોટેમિયાની વચ્ચે આવેલું તટસ્થ રાજ્ય છે અને એટલા માટે પરિહાના લોકોએ બીનઅધિકૃત રીતે ઇલામના લોકોને મદદ કરી છે.'

'પરંતુ મેં તો માન્યું હતું કે પરિહા સ્થાનિક રાજકારણમાં પડતા નથી.'

'તેઓ તેનાથી બચવાનો પ્રયત્ન કરતા હોય છે અને ક્ષેત્રના મોટાભાગના લોકોએ વાયુપુત્રો અંગે સાંભળ્યું સુધ્ધાં નથી, પરંતુ તેઓ ચિંતામાં હતા કે વિસ્તારવાદી મેસોપોટેમિયા તેઓની જમીન હડપ કરી લેશે.'

'વિસ્તારવાદી મેસોપોટેમિયા ?'

'એક વખત એક બુદ્ધિશાળી માળીએ સંપૂર્ણ મેસોપોટેમિયાને જીતી લીધું હતું.'

'એક માળીએ ? એક માળી વળી કઈ રીતે યોદ્ધો બની ગયો હતો ? શું તેણે ખાનગી રાહે શિક્ષણ મેળવ્યું હતું ?'

ગોપાલ હસી પડ્યો, 'મેં જે રીતે આ કથા સાંભળી છે, તે પ્રમાણે તેણે શિક્ષણ મેળવ્યું નહોતું.'

શિવની આંખો આશ્ચર્યથી પહોળી થઈ ગઈ. 'તે બહુ જ પ્રતિભાસંપન્ન હશે.'

'હા, તે બહુ જ પ્રતિભાશાળી હતો પણ બાગકામમાં નહીં.'

શિવ હસવા માંડ્યા, 'તેનું નામ શું હતું ?'

‘મૂળ નામ તો કોઈ નથી જાણતું, પરંતુ તે પોતાની જાતને સારગોન કહેતો હતો.’

‘અને તેણે પૂરા મેસોપોટેમિયાને જીતી લીધું હતું ?’

‘હા. અને નવાઈ પમાડે તેટલા ઓછા સમયમાં, પરંતુ તેટલાથી તેની મહત્ત્વાકાંક્ષા તૃપ્ત થઈ નહીં. તેણે ઇલામ સહિત પાડોશી રાજ્યો પર પણ વિજય મેળવ્યો.’

‘તો પછી તે પરિહાની હદ સુધી પહોંચી ગયો હશે.’

‘એકદમ તો નહીં, મારા મિત્ર, પરંતુ ઠીકથી નહીં પણ નજીક પહોંચી ગયો હતો.’

‘તે પૂર્વ તરફ આગળ કેમ ન વધ્યો ?’

‘ખબર નથી, પરંતુ ન તે આગળ વધ્યો, ન તેના ઉત્તરાધિકારી, પરંતુ વાયુપુત્ર એટલા ગભરાઈ ગયા હતા કે તેઓ ઇલામને કોઈ ન જાણે તેમ સહાય કરવા માંડ્યા હતા. આ સહાયને કારણે ઇલામના લોકો બળવો કરવાને યોગ્ય બની ગયા અને મેસોપોટેમિયાનો વિજય લાંબા સમય સુધી કાયમ રહી ન શક્યો.’

‘રાજા સારગોન તો ખાસ્સો દિલચસ્પ માણસ લાગે છે.’

‘જરૂર. તેણે પૂરી દુનિયાને તો નહીં પરંતુ ખુદ ભાગ્યને પણ પડકાર ફેંક્યો હતો. તે એટલો મગરૂર હતો કે તેણે પોતાના સામ્રાજ્યનું નામ એ ભિસ્તીના નામ પરથી રાખી દીધું હતું જે તેનો દત્તક લીધેલો બાપ હતો.’

‘તેનો પિતા ભિસ્તી હતો ?’

‘હા, અક્કી નામનો. એ માટે તેઓ પોતાને અકેડિયાઈ કહેતા હતા.’

‘અને તે સામ્રાજ્ય શું અત્યારે પણ અસ્તિત્વમાં છે ?’

‘ના.’

‘આ જ તો દુ:ખની વાત છે. મને તે બધા અકેડિયાઈઓને મળવાનું ગમત.’

‘ઇલામના લોકોનું કંઈ બીજું જ માનવાનું હશે, નીલકંઠ.’



‘સૈનિકો કંટાળી ગયા છે અને બેચેન થઈ રહ્યા છે.’ ગણેશે કહ્યું, ‘તેઓને એકઠા તો કર્યા છે, પરંતુ ન કોઈ કામ છે, ન યુદ્ધ છે.’

કાર્તિક અને ગણેશ હમણાં જ સતીના કક્ષમાં પ્રવેશ્યા હતા અને પોતાની માની સાથે કાલીને જોઈને પ્રસન્ન થયા હતા.

‘હું દીદીને એ જ વાત કરી રહી હતી.’ કાલીએ કહ્યું. સૈનિકો પોતાને વ્યસ્ત રાખવા માટે જુગાર રમવામાં અને શરાબ પીવામાં સમય પસાર કરી રહ્યા છે. જે કાંઈ શિક્ષણ તેઓને આપ્યું છે તેના પર અસર પડી રહી છે, કારણ કે જ્યારે નજીકના ભવિષ્યમાં યુદ્ધની કોઈ સંભાવના ન હોય તો તેઓ એનો કોઈ અર્થ જોઈ રહ્યા નથી.’

‘આ એ સમય છે જ્યારે આવી મૂર્ખામીભરેલી ઘટનાઓ થઈ જતી હોય છે, જે પછી ગંભીર સમસ્યાઓમાં બદલાઈ જાય છે.’ સતીએ કહ્યું.

‘આપણે તેઓને વ્યસ્ત રાખવા જોઈએ.’ કાર્તિકે સૂચન કર્યું, ‘આપણે શહેરની આસપાસ જંગલોમાં પશુઓના શિકારનું આયોજન કરવું જોઈએ. આપણે જાણીએ છીએ કે મેલુહાસેના હજી સુધી કરચપની બહાર નીકળી નથી એટલે આપણે સૈનિકોને મોટાં મોટાં દળોમાં બહાર જવા દેવામાં કોઈ જોખમ નથી. શિકારથી તેઓને કંઈક કર્યાનું લાગશે.’

‘સારો વિચાર છે.’ કાલીએ સંમતિ પ્રગટ કરી, ‘આપણે વધારાના માંસનો ઉપયોગ

લોથલના નાગરિકોને માટે ભોજનની ગોઠવણ કરી શકીએ. આ આટલી મોટી સેનાને સાચવવાની તેઓની ચીડને ઓછી કરશે.'

'ઉત્સાહ અને ઉત્તેજના આપણા સૈનિકોમાં નિરસતા લાવવામાં રોક લગાવશે.' ગણેશે કહ્યું.

'હું સંમત છું.' સતીએ કહ્યું, 'હું તરત હુકમ આપું છું.'



નર્મદાના મુખ પાસેની ગુપ્ત ખાડીથી નીકળ્યો તેઓને દોઢ મહિનો થઈ ગયો હતો. જામ સાગર પાસે શિવના જહાજે એક નિર્જન કિનારે લંગર નાખ્યું હતું. એવું લાગતું નહોતું કે ત્યાં કોઈ વસ્તી હશે. જાણે એવું લાગતું હતું કે આ જગ્યાને ક્યારેય માનવીઓએ સ્પર્શી જ નહોતી. શિવને કોઈ નવાઈ ન લાગી. વાસુદેવોની જેમ વાયુપુત્ર પણ પોતાના અસ્તિત્વને લઈને બહુ જ રહસ્યપૂર્ણ હતા. શિવને કોઈ સ્વાગત કરતા બંદરની આશા નહોતી, પરંતુ તેઓને કોઈ ગુપ્ત ચિહ્નની આશા હતી, જેમ કે ઉજ્જૈન નજીક ચંબલના કિનારે પ્રતીકાત્મક વાસુદેવ જવાલા.

પછી તેઓને લાગ્યું કે જાણે તેઓએ કશુંક જોઈ લીધું છે. કિનારે આશરે ત્રણ કે ચાર હાથ લાંબી ઝાડીઓની ગાઢ હારમાળા હતી. લંગર નાખેલા જહાજમાંથી દૂરથી જોતાં એવું લાગતું હતું કે જાણે એ ઝાડીઓમાં બહુ બધા લાલનારંગી રંગનાં ફળો લટકી રહ્યાં છે. પૂરી ઝાડી નાનાં નાનાં ગાઢાં લીલાં પાંદડાંઓથી ઢંકાયેલી હતી, પરંતુ ઉપર તરફ તેનો રંગ ચમકદાર લાલ હતો. લાલ-નારંગી ફળો સાથે આ ચમકદાર લાલ પાંદડાંઓ જાણે એવું દૃશ્ય ખડું કરતા હતાં કે જાણે ઝાડીમાં આગ ન લાગી હોય.

સળગતી ઝાડીઓ...

શિવ તરત પાછળ ફર્યા અને જહાજની ઉપરની બાજુ ચઢી ગયા. ત્યાં પહોંચતાં જ પ્રતીક સ્પષ્ટ થઈ ગયું. સફેદ રેતી અને ભૂરા પથ્થરો સાથે મળીને ઝાડીઓ એક પ્રતીક બનાવતી હતી, જેને શિવ બહુ સારી રીતે ઓળખતા હતા -- ફ્રવાશી, પવિત્ર જવાળા, નારી આત્મા.

શિવ નીચે આવ્યા તો તેઓએ ગોપાલને નીચે ઊભેલા જોયા.

'આપે કાંઈ શોધી કાઢયું, મારા મિત્ર ?' ગોપાલે પૂછ્યું.

'મેં પવિત્ર જ્વાળા, શુદ્ધ અસ્તિત્વને જોયું. મેં ફ્રવાશીને જોયું.'

ગોપાલ પહેલાં તો આશ્ચર્યચકિત થઈ ગયા પરંતુ વધારે વાર નહીં. 'જરૂર !! શ્રદ્ધેય મનોભૂ... તેઓ આપને ફ્રવાશી અંગે જણાવતા હતા.'

'હા.'

'આ ભગવાન રુદ્રના લોકોના વિશ્વાસનું પ્રતીક છે. ફ્રવાશી શુદ્ધ આત્માઓ અને દૂતોનું પ્રતિનિધિત્વ કરે છે. તેઓ મોટી સંખ્યામાં હાજર છે, તેઓના ગ્રંથો પ્રમાણે દસ હજાર. તેઓ માનવઆત્માઓને સંસારમાં મોકલે છે અને સારપ અને બૂરાઈના અનંત યુદ્ધમાં તેઓને સાથ આપે છે. એવું પણ માનવામાં આવે છે કે બ્રહ્માંડની રચનામાં તેઓએ ઈશ્વરને સહાય કરી હતી.'

શિવે માથું હલાવ્યું, 'મને લાગે છે કે વાસુદેવ પણ ફ્રવાશીમાં વિશ્વાસ રાખે છે.'

'આપણે ફ્રવાશીનું સન્માન કરીએ છીએ, પરંતુ આ એક પરિહાઈ પ્રતીક છે.'

'તો પછી આપની ભૂમિના પ્રવેશદ્વારે ફ્રવાશી શા માટે છે ?'

ગોપાલની ભમ્મરો તંગ થઈ ગઈ. 'ફ્રવાશી પ્રતીક ? ક્યાં ?'

'ચંબલના ખુલ્લા મેદાન ઉપર, જ્યાંથી અમે તાળીઓના સંકેત મારફત આપની સાથે વાત કરી હતી.'

'ઓહ !' વાત સમજતાં ગોપાલ હસ્યા. 'મારા મિત્ર, અમારે ત્યાં પણ એક પ્રતીકાત્મક આગ હોય છે, પરંતુ અમે તેને ફ્રવાશી કહેતા નથી. અમે તેને અગ્નિ કહીએ છીએ, આગના દેવતા.'

'પરંતુ તેનું ચિહ્ન લગભગ ફ્રવાશી જેવું જ હોય છે.'

'હા, બિલકુલ સાચું. હું જાણું છું કે પરિહાના લોકો અગ્નિના ધાર્મિક ક્રિયાકાંડોને અત્યંત મહત્ત્વ આપે છે. એવું જ આપણે ભારતીયો કરીએ છીએ. ઋગવેદના પ્રથમ અધ્યાયનો પ્રથમ સ્રોત અગ્નિદેવને સમર્પિત છે. મને લાગે છે કે અગ્નિતત્ત્વનું તો સંસારના બધા જ ધર્મોમાં સરખું મહત્ત્વ છે.'

'અગ્નિ માનવસભ્યતાની શરૂઆત છે.'

'એ જીવનનો આરંભ છે, મારા મિત્ર. એ બધી જ ઊર્જાનો સ્રોત છે, કારણ કે નક્ષત્રોને જોવાની એક રીત તેને આગના મોટા ગોળાના રૂપમાં જોવાનું છે.'

શિવ હસવા લાગ્યા.

એક નાવિક ચાલીને તેઓ બંને પાસે આવ્યો. 'માનનીયો, નાવને નીચે કરી દેવામાં આવી છે. અમે તૈયાર છીએ.'



નાવ કિનારાથી સો મીટર દૂર હતી કે ઝાડીઓ પાછળથી એક લાંબો દેખાતો માણસ પ્રગટ થયો. તેણે લાંબો ભૂરો-કાળો પગ ઢંકાઈ જાય તેટલો કોટ પહેર્યો હતો અને તેના હાથમાં કોઈ વસ્તુ હતી જે ડંડા જેવી લાગતી હતી. શિવ આ કોણ છે તે નક્કી કરી ન શક્યા. તેઓનો હાથ પોતાની તલવાર તરફ લંબાઈ ગયો.

ગોપાલે પોતાનો હાથ શિવના હાથ તરફ ફેલાવ્યો, 'ચિંતા ન કરો, મારા મિત્ર.'

શિવ પેલા અજાણ્યા તરફથી નજર ફેરવ્યા વગર બોલ્યા, 'આપને ભરોસો છે ?'

'હા, તે પરિહાનો છે. તે આપણને માર્ગ બતાવવા આવ્યો છે.'

શિવે તલવાર ઉપરની પકડ ઢીલી કરી દીધી, પરંતુ પોતાનો હાથ મૂઠની નજીક જ રાખ્યો.

તેઓએ એ અજાણ્યા જણને ઝાડીઓ તરફ હાથ આગળ કરતો અને દોરડા જેવી કોઈ વસ્તુને ખેંચતાં જોયો. શિવે તરત સાવચેત થઈને એક વાર ફરીથી પોતાનો હાથ તલવાર તરફ કર્યો.

પરંતુ તેઓને એ જોઈને નવાઈ લાગી કે ગાઢી ઝાડીઓ પાછળથી ચાર ઘોડા બહાર આવ્યા. એમાંથી ત્રણ ઉપર કશું જ નહોતું અને તેઓ શાંતિથી પોતાના નવા સવારોની રાહ જોઈ રહ્યા હતા. ચોથા ઘોડા ઉપર એક મોટો કોથળો લાદેલો હતો. તેમાં કદાચ ભોજનનો સામાન હતો. શિવે પોતાનો હાથ હવે સંપૂર્ણ રીતે તલવાર પરથી લઈ લીધો.

તે અજાણ્યો જણ મિત્ર હતો.



પ્રકરણ-૩૫

પરિહાની સફર

'મને આનંદ એ વાતનો છે કે વાયુપુત્રોએ આપણા સ્વાગત માટે કોઈને મોકલ્યા છે.' ગોપાલે કહ્યું.

તેઓના નાવિક નૌકામાંથી માલ ઉતારી રહ્યા હતા. એમાંથી થોડો સામાન તે ત્રણ ઘોડા ઉપર બાંધવાનો હતો, જેના પર શિવ, ગોપાલ અને પરિહાવાસી સવાર થવાના હતા, જ્યારે વધેલો સામાન પહેલાંથી જ બોજા નીચે દબાઈ ગયેલા ચોથા ઘોડા ઉપર લાદવામાં આવવાનો હતો.

'વાયુપુત્ર વાસુદેવ પ્રમુખની કઈ રીતે ઉપેક્ષા કરી શકે, સ્વામી ?' પરિહાવાસીએ ગોપાલ તરફ નમીને પૂછ્યું, 'અમને આપનો સંદેશ લોથલના વાસુદેવ પંડિત તરફથી સમયસર મળી ગયો હતો. આપ અમારા માનવંતા અતિથિ છો. મારું નામ કુરુશ છે. અમારા નગર પરિહામાં હું આપનો માર્ગદર્શક રહીશ.'

શિવે ધ્યાનપૂર્વક કુરુશને જોયો. તેનો ભૂરો-કાળો લાંબો પહેરવેશ એ સચ્ચાઈને છુપાવી શકતો નહોતો કે તેની પાસે તલવાર હતી. શિવ મનોમન વિચારવા માંડ્યા કે જો તલવાર પરિહવાસીના લાંબા પહેરવેશ નીચે હોય તો અચાનક જરૂરત પડે તો તે તેને કાઢશે કઈ રીતે.

તે વ્યક્તિ અસાધારણ રૂપે ગોરો હતો અને આ રંગ ભારતના ગરમ પ્રદેશોમાં સામાન્ય રીતે જોવા મળતો નથી. એ રીતે જોઈએ તો પરિહાવાસી પીળો અથવા અનાકર્ષક દેખાય તેવી ધારણા હતી, પરંતુ તેમ ન હતું. ભરચક દાઢી અને સાથે તીણું લાંબુ નાક તેની સુંદરતાને વધુ આકર્ષક બનાવી રહી હતી, છતાંય તે જોવાથી જ યોદ્ધો લાગતો હતો. પરિહવાસીના વાળ લાંબા હતા જે ભારતીયો જેવા હતા. તેના માથે સુતરાઉ ચોરસ સફેદ ટોપી હતી. શિવ માટે સૌથી ગમતી વાત તેની દાઢી હતી. તે કાશીના શ્રદ્ધેય વિશ્વનાથ મંદિરમાં રહેલી ભગવાન રુદ્રની મૂર્તિ જેવી હતી.

'ધન્યવાદ, કુરુશ.' ગોપાલે કહ્યું, 'મને રજા આપો કે લાંબા સમયથી જેની રાહ જોવાય છે તે નીલકંઠ, શ્રદ્ધેય શિવનો પરિચય આપી શકું.'

કુરુશે શિવ તરફ ફરીને તોછડાઈપૂર્વક માથું હલાવ્યું. સ્પષ્ટ વાત હતી કે તે એ વાયુપુત્રોમાંથી હતો જે શિવને કપટી સમજતા હતા, એક એવા નીલકંઠ જેને તેની જનજાતિએ માન્યતા આપી નહોતી. શિવ કંઈ બોલ્યા નહીં. તેઓ જાણતા હતા કે એકમાત્ર અભિપ્રાય જેની

કોઈ ગણના છે તે તેઓના મુખ્ય પ્રમુખ મિત્રાનો હતો.



શિવ પોતાના ઘોડા પર સવાર થઈ ગયા અને પાછું જોઈને એ નાવિકો તરફ જોઈને હાથ હલાવ્યો જેઓ પાછા નૌકા પર જઈ રહ્યા હતા. આ નાવિકોનો ઇરાદો થોડા આગળ જઈને એક ગુપ્ત ખાડીમાં લંગર નાખવાનો હતો. બે મહિના પછી મુખ્ય નાવિક દર બે દિવસે એ સ્થાન પર જ્યાં ગોપાલ અને શિવ કુરુશને મળ્યા હતા, ત્યાં એ જાણવા માટે એક નૌકા મોકલ્યા કરશે કે શું તેઓ પાછા આવી ગયા છે કે નહીં.

જ્યારે ગોપાલ અને શિવે પોતપોતાના ઘોડાને એડી મારી ત્યાં સુધીમાં કુરુશ તેના ઘોડા ઉપર તેઓની આગળ ચાલવા માંડ્યો હતો અને સાથે સાથે તે સામાન લાદેલા ઘોડાની લગામ પણ હાથમાં રાખી રહ્યો હતો. હવે જ્યારે આ પરિહાઈ સાંભળી ન શકે તેટલો દૂર હતો ત્યારે શિવ ગોપાલ તરફ ફર્યા, 'કુરુશ નામ જાણે પરિચિત હોય તેમ કેમ લાગી રહ્યું છે ?'

'કુરુશને ક્યારેક કુરુના રૂપમાં પણ લોકો જાણે છે.' ગોપાલે કહ્યું, 'અને મને વિશ્વાસ છે કે આપ જાણતા જ હશો કે કુરુ પ્રાચીન સમયમાં એક મહાન ભારતીય સમ્રાટ હતા.'

'તો પહેલાં કયું નામ આવ્યું ? કુરુ કે કુરુશ ?'

'તમારો કહેવાનો અર્થ શું એ છે કે કોણે કોને પ્રભાવિત કર્યા ?' ગોપાલે પૂછ્યું, 'શું ભારતે પરિહાને પ્રભાવિત કર્યું કે પછી તેનાથી ઊલટું ?'

'હા, હું એ જાણવા માગું છું.'

'મને ખબર નથી. કદાચ થોડે ઘણે અંશે બંને. આપણે તેઓની સમૃદ્ધ સંસ્કૃતિમાંથી શીખ્યા અને તેઓએ આપણી. ચોક્કસ, આપણે અંદાજ લગાવી શકીએ છીએ કે કોણ કોની પાસેથી કેટલું શીખ્યું, પરંતુ તે આપણા અહંકારને પોષવા સિવાય કંઈ જ નથી, જે એ સાબિત કરવામાં આપણી ઉતાવળને દર્શાવે છે કે આપણી સંસ્કૃતિ તેઓની સંસ્કૃતિ કરતાં શ્રેષ્ઠ છે. આ એક મૂર્ખામીભરેલી શોધ છે. સૌથી સારી વાત એ છે કે સૌ કોઈ પાસેથી શીખવું -- એ જ્ઞાનનું સાંસ્કૃતિક મૂળ ક્યાં છે તે વિચાર્યા વિના !'



પરિહાઈ એકલો ભવ્યતા સાથે આગળ આગળ ઘોડા પર જઈ રહ્યો હતો. તેઓને આમ જતાં જતાં એક અઠવાડિયું થઈ ગયું હતું અને કુરુશ જાણે નક્કી કર્યું હોય તેમ મૌન હતો અને શિવના મૈત્રીભર્યા પ્રશ્નોનો એક અક્ષરમાં જવાબો આપતો હતો. અંતે નીલકંઠે તેની સાથે બોલવાનું જ બંધ કરી દીધું.

'શું ભગવાન અહીં મોટા થયા હતા ?' શિવે ગોપાલને પૂછ્યું.

'હા, ભગવાન રુદ્રનો જન્મ આ વિસ્તારની આસપાસ થયો હતો. તેઓ ભારત ત્યારે આવ્યા હતા જ્યારે આપણને તેઓની જરૂરત પડી હતી.'

'શું તેઓ પરીલોકના હતા ? તો પછી તેઓ આપણને સંરક્ષણ આપનાર શક્તિ પણ થયા કહેવાય.'

'ખરેખર તો મને લાગે છે કે તેઓ પરિહામાં નહીં પણ આ વિસ્તારની નજીક ક્યાંક જન્મયા હતા.'

'ક્યાં ?'

'અનશન.'

'શું ભારતમાં અનશનનો અર્થ ભૂખ્યા રહેવું થતો નથી ?'

ગોપાલ હસ્યો. 'અહીં પણ તેનો અર્થ એ જ છે.'

'તેઓએ પોતાના દેશનું નામ 'ભૂખ' રાખ્યું છે ? શું તેઓની એટલી ખરાબ હાલત હતી ?'

'આપની આસપાસ જુઓ. અહીં એક સખત પહાડી રણપ્રદેશ છે. અહીં જીવન કાયમી રૂપે ખૂબ જ મુશ્કેલ છે. જ્યાં સુધી...'

'જ્યાં સુધી શું ?'

'જ્યાં સુધી ક્યારેક ક્યારેક મહાન લોકો આ વિસ્તારને હળીમળીને સારો ન કરે.'

'અને ભગવાન રુદ્રની જનજાતિ આવા જ લોકો બન્યા ?'

'હા, તેઓએ ઇલામ સામ્રાજ્યની સ્થાપના કરી.'

'ઇલામ ? તમારું કહેવું એમ છે કે એ જગ્યા જ્યાં અકેડાઈઓએ વિજય મેળવ્યો હતો ?'

'હા.'

'એનાથી વાયુપુત્રોનું સમર્થન સાબિત થાય છે, બરાબરને ? ઇલામવાસીઓ ભગવાન રુદ્રના લોકો હતા.'

'ના, આ કારણ નથી. વાયુપુત્ર ઇલામવાસીઓનું એ માટે સમર્થન કરતા હતા કારણ કે તેઓને સાચું પૂછો તો પોતાના અને મેસોપોટેમિયાવાસીઓ વચ્ચે એક મધ્યવર્તી રાજ્યની જરૂરત લાગી હતી. ખરેખર તો, ભગવાન રુદ્રે પોતાના સાથી ઇલામવાસીઓ સમક્ષ આ વાત સ્પષ્ટ કરી દીધી હતી : તેઓ વાયુપુત્રસમૂહ સાથે જોડાઈ જાય અને બીજા કોઈ પણ સાથેના સંબંધ તોડી નાખે. એમ ન કરવું હોય તો ઇલામવાસીઓ સાથે રહેવાનું પસંદ કરી શકે છે. જેઓએ ભગવાન રુદ્રનું અનુકરણ કરવાનો નિર્ણય લીધો, તેઓ આજે વાયુપુત્ર છે.'

'તો પરિહા ત્યાં નથી જ્યાં અનશન થયા કરતું હતું.'

'નહીં, અનશન ઇલામ રાજ્યની રાજધાની હતી. પરિહા પૂર્વમાં આગળ આવેલું છે.'

'મને લાગે છે કે વાયુપુત્રોએ ફક્ત ઇલામવાસીઓને જ નહીં, બીજી બહારની વ્યક્તિઓનો પણ સ્વીકાર કરી લીધો હતો. મારા કાકા તો તિબેટના હતા.'

'હા, માનનીય મનોભૂ તિબેટના હતા. વાયુપુત્રોએ ફક્ત યોગ્યતાના આધાર પર સભ્યોનો સ્વીકાર કર્યો હતો, જન્મના આધાર પર નહીં. ઘણા બધા ઇલામવાસી છે જેઓ વાયુપુત્ર બનવાનો પ્રયત્ન કરે છે, પરંતુ સફળ થતા નથી. ફક્ત આપણા દેશની એક જ જનજાતિ એવી હતી જેનો મોટી સંખ્યામાં સ્વીકાર કરવામાં આવ્યો હતો, કારણ કે તેઓ નિર્વાસિત હતા.

'ભારતના ?'

'હા, ભગવાન રુદ્રે તેઓ સાથે જે કર્યું હતું, તેના માટે તેઓ વ્યક્તિગત રીતે પોતાને અપરાધી માનતા હતા. અંતે તેઓએ તેઓને પોતાના રક્ષણમાં લઈ લીધા અને પોતાની ભૂમિ પર વાયુપુત્રો વચ્ચે તેઓને આશ્રય આપ્યો.'

'આ લોકો કોણ હતા ?'

'અસુર.'

આ રહસ્ય જાણ્યા પછી શિવ પોતાની કોઈ પ્રતિક્રિયા આપે, તે પહેલાં કુરુશ ફર્યો અને તેણે ગોપાલને સંબોધન કર્યું, 'સ્વામી, ભોજન કરવા માટે આ ઉત્તમ સ્થાન છે. આગળનો રસ્તો એક સાંકડી પહાડી ગલીમાં થઈને જાય છે. શું આપણે અહીં થોભીશું ?'



ભોજન એકદમ સ્વાદ વગરનું અને ઠંડું હતું. ધ્રુજાવી દે તેવો પહાડી પવન મુશ્કેલીઓ ઓર વધારી રહ્યો હતો, પરંતુ કુરુશ પોતાની સાથે જે સૂકો મેવો લાવ્યો હતો તેણે શરીરમાં જોમ આપી દીધું હતું જે આગળ ઉપરની કમ્મરતોડ યાત્રા માટે બહુ જરૂરી હતું.

કુરુશે જલદીથી બચેલું ભોજન બાંધી દીધું અને પોતાના ઘોડા ઉપર સવાર થઈ ગયો. તેણે ચોથા ઘોડાની લગામ બરાબર પકડેલી હતી. તેણે ઘોડાને એડી મારી. ગોપાલ અને શિવ તેની પાછળ પાછળ ધીમી ચાલથી ચાલવા માંડ્યા.

'અસુરોએ અહીં શરણાગતિ સ્વીકારી હતી ?' શિવે પૂછ્યું. તેઓ હજીય આશ્ચર્યમાંથી બહાર આવ્યા ન હતા.

'હા,' ગોપાલે જવાબ આપ્યો, 'ભગવાન રુદ્ર પોતે કેટલાક જીવતા રહી ગયેલા અસુર આધિનાયકોને પરિહા લાવ્યા હતા. બીજાઓ જે છુપાયેલા હતા, વાયુપુત્રો મારફત ભારતમાંથી બહાર કાઢીને લાવવામાં આવ્યા હતા. કેટલાક અસુર પશ્ચિમ તરફ વધુ આગળ નીકળી ગયા હતા, ઇલામથી પણ આગળ. મને બરાબર ખબર નથી કે તેઓનું શું થયું, પરંતુ તેઓમાંથી અનેક પરિહામાં જ રોકાઈ ગયા હતા.'

'અને ભગવાન રુદ્રે એ અસુરોને વાયુપુત્ર સમૂહમાં સમાવી લીધા -- બરાબરને ?'

'બધાને નહીં. તેઓએ જોયું કે કેટલાક અસુર એટલા જુદા પડી શકે તેમ નહોતા કે વાયુપુત્ર બની શકે. તેઓને શરણાર્થીઓની જેમ પરિહામાં રહેવા દીધા હતા, પરંતુ બચેલામાંથી મોટાભાગના વાયુપુત્ર બની ગયા હતા.'

'તેમાંથી અનેક અસુર રાજવંશના પણ હશે. શું તેઓએ ભારત પર આક્રમણ કરીને દેવોથી બદલો લેવાનું ઇચ્છ્યું નહોતું જેઓએ તેઓને હરાવી દીધા હતા ?'

'ના, એક વાર તેઓ વાયુપુત્ર બંધુત્વમાં જોડાઈ ગયા પછી તેઓ અસુર રહ્યા ન હતા. તેઓએ પોતાની પુરાણી ઓળખાણ ત્યાગી દીધી હતી, અને વાયુપુત્રો માટે ભગવાન રુદ્રે નક્કી કરેલાં પ્રાથમિક કાર્યોને અપનાવી લીધાં હતાં : ભારતની પવિત્ર ભૂમિની બૂરાઈ સામે રક્ષા કરવી.'

આ સમાચાર જાણીને શિવે ઊંડો શ્વાસ લીધો. અસુર પોતાના જૂના શત્રુઓ માટેની ઘૃણાથી હવે વાજ આવી ગયા હતા અને ભગવાન રુદ્રે બતાવેલા માર્ગ ઉપર કાર્ય કરી રહ્યા હતા.

'નિયતિની પણ વિચિત્ર લીલા છે, જે અસુર દેવો માટે રાક્ષસ હતા, તેઓ જ ખરેખર પરદા પાછળ રહીને બૂરાઈના પ્રભાવોથી તેઓની રક્ષા કરવાની દિશામાં સક્રિયતાથી કામ કરી રહ્યા હતા.' ગોપાલે પોતાના ઘોડાને જમણી તરફ વાળતાં કહ્યું અને એક સાંકડા રસ્તામાં પ્રવેશ કર્યો.

શિવને અચાનક એક વિચાર આવ્યો અને તેઓ ગોપાલ પાસે પહોંચી ગયા.

'પરંતુ, પંડિતજી, મને ખાત્રી છે કે અસુરો પોતાની પુરાણી સંસ્કૃતિને તો ભૂલી ગયા નહીં હોય. તેણે જરૂર પરિહાઈ જીવનશૈલીને અસર પહોંચાડી હશે. પેઢીઓ પહેલાં વિદેશી ભૂમિ પર જઈને રહ્યા પછી પણ પોતાની સાંસ્કૃતિક સમૃતિઓ ત્યાગવી અસંભવ હોય છે. જ્યાં સુધી, ખરેખર, કોઈ ઋષિમુનિઓની જેમ વિરક્ત ન થઈ જાય.'

'સાચું કહો છો.' ગોપાલે કહ્યું, 'અસુર સંસ્કૃતિએ પરિહાઓ ઉપર પ્રભાવ પાડ્યો હતો. દાખલા તરીકે, શું આપને દેવતાઓ માટે પરિહાઈ શબ્દની ખબર છે ?'

શિવે ખભા ઊંચા કર્યા.

ગોપાલે વિચિત્ર ભાવથી શિવ સામે જોયું. 'જવાબ આપતા પહેલાં આટલું જાણી લો કે પ્રાચીન પરિહાઈ ભાષામાં 'સ'ના ઉચ્ચારણ કે ભાવ માટે કોઈ સ્થાન હતું નહીં. તે કાં તો 'શ' થઈ જાય અથવા 'હ'. તો આપને શું લાગે છે. તેઓ પોતાના દેવતાઓને કેવી રીતે બોલાવતા હતા ?'

શિવના કપાળે કરચલીઓ પડી ગઈ, તેઓએ તુક્કો લગાવતા હોય તેમ બોલ્યા 'અહુર ?'

'હા, અહુર.'

'હે ભગવાન ! તો પછી તેઓના રાક્ષસોને શું કહેવામાં આવતા હતા ?'

'દેવ.'

'હે બ્રહ્મા !'

'ભારતીય ધાર્મિક વિચારસરણીથી સાવ વિપરીત આપણે આપણા પરમાત્માઓને દેવ કહીએ છીએ અને રાક્ષસોને અસુર.'

શિવ ધીમું હસ્યા. 'તેઓ આપણા કરતાં જુદા જરૂર છે, પરંતુ તેઓ બૂરા નથી.'



પ્રકરણ-૩૬

પરીઓનો પ્રદેશ

શિવ, ગોપાલ અને કુરુશને નીકલ્યે એક મહિનાથી થોડું વધારે થઈ ગયું હતું. મોડા શરૂ થયેલા શિયાળાએ કઠોર પહાડી ક્ષેત્રમાં જાણે ઇચ્છાશક્તિની પરીક્ષા લેવાનું શરૂ કર્યું હતું. શિવ જેમણે પોતાના જીવનનો મોટો ભાગ તિબેટના પહાડોમાં વિતાવ્યો હતો, તેઓ આ યાત્રા સરળતાથી કરી રહ્યા હતા, પરંતુ ગોપાલ જે મેદાનોની નરમ ગરમીથી ટેવાયેલા હતા તેઓ આ ઠંડા વાતાવરણ સામે જાણે સંઘર્ષ કરી રહ્યા હતા.

'આપણે પહોંચી ગયા છીએ.' એક દિવસ કુરુશે અચાનક હાથ ઊંચો કરીને કહ્યું.

શિવે તરત પોતાની લગામ ખેંચી. તેઓ એક સાંકડા રસ્તે હતા, જે ચાર કે પાંચ હાથથી વધારે પહોળો ન હતો. શિવ પોતાના ઘોડા પરથી ઊતરી ગયા અને લાંબા પથ્થર સાથે પોતાના ઘોડાને બાંધ્યો અને ગોપાલને મદદ કરવા તેઓની પાસે ગયા. ગોપાલના ઘોડાને પણ બાંધ્યો, પથ્થરને ટેકવીને બેસવામાં તેઓને મદદ કરી અને પોતાનું પાણી વાસુદેવ પ્રમુખને આપ્યું. ગોપાલ ધીરે ધીરે એ જીવનદાતા સમાન પાણી ધીરે ધીરે પી ગયા.

પોતાના મિત્રને મદદ કર્યા બાદ શિવે આસપાસ જોયું. ડાબી બાજુ મોટા પથ્થરો સાથેનો પહાડ હતો જેની ઊંચાઈ સેંકડો હાથ જેટલી હતી. જમણી બાજુ નીચે સૂકી ખીણ હતી. જ્યાં સુધી નજર જતી હતી ત્યાં સુધી જીવન હોવાનાં કોઈ ચિહ્ન નહોતાં. ન માનવવસ્તી, ન પશુ, ન કોઈ છોડ કે ઝાડ હતાં.

શિવે ભવાં ચડાવીને ગોપાલ તરફ જોયું અને પછી ધીમેથી બોલ્યા : 'આપણે પહોંચી ગયા છીએ ?'

ગોપાલે કુરુશ તરફ ઇશારો કર્યો. એ પરિહાઈ સાવધાની સાથે પહાડી દીવાલ ઉપર પોતાનો હાથ ફેરવી રહ્યો હતો, તેની આંખો બંધ હતી અને તે કોઈ વસ્તુનું સ્થાન ખોળી રહ્યો હતો. તે અચાનક થંભી ગયો. તે જે ખોળતો હતો તે તેને મળી ગયું હતું. આ દરમિયાન શિવ થોડા ઉપર તરફ ગયા હતા અને તેઓએ પહાડની પછવાડે એક ચિહ્નને ધીરેથી ઊપસતું જોયું. એક પ્રતીકાત્મક જવાળા જેને હવે તેઓ ઓળખવા માંડ્યા હતા : ફ્રવાશી.

કુરુશે પોતાની આંગળીમાં પહેરેલી વીંટીને એ પ્રતીકની બરાબર વચ્ચે દબાવી. માનવખોપરી આકારનો એક પથ્થર જમણી બાજુથી બહાર આવ્યો. કુરુશે પોતાના બંને હાથ પથ્થર ઉપર મૂકી દીધા, થોડું જોર મેળવવા તે પાછળ ગયો અને પછી જોરથી ધક્કો માર્યો.

શિવ તો તાજ્જુબ થઈને જોતા રહ્યા, પર્વત જાણે જીવંત થઈ ગયો. લગભગ ચાર હાથ લાંબો અને ત્રણ હાથ પહોળો એક મોટો પથ્થર અંદરની તરફ ધસી ગયો અને પછી એક બાજુ જતો રહ્યો, સામે એક પગદંડી દેખાઈ રહી હતી જે પર્વતના ગર્ભની અંદર જઈ રહી હતી.

કુરુશે શિવ તરફ ફરીને ઇશારો કર્યો કે તે ચાલવા માટે તૈયાર છે. શિવે ઘોડા ઉપર સવાર થવામાં પોતાના મિત્રને મદદ કરી અને પોતાના મિત્રના હાથમાં લગામ આપી દીધી. જ્યારે તેઓ પોતાના ઘોડા તરફ ગયા ત્યારે તેઓનું ધ્યાન ગયું કે જે પથ્થર સાથે તેઓએ તેમનો ઘોડો બાંધ્યો હતો તે કુદરતી લાગતો હતો પરંતુ ખરેખર માનવે બનાવેલો હતો. શિવ પોતાના ઘોડા ઉપર સવાર થઈ ગયા અને પર્વતની મધ્યમાં ચાલીને તરત ગોપાલ અને કુરુશની પાસે પહોંચી ગયા.



તેની અંદર દાખલ થયા પછી ગુપ્ત પથ્થરનો દરવાજો એટલા જ આરામથી બંધ થઈ ગયો. એક સળગતી મશાલ સિવાય અંદર ઘોર અંધારું હતું. મશાલને પરિહાઈઓએ એક દીવાલ પર લગાવી હતી, જે થોડા હાથની લંબાઈ સુધી પ્રકાશ પહોંચાડી રહી હતી. આગળ ગુફાવાળા માર્ગના સાવ અંધકાર સામે પ્રકાશ ટકી શક્યો નહીં. કુરુશે દીવાલની બખોલમાંથી ત્રણ સળગ્યા વગરની મશાલ બહાર કાઢી, તેને સળગાવી અને એકએક ગોપાલ અને શિવના હાથમાં આપી દીધી. તે પછી તે પોતાની મશાલને ઊંચી પકડીને ઝડપથી આગળ નીકળી ગયો. શિવ અને ગોપાલે પણ પોતપોતાના ઘોડાને એડી લગાવી અને ઝડપથી તેની પાછળ થઈ ગયા.

તરત જ રસ્તો બે ભાગમાં વહેંચાઈ ગયો, પરંતુ કુરુશ જરાય અટક્યા વગર, એ રસ્તો છોડીને તેઓને બીજા રસ્તે લઈ ગયો. દંડકવનમાં નાગાઓની જેમ જ -- વાયુપુત્રોએ એ નક્કી કર્યું હતું કે વાયુપુત્ર માર્ગદર્શક વગર કોઈ અનધિકૃત વ્યક્તિ આ ગુપ્ત માર્ગે પહોંચી જાય તો તે નક્કી આ પર્વતની અંદર ભટક્યા જ કરે.

શિવને આગળ એવા અનેક ભ્રમમાં નાખી દે તેવા રસ્તા મળવાની આશા હતી. તેઓને નિરાશ ન થવું પડયું.



અડધા કલાકની એક લાંબી પર્વતની યાત્રા પછી યાત્રીઓ પર્વતની બીજી બાજુ બહાર આવ્યા અને અચાનક સખત તડકાના લીધે એ બધા ચોંકી ગયા. આંખો જ્યારે ટેવાઈ તો સામેના દૃશ્યને જોઈને શિવનું મોં ખુલ્લું રહી ગયું.

પર્વતની બીજી તરફનું દૃશ્ય નાટકીય રૂપે તેનાથી જુદું જ હતું જે તેઓએ અત્યાર સુધી જોયું હતું. પર્વતોના કિનારે એક પહોળી ગોળ ફરતી સડક બનાવી દેવામાં આવી હતી. સ્થાનિક પરિહાઈઓ દ્વારા 'સદ્માર્ગ' કહેવામાં આવતી આ સડકના કિનારે સુંદર નકશીદાર કઠેરો હતો, જે ઘોડા કે ગાડીઓને લપસીને નીચે ખીણમાં ન પડી જવાય તે માટે રક્ષણ આપતો હતો. કુદરતનો વૈભવ તો અહીં હતો જ પરંતુ શિવ એ જોઈને સ્તબ્ધ થઈ ગયા હતા કે પરિહાઈઓએ એને કેવો સુંદર ઓપ આપ્યો હતો.

રુદ્રમાર્ગ એક અગાશી નીચે પૂરો થતો હતો. જોકે મેલુહાવાસીઓ દ્વારા બનાવવામાં આવેલી અગાશીઓ કરતાં જુદી જ આ અગાશી પૂરના રક્ષણ માટે બનાવવામાં આવી ન હતી.

પરિહામાં પાણીની સમસ્યા અતિશય પાણી હોવાની નહીં પણ તેના અભાવની હતી. આ અગાસી તો સખત, ઉબડખાબડ પર્વતની ભેખડોને એક સારો આધાર આપવા માટે બનાવવામાં આવી હતી. તેના ઉપર પરિહા નગર વસાવવામાં આવ્યું હતું.

કુરુશ, ગોપાલ અને શિવ ખીણની સાવ નીચેની અગાસી તરફ આગળ વધ્યા. આ અગાસી સૌથી ઊંચી હતી. આશરે વીસ હાથ ઊંચી. જે સ્થળ શહેરમાં પ્રવેશ કરવાનું એકમાત્ર સ્થળ હતું, જ્યાં એક ભવ્ય પ્રવેશદ્વાર બનાવવામાં આવ્યું હતું. સડકની બંને બાજુ ઊંચી દીવાલો હતી અને સારી રીતે સુરક્ષિત દ્વાર તરફ જતાં તે સાંકડી થઈ ગઈ હતી. પ્રશંસાભરી દૃષ્ટિએ બધું જોતાં શિવની અંદર રહેલો યોદ્ધો સમજી ગયો હતો કે નગરના દ્વારનો રસ્તો કોઈ પણ આક્રમણકારીને બળપૂર્વક એક સાંકડા મુખ તરફ મોકલી દેતો કે જેનાથી પરિહાઈ લોકોને પોતાનું રક્ષણ કરવું સરળ થઈ જતું.

ભવ્ય અલંકારી દ્વાર સ્થાનિક ભૂરા પથ્થરોને કાપીને બનાવવામાં આવ્યું હતું, જેને શિવ રસ્તામાં સતત જોતા આવ્યા હતા. ખુદ દ્વાર ઉપર બંને બાજુ મોટા મોટા થાંભલા હતા, જેના ઉપર બે વિશાળકાય પ્રાણીઓ બેઠેલાં હતાં જાણે પોતાના નગરની રક્ષા માટે તૈયાર ન હોય ! આ અજાણ્યાં પ્રાણીઓનાં માથાં મનુષ્યનાં હતાં અને ધડ સિંહનું અને બંને બાજુ ગરુડની બે વિશાળ પાંખો હતી. આ પ્રાણીઓ પરિહાઈ અહંને સ્પષ્ટ રૂપે પ્રદર્શિત કરતાં હતાં -- તીણું, ઊંચું મસ્તક, વળેલું નાક, સુઘડતાથી બાંધેલી લાંબી દાઢી, નીચે વળેલી મૂછો અને ચોરસ ટોપી નીચે દેખાતા લાંબા વાળ. આક્રમક યોદ્ધાઓ જેવા મોઢાને શાંત, લગભગ ચિત્રવત્ આંખોએ સુદૃઢ બનાવી દીધું હતું.

શિવે જોયું કે દ્વારપાળ સાથે કુરુશની વાતો પૂરી થઈ ગઈ હતી. તે પાછો આવ્યો અને તેણે આદરપૂર્વક ગોપાલને કહ્યું : 'સ્વામી, ઔપચારિકતાઓ પૂરી થઈ ગઈ છે. કૃપા કરીને મને ક્ષમા કરજો કે આપણને અહીં પહોંચતાં આટલો સમય લાગ્યો. તો શું આપણે ચાલીશું ?'

'ક્ષમા માગવાની કોઈ જરૂર નથી, કુરુશ.' ગોપાલે નમ્રતાપૂર્વક કહ્યું, 'ચાલો.'

શિવ મૌન ભાવે કુરુશ અને ગોપાલની પાછળ ચાલવા લાગ્યા, તેઓએ દ્વારપાળની વિચિત્ર નજર અને કદાચ માપીતોલીને જોવાની રીતની નોંધ લીધી.



અગાશીની સૌથી ઉપર જતા એક પથ્થર જડેલા માર્ગ ઉપર પોતાના ઘોડાઓને લઈ જતી વખતે તેઓએ ઇંટોથી બનાવેલા એક વિશાળ આંગણાને પસાર કર્યું. ચઢાણ શાંત હતું, જેણે રસ્તામાં આવતા એકમાત્ર તીવ્ર વળાંકમાં જવાનું સરળ બનાવી દીધું હતું. કેટલાંક પદયાત્રી સાથે સાથે બનાવવામાં આવેલી સીડીઓ પર ચડી રહ્યા હતા, જે ચઢવા માટે સરળ રહે માટે પહોળી બનાવવામાં આવી હતી. આખા રસ્તે પથ્થરોમાં કોતરણી અને રંગ પૂરવામાં આવ્યા હતા. નકશીકામ કરેલા પરિહાઈ ચોકીદારનાં પૂતળાં આવતાં જતાં લોકોને જોઈ રહ્યાં હતાં. ખબર નહીં ક્યાંથી પોતાની પાછળ સંગીત રેલાવતું પાણી પથ્થરો ઉપર પડી રહ્યું હતું. શિવે મનોમન નક્કી કર્યું કે ગોપાલને આ કઠોર રણવિસ્તારમાં પાણી ક્યાંથી આવ્યું તે તેઓ જરૂર પૂછશે.

પરંતુ જ્યારે તેઓ ટોચ ઉપર પહોંચ્યા અને શિવે પોતાની સામે વેરાયેલું સૌંદર્ય જોઈને ભારે પ્રશંસા કરી તો તેઓના બધા પ્રશ્નો ભુલાઈ ગયા.

'પવિત્ર તળાવના કિનારે !'

તેમણે હમણાં જ પરિહાના અતિ સુંદર બગીચાઓને પહેલી વાર જોયા હતા. આ કૃત્રિમ દિવ્ય રચનાઓ એટલી અસાધારણ હતી કે પરિહાવાસીઓએ તેનું નામ પરાડાયઝા -- સ્વરસંવાદની બંધ રચના -- પાડ્યું હતું.

પરાડાયઝા નગરની વચ્ચોવચ્ચ હતું અને તેની ચારે બાજુ આવાસો બાંધેલા હતા. ઉપવન અને નગર ઘાટના ઉપરના કિનારેના પર્વતના છેડા સુધી ફેલાયેલા હતા જેને અસુરોએ દયાનો પર્વત નામ આપ્યું હતું. પર્વતની બરાબર વચ્ચેથી એક પાણીનો પ્રવાહ નીકળતો હતો જે સીધી લીટીએ ઉપવનમાં જઈને વહી રહ્યો હતો અને વચ્ચે વચ્ચે ગોળાકાર સરોવરોને ભરી રહ્યો હતો. કુદરતી સરોવરોમાં વચ્ચે ભવ્ય ફુવારા બનેલા હતા જે પાણીને હવામાં ઊંચા ઉછાળી રહ્યા હતા. આ જળધારાથી વિભાજિત ઉપવનની જમણી અને ડાબી બાજુ એકબીજાનાં જાણે પૂર્ણપ્રતિબિંબ હતાં. આખા વિસ્તારમાં ઘાસ ઉગાડવામાં આવ્યું હતું જે સારી રીતે લગાવવામાં આવેલી ફૂલોની ક્યારીઓ અને વૃક્ષોને સૌંદર્યવાન બનાવતું હતું. દેખાઈ આવતું હતું કે ફૂલ અને છોડ દુનિયાભરમાંથી મંગાવવામાં આવ્યાં હતાં. ગુલાબ, નરગીસ, લાલા, ચમેલી, સંતરા અને લીંબુનાં ઝાડ ઉપવનને કાવ્યાત્મક દેખાવ આપતાં હતાં.

શિવ ઉપવનના સૌંદર્યમાં એવા ખોવાઈ ગયા હતા કે તેઓએ પોતાના મિત્રનો અવાજ પણ સાંભળ્યો નહોતો.

'પ્રભુ નીલકંઠ !' ગોપાલે ફરી બૂમ પાડી.

શિવ વાસુદેવ પ્રમુખ તરફ ફર્યા.

'અહીં તો આપણે પછી પણ જઈ શકીશું, મિત્ર, પરંતુ હમણાં તો આપણે આપણા અતિથિ-નિવાસમાં જવું જોઈએ.



શિવ અને ગોપાલને રાજકીય અતિથિગૃહમાં ઉતારો આપવામાં આવ્યો હતો, જે પરિહાના ઉચ્ચ વર્ગના અતિથિઓ માટે આરક્ષિત હતો. અહીં પણ બંનેએ સૌંદર્ય અને લાલિત્ય પ્રત્યે પરિહાવાસીઓની અભિરુચિને જોઈ.

પોતપોતાના ઘોડા પરથી ઊતરીને શિવ અને ગોપાલ ભવનમાં ગયા. પ્રવેશદ્વાર એક વિશાળ, સુવિધાપૂર્વક વરંડામાં લઈ જતું હતું જ્યાં સારી રીતે બાંધેલા ગોળ થાંભલાની હારમાળા પથ્થરની છતને સહારો આપતી ઊભી હતી. થાંભલાઓને ઉપર સુધી જીવંત ગુલાબી રંગથી રંગી દેવામાં આવ્યા હતા અને છતની પાસે પશુઓની આકૃતિઓ કોતરી દેવામાં આવી હતી. સારી રીતે જોવા માટે શિવે આંખો ઝીણી કરી.

'બળદો.' શિવે ટિપ્પણી કરી.

બળદ અને ગાય ભારતીય લોકોમાં પવિત્ર માનવામાં આવતાં હતાં અને તેઓ જીવનના આધ્યાત્મિક અનુભવનું કેન્દ્ર હતાં.

'હા' ગોપાલે કબૂલ કરતાં કહ્યું, 'પરિહાવાસીઓ પણ બળદનો આદર કરે છે. તે શક્તિ અને પૌરુષનું પ્રતીક છે.'

તેઓ વરંડાના બીજા છેડે પહોંચ્યા તો તેઓની મુલાકાત સુંદર વેશભૂષા પહેરેલી ત્રણ પરિહવાસીઓથી થઈ. સૌથી આગળ હતી તેના હાથમાં ગરમ, ભીના અને સુગંધિત ટુવાલોથી ભરેલો થાળ હતો. ગોપાલે તરત જ એક ટુવાલ ઉપાડ્યો અને પોતાના ચહેરા અને હાથો પર લાગેલી ધૂળને અને ગંદકીને સાફ કરવા લાગ્યા. શિવે પણ તે પ્રમાણે અનુકરણ કર્યું.

એક પરિહાઈ મહિલા ગોપાલની પાસે આવી, માથું ઝુકાવ્યું અને પછી નમ્રતા સાથે બોલી, 'સ્વાગત છે, સન્માનનીય વાસુદેવ પ્રમુખ ગોપાલ. અમને તો વિશ્વાસ જ નથી પડી રહ્યો કે અમને મહાન ભગવાન રામના પ્રતિનિધિની મહેમાનગતિ કરવાનું સૌભાગ્ય પ્રાપ્ત થશે.'

'આભાર, દેવી.' ગોપાલે કહ્યું, 'પરંતુ આપે તો મને મુશ્કેલ પરિસ્થિતિમાં નાખી દીધો છે. આપ મારું નામ જાણો છો. પરંતુ હું આપનું નામ જાણતો નથી.'

'મારું નામ બહમનદોખ્ત છે.'

'બહમનની દીકરી ?' ગોપાલે કહ્યું. તેઓ તેમની પ્રાચીન ભાષા અવેસ્તાથી પરિચિત હતા.

બહમનદોખ્ત હસી. 'આ પણ તેનો એક અર્થ છે પરંતુ મને બીજો અર્થ ગમે છે.'

'અને તે શું છે ?'

'એક સારું મન ધરાવતી કુમારિકા.'

'મને વિશ્વાસ છે કે આપ આ નામને સાર્થક કરતાં જ હશો, દેવી.'

'હું મારો બનતો પ્રયત્ન કરું છું, માનનીય ગોપાલ.'

ગોપાલ હસ્યા અને તેઓએ નમસ્કાર કહીને હાથ જોડી દીધા.

મોટાભાગના પરિહાવાસીઓથી અલગ જ, જેઓએ અત્યાર સુધી શિવની ઉપેક્ષા જ કરી હતી, બહમનદોખ્તે માથું નમાવી નીલકંઠને સંબોધન કર્યું, 'સ્વાગત છે, માનનીય શિવ. આશા રાખું છું કે અમોએ આપને ફરિયાદ કરવાનું કોઈ કારણ આપ્યું નહીં હોય.'

'જરાય નહીં.' શિવે નમ્રતાથી કહ્યું.

'હું જાણું છું કે આપ એક અભિયાન માટે અહીં આવ્યા છો.' બહમનદોખતે કહ્યું, 'હું એટલું દુઃસાહસ તો નહીં કરું કે અમારી પૂરી જનજાતિ તરફથી કહું પરંતુ અંગત રીતે હું આશા રાખું છું કે આપ સફળ થાવ. ભારત અને પરિહા પ્રાચીન સંબંધોથી એકબીજા સાથે જોડાયેલા છે. જો કંઈક એવું કરવાનું હશે, કે જે આપના દેશના હિતમાં છે, તો મને વિશ્વાસ છે કે સહાય કરવી એ અમારું કર્તવ્ય છે. આ એ આજ્ઞા છે જે ભગવાન રુદ્રે અમારા માટે નક્કી કરી છે.'

શિવે આ સૌજન્યતાનો સ્વીકાર કર્યો અને હાથ જોડીને નમસ્કાર કર્યા. 'મારો દેશ આ ભાવનાનો સંપૂર્ણપણે પડઘો પાડશે, દેવી બહમનદોખ્ત.'

બહમનદોખ્તે દૂર ઊભેલી એક સ્ત્રી ઉપર નજર નાખી. શિવે એની નજરનો પીછો કર્યો અને પરંપરાગત પરિહાઈ વસ્ત્રો પહેરેલી એક લાંબી સ્ત્રી પર તે નજર અટકી ગઈ. વસ્ત્રો સિવાય પણ એ સ્પષ્ટ લાગતું હતું કે તેણી પરિહાની મૂળ નિવાસી નથી. તાંબાના જેવો રંગ ધરાવતી અને ગાઢા કાળા વાળવાળી તે સ્ત્રીની મોટી મોટી આંખો અને કમનીય દેહ બીજી સ્થાનિક છોકરીઓથી અલગ જ હતો. તે ખરેખર આકર્ષક યુવતી હતી.

'માનનીય શિવ.' બહમનદોખ્તે નીલકંઠનું ધ્યાન પાછું ખેંચતાં કહ્યું, 'મારી સહાયિકા આપને આપના કક્ષમાં લઈ જશે.'

'ધન્યવાદ.' શિવે કહ્યું.

જ્યારે ગોપાલ અને શિવને લઈ જવામાં આવી રહ્યા હતા તો નીલકંઠે પાછળ ફરીને જોયું. પેલી રહસ્યમય સ્ત્રી ત્યાં ન હતી.



શિવ અને ગોપાલને એક મોટા કમરામાં લઈ જવામાં આવ્યા જ્યાં બે અલગ અલગ શયનકક્ષ હતા. આ શયનખંડમાં વિલાસની દરેક વસ્તુ હતી જેની કલ્પના કરી શકાતી હતી.

દૂરના છેડે આવેલી દરવાજા આકારની બારીઓ મોટી અટારીમાં ખૂલતી હતી, જ્યાં મોટાં મોટાં આરામદાયક ઢળતાં આસનો અને કપડાંથી મઢેલા મુઢા રાખ્યા હતા, જે કામ આવે ટેબલનું પણ કામ કરતા હતા. બેઠકખંડમાં એક તરફ ફુવારો હતો, જેનું ઝરતું પાણી શાંતિ આપે તેવો કલરવ કરતું હતું. દીવાલથી દીવાલ સુધીનો નરમ ગાલીચો પાથરેલો હતો. ગાલીચા પર અનેક આકારો ગૂંથવામાં આવ્યા હતા અને ગાદીઓ જુદા જુદા ખૂણાઓમાં સજાવવામાં આવી હતી જે નીચે બેસવા માટે કહેણ મોકલતી હતી. એક ખૂણામાં ચોકના લાકડામાંથી બનાવેલું ટેબલ હતું જેની પાસે ગાદી સજાવેલી ખુરશીઓ હતી. એક બીજા ખૂણામાં અતિથિના મનોરંજન માટે પરિહાઈ સંગીતનાં વાદ્ય રાખવામાં આવ્યાં હતાં. સોનાચાંદીનો ઓપ ચઢાવેલી વસ્તુઓથી ઓરડો ભરેલો હતો. આ સ્વદ્રીપ રાજવંશની તુલનાએ વધારે આડંબરપૂર્ણ હતો.

બંને શયનખંડોમાં રેશમી ચાદરો સાથે આરામદાયક નરમ ગાદલાં હતાં. પથારીઓની પાસે નાના મેજ પર ફળોથી ભરેલાં પાત્ર હતાં. ત્યાં સુધી કે કબાટમાં પરિહાઈ વસ્ત્રો સાથે બીજાં વસ્ત્રો ખાસ બનાવીને રાખવામાં આવ્યાં હતાં.

શિવે આંખોમાં શરારતના ભાવ સાથે ગોપાલ તરફ જોયું અને ધીરેથી હસી લીધું, 'મને લાગે છે કે આ તુચ્છ કક્ષ જ પૂરતો થશે.'

ગોપાલે પણ હસીને સાથ આપ્યો.



પ્રકરણ-૩૭

ન ધારેલી મદદ

વૈભવશાળી ભોજન પછી ગોપાલ અને શિવ આરામ અને આળસ માણવા પોતાના કક્ષમાં પાછા આવી ગયા. ઓરડાના ફુવારાએ શિવનું ધ્યાન ખેંચ્યું, શિવે કહ્યું, ‘પંડિતજી, આને પાણી ક્યાંથી મળતું હશે ?’

‘આ ફુવારા માટે ?’ ગોપાલે પૂછ્યું.

‘એ બધા જ ફુવારાઓ, સરોવરો અને જળધોધના માટે, જેને આપણે જોયા છે. ચોખ્ખી વાત કરું તો આ નગર અને એ ઉપવનોના નિર્માણમાં પણ ખૂબ જ માત્રામાં પાણીની જરૂરત પડી હશે. આ રણવિસ્તારમાં ભાગ્યે જ કોઈ કુદરતી નદી છે. મને કહેવામાં આવ્યું હતું કે અહીં નિયમિત વરસાદ પણ નથી પડતો. તો આ પાણી ક્યાંથી આવે છે ?’

‘આ તેઓના ઇજનેરોની દેણ છે.’

‘એવું કેવી રીતે ?’

‘પરિહાની ઉત્તરમાં મોટાં મોટાં કુદરતી ઝરણાં છે.’

‘એ તો પથ્થરો અને જમીનમાં રહેલું પાણી હશેને ?’

‘હા.’

‘પરંતુ ઝરણામાં તો એટલું પાણી નથી હોતું.’

‘સાચી વાત, પરંતુ અભાવ જ પ્રતિભાને વિકસાવે છે. જ્યારે તમારી પાસે પૂરતું પાણી નથી હોતું તો તમે તેનો યોગ્ય રીતે ઉપયોગ કરવાનું શીખી જાવ છો. નગરમાં આપે જે ફુવારાઓ અને જળધારાઓ જોઈ તેમાં ફરીથી ઉપયોગમાં લેવાની પાણીની યોજનાનો પ્રયોગ કરવામાં આવ્યો છે.’

શિવે તો પોતાનો હાથ પાણીમાં નાખી દીધો હતો, તે તરત બહાર કાઢી લીધો.

ગોપાલ ધીમેથી હસ્યા, ‘ચિંતા ન કરો, મિત્ર. આ પાણીને ઉકાળી દેવામાં આવ્યું છે અને તે બિલકુલ સ્વચ્છ છે. એ તો પીવા માટે પણ યોગ્ય છે.’

‘હું આપની વાત પર વિશ્વાસ રાખીશ.’

શિવે પ્રસન્નતાપૂર્વક પોતાના હાથ એક શુદ્ધ કરેલા રૂમાલથી લૂછયો તો ગોપાલ હસવા લાગ્યા.

‘આ ઝરાઓ કેટલે દૂર છે ?’

'આ નગરને પાણી પૂરું પાડતા ઝરાઓ પચાસથી સો ગાઉ દૂર છે.' ગોપાલે કહ્યું.

શિવે ધીમી સીટી મારી. 'એ તો ખૂબ જ દૂર કહેવાય. તેઓ આટલી મોટી માત્રામાં અહીં સુધી પાણી કેવી રીતે લાવે છે ? મેં તો કોઈ નહેર પણ ન જોઈ.'

'અરે, તેઓ પાસે નહેરો છે, પરંતુ આપ તેને જોઈ ન શકો કારણ કે તે જમીનની અંદર છે.'

'શું તેઓએ જમીનની અંદર નહેરો બનાવી છે ?' સ્તબ્ધ શિવે પૂછ્યું.

'એટલી મોટી અને પહોળી નહીં, જેટલી આપણા દેશમાં હોય છે, પરંતુ તે હેતુ પાર પાડે છે. તેઓએ એવી નહેરો બનાવી છે જે જમીનની અંદર નાળાના આકારની હોય છે, જે ઝરણા પાસેથી શરૂ થતી હોય છે.'

'પરંતુ પાણીને લઈ આવવા માટે સો ગાઉ બહુ જ લાંબુ અંતર છે. તેઓ એવું કેવી રીતે કરી શકે છે ? શું તેઓ પાસે જમીનની અંદર જળયંત્ર છે જે પશુઓ દ્વારા સંચાલિત થાય છે ?'

'ના. આ કામ માટે તેઓ કુદરતનાં સર્વાધિક -- શક્તિશાળી બળોમાંથી એકનો ઉપયોગ કરે છે.'

'કયું ?'

'ગુરુત્વાકર્ષણ. તેઓએ ઓછા ઢાળવાળી જમીનની અંદર નહેર બનાવી હતી જે સો ગાઉથી પણ વધારે લાંબી છે. ગુરુત્વાકર્ષણના બળના કારણે કુદરતી રીતે પાણી નીચે વહે છે.'

'અદ્ભુત, પરંતુ એવી કોઈ વસ્તુ બનાવવા માટે ઉચ્ચ કોટિની શુદ્ધ ઇજનેરી કુશળતાની જરૂરત પડી હશે.'

'સાચું કહો છો. બહુ જ દૂર સુધી ઢાળના ખૂણાઓ સંપૂર્ણ રીતે યોગ્ય હોવા જોઈશે. જો ઢાળ જરૂરત કરતાં થોડા પણ ઊંચા થાય તો પાણી નહેરના તળિયે જમા થવા માંડશે અને સમય જતાં તેનો નાશ કરી દેશે.'

'અને જો ઢાળ થોડો પણ વધારે મંદ થાય તો પાણી વહેવું બંધ કરી દેશે.'

'એકદમ બરાબર.' ગોપાલે કહ્યું, 'આપ હવે કલ્પના કરી શકો છો કે આ પ્રકારની યોજનાને કાર્યરત કરવા માટે કેટલી દોષરહિત રચના કરવાની જરૂરત પડે છે.'

'પરંતુ તેઓએ ક્યારે...'

દરવાજે પડેલા હળવા ટકોરાએ શિવને બોલતા રોકી લીધા. તેઓએ તરત પોતાનો અવાજ ધીમો કરીને તરત જ કહ્યું : 'પંડિતજી, આપ કોઈના આવવાની રાહ જોતા હતા ?'

ગોપાલે પોતાનું માથું હલાવ્યું, 'ના. અને આપણો રક્ષક ક્યાં છે ? શું તેણે આગંતુકના આવવાની સૂચના આપવી ન જોઈએ ?'

શિવે પોતાની તલવાર ખેંચી લીધી અને ધીમા પગલે દરવાજા તરફ આગળ વધતાં, ગોપાલને પોતાની પાછળ આવવાનો ઇશારો કર્યો. ગોપાલ માટે સૌથી સુરક્ષિત સ્થાન શિવની પાછળ ઊભા રહેવામાં હતું. વાસુદેવ પ્રમુખ બ્રાહ્મણ હતા, યોદ્ધા નહીં. શિવે દરવાજા પાસે રાહ જોઈ. હળવા ટકોરા ફરી સંભળાયા.

શિવ પાછળ ફર્યા અને સાવ ધીમા અવાજે ગોપાલને કહ્યું, 'જેવો હું એ ઘૂસણખોરને અંદર ખેંચું, દરવાજો બંધ કરી દેજો.'

શિવે તલવાર હાથમાં પકડી, દરવાજો ખોલ્યો અને એક ઝટકામાં ઘૂસણખોરને અંદર ખેંચીને જમીન પર પાડી દીધો. ગોપાલે પણ એટલી જ ચપળતાથી દરવાજો બંધ કરી દીધો અને સાંકળ લગાવી દીધી.

'હું એક મિત્ર છું.' એક સ્ત્રીસ્વરે કહ્યું. તેણીના હાથ શરણાગતિમાં ઊંચા થઈ ગયા હતા.

શિવ અને ગોપાલ જમીન પર પડેલી સ્ત્રીને જોતા રહ્યા. તેણીનું મોં પડદામાં છુપાયેલું હતું.

તેણી ધીરે ધીરે ઊભી થઈ. તેણીની આંખો શિવની તલવાર પર ચોંટેલી હતી, 'આપને

એની જરૂરત નથી. પરિહાવાસી પોતાના અતિથિની હત્યા કરતા નથી. આ ભગવાન રુદ્રનું વિધાન છે.'

શિવ તેઓની તલવાર નીચી કરવા તૈયાર ન થયા, 'તમારો ચહેરો બતાવો.' તેઓએ હુકમ કર્યો.

સ્ત્રીએ પોતાના મોં પરનું આવરણ દૂર કર્યું. 'આપ પહેલા મને જોઈ ચૂક્યા છો, મહાનીલકંઠ.'

શિવ તરત જ એ ઘૂસણખોરને ઓળખી ગયા. એ પેલી કાળા વાળવાળી રહસ્યમય સ્ત્રી હતી જેને તેઓએ બહમનદોખ્ત સાથે વાતો કરતી વખતે બારણા પાસે ઊભેલી જોઈ હતી.

શિવ હસી પડ્યા. 'હું વિચારતો જ હતો કે હવે ફરી હું તને ક્યારે જોઈશ ?'

'હું મદદ કરવા આવી છું.' એ સ્ત્રીએ કહ્યું. તેણી હજી પણ તલવાર પરથી તેની નજર દૂર કરી શકી નહોતી. 'અરે માટે હું ફરીથી કહીશ કે આપને ખરેખર તેની જરૂરત નથી. અમે પરિહાવાસી ભગવાન રુદ્રના વિધાનને ક્યારેય તોડતા નથી.

શિવે પોતાની તલવાર મ્યાનમાં મૂકી દીધી, 'તને એવું કેમ લાગે છે કે અમને તારી મદદની જરૂરત છે ?'

'એ જ કારણથી જેમ કે આપને અહીં આપની તલવારની જરૂરત નથી. અમે વાયુપુત્ર ક્યારેય પણ ભગવાન રુદ્રનું વિધાન તોડતા નથી. હું અહીં એ મેળવવા આપને મદદ કરવા આવી જે માટે આપ આવ્યા છો...'

એ સ્ત્રીને નરમ ગાદી ઉપર આરામથી બેસાડી શિવ અને ગોપાલ પણ તેની સામે ત્યાં બેસી ગયા.

'તમારું નામ શું છે ?' શિવે બહુવચન વાપરી પૂછ્યું, 'તમે અમને શા માટે મદદ કરવા માગો છો ?'

'મારું નામ શહરજાદ છે.'

શહરજાદ એક એવું નામ હતું જેનું મૂળ પ્રાચીન પરિહા ભાષામાં હતું. એ વ્યક્તિ જે શહેરોને મુક્તિ અપાવે છે.

શિવે આંખો ઝીણી કરી. 'આ ખોટી વાત છે. તમે આ દેશનાં નથી. તમારું અસલી નામ શું છે ?'

'હું પરિહાની જ છું. આ જ મારું નામ છે.'

'જો તમે અમને તમારું અસલી નામ પણ નહીં બતાવશો તો અમે તમારા ઉપર કેવી રીતે વિશ્વાસ મૂકીશું ?'

'આપના અભિયાન સાથે મારા નામનો કોઈ સંબંધ નથી. વાયુપુત્રોની સભા, અમર્ત્યખંડ, આપના અભિયાન બાબતે શું વિચારે છે, એ સાથે જ ખરેખર આપને લાગેવળગે છે.'

'અને તમે અમને જણાવી શકો છો કે તેઓ શું વિચારે છે ?' ગોપાલે પૂછ્યું.

'એ માટે તો હું અહીં આવી છું. હું આપને બતાવી શકું તેમ છું કે આપને આપનું અભિયાન પૂરું કરવા માટે શું કરવું જોઈશે.'



વાસુદેવ જાતિના પ્રમુખની વિધિસરની પદવી 'મિત્રા' હતી, જેનો સાહિત્યિક અર્થ થાય 'મિત્ર', કારણ કે તે વાયુપુત્ર પ્રભુ અહુર મઝદાના ખાસ મિત્ર થતા હતા.

ઘણા બધા પરમાત્માની હિંદુ માન્યતા પ્રમાણે અહુર મઝદા એક નિરાકાર ઈશ્વર છે અને 'મિત્રા' પૃથ્વી ઉપર તેઓના પ્રતિનિધિ થતા હતા. ભગવાન રુદ્રે એ નક્કી કર્યું હતું કે વાયુપુત્ર પ્રમુખ માટે 'મિત્રા'ની પ્રાચીન પદવીનો ઉપયોગ કરવામાં આવશે. જ્યારે કોઈ વ્યક્તિ 'મિત્રા' બનતા હતા તો તેઓનાં જૂનાં નામ સહિત તેઓની અગાઉની બધી જ ઓળખાણ લુપ્ત થઈ જતી હતી. તેઓ પોતે પોતાના અગાઉના પરિવારથી પણ પોતાને સંપૂર્ણ રીતે અલગ કરી લેતા હતા. તે પછી બધા જ લોકો તેઓને 'મિત્રા' નામથી જ જાણતા હતા.

જ્યારે મિત્રાએ વરંડામાં સામાન્ય અવાજ સાંભળ્યો ત્યારે તેઓ પોતાના કાર્યાલયના અંદરના કક્ષમાં હતા. ચંદ્રનો ધુંધળો પ્રકાશ, જેનાથી કશું દેખાતું ન હતું, પરંતુ જ્યારે મિત્રા ત્યાં ગયા તો તેઓને ખબર પડી કે ત્યાં કોણ છે.

તેઓએ એક કોમળ સ્ત્રીસ્વરને ધીમેથી બોલતો સાંભળ્યો. 'મહામિત્રા, મેં તેને તેઓની પાસે મોકલી દીધી છે.'

'ધન્યવાદ, બહમનદોખ્ત. વાયુપુત્ર સદાય તમારા ઋણી રહેશે, કારણ કે તમે અમારા અભિયાન અને ભગવાન રુદ્ર પ્રતિ અમારા સોગન પૂરા કરવામાં અમને મદદ કરી છે.'

બહમનદોખ્તે નમન કર્યું. એક સમય હતો જ્યારે તે એ વ્યક્તિને પ્રેમ કરતી હતી જે હવે મિત્રા બની ગયો હતો, પરંતુ જ્યારે તેણે પ્રમુખ તરીકે પોતાનો કાર્યભાર સંભાળ્યો તો બહમનદોખ્તે તેઓ પ્રતિ મનમાં બસ એક જ ભાવના રાખી હતી -- સમર્પણ અને સન્માન.

તેણી શાંતિથી જતી રહી.

મિત્રા બહમનદોખ્તની પાછળ ખસતી આકૃતિને જોતા રહ્યા અને પછી પોતાના કક્ષમાં પાછા જતા રહ્યા. તેઓ પોતાની સાધારણ બેઠક પર બેઠા, પાછળ ટેકો લીધો અને આંખો બંધ કરી દીધી. પુરાણી યાદો હજી પણ તેઓના મનમાં તાજી હતી, જાણે કાલની જ વાત કેમ ન હોય -- પોતાના નજીકના મિત્ર અને બનેવીના ભાઈ મનોભૂ સાથે થયેલ વાર્તાલાપ

'શું આપને ખાત્રી છે, મનોભૂ ?' એ પરિહાવાસીઓ પૂછ્યું જે મિત્રા બનવાનો હતો.

પોતાના મિત્ર અને સાથી વાયુપુત્રને જોઈને એ તિબેટીયને ક્રોધનો દેખાવ કર્યો.

'હું કોઈ અનાદર કરી રહ્યો નથી, મનોભૂ, પરંતુ મને આશા છે કે આપ સમજતા તો હશો જ કે જે આપણે કરી રહ્યા છીએ, તે ગેરકાનૂની છે.'

મનોભૂએ પોતાની જાડા વાળવાળી દાઢીને ખણતાં ખણતાં, પોતાના હોઠ પર હળવા હાસ્યને આવવા દીધું. તેઓના જટાધારી વાળ મોતીની એક માળાથી બાંધેલા હતા જે તેઓની જનજાતિ સાહસિક ગુણવાળાઓની શૈલી હતી. તેઓનું શરીર જીવનભર લડેલા યોદ્ધાના ઊંડા ઘાથી ભરપૂર હતું. તેઓનું લાંબુ, બળવાન શરીર હંમેશા સતર્ક સ્થિતિમાં સદા યુદ્ધ માટે તૈયાર રહેતું હતું. તેઓનું આચરણ, તેઓનાં વસ્ત્ર, તેઓના વાળ -- બધું જ એક સાહસિક યોદ્ધાનું પ્રતિબિંબ પાડતું હતું, પરંતુ તેઓની આંખો જુદી જ હતી. તે તેઓના શાંત મનની બારી સમાન હતી, જેણે પોતાનો હેતુ પામી લીધો હતો અને હવે શાંત હતી. મનોભૂની આંખો હંમેશા એ પરિહાઈને બાંધી લેતી હતી અને તેને પોતાનો અનુયાયી બનવા મજબૂર કરી દેતી હતી.

'જો આપનું મન ડગુમગુ હોય, મારા મિત્ર,' મનોભૂઓ કહ્યું 'તો આપને તેમ કરવાની જરૂર નથી.'

પરિહાઈ બીજી તરફ જોવા લાગ્યો.

'આ પ્રમાણે કરવા માટે એવું કોઈ દબાણ અનુભવશો નહીં કે આપ મારા સંબંધી છો.' મનોભૂઓ આગળ કહ્યું જેના ભાઈઓ પરિહાઈની બહેન સાથે લગ્ન કર્યા હતાં.

પરિહાઈએ ફરી તેઓ તરફ જોયું, 'કારણ શા માટે મહત્ત્વનું છે ? મહત્વ તો પરિણામ છે. મહત્ત્વની વાત તો એ છે કે ભગવાન રુદ્રના આદેશનું પાલન કરવામાં આવી રહ્યું છે કે નહીં.'

મનોભૂએ પરિહાઈની નજરને બાંધી રાખી હતી. તેઓની આંખોમાં રમૂજનો ભાવ હતો. 'ભગવાન રુદ્રના આદેશની આપને મારા કરતાં વધારે જાણ હોવી જોઈએ. છેવટે તેઓ પણ પરિહાઈ હતા -- આપની જેમ.'

પરિહાઈએ વ્યગ્રતા સાથે એક છાની નજર કક્ષના પાછળના ભાગ તરફ નાખી, જ્યાં એક પાત્રમાં વિચિત્ર મિશ્રણ ઊકળી રહ્યું હતું, નીચે સળગતી આગ સ્થિર અને બરાબર હતી.

મનોભૂ આગળ આવ્યા અને તેઓએ પોતાનો હાથ પરિહાઈના ખભા પર મૂક્યો. 'મારા ઉપર વિશ્વાસ રાખજો, સોમરસ બૂરાઈમાં બદલાઈ રહ્યો છે. ભગવાન રુદ્ર પણ આપણી પાસે આ જ કરાવત. જો સભા સહમત ન થાય તો તેઓ જાણો. આપણે તો બરાબર જોઈશું કે ભગવાન રુદ્રના આદેશોનું બરાબર પાલન થાય.'

પરિહાઈએ મનોભૂ તરફ જોયું અને ઊંડો શ્વાસ લીધો, 'આપને વિશ્વાસ છે કે આપના ભત્રીજામાં આ અભિયાનને પૂરું કરવાની કાબેલિયત છે ? કે એક દિવસ તે ભગવાન રુદ્રનો ઉત્તરાધિકારી બની શકે છે ?'

મનોભૂ હસ્યા, 'ઓ આપનો ભાણિયો છે. એની મા આપની બહેન છે.'

'જાણું છું, પરંતુ એ છોકરો મારી સાથે રહેતો નથી. તે આપની સાથે રહે છે -- તિબેટમાં. હું તો તેને ક્યારેય મળ્યો પણ નથી અને એ પણ જાણતો નથી કે ક્યારેય મળીશ કે નહીં. અને આપ તો મને તેનું નામ સુધ્ધાં બતાવવા તૈયાર નથી. એટલા માટે ફરીથી પૂછું છું : શું આપને વિશ્વાસ છે કે તે એ જ છે ?'

'હા.' મનોભૂને પોતાના વિશ્વાસમાં પૂરો આત્મવિશ્વાસ હતો. 'તે એ જ છે. તે મોટો થઈને નીલકંઠ બનશે. તે એ જ હશે જે ભગવાન રુદ્રના આદેશોને પૂરા કરશે. તે બૂરાઈને સારા-નરસાનાં લેખાંજોખાંમાંથી બહાર લાવી દેશે.'

'પરંતુ તેને શિક્ષણ આપવું પડશે. તેને તૈયાર કરવો પડશે.'

'હું તેને તૈયાર કરીશ.'

'પરંતુ તેનો અર્થ જ શું છે ? નીલકંઠ પ્રગટ થાય તેને વાયુપુત્રોની સભા અટકાવે છે. અમારો ભાણિયો કઈ રીતે ઓળખાશે ?'

'યોગ્ય સમય આવશે એટલે હું તેની ગોઠવણ કરી દઈશ.' મનોભૂઓ કહ્યું.

પરિહાઈના કપાળે કરચલીઓ પડી. 'પરંતુ આપ કેવી રીતે--'

'તે મારા પર છોડી દો.' મનોભૂએ વાત કાપી નાખતાં કહ્યું. 'જો તેને નહીં ઓળખવામાં આવે તો એનો અર્થ એ હશે કે બૂરાઈનો સમય હજી આવ્યો નથી. બીજી બાજુ જો હું એ નક્કી કરી દઉં કે તે જડી ગયો છે...'

'...તો આપણે જાણી જઈશું કે બૂરાઈઓ માથું ઊંચકયું છે.' પરિહાઈએ મનોભૂનું વાક્ય પૂરું કર્યું.

મનોભૂઓ માથું ધુણાવ્યું અને પોતાના ભાઈના સાળાની વાતમાં અસંમત થતાં મનોભૂ બોલ્યા, 'યોગ્ય શબ્દોમાં કહીએ તો આપણે જાણી લઈશું કે સારપ બૂરાઈમાં બદલાઈ ગઈ છે.'

ઓરડાના દૂરના કિનારે ઊઠતા હળવા અવાજ વાતચીતમાં ખલેલ પહોંચાડી. ઔષધિ તૈયાર હતી. બંને મિત્રો આગની પાસે ગયા અને તેઓએ પાત્રમાં જોયું. એક ગાઢી, ભૂરો લેપ બની ગયો હતો. નાના નાના પરપોટા સપાટી પર દેખાઈ રહ્યા હતા.

'હવે બસ એને ઠંડો કરવાનો છે. કામ થઈ ગયું.' પરિહાઈએ કહ્યું.

મનોભૂઓ પોતાના ભાઈના સાળાને જોયો, 'ના, મારા મિત્ર, કામ તો બસ હવે શરૂ થયું છે.'

મિત્રાએ વર્તમાનમાં પાછા ફરતાં ઊંડો શ્વાસ લીધો. તેઓ ધીમેથી બોલ્યા, 'મેં ક્યારેય

વિચાર્યું નહોતું કે આપણો વિદ્રોહ સફળ થઈ જશે, મનોભૂ.'

તેઓ તેમની બેઠક પરથી ઊઠયા, વરંડા સુધી ગયા અને ઉપર આકાશને જોયું. પુરાણા સમયમાં, તેઓની જનજાતિના લોકો માનતા હતા કે મહાન લોકો જ્યારે પોતાના નશ્વર શરીરનો ત્યાગ કરી દે છે તો ઉપર તારાઓ સાથે રહેવા ચાલ્યા જાય છે અને ત્યાંથી તેઓને જોતા રહે છે. મિત્રાએ પોતાની આંખ એ ખાસ તારા ઉપર કેન્દ્રિત કરી અને હસ્યા : 'મનોભૂ, અમારા ભાણિયાનું નામ શિવ રાખવું તે સારો વિચાર હતો. એ ધારવામાં મને મદદ કરવાનો તે સારો ઇશારો છે કે તેઓ એ જ છે.'



'સૌથી પહેલાં તો મને એ બતાવવા દો કે મોટાભાગના વાયુપુત્ર આપની વિરુદ્ધમાં છે.' શહરજાદે કહ્યું.

'આ કોઈ બહુ મોટું રહસ્ય નથી.' શિવે સાવ નિરસતા સાથે કહ્યું.

'જુઓ, આપ ખરેખર તો વાયુપુત્રોને દોષ આપી ન શકો. અમારું વિધાન બહુ જ સ્પષ્ટ છે, જે કહે છે કે ફક્ત અમારામાંથી જ, તેઓમાંથી જેઓને વાયુપુત્ર સમૂહે અધિકૃત કર્યા છે, કોઈ નીલકંઠ બની શકે છે. આપ ખબર નહીં ક્યાંથી ટપકી પડ્યા છો. વિધાન અમને રજા નથી આપતું કે અમે આપ જેવી કોઈ વ્યક્તિને માન્યતા આપીએ અથવા તેને મદદ કરીએ.'

'અને છતાંય તમે અહીં છો.' શિવે કહ્યું, 'મને નથી લાગતું કે તમે એકલા જ કામ કરી રહ્યા છો. મેં જ્યારે તમને વરંડામાં જોયા હતા તો તમે ત્યાં પાછળ ઊભા હતા -- લગભગ છુપાઈને. મારો દાવો છે કે તમે સંપૂર્ણ રીતે સ્વીકાર પામેલા વાયુપુત્ર નથી. હું એ નથી માની શકતો કે તમારા જેવી કોઈ વ્યક્તિમાં એટલું સાહસ હોય કે તે આ બધું એકલા કરે. કોઈ શક્તિશાળી પરિહાઈ તમારા થકી આ બધું કરાવે છે, જેનાથી મને વિશ્વાસ બેસે છે કે કેટલાક વાયુપુત્ર માને છે, જે હું કહી રહ્યો છું, તે સાચું છે કે બૂરાઈએ માથું ઉઠાવ્યું છે.'

શહરજાદ હળવાશથી હસી, 'હા, કેટલાક અત્યંત -- શક્તિશાળી વાયુપુત્ર એવા છે જે આપના પક્ષમાં છે, પરંતુ તેઓ ખુલ્લા દિલે આપને મદદ નથી કરી શકતા. મોટાભાગના બનાવટી નીલકંઠની જગ્યાએ આપનો નીલકંઠ વાસ્તવિક છે. એમાંથી એક ન છટકી શકાય તેવો નિષ્કર્ષ નીકળે છે. કોઈ વાયુપુત્રે કેટલા દસકાઓ પહેલાં આપને મદદ કરી છે. શું આપ એ ગરબડની કલ્પના કરી શકો છો જે આ વાતે ફેલાવી હતી ? આપના પ્રાગટ્ય પછી કલ્પના બહારના આક્ષેપો થયા છે. પરિહાની અંદર જ લોકો એકબીજા પર ભગવાન રુદ્રના વિધાનને તોડવાનો અને છૂપી રીતે ત્યારે આપને મદદ કરવાનો આરોપ લગાવી રહ્યા છે જ્યારે આપ નાના હતા. સ્વામી મિત્રાએ જ્યાં સુધી તેને સમાપ્ત ન કર્યું ત્યાં સુધી આ વાયુપુત્રોને અલગ અલગ કરી દેતા હતા. તેઓએ ઘોષણા કરી કે અમારા સમુદાયે આપને નીલકંઠના રૂપમાં અધિકૃત નથી કર્યા અને કદાચ આ આપના પોતાના દેશમાં જ કોઈકનું કામ છે.'

'તો શું કોઈ વાયુપુત્ર મને મદદ કરે તો તેને દ્રોહીના રૂપમાં જોવામાં આવશે જેણે અનેક વર્ષો પહેલાં આ બધાની શરૂઆત કરી હતી ?'

'એકદમ બરાબર.' શહરજાદે ઉત્તર આપ્યો.

'તો પછી રસ્તો શું છે ?' ગોપાલે પૂછ્યું.

'આપ, સ્વામી વાસુદેવ પ્રમુખ, આ અભિયાનનું નેતૃત્વ કરો.' શહરજાદે કહ્યું, 'માનનીય શિવ પડદા પાછળ રહે. નીલકંઠને નહીં, પરંતુ ન્યાયની માંગ કરતા વાસુદેવ સમૂહના સભ્ય

તરીકે આપને મદદ કરવાની માંગ કરો. પ્રભુ રામના પ્રતિનિધિની ન્યાયપૂર્ણ માંગને તેઓ નકારી નહીં શકે.'

'આનો શું અર્થ ? હું સમજ્યો નહીં.'

'નીલકંઠને શું જોઈએ છે, માનનીય ગોપાલ ?' શહરજાદે કહ્યું, 'મેલુહાને ધમકી આપવા બ્રહ્માસ્ત્રની...'

'તમને આ કેવી રીતે...'

'આપનો આદર કરું છું પરંતુ નકામા પ્રશ્નનો ન કરતા, માનનીય ગોપાલ અને માનનીય શિવ, આપને શું જોઈએ છે તે સ્પષ્ટ છે. અમારે એવો સર્વશ્રેષ્ઠ માર્ગ કાઢવો પડશે કે આપ તે મેળવી શકો. જો આપ બ્રહ્માસ્ત્ર માંગશો કારણ કે આપ બૂરાઈથી લડી શકો, તો આપ ખુદને બૂરાઈ શું છે, એ નિર્ણય લેવામાં માનનીય શિવને યોગ્યતા અંગે ઉઠેલા પ્રશ્નનો સામે ઊભેલા જોશો -- કારણ કે અમે બધા જ જાણીએ છીએ કે તેમને વાયુપુત્રો મારફત અધિકૃત કે પ્રશિક્ષિત કરવામાં આવ્યા નથી. એ સિવાય આપ એવી વ્યક્તિ દ્વારા ભારતભૂમિ ઉપર કરવામાં આવેલા અપરાધ માટે ન્યાય માગો જેને ભૂતકાળમાં વાયુપુત્રોએ મદદ કરી હતી. અને અપરાધ શું હતો ? દૈવી શસ્ત્રોનો ગેરકાયદે ઉપયોગ.'

'મુનિવર ભૃગુ...' ગોપાલે પંચવટીમાં મહર્ષિ દ્વારા દૈવી શસ્ત્રોના પ્રયોગને યાદ કરતાં કહ્યું.

'બિલકુલ સાચું. ભગવાન રુદ્રનું વિધાન એ સ્પષ્ટ કહે છે કે દૈવી શસ્ત્રોના પહેલા ગેરકાયદે ઉપયોગનો દંડ ૧૪ વર્ષનો વનવાસ છે. બીજા ઉપયોગનો દંડ મૃત્યુદંડ છે. સભામાં બહુ જ લોકો એ વાતે સંમત છે કે મહર્ષિ ભૃગુને દૈવી શસ્ત્રોનો ઉપયોગ કરવા છતાં બહુ જ સરળતાથી તેઓને છોડી મૂકવામાં આવ્યા છે.'

'એટલે કે વાસુદેવ ખુદ પોતાને ભગવાન રુદ્રના ન્યાયના પાલનકર્તાના રૂપમાં રજૂ કરે ?'

'બરાબર કહ્યું. આ મુદ્દા પર કોઈપણ વાયુપુત્રને એમ ન કહેતા કે આ અસંભવ છે. આપને કહેવું પડશે કે દૈવી શસ્ત્રો પરનો પ્રતિબંધ તોડવામાં આવ્યો છે અને એવું કરવાવાળા લોકો -- મહર્ષિ ભૃગુ, મેલુહાના સમ્રાટ અને અયોધ્યાના રાજા -- એ સૌને દંડ મળવો જોઈએ અને વાસુદેવોએ ન્યાય કરવાનો નિર્ણય લીધો છે.'

'અને અમે વાયુપુત્રોને કહી શકીએ છીએ' શિવે શહરજાદના વિચારને પૂરો કરતાં કહ્યું, 'કે તેઓ પાસે દૈવી શસ્ત્રોનો આથી પણ વધુ ભંડાર હોઈ શકે છે, એટલે તેઓને યોગ્ય રીતે વર્તવાનું કહેવા માટે પ્રોત્સાહન આપવા અમારે બ્રહ્માસ્ત્ર જોઈએ છે.'

શહરજાદ હસી. 'પોતાના લક્ષ્યને મેળવવા માટે વિધાનનો ઉપયોગ કરો. જ્યારે આપ બ્રહ્માસ્ત્ર મેળવી લેશો તો એને મેલુહાઈ લોકોને ધમકાવવા માટે ઉપયોગ કરો. બૂરાઈને રોકવી જ પડશે, પરંતુ મને આપને બતાવવા માટે કહેવામાં આવ્યું છે કે આપ...'

'અમે ક્યારેય બ્રહ્માસ્ત્રનો ઉપયોગ કરીશું નહીં.' ગોપાલે શહરજાદની વાત કાપતાં કહ્યું.

'આ ફક્ત ભગવાન રુદ્રના વિધાનમાત્રની વાત નથી.' શિવે ઉમેર્યું, 'આટલી ભયંકર શક્તિઓવાળા શસ્ત્રનો પ્રયોગ કરવો માનવતાના વિધાનની વિરુદ્ધ છે.'

શહરજાદે હકારમાં ડોકું ધુણાવ્યું, 'જ્યારે આપ સભાને મળો ત્યારે આગ્રહ કરજો કે આપને માનનીય મિત્રા સાથે એકાંતમાં વાત કરવી છે. તેઓને કહેજો કે આ દૈવી શસ્ત્રોના વિધાનને તોડવાનો મામલો છે. કહેજો કે વાસુદેવ એ લોકોને દંડ આપ્યા વગર નહીં છોડી શકે જેઓએ ભગવાન રુદ્રના વિધાનને તોડયું છે. આટલું પૂરતું થશે. એ પછી માનનીય મિત્રા અને આપ બંને વચ્ચે વ્યક્તિગત વાતચીત થશે. આપ જે ચાહો છો તે આપને મળી જશે.'

શિવ હરયા, તેઓ સમજી ગયા હતા કે વાયુપુત્રોમાં કોણ તેઓને મદદ કરી રહ્યા છે, પરંતુ તેઓ હજી પણ શહરજાદને લઈને, કે પછી જે પણ તેનું મૂળ નામ હતું, તેમાં ઉલઝાયેલા હતા.

'તમે અમને શા માટે મદદ કરી રહ્યાં છો ?' શિવે પૂછ્યું.

'કારણ કે મને તેમ કરવા માટે કહેવામાં આવ્યું છે.'

'મને એ વાત પર વિશ્વાસ નથી. કોઈ બીજી જ વાત તમને પ્રેરણા આપી રહી છે. તમે અમને શા માટે મદદ કરી રહ્યાં છો ?'

શહરજાદ ઉદાસ ભાવ સાથે હસી અને ગાલીચાને જોવા લાગી. પછી તે બાલ્કની તરફ ફરી ગઈ અને રાતના અંધકારને જોવા લાગી. તેણે પોતાની આંખના ખૂણાના એક આંસુને લૂછયું અને પછી શિવ તરફ ફરીથી જોઈ રહી. 'કારણ કે એક વ્યક્તિ હતી જેને ક્યારેક હું પ્રેમ કરતી હતી, જેણે મને કહ્યું હતું કે સોમરસ બૂરાઈમાં પલટાઈ રહ્યો છે અને એ સમયે મેં તેની ઉપર વિશ્વાસ મૂક્યો ન હતો'

'એ વ્યક્તિ કોણ છે ?' ગોપાલે પૂછ્યું.

'હવે એનાથી કોઈ ફેર નહીં પડે.' શહરજાદે કહ્યું, 'તેઓ મૃત્યુ પામી ચૂક્યા છે. તેઓ માર્યા ગયા છે, કદાચ એ લોકોના હાથે જે તેઓને રોકવા માગતા હતા. સોમરસના શાસનને સમાપ્ત કરવું એ મારી માફી માગવાની રીત છે...'

શિવ તેણીની તરફ ઝૂક્યા, સીધા શહરજાદની આંખોમાં જોઈને ધીમેથી બોલ્યા, 'તારા ?'

સ્તબ્ધ થઈ ગયેલી શહરજાદ પાછળ ફરી ગઈ. વર્ષોથી કોઈએ તેને એ નામથી બોલાવી નહોતી. શિવ તેની આંખોને જોતા રહ્યા.

'હે પવિત્ર સરોવર,' તેઓ બબડ્યા, 'તમે જ છો.'

શહરજાદે કંઈ કહ્યું નહીં. બૃહસ્પતિ સાથેના તેના સંબંધને એક રહસ્ય રાખવામાં આવ્યું હતું. પરિહાવાસીઓમાં અનેક લોકોને વિશ્વાસ હતો કે સોમરસ હજી પણ સારપનું એક બળ છે અને મેલુહાના ભૂતપૂર્વ પ્રમુખ વૈજ્ઞાનિક આ વિષયમાં બહુ જ ખરાબ રીતે પૂર્વગ્રહથી પીડાતા હતા. તારા તો એ જ પસંદ કરત કે તેણીને પરિહામાં શહરજાદના રૂપે ન રહેવું પડત, પરંતુ અહીં તેણીની હાજરી તેણીના ગુરુ મહર્ષિ ભૃગુના હેતુને પૂરો કરતી હતી. એ જાણીને કે બૃહસ્પતિ મૃત્યુ પામ્યા છે, તેણીને પોતાની માતૃભૂમિ પાછા ફરવાનું કોઈ કારણ દેખાતું નહોતું.

'પરંતુ તમે તો મહર્ષિ ભૃગુનાં શિષ્યા છો.' શિવે કહ્યું.

'તમે એની વિરુદ્ધ કેમ થઈ રહ્યા છો ?'

'હું તારા નથી.'

'હું જાણ છું કે તમે તારા છો.' શિવે કહ્યું, 'તમે તમારા ગુરુની વિરુદ્ધ કેમ જઈ રહ્યાં છો ? શું તમે જાણો છો કે મહર્ષિ ભૃગુએ જ મંદાર પર્વત ઉપર બૃહસ્પતિને મરાવી નાખ્યો હતો ?'

શહરજાદ ઊભી થઈ ગઈ અને જવા માટે ફરી ગઈ. શિવ ઝડપથી ઊભા થઈ ગયા, તેઓએ હાથ લંબાવીને તેણીનો હાથ પકડી લીધો, 'બૃહસ્પતિ મર્યા નથી.'

અવાક શહરજાદના પગ જાણે જડ થઈ ગયા.

'બૃહસ્પતિ જીવતા છે.' શિવે કહ્યું, 'તેઓ મારી સાથે છે.'

શહરજાદની આંખોમાં આંસુ ઊમટી પડ્યાં. તેણી જે સાંભળી રહી હતી તે પર તેણીને વિશ્વાસ બેસતો નહોતો.

શિવ જરા આગળ નમયા અને તેઓએ કોમળ સ્વરે પોતાની વાત ફરીથી કહી, 'તેઓ મારી સાથે છે. તમારા બુહસ્પતિ જીવતા છે.'

શહરજાદે રડયા કર્યું. વ્યાકુળ પ્રસન્નતાનાં આંસુ તેના ગાલ પરથી વહી રહ્યાં હતાં.

શિવે મૃદુતા સાથે તેણીનો હાથ પોતાના હાથમાં લીધો, 'તારા, જ્યારે અમારું અહીંનું કામ પતી જશે ત્યારે તમે અમારી સાથે પાછાં ફરશો. હું તમને પાછાં લઈ જઈશ. હું તમને તમારા બૃહસ્પતિ પાસે ફરી લઈ જઈશ.'

શહરજાદ શિવના હાથોમાં સમાઈ ગઈ. તેણીનાં આંસુ રોકાતાં ન હતાં. તે ફરીથી તારા બની જશે.



પ્રકરણ-૩૮

પ્રભુનો મિત્ર

તારાએ સમજાવેલી રણનીતિ જાદુ જેવું કામ કરી ગઈ. જ્યારે ગોપાલે અમર્ત્યખંડના સભાગૃહમાં શિવના વિના પ્રવેશ કર્યો તો અમર્ત્યખંડના સભાસદો સ્તબ્ધ થઈ ગયા. જ્યારે ગોપાલે મહર્ષિ ભૃગુ દ્વારા કરવામાં આવેલો દૈવી શસ્ત્રોના દુરુપયોગનો મુદ્દો ઉઠાવ્યો ત્યારે સભાસદો જાણતા હતા કે તેઓને ઘેરી લેવામાં આવ્યા છે. તેઓ પાસે મિત્રાને મળવાની રજા આપવા સિવાય કોઈ વિકલ્પ બચ્યો નહોતો. આ જ વિધાન હતું.

બીજે દિવસે શિવ અને ગોપાલને મિત્રાના વહીવટી સભાકક્ષ અને નિવાસસ્થાન પર લઈ જવામાં આવ્યા. તે નગરના એક ખૂણામાં બનાવવામાં આવ્યું હતું, ક્ષમા પર્વતની અડોઅડ લાગેલું આ છેલ્લું ભવન હતું. પરિહાનાં બાકીનાં મકાનો કરતાં આ ભવન વિશ્વાસ ન બેસે તેટલું સાવ સાધારણ હતું. તેમાં પ્રવેશ કરતાં એક સાદો સભાકક્ષ હતો જેમાં સાધારણ આસનો અને સાદા ગાલીચા હતા. એક રીતે જોઈએ તો આ ભગવાન રુદ્રના અનુયાયીઓના ભૂતકાળની કડી સમાન હતું, જ્યારે લોકો સાદા, સરળતાપૂર્વક બનાવેલા તંબુઓમાં રહેતા હતા, જેને બહુ સરળતાથી ખોલી શકાતા હતા. પૌરાણિક આચારસંહિતાના કોઈ પ્રતિનિધિની જેમ મિત્રા ગરીબાઈ જેવી સાદગીમાં રહેતા હતા, જ્યારે તેઓની પ્રજા વિલાસમાં જીવતી હતી. એકમાત્ર વિલાસ જેને વિલાસ કહેવાય તે એ હતો કે મિત્રાના આવાસ આજુબાજુ નાનકડો બગીચો હતો, જેની રચના સંપૂર્ણ હતી અને તેમાં રંગબેરંગી ફૂલછોડ હતા.

સભાકક્ષમાં શિવ અને ગોપાલને એકલા છોડી દેવામાં આવ્યા અને દરવાજા બંધ કરી દેવામાં આવ્યા. થોડી જ પળોમાં મિત્રાએ પ્રવેશ કર્યો.

શિવ અને ગોપાલ તરત ઊભા થઈ ગયા. તેઓએ પ્રાચીન પરિહાઈ વિધિ પ્રમાણે મિત્રાનું અભિવાદન કર્યું. ડાબા હાથને હૃદય પર મૂક્યો, પ્રશંસારૂપે મુઠ્ઠી ખુલ્લી રાખી હતી. જમણો હાથ શરીરની પાછળ રાખ્યો હતો. મિત્રાએ વિનમ્રતા સાથે હસીને પરંપરાગત ભારતીય રીતે તેઓનું સ્વાગત કરતાં નમસ્કાર કર્યાં.

શિવ હસ્યા પરંતુ મિત્રાની બોલવાની રાહ જોતા શાંત રહ્યા.

મિત્રા એક લાંબા, ગોરી ત્વચા ધરાવતા વ્યક્તિ હતા. તેઓએ સાદો ભૂરા રંગનો પોશાક પહેર્યો હતો. તેઓના લાંબા ભૂરા વાળ પર ચોરસ ટોપી પહેરેલી હતી અને બધા પરિહાવાસીઓની જેમ તેઓની દાઢીના વાળમાં અલગ અલગ હારમાં મોતી ગૂંથેલા હતા.

કોથળા જેવા તેમના પોશાકને લીધે તેમના શરીરનું કદ જાણવું મુશ્કેલ હતું પરંતુ તેઓનું શરીર શક્તિશાળી અને બળવાન હોય તેવું લાગતું હતું, પરંતુ શિવને આકર્ષણ થયું તેઓની લાંબી, પાતળી આંગળીઓવાળા હાથોને જોઈને ! જે યોદ્ધા જેવી નહીં પણ કોઈ વૈધરાજ જેવી વધારે લાગતી હતી, પરંતુ મિત્રાના તીણા, લાંબા નાકે શિવને સૌથી વધુ લલચાવ્યા હતા. તેણે તેઓને તેમની માનું સ્મરણ કરાવી દીધું.

મિત્રા શિવની પાસે આવ્યા અને તેઓએ નીલકંઠના ખભા પકડી લીધા. 'છેવટે આપને મળવાનું કેટલું સારું લાગે છે.'

શિવે જોયું કે મિત્રાએ તેઓના નીલકંઠને કુતૂહલપૂર્વક પણ જોયા ન હતા, જેને જોવા માટે મોટાભાગના લોકો તેમની જાતને રોકી શકતા નથી. મિત્રાનું ધ્યાન તો શિવની આંખો પર લાગેલું હતું.

અને પછી મિત્રાએ એવું કંઈક કહ્યું જે ખરેખર સમજવું અઘરું હતું. 'આપની આંખો આપના પિતા જેવી છે અને નાક મા જેવું.'

શું તેઓ મારા પિતાને જાણતા હતા ? અને મારી માને પણ ?

શિવ સામે કંઈ કહે તે પહેલાં મિત્રાએ કોમળતાથી શિવની પીઠ પર હાથ મૂક્યો અને ગોપાલને જોઈને હસ્યા, 'આવો, બેસીએ.'

જેવા તેઓ સૌ બેઠા એટલે મિત્રા શિવ તરફ ફર્યા, 'હું જોઈ શકું છું કે આપના મનમાં પ્રશ્નનો ઊઠી રહ્યા છે. હું આપનાં માતા-પિતાને કેવી રીતે જાણું છું ? હું કોણ છું ? મિત્રા બનતા પહેલાં મારું નામ શું હતું ?'

શિવ હસી પડ્યા, 'આ આંખો વાંચી લેવાનું કામ ખૂબ જ ખતરનાક છે. તે કોઈને ખાનગી વાત છુપાવવા જ દેતું નથી.'

'ક્યારેક એ મહત્ત્વની વાત હોય છે કે કોઈ ખાનગી વાત જ ન હોય.' મિત્રાએ કહ્યું, 'વિશેષ કરીને જ્યારે આવા મોટા નિર્ણયો લેવામાં આવતા હોય. નહીં તો આપણે કેવી રીતે નક્કી કરી શકીએ કે આપણે યોગ્ય પગલું લીધું છે ?'

'જો આપની ઇચ્છા ન હોય તો ઉત્તર ન આપતા. મારા મનમાં દોડી રહેલા પ્રશ્નનો આપણા અભિયાન માટે એટલા મહત્ત્વના નથી.'

'સાચું કહ્યું. આપને બરાબર તૈયાર કરવામાં આવ્યા છે. ભલેને આ પ્રશ્નો આપના મનને પરેશાન કરતા હોય પરંતુ તે એટલા મહત્ત્વના નથી, પરંતુ છતાંય શું પરેશાન મન સાથે આપણે ખરેખર આપણાં અભિયાનોને પૂરાં કરી શકીશું ?'

'પરેશાન મન વ્યક્તિને તેનું અભિયાન ભુલાવી દઈ શકે છે.' શિવે સ્વીકાર કર્યો.

'અને દુનિયા આપના દ્વારા આપના અભિયાનને ભૂલી જવાનું ચલાવી લેતી નથી, મહા-નીલકંઠ. આપ અમારા માટે અત્યંત મહત્ત્વપૂર્ણ છો. એટલે પહેલાં મને આપના વ્યક્તિગત પ્રશ્નોના ઉત્તરો આપવા દો.'

શિવે નોંધ્યું કે મિત્રાએ તેઓને નીલકંઠ કહ્યા છે, આ એક એવું સંબોધન હતું કે જે હજી સુધી કોઈ પરિહાવાસીએ કર્યું નહોતું.

'મારું નામ મહત્ત્વનું નથી.' મિત્રાએ કહ્યું, 'હવે મારું કોઈ નામ નથી. મારી એકમાત્ર ઓળખાણ મારી પદવી છે : મિત્રા.'

શિવે નમ્રતા સાથે માથું ધુણાવ્યું.

'હવે, હું આપની માતાને કેવી રીતે જાણું છું ? સીધી વાત છે. હું તેઓની સાથે સાથે મોટો થયો હતો. તેઓ મારાં બહેન હતાં.'

શિવની આંખો આશ્ચર્યથી પહોળી થઈ ગઈ, 'આપ મારા મામા છો ?'

મિત્રાએ હકારમાં ડોકું ધુણાવ્યું, 'મિત્રા બન્યા પહેલાં હું આપનો મામો હતો.'

'હું આપને આ પહેલાં કેમ નહોતો મળ્યો ?'

'આ જરા અટપટી વાત છે, પરંતુ એટલું કહેવું પૂરતું થશે કે આપના પિતાના ભાઈ માનનીય મનોભૂ અને હું બહુ જ સારા મિત્રો હતા. હું તેઓને ખૂબ જ માન આપતો હતો. અમે બેઉએ બંને પરિવારો વચ્ચે લગ્ન-સંબંધ સ્થાપીને અમારી મિત્રતાને મજબૂત કરવાનો નિર્ણય લીધો. લગ્ન પછી મારી બહેન માનનીય મનોભૂના ભાઈ સાથે રહેવા માટે તિબેટ ચાલી ગઈ અને એ સંયોગથી આપનો જન્મ થયો.

'પરંતુ મારા કાકાના વિદ્રોહી વિચાર....' શિવે એ ધારણા સાથે કહ્યું કે મિત્રા શા માટે તેઓના પરિવારથી દૂર રહેવા માટે પ્રયત્ન કર્યા કરે છે.

મિત્રાએ માથું ધુણાવ્યું, 'મનોભૂના વિદ્રોહી વિચાર નહોતા. તેઓના વિચારો પ્રેરણાદાયી હતા, પરંતુ પોતાનો સમય આવ્યો ન હોય ત્યારે પ્રેરણા વિદ્રોહ સમાન લાગતી હોય છે.'

'એટલે શું મારા પરિવારથી દૂર રહેવા માટે વાયુપુત્રોએ આપના પર કોઈ દબાણ કર્યું નહોતું ?'

'ઓહ, મારા પર દબાણ કરવામાં આવ્યું હતું, પરંતુ વાયુપુત્રો દ્વારા નહીં.'

શિવ હસ્યા, 'મનોભૂકાકા ક્યારેક ક્યારેક બહુ જ જક્કી થઈ જતા હતા.'

મિત્રાને હસવું આવ્યું.

'આપે એ ક્યારે જાણ્યું કે હું આપનો ખોવાઈ ગયેલો સંબંધી છું ?' શિવે પૂછ્યું, 'શું આપે મારી પાછળ જાસૂસ મૂક્યા હતા ?'

'જે પળે મેં આપનું નામ સાંભળ્યું, આપને હું ઓળખી ગયો હતો.'

'આપને મારા નામની ખબર નહોતી ?'

'ના. મનોભૂએ જણાવવાની ના કહી દીધી હતી. હવે હું તેનું કારણ સમજી શકું છું. આ એક સંકેત હતો જે તેઓ મારા માટે મૂકી ગયા હતા. જો આપ ક્યારેય પ્રગટ થાવ તો હું આપને આપના નામથી જાણી લેત.'

'એ કેવી રીતે ?' શિવે પૂછ્યું. તેઓને સમજણ ન પડી.

'આ લગભગ કોઈ નથી જાણતું, અમે વાયુપુત્રોમાં પણ પણ કોઈ નહીં કે ભગવાન રુદ્રની માતાએ તેઓનું એક વિશિષ્ટ અને વ્યક્તિગત નામ રાખ્યું હતું : શિવ.'

'શું ? '

'હા, ભગવાન રુદ્રના નામનો અર્થ છે : 'ગર્જના કરનાર'. તેઓનું આ નામ એટલા માટે રાખવામાં આવ્યું હતું કે જ્યારે તેઓનો જન્મ થયો હતો ત્યારે તેઓ એટલે મોટેથી રડ્યા હતા કે તેઓએ દાયણને પણ ભગાડી મૂકી હતી.'

'એ કથા તો મેં સાંભળી છે.' શિવે કહ્યું 'પરંતુ ભગવાન રુદ્રની માતા દ્વારા તેને શિવ પુકારવાની કથા મેં નથી સાંભળી...'

'આ એક રહસ્ય છે, જેને કેવળ કેટલાક વાયુપુત્રો જ જાણે છે. કથા કંઈક એવી છે કે ભગવાન રુદ્ર ખરેખર મરેલા જન્મયા હતા.'

'શું ?' ગોપાલની આંખો આશ્ચર્યમાં પહોળી થઈ ગઈ.

'હા,' મિત્રાએ કહ્યું 'દાયણ અને ભગવાન રુદ્રની માતાએ તેઓને જીવાડવાનો બહુ જ પ્રયત્ન કર્યો હતો. અંતે દાયણે કંઈક બહુ જ અપરંપરાગત કામ કર્યું. તેણે મરેલા જન્મેલા ભગવાન રુદ્રને સ્તનપાન કરાવવાનો પ્રયત્ન કર્યો. તેમની માતાના ભારે આશ્ચર્ય વચ્ચે બાળક શ્વાસ લેવા માંડ્યો અને જેવું ઇતિહાસમાં લખેલું છે તેમ તેણે મોટા અવાજે ગર્જના કરી.'

'હે પવિત્ર સરોવર,' શિવે ધીમેથી કહ્યું 'કેટલી અદ્‌ભુત કહાણી છે.'

'નિ:શંક. એ પછી તરત જ દાયણ જતી રહી અને પછી તેણીનો કોઈ પત્તો હાથ લાગ્યો નહીં. ભગવાન રુદ્રની માતા, જે વસાહતી હતા અને માતૃશક્તિમાં આસ્થા રાખતા હતા, તેઓને વિશ્વાસ હતો કે દેવીએ તેઓના પુત્રની રક્ષા માટે જ દાયણને મોકલી હતી. તેઓને વિશ્વાસ હતો કે તેઓનો પુત્ર પ્રાણ વગરના શરીર, શબના રૂપે જન્મ્યો હતો, જેમાં દૈવી શક્તિએ પ્રાણ પૂર્યો હતો. એ રીતે તેઓને લાગ્યું કે દેવીએ એક શબને શિવમાં ફેરવી દીધું છે. એટલે તેઓએ દેવી માતાનો આભાર માનતાં અને એ સ્થિતિની માન્યતામાં જે રીતે તેઓના પુત્રે જન્મ લીધો હતો, પોતાના પુત્રને શિવ કહેવાનું શરૂ કરી દીધું.'

રોમાંચ સાથે શિવ બહુ જ ધ્યાનપૂર્વક મિત્રાની વાત સાંભળતા રહ્યા.

'એટલા માટે,' મિત્રાએ કહ્યું, 'જે પળે મેં આપનું નામ સાંભળ્યું હતું, હું જાણી ગયો હતો કે મનોભૂએ મારા માટે આ નિશાની છોડી છે કે આપ જ તે છો જેને તેઓએ બધું શિખવાડ્યું હતું.'

'એટલે કે આપ જાણતા હતા કે માનનીય મનોભૂ તેની યોજના બનાવી રહ્યા છે ?'

મિત્રા હસ્યા, 'આપના કાકા અને મેં સાથે મળીને જ પેલી અૌષધિ બનાવી હતી.'

'આપનું કહેવાનું એ છે કે તે ઔષધિ જે મારા કંઠને નીલો કરવા માટે જવાબદાર છે ?'

'હા.'

'પરંતુ શું તે ઔષધિ મારા જીવનના એક ચોક્કસ સમયે મને આપવામાં આવવાની નહોતી ?'

'હું માની રહ્યો છું કે મનોભૂએ એમ જ કર્યું હશે, કારણ કે આપ અહીં છો.'

'પરંતુ માનનીય મિત્રા, પ્રણાલી આ રીતે અસંભવ સંજોગોની પ્રગટ થતી હારમાળાની જેમ કામ કરતી નથી. ઘણી બધી વાતોમાં ભૂલ થઈ શકતી હતી. સૌથી પહેલી વાત, હોઈ શકે છે કે મને સારી રીતે તૈયાર કરવામાં ન આવ્યો હોત અથવા મને યોગ્ય સમયે ઓષધિ આપવામાં આવી ન હોત. મને ક્યારેય મેલુહા બોલાવવામાં જ ન આવ્યો હોત અને સૌથી ખરાબ તો એ હોત કે હું સોમરસને ખરેખર બૂરાઈ માનતો ન હોત.'

'આપ બરાબર કહો છો, પરંતુ આ તે શૈલી નથી. જેને અમારી વાયુપુત્ર પ્રણાલીને કાર્ય કરવા માટે રચવામાં આવી હતી, પરંતુ મનોભૂ અને મને વિશ્વાસ હતો કે તે એ શૈલી છે જેમાં દુનિયા આખીની પ્રણાલીએ કામ કરવું જોઈએ અને તેણે કર્યું પણ છે, બરાબરને ?'

'પરંતુ આટલાં નોંધપાત્ર પરિણામોને દુનિયાના જુગાર પર છોડી દેવો યોગ્ય છે શું ?'

'આપ તો એને એવી રીતે દર્શાવી રહ્યા છો કે જાણે બધું ભાગ્યના ભરોસે છોડી દેવામાં આવ્યું હોય. અમોએ તેને માત્ર સંજોગો પર છોડયું ન હતું, શિવ. વાયુપુત્ર નક્કી માનતા હતા કે સોમરસ બૂરાઈ બની ગયો નથી. મનોભૂ અને મને એનાથી ઊંધુ લાગતું હતું. જો મનોભૂ જીવતા હોત તો આ સમયે આપને માર્ગદર્શન આપતા હોત પરંતુ તેઓના આ સમયે થયેલા મૃત્યુ છતાંય સારપ પ્રબળ રહી છે. મનોભૂ સદાય કહેતા હતા કે આપણે દુનિયાને પોતાનો નિર્ણય લેવા દેવો જોઈએ અને દુનિયાએ લીધો. અમે ઘટનાઓને ક્રમાનુસાર ગતિશીલ કરવાનો નિર્ણય લીધો, જે ત્યારે જ કામ કરત જો બ્રહ્માંડની એવી ઇચ્છા હોત. સાચું કહું તો મને વિશ્વાસ ન હતો, પરંતુ મેં તેઓને રોક્યા પણ નહીં. મેં એવું વિચાર્યું નહોતું કે તેઓની યોજના સફળ થઈ જશે, પરંતુ ઔૌષધિ બનાવવામાં મેં તેઓને મદદ કરી હતી અને જ્યારે મેં જોયું કે યોજના ફળ આપવા લાગી છે તો હું જાણી ગયો હતો કે હું જેટલી રીતે તેઓને મદદ કરી શકું તેટલી મદદ કરવી મારું કર્તવ્ય છે.'

'પરંતુ જો હું અસફળ રહ્યો હોત ? જો હું સોમરસને બૂરાઈના રૂપમાં ન ઓળખી શક્યો હોત ? તો બૂરાઈ જીતી જાતને, બરાબરને ?'

'ક્યારેક ક્યારેક બ્રહ્માંડ નિર્ણય લેતું હોય છે કે બૂરાઈને જીતવું છે. ક્યારેક કોઈ જાતિ-પ્રજાતિ એટલી નુકસાનકર્તા બની જતી હોય છે કે બૂરાઈને જીતવા અને એ જાતિ-પ્રજાતિનો નાશ કરવાની રજા આપવી એ જ ઉત્તમ રસ્તો હોય છે. આવું પહેલાં પણ બન્યું છે પરંતુ આ સમય એ સમય જેવો નથી.'

શિવ દેખીતી રીતે એવી અનેક વાતોને લીધે નિરાશ હતા જે વાતો ખોટી હોઈ શકતી હતી.

'આપ હજી પણ કોઈ વાતના લીધે ચિંતિત છો...' મિત્રાએ કહ્યું.

'મેં આ વિષય અંગે પંડિતજી સાથે વાત કરી છે.' શિવે ગોપાલ તરફ સંકેત કરતાં કહ્યું, 'અત્યાર સુધીમાં મારા અભિયાનમાં મેં જે કંઈ ઉપલબ્ધિ મેળવી છે તેનું શ્રેય -- શુદ્ધ નસીબ ! પરંતુ બ્રહ્માંડને આપણને મદદ કરવાનું શ્રેય આપવું જોઈએ.'

મિત્રા શિવ તરફ આગળ નમ્યા અને ધીમેથી બોલ્યા : 'મનુષ્ય પોતાના નસીબને પોતે જ બનાવે છે, પરંતુ આપે બ્રહ્માંડને આપને મદદ કરવા તક આપવી જોઈશે.'

શિવ સાવ નિર્વિકાર રહ્યા, મિત્રાની વાતોથી હજી તેઓને વિશ્વાસ બેસતો નહોતો.

'પહેલી વાર મેલુહા પહોંચ્યા પછી પાછા જતા રહેવા માટે આપની પાસે પૂરતાં કારણો હતાં. આપ એક અજાણ્યા જ દેશમાં હતા. વિચિત્ર લોકો, જેઓ આપના કરતાં વધારે આધુનિક અને આગળ હતા અને આપને પ્રભુના રૂપમાં જોવા આતુર હતા. આપને એક અભિયાન સોંપવામાં આવે છે જેની વિશાળતા આમ જુઓ તો દુનિયામાં કોઈને પણ ભયભીત કરી દે તેવી હતી. મને વિશ્વાસ છે કે એ સમયે આપે વિચાર્યું પણ નહીં હોય કે આપ સફળ થઈ શકો છો, પરંતુ છતાંય આપ ભાગી ગયા નહીં. આપ અડગ રહ્યા અને એ જવાબદારીનો સ્વીકાર કર્યો જે આપના ઉપર લાદવામાં આવી હતી. એ નિર્ણય બૂરાઈની શોધમાં આપની નિર્ણાયક પળ હતી, જેને ભાગ્ય કે કૃપા સાથે કોઈ લેવાદેવા હતી નહીં.'

શિવે ગોપાલ તરફ જોયું, તેમના મોંના ભાવ દર્શાવી રહ્યા હતા કે તેઓ મિત્રા સાથે સંપૂર્ણ રીતે સહમત હતા.

'આપ મને વધારે પડતું શ્રેય આપી રહ્યા છો, માનનીય મિત્રા.' શિવે કહ્યું.

'એવું નથી.' મિત્રાએ કહ્યું, 'આપ મારા અભિયાનને પૂરું કરવાના માર્ગે આગળ વધી રહ્યા છો, મારા તરફથી કોઈ મદદ લીધા વગર, પરંતુ હું આપને એમ કરવાની રજા નહીં આપું. આપે મને કંઈક મદદ કરવાનો મોકો આપવો પડશે. નહીં તો જ્યારે હું અહુર મઝદા અને ભગવાન રુદ્રને મળીશ ત્યારે તેઓને શું મોં બતાવીશ ?'

શિવ હસ્યા.

મિત્રાએ સીધુ શિવની આંખોમાં જોયું, 'પરંતુ કેટલીક વાતો છે જેના માટે મને ભરોસો આપવો પડશે. દૈવી શસ્ત્રોથી આપની શું કરવાની યોજના છે ?'

'મારી યોજના એનો ઉપયોગ ધમકાવવા માટે કરવાનો છે...' શિવ કહેતાં કહેતાં અટકી ગયા, કારણ કે મિત્રાએ તેમના ખભે મૂકેલો હાથ ઉઠાવી લીધો હતો.

'મેં પૂરતું જોઈ લીધું છે.' મિત્રાએ કહ્યું.

શિવના કપાળે કરચલીઓ પડી.

'વિચાર શબ્દોથી વધારે ઝડપી ગતિ કરે છે, મહાનીલકંઠ. હું જાણું છું કે આપ એ ભયંકર શસ્ત્રોનો ઉપયોગ વિનાશ માટે નહીં કરો. હું એ પણ જોઈ રહ્યો છું કે આપ એવું નહીં કરો, એનું કારણ વાયુપુત્રોનો પ્રતિબંધ માત્ર નથી પરંતુ આપને વિશ્વાસ છે કે આ શસ્ત્ર એટલાં ભયંકર છે કે તેનો ઉપયોગ ક્યારેય પણ ન કરવો જોઈએ.'

'હું એવું માનું છું.'

'પરંતુ હું આપને બ્રહ્માસ્ત્ર નથી આપી શકતો.'

આ અણધાર્યું હતું. શિવે તો વિચાર્યું હતું કે નિર્ણય તેઓના પક્ષમાં થઈ રહ્યો છે.

'હું આપને બ્રહ્માસ્ત્ર નથી આપી શકતો, કારણ કે તેને નિયંત્રિત કરવું અસંભવ છે. આ કોઈ પણ વસ્તુનો નાશ કરી દે છે. સૌથી વધુ મહત્ત્વપૂર્ણ એ છે કે તેનો પ્રભાવ ગોળાકારમાં ફેલાય છે. સૌથી વધુ વિનાશ કેન્દ્રમાં થાય છે, જ્યાં દરેક સજીવ વસ્તુ ક્ષણભરમાં સળગીને વાયુમંડળમાં મળી જાય છે. જોકે બહારના ગોળાકારમાં ઓછો વિનાશ થાય છે પરંતુ છતાંય આસપાસના વિસ્તારમાં નુકસાન વ્યાપક હોય છે. એટલે પ્રાથમિક પ્રભાવવાળા વિસ્તારની બહારના લોકો ભલે તરત ન મરી જાય પરંતુ તે શસ્ત્ર દ્વારા છોડવામાં આવેલાં વ્યાપક વિકિરણોથી પીડા પામે છે. બીજી તરફ મહર્ષિ ભૃગુ છે, જે જરૂર જાણી જશે કે આપ આ શસ્ત્રનો ઉપયોગ માત્ર ધમકીના રૂપે કરી રહ્યા છો, કારણ કે આપ આપની સેનાને નુકસાન પહોંચાડવા નહીં ઇચ્છો, જે લગભગ જરૂર વિકિરણ ક્ષેત્રમાં હશે.

'તો પછી રસ્તો શું છે ?'

'પશુપતિશાસ્ત્ર. આ શસ્ત્ર ભગવાન રુદ્રે રચ્યું હતું. તેમાં બ્રહ્માસ્ત્રની બધી જ શક્તિઓ છે, પરંતુ નિયંત્રણ ઘણું વધારે સારું છે. તેની વિનાશકારી શક્તિ કેન્દ્રમાં જ સીમિત રહે છે. એ વિસ્તારની બહારના જીવન પર કોઈ પ્રભાવ પડતો નથી. એટલે ખરેખર તો પશુપતિશાસ્ત્રથી આપ પ્રભાવને કેવળ એક દિશામાં પણ કેન્દ્રિત કરી શકો છો. જો આપ આ શસ્ત્રના ઉપયોગની ધમકી આપશો તો મહર્ષિ ભૃગુ જાણી જશે કે પોતાની સેના કે નજીકના વિસ્તારને જોખમમાં નાખ્યા વગર આપ દેવગિરિનો નાશ કરી શકો છો. ત્યારે જ આપની ધમકી વિશ્વાસપાત્ર બનશે.'

આખી વાર્તામાં તર્ક હતો. શિવ સંમત હતા.

'પરંતુ આપ ખરેખર તેનો ઉપયોગ નહીં કરો, નીલકંઠ.' મિત્રાએ ફરીથી ભાર દઈને કહ્યું, 'આ ઉપયોગ સદીઓ સુધી એ વિસ્તારને વિષયુક્ત બનાવી દેશે. વિનાશ કલ્પના બહારનો થશે.'

'હું વચન આપું છું, માનનીય મિત્રા.' શિવે કહ્યું, 'હું એ શસ્ત્રોનો ક્યારેય પણ ઉપયોગ નહીં કરું.'

મિત્રા હસ્યા, 'ત્યારે તો આપને પશુપતિશાસ્ત્ર આપવામાં મને કોઈ સમસ્યા નડશે નહીં. હું તરત આદેશ આપી દઈશ.'

શિવે જરા ઊંચે જોયું, તેઓના હોઠો પર હળવું સ્મિત તરી રહ્યું હતું. 'મને લાગે છે કે આપે આ વિષયમાં પહેલેથી જ નિર્ણય લઈ લીધો હતો, મને મળ્યા પહેલાંથી, મામાજી.'

મિત્રા ધીમું હસ્યા. 'હું માત્ર મિત્રા છું, પરંતુ આપે આ આટલું સરળ રહેશે તેવી તો આશા નહીં જ રાખી હોય, બરાબરને ?'

'હા, મને તેવી આશા નહોતી.'

'મેં આપના વિષે ઘણી કથાઓ સાંભળી છે, ખાસ કરીને જે રીતે આપે આપની લડાઈઓ લડી છે. અત્યાર સુધી તો આપે અનુકરણ કરવા યોગ્ય આચરણ કર્યું છે. જ્યારે આપ કશુંક અયોગ્ય કરીને લાભ મેળવી શકો તેમ હતા ત્યારે પણ આપે તેમ કર્યું નહોતું. આપ એ દલીલના પણ શિકાર બન્યા નહોતા કે જો કોઈનું વધારે ભલું થતું હોય તો થોડું અયોગ્ય કામ કરી શકાય છે ! સારા કામ માટે ગમે તે કાર્ય કરી શકાય છે, તે વાત આપે નકારી હતી. આ માટે વ્યક્તિમાં નૈતિક હિંમત જોઈએ. તો, હા -- મેં મનથી નક્કી કરી લીધું છે, પરંતુ છતાંય હું આપને મળવા માગતો હતો. યાદ રાખજો, આપને આપણા યુગના મહાનતમ વ્યક્તિના રૂપમાં યાદ રાખવામાં આવશે. ભાવિ પેઢીઓ આપને તેઓના ઈશ્વરના સ્વરૂપે જોશે. તો પછી હું આપને શા માટે મળવા ન માગું ?'

'હું કોઈ ઈશ્વર નથી, માનનીય મિત્રા.' સંકોચ સાથે શિવ બોલ્યા.

'શું આપ એ જ વ્યક્તિ નહોતા જેમણે કહ્યું હતું -- 'હર હર મહાદેવ' ? એટલે કે આપણે સૌ દેવતા છીએ ?'

શિવ હસી પડ્યા, 'આપે તો મને બરાબર સમજી લીધો.'

'આપણે એટલા માટે દેવતા નથી બની શકતા કારણ કે આપણે એમ વિચારીએ છીએ કે આપણે દેવતા છીએ.' મિત્રાએ કહ્યું, 'તે અહંની નિશાની છે. આપણે ત્યારે દેવતા બનીએ છીએ જ્યારે આપણને ભાન થાય છે કે અનંત દિવ્યતાનો એક અંશ આપણી અંદર રહેલો છે ! જ્યારે આપણે આ વિશાળ સંસારમાં આપણી ભૂમિકાને સમજીએ છીએ અને જ્યારે આપણે એ ભૂમિકા નિભાવવાનો પૂરેપૂરો પ્રયત્ન કરીએ છીએ. આપનાથી વધુ પ્રયત્ન કોઈ નથી કરી શકયું, પ્રભુ નીલકંઠ. આ જ વાત આપને દેવતા-પ્રભુ બનાવે છે અને યાદ રહે, દેવતા-પ્રભુ અસફળ નથી થતા હોતા. આપ અસફળ નહીં થઈ શકો. યાદ રાખજો કે આપનું કર્તવ્ય શું છે. આપે બૂરાઈને સંતુલનની બહાર કાઢવાનું છે. આપે સોમરસના બધા જ અંશનો નાશ કરવાનો છે કારણ કે હવે પછીના સમયમાં જો એની ફરી જરૂરત પડી તો તે એક વાર ફરી સારપ બની શકે છે. આપે સોમરસના જ્ઞાનને જીવંત રાખવાનું છે. આપે એક એવા લોકોના સમૂહની રચના કરવાની રહેશે જેઓ સોમરસની ફરીથી જરૂરત પડે તો તેની ગોઠવણ કરી શકે. જ્યારે આ બધું થઈ જશે ત્યારે આપનું અભિયાન પૂરું થઈ જશે.'

'હું અસફળ નહીં રહું, માનનીય મિત્રા.' શિવે કહ્યું, 'હું વચન આપું છું.'

'હું જાણું છું કે આપ સફળ થશો.' મિત્રા હસ્યા અને પછી ગોપાલ તરફ ફર્યા, 'મહાન વાસુદેવ પ્રમુખ, જ્યારે નીલકંઠ પોતાનો એક જાતિ-સમૂહ બનાવી લેશે ત્યારે વાયુપુત્ર બૂરાઈથી લડવાના નિયામક નહીં રહે. એ નીલકંઠના જાતિસમૂહનું કામ રહેશે. તે પછી વાસુદેવો સાથેનો આપણો સંબંધ એક સામાન્ય હેતુ માટે સંયુક્ત કામથી બંધાયેલો સમૂહ જેવો નહીં પરંતુ દૂરના સંબંધીઓ જેવો થઈ જશે.'

'વાસુદેવો અને મારા દેશ સાથેના આપના સંબંધ સદાય જેવા છે તેવા જ રહેશે, માનનીય મિત્રા.' ગોપાલે કહ્યું, 'સખત જરૂરિયાતના સમયે આપે અમને મદદ કરી છે. મને વિશ્વાસ છે કે બદલામાં, જ્યારે પણ પરિહાને અમારી જરૂરત પડી તો અમે તેઓને જરૂર મદદ કરીશું.'

'ધન્યવાદ,' મિત્રાએ કહ્યું.



પ્રકરણ-૩૯

તેઓ આપણામાંના જ એક છે

પછીની સવારે મિત્રાએ આખા નગરને નગરના ચોકમાં બોલાવ્યું હતું. જ્યારે તેઓએ જનમેદનીને સંબોધન કર્યું ત્યારે શિવ અને ગોપાલ તેઓની સાથે ઊભા હતા.

'મારા સાથી વાયુપુત્રો, મને ખાત્રી છે કે આપના સૌના મનમાં અનેક પ્રશ્ન અને શંકા ઊભરાઈ રહી હશે, પરંતુ અત્યારે તે માટે સમય નથી ! અત્યારે સમય છે પગલા લેવાનો. આપણે એક વ્યક્તિ ઉપર ભરોસો મૂક્યો હતો જેણે આપણી સાથે મળીને કામ કર્યું હતું ! આપણે તેના ઉપર એટલો વિશ્વાસ મૂકી દીધો હતો કે આપણું જ્ઞાન સુધ્ધાં તેને આપી દીધું હતું, પરંતુ તે વ્યક્તિએ આપણો વિશ્વાસઘાત કર્યો. મહર્ષિ ભૃગુએ ભગવાન રુદ્રના વિધાનનો ભંગ કર્યો હતો. વાસુદેવોના પ્રમુખ અને ભગવાન રામના પ્રતિનિધિ માનનીય ગોપાલ ન્યાય માંગવા અહીં આવ્યા છે, પરંતુ આ પળે વાત ફક્ત મહર્ષિ ભૃગુના કૃત્યનો બદલો લેવાની નથી. આ વાત ભારત સાથે ન્યાય કરવાની, ભગવાન રુદ્રના સિદ્ધાંતો સાથે ન્યાય કરવાની પણ છે. એક હેતુ જે આપણે સૌ પરિહવાસીઓએ પૂરો કરવાનો છે, જે વિધાનોથી ઉપર છે. તે એ છે જેને સ્વયં ભગવાન રુદ્ર નક્કી કર્યો છે.'

શિવ તરફ ઇશારો કરતાં મિત્રાએ આગળ કહ્યું : 'આ પુરુષને જુઓ. ભલે તેઓ વાયુપુત્ર ન હોય પરંતુ તેઓએ નીલો કંઠ ધારણ કર્યો છે. તેઓ ભલેને પરિહાઈ ન હોય પરંતુ તેઓ પરિહાવાસીની જેમ જ ગરિમા અને નિષ્ઠાથી યુદ્ધ કરે છે. આપણે ભલે તેઓને માન્યતા આપી ન હોય, પરંતુ વાસુદેવોએ તેઓને નીલકંઠ માન્યા છે. તેઓ ભલે આપણી વચ્ચે ન રહેતા હોય, પરંતુ તેઓ ભગવાન રુદ્રનું એટલું જ સન્માન અને ઉપાસના કરે છે જેટલું આપણે કરીએ છીએ. એથી પણ વધારે તેઓ ભગવાન રુદ્રના હેતુને પાર પાડવા સંઘર્ષ કરી રહ્યા છે.'

વાયુપુત્રો તન્મયતાથી સાંભળી રહ્યા હતા.

'હા, તેઓ વાયુપુત્ર નથી, પરંતુ છતાંય આપણામાંના જ એક છે. હું બૂરાઈ સામેના તેમના સંઘર્ષમાં તેઓને સાથ આપી રહ્યો છું અને આપ પણ આપો.'

વાયુપુત્રોમાંથી અનેક મિત્રાની વાતોથી પ્રભાવિત થયા હતા. જેઓ નહોતા થયા તેઓ પણ જાણતા હતા કે આ મિત્રાના કાયદાકીય અધિકારોની વાત હતી કે ભારતમાં તેઓ કોનું સમર્થન કરે. એટલે ભલે તેઓના મત જુદા હોય પરંતુ બધા જ વાયુપુત્રો મિત્રાના નિર્ણય સાથે સંમત થતા હતા.

પછીની સાંજે શિવ અને ગોપાલને એક મોટી પેટી મળી. ન માન્યામાં આવે તેવી આ ભારેખમ પેટીને સલામતીપૂર્વક સમુદ્ર સુધી પહોંચાડવા માટે એક સંપૂર્ણ પરિહાઈ ઘોડેસવાર ટુકડીને ક્યારેય જોઇ ન હોવાના કારણે શિવે પેટીનો આકાર જોઈને અંદાજ લગાવ્યો કે તેઓ તેની મોટી ભારે માત્રા લઈ જઈ રહ્યા છે ! જે કદાચ એક આખા નગરને ધમકાવવા માટે પૂરતી હશે. એટલે કે જ્યારે ગોપાલે ચોખવટ કરી કે તેઓ તો પશુપતિશાસ્ત્રની મુઠ્ઠીભર સામગ્રી જ લઈ જઈ રહ્યા છે ત્યારે તેઓને અચંબો લાગ્યો.

'શું આપ સાચું કહી રહ્યા છો ?'

'હા, પ્રભુ નીલકંઠ' ગોપાલે કહ્યું, 'મુઠ્ઠીભર જ આખા નગરનો નાશ કરવા પૂરતી છે. પેટીમાં સીસું અને ભીની માટી, સાથે આયાત કરેલાં બીલીપત્રોથી બનાવેલું વિશાળ મિશ્રણ છે. એક સાથે મળીને તે પશુપતિશાસ્ત્રનાં વિકિરણો સામે આપણી રક્ષા કરશે.'

'પવિત્ર સરોવરની સોગન,' શિવે કહ્યું, 'દૈવી શસ્ત્રોના વિષયમાં હું જેટલું વધારે જાણી રહ્યો છું, એટલો જ મને વિશ્વાસ થઈ રહ્યો છે કે આ રાક્ષસી શસ્ત્ર છે.'

'નિ:શંક, મિત્ર. એટલા માટે તો ભગવાન રુદ્રે તેને નીંદવાલાયક કહ્યા હતા અને તેના ઉપયોગ ઉપર પ્રતિબંધ લગાવી દેવામાં આવ્યો હતો. આ કારણે આપણે પણ પશુપતિશાસ્ત્રનો ઉપયોગ નહીં કરીએ. આપણે તો ફક્ત તેને વાપરવાની ધમકી આપીશું, પરંતુ તે મેલુહાવાસીઓને વિશ્વાસ બેસે એટલા માટે આપણે ખરેખર આ શસ્ત્રને દેવગિરિની બહાર ગોઠવવું પડશે.'

'આપ જાણો છો. આ કેવી રીતે કરવાનું રહેશે ?'

'ના, હું નથી જાણતો. મોટાભાગના વાયુપુત્રો પણ આ વાતથી અજાણ છે ! ફક્ત કેટલાક ચૂંટેલા લોકો જ આ જાણવા માટે નક્કી થયેલા છે. આ શસ્ત્રને સ્થાપવા માટે આપણે તેને ઈજનેરી નિર્માણરચના, મંત્રો અને બીજી તૈયારીઓ સાથે કરવી પડશે. આપણે તે બધું યોગ્ય રીતે કરવું પડશે જેથી મહર્ષિ ભૃગુ સુધી વિશ્વાસ બેસે તેવી ધમકી પહોંચી શકે, કારણ કે તેઓ જાણે છે કે પશુપતિશાસ્ત્રના ઉપયોગ માટે કેવા પ્રકારની તૈયારી કરવામાં આવે છે. માનનીય મિત્રા અને તેમના લોકો કાલે સવારથી આપણને આ અંગે શિક્ષણ આપશે.



પર્વતેશ્વરે એ લોકો પરથી પોતાનું ધ્યાન દૂર કર્યું છે જે તેઓની સાથે બેઠા હતા અને પછી તેઓએ કરચપ પ્રાંતપાલના નિવાસસ્થાનની બારી બહાર નજર નાખી. તેઓ નગરના બીજા સ્તર પર હતા અને એ ઊંચાઈએથી પર્વતેશ્વર દૂર ક્ષિતિજ સુધી ફેલાયેલા પશ્ચિમી સમુદ્રના સ્પષ્ટ દૃશ્યને જોઈ રહ્યા હતા.

'આપણી પાસે સમુદ્ર જ એક રસ્તો છે.' પર્વતેશ્વરે કહ્યું.

ભૃગુ અને દિલીપ પર્વતેશ્વર તરફ ફર્યા. દિલીપની અયોધ્યાની સેના દેવગિરિના યુદ્ધના કેટલાક મહિના પછી અંતે મેલુહા પહોંચી ગઈ હતી. પર્વતેશ્વરનાં સૂર્યવંશી દળોની સાથે થઈ જવા તે કરચપ પહોંચી ગયા હતા.

'પરંતુ સેનાપતિ, શું કરચપ આવવા પાછળ આ વિચાર ન હતો ?' દિલીપે પૂછ્યું, 'સમુદ્ર તરફથી લોથલ પર આક્રમણ કરવાનો ? આ વિચારમાં નવું શું છે ?'

'હું નગર ઉપર આક્રમણ કરવા વિષે વિચારી રહ્યો નથી, મહારાજ.'

જોકે કરચપમાં પર્વતેશ્વરના કાબૂમાં હવે ચાર લાખ સૈનિકો હતા પરંતુ તેઓ જાણતા હતા

કે લોથલના સારી રીતે બંધાયેલા કિલ્લામાં સારી રીતે રક્ષાયેલા અઢી લાખ સૈનિકોના દળને હરાવવા માટે આ દળ ખરેખર પૂરતું ન હતું. અને ઉશ્કેરણીના બધા પ્રયત્નો છતાં સતી દૃઢતાપૂર્વક લોથલની બહાર નીકળવા તૈયાર નહોતી થઇ. આ રીતે તેણીએ પર્વતેશ્વરને પોતાની વધુ સંખ્યાના લાભને ખુલ્લા રણક્ષેત્રમાં લાવવાની કોઈ તક આપી નહોતી. બધા જ પ્રકારના વ્યવહારિક હેતુસર યુદ્ધમાં અવરોધ આવ્યો હતો.

'કૃપા કરીને સમજાવો, સેનાપતિ.' ભૃગુએ એ આશા રાખીને કહ્યું કે મેલુહાના સેનાપતિ કદાચ આ અવરોધને સમાપ્ત કરવા માટે કોઈ ઉત્કૃષ્ટ વિચાર રજૂ કરશે. 'આપની યોજના શું છે ?'

'મારો વિચાર છે કે આપણે નર્મદા નદી તરફ એક કાફલાને મોકલી દેવો જોઈએ, એ બરાબર ગોઠવીને કે તે નૌકાઓ દૃશ્યમાન રહે.'

દિલીપના કપાળે કરચલીઓ પડી. 'શું આપના જાસૂસોને એ રસ્તો મળી ગયો છે જે પરથી માનનીય શિવ ગયા હતા ?'

મેલુહાઈઓને એ તો ખબર હતી કે શિવ અને ગોપાલ નર્મદા સુધી ગયા છે, પરંતુ તે પછી તેઓનો કોઈ સુરાગ મેળવી શક્યા નહોતા. તેઓએ અનુમાન કર્યું હતું કે તેઓ બંને નર્મદાના માર્ગે ચૂપચાપ પંચવટી અથવા ઉજ્જૈન જતા રહ્યા છે. તેઓનો હેતુ હજી પણ મેલુહાવાસીઓ માટે એક રહસ્ય જ હતું.

'ના.' પર્વતેશ્વરે જવાબ આપ્યો.

'તો પછી આપણી નૌકાઓને એ દિશામાં મોકલવા પાછળ શું તર્ક છે ? નીલકંઠના ખબરી અને જાસૂસ ચોક્કસ જાણી જશે કે આપણી નૌકાઓ નર્મદા તરફ જઈ રહી છે. આપણે તેઓને અચંબામાં નાખી શકીશું નહીં.'

'બરાબર, આમ તો હું ઇચ્છ છું.' પર્વતેશ્વરે કહ્યું, 'આપણે છુપાઈ જવા માગતા નથી.'

'હે બ્રહ્મા !' પ્રભાવિત થયેલા ભૃગુ બોલી ઊઠયા. 'સેનાપતિ પર્વતેશ્વર, શું આપે નર્મદા થઈને પંચવટી જવાનો માર્ગ ખોળી કાઢયો છે ?'

'ના, મુનિવર.'

'તો હું સમજી નથી શકતો... અરે બરાબર છે...' ભૃગુ અડધા વાક્યમાં જ અટકી ગયા. તેઓ અંતે સમજી ગયા હતા કે પર્વતેશ્વરના મનમાં શું છે.

'મને પંચવટી જવાનો નર્મદામાર્ગ ખબર નથી.' પર્વતેશ્વરે કહ્યું, 'પરંતુ પ્રભુ નીલકંઠની સેના આ જાણતી નથી કે મને ખબર નથી. તેઓ અનુમાન કરશે કે આપણે તે બહુમૂલ્ય માર્ગ ખોળી કાઢયો છે અને એટલે પ્રભુનું જીવન મુશ્કેલીમાં છે. એ ઉપરાંત એ સેનામાં યોદ્ધાઓનો એક મહત્ત્વપૂર્ણ હિસ્સો નાગાઓનો છે. પોતાની દેવી ભૂમિદેવી દ્વારા સ્થાપિત નગર, પોતાની રાજધાની પંચવટી ઉપર ઘેરાતું સંકટ જોઈને શું તેઓ શાંત બેસી રહેશે ?'

'તેઓ લોથલમાંથી બહાર આવવા મજબૂર થઈ જશે.' દિલીપે કહ્યું.

'બરાબર.' પર્વતેશ્વરે કહ્યું, 'કારણ કે આપણું દળ આશરે પચાસ નૌકાઓનું હશે, તો તેઓએ આપણી સંખ્યા સાથે સંતુલન પણ રાખવું પડશે. આપણે નર્મદાના મુખ આગળ એક ટાપુ ઉપર આપણી નૌકાઓને થોભાવીને રાહ જોવાનું કહીશું.'

'અને જ્યારે તેઓ નર્મદા પર આગળ વધવા માંડશે એટલે આપણે પાછળથી આવીશું, અને તેઓ પર આક્રમણ કરી દઈશું.' દિલીપે કહ્યું.

'ના' પર્વતેશ્વરે કહ્યું.

'ના ?' આશ્ચર્ય સાથે દિલીપે પ્રશ્ન કર્યો.

'ના, મહારાજ. હું નર્મદા ઉપર પહેલેથી જ ઘાતક દળની એક ટુકડી મોકલવાની યોજના

બનાવી રહ્યો છું. તેઓ નદીની ઉપરની બાજુ આગળ જઈને નાગાનૌકાઓની રાહ જોશે, જ્યાં સુધી તેઓ સમુદ્રથી પૂરતા દૂર ન નીકળી જાય. નદીમાં નૌસેનાની ગતિવિધિઓ સીમિત હોય છે, ભલેને નદી કેટલી પણ મોટી કેમ ન હોય. તેઓનું દળ એકબીજાને અડીને ચાલશે. આપણા ઘાતક દળ પાસે આપણા દુશ્મનો માટે સળગે તેવાં લાકડાં અને ચકમકના પથ્થરોથી ભરેલી ગુપ્ત નૌકાઓ તૈયાર હશે. આપણું કામ પહેલી અને છેલ્લી નૌકા પર એક સાથે હુમલો કરવાનું રહેશે.'

'અતિ ઉત્તમ. તેઓ તેમનો કાફલો ગુમાવી દેશે. તેઓના સૈનિક છૂટાછવાયા થઈ જશે. પછી આપણું પોતાનું દળ છુપાઈને બેટ ઉપર હુમલો કરશે અને તેઓના સૈનિકોની કત્લેઆમ કરી દેશે.'

'ના, મહારાજ.' પર્વતેશ્વરે કહ્યું, તેઓ વિચારી રહ્યા હતા કે શિવના જેટલી રણનીતિનું કૌશલ્ય ધરાવતી વ્યક્તિને આ બધું સમજાવવાની જરૂર ન પડે. 'આપણો કાફલો લડાઈમાં બિલકુલ ભાગ નહીં લે. આ તો માત્ર એક લાલચ આપવાની છે. આપણું મુખ્ય આક્રમણ ઘાતક દળ કરશે. જો શત્રુના પહેલા અને છેલ્લા વહાણમાં આગ લાગી જશે તો મોટી સંભાવના છે કે વચ્ચેનાં બધાં જ વહાણ આગમાં લપેટાઈ જશે.'

'પરંતુ શું તેમાં બહુ સમય નહીં લાગે ?' ભૃગુએ પૂછ્યું, 'તેઓના અનેક સૈનિક વહાણોને છોડીને ભૂમિ પર પહોંચી જવામાં સફળ રહેશે.'

'સાચું છે.' પર્વતેશ્વરે કહ્યું, 'પરંતુ વહાણો વગર તેઓ પોતાના ગઢથી બહુ જ દૂર ભટકતા રહેશે. પંચવટીમાં મને જાણ થઈ હતી કે મયકા-લોથલ અને પંચવટી વચ્ચે કોઈ રસ્તો નથી. ગાઢ અને ભેદી ન શકાય તેવાં જંગલોમાં થઈને લોથલ પાછા જતાં તેઓને ઓછામાં ઓછા છ મહિના લાગી જશે. હું આશા રાખું છું કે આપણા લલચાવનારા કાફલાનો આકાર જોઈને સતી ઓછામાં ઓછા એક લાખ સૈનિકોને આપણા ઉપર આક્રમણ કરવા મોકલી દેશે અને નર્મદાનાં જંગલોમાં ભટકતા શત્રુની એ એક લાખ સૈનિકો સામે આપણી સેના સંખ્યાની દૃષ્ટિએ અત્યંત શ્રેષ્ઠ સ્થિતિમાં આવી જશે. આ આશરે ચાર પર એકનું ગણિત બનશે. ત્યારે આપણે લોથલ પર આક્રમણ કરી શકીશું અને કદાચ જીતી પણ જઈશું.'

દિલીપ હજી પણ આ આખી યોજના સમજી શકતા નહોતા, 'પરંતુ લલચાવનારા કાફલામાં આપણા પણ અનેક સૈનિક હશે ? તો આપણે તેઓની કરચપ પાછા આવવાની રાહ જોવી પડશે અને ત્યારે...'

'હું આપણા લલચાવનારા કાફલાને યુદ્ધમાં જોડવાની યોજના બનાવી રહ્યો નથી.' પર્વતેશ્વરે કહ્યું, 'એટલા માટે આપણે એ કાફલામાં સૈનિકોને સામેલ નહીં કરીએ. આપણે એ નૌકાઓ પર થોડા સૈનિકો રાખીશું. આપણે પાંચ હજારથી વધારે સૈનિકો નહીં રાખીએ. કલ્પના કરો કે આપણે શું મેળવી શકીશું. આપણા ફક્ત પાંચ હજાર સૈનિક, ઘાતક દળ સહિત, કરચપ જશે, પરંતુ આપણે શત્રુના આશરે એક લાખ સૈનિકોને દૂર કરી દઈશું, તેઓને લોથલથી આશરે છ મહિના દૂર, નર્મદા આસપાસનાં જંગલોમાં ભટકતા છોડી દઈશું. અને એક પણ બાણ છોડવામાં નહીં આવે. પછી આપણે આગળ વધીશું અને સહેલાઈથી જઈને લોથલ પર કબજો કરી લઈશું.'

'અદ્ભુત !' ભૃગુએ કહ્યું, 'જેવી આપણી નૌકાઓ નર્મદા તરફ પ્રસ્થાન કરશે, આપણે લોથલ તરફ ચાલી નીકળીશું.'

'ના, મુનિવર.' પર્વતેશ્વરે કહ્યું, 'મને ખાત્રી છે કે સતીના જાસૂસ કરચપમાં હશે. જો તેઓએ આપણા ચાર લાખ સૈનિકોને નગરમાંથી નીકળતા જોયા તો તેઓ જાણી જશે કે આપણાં વહાણો પર વધુ સૈનિકો નથી અને એ રીતે તેઓ આપણી ચાલ સમજી જશે. તેઓને ભરોસો

આપવા માટે કે આપણું પંચવટી પર આક્રમણ સાચુકલું છે, આપણી સેનાને કરચપની દીવાલોની અંદર જ રહેવું પડશે.



કરચપના જકાત અધિકારીઓએ વ્યાપારી નૌકામાં આવેલી વસ્તુઓની યાદી જોઈ ભવાં ચડાવ્યાં. 'ઇજિપ્તથી રૂ ? કોઈ મેલુહાવાસી ઇજિપ્તથી રૂ મંગાવવાનું કેમ ઇચ્છે ? આપણું પોતાનું રૂ એટલું સારું હોય છે કે તેની તોલે બીજું રૂ ન આવે.'

મેલુહાની જકાત વિધિ વિશ્વાસ પર ચાલતી હતી. નૌકાની યાદીઓને જેમ હોય તેમ સ્વીકારી લેવામાં આવતી હતી અને તે પ્રમાણે વેરો લગાવવામાં આવતો હતો. એ પણ નક્કી હતું કે ક્યારેક કોઈ જકાત અધિકારી જો ઇચ્છે તો નૌકા પરના માલની ઝીણવટપૂર્વક તપાસ કરી શકતો હતો.

અધિકારી પોતાના સહાયક તરફ ફર્યો, 'નૌકામાં જ્યાં માલ રાખ્યો છે ત્યાં જાવ અને તપાસ કરો.'

નૌકાઅધિકારી વ્યગ્ર થઈને પોતાની જમણી તરફ ફર્યો અને નૌકાની ઉપરની રૂમના બંધ દરવાજાને જોયો અને જકાત અધિકારી તરફ પાછો આવ્યો. 'એની શું જરૂર છે, મહોદય ? શું આપને લાગે છે કે આ બાબતે હું જૂઠું કહીશ ? આપ તો જાણો છે કે મેં રૂનો જેટલો જથ્થો જાહેર કર્યો છે તે આ નૌકાની સૌથી વધુ ક્ષમતા સાથે મેળ ખાય છે. આપ કોઈ પણ રીતે વધુ વેરો ન લઈ શકો. આપની તપાસથી કોઈ હેતુ સરશે નહીં.'

મેલુહાના જકાત અધિકારીએ એ રૂમ તરફ જોયું જેના પર પેલા નૌકા અધિકારીએ નજર નાખી હતી. દરવાજો અચાનક ખૂલી ગયો અને એક લાંબો બળવાન માણસ બહાર આવ્યો અને આળસ મરડીને પોતાના હાથ લંબાવી પૂછ્યું, 'કેમ વાર થાય છે, નૌકાઅધિકારી ?'

એ વ્યક્તિને ઓળખતાં જ જકાત અધિકારીનો શ્વાસ રોકાઈ ગયો. એણે તરત જ ટટ્ટાર થઈને મેલુહાઈ સૈનિક જેવાં પ્રણામ કર્યાં. 'સેનાનાયક વિધુન્માલી, મને ખબર નહોતી કે આ નૌકા પર આપ છો.'

'હવે તો ખબર છે ને !' વિધુન્માલીએ ફરી આળસ મરડતાં કહ્યું.

'માફ કરજો, સ્વામી.' કહીને જકાત અધિકારીએ તરત સૂચિ નૌકાઅધિકારીને પકડાવી દીધી અને પોતાના સહાયકને વેરો લઈ પાવતી આપવાનું કહ્યું.

કાગળ પરની કાર્યવાહી જલદીથી પૂરી થઈ ગઈ.

જકાત અધિકારી જવા માટે ઊઠયા પરંતુ ફરી પાછા ફર્યા અને તેમણે અચકાતાં અચકાતાં વિધુન્માલીને પૂછ્યું, 'સ્વામી, આપ આપણા મહાન યોદ્ધામાંના એક છો ને, આપણી સેના આપે રણભૂમિમાં કેમ નિયુક્ત નથી કરી ?'

વિધુન્માલીએ સાવ ફિક્કું હસીને માથું હલાવ્યું, 'હવે હું યોદ્ધો નથી, અધિકારી. હું અંગરક્ષક છું અને સાથે સાથે જેવું અત્યારે દેખાય છે તેમ, રાજપરિવારનાં વસ્ત્રોને લાવવા લઈ જવાનું કામ કરી રહ્યો છું.'

જકાત અધિકારી નમ્રતા સાથે હસ્યો અને પછી જલદીથી નૌકામાંથી ઊતરી ગયો.



'મોડું કેમ થયું ?' ઇજિપ્તવાસીએ પૂછ્યું.

વિદ્યુન્માલી હજી હમણા જ નૌકાના સાવ તળિયાના ભાગે પહોંચ્યો હતો. એક ખૂણામાં એક બાકોરાને જોરથી બંધ કરેલું હતું અને અંદર અકુદરતી અંધારું હતું. આંખને દેખાતાં થોડી વાર થઈ અને તે પછી સાવ શાંત બેઠેલા ત્રણસો હત્યારાઓના ચહેરાઓ તે જોઈ શક્યો.

'કંઈ ખાસ વાત નહોતી, માનનીય સ્વુથ.' વિદ્યુન્માલીએ કહ્યું, 'એક મૂર્ખ જકાત અધિકારીના મનમાં નૌકામાં રહેલા માલની તપાસ કરવાનો વિચાર ઘૂસી ગયો હતો. તેને સમજાવી દેવામાં આવ્યો છે. હવે આપણે કરચપથી નીકળી રહ્યા છીએ અને બહુ જલદી આપણે મેલુહાની વચ્ચે હોઈશું. હવે પાછા ફરવાનું બનશે નહીં.'

સ્વુથે શાંતિથી ડોકું ધુણાવ્યું.

'સ્વામી,' એક ઓલવાયેલી મશાલ લઈને ઝડપથી આવતા નૌકાઅધિકારીએ કહ્યું.

વિદ્યુન્માલીએ નૌકાઅધિકારી પાસેથી મશાલ લઈ લીધી, જેની પાછળ મોટામોટા થેલાઓ લઈને બે માણસ આવ્યા હતા. તેઓએ વિદ્યુન્માલીની પાસે થેલાઓ મૂકી દીધા.

'બહાર રાહ જુઓ.' વિદ્યુન્માલીએ કહ્યું.

નૌકાઅધિકારી અને તેમના બે માણસોએ હુકમ માથે ચડાવ્યો. વિદ્યુન્માલી ઇજિપ્તવાસી તરફ ફર્યો.

સ્વુથ ઇજિપ્તવાસી હત્યારાઓના એ રહસ્યમય લોકોનો મુખી હતો જેને વિદ્યુન્માલી દેવગિરિ લઈને આવી રહ્યો હતો. બંધ નૌકામાં પરસેવાથી રેબઝેબ થઈ જવાય તેવી ગરમીએ સ્વુથ અને તેના હત્યારાઓને સાવ લંગોટભેર કરી દીધા હતા. મશાલના આછા પ્રકાશમાં વિદ્યુન્માલી સ્વથના શરીર પર પડેલા યુદ્ધનાં ઘાનાં નિશાન જોઈ રહ્યો હતો, પરંતુ તેના શરીર પર બનેલા એક છૂંદણા (ટેટુ)એ તેનું ખાસ ધ્યાન ખેંચ્યું. મેલુહાનો સેનાપતિ તેમાંથી એક છૂંદણાને જાણતો હતો. તેના નાકના હાડકા પર બનેલો એક કાળો આગનો ગોળો જેનાં કિરણો બધી દિશાઓ તરફ ફેલાયેલાં હતાં. સામાન્ય રીતે આ છેલ્લી વસ્તુ હોય છે જે તેના અસહાય શિકારને ખરાબ રીતે મારી નાખ્યા પહેલાં જોવામાં આવતી હતી. આગનો ગોળો એ ઈશ્વરનો સંકેત આપે છે જેમાં પોતે અને પોતાના હત્યારાઓ વિશ્વાસ ધરાવે છે. અચેતન, સૂર્યભગવાન.

'મને લાગતું હતું કે 'રા' ઇજિપ્તવાસીઓના સૂર્યદેવ છે.' વિદ્યુન્માલીએ કહ્યું.

સ્વુથે પોતાનું માથું હલાવ્યું, 'મોટાભાગના લોકો તેઓને 'રા' કહે છે, પરંતુ તે ખોટું છે. અતેન સાચું નામ છે અને આ પ્રતીક.' સ્વુથે પોતાના નાક પરના આગના ગોળા તરફ ઇશારો કરતાં કહ્યું, 'તેનું ચિહ્‌ન છે.'

'અને આપના હાથ ઉપર આ શિયાળનું છૂંદણું ?' વિદ્યુન્માલીએ પૂછ્યું.

'આ શિયાળ નથી. આ એક એવું પશુ છે જે શિયાળ જેવું દેખાય છે. અમે તેને 'શા' કહીએ છીએ. આ એ પ્રભુનું ચિહ્‌ન છે જેના પરથી મારું નામ રાખવામાં આવ્યું છે.'

વિદ્યુન્માલી બીજાં છૂંદણાઓની વાત કરવાનો હતો. પરંતુ સ્વુથે પોતાનો હાથ ઊંચો કર્યો.

'મારા શરીર પર ખૂબ છૂંદણા છે અને નકામી વાતો કરવામાં મને રસ નથી.' સ્વુથે કહ્યું, 'આપ મને ખૂબ પૈસા આપી રહ્યા છો, સેનાનાયક. એટલા માટે હું આપનું કામ કરીશ. મને સારું લાગે એટલા માટે આપને મારી સાથે સંબંધ બાંધવાની જરૂર નથી. આપ ખરેખર જે ઇચ્છો છો તે અંગે વાતો કરીએ.'

વિદ્યુન્માલી હસ્યો. જે લોકોને કામ સાથે કામ હોય તેવા લોકો સાથે કામ કરવાનું સારું લાગે છે. તેઓ તેઓનું સંપૂર્ણ ધ્યાન સામે પડેલા કામ પર લગાવતા હોય છે. જે અભિયાન સમ્રાટ દક્ષે તેને સોંપ્યું હતું તે મુશ્કેલ હતું. હત્યા તો કોઈ પણ અણઘડ પણ કરી શકે પરંતુ આટલી બધી શરતો સાથે હત્યા કરવા માટે ખાસ હોશિયાર વ્યક્તિની જરૂર પડે. એ માટે

એવા કલાકારની જરૂર પડે જે પોતાનાં કાળાં કરતૂતો તરફ નિષ્ઠાવાન હોય.

'માફ કરજો.' વિધુન્માલીએ કહ્યું, 'હું તરત મૂળ વિષય પર આવું છું.'

'એ જ સૌથી સારી વાત રહેશે.' સ્વુથે સહેજ વ્યગમાં કહ્યું.

'અમે નથી ઇચ્છતા કે કોઈ પણ આપને ઓળખી જાય.'

સ્વુથે પોતાની આંખ ઝીણી કરી, જાણે કોઈએ તેનું અપમાન ન કર્યું હોય. 'હત્યા કરતી વખતે અમને કોઈ જોતું હોતું નથી, સેનાનાયક વિધુન્માલી. મારી નાખવા સુધી મોટાભાગે અમારો શિકાર સુધ્ધાં અમને જોઈ શકતો નથી.'

વિધુન્માલીએ ડોકું ધુણાવ્યું, 'પરંતુ હું ઇચ્છ છું કે આપને જોઈ લેવામાં આવે પણ ઓળખાણ ન પડે.'

સ્વથના કપાળમાં કરચલીઓ પડી.

વિધુન્માલી એક થેલા તરફ ગયો. તેને ખોલ્યો અને તેમાંથી એક મોટો લાંબો પોશાક અને એક મુખવટો બહાર કાઢયો. 'હું ઇચ્યું છું કે આપ સૌ એને પહેરી લો અને હું ઇચ્છે છે કે જ્યારે આપ હત્યા કરો ત્યારે આપને જોઈ લેવામાં આવે.'

સ્વુથે પોશાક ઉપાડ્યો અને તરત તેને ઓળખી ગયો. આ એ પોશાક હતો જે પરદેશમાં મુસાફરી કરતી વખતે નાગાલોકો પહેરે છે. તેણે મુખવટા સામે ઘૂરકીને જોયું. તે જાણતો હતો કે આ મુખવટા હોળીના ઉત્સવ વખતે પહેરવામાં આવે છે.

સ્વુથે વિધુન્માલી તરફ જોયું. તેની આંખો ઝીણી થઈ ગઈ. 'આપ ઇચ્છો છો કે લોકો એવું વિચારે કે હત્યાઓ નાગાલોકોએ કરી છે ?'

વિધુન્માલીએ હકારમાં ડોકું ધુણાવ્યું.

'આ પોશાકો અમારી હલનચલનમાં અડચણરૂપ બનશે.' સ્વુથે કહ્યું, 'અને મુખવટા અમારી નજરમાં ખલેલ પહોંચાડશે. અમને આવી બધી વસ્તુઓ સાથે તાલીમ આપવામાં આવી નથી.'

'તો આપ મને એમ કહી રહ્યા છો કે અતેનના યોદ્ધા આ નહીં કરી શકે ?'

સ્વુથે ઊંડો શ્વાસ લીધો, 'મહેરબાની કરીને જતા રહો.'

વિધુન્માલી ઘૂરકીને સ્વથને જોઈ રહ્યો. તેને તેની અસભ્યતાએ ચકિત કરી દીધો હતો.

'જતા રહો.' સ્વુથ સાફ શબ્દોમાં બોલ્યો, 'જેથી આ પોશાકો પહેરીને અમે શું થઈ શકે તે જોઈ લઈએ. અમારે મહાવરો કરવો પડશે.'

વિધુન્માલી હસ્યો અને ત્યાંથી ઊઠી ગયો.

'સેનાનાયક,' સ્વુથે કહ્યું, 'મહેરબાની કરીને મશાલ અહીં મૂકતા જજો.'

'જરૂર.' વિધુન્માલીએ કહ્યું અને ત્યાંથી બહાર જતા પહેલાં મશાલને તેની જગ્યાએ ખોસી દીધી.



પ્રકરણ- ૪૦

નર્મદા પર છુપાઈ જવાની જગ્યા

'તેઓ અહીં આવી રહ્યા નથી.' નવાઈ સાથે સતીએ કહ્યું.

કાલી, ગણેશ અને કાર્તિકની સાથે તેણી મીઠું કેસરિયા દૂધ પીતી પીતી પરિવાર સાથે આનંદ માણી રહી હતી. તરત જ ભગીરથ, ચંદ્રકેતુ, માતલિ, બૃહસ્પતિ અને ચેનારધ્વજ કંઈક નવા સમાચાર લઈને તેણીની પાસે આવી પહોંચ્યા. વાસુદેવો પાસેથી આ પહેલાં મળેલા સમાચારે એક આછો ખ્યાલ આપ્યો હતો કે લગભગ પચાસ નૌકાઓનો કાફલો કેટલાક અઠવાડિયાંઓ પહેલાં કરચપથી નીકળ્યો છે. તેણીને આશા હતી કે તે સૌ લોથલ આવી રહ્યા હશે, પરંતુ છેલ્લા સમાચાર એ હતા કે નૌકાઓ દક્ષિણની તરફ વળી ગઈ છે.

'એવું લાગે છે કે તેઓ નર્મદા તરફ આગળ વધી રહ્યા છે.' એ વાસુદેવ પંડિતે કહ્યું જે હમણાં જ આ સમાચાર લઈને આવ્યા હતા.

'આવું ન થઈ શકે.' ગભરાઈ ગયેલી કાલીએ ગણેશ તરફ જોયું.

કાલી શિવની એક યુક્તિ સાથે સંમત નહોતી કે નર્મદા તરફ જવાનું નાટક કરીને મેલુહાવાસીઓને -- ગેરરસ્તે દોરવા અને ત્યાંથી પરિહા તરફ નીકળી જવું. તેને ડર હતો કે એમ કરવાથી મેલુહાવાસીઓને પંચવટીના સંભવિત માર્ગની નિશાની મળી શકે છે. શિવે તેણીની ચિંતા એમ કહીને શાંત કરી હતી કે ભૃગુને ખબર હતી કે પંચવટી નજીકની નદી પશ્ચિમથી પૂર્વ તરફ વહે છે, જ્યારે નર્મદા પૂર્વથી પશ્ચિમ તરફ વહે છે. એ તો સ્પષ્ટ વાત છે કે પંચવટી નર્મદાના કિનારે નથી. મેલુહાવાસી જાણતા હશે. જો તેઓ નર્મદા સુધી ગયા તો પણ પંચવટી પહોંચવા માટે તેઓને ગાઢ દંડક વનમાંથી જવું પડશે. અને કોઈ નાગા માર્ગદર્શક વગર એ કામ કરવું ખૂબ જ મુશ્કેલ હતું.

એટલે, મેલુહાની નૌસેનાના નર્મદા તરફ જવાના સમાચારે કાલી સામે ફક્ત એક જ તર્કપૂર્ણ છેવટની વાત મૂકી હતી. તેઓએ પંચવટીનો રસ્તો શોધી કાઢયો હતો.

'પંચવટી માટે નર્મદાનો રસ્તો તેઓએ કેવી રીતે જાણ્યો હશે ?' ગભરાઈને ગણેશે પૂછ્યું.

કાલી સતીની તરફ ફરી. 'આપના પતિએ મારી વાત ન સાંભળી અને મૂર્ખતાપૂર્વક નર્મદા તરફ જવા માટે આગ્રહ રાખ્યો.'

'કાલી, મેલુહાઈઓને નર્મદા ઉપર આપણા આવવા જવાની માહિતી છે.' સતીએ શાંતિથી કહ્યું, 'આ કોઈ ખાનગી વાત નથી, પરંતુ તેઓને એ જાણકારી નહીં હોય કે નર્મદાથી પંચવટી

કેવી રીતે જવાય છે. શિવે કોઈ માહિતી આપી નથી.'

'બકવાસ !' કાલીએ ચીસ પાડીને કહ્યું, 'અને આ ફક્ત શિવની જ ભૂલ નથી, આપની પણ છે. મેં કહ્યું હતું કે એ દ્રોહીને મારી નાખીએ, દીદી. આપ અને આપની ખોટી મર્યાદાનો સ્વભાવ મારી પ્રજાનો વિનાશ કરાવી દેશે.'

'માસી,' ગણેશે તરત પોતાની માતાના બચાવમાં કહ્યું, 'મને નથી લાગતું કે તેના માટે આપણે માનો વાંક કાઢવો જોઈએ. એ સંપૂર્ણ રીતે સંભવ છે કે સેનાપતિ પર્વતેશ્વરે નહીં પરંતુ મહર્ષિ ભૃગુએ નર્મદાનો રસ્તો ખોળી કાઢયો હતો. આમેય તેઓને ગોદાવરીનો રસ્તો તો ખબર હતો જ ને ?'

'હા જી, ગણેશ.' કાલીએ વ્યગમાં કહ્યું, 'તેઓ સેનાપતિ પર્વતેશ્વર નહીં હોય અને ચોખ્ખી વાત છે કે આ તમારી પ્રિય માનો પણ દોષ નહીં હોય. માનવજાતના ઇતિહાસના સૌથી વધુ સમર્પણને વરેલો પુત્ર શા માટે એવું વિચારે કે તેઓની માતા કોઈ ભૂલ કરી શકે છે ?'

'કાલી...' સતીએ ધીમે અવાજે કહ્યું.

કાલીનો બડબડાટ ચાલુ રહ્યો, 'શું તમે ભૂલી ગયાં છો કે તમે એક નાગા છો ? કે તમે લોકાધીશ છો, જેણે પોતાના લોહીના છેલ્લા ટીપા સુધી પોતાની જાતિના રક્ષણ માટે સોગાન લીધા છે ?'

પરિસ્થિતિ વધુ વણસે તે પહેલાં ભગીરથે વચ્ચે પડવાનો નિર્ણય લીધો. 'રાણી કાલી, આ વિવાદમાં પડવાથી કોઈ ફાયદો નથી કે મેલુહાઈઓને નર્મદા માર્ગની કેવી રીતે ખબર પડી. આપણે તો એ વિચાર કરવો જોઈએ કે હવે આપણે શું કરવાનું છે ? આપણે પંચવટીનું રક્ષણ કઈ રીતે કરીશું ?'

કાલી ભગીરથ તરફ ફરી અને ફૂંફાડો મારતાં બોલી, 'શું કરવું જોઈએ એ જાણવા માટે આપણે મહર્ષિ ભૃગુ બનવાની જરૂર નથી. કાલે બધા જ નાગા યોદ્ધાઓને લઈને પચાસ નૌકાઓ અહીંથી નીકળી જશે. મેલુહાના લોકો એ દિવસ માટે દિલગીર થશે જ્યારે તેઓએ મારી પ્રજા ઉપર આક્રમણ કરવાનો નિર્ણય કર્યો હતો.'



કાલી, ગણેશ અને કાર્તિક લોથલના ગોળાકાર બંદર ઉપર એક લાખ સૈનિકો સાથે ભેગા થયા હતા, જેમાં બધા જ નાગા અને અનેક બ્રંગા યોદ્ધાઓ સામેલ થયા હતા, જેઓ ઝડપથી પોતાની નૌકાઓમાં સવાર થઈ રહ્યા હતા. તેઓ સૌ જાણતા હતા કે સમય ઘણો ઓછો છે.

સતી પોતાના પરિવારને વિદાય આપવા બંદર ઉપર આવી હતી. તેણી તો લોથલમાં જ રહેવાની હતી. તેણીને શંકા હતી કે તેણીની છૂટી પડી ગયેલી સેનાની પરિસ્થિતિનો લાભ ઉઠાવવા મેલુહાઈ એ જ સમયે તેણીના નગરને ઘેરો નાખી શકે છે.

'કાલી...' સતીએ મૃદુ સ્વરમાં કહ્યું.

કાલીએ નિરસ નજરે તેણીને જોઈ અને પછી પોતાની બહેન તરફ પીઠ ફેરવીને, મોટેથી બૂમ પાડીને પોતાના સૈનિકોને આદેશ આપવા માંડી. 'જલદી નૌકાઓમાં ચઢી જાવ ! જલદી કરો !'

ગણેશ અને કાર્તિક આગળ આવ્યા, સતીના ચરણસ્પર્શ કરવા નીચા નમ્યા અને પોતાની માના આશીર્વાદ લીધા.

'અમે જલદીથી પાછા આવી જઈશું, મા.' ગણેશે વિચિત્ર રીતે હસીને કહ્યું.

સતીએ ડોકું ધુણાવ્યું. 'હું રાહ જોઈશ.'

'શું અમારા માટે કોઈ શીખ છે, મા ?' કાર્તિકે પૂછ્યું.

સતીએ પોતાની બહેનને જોઈ, જે હજી પણ કઠોર થઈને તેણીની તરફ પીઠ ફેરવીને ઊભી હતી, 'તમારી માસીનું ધ્યાન રાખજો.'

સતીની વાત કાલીએ સાંભળી લીધી હતી પરંતુ જવાબ આપવા તે તૈયાર થઈ નહીં.

સતીએ આગળ વધીને કાલીના ખભાનો સ્પર્શ કર્યો. 'સેનાપતિ પર્વતેશ્વરના વિષે મને દુઃખ છે. મેં ફક્ત એ જ કર્યું જે મને ઠીક લાગ્યું હતું.'

કાલીના ખભા સખત થઈ ગયા, 'દીદી, બીજાના જીવનના મૂલ્ય ઉપર નૈતિક અહંને વળગી રહેનાર વ્યક્તિ જરૂરી નથી કે બધાથી વધારે નૈતિક વ્યક્તિ હોય.'

સતી ચૂપ રહી અને દુઃખી ભાવ સાથે કાલીની પીઠને જોતી રહી. તેણી જોઈ શકતી હતી કે કાલીના બંને હાથ કંપી રહ્યા હતા. સ્પષ્ટ હતું કે નાગારાણી ખૂબ જ નિરાશ અને દુઃખી હતી.

કાલી ફરી અને તેણે પોતાની બહેનને જોઈ. 'નૈતિક યશ લેવાની તમારી લાલસાને લીધે મારી પ્રજા દુઃખ નહીં વેઠે, દીદી.'

આટલું કહીને, પોતાના સૈનિકોને ઝડપથી નૌકાઓ પર સવાર થવા માટે મોઢેથી સાટકા લગાવતી કાલી ઝડપથી જતી રહી.



કનખલાએ જે સાંભળ્યું, તેના ઉપર તેને વિશ્વાસ ન બેઠો. શાંતિનો ખરેખર પ્રયાસ !

'એક લાંબા સમય પછી મેં આટલા સારા સમાચાર સાંભળ્યા છે, મહારાજ.' કનખલાએ કહ્યું.

દક્ષ ખુલ્લા દિલે હસ્યા. 'મને લાગે છે કે તું એવું સમજતી હોઈશ કે આ વાતને ખાનગી રાખવી પડશે. ઘણાબધા લોકો એવા છે જે શાંતિ નથી ઇચ્છતા. તેઓ વિચારે છે કે આને સમાપ્ત કરવાનો એકમાત્ર રસ્તો ખુલ્લું યુદ્ધ છે.'

કનખલાએ દક્ષની પાસે ઊભેલા વિધુન્માલીને જોયો. તેનો સમગ્ર દેહ એવું કહી રહ્યો હતો કે તે યુદ્ધપિપાસુ છે. સમ્રાટ સાથે તેને સંમત થયેલો જોતાં કનખલાને નવાઈ લાગી.

કનખલાએ વિચાર્યું કે કદાચ સમ્રાટ મહર્ષિ ભૃગુનો આ વ્યક્તિના રૂપમાં દાખલો આપી રહ્યા છે જે નીલકંઠની સાથે શાંતિ નથી ઇચ્છતા.

'દેવગિરિ બહાર જે નાનકી લડાઈ થઈ તેમાં લોકોનાં મૃત્યુ અને બરબાદી આપણે જોઈ ચૂક્યા છીએ.' દક્ષે કહ્યું, 'આ ફક્ત સતીની જ બુદ્ધિ હતી જેણે તેને નરસંહારમાં બદલાઈ જતાં રોકી દીધું હતું જે મેલુહા અને પ્રભુ નીલકંઠ બંનેને નુકસાન કરત.'

કદાચ સતી પ્રત્યે સમ્રાટનો પ્રેમ જ તેઓને મજબૂર કરી રહ્યો હોય. તેઓ પોતાની પુત્રીને ક્યારેય કોઈ નુકસાન પહોંચવા નહીં દે, કારણ જે પણ હોય, શાંતિ માટેની તેઓની પહેલમાં હું તેઓને સાથ આપીશ.

'શું વિચારી રહી છો, કનખલા ?'

'કંઈ ખાસ નહીં, સ્વામી. મને આનંદ એ વાતનો છે કે આપ શાંતિની વાત કરવાની ઇચ્છા ધરાવો છો.'

'તારા માટે કામ નક્કી છે.' દક્ષે કહ્યું, 'બહુ જ ઓછા સમયમાં એક સંપૂર્ણ શાંતિસભાનું આયોજન કરવાનું છે. પરંપરા અનુસાર આ શાંતિસભાનું નામ આપણા પ્રધાનમંત્રીના નામ પર

રાખીશું : 'કનખલાનો યજ્ઞ'.

શરમાઈને કનખલા હસી પડી, 'આપ બહુ જ ઉદાર છો, સ્વામી, પરંતુ નામ મહત્ત્વનું નથી, શાંતિ મહત્ત્વપૂર્ણ છે.'

'હા, શાંતિ સર્વોપરી છે. એટલે આખી વાત ખાનગી રાખવાના મારા કથનને તારે ગંભીરતાથી લેવાનું રહેશે. કોઈ પણ પરિસ્થિતિમાં શાંતિવાર્તાની વાત કરચપ ન પહોંચવી જોઈએ.'

કરચપ એ સ્થળ હતું જ્યાં મહર્ષિ ભૃગુએ અયોધ્યાના રાજા દિલીપ અને સેનાપતિ પર્વતેશ્વર સાથે પડાવ નાખ્યો હતો.

'જરૂર, મારા સ્વામી.' કનખલાએ કહ્યું.

આનંદમાં આવીને કનખલા આ કાર્યમાં લાગી જવા તરત જ પોતાના અંગત કાર્યાલય તરફ ચાલી ગઈ.

દક્ષે પોતાના અંગત કાર્યાલયના દરવાજા બંધ થવાનો અવાજ સાંભળ્યો કે તેઓ વિધ્યુન્માલી તરફ ફર્યા, 'આશા રાખું છું કે સ્વુથ અને તેના માણસો મને નિરાશ નહીં કરે.'

'જરાય નહીં કરે, સ્વામી.' વિધ્યુન્માલીએ કહ્યું, 'મારા પર ભરોસો રાખજો. તિબેટના એ જંગલીનો આ અંત હશે. બધા નાગાઓનો વાંક કાઢશે. આમ પણ તેઓને લોહીતરસ્યા, અવિવેકી હત્યારાઓના રૂપમાં જ જોવામાં આવે છે. અહીંના કોઈ પણ સમજુ નાગરિક એવું નથી માની રહ્યા કે તે કપટી નીલકંઠ નાગાઓને ચઢાવી રહ્યા છે. બરાબર એ રીતે જે રીતે તેઓએ વિક્રમોને મુક્ત કરી નાખવાનો સ્વીકાર નહોતો કર્યો, ભલેને દ્રપકુ ગમે તેટલા મહાન કેમ ન રહ્યા હોય. લોકો તરત જ માની લેશે કે નાગાઓએ તેમને મારી નાખ્યા.'

'અને મારી દીકરી મારી પાસે પાછી આવી જશે.' દક્ષે કહ્યું, 'તેણી પાસે કોઈ બીજો વિકલ્પ જ નહીં રહે. અમે ફરીથી એક પરિવાર થઈ જઈશું.'

ભ્રમ સૌથી વધુ લોભામણી માન્યતાઓને જન્મ આપે છે.



શિવ, ગોપાલ અને તારા પોતાની વ્યાપારી નૌકા ઉપર ઊભાં હતાં. પરિહાઈઓએ તેઓના કીમતી સામાનને ચઢાવવામાં મદદ કરી હતી. બધાએ વિદાય આપ્યા પછી, નીલકંઠે હમણાં જ નૌકાને 'જમ' સમુદ્રમાં લઈ જવા માટે આદેશ આપ્યો હતો.

'શહરજાદ.' ગોપાલે કહ્યું, 'કેટલું...'

'કૃપા કરીને તારા કહો.' તેણીએ વાસુદેવ પ્રમુખની વાત કાપી.

'માફ કરજો.'

'હવે મારું નામ તારા છે, મહા-વાસુદેવ.' તારાએ કહ્યું, 'શહરજાદ પરિહામાં જ રહી ગઈ.'

ગોપાલ હસ્યા. 'જરૂર, માફ કરજો. તારા જ બરાબર છે.'

'આપનો પ્રશ્ન શું હતો ?'

'હું વિચારતો હતો કે તમે કેટલા સમયથી પરિહામાં છો ?'

'બહુ સમયથી.' તારાએ કહ્યું, 'શરૂઆતમાં હું એક યોજના માટે આવી હતી જે મહર્ષિ ભૃગુએ મને સોંપી હતી. મને હતું કે આ થોડા સમય પૂરતું રહેવાનું હશે. તેઓએ મને વાયુપુત્રો સાથે મળીને દૈવી શસ્ત્રો પર કામ કરવા માટે મોકલી હતી અને કહ્યું હતું કે તેઓ જ્યારે રજા આપે ત્યારે જ મારે પાછા ફરવું, પરંતુ જ્યારે મેં બૃહસ્પતિના મૃત્યુના સમાચાર સાંભળ્યા તો મને

પાછા ફરવાનું કોઈ કારણ દેખાયું નહીં.

'આમ જુઓ તો બૃહસ્પતિ હવે બહુ દૂર નથી.' ગોપાલે નમ્રતાથી કહ્યું, 'જમ' સમુદ્રમાં બે અઠવાડિયાં વધુ અને પછી આપણે લોથલ અને બૃહસ્પતિ માટે પશ્ચિમના સમુદ્રમાં પૂર્વ તરફ યાત્રા કરી રહ્યાં હોઈશું.'

તારા આનંદપૂર્વક હસી.

'હા.' શિવે રમતિયાળપણે 'જમ'ના અર્થ ઉપર મશ્કરી કરતાં કહ્યું, 'પરંતુ આ બધું ન સમજાય તેવું છે. એ સમુદ્ર જેની તરફ 'આપ જાવ છો.' હવે એ સમુદ્ર બની જશે. જ્યાંથી 'આપણે જઈએ છીએ.' અને પછી આપણે પશ્ચિમી સમુદ્ર ઉપર પૂર્વ તરફ યાત્રા કરવાની છે. પવિત્ર સરોવર જ જાણે છે કે અંતે આપણે ક્યાં પહોંચીશું.'

તારાએ ભવાં ચડાવ્યાં.

'જાણું છું.' શિવે કહ્યું, 'આ એક ભયંકર મજાક છે. મને લાગે છે કે સરાસરીનો નિયમ બધા ઉપર લાગુ પડે છે.'

તારા હસી પડી. 'મને આપની મજાકે ચકિત કરી દીધી નહોતી. જોકે હું જાણું છું કે એ ભયંકર હતી.'

'ધન્યવાદ.' શિવ ધીરેથી હસ્યા, 'પરંતુ તમે કઈ વાત ઉપર ચકિત થયાં હતાં ?'

'હું માની રહી હતી કે આપ વિચારો છો કે 'જમ'નો અર્થ છે 'આવવું'.

શિવે ભવાં ચડાવીને ગોપાલ તરફ ફરીને જોયું, કારણ કે વાસુદેવ પ્રમુખે જ તેઓને આ અર્થ કહ્યો હતો.

'શું 'જમ'નો અર્થ 'આવવું' નથી થતો ?' ગોપાલે પૂછ્યું.

'પરિહાઈઓ સિવાય બધા લોકો આમ જ માને છે.' તારાએ કહ્યું.

'તેઓ શું માને છે ?' શિવે પૂછ્યું.

'જમ ધર્મના દેવતા છે. એટલે આ સમુદ્ર ખરેખર તો ધર્મદેવનો સમુદ્ર છે.'

શિવ હસ્યા. 'પરંતુ ભારતમાં તો, ધર્મદેવ...'

'...યમ છે.' તારાએ શિવના વાક્યને પૂરું કર્યું અને કહ્યું, 'સાથે સાથે મૃત્યુના દેવતા પણ છે.'

'નિ:શંક.'

'શું આ બંને નામો વચ્ચે કોઈ સંબંધ છે : યમ અને જમ ? શું પરિહામાં જમ નામના કોઈ મહાન અધિનાયક અથવા દેવતા થયા હતા ?'

'નામો વચ્ચેના કોઈ સંબંધ અંગે તો હું નથી જાણતી, પરંતુ પ્રાચીન સમયમાં 'જમ' નામનો એક ગોવાળિયો હતો, જે અહુર મઝદાના આશીર્વાદથી આ વિસ્તારના સૌથી શરૂઆતના રાજાઓમાં એક મહાન રાજા બન્યો હતો. તેણે આખા દેશમાં સમૃદ્ધિ અને સુખ લાવી દીધાં. જ્યારે એક મોટી આફત આવી જે આખી દુનિયાને ખતમ કરી દેવા જેવી હતી ત્યારે માનવામાં આવે છે કે તેણે એક આખું નગર જમીનની નીચે બનાવ્યું હતું જેણે તેની પ્રજાના બહુ લોકોના જાન બચાવ્યા હતા. પછીથી તેના રાજ્યના લોકો તેને 'જમશેદ' કહેવા લાગ્યા હતા.

'શેદ' શા માટે ?'

'શેદનો અર્થ છે પ્રભા-કાંતિ-દીપ્તિ. એટલે જમશેદનો અર્થ છે ધર્મદેવ.'



પ્રકરણ- ૪૧

શાંતિ માટેનું નિમંત્રણ

સતી, ભગીરથ, ચંદ્રકેતુ, માતલિ અને બૃહસ્પતિ લોથલના પ્રાંતપાલ ચેનારધ્વજના અંગત કાર્યાલયમાં ભેગાં થયાં હતાં. તેઓને હમણાં જ દેવગિરિથી કનખલાનો સંદેશો લઈને એક દૂત મળ્યો હતો. એમાં જે સંદેશો હતો તેણે તે સૌને અચંબામાં નાખી દીધા હતા.

'શાંતિસભા ?' ભગીરથે પૂછ્યું, 'આ કઈ છેતરામણી યોજના બનાવાઈ રહી છે ?'

'રાજકુમાર ભગીરથ,' લોથલના ગવર્નર ચેનારધ્વજ ઠપકો આપતા સ્વરે બોલ્યા : 'આ મેલુહા છે. અહીં નિયમ તોડવામાં નથી આવતા અને શાંતિસભાના નિયમ બહુ જ સ્પષ્ટ છે. તેને સ્વયં ભગવાન રામે બનાવ્યા હતા. એમાં કોઈ છેતરામણીનો સવાલ જ નથી.'

'પરંતુ પંચવટી પર આક્રમણનું શું ?' વૈશાલીના રાજા માતલિએ પૂછ્યું, 'સ્પષ્ટ છે કે તેઓએ નાગા રાજધાનીનો નર્મદા રસ્તો ખોળી કાઢયો છે અને આપણને હેરાન કરવાના પ્રયાસ રૂપે પોતાની નૌકાઓને આક્રમણ કરવા મોકલી દીધી છે.'

'આ પ્રપંચ કેવો છે, રાજા માતલિ ?' ચેનારધ્વજે પૂછ્યું, 'તેઓ આપણી સામે યુદ્ધમાં મચેલા છે. તેઓએ એક નબળી કડી જોઈ લીધી અને આક્રમણ કરવાનો નિર્ણય લઈ લીધો. યુદ્ધ આ રીતે તો લડાય છે.'

'મને એ વાતની કોઈ તકલીફ નથી કે મેલુહા આક્રમણ કરવાનો નિર્ણય લઈ લે છે, પ્રાંતપાલ ચેનારધ્વજ.' બ્રંગાના રાજા ચંદ્રકેતુએ કહ્યું, 'ચિંતાજનક વાત એ છે કે તેઓએ એક જ સમયે પંચવટી પર આક્રમણ કરવાનો અને શાંતિસભા બોલાવવાનો નિર્ણય લીધો છે. મને આ શંકાસ્પદ લાગે છે.'

'હું સંમત છું.' ભગીરથે કહ્યું, 'શક્ય છે શાંતિસભાની સાથે તેઓ આપણને નગર બહાર બોલાવીને અને પછી આપણા પર આક્રમણ કરવાની ચાલ રમતા હોય. લોથલના કિલ્લાની રક્ષા વગર આપણે મેલુહાઈઓથી હારી જ જઈશું.'

'રાજકુમાર ભગીરથ,' બૃહસ્પતિએ કહ્યું, 'આપણને એ સમાચાર પહોંચી ગયા છે કે મેલુહાની સેના હજી સુધી કરચપ કૂચ કરી ગઈ નથી. જો તેઓની યોજના આપણને ચતુરાઈપૂર્વક લોથલની બહાર કાઢવાની હોત તો તેની સાથે જ તેઓએ તેમની પોતાની સેનાને કેમ રવાના નથી કરી ?'

ચંદ્રકેતુએ સંમતિસૂચક ડોકું ધુણાવ્યું. 'આ ન સમજાય તેવું છે.'

'કદાચ મેલુહામાં અંદરોઅંદર મતભેદ થઈ ગયા હોય.' બૃહસ્પતિએ પોતાનો વિચાર દર્શાવ્યો, 'કદાચ કેટલાક લોકો શાંતિ ઇચ્છતા હોય જ્યારે બીજા યુદ્ધ ?'

'આ શરૂઆતના પ્રસ્તાવ ઉપર આપણે આંખો મીંચીને ભરોસો ન મૂકી શકીએ.' સતીએ કહ્યું, 'પરંતુ આપણે તેની સામે આંખ આડા કાન પણ ન કરી શકીએ. જો એવી સંભાવના હોય કે સોમરસને વધુ લોકોને મારી નાખ્યા વગર રોકી શકાય તેમ છે તો આ વાતને સ્વીકારી લેવી જોઈએ. બરાબરને ?'

'પરંતુ શાંતિસંદેશ તો પ્રભુ શિવના માટે છે.' ભગીરથે કહ્યું, 'શું આપણે તેઓના પાછા ફરવાની રાહ ન જોવી જોઈએ ?'

સતીએ નકારમાં ડોકું ધુણાવ્યું, 'એમની રાહ જોવામાં મહિનાઓ થઈ જશે. આપણે તો એ પણ જાણતા નથી કે વાયુપુત્રોને સમજાવવામાં તેઓ સફળ થયા છે કે નહીં. જો તેઓ સફળ ન થયા હોય તો ? તો સોમરસ ઉપર પ્રતિબંધ લગાવવાની માંગ માટે આપણે સાવ નબળી સ્થિતિમાં આવી જઈશું. અત્યારે તો બધું અટકી પડેલું છે. મેલુહાના લોકોને પણ આની ખબર છે. કોને ખબર શાંતિસંમેલનમાં આપણે કેટલીક સારી શરતો માન્ય કરાવી પણ શકીએ.'

'બની શકે છે.' ચંદ્રકેતુએ કહ્યું, 'અથવા આપણે સીધા જ કોઈ જાળમાં ફસાઈ પણ જઈએ અને આપણી સંપૂર્ણ સેનાનો નાશ પણ થઈ શકે.'

સતી જાણતી હતી કે આ બહુ જ મુશ્કેલ વાત હતી, જેનો નિર્ણય લેવો ઘણો અઘરો હતો. એમાં ઉતાવળ ન કરાય.

'મારે આ અંગે હજી વધારે વિચારવું પડશે.' સતીએ ચર્ચા પૂરી કરતાં કહ્યું.



ભારે સલામતી સાથેના કક્ષમાં સતીએ પ્રવેશ કર્યો. દેવગિરિથી આવેલા મુલાકાતીને લોથલના પ્રાંતપાલના કાર્યાલયના એક આરામદાયક ખંડમાં બેસાડવામાં આવ્યો હતો. તે મુલાકાતી કનખલાનો સંદેશો લાવ્યો હતો. જોકે આ સંદેશો લઈ આવનાર મુલાકાતી સાથે સારો વ્યવહાર કરવામાં આવી રહ્યો હતો પરંતુ કક્ષનાં બારી-બારણાં બંધ કરી દેવામાં આવ્યાં હતાં. નગરમાં તેના પ્રવેશ સમયે તેની આંખો ઉપર પટ્ટી બાંધી દેવામાં આવી. તેને સીધો જ આ કક્ષમાં લાવી દેવામાં આવ્યો હતો. તેની સાથેના માણસોને નગરની બહાર રાહ જોતા બેસાડી રાખવામાં આવ્યા હતા. સતી નહોતી ઇચ્છતી કે આ શાંતિદળ નગરની અંદરની સંરક્ષણ વ્યવસ્થાને જુએ.

'માનનીય,' મેલુહાના સંદેશાવાહકે ઊઠીને સતીને પ્રણામ કરતાં કહ્યું. સતી હજી પણ તેના માટે મેલુહાની રાજકુમારી જ હતી.

'સેનાનાયક માયાશ્રેણિક,' સતીએ ઔપચારિક નમસ્તે કરતાં કહ્યું. અરિષ્ટનેમી સેનાનાયકને સતીએ હંમેશા ભલો માણસ માન્યો હતો.

માયાશ્રેણિકે કપાળમાં કરચલીઓ પાડતાં બારણા તરફ જોયું, 'શું નીલકંઠ આ વાતચીતમાં સામેલ નહીં થાય ?'

ભૃગુએ દેવગિરિમાં દક્ષને ખાનગી માહિતી ન આપવાનો નિર્ણય લીધો હતો. એનાથી કેવળ યુદ્ધની રણનીતિઓ અંગે દક્ષની દખલગીરી જ થયા કરત, જેને વારંવાર નકારતા એક શિસ્તબદ્ધ મેલુહાઈ હોવાના કારણે પર્વતેશ્વર માટે મુશ્કેલ વાત બનત. એટલે દેવગિરિમાં રહેલા મેલુહાવાસીઓની જેમ માયાશ્રેણિકને પણ ખબર નહોતી કે કરચપ અંગે પર્વતેશ્વરને શું શંકા છે

કે શિવ કદાચ જળમાર્ગે નર્મદા સુધી ગયા છે અને ત્યાંથી પંચવટી જશે ?

જાણીજોઈને સતી પણ માયાશ્રેણિકને જણાવવા માગતી નહોતી કે શિવ લોથલમાં નથી, પરંતુ સાથે સાથે તે જુઠું પણ બોલવા માગતી નહોતી. 'નહીં.' 'પરંતુ....'

'જ્યારે આપ મારી સાથે વાત કરી રહ્યા છો,' સતીએ તેની વાત કાપી નાખતાં કહ્યું, 'તો એ તેઓ સાથે વાત કર્યા બરાબર છે.'

માયાશ્રેણિકના કપાળે કરચલીઓ પડી, 'શું પ્રભુ નીલકંઠ મને મળવા માગતા નથી ? શું તેઓ શાંતિ નથી ઇચ્છતા ? શું તેઓ એવું વિચારે છે કે મેલુહાનો નાશ કરવો એ જ એકમાત્ર માર્ગ છે ?'

'શિવ એવું નથી વિચારતા કે મેલુહા બૂરાઈ છે. ફક્ત સોમરસ બૂરાઈ છે અને શંકા વગરની વાત છે કે તેઓ શાંતિ માટે આગળ વધવાની ઇચ્છા ધરાવે છે. જો મેલુહા ફક્ત એક સાધારણ માંગણીને પૂરી કરી દે : 'સોમરસનો ત્યાગ.' '

'તો પછી તેઓએ શાંતિસંમેલનમાં આવવું જોઈએ.'

'આ તો મુશ્કેલી છે. અમને કેવી રીતે વિશ્વાસ બેસે કે કનખલાનું આમંત્રણ એકદમ સાચું છે ?'

'માનનીય,' અચંબા સાથે માયાશ્રેણિકે કહ્યું, 'આપ ખરેખર તો એવું નહીં જ વિચારતાં હો કે મેલુહા શાંતિસભા અંગે અસત્ય બોલે. અમે એવું કેવી રીતે કહી શકીએ ? ભગવાન રામનું વિધાન એની મનાઈ ફરમાવે છે.'

'હોઈ શકે છે કે મેલુહાવાસીઓ વિધાનનું પાલન સદાય કરતા હોય, સેનાનાયક. મારા પિતા નથી કરતા.'

'માનનીય, સમ્રાટના પ્રયત્નો સાચુકલા છે.'

'અને એના ઉપર હું કઈ રીતે વિશ્વાસ કરું ?'

'મને ખાત્રી છે કે આપના જાસૂસોએ આપને જણાવી દીધું હશે કે મહર્ષિ ભૃગુ કરચપમાં છે.'

'તો ?'

'મહર્ષિ ભૃગુ જ છે જે સમાધાન નથી ઇચ્છતા, માનનીય. આપના પિતા શાંતિ ઇચ્છે છે. મહર્ષિ દૂર છે એટલે તેઓને આ તક મળી છે. આપ જાણો છો કે એકવાર આપના પિતા શાંતિસંધિ ઉપર હસ્તાક્ષર કરી દે પછી મહર્ષિ ભૃગુ માટે તેનો અસ્વીકાર કરવો મુશ્કેલ વાત બની જશે. મેલુહા ફક્ત સમ્રાટના આદેશોને જ માન્યતા આપે છે. અત્યારે પણ ભલે મહર્ષિ ભૃગુ આદેશ આપતા હોય, પરંતુ તે સમ્રાટના નામથી જ બહાર પડે છે.'

'શું આપ ઇચ્છો છો કે હું વિશ્વાસ મૂકી દઉં કે મારા પિતાની અંદર એકદમ એવી વૃત્તિ પેદા થઈ ગઈ છે કે તેઓ જેને યોગ્ય સમજે છે તેને ટેકો આપે ?'

'આપ યોગ્ય કરી રહ્યાં નથી...'

'ખરેખર ? આપ નથી જાણતા કે તેઓએ મારા પહેલા પતિને મારી નખાવ્યો હતો ? તેઓના મનમાં વિધાન પ્રત્યે કોઈ માન નથી.'

'પરંતુ તેઓ આપને પ્રેમ કરે છે.'

સતીએ ઘણા સાથે પોતાની આંખો ઊંચી કરી. 'બસ કરો, માયાશ્રેણિક. શું આપ મને એ માનવા માટે કહો છો કે તેઓ શાંતિનો પ્રચાર એટલા માટે કરે છે કે તેઓ મને પ્રેમ કરે છે ?'

'તેઓએ આપનું જીવન બચાવ્યું હતું, માનનીય.'

'સાવ ખોટી વાત છે. શું આપે આવી હાસ્યાસ્પદ વાત ઉપર વિશ્વાસ મૂકી દીધો છે ? શું આપ ભરોસો કરો છો કે મારા પિતાએ મારા નાગા બાળકને ફેંકી દીધો હતો અને એ વાત

તેઓએ લગભગ ૯૦ વર્ષો સુધી છુપાવી હતી કારણ કે તેઓ મારું જીવન બચાવી શકે. ના, તેઓએ એવું કર્યું નહોતું. તેઓએ એવું એટલા માટે કર્યું હતું કે તેઓ તેમના નામનું રક્ષણ કરી શકે. તેઓ નહોતા ઇચ્છતા કે લોકો એ વાત જાણે કે સમ્રાટ દક્ષનો એક સગો નાગા છે. આ જ કારણસર તેઓએ વિધાનનું ઉલ્લઁઘન કર્યું હતું.'

'હું એની વાત નથી કરી રહ્યો જે નેવું વર્ષો પહેલાં બન્યું હતું, માનનીય. હું તેની વાત કરી રહ્યો છું જે થોડાં વર્ષો પહેલા બન્યું છે.'

'શું ?'

'પંચવટીમાં ચેતવણીની ઘંટડી કેવી રીતે ગુંજી ઊઠી હતી તે અંગે આપ શું વિચારો છો ?'

સતી મૌન રહી. તેણી આ રહસ્યને જાણીને અચંબો પામી ગઈ હતી.

'સમયસર ચેતવણી ગુંજી ઊઠવાથી આપનો બચાવ થઈ ગયો હતો.'

'આપને આ વાતની કેવી રીતે ખબર છે ?'

'મહર્ષિ ભૃગુએ પંચવટીનો નાશ કરવા માટે નૌકાઓ મોકલી હતી, પરંતુ આપના પિતાએ આ અભિયાનને તોડી પાડવા મને મોકલ્યો હતો. મેં એ ચેતવણી વગાડી હતી જેણે આપ સૌનું રક્ષણ કર્યું હતું. મેં તેવું આપના પિતાના આદેશના લીધે કર્યું હતું. આપની રક્ષા કરવા તેઓએ પોતાના સામ્રાજ્ય અને પોતાનાં હિતોને નુકસાન પહોંચાડયું હતું.'

સતી ભારે આશ્ચર્ય સાથે માયાશ્રેણિકને જોતી રહી, 'મને આપના ઉપર વિશ્વાસ નથી.'

'આ સત્ય છે, માનનીય.' માયાશ્રેણિકે કહ્યું, 'આપ જાણો છો કે હું જૂઠું બોલતો નથી.'

સતીએ ઊંડો શ્વાસ લીધો અને બીજી તરફ જોવા લાગી.

'જો મહારાજ, મેલુહા પ્રત્યેના તેઓના કર્તવ્યના કારણે નહીં ફક્ત આપના પ્રતિ પોતાના પ્રેમને કારણે શાંતિના વિષયમાં વિચારી રહ્યા હોય તો પણ શું તેનાથી આપણા દેશને લાભ નહીં થાય ? શું આપણે સાચે જ એવું ઇચ્છીએ છીએ કે આ યુદ્ધ ત્યાં સુધી ચાલતું રહે જ્યાં સુધી મેલુહાનો નાશ નથી થઈ જતો ?'

માયાશ્રેણિક તરફ ફરીને જોતાં, સતી શાંત રહી.

'મહેરબાની કરીને નીલકંઠ સાથે વાત કરો, દેવી. તેઓ આપની વાત સાંભળે છે. શાંતિ માટેનો આ પ્રસ્તાવ એકદમ સાચુકલો અને નિષ્કપટ છે.'

સતીએ કંઈ ન કહ્યું.

'શું હું નીલકંઠને મળી શકું છું, માનનીય ?' માયાશ્રેણિકે પૂછ્યું. તે હજી પણ નક્કી નહોતો કરી શકતો કે સતીએ શાંતિ અંગે પોતાનું મન નક્કી કર્યું છે કે નહીં.

'ના, આપ નહીં મળી શકો.' સતીએ કહ્યું, 'મારો એક રક્ષક આપને નગરના દરવાજા સુધી લઈ જશે. આપ દેવગિરિ પાછા જતા રહો. આપે જે કાંઇ કહ્યું તેના ઉપર હું ગંભીરતાથી વિચાર કરીશ.'



'આપણે શાંતિસંમેલનમાં જવા માટે વિચાર કરવો જોઈએ.' સતીએ કહ્યું.

તેણી પ્રાંતપાલના નિવાસ પર ભગીરથ, બુહસ્પતિ, ચેનારધ્વજ, ચંદ્રકેતુ અને માતલિ સાથે સભા કરી રહી હતી.

'આ બુદ્ધિપૂર્વકનો વિચાર નથી, દેવી.' ભગીરથે કહ્યું, 'ફક્ત ભગવાન રામ જ જાણતા હશે કે તેઓએ આપણા માટે કઈ જાળ પાથરી રાખી હશે.'

'એનાથી ઊલટું. મને લાગે છે કે શું એવી શક્યતા હોઈ શકે છે કે કરચપમાં સેનાને ખબર જ ન હોય કે મારા પિતા દેવગિરિમાં શું કરી રહ્યા છે ?'

'આ શક્ય છે.' બૃહસ્પતિએ કહ્યું, 'પરંતુ શું આપ ખરેખર વિચારી રહ્યાં છો કે આપના પિતા શાંતિની વાતો ચલાવી રહ્યા હશે ? શું તેઓમાં એટલી શક્તિ છે કે વાતને આગળ લઈ જઈ શકે ?'

'કદાચ તેઓ એકલા નથી. જરૂર પ્રધાનમંત્રી કનખલા પણ તેમાં સામેલ હશે.' સતીએ કહ્યું, 'આમંત્રણ તેણીના નામનું જ છે.'

'કનખલાનો સમ્રાટ પર પ્રભાવ છે, એમાં કોઈ શંકા નથી.' ચેનારધ્વજે કહ્યું, 'અને ખરેખર તેઓ યુદ્ધના તરસ્યા નથી. તેઓની વૃત્તિ સામાન્ય રીતે શાંતિ માટેની હોય છે. સાથે સાથે તેઓ નીલકંઠના એકદમ સમર્પિત અનુયાયી છે.'

'શું તેઓમાં શાંતિસમજૂતી થાય તો તેને લાગુ કરવાની ક્ષમતા છે ?' ભગીરથે પૂછ્યું.

'હા, તેઓમાં ક્ષમતા છે.' સતીએ કહ્યું, 'મેલુહાની પરંપરા લખેલા આદેશોના સિદ્ધાંત પર કામ કરે છે. સર્વોચ્ચ લખેલો આદેશ એ છે કે જે સમ્રાટ તરફથી આવે છે. મહર્ષિ ભૃગુ પોતે આદેશ બહાર પાડતા નથી. જે તેઓને ઠીક લાગે તે તેઓ મારા પિતાને ટેકો આપવા માટે કહે છે. જો મહર્ષિ ભૃગુની જાણકારી પહેલાં મારા પિતા શાંતિનો આદેશ બહાર પાડી દે તો બધા જ મેલુહાવાસીઓ તેનું સન્માન કરશે. અને પ્રધાનમંત્રી કનખલા મારા પિતા પાસે જો શાંતિ માટેનો આદેશ બહાર પડાવી શકે છે તો તેણી શાંતિસમજૂતી પણ લાગુ કરાવી શકે છે.'

'જો વધુ રક્તપાત વગર આપણે સોમરસને ખતમ કરવાનો હેતુ પ્રાપ્ત કરી શકીએ તો આ એક એવું કામ હશે જેના પર ભગવાન રુદ્ર ગર્વ કરશે.' માતલિએ કહ્યું.

'પરંતુ આપણે સાવચેતીપૂર્વક ઉત્તર આપવાનો રહેશે.' સતર્ક ભગીરથે આગ્રહ કર્યો, 'જો એ સાચું હોય કે શાંતિસંધિને ફક્ત સમ્રાટ દક્ષ અને પ્રધાનમંત્રી કનખલા મારફત આગળ વધારવામાં આવી રહ્યું હોય, તો જો આપણે કૂચ કરી તો આપણે આપણી સેનાને જોખમમાં નાખી દઈશું. કરચપ બહુ દૂર નથી.'

'સાચી વાત છે.' સતીએ કહ્યું. તેણીના મનમાં -- સેનાપતિ પર્વતેશ્વરની કાબેલિયત પ્રતિ સ્વસ્થ સન્માન હતું. 'જો કરચપમાં પિતૃતુલ્ય સાંભળશે કે આપણી સેના બહાર આવી રહી છે તો તેઓ અનુમાન લગાવશે કે આપણે દેવગિરિ પર આક્રમણ કરી રહ્યાં છીએ. તેઓ સરસ્વતી નદી ઉપર આપણને રોકવા ઝડપથી કરચપથી આવી જશે.'

'જો આપણે તેનો જવાબ આપીશું તો માર્યા જઈશું અને નહીં આપીએ તો પણ માર્યા જઈશું.' ચંદ્રકેતુએ કહ્યું.

'તો આપણે શું કરવું જોઈએ ?' ચેનારધ્વજે પૂછ્યું.

'હું જઈશ.' સતીએ કહ્યું, 'બાકીના આપ સૌ, સેના સાથે લોથલની ચાર દીવાલોની અંદર રહેશો.'

'દેવી,' માતલિએ કહ્યું, 'આ બહુ મોટી નાદાની ગણાશે. દેવગિરિમાં આપને કોઈ શક્ય હાનિ ન પહોંચે તે માટે આપની સાથે સેનાનું રક્ષણ હોવું જરૂરી છે.'

'દેવગિરિની બહાર મેલુહાનું સૈન્ય મારી સેનાથી લડી શકે છે.' સતીએ કહ્યું, 'પરંતુ તેઓ મારી એકલી સાથે નહીં લડે. આ મારા પિતાનું ઘર છે.'

ભગીરથે નકારમાં ડોકું ધુણાવ્યું. 'માફ કરજો, દેવી, પરંતુ આપના પિતાએ હજી સુધી તો પોતાને સદાચારના આદર્શ તરીકે સાબિત કર્યા નથી. સુરક્ષા વગર આપનું દેવગિરિ જવું મને ચિંતા કરાવશે. આપણે એ દૂરની શક્યતાને નકારી નથી શકતા કે આ શાંતિસંમેલન આપણા અધિનાયકોને દેવગિરિ બોલાવીને પછી તેઓની હત્યા કરવાનું એક કાવતરું હોઈ શકે છે.'

હવે ચેનારધ્વજને ખરેખર ખોટું લાગી આવ્યું હતું. 'રાજકુમાર ભગીરથ, આ હું છેલ્લી વાર કહી રહ્યો છું, કે આ પ્રકારની વાતો મેલુહામાં નથી થતી. કોઈ પણ સંજોગોમાં શાંતિસંમેલનમાં શસ્ત્રોનો ઉપયોગ ન થઈ શકે. આ ભગવાન રામનો નિયમ છે. કોઈ પણ મેલુહા સાતમા વિષ્ણુના નિયમો ન તોડી શકે.'

સતીએ શાંતિ રાખવાના સંકેતરૂપે પોતાનો હાથ ઉપર કર્યો અને પછી ભગીરથ તરફ ફરી. 'રાજકુમાર, મારા ઉપર વિશ્વાસ રાખો. મારા પિતા મને ક્યારેય નુકસાન નહીં પહોંચાડે. તેઓ મને પ્રેમ કરે છે. પોતાની વિચિત્ર રીતે તેઓ મારી પરવા કરે છે. હું દેવગિરિ જઈ રહી છું. શાંતિ તરફનું આ આપણું સૌથી સારું પગલું છે, પ્રયત્ન છે. તે હાથમાં નીકળી ન જાય તે જોવાનું મારું કર્તવ્ય છે.'

ભગીરથ કશુંક ખરાબ બનશે તેવી શંકાને મનમાંથી દૂર કરી શકતો નહોતો. 'દેવી, હું આગ્રહપૂર્વક કહી રહ્યો છું કે આપ મને અને અયોધ્યાની એક ટુકડીને આપની સાથે આવવા દો.'

'આપના સૈનિક અહીં વધારે ઉપયોગી થશે, રાજકુમાર ભગીરથ.' સતીએ કહ્યું, 'સાથે સાથે, આપ અને આપના સૈનિક ચંદ્રવંશી છો. મહેરબાની કરીને મને ખોટી ન સમજતા, પરંતુ હું મારી સાથે કોઈ સૂર્યવંશીને લઈ જવા ઇચ્છીશ, કારણ કે હું સૂર્યવંશી રાજધાનીમાં જઈ રહી છું. હું નંદી અને મારા અંગત અંગરક્ષકો સાથે જઈશ.'

'પરંતુ, પુત્રી,' બૃહસ્પતિએ કહ્યું, 'એ તો માત્ર સો સૈનિક જ છે. આપને ભરોસો છે ?'

'આ શાંતિપરિષદ છે, બૃહસ્પતિજી.' સતીએ કહ્યું, 'યુદ્ધ નથી.'

'પરંતુ આમંત્રણ તો પ્રભુ નીલકંઠના માટે છે.' ચંદ્રકેતુએ કહ્યું.

'પ્રભુ નીલકંઠે મને તેઓની પ્રતિનિધિ નિયુક્ત કરી છે, મહારાજ.' સતીએ કહ્યું, 'હું તેઓ વતી વાત કરી શકું છું. મેં પાકો નિર્ણય કરી લીધો છે. હું દેવગિરિ જઈ રહી છું.'



'મને આ અંગે સારો ભાવ થઈ રહ્યો નથી, દેવી.' વીરભદ્રે યાચના કરતાં કહ્યું, 'કૃપા કરીને ન જાઓ.'

સતીના અંગત કક્ષમાં પરશુરામ અને નંદી પણ હાજર હતા. તેઓના ભાવ પણ એ જ રીતે વેદનાપૂર્ણ હતા.

'વીરભદ્ર, ચિંતા ન કર.' સતીએ કહ્યું, 'હું એવી શાંતિસંધિ લઈને પાછી આવીશ કે જે યુદ્ધને સમાપ્ત કરી દેશે અને સોમરસના શાસનને પણ.'

'પરંતુ આપ મને અને વીરભદ્રને આપની સાથે લઈ જવાની રજા કેમ નથી આપતાં, દેવી ?' પરશુરામે કહ્યું, 'ફક્ત નંદીને જ આપની સાથે જવાનો વિશેષાધિકાર શા માટે આપવામાં આવી રહ્યો છે ?'

સતી હસી. 'આપ બંને સાથે હોત તો મને જરૂર ગમત ! પરંતુ વાત ફક્ત એ છે કે હું ફક્ત સૂર્યવંશીઓને જ લઈ જઈ રહી છું, બસ. તેઓ મેલુહાની પરંપરાઓ અને કામકાજથી પરિચિત છે. આમ પણ, આ એક સંવેદનશીલ સભા રહેશે. એની શરૂઆત પહેલાં જ હું કોઈ બીનજરૂરી વિઘ્ન નાખવા નથી ઇચ્છતી'

'પરંતુ દેવી,' પરશુરામે કહ્યું, 'અમે આપની રક્ષા કરવાની પ્રતિજ્ઞા લીધી છે. અમે અમારા વગર આપને કેવી રીતે જવા દઈ શકીએ ?'

'હું તેઓની સાથે ને સાથે રહીશ, પરશુરામ.' નંદીએ કહ્યું, 'ચિંતા ન કરતા. હું દેવી સતીને કંઈ પણ નહીં થવા દઉં.'

'એવું કોઈ કારણ નથી કે કંઈક દુર્ભાગ્યપૂર્ણ બને, નંદી. આ એક શાંતિસંમેલન છે. જો આપણે કોઈ પણ પ્રકારની શાંતિસમજૂતી પર નથી પહોંચતા તો મેલુહાના લોકોને આપણે સુરક્ષિત જવા દેવા પડશે. આ ભગવાન રામનો નિયમ છે.'

વીરભદ્ર એક તરફ ચિંતામાં ડૂબેલો જ હતો. દેખાઈ આવતું હતું કે તેને ભરોસો પડતો નહોતો.

સતીએ હાથ આગળ કરીને વીરભદ્રના ખભાને થપથપાવ્યો. 'આપણે શાંતિની દિશામાં પ્રયત્ન કરવો જોઈએ, આપ આ જાણો છો. આપણે અનેક જીવન બચાવી શકીએ છીએ. મારી સામે બીજો કોઈ વિકલ્પ નથી. મારે જવું જ જોઈશે.'

'આપની પાસે એક વિકલ્પ છે.' વીરભદ્રે દલીલ કરી, 'આપ પોતે ન જાઓ. મને વિશ્વાસ છે કે આપ કોઈ બીજાને આપની તરફથી શાંતિસંમેલનમાં સામેલ થવા નામ આપી શકો છો.'

સતીએ માથું હલાવ્યું, 'ના, મારે જવું જ જોઈશે. મારે જ... કારણ કે આ મારો દોષ હતો.'

'શું ?'

'એ મારો દોષ હતો કે દેવગિરિમાં આપણા આટલા બધા સૈનિક માર્યા ગયા અને આપણી હાથીસેના નાશ પામી. આપણી લગભગ પૂરી ઘોડેસવાર સેનાના નુકસાનના માટે હું દોષી છું. મારા કારણે જ આપણી પાસે પૂરતું દળ બચ્યું નથી કે હવે આપણે તેઓને ખુલ્લા યુદ્ધમાં હરાવી શકીએ, કારણ કે આ મારો દોષ હતો એટલે તેને યોગ્ય વળાંક આપવો એ મારું કર્તવ્ય છે.'

'દેવગિરિમાં થયેલું નુકસાન એ આપનો દોષ નહોતો, દેવી.' પરશુરામે કહ્યું, 'સંજોગો આપણી વિરુદ્ધ એક થઈ ગયા હતા. ખરેખર તો, આપે એક ભયંકર સ્થિતિમાં બહુ બધું બચાવી લીધું હતું.'

સતીએ પોતાની આંખો ઝીણી કરી, 'જ્યારે કોઈ સેના હારે છે, તો તે સદાય સેનાપતિની ભૂલભરેલી રણનીતિના કારણે જ થાય છે. સંજોગો તો નિર્બળોનું એક બહાનું છે, પરંતુ મારી ભૂલ સુધારવાની મને એક વધુ તક આપવામાં આવી છે. હું તેની અવગણના ન કરી શકું. હું નહીં જ કરું.'

'દેવી,' વીરભદ્રે કહ્યું, 'મહેરબાની કરીને મારી વાત સાંભળો...'

'ભદ્ર.' સતીએ એ નામનો ઉપયોગ કરતાં કહ્યું જે નામ તેણીના પતિ પોતાના સૌથી સારા મિત્ર માટે કરતા હતા, 'હું જઈ રહી છું, પણ હું સાજીસમી પાછી ફરીશ અને શાંતિસંધિ સાથે.'



પ્રકરણ- ૪૨

કનખલાની પસંદગી

શાંતિસંમેલનનું નિમંત્રણ સ્વીકારવામાં આવી ગયું હતું.

જેવું લોથલથી કનખલાને એક પક્ષીદૂત મળ્યું કે તે દક્ષના અંગત કક્ષ તરફ દોડી ગઈ. દરવાને તે કહીને તેને રોકવાનો પ્રયાસ કર્યો કે સમ્રાટે કોઈને પણ અંદર ન જવાની આજ્ઞા કરી છે.

કનખલાએ તેને એક તરફ ધકેલી દીધો, 'એ આજ્ઞામાં મને સામેલ ન કર. તેઓએ મને કહ્યું હતું કે જેવો આ તને મળે કે હું તેઓને તરત મળું.' કનખલાએ એક વાળેલા પત્ર તરફ ઇશારો કરતાં કહ્યું.

દરવાન એક તરફ જતો રહ્યો અને કનખલાએ જેવો દરવાજો ખોલ્યો, તેણીએ ધીમા અવાજે થતી વાતો સાંભળી. વિધુન્માલી અને દક્ષ બહુ જ ધીમા અવાજે એકબીજા સાથે વાતો કરી રહ્યા હતા. તેણીએ બહુ ધીમેથી પોતાની પાછળ દરવાજાને બંધ કરી દીધો.

'તને વિશ્વાસ છે કે તેઓ તૈયાર છે ?' દક્ષે પૂછ્યું.

'હા, સ્વામી, સ્વુથના માણસો નાગા પહેરવેશ પહેરીને તૈયારીઓ કરી રહ્યા છે. તે કપટી નીલકંઠને ખબર પણ નહીં પડે કે તેને શું વાગ્યું.' વિધુન્માલીએ કહ્યું, 'આખી દુનિયા પોતાના પ્રિય નીલકંઠની હત્યા માટે આતંકવાદી નાગાઓનો દોષ જોશે.'

દરવાજે ઊભેલી સ્તબ્ધ કનખલા ઉપર નજર પડતાં જ દક્ષ અચાનક ચૂપ થઈ ગયા. વિધુન્માલીએ પોતાની તલવાર ખેંચી લીધી.

દક્ષે હાથ ઊંચો કર્યો, 'વિધુન્માલી! શાંત થઈ જા. પ્રધાનમંત્રી કનખલા જાણે છે કે તેની વફાદારી કોની તરફ છે.'

'મહારાજ ...' કનખલાએ ધીમેથી કહ્યું. તેની આંખો ભયથી પહોળી થઈ ગઈ હતી.

'કનખલા,' દક્ષે ગજબની શાંતિથી, તેની નજીક જઈ અને તેના ખભા ઉપર હાથ રાખતાં કહ્યું : 'ક્યારેક ક્યારેક એક સમ્રાટે એવું કરવું પડે છે જે કરવું જોઈએ.'

'પરંતુ આપણે ભગવાન રામના નિયમને તોડી ન શકીએ.' કનખલાએ કહ્યું. ગભરાટના લીધે તેણીના શ્વાસ જોરથી ચાલવા માંડ્યા હતા.

'શાંતિસભામાં ભગવાન રામના નિયમ એક રાજા ઉપર લાગુ પડે છે, તેના પ્રધાનમંત્રી પર નહીં.' દક્ષે કહ્યું.

'પરંતુ...'

'કોઈ પરંતુ નહીં.' દક્ષે કહ્યું, 'તમારી પ્રતિજ્ઞા યાદ કરો. આ યુદ્ધનો સમય છે. તમારે એ કરવું પડશે જે તમારા સમ્રાટ તમને કરવા માટે કહે. જો તેઓની રજા વગર તમે તેઓનાં રહસ્ય જાહેર કરી દેશો તો તેની સજા મોત હશે.'

'પરંતુ મહારાજ ... આ અયોગ્ય છે.'

'અયોગ્ય તો, કનખલા, તમારા માટે તમારી પ્રતિજ્ઞા તોડવી તે હશે.'

'મહારાજ,' વિધુન્માલી એ કહ્યું, 'આ બહુ જ જોખમ ભરેલું કામ છે. મારો વિચાર છે કે પ્રધાનમંત્રીને...'

દક્ષે વિધુન્માલી ને થોભી જવા કહ્યું, 'આપણે એવું કશું જ નથી કરવું, વિધુન્માલી. જો શાંતિસભાનું આયોજન કરવા માટે તે અહીં નહીં હોય તો શિવના લોકો અહીં પહોંચતાં જ શંકા કરવા લાગશે. આમ જોઈએ તો આ 'કનખલા સંમેલન' છે.

કનખલા ભયની મારી અવાક થઈ ગઈ હતી.

'તમે દસકાઓથી મારા પ્રત્યે નિષ્ઠાવાન રહ્યાં છો, કનખલા.' દક્ષે કહ્યું.

'તમારી પ્રતિજ્ઞાઓને યાદ રાખશો તો તમે જીવતાં રહેશો. તમે પ્રધાનમંત્રી બનેલાં જ રહેશો, પરંતુ જો તમે પ્રતિજ્ઞાઓને તોડી તો તમને તો મૃત્યુદંડ આપવામાં આવશે પણ પરમાત્મા પણ તમને સજા આપશે.'

કનખલા એક પણ શબ્દ બોલી ન શકી. તેણી જાણતી હતી કે પ્રધાનમંત્રી પદના સોગન એમ પણ કહે છે કે જો તેણે પોતાની નિષ્ઠાનો વિશ્વાસઘાત કર્યો તો તેના અંતિમસંસ્કાર પણ નહીં કરવામાં આવે. પ્રાચીન અંધવિશ્વાસ પ્રમાણે આ મૃત્યુથી પણ ખરાબ નસીબ કહેવાય. અંતિમ સંસ્કારની વિધિ વગર તેનો આત્મા વૈતરણી નદી પાર કરીને પિતૃલોક ન જઈ શકે. મોક્ષ અથવા કોઈ બીજા શરીરરૂપે પૃથ્વી પર પાછા ફરવાની તેના આત્માની ભાવિ યાત્રામાં વિઘ્ન પડી જશે. તે ભૂતના રૂપમાં આ લોકમાં જ રહી જશે.

'તમારા સોગન અને તમારાં કર્તવ્યો યાદ કરો.' દક્ષે કહ્યું, 'સંમેલન પર ધ્યાન કેન્દ્રિત કરો.'



કનખલા શાંતિથી પોતાના નિવાસસ્થાનમાં રહેલા કાર્યાલયની બહાર અગાશીમાં ઊભી હતી. એ ઓરડાની વચ્ચે રાખેલા નાનાકડા ફુવારામાંથી વહેતા પાણીનો અવાજ તેને ગમતો હતો. એ અવાજ ધીમેથી તેની તરફ અને ખુલ્લી અગાશીમાં આવી રહ્યો હતો. આનાથી એના મગજને શાંતિ મળતી હતી. તેણીએ ઉપર જોયું. સૂરજ ડૂબવાની તૈયારીમાં હતો.

તેણીએ ઊંડો શ્વાસ લીધો અને સડક તરફ જોયું. સૈનિકો છુપાઈ જવાનો પણ પ્રયત્ન કરતા નહોતા. એ લોકો પ્રત્યે જરાય ક્રોધ કનખલાએ વ્યક્ત ન કર્યો. જે સૈનિકો તેના નિવાસસ્થાન બહાર ચોકી કરી રહ્યા હતા તેઓ તો ફક્ત તેઓના સેનાનાયકના આદેશો પ્રમાણે કામ કરી રહ્યા હતા.

કનખલા જાણતી હતી કે લોથલ સંદેશો મોકલી નીલકંઠને ચેતવણી આપવાનો પ્રયત્ન કરવો અર્થહીન વાત હતી. તેણીને ખબર હતી કે પક્ષી-દૂતોના જવા-આવવાના રસ્તે વિધુન્માલીએ પોતાના ચાલાક ધનુર્ધર ગોઠવી દીધા હશે. એ સિવાય એ પણ શક્ય હતું કે નીલકંઠનો કાફલો લોથલથી નીકળી ચૂક્યો પણ હોય. તેણીનો એકમાત્ર સહારો પર્વતેશ્વર હતા. જો મહર્ષિ ભૃગુ અને તેઓ સમયસર દેવગિરિ પહોંચી શકે તો આ અનર્થ રોકી શકાય તેમ છે જેની તેણીના

સમ્રાટ અને સેનાનાયક વિદ્યુન્માલી યોજના બનાવી રહ્યા છે, પરંતુ કરચપ સંદેશો મોકલવો સરળ વાત નહોતી.

કનખલાએ પોતાના હાથમાં પકડેલા નાનકડા સંદેશાને જોયો, જે તેણીએ ખુદ નીલકંઠને સંબોધીને લખ્યો હતો. તેણીએ એ સંદેશાની જોરથી ગડી વાળી અને એક કબૂતરના પગમાં નાનકડી ડબ્બીમાં રાખી દીધો. તેણીએ ડબ્બીને બંધ કરી, પોતાની આંખો બંધ કરી અને પછી ધીમથી બોલી, 'મને માફ કરજે ઓ મારા ભલા પંખી. તારું બલિદાન એક મહાન કામમાં મદદ કરશે. ઓમ્ બ્રહ્માય નામ :'

પછી તેણીએ પક્ષીને હવામાં ઉડાડી મૂક્યું.

તેણીએ તરત જ નીચે હાજર સૈનિકોને કામમાં હોય તેમ જોઈ લીધા હતા. તેણીએ થોડે દૂર આવેલા એક મકાનની અગાશીમાં એક ધનુર્ધરને ઊભો થતો જોયો. તેણે ઝડપથી પોતાના ધનુષ્ય ઉપર બાણ ચડાવ્યું અને કબૂતર પર નિશાન લગાવ્યું, અને સહેજ પણ ભૂલ વગર તેને મારી નીચે પાડયું. ઘવાયેલું કબૂતર પથ્થરની જેમ નીચે પડી ગયું, બાણે તેના શરીરને વીંધી નાખ્યું હતું. સૈનિકો તરત કબૂતરને શોધવા વિખરાઈ ગયા. હવે સંદેશને તરત જ વિદ્યુન્માલી પાસે લઈ જવામાં આવશે. આ સાચો લાગશે, કારણ કે તે કનખલાના હાથે લખાયેલો હતો અને નીલકંઠને સંબોધીને હતો.

કનખલાએ ફરીથી સડક પર નજર નાખી. તેણીએ પોતાની આંખના ખૂણામાંથી પડેલા કબૂતરને લીધે સૈનિકોને ભટકતા જોઈને પોતાના સેવકને પાછલા દરવાજેથી નીકળતો જોઈ લીધો હતો. આ સેવક નગરની દીવાલોની બહાર જઈને એક કબૂતરને ઉડાડશે. કનખલાને આશા હતી કે ભૃગુ અને પર્વતેશ્વર આ ગાંડપણને, ભગવાન રામના નિયમોના આ ભંગને રોકવા માટે સમયસર દેવગિરિ પહોંચી શકે. આ પછી સેવકને જલદીથી દક્ષિણમાં લોથલ તરફ જઈને, નીલકંઠને અને તેઓના શાંતિદૂતોને જાળમાં ફસાઈ ન જાય તે માટે રોકવાનો પ્રયાસ કરવાનો આદેશ આપવામાં આવ્યો હતો. કનખલા જેટલું કરી શકે તેમ હતી તેટલું તેણીએ કર્યું હતું.

પ્રધાનમંત્રી કનખલાએ ઊંડો શ્વાસ લીધો. તેણીએ સમ્રાટ પ્રત્યેની વફાદારીના સોગન તોડી નાખ્યા હતા, પરંતુ તેણીએ એક પ્રાચીન ધર્મપંક્તિથી આશ્વાસન મેળવ્યું હતું : ધર્મમતિ: ઉદ્‌ગૃહીત:, ધર્મ એ છે જેનો મગજ નિર્ણય કરે છે. ધર્મના વિષયમાં ઊંડાણથી વિચારીએ તો આપનું મગજ આપને કહી દે છે કે શું યોગ્ય છે.

આ સંજોગોમાં કનખલાને એવું લાગ્યું હતું કે પોતાના સોગન તોડી નાખવા એ જ યોગ્ય કામ હશે. કારણ કે ઘણો મોટો અપરાધ રોકવાનો આ જ એકમાત્ર રસ્તો હતો, પરંતુ તે મૂર્ખ નહોતી. તેણી પોતાને શું દંડ થશે તે જાણતી હતી, પરંતુ તેણી દક્ષને આ સુખ પામવા નહીં દે.

કનખલા ઉદાસભાવે હસી અને ફરી પોતાના કાર્યાલયમાં જતી રહી. તેણી પોતાના લખવાના ટેબલ પાસે થોભી અને તેણીએ એક મોટો પ્યાલો ઉપાડ્યો જેમાં એક સ્વચ્છ લીલા રંગની ઔષધિ હતી, જેને હમણાં જ બનાવવામાં આવી હતી. તેણીએ જલદીથી એ ઔષધિ પી લીધી. આ તેણીની પીડાને સાવ શાંત કરી દેશે, અને તેણીને ઊંઘરેટી બનાવી દેશે. બસ એની જ એને જરૂર હતી. તેણી ધીરે ધીરે ફુવારાની પાસે ગઈ. ફુવારા માટે બનાવેલો નાનો કુંડ એકદમ પૂરતો હતો. તેટલો ઊંડો હતો કે તેણીના હાથ ડૂબેલા રહે. જો ઘા સતત પાણીમાં ધોવાતો રહેશે તો લોહી જામી નહીં જાય.

તેણીએ ઉત્સવ માટેનું ચપ્પું ઉપાડયું જે તેણી હંમેશા પોતાની પાસે રાખતી હતી. એક પળ માટે તેણીના મનમાં વિચાર આવ્યો કે તેણીનો અંતિમ સંસ્કાર વિધિ પ્રમાણે ન થયો તો શું તેણી પૃથ્વી પર અનંતકાળ ભૂત બનીને ઘૂમતી રહેશે. પછી તેણે માથું જોરથી ધુણાવ્યું અને પોતાના ભયને દૂર કરી દીધો.

ધર્મો રક્ષતિ રક્ષિત: -- ધર્મ તેની રક્ષા કરે છે જે ધર્મની રક્ષા કરે છે.

તેણીએ પોતાની આંખો બંધ કરી દીધી, પોતાના ડાબા હાથની મુઠ્ઠી બંધ કરી અને તેને પાણીમાં ડુબાડી દીધી. પછી તેણીએ ઊંડો શ્વાસ લીધો અને ધીમેથી બોલી : 'જય શ્રીરામ.'

ઝડપથી તેણીએ પોતાના કાંડાની નસોને ઊંડી કાપી નાખી. ફુવારાની જેમ લોહી ફૂટી નીકળ્યું. તેણીએ પોતાનું માથું ફુવારાની ધાર પર ટેકવી દીધું અને મૃત્યુ તેણીને લઈ જાય તેની રાહ જોવા લાગી.



'એનાથી યોજનામાં સહેજ પણ ફેર પડ્યો નથી, મહારાજ.' વિધુન્માલીએ કહ્યું.

સ્તબ્ધ દક્ષ પોતાના અંગત કાર્યાલયમાં બેઠેલા હતા, તેઓને હમણાં જ કનખલાએ આત્મહત્યા કરી લીધી છે તે સમાચાર મળ્યા હતા.

'મહારાજ !' કોઈ જવાબ ન મળ્યો એટલે વિધુન્માલીએ કહ્યું.

'હા...' દક્ષે કહ્યું, તેઓ હજી આઘાતમાં હતા અને બેધ્યાન થઈ ગયા હતા.

'મારી વાત સાંભળો.' વિધુન્માલીએ કહ્યું 'આપણે પહેલાંની જેમ જ આપણી યોજના પૂરી કરીશું. સ્વુથના સાથીઓ તૈયાર છે.'

'હા...'

'મહારાજ !' વિધુન્માલીએ મોટા અવાજે કહ્યું.

વિધુમ્નાલીને જોતાં જ દક્ષના ચહેરા ઉપર અચાનક એકાગ્રતા દેખાઈ.

'આપે મારી વાત સાંભળી, મહારાજ ? વિધુન્માલીએ પૂછ્યું.

'હા.'

'બધાને એમ કહેવામાં આવશે કે એક દુર્ઘટનામાં કનખલાનું મરણ થઈ ગયું. શાંતિસંમેલન તેઓની સ્મૃતિમાં ચાલુ રહેશે.'

'હા.'

'અને હા, મારે જવું પડશે.'

'શું ?' દક્ષ જરા ગભરાયેલા લાગ્યા.

'મેં આપને કહ્યું હતું ને મહારાજ.' વિધુન્માલીએ ધીરેથી કહ્યું, જાણે કોઈ બાળક સાથે વાત ન કરી રહ્યો હોય ! 'કનખલાનો એક સેવક ગુમ છે. મને ડર છે કે તે કપટી નીલકંઠને ચેતવવા નીકળી ગયો હોય તેમ લાગે છે. તેને રોકવો પડશે. હું એક ટુકડી લઈને દક્ષિણ તરફ જઈ રહ્યો છું.'

'પરંતુ હું આ બધું કેવી રીતે સંભાળીશ ?'

'આપને કંઈ જ કરવાનું નથી. બધું જ કાબૂ હેઠળ છે. મારા સૈનિક રાજકુમારી સતીને મહેલમાં લઈ આવવાનો રસ્તો ખોળી લેશે. તેઓના દળની કોઈ બીજી વ્યક્તિને તેઓ સાથે આવવાની રજા આપવામાં નહીં આવે. જેવાં તેઓ અહીં આવી જાય, મારા માણસને ઇશારો કરી દેવામાં આવશે જે આપની બારી ઉપર રાહ જોઈ રહ્યો હશે. તે હવામાં એક અગ્નિબાણ છોડી દેશે, જે સ્વુથના માણસોને સંકેત આપી દેશે કે રસ્તો સાફ છે. તે પછી તેઓ ઝડપથી જશે અને કપટી નીલકંઠને મારી નાખશે. તેઓ શિવના કેટલાક માણસોને જીવતા પણ છોડી દેશે, જેથી તેઓ એવું કહી શકે કે નાગાઓએ તેઓ ઉપર આક્રમણ કર્યું હતું.

દક્ષ હજી પણ વ્યગ્ર દેખાઈ રહ્યા હતા.

વિધુન્માલી આગળ આવ્યો અને તેણે વિનમ્રતાથી કહ્યું : 'આપને ચિંતા કરવાની કોઈ જરૂર નથી. મેં ઝીણવટપૂર્વક યોજના બનાવી દીધી છે. કોઈ ભૂલ નહીં થાય. જ્યારે રાજકુમારી સતી આપના કક્ષમાં પ્રવેશ કરે તો આપે મારા માણસને ઇશારો કરવાનો છે. બસ.'

'બસ ?'

'હા, બસ. હવે મારે જવું પડશે, મહારાજ. જો કનખલાનો સેવક નીલકંઠ સુધી પહોંચી ગયો તો આપણી આ યોજનાનો અંત આવી જશે.'

'જરૂર, જાઓ.'



'કૂતરીનાઓ !' કાલી ગરજી.

ઉંબરગાંવનો શાસક જાદવરાણા એક ઝડપી નૌકામાં બેસીને નાગા કાફલા પાસે પહોંચ્યો હતો. તેનું નાનકડું રાજ્ય નર્મદાની દક્ષિણે હતું. નાગાઓએ અનેક વખત તેઓને મદદ કરી હતી અને જાદવરાણાને તેમનું ઋણ હંમેશા યાદ રહેતું.

જ્યારે તેના રાજ્યના માછીમારોએ તેને માહિતી આપી કે નજીકના એક ગુપ્ત ટાપુ ઉપર એક મોટા મેલુહાઈ કાફલાએ પડાવ નાખ્યો છે તો તે પોતે તપાસ કરવા ગયો હતો. પોતાને છુપાયેલા રાખીને જાદવે એ કાફલાને જોયો અને તરત અનુમાન બાંધ્યું કે તેનો કંઈ ને કંઈ સંબંધ ઉત્તરમાં નીલકંઠની સેના અને મેલુહા વચ્ચે ચાલી રહેલા યુદ્ધ સાથે હશે. તેને એ પણ સમાચાર મળ્યા હતા કે ખુદ નાગાઓ પણ ઝડપથી પશ્ચિમી કિનારે થઈને નર્મદાના મુખ તરફ આગળ વધી રહ્યા છે. તે તરત જ પોતાની ઝડપી નૌકામાં બેસી ગયો અને નાગાઓ એ નદીમાં પ્રવેશ કરે તે પહેલાં તેઓને રોકવા નીકળી પડ્યો, જે સપ્તસિંધુની દક્ષિણની સીમાને અડતી હતી. એને વિશ્વાસ હતો કે મેલુહા સૈનિકો નાગાઓને હેરાન કરવા તેઓની પાછળથી હુમલો કરશે.

'રાણી,' જાદવરાણાએ કહ્યું, 'મેં એવું અનુમાન કર્યું કે મેલુહાસૈનિકો આપની પાછળ નર્મદામાં પ્રવેશ કરશે અને પાછળથી આપની ઉપર હુમલો કરશે. હજી તો આપ કંઈ સમજશો ત્યાં સુધીમાં તેઓ આપના આખા કાફલાને ખતમ કરી નાખશે.'

'જો તેઓએ અમારા માટે આગળથી પણ હુમલો કરવાનું વિચારી રાખ્યું હોય તો પણ મને નવાઈ ન લાગત.' કાર્તિકે કહ્યું.

'આપણે તેઓના ગુપ્ત ટાપુ ઉપર તેઓ પર આક્રમણ કરીશું.' કાલીએ કહ્યું, 'આપણે તેઓની નૌકાઓને સળગાવી દઈશું અને તેઓનાં સડેલાં શબ કિનારાનાં ઝાડો ઉપર લટકાવી દઈશું.'

ગણેશ અત્યાર સુધી શાંત રહ્યા હતા. તેઓને ક્યાંક કશુંક ખટકી રહ્યું હતું. 'માનનીય, ત્યાં કેટલા મેલુહાસૈનિકો છે ?'

'પચાસ નૌકાઓ છે, માનનીય ગણેશ.' જાદવરાણાએ કહ્યું, 'આ સારો એવો મોટો કાફલો છે, પરંતુ તેઓ પર આક્રમણ કરવા માટે આપની પાસે નૌકાઓ છે.'

'મેં આપને નૌકાઓ અંગે નથી પૂછ્યું, મહારાજ.' ગણેશે કહ્યું, 'મેં પૂછ્યું હતું કે કેટલા સૈનિકો...'

જાદવરાણાના કપાળે કરચલીઓ પડી ગઈ. 'મને ખબર નથી, માનનીય ગણેશ.' પછી તેઓ પોતાના માણસો તરફ ફર્યા, 'તમને લોકોને કોઈ અંદાજ છે ?'

'નક્કી કહેવું તો મુશ્કેલ છે, સ્વામી, કારણ કે મોટા ભાગના તો નૌકા પર જ રહે છે.' જાદવરાણાના સૈન્યઅધિકારીઓમાંથી એક જણે કહ્યું, 'પરંતુ જે જથ્થામાં તેઓ ભોજન એકઠું કરે છે તેના આધાર પર મને નથી લાગતું કે ત્યાં પાંચ હજારથી વધારે સૈનિક હશે. આપની પાસે તેનાથી ક્યાંય વધુ સૈનિક છે, માનનીય ગણેશ. આપ બહુ જ સરળતાથી જીતી શકો તેમ છો.'

ગણેશે પોતાનું માથું પકડી લીધું, 'ભૂમિદેવી, કૃપા કરો.'

સ્તબ્ધ કાલી અને જાદવરાણાએ સૈન્યના અધિકારીઓ સામે ઘૂરકીને જોયું. 'તમને પૂરેપૂરી ખબર છે ? ફક્ત પાંચ હજાર ?'

જાદવરાણા ચકિત હતા. તેઓને સમજણ ન પડી કે નાગા આટલા વ્યાકુળ કેમ છે. તર્કથી જોઈએ તો તેઓએ રાજી થવું જોઈએ. તેઓ ખરેખર મેલુહાઓથી ઘણા વધારે હતા.

'મારા માણસો આ કિનારાના વિસ્તારથી અત્યંત પરિચિત છે, રાણી.' જાદવરાણાએ કહ્યું, 'જો તેઓ કહી રહ્યા હોય કે મેલુહાના સૈનિકોની સંખ્યા માત્ર પાંચ હજાર છે તો હું એ આંકડા પર વિશ્વાસ મૂકીશ.'

'આપણી સાથે છેતરપિંડી કરવામાં આવી છે.' ગણેશે કહ્યું, 'પંચવટી પર કોઈ આક્રમણની યોજના છે જ નહીં. તેઓ આપણી સેનાઓને વહેંચી દેવાનો પ્રયાસ કરી રહ્યા છે અને તેઓ સફળ થયા છે.'

ચિંતાતુર કાર્તિકે પોતાના મોટાભાઈ તરફ જોયું, 'અત્યારે જ્યારે આપણે વાત કરી રહ્યા છીએ તો કદાચ તેઓ લોથલ પર આક્રમણ કરી રહ્યા હશે.'

'અને આપણે મા પાસેથી એક લાખ સૈનિક લઈ આવ્યા છીએ.' વ્યાકુળ ગણેશે કહ્યું.

કાલી પાછળ ફરી અને તેણીએ મોટા અવાજે પોતાના પ્રધાનમંત્રી કાર્કોતકને હુકમ કર્યો, 'તરત પાછા ફરો. આપણે લોથલ પાછાં જઈ રહ્યાં છીએ. ત્યાં પહોંચવા સુધી હલેસાં મારતા નાવિકોની સંખ્યા બેગણી કરી દો. ચાલો.'



પ્રકરણ-૪૩

નાગરિક બળવો

આગળથી આવીને સમાચાર આપી ગયેલી નૌકા મારફત જાણવા મળ્યું કે શિવની નૌકા બહુ જ જલદી પહોંચવાની છે, એટલે ભગીરથ અને બૃહસ્પતિ લોથલ બંદરે પહોંચી ગયા હતા. બંદર પરની ઊંચી દીવાલો ઉપર ઊભા રહીને તેઓ પૂર્વ તરફથી આવતી શિવની વ્યાપારી નૌકાને જોઈ શકતા હતા. દક્ષિણ તરફથી તેઓને એ નૌસેનાનો કાફલો ઝડપભેર આવતો દેખાઈ રહ્યો હતો જે કાલીના નેતૃત્વ હેઠળ ગયો હતો. બધી જ નૌકાઓ કદાચ એક જ સમયે લોથલના ઘાટ ઉપર પહોંચવાની હતી.

બૃહસ્પતિએ જ્યારે શિવની નૌકા પર ઊભેલી સ્ત્રીને જોઈ તો તેના મોંમાંથી ચીસ નીકળી ગઈ.

બૃહસ્પતિમાં જે નાટકીય ફેરફાર થયો તેની તરફ ભગીરથનું ધ્યાન ગયા વગર રહ્યું નહીં. તે શિવની નૌકા તરફ ફર્યો. તેઓ હજી ઘણા દૂર હતા, પરંતુ તે શિવ અને ગોપાલના ચહેરાને બરાબર જોઈ શકતો હતો. તેઓની પાસે એક સ્ત્રી ઊભી હતી, ભારતીય દેખાવવાળી સ્ત્રી, પરંતુ અયોધ્યાના રાજકુમારને તેની ઓળખાણ જરાય પડી નહીં.

'તે કોણ છે, બૃહસ્પતિજી ?' ભગીરથે પૂછ્યું.

બૃહસ્પતિ રડી રહ્યા હતા. 'હે બ્રહ્મા ! હે બ્રહ્મા !'

'તે કોણ છે ?'

હવે તો જાણે બૃહસ્પતિ ગાંડા જેવા થઈ ગયા હતા. ગાંડા જેવા પણ પ્રસન્ન ! તેઓ ફર્યા અને દોડતા સીડી ઊતરીને ઘાટ તરફ ભાગ્યા. તેઓ શુદ્ધ આનંદમાં ઝૂમી રહ્યા હતા. 'તેઓએ તેને જવા દીધી. શિવે તેને મુક્ત કરાવી દીધી. ભગવાન રામનો મહિમા અપરંપાર છે, તેઓએ તેને મુક્ત કરાવી દીધી.'



'શું તે શિવની નૌકા નથી ? કાલીએ આગળની તરફ ઇશારો કરતાં કહ્યું.

કાલી, ગણેશ અને કાર્તિક ઝડપી ગતિએ લોથલ પાછા આવી રહ્યા હતા અને એ જોઈને નવાઈ પામી ગયા હતા કે નગર ઉપર કોઈ ઘેરો નાખવામાં આવ્યો નહોતો. તેઓએ તેમની

આગળ ગોળાકાર બંદર પર લાંગરવામાં આવતી નૌકાને જોઈ -- પંદર મિનિટ પછી કાલીની નૌકા પણ ઘાટ પર લાગી ગઈ હતી. શિવની નૌકાએ બરાબર તેઓની આગળ લંગર નાખ્યું હતું. જેવા તેઓ ઊતર્યા, તેઓ ઝડપથી શિવ તરફ આગળ વધ્યા. તેઓ જોઈ શકતા હતા કે ભગીરથ અને બૃહસ્પતિ, નીલકંઠ અને ગોપાલનું સ્વાગત કરવા આવ્યા છે. સ્તબ્ધ બૃહસ્પતિએ એ સમયે એક સ્ત્રીને ભેટીને ઊભા હતા. તેઓ બંને ખૂબ જ રડી રહ્યાં હતાં -- ગાંડાની જેમ.

'શિવ !' કાલીએ તેઓની તરફ દોડતાં દોડતાં બૂમ પાડી.

શિવ પાછળ ફર્યા અને કાલીને જોઈને હસ્યા, 'મેં મારી પાછળ નાગાનૌકાઓને જોઈ હતી. તું ક્યાં ગઈ હતી ?'

'અમને ખાલીખાલી દોડાવવામાં આવ્યા હતા.' કાલીએ કહ્યું, 'અમને ભારપૂર્વક કહેવામાં આવ્યું હતું કે પંચવટી ઉપર આક્રમણ થઈ રહ્યું છે.'

'મેલુહાની નૌકા એક છળ હતું ?' ભગીરથે પૂછ્યું.

'હા, રાજકુમાર ભગીરથ.' કાર્તિકે કહ્યું, 'એ નૌકાઓ ઉપર ફક્ત પાંચ હજાર સૈનિકો હતા. પંચવટી પર આક્રમણ કરવાની તેઓની કોઈ યોજના જ નહોતી.'

'આ તો સારા સમાચાર છે.' ભગીરથે કહ્યું.

'સતી ક્યાં છે ?' શિવે ચારે તરફ જોતાં પૂછ્યું.

'એમના તરફથી પણ સારા સમાચાર છે.' ભગીરથે કહ્યું.

'સારા સમાચાર ?' ગણેશે પૂછ્યું.

'હા, કદાચ આપણને યુદ્ધ સમાપ્ત કરવાનો ઉકેલ મળી જાય.' ભગીરથે કહ્યું

અમે પણ એક ઉપાય લઈને પાછા ફર્યા છીએ.' ગોપાલે એ મોટા પટારા જેવી પેટી તરફ ઇશારો કરતાં કહ્યું, જેને બહુ જ સાચવીને નૌકામાંથી ઘાટ પર ઉતારવામાં આવી રહી હતી.

શિવે ફરીથી ખુશખુશાલ બૃહસ્પતિને જોયા જે તારાને છોડવા જ તૈયાર નહોતા. તારા તો ધ્રુસકે ને ધ્રુસકે રડી રહી હતી, તેણીનો હાથ બૃહસ્પતિની છાતી પર હતો. તેઓ બંને પહેલા પ્રેમમાં ડૂબેલાં કિશોરો જેવાં લાગી રહ્યાં હતાં.

'લાગે છે કે ચારેતરફ સારા સમાચાર જ છે.' શિવે હસતાં હસતાં કહ્યું.



'પવિત્ર સરોવરના સોગન, આ સારા સમાચાર કેવી રીતે હોઈ શકે ?'

શિવના ક્રોધથી ભય પામી ગયેલા ભગીરથે દુ:ખ સાથે મૌન રહેવાનું પસંદ કર્યું.

'પરંતુ પ્રભુ,' ચંદ્રકેતુએ કહ્યું, 'દેવી સતીને વિશ્વાસ હતો કે શાંતિની દિશામાં આ આપણો સર્વશ્રેષ્ઠ અવસર હોઈ શકે છે. અને એવું લાગે છે કે સમ્રાટ દક્ષ પોતે આવું ઇચ્છતા હતા. જો તેઓ શાંતિસંધિ ઉપર હસ્તાક્ષર કરી દે તો યુદ્ધ સમાપ્ત થઈ જશે. આમે આપણે મેલુહાનો નાશ તો કરવા નથી માગતા ને, બરાબર ? આપણે તો ફક્ત સોમરસનો અંત ઇચ્છીએ છીએ.'

'મને એ પશુ જેવા માણસ ઉપર વિશ્વાસ નથી.' કાલીએ કહ્યું, 'જો તેણે મારી બહેનને જરાય ઈજા પહોંચાડી તો હું તેની સાથે તેના આખા નગરને સળગાવીને રાખ કરી દઈશ.'

'તેઓ સતીને કોઈ પ્રકારનું નુકસાન નહીં કરે, કાલી.' શિવે પોતાનું માથું હલાવીને કહ્યું, 'પરંતુ મને ડર એ વાતનો છે કે તેઓ એને કેદી બનાવી દેશે અને પછી આપણા ઉપર દબાણ લાવવા તેણીનો ઉપયોગ કરશે.'

'પરંતુ પ્રભુ,' ચેનારધ્વજે કહ્યું, 'તે અશક્ય છે. શાંતિસંમેલનના નિયમો બહુ જ સ્પષ્ટ છે.

જો કોઈ ઉકેલ કે સમજૂતી ન થઈ શકે તો બંને પક્ષ હાનિરહિત પાછા ફરવા માટે મુક્ત હોય છે.'

'નિયમોને ન પાળવાથી મારા નાનાને કોણ રોકી શકે છે ?' ગણેશે પૂછ્યું, 'આ કાંઈ પહેલીવાર તો નથી જ્યારે તેઓએ કોઈ નિયમને તોડ્યો હોય.'

'સ્વામી,' એક વાસુદેવ પંડિતે કક્ષમાં પ્રવેશી અને ગોપાલને સંબોધન કરતાં કહ્યું, 'મારી પાસે એક અત્યંત મહત્ત્વના સમાચાર છે.'

'મને લાગે છે કે આપણે તેના ઉપર પછી વાત કરી શકીએ છીએ.' ગોપાલે કહ્યું.

'નહીં, સ્વામી.' લોથલ મંદિરના પંડિતે આગ્રહ કર્યો, 'આપણે હમણાં જ વાત કરવી જોઈએ.'

ગોપાલને ભારે નવાઈ લાગી, પરંતુ તેઓ જાણતા હતા કે વાસુદેવ પંડિત બીનજરૂરી રીતે ઉશ્કેરાતા નહોતા. જરૂર કોઈ મહત્ત્વની વાત હશે. તેઓ ઊઠયા અને પંડિતની પાસે ગયા.

'માનનીય ગણેશ,' ચેનારધ્વજે ગણેશ સાથે ફરી વાતચીત શરૂ કરતાં કહ્યું, 'શાંતિસંમેલનના નિયમ ખુદ ભગવાન રામે બનાવ્યા હતા. તે આપણા પાયાના નિયમોમાંથી છે જેમાં કોઈ સુધારાવધારા ન કરી શકાય. મૃત્યુથી પણ ખરાબ પીડાના દંડનું કડકાઈથી પાલન કરવામાં આવે છે. સમ્રાટ દક્ષ જેવી વ્યક્તિ પણ એ નિયમોને ક્યારેય નહીં તોડે.'

'હું તો પ્રભુને પ્રાર્થના કરીશ આપ સાચા ઠરો, ચેનારધ્વજ.' કાલીએ ચીડ સાથે કહ્યું.

'મને સહેજ પણ શંકા નથી, રાણી.' ચેનારધ્વજે કહ્યું 'ખરાબમાં ખરાબ તો એ થઈ શકે કે સમજૂતી ન થાય. ત્યારે દેવી સતી આપણી પાસે પાછાં આવી જશે.'

'ભગવાન રામની કૃપા હજો.' ગોપાલ મોટેથી બોલી ઊઠયો.

બધા જ હાજર ઝડપથી વાસુદેવ પંડિત તરફ જોવા ફરી ગયા. ગોપાલ હજી પણ લોથલના વાસુદેવ પંડિત સાથે દરવાજા પાસે ઊભા હતા.

'શું થયું, પંડિતજી ?' શિવે પૂછ્યું.

સાવ ફિક્કા થઈ ગયેલા ચહેરા સાથે ગોપાલ શિવ તરફ ફર્યા, 'મહાનીલકંઠ, સમાચાર ગભરાવી દે તેવા છે.'

'શું વાત છે ?'

'પર્વતેશ્વરની સેના ત્રણ દિવસ પહેલાં કરચપથી બહાર આવી હતી.'

કક્ષમાં મોટા અવાજે વાતો થવા લાગી. તેઓએ યુદ્ધની તૈયારીઓ કરવી પડશે...

'શાંતિ.' શિવ મોટેથી બોલ્યા અને ગોપાલ તરફ ફર્યા, 'અને ?'

'નવાઈ લાગે તે રીતે થોડા જ કલાકોમાં તેઓ પાછા ફરી ગયા.' ગોપાલે કહ્યું.

'પાછા ફરી ગયા ? શા માટે ?'

'ખબર નથી.' ગોપાલે કહ્યું, 'મારા વાસુદેવ પંડિત મને કહી રહ્યા છે કે સેનાને પાછી તેઓના તંબુમાં મોકલી દેવામાં આવી છે, પરંતુ માનનીય પર્વતેશ્વર અને મહર્ષિ ભૃગુએ યાત્રા ચાલુ રાખી છે. તેઓ માત્ર પોતાના અંગત અંગરક્ષકો સાથે એક ઝડપી નૌકામાં સિંધુ તરફ ગયા છે.'

'તેઓ ક્યાં જઈ રહ્યા છે ?' સતર્ક થઈને શિવે પૂછ્યું.

'મને જણાવવામાં આવ્યું છે કે તેઓ ઝડપથી દેવગિરિ તરફ જઈ રહ્યા છે.'

શિવે શરીરમાંથી એક ઠંડી કંપારી વહેતી અનુભવી.

'અને કરચપમાંથી પક્ષીઓનાં ટોળાં ઊડી રહ્યાં છે.' ગોપાલે કહ્યું, 'બધાં દેવગિરિ તરફ જઈ રહ્યાં છે. કરચપના મારા પંડિતોને એના સંદેશાઓની સામગ્રીની ખબર નથી, પરંતુ તેઓ કહે છે કે તેઓએ કરચપ અને દેવગિરિ વચ્ચે આટલી વધુ ખાનગી વાતચીત ક્યારેય નથી જોઈ.'

કક્ષમાં મૃત્યુ જેવી શાંતિ છવાઈ ગઈ. ત્યાં હાજર બધા લોકો વિવેકપૂર્ણ સ્વભાવ અને વર્તન માટે પર્વતેશ્વરની નિષ્કલંક છબીથી પરિચિત હતા. જો તેઓ એક મોટી સેના વગર, જે તેમની ગતિને ધીમી કરી દેત, ઝડપથી દેવગિરિ જઈ રહ્યા હતા તો તેનો એકમાત્ર અર્થ હતો કે મેલુહાની રાજધાનીમાં કંઈક ભયંકર બની રહ્યું હતું અને તેઓ તેને રોકવા માટે ઝડપથી જઈ રહ્યા હતા.

સૌથી પહેલાં બોલવાવાળા શિવ હતા. 'સેનાને તરત તૈયાર કરો. આપણે કૂચ કરી રહ્યા છીએ.'

'હા પ્રભુ.' ભગીરથે ઝડપથી ઊઠતાં કહ્યું.

'અને ભગીરથ, હું કેટલાક દિવસો નહીં, પણ કેટલાક કલાકોમાં નીકળવા માગું છું.' શિવે કહ્યું.

'હા પ્રભુ.' ભગીરથે ઝડપથી બહાર જતાં કહ્યું.

ચંદ્રકેતુ, ચેનારધ્વજ, માતલિ, ગણેશ અને કાર્તિક પણ ઝડપથી અયોધ્યાના રાજકુમાર પાછળ ચાલવા માંડયા.



'મા બિલકુલ મજામાં હશે, બાબા.' કાર્તિકે પૂરા વિશ્વાસ અને આશા સાથે કહ્યું.

લોથલથી કેટલાક જ કલાક દૂર હતા ત્યારે શિવ અને તેઓનું દળ ઝડપથી ભોજન પતાવવા રોકાયાં હતાં. નીલકંઠ તરત જ કાર્તિક, ગણેશ, કાલી, ગોપાલ, વીરભદ્ર, પરશુરામ, આયુર્વતી અને એક સંપૂર્ણ ટુકડીને લઈને નીકળી પડ્યા હતા. ભગીરથના નેતૃત્વમાં તેઓની મુખ્ય સેના પછીના દિવસે નીકળવાની હતી. શિવનું સમગ્ર અસ્તિત્વ ચિંતાથી ભરપૂર હતું. આખું લશ્કર કૂચ કરે ત્યાં સુધી તેઓ રાહ જોઈ શકે તેમ નહોતા. તેમણે બચાવની જરૂર પડે તે માટે પશુપતિશસ્ત્રને સાથે લઈ લીધું હતું.

'કાર્તિક સાચું કહે છે, મહા-નીલકંઠ.' ગોપાલે કહ્યું, 'એ કદાચ શક્ય છે કે સમ્રાટ દક્ષ શાંતિસંમેલનના નિયમો તોડી નાખે પરંતુ તેઓ રાજકુમારી સતીને ક્યારેય ઈજા નહીં પહોંચાડે. પોતાની શરતો મંજૂર કરાવવા તેઓ તેણીને કેદી બનાવવાનો પ્રયત્ન કરી શકે છે, પરંતુ આપણી પાસે પશુપતિશસ્ત્ર છે. તે બધું જ બદલી નાખી શકશે.'

શિવે મૌન રહીને માથું હલાવ્યું.

કાલી ધ્યાનપૂર્વક ગોપાલની વાતો સાંભળી રહી હતી, પરંતુ તેઓના શબ્દો સાંભળી તેને કોઈ શાંતિ ન વળી. તેને પોતાના પિતા ઉપર વિશ્વાસ નહોતો. પોતાની બહેનની સલામતીના પ્રશ્ને તે અંદરથી સમસમી ગઈ હતી. તેના ખભા પરના વધારાના બંને હાથ કંપી રહ્યા હતા.

શિવે કાલીના હાથને પકડ્યો અને ફિક્કું હસ્યા. 'શાંત થઈ જા, કાલી. તેણીને કશું જ નહીં થાય. પરમાત્મા તેવો અન્યાય નહીં થવા દે.'

કાલીનું દર્દ એટલું ઊંડું હતું કે તે કંઈ બોલી ન શકી.

'ભોજન પૂરું કરો.' શિવે કહ્યું, 'થોડી જ વારમાં આપણે નીકળવાનું છે.'

કાલી પોતાના ભોજનને ગળા નીચે ઉતારવા માંડી એટલે શિવ ગણેશ તરફ ફર્યા. નીલકંઠનો મોટો પુત્ર જંગલ તરફ જોઈ રહ્યો હતો, તેની આંખો ભીની હતી. ગણેશે પોતાની સામે પડેલા ભોજનના થાળને હાથ પણ અડાડ્યો નહોતો. શિવ જોઈ રહ્યા હતા કે ગણેશ ધીમા અવાજે પ્રાર્થના કરી રહ્યો છે, તેના બંને હાથ જોરથી જોડાયેલા છે અને તે ઝડપથી કોઈ

મંત્ર દોહરાવી રહ્યો છે.

'ગણેશ,' શિવે કહ્યું, 'ભોજન કરી લો.'

ગણેશ જાણે કોઈ સમાધિમાંથી બહાર આવ્યો હોય તેવું લાગ્યું. 'મને ભૂખ નથી, બાબા.'

'ગણેશ !' શિવે સહેજ કડક અવાજે કહ્યું, 'દેવગિરિ પહોંચતાં જ આપણે યુદ્ધમાં લાગી જવું પડશે. તમે સૌ તાકાતવાન રહો તેવી મને જરૂર છે અને એ માટે તારે ખાવું જોઈશે. જો તું તારી માને પ્રેમ કરતો હોય અને તેની રક્ષા કરવા માગતો હોય તો તારી જાતને તરોતાજા અને શક્તિશાળી રાખ, જમી લે.'

ગણેશે હકારમાં ડોકું ધુણાવ્યું અને પોતાને પીરસવામાં આવેલું ખાવાનું જોયું. તેને ખાવું પડયું.

શિવ વીરભદ્ર તરફ ફર્યા, જે પોતાનું ભોજન પૂરું કરી ચૂક્યા હતા અને એ કપડાંથી હાથ લૂછી રહ્યા હતા જે કૃતિકાએ તેને આપ્યું હતું.

'ભદ્ર, ઢંઢેરો પીટનારને જાહેરાત કરવાનું કહી દો.' શિવે કહ્યું, 'આપણે દસ મિનિટમાં નીકળીશું.'

'હા, શિવ.' વીરભદ્રે કહ્યું અને તરત ઊભા થઈ ગયા.

શિવે પોતાનું ભાણું ખસેડયું અને ત્યાંથી નીકળી ગયા. તેઓ લાકડાના એક પીપ પાસે પહોંચ્યા, જેમાં પાણી રાખવામાં આવ્યું હતું, પોતાના હાથોથી થોડું પાણી પીધું અને કોગળા કર્યા.

શિવના શરીરમાંથી ફરી એક કંપારી પસાર થઈ ગઈ. તેઓએ ઉત્તર તરફના આકાશમાં જોયું. તેઓ પ્રાર્થના કરવા માગતા હતા. પણ પછી પોતાનું માથું હલાવ્યું. તેઓને લાગ્યું કે એવી કોઈ જરૂર નથી.

'તેઓ સતીને કોઈ નુકસાન નહીં પહોંચાડે. તેઓ તેણીને નુકસાન નહીં કરી શકે. જો આ સંસારમાં કોઈ એક વ્યક્તિ એવી છે જેને તે પાગલની જેમ પ્રેમ કરે છે તો તે મારી સતી છે. તેઓ તેને હાનિ નહીં જ પહોંચાડે.'



'તમે સૌ દેશદ્રોહીઓની જેમ વર્તન કરી રહ્યા છો !' વક્રએ ચીસ પાડી.

પર્વતેશ્વર મારફત સેનાનાયક વક્રને હુકમ કરવામાં આવ્યો હતો કે ઝડપથી સેનાને તૈયાર કરો અને દેવગિરિ તરફ કૂચ કરી દો. પર્વતેશ્વરે તેઓને એ કહ્યું નહોતું કે મેલુહાની રાજધાનીમાં તેની જરૂરત શા માટે હતી. સેનાપતિ ખુદ મહર્ષિ ભૃગુની સાથે પહેલેથી ઝડપથી જતા રહ્યા હતા. સૈનિકોને નૌકાઓ પર સવાર કરવા માટે અને સિંધુ સુધીની યાત્રા શરૂ કરવા માટે વક્રને બે દિવસ લાગી ગયા હતા, પરંતુ મોહનજોદરો પર એક અહિંસક વિરોધ પ્રદર્શને તેને ભુલાવામાં નાખી દીધો હતો.

નગરના પ્રાંતપાલ તો સમ્રાટ પ્રત્યે વફાદાર રહ્યા હતા પરંતુ તેઓના નાગરિકો નીલકંઠની પૂજા કરતા હતા. જ્યારે તેઓએ સાંભળ્યું તેઓની સેના નીલકંઠ સાથે યુદ્ધ કરવા સિંધુ નદી પર જઈ રહી છે તો તેઓએ બળવો કરવાનો નિર્ણય લીધો. મોહનજોદરોની લગભગ પૂરી વસતી નગરની બહાર આવી ગઈ, પોતાની નૌકાઓમાં સવાર થઈ ગઈ અને તેઓએ નદીની આરપાર લંગર નાખી દીધાં. આ નૌકાઓએ આખી નદીને ઘેરી લીધી હતી. આટલા પ્રભાવશાળી વિરોધ વચ્ચેથી પોતાની નૌકાઓને બહાર લઈ જવી વક્ર માટે અશક્ય બની ગયું હતું.

'અમે સમ્રાટ દક્ષ માટે દેશદ્રોહી હોઈશું.' વિદ્રોહીઓના આગેવાને કહ્યું, 'પણ નીલકંઠ પ્રતિ અમે દગાબાજ નહીં બનીએ.'

વક્રે પોતાની તલવાર ખેંચી લીધી. 'જો તમે બધા ખસી નહીં જાવ તો હું તમને બધાને મારી નાખીશ.' તેણે ચેતવણી આપી.

'મારી નાખો. અમને બધાને મારી નાખો. અમે અમારો હાથ નહીં ઉઠાવીએ. અમે અમારી જ સેના સાથે નહીં લડીએ, પરંતુ હું મહાપ્રભુ રામની સોગન લઉં છું કે અમે અહીંથી ખસીશું નહીં.'

વક્ર ક્રોધમાં કુંફાડા મારતો રહ્યો. એની સાથે લડાઈ ન કરીને નાગરિકો તેને તેઓ પર આક્રમણ કરવાનું યોગ્ય કારણ આપી રહ્યા નહોતા.



ધીરે ધીરે ભાનમાં આવતા વિધ્યુન્માલીએ જોયું કે તે એક બળદગાડામાં સૂતેલો છે જે ધીરે ધીરે નદીકિનારે આવેલી સડક પર ચાલી રહ્યું છે. તેણે પોતાનું માથું ઊંચું કર્યું. પેટ ઉપર તાજા તાજા લીધેલા ટાંકામાં દર્દ થયું.

'સૂતા રહો, સ્વામી.' સૈનિકે કહ્યું, 'આપને આરામની જરૂરત છે.'

'શું તે દ્રોહીને મારી નાખવામાં આવ્યો ?' વિધ્યુન્માલીએ પૂછ્યું.

'હા.' સૈનિકે કહ્યું.

વિધ્યુન્માલી અને તેની ટુકડી દેવગિરિથી લોથલ જતી નદીકિનારેની સડક પર જલદીથી જઈ રહ્યા હતા. કનખલાના સેવકને ભ્રમમાં નાખવા તેઓ સફળ થયા હતા, જે શિવને દેવગિરિમાં રચવામાં આવી રહેલા વિશ્વાસઘાત વિષે ચેતવણી આપવા ઝડપથી લોથલ તરફ જઈ રહ્યો હતો. સેવકને મારી નાખવામાં આવ્યો હતો, પરંતુ તે પહેલાં તે વિધ્યુન્માલીના પેટમાં તલવારનો ઘા કરવામાં સફળ રહ્યો હતો.

'આપણે દેવગિરિથી કેટલા દૂર છીએ ?' વિધ્યુન્માલીએ પૂછ્યું.

'જે ઝડપે આપણે જઈ રહ્યા છીએ તે જોતાં હજી બીજા પાંચ દિવસ લાગશે, સ્વામી.'

'આ તો બહુ વધારે...'

'આપ ઘોડા ઉપર નહીં બેસી શકો, સ્વામી. ટાંકા ખૂલી જઈ શકશે. આપને બળદગાડામાં જ મુસાફરી કરવી પડશે.'

વિધ્યુન્માલીએ મનમાં ને મનમાં ગાળો દીધી.



પ્રકરણ- ૪૪

એક રાજકુમારીનું ફરી આગમન

સતી અને તેની સાથેના દળે દેવગિરિમાં લંગર નાખેલી નૌકામાંથી સામેના દૃશ્યનું નિરીક્ષણ કર્યું. તેઓ એક ઝડપી વ્યાપારી નૌકામાં બેસીને સરસ્વતી નદી થઈને શાંતિસંમેલન માટે સમયસર પહોંચી ગયાં હતાં.

સતીએ નજીક ઊભેલા નંદીને આકાશ તરફ જોવાનો ઇશારો કર્યો.

'જુઓ.' તેણીએ ઉપર ઊડતા એક નાના પક્ષી તરફ ઇશારો કરતાં કહ્યું, 'એક વધુ ગુપ્તચર કબૂતર.'

આ પહેલું કબૂતર ન હતું જેને તેઓએ જોયું હતું. સતીના યોદ્ધાઓએ દેવગિરિની દિશામાં જતાં ઘણાં કબૂતર જોયાં હતાં.

'પ્રભુ ગણેશનું માનવું છે કે છાનામાના વાતો સાંભળવી આપણને શત્રુની યોજના બાબતે સારી જાણકારી દઈ શકે છે.' નંદીએ કહ્યું, 'શું આપણે તેમાંથી એકાદને મારી નીચે પાડીએ અને જોઈએ કે શું વાતો ચાલી રહી છે ?'

સતીએ નકારમાં ડોકું ધુણાવ્યું, 'આપણે એ નિયમોનું પાલન કરીશું જે ભગવાન રામે આપણા માટે નક્કી કર્યાં છે અને એકબીજા પર વિશ્વાસ સાથે વાતો કરીશું. ભગવાન રામનું કહેવું છે કે નાનકડી ભૂલ જેવી કોઈ વસ્તુ હોતી નથી. શાંતિસંમેલન પહેલાં, છળકપટ મારફત આપણા વિરોધીની રણનીતિને સમજવાની આપને બસ થોડી જાણકારી મળશે, પરંતુ મર્યાદા વગરનો વ્યવહાર ભગવાન રામના આચરણ વિરુદ્ધ છે.'

નંદીએ સતીની દિશામાં માથું નમાવ્યું, 'હું ભગવાન રામનો સેવક છું, રાજકુમારી.'

સતી ફરી ગઈ અને નંદીએ છેલ્લી વાર દેવગિરિમાં અદૃશ્ય થતા પક્ષીના એક નાના ધબ્બાને જોયો.

બંદરની ગોદીઓને સંપૂર્ણપણે સાફ કરી દેવામાં આવી હતી અને હવે વ્યાપાર કે કોઈ બીજી હલનચલનનાં કોઈ ચિહ્ન દેખાતાં નહોતાં. પોતાની નૌકાની અગાશી પરથી સતી દૂર આવેલી દેવગિરિની દીવાલો જોઈ શકતી હતી. તેણીને યાદ આવ્યું કે કેટલાંક લોકો સુવર્ણ, રજત અને તાંબાના ત્રણ ચબૂતરાના માનમાં આ નગરને પ્રેમથી ત્રિપુરા કહેતા હતા, પરંતુ આ નામ ક્યારેય લોકપ્રિય ન થયું. દેવગિરિના નાગરિકો આ નામ સાથે છેડછાડ કરવાની કલ્પના પણ કરી શકતા નહોતા જે ખુદ રામે તેને આપ્યું હતું.

એક મોટા અવાજ સાથે લાકડાની સીડીને ગોદી ઉપર ગોઠવી દેવામાં આવી.

સતીએ નંદી તરફ ઇશારો કર્યો અને ધીમેથી કહ્યું : 'ચાલો.'

તેણી પોતાના પરિચારકોને સાથે લઈને આગળ વધી, ત્યારે એક મેલુહાઈ વ્યવસ્થાપક ચહેરા પર સહેજ સ્મિત લઈને તેણીની તરફ આગળ વધ્યો. મેલુહાઈએ સતીના કદરૂપા થઈ ગયેલા ડાબા કપાળને જોયું, પરંતુ તેણે બુદ્ધિ વાપરીને તે અંગે કંઈ કહેવાનું ટાળ્યું. 'માનનીયા, આપને ફરી મળવાનું મારા માટે સૌભાગ્યની વાત છે.'

'મને મારા નગરમાં પાછા ફરવાનો આનંદ થઈ રહ્યો છે, દળપતિ, અને આ વખતે ઉત્તમ પ્રસંગે.'

મેલુહાઈએ ધીમેથી માથું હલાવી પોતાનો પણ આનંદ વ્યક્ત કર્યો.

'મને આશા છે કે આપ કાયમી શાંતિ માટે ઉકેલ કાઢવામાં સફળ થશો, માનનીયા.' મેલુહાઈએ કહ્યું, 'આપ કલ્પના પણ નહીં કરી શકો કે અમે મેલુહાવાસી એ વાતથી કેટલાં દુ:ખી છીએ કે અમે અમારા જીવંત દેવતા સાથે યુદ્ધ કરી રહ્યા છીએ.'

'ભગવાન રામની કૃપાથી યુદ્ધનો અંત આવશે અને આપણને કાયમી શાંતિ પ્રાપ્ત થશે.'

મેલુહાઈએ બંને હાથ જોડ્યા અને આકાશ તરફ જોયું. 'ભગવાન રામની કૃપાથી.'

બંદરની બહાર આવીને સતીએ એક વિશાળ ગોળાકાર ભવન જોયું જે શાંતિસંમેલન માટે ઝડપથી બાંધી દેવામાં આવ્યું હતું. શાંતિસંમેલન માટે એક નિયમ એવો હતો કે તે યજમાન નગરની અંદર નહીં ભરાય. હાલનું સ્થળ નગરની દીવાલોથી બહુ જ દૂર લગભગ બંદરને અડીને હતું. શાંતિસંમેલનનું ભવન લંબચોરસ આકારનું એક મજબૂત મકાન હતું.

સતીએ મકાનમાં પ્રવેશ કરતાં જ ઊંચી છતને જોઈ અને અવાજ બરાબર સંભળાય છે કે નહીં તે જોવા તેણી જોરથી બોલી -- 'સારું બાંધકામ છે.'

કોઈ પડઘો ન પડ્યો. સતી હસી. મેલુહાઈ ઇજનેરોએ પોતાની આવડતને જાળવી રાખી છે.

ભગવાન રામ અને સીતામાતાની મોટી પ્રતિમાઓ આ ગુફા જેવા કક્ષના પ્રવેશદ્વાર નજીક રાખવામાં આવી હતી. મૂર્તિઓની આસપાસ પડેલાં ફૂલો જોઈને સતી જાણી ગઈ કે દેવગિરિના પુરોહિતે તેની પૂજા-પ્રતિષ્ઠા કરી દીધી છે. એનાથી એક સાચા હિંદુને ભરોસો બેસે છે કે ભગવાન રામ અને સીતામાતા ખુદ એ પ્રતિમાઓમાં વાસ કરે છે અને પૂરી કાર્યવાહીનું નિરીક્ષણ કરે છે. એક છેડે દીવાલથી એક બીજો ઓરડો જુદો પાડી દેવામાં આવ્યો હતો અને વચ્ચે એક મોટો લાકડાનો દરવાજો હતો. ઓરડાને સંપૂર્ણપણે ધ્વનિનિરોધક બનાવી દેવામાં આવ્યો હતો જેથી કર્કશમાં કર્કશ અવાજ પણ તેની દીવાલો બહાર જઈ ન શકે. આ ઓરડાને સંમેલન દરમિયાન કોઈ પણ પક્ષને અંગત વાતો કરવી હોય તે માટે જુદો પાડી દેવામાં આવ્યો હતો.

સતીએ હકારમાં માથું હલાવ્યું. 'બધી જ ગોઠવણો પ્રાચીન વિધિઓ અનુસાર છે.'

'ધન્યવાદ, માનનીયા.' મેલુહાઈએ કહ્યું.

'હવે શસ્ત્રાગાર.' સતીએ કહ્યું.

'જરૂર, માનનીયા,' મેલુહાઈએ કહ્યું, 'આપણે તરત જઈ શકીશું.'

સંમેલન મંડપની બહાર આવતાં તેણીએ જોયું કે તેણીના ઘોડાને બહાર બાંધવામાં આવેલો છે. તેને નૌકામાંથી ઉતારીને લાવવામાં આવ્યો હતો અને હવે બેઠક સાથે તે તૈયાર હતો, તે જ પ્રમાણે તેણીના સાથીઓના ઘોડાઓ પણ તૈયાર હતા.

'માનનીયા,' મેલુહાઈએ કહ્યું, 'આપ તો જાણો છો કે નિયમ અનુસાર ઘોડાઓને શસ્ત્રાગાર નજીક બાંધી દેવામાં આવશે. આપના બધા જ ઘોડાઓને લઈ જવામાં આવશે.'

‘મારા ઘોડા સિવાય બધા ઘોડાને લઈ જજો.’ સતીએ કહ્યું, ભગવાન રામના નિયમોને તેણીથી વધારે જાણવાવાળા લોકો બહુ ઓછા હતા. મહેમાનોના અધિનાયકને પોતાનો ઘોડો પોતાની પાસે રાખવાની પરવાનગી હતી. ‘મારો ઘોડો મારી સાથે જ રહેશે.’

‘જરૂર, માનનીયા.’

‘અને મારા સાથીઓના ઘોડા સંમેલન પૂરું થઈ ગયા પછી તરત જ પાછા આપી દેવામાં આવશે.’

‘આ જ નિયમ છે, માનનીયા.’

‘અને દેવગિરિની અંદર પણ પશુઓને બાંધી દેવામાં આવશે.’

‘બેશક, માનનીયા.’ મેલુહાઈએ કહ્યું, ‘આવું પહેલાં પણ કરવામાં આવ્યું છે’.

‘ઠીક છે.’ સતીએ કહ્યું, ‘ચાલો.’



કામચલાઉ શસ્ત્રાગાર નગરની દીવાલોની બહાર બનાવવામાં આવ્યું હતું. વિશાળ દરવાજે બે તાળાં લગાવવામાં આવ્યાં હતાં જેથી અંદર ઘૂસી જવું અશક્ય હતું. એક ચાવી સતીને આપવામાં આવી, જેથી સતીએ તપાસ કરી જોઈ કે દરવાજે ખરેખર યોગ્ય તાળું લગાવવામાં આવ્યું છે. મેલુહાઈએ પોતાની ચાવીથી દરવાજે બીજું તાળું લગાવ્યું, જેની સતીએ બીજી વાર બરાબર તપાસ કરાવી અને પછી તેણીએ તાળા ઉપર મહોર લગાવી દીધી. આમ દેવગિરિનાં બધાં જ શસ્ત્રો ખરેખર પહોંચ બહાર કરી દેવામાં આવ્યાં.

સતીએ ચાવી નંદીને આપી દીધી અને કહ્યું : ‘એને સાચવીને રાખજો.’

ઝૂકીને જવા માટે ફરી ગયા પછી મેલુહાઈ સંધિદૂત જરા અચકાયો, જાણે એને કંઈક યાદ આવ્યું હોય તેમ બોલ્યો : ‘માનનીયા, આપનાં શસ્ત્રો ? શું તેને અહીં તાળામાં બંધ કરી મૂકી દેવાનાં નથી ?’

‘ના,’ સતીએ કહ્યું.

‘હંઅઅ, માનનીયા, પરંતુ નિયમ કહે છે કે...’

‘નિયમ એમ કહે છે, દળપતિ,’ સતીએ વચ્ચેથી વાત કાપતાં કહ્યું, ‘કે સેનાઓએ નિ:શસ્ત્ર થઈ જવું જોઈએ, પરંતુ અંગત અંગરક્ષક અને અધિનાયક શાંતિસંમેલનમાં પોતાનાં શસ્ત્રો રાખી શકે છે. મને ખાત્રી છે કે મારા પિતાના અંગરક્ષકોને શસ્ત્રહીન કરવામાં નહીં આવ્યા હોય.’

‘ના, માનનીયા.’ મેલુહાઈ સંધિદૂતે જવાબ આપ્યો, ‘તેઓનાં શસ્ત્રો તેઓની પાસે જ છે.’

‘અને એ જ રીતે મારા અંગરક્ષકો પાસે પણ હશે.’ સતીએ નંદી તરફ અને પોતાના બીજા સૈનિકો તરફ ઇશારો કરતાં કહ્યું.

‘પરંતુ માનનીયા...’

‘આપ પ્રધાનમંત્રી કનખલાને કેમ પૂછી લેતા નથી ? મને ખાત્રી છે કે તેઓ નિયમોને જાણતાં જ હશે...’

મેલુહાઈ સંધિદૂતે તે પછી કશું કહ્યું નહીં. તે જાણતો હતો કે કાયદાની રીતે સતી સાચી છે. તે એ પણ જાણતો હતો કે પ્રધાનમંત્રી કનખલાથી કોઈ સ્પષ્ટતા કરી શકાય નહીં. એ દરમિયાન સતી લગભગ સો મીટર દૂર બનેલા પશુઓના વિશાળ વાડાને જોવા લાગી હતી. તેણીના માણસોના ઘોડાઓને કામચલાઉ રૂપે ત્યાં રાખવા માટે લઈ જવામાં આવી રહ્યા હતા.

'બીજી વાત, માનનીયા,' સંધિદૂતે કહ્યું, 'સમ્રાટ દક્ષે બપોરના ભોજન માટે આપને મહેલમાં હાજર રહેવા માટે કહેવરાવ્યું છે.'

સતી નંદી તરફ ફરી. 'હું આગળ જાઉં છું. આપ પશુના વાડાના તાળાની બરાબર તપાસ કરી લેજો અને પછી પાછા આવી જજો.--'

'માનનીયા,' સંધિદૂતે સતીને વચ્ચે રોકતાં કહ્યું, 'કહેણ બહુ જ સ્પષ્ટ હતું. તેઓ ઇચ્છતા હતા કે આપ એકલા જ આવો.'

સતીનાં ભવાં ચડી ગયાં. આ પરંપરા વિરુદ્ધની વાત હતી. તેણી આ પ્રસ્તાવને રદ કરવાની જ હતી કે સંધિદૂત ફરીથી બોલ્યો :'માનનીયા, મને નથી લાગતું કે એ ભોજનને શાંતિવાર્તા સાથે કોઈ સંબંધ હોય. આપ મહારાજનાં પુત્રી છો. એક પિતાને એવી ઇચ્છા રાખવાનો અધિકાર છે કે તેઓ પોતાની પુત્રી સાથે ભોજન કરે.'

સતીએ એક ઊંડો શ્વાસ લીધો. તેણીને પોતાના પિતા સાથે ભોજન કરવાની ઇચ્છા નહોતી, પરંતુ પોતાની માતાને મળવાની ખૂબ જ ઇચ્છા હતી. જે હોય તે, સંમેલન તે પછીના દિવસે જ હતું. આજે કશું કરવાનું નથી. 'નંદી, પશુવાડાની તપાસ કરી લીધા પછી આપ સંમેલન ભવનમાં પાછા જતા રહેજો અને મારી રાહ જોજો. હું જલદી પાછી આવી જઈશ.'

'જેવો આપનો હુકમ, માનનીયા.' નંદીએ કહ્યું, 'પરંતુ આપ જાવ તે પહેલાં હું શું આપની સાથે થોડી વાત કરી શકું ?'

'જરૂર.' સતીએ કહ્યું.

'ખાનગીમાં, માનનીયા.' નંદીએ કહ્યું.

સતીના મોંના ભાવ બદલાઈ ગયા, પરંતુ સમજીને -- પોતાના ઘોડાની લગામ પાસે ઊભેલા સૈનિકોને પકડાવી એક તરફ ચાલી.

જ્યારે તેઓ કોઈ સાંભળે નહીં તેટલે દૂર ગયાં એટલે નંદીએ સાવ ધીમેથી કહ્યું : 'જો મને આપ એટલું કહેવાની રજા આપો તો, માનનીયા, કૃપા કરીને એવું ન ધારતાં કે આપ આપના પિતાજીને મળવા જઈ રહ્યાં છો, પરંતુ એવું વિચારજો કે આપ એ સમ્રાટને મળવા જઈ રહ્યાં છો જેમની સાથે આપને શાંતિસંમેલન કરવાનું છે. કૃપા કરીને આ ભોજનને કાલના શાંતિસંમેલન માટે જરૂરી વાતાવરણ બનાવવાની તક ગણજો.'

સતી હસી. 'આપ બરાબર કહો છો, નંદી.'



સતીએ ત્યાં ઊભેલા સેવકની મદદ લીધા વિના પોતાના ઘોડાને મહેલની સીડી નજીક આવેલી ઘોડાની વખારમાં બાંધ્યો. શાંતિસંમેલનના લીધે દેવગિરિમાં કોઈ પશુ હતાં નહીં, એટલે ત્યાં ફક્ત સતીનો ઘોડો જ હાજર હતો. જ્યારે તેણી પોતાના પિતાના મહેલની સીડીઓ તરફ આગળ વધી તો ત્યાં હાજર પહેરેગીરોએ ખૂબ જ સારી રીતે સૈનિકસલામ કર્યાં. સતીએ પણ નમ્રતાપૂર્વક ઉત્તર વાળ્યો અને પગથિયાં ચડતી ગઈ.

તેણી આ મહેલમાં મોટી થઈ હતી, તેની સાથે રહેલાં ઉપવનોમાં હરીફરી હતી. એ સીડીઓ પર કંઈ કેટલીય વાર ચડી-ઊતરી હતી અને તેનાં મેદાનોમાં તેણીએ તલવારબાજી શીખી હતી. છતાંય આ ભવનમાં અત્યારે તેણીને અજાણ્યું લાગતું હતું. કદાચ કારણ એ હતું કે બહુ વર્ષોથી તેણી તેનાથી દૂર હતી અથવા તો કદાચ એનું કારણ એ પણ હોય કે તેણી હવે પોતાના પિતા તરફ કોઈ પ્રકારનો સ્નેહ અનુભવતી નહોતી.

તેણી મહેલના બધા રસ્તાઓ જાણતી હતી એટલે રસ્તો બતાવવા કોઈ સૈનિકની જરૂર નહોતી, પરંતુ તેણીને નવાઈ એ વાતની લાગી હતી કે ત્યાં ઊભેલા કોઈ સૈનિકને તે ઓળખતી નહોતી. કદાચ વિધુન્માલીએ તેણીના પિતાની સુરક્ષા સંભાળ્યા પછી સૈનિકોની બદલી કરી નાખી હોય. તેણી વારંવાર આ નવા સૈનિકોના ઇશારાઓને એક તરફ રાખીને કોઈ પણ ભૂલ વગર પોતાના પિતાના કક્ષની તરફ આગળ વધતી ગઈ.

'માનનીયા, રાજકુમારી સતી.' મુખ્ય દ્વારપાલે ઘોષણા કરી અને તેની સાથે તેના એક સાથીદારે રાજકીય ભવનના દરવાજા ખોલી નાખ્યા.

સતીએ અંદર પ્રવેશ કર્યો તો દક્ષ, વીરિની અને એક અજાણી વ્યક્તિને જોઈ જે ભવનના દૂરના છેડે ઊભી હતી. એના બાજુબંધથી એવું લાગતું હતું કે તે મેલુહાઈ સેનાનો એક સેનાનાયક હતો.

સતી પોતાનાં માતા-પિતા તરફ ફરી, તો મેલુહાના એ અજાણ્યા સેનાનાયકે બારીની બહાર જોઈ, નીચે ઊભેલા કોઈ વ્યક્તિ તરફ ન સમજાય તે રીતે માથું હલાવ્યું.

'હે ભગવાન, તારા ચહેરાને આ શું થઈ ગયું ?' દક્ષે મોટેથી પૂછ્યું.

સતીએ બંને હાથ જોડીને પ્રણામ કર્યાં અને નીચા નમીને પોતાના પિતાને જે માન આપવું જોઈએ તે માન આપ્યું. 'કંઈ નહીં, પિતાજી. બસ, યુદ્ધની એક નિશાની છે.'

'એક યોદ્ધા પોતાના ઘાને ગર્વથી લઈને ફરે છે.' મેલુહાના એ નવા લાગતા સેનાનાયકે સૌમ્ય ભાવથી કહ્યું. તેના હાથ માનપૂર્વક જોડાયેલા હતા.

સતીએ પણ અજાણ્યા મેલુહાઈને નમસ્તે કરતાં જરા નવાઈ પામીને શંકાના ભાવથી તેની તરફ જોયું. 'મને લાગે છે કે હું આપને કદાચ જાણતી નથી, સેનાનાયક.'

'મેં નવો નવો પદભાર સંભાળ્યો છે, માનનીયા.' મેલુહાના સેનાનાયકે કહ્યું, 'હું દળપતિ વિધુન્માલીથી નીચે બીજા સ્થાને રહી ચૂક્યો છું. મારું નામ કમલાક્ષ છે.'

સતીને ક્યારેય વિધુન્માલી ગમ્યો જ નહોતો, પરંતુ કમલાક્ષમાં એવું કશું નજરે ન પડયું કે તેના પ્રત્યે લાગણી ન થાય. તેણીએ નમ્રતા સાથે કમલાક્ષ તરફ પોતાનું માથું હલાવ્યું અને એક શુભેચ્છા દર્શાવતું હાસ્ય કર્યું. પછી તેણી પોતાની માતા તરફ ફરી.

'આપ કેમ છો, મા ?'

સતીએ ક્યારેય વીરિનીને સ્નેહપૂર્ણ 'મા' કહીને બોલાવી ન હતી. તેણી હંમેશા 'માતાજી' જ કહેતી હતી, પરંતુ વીરિનીને આ નવું સંબોધન ખૂબ ગમ્યું. તેણીએ આગળ વધીને પોતાની પુત્રીને ગળે લગાડી દીધી. 'મારી દીકરી...'

સતી પણ પોતાની માતાને જોસભેર ભેટી પડી. શિવની સાથે વીતાવેલાં વર્ષોએ તેના સંકોચને દૂર કરી દીધો હતો. હવે તો તે ખુલ્લા મનથી પોતાની -- દબાયેલી ભાવનાઓ વ્યક્ત કરી શકતી હતી.

'તારી બહુ જ યાદ આવે છે, મારી દીકરી.' વીરિની ધીમેથી બોલી.

'મને પણ આપની યાદ આવે છે, મા.' સતીએ ભીની આંખો સાથે કહ્યું.

વીરિનીએ સતીના ઘા પર હાથ મૂક્યો અને પોતાનું દુ:ખ વ્યક્ત કરવા પોતાના હોઠે બચકું ભર્યું.

'હવે સારું છે.' હળવા સ્મિત સાથે સતીએ કહ્યું, 'હવે પીડા થતી નથી.'

'તું એને આયુર્વતી પાસે બરાબર કેમ કરાવી લેતી નથી ?' વીરિનીએ પૂછ્યું.

'કરાવીશ, મા.' સતીએ કહ્યું, 'પરંતુ મારા ચહેરાનું સૌંદર્ય મહત્વની વાત નથી. મહત્વની વાત છે શાંતિનો રસ્તો ખોળવો.'

'હું આશા રાખું છું કે ભગવાન રામ એમ કરવામાં તારા પિતા અને નીલકંઠને મદદ કરશે.'

વીરિનીએ કહ્યું.

દક્ષ મોટેથી હસ્યા, 'મેં પહેલેથી જ એક રસ્તો ખોળી કાઢ્યો છે, સતી અને આપણે સૌ ફરી એક વાર સાથે થઈ જઈશું. પહેલાંની જેમ એક સુખી પરિવારના રૂપમાં. જોકે હું આશા રાખું છું કે નીલકંઠ બહાર રાહ જોવામાં નાનમ નહીં અનુભવતા હોય. ખરેખર,શાંતિસંમેલન પહેલાં અમારું મળવું એ સારા શુકન ન ગણાય.'

સતી પોતાના પિતાની આ વિચિત્ર વાત સાંભળીને ચોંકી ગઈ કે બધા એક વાર ફરીથી 'એક પરિવારના રૂપમાં' રહીશું. તે સ્પષ્ટતા કરવા જઈ રહી હતી કે શિવ તેની સાથે દેવગિરિ નથી આવ્યા, પરંતુ દક્ષ કમલાક્ષ તરફ ફરી ગયા.

'સેવકોને કહો ભોજન લઈ આવે. મને ભૂખ લાગી છે અને ખરેખર મારા પરિવારની મહિલાઓને પણ' દક્ષે કહ્યું.

'જરૂર મહારાજ .'

વીરિનીએ હજી સુધી સતીનો હાથ પકડી રાખ્યો હતો. 'દુઃખની વાત છે કે આયુર્વતી ગયા અઠવાડિયે અહીં નહોતી.'

'કેમ ?' સતીએ પૂછ્યું.

'જો તે અહીં હોત તો તે જરૂર કનખલાને બચાવી લેત. તેના જેવી દવાદારૂની જાણકારી બીજા કોઈની પાસે નથી.'

પોતાની આંખના ખૂણામાંથી સતી દક્ષના શરીરને અક્કડ થઈ જતું જોઈ શકતી હતી. 'વીરિની, તમે બહુ જ બોલો છો, આપણે જમવું જોઈએ અને...'

'એક પળ, પિતાજી.' સતીએ પોતાની માતા તરફ ફરતાં કહ્યું, 'કનખલાને શું થયું ?'

'તને ખબર નથી ?' આશ્ચર્યચકિત થઈ ગયેલી વીરિનીએ પૂછ્યું, 'તેણી અચાનક મરી ગઈ. મને લાગે છે કે તેના ઘરમાં કોઈ જાતની દુર્ઘટના થઈ હતી.'

'દુર્ઘટના ?' શંકા સાથે સતીએ પૂછ્યું અને ફરીને દક્ષની સામે આવીને ઊભી રહી, 'એને શું થયું હતું, પિતાજી ?'

'તે એક દુર્ઘટના હતી, સતી.' દક્ષે કહ્યું, 'તારે રાઈનો પર્વત બનાવવો ન જોઈએ...'

સતીના પ્રશ્ન ઉપર દક્ષ જે રીતે પાણી ઢોળી રહ્યા હતા તે જોઈને વીરિનીને પણ શંકા થવા માંડી, 'શું થઈ રહ્યું છે, દક્ષ ?'

'તમે બંને મહેરબાની કરીને આ વાત બંધ કરશો ? આપણે બધાં ઘણા લાંબા સમય પછી સાથે ભોજન લેવા ભેગાં થયાં છીએ. એટલા માટે આપણે આ ક્ષણનો આનંદ માણવો જોઈએ.'

'બહુ જલદી બધું બરાબર થઈ જશે, રાજકુમારી.' કમલાક્ષે કોમળ સ્વરે કહ્યું.

સતીએ કમલાક્ષના બોલવા પર ધ્યાન આપ્યું નહીં, પરંતુ તેના અવાજમાં કંઈક ભયંકર બન્યું હોય તેવું લાગતું હતું. સતી સાવધાન થઈ ગઈ.

'પિતાજી, આપ શું છુપાવી રહ્યા છો ?'

'ભગવાન રામ કૃપા કરે.' દક્ષે કહ્યું, 'જો તને તારા પતિ માટે આટલી ચિંતા હોય તો હું તેઓના માટે કશુંક વિશેષ ભોજન મોકલી આપીશ.'

'મેં તો શિવનું નામ પણ નથી લીધું.' સતીએ કહ્યું, 'આપ મારા પ્રશ્નને ટાળો છો. કનખલાને શું થયું ?'

દક્ષે હતાશ થઈને પોતાની મુટ્ઠી ટેબલ પર પછાડી. 'શું તું એક વાર તારા પિતા ઉપર વિશ્વાસ મૂકી શકે છે ? તારી નસોમાં મારું લોહી દોડે છે. શું હું ક્યારેય એવું કરું ખરો જે તારા હિતમાં ન હોય ? જો હું એમ કહું કે કનખલા એક દુર્ઘટનામાં મરી ગઈ તો એવું જ થયું છે.'

સતીએ પોતાના પિતાની આંખમાં આંખ પરોવી કહ્યું : 'આપ જૂઠું બોલી રહ્યા છો.'

'કનખલાને એ મળ્યું જેને તે લાયક હતી.' કમલાક્ષે બરાબર સતીની પાછળ ઊભા રહીને કહ્યું, 'એવું દરેક એ વ્યક્તિ સાથે થશે જે મેલુહાના સાચા સ્વામીનો વિરોધ કરવાનું દુઃસાહસ કરશે, પરંતુ આપે ચિંતા કરવાની જરૂર નથી. આપ સુરક્ષિત છો, કારણ કે આપના પિતા આપને ખૂબ પ્રેમ કરે છે.'

સડક થઈ ગયેલી સતીએ એક નજર પાછળ ઊભેલા કમલાક્ષ ઉપર નાખી અને પછી પોતાના પિતા તરફ ફરી ગઈ.

દક્ષ સાવ ફિક્કું હસીને બોલ્યા પણ તેઓની આંખો ભીની હતી, 'કદાચ તું સમજી શકે તો સારું કે હું તને કેટલો પ્રેમ કરું છું, મારી દીકરી. બસ, મારા પર વિશ્વાસ રાખ. હું ફરીથી બધું બરાબર કરી દઈશ.'

લગભગ ન દેખાય તે રીતે સતીએ પોતાના સ્નાયુઓ તાણ્યા અને પોતાની જમણી કોણી પાછળ ઊભેલા કમલાક્ષને એક જોરદાર મુક્કો તેની દૂંટી પર માર્યો. ચકિત થઈ ગયેલો સેનાનાયક પીડાનો માર્યો બેવડો વળી ગયો અને પાછળ લડખડ્યો, જેના લીધે તેનું માથું સતીની સામે આવી ગયું. સમય ગુમાવ્યા વગર સતીએ જમણા પગની એડીથી એક ઘાતક ઘા સેનાનાયકને માર્યો, જે તેના કાન અને કાન પાછળ વાગ્યો અને તેના કાનનો પરદો ફાટી ગયો અને તે બેભાન થઈ ગયો. આ દાવ સતીએ નાગાઓ પાસેથી શીખ્યો હતો. સેનાનાયકનું શરીર લથડિયાં ખાતું જમીન પર પડ્યું. આ જ ઝડપથી સતી સાવ સહજતાથી પાછળ ફરીને દક્ષની સામે આવીને ઊભી રહી. વીજળીની ઝડપે તેણીએ પોતાની તલવાર કાઢી અને તેને પોતાના પિતા તરફ ધરી દીધી.

આ બધું એટલી ઝડપથી બન્યું કે દક્ષને કોઈ પ્રતિક્રિયા કરવાનો સમય જ ન મળ્યો.

'આપે શું કરી નાખ્યું, પિતાજી ?' સતીએ ચીસ પાડીને કહ્યું. તેણીનો ક્રોધ ચરમસીમા પર હતો.

'આ તારા જ ભલા માટે છે.' દક્ષે મોટા અવાજે કહ્યું, 'તારો પતિ હવે આપણને વધુ તંગ નહીં કરે.'

છેવટે સતી બધું સમજી ગઈ. 'હે રામ ! કૃપા કરો... નંદી અને મારા સૈનિક...'

'હે ભગવાન !' વીરિની દક્ષ તરફ આગળ વધતાં મોટેથી બોલી, 'આપે આ શું કરી નાખ્યું, દક્ષ ?'

'ચૂપ રહે વીરિની !' દક્ષે ચીસ પાડતા હોય તેમ કહ્યું અને તેને એક બાજુ ધક્કો મારી દીધો અને પછી ઝડપથી સતી તરફ આગળ વધ્યા.

વીરિની તો અવાચક થઈ ગઈ હતી. 'આપ એક શાંતિસંમેલનના નિયમ કેવી રીતે તોડી શકો છો ? આપે આપના આત્માને હંમેશ માટે કલંકિત કરી નાખ્યો.'

'તું બહાર ન જઈ શકે.' સતીને પકડવાનો પ્રયત્ન કરતાં દક્ષે મોટી બૂમ પાડી...

સતીએ દક્ષને એટલો જોરથી ધક્કો માર્યો કે સમ્રાટ જમીન પર પડી ગયા. સતી લડવા માટે તૈયાર તલવારને હાથમાં મજબૂતાઈથી પકડીને દરવાજા તરફ દોડી.

'રોકો એને !' દક્ષે ચીસ પાડીને કહ્યું, 'ચોકીદારો, એને રોકો.'

રાજકુમારીને પોતાની તરફ દોડતાં આવી રહેલાં જોઈને દરવાનો હક્કાબક્કા થઈ ગયા અને દરવાજા ખોલી દીધા. દરવાજે ઊભેલો દરવાન તો આશ્ચર્યથી જડભરત થઈ ગયો હતો.

'એને રોકો' દક્ષે મોટી ચીસ પાડીને કહ્યું.

દરવાજાનો રક્ષક કંઈ કરે એ પહેલાં સતી તો તેના ઉપર જઈ પડી અને તેને એક બાજુ ધક્કો મારી દરવાજાની બહાર જતી રહી. તે મુખ્ય રવેશમાં દોડતી જતી રહી. તેણીને હજી પણ

તેને રોકવા માટેની તેના પિતાની ચીસો સંભળાઈ રહી હતી. તેણીને એના ઘોડા સુધી પહોંચવાનું હતું. એ સમયે દેવગિરિમાં કોઈની પણ પાસે ઘોડો નહોતો. જો તેણી પોતાના ઘોડા સુધી પહોંચી જઇ શકે તો તેણી સહેલાઈથી રક્ષકોને ઓળંગીને નગરની બહાર નીકળી જઈ શકે.

'રાજકુમારીને રોકો' એક રક્ષકે પાછળથી મોટી બૂમ પાડી.

સતીએ આગળ રક્ષકોની એક પલટનને મોરચો સંભાળતાં જોઈ. તેઓએ તેમના ભાલાઓને આગળ ધરીને રસ્તાને રોકી રાખ્યો હતો. તેણીએ પોતાની ગતિ ધીમી કર્યા વગર પાછળ જોયું. બીજા છેડે રક્ષકોની એક વધુ પલટન તેણીની તરફ દોડી આવી રહી હતી. તેણી બરાબર ફસાઈ ગઈ હતી.

'હે રામ ! મને શક્તિ આપો !' સતી મનોમન બોલી.

સતીએ દૂરથી દક્ષનો અવાજ સાંભળ્યો : 'તેને ઘાયલ ન કરતા.'

આગળ ડાબી બાજુ એક બારી ખુલ્લી હતી. તેણી ત્રીજા માળે હતી. કૂદવું ગાંડપણ ગણાશે, પરંતુ તેણી આ મહેલને બરાબર જાણતી હતી. આ ક્યારેક તેણીનું જ ઘર હતું. તેણી જાણતી હતી કે બારીની ઉપર એક પાતળું છજું છે અને ત્યાંથી એક નાનકડો કૂદકો તેણીને મહેલની અગાસીમાં પહોંચાડી દેશે અને તે પછી, કોઈ તેણી સુધી પહોંચે તે પહેલાં છેડે બનેલા દરવાજામાંથી મહેલના પ્રવેશદ્વાર તરફ ભાગી જઈ શકતી હતી.

સતીએ પોતાની તલવારને મ્યાનમાં નાખી અને પોતાના હાથ એવી રીતે ઊંચા કરી દીધા જાણે તે શરણે આવી રહી હતી. સૈનિકોએ વિચાર્યું કે તેઓએ તેણીને ફસાવી દીધી છે અને રાજકુમારીનો ગભરાટ દૂર કરવા તેઓ હવે ધીરે ધીરે તેણી તરફ આગળ વધવા લાગ્યા. સતી અચાનક જ પોતાની એક બાજુ પર ઊછળી અને પળવારમાં તે બારીની બહાર હતી. સૈનિકોના મોંમાંથી 'બાપ રે' નીકળી પડયું, કારણ કે તેઓ બરાબર જાણતા હતા કે નીચે ચોકમાં પડી જવાથી રાજકુમારી જરૂર મોતને ભેટી હશે, પરંતુ સતીએ ચપળતાપૂર્વક છજાના કિનારાને પકડી લીધો હતો, પછી ઉપર ઝૂલીને અડધી ગુલાંટ મારી તેણી સલામત છજા ઉપર પહોંચી ગઇ હતી. સ્થિર થતાં તેણીને એક પળ લાગી અને પછી ઝડપથી બે પગલા ભર્યા અને ઉછળીને છત ઉપર પહોંચી ગઈ.

'તે છત ઉપર છે.' એક સૈનિકે બૂમ પાડી.

સતી જાણતી હતી કે સૈનિકો કયા રસ્તે આવશે. તેણી ઝડપથી બીજી તરફ અગાસીના બીજા છેડે દોડી અને વધુ છજા ઉપર કૂદી ગઈ. છજા પર રગડતાં રગડતાં તેણી એક બીજી અગાસી પર પહોંચી અને અગાસી પરથી કૂદ્યા પછી તેણી દૂર બનેલી સીડી તરફ દોડી ગઈ. તેણી ત્રણ-ત્રણ પગથિયાં કૂદતી કૂદતી પહેલા માળે પહોંચી ગઇ જ્યાં એક તરફ એક બીજો દરવાજો હતો. આમ તો જોકે એ દરવાજે સામાન્ય રીતે ચોકીદાર હોતા નથી પણ તે જોખમ ઉઠાવવા માગતી નહોતી. તે ઝરૂખામાંથી એક નાનકડા બાગમાં કૂદી ગઈ. દીવાલને અડીને ઊગેલા એક ઝાડ પર ચઢેલી તેણી તે ઝાડથી સૌથી ઊંચી ડાળી પર પહોંચી ગઈ અને ઊંચાઈનો લાભ લઈ દીવાલની બીજી તરફ કૂદી ગઈ. તેણી બરાબર ઘોડાની નજીક જ ઊતરી હતી. એક જ છલાંગમાં તેણી પોતાના ઘોડા પર સવાર થઈ ગઈ, લગામ ખોલી અને ઘોડાને એડી મારી દીધી

'એ જાય...' એક ચોકીદારે બૂમ પાડી.

વીસ ચોકીદારો સતીની તરફ દોડ્યા પણ તેણી ધીમી પડ્યા વગર તેઓની વચ્ચેથી નીકળી ગઈ. તેણીનો ઘોડો ઝડપથી દોડતો મહેલમાંથી બહાર નીકળ્યો અને થોડી જ પળોમાં તેણી નગરની બહાર હતી. તેણીએ દૂરથી ચોકીદારોની ચીસો અને સાચું-ખોટું સંભળાવવાના અવાજો સાંભળ્યા.

'રોકો તેને.'

'રોકો રાજકુમારીને.'

આશ્ચર્યચકિત થઈ ગયેલા મેલુહાઈ સતીના ઘોડાને ઝડપથી દોડતો નજીક આવતો જોઈને ગભરાઈને આમતેમ થઈ જવા લાગ્યા. આગળ ઊભેલા નાગરિકોની ભીડથી બચવા તેણી એક પાતળી ગલીમાં વળી ગઈ અને એક જુદી જ સડક પર આવી ગઈ જે આગળ જઈને સીધી નગરના મુખ્ય દરવાજા તરફ જતી હતી. તેણીએ પૂરી ગતિથી ઘોડાને દોડાવ્યે રાખ્યો અને થોડી જ પળોમાં તેણી લોખંડના દરવાજાની બહાર નીકળી ગઈ. જેવી તે બીજી બાજુ પહોંચી તો તેણીનો ઘોડો થોડે દૂર ચાલી રહેલી ભયંકર લડાઈના અવાજથી ગભરાઈને પોતાના પાછલા પગ ઉપર ભયંકર રીતે ઊભો થઈ ગયો.

દેવગિરિ નગરના ચબૂતરાથી લગભગ ચાર ગાઉ દૂર બરાબર સરસ્વતી નજીક સતીને શાંતિસંમેલનનું સ્થળ સ્પષ્ટ દેખાઈ રહ્યું હતું. તેણીના લોકો ઉપર

આક્રમણ કરવામાં આવ્યું હતું. બખ્તર અને ટોપા પહેરેલા મોટી સંખ્યામાં લોકો નંદી અને તેની ક્યાંય ઓછી સંખ્યાના સૈનિકો સાથે લડી રહ્યા હતા, જેમાંથી કેટલાક પહેલેથી જમીન પર પડ્યા હતા.

'હે એ એ એ !' સતીએ પોતાના ઘોડાને જોરથી એડી મારીને દોડાવ્યો.

તેણી દેવગિરિના સુવર્ણ ચબૂતરાની વચ્ચે સીડીઓ પરથી નીલકંઠના નિષ્ઠાવાન લોકોના યુદ્ધનાદો કરતા યોદ્ધા તરફ ઝડપથી આગળ વધી.

'હર હર મહાદેવ.'



પ્રકરણ-૪૫

અંતિમ શિકાર

યુદ્ધમેદાન તરફ દોડતી વખતે સતી નક્કી કરી શકતી હતી કે ત્યાં પગથી માથા સુધી ઢાંકેલા વસ્ત્રો પહેરેલા આશરે ત્રણસો હત્યારા છે. તેઓએ નાગાઓ જેવા મુખવટા પહેર્યા હતા, પરંતુ તેઓની યુદ્ધ લડવાની રીત જરાય પંચવટીના યોદ્ધાઓ જેવી નહોતી. તેઓ દેખાઈ આવે તેવા કોઈ અજાણ્યા યોદ્ધાઓની ટોળી હતી જેને નાગાઓ જેવા દેખાડવામાં આવ્યા હતા. સતીના સો અંગરક્ષકોમાંથી લગભગ અડધા તો પહેલેથી જ જમીન પર પડ્યા હતા અથવા ખરાબ રીતે ઘાયલ થઈ ગયા હતા અથવા મૃત્યુ પામ્યા હતા.

કારણ કે હત્યારાઓ અને તેણીના સૈનિકો એકબીજા સાથે યુદ્ધમાં લીન હતા જેથી શત્રુ કોણ અને મિત્ર કોણ તેની સ્પષ્ટતા થઈ શકતી નહોતી એટલે સતી માટે અંદર ઘૂસી હત્યારાઓને મારી નાખવા મુશ્કેલ કામ હતું. તેણી જાણતી હતી કે તેણીએ ઘોડા પરથી નીચે ઊતરીને લડવું પડશે. યુદ્ધમેદાનમાં પહોંચીને તેણી એ તરફ આગળ વધી જ્યાં નંદી એક સાથે ત્રણ હત્યારાઓ સાથે લડી રહ્યો હતો.

તેણીએ નંદીની જોરદાર ચીસ સાંભળી જ્યારે નંદીએ ભયાનક રીતે પોતાના શત્રુના હૃદયમાં તલવાર ખોસી દીધી. તે પોતાની ડાબી બાજુ જોરથી ફર્યો અને બહુ જ સહેલાઈથી પોતાની તલવારથી વીંધાયેલા શત્રુને ઉપાડ્યો અને તેના અભાગિયા શરીરને આગળ વધી રહેલા આક્રમણખોરો પર ફેંકયું. એક બીજો હત્યારો નંદીની નજીક આવી ગયો હતો અને તેને પાછળથી મારી નાખવા તૈયાર હતો.

સતીએ પેંગડામાંથી પોતાના પગ બહાર કાઢયા. તેણી ઊછળી અને જીન પર પોતાની જાતને સરખી કરી અને સાથે સાથે પોતાની તલવાર પણ ખેંચી કાઢી. તેણી પેલા હત્યારાની નજીક પહોંચી ગઈ જે નંદીને પાછળથી મારી નાખવાનો હતો. તેણી ઘોડા પરથી કૂદી અને કૂદતાંની સાથે પોતાની તલવાર જોરથી ઘુમાવી અને એક જ ઝાટકે એ હત્યારાની ગરદન કાપી નાખી. સતી એક બાજુ પડી ગઈ અને સાથે જ વળીને ઊભી થઈ નંદીની પાછળ જઈને ઊભી રહી, જ્યારે માથું કપાઈ ગયેલા હત્યારાનું શરીર જમીન પર જઈ પડયું. તેના શરીરમાંથી લોહી ઝડપથી વહી રહ્યું હતું.

'દેવી !' નંદી પોતાની સામે આવેલા એક વધુ હત્યારાને કાપી નાખતાં જોરથી મોટા અવાજે ચીસ પાડી ઊઠયો : 'ભાગી જાવ.'

સતી નંદીની પીઠથી પીઠ મેળવીને બધી બાજુઓને સંભાળતી રક્ષાત્મક રૂપે સ્થિર ઊભી હતી. 'આપ સૌના વગર નહીં.'

એક વધુ હત્યારો એક તરફથી સતીની તરફ આવ્યો અને તેણે પોતાની ઢાલ સામે રાખી દીધી. તેણે પોતાના લાંબા પોશાકના ખીસામાં હાથ નાખી એક વસ્તુ ફેંકી. સતીએ સહજતાથી પોતાની ઢાલ ઊંચી કરી દીધી. એક કાળું ઇંડું તેણીની ઢાલને અથડાયું અને તેમાં રહેલી સામગ્રી -- ધાતુના ટુકડા -- તેની આંખોથી દૂર વેરાઈ ગઈ. કેટલાક ટુકડા તેણીના ડાબા હાથમાં ઘૂસી ગયા.

સતીએ લડાઈના આ પેંતરા અંગે સાંભળ્યું હતું ! આ ઇજિપ્તની રીત હતી. ઇંડામાં રહેલા પદાર્થને નાનકડા કાણા મારફત બહાર કાઢી તેમાં તીક્ષ્ણ ધાતુના ટુક્ડા ભરી દેવામાં આવતા હતા. તેને શત્રુની આંખ ઉપર ફેંકીને તેને આંધળો કરી દેવામાં આવતો હતો. સામાન્ય રીતે તે પછીનો પેંતરો તલવારનો નીચો હુમલો રહેતો હતો. જોકે ઢાલના કારણે તેણી સામેનું જોઈ શકતી નહોતી પરંતુ તે સાવ સહજ રીતે ઝડપથી એક તરફ થઈ ગઈ. જેથી નીચેના હુમલાથી બચી શકે. પછી તેણીએ પોતાની ઢાલ પરના એક બટનને દબાવ્યું જેનાથી ઢાલમાંથી એક નાનકડી ધારવાળું પાનું આગળ આવ્યું જે તેણીના વિરોધીના ગળામાં ઘૂસી ગયું અને તેની શ્વસનનળીને કાપી નાખી. જેવો હત્યારાનો શ્વાસ રૂંધાવા માંડ્યો કે સતીએ પોતાની તલવાર તેના હૃદયમાં ખોસી દીધી.

આ દરમિયાન નંદી બહુ જ સરળતાથી એ બધાને મારી રહ્યો હતો જેઓ તેની સામે હતા. તે ખરેખર એક વિશાળ કાયાવાળો માણસ હતો અને ઇજિપ્તના કમજોર હત્યારાઓ સામે દેવ જેવો હતો. કોઈપણ હત્યારા તેની નજીક આવી શકતા ન હતા અને જે કોઈ તેને પડકાર આપવાનો પ્રયત્ન કરતું તો તે તેને કાપી નાખતો હતો. તેઓ તેની તરફ ચાકુ અને પેલા નવા બનાવેલાં ઇંડાં ફેંકી રહ્યા હતા, પરંતુ કશું જ તેના શરીરના કોઈ મહત્વના ભાગ સુધી પહોંચી શકતું નહોતું. નંદીના ખભામાં એક ચાકુ ઘૂસેલું હતું અને ધાતુના અનેક ટુકડા તેના શરીરમાં ઠેરઠેર ઘૂસેલા હતા છતાંય રક્તભીનો નંદી સતત પોતાના શત્રુઓ સાથે લડી રહ્યો હતો, પરંતુ નંદી અને સતી બંને જોઈ શકતાં હતાં કે બાજી ખરાબ રીતે તેઓની વિરુદ્ધ છે. તેઓના મોટાભાગના સૈનિકો અચાનક થયેલા આક્રમણ અને આટલી મોટી સંખ્યાના હત્યારાઓ સામે પડતા જતા હતા. ભાગી છૂટવાનો કોઈ રસ્તો જ નહોતો કારણ કે તેઓ બધી બાજુએથી ઘેરાઈ ગયા હતા. તેઓની એકમાત્ર આશા હવે એ હતી કે દેવગિરિના બીજા સૂર્યવંશી જેઓ દક્ષના ષડયંત્રમાં સામેલ ન હતા, તેઓ આવીને મદદ કરે.

એક હત્યારો જમણી તરફથી સતી તરફ કૂદ્રયો. સતીએ જબરદસ્ત શક્તિ સાથે પાછળ ઊછળીને તેના હુમલાને રોક્યો. હત્યારો પાછલા પગે સતીને ધક્કો મારવાની આશાએ આ વખતે ડાબી બાજુ પલટી મારીને ઊછળ્યો. સતીએ એ જ જોરથી તેના આક્રમણનો સામનો કર્યો. હવે હત્યારાએ નીચા નમીને સતીના પેટમાં તલવાર ખોસવાનો પ્રયત્ન કર્યો પરંતુ તે એની ખાસ ટેકનીક વિષે જાણતો નહોતો.

મોટાભાગના યોદ્ધાઓ પોતાની તલવાર સ્વાભાવિક દિશામાં, પોતાના શરીરથી દૂર જ ચલાવી શકે છે. શક્તિ અને આવડત ન હોવાને લીધે, બહુ જ ઓછા યોદ્ધા તલવારને પોતાના શરીરની દિશામાં ચલાવી શકે છે. એટલે મોટાભાગની તલવારોમાં ફક્ત બહારની બાજુ ધાર હોય છે. સતીની તલવારમાં અંદર અને બહાર બંને બાજુ ધાર હતી. સતી પાછળની તરફ ઊછળી અને લગભગ અશક્ય હુમલો કરીને, તેણીએ ખૂબ જ હોશિયારીપૂર્વક પોતાની તલવારને જોરથી પોતાના તરફ ખેંચી. એ પહેલાં કે હત્યારો કોઈ પ્રતિક્રિયા કરે, તેનું ગળું બહુ જ સારી રીતે કપાઈ ચૂક્યું હતું. ઘા એટલો ઊંડો હતો કે તેનું માથું ધડથી લગભગ જુદું થઈ ગયું

હતું. ઇજિપ્તના એ હત્યારાનું માથું માંસના લોચા સાથે પાછળની તરફ લટકી ગયું અને તેની આંખો ચકરાવા લાગી. પડતાં પડતાં સતીએ તેના શરીરને ધક્કો મારી દીધો.

તેણીએ પોતાની ડાબી બાજુ કંઈક હલચલ જોઈ અને તેણીને પોતાની ભૂલની ખબર બહુ જ વાર પછી પડી. તેણીએ એકબીજા હત્યારાની તલવારના ઘાને રોકવાનો પ્રયત્ન કર્યો પરંતુ એ હત્યારાની તલવાર સતીની તલવાર ઉપર પડીને ઊછળી અને તેણીના ઘાયલ ગાલમાં થઈને તેની આંખને કાપતી તેણીની ખોપરીને અડી ગઈ. તેણીની ડાબી આંખ અંદર જ ઢળી પડી અને ઘામાંથી લોહી વહી ચાલ્યુ, જેના લીધે તેની બીજી આંખને જોવામાં તકલીફ પડવા માંડી. કંઈ ન જોઈ શકવા છતાંય તેણીએ કોઈ પણ હુમલાને રોકવાની આશામાં એક અંધાધૂધ પેંતરો અજમાવ્યો અને સાથે સાથે પોતાના ચહેરા પરના લોહીને લૂછવાનો પ્રયત્ન કરતી રહી. તેણીએ કોઈ સ્ત્રીને હાંફતી સાંભળી અને પછી તેણીએ અનુભવ્યું કે પોતે જ હતી. જેવો હત્યારો પોતાના બીજા હુમલા માટે આગળ વધ્યો કે સતી તૈયાર થઈ ગઈ.

તેણીને પોતાની જમણી બાજુ કશીક હલનચલન અનુભવાઈ અને તેણીએ પોતાની ઘૂંધળી દ્રષ્ટિથી જોયું કે નંદીએ પોતાની ઊંચાઈનો લાભ લઈને એક જ ઘામાં હત્યારાનું માથું વાઢી નાખ્યું.

'દેવી !' એક વધુ હત્યારાના હુમલામાંથી તેણીને બચાવવા માટે પોતાની ઢાલ સામે કરીને નંદીએ બૂમ પાડી, 'ભાગી જાવ.'

તેણીની આસપાસની દુનિયા ધીમી પડી ગઈ હતી અને તેણીને પોતાનો અવાજ જાણે દૂરથી આવતો હોય તેવો અનુભવ થઈ રહ્યો હતો. જે નરસંહાર તેણીએ જોયો હતો તેનાથી પોતાના જ હૃદયના ધબકારા તેણીને સંભળાઈ રહ્યા હતા. પોતાના હાંફતો શ્વાસનો અવાજ પણ તેણીને સંભળાઈ રહ્યો હતો. તેણીના જ રક્ષકોનાં રક્તભીનાં, ઘવાયેલાં શરીરો તેણીના પગ પાસે પડ્યા હતા. તેમાંથી કેટલાક હજી જીવતા હતા અને જોશભેર આક્રમણખોરોના પગ પકડવાનો પ્રયત્ન કરી રહ્યા હતા પરંતુ તેઓને ચીડાઈને લાત મારી દેવામાં આવતી હતી અને ફરીથી તલવારના ઘા મારીને તેઓને મોતને શરણ કરી દેવામાં આવતા હતા.

મારો ગર્વ -- તેના મસ્તકમાં એક અવાજ ધીમેથી ગણગણ્યો. મેં ફરીથી તેઓને નિરાશ કરી દીધા, ફરીથી.

તેણીએ પોતાના ચહેરા પરથી વહીને મોંમાં આવતું લોહી થૂંકી દીધું. પોતાની જમણી આંખનો ઉપયોગ કરીને તેણી ફરીથી યુદ્ધમાં આવી ગઈ. એક વધુ હત્યારાના જોરદાર હુમલાથી બચવા માટે પાછળ જઈને તેણીએ જમણી તરફથી પોતાની તલવાર ચલાવીને તેના હાથ કાપી નાખ્યા. જેવો એ ઇજિપ્તવાસી પીડાથી બરાડ્યો કે સતીએ પોતાની ઢાલ તેના માથા ઉપર ફટકારી અને તેની ખોપરી ફાડી નાખી. એ લથડિયાં ખાતા હત્યારાની આંખમાં સતીએ તલવાર ઘુસાડી દીધી અને ઝડપથી તલવાર પાછી ખેંચી અને એક બીજા હત્યારાનો સામનો કરવા પાછળ ફરી ગઈ.

હત્યારાએ દૂરથી એક ચાકુ ફેંક્યું. ચાકુ સતીના ડાબા હાથની ઉપરની બાજુ ઘૂસી ગયું જેથી તેણીના હાથનું જોર ઓછું થઈ ગયું. સતી અત્યંત ગુસ્સા સાથે ઊછળી અને પોતાની તલવાર હત્યારાના શરીરની આરપાર ઘુસાડી દીધી અને તેના લાંબા પોશાક સાથે તેની છાતીને ઊંડે સુધી કાપી નાખી. જેવો તે લથડીને પાછળ ખસી ગયો કે સતીએ પોતાની તલવાર તેના હૃદયમાં ઘુસાડી દીધી, પરંતુ હત્યારાઓની જમાત મોટી હતી. એક બીજો માણસ સતી સાથે લડવા દોડતો આવ્યો. પોતાના થાકેલા શરીર ઉપર કાબૂ મેળવવાની દઢ ઇચ્છા પ્રગટ કરતાં સતીએ ફરીથી લોહીથી લાલ પોતાની તલવાર ઉપાડી લીધી.

સ્વુથ થોડે દૂરથી આ લડાઈ જોઈ રહ્યો હતો. તેને હુકમ કરવામાં આવ્યો હતો કે નીલકંઠ

નામની વ્યક્તિને મોતને ઘાટ ઉતારી દે. નક્કી આ એ જ લાંબો, શક્તિશાળી યોદ્ધો હશે જે આટલી સરળતાથી પોતાના વિરોધીઓને મારી નાખી રહ્યો હતો. સ્વુથ પણ લડાઈમાં કૂદી પડ્યો અને યુદ્ધમાં લીન નંદી તરફ આગળ વધ્યો.

નંદીએ જોઈ લીધું અને તે તેના આ નવા દુશ્મનનો સામનો કરવા તેની તરફ ફરી ગયો. તેણે પૂરી ઝડપથી પોતાની તલવાર સ્વુથની તલવાર પર મારી. એ ઇજિપ્તવાસીના હાથ નંદીના એ હુમલાથી ઝણઝણી ગયા અને પાછળ જતો રહ્યો. સ્વુથે પોતાના હાથની તલવાર ફેંકી દઈને બે ત્રાંસી તલવારો બહાર કાઢી, જે તે કોઈ ખાસ ટક્કર માટે રાખતો હતો. નંદીએ આવી તલવારો ક્યારેય જોઈ જ નહોતી. તે બંને તલવારો સામાન્ય તલવારો કરતાં ત્રીજા ભાગ જેટલી નાની હતી અને તેની અણીઓ વળેલી હતી. એ તલવારોની મૂઠ પણ જુદા જ પ્રકારની હતી જે ચામડાના બદલે ધાતુની હતી. એક તલવારબાજ માટે જરૂરી હતું કે આવી તલવારને પકડીને પોતાના પર કોઈ હુમલો કરે ત્યારે તે આવી તલવાર વાપરવા માટે ખૂબ હોશિયાર હોય, કારણ કે હાથા પણ ધાતુના હતા.

સ્વુથ મૂરખ નહોતો. તે બંને તલવારોને અત્યંત ઝડપી ગતિથી ખૂબ હોશિયારીપૂર્વક ગોળગોળ ઘુમાવી રહ્યો હતો. આવી તલવાર ક્યારેય કોઈ યુદ્ધમાં જોઈ ન હોવાથી નંદી સાવધાન થઈ ગયો હતો અને તેણે પોતાની ઢાલને ઊંચે રાખી હતી. તે સલામત અંતર રાખી સ્વુથ આગળ વધે તેની રાહ જોવા લાગ્યો. નંદીનું સ્વુથ પર ધ્યાન હતું અને તેની નજીક જ સતી એક બીજા હત્યારા સાથે લડી રહી હતી, તેનો લાભ ઉઠાવીને એક ઇજિપ્તવાસીએ અચાનક આગળ વધીને તલવારથી નંદીની પીઠમાં એક ઊંડો ચીરો મારી દીધો. ઝડપી અને અત્યંત પીડા આપતા ઘાને લીધે નંદીએ ગુસ્સામાં ચીસ પાડી અને તેનું શરીર આગળની તરફ નમી ગયું.

સ્વુથે આ પરિસ્થિતિનો ઉપયોગ કરીને અચાનક પોતાની ડાબી તલવાર, પોતાની જમણી તલવાર ઉપર મારી જેનાથી તેની પહોંચ બેગણી વધી ગઈ અને પછી તેણે જરા નીચા નમીને નંદીની ઢાલની કંઈક નીચે નિશાન તાક્યું. ધાતુની મૂઠની તીક્ષ્ણ ધારે નંદીની ડાબી ભૂજાને ચીરી નાખી અને તેના હાથને છૂટો કરી નાખ્યો. શક્તિશાળી સૂર્યવંશીનાં બંને કપાયેલાં અંગોમાંથી લોહીની ધારા વહેવા માંડી અને તે જમીન પર પડી ગયો. સ્વુથે થૂંકતાં થૂંકતાં નંદીના બંને હાથોને લાત મારી.

'છી !' સ્વથના મોંમાંથી અવાજ નીકળ્યો અને તે પોતાનું જ થુંક પોતાના નાગા પોશાકથી લૂછવા માંડ્યો જે પોશાક પહેરવાની તેને જરાય આવડત નહોતી પરંતુ તેણે ધ્યાન રાખ્યું કે તે જે કંઈ બોલે તે સંસ્કૃતમાં જ બોલે. તેણે પોતાના બધા માણસોને પોતાની ઇજિપ્શીયન ભાષા બોલવાની સખત મનાઈ ફરમાવી હતી. તેઓ નાગાલોકો જ છે તે કપટ બહાર પડી ન જવું જોઈએ.

'નંદી !' સતીએ જોરથી ચીસ પાડી અને તેણે પાછળ ફરીને પોતાની તલવાર સ્વુથ પર ચલાવી દીધી.

સ્વુથે સરળતાથી એક બાજુ ખસી જઈને પોતાને એ આક્રમણથી બચાવી લીધો. એક વધુ હત્યારાએ સતીની પાછળ તલવાર ચલાવીને તેણીની પીઠ અને ડાબા ખભા ઉપર ઘા કર્યો.

'ઊભા રહો !' સ્વુથે કહ્યું, જે સમયે તેના બે માણસો પોતાની તલવારો સતીના હૃદયમાં ખોસી દેવાના જ હતા.

હત્યારાઓએ તરત સતીના બંને હાથ પકડી લીધા અને સ્વુથના આદેશની રાહ જોવા લાગ્યા. તેઓનો નેતા એક સ્ત્રી સાથે વાત કરીને પોતાની જીભ મેલી કરવા માગતો નહોતો, કારણ કે સ્ત્રીજાતિને તે સાવ નિમન કક્ષાની ગણતો હતો.

'તેણીને પૂછો કે નીલા કંઠવાળો દેવતા કોણ છે ?'

સ્વુથના એક સહાયકે સતી તરફ જોયું અને એ જ પ્રશ્ન પૂછ્યો.

સ્તબ્ધ થઈ ગયેલી સતીએ તેની કોઈ વાત સાંભળી નહીં. તેણી જમીન પર પડેલા નંદીને જ જોતી રહી જેનાં કપાયેલાં અંગોમાંથી લોહી વહી રહ્યું હતું, પરંતુ બેભાન થઈ ગયેલા સૂર્યવંશીના શ્વાસ હજી પણ ચાલી રહ્યા હતા. તેણી જાણતી હતી કે ઘા ફક્ત શરીર પરના હતા એટલે લોહીનું વહી જવું એટલું ભયંકર નહીં નીવડે કે તરત મૃત્યુ થઈ જાય. જો તેણી તેને હજી પણ થોડો વધુ સમય જીવતો રાખી દઈ શકે તો ખાસ વૈદ્યની મદદથી તેને તેણી બચાવી શકતી હતી.

'શું આ નીલા કંઠવાળો દેવતા છે ?' સ્વુથે નંદી તરફ ઇશારો કરતાં પૂછયું.

સ્વુથના સહાયકે આ પ્રશ્ન સતીને પૂછયો, પરંતુ સતી આંખના ખૂણામાંથી દેવગિરિના દરવાજાઓને જોઈ રહી હતી. તેણી ઊંચી જગ્યાઓ પર ચઢી ગયેલા લોકોને પોતાની તરફ દોડતા આવી રહેલા જોઈ શકતી હતી. તેઓ કદાચ દસ-પંદર મિનિટમાં પહોંચી જશે. તેણીએ નંદીને એટલી વાર સુધી જીવતો રાખવાનો હતો.

સતી તરફથી જવાબ ન મળતા સ્વુથે જોરથી પોતાનું માથું હલાવ્યું, 'આ મૂરખ બાળકો પેદા કરવાવાળી મશીનને અતેનનો શ્રાપ લાગે !'

સતીએ ઘૂરકીને સ્વુથ સામે જોયું અને તેણે જે દેવતાના નામથી શ્રાપ આપ્યો હતો, તેનાથી તેની ઓળખાણ સતીને પડી ગઈ. આ માણસ ઇજિપ્તનો હતો. અતેન પંથનો હત્યારો. તેણીએ જુવાનીના દિવસોમાં તે સંસ્કૃતિ વિષે જાણ્યું હતું. તેણીને તરત સમજાઈ ગયું કે શું કરવાનું છે.

સ્વુથે નંદી તરફ ઇશારો કર્યો અને પછી પોતાના માણસો તરફ ફર્યો. 'આ મોટા દેવનું માથું વાઢી નાખો. આ જ નીલા ગળાવાળો દેવતા હશે. બીજા ઘાયલોને જીવતા છોડી દો. તેઓ નજરે જોનારા બનશે કે પેલા નાગાઓએ આક્રમણ કર્યું હતું અને આપણા મરી ગયેલા લોકોને એકઠા કરી દો. આપણે જલદી અહીંથી ચાલી નીકળીશું.'

'આ નીલા ગળાવાળો દેવતા નથી.' સતીએ થૂંકતાં થૂંકતાં કહ્યું, 'તું એનું ગળું જોઈ નથી શકતો, ઓ ઇજિપ્તના મૂરખ.'

સતીને પકડી રાખેલા ઇજિપ્તના માણસે તેણીના મોં પર લાફો માર્યો.

ગાંડાની જેમ હસ્યો.

'દેવને જીવતો છોડી દો.' સ્વુથે કહ્યું અને પોતાના એક હત્યારા તરફ ફરી ગયો. 'કવા, આ ચૂડેલને મારી નાખતા પહેલાં તેને યાતનાઓ આપજે.'

'ખૂબ સારી રીતે આપીશ, સ્વામી.' કવા હસ્યો, જે પોતે એટલો ઉત્તમ લડવૈયો તો નહોતો. પરંતુ યાતના આપવાની કળામાં નિપુણ હતો.

સ્વુથ પોતાના બીજા માણસો તરફ ફર્યો. 'મારે કેટલી વાર એકની એક વાત કહેવી પડશે, ઓ ઊંટના છાણ. આપણા મરી ગયેલા લોકોને ભેગા કરવા માંડો. આપણે હવે થોડી જ વારમાં જઈ રહ્યા છીએ.'

સ્વુથના હત્યારાઓ તેના હુકમનું પાલન કરવામાં લાગી ગયા અને કવા પોતાની લોહીથી ખરડાયેલી તલવાર મ્યાનમાં પાછી મૂકતાં સતી તરફ આગળ વધ્યો. પછી તેણે એક ચાકુ કાઢયું. નાનકડું ચાકુ યાતના આપવા માટે હંમેશા સરળ રહેતું હતું.

સતી અચાનક ટટ્ટાર થઈ અને જોરથી ચીસ પાડતી બોલી, 'અતેનનું દ્વંદ્વ'.

કવા ગભરાઈ ગયો અને જ્યાં હતો ત્યાં ઊભો રહી ગયો. હેબતાઈ ગયેલા સ્વુથે સતી સામે ઘૂરકીને જોયું. અતેનનું દ્વંદ્વ ઇજિપ્તના હત્યારાઓનો એક પ્રાચીન સંકેત હતો, જેના પ્રમાણે કોઈ પણ તેને દ્વંદ્વ માટે લલકારી શકતું હતું. દ્વંદ્વ કરવા માટે નૈતિક રૂપે તે બંધાઈ જતો હતો. આમાં ફક્ત બે જ જણ લડાઈ કરી શકતા હતા. બીજા કોઈ હત્યારા હુમલો કરી શકતા નહોતા, નહીં

તો તેને પોતાના ગુસ્સે થયેલા સૂર્યદેવતાના કોપનો સામનો કરવો પડતો હતો -- અને તે અતેનનો કાયમનો અભિશાપ હતો.

કવા મૂંઝાયેલી હાલતમાં સ્વુથની તરફ ફર્યો.

સ્વુથે કવા તરફ ધૂરકીને જોયું. 'તું તો વિધિ જાણે છે.'

કવાએ ડોકું ધુણાવ્યું અને પોતાનું ચાકુ ફેંકી દીધું. તેણે પોતાની તલવાર કાઢી, ઢાલને આગળ કરી અને રાહ જોવા લાગ્યો.

સતીએ એ હત્યારાઓથી મુક્તિ મેળવી જેઓએ તેણીને પકડી રાખી હતી. તેણીએ નમીને એક નીચે પડેલા હત્યારાના પોશાકમાંથી થોડું કપડું ફાડયું, તેને પોતાના ચહેરા પર બાંધ્યું અને પોતાના ચહેરા ઉપર લોહી ન ઊતરે તે માટે પોતાની કપાઈ ગયેલી આંખને ઢાંકી દીધી. તેણીને આશા હતી કે આ રીતે તેણી પોતાની સાજી આંખથી કોઈ અડચણ વગર જોઈ શકશે. પછી તેણીએ પોતાના ડાબા હાથમાં ઘૂસેલા ચાકુને ધીરે ધીરે બહાર કાઢયું અને પોતાના ઘા ઉપર એક બીજી પટ્ટી બાંધી, જેને તેણીએ દાંત વડે બરાબર ખેંચી.

પછી તેણીએ પોતાની તલવાર બહાર કાઢી અને પોતાની ઢાલને ઊંચી કરી લીધી. તૈયાર. આવી જાવ.

કવાએ અચાનક પોતાની ઢાલને ફેંકી દીધી. આજુબાજુ ઊભેલા બધા હત્યારાઓ હસવા લાગ્યા અને તાળીઓ પાડવા માંડ્યા. સ્પષ્ટ હતું કે કવા આ રીતે વર્તીને સતીની મશ્કરી કરવા માગતો હતો કે એક મૂર્ખ મહિલા સાથે લડવા માટે તેને ઢાલની જરૂરત નથી, પરંતુ તે એ જોઈને આશ્ચર્ય પામી ગયો કે સતીએ પણ પોતાની ઢાલ ફેંકી દીધી હતી.

કવાએ જોરથી બૂમ પાડી અને પોતાની તલવારને ઊંચે લઈ જઈ તેણે હુમલો કરી દીધો. સતી હુમલાથી બચવા સરળતાથી પાછળ નમીને ડાબી બાજુ થઈ ગઈ. કવાએ ઝડપથી પલટી મારીને ફરીથી પોતાની તલવારને ઊંચે ફેરવી અને સતીને ચકિત કરી દીધી. તેની તલવાર સતીના હાથ ઉપર પડી અને તેણીની ચાર આંગળીઓ કાપી નાખી, પરંતુ તે દંગ થઈ ગયો જ્યારે સતીએ ઘાથી ગભરાયા વગર પોતાની તલવારને કવા ઉપર ઊંચાઈથી મારી. કવાએ ગોળ ફરીને સતીના પ્રહારને એક ઊંચા હુમલાથી જવાબ આપ્યો.

આ દરમિયાન સતી સમજી ગઈ હતી કે ઝૂલતો ઘા મારવો એ કવાની વિશેષતા હતી. તેણી તેનો લાભ લઈને કવા ઉપર ઊંચે ખૂણેથી હુમલો કરતી રહી અને ઇજિપ્તવાસી સામે ઉત્તરમાં હુમલો કરતો રહ્યો. બંને એકબીજાને ચકિત કરી દેવા વારંવાર દિશાઓ બદલતાં રહ્યાં અને હુમલો લગભગ એક સરખો હતો એટલે કોઈ ગંભીર ઘા લાગી રહ્યો નહોતો. અચાનક સતી ઘૂંટણિયે પડી ગઈ અને તેણીએ જોરદાર પ્રહાર કર્યો. આ પ્રહાર ચોટદાર રહ્યો. તેણીની તલવારે કવાના પેટને ઊંડે સુધી ખરાબ રીતે કાપી નાખ્યું. તે નીચે પડી ગયો અને તેનાં આંતરડાં જમીન પર જાણે ઢોળાઈ ગયાં.

સતી નમેલા કવાની પાસે ઊભી રહી ગઈ જે સખત પીડાથી જડ થઈ ગયો હતો. તેણીએ પોતાની તલવારને સીધી પકડી અને તેને કવાની ગરદનમાં ઘુસાડી સીધી તેના હૃદય સુધી પહોંચાડી દીધી, જેથી તે તરત જ મૃત્યુ પામ્યો.

હક્કોબક્કો થઈ ગયેલો સ્વુથ સતીને જોઈ રહ્યો. તેને ફક્ત સતીની તલવારબાજીએ ચમકાવી દીધો નહોતો પરંતુ તેણીના અંતરઆત્માએ પણ તેના પર અસર કરી હતી. તેણીએ કવાનું ગળું કાપી નાખ્યું નહોતું જે તેણી સહેલાઈથી કરી શકે તેમ હતી. તેણીએ કવાનું માથું સલામત રાખ્યું હતું. તેણીએ તેને સન્માનપૂર્વકનું મોત આપ્યું હતું -- એક સૈનિકનું મોત. તેણીએ અતેનના દ્વંદ્વના નિયમોનું પાલન કર્યું હતું, જોકે તે નિયમો તેણીના નહોતા.

સતીએ એક બાજુ જઈને પોતાની લોહીથી ખરડાયેલી તલવારને જમીનમાં ખોસી દીધી.

પછી તેણીએ આગળ નમીને, અત્યાર સુધીમાં મરી ગયેલા કવાના પોશાકમાંથી એક કપડું ફાડ્યું અને તેને પોતાની ડાબી હથેળી ઉપર એ રીતે બાંધી દીધું કે જેથી એ જગ્યા ઢંકાઈ જાય જ્યાં તેણીની ચાર આંગળીઓ કપાઈ ગઈ હતી.

તેણી ટટ્ટાર થઈને ઊભી રહી અને તેણે એ વાતનું ખાસ ધ્યાન રાખીને તલવારને જમીનમાંથી ઊંચી ઉઠાવી કે તે નંદીને ન દેખાય. બસ થોડી પળ વધુ.

‘હવે પછી કોણ છે ?’

એક બીજો હત્યારો આગળ આવ્યો, તેણે પોતાની તલવાર તરફ હાથ આગળ કર્યો અને પછી ગભરાવા માંડ્યો. તેણે સતીને સારી રીતે લડતાં જોઈ હતી. એટલે તેણે પોતાના ખભા પરની પેટીમાંથી ચાકુ બહાર કાઢયું.

‘મારી પાસે ચાકુ નથી.’ સતીએ કહ્યું અને ન્યાયી રીતે લડવા માટે તેણીએ પોતાની તલવારને મ્યાનમાં નાખી દીધી.

સ્વુથે પોતાની પાસેનું ચાકુ ઉછાળીને સતી તરફ ફેંકયું. તેણીએ હાથ આગળ કરીને સુંદર રીતે ચાકુને સરળતાથી ઝીલી લીધું. આ દરમિયાન હત્યારાએ પોતાનો પોશાક કાઢી નાખ્યો હતો અને મુખવટો પાછળ ખેંચી લીધો હતો. તે એક કુશળ યોદ્ધાથી વિપરીત બંધાયેલી નજરની ઓછપ સાથે લડવા માગતો નહોતો.

પોતાના ડાબા હાથની ચાર આંગળીઓ ખોઈ નાખ્યા બાદ સતી આ હત્યારા સાથે એ રીતે લડી શકે તેમ ન હતી જે રીતે તેણી કેટલાંક વર્ષો પહેલાં કરચપમાં તારક સાથે લડી હતી, જ્યાં તેણીએ આક્રમણની દિશા માટે પોતાના વિરોધીને મૂંઝવણમાં નાખવા ચાકુને પોતાની પીઠમાં છુપાવ્યું હતું. તેણીએ પોતાનું ચાકુ પોતાની સામે પકડી રાખ્યું હતું, પોતાના જમણા હાથમાં, પરંતુ તેણીએ મૂઠને આગળ રાખી, ધારને પાછળ પોતાની તરફ રાખી હતી. જે જોઈને બધા જ હત્યારાઓ ચકિત થઈ ગયા હતા.

ઇજિપ્તવાસી પરંપરાગત યુદ્ધની મુદ્રામાં આવી ગયો હતો અને તેણે ચાકુની દિશા સતી તરફ કરેલી હતી. તેણે આગળ વધીને જોરદાર હુમલો કર્યો. સતી હુમલાથી બચવા પાછળ ઊછળી પરંતુ ચાકુની ધારે તેના ખભાને કાપી નાખ્યો જ્યાંથી લોહી નીકળવા માંડયું. એથી હત્યારાને આગળ વધવાની હિંમત આવી અને તે આગળ વધીને ચાકુને ડાબા જમણી ઘુમાવવા માંડ્યો. સતી પાછળ ખસતી ગઈ અને હત્યારાને પોતાની જાળમાં આગળ વધતાં જોઈ રહી. હત્યારાએ અચાનક તેનો પેંતરો બદલ્યો અને તેણે સામેની બાજુ સીધો હુમલો કર્યો. સતીએ એ હુમલાથી બચીને જમણી બાજુ ઢળી જઈને પોતાનો જમણો હાથ ઊંચો કર્યો. હવે તેણી ચાકુને પોતાના ડાબા ખભાની ઉપર ઊંચો રાખી રહી હતી, પરંતુ તે બહુ દૂર પાછળ ગઈ નહોતી. હત્યારાના ચાકુએ તેણીના પેટની જમણી બાજુને કાપી અને તે મૂઠ સુધી ઘૂસી ગયું.

ભયાનક પીડા છતાંય અવાજ કર્યા વિના સતીએ ઊંચાઈ પરથી પોતાના ચાકુને સીધું હત્યારાની ગરદનમાં ઘુસાડી દીધું. હુમલો એટલો જોરદાર હતો કે ચાકુ આરપાર નીકળી ગયું અને તેનો છેડો અભાગિયા ઇજિપ્તવાસીના ગળાની બહાર નીકળી ગયો. હત્યારાના મોં અને ગળામાંથી લોહી તૂટી પડયું. સતી પાછળ ખસી ગઈ અને એ ઇજિપ્તવાસી પોતાના જ લોહીમાં ડૂબવા માંડ્યો.

સ્વુથ આ વિચિત્ર સ્ત્રીની સામે ઘૂરકીને જોઈ રહ્યો હતો, અને તેના ચહેરા પરથી તિરસ્કાર જતો રહ્યો હતો. તેણીએ તેના બે હત્યારાઓને દ્વંદ્વમાં બરોબરીની લડાઈ કરીને મારી નાખ્યા હતા. તેણીનું લોહી ખરાબ રીતે વહી રહ્યું હતું છતાંય તેણી ટટ્ટાર, ગર્વ સાથે ઊભી હતી.

આ તરફ સતી પોતાના ઝડપથી ચાલતા હૃદયને શાંત કરવાના પ્રયત્નમાં ધીમે ધીમે શ્વાસ લઈ રહી હતી. તેણીને ઘણી જગ્યાઓએ ઈજાઓ થઈ હતી. જો હૃદય જોરથી ધડકશે તો

તેણીને જ નુકસાન થશે, કારણ કે તેનાથી તેણીના શરીરમાંથી વધુ લોહી વહેવા માંડશે. તેણીએ હવે આવનારા દ્વંદ્વો માટે પણ પોતાની શક્તિ બચાવીને રાખવાની હતી. તેણીએ પોતાના પેટમાં ઘૂસી ગયેલા ચાકુને જોયું. તેણે અંદરના કોઈ મહત્વના અંગને કાપ્યું નહોતું. એકમાત્ર ચિંતા સતત વહેતા લોહીની હતી. તેણીએ પોતાના પગ પહોળા કર્યા, એક ઊંડો શ્વાસ લીધો, ચાકુની મૂઠને પકડી અને તેને ખેંચી લીધું અને આમ કરતી વખતે ન તો તેણી કણસી કે ન કોઈ પ્રકારની પીડા બતાવી.

'આ સ્ત્રી કોણ છે ?' સ્વુથે પાસે ઊભેલા એક હત્યારાને પૂછ્યું.

સતીએ નમીને એ હત્યારાના પોશાકમાંથી એક કપડાને ફાડયું, જેને તેણીએ હમણા જ મોતને ઘાટ ઉતાર્યો હતો અને એ કપડાને પોતાના પેટ પર બાંધી દીધું. એનાથી લોહી વહેતું બંધ થઈ ગયું. આમ કરતી વખતે તેણીએ આંખના ખૂણામાંથી જોઈ લીધું હતું કે તેણીની તરફ દોડતા આવી રહેલા મેલુહાના લોકોએ લગભગ ત્રીજા ભાગનો રસ્તો પાર કરી દીધો હતો. તેણી જાણતી હતી કે તેણી હવે દ્વંદ્વયુદ્ધોને રોકી નહીં શકે. તેણીએ હત્યારાઓને જોઈ લીધા હતા. તેઓ તેણીને જીવતી છોડશે નહીં. તેણીની એકમાત્ર આશા હવે એ હતી કે તેણી દ્વંદ્વ ચાલુ રાખે અને આશા કરે કે જ્યારે મેલુહાના લોકો તેણી સુધી પહોંચે ત્યારે તેણીના શ્વાસ ચાલુ હોય.

સતીએ પોતાની તલવાર બહાર કાઢી, 'હવે પછી કોણ છે ?'

એક વધુ હત્યારો આગળ આવ્યો.

'ના !' સ્વુથે કહ્યું.

હત્યારો પાછળ જતો રહ્યો.

'આ મારી છે.' સ્વુથે પોતાની વળાંકવાળી તલવાર બહાર કાઢતાં કહ્યું.

સ્વુથે સતીની સામે પોતાની બંને વળાંકવાળી તલવાર લઈને ન આવ્યો. તે અતેનના નિયમોની વિરુદ્ધ કહેવાય, કારણ કે સતી પાસે તલવાર માટે એક જ હાથ હતો. સ્વુથે તલવારને પોતાના જમણા હાથમાં આગળ રાખી સતીની નજીક પહોંચતા સુધીમાં તેણે તલવારને આમતેમ ફેરવવી શરૂ કરી દીધી અને સતી તરફ આગળ વધવા લાગ્યો. જેમ જેમ સ્વુથની તલવાર નજીક આવતી ગઈ, સતી ધીરે ધીરે પાછળ જતી ગઈ. તેણીએ અચાનક પોતાની તલવારને સ્વુથની ધારમાં અંદર સુધી ઘુસાડી અને એ ઇજિપ્તવાસીના ખભા ઉપર એક ગંભીર ઘા મારી દીધો. પણ એ પહેલાં કે સ્વુથની ફરતી ધાર પાછી આવે તેણીની તલવારને ટકરાય, તેણીએ એટલી જ ઝડપથી પોતાની તલવાર પાછી ખેંચી લીધી.

ઘાથી પીડા જરૂર થઈ હશે, પરંતુ સ્વુથ જરાય વિચલિત થયો નહીં. તે હસ્યો. તે પહેલાં ક્યારેય એવી વ્યક્તિને મળ્યો નહોતો કે જે તેના તલવારના મોતના ઘેરાવને વીંધી શકવાની શક્તિ ધરાવતો હતો.

આ સ્ત્રી ખરેખર પ્રભાવશાળી છે.

સ્વુથે પોતાની તલવારને ઘુમાવવાની બંધ કરી તેને એક પરંપરાગત તલવારબાજની રીતે પકડી લીધી. તે જબરદસ્ત રીતે જમણી તરફથી આક્રમણ કરતો આગળ વધ્યો. હુમલાથી બચવા સતી નીચે વળી ગઈ અને તેણીએ પોતાની ધારને આગળ કરીને સ્વુથના હાથ પર નાનો ઘા કરી દીધો, પરંતુ સ્વુથે અચાનક પોતાની ધારની દિશા બદલી અને સતીના ખભાની આરપાર એક મોટો ઘા કર્યો.

સતીએ સમયસર પાછળ કૂદી જઈને એ ભયંકર પ્રહારના ખતરાને ઓછો કર્યો. સ્વુથની તલવારની ધાર તેણીના જમણી બાજુના ખભાને અડી ગઈ. સતી ગુસ્સામાં આવી ગઈ અને તેણીએ એટલા જ સખત જોર વડે તલવારને આગળ ચલાવી કે ચકિત થઈ ગયેલા સ્વથને

ઊછળીને પાછળ જતા રહેવું પડયું.

સ્વુથ હજી પણ વધારે પાછળ જતો રહ્યો. આ સ્ત્રી તો કુશળ યોદ્ધો છે. તેમાં સામાન્ય રીતો નહીં ચાલે. તેણે એવું વિચારીને કે સતી વિરુદ્ધ આ ચાલ સારી રહેશે, તલવારને આગળ રાખીને અંતર રાખવાનો નિર્ણય લીધો. તેણી પોતાના અનેક ઘામાંથી વહેતું લોહી વધુ વહી ન જાય તે ભયથી બહુ જ વધારે હાલી શકતી નહોતી. આમ પણ તે સમય પસાર કરવા માગતી હતી. થોડી પળોનો વિરામ મળે તો સારું થાય તેમ તે ઇચ્છતી હતી.

સ્વુથને અચાનક એક વિચાર આવ્યો. સતી આમ જોઈએ તો પોતાની ડાબી બાજુએ ઘાયલ હતી. એટલે એ બાજુથી લડવામાં તેને મુશ્કેલી પડશે. સ્વુથે ઝડપથી એક મોટું પગલું ભર્યું અને પોતાના જમણા હાથથી એક ભયંકર પ્રહાર કર્યો. સતી પોતાની ડાબી બાજુ ફરી અને તેણીએ સ્વુથના એ ઘાને રોકવા માટે પોતાની ધારને ફેરવી. ઇજિપ્તવાસીએ જોયું કે તેમ કરવાથી તેણીના ઘાયલ પેટમાંથી લોહી વહેવા માંડયું હતું. સતીએ ફરીથી સ્વુથ પર હુમલો કર્યો. તેણી પોતાનો હુમલો સુધારવા માટે થોડી ડાબી બાજુ ફરી ગઈ હતી, પરંતુ સ્વુથને તેણીની ચાલનો ખ્યાલ આવી ગયો હતો. તે થોડો જમણી બાજુ થઈ ગયો અને વારંવાર એ તરફથી આક્રમણ કરતો રહ્યો.

વારંવાર ડાબી બાજુ ફરવાના લીધે થતી સખત પીડાએ સતીને એક જોખમ ઉઠાવવા મજબૂર કરી દીધી હતી. તેણી અચાનક પોતાના પંજાના જોર પર ફરી ગઈ અને પોતાની તલવાર એ આશા સાથે પોતાની જમણી બાજુ એક અર્ધગોળાકારમાં ઘુમાવી કે તે સ્વુથનું માથું કાપી દે, પરંતુ સ્વુથે પણ એ જ વિચાર કર્યો હતો. તે નીચો વળ્યો અને ઝડપથી આગળ વધ્યો અને એ રીતે તેણે સતીના હુમલાને નિષ્ફળ બનાવી દીધો. એ સાથે તેણે પોતાની તલવારને એક નીચા હુમલા માટે આગળ કરી. તેની દાંતાવાળી અને વળાંકવાળી તલવાર સતીના પેટમાં ઘૂસી ગઈ અને તેણે તેણીનાં લગભગ પ્રત્યેક મહત્વપૂર્ણ અંગોને કાપી નાખ્યાં. તેણીના આંતરડાં, પેટ, ગુદા અને યકૃત ખરાબ રીતે કપાઈ ગયાં. સ્તબ્ધ સતીનો ચહેરો પીડાથી બેહાલ થઈ ગયો અને તેણી સ્વુથની વળાંકવાળી તલવાર પર પડી. તેણીની પોતાની તલવાર તેણીના હાથમાંથી પડી ગઈ. ઇજિપ્તવાસી પાછળ નમ્યો, તેણે આ તકનો લાભ ઉઠાવ્યો અને પોતાની તલવાર તેણીના પેટમાં ત્યાં સુધી ઘુસાવતો ગયો કે તે તેણીની પીઠની બીજી બાજુ નીકળી નહીં.

'ખોટું નથી.' સ્વુથે પોતાની તલવારને ઘુમાવીને સતીનાં અંગોના ટુકડા કરતાં તલવાર બહાર કાઢીને કહ્યું, 'એક સ્ત્રી માટે આ ખોટું નથી.'

સતી જમીન પર પડી ગઈ. તેણીનું શરીર કાંપવા લાગ્યું અને ગાઢું લોહી તેણીની ચારેબાજુ એકઠું થતું ગયું. તેણી જાણતી હતી કે તેણી હવે મરવાની અણી પર છે. બસ થોડી વારમાં. હવે લોહીના વહેણને નહીં રોકી શકાય. તેણીનાં મહત્વનાં અંગો અને તેણીની વિશાળ સંખ્યામાં નસો ઘાતકરૂપે બગડી ચૂકી હતી, પરંતુ તેણી કશુંક બીજું પણ સ્પષ્ટ રૂપે જાણતી હતી. તેણી ધરતી પર પડી રહીને લોહીના ખાબોચિયામાં ધીરે ધીરે નહીં મરે.

તેણી એક મેલુહાઈની જેમ મરશે. તેણી ગર્વથી માથું ઊંચું રાખીને મરશે.

તેણીએ પોતાના કાંપતા જમણા હાથને ઊંચો કરી પોતાની તલવાર તરફ આગળ કર્યો. સ્વુથ નવાઈભરી નજરે સતીને તલવાર ઉઠાવવા માટે સંઘર્ષ કરતી એકીટસે જોઈ રહ્યો. તે જાણતો હતો કે તેણી જાણતી હશે કે તેણી જલદી મરવાની છે. છતાંય તેણીનું સાહસ અકબંધ હતું.

' શું તેણી અંતિમ શિકાર હશે ? '

અતેન પંથમાં એક માન્યતા હતી કે દરેક હત્યારાને એક દિવસ એવો શિકાર મળશે જે એટલો ભવ્ય, એટલો યોગ્ય હશે કે પછી હત્યારા માટે ફરીથી કોઈને ક્યારેય મારી નાખવું

અશક્ય બનશે. એ સમયે તેનું કર્તવ્ય હશે કે તે પોતાના જખ્મી શિકારને સન્માનજનક મૃત્યુ આપે અને પછી પોતાનું કામ છોડીને બાકીનું જીવન એ અંતિમ શિકારની પૂજા કરવામાં વીતાવી દે.

સતીએ ફરી એકવાર એક વ્યર્થ પ્રયત્ન રૂપે પોતાની તલવાર સુધી પહોંચવા માટે પોતાનો હાથ લંબાવ્યો તો સ્વુથે પોતાનું માથું ધુણાવ્યું. આ એક સ્ત્રી ન હોઈ શકે. આ તે ક્ષણ ન હોઈ શકે. અંતિમ શિકાર એક સ્ત્રી ન હોઈ શકે.'

સ્વુથે પાછળ ફરીને પોતાના માણસોને બૂમ પાડી. 'નીકળો, ઓ ગંદા વંદાઓ, આપણે જવાનું છે.'

સ્વુથની નજીક ઊભેલા માણસે તેના હુકમનું પાલન ન કર્યું. આશ્ચર્યભરી નજરે, સ્તબ્ધ થઈ તે સતત સ્વથની પાછળ જોતો રહ્યો.

સ્વુથે ચોંકીને પાછળ જોયું. સતી એક ઘૂંટણભેર હતી. તેણી જોરથી શ્વાસ લઈને પોતાના નિર્બળ પડી ગયેલા શરીરમાં થોડી શક્તિ પૂરવાનો પ્રયત્ન કરી રહી હતી. તેણીએ પોતાની તલવાર જમીનમાં ખોસી દીધી હતી અને તેણીનો જમણો હાથ તેની મૂઠ પર હતો અને તેણી તેના ટેકાથી ઊભી થવાનો પ્રયત્ન કરી રહી હતી. તેણી અસફળ થઈ, તેણીએ ફરીથી ઝડપથી શ્વાસ લેવા માંડ્યા, પોતાના શરીરમાં વધુ શક્તિ પૂરી અને એક વાર ફરીથી પ્રયત્ન કર્યો. તે ફરીથી નિષ્ફળ ગઇ. પછી તેણી અચાનક થંભી ગઇ. તેણીને પોતાની અંદર કોઈની આંખો ઘૂસતી અનુભવાઈ. તેણીએ માથું ઊંચું કરીને જોયું અને સ્વુથની નજરમાં નજર મેળવી દીધી.

હત્પ્રભ સ્વુથ સતીને એકીટસે જોઈ રહ્યો હતો. તેણી પોતાના લોહીમાં લથપથ હતી. તેણીના સંપૂર્ણ શરીરમાં ઊંડા ઘા હતા અને જે ભયંકર પીડા તેણી અનુભવી રહી હતી તેનાથી તેણીના હાથ કંપી રહ્યા હતા. તેણીનો આત્મા જાણતો જ હશે કે તેણીનું મૃત્યુ બસ થોડી મિનિટો દૂર હતું, પરંતુ છતાંય તેણીની આંખોમાં સહેજ પણ ભય નહોતો. તેણી કેવળ એક ભાવ સાથે સ્વુથની આંખોમાં સીધું જોઈ રહી હતી. વિશુદ્ધ, સાચો, નિષ્કપટ વિરોધ.

સ્વુથનું હૃદય ખરાબ રીતે ભારે થઈ ગયું અને તેની આંખોમાંથી આંસુ નીકળી પડ્યાં. તેના મગજે તેના હૃદયના સંદેશાને તરત સમજી લીધો. આ ખરેખર તેનો અંતિમ શિકાર હતો. તે ફરીથી ક્યારેય કોઈને નહીં મારે.

સ્વુથ જાણતો હતો કે તેને શું કરવાનું છે. તેણે પોતાની બંને ગોળાકાર તલવારો બહાર કાઢી, તેને તેની મૂઠથી ઊંચી કરી પકડી અને નીચે ઘુસાડી દીધી. પળવારમાં તલવારો જમીનમાં ઘૂસી ગઈ. તેણે છેલ્લી વાર પોતાની અડધી ઘૂસેલી લોહીભીની તલવારોને જોઈ જે તેને બહુ જ કામમાં આવી હતી. તે હવે ફરીથી ક્યારેય તેનો ઉપયોગ નહીં કરે. તે એક ઘૂંટણ પર ઝૂક્યો, પોતાના ઘા માટે તેણે પોતાના ખભા પાછળ કર્યા અને પછી બંને મૂઠોને પોતાની હથેળીમાં લઈ, ઘુમાવી બંને ધારના ટુકડા કરી નાખ્યા.

પછી તે ઊઠયો. તેણે પોતાની કાનટોપી પાછળ કરી અને પોતાનો મુખવટો કાઢી નાખ્યો. સતી તેના નાકના હાડકા ઉપર એક કાળા આગના ગોળાનું છૂંદણું જોઈ શકતી હતી જેનાં કિરણો બહારની તરફ ફેલાયેલાં હતાં. સ્વુથે હાથ પાછળ કરીને પોતાની પીઠની આરપાર બાંધેલી તલવારને ખેંચી. તેનાં બીજાં ચિહનોથી જુદાં જ આ તલવાર પર ચિહન હતાં. તેના પર તેના દેવતા અતેનનું નામ કોતરેલું હતું. તેની નીચે ભક્તનું નામ, સ્વુથ પણ કોતરેલું હતું. આ ધારનો પહેલાં ક્યારેય ઉપયોગ થયો નહોતો. તેનો એકમાત્ર ઉદ્દેશ્ય હતો કે અંતિમ શિકારનું લોહી ચાખવું. એ પછી આ તલવારનો ક્યારેય ઉપયોગ નહીં કરવામાં આવે. સ્વુથ અને તેના વંશજો દ્વારા તેની પૂજા કરવામાં આવશે.

સ્વુથ સતીની સામે નમ્યો, તેણે પોતાના નાકના હાડકા પરના કાળા છૂંદણા તરફ ઇશારો

કર્યો અને એક પ્રાચીન સોગન બે વાર બોલ્યો.

'અતેનની અગ્નિ તેને ભસ્મ કરી દેશે અને તારી અગ્નિને બુઝાવવાનું માન મને શુદ્ધ કરી દેશે.'

સતી સહેજ પણ હાલી નહીં. તે કણસી પણ નહીં. તેણી શાંતિથી સ્વથને જોતી રહી.

સ્વુથ એક ઘૂંટણિયા ઉપર નીચે નમ્યો. તેને સતીને એક સન્માનપૂર્વકનું મૃત્યુ આપવાનું હતું. તેણીનું માથું ઉડાવી દેવાનો હવે પ્રશ્ન જ નહોતો. તેણે સતીના હૃદયનું નિશાન તાકયું અને પોતાની તલવારની મૂઠ એવી રીતે પકડી કે તેનો અંગૂઠો ઉપર આવે. તેણે ટેકો લીધો અને પોતાના બીજા હાથને મૂઠની પાછળ મૂકી દીધો.

બધી રીતે તૈયાર થઈને સ્વુથે સતીની તરફ ધૂરકીને જોયું, એ ચહેરાને જેના વિષે તે જાણતો હતો કે તેણી હવે તેના બાકીના જીવનપર્યંત સ્મૃતિમાં રહેશે. 'આપને મારી નાખવા એ મારા જીવન માટે એક માન હશે, દેવી.'

'નહીં...ઈ...ઈ...ઈ...ઈ...'

દૂર ક્યાંકથી એક ચીસ સંભળાઈ.

એક તીર સુસવાટાભેર આવ્યું અને સ્વુથના હાથમાં ઘૂસી ગયું. જેવી તેની તલવાર જમીન પર પડી ગઈ, તે એ જોઈને ચકિત થઈ ગયો કે એક બીજું તીર આવીને તેના ખભામાં વાગ્યું.

'ભાગ !' હત્યારાઓ એકીસામટે બોલી ઊઠયા.

તેઓમાંથી એક હત્યારાએ સ્વુથને ઊંચો કર્યો અને તેને ઘસડીને લઈ જવા માંડ્યો.

'નહીં...!' સ્વુથે તે બધા હત્યારાઓ સાથે લડાઈ કરતો હોય તેમ ચીસ પાડી. અંતિમ શિકારને જો ન મારવામાં આવે તો અતેનના અનુયાયીઓ માટે તે સૌથી મોટું પાપ ગણાય, પરંતુ તેના માણસો તેને છોડીને જવા માગતા નહોતા.

આ દરમિયાન લગભગ એક હજાર મેલુહાઈ સતીની નજીક પહોંચી ગયા હતા, જેમાં વ્યાકુળ દક્ષ અને વીરિની સૌથી આગળ હતાં.

'સ...તી' દક્ષે ચીસ પાડી, જેનો ચહેરો પીડાથી વ્યગ્ર હતો.

'મને અડકતા નહીં.' જમીન પર પડતાં પડતાં સતીએ ચીસ પાડીને કહ્યું.

દક્ષ મોટે મોટેથી રડતાં રડતાં પોતાના નખ ચહેરામાં ઘુસાડી દેતા હતા.

'સતી !' વીરિનીએ મોટી ચીસ પાડી પોતાની દીકરીને પોતાના બાહુમાં જકડી લીધી.

'મા...' સતી ધીરેથી બોલી.

'બોલ નહીં, આરામ કર.' વીરિનીએ મોટેથી કહ્યું અને પછી ઝડપથી પાછળ જોઈને કહ્યું, 'વૈદ્યોને જલદી બોલાવો. જલદી.'

'મા...'

'શાંત રહે, બોલ નહીં, મારી દીકરી.'

'મા, મારો સમય આવી ગયો છે.'

'નહીં, નહીં. અમે તને બચાવી લઈશું. અમે તને જરૂર બચાવી લઈશું.'

'મા, મારી વાત સાંભળો.' સતીએ કહ્યું.

'મારી દીકરી...'

'મારું શરીર શિવને સોંપી દેજો.'

'તને કાંઈ નહીં થાય.' વીરિની ધ્રુસકાં ખાતાં બોલી. મેલુહાની રાણીએ ફરી એકવાર પાછળ જોઈને કહ્યું : 'કોઈ વૈદ્યોને બોલાવશે કે નહીં ? તરત.'

સતીએ પોતાની માતાનો ચહેરો નવાઈ લાગે તેટલા જોરથી પકડી લીધો. 'મને વચન આપો. ફક્ત શિવને !'

'સતી...'

'વચન આપો, મા.'

'હા, મારી દીકરી, વચન આપું છું.'

'અને ગણેશ તથા કાર્તિક બંને મારી ચિતા સળગાવશે.'

'તું મરીશ નહીં, ના, નહીં મરે.'

'ગણેસ અને કાર્તિક બંને ! વચન આપો મને !'

'હા, હા, વચન આપું છું.'

સતીએ પોતાના શ્વાસ ધીમા કરી દીધા. તેણી જે સાંભળવા માગતી હતી તે તેણીએ સાંભળી લીધું હતું. તેણીએ પોતાની આસપાસ થતા વિલાપને પોતાના મનમાંથી બહાર કાઢી નાખ્યા. તેણીએ પોતાનું માથું પોતાની માતાના ખોળામાં મૂકી દીધું અને શાંતિસંમેલન ભવન તરફ જોવા લાગી. ત્યાં દરવાજાઓ ખુલ્લા હતા. ભગવાન રામ અને સીતામાતાની પ્રતિમાઓ સ્પષ્ટ રીતે દેખાઈ રહી હતી. તેણી તેઓની કૃપાળુ અને આવકાર આપતી આંખોને અનુભવી શકતી હતી. બસ હવે ખૂબ જલદીથી તેણી તેઓની પાસે પહોંચી જશે.

અચાનક પવન ફૂંકાવા માંડ્યો, અને તેણીની આસપાસ જમીન પર પડેલી ધૂળના રજકણો અને પાંદડાંઓ ઊડવા માંડ્યાં. સતીએ તેમાંથી ઊઠતા ધુમાડાને જોયો. એવું લાગતું હતું કે જાણે ધૂળના રજકણ એક આકૃતિ સર્જી રહ્યા હતા. તેણીએ ધ્યાનપૂર્વક જોયું અને શિવની છબી સ્પષ્ટ થવા લાગી. તેણીને એ વચન યાદ આવી ગયું જે તેણીએ શિવને આપ્યું હતું -- કે તેઓ પાછા ફરશે એટલે તેણી તેઓને મળશે.

મને ક્ષમા કરી દો. મને ક્ષમા કરી દો.

પવન જેમ ચડ્યો હતો તેમ અચાનક થંભી ગયો. સતીને પોતાની નજર ધૂંધળી થતી લાગી. અંધકાર વધતો જતો લાગ્યો. હવામાં ફરી એકવાર જાણે પ્રાણ ફૂંકાયો. ધૂળના રજકણ અને પાંદડાં ફરી ઊડ્યાં અને તેણે સતીને એ દૃશ્ય બતાવ્યું જે જોઈને તે મરવા માગતી હતી : તેણીના જીવનનો પ્રેમ -- તેણીના શિવ.

હું આપની રાહ જોઈશ, પ્રિય .

પોતાના શિવના વિષે વિચાર કરતી કરતી સતીએ શાંતિથી પોતાના શરીરમાંથી પોતાનો અંતિમ શ્વાસ નીકળવા દીધો.



પ્રકરણ-૪૬

નીલ–પ્રભુનો શોક

બહુ જ જલદી મેલુહાની રાજધાની પહોંચવા માટે, શિવે એક વ્યાપારી જહાજ રોકયું હતું, જેણે એક અઠવાડિયા પછી દેવગિરિમાં લંગર નાખ્યું હતું.

ખાલી જહાજ તરફ ઇશારો કરતાં શિવે કહ્યું 'આ કદાચ એ જહાજ છે જે સતીએ રોકયું હતું.'

'એનો અર્થ એ થયો કે તેણી હજી પણ દેવગિરિમાં જ છે.' ગણેશે કહ્યું 'ભૂમિદેવી, ખરેખર તમારી કૃપા છે.'

કાલીએ જોરથી પોતાની મુઠ્ઠી વાળી દીધી, 'જો તેઓએ તેણીને કેદી બનાવી દીધી હોય અને વાતચીત કરવાની આશા રાખતા હોય તો હું ખુદ એ નગરની બધી જ હાલતીચાલતી વસ્તુઓનો નાશ કરી દઈશ.'

'આપણે એટલા ખરાબ વિચાર ન કરવા જોઈએ, કાલી.' શિવે કહ્યું 'આપણે બધાં જાણીએ છીએ કે સમ્રાટમાં ભલેને બીજી બધી બૂરાઈઓ હોય, પણ તેઓ સતીને હાનિ નહીં જ પહોંચાડે.'

'હું સંમત છું.' કાર્તિકે કહ્યું.

'અને એ ન ભૂલતાં, રાણી કાલી,' ગોપાલે કહ્યું, 'કે આપણી પાસે ભયંકર પશુપતિશાસ્ત્ર છે. તેનો સામનો કોઈ નહીં કરી શકે. કોઈ નહીં. આ ભયંકર શસ્ત્રની ધમકી જ માત્ર આપણા ઉદ્દેશ્યો પૂરા કરવા માટે પૂરતી છે.'

નાવમાંથી બહાર આવવા માટેની લાકડાની પટ્ટીનો અવાજ સંભળાતાં તેઓની વાતચીત બંધ થઈ.

'બધાં ક્યાં છો ?' પટ્ટી ઉપર પગ રાખતાં શિવે કહ્યું.

'બંદર છોડીને કેવી રીતે જવાય ?' આશ્ચર્યચકિત આયુર્વતીએ પૂછ્યું, જેણે મેલુહામાં આટલાં વર્ષો વિતાવ્યાં છતાંય આવું જોયું નહોતું.

'તો નીકળીએ છીએ.' શિવે કહ્યું, જેમના શરીરમાં બેચેની વધી રહી હતી.

સંપૂર્ણ દળ નીલકંઠના કદમ સાથે કદમ મેળવીને ચાલવા લાગ્યું. શિવના માણસો બંદરના વિસ્તારમાંથી બહાર આવ્યા તો તેઓની નજર વિશાળ શાંતિસંમેલન ભવન પર પડી. ન સમજાય તે રીતે ભવનની બહાર તંબુઓથી બનેલી એક નગરી બનાવવામાં આવી હતી.

'આ વિસ્તારને હમણાં જ સારી રીતે સાફ કરવામાં આવ્યો છે.' ગોપાલે કહ્યું, 'ઘાસ સુધ્ધાં ઉખેડી નાખવામાં આવ્યું છે.'

'ચોક્કસ એમ જ થયું હશે.' પોતાના અજાણ્યા ભયને શાંત કરતાં શિવે કહ્યું, 'તેઓને સંમેલન માટે એક ચોખ્ખી જગ્યાની જરૂર હશે.'

કેટલાક બ્રાહ્મણો શાંતિસંમેલન મંડપના બંધ દરવાજા નજીક પૂજા કરી રહ્યા હતાં.

'આ કોના માટે પ્રાર્થના કરી રહ્યા છે, પંડિતજી ?' શિવે પૂછ્યું.

'તેઓ શાંતિ માટે પ્રાર્થના કરી રહ્યા છે.' ગોપાલે કહ્યું.

શિવને એમાં કોઈ અયોગ્યતા લાગી નહીં.

'પરંતુ... તેઓ આત્માઓની શાંતિ માટે પ્રાર્થના કરી રહ્યા છે.' નવાઈ પામી ગયેલા ગોપાલે કહ્યું, 'મૃતકોની શાંતિ માટે...'

શિવે સાવ સહજતાથી પોતાની એક બાજુ હાથ નાખ્યો અને પોતાની તલવાર બહાર કાઢી. તેઓના સંપૂર્ણ દળે પણ તેમ જ કર્યું.

તેઓ વસતીની નજીક પહોંચ્યા, તો પર્વતેશ્વર અને આનંદમયી તંબુમાંથી બહાર આવ્યાં. તેઓની પાછળ સાદી સફેદ ધોતી અને અંગવસ્ત્ર પહેરેલ એક ઠીંગણો, જાડો માણસ બહાર આવ્યો જેના માથામાં એક પરંપરાગત વાળની ચોટલી હતી, બાકીનું માથું મુંડાયેલું હતું જે તેના બ્રાહ્મણવંશોનું પ્રતીક હતું. તેને એક લાંબી સફેદ દાઢી હતી.

'મુનિવર ભૃગુ' તરત પોતાના હાથ નમસ્તે કરવા જોડતાંની સાથે ગોપાલ ધીમેથી બોલ્યો.

'નમસ્તે, મહાન વાસુદેવ.' ભૃગુએ ગોપાલની નજીક આવતાં વિનમ્રતાથી કહ્યું.

શિવે જ્યારે પોતાના ખરેખરા વિરોધીને જોયા તો તેઓએ ઘડીભર શ્વાસ રોકી લીધો, એ વ્યક્તિ જેને તેઓ પહેલી વાર મળી રહ્યા હતા.

'મહાન નીલકંઠ,' ભૃગુએ કહ્યું.

'મહાન મહર્ષિ,' શિવે સામે ઉત્તર આપ્યો, જેઓની તલવાર પરની પક્કડ મજબૂત થઈ ગઈ હતી.

ભૃગુએ કંઈ કહેવા માટે મોં ખોલ્યું, પછી થોડા અચકાયા અને પછી તેઓએ પર્વતેશ્વર તરફ જોયું જેઓ હવે તેઓની પાસે આવીને ઊભા રહી ગયા હતા. પર્વતેશ્વર અને આનંદમયી તેઓના સપ્રાણ દેવતાની આગળ નમી ગયાં. પર્વતેશ્વર ઊભા થયા એટલે શિવે પોતાના મિત્રમાંથી શત્રુ બનેલા વ્યક્તિના ચહેરાને પહેલી વાર આટલી નજીકથી જોયો. તેઓ નવાઈ પામી ગયા. મેલુહાના સેનાપતિની આંખો લાલ અને સૂજી ગયેલી હતી, જાણે તેઓ કેટલાંય અઠવાડિયાંઓથી ઊંઘ્યા જ ન હોય.

'શું સમ્રાટ આપને નગરમાં પ્રવેશવાની રજા નથી આપી રહ્યા ?' શિવે પૂછ્યું.

'અમે પ્રવેશ ન કરવાનો નિર્ણય લીધો છે, પ્રભુ.' પર્વતેશ્વરે કહ્યું.

'શા માટે ?'

'અમે હવે તેઓને અમારા સમ્રાટ માનતા નથી.'

'શું એનું કારણ એ છે કે શાંતિસંમેલન જે કરવાનો પ્રયત્ન કરી રહ્યું છે, આપ તેમાં સંમત નથી ? શું એ કારણસર આપ અહીં અમારી રાહ જોઈ રહ્યા છો અને આપના બ્રાહ્મણ મૃત્યુના શલોકો ઉચ્ચારી રહ્યા છે ?'

પર્વતેશ્વર કંઈ બોલી ન શક્યા.

'જો આપ સંઘર્ષ ઇચ્છતા હશો, પર્વતેશ્વર, તો એમ જ થશે.' શિવે ઘોષણા કરતા હોય તેમ કહ્યું.

'સંઘર્ષ સમાપ્ત થઈ ગયો છે, પ્રભુ.'

'સંપૂર્ણ યુદ્ધ જ સમાપ્ત થઈ ગયું છે, મહાન નીલકંઠ.' ભૃગુએ કહ્યું.

નવાઈ પામી ગયેલા શિવનાં ભવાં સંકોચાઈ ગયાં. તેઓ ગોપાલની તરફ ફર્યા.

'શું રાજકુમારી સતી સમ્રાટને મનાવવામાં સફળ થઈ ગઈ ?' ગોપાલે પૂછ્યું, 'અમે તો ફક્ત સોમરસનો અંત ઇચ્છીએ છીએ. જો મેલુહા આ શરતોનો સ્વીકાર કરી લે તો નીલકંઠને શાંતિની ઘોષણા કરવામાં આનંદ થશે.'

'મારા પ્રભુ,' આંખોમાં આંસુ સાથે પર્વતેશ્વરે શિવની કોણીનો સ્પર્શ કર્યો. 'મારી સાથે આવો.'

'ક્યાં ?'

પર્વતેશ્વરે એક પળ શિવને જોયા અને પછી ફરીથી જમીનને જોવા માંડ્યા. 'કૃપા કરીને આવો.'

શિવે પોતાની તલવારને મ્યાનમાં મૂકી દીધી અને પર્વતેશ્વરની પાછળ ચાલવા લાગ્યા, જેઓ શાંતિસંમેલન ભવન તરફ જઈ રહ્યા હતા. તેઓની પાછળ બીજા લોકો પણ આવવા લાગ્યા : ભૃગુ, કાલી, ગણેશ, કાર્તિક, ગોપાલ, આયુર્વતી, વીરભદ્ર, કૃત્તિકા, બૃહસ્પતિ અને તારા. આનંદમયી પોતાના તંબુની બહાર જ ઊભી રહી. તે એ જોઈ શકે તેમ નહોતી જે હવે બનવાનું હતું.

પર્વતેશ્વર ભવનના દરવાજા પાસે પહોંચ્યા ત્યારે બ્રાહ્મણો દ્વારા સંસ્કૃત શ્લોકો બોલવાના ચાલુ હતા. સેનાપતિએ એક ઊંડો શ્વાસ લીધો અને વિશાળ દરવાજાને ધક્કો મારીને ખોલી નાખ્યો. શિવે પ્રવેશ કર્યો અને તેઓએ જે જોયું તેનાથી તેઓ દંગ થઈ ગયા.

વિશાળ કક્ષમાં વીસ પથારીઓ પાથરેલી હતી. દરેક પથારી પર એક ઘાયલ સૈનિક હતો, જેઓની સંભાળ એક બ્રાહ્મણ વૈધ કરી રહ્યા હતા. પહેલી પથારીમાં શિવના સૌથી ઉત્કૃષ્ટ ભક્તોમાંથી એક હતો જેને તેઓએ તિબેટમાં મેળવ્યો હતો.

'નંદી !' મોટાં મોટાં પગલાં ભરીને પથારી તરફ જતાં શિવે ચીસ પાડી.

શિવે ઘૂંટણિયે પડીને નંદીના ચહેરાનો સ્પર્શ કર્યો. તે બેભાન હતો. તેના બંને હાથ કપાઈ ગયા હતા, ડાબો હાથ કાંડા પાસેથી અને જમણો હાથ કોણી પાસેથી. તેના આખા શરીર પર અનેક નાના નાના ઘા હતા. તેનો ચહેરો ઘાથી ભરેલો હતો. પથારી એવી રીતે બનાવવામાં આવી હતી કે નંદીની પીઠનો એક ભાગ તેને અડકે નહીં. કદાચ તેની પીઠ પર પણ કોઈ ગંભીર ઘા હતો. શિવ જોઈ શકતા હતા કે ઘા મટી રહ્યા હતા, પરંતુ એ પણ એટલું જ સ્પષ્ટ હતું કે ઘા ગંભીર હતાં અને તેના શરીરને તેમાંથી બહાર આવતાં લાંબો સમય લાગવાનો હતો.

'ઘા ખુલ્લા રાખવામાં આવ્યા છે જેથી તેને હવા મળતી રહે, મહાન નીલકંઠ.' બ્રાહ્મણ વૈધે તેઓની નજર બચાવતાં કહ્યું, 'અમે બહુ જ જલદીથી નવી પટ્ટીઓ બાંધીશું. પ્રધાન અધિપતિ નંદી સંપૂર્ણ સાજા થઈ જશે અને અહીં જે સૈનિકો છે તેઓ પણ.'

શિવ નંદીના ચહેરાને કોમળતાથી અડતાં અડતાં જોતા રહ્યા અને તેઓની અંદરનો ક્રોધ વધતો ગયો. તેઓ અચાનક ઊઠયા અને પર્વતેશ્વર તરફ સીધી તલવાર તાણી દીધી.

'આ માટે મારે સમ્રાટનું ખૂન કરી દેવું જોઈએ.' શિવ ગરજી ઊઠયા.

પર્વતેશ્વર જમીન તરફ જોતાં સ્તબ્ધ ઊભા રહ્યા.

'જો સમ્રાટ એમ સમજતાં હોય કે આમ કરીને અને સતીને કેદી બનાવી તેઓ મારા હાથ રોકી શકશે તો તેઓ સપનામાં જીવી રહ્યા છે.'

'એક વાર દીદીને ખબર પડી જશે કે આપણે અહીં પહોંચી ગયાં છીએ.' કાલીએ પર્વતેશ્વર તરફ ફુંફાડો માર્યો, તો તેણી ભાગી નીકળશે. અને મારા પર ભરોસો રાખજો, પછી અમારો ક્રોધ ભયંકર હશે. પોતાના સામ્રાજ્ય પર રાજ કરવાવાળા એ બકરાને કહી દો કે મારી બહેનને

છોડી દે, તરત જ !'
પરંતુ પર્વતેશ્વર સ્થિર અને શાંત રહ્યા. પછી તેઓ ન દેખાય તેવી રીતે કાંપવા લાગ્યા.
'સેનાપતિ !' વ્યવહારુ બનવાના પ્રયાસ રૂપે ગોપાલે કહ્યું, 'કોઈ પ્રકારની હિંસાની જરૂરત નથી. બસ રાજકુમારીને છોડી દો.'
ભૃગુએ ગોપાલ સાથે વાત કરવાનો પ્રયત્ન કર્યો પરંતુ તેઓ એ વાત કહેવાની હિંમત ન કેળવી શક્યા જે તેઓને કહેવી હતી.
'મુનિવર ભૃગુ' ગોપાલે પોતાનો અવાજ ધીમો પણ મક્કમ રાખતાં કહ્યું, 'અમારી પાસે પશુપતિશાસ્ત્ર છે. જો અમારી માંગો નહીં માનવામાં આવે તો અમે તેનો ઉપયોગ કરતાં અચકાઈશું નહીં. રાજકુમારીને તરત મુક્ત કરી દો. દેવગિરિમાં સોમરસનું ઉત્પાદન કરવાનું બંધ કરી દો. આટલું તરત કરો અને અમે અહીંથી ચાલી જઈશું.'
ભૃગુ પશુપતિશાસ્ત્રના સમાચાર જાણી સ્તબ્ધ થઈ ગયા હતા. તેઓ પળવાર પર્વતેશ્વર તરફ ફર્યા, પરંતુ સેનાપતિ પણ દેવી શસ્ત્રને સમજવામાં નિષ્ફળ ગયા હતા. હવે તેઓ ખૂબ રડી રહ્યા હતા અને તેઓનું શરીર દુઃખના લીધે કંપી રહ્યું હતું. તેઓ એ સ્ત્રીને ખોઈ બેસવા માટે રડી રહ્યા હતા જેને તેઓએ હંમેશા દીકરીની જેમ પ્રેમ કર્યો હતો.
'પર્વતેશ્વર,' પોતાની તલવાર પાસે લાવતાં શિવ ગાજર્યા, 'મારી ધીરજની પરીક્ષા ન કરો. સતી ક્યાં છે ?'
અંતે ચહેરા પર વહેતાં આંસુ સાથે પર્વતેશ્વરે શિવ તરફ જોયું.
શિવે તેની તરફ ધૂરકીને જોયું અને હવે શિવના હૃદયમાં એક ભયંકર ભવિષ્ય જાગી રહ્યું હતું. તેમનાં ભવાં વચ્ચેની જગ્યા ભયાનક રીતે કાંપવા લાગી હતી.
'પ્રભુ,' પર્વતેશ્વરે હીબકાં ખાતાં કહ્યું, 'મને દુઃખ છે...'
શિવના મનમાં એક તીવ્ર પીડાજનક વિચાર આવ્યો અને તલવાર પરની તેઓની પકડ ઢીલી થઈ અને તે હાથમાંથી છૂટીને પડી ગઈ.
ગભરાટભરી આંખો સાથે શિવ સેનાપતિ તરફ આગળ વધ્યા, 'પર્વતેશ્વર, સતી ક્યાં છે ?'
'પ્રભુ, હું સમયસર પહોંચી ન શક્યો...'
શિવે પર્વતેશ્વરના પોશાકને પકડીને ખેંચ્યો અને તેઓના ગળાને જોરથી પકડી લીધું. 'પર્વતેશ્વર, સતી ક્યાં છે ?'
પરંતુ પર્વતેશ્વર બોલી ન શક્યા. તેઓ અસહાય બનીને રોતા રહ્યા.
શિવે જોયું કે ભૃગુએ પળવાર માટે તેઓની પાછળની દિશામાં જોયું. શિવે પર્વતેશ્વરને છોડી દીધા અને તરત ફરી ગયા. તેઓએ કક્ષના દૂરના છેડે એક મોટો લાકડાનો દરવાજો જોયો.
'સતી...' એ ઓરડા તરફ દોડતાં શિવે ચીસ પાડી.
બ્રાહ્મણ વૈદ્ય તરત શિવના રસ્તામાંથી દૂર થઈ ગયા.
'સતી !'
શિવે દરવાજાને જોરથી ખટખટાવ્યો. દરવાજે તાળું લાગેલું હતું. તેઓ પાછળ ગયા અને જગ્યા કરીને પોતાનો ખભો દરવાજા પર માર્યો. દરવાજો એક ઇંચ જેટલો હાલયો પરંતુ મજબૂત તાળાએ તેને ફરી પોતાના સ્થાને લાવી દીધો.
એ એક પળમાં, શિવે તિરાડમાંથી મોટી મોટી બરફની પાટોનો ઢગલો જોયો. હવે તેઓનું મગજ સળગી રહ્યું હતું, અને તેઓ એવી પીડામાંથી પસાર થઈ રહ્યા હતા જેને સહન કરવી મોટાભાગના મનુષ્યો માટે અસંભવ હતી.
એક મેલુહાવાસી ઝડપથી એ કક્ષની ચાવી લેવા દોડ્યો.
'સતી !' શિવે મોટી ચીસ પાડી અને તેઓએ ફરીથી દરવાજાને ધક્કો માર્યો જે નાથી

તેઓના ખભામાં ખીલીઓ વાગી ગઈ અને તેમાંથી લોહી નીકળવા માંડ્યું.

દરવાજો જેમનો તેમ રહ્યો.

શિવે પાછળ જઈને એક જોરદાર લાત મારી. અંતે દરવાજો ખૂલીને ધડામ કરતો નીચે પડ્યો.

નીલકંઠનો શ્વાસ ત્યાં ને ત્યાં અટકેલો ને અટકેલો રહ્યો.

કક્ષની વચ્ચે બરફના ઢગલામાં એ વ્યક્તિનું ઘાયલ શરીર પડયું હતું જે તેઓના માટે સર્વસ્વ હતી. તેઓની સતી.

'સતી...'

નીલકંઠ ઝડપથી કૂદીને કક્ષમાં ઘૂસી ગયા. તેઓના માથાને જોઈને લાગતું હતું કે અંદર કોઈ મોટો ધડાકો થયો ન હોય. તેઓની આંખોના ડોળામાં આગ સળગી રહી હતી.

તેઓએ સતીના શરીર પર રાખેલા બરફના મોટા ટુકડાઓને દૂર કરવા માટે ઉતાવળમાં મુક્કા મારવા શરૂ કરી દીધા. એ મજબૂત ટુકડાઓને મારવાથી તેઓના હાથ જખ્મી થઈ ગયા અને તેમાંથી લોહી વહેવા માંડ્યું. એ ટુકડાઓને દૂર કરી પોતાની સતી સુધી પહોંચવાના પ્રયત્નમાં તેઓ સતત તેમાં મુક્કા મારતા રહ્યા અને તેને તોડતા રહ્યા. તેઓનું લોહી થીજી ગયેલા પાણીમાં વહેવા માંડ્યું.

'સતી...!'

કેટલાક મેલુહાવાસી કક્ષની બીજી તરફથી દોડતા આવ્યા અને સતીને ઢાંકી દેતાં બરફનાં ચોસલાંઓમાં આંકડા લગાવવા માંડ્યા. તેઓએ પછી જોર કર્યું. બરફનાં ચોસલાં હાલયાં અને પાછળ ખસવા લાગ્યાં.

ટુકડાઓ ફક્ત અડધા જ ખસ્યા હશે કે શિવે એ ઢગલા પર છલાંગ મારી. બરફમાં એક સમાધિ જેવો નાનકડો ગઢ બનાવી દેવામાં આવ્યો હતો. એ બરફના ગઢમાં સતીના શબને રાખવામાં આવ્યું હતું, તેણીના હાથ છાતી પર બાંધી દેવામાં આવ્યા હતા.

શિવ ગઢમાં કૂદી પડ્યા અને તેઓએ સતીના શરીરને પોતાના હાથોમાં જોરથી ઉઠાવી લીધું. તેણી સખત રીતે અક્કડ થઈ ગઈ હતી અને તેણીની ચામડી નીલા રંગની થઈ ગઈ હતી. તેણીના મોઢા પર ઊંડા ઘા હતા અને તેણીની ડાબી આંખ બહાર નીકળી ગઈ હતી. તેણીનો ડાબો હાથ કંઈક અંશે કપાયેલો હતો. તેણીના પેટમાં બે મોટાં મોટાં કાણાં હતાં. તેણીના અનેક ઘામાંથી નીકળેલું લોહી તેણીના આખા શરીરે જામી ગયું હતું. આકાશ તરફ જોતાં જોતાં હતાશ થઈને રોતાં, શિવે સતીને પોતાની છાતીએ વળગાડી દીધી હતી. તેઓનું હૃદય કંદન કરતું હતું, તેઓનો આત્મા વેરવિખેર થઈ ગયો હતો.

'સતી...!'

આ એક એવો વિલાપ હતો જે સંસારને હજારો હજારો વર્ષો સુધી યાદ રહેવાનો હતો.



પ્રકરણ-૪૭

માતાનો સંદેશ

આથમતા સૂર્ય થકી આકાશમાં વિવિધ રંગો ફેલાઈ ગયા હતા અને શાંતિસંમેલન પર એક ભૂખરી ચમક ફેલાઈ ગઈ હતી. પર્વતેશ્વરનો તંબુ સાફ કરી દેવામાં આવ્યો હતો. ક્રોધથી ધૂંઆપૂઆા કાર્તિકે ત્યાં હાજર દરેક વ્યક્તિને મારી નાખવાની ધમકી આપી હતી. નીલકંઠના પુત્રના યોગ્ય ક્રોધને વધુ ન ભડકાવવાના હેતુથી ભૃગુએ પર્વતેશ્વર, આનંદમયી અને તેઓના માણસોને દેવગિરિની અંદર જતા રહેવાનો આદેશ આપ્યો હતો, એ નગરમાં જ્યાં જવા માટે અત્યાર સુધી તેઓ મનાઈ ફરમાવતા રહ્યા હતા.

ગોપાલ શાંતિસંમેલન ભવનની બહાર એ કામચલાઉ તંબુમાં હતા, જે શિવના દળ માટે લગાવવામાં આવ્યો હતો. વાસુદેવ પ્રમુખ દળપતિની સાથે વાતો કરી રહ્યા હતા કે હવે પછીની કઈ કાર્યવાહી સર્વશ્રેષ્ઠ હશે. દરેક જણ બદલો ઇચ્છતા હતા, પરંતુ ફક્ત એક દળ સાથે દેવગિરિ પર હુમલો કરવો મૂખમી ગણાશે. જોકે મેલુહાની મુખ્ય સેના અને તેઓના સહયોગીઓને દૂર આવેલા મોહનજો દડોમાં ત્યાંના નાગરિકો દ્વારા રોકી રાખવામાં આવ્યા હતા. છતાંય પણ દેવગિરિ પાસે પોતાની રક્ષા કરવા માટે પૂરતા સૈનિક હતા. એ ઉપરાંત, રાજધાનીની રક્ષાત્મક ખૂબીઓ સામે આટલા નાના આક્રમક બળથી પાર પડાય તેવું નહોતું જેટલું એ સમયે શિવના નેતૃત્વમાં હતું. તેઓમાંથી કેટલાક પશુપતિશાસ્ત્રનો ઉપયોગ કરવાનું સૂચન કરી રહ્યા હતા. ગોપાલે તેનો તરત જ ઇન્કાર કરી દીધો હતો. આ શસ્ત્રનો ઉપયોગ કરવાનો કોઈ પ્રશ્ન જ નહોતો. શિવ અને ગોપાલ બંને વચન આપી ચૂક્યા હતા.

આયુર્વતી શાંતિસંમેલન ભવનના બહારના કક્ષમાં વ્યસ્ત થઈ ગઈ હતી અને સતીના ઘાયલ અંગરક્ષકોના સ્વાસ્થયનું અવલોકન કરી રહી હતી. એક રોગીને આપવામાં આવી રહેલી દવાનું નિરીક્ષણ કરતાં કરતાં તેની દૃષ્ટિ અંદરના કક્ષના બંધ દરવાજા પર પડી. સતીનું મૃત શરીર ત્યાં રાખવામાં આવ્યું હતું અને તેણીનો પરિવાર એ બંધ દરવાજાની પાછળ મૌન રહીને શોક મનાવી રહ્યો હતો. આયુર્વતીએ એક આંસુ લૂછયું અને ફરી પોતાના કામમાં લાગી ગઈ. દુઃખ સામે લડવાની આ જ એકમાત્ર રીત હતી કે તે પોતાને પોતાના કામમાં વ્યસ્ત રાખે.

અંદરનો ઓરડો, જ્યાં સતીના શબને કામચલાઉ ધોરણે રાખવામાં આવ્યું હતું, મેલુહાના લોકો દ્વારા રાજકુમારીની એ અંતિમ ઇચ્છા પૂરી કરવા માટે બનાવવામાં આવ્યો હતો કે શિવ આવે ત્યાં સુધી તેને સંભાળીને રાખવામાં આવે. એ ઓરડાની દીવાલો પર ઊંચે નાનાં નાનાં

કાણાં પાડવામાં આવ્યાં હતાં અને એવી વ્યવસ્થા રાખવામાં આવી હતી કે હવા સતત અંદર આવતી રહે. શાંતિસંમેલન ભવનની બહાર એવી સુંદર વ્યવસ્થા કરવામાં આવી હતી જેથી પેલાં કાણાંમાંથી હવા સતત અંદર વહ્યા કરે, જ્યાં સતીનું શબ રાખવામાં આવ્યું હતું. અંદરનો બરફ પીગળી ન જાય તે માટે પણ ખાસ વ્યવસ્થા કરવામાં આવી હતી. પરંતુ હવે શિવના શરીરમાંથી નીકળતી ગરમીના લીધે અને તેના ઝડપી શ્વાસોશ્વાસના લીધે બરફ પીગળવા માંડ્યો હતો. એનાથી સતીનું શબ પણ ધીરે ધીરે પીગળવા માંડયું હતું, જેના લીધે તેના શરીર પર થીજી ગયેલું લોહી પણ પીગળવા માંડયું હતું. એક ફિક્કું રંગ વગરનું દ્રવ્ય વહેવા માંડયું, જાણે તે તેણીના ઘાના લીધે બહુ જ ધીમે ધીમે વિલાપ ન કરતું હોય.

શિવ ત્યાં સ્થિર બેસીને ઠંડી અને પોતાના દુઃખના કારણે કંપી રહ્યા હતા. તેઓ હતપ્રભ થઈને સાવ અવાક થઈ ગયા હતા અને સતીના નિર્જીવ શરીરને હાથોમાં લઈને શૂન્ય ભાવે જોઈ રહ્યા હતા. બરફ પર બેઠેલા હોવા છતાં શિવનું માથું ખરાબ રીતે ભડકી રહ્યું હતું. જાણે અંદર કોઈ વિશાળ અગ્નિ સળગી ન રહ્યો હોય. તેઓની ભ્રમરોની વચ્ચે ક્રોધપૂર્ણ કાળો-લાલ ડાઘ બની ગયો હતો. તેઓ કલાકોથી આમ જ બેઠેલા હતા. હાલયા સુધ્ધાં નહોતા. ન તો તેઓએ કશું ખાધું હતું. તેઓએ રડવાનું બંધ કરી દીધું હતું. લાગતું હતું એવું કે જાણે તેઓએ પોતાના પ્રેમની જેમ નિર્જીવ રહેવાનો નિર્ણય કરી લીધો હતો.

કાલી અંદરના કક્ષમાં દરવાજા પાસે બેસીને જોરજોરથી હીબકાં ખાઇ રહી હતી અને સતી સાથેની છેલ્લી મુલાકાત વેળાએ પોતાના વ્યવહાર માટે જાતને ઠપકો આપી રહી હતી. આ એક એવો અપરાધભાવ હતો જે જીવનભર તેને દુઃખ આપ્યા જ કરશે. ધીમે ધીમે પરંતુ નિરંતર સ્વરૂપે એક કાબૂમાં ન રહે તેવો ગુસ્સો તેની અંદર આકાર લઈ રહ્યો હતો, પરંતુ હજી તે દુઃખથી જ ઢંકાયેલો હતો.

કૃત્તિકા બરફના ઢગલા પાસે બેસીને કાંપી રહી હતી. તે ત્યાં સુધી રોઈ હતી જ્યાં સુધી તેના આંસુ પૂરાં ન થઈ ગયાં. તે દરેક પળે બરફને અડકી લેતી હતી. વીરભદ્ર જેની આંખો સૂજી ગઈ હતી તે તેની પાસે જ બેઠો હતો. તેણે એક હાથ કૃત્તિકાના ખભા ઉપર મૂક્યો હતો જેનાથી તે આશ્વાસન આપી પણ રહ્યો હતો અને મેળવી પણ રહ્યો હતો, પરંતુ તેનો બીજો હાથ આકડાઈ ગયો હતો અને તેણે જોરથી મુઠ્ઠી વાળેલી હતી. તે બદલો ઇચ્છતો હતો. તે એવી દરેક વ્યક્તિને દુઃખ આપીને ખતમ કરી દેવા માગતો હતો જેણે સતી સાથે આમ કર્યું હતું. તેઓએ તેના મિત્ર શિવની સાથે આવો ખરાબ વર્તાવ કર્યો હતો.

બૃહસ્પતિ અને તારા કક્ષના એક બીજા છેડે બેઠાં હતાં. મેલુહાના ભૂતપૂર્વ પ્રમુખ વૈજ્ઞાનિકનો ચહેરો આંસુઓથી તરબતર હતો. તેઓ મેલુહાઇ જીવનશૈલી પ્રમાણે સતીને માન આપતા હતા. તેઓ એ પણ જાણતા હતા કે શિવ હવે ક્યારેય પહેલાં જેવા નહીં રહે, ક્યારેય નહીં. તારા સતત શિવને જોઈ રહી હતી, અને તેણીની બધી જ સહાનુભૂતિ અભાગિયા નીલકંઠની સાથે હતી. તેઓ એ આત્મવિશ્વાસ અને મિત્રતાપૂર્ણ વ્યક્તિના પડછાયા જેવા લાગી રહ્યા હતા જેમને તે પરિહામાં મળી હતી.

કાર્તિક અને ગણેશ દીવાલને પીઠ અઢેલીને ઠંડી જમીન પર ભાવહીન ચહેરે બેઠા હતા. તેઓની આંખો બરફના ઢગલા પર સતત જોયા કરતી હતી, પોતાના પિતાની જડ આકૃતિ ઉપર જ્યાં તેઓ તેમની માતાના ઘાયલ શરીરને હાથોમાં સંભાળીને બેઠા હતા. આંસુઓએ તેઓ બંનેને લગભગ આંધળા બનાવી દીધા હતા. દુઃખના પૂરથી તેઓનાં હૃદય શૂન્ય થઈ ગયાં હતાં. તેઓ હાથ પર હાથ રાખી બેસીને શાંતિથી એ સમજવાનો પ્રયત્ન કરી રહ્યા હતા કે આ બધું શું થઈ ગયું.

ગણેશને લાગ્યું કે તેઓએ બરફના ઢગલામાં કંઈક હલનચલન જોયું. તેણે નજર ઊંચી કરી

તો એ ચકિત કરી દે તેવું દૃશ્ય તેઓએ જોયું. તેઓને એવો અનુભવ થયો કે જાણે તેઓની માતા પોતાના શરીરમાંથી બહાર આવીને હવામાં તરવા લાગી ન હોય. ગણેશે પાછી પોતાની નજર પોતાના પિતા ઉપર નાખી તો તેઓએ ત્યાં પોતાની માતાનું એક વધુ શરીર જોયું, જે તેઓના પિતાના હાથોમાં સ્થિર પડયું હતું. ગણેશે પાછી પોતાની માતાની આકૃતિને જોઈ અને તેઓનું મોટું ખુલ્લું જ રહી ગયું.

સતી એક ગોળાકાર વર્તુળ પ્રમાણે ઊડી અને ધીમેથી ગણેશ સામે ઊતરી ગઈ. તેણીના પગ જમીનને અડતા નહોતા અને દંતકથાની દેવીઓની જેમ હવામાં જ લટકી રહ્યા હતા. દંતકથાની દેવીઓની જેમ તેણીએ ફૂલોની માળા પહેરેલી હતી, પરંતુ એ દેવીઓના શરીરમાંથી લોહી વહી રહ્યું નહોતું, પરંતુ સતીનું બહુ જ વધારે લોહી વહી રહ્યું હતું. ગણેશ પોતાની સામે ઊભેલી સતીના ઘાયલ શરીર, બહાર નીકળી ગયેલી આંખ અને ચહેરાની આરપાર ઊંડા ઘા જોઈ શકતો હતો, જ્યાંથી ધીરે ધીરે લોહી વહી રહ્યું હતું. તેણીના ચહેરા પરનો સળગી જવાના લીધે થયેલો ડાઘ એકદમ લાલ હતો. જાણે હજી પણ સળગી ન રહ્યો હોય ! તેણીનો ડાબો હાથ સહેજ પણ દયા વગર કાપી નાખવામાં આવ્યો હતો અને તેના ઘામાંથી તેના હૃદયના ધબકારાની જેમ લોહી ઝટકા સાથે વહી રહ્યું હતું. તેણીના પેટ પર બે મોટા મોટા ઘા હતા, જેમાંથી નદીની જેમ લોહી વહી રહ્યું હતું. તેણીના આખા શરીર પર નાના મોટા ઘા હતા જેમાંથી લોહી સતત વહી રહ્યું હતું. સતીની જમણી મુઠ્ઠી જોરથી બંધ હતી, તેણીનું શરીર ક્રોધથી કંપી રહ્યું હતું. તેણીની જમણી આંખમાં લોહી ઊતરી આવ્યું હતું અને તેણી નજર બરાબર ગણેશ પર ચોંટેલી હતી. તેણીના લોહીભીના વાળ ખુલ્લા હતા અને લહેરાઈ રહ્યા હતા, જાણે તેના ઉપર જોરદાર હવા હુમલો ન કરી રહી હોય.

આ એક ભયાનક દૃશ્ય હતું.

મા..

મા..

'મારો બદલો લેજો.' સતી ધીમેથી બોલી.

મા...

'મારો બદલો લેજો *!'*

ગણેશે પોતાનો હાથ કાર્તિકના હાથમાંથી છોડાવ્યો અને જોરથી મુઠ્ઠી વાળી. તેઓએ પોતાના દાંત દબાવ્યા અને પોતાના મગજમાં અંદર સુધી કુંફાડો માર્યો, 'જરૂર મા.'

'યાદ રાખજે, હું કેવી રીતે મરી હતી !' સતીએ મોટા અવાજે કહ્યું.

'જરૂર *!* જરૂર *!*

'મને વચન આપ ! તું યાદ રાખીશ. હું કેવી રીતે મરી હતી.'

'હું વચન આપું છું મા, હું સદાય યાદ રાખીશ.'

સતી અચાનક અદૃશ્ય થઈ ગઈ. ગણેશે મોટેથી રડીને હાથ લાંબો કર્યો. 'મા !'

ગણેશની જેમ જ, કાર્તિકે પણ પોતાની માની આકૃતિને જોઈ.

એવું લાગ્યું જાણે સતીનો આત્મા પોતાના શરીરમાંથી નીકળીને કાર્તિકની સામે ઊતરતા પહેલાં થોડો સમય ઉપર ઝૂલી રહ્યો હતો. તેણીના પગ પણ જમીનથી ઉપર લટકી રહ્યા હતા, તેણીના ગળામાં પણ તાજા ફૂલોની માળા હતી, પરંતુ ગણેશે જે જોયું હતું તેનાથી ઊલટું કાર્તિકની સામે આવેલો પડછાયો સંપૂર્ણ અને સકળ હતો.

કોઈ ઘા નહીં. તેણી બરાબર તેવી જ દેખાઈ રહી હતી જેવી કાર્તિકે છેલ્લી વાર જોઈ હતી તે યાદ આવ્યું. લાંબુ ભરાવદાર શરીર અને તાંબા જેવી ત્વચા સાથે તેણી એક સુંદર સ્મિત સાથે દેખાઈ રહી હતી. જેમાં બંને ગાલોમાં ખાડા પડી જતા હતા. તેણીની ચમકદાર નીલી

આંખો સૌમ્ય રીતે ચમકી રહી હતી. તેણીના કાળા વાળ સરસ રીતે પાછળ બાંધેલા હતા. તેણીને જોઈને કાર્તિકને યાદ આવી ગયું કે તેણી કઈ વાતનું પ્રતીક હતી : તેણી એક અનન્ય મેલુહાવાસી હતી જે હંમેશા વિધિ પ્રમાણે જીવતી હતી અને બીજાની ભલાઈ કરવાની વાત પોતાની ભલાઈની પહેલાં રાખતી હતી.

કાર્તિક જોર જોરથી રડવા માંડ્યો.

મા...

'મારા દીકરા--' સતી ધીમેથી બોલી.

'મા, હું બધાને રિબાવી રિબાવીને મારીશ. હું તેઓમાંના એકએકને મારી નાખીશ. હું તેઓનું લોહી પી જઈશ. હું આ આખા નગરને સળગાવી દઈશ. હું આપની વતી બદલો લઈશ.'

'નહીં.' સતીએ કોમળ સ્વરે કહ્યું.

સ્તબ્ધ કાર્તિક શાંત થઈ ગયો.

'શું તને કશું યાદ નથી ?'

'હું આપને સદાય યાદ રાખીશ, મા. અને દેવગિરિએ આપની સાથે જે કર્યું છે, હું તેના માટે બધાને તેનો દંડ ભોગવવા મજબૂર કરી દઈશ.'

સતીનો ચહેરો કડક થઈ ગયો.

'શું તને કંઈ જ યાદ નથી જે મેં તને શીખવ્યું છે ?'

કાર્તિક ચૂપ રહ્યો.

'બદલો એ સમયની બરબાદી છે.' સતીએ કહ્યું, 'હું મહત્વની નથી. એકમાત્ર વાત જે મહત્વની છે તે છે ધર્મ. શું તું મારા પ્રત્યેનો પ્રેમ વ્યક્ત કરી સાબિત કરવા માગે છે ? તો યોગ્ય કામ કરીને તેને સાબિત કરો. ક્રોધને શરણે ન જાવ. ફક્ત ધર્મના શરણે જાવ.'

મા....

'ભૂલી જા કે હું કેવી રીતે મરી હતી.' સતીએ કહ્યું, 'બસ એ યાદ રાખ કે હું કેવી રીતે જીવી હતી.'

મા....

'મને વચન આપ ! તું યાદ રાખીશ કે હું કેવી રીતે જીવી હતી.'

હું વચન આપું છું, મા... હું સદાય આ વાત યાદ રાખીશ.



પ્રકરણ-૪૮

મહાન ચર્ચા-વિચારણા

શિવના દળમાં જે લોકો બદલો લેવાની માગણી કરી રહ્યા હતા તેઓને બીજે દિવસે સવારે એક મોટું પ્રોત્સાહન મળ્યું. બધી જ ધારણા વિરુદ્ધ, ભગીરથ અઢી લાખ સૈનિકોને લઈને આવી પહોંચ્યો હતો. અયોધ્યાના રાજકુમારને ચિંતા હતી કે જો દેવગિરિમાં મેલુહાવાસીઓએ કોઈ દગો ફટકો કર્યો તો તેઓના પ્રભુનું શું થશે. તે વિશાળ મેલુહાના રાજપથો પર થઈને સૈનિકોને લોથલથી સરસ્વતી સુધી લઈ આવ્યો હતો અને રસ્તામાં ફક્ત જમવા માટે જ થોડો થોડો સમય તેઓ થોભ્યા હતા. સરસ્વતી ઉપર તેણે સૌથી વધુ વ્યાપારિક નૌકાઓને પોતાના કબજામાં લીધી હતી અને મહાન નદીના રસ્તે દેવગિરિ પહોંચી ગયો હતો.

'હે ભગવાન રામ !' સ્તબ્ધ ભગીરથ ધીમેથી બોલ્યો.

ગોપાલે હમણાં જ ભગીરથને કહ્યું હતું કે દેવગિરિમાં શું થયું હતું અને કેટલી ક્રૂરતાથી સતીને મારી નાખવામાં આવી હતી.

'રાજકુમારીનું શબ ક્યાં છે ?' આંખોમાં આંસુઓ સાથે ચેનારધ્વજે પૂછ્યું.

'શાંતિસંમેલન ભવનમાં.' ગોપાલે કહ્યું, 'પ્રભુ નીલકંઠ તેઓની સાથે છે. તેઓ છેલ્લા ચોવીસ કલાકથી ત્યાંથી હાલયા નથી. તેઓએ ન તો કાંઈ ખાધું છે, ન કાંઈ બોલ્યા છે. તેઓ તો બસ રાજકુમારી સતીના શબને લઈને ત્યાં બેઠા છે.'

ચેનારધ્વજે આકાશ તરફ જોયું. તેઓ પાછળ ફરી ગયા અને તેઓએ એક આંસુને લૂછયું. આ લાગણીનાં મોતી એક ક્ષત્રિયની નિર્બળતાની નિશાની હતી.

'આપણે એકેએક નરાધમને મારી નાખીશું.' ભગીરથે ગર્જના કરી. તેની જોરથી મીંચેલી મુઠ્ઠી સફેદ થઈ ગઈ હતી. 'આપણે આ આખા નગરનો નાશ કરી દઈશું. આ સ્થળની કોઈ નિશાની પણ નહીં રહે. તેઓએ અમારા સપ્રાણ દેવતાને ભારે દુ:ખ પહોંચાડયું છે.'

'રાજકુમાર ભગીરથ,' ગોપાલે કહ્યું, જેની હથેળી માગણી કરતા હોય તેમ ખુલ્લી હતી, 'આપણે આખા નગરને સજા ન કરી શકીએ. આપણે આપણું મન ખુલ્લું રાખવું જોઈએ. આપણે ફક્ત એ લોકોને સજા કરવી જોઈએ જે લોકો આ હત્યા માટે જવાબદાર છે. આપણે સોમરસ બનાવતી જગ્યાનો નાશ કરી દેવો જોઈએ. બીજાઓને આપણે નુકસાન કર્યા વગર છોડી દેવા જોઈએ. આમ કરવું જ યોગ્ય છે...'

'ક્ષમા કરજો, મહાન વાસુદેવ,' ચંદ્રકેતુ વચ્ચે બોલી ઊઠયા, 'પરંતુ કેટલાક અપરાધ એવા

હોય છે કે તેની સજા પૂરા સમુદાયે ભોગવવી જોઈએ. તેઓએ દેવી સતીની હત્યા કરી છે અને તે પણ અત્યંત ક્રૂર રીતે.'

'પરંતુ સતીને મારવા માટે કાંઈ બધા લોકો આવ્યા નહોતા. એક મોટી બહુમતીને તો એ પણ ખબર નહોતી કે સમ્રાટ શું કરવા માગે છે ?' ગોપાલે દલીલ કરી.

'એક વાર આ શરૂ થયું તે પછી તેઓ તેને રોકવા માટે તો આવી શકતા હતા, નહીં શું ?' ચંદ્રકેતુએ પૂછ્યું, 'એક પાપને ઊભા રહીને જોયા કરવું એ પણ એટલું જ મોટું પાપ છે, જેટલું પોતે પાપ કરવું. શું વાસુદેવ એવું કહેતા નથી ?'

'આ એક સાવ અલગ સંદર્ભ છે, રાજા ચંદ્રકેતુ.' ગોપાલે કહ્યું.

'હું આ વાત સાથે સંમત નથી, પંડિતજી.' વૈશાલીના રાજા માતલિએ કહ્યું, 'દેવગિરિએ સજા ભોગવવી જ પડશે.'

'મારા માનવા પ્રમાણે માનનીય ગોપાલની વાત સાચી છે.' લોથલના પ્રાંતપાલ ચેનારધ્વજે કહ્યું, 'કેટલાંક લોકોના પાપ માટે આપણે દેવગિરિના બધા લોકોને સજા ન કરી શકીએ.'

'મને એ સાંભળીને નવાઈ કેમ ન લાગી ?' માતલિએ પૂછ્યું.

'એનો શું અર્થ થયો ?' ચિડાઈને ચેનારધ્વજે કહ્યું.

'આપ મેલુહાના છો.' માતલિએ કહ્યું, 'આપ તો આપના લોકોનો પક્ષ લેશો જ. અમે ચંદ્રવંશી છીએ. અમે બધી રીતે પ્રભુ નીલકંઠ પ્રતિ નિષ્ઠા ધરાવીએ છીએ.'

ચેનારધ્વજ ગુસ્સે થઈને માતલિ તરફ આગળ વધ્યો. 'મેં મારા જ લોકો વિરુદ્ધ બળવો કર્યો, મારા દેશના નિયમો વિરુદ્ધ, મેલુહા પ્રત્યેની મારી નિષ્ઠાના સોગન વિરુદ્ધ, કારણ કે હું નીલકંઠનો અનુયાયી છું. હું પ્રભુ શિવ પ્રતિ પૂરી નિષ્ઠા ધરાવું છું અને મારે આપના માટે કશું જ સાબિત કરવાની જરૂરત નથી.'

'બધા શાંત થઈ જાવ.' બ્રંગાના રાજા ચંદ્રકેતુએ મોટેથી કહ્યું, 'આપણે એ ન ભૂલવું જોઈએ કે ખરેખરો શત્રુ કોણ છે ?'

'ખરેખરો શત્રુ દેવગિરિ છે.' માતલિએ કહ્યું, 'તેમણે દેવી સતી સાથે આવું કર્યું છે. તેઓને સજા થવી જોઈએ એ સીધી વાત છે.'

'હું સંમત છું.' ભગીરથે કહ્યું, 'આપણે પશુપતિશાસ્ત્રનો ઉપયોગ કરવો જોઈએ.'

ગોપાલ ગુસ્સે થઈ ગયો. 'પશુપતિશાસ્ત્ર એ કોઈ સામાન્ય તીર નથી કે વગર વિચાર્યો તેને ચલાવી દેવાય, રાજકુમાર ભગીરથ. એનાથી આ સંપૂર્ણ વિસ્તારમાં સોથી વધુ વર્ષો સુધી મૃત્યુ અને વિનાશ ફેલાઈ જશે.'

'કદાચ આ સ્થળ તેને લાયક છે.' ચંદ્રકેતુએ કહ્યું.

'આ દૈવી શસ્ત્ર છે.' ઉત્તેજિત થઈને ગોપાલે કહ્યું, 'માનવીઓના મતભેદને ઉકેલવા એનો આંધળો ઉપયોગ ન કરી શકાય.'

'પ્રભુ શિવ કોઈ સાધારણ મનુષ્ય નથી.' ભગીરથે કહ્યું, 'તેઓ દિવ્ય છે. આપણે શસ્ત્રનો ઉપયોગ કરવો જોઈએ જેથી...'

'આપણે પશુપતિશાસ્ત્રનો ઉપયોગ ન કરી શકીએ. આ છેવટનો નિર્ણય છે.' ગોપાલે કહ્યું.

'મને એવું નથી લાગતું, પંડિતજી.' ચંદ્રકેતુએ કહ્યું, 'દેવી સતી સર્વશ્રેષ્ઠ નૈતિક આચરણ કરતી એકમાત્ર નેતા અને યોદ્ધા હતી. પ્રભુ નીલકંઠ દેવી સતીને એટલો પ્રેમ કરતા હતા જેટલો મેં ક્યારેય કોઈ પુરુષને કોઈ સ્ત્રીને કરતો નથી જોયો. મને પૂરો વિશ્વાસ છે કે પ્રભુ શિવ બદલો ઇચ્છતા હશે અને ચોખ્ખી વાત છે કે આપણે પણ એ જ ઇચ્છીએ છીએ.'

'આપણે બદલો નથી લેવો, રાજા ચંદ્રકેતુ.' ગોપાલે કહ્યું, 'આપણે ન્યાય જોઈએ છે. જે લોકોએ દેવી સતી સાથે આ કર્યું છે, તેઓ સાથે ન્યાય થવો જોઈએ, પરંતુ ફક્ત તેઓ સાથે જ

જેઓ આ વિશ્વાસઘાત માટે જવાબદાર હતા. બીજા કોઈને સજા ન મળવી જોઈએ, કારણ કે તે તો એનાથી પણ વધુ અન્યાય થયો ગણાશે.'

'આપ યોગ્ય વાત કરી રહ્યા છો, પંડિતજી.' માતલિએ કહ્યું, 'પરંતુ આ યોગ્ય-અયોગ્યનો સમય નથી, આ ક્રોધનો સમય છે.'

'મને નથી લાગતું કે નીલકંઠ ક્રોધમાં આવીને કોઈ નિર્ણય લેશે.' ગોપાલે કહ્યું.

'તો પછી શા માટે આપણે પ્રભુ શિવને જ ન પૂછીએ ?' ભગીરથે કહ્યું, 'તેઓને જ નિર્ણય લેવા દો.'



'એ બધાને મારી નાખો !' કાલીએ ગર્જના કરી, 'હું ઇચ્છું છું કે આખું નગર તેના બધા નાગરિકો સાથે સળગે.'

શિવના બધા જ સેનાધ્યક્ષ અને પરિવારના સભ્યો શાંતિસંમેલન ભવનની બહાર એક ઊંચી જગ્યાએ બેઠા હતા. બૃહસ્પતિ અને તારા પણ તેઓ સાથે થઈ ગયા હતા, પરંતુ મોટાભાગે તેઓ મૌન જ રહ્યા હતા. આ વિસ્તારને સૈનિકો મારફત જુદો પાડી દેવામાં આવ્યો હતો જેથી ત્યાં ચાલી રહેલી વાતચીતને કોઈ સાંભળી ન શકે. ગોપાલે પ્રયત્ન તો કર્યો હતો કે શિવ પણ તેમાં સામેલ થાય, પરંતુ નીલકંઠે ગોપાલની કોઈ પણ વિનંતીનો ઉત્તર આપ્યો નહોતો. તેઓ ઠંડીથી જામી ગયેલા કક્ષમાં સતીને સાચવીને એકલા જ બેઠા હતા.

'રાણી કાલી,' ગોપાલે દલીલ કરી, 'આપની સાથે સંમત ન થવા બદલ ક્ષમા માગું છું, પરંતુ આપણે તેમ ન કરી શકીએ. આ નૈતિક રૂપે ખોટું છે.'

'શું મેલુહાવાસીઓએ વચન નહોતું આપ્યું કે આ શાંતિસંમેલન છે ? એક શાંતિસંમેલનમાં કોઈએ શસ્ત્રોનો ઉપયોગ ન કરવો જોઈએ, બરાબર ? તેઓએ એવું કામ કર્યું જે નૈતિક રીતે અત્યંત ખોટું છે. આપે આ વાત પર કેમ ધ્યાન ન આપ્યું, પંડિતજી ?'

'બે ખોટી વાતોથી એક સાચી વાત નથી બનતી.'

'મને તેની ચિંતા નથી.' કાલીએ તેઓની વાતને નકારતાં હાથ હલાવીને કહ્યું, 'દેવગિરિનો નાશ થશે. તેઓએ મારી બહેન સાથે જે કર્યું તેની સજા તેઓએ ભોગવવી પડશે.'

'રાણી કાલી,' ચેનારધ્વજે સાવચેતીપૂર્વક કહ્યું, 'હું આપને પુષ્કળ માન આપું છું. આપ મહાન મહિલા છો. આપ હંમેશા ન્યાય માટે લડ્યાં છો, પરંતુ શું કેટલાક લોકોના ગુના માટે આખા નગરને સજા કરવી ન્યાયી વાત બનશે ?'

કાલીએ તેઓની સાથે ઉપેક્ષાપૂર્ણ નજરથી જોયું, 'મેં આપનો જીવ બચાવ્યો હતો, ચેનારધ્વજ.'

'હું જાણું છું, દેવી. હું તેને કેવી રીતે ભૂલી શકું છું ? આ કારણ છે...'

'આપ એ જ કરશો જે હું આપને કરવાનું કહીશ.' કાલીએ વચ્ચેથી વાત કાપતું કહ્યું, 'મારી બહેનનો બદલો લેવામાં આવશે.'

ચેનારધ્વજે દલીલ કરવાનો પ્રયત્ન કર્યો, 'પણ...'

'મારી બહેનનો બદલો લેવામાં આવશે.'

ચેનારધ્વજ શાંત થઈ ગયા.

ભગીરથ સાવચેતીપૂર્વક આ વાતચીતથી બચવાનો પ્રયત્ન કરી રહ્યો હતો. શાંતિસંમેલન ભવન તરફ જતાં એમને ખબર પડી કે તેઓની બહેન આનંદમયી દેવગિરિમાં છે. નગરનો નાશ

કરી નાખવામાં આવે તે પહેલાં તેઓને પોતાની બહેનની રક્ષા કરવી હતી.

'હું રાણી કાલી સાથે સંમત છું.' ચંદ્રકેતુએ કહ્યું, 'દેવગિરિએ નાશ પામવું જ પડશે. આપણે પશુપતિશાસ્ત્રનો ઉપયોગ કરવો જ જોઈશે.'

વિનાશકારી દૈવી શસ્ત્રની વાત સાંભળી, કાર્તિક પહેલી વાર બોલ્યો, 'શસ્ત્રનો ઉપયોગ ન કરી શકાય.'

ગોપાલે કાર્તિક તરફ જોયું અને તેઓને થયું કે ઓછામાં ઓછો નીલકંઠ પરિવારનો એક સભ્ય તો તેમના પક્ષમાં છે.

'ન્યાય થશે.' કાર્તિકે કહ્યું, 'માના લોહીનો બદલો લેવામાં આવશે, પરંતુ પશુપતિશાસ્ત્રથી નહીં. એક ભયાનક શસ્ત્રથી બદલો ન લઈ શકાય.'

'ક્યારેય નહીં.' ગોપાલે તરત સંમતિ દર્શાવી. 'નીલકંઠે વાયુપુત્રોને વચન આપ્યું છે કે તેઓ પશુપતિશાસ્ત્રનો ઉપયોગ નહીં કરે.'

'જો એમ હોય તો આપણે તેનો ઉપયોગ ન કરી શકીએ.' ભગીરથે કહ્યું.

ગોપાલે આ વાતથી રાજી થઈને શાંતિનો શ્વાસ લીધો. તેઓ આ બધામાંથી કેટલાકને એ વિનાશમાંથી પાછા લાવી શક્યા તેનો તેઓને આનંદ હતો. 'પ્રશ્ન એ છે કે આપણે રાજકુમારી સતીને ન્યાય કઈ રીતે અપાવીશું ?'

'એ બધાને મારી નાખીને.' કાલીએ ગર્જના કરી.

'પરંતુ શું એ બાળકોને મારી નાખવા ન્યાયપૂર્ણ છે, જેઓનો આ વાત સાથે સંબંધ નહોતો ?' ભગીરથે પૂછ્યું.

'આપ એમ ધારી રહ્યા છો, રાજકુમાર ભગીરથ' કાલીએ કહ્યું, 'કે મેલુહાના લોકો પોતાનાં બાળકોની ચિંતા કરે છે ?'

'દેવી' ભગીરથે કહ્યું, 'કૃપા કરીને આ વાતને સમજવાનો પ્રયત્ન કરો કે એ બાળકોને સજા ન કરવી જોઈએ જેઓનો આ અપરાધ સાથે કોઈ સંબંધ નહોતો.'

'ઠીક છે.' કાલીએ કહ્યું 'આપણે બાળકોને બહાર જવા દઈશું.'

'અને બિનલડવૈયાઓને પણ.' કાર્તિક બોલ્યો.

'ખાસ કરીને મહિલાઓને.' ભગીરથે કહ્યું, 'આપણે તેઓને બહાર જવા દેવાં જોઈએ, પરંતુ તેઓ બધાં બહાર જતાં રહે એટલે આપણે નગરનો નાશ કરી દેવો જોઈશે.'

'શું હજી કોઈ બીજા છે જેને આપ બચાવવા માગો છો ? કાલીએ વ્યંગપૂર્વક પૂછ્યું, 'દેવગિરિના કૂતરાઓ માટે શું વિચાર છે ? શું આપણે તેને પણ બહાર જવા દેવા જોઈએ ? અને કદાચ વંદાઓને પણ ?'

ભગીરથે કોઈ જવાબ આપ્યો નહીં. તે જે કાંઈ કહેત, કાલી એનાથી ગુસ્સે જ થાત.

કાલીએ શાપ આપ્યો, 'ઠીક છે. બાળકો અને બિનલડવૈયાઓને બહાર જવા દેવામાં આવશે. બાકીના બધા નગરમાં કેદ રહેશે અને એ બધાને મારી નાખવામાં આવશે.'

'સંમત છું.' ભગીરથે કહ્યું, 'હું તો ફક્ત એટલું જ કહી રહ્યો છું કે આપણે ન્યાયસંગત રહેવું જોઈએ.'

'વાત ફક્ત આટલી જ નથી, રાજકુમાર ભગીરથ...' કાર્તિક વચ્ચે કૂદી પડ્યો, 'શું સોમરસનો નાશ નથી કરવાનો ? મારા પિતા આ બાબતે એકદમ સ્પષ્ટ હતા. એને બસ સમીકરણની બહાર કાઢવાનું છે. આપણે સોમરસ બનાવતી જગ્યાઓનો નાશ કરવાનો છે, પરંતુ સાથે સાથે આપણે એ પણ જોવાનું છે કે સોમરસ અંગેનું જ્ઞાન ખોવાઈ ન જાય. આપણે વૈજ્ઞાનિકોને બચાવવાના છે અને તેઓને ગુપ્ત સ્થાનો પર લઈ જવાના છે. તેઓ એ પ્રજાનો ભાગ હશે જે મારા પિતા તેઓની પાછળ છોડી જશે. આ લોકો સોમરસના જ્ઞાનને જીવંત રાખશે.

આજે તે બૂરાઈ છે, પરંતુ ભવિષ્યમાં એક એવો સમય આવી શકે છે કે તે ફરીથી સારપ બની જશે.'

ગોપાલે સંમતિસૂચક ડોકું ધુણાવ્યું. 'કાર્તિકે બુદ્ધિપૂર્વકની વાત કરી છે.'

'એનો અર્થ એ છે કે ભલે તેઓમાંથી કેટલાક વૈજ્ઞાનિકોનો મારી માતાના મૃત્યુ સાથે સંબંધ હોય.' કાર્તિકે કહ્યું, 'તો પણ આપણે આપણા દુઃખને ભૂલીને તેઓની રક્ષા કરવી પડશે. આપણે ભારતના ભવિષ્ય માટે તેઓની રક્ષા કરવી પડશે.'

ગણેશે કાર્તિકને તીક્ષ્ણ નજરે જોયો.

'પોતાના દુઃખને ભૂલીને ?'

કાર્તિક મૌન રહ્યો.

ગણેશ ઊંડા શ્વાસ લઈ રહ્યા હતા, અને બહુ મુશ્કેલીએ પોતાની લાગણીઓને કાબૂમાં રાખી રહ્યા હતા. 'શું તને માના મૃત્યુ પર ગુસ્સો નથી આવી રહ્યો ? કોઈ રોષ ? કોઈ બળતરા ?'

'મોટાભાઈ, હું એ કહેવાનો પ્રયત્ન કરી રહ્યો હતો...'

'તું જે દિવસે જન્મયો તે દિવસથી તને માનો પ્રેમ થાળમાં સજાવીને મળ્યો છે. એટલે તું તેને મહત્વ નથી આપતો.'

'મોટાભાઈ...'

'એક માતાના પ્રેમના મહત્વ વિષે મને પૂછજે ... ત્યારે પૂછજે જ્યારે તને એ મળ્યો નહીં હોય અને તેની તડપ તને લાગી હશે.'

'મોટાભાઈ, હું પણ તેઓને પ્રેમ કરતો હતો. આપ જાણો છો મેં...'

'તે માનું શરીર જોયું, કાર્તિક ?'

'મોટાભાઈ...'

'જોયું ? તે માનું શરીર જોયું ?'

'મોટાભાઈ, જરૂર મેં...'

'તેના ઉપર એકાવન ઘા છે. મેં ગણ્યા છે કાર્તિક, એકાવન.'

'હું જાણું છું....'

ગણેશના ચહેરા ઉપર ક્રોધથી ભરેલાં આંસુ વહી રહ્યાં હતાં. 'એ દુષ્ટો માના મરી ગયા પછી પણ તેણીની ઉપર પ્રહાર કરતા રહ્યા હશે.'

'મોટાભાઈ, સાંભળો...'

હવે ગણેશનું શરીર ક્રોધથી કંપી રહ્યું હતું, 'શું તને એ સમયે રોષની લાગણી ન થઈ જ્યારે તે તારી માના ઘાયલ શરીરને જોયું હતું ?'

'જરૂર થઈ, મોટાભાઈ, પરંતુ...'

'પરંતુ ? એમાં શું પરંતુ હોઈ શકે છે ? તેણીની ઉપર સોમરસને પૂજવાવાળા એ ઘણા રાક્ષસોએ એકીસાથે હુમલો કર્યો હશે. તેનો બદલો લેવો એ આપણું કર્તવ્ય છે. આપણું કર્તવ્ય ! આપણે આ સંસારની સર્વશ્રેષ્ઠ મા માટે આટલું તો કરી શકીએ છીએ.'

'મોટાભાઈ, તેણી સર્વશ્રેષ્ઠ મા હતી... પરંતુ તેણીએ આપણને સદાય સંસારને પોતાનાથી આગળ રાખવાનું શીખવ્યું હતું.'

ગણેશે કંઈ ન કહ્યું. જ્યારે ક્રોધ આવે ત્યારે તેઓની લાંબુ નાક ફફડવા માંડતું હતું તેમ અત્યારે ફફડવા માંડ્યું.

કાર્તિક નમ્રતાથી બોલ્યો, 'મોટાભાઈ, જો આપણે કોઈ બીજા કુટુંબના હોત, તો હું પણ મારા ગુસ્સા સામે નમી જતો -- પરંતુ આપણે કોઈ બીજા કુટુંબના નથી.'

ગણેશ બીજી તરફ જોવા લાગ્યો. તે ઉત્તર આપવા માટે બહુ જ ગુસ્સામાં હતો.

'આપણો નીલકંઠનો પરિવાર છે.' કાર્તિકે કહ્યું, 'સંસાર તરફ આપણી એક જવાબદારી છે.'

'સંસાર પ્રત્યે જવાબદારી ? મારા માતા-પિતા મારો સંસાર છે.'

કાર્તિક શાંત થઈ ગયો.

ગણેશે ક્રોધ સાથે પોતાની આંગળી કાર્તિક તરફ ઊંચી કરી. 'સોમરસને પૂજવાવાળા એ અધમોમાંથી કોઈ પણ અહીંથી જીવતો નીકળી નહીં શકે.'

'મોટાભાઈ...'

'એકેએકને મારી નાખવામાં આવશે. પછી ભલે મારે જાતે તેઓને મારવા પડે.'

કાર્તિક શાંત થઈ ગયો.

કાલી, ગણેશ અને કાર્તિકને જોતાંજોતાં ગોપાલે એક નિસાસો નાખ્યો. ત્યાં બહુ જ વધારે ગુસ્સો હતો. તેઓને સોમરસ વૈજ્ઞાનિકોને ગણેશ અને કાલીના ક્રોધથી બચાવવાનો કોઈ ઉપાય સૂઝી રહ્યો નહોતો, પરંતુ તેઓ આખી ચર્ચામાં ઓછામાં ઓછું પશુપતિશાસ્ત્રનો ઉપયોગ કરવાની વાતને દૂર રાખવામાં સફળ થયા હતા અને શક્ય હતું કે હવે પછીના થોડા કલાકોમાં નીલકંઠના પરિવારને સોમરસ વૈજ્ઞાનિકોને બચાવવાની જરૂરત વિષે પણ સમજાવી શકે.



શિવ બરફની સમાધિમાં સતીના શબને લઈને મૌન બેઠા હતા. તેઓની આંખો ડૂબેલી અને ભાવ વગરની હતી, તેમાં ન તો કોઈ આશાનું કિરણ હતું અને નહોતું જીવતા રહેવાનું કોઈ કારણ. તેઓના માથા ઉપર કાળો-લાલ ધબ્બો સ્પષ્ટ રીતે દેખાય તેમ થડકી રહ્યો હતો. તેઓ ઠંડીના કારણે કંપી રહ્યા હતા. સતીની સાજી આંખમાંથી જે હવે બંધ હતી, પાણીનું એક બુંદ નીકળીને આંસુની જેમ ચહેરા પરથી વહી ગયું હતું. કક્ષમાં નિયમિત અંતરે આવતા ઠંડા પવન સિવાય ત્યાં બસ ન સમજાય તેવું મૌન હતું. અચાનક એક કર્કશ અવાજે શિવને ચોંકાવી દીધા. એ કદાચ ઠંડી હવા માટે જોડવામાં આવેલા બળદના પગનો અવાજ હોઈ શકે. તેઓએ ઠંડી, ભાવહીન આંખોથી આજુબાજુ જોયું. કક્ષમાં કોઈ નહોતું. તેઓએ નીચે પોતાની મૃત પત્ની તરફ જોયું. તેઓએ તેણીના શરીરને પોતાની નજીક કર્યું અને તેણીના માથે એક કોમળ ચુંબન કર્યું. પછી તેઓએ તેણીને સાવચેતીપૂર્વક બરફ પર મૂકી દીધી.

તેણીના ચહેરાને કોમળતાથી સહેલાવતા શિવ ધીમેથી બોલ્યા, 'અહીં જ રહો, સતી. હું જલદી પાછો આવીશ.' શિવ બરફના ઢગલા પરથી કૂધા અને અંદરના કક્ષના દરવાજા સુધી ગયા. જેવો તેઓએ દરવાજો ખોલ્યો કે આયુર્વતી ઊઠીને ઊભી થઈ ગઈ. છેલ્લા ચોવીસ કલાકથી તે પોતાના વૈદ્યો સાથે નંદી અને બીજા સૈનિકોની સારસંભાળ લઈ રહી હતી.

'પ્રભુ,' આયુર્વતીએ કહ્યું. તેની આંખો દુ:ખ અને અપૂરતી ઊંઘના કારણે સૂજેલી હતી.

શિવ તેની તરફ ધ્યાન આપ્યા વગર આગળ વધતા રહ્યા. આયુર્વતીએ ભય અને આતંકથી શિવને જોયા. તેણે નીલકંઠની આંખોને ક્યારેય આટલી કઠોર અને ખોવાયેલી જોઈ નહોતી. એવું લાગતું હતું કે તેઓ ક્રોધની ઉપર, નિર્દયતાથી ઉપર, ગાંડપણની ઉપર ઊઠી ગયા હતા.

શિવે મુખ્ય દરવાજાને ખોલ્યો. તેઓએ તેમની જમણી બાજુ અવાજો સાંભળ્યા. તેઓએ ફરીને જોયું તો તેઓના સાથીઓ ઊંડા વિચાર-વિમર્શમાં ડૂબેલા હતા. તેઓની તરફ સૌથી પહેલાં તારાનું ધ્યાન ગયું.

'પ્રભુ નીલકંઠ,' તારાએ તરત ઊભા થતાં કહ્યું.

શિવે તેને થોડી ક્ષણો ભાવહીન આંખોથી જોયું અને પછી એક ઊંડો શ્વાસ લીધા પછી સ્થિર ભાવથી બોલ્યા, 'તારા, પશુપતિશાસ્ત્ર મારી નૌકામાં મારી પેટીમાં છે. તેને અહીં લઈને આવો.'

વ્યાકુળ ગોપાલ ઝડપથી શિવ તરફ આગળ વધ્યા. તેઓ જાણતા હતા કે શિવે છેલ્લા ચોવીસ કલાકોથી કાંઈ જ ખાધું નથી. તેઓ સૂઈ ગયા પણ નથી. તેઓ એક બરફના ઢગલા પર બેસી રહ્યા હતા. દુ:ખના લીધે તેઓ લગભગ નખાઈ ગયેલા લાગતા હતા. તેઓ જાણતા હતા કે નીલકંઠ પોતાના અસલ સ્વરૂપમાં નથી. 'મારા મિત્ર... મારી વાત સાંભળો. જલદીમાં આ પ્રકારનો નિર્ણય ન લો.'

થીજી ગયેલા ચહેરે શિવે ગોપાલને જોયા.

'હું જાણું છું કે આપ આવેશમાં છો, નીલકંઠ. પરંતુ તેમ ન કરો. હું આપના કોમળ હૃદયને જાણું છું. આપ પછી તેના પર પસ્તાવો કરશો.'

શિવ પાછા ફરીને ફરી સંમેલન ભવનમાં જવા લાગ્યા. ગોપાલે આગળ વધીને શિવની બાંય પકડીને તેઓને પાછા લાવવાનો પ્રયત્ન કર્યો.

'શિવ, ગોપાલે વિનંતીના સૂરમાં કહ્યું, 'આપે વાયુપુત્રોને વચન આપ્યું છે. આપે આપના મામા માનનીય મિત્રાને વચન આપ્યું છે.

શિવે ગોપાલના હાથને જોરથી પકડ્યો અને પોતાની બાંય પરથી દૂર કર્યો.

'શિવ, એ શસ્ત્રની શક્તિ ભયાનક અને ભાખી ન શકાય તેવી છે.' ગોપાલે એ હોનારતને રોકવા માટે વાત કરવાના પ્રયત્ન રૂપે વિનંતી કરી, 'જો પશુપતિશાસ્ત્રના વિનાશને અંદરના વર્તુળમાં પણ સીમિત રાખવામાં આવે તો પણ દેવગિરિની ત્રણ ઊંચી જગ્યાઓનો નાશ કરવાનો પ્રયત્ન આ વર્તુળને મોટું બનાવી દેશે. આ ફક્ત દેવગિરિનો જ નાશ નહીં કરે પણ આપણા બધાનો નાશ કરી દેશે. શું આપ ખરેખર આપની સંપૂર્ણ સેના, આપના પરિવાર અને આપના મિત્રોને મારી નાખવા માગો છો ?'

'તેઓને કોઈ કહો કે અહીંથી જતા રહે.'

શિવનો અવાજ કોમળ અને મુશ્કેલીથી સાંભળી શકાય તેવો ધીમો હતો. તેઓની આંખો દૂર કંઈ જોતી હોય તેમ અસ્થિર જ રહી અને દૂર જોવા લાગી. ગોપાલ શિવને એક આશાના કિરણ સાથે જોતાં જોતાં એક પળ રોકાઈ ગયા. 'શું હું આપણા લોકોને જવા માટે કહી દઉં ? પશુપતિશાસ્ત્ર સાથે ?'

શિવ જરાય હાલયા નહીં. તેઓના ચહેરા ઉપર કોઈ પ્રતિક્રિયા આવી નહીં. 'ના, આ નગરના લોકોને જવા માટે કહી દો. એ લોકો ઉપરાંત બધાને, જેઓએ સોમરસને સાચવ્યો છે અથવા તેને બનાવ્યો છે અને એ બધા જે લોકો સતીના મોત માટે સીધા જવાબદાર છે, કારણ કે જ્યારે મારું કામ પૂરું થશે તો દક્ષ નહીં રહે. કોઈ સોમરસ નહીં રહે. કોઈ બૂરાઈ નહીં રહે. જાણે આ સ્થળે એ બૂરાઈનું અસ્તિત્વ ક્યારેય હતું જ નહીં. અહીં કોઈ જીવતું નહીં રહે, કાંઈ નહીં ઊગે અને કોઈ પથ્થર એ દેખાડવા માટે એકના ઉપર એક નહીં રહે કે દેવગિરિનું ક્યારેય કોઈ અસ્તિત્વ હતું. હવે આ બધાનો અંત થશે.'

ગોપાલને હાશકારો થયો કે ઓછામાં ઓછું દેવગિરિના નિર્દોષ લોકો તો બચી જશે. પરંતુ દૈવી શસ્ત્રના ઉપયોગ ઉપર ભગવાન રુદ્ર જે પ્રતિબંધ લગાવ્યો હતો તેનું શું થશે ?'

'શિવ, પશુપતિશાસ્ત્ર...' ગોપાલ આશાની સાથે ધીમેથી બોલ્યા.

શિવ ભાવ વગર ગોપાલ સામે જોઈ રહ્યા અને એવા સ્વરમાં બોલ્યા જે ભયંકર રીતે સ્થિર હતો.

'હું આખા સંસારને સળગાવી દઈશ.'

ગોપાલે ગભરાટભર્યા ભાવથી શિવને જોયા. નીલકંઠ પાછા ફરી ગયા અને ફરી ભવનમાં પોતાની સતી પાસે જતા રહ્યા.

તારા ઊભી થઈ.

'તું ક્યાં જાય છે ?' બૃહસ્પતિએ ધીમા અવાજે પૂછ્યું.

'પશુપતિશાસ્ત્ર લેવા માટે.' તારાએ ધીમેથી જવાબ આપ્યો.

'તું એને ન લાવી શકે. તે આપણા બધાનો નાશ કરી દેશે.'

'ના, નહીં કરે. આ શસ્ત્ર એ રીતે ત્રિકોણાકાર છે કે વિનાશ નગરની અંદર સુધી સીમિત રહેશે. જો આપણે પાંચ કિલોમીટરથી વધુ દૂર જતાં રહીશું તો આપણા પર કોઈ અસર નહીં થાય.'

તારા જવા લાગી.

બૃહસ્પતિએ તેણીને પાછી ખેંચી અને ઉતાવળથી બોલ્યા, 'તું શું કરી રહી છે ? તું જાણે છે કે આ અયોગ્ય છે. મારી સહાનુભૂતિ શિવની સાથે છે, પરંતુ પશુપતિશાસ્ત્ર...'

તારાએ પોતાની આંખોમાં કોઈ શંકા રાખ્યા વગર બૃહસ્પતિને જોયા. 'ભગવાન રામના પવિત્ર નિયમોને નિર્લજ્જિતાથી તોડી નાખવામાં આવ્યા છે. નીલકંઠ પોતાના બદલાના અધિકારી છે.'

'જરૂર છે.' બૃહસ્પતિએ તારા સામે એકીટસે જોઈને કહ્યું 'પરંતુ, પશુપતિશાસ્ત્ર મારફત નહીં.'

'શું આપ શિવની પીડાનો અનુભવ નથી કરતા ? કેવા મિત્ર છો આપ ?'

'તારા, ક્યારેક મેં કંઈક અયોગ્ય કરવાનું વિચાર્યું હતું. હું એક એવી વ્યક્તિની હત્યા કરવા માગતો હતો જે સતી સાથે દ્વંદ્વ કરવાનો હતો. શિવે મને રોક્યો હતો. તેઓએ મને મારા આત્મા ઉપર પાપ લેવાથી રોક્યો હતો. જો હું તેમનો સાચો મિત્ર હોઉં તો મારે તેઓને તેમના આત્માને કલંકિત કરવાથી રોકવો પડશે. હું તેઓને પશુપતિશાસ્ત્રનો ઉપયોગ નહીં કરવા દઈ શકું.'

'તેઓનો આત્મા તો પહેલાથી જ મરી ગયો છે, બૃહસ્પતિ. તેઓનો આત્મા તો એ બરફના ઢગલા પર પડ્યો છે.' તારાએ કહ્યું.

'હું જાણું છું પણ...'

તારાએ બૃહસ્પતિના હાથમાંથી પોતાનો હાથ છોડાવી લીધો. 'આપ એમના તરફથી એવી આશા રાખો છો કે તેઓ નિયમ અનુસાર લડાઈ કરે જ્યારે તેઓના શત્રુઓએ એવું નથી કર્યું. તેઓએ તેમની પાસેથી તેમનું બધું જ ઝૂંટવી લીધું છે, તેઓનું જીવન, તેઓનો આત્મા તેઓના અસ્તિત્વનું સંપૂર્ણ કારણ. તેઓ તેમના બદલાના અધિકારી છે.'



પ્રકરણ-૪૯

નીલકંઠનું ઋણ

શિવની સેનાને, ભગીરથ, ચંદ્રકેતુ અને માતલિની નેતાગીરી નીચે ત્રણ દળોમાં વહેંચી દેવામાં આવી હતી. દરેક દળ દેવગિરિના ત્રણ દરવાજાઓ બહાર મોરચો માંડીને બેઠા હતા. માતલિનું દળ સુવર્ણદ્વાર, ચંદ્રકેતુનું દળ રજતદ્વારના બહાર જવાના રસ્તે પહેરો ભરી રહ્યા હતા. અને ભગીરથનું દળ તાંબાના દરવાજા પાસેની નિસરણી પર બેઠું હતું. શિવના આદેશોનું પાલન કરવામાં આવી રહ્યું હતું. કાલીના વિરોધને અવગણીને શિવનાં દળોએ નગરની અંદરના લોકોને સૂચના આપી દીધી હતી કે એ ક્ષત્રિયો સિવાય જેઓએ સોમરસનું રક્ષણ કરવા લડાઈ કરી હતી અને એ બ્રાહ્મણો સિવાય જેઓએ સોમરસ બનાવવાનું કામ કર્યું હતું, તે સૌને જવાની રજા આપવામાં આવી છે. દક્ષ અને વિધુન્માલી સહિત અનેક અંગત અંગરક્ષકોને આ સર્વ ક્ષમાવિધિથી અલગ કરી દેવામાં આવ્યા હતા. બહાર જવાનું શરૂ થઈ ગયું હતું. શિવના સૈનિકોમાં જે ચંદ્રવંશી હતા તેઓને આશ્ચર્ય એ વાતનું હતું કે મોટી સંખ્યામાં નાગરિકોએ રોકાઈ જવાનું અને દેવગિરિની સાથે જ મરવાનું નક્કી કર્યું હતું.

ઘણાબધા લોકો એવા હતા જેઓ શિસ્તબદ્ધ કતારમાં નગરના દરવાજાઓ સુધી આવ્યા, તેઓએ તેમના કુટુંબોને ગરિમાપૂર્ણ વિદાય આપી અને પછી પોતાના મૃત્યુની રાહ જોવા માટે શાંતિથી પોતાના ઘરમાં ચાલ્યા ગયા. તેઓના વ્યવહારમાં ન કોઈ કટુતી હતી કે ન નગરને બચાવવાના પ્રયત્ન રૂપે દરવાજાઓ ઉપર લડાઈ. ન કોઈ અત્યંત નાટકીય વિદાય.

ગોપાલ અને કાર્તિકે પોતાને ભગીરથના સૈનિકો સાથે તાંબાના દરવાજા પાસે ઊભા રહેવાનું નક્કી કર્યું હતું. એ તરફના સૈનિકો મૂળે બ્રંગાના હતા. નાકાબંધીનું નિરીક્ષણ કર્યા પછી થાકી ગયેલ ભગીરથ ચોકી પર પાછા આવી ગયા.

અયોધ્યાના રાજકુમારે ચોકી નાકા પર નાગરિકો દ્વારા હલચલ તરફ ડોકું ધુણાવ્યું, કારણ કે તેઓમાંથી અડધા બહાર જતા હતા અને અડધા પાછા નગરમાં આવી રહ્યા હતા. 'અહીં આ શું ચાલી રહ્યું છે ?'

કાર્તિકે આંખો નીચે ઢાળી દીધી અને કંઈ ન બોલ્યો, જ્યારે ગોપાલની આંખો આંસુથી ભરાઈ આવી.

'આ મેલુહાના લોકોનું એક આંદોલન જેવું બની ગયું છે.' વાસુદેવોના પ્રમુખે કહ્યું, 'સન્માનનું કામ. એક એવો હેતુ જે આપની પાસે આપનું જીવન માગે છે. રોકાઈ જાવ અને

આપણા નગરની સાથે મૃત્યુ પામો. નીલકંઠના હાથે મૃત્યુ પામીને આપના આત્માને શુદ્ધ કરી લો...' મન લાગણીથી ભરાઈ આવતાં તેઓ વધુ બોલી ન શક્યા.

ભગીરથે ભવાં ચડાવ્યાં, 'તેનો શું અર્થ ?'

ગોપાલે જમા મેદની તરફ ઇશારો કર્યો, જ્યાં એક વધુ મહિલાએ એક દંપતીને વિદાય આપી હતી અને પછી તેણી ચૂપચાપ નગર તરફ પાછી ફરી ગઈ હતી. 'જાતે જ જોઈ લો.' ગોપાલે કહ્યું.

ભગીરથ ભવાં ચડાવેલી નજરે એક પળ ગોપાલ તરફ ધ્યાનથી જોઈ રહ્યા અને પછી પેલી મહિલા તરફ જોવા લાગ્યા.

'ક્ષમા કરજો, બહેનજી.' ભગીરથે એ મહિલાને સાદ આપ્યો, એટલે એ મહિલા રોકાઈ જઈને તેઓની તરફ જોવા લાગી. 'આપ નગરમાં પાછાં કેમ જઈ રહ્યાં છો ? આપ બીજાઓ સાથે નગર બહાર કેમ જઈ રહ્યાં નથી ?'

એ મહિલાની કાળી, શાંત આંખો સાથેનો ચહેરો કોઈ કૃપાળુનો હોય તેવો લાગતો હતો. તેણીએ એકદમ શાંત ભાવથી કહ્યું, 'હું એક મેલુહાવાસી છું. મેલુહાવાસી હોવાનો અર્થ એ નથી કે આપ કયા દેશમાં રહો છો -- એનો અર્થ છે કે આપ કેવી રીતે રહો છો, કઈ વસ્તુમાં વિશ્વાસ રાખો છો. જો કોઈ મહાન વસ્તુ માટે સંઘર્ષ ન કરવાનો હોય તો એક લાંબા જીવનનો અર્થ શું ? ભગવાન રામના સૌથી પવિત્ર નિયમને તોડી નાખવામાં આવ્યો છે. અમારું પતન થઈ ગયું છે. અમે જે કાંઈ છીએ, તે પહેલેથી જ નાશ પામી ગયું છે. જો આ જ અમારું કર્મ છે, તો અમે આ જીવનમાં બીજી કઈ વસ્તુ માટે સંઘર્ષ કરવાની આશા રાખી શકીએ છીએ ?'

ભગીરથને પોતાના કાન પર વિશ્વાસ ન બેઠો. તેઓને થયું તેઓ શું સાંભળી રહ્યા છે.

મેલુહાની તે મહિલા આગળ બોલતી ગઈ. 'હું નીલકંઠ પર વિશ્વાસ રાખું છું. મેં આટલાં વર્ષો સુધી તેઓની પ્રતીક્ષા કરી છે, તેઓની પૂજા કરી છે. અને મેલુહાએ તેઓ સાથે આવું કર્યું. અમારી રાજકુમારી સાથે -- જે સમગ્ર મેલુહાવાસીઓમાં સૌથી અનુકરણીય હતી, જેઓએ પોતાના જીવનનો એક એક શ્વાસ સંપૂર્ણ રીતે ભગવાન રામની વિધિ અનુસાર જીવ્યો હતો. અમે જે બનાવીએ છીએ તે કાયદાઓ સાથે મેલુહાએ આવું કર્યું. એ કાયદાઓ તો અમારી ઓળખ છે.' એક પળ શાંત રહી, તેણીની આંખો ભગીરથની આંખોમાં કંઈક ખોળતી રહી. 'હું ગુનેગાર છું. મેં સોમરસ લીધો છે. મેં સમ્રાટનું અનુકરણ કર્યું અને પોતાના મનના સંતોષ ખાતર, શાંત રહીને હું એ બધી વાતોની ભાગીદાર બની જેના પરિણામે આ બધું બન્યું. જો આ મેલુહાની બૂરાઈ છે તો એ મારી પણ બૂરાઈ છે. મારું કર્મ છે. હું આજે નીલકંઠ પ્રત્યેનું મારું ઋણ ચૂકવીશ અને પ્રાર્થના કરીશ. કે આના કારણે હું મારા આત્મા ઉપર થોડુંક ઓછું પાપ લઈને ફરી જન્મ લઈ શકું.'

ભગીરથ સ્તબ્ધ હતા. આની પાછળ શું તર્ક છે ? એ મહિલાએ ધીરેથી પોતાનું માથું હલાવ્યું અને પછી સંપૂર્ણ સભાનતા સાથે નગર તરફ ચાલી નીકળી.

પાછળથી ગોપાલનો અવાજ આવ્યો, 'હું જાણું છું. એ બધા આ જ કહી રહ્યા છે. હું મેલુહાવાસી છું. નિયમને તોડવામાં આવ્યો છે. આ મારું કર્મ છે.'

તેઓ શાંતિથી ઊભા રહી એ મહિલાને જતી જોઈ રહ્યા.

'રાજકુમાર ભગીરથ,' તેઓ બંને સહેજ ચોંકી ગયા અને પોતાના મનમાં ચાલતા વિચારોમાંથી બહાર આવ્યા.

'શું કહેતા હતા, કાર્તિક ?' ભગીરથે મોં ફેરવીને કહ્યું.

'હું ઇચ્છું છું કે આપ સેનાપતિ પર્વતેશ્વરને બોલાવી મંગાવો.'

'મેં આ પહેલાં જ આનંદમયીને બોલાવવા એક સંદેશવાહકને મોકલ્યો છે.' ભગીરથે કહ્યું,

'પરંતુ હજી સુધી ન તો તેણી આવી છે, ન તેણીના પતિ. તેણી પર્વતેશ્વર વગર ક્યાંય નહીં જાય. હું હજી પણ તેઓ બંનેને સમજાવવાનો પ્રયત્ન કરી રહ્યો છું.'

'તેઓને જણાવો.' ગોપાલે કહ્યું, 'માનનીય કાર્તિક અને મેં તેઓને અહીં બોલાવ્યા છે. આપણે એક એવા વિષય ઉપર વાત કરવાની છે જે ભારતના ભવિષ્ય માટે મહત્ત્વપૂર્ણ છે.'

ભગીરથ આ સાંભળી ચોંકી ગયા. તેઓ જાણતા હતા કે ગોપાલ અને કાર્તિક જે સૂચનો કરી રહ્યા છે, તે તેઓની બહેન અને તેણીના પતિને દેવગિરિની બહાર લાવવાનો એકમાત્ર રસ્તો હતો.

'હું જાતે નગરમાં જઈશ.' ભગીરથે કહ્યું.

'અને રાજકુમાર ભગીરથ...' ગોપાલ જરા અચકાયા.

'હું સમજું છું, પંડિતજી. આ અંગે એક શબ્દ પણ હું કોઈને કહીશ નહીં.'

તેઓ શાંતિથી એ નગર તરફ દેખતા ઊભા રહ્યા જેનું કાલે કોઈ અસ્તિત્વ રહેવાનું નહોતું.

'ક્ષમા કરજો' એક અવાજ આવ્યો. તેઓએ પાછળ ફરીને જોયું તો ત્યાં મેલુહાવાસીઓનું નાનકડું ટોળું ઊભું હતું.

'બોલો, શું છે ?' કાર્તિકે કહ્યું.

'અમે આજે સવારે નગર છોડીને જતા રહ્યા હતા, પરંતુ અમે અમારો વિચાર બદલી નાખ્યો છે. અમે રોકાઈ જવા માગીએ છીએ. શું અમે ફરી અંદર નગરમાં જઈ શકીએ છીએ ?'

ગોપાલ ભરોસો ન પડતો હોય તેમ તેઓ સૌને જોતા રહ્યા અને ભગીરથે નજર નમાવી દીધી અને મનોમન પ્રાર્થના કરતા રહ્યા કે તે પોતાની બહેનને નગર છોડી જવા મનાવી શકે તો સારું.



ત્રીજો પ્રહર વીતી ચૂક્યો હતો અને સૂર્યાસ્ત થવાની તૈયારી હતી. આ દેવગિરિ માટે છેલ્લો સૂર્યાસ્ત થવાનો હતો. દેવગિરિના રાજમહેલમાંથી નીકળતી વખતે વીરિનીએ આકાશ તરફ જોયું.

'મહારાણી,' એક ચોકીદારે તેણીની પાછળ આવીને પ્રણામ કર્યાં.

વીરિનીએ બેપરવાઈથી હાથ હલાવ્યો અને દરવાજા તરફ આગળ વધવા માંડી.

'મહારાણી ! શું આપ જઈ રહ્યાં છો ?' સ્તબ્ધ ચોકીદારે પૂછ્યું.

તે એકદમ ચકિત થઈ ગયો હતો કે મેલુહાની રાણી તેઓને છોડીને નીલકંઠના 'સર્વક્ષમા' પ્રસ્તાવનો સ્વીકાર કરી રહી છે.

વીરિની જવાબ આપવાની તકલીફ લીધા વિના સુવર્ણદ્વાર તરફ આગળ ચાલતી રહી.



'શું આ નીલકંઠનો હુકમ છે ?' પોતાના પતિ તરફ જોતા પહેલાં આનંદમયીએ પૂછ્યું.

પર્વતેશ્વર અને તેણી તાંબાના દરવાજા પાસેના અલગ ખંડમાં હતાં અને ગોપાલ, કાર્તિક અને ભગીરથ સાથે વાતો કરી રહ્યાં હતાં.

'તેઓની એવી જ ઇચ્છા છે.' ગોપાલે કહ્યું, 'આ સમયે તેઓ આ જાણતા નથી.'

પર્વતેશ્વરે ભવાં ચડાવ્યાં, 'જો નીલકંઠે ના કહી હોય તો તેનો અર્થ છે ના...'

'સેનાપતિ, હું આપની નિષ્ઠાનું સન્માન કરું છું.' ગોપાલે કહ્યું, 'પરંતુ એક વિશાળ ચિત્ર પણ છે. હવે સોમરસ બૂરાઈ છે, પરંતુ તેનો સંપૂર્ણપણે નાશ નથી કરવાનો. આપણે સોમરસના જ્ઞાનને જીવંત રાખવાનું છે, કારણ કે ફરીથી તેની જરૂરત પડી શકે છે. આપણે વાત કરી રહ્યા છીએ ભારતના ભવિષ્યની.'

'શું આપના કહેવાનો અર્થ એ છે કે પ્રભુ નીલકંઠને ભારતના ભવિષ્યની ચિંતા નથી ?' પર્વતેશ્વરે પૂછ્યું.

'હું એવું કશું નથી કહી રહ્યો, સેનાપતિ.' ગોપાલે કહ્યું, 'પણ...'

અચાનક કાર્તિક વચ્ચે બોલ્યો, 'હું મારા પિતા તરફ આપની નિષ્ઠાનું સન્માન કરું છું અને મને વિશ્વાસ છે કે આપ પણ તેઓ પ્રત્યેના મારા પ્રેમ વિષે જાણતા હશો.'

પર્વતેશ્વરે કંઈ બોલ્યા વિના વાત સ્વીકારતા હોય તેમ ડોકું હલાવ્યું.

'અત્યારે મારા પિતા ખરાબ રીતે વ્યાકુળ છે.' કાર્તિકે કહ્યું, 'આપ મારી માતા પ્રત્યેના તેઓના અનન્ય પ્રેમને જાણતા હતા. તેણીના મૃત્યુના દુ:ખે તેમના મન-મગજને ભ્રમિત કરી દીધું છે. તેઓ ભયંકર ગુસ્સામાં છે અને એવું થવું યોગ્ય પણ છે, પરંતુ આપ એ પણ જાણો છો કે તેઓનું હૃદય શુદ્ધ છે. તેઓ એવું કશું જ કરવા નહીં ઇચ્છે જે ધર્મની વિરુદ્ધ હોય. હું ફક્ત એટલું ઇચ્છું છું કે સોમરસની તકનીકને ત્યાં સુધી જીવંત રાખવી જોઈએ જ્યાં સુધી મારા પિતાનો ક્રોધ ઓછો ન થઈ જાય. જો ઠંડા મન-મગજથી વિચારીને પછી પણ તેઓ એ નિર્ણય લે કે સોમરસ સાથે જોડાયેલી બધી જ વસ્તુઓનો નાશ કરી દેવામાં આવે, તો હું અંગત રીતે તેની ગોઠવણ કરીશ.'

પર્વતેશ્વર વિચારમાં પડી ગયા અને શૂન્યભાવથી જોવા લાગ્યા અને પછી બોલ્યા.

'અને આમ કરવા માટે આપને બ્રાહ્મણોને અને તે સાથે સોમરસ પુસ્તકાલયોને બચાવી રાખવાનું સુનિશ્ચિત કરવું પડશે.' તેણે નિસાસો નાખ્યો. 'આનાથી ઘણાબધા સોમરસને પૂજનારા બૌદ્ધિકો જીવતા રહેવાના. તેઓ આ અવસરને વધાવી લેશે. પણ કેટલાક એવા પણ છે જેઓ માન-મર્યાદાના અવાજને માન આપે છે. કાર્તિક, તમે કોઇ વ્યક્તિને તેઓની માન-મર્યાદા છોડવા માટે દબાણ ન કરી શકો. તમે તેઓને જીવતા રહેવા માટેનું દબાણ ન કરી શકો, ખાસ કરીને જો તેનો અર્થ એ સોમરસને ચાલુ રાખવાનો હોય, જેને તેઓના નીલકંઠે બૂરાઈ જાહેર કરી દીધી છે અને જે તેઓની માતૃભૂમિનો વિનાશ કરી રહ્યો છે.

કાર્તિકે પર્વતેશ્વરનો હાથ પકડી લીધો, 'સેનાપતિ, મારી મા મારા સપનામાં આવી હતી. તેણીએ મને યોગ્ય કરવા કહ્યું હતું. તેણીએ કહ્યું કે હું યાદ રાખું કે તેણી કેવી રીતે જીવી હતી અને કેવી રીતે મરી ગઈ હતી. આપ પણ જાણો છો કે તેણી પણ એ જ કરતી જે કરવાનો હું પ્રયત્ન કરી રહ્યો છું.'

પર્વતેશ્વરે આકાશ તરફ જોયું અને પછી તરત એક આંસુ લૂછી નાખ્યું. તેઓ લાંબો સમય મૌન રહ્યા. 'ઠીક છે, કાર્તિક.' અંતે તેઓ બોલ્યા, 'હું તેવા લોકોને બહાર લઈને જઈશ. જ્યાં શક્ય હશે હું તેઓ સાથે વાત કરીને બહાર કાઢીશ અને જ્યાં શક્ય નહીં હોય ત્યાં હું તેઓને બળજબરીથી બહાર કાઢીશ, પરંતુ યાદ રહે, તેઓ આપની જવાબદારી રહેશે. તેઓને બૂરાઈનો પ્રચાર કરવાની રજા નહીં આપવામાં આવે. ફક્ત પ્રભુ નીલકંઠ જ સોમરસના ભાગ્યનો નિર્ણય લઈ શકે છે. ન આપ, ન માનનીય ગોપાલ, ન બીજું કોઈ.

— ⅄⦶ႮᛏⓈ —

વીરિની ઝડપથી સુવર્ણહાર પાસેના ઊંચા સ્થાનનાં પગથિયાં ઊતરવા માંડી જ્યારે ત્યાં એકઠાં થયેલાં બધાં લોકો પોતાની રાણી માટે રસ્તો બનાવવા માંડ્યા. અહીંનો વહીવટ માતલિના સૈનિકો પાસે હતો જેઓ નગર બહાર જવાની ઇચ્છા રાખતા દરેક નાગરિકોની બરાબર તપાસ કરી રહ્યા હતા. સૈનિકોએ વીરિનીને પ્રણામ કર્યાં. તેણીએ મન વગર તેઓને જવાબ આપ્યો હતો, પરંતુ તે સતત નગરથી ચાર કિલોમીટર દૂર બનાવવામાં આવેલ લાકડીના વિશાળ ટાવર તરફ આગળ વધતી રહી. આ એ સ્થળ હતું જ્યાંથી પશુપતિશાસ્ત્રને છોડવામાં આવવાનું હતું.

ટાવરની નજીક પહોંચતાં જ વીરિનીએ શિવને સૂચનાઓ આપતા જોયા. તેણીએ તેઓની નજીક ઊભેલી મહિલાને તરત ઓળખી લીધી : બૃહસ્પતિની પ્રેમિકા, તારા. ગણેશ તારાની સાથે રહીને કામ કરી રહ્યા હતા, જેઓની આવડતના લીધે જ આટલો મોટો ટાવર ઊભો થઈ શક્યો હતો. કાલી થોડે દૂર એક મોટા પથ્થર ઉપર બેઠી હતી. તેણી વિચારોમાં ખોવાયેલી લાગતી હતી.

કાલીએ સૌથી પહેલાં વીરેનીને જોઈ, ‘મા !’

વીરિની શિવ તરફ આગળ વધી અને બીજી તરફ કાલી અને ગણેશ તેણીની તરફ આવવા લાગ્યા.

શિવે વીરિનીને સ્થિર આંખોથી જોઈ, જ્યારે તેઓના મગજમાં હવે સતત થતી પીડા, તેઓ માટે ધ્યાન કેન્દ્રિત કરવું મુશ્કેલ બનાવી રહી હતી. વીરિની હંમેશા શિવની આંખોથી અંજાઈ જતી હતી -- તેમાં રહેલી બુદ્ધિ, સ્થિરતા અને રમૂજ તેણીને વિચાર કરતી કરી દેતી હતી. તેણી માનતી હતી કે શિવનો નીલો કંઠ નહીં પણ તેઓની આંખો જ બધો જાદુ કરી રહી હતી, પરંતુ અત્યારે એ આંખોમાં પીડા અને દુઃખ સિવાય કશું જ દેખાતું નહોતું, જે એક એવા આત્માનાં દર્શન કરાવી રહી હતી જેણે પોતાના જીવવાનું કારણ જ ખોઈ નાખ્યું હતું.

શિવને રતીભાર પણ શંકા નહોતી કે વીરિની સતીની હત્યામાં કોઈ પણ પ્રકારે સામેલ હતી. તેઓએ પોતાનું માથું નમાવ્યું અને હાથ જોડીને માનપૂર્વક નમસ્કાર કર્યાં.

વીરિનીએ શિવના હાથને પકડી લીધો અને તેણીની આંખો શિવના માથા પરના કાળા-લાલ થરથરાતા ડાઘ પર જડાઈ ગઈ. ‘મારા દીકરા, હું એ પીડા વિષે વિચારી પણ શકતી નથી જેમાંથી આપ અત્યારે પસાર થઈ રહ્યા છો.’

શિવ કાંઈ ન બોલ્યા. તેઓ ખોવાયેલા, તૂટી ગયા હોય તેવા દેખાતા હતા.

‘મેં સતીને એક વચન આપ્યું હતું, એક વચન જે તેણીએ મરતા પહેલાં મારી પાસેથી લઈ લીધું હતું. તે વચન હું અહીં પૂરું કરવા આવી છું.’

શિવની આંખોને જાણે કશુંક મળી ગયું. તેઓએ વીરિની તરફ જોયું.

‘તેણીની ઇચ્છા હતી કે તેણીની અંત્યેષ્ટિ તેણીના બંને પુત્રો દ્વારા કરવામાં આવે.’

ગણેશ, જે વીરેનીની નજીક ઊભા હતા, તેઓએ એક ઊંડો શ્વાસ લીધો અને તેઓની આંખોમાંથી આંસુઓ નીકળી પડ્યાં. પરંપરા એ હતી કે પિતાની અંત્યેષ્ટિ મોટો પુત્ર કરતો હતો અને માતાની અંત્યેષ્ટિ નાનો પુત્ર કરતો હતો. સાથે સાથે કોઈ પણ અંત્યેષ્ટિમાં નાગાઓની હાજરી અશુભ માનવામાં આવતી હતી. આ માટે ગણેશે પોતાની માતાની ચિતાને અગ્નિ આપી સન્માન પામવાની આશા રાખી નહોતી.

કાલીએ પાછળ ફરીને ગણેશને સાચવી લીધો.

‘પરંતુ પરંપરા અનુસાર માતાની અંત્યેષ્ટિ ફક્ત સૌથી નાનું સંતાન જ કરી શકે છે.’ વીરિનીએ શિવને કહ્યું, ‘જો આ પરંપરાને કોઈ પણ પડકાર આપી શકે તેમ હોય તો તે આપ જ છો.’

'મને આ પરંપરાની સહેજ પણ ચિંતા નથી.' શિવે કહ્યું, 'જો સતી એમ જ ઇચ્છતી હતી તો એમ જ થશે.'

'હું કાર્તિકને પણ કહી દઈશ.' વીરિનીએ કહ્યું, 'મને કહેવામાં આવ્યું છે કે તે તાંબાના દરવાજા પાસે છે.'

શિવે શાંત રહીને માથું હલાવ્યું અને પછી ફરી જઈને એ ભવન તરફ જોવા લાગ્યા જ્યાં સતીનું શરીર બરફની સમાધિ પર રાખવામાં આવ્યું હતું.

વીરિની શિવને ભેટવા માટે આગળ આવી. શિવે પોતાની સાસુને ધીમેથી પકડી.

'થોડી શાંતિ મેળવવાનો પ્રયત્ન કરો, શિવ.' વીરેનીએ કહ્યું, 'સતી પણ એ જ ઇચ્છતી હોત.'

'શું આપ શાંતિ પામવામાં સફળ થયાં છો ?'

વીરિનીએ એક ફિક્કું સ્મિત કર્યું. '

અમને હવે ત્યારે શાંતિ મળશે જ્યારે અમે સતીને ફરીથી મળીશું.' શિવે કહ્યું.

'તેણી એક મહાન મહિલા હતી. કોઈ પણ માતાને આવી પુત્રી પામીને ગર્વ થાય.'

શિવ શાંત રહ્યા અને પોતાની આંખના ખૂણામાંથી એક આંસુને લૂછયું.

વીરિનીએ શિવનો હાથ પકડી લીધો. 'મારે આપને આ કહેવું જોઈશે. તેણી જીવતી રહી શકી હોત. જ્યારે તેણીને ષડયંત્ર વિષે ખબર પડી. ત્યારે તેણી દેવગિરિમાં હતી, અમારા મહેલમાં. તેણી આ બધાથી દૂર રહેવાનો નિર્ણય લઈ શકી હોત, પરંતુ તેણી લડતાં લડતાં નગરની બહાર નીકળી ગઈ અને નંદી તથા તેણીના બીજા અંગરક્ષકોને બચાવવા લડાઈમાં કૂદી પડી. તેણી છેલ્લા શ્વાસ સુધી પોતાના શત્રુઓ સામે લડી હતી અને તેઓને પડકારતાં એક વીર, સન્માનજનક યોદ્ધાના જેવા મોતને વરી. આ એ પ્રકારનું મૃત્યુ હતું જે તેણી હંમેશા પોતાના માટે ઇચ્છતી હતી, જેમ કોઈ યોદ્ધો તેમ માગતો હોય છે.'

શિવની આંખો ફરીથી ઊભરાઈ ચાલી. 'સતીએ પોતાના માટે બહુ ઊંચાં ધોરણ સ્થાપ્યાં હતાં.'

વીરિની ઉદાસ ભાવે હસી.

શિવે એક ઊંડો શ્વાસ લીધો. તેઓએ તો પશુપતિશાસ્ત્ર ઉપર ધ્યાન આપવાનું હતું. તેઓએ નમ્રતાથી હાથ જોડી વીરિનીને કહ્યું, 'મારે...'

શિવે નમીને પોતાની સાસુનો ચરણસ્પર્શ કર્યો. વીરિનીએ ધીમેથી તેઓના માથાનો સ્પર્શ કર્યો અને તેઓને આશીર્વાદ આપ્યા. શિવ પાછળ ફરીને શસ્ત્રના કામનું નિરીક્ષણ કરવા જતા રહ્યા. આ જ એક કામ હતું જે તેઓના આત્માને ચકનાચુર કરતાં રોકી શકે તેમ હતું.

વીરિનીએ પાછળ ફરીને પોતાની પુત્રી કાલી અને પૌત્ર ગણેશને આલિંગન કર્યું.

'મેં તમારા બંને સાથે અન્યાય કર્યો છે.' વીરિનીએ કહ્યું.

'ના, એવું નથી, મા.' કાલીએ કહ્યું, 'પાપ તો પિતાજીએ કર્યું છે, આપે નહીં.'

'પરંતુ હું માતા તરીકેની ફરજ બજાવવામાં અસફળ રહી. જ્યારે તેઓએ તમને સ્વીકારવાની ના કહી દીધી હતી ત્યારે જ મારે મારા પતિનો ત્યાગ કરી દેવા જેવો હતો.'

કાલીએ માથું હલાવ્યું અને પછી બોલી, 'આપને એક પત્નીની ફરજ પણ નિભાવવાની હતી.'

'પત્નીની ફરજ પતિનાં દુષ્કર્મોમાં તેઓને સાથ આપવામાં નથી. ખરેખર તો જ્યારે પતિ ખોટા હોય તો એક સારી પત્ની પોતાના પતિને સુધારે છે, પછી ભલેને તેના માટે તેને તેઓની સાથે કઠોર કેમ ન બનવું પડે.'

'મને નથી લાગતું કે તેઓ આપની વાત સાંભળે, નાની.' ગણેશે પોતાની નાનીને કહ્યું,

'ભલેને આપ ગમે તેટલો પ્રયત્ન કરત એ વ્યક્તિ...'

વીરિનીએ પોતાના પૌત્ર તરફ જોયું અને ગણેશે તેઓની સામે પોતાના નાનાનું અપમાન કરતાં ખુદને રોકી લીધો હતો. વીરિનીએ તેની આંખોને જોઇ. તે આંખો તેટલી શાંત અને અનાસક્ત નહોતી જેટલી વીરિનીએ છેલ્લી મુલાકાત વેળા જોઈ હતી. તે ક્રોધથી ભરેલી હતી - પોતાની માતાના મૃત્યુ પર દબાયેલા આક્રોશથી ભરપૂર.

'નાની, મને ક્ષમા કરજો. મારે ટાવર પર કામ કરવાનું છે.'

'જરૂર, મારા બેટા.'

ગણેશે નમીને પોતાની નાનીનો ચરણસ્પર્શ કર્યો અને પાછા તેઓ તારા પાસે જતા રહ્યા.

'મા, જો થોડી વાર થોભી જશો તો ગણેશ આપને અમારી નૌકા પર લઈ જશે.' કાલીએ કહ્યું, 'આપ આ બધું પૂરું થાય ત્યાં સુધી રોકાજો પછી અમારી સાથે પંચવટી પાછાં આવી શકો છો. મારા ઘરમાં આપની હાજરી બહુ સારી લાગશે, ભલેને એ હોવું જોઈએ તેના કરતાં સો વર્ષ પછી બન્યું. અમારી સાથે આપ હશો તો અમને અમારાં દુઃખ અને સતી દ્વારા ઉત્પન્ન થયેલ શૂન્યતા સામે લડવામાં મદદ મળશે.'

વીરિનીએ હસીને કાલીને ગળે લગાડી દીધી, 'તારા ઘરમાં રહેવા માટે મારે આવતા જન્મની રાહ જોવી પડશે, મારી દીકરી.'

કાલી નવાઈ પામી ગઈ. 'મા, એ ઘરડા બકરાનાં પાપોનો દંડ આપે ભોગવવો ન જોઈએ. આપ દેવગિરિ પાછાં નહીં જાવ !'

'હસવા જેવી વાત ન કર, કાલી. હું મેલુહાની રાણી છું. જ્યારે દેવગિરિ મરશે ત્યારે હું પણ મરીશ.'

'ક્યારેય નહીં.' કાલીએ ચીસ પાડીને કહ્યું, 'તેનું કોઈ કારણ નથી...'

'શું પંચવટીના વિનાશવાળા દિવસે તું પંચવટી છોડી દઈશ ?'

કાલી સ્તબ્ધ થઈ ગઈ, પરંતુ નાગારાણી એમ હાર માને તેવી નહોતી. 'આ તો એક કાલ્પનિક પ્રશ્નન છે, મા, મહત્ત્વની વાત એ છે કે...'

'મહત્ત્વની વાત એ છે મારી દીકરી,' વીરિનીએ વચ્ચેથી વાત કાપતાં કહ્યું, 'કે એ વ્યક્તિની ઓળખાણ જેણે આ ષડયંત્ર પૂરું કરવા માટે તારા પિતાને મદદ કરી હતી. ઘણાબધા કાવતરાખોરો અને હત્યારાઓ ભાગી ગયા છે. તેઓ કાલે અહીં મરવાના નથી. તારે તેઓને ખોળી કાઢવા પડશે. તેઓને સજા આપવી જોઈશે.'



પ્રકરણ-૫૦

એક વારસાનું રક્ષણ

પશ્ચિમમાં સૂર્ય ક્યારનો ડૂબી ગયો હતો. કાર્તિક, ગોપાલ અને ભગીરથ તાંબાના દરવાજાના દૂરના છેડે ઊભા હતા. આ વિસ્તારને સ્પષ્ટ રીતે ન તો બીજા બે દરવાજાઓ પરથી જોઈ શકાતા હતા અને ન શિવની સેનાની છાવણીના વિસ્તારમાંથી. પોતાનું કામ પૂરું કરવા માટે કાર્તિક માટે આ સૌથી ઉત્તમ સ્થાન હતું.

દિવોદાસના હુકમ હેઠળના વીસ બ્રંગા સૈનિકો, જેઓ બલ-અતિબલની લડાઈ પછી કાર્તિક તરફ ખૂબ જ માન અને નિષ્ઠા ધરાવતા હતા, તેઓ તેમની સાથે હતા. આ સૈનિકોએ જોરથી એક દોરડું પકડી રાખ્યું હતું અને તેને ધીરે ધીરે છોડી રહ્યા હતા. દિવોદાસ પણ તેઓની સાથે જ લાગેલા હતા. આ દોરડું એક ગરગડી સાથે જોડાયેલું હતું જે તાંબાના દરવાજા પાસેની દીવાલ પર લટકાવેલી હતી. આ ગરગડી પર ફરતું દોરડું નીચે જઈને લાકડાના એક પાંજરા સાથે બાંધેલું હતું, જે પાંજરું એકીસાથે દસ બ્રાહ્મણોને લઈ આવી શકતું હતું. એ વખતે દસ બ્રાહ્મણો પોતાનાં પુસ્તકો અને બીજી જરૂરી સામગ્રી સાથે કાર્તિક નજીક ઊતરી રહ્યા હતા. આખી વાત ખાનગી રાખવી અત્યંત જરૂરી હતી, કારણ કે નગરમાંથી સોમરસના કોઈ પણ જ્ઞાનને દૂર કરવા ઉપરાંત પ્રતિબંધ હતો અને ગુનાની સજા મૃત્યુ હતી.

સાવચેતી માટે, લાકડાના પાંજરા સાથે એક વધુ દોરડું બાંધવામાં આવ્યું હતું. આ દોરડું પણ ગરગડીમાં ફરી રહ્યું હતું જે કિલ્લાની દીવાલ પર લગાવવામાં આવી હતી, પરંતુ આ દોરડાનો પકડવાનો છેડો ઊંચી જગ્યા પર સૂર્યવંશી સૈનિકોના હાથમાં હતો. તેનું નિરીક્ષણ પર્વતેશ્વર કરી રહ્યા હતા. બંને સૈનિક દળો એકબીજા સાથે હળીમળીને કામ કરી રહ્યા હતા અને પોતપોતાનાં દોરડાં એક જ ગતિથી છોડી રહ્યા હતા જેથી પાંજરું સાચવીને નીચે ઊતરી જાય. દીવાલનો ખૂણો એવી રીતે હતો કે પર્વતેશ્વર નીચે જોઈને લાકડાના પીંજરાની ગતિ અને જમીનથી તે કેટલું ઊંચું છે તે માપી શકે. કોઈ અકસ્માત ન સર્જાય તે માટે બંને દળો દોરડાને એકસરખી ગતિથી નીચે ઉતારતાં હતાં.

આવો અકસ્માત ન સર્જાય તે માટે ભગીરથ દૂર ઊભા રહી બંને દળો પર ધ્યાન આપતા હતા. ચંદ્રનો પ્રકાશ ભગીરથને જોવામાં મદદ કરતો હતો. તેઓનું કામ ચકલીની જેમ, પરંતુ સ્થિર લયમાં સીટી વગાડવાનું હતું અને તે ત્યાં સુધી જ્યાં સુધી પાંજરું જમીનને અડી ન જાય. તેઓ સમય સાચવનારની ભૂમિકા ભજવી રહ્યા હતા અને સૈનિકોના હલનચલન પર ધ્યાન પણ

આપતા હતા.

ભગીરથે સીટી વગાડવાનું બંધ કર્યું એટલે કાર્તિકે પાછળ ફરીને જોયું. દિવોદાસ અને તેમનું દળ રોકાયું નહીં અને એ જ ગતિથી દોરડું છોડતા રહ્યા. પરંતુ કિલ્લાની દીવાલ પર હાજર સૂર્યવંશી, જોકે હુકમોનું પાલન કરવાના એક્કા હતા, એટલે જેવી ભગીરથે સીટી વગાડવી બંધ કરી કે તેઓએ દોરડું છોડવાનું પણ બંધ કર્યું. તરત જ લાકડાનું પાંજરું હાલકડોલક થઈ ગયું અને બીજી બાજુ ખરાબ રીતે નમી ગયું.

'થોભો,' કાર્તિકે મોટી બૂમ પાડી.

દિવોદાસ અને તેમના માણસો અટકી ગયા. સોમરસ ઉત્પાદન કરતા કારખાનાના દસ બ્રાહ્મણોની સાથે પાંજરું ખતરનાક રીતે હવામાં લટકી રહ્યું. ગોપાલે મનોમન એ બધા બ્રાહ્મણોની પ્રશંસા કરી જેઓ કદાચ નીચે પડીને મરી ગયા હોત છતાંય શાંત રહ્યા હતા. જો તેઓએ બુમરાણ મચાવી હોત તો અહીં શું ચાલી રહ્યું છે તેની બીજાઓને ખબર પડી જાત.

કાર્તિક ભગીરથ તરફ દોડતો ગયો, જેઓ જાણે પોતાની દુનિયામાં ખોવાઈ ગયા હોય તેમ ઊભા હતા.

'રાજકુમાર ભગીરથ ?'

ભગીરથ ઝબકીને જાણે જાગી ગયા અને સીટી વગાડવા માંડ્યા. સૂર્યવંશીઓએ દોરડાને સરખું કરીને છોડવાની શરૂઆત કરી અને લાકડાનું પાંજરું શાંતિથી જમીન પર આવી ગયું. પાંજરામાં રહેલા બ્રાહ્મણો શિસ્તપૂર્વક જલદીથી પાંજરામાંથી બહાર આવી ગયા.

બંને દળોએ પાંજરાને ફરી ઉપર ચડાવવાનું શરૂ કર્યું ત્યારે સીટી વગાડવાની જરૂરત નહોતી. ઉપર પાંજરાને લઈ જવા માટે ગતિની જરૂર હતી, સંતુલનની નહીં.

'રાજકુમાર ભગીરથ, કૃપા કરીને ધ્યાન આપશો. બહુ લોકોના જીવન જોખમમાં પડી જશે.'

કાર્તિક ભગીરથની ચિંતાનું કારણ જાણતો હતો. પર્વતેશ્વરે દેવગિરિ છોડવાની 'ના' કહી દીધી હતી. મેલુહાના સેનાપતિએ નિર્ણય લઈ લીધો હતો કે તેઓ પણ પોતાના પ્રિય નગર સાથે નાશ પામી જશે અને ભગીરથ વધુ દુ:ખી એટલા માટે હતા કે આનંદમયીએ પોતાના પતિ સાથે જ રહેવાનો નિર્ણય કર્યો હતો.

ભગીરથ આનંદમયીના આ નિર્ણય સામે અત્યંત લાગણીશીલ બની લડ્યા હતા. તેઓએ આનંદમયીને તેના આ નિર્ણય અંગે ફરી વિચાર કરવાની વિનંતી કરી હતી, અરે ભીખ માગી હતી. 'શું તને લાગે છે કે પર્વતેશ્વર ઇચ્છે છે કે તું મરી જાય? અને હું ? તું મને કેમ દુ:ખી કરી રહી છે ? શું તું મને એટલો ધિક્કારે છે ? હું તારો ભાઈ છું. મેં એવું તે શું તારી સાથે કર્યું છે કે તું મારી સાથે આવું કરી રહી છો ?'

આનંદમયી ફક્ત હસી અને કંઈ બોલી નહીં. તેની આંખો પ્રેમ અને આંસુઓથી ચમકી રહી હતી. તે પછી તેણી ધીરે રહીને બોલી, 'ભગીરથ, હું જાણું છું કે તું તારા આત્માના એક એક કણથી મને પ્રેમ કરે છે અને તું ઇચ્છે કે હું જીવતી રહું. તો મને જીવવા દેને. મને મારા જીવનની એક એક પળને જીવી લેવા દે અને તે એવી રીતે જેમ મારું માનવું છે કે જીવન તો જીવવું જોઈએ. મને જવા દે.'

ભગીરથે જોરથી તેના માથાને ઝટકો આપ્યો જાણે તેઓ પોતાના મગજને સાફ કરી રહ્યા હોય.

'ક્ષમા કરજો, કાર્તિક.'

કાર્તિકે આગળ આવીને ભગીરથનો હાથ પકડી લીધો. 'રાજકુમાર, આપની બહેન આપના વિષે સાચું માની રહી હતી. આપ આપના પિતાથી ઘણા સારા રાજા બનશો.'

ભગીરથે ધૂરકીને જોયા કર્યું. તેઓ પહેલેથી જ જાણતા હતા કે એ ચંદ્રવંશી સેનાને, જેને મેલુહાઈ દળપતિ વક્રની નેતાગીરીમાં દેવગિરિ જવા માટેનો હુકમ કરવામાં આવ્યો હતો, તેઓએ તેમના પિતા સમ્રાટ દિલીપ વિરુદ્ધ બળવો કરી દીધો હતો. સૈનિકોનું માનવું હતું કે અયોધ્યાના સમ્રાટે તેઓને તેમના અગાઉના શત્રુ મેલુહાવાસી તરફથી તેઓના નીલકંઠ વિરુદ્ધ એક અયોગ્ય લડાઈ માટે મોકલ્યા છે. ભગીરથ જાણતા હતા કે સૈનિકોમાંથી ઘણાબધા સૈનિકો તેઓને સિંહાસન પર બેસવા માટે મનાવવા દેવગિરિ આવવા નીકળી ચૂક્યા હતા, પરંતુ ભગીરથને તે અંગે કોઈ ચિંતા નહોતી. તેઓ તો પોતાની પ્યારી બહેનને ખોઈ નાખવાના વિચારથી ચિંતાતુર હતા.

'પરંતુ શું આપ જાણો છો કે એક મહાન રાજાની ઓળખાણ શું છે ?' કાર્તિકે પૂછયું.

ભગીરથે કાર્તિક તરફ જોયું.

'અંગત દુ:ખ વખતે પણ સંયમ અને શિસ્ત જાળવવી. આપની પાસે આપની બહેન અને બનેવીનો શોક કરવાનો સમય હશે, રાજકુમાર ભગીરથ. પણ હમણાં નહીં. આપ અહીં એકમાત્ર વ્યક્તિ છો જે કુદરતી રીતે પક્ષીની જેમ સીટી વગાડી શકો છો. આપ અસફળ ક્યારેય નહીં થાવ.'

'હા, માનનીય કાર્તિક,' ભગીરથે પહેલીવાર આ નવયુવકને 'માનનીય' કહીને બોલાવતાં કહ્યું.

કાર્તિક ઊંધી દિશામાં ફરી ગયો. 'અહીં આવો.'

એક બ્રંગા સૈનિક આગળ આવ્યો.

'રાજકુમાર ભગીરથ,' કાર્તિકે કહ્યું, 'આ વ્યક્તિ આપના કામમાં મદદ કરવા માટે અહીં હાજર રહેશે.'

ભગીરથને કોઈ વાંધો નહોતો. કાર્તિક તે પછી ઝડપથી ગોપાલની પાસે જતો રહ્યો.

વાસુદેવ પંડિતના ગંભીર ભાવને જોઈને કાર્તિકે પૂછયું, 'શું થયું, પંડિતજી ?'

ગોપાલે એક સૂર્યવંશી સૈનિક તરફ ઇશારો કરતાં કહ્યું, 'માનનીય પર્વતેશ્વરે એક સંદેશો મોકલ્યો છે : મહર્ષિ ભૃગુએ નગરને છોડીને જવાની ના કહી દીધી છે.'

કાર્તિકે માથાને એક ઝાટકો માર્યો, 'આ મેલુહાના લોકો મરવા માટે આટલા ઉતાવળા કેમ થઈ રહ્યા છે ?'

'હું શું કરું, માનનીય કાર્તિક ?' સૂર્યવંશી સૈનિકે પૂછયું.

'મને મહર્ષિ ભૃગુની પાસે લઈ જાવ.'



હવનકુંડનો અગ્નિ રાત્રે જેટલો પ્રકાશ ફેલાવી શકે એટલો પ્રકાશ ફેલાવી રહ્યો હતો. નજીકની સરસ્વતી નદી પર પડી રહેલું તેનું પ્રતિબિંબ તેના હેતુમાં મદદ કરી રહ્યું હતું. ગણેશ શાંતિથી એક પાટલા પર બેઠા હતા. તેઓએ એક સફેદ ધોતિયું પહેર્યું હતું.

એક હજામ ગણેશના વાળ કાપી રહ્યો હતો, જ્યારે ગણેશ ધીમે ધીમે મંત્ર બોલતાં બોલતાં અગ્નિમાં થોડું થોડું ઘી નાખતા જતા હતા.

ગણેશના બધા વાળ કાપી નાખ્યા બાદ, હજામે એક કપડું લઈ તેઓના માથાને લૂછયું. પછી તેણે એક નાની બાટલી લીધી જે આયુર્વતી પાસેથી લીધી હતી, તેમાંથી થોડું દ્રવ્ય પોતાના હાથમાં લીધું અને તેને ગણેશના માથા ઉપર ચારે તરફ ફેલાવી દીધું.

'થઈ ગયું, સ્વામી.'

ગણેશે કોઈ જવાબ આપ્યો નહીં. તેઓએ સીધું જ્વાળા તરફ જોયું, અને પછી ધીમેથી બોલ્યા, 'તેણી સૌથી શુદ્ધ હતી, અગ્નિદેવ. તેણીને આપનામાં સમાવતી વખતે આ વાત યાદ રાખજો. તેણીનું ધ્યાન રાખજો અને તેણીને સીધા સ્વર્ગમાં લઈ જજો જ્યાંથી તેણી આવી હતી. તેણી દેવી હતી, છે અને સદાય રહેશે. તેણી દેવી-મા બની રહેશે.'



મોડી રાત થઈ ગઈ હતી જ્યારે થાકી હારીને શિવ પોતાની સતી પાસે પાછા આવી ગયા હતા -- પશુપતિશસ્ત્ર તૈયાર હતું. બસ થોડા પ્રયોગો કરવાના બાકી હતા. તારા તે કામમાં જ લાગેલી હતી. શાંતિસંમેલન વિસ્તાર પશુપતિશસ્ત્રની બહારના વિસ્ફોટ સીમાની અંદર હતો, એટલા માટે સતીના શબને તેણીની બરફસમાધિ પરથી બીજા દિવસે સવારે લઈ લેવાનું હતું.

જે વાત કહેવાની કોઈનામાં હિંમત નહોતી, તે એ હતી કે મેલુહાઈ લોકોની ઠંડક રાખવાની રીત વગર સતીનું શબ સડવું શરૂ થઈ જશે અને તે પછી તેના અંતિમ સંસ્કાર કરવા પડશે. શિવ આ અંગે કશું વિચારવા જ માગતા નહોતા.

શિવે ભવનના અંદરના કક્ષનો દરવાજો ખોલ્યો અને અચાનક ઠંડી હવાની લહેરખીથી કંપી ગયા. તેઓએ પોતાના પુત્ર ગણેશને બરફના ઢગલા પાસે પોતાની મૃત માતાના હાથ પકડીને ઊભેલો જોયો. તેઓનું માથું મુંડેલું હતું. તેઓ પોતાના પગના પંજા ઉપર ઊભા હતા અને તેઓનું મોં પોતાની માતાના કાન પાસે હતું. પ્રાચીન પરંપરાનું પાલન કરતા, તેઓ તેણીના કાનમાં ઋગ્વેદની ઋચાઓ સંભળાવી રહ્યા હતા.

શિવે ગણેશની પાસે જઈને તેઓના ખભાનો ધીરેથી સ્પર્શ કર્યો. ગણેશે પોતાના પિતા તરફ ફરતા પહેલાં ઝડપથી પોતાની આંખો લૂછી નાખી.

શિવે પોતાના પુત્રને છાતીએ વળગાડી દીધો.

'મને તેઓનો વિયોગ ત્રાસ આપી રહ્યો છે, બાબા.' ગણેશે શિવને જોરથી ભેટીને કહ્યું.

'મને પણ તેણીનો વિયોગ ત્રાસ આપી રહ્યો છે...'

ગણેશ રડવા માંડ્યા, 'મેં જરૂરતના સમયે તેઓને છોડી દીધાં હતાં.'

'તું એકલો નહોતો, દીકરા. હું પણ તેણીની સાથે ન હતો. પરંતુ આપણે તેનો બદલો લઈશું.'

ગણેશ નિ:સહાય બનીને હીબકાં ભરતા રહ્યા.

'હું એ બધાને મારી નાખવા માગું છું. હું એ બધા નરાધમોને મારી નાખવા માગું છું.'

'આપણે એ બૂરાઈનો સર્વનાશ કરી દઈશું જેણે તેણીનો પ્રાણ લઈ લીધો.' શિવે હીબકાં ભરતાં પોતાના પુત્રને પોતાના ગળે લગાડી દીધો. તેઓએ પોતાની આંખો બંધ કરી દીધી અને ગણેશને જોરથી ભેટીને રૂંધાયેલા સ્વરે ધીમેથી બોલ્યા, 'ભલે તે માટે ગમે તે કિંમત ચૂકવવી પડે.'



વીરભદ્ર અને કૃત્તિકા રજત જગ્યાએ આવી ગયાં હતાં. કૃત્તિકા લાંબા સમય સુધી દેવગિરિમાં રહી હતી અને ત્યાંના મોટાભાગના લોકોને જાણતી હતી. એટલા માટે તેણી એ

લોકો સાથે વાતો કરવાનો પ્રયત્ન કરી રહી હતી, જેઓએ નગરમાં રહેવાનો નિર્ણય કર્યો હતો અને તેણી તેઓને નગર છોડીને જતા રહેવાનું સમજાવી રહી હતી.

'વીરભદ્ર, મારે આપની સાથે થોડી વાત કરવી છે.'

વીરભદ્રે પાછળ ફરીને જોયું તો કાલી અને પરશુરામ તેઓની પાછળ ઊભા હતા.

'જી, રાણી.' વીરભદ્રે કહ્યું.

'એકાંતમાં.' કાલીએ કહ્યું.

'જરૂર.' વીરભદ્રે જતાં પહેલાં કૃત્તિકાને સહેજ અડકીને કહ્યું.



'વિધુન્માલી ?' વીરભદ્રે ગુસ્સામાં કહ્યું. તેઓનો ચહેરો ગુસ્સામાં કઠોર થઈ ગયો હતો.

'તે જ મુખ્ય ષડયંત્ર કરનારો છે.' કાલીએ કહ્યું, 'તે હમણાં જ કોઈ મૂઠભેડમાં ઘાયલ થઈને નગરમાં ક્યાંક સંતાયેલો છે.'

પરશુરામે વીરભદ્રના ખભા પર હાથ મૂક્યો. 'આપણે એક નાનકડી ટુકડી બનાવીને નગરમાં જઈને તેને ખોળી કાઢવો પડશે.'

કાલીએ પોતાનું દાંતાવાળું ચાકુ બહાર કાઢયું જે ભયંકર ઘા કરી શકતું હતું. 'આપણે તેને વાતો કરવા લલચાવવો પડશે. આપણે એ હત્યારાઓની ઓળખ મેળવવી પડશે જે ભાગી ગયા છે.'

'તે નીચ ધીમા-પીડાદાયક મોતને લાયક છે.' વીરભદ્રે ગજીને કહ્યું.

'જરૂર.' કાલીએ કહ્યું, 'પરંતુ તેની પાસેથી બધી માહિતી લઈ લીધા પહેલાં નહીં.'

પરશુરામે હથેળી નીચી કરીને પોતાનો હાથ આગળ કર્યો. 'પ્રભુ નીલકંઠ માટે.'

વીરભદ્રે પોતાનો હાથ પરશુરામના હાથ ઉપર રાખ્યો, 'શિવ માટે.'

કાલીએ પોતાનો હાથ એ બંનેના હાથ ઉપર રાખ્યો, 'સતી માટે.'



પ્રકરણ-૫૧

જીવંત રહો, તમારાં કર્મ કરતા રહો

'આપ દેવગિરિની અંદર જવા માગો છો ? કૃત્તિકાએ મોટે અવાજે પૂછ્યું, 'આપ પાગલ તો નથી થયાને ?'

'હું જલદી પાછો આવી જઇશ.' વીરભદ્રે દલીલ કરી, 'નગરમાં કોઈ અંધાધૂંધી નથી. તેં તો જોયું છે કે મેલુહાના લોકોનો વહેવાર કેવો છે.'

'હોઈ શકે છે, પરંતુ વિધન્માલિના માણસો નક્કી ગલીઓમાં આમતેમ ફરી રહ્યા હશે. આપને શું લાગે છે કે તેઓ શું કરશે ? ફૂલો સાથે આપનું સ્વાગત કરશે ?'

'તેઓ મારી તરફ ધ્યાન નહીં આપે, કૃત્તિકા.'

'બકવાસ ! દેવગિરિના મોટાભાગના લોકો આપને પ્રભુ નીલકંઠના મિત્ર તરીકે જાણે છે.'

'તેઓ મને ત્યારે ઓળખશે ને જ્યારે મને જોશે. મોડી રાતના સમયે, હું તેઓની નજરમાં નહીં આવું. કોઈનું મારી તરફ ધ્યાન જ નહીં જાય.'

'આપ શું કોઈ બીજાને મોકલી શકો તેમ નથી ?'

'આટલું તો હું મારા મિત્ર માટે કરી શકું તેમ છું. આપણે જાણવું તો પડશે જ કે રાજકુમારી સતીના અસલી હત્યારા કોણ છે. વિધન્માલિ જાણે છે. એણે જ આ શાંતિસંમેલનનું છળ કર્યું હતું.'

'પરંતુ આપણે તો આખા નગરનો નાશ કરી રહ્યાં છીએ. બધા જ ષડયંત્ર કરનારાઓ પણ માર્યા જવાના છે.'

'કૃત્તિકા, ઘણાબધા હત્યારાઓ નાસી ગયા છે.' વીરભદ્રે કહ્યું, 'વિધન્માલિ સિવાય કોઈ જાણતું નથી કે તેઓ કોણ છે. જો આપણે અત્યારે તેઓની ઓળખ નહીં મેળવી શકીએ તો ક્યારેય નહીં મેળવી શકીએ.'

કૃત્તિકા બીજી તરફ જોવા લાગી. તેણીની પાસે કોઈ જવાબ બચ્યો નહોતો, પરંતુ તેણી હજીય ખૂબ પરેશાન હતી. 'રાજકુમારી સતીના મૃત્યુ માટે મને પણ એટલો જ ગુસ્સો છે જેટલો આપને છે, પરંતુ આ મારવું ઝૂડવું ક્યારેક તો અટકવું જોઈએ.'

'મારે જવું જ જોઈશે, કૃત્તિકા.'

વીરભદ્રે તેણીને ચુંબન કરી જવાની તૈયારી કરી પણ તેણીએ મોં ફેરવી લીધું. તેઓ તેણીનો ક્રોધ સમજી શકતા હતા. તેણીએ એ મહિલાને ગુમાવી દીધી હતી જેણે તેણીએ

હંમેશા આદર્શ માની હતી. પોતાનું જ નગર દેવગિરિ નાશ પામવાનું હતું. એ બધા સાથે તેણી પોતાના પતિને ગુમાવી દેવા માગતી નહોતી. પરંતુ વીરભદ્રે તો આમ જ કરવાનું હતું. સતીના હત્યારાઓને સજા કરવી જરૂરી હતી.



'પંડિતજી,' નમસ્તે મુદ્રામાં હાથ જોડી, માથું નમાવી કાર્તિકે કહ્યું.

ભૃગુએ પોતાની આંખો ખોલી. મહર્ષિ જાહેર સ્નાનાગાર નજીક આવેલા ભવ્ય ઇન્દ્ર મંદિરમાં ધ્યાનમગ્ન હતા.

'માનનીય કાર્તિક,' ભૃગુએ રાતના આ સમયે કાર્તિકને દેવગિરિમાં જોઈને નવાઈ પામીને કહ્યું.

'હું તે માટે ઘણો નાનો છું કે આપ મને માનનીય કહો, મુનિવર.' કાર્તિકે કહ્યું.

'મનુષ્યને ફક્ત આયુષ્ય નહીં, પણ મહાન કાર્ય માનનીય બનાવે છે. મેં આપના પ્રયત્નો વિષે જાણયું છે કે સોમરસ સંપૂર્ણ રીતે નાશ ન પામે તે જોવું. ઇતિહાસ તે માટે આપને ધન્યવાદ આપશે. આપના મહિમાનું યુગો સુધી રટણ થશે.'

'હું મારા મહિમા માટે કામ કરી રહ્યો નથી, પંડિતજી. મારું કામ તો છે મારા પિતાના હેતુઓ પ્રત્યે નિષ્ઠાવાન રહેવું. મારું કામ એ કરવાનું છે જે મારી માતા મારી પાસેથી ઇચ્છતો.'

ભૃગુ હસ્યા, 'મને નથી લાગતું કે આપની માતા ઇચ્છત કે આપ અહીં આવો. મને નથી લાગતું કે તેણી એ ઇચ્છત કે આપ મને બચાવો.'

'આપની વાત સાથે હું અસંમત છું.' કાર્તિકે કહ્યું, 'આપ સારા માણસ છો. ફક્ત આપે અયોગ્ય પક્ષને પસંદ કરી લીધો છે.'

'મેં ફક્ત અયોગ્ય પક્ષને જ પસંદ નથી કર્યો પણ હું તેને યુદ્ધ સુધી લઈ ગયો અને ધર્મનો સિદ્ધાંત કહે છે કે મારે એ લોકો સાથે નાશ પામવું જોઈએ.'

'શા માટે ?'

'જો એ પક્ષ જેનું મેં નેતૃત્વ કર્યું. એણે એવા અપરાધ કર્યા છે તો મને તેના માટે સજા મળવી જોઈએ. જો નસીબે નક્કી કર્યું છે કે જેઓએ સોમરસને ટેકો આપ્યો હતો તેઓએ પાપ કર્યું છે તો સોમરસ બૂરાઈ જ હશે. હું ખોટો હતો અને મારી સજા મૃત્યુ છે.'

'શું આ સરળ રસ્તો લઈ બહાર નીકળી જવાની રીત નથી ?'

ભૃગુએ આ છૂપા અપમાન પર ક્રોધિત થઈ કાર્તિક તરફ ઘુરકીને જોયું.

'તો આપને લાગે છે કે આપે અયોગ્ય કામ કર્યું છે, પંડિતજી.' કાર્તિકે કહ્યું, 'એમાંથી બહાર નીકળી જવાનો કયો રસ્તો છે ? મૃત્યુના માધ્યમથી બચી જવું ? કે પછી આપણા કર્મને સંતુલિત કરીને બધું સરખું કરવું ?'

'હું શું કરુ તેમ છું ? મેં કબૂલ કર્યું છે કે સોમરસ બૂરાઈ છે. હવે મારા માટે કરવાનું કંઈ બચ્યું નથી.'

'આપની અંદર જ્ઞાનનો વિશાળ ભંડાર છે, પંડિતજી.' કાર્તિકે કહ્યું, 'સોમરસ એકમાત્ર વિષય નથી જેમાં આપ પારંગત છો. શું સંસારે મહર્ષિ ભૃગુની સંહિતાથી અજાણ્યા રહેવું જોઈએ ?'

'મને નથી લાગતું કે કોઈને મારા જ્ઞાનમાં રસ છે.'

'એનો નિર્ણય તો ભવિષ્યની પેઢીઓ કરશે. આપે તો ફક્ત આપનું કર્તવ્ય કરવું જોઈએ.'

ભૃગુ મૌન થઈ ગયા. કંઈ બોલ્યા નહીં.
'પંડિતજી, આપનું કર્મ છે, આપના જ્ઞાનને સંસાર આખામાં ફેલાવવું.' કાર્તિકે કહ્યું, 'કોઈ તે સાંભળવા માગે કે નહીં તે તેઓનું કર્મ છે.'
ભૃગુએ ડોકું ધુણાવ્યું અને તેઓના ચહેરા પર એક નાનકડું સ્મિત આવી ગયું, 'આપ સુંદર બોલી શકો છો, નીલકંઠ પુત્ર, પરંતુ મેં એક એવી વસ્તુને ટેકો આપવાનો નિર્ણય લીધો હતો જે બૂરાઈ સાબિત થઈ. આ પાપના માટે મારે મરવું જ પડશે. મારા માટે આ જીવનમાં હવે કોઈ કર્મ બચ્યું નથી. મારે પુનર્જન્મની રાહ જોવી પડશે.'
'એક ખરાબ કર્મના માટે કોઈ કર્મના ચક્રને રોકી નથી શકતું. પોતાના પાપના લીધે જાતને આ સંસારથી અલગ ન કરી દો. અહીં રહો અને કશુંક સારું કરતા રહો જેથી આપ આપના કર્મને સ્વચ્છ બનાવી શકો.'
ભૃગુ શાંત રહીને કાર્તિકને જોતા રહ્યા.
'જે કાંઈ થઈ ગયું તેને કોઈ દૂર કરી નથી શકતું, પરંતુ સમયની ન સમજાય તેવી ચાલ, પાપમુક્તિ માટે બુદ્ધિપૂર્વકની તક આપતી હોય છે. હું આપને વિનંતી કરું છું, આપ પલાયનવાદી ન બનો. આ સંસારમાં રહો અને આપનાં કર્મ કરો.'
ભૃગુ હસ્યા, 'આપ આટલી નાની ઉંમરે પણ બહુ જ બુદ્ધિશાળી છો.'
'હું શિવ અને સતીનો પુત્ર છું.' કાર્તિકે હસીને કહ્યું 'હું ગણેશનો નાનો ભાઈ છું. જ્યારે માળી સારો હોય તો ફૂલ ખીલતાં રહે છે.'
ભૃગુ ગભારામાં રહેલ ઇન્દ્રની પ્રતિમા તરફ ફર્યા. આદિ રાક્ષસ વૃત્રનો વધ કરવાવાળા મહાન દેવતા પોતાનું પ્રિય શસ્ત્ર વજ પકડી પૂરી ભવ્યતા સાથે ઊભા હતા. ભૃગુએ પ્રણામ કરીને ઇન્દ્રદેવનો આશીર્વાદ મેળવવા પ્રાર્થના કરી.
પછી કાર્તિક તરફ ફરીને ધીમેથી બોલ્યા, 'સંહિતા.'
'ભૃગુસંહિતા.' કાર્તિકે કહ્યું, 'પૂરો સંસાર આપના વિશાળ જ્ઞાનથી લાભ પામશે, પંડિતજી. મારી સાથે આવો. અહીં બેસીને મૃત્યુની રાહ ન જુઓ.'



એ દિવસનો સૂરજ ઊગ્યો જે દેવગિરિનો છેલ્લો દિવસ હતો. પશુપતિશાસ્ત્ર તૈયાર હતું. દરવાજાઓ બંધ કરી દીધા પછી શિવના સૈનિકોને શસ્ત્રના પ્રભાવ વિસ્તારમાંથી બહાર સલામત જગ્યાએ પાછળ જતા રહેવાનો હુકમ આપવામાં આવ્યો હતો. દેવગિરિમાં રહી ગયેલા લોકોનાં સગાંવહાલાં ધીરજપૂર્વક રાહ જોઈ રહ્યાં હતાં ! તેઓને ચંદ્રકેતુના બ્રગાઓ મારફત પાછળ ખસેડી દેવામાં આવ્યા હતા. તેઓ પોતાના એ પ્રિયજનોના આત્માઓ માટે પ્રાર્થના કરી રહ્યા હતા જે નગરમાં જ રહી ગયા હતા.
મહર્ષિ ભૃગુ અને ત્રણસો બીજા લોકોને, જેઓ સોમરસના રહસ્યને જાણતા હતા, ગઈ રાત્રે દેવગિરિમાંથી સફળતાપૂર્વક બહાર કાઢી લેવામાં આવ્યા હતા. અત્યારે તેઓને દિવોદાસ અને તેના સૈનિકોની ખાસ દેખરેખ નીચે દેવગિરિથી દસ કિલોમીટર ઉત્તરમાં એક કામચલાઉ વાડામાં બંધ કરીને રાખવામાં આવ્યા હતા. કાર્તિકનો ઇરાદો એવો હતો કે તે પહેલાં પોતાના પિતાના ગુસ્સાને ઓછો થવાની રાહ જુએ અને પછી તે તેઓની સાથે ભૃગુ અને બીજાઓ વિષે વાત કરશે.
શાંતિસંમેલન ભવનનો ત્યાગ કરી દેવામાં આવ્યો હતો. નંદી અને બીજા જીવતા

અંગરક્ષકોને સાવચેતીપૂર્વક શિવની નૌકા પર મોકલી દેવામાં આવ્યા હતા, જ્યાં આયુર્વતી તેઓની ઔષધિય સારસંભાળ સતત રાખી રહી હતી.

આયુર્વતીને શિવના માથા પરના કાળા-લાલ ચિહ્નની સતત ચિંતા રહેતી હતી. એ પહેલાં પણ ઘણી વાર જોવામાં આવ્યા હતા, ખાસ કરીને જ્યારે શિવ ક્રોધે ભરાઈ જતા હતા, પરંતુ તે ભાગ્યે જ આટલા લાંબા સમય સુધી રહ્યા હતા. આયુર્વતીની ચિંતાને શિવે નકારી કાઢી હતી.

શિવ, કાલી, ગણેશ અને કાર્તિક સતીના શબને બહુ જ સંભાળીને નૌકા પર બનાવવામાં આવેલ ખાસ કમરામાં લઈને આવ્યા. તેણીના શબને બહુ જ સાવચેતીપૂર્વક એક તરફ બરફની સમાધિમાં રાખી દેવામાં આવ્યું હતું.

શિવે પોતાના હાથ કોમળતાથી સતીના ચહેરા પર ફેરવ્યા અને ધીમેથી કહ્યું, 'દેવગિરિ પોતાના અપરાધોની સજા ભોગવશે, પ્રિય. તારા મૃત્યુનો બદલો લેવામાં આવશે.'

શિવ પાછળ થયા એટલે સૈનિકોએ એક બીજી બરફની પાટ મૂકી દીધી અને સતીના શરીરને સંપૂર્ણ રીતે ઢાંકી દીધું.

શિવ, કાલી, ગણેશ અને કાર્તિકે સતી ઉપર એક છેલ્લી નજર નાખી અને પાછા ફરીને નૌકાની બહાર જવા લાગ્યા. ગોપાલ અને શિવની સેનાના રાજાઓ બંદર ઉપર તેઓની રાહ જોઈ રહ્યા હતા.

શિવે પાછળ ફરીને નૌકાના કપ્તાનની તરફ જોઈને માથું ધુણાવ્યું. સૈનિકોએ નૌકાને ચલાવવા માંડી. નૌકાને સરસ્વતી નદીથી ઘણી દૂર લઈ જવાની હતી જેથી પશુપતિશસ્ત્રના વિસ્ફોટની તેના પર અસર ન થાય.

'શસ્ત્ર તૈયાર છે, પ્રભુ નીલકંઠ.' તારાએ કહ્યું.

શિવે ભાવહીન ચહેરે દુ:ખી ગોપાલ પર નજર નાખી અને પછી તારા તરફ ફરીને બોલ્યા, 'ચાલો જઈએ.'



આ બીજા પ્રહરનો ચોથો કલાક હતો, દેવગિરિના નાશ પામતા પહેલાંના ફક્ત બે કલાક બાકી હતા. વીરિનીએ પર્વતેશ્વરનો દરવાજો ખટખટાવ્યો. કોઈ ઉત્તર ન મળ્યો. પર્વતેશ્વર અને આનંદમયી કદાચ ઘર પર એકલાં હતાં.

વીરિનીએ ધક્કો મારીને દરવાજો ખોલી નાખ્યો અને ઘરમાં દાખલ થઈ ગઈ. તે રવેશમાંથી થઈને મુખ્ય વાડા સુધી પહોંચી ગઈ.

'સેનાપતિ !' વીરિનીએ મોટેથી બૂમ પાડી.

કોઈ જવાબ ન આવ્યો.

'સેનાપતિ !' વીરિનીએ ફરીથી બૂમ પાડી. આ વખતે વધુ ઊંચા સ્વરમાં, 'હું છું મેલુહાની રાણી.'

'મહારાણી !'

વીરિનીએ ઉપર જોયું તો આશ્ચર્યચકિત પર્વતેશ્વર ઉપરના માળની છજામાંથી નીચે જોઈ રહ્યા હતા. તેઓના વાળ ફેંદાયેલા હતા અને એક અંગવસ્ત્ર ઝડપથી ખભા પર નાખી દેવામાં આવ્યું હતું.

'જો હું કવેળાએ આવી ગઈ હોઉં તો ક્ષમા માગું છું, સેનાપતિ.'

'બિલકુલ નહીં, મહારાણી.' પર્વતેશ્વરે કહ્યું.

'વાત ફક્ત એટલી છે કે આપણી પાસે વધુ સમય બચ્યો નથી.' વીરિનીએ કહ્યું, 'મારે આપને કંઈક કહેવું છે.'

'કૃપા કરીને મને થોડો સમય આપો, મહારાણી. હું હમણાં જ નીચે આવું છું.'

'જરૂર' વીરિનીએ કહ્યું.

વીરિની વાડાની નજીકના ખંડમાં જતી રહી અને એક આરામદાયક બેઠક પર બેસીને રાહ જોવા લાગી. થોડી પળો પછી એક સ્વચ્છ સફેદ ધોતી, અંગવસ્ત્ર પહેરીને અને વાળ સરખા કરીને પર્વતેશ્વર ઓરડામાં આવ્યા. તેઓની પાછળ તેઓની પત્ની આનંદમયી હતી અને તે પણ પવિત્રતાનો સંકેત આપતાં સફેદ વસ્ત્રોમાં હતી.

વીરિની ઊભી થઈ ગઈ, 'કૃપા કરીને આ સમયે આપને પરેશાન કરવા બદલ મને ક્ષમા આપજો.'

'જરાય નહીં, મહારાણી.' પર્વતેશ્વરે કહ્યું, 'કૃપા કરીને બેસો.'

વીરિની ફરીથી બેસી ગઈ અને પર્વતેશ્વર તથા આનંદમયી તેણીની નજીક બેઠાં.

'આપ કઈ બાબતે વાત કરવા માગો છો, મહારાણી ?' પર્વતેશ્વરે પૂછ્યું.

વીરિની જરા અચકાઈ. પછી એક સ્મિત સાથે તેણીએ આનંદમયી અને પર્વતેશ્વર તરફ જોયું, 'હું આપને ધન્યવાદ કહેવા આવી છું.'

'અમને ધન્યવાદ ? નવાઈ પામેલા પર્વતેશ્વરે પહેલાં આનંદમયી તરફ જોયું અને પછી વીરિની તરફ ફરીને જોતાં કહ્યું, 'અમને શા માટે ધન્યવાદ, મહારાણી ?'

'દેવગિરિના વારસાને જીવંત રાખવા બદલ,' વીરિનીએ કહ્યું.

પર્વતેશ્વર અને આનંદમયી આ સાંભળીને મૌન જ રહ્યાં. કંઈ ન સમજાયું હોય તેવો ભાવ તેઓના ચહેરા પર દેખાઈ આવતો હતો.

'દેવગિરિ માત્ર એક પ્રાકૃતિક જગ્યા નથી.' વીરિનીએ પોતાના હાથ ઘુમાવતાં કહ્યું, 'દેવગિરિ પોતાના જ્ઞાન, પોતાનાં દર્શન અને પોતાની વિચારધારાઓથી બની છે. આપણા બૌદ્ધિકોને બચાવીને આપે આ બધી વસ્તુઓનું રક્ષણ કર્યું છે.'

શરમાઈ ગયેલા પર્વતેશ્વરને સમજ ન પડી કે શું જવાબ આપવો. સોમરસ બનાવતી જગાઓમાં કામ કરતા વૈજ્ઞાનિકોને બચાવવા માટે નિયમ તોડવા તેઓ જાહેર રીતે કેવી રીતે સ્વીકાર કરી શકતા હતા ? 'મહારાણી, મેં નહીં.'

વીરિનીએ પોતાનો હાથ ઊંચો કર્યો. 'આપનું આચરણ જીવનભર અનુકરણ કરવા જેવું રહ્યું છે, માનનીય પર્વતેશ્વર. આપના અંતિમ દિવસે જૂઠું બોલીને તેને બગાડતા નહીં.'

પર્વતેશ્વર હસવા લાગ્યા.

'જે લોકોની આપે રક્ષા કરી છે, તેઓ ફક્ત સોમરસ જ્ઞાનના ભંડાર નહીં, પરંતુ આપણા મહાન દેશના સદીઓથી ભેગા થયેલા જ્ઞાનના રક્ષક છે. તેઓ આપણી ફિલસૂફી, આપણી વિચારધારાના રક્ષક છે. તેઓ આપણા વારસાને જીવંત રાખશે. એ માટે દેવગિરિ અને મેલુહા બંને સદા આપના આભારી રહેશે.'

'ધન્યવાદ, મહારાણી.' હજીય મૂંઝવણ અનુભવતા પોતાના પતિ તરફથી આ માન સ્વીકાર કરતાં આનંદમયીએ કહ્યું.

'એ દુઃખની વાત છે કે આપ બંને મારા પતિનાં પાપોના કારણે પ્રાણ ત્યાગી રહ્યાં છો.' વીરિનીએ કહ્યું, 'જો મહર્ષિ ભૃગુ અને આપણા બૌદ્ધિકોને પણ આ માટે સજા ભોગવવી પડત તો એ ખરેખર બહુ મોટું દુર્ભાગ્ય ગણાત.'

'મને લાગે છે કે સૌથી વધારે અયોગ્ય વાત એ છે કે આપ આપના પતિનાં પાપોની સજા ભોગવશો, મહારાણી. 'આનંદમયીએ કહ્યું, 'આપના પતિ ભલે એક સારા સમ્રાટ ન રહ્યા હોય

પણ આપ તો એક ઉત્કૃષ્ટ રાણી છો.'

'ના, આ સત્ય નથી. જો આ સાચું હોત, તો મારા પતિ સાથે ઊભી રહેવાને બદલે હું તેમની સામે થઈ ગઈ હોત.'

તેઓ એક પળ મૌન થઈને બેસી રહ્યા અને પછી વીરિનીએ પોતાના ખભા સીધા કર્યા અને જવા માટે ઊભી થઈ ગઈ. 'સમય ઓછો રહ્યો છે.' તેણી બોલી, 'અને અમારે હજી પણ અમારી અંતિમ યાત્રાની કેટલીક તૈયારીઓ કરવાની છે. આપ બંનેને ધન્યવાદ અને હવે આપણે એકબીજાને વિદાય કહી દેવી જોઈએ - છેલ્લી વાર.'



પ્રકરણ-૫૨

વડનું ઝાડ

દક્ષ પોતાના કક્ષમાં બેસી બારી બહાર જોઈ રહ્યા હતા અને પોતાના મૃત્યુની રાહ જોઈ રહ્યા હતા. તેઓએ એવું વિચારીને બારણા તરફ જોયું કે કોણ જાણે વીરિની આટલી વહેલી સવારે ક્યાં જતી રહી.

શું તેણીએ પણ મને ત્યજી દીધો ?

હવે જ્યારે મૃત્યુ નજીક આવવાનો સમય થયો છે ત્યારે જો વીરિની તેઓને છોડી ગઈ હોય તો તેઓ ઓછામાં ઓછું પોતાની સાથે ઈમાનદારીપૂર્વક વર્તીને તેણીને દોષ દઈ રહ્યા નહોતા.

દક્ષે ઊંડો શ્વાસ લીધો, એક આંસુ લૂછયું અને ફરીથી બારી બહાર દૂર એક વડના ઝાડ તરફ જોવા લાગ્યા. આ એક ભવ્ય ઝાડ હતું, સેંકડો વર્ષો જૂનું. દક્ષથી પણ જૂનું. તેઓને આ ઝાડ હંમેશાં યાદ રહેતું હતું. પોતાના જુવાનીના દિવસોમાં તેઓને તેનો આકાર યાદ આવ્યો હતો તે યાદ આવ્યું અને તેઓ તે સમયે હંમેશાં વિચાર્યા કરતા હતા કે આ ઝાડ તો જાણે ઊગવાનું બંધ જ નથી કરતું. તેની ડાળીઓ દૂર દૂર સુધી ફેલાઈ જતી હતી અને બહુ વધારે ફેલાઈ જતા તેમાંથી વડવાઈઓની પાતળી પાતળી ડાળીઓ જમીનને અડી જતી હતી. આ વડવાઈઓ ચારે તરફ ફેલાતી જતી હતી. કેટલાંક વર્ષો પછી પણ આ વડવાઈઓ એટલી બધી થઈ જતી અને પાછી જાડી પણ થતી જતી અને ત્યારે એ જાણવું મુશ્કેલ બની જતું કે કઈ વડવાઈ પહેલાં ફૂટી હતી. દક્ષના જન્મ સમયે આ ફક્ત એક ઝાડ હતું. હજી પણ હતું, પરંતુ હવે તે એટલું વિશાળ થઈ ગયું હતું કે નાનકડા વન જેવું લાગતું હતું.

દક્ષ જાણતા હતા કે બધા જ ભારતીયો ભવ્ય વડના ઝાડને 'વટવૃક્ષ' તરીકે ઓળખે છે અને તેને માન અને ભક્તિની દૃષ્ટિથી જુએ છે. ભારતમાં તેને પવિત્ર માનવામાં આવે છે. આ એક એવું ઝાડ છે જે પોતાનું બધું જ નિ:સ્વાર્થ ભાવે બીજાઓને આપી દે છે અને એક એવી પર્યાવરણ શૈલી બનાવે છે જે ઘણાં બધાં પશુ-પક્ષીઓને સહારો આપે છે. કંઈ કેટલીય વનસ્પતિ અને નાનાં વૃક્ષો તેના છાંયામાં સહારો મેળવે છે. તેનો છાંયો મજાનો અને આરામદાયક હોય છે. આ ઝાડ ભયંકરમાં ભયંકર તોફાનો વખતે પણ ટટ્ટાર ઊભું રહે છે. ભારતીયોનું માનવું હતું કે વડના ઝાડમાં પૂર્વજોના આત્માઓનો, અરે દેવતાઓનો પણ વાસ હોય છે.

દેવગિરિના મોટાભાગના નાગરિકો માટે આ વિશાળ ઝાડ જીવનના આદર્શોનું પ્રતિનિધિત્વ

કરતું હતું. તેઓ તેની પૂજા કરતા હતા.

પરંતુ દક્ષ જોકે તેને જુદા જ દૃષ્ટિકોણથી જોતા હતા.

તેઓએ બહુ નાની ઉંમરથી જોયું હતું કે વડનું કોઈ પણ બીજ પોતાના ઝાડની આજુબાજુ તો દૂરની વાત થઈ પણ ઊગી શકતું પણ નહોતું. આ ઝાડનાં મૂળિયાં અત્યંત શક્તિશાળી હતાં. વડના ઝાડની આજુબાજુ કોઈ પણ છોડ ઊગવાનો પ્રયત્ન કરે તો તેઓ તેને સફળ થવા દેતાં નહીં. જીવતા રહેવા માટે કોઈ પણ છોડને પોતાના આ પિતા સમાન ઝાડથી બહુ દૂર જવું પડતું હતું.

મારે ભાગી જવા જેવું હતું

એક ખાસ પ્રકારના છોડ આ વડના ઝાડમાંથી સુગંધ લે છે, પરંતુ તે માટે આ ઝાડ તેની ભયંકર કિંમત વસૂલ કરે છે. તે તેને મારી નાખે છે. ક્રૂરતાપૂર્વક મારી નાખે છે, તેને કાપીને તેના ચીંથરાં ઉડાડી દે છે. આ હકીકત પર દક્ષની વિચારધારા સાવ સરળ હતી : વડ પોતાના સંતાનને એટલું ધિક્કારે છે કે તે આ નાના છોડને પણ મારી નાખે છે, જે ખરેખર તેના સંતાનને જીવન આપવાનો પ્રયત્ન કરે છે.

એક તરછોડાયેલા બાળકની કલ્પનામાં, વડના ઝાડની ઉદારતા બીજાઓ માટે હતી. તે પોતાના લોકોની ચિંતા કરતું નહોતું. ખરેખર તો તે પોતાનાઓને નુકસાન પહોંચાડવાનો ભરપૂર પ્રયત્ન કરતું હતું.

એટલે જ્યાં બધા લોકો વડના ઝાડને માનપૂર્વક જોતા હતા ત્યાં દક્ષ તેને ભય અને ધિક્કારની નજરે જોતા હતા.

તેઓ ભય અનુભવતા હતા કારણ કે આ તેઓના જીવનનું એકમાત્ર વડનું ઝાડ નહોતું. એક બીજું પણ હતું : તેઓના પિતા.

તેઓ પોતાના પિતાને ઝેર જેટલી તીવ્રતાથી ધિક્કારતા હતા, પરંતુ મનના ઊંડાણમાં ક્યારેક તેઓની યોગ્યતાઓને કદાચ પ્રેમ પણ કરતા હતા. વડના ઝાડના નિરાશ સંતાનની જેમ તેઓએ હંમેશાં એ સાબિત કરવા ધાર્યું હતું કે તેઓ પણ તેમના પિતા જેટલા મહાન થઈ શકે છે. તેઓ જીવનભર આ ભારને વેઢારતા રહ્યા હતા, પરંતુ એક પ્રસંગ આવ્યો હતો જ્યારે તેઓએ પોતાને પોતાના પિતાની ચુંગાલમાંથી છોડાવી લીધા હતા. તે સમયે કેટલીક જાદૂઈ પળો માટે તેઓ મુક્ત હતા. તેઓને એ દિવસ એકદમ સ્પષ્ટ રીતે યાદ હતો. આ બહુ જ પુરાણી વાત હતી. સો વર્ષથી પણ પહેલાંની !

સતી તાજેતરમાં જ મયકા ગુરુકુળથી આવી હતી. તેણી એક સોળ વર્ષની માથાભારે, આદર્શવાદી છોકરી હતી. પોતાના સ્વભાવ મુજબ તેણીએ એક વિદેશી મહિલાને, વચ્ચે કૂદીને જંગલી કૂતરાઓના ભયંકર ટોળા વચ્ચેથી બચાવી લીધી હતી. દક્ષને બરાબર યાદ હતું કે પર્વતેશ્વર અને તેઓ સતીને બચાવવા ગયા હતા. તેઓને એ પણ યાદ હતું કે એક હોશિયાર અને નિપુણ યોદ્ધા ન હોવા છતાં પર્વતેશ્વર અને તેઓ એ કૂતરાઓ સાથે સાહસપૂર્વક લડ્યા હતા, જે કૂતરાઓ તેઓની પુત્રીને મારી નાખવાના હતા. એ ભયાનક લડાઈમાં તેઓ ગંભીર રીતે ઘાયલ થઈ ગયા હતા.

નસીબજોગે વૈધકીય સહાય તરત મળી ગઈ હતી. પર્વતેશ્વર અને સતીના જખમ મામૂલી હતા અને તેઓને ઝડપથી સારવાર મળી ગઈ હતી. દક્ષ જાણતા હતા કારણ કે તેઓ ગંભીરતાપૂર્વક લડ્યા હતા એટલે તેઓના જખમ ઘણા ગંભીર હતા. હાજર વૈધોએ તેઓને મોટા વૈધ પાસે લઈ જવાની સલાહ આપી હતી અને તે પ્રમાણે કરવામાં આવ્યું હતું, પરંતુ ઘણું

લોહી વહી જવાને કારણે તેઓ રસ્તામાં જ બેભાન થઈ ગયા હતા.

જ્યારે તેઓ ફરી ભાનમાં આવ્યા ત્યારે તેઓ ચિકિત્સાલયમાં હતા. તેઓને યાદ હતું કે તેઓના પિતાએ એક સાધારણ વિદેશી મહિલા માટે પોતાને જોખમમાં નાખવા માટે સતીને ભારે ઠપકો આપ્યો હતો. પછી જ્યારે દક્ષ પોતાના કમરામાં આરામ કરી રહ્યા હતા ત્યારે તેઓએ વીરિનીને કહ્યું હતું કે તેણી સતીને પોતાની પાસે લઈ આવે જેથી તેઓ તેણીની સાથે સારી રીતે આખી વાત કરી શકે, પરંતુ સતી આવે તે પહેલાં દક્ષના પિતા બ્રહ્મનાયક એ વૈદ્યની સાથે કમરામાં ધસી આવ્યા જેણે દક્ષની દવા કરી હતી.

બ્રહ્મનાયકે, જે મેલુહાના સૌથી મોટા યોદ્ધાઓમાંથી એક હતા, દક્ષને ટોણો મારી મશ્કરી કરી હતી કે ફક્ત કૂતરાઓ સાથેની લડાઈમાં તેઓ કેવી રીતે આટલા બધા ઘાયલ થઈ ગયા. દક્ષને માનસિક ત્રાસમાંથી બચાવવા માટે વૈદ્ય અંગત વાત કરવાના બહાને બ્રહ્મનાયકને કમરાની બહાર લઈ ગયા હતા. બ્રહ્મનાયક જેવા કમરામાંથી બહાર ગયા કે વીરિનીએ પોતાની એ વાત ફરી કહી હતી કે તેઓએ મેલુહા છોડીને પોતાની પુત્રીઓ કાલી અને સતી સાથે પંચવટીમાં જઈને રહેવું જોઈએ.

'દક્ષ, મારા પર ભરોસો રાખો.' વીરિનીએ કહ્યું, 'આપણે પંચવટીમાં મજેથી રહીશું. જો કોઈ એવી જગ્યા હોત જ્યાં આપણે કાલી અને સતી બંને સાથે રહી શકીએ તો હું તેની વાત કરત, પણ એવું કોઈ સ્થાન નથી.'

કદાચ વીરિનીની વાત યોગ્ય છે. હું આ ડીસાથી બચી જઈ શકું છું. અમે સુખી થઈ શકીએ છીએ. આમ પણ મારા વંશમાં ફક્ત સતી જ શુદ્ધ છે. વીરિનીના ભ્રષ્ટ આત્માના કારણે કાલીનો જન્મ થયો છે. તેઓને મદદ કરવી મુશ્કેલ છે, પરંતુ મારે સતીને એ વાતથી રક્ષણ આપવું જ રહ્યું કે રોજેરોજ તેણીના પિતાના થતા આપમાનને તેણીને જોવાનું ન આવે. ફક્ત મારી મોટી દીકરી જ મારો પ્રેમ પામવા માટે યોગ્ય છે.

દક્ષે ઊંડો શ્વાસ લીધો, 'પણ કેવી રીતે...'

'એ આપ મારા પર છોડી દો. હું બધી વ્યવસ્થા કરી દઈશ. ફક્ત 'હા.' કહી દો. આપના પિતા કાલે કરચપ જઈ રહ્યા છે. આપ કાંઈ એટલી ખરાબ રીતે ઘાયલ નથી કે આપ મુસાફરી ન કરી શકો. આપ જતા રહ્યા છો તે તેઓને ખબર મળે તે પહેલાં આપણે પંચવટીમાં હોઈશું.'

દક્ષે વીરિની તરફ જોયું, 'પરંતુ...'

'મારા પર ભરોસો રાખો. કૃપા કરીને મારો ભરોસો કરો. આ આપણા જ ભલા માટે હશે. હું જાણું છું કે આપ મને પ્રેમ કરો છો. હું મનના ઊંડાણથી જાણું છું કે આપને કોઈ બીજી વાતની ચિંતા નથી. બસ, મારો ભરોસો કરો.'

અમારે કદાચ આ જ જોઈએ

દક્ષે સ્વીકાર કરતા હોય તેમ માથું ધુણાવ્યું.

વીરિની હસી, આગળ નમી અને તેણીએ પોતાના પતિનું માથું ચૂમી લીધું. 'હું બધી જ વ્યવસ્થા કરી લઈશ.'

વીરિનીની પાછળ ફરીને કમરાની બહાર જતી રહી.

એકાંતની પળોમાં દક્ષે છતને જોઈ અને પોતાની જાતને હળવાશભરેલી અને શાંત અનુભવી. મુક્તિનો અનુભવ કર્યો.

દરેક કામ કોઈ ને કોઈ કારણસર થાય છે, કદાચ કૂતરાઓ સાથેની આ લડાઈ પણ . અમે પંચવટીમાં સુખી રહી શકીશું. અમે મારા પિતાથી દૂર રહી શકીશું. અમે હવે તે રાક્ષસથી મુક્ત

થઈ જઈશું. ભાડમાં જાય મેલુહા. ભાડમાં ગયું સિંહાસન. મારે નથી જોઈતું આ બધું. હું ફક્ત સુખી રહેવા માગું છું . હું ફક્ત મારી સતીને સાથે રહેવા અને તેની સારસંભાળ કરવા માગું છું. હું વીરિની અને કાલીની પણ સારસંભાળ રાખીશ. તેઓ સૌનું મારા સિવાય છે પણ કોણ ?

તેઓએ ખુરશી પર વીરિનીની પ્રાર્થના કરવાની માળા જોઈ. માળાની નજીક વાઘના પંજા હતા જે સતી ગળામાં પહેરતી હતી -- પેન્ડન્ટની જેમ. આ કદાચ કૂતરાઓની લડાઈ વખતે નીચે પડી ગયું હશે અને પોતાની યુવાન દીકરીને પાછું આપવા વીરિની લઈ આવી હશે. દક્ષે એ વાઘના પંજા ઉપર લોહીના ડાઘ જોયા. તેઓની પુત્રીનું લોહી... તેઓની આંખો ફરીથી ભીની થઈ ગઈ.

હું જરાય મારા પિતા જેવો ન થઈ શકું. હું સતીની સાર-સંભાળ રાખીશ . હું તેણીને એ રીતે પ્રેમ કરીશ જેમ દરેક પિતાએ તેના સંતાનને કરવો જોઈએ. હું જાહેરમાં તેણીની હાંસી નહીં ઉડાવું. જે તેનામાં ન હોય તે ગુણો માટે હું તેણીને ટોણા નહીં મારું. પોતાની રીતે જીવવા તેણી મુક્ત હશે. હું તેણી ઉપર મારાં સપનાંનો ભાર નહીં નાખું. હું તેણીના વ્યક્તિત્વ માટે તેણીને પ્રેમ કરીશ -- નહીં કે એ માટે કે હું તેણીને બનાવવા માગું છું.

દક્ષે પોતાના ઘાયલ શરીરને જોયું અને માથાને જોરથી ઝાટકો માર્યો.

આ બધું એક અજાણી વિદેશી મહિલાને બચાવવા માટે ! ક્યારેક ક્યારેક સતી સાવ ગાંડી થઈ જાય છે , પરંતુ તેણી બાળક તો છે. મારે તેણી ઉપર ગુસ્સો કરવો જોઈતો નહોતો. મારે તેણીને શાંતિથી સમજાવવા જેવી હતી. મારા સિવાય તેનું કોણ છે જેના તરફ તેણી જુએ ?'

એ જ સમયે દરવાજો ખૂલ્યો અને સતી અંદર આવી. તેણી થોડી થોડી અસંમજસમાં અને થોડી ગુસ્સે હતી.

દક્ષ હસ્યા

બાળક જેવી તો છે.

'અહીં આવ, મારી દીકરી.' દક્ષે કહ્યું.

સતી અચકાતી અચકાતી આગળ આવી.

'પાસે આવ, સતી.' દક્ષ હસ્યા, 'હું તારો પિતા છું. તને ખાઈ નહીં જાઉં.'

સતી વધુ નજીક આવી, પરંતુ હજી તેણીના ચહેરા પર ક્રોધનો સાચો ભાવ હતો.

હે રામ, કૃપા કરો. આ છોકરીને હજી પણ લાગે છે કે એક સાધારણ વિદેશી સ્ત્રીને બચાવવા માટે અમારા બધાનો જાન જોખમમાં નાખ્યો તે તેણીએ યોગ્ય કાર્ય કર્યું હતું.

દક્ષે હાથ આગળ કરીને સતીના હાથને પકડ્યો અને ધીરજપૂર્વક બોલવા લાગ્યા, 'મારી દીકરી, મારી વાત સાંભળ. મને તારી ચિંતા છે. હું ફક્ત તારા ભલા માટે જ વિચારી રહ્યો હતો. એ વિદેશી મહિલા માટે પોતાનો જીવ જોખમમાં નાખવો એ તારી મૂર્ખતા હતી, પરંતુ હું કબૂલ કરું છું કે મારે તારા પર ઘાંટા પાડવા જેવા ન હતા...'

દરવાજો અચાનક ખૂલ્યો અને બ્રહ્મનાયક અંદર આવ્યા, એટલે દક્ષ શાંત થઈ ગયા.

સતીએ અચાનક જ પોતાનો હાથ છોડાવી લીધો અને પોતાના પિતા તરફ પીઠ રાખીને બ્રહ્મનાયકને જોવા લાગી.

'આહ !' બ્રહ્મનાયક બોલ્યા અને તેઓના ચહેરા પર એક પહોળું હાસ્ય તરી આવ્યું. તેઓએ સતીની પાસે જઈને તેણીને ગળે લગાવી દીધી. 'ઓછામાં ઓછું મારા એક સંતાનમાં તો મારું લોહી વહી રહ્યું છે.'

સતીએ બ્રહ્મનાયકને માનપૂર્વક જોયા ! તેણીની આંખોમાં શુદ્ધ વીરપૂજાનો ભાવ હતો. દક્ષે પોતાના પિતાને નપુંસક ગુસ્સાથી જોયા.

'તે જે કર્યું, મેં તેના વિષે સાંભળ્યું છે.' બ્રહ્મનાયકે સતીને કહ્યું, 'તે તારા જીવને જોખમમાં

નાખી એક એવી મહિલાને બચાવી લીધી જેને તું જાણતી પણ નહોતી. એક એવી મહિલા જે વિદેશથી ફરવા આવી હતી.'

સતી સંકોચ પામતાં હસી, 'એ કોઈ મોટી વાત નહોતી, મહારાજ.'

બ્રહ્મનાયકે હસીને સતીના ગાલને થપથપાવ્યો, 'હું તારા માટે બ્રહ્મનાયક નથી, સતી. હું તારો દાદા છું.'

સતીએ હસીને માથું હલાવ્યું.

'મને તારા પર ગર્વ છે, મારી દીકરી.' બ્રહ્મનાયકે કહ્યું, 'તને એક મેલુહાઈ કહેવી, તને મારી પૌત્રી કહેવી, મારા માટે સન્માનની વાત છે.'

સતીનું સ્મિત વધુ પહોળું થઈ ગયું અને તેણીના હૃદયને હળવાશનો અનુભવ થયો. તેણીએ યોગ્ય કાર્ય કર્યું હતું. તેણીએ ફરીથી એક વાર પોતાના દાદાને ગળે લગાડી દીધા.

બ્રહ્મનાયકે ઝૂકીને પોતાની કિશોર પૌત્રીના માથાને ચૂમી લીધું. પછી તેઓ દક્ષ તરફ ફર્યા અને તેઓના ચહેરા પરથી સ્મિત તરત ગુમ થઈ ગયું. લગભગ ચોખ્ખા તિરસ્કાર સાથે તેઓએ પોતાના પુત્રને કહ્યું, 'હું કાલે સવારે કરચપ જાઉં છું અને કેટલાંક અઠવાડિયાંઓ સુધી પાછો નહીં આવું. કદાચ તને આ તારા કહેવાતા ઘાને રૂઝ આવતાં એટલો સમય લાગી જશે. હું પાછો આવું તે પછી આપણે તારા ભવિષ્ય અંગે વાત કરીશું.'

ઉકળાટ અનુભવતા દક્ષે બ્રહ્મનાયકને જવાબ આપ્યા વિના મોટું ફેરવી લીધું.

બ્રહ્મનાયકે માથાને ઝાટકો માર્યો અને આંખો ફેરવી લીધી. પછી તેઓએ સતીને થાબડી, 'પાછો આવીને તને મળીશ, મારી દીકરી.'

'જી, દાદાજી.'

બ્રહ્મનાયકે દરવાજો ખોલ્યો અને બહાર જતા રહ્યા.

દક્ષે બંધ દરવાજા સામે જોઈને ધૂરકિયાં કર્યાં.

નિરાંત છે કે મને તારાથી મુક્તિ મળશે, પશુ. મારી પુત્રીની સામે જ મારું અપમાન ? તારી હિંમત કેવી રીતે થઈ ? ઇચ્છા હોય તો મારી પાસેથી મારું સિંહાસન લઈ લો, બધો વૈભવ લઈ લો, આખી દુનિયા લઈ લો, પરંતુ મારી આ ખૂબ સારી દીકરી મારી પાસેથી ઝૂંટવી લેવાનો પ્રયત્ન ના કરતા. તે મારી દીકરી છે !

તેઓએ સતીની પીઠને જોઈ. તેણી હજી પણ દરવાજા તરફ જોઈ રહી હતી અને તેણીનું શરીર ધ્રૂજી રહ્યું હતું.

શું તેણી રોઈ રહી છે ?

દક્ષને લાગ્યું કે કદાચ સતી પોતાના પિતાનું અપમાન કરવા બદલ બ્રહ્મનાયક પર ગુસ્સે છે. એ જે હોય તે, પણ તેણી એમની દીકરી હતી.

દક્ષ હસ્યા, 'કંઈ નહીં, મારી દીકરી. હું ગુસ્સે નથી. તારા દાદાનું હવે કોઈ મહત્ત્વ નથી, કારણ કે...'

'પિતાજી,' સતીએ ગાલો ઉપર વહેતાં આંસુઓ સાથે પાછાં ફરીને દક્ષની ટીકા કરી, 'આપ દાદાજી જેવા કેમ થઈ શકતા નથી ?'

દક્ષે સ્તબ્ધ થઈ પોતાની દીકરી તરફ જોયા કર્યું.

'આપ દાદાજી જેવા કેમ થઈ શકતા નથી ?' સતી ફરીથી ધીમેથી બોલી.

દક્ષ સ્વતબધ હતા.

સતી અચાનક ફરી ગઈ અને દોડીને કમરાની બહાર જતી રહી.

દક્ષ સતીની પાછળ જોરથી બંધ થયેલા દરવાજા તરફ ધૂરકીને જોઈ રહ્યા. તેઓની આંખોમાંથી આંસુઓની ધારા ઊમટી પડી.

દાદા જેવા ?

એ દાનવ જેવા ?

હું તેઓથી વધુ સારો છું !

દેવતા આ વાત જાણે છે. તેઓ જાણે છે કે હું તેઓથી ઘણો સારો રાજા બનીશ . હું તમને બતાવી દઈશ !

તું મને પ્રેમ કરીશ. હું તારો જનક છું.

તું મને પ્રેમ કરીશ. તેને નહીં. એ દાનવને નહીં.

દરવાજો ખૂલતાં જ વિચારોની એ હારમાળા તૂટી ગઈ અને દક્ષને એ જૂનીપુરાણી યાદોએ ફરી વર્તમાનમાં લાવીને મૂકી દીધા.

તેઓએ વીરિનીને શયનખંડમાં પ્રવેશ કરતી જોઈ. તેણીએ એક પળ માટે દક્ષ તરફ જોયું, માથાને એક ઝાટકો માર્યો અને પોતાના ટેબલ પર ગઈ અને પોતાની જાપમાળા ખોળવા લાગી. માળા મળતાં તેને શ્રદ્ધાપૂર્વક પહેલાં પોતાના માથાને, પછી બંને આંખોને અને પછી હોઠોએ અડકાડી. તેણે માળાને જોરથી પકડી અને પોતાના પતિ તરફ છેલ્લી દૃષ્ટિ નાખવા માટે ફરી. જે ધૃણાભાવનો તે અનુભવ કરી રહી હતી તેનું શબ્દોમાં વર્ણન કરવું અશક્ય હતું. દક્ષનો અવાજ સાંભળીને તે પોતાના કાનને ગંદા કરવાની ઇચ્છા રાખતી નહોતી. તેણે સતીના મૃત્યુ પછી દક્ષ સાથે કંઈ જ વાત કરી નહોતી.

દક્ષની આંખો જતી રહેલી વીરિનીને જોતી રહી. તેઓ બોલવાની કોઈ હિંમત કરી શક્યા નહીં, પછી ભલેને તેઓ પોતાનાં બધાં કર્મો માટે ક્ષમા માગવા કંઈક બોલવા માગતા હોય.

શયનખંડની પાસે આવેલા અંગત પ્રાર્થનાખંડમાં જઈને વીરિનીએ દરવાજો બંધ કરી દીધો. તે ભગવાન રામની મૂર્તિને નમી, જે હંમેશની જેમ તેઓના પ્રિય લોકો -- તેઓની પત્ની સીતા, તેઓના ભાઈ લક્ષ્મણ અને તેઓના નિષ્ઠાવાન ભક્ત વાયુપુત્ર હનુમાનની મૂર્તિઓથી ઘેરાયેલી હતી.

વીરિની પલાંઠી વાળીને બેસી ગઈ. તેણે માળાને ઊંચી પકડીને પોતાની આંખની સામે પકડી રાખી, જાપ કરતાં કરતાં પોતાના મૃત્યુની રાહ જોવા લાગી. 'શ્રીરામ જય રામ જય જય રામ ! શ્રીરામ જય રામ જયજય રામ...'

વીરિનીના જાપનો ધીમો પડઘો દક્ષના કાનો સુધી પહોંચી રહ્યો હતો. તેઓ બાજુના કક્ષના બંધ દરવાજા સામે ધૂરકીને જોઈ રહ્યા હતા, જ્યાં તેઓની ક્રોધિત પત્ની બેઠેલી હતી.

મારે તેની વાત સાંભળવી જોઈતી હતી. તેની વાત હંમેશા સાચી હતી.

'શ્રીરામ જય રામ જયજય રામ ! શ્રીરામ જય રામ જયજય રામ.'

દક્ષ પ્રાર્થનાખંડમાં પોતાની પત્નીના ધીમા ધીમા જાપને સાંભળતા રહ્યા. એ દૈવી શાંત શબ્દોથી તેઓને શાંતિ મળવી જોઈતી હતી, પરંતુ તેની આશા રાખવી ફોગટ હતી. તેઓ એક હતાશ અને ક્રોધી માણસના રૂપે જ મરશે.

દક્ષે પોતાનાં જડબાં જોરથી બંધ કર્યાં અને બારી બહાર જોવા લાગ્યા. તેઓ દૂર એ વડના ઝાડને જોઈ રહ્યા હતા અને તેઓના ગાલ પરથી આંસુ ટપકી રહ્યાં હતાં.

ધિક્કાર છે તને !

વડનું ઝાડ ધીમેથી હાલ અને જોરદાર હવાને લીધે તેનાં પાંદડાં નાટકીય ઢબે હાલક્યાં. એવું લાગતું હતું કે એ વિશાળ ઝાડ તેઓ પર હસી રહ્યું હતું.

ધિક્કાર છે તને !



પ્રકરણ-૫૩

બૂરાઈનો નાશ કરનાર

'હવા બહુ તેજ છે.' ચિંતાતુર તારા પશુપતિશાસ્ત્ર છોડવામાં આવનાર ટાવર નજીક બાંધવામાં આવેલી ધજાને ફરફરતી જોઈને બોલી.

તારા અને શિવ ટાવરથી દૂર ઘોડા ઉપર સવાર થયેલા હતા. બીજો પ્રહર લગભગ પૂરો થવામાં હતો અને થોડી જ પળોમાં સૂર્ય માથા પર આવી જવાનો હતો. શિવની સંપૂર્ણ સેના અને દેવગિરિના શરણાર્થીઓને આ ટાવરથી સાત કિલોમીટર દૂર, પશુપતિશસ્ત્રના વિસ્ફોટ ક્ષેત્રની બહાર, રાખવામાં આવ્યા હતા.

શિવે તારા તરફ જોયું અને પછી ઉપર આકાશમાં ધૂળના રજકણો જોઈને હવામાન અંગે અનુમાન લગાવી કહ્યું, 'કોઈ સમસ્યા નથી.'

આટલું કહીને, શિવનું ધ્યાન ફરીથી ધનુષને કસીને બાંધવામાં પડી ગયું. પરશુરામ મહિનાઓથી આ બધી રીતે કામ આવે તેવું ધનુષ બનાવી રહ્યા હતા. આમ કદમાં આ નાનું ધનુષ હતું, પરંતુ તેનામાં ખેંચીને તીર છોડવાની જબરદસ્ત શક્તિ હતી. એક ધનુર્ધર માટે ઘોડા કે રથ ઉપર સવાર થઈને તીર ચલાવવા માટે એકદમ સારી સગવડતા હતી. પરશુરામે તેનું નામ ભગવાન રુદ્રના પ્રસિદ્ધ, પ્રાચીન, લાંબા મહાન ધનુષના નામ પરથી 'પિનાક' રાખ્યું હતું.

જોકે તેને બનાવતી વખતે પરશુરામને આ ખબર નહોતી, પરંતુ શિવના હેતુ માટે તે સંપૂર્ણ યોગ્ય સિદ્ધ થવાનું હતું, કારણ કે પશુપતિશસ્ત્ર ચલાવવું સહેલું નહોતું. પશુપતિશસ્ત્ર સંપૂર્ણ રીતે પરમાણુ વિઘટન શસ્ત્ર હતું. બ્રહ્માસ્ત્ર અને વૈષ્ણવાસ્ત્રથી ઊલટું, જે પરમાણુ વિઘટન શસ્ત્ર હતાં. એક પૂર્ણ પરમાણુ વિઘટન શસ્ત્રમાં બે પરમાણુ -- એટલે કે ભૌતિક પદાર્થના સૌથી નાના સ્થિર અંશનું વિઘટન કરીને ભયાનક વિનાશકારી ઊર્જા ઉત્પન કરવામાં આવે છે. પરમાણુ વિઘટન શસ્ત્રમાં અણુઓને તોડીને પરમાણુઓને છોડવામાં આવે છે અને તેની સાથે સાથે ભયાનક રાક્ષસી ઊર્જા પણ બહાર આવે છે.

પરમાણુ વિઘટન શસ્ત્ર કાબૂ બહારનો વિનાશ સર્જ છે અને દૂર દૂર સુધી તેનો વિઘટનમુક્ત કચરો ફેલાઈ જાય છે. બીજી તરફ પરમાણુ સંલયન શસ્ત્ર ઘણું નિયંત્રિત હોય છે અને ફક્ત લક્ષમાં લીધેલા વિસ્તારનો નાશ કરી દે છે. તેની આજુબાજુ બહુ અસર થતી નથી.

આ માટે પશુપતિશાસ્ત્ર એ લોકો માટે પસંદગીનું શસ્ત્ર હતું જે કેવળ એક જ લક્ષ્યને પૂરી રીતે નાશ કરવા માગતા હોય છે, પરંતુ તેની સમસ્યા હતી પ્રક્ષેપણની -- ફેંકવાની વ્યવસ્થાની.

આ દૈવી શસ્ત્રોમાં વિસ્ફોટક ઊર્જા ઉત્પન કરવા માટે કેટલાક પદાર્થો વાપરીને તેને પ્રક્ષેપણ મિનારા પર ગોઠવવામાં આવતા હતા. જ્યારે આ શસ્ત્ર તેના લક્ષ્યની નજીક પહોંચે, તો બીજા વિસ્ફોટક પદાર્થો શસ્ત્રને ચાલુ કરી દેતા હતા.

મિનારાની અંદર પ્રક્ષેપણ સામગ્રી એક સલામત અંતરેથી ચાલુ કરવી જરૂરી હતી નહીં તો પ્રક્ષેપણ ચાલુ કરનારા લોકો શરૂઆતના પ્રક્ષેપણ વિસ્ફોટમાં સળગી જઈ શકતા હતા. આ વાત મનમાં રાખીને, પ્રક્ષેપણ વિસ્ફોટ ચાલુ કરવા માટે થોડેક દૂરથી સળગતાં તીર ચલાવવાવાળા ધનુર્ધરોને બોલાવવામાં આવ્યા હતા. આ ધનુર્ધરો સામાન્ય રીતે લાંબા ધનુષ્યનો ઉપયોગ કરતા હતા જેની મારક શક્તિ આઠસો વારથી પણ વધુ રહેતી હતી. આટલે દૂરથી લક્ષ્યને અચૂક રીતે વીંધી નાખવા માટે અતિ ઉત્તમ હોંશિયારી ધરાવતા ધનુર્ધરોની જરૂર પડતી હતી.

બ્રહ્માસ્ત્ર અને વૈષ્ણવાસ્ત્ર નિર્ધારિત સ્થાન પર પડે તે જરૂરી નહોતું કારણ કે તેનો વિનાશ દૂર-દૂર સુધી ફેલાઇ જતો હતો.

પશુપતિશસ્ત્ર એક ચોક્કસ પ્રક્ષેપક (મિસાઇલ) હતું, જેને એકદમ યોગ્ય સ્થાને જ પડવાનું હતું. આ વાત એ માટે વધુ ગૂંચવણભરેલી હતી કે એકીસાથે ત્રણ પ્રક્ષેપક ચલાવવાના હતા. આ ત્રણે પ્રક્ષેપક એ રીતે ગોઠવવામાં આવ્યા હતા કે તે ત્રણે એક જ સમયે સુવર્ણ, રજત અને તાંબાના ચોતરા પર ફાટે અને આખા નગરનો સંપૂર્ણ રીતે અને તરત નાશ કરી દે. એક સાથે ત્રણ ચોતરાઓનો નાશ કરવાનું જોખમ એ હતું કે વિનાશનું અંદરનું વર્તુળ મોટું થઈ જતું હતું, કારણ કે શસ્ત્રને ઊંચાઈ પરથી ચલાવવું પડતું હતું, પરંતુ તારાએ પ્રત્યેક પ્રક્ષેપણના ઉપાડવાના ખૂણા એવી રીતે ગોઠવ્યા હતા કે તેઓના એક સમયે થતા વિસ્ફોટથી દેવગિરિનો નાશ બરાબર થઈ જાત ત્યારે તેઓની વધારાની ઊર્જા એકબીજામાં ભળી જઈને અંદર ને અંદર રહેત, જેથી તેની બહારના વિસ્તારને કોઈ નુકસાન ન થાત.

ચોક્કસ ઉપાડને માટે ચોક્કસ શરૂઆતની જરૂર હતી. એ માટે પશુપતિશસ્ત્રના પ્રક્ષેપકોને મિનારાની અંદર યોગ્ય અને ચોક્કસ ખૂણાઓમાં સ્થાપિત કરવામાં આવ્યા હતા. મિનારા તે લક્ષ્ય વિસ્તાર જ્યાં અગ્નિતીર મારવાનું હતું, તે નાનું હતું. શિવને આઠસો વારથી પણ દૂરથી લક્ષ્ય પર મારવા માટે એક તીર ચલાવવાનું હતું અને આ બધું તેઓએ એક ઘોડા પર સવાર થઈને કરવાનું હતું, કારણ કે તેઓ તીર ચલાવ્યા પછી તરત ભાગી જઈ શકે.

'યાદ રાખજો, મહાન નીલકંઠ' તારાએ કહ્યું, 'જેવું આપનું તીર લક્ષ્ય પર લાગશે, આપે દૂર ભાગી જવાનું છે. દેવગિરિ ઉપર પશુપતિશસ્ત્ર ફાટતા પહેલાં આપની પાસે પાંચ મિનિટથી પણ ઓછો સમય હશે. આપને આટલા સમયમાં ઓછામાં ઓછું ત્રણ ગાઉનું અંતર કાપવાનું રહેશે. તે પછી જ આપ પશુપતિશસ્ત્રના સૂક્ષ્મ પરમાણુઓથી બચી શકશો.'

શિવે હજી પણ પોતાના ધનુષ્યની ખેંચવાની શક્તિની તપાસ કરતાં કરતાં લાપરવાહીથી પોતાનું માથું હલાવ્યું.

'નીલકંઠ ! આપના માટે એ અનિવાર્ય છે કે આપ જેટલી બને તેટલી ઝડપથી ભાગી જાવ. વિસ્ફોટ ઘાતક નીવડી શકે છે.'

શિવે કોઈ જવાબ આપ્યો નહીં. તેઓએ ભાથામાંથી તીર કાઢયાં. તેઓએ તેને સુંઘ્યા અને પછી તેમાંથી એક તીરની અણીને તલવાર રાખી હતી તે મ્યાનના ચામડા પર ઘસી. અણીમાં તરત આગ લાગી ગઈ. અતિ ઉત્તમ. શિવે સળગતા તીરને દૂર ફેંકી દીધું અને બાકીનાં તીરોને ભાથામાં નાખી દીધાં.

'આપે મારી વાત સાંભળી ? આપે તરત જ ત્યાંથી દૂર થઈ જવું પડશે.'

શિવે પોતાના હાથ પોતાના ધોતિયાથી લૂછયા અને પછી તારા તરફ ફર્યા, 'હવે તારા

ઘોડાને સુરક્ષારેખાની બહાર લઈ જા.'

'શિવ ! આપે તીર ચલાવીને ભાગી જવું પડશે.'

શિવે સ્થિર નજરે તારા તરફ જોયું. તારાએ તેઓના માથા પરના પેલા કાળા-લાલ ધબ્બાને ખરાબ રીતે કંપતો જોયો.

'આપ તરત જ ભાગી જશો !' તારાએ ભાર દઈને કહ્યું, 'મને વચન આપો.'

શિવે વાત સ્વીકારતા હોય તેમ ડોકું ધુણાવ્યું.

'મને વચન આપો.'

'હું તને વચન આપી ચૂક્યો છું. હવે જા.'

તારાએ શિવની સામે ઘુરકીને જોયું. 'નીલકંઠ...'

'જા, તારા. સૂરજ માથા પર પહોંચવા આવ્યો છે. મારે પ્રક્ષેપક ચલાવવાના

તારાએ પોતાના ઘોડાની લગામ પકડી અને પાછળ ફરી ગઈ.

'અને તારા...'

તારાએ ઘોડાને ઊભો રાખ્યો અને શિવ તરફ જોયું.

'ધન્યવાદ,' શિવે કહ્યું.

તારા સ્થિર ઊભી રહી. ઝળહળિયાંવાળી આંખે નીલકંઠને જોતી રહી. 'ઝડપથી સુરક્ષારેખાની પાછળ આવી જજો. યાદ રાખજો, આપને પ્રેમ કરવાવાળા ઘણા બધા લોકો છે જે આપની રાહ જોઈ રહ્યાં હશે.'

શિવે પોતાના શ્વાસને થંભાવી દીધો.

'હા, મારી પ્રિયા મારી રાહ જોઈ રહી છે.'

તારાએ પોતાના ઘોડાને એડી મારી અને ઝડપથી નીકળી ગઈ.

શિવે પોતાના કાળા-લાલ ધબ્બા ઉપર પોતાના માથાને દબાવ્યું. દબાવવાથી એવું લાગ્યું કે ત્યાંની જલન ઓછી થઈ ગઈ. સતીનું શબ જોયા પછી, પાછલા કેટલાક દિવસોથી, પીડા અત્યંત તીવ્ર અને સતત હતી.

શિવે માથાને ઝાટકો માર્યો અને મિનારા પર ધ્યાન કેન્દ્રિત કર્યું. તેઓ દૂર પોતાના લક્ષ્યને જોઈ શકતા હતા. તે લક્ષ્યને ચમકદાર લાલ રંગથી રંગવામાં આવ્યું હતું.

તેઓએ એક ઊંડો શ્વાસ લીધો અને ધરતી તરફ જોવા લાગ્યા.

પવિત્ર સરોવર, મને શક્તિ આપો.

શિવે એક વાર ફરીથી શ્વાસ લીધો અને ઉપર જોવા લાગ્યા.

ભગવાન રામ, કૃપા કરજો.

તેઓની સામે ભૂતાવળોની સેના ખડી થઈ ગઈ હતી, જે પશુપતિશસ્ત્રના પ્રક્ષેપક મિનારા તરફ જોવામાં વિઘ્ન નાખી રહી હતી. એ બધા જટાધારી દાનવોની બનેલી ભૂતાવળ જે બાળપણથી તેઓને પરેશાન કરતી આવી રહી હતી. શિવે ધ્યાનથી જોયું તો કોઈ પણ દાનવને ચહેરો નહોતો. તેઓના ચહેરાની જગ્યાએ એક ચીકણી સફેદ સ્વપ્લેટ હતી. તેઓ સૌએ તેમની તલવારો બહાર કાઢી હતી અને દરેક તલવારમાંથી લોહી ટપકી રહ્યું તું. એક પળવાર માટે તો શિવને લાગ્યું કે એક વાર ફરીથી તેઓ એક ભયભીત બાળક બની ગયા છે.

શિવે આકાશ તરફ જોઈને પોતાના માથાને એક ઝાટકો માર્યો, જાણે તેને સાફ ન કરવાનું હોય.

મને મદદ કરો

શિવે પોતાના કાકા મનોભૂનો અવાજ સાંભળ્યો, 'તેઓને માફ કરી દો. ભૂલી જાવ તેઓને. તારો એકમાત્ર શત્રુ બૂરાઈ છે !'

શિવે પોતાની નજર નીચી કરી અને પોતાની આંખને પ્રક્ષેપક ટાવર પર ટેકવી દીધી. દાનવ ભૂતાવળ અદૃશ્ય થઈ ગઈ હતી. તેઓએ ટાવરની બરાબર વચ્ચે, સીધું લાલ ધબ્બા તરફ જોયું.

શિવે પોતાના ઘોડાને શાંત કરવા તેના કાનમાં ધીમેથી કંઈક ગાતાં ગાતાં તેની લગામ ખેંચી અને તેને જમણી તરફ વાળ્યો. ઘોડા સ્થિર થઈ ગયા જેથી શિવને નિશાન તાકવા માટે સંતુલિત આધાર મળી જાય. તેઓએ તેમનું માથું ડાબી બાજુ ઘુમાવતાં, જમણા હાથને ધનુર્ધર માટે સીધું નિશાન બનાવવા એક કુદરતી ખૂણો બનાવ્યો. તેઓએ તેમના ધનુષ્યને આગળ ખેંચ્યું અને એક વાર ફરીથી તેની કમાનનું પરીક્ષણ કર્યું. કમાનને જોરથી ખેંચીને છોડવાથી થતો અવાજ તેઓને સારો લાગ્યો. એ સારી રીતે તણાયેલી કમાન હતી. તેઓએ આગળ નમીને ભાથામાંથી એક તીર બહાર કાઢયું. તેને એક બાજુ પકડીને, તેઓએ ઉપર જોઈને હવાની તપાસ કરી અને અનુમાન લગાવવા માંડ્યા.

આટલે દૂરથી તીર ચલાવવાની કલામાં બધું જ ધીરજ અને અનુમાન ઉપર આધાર રાખે છે. આ આખો ખેલ હતો યોગ્ય હવાની રાહ જોવાનો, તીરની ઘુમાવદાર ચાલને આંકવાનો, તીર છોડવાના યોગ્ય ખૂણાને નક્કી કરવાનો, છોડતી વખતે તીરની ગતિને કાબૂમાં રાખવાનો અને એ નક્કી કરવાનું કે કમાનને ક્યાં સુધી ખેંચવી. પોતાની આંખો વચ્ચેની જલનને ભૂલવાનો પ્રયાસ કરતાં શિવે પોતાની નજર પવનધવજ પર ટેકવી રાખી અને પોતાના શ્વાસને સ્થિર કર્યો.

હવા દિશા બદલી રહી છે.

કમાનને ધરુ તરફ ફેરવીને અને એક તીરને પોતાની બે આંગળીઓ વચ્ચે મજબૂતાઈથી પકડીને શિવે સહેજ ઘરબ્યુ.

હવા અટકી રહી છે.

તેઓએ ચામડા પર ઘસીને તીરના નાકને સળગાવ્યું. તેઓએ ધનુષ્યને ઉઠાવ્યું અને કમાન ખેંચી અને આ અંગેના સહજ જ્ઞાનને ધ્યાનમાં રાખ્યું અને યોગ્ય ખૂણો નક્કી કર્યો. એક હોશિયાર ધનુર્ધરની જેમ તેઓએ તેમની તીવ્ર દૃષ્ટિ લક્ષ્ય ઉપર ટેકવી. તેઓએ તીરની અણીમાંથી નીકળતી ગરમીને ભૂલી જઈને પોતાના ડાબા હાથને એકદમ સ્થિર રાખ્યો.

હવા એકદમ યોગ્ય છે.

તેઓએ સહેજ પણ ખચકાટ વગર તીર છોડી દીધું.

તેઓએ તીરને એક વળાંક સાથે જતું જોયું, જાણે તે ધીમી ગતિથી જઈ રહ્યું હતું. તેઓની નજર તે તીરના રસ્તાને ત્યાં સુધી જોતી રહી જ્યાં સુધી તે તેના લક્ષ્યને ચોંટીને થોડું દબાઈ ગયું નહીં. આગ તરત પાછળ રાહ જોતી પેટી સુધી ફેલાઈ ગઈ. પશુપતિશસ્ત્રનુ શરૂઆતનું આક્રમણ ચાલુ થઈ ગયું હતું.

'ભાગી જાવ, તારાએ દૂરથી ચીસ પાડીને કહ્યું.

'બાબા, આપના ઘોડાને ઘુમાવી દો.' કાર્તિકે પણ મોટેથી કહ્યું.

પરંતુ શિવ તેઓનો અવાજ સાંભળી ન શક્યા. તેઓ બહુ જ દૂર હતા.

શિવ લક્ષ્યની પાછળ ઝડપથી ફેલાતી જતી આગને ફેલાતી જોતા રહ્યા અને તેઓના માથાની પીડા એકદમ વધી ગઈ. તેઓએ તેમના ઘોડાની લગામ ખેંચી અને તેને વાળી દીધો.

તેઓ દૂર પોતાના સૈનિકોને જોઈ શકતા હતા. એની પાછળ તેઓ સરસ્વતી પર લંગર નાખી ઊભેલી તેઓની નૌકાને પણ જોઈ રહ્યા હતા. સતીનું શબ ત્યાં હતું.

તેણી મારી રાહ જોઈ રહી છે.

શિવે પોતાના ઘોડાને એડી મારી. ઘોડાને કંઈ વધુ સમજાવવાની જરૂર ન પડી અને તે

જોરથી દોડવા લાગ્યો.

લક્ષ્યની અંદર આગ અંતે ફેલાઈ અને તેણે શરૂઆતનો ધડાકો કર્યો. ત્રણ પશુપતિશસ્ત્ર પોતાની બખોલમાંથી નીકળ્યાં. પહેલાં સુવર્ણ અને રજત ચોતરા તરફ ગયાં અને ત્રીજું શસ્ત્ર થોડી વાર પછી તામ્ર ચોતરા તરફ ગયું, કારણ કે તે રજત ચોતરાથી થોડું દૂર હતું.

શિવ પોતાના ઘોડાને સતત ઝડપથી દોડવતા રહ્યા. તેઓ સુરક્ષારેખાથી બસ કેટલીક પળો દૂર હતા. પ્રક્ષેપાસ્ત્ર એક વિશાળ ગોળાકાર બનાવતાં ઊડ્યાં અને પોતાની પાછળ એક મોટી આગ છોડતાં ચાલ્યાં ગયાં. અને થોડી પળો બાદ વિનાશના અગ્રદૂતોની જેમ તેઓ સંપૂર્ણ વિનાશ કરવા નીચે ઊતરવા માંડ્યાં.

'શિ...વ !'

શિવ સોગંદપૂર્વક કહી શકતા હતા કે તેઓએ એ સ્વર સાંભળ્યો હતો, જેને તેઓ બેહદ પ્યાર કરતા હતા, પરંતુ તે વાસ્તવિક ન હોઈ શકે. તેઓ તો એ જ ગતિએ આગળ વધતા ગયા.

પશુપતિશસ્ત્ર ઝડપથી નીચે ઊતરી રહ્યાં હતાં.

'શિ...વ ! શિ...વ !'

શિવે પાછળ ફરીને જોયું.

લોહીથી તરબતર અને સખત ઘાયલ સતી -- તેઓની પાછળ દોડી રહી હતી. તેણીનો ડાબો હાથ તેણીના હૃદયના દરેક ધબકારા સાથે, જોરજોરથી લોહી ફેલાવી રહ્યો હતો. તેણીના પેટના બંને મોટા ઘા ખુલ્લા હતા, જેમાંથી ઝરણાની જેમ લોહી વહી રહ્યું હતું. તેણીની ડાબી આંખ બહાર નીકળી ગઈ હતી. તેણીના સળગી જવાનાં નિશાન એવાં લાગતાં હતાં જાણે તેમાં ફરીથી આગ લાગી ગઈ હોય. તે અત્યંત ખરાબ દશામાં હતી, છતાંય તેણી સતત શિવ તરફ દોડી રહી હતી.

'શિ...વ...!' મને મદદ કરો. મને છોડીને ન જાવ !'

સૈનિકોની એક સંપૂર્ણ ટુકડી, લોહીભીની તલવારો ખેંચીને સતીની પાછળ પડી હતી. દરેક યોદ્ધો એકદમ દક્ષ જેવો હતો. શિવનાં ભવાંની વચ્ચેનો ભાગ એકદમ ખરાબ રીતે થરથરવા માંડ્યો. અંદરની આગ ફાટી પડવાની તૈયારીમાં હતી.

'સતી !' ઘોડાની લગામ ખેંચીને શિવે જોરથી બૂમ પાડી. તેઓ સતીને ફરીથી ગુમાવી દઈ શકે તેમ નહોતા.

શિવે ઘોડાની લગામ ખેંચી પણ ઘોડાએ તો પોતાનું મનનું ધાર્યું જ કર્યું. તે ધીમો પણ ન પડ્યો અને પાછળ ફર્યો પણ નહીં. ઘોડાને પાછળ આવતા મોતની ખબર પડી ગઈ હોય તેવું લાગ્યું.

શિવે પોતાના બંને પગોને પેગડાઓમાંથી કાઢી, જમીન પર કૂદકો માર્યો. ઝડપથી પડવાના લીધે તેઓ એક બાજુ ઢળી ગયા. જોકે તેઓ બહુ ઝડપથી ઊભા થઈ ગયા.

'સતી !'

ઘોડો સતત સુરક્ષારેખા તરફ દોડતો રહ્યો જ્યારે શિવે પાછળ ફરીને પોતાની તલવાર બહાર કાઢી અને પોતાની પત્નીના કથિત ભ્રમને બચાવવા દોડી ગયા.

'બાબા,' ગણેશે જોરથી બૂમ પાડી, 'પાછા આવી જાવ.'

શિવના માથાના મધ્ય ભાગમાં જે કાળું-લાલ ચિહ્ન હતું તે ફાટી ગયું અને તેમાંથી લોહી દદડવા માંડ્યું. તેઓ પોતાની પત્નીનો પીછો કરતી દક્ષની સેના ઉપર હુમલો કરવા ઝડપથી પોતાની સતી તરફ દોડ્યા.

'તેણીને છોડી દે, નીચ ! મારી સાથે લડ.'

ત્રણ પશુપતિશસ્ત્ર પ્રક્ષેપાસ્ત્ર યોજનાનુસાર ત્રણ ચોતરાથી લગભગ પચાસ વાર ઉપર ફાટ્યાં. આંખોને ચોંકાવી દે તેઓ પ્રકાશનો ભરપૂર વિસ્ફોટ થયો. શિવની સેનાએ અને દેવગિરિના શરણાર્થીઓએ પોતાની આંખો બંધ કરી બચાવી લીધી. પરંતુ તેઓએ પોતાનાં શરીરો અંદર જે જોયું તેનાથી તેઓ સ્તબ્ધ થઈ ગયા. તેઓના ઝળકતા શરીરમાં તેઓ તેમનું લોહી, માંસપેશીઓ અને હાડકાં જોઈ શકતા હતા. તેઓએ તેમનાં શરીરોમાં એક રાક્ષસી ચમક પણ જોઇ, જે આમ તો દેવગિરિ ઉપર થયેલા વિસ્ફોટોનો પડઘો જ હતો. ભયાનક આતંક જોઈને તેઓનાં હૃદયો થડકી ઊઠયાં.

એ પછી લગભગ તરત જ એ શેતાની આગના ત્રણ ધડાકાઓ એ ઊંચાઈઓ પરથી નીચે ઊતર્યા જ્યાં આ ત્રણ પશુપતિશસ્ત્રના વિસ્ફોટ થયા હતા. તેઓ રાક્ષસી ઢબે દેવગિરિ પર ફેલાતા ચાલ્યા ગયા અને તેમણે તરત ત્રણે ચોતરામાં આગ લગાડી દીધી. ક્ષણવારમાં સૈકાઓ જૂની દેવતાઓની મહાન નગરી ધૂળમાં મળી ગઈ.

'ભગવાન રામ, કૃપા કરજો.' સતીને લઈ જનાર નૌકામાંથી આ ભયંકર વિસ્ફોટ જોઈને અત્યંત ભયભીત થઈ ગયેલી આયુર્વતીના મોંમાંથી આ શબ્દો નીકળી પડ્યા.

જેવી આગ દેવગિરિમાં ફેલાઈ ગઈ કે ધુમાડાના ગોટેગોટા વિસ્ફોટની જગ્યાએથી ઊઠવા લાગ્યા. તારાએ કરેલી ભવિષ્યવાણી મુજબ ત્રણે પ્રક્ષેપાસ્ત્રો ઊર્જા-વિસ્ફોટ એકબીજાને આકર્ષતા હોય તેમ દેખાયું હતું. ધુમાડાના જાણે ત્રણ થાંભલા બની ગયા હતા, જેઓ એકબીજા સાથે અથડાઈને ગર્જના કરતાં કરતાં, ભયંકર અજવાળું ફેલાવતા હતા. હવે ત્રણમાંથી એક જ થાંભલો બની જઈ તે ઝડપથી ઉપરની તરફ વધતો જતો હતો. તે એટલો ઊંચો ગયો કે કોઈ જીવતા પ્રાણીએ પહેલાં આવું જોયું જ નહોતું. ઉપર જઈને તે એક વિશાળ વાદળ બની ગયો અને પછી એટલી જ ઝડપથી ધુમાડાનો ત્રિશંકુ પોતાની અંદર ધસીને કાયમ માટે દેવગિરના અવશેષોમાં ઘૂસી ગયો.

પોતાની જ સામે થઈ રહેલા ભયંકર વિનાશથી અણજાણ શિવ પોતાની તલવાર કાઢીને આગળ ને આગળ દોડતા રહ્યા અને તેઓના માથામાંથી ઝડપથી લોહી વહેતું રહ્યું.

જેવો ત્રિશંકુ પડ્યો કે એક શાંત વિસ્ફોટ થયો. પરમાણુનો આ વિસ્ફોટ ફેલાયો. તેનો અવાજ શિવની સેના સુધી પહોંચ્યો.

'બાબા,' ગણેશે મોટેથી બૂમ પાડી અને તેઓ જ્યાં ઊભા હતા ત્યાંથી કૂદીને દોડતા પોતાના ઘોડા તરફ ઝડપથી ગયા.

પરમાણુનો વિસ્ફોટ ન દેખાય તેવો હતો. શિવ તેને જોઈ શકતા નહોતા, પરંતુ તેઓ પોતાની તરફ એક રાક્ષસી લહર આવતી જોઈ શકતા હતા. તેઓને તો પોતાની પત્નીને બચાવવાની હતી. તેઓ ભયંકર ચીસો પાડતા આગળ ને આગળ દોડતા રહ્યા.

'સતી !'

પરમાણુના વિસ્ફોટની લહેરે તેઓના શરીરને ઉપર ઉઠાવી લીધું હતું. એક ક્ષણ તો તેઓને પોતે ભાર વિનાના થઈ ગયા હોય તેવું લાગ્યું અને પછી લહેરે તેઓને ખરાબ રીતે પાછળ ધકેલી દીધા. તેઓના માથા અને કંઠમાં આગ લાગેલી હતી, જ્યારે મોંમાંથી લોહી નીકળી પડયું હતું. તેઓ પીઠ પર જોરથી જમીન પર પડી ગયા. તેઓના માથાને જોરથી ઝાટકો લાગ્યો અને તેઓના કપાળમાં સનસનાટી ફેલાઈ ગઈ.

એ છતાંય તેઓને કોઈ પીડાની લાગણી થઈ નહીં. તેઓ બસ ચીસો પાડતા રહ્યા.

'સ...તી...!'

'સ..તી...!'

અચાનક તેમણે સતીને તેઓની ઉપર ઝૂકેલી જોઈ. તેણીના શરીર ઉપર લોહી નહોતું. કોઈ

ઘા નહોતા. કોઈ નિશાન નહોતાં. તેણી બરાબર એવી દેખાઈ રહી હતી જેવી વર્ષો પહેલાં બ્રહ્મમંદિરમાં તેઓને તેણી પહેલી વાર મળી હતી. તેણીએ આગળ નમીને શિવના ચહેરાને પોતાના હાથથી સહેલાવ્યો. તેણીનો હસતો ચહેરો પ્રેમ અને આનંદના ભાવોથી તરબતર હતો. આ એવું સ્મિત હતું જે શિવની દુનિયામાં બધું બરાબર કરી દઈ શકે તેમ હતું.

તેણીએ શિવના માથાને અડકી લીધું. તીખી ઝણઝણાટી ઓછી થઈ અને તેનું સ્થાન એક એવી શાંતિએ લીધું જેનું વર્ણન કરવું મુશ્કેલ હતું. તેઓને એવો અનુભવ થયો જાણે તેઓને મુક્ત કરી દેવામાં આવ્યા છે. ખબર નહીં પણ કેમ તેઓનો નીલો કંઠ ઠંડો રહ્યો નહોતો. એટલી વિચિત્ર અનુભૂતિ હતી કે તેઓના માથાએ અંદરથી સળગવાનું બંધ કરી દીધું હતું.

શિવે પોતાનું મોં કંઈક બોલવા ખોલ્યું પણ કોઈ સ્વર બહાર ન આવ્યો. એટલે તેઓ જે કહેવા માગતા હતા તેનો વિચાર કર્યો.

મને તારી સાથે લઈ જા, સતી. હવે મારા માટે કરવાનું કંઈ રહ્યું નથી. બસ, હું સંપૂર્ણ થઈ ગયો છું.

સતીએ જરા આગળ નમીને શિવના હોઠોને ધીરેથી ચૂમ્યા. તે હસી અને સાવ ધીમેથી બોલી, 'ના, આપ સંપૂર્ણ થઈ ગયા નથી. હજી નહીં.'

શિવ પોતાની પત્નીને જોતા રહ્યા. હું તારા વગર જીવી નહીં શકું...'

'આપે જીવવું જ પડશે.' સતીની ચમકતી છબીએ કહ્યું.

શિવ પોતાની આંખો ખુલ્લી રાખી શક્યા નહીં. સતીનો સુંદર અને શાંત ચહેરો ધૂંધળો થવા માંડ્યો. તેઓ એક શાંત સપના જેવી અવસ્થામાં ખોવાઈ ગયા. છતાંય ચેતનાના ઊંડાણમાં ડૂબવા છતાંય, તેઓને લાગ્યું કે તેઓએ એક સ્વર સાંભળ્યો છે, લગભગ એક આદેશના રૂપમાં.

' હવે કોઈ રક્તપાત નહીં. જીવનને ફેલાવો. જીવનને ફેલાવો.'



પ્રકરણ-૫૪

પવિત્ર સરોવર કાંઠે

ત્રીસ વર્ષો પછી, માનસરોવર કાંઠે (કૈલાશ પર્વત, તિબેટની તળેટીમાં)

શિવ એ વિશાળ પથ્થર ઉપર બેઠા હતા જે માનસરોવર ઉપર ફેલાયેલો હતો. તેની પાછળ કેલાશ પર્વત હતો, જેના ચારે છેડા ચારે દિશા સાથે જોડાયેલા હતા. આ તે મહાદેવના સંત્રી રૂપે ઊભા હતા જેણે ભારતની બૂરાઈ સામે રક્ષા કરી હતી.

આટલાં વર્ષો અને તિબેટની આબોહવાએ તેઓના શરીર પર અસર કરી હતી. તેઓની જટાના મોટાભાગના વાળ સફેદ થઈ ગયા હતા, જોકે હજી પણ તે એટલા જ લાંબા અને મજબૂત હતા કે તેઓને મણકાની સાથે પરંપરાગત ચોટલીની જેમ બાંધી શકાતા હતા. નિયમિત વ્યાયામ અને યોગના કારણે સુડોળ તેઓનું શરીર હજી પણ કસેલું અને માંસલ હતું; પરંતુ ચામડીમાં કરચલીઓ પડી ગઈ હતી અને તે તેની ચમક ખોઈ બેઠી હતી. તેઓના નીલા કંઠે આટલાં વર્ષો થયા છતાં પોતાનો રંગ ગુમાવ્યો નહોતો, પરંતુ હવે તે ઠંડો અનુભવાતો નહોતો. એ દિવસથી આ બન્યું હતું જ્યારે તેઓ દેવગિરિનો નાશ કરવાવાળા પશુપતિશસ્ત્રમાંથી બહાર આવેલા ન્યુટ્રોનના ધડાકા સાથે અથડાયા હતા. તેઓનાં ભવાંઓની વચ્ચેનો ભાગ પણ સળગતો કે થથરતો નહોતો. કદાચ ન્યુટ્રોનના જ ધડાકાને કારણે પરંતુ તેણે એક ઊંડો, લગભગ કાળો રંગ કરી દીધો હતો જે તેઓની ગોરી ચામડીથી તદ્દન ઊલટો હતો. તે કોઈ આંખના છૂંદણા જેવો લાગતો હતો. એક એવી આંખ જેની પાંપણ બંધ હતી. કાલીએ તેને શિવની ત્રીજી આંખ એવું નામ આપ્યું હતું, જે તેઓના કપાળ પર તેઓની કુદરતી આંખોની વચ્ચે આડી પડેલી હતી.

શિવે સરોવરના દૂરના કિનારે ડૂબતા સૂરજને જોયો. દૂર ચમકતા જળ ઉપર તરતા હંસોના જોડાને જોયું. એવું લાગતું હતું કે જાણે એ બે પક્ષીઓ એ દૃશ્યને સાથે મળીને જોઈ રહ્યા છે ! જોકે સૂર્યાસ્તનો લાભ ત્યાં સુધી નથી લઈ શકાતો જ્યાં સુધી આપની સાથે તે વ્યક્તિ ન હોય જેને આપ પ્રેમ કરતા હો.

તેઓએ ઊંડો શ્વાસ લીધો અને કાંકરી ઉઠાવી લીધી. બાળપણમાં કાંકરીને તેઓ એવી રીતે ફેંકી શકતા હતા કે સરોવરને વળોટી જતી હતી. તેઓનો કીર્તિમાન (રેકોર્ડ) સત્તર ઉછાળાનો હતો. તેમણે કાંકરીને ફેંકી પરંતુ તેઓ નિષ્ફળ ગયા. તે નાનકડા અવાજ સાથે સરોવરમાં ડૂબી ગઈ.

તેઓના જીવનમાં એક પણ દિવસ એવો પસાર થયો નહોતો કે જ્યારે તેઓએ તેમની પત્નીને યાદ કરી ન હોય. તેઓએ પોતાની આંખમાં આવેલું આંસુ લૂછયું અને પછી પાછળ ફરીને પોતાના ગામની બહાર લોકો અગ્નિ સળગાવી બેઠા હતા તે જોયું. અગ્નિની આસપાસ બેસીને ખાતા, પીતા અને મજાકમસ્તી કરતા લોકોનો મોટો મેળાવડો થઈ ગયો હતો.

જ્યારે તેઓ અનેક વર્ષો પહેલાં કેલાશ પર્વત પાછા આવ્યા હતા ત્યારે તેઓની ગણ જનજાતિના અનેક લોકો તેઓની સાથે અહીં આવી ગયાં હતાં. સાથે સાથે ભારત આખામાંથી આશરે દસ લોકોએ પોતાનાં ઘરબાર છોડીને, પોતાના મહાદેવની ભૂમિમાં જતા રહેવાનો નિર્ણય કર્યો હતો. તેમાં મુખ્ય હતા નંદી, બૃહસ્પતિ, તારા, પરશુરામ અને આયુર્વતી. અયોધ્યાના પદભ્રષ્ટ શાસક દિલીપ, જેઓ આયુર્વતીની ઔષધિ થકી હજી સુધી જીવતા હતા. મયકા-લોથલના ભૂતપૂર્વ પ્રાંતપાલ ચેનારધ્વજ અને ભૂતપૂર્વ નાગા પ્રધાનમંત્રી કર્કોટક પણ માનસરોવરના કાંઠા પર આવી રહ્યા હતા. શિવના અનુયાયીઓએ શિવના ગામની નજીક જ નવાં ગામો વસાવી દીધાં હતાં. શિવના આધીન વિશાળ દળને જોઈને ગણવાળાઓના જૂના શત્રુ, સ્થાનિક તિબેટવાસીઓએ પણ નીલકંઠની સાથે શાંતિ સ્થાપી દીધી હતી.

દૂરના પેલા અગ્નિએ શિવને પોતાના સૌથી ખરાબ દિવસની યાદ અપાવી દીધી હતી, જ્યારે તેઓએ દેવગિરિનો નાશ કર્યો હતો. સતીની એ જ દિવસે સાંજે અંતિમક્રિયા કરી દેવામાં આવી હતી, પરંતુ શિવ પાસે એ ઘટનાની યાદો નહોતી. પશુપતિશસ્ત્રના ન્યુટ્રોન વિસ્ફોટના કારણે તેઓને ચોટ લાગવાથી તેઓ બેભાન થઈ ગયા હતા. તેઓ આયુર્વતીની ઔષધિઓ થકી પોતાના જીવન સાથે લડી રહ્યા હતા. સતીની અંતિમક્રિયા વિષે તેઓ ફક્ત એટલું જ જાણતા હતા જે તેઓને કાલી, ગણેશ અને કાર્તિકે જણાવ્યું હતું.

તેઓને કહેવામાં આવ્યું હતું કે એ સમગ્ર વિસ્તારમાં એક શાંત હવા વહેતી રહી હતી, જેણે દેવગિરિના અવશેષો ઉપરથી રાખ ઉડાડી ધીમે ધીમે વિખેરી નાખી હતી. એવું લાગતું હતું કે રાખ સરસ્વતીના પાણી સુધી પહોંચવાનો પ્રયત્ન કરી રહી છે, જેથી દિવંગતોના આત્માઓને એક પ્રકારની પૂર્ણાહુતિ મળી શકે. ધૂંધળા ધબ્બાઓએ સરસ્વતી આસપાસના સંપૂર્ણ નઝારાને એક ફિક્કા ભૂખરા રંગથી રંગી દીધો હતો.

ચંદનનાં લાકડાંની ચિતાને, ગણેશ અને કાર્તિક બંનેએ આગ લગાવી હતી, તેને સળગતાં થોડો સમય લાગ્યો હતો, પરંતુ એક વાર સળગી ગયા પછી તે પ્રચંડ રૂપે સળગી ગઈ હતી. એવું લાગતું હતું કે જાણે અગ્નિદેવને પણ મેલુહાની ભૂતપૂર્વ રાજકુમારીના શરીરને સળગાવવામાં મનાવવાની જરૂરત પડી હતી, પરંતુ એક વાર આ કામ શરૂ કર્યા પછી, તે અગ્નિદેવ માટે કદાચ એટલું પીડાદાયક રહ્યું હશે કે તેઓ તેને જલદીમાં જલદીથી પૂરું કરી દેવા માગતા હતા.

શિવને ત્રણ દિવસો પછી ભાન આવ્યું હતું. તેઓએ તેમની આસપાસ વ્યાકુળ કાલી, ગણેશ અને કાર્તિકને બેઠેલાં જોયાં હતાં. જ્યારે શિવમાં શક્તિ પાછી આવી એટલે આંસુભરેલી આંખોએ ગણેશે સતીની ભસ્મ ભરેલો કળશ શિવને આપ્યો હતો.

કદાચ નીચે બહુ જ ઉત્સાહ સાથે તરતી કોઈ માછલીના કારણે શિવ ઉપર પાણીના કેટલાંક છાંટા પડ્યા અને તે તેઓને ત્રીસ વર્ષો પુરાણી યાદમાંથી વર્તમાનમાં લઈ આવ્યા.

શિવ સરોવરના પાણીને જોતાં જોતાં થોડી વાર બેઠેલા રહ્યા. રોજની જેમ, તેઓ સોગન ખાઈ શકતા હતા કે તેઓએ ત્યાં સતીની ભસ્મને લહેરાતી જોઈ હતી. નક્કી આ ભ્રમ હતો. શિવના ભાનમાં આવ્યા પછી એક દિવસ બાદ સતીની ભસ્મને સરસ્વતીમાં વિસર્જિત કરી દેવામાં આવી હતી.

તેઓને ત્રીસ વર્ષો પહેલાં ગણેશ અને કાર્તિકની સહાયથી, નબળાઈ સાથે નૌકામાં જવાનું યાદ આવી રહ્યું હતું. નીલકંઠને નદીની વચ્ચોવચ્ચ લઈ જવામાં આવ્યા હતા, જ્યાં તેઓએ અને કાલીએ મળીને સતીની થોડી ભસ્મ પાણીમાં વિખેરી નાખી હતી. શિવે બધી જ ભસ્મને વિસર્જિત કરવા ઉપર મનાઈ ફરમાવી હતી, ભલેને પરંપરા ગમે તે હો. તેઓ સતીનો કંઈક અંશ પોતાના માટે રાખવા માગતા હતા.

ભારતીયોનું માનવું છે કે શરીર ધરતીમાતાની કામચલાઉ ભેટ છે. તે આત્માને શરીર ઉધાર આપે છે, જેથી આત્મા પાસે પોતાનાં કર્મ કરવા માટે એક સાધન હોય. આત્માનું કર્મ પૂર્ણ થઈ ગયા પછી, શરીરને પાછું પરત કરવાનું હોય છે, શુદ્ધ સ્વરૂપે, જેથી ધરતીમાતા તેને બીજા કોઈ હેતુ માટે ઉપયોગમાં લઈ શકે. ભસ્મ એવા માનવશરીરનું પ્રતિનિધિત્વ કરે છે, જેને સૌથી મોટા શુદ્ધિકર્તા -- અગ્નિદેવ -- મારફત શુદ્ધ કરેલ હોય છે. ભસ્મને પવિત્ર જળમાં વિસર્જિત કરીને શરીરને સન્માનપૂર્વક ધરતીમાને પાછું આપી દેવામાં આવે છે.

તેઓને યાદ આવ્યું કે એક નજીકની નૌકામાં બ્રાહ્મણ સંપૂર્ણ વિધિ દરમિયાન સંસ્કૃતના શ્લોક બોલતા રહ્યા હતા. ઈશાવાસ્યોપનિષદના એક ખાસ શ્લોક ઉપર શિવનું ધ્યાન ગયું હતું અને તેઓને તે યાદ આવી ગયો હતો.

वायुरनिवममृतम्; अथेदम्भ्स्मंत्म् शरीरम्

આ અસ્થાયી શરીરને ભસ્મ થવા દો, પરંતુ જીવનના શ્વાસનો સંબંધ ક્યાંક બીજે જ છે. તે ફરીથી અમર શ્વાસને આવી મળો.

‘પ્રભુ !’ નંદીએ મોટા અવાજે કહ્યું.

શિવે પાછળ ફરીને દૂર ઊભેલા નંદીને જોયો. તેના બંને હાથોની જગ્યાએ હૂક લગાવેલા હતા.

‘પ્રભુ, બધા લોકો રાહ જોઈ રહ્યા છે.’ નંદીએ એટલા મોટા અવાજે કહ્યું કે તેઓ સાંભળી શકે.

શિવે હાથ ઊંચો કરી નંદીને રાહ જોવાનું કહ્યું. તેઓને તેમની યાદો સાથે કેટલોક વધુ સમય વિતાવવો હતો. નંદીને શિવને બોલાવવા માટે એટલે મોકલવામાં આવ્યો હતો કે લોકો જાણતા હતા કે તે શિવને પ્રિય હતો. તે ત્રીસ વર્ષો પહેલાં સતીની સાથે વીરતાપૂર્વક લડ્યો હતો અને તેણે શિવની પત્નીને બચાવવાના અસફળ પ્રયત્નમાં પોતાના બંને હાથ ગુમાવી દીધા હતા.

શિવે નંદીથી જરા ઉપર જોઈને નજર નાખી તો જોવામાં આવ્યું કે મહર્ષિ ભૃગુ બીજાઓથી દૂર બેસીને ગણેશ તથા કાર્તિક સાથે વાતો કરી રહ્યા હતા. મહર્ષિ ભોજપત્રોના એક પુસ્તકમાંથી કંઈક સમજાવી રહ્યા હતા. તેઓના બંને પુત્રો ધ્યાનપૂર્વક સાંભળી રહ્યા હતા. બ્રંગાના રાજા ચંદ્રકેતુ અને વૈશાલીના રાજા માતલિ પણ મહર્ષિ ભૃગુની વાતને ધ્યાનપૂર્વક સાંભળી રહ્યા હતા.

તેમણે પાછા ફરીને સરોવરને જોયું અને એક ઊંડો શ્વાસ લીધો.

કાર્તિકે મારી માન-મર્યાદાનું રક્ષણ કર્યું.

કાર્તિકે બુદ્ધિપૂર્વક યોગ્ય પળે શિવને એ કહ્યું હતું કે તેણે દેવગિરિના એ વૈજ્ઞાનિકોને બચાવી લીધા હતા જેઓની પાસે સોમરસનું જ્ઞાન હતું. નીલકંઠે આ સમાચારને શાંતિથી સાંભળ્યા હતા. શિવ એ વાતથી પણ પ્રસન્ન હતા કે ભૃગુને બચાવી લેવામાં આવ્યા હતા, કારણ કે મહાન ઋષિનો સતીના મૃત્યુમાં કોઈ હાથ ન હતો. એ સિવાય પણ ભવિષ્યનું ભારત તેઓના અગાધ જ્ઞાનના વારસાના લીધે ગર્વ અનુભવશે.

શિવે જાહેર કર્યું હતું કે સોમરસના વૈજ્ઞાનિકોને મધ્ય તિબેટમાં જમીન આપવામાં આવે, ભારતીય સામ્રાજ્યોથી ઘણે દૂર ! આમ જોવા જઈએ તો કોઈ પણ સામ્રાજ્યની પહોંચથી બહુ

જ દૂર. સોમરસ વૈજ્ઞાનિકોએ સૂર્યવંશી અને ચંદ્રવંશી સૈનિકોની મદદથી પોતાનાં ઘર વસાવી લીધાં હતાં. એ બચી ગયેલા લોકોએ પોતાના નવા નિવાસસ્થાનનું નામ પોતાના મૂળ નગરના નામ ઉપર દેવગિરિ -- દેવતાઓનું નિવાસસ્થાન રાખ્યું હતું. તિબેટમાં સ્થપાયેલું આ નગરનું નામ એ અર્થમાં રાખવામાં આવ્યું, એટલે તે તિબેટની સ્થાનિક ભાષામાં : લ્હાસા. સોમરસનું યાને અમરતાનું પ્રતીકનું જ્ઞાન લ્હાસાના નાગરિકોનું ત્યાં સુધી એક પવિત્ર રહસ્ય રહેવાનું હતું જ્યાં સુધી ભારતને તે જ્ઞાનની ફરીથી જરૂરત ન પડે.

શિવે એ પણ આદેશ આપ્યો હતો કે તેઓના બંને પુત્રો એ જનજાતિની સ્થાપના કરશે જે લ્હાસાનું રક્ષણ કરશે. ગણેશ અને કાર્તિકે જે જે જનજાતિની સ્થાપના કરી તે ચંદ્રવંશીઓ, સૂર્યવંશીઓ અને નાગાઓનું એક ઉદાર મિશ્રણ હતું. તેઓએ શિવની જનજાતિ ગણના મોટાભાગના લોકોને અને કેટલીક સ્થાનિક તિબેટની જનજાતિને તેમાં ભેળવી દીધી હતી. શિવના મિત્ર અને નિષ્ઠાવાન અનુયાયી વીરભદ્રને આ જનજાતિના પ્રમુખ બનાવી દેવામાં આવ્યા હતા. તેઓને લામાનું બિરુદ આપવામાં આવ્યું હતું, જે ગુરુ માટેનો તિબેટની ભાષાનો શબ્દ છે. લ્હાસાના લોકો અને લામાના અનુયાયી ભારતના પ્રાચીન જ્ઞાનની રક્ષા કરશે. તેઓનું પરમ કર્તવ્ય હતું -- ભારત પર ક્યારેય પણ બૂરાઈનું આક્રમણ થાય ત્યારે ઊભા થઈને ભારતનું રક્ષણ કરવું.

સોમરસના કચરાને દાટવાનું સ્થળ, જે તિબેટની ત્સાંગપો નદી પર બનાવવામાં આવ્યું હતું, તેને ખોદીને તેની બધી સામગ્રી બહાર કાઢી લેવામાં આવી હતી. એ કચરાને આગળ ઉત્તરમાં તિબેટના દૂરના નિર્જન ભાગમાં લઈ જવામાં આવ્યો હતો. તેને મોટા પટારામાં ભીની માટી અને પાંદડાંઓ સાથે દબાવીને જમીનમાં દાટી દેવામાં આવ્યા હતા. એવી આશા રાખવામાં આવી હતી કે આ ઝેર હંમેશાં અડક્યા વગરનું રહેશે. નસીબજોગે જોકે દેવગિરિના નાશ બાદ સોમરસનું નિર્માણકાર્ય બંધ થઈ ગયું હતું એટલે હવે કોઈ ઝેરી કચરાને સાચવવાની જરૂર નહોતી પડવાની.

શિવને એ પણ લાગ્યું હતું કે ફક્ત સોમરસના જ્ઞાનને દૂર કરી દેવું એ દેવોના આ પીણાને રોકવા માટે પૂરતું નહીં રહે. જો તેને ભારતભરમાંથી મિટાવી દેવું હશે તો તેને જડમૂળથી ઉખાડીને ફેંકી દેવું પડશે. આ વાતમાં પરશુરામનો અભિપ્રાય યોગ્ય હતો : સરસ્વતી વગર સોમરસનું ઉત્પાદન ન થઈ શકે. એ ઉપરાંત નદીનું હાલનું વહેણ દેવગિરિ ઉપર રેડિયો એક્ટિવ કચરો લઈ જતું હતું અને આગળ જઈને ઘણા ભૂમિખંડોને પણ ખરાબ અસર કરતું હતું. સરસ્વતી સતલજ અને યમુનાના સંગમમાંથી ઉદ્‌ભવતી હતી. જો આ બંને ઉપનદીઓને અલગ કરી દેવામાં આવે તો સરસ્વતીનું પાણી સોમરસ બનાવવામાં કે કચરો લઈ જવા માટે રહેશે નહીં.

શિવે નિર્ણય કરી લીધો હતો કે ભારતના હિતમાં સતલજ અને યમુના હંમેશા માટે અલગ થઈ જશે. આદેશ આપી દેવામાં આવ્યો હતો કે યમુનાના માર્ગને એકવાર ફરીથી બદલીને એ કામચલાઉ માર્ગ પર ઢાળી દેવામાં આવશે જ્યાં તે દેવગિરિના વિનાશના સો વર્ષ પહેલાં વહેતી હતી, જ્યારે તે ગંગામાં મળી ગઈ હતી. પરંતુ આટલું કહેવું સહેલું હતું, કરવું મુશ્કેલ હતું. જો યમુના જેવી શક્તિશાળી નદીનો માર્ગ અચાનક બદલી નાખવામાં આવે તો તેના પરિણામે આવનારું પૂર વિનાશ ફેલાવી દે. આખા પરિવર્તનને કાબૂમાં રાખીને સાચવીને કરવાની જરૂરત હતી.

ભગીરથે મેલુહના ઇજનેરો સાથે મળીને એક ઉત્કૃષ્ટ યોજના બનાવી. યમુનાના કિનારાઓને ખોદી નાખવામાં આવ્યા અને તેના ઉપર પાણી માટેના મોટા મોટા દરવાજાઓ બનાવી દેવામાં આવ્યા. આ દરવાજાઓ તાળાઓના રૂપે કામ કરતા હતા અને તેને ધીરે ધીરે ખોલીને યમુનાને

તેના નવા માર્ગ ઉપર યોજનાપૂર્વક અને નિયંત્રિત રીતે ઘણા મહિનાઓ સુધી છોડવામાં આવતું. ભગીરથે આ પાણીના દરવાજાઓનું નામ 'શિવના તાળા' રાખ્યું હતું. આ રીતે યમુનાની દિશાને ધીરે ધીરે વાળીને તેને તેના નવા માર્ગ પર ચલાવવા માંડી, જેના લીધે તે પ્રયાગ થઈને ગંગાને મળી. શિવના તાળાઓને લીધે ગંગાને પૂરથી બચાવી લેવામાં આવી અને ગંગાને ધીરે ધીરે પોતાનું નવું સ્વરૂપ પ્રાપ્ત થયું.

પહેલાંથી જ બ્રહ્મપુત્ર એક વિશાળ નદી હતી. હવે યમુનાનો ઉમેરો થતાં શક્તિશાળી ગંગા ભારતની સૌથી મોટી નદી બની ગઈ હતી. એવું પણ માનવામાં આવતું હતું કે યમુના પોતાની સાથે ગંગામાં સરસ્વતીના આત્માને લઈને આવી હતી અને એ રીતે ગંગા ભારતની સૌથી પવિત્ર નદી બની ગઈ હતી. એક રીતે જોઈએ તો પવિત્ર સરસ્વતીની સાથે જોડાયેલી ભક્તિ ગંગામાં ફેરવાઈ ગઈ હતી. સાથે સાથે યમુનાનાં નિર્મળ સ્વચ્છ પાણીના જોરદાર પ્રવાહે બ્રંગાના ઝેરી પાણીને સાફ કરી દીધું અને એ પ્રદેશની મોટી નદીઓને સોમરસના ઝેરથી મુક્ત કરી દીધી. સમયની સાથે સાથે ગંગાસાગર, એ સ્થળ જ્યાં ગંગા સમુદ્રને મળતી હતી, ત્યાં રહેતા બ્રંગાવાસીઓમાં એક દંતકથાએ સ્થાન બનાવી દીધું કે તેઓના પ્રદેશને ગંગાએ શુદ્ધ કરી દીધું. આ એક એવી કિંવદંતી હતી જે સત્યથી બહુ દૂર નહોતી.

દેવગિરિની એકતા સ્થાપતી પરિસ્થિતિ વગર મેલુહા જુદા જુદા પ્રાંતોમાં વહેંચાઈ ગયું જે બધા પછી સ્વતંત્ર રાજ્યો બની ગયાં. દક્ષના અયોગ્ય શાસન વગર અને સ્વતંત્રતાની નવી હવા સાથે, રચનાત્મકતાનો વિસ્ફોટ થયો અને વિવિધ છતાંય સમાન રીતની સુંદર સંસ્કૃતિઓને ફૂલવા-ફાલવાનો મોકો મળ્યો.

શિવે એક મોટું હાસ્ય સાંભળ્યું, જે તેઓ જાણતા હતા કે ભગીરથનું જ હોઈ શકે. તેઓએ પાછળ ફરીને જોયું તો તે એક ગરમ કુંડાળા પાસે ઊભો રહી ઉત્સાહ સાથે ગોપાલ અને કાલી સાથે દિલીપને દેવગિરિના વિનાશ પહેલાં તેઓની સેનાએ પદભ્રષ્ટ કરી દીધા હતા. ભગીરથ તેઓનો ઉત્તરાધિકારી બન્યો હતો, જેણે બુદ્ધિપૂર્વક અયોધ્યા ઉપર રાજ કરીને શાંતિ અને સમૃદ્ધિના એક નવા યુગની શરૂઆત કરી હતી. ભગીરથની નજીક ઊભેલા દિલીપના ચહેરાના ભાવો જોતાં લાગતું હતું કે ભૂતપૂર્વ સમ્રાટે પોતાના ભાગ્ય સાથે સમાધાન કરી લીધું હતું.

શિવે પોતાનું ધ્યાન ભગીરથ અને કાલી સાથે વાત કરી રહેલા એક લાંબા, પાતળા વ્યક્તિ ઉપર કેન્દ્રિત કર્યું. મહાન વાસુદેવ કદાચ સમજી ગયા હતા કે તેઓને જોવામાં આવી રહ્યા છે. તેઓએ પાછળ ફરીને શિવને જોયા, તેઓ હસ્યા અને હાથ જોડીને નમસ્કાર કરતા તેઓ નમી ગયા. શિવે ગોપાલના આ અભિનંદનનો જવાબ એક ઔપચારિક નમસ્તેથી આપ્યો. ગોપાલે શિવની સાથે સમાધાન કરી લીધું હતું.

દેવગિરિનું જે થયું તે જરૂર એવું નહોતું જે વાસુદેવ ઇચ્છતા હતા, પરંતુ જે વાતે તેઓને શાંતિ આપી હતી તે એ વાત હતી કે બૂરાઈનો નાશ કરવામાં આવ્યો છે અને સોમરસના જ્ઞાનને બચાવી લેવામાં આવ્યું છે. બૂરાઈની ખરાબ અસરોનો નાશ કરી નાખવાથી ભારતમાં એક નવો પ્રાણ આવી ગયો હતો. નીલકંઠ પોતાના હેતુમાં સફળ સાબિત થયા હતા, અને તેમાં જ વાસુદેવોની સફળતા સમાયેલી હતી. ગોપાલે વીરભદ્ર અને મહાદેવની નવી જનજાતિ એટલે કે લ્હાસાના નાગરિકોની સાથે પણ ઔપચારિક સંબંધ બાંધી દીધો હતો. વાસુદેવ અને લહાસાવાસીઓ મળીને ભારત ઉપર નજર રાખશે અને જોશે કે આ દેવભૂમિ સતત સમૃદ્ધિ પ્રાપ્ત કરતી રહે અને સંતુલન સાથે વિકાસ પામતી રહે.

પોતાના મિત્ર વાસુદેવને જોઈને શિવને વાયુપુત્રો પણ યાદ આવી ગયા. પશુપતિશાસ્ત્રના ઉપયોગ કરવા માટે તેઓ ક્યારેય શિવને માફ કરી શક્યા નહોતા. મિત્રા માટે ખાસ કરીને આ શરમની વાત હતી કારણ કે તેઓએ ભારે વિરોધ છતાંય શિવના નીલકંઠ હોવાની વાતને ટેકો

આપ્યો હતો. એક દૈવી શસ્ત્રનો અનધિકૃત ઉપયોગ કરવાનો દંડ ચૌદ વર્ષનો વનવાસ હતો. તેઓને આપેલા વચનને તોડવા બદલ અને પોતાની સાસુ વીરિની, પોતાના મિત્રો પર્વતેશ્વર અને આનંદમયીના મૃત્યુનું કારણ બનવા માટે એક પશ્ચાત્તાપ રૂપે શિવે પોતાને ભારતની બહાર જતા રહેવાનો દંડ આપ્યો હતો ! ન ફક્ત ચૌદ વર્ષ માટે પણ પોતાના હવે રહેલાં બાકીનાં વર્ષો માટે.

'બાબા...'

શિવનું ધ્યાન ગયું નહોતું કે ગણેશ, કાર્તિક અને કાલી તેઓની નજીક આવી ગયાં છે.

'હા, ગણેશ !'

'બાબા, આજે મહાદેવ રાત્રિનો મેળાવડો અને ભોજન છે.' ગણેશે કહ્યું, 'અને મહાદેવે એક સરોવરકિનારે બેસીને વિચારોમાં ખોવાઈ જવાને બદલે ઉત્સવમાં ભાગ લેવો જોઈએ.'

શિવે ધીમેથી માથું હલાવ્યું. તેઓની ગરદનમાં ધીમી ધીમી પીડા શરૂ થઈ ગઈ હતી. ઘડપણને કારણે.

'મને ઊભો કરવામાં મદદ કરો.' ઊઠવાનો પ્રયત્ન કરતાં શિવ બોલ્યા.

કાર્તિક અને ગણેશે તરત આગળ નમીને પોતાના પિતાને ઊભા કરવામાં મદદ કરી.

'ગણેશ, હું જ્યારે પણ તને જોઉં છું, તો તું જાડો દેખાય છે.'

ગણેશ મોટેથી દિલ ખોલીને હસ્યા. તેઓએ બહુ દુ:ખ વેઠ્યું હતું અને પોતાની માતાના મૃત્યુના દુ:ખમાંથી બહાર આવતાં તેઓને ઘણો સમય લાગ્યો હતો, પરંતુ અંતે તેઓએ પોતાના નુકસાન સાથે સમજૂતી કરી લીધી હતી અને પોતાની માતાના જીવનમાંથી પદાર્થપાઠ શીખવાનો નિર્ણય કરી લીધો હતો. તેઓએ સમગ્ર ભારતમાં શિવ અને સતીનો સંદેશો ફેલાવવાની ફરજ પોતાના માથે લઈ લીધી હતી. જીવનમાં આ એક હેતુને સિદ્ધ કરવાનો હોવાથી તેઓ શાંત થઈ ગયા હતા. ખરેખર તો ક્યારેક ક્યારેક તેઓ રમૂજી પણ થઈ જતા હતા.

'આપની બુદ્ધિપૂર્વકની વર્તણૂકને કારણે, પૂરા ભારતમાં શાંતિ ફેલાઈ ગઈ છે, બાબા.' ગણેશે કહ્યું, 'હવે ન કોઈ યુદ્ધ છે, ન કોઈ સંઘર્ષ છે. એના લીધે હું બહુ ઓછું શારીરિક કામ કરું છું અને બહુ જ ખાઉં છું. બધું મળીને જોતાં, મારું માનવું છે કે મારું જાડા થવું તેમાં આપનો વાંક છે.'

કાલી અને કાર્તિક જોરથી હસી પડ્યાં. શિવે ધીમે રહીને માથું હલાવ્યું, પરંતુ તેઓની આંખો તો ગંભીર જ રહી.

'આપે ક્યારેક ક્યારેક હસવું પણ જોઈએ, બાબા.' કાર્તિક બોલ્યો, 'એનાથી અમને આનંદ થશે.'

શિવે કાર્તિક તરફ જોયું. સતીનું મૃત્યુ થયે લાંબો સમય વીતી ગયો હતો અને હવે યુવાન કાર્તિકના વાળ પણ સફેદ થવા લાગ્યા હતા. શિવ જાણતા હતા કે કેલાશ સુધી પહોંચવા માટે કાર્તિકે બહુ લાંબી મુસાફરી કરી હતી. શિવે મોટાભાગનું કામ પૂરું થઈ ગયા પછી જ્યારે કૈલાશ માનસરોવર પાછા આવી જવાનો નિર્ણય કર્યો હતો ત્યારે કાર્તિક નર્મદાની દક્ષિણમાં, ભારતના પ્રાચીન આંતરિક વિસ્તારમાં, ભગવાન મનુના પ્રદેશમાં જતો રહ્યો હતો.

ઇતિહાસ કહે છે કે ભગવાન મનુ પાંડય વંશના રાજકુમાર હતા. આ વંશે પ્રાગ્ઐતિહાસિક સંગમતમિલ રાજ્ય ઉપર રાજ કર્યું હતું. જ્યારે ગયા હિમયુગના અંતે જ્યારે સાગરના મોજાં ઊછળ્યાં ત્યારે આ રાજ્ય અને તેઓની ખૂબ જ સુંદર સંગમ સંસ્કૃતિ નાશ પામી ગઈ હતી. કાર્તિકને ખબર પડી કે ઘણા બધા લોકો ભગવાન મનુના એ નિયમોને તોડીને પ્રાચીન ભારતીય પિતૃભૂમિમાં રહેતા હતા જે લોકોનું નર્મદાની દક્ષિણે જવા ઉપર પ્રતિબંધ લગાવેલો હતો. કાર્તિકે ભારતની દક્ષિણમાં આવેલી સૌથી મોટી નદી કાવેરીના કાંઠે એક નવી સંગમ સંસ્કૃતિની સ્થાપના કરી હતી.

'હું ત્યારે ખૂલીને હસીશ જ્યારે તમે ત્રણેય પોતપોતાનાં રહસ્ય બતાવશો.' શિવે કહ્યું.
'કેવું રહસ્ય ?' કાર્તિકે પૂછયું.
'તમે બધા જાણો છો. હું શું કહી રહ્યો છું ?'
શિવને થોડા સમય પહેલાં ખબર પડી હતી કે -- દેવગિરિના વિનાશની એક રાત પહેલાં કાલી, પરશુરામ અને વીરભદ્રે વિધુન્માલીનું અપહરણ કરી લીધું હતું. ભયંકર યાતનાઓ આપ્યા પછી વિધુન્માલીએ સતીના હત્યારાઓનાં નામ જણાવી દીધાં હતાં. પછી તેને ત્રાસદાયક અને ધીમા મોતથી મારી નાખવામાં આવ્યો હતો.
દેવગિરિના વિનાશનાં કેટલાંક વર્ષો પછી કાલી, ગણેશ, કાર્તિક, પરશુરામ અને વીરભદ્ર ભારત બહાર જતાં રહ્યાં હતાં. કોઈને ખબર નહોતી કે આ લોકો ક્યાં ગાયબ થઈ ગયા હતા. તેઓ આ વાત સદાય શિવથી છુપાવી રાખતાં હતાં, કદાચ એટલા માટે શિવે સતીના મૃત્યુ ઉપર કોઈ બદલો લેવા ઉપર પ્રતિબંધ મૂકી દીધો હતો. પરંતુ શિવની શંકા પોતાની રીતની હતી...
તે શંકા નિરાધાર નહોતી, કારણ કે લગભગ એ સમયે, ઇજિપ્તમાં અતેન નામે એક રહસ્યમયી જનજાતિના સંપૂર્ણ વિનાશની અનેક અફવાઓ ફેલાઈ હતી. કહેવાય છે કે એ જનજાતિના દરેક નેતાનું મૃત્યુ લાંબુ, ધીમું અને પીડાદાયક રહ્યું હતું, જે દરમિયાન તેઓની લોહી થીજવી દે તેવી ચીસો તેઓના અનુયાયીઓના હૃદયમાં પડઘા પાડતી હતી, પરંતુ કાલી તથા બીજા લોકોને એ ખબર નહોતી કે કેટલાક મહિનાઓ પહેલાં સ્વુથે પોતાની જાતને ગુમ કરી દીધી હતી. તે નાઇલ નદીના મૂળ પાસે જતો રહ્યો હતો અને તેણે પોતાના જીવનનાં બાકીનાં વર્ષો એ દુ:ખમાં વિતાવ્યાં હતાં કે તે પોતાના અંતિમ શિકારને મારી શક્યો નહોતો, પરંતુ સતીની ભવ્યતાએ તેના આત્મા ઉપર પોતાની એક છાપ મૂકી દીધી હતી. તે તેણીનું નામ જાણતો નહોતો. આ માટે તે પોતાના છેલ્લા દિવસો સુધી એક નામ વગરની દેવીના રૂપે તેણીની પૂજા કરતો રહ્યો હતો. તેના વંશજોએ આ પરંપરાને ચાલુ રાખી હતી.
'બાબા, અમે ગયા હતા...'
કાલીએ પોતાનો હાથ કાર્તિકના હોઠ ઉપર મૂકી દીધો, 'જણાવવાનું કંઈ નથી, શિવ. સિવાય કે ભોજન ખૂબ સ્વાદિષ્ટ છે. આપે જમવું જોઈએ. એ માટે મારી સાથે આવો.'
શિવે પોતાના માથાને એક ઝાટકો માર્યો, 'તારા રાજવી ઠાઠમાઠ હજી ગયા નથી.'
કાલીની પાસે હવે તો કોઈ રાજ્ય હતું નહીં. ઇજિપ્તથી પાછા ફર્યા બાદ કેટલાંક વર્ષો પછી તેણીએ પોતાનું સિંહાસન ત્યાગી દીધું હતું અને નાગાઓની નવી રાણી સ્વરૂપે સુપર્ણાને સમર્થન આપ્યું હતું. પોતાના રાજ્યને મજબૂત હાથોમાં સોંપ્યા પછી કાલીએ શિવ, ગણેશ અને કાર્તિક સાથે ભારત દેશનું ભ્રમણ કર્યું હતું. નીલકંઠ પરિવારે દેશભરમાં એકાવન શક્તિપીઠોની સ્થાપના કરી હતી. કાલીએ શિવને સતીની ભસ્મના એ ભાગથી અલગ કરી દેવા માટે મનાવી લીધા હતા જે તેઓએ પોતાને માટે રાખી હતી. તેણીએ કહ્યું હતું કે સતીનો સંબંધ સંપૂર્ણ ભારત સાથે છે, ફક્ત શિવ સાથે નથી. એટલા માટે સતીની ભસ્મનો થોડો થોડો હિસ્સો એ એકાવન પીઠોમાં સમર્પણ કરવામાં આવ્યો હતો, જેથી દરેક ભારતીય પોતાની દેવી, સતી માતાને સદાય યાદ રાખી શકે.
કાલી અંતે ઉત્તર-પૂર્વ બ્રંગામાં કામાખ્યા મંદિરની નજીક જઈને રહી ગઈ હતી અને તેણીએ પોતાનું સંપૂર્ણ જીવન પ્રાર્થનાને સમર્પિત કરી દીધું હતું. તેણીના આધ્યાત્મિક સમર્પણે કામાખ્યા મંદિરને ભારતના સૌથી મહત્ત્વપૂર્ણ પીઠોમાંથી એક બનાવી દીધું હતું. નાગા રાણીથી પ્રભાવિત ઘણા સૂર્યવંશી, ચંદ્રવંશી અને નાગા તેણીની પાછળ તેણીના નવા મુકામે આવી ગયા હતા. સમય જતાં તેઓએ પોતપોતાનાં રાજ્યો સ્થાપી દીધાં હતાં. સૂર્યવંશીઓએ પોતાના રાજ્યનું

નામ, પોતાની રાજધાનીના ત્રણ ચોતરા ઉપરથી ત્રિપુરા રાખ્યું હતું. સાતમા વિષ્ણુ ભગવાન રામના પૂજક ચંદ્રવંશીઓએ પોતાના રાજ્યનું નામ મણિપુર રાખ્યું, કારણ કે સાતમા વિષ્ણુ નિ:શંક ભારતના મુગટ સમાન હતા. કાલીના કેટલાય નાગા અનુયાયીઓએ થોડે આગળ પૂર્વમાં પોતાના રાજ્યની સ્થાપના કરી હતી. આ બધા જ જુદા જુદા લોકો કાલીના માર્ગ પર જ ચાલતા હતા. ભારતમાતાના ગર્ભમાં ઊછરેલા સ્વાભિમાની યોદ્ધા.

'મારી પાસે ભલે હવે કોઈ રાજ્ય નથી, શિવ,' કાલીએ આંખો નચાવીને કહ્યું 'પરંતુ હું હંમેશા રાણી જ રહીશ.'

ગણેશ અને કાર્તિકના ચહેરાઓ ઉપર એક આછેરું સ્મિત આવી ગયું. શિવે ફક્ત કાલીના ચહેરાને જોયા કર્યો જે સતીના ચહેરાને એકદમ મળતો આવતો હતો. તેઓને યાદ આવી ગયું કે તેઓનું જીવન કેટલું પ્રસન્નતાથી ભરેલું હતું.

'ચાલો, ભોજન માટે જઈએ.' શિવે કહ્યું.

મહાદેવનો પરિવાર એ અગ્નિનાં કુંડાળાંઓ તરફ ચાલી નીકળ્યો અને ગણેશ તથા કાર્તિક શિવને કેટલીક સુંદર રચનાઓ વિષે જણાવવા લાગ્યા જે હમણાં જ તેઓને ભૃગુએ બતાવી હતી. આવતાં હજારો વર્ષમાં તેને ભૃગુસંહિતા, જ્યોતિષની પ્રાચીન વિદ્યાની મહાનતમ કૃતિ માનવામાં આવી હતી.

આવતાં વર્ષોમાં શિવ નિરંતર વૈરાગી થતા ગયા. તેઓ ઘણા બધા દિવસો સુધી, ક્યારેક ક્યારેક કેટલાક મહિનાઓ સુધી પહાડની ગુફાઓમાં બધાથી દૂર રહી કષ્ટમય તપ કરવા લાગ્યા હતા. એવા સમયે તેઓને મળવાની રજા ફક્ત નંદીને હતી. પછી તો એવું કહેવાનું શરૂ થયું કે શિવના કાન સુધી પહોંચવાનું માધ્યમ નંદી છે.

શિવ કલાકો સુધી અધ્યયનમાં લાગેલા રહેતા હતા. આ રીતે મેળવેલા જ્ઞાન થકી શિવે પ્રાચીન ભારતીય જ્ઞાન અને બૌદ્ધિકતાને નવા વિચારો અને દર્શનમાં જોડી દીધા. તેઓના ઘણા વિચારોને વેદ, ઉપનિષદ અને પુરાણોમાં સમાવી દેવામાં આવ્યા જેનો હજારો વર્ષો સુધી માનવતાએ લાભ ઉઠાવ્યો અને હજી ઉઠાવે છે.

શિવના અત્યંત સુંદર મગજની ઉત્પાદકતા છતાંય તેઓના હૃદયને ક્યારેય પ્રસન્નતા પ્રાપ્ત ન થઈ. કહેવાય છે કે દેવગિરિના એ ભયંકર દિવસ પછી શિવના પરિવારમાંથી કોઈએ શિવને હસતા જોયા નહોતા. ન તો તેઓનાં નૃત્ય જોયાં કે ન તેઓના ગાન-સંગીત જોયાં. જેમાંથી સહેજ પણ આનંદ મળે તે બધી વસ્તુઓનો શિવે ત્યાગ કરી દીધો હતો, પરંતુ લોકવાયકા છે કે તેઓ એક વાર, ફક્ત એક વાર, હસ્યા હતા જ્યારે તેઓ પોતાના નશ્વર દેહને છોડીને ઈશ્વરને જઈને મળવાના હતા જેમણે તેમને જન્મ આપ્યો હતો. તેઓ હસ્યા હતા, કારણ કે તેઓ જાણતા હતા કે તેઓના જીવનનો પ્રેમ, તેઓની સતી, તેઓથી ફક્ત અંતિમ શ્વાસ જે ટલી દૂર હતી.

કાર્તિકની બુદ્ધિ અને સાહસે સંપૂર્ણપણે નક્કી કરી દીધું હતું કે દક્ષિણ ભારતમાં સંગમ સંસ્કૃતિ ફૂલીફાલી અને તેની શક્તિ દૂર દૂર સુધી ફેલાઈ. જોકે કાર્તિક જે ઉત્તર ભારતમાં કાશીમાં જન્મ્યા હતા, પૂજા કરવા જતા હતા, પરંતુ દક્ષિણ ભારતમાં તેઓનો પ્રભાવ અતુલનીય હતો. તેઓને આજે પણ યોદ્ધા દેવતાના રૂપમાં યાદ કરવામાં આવે છે.

સાથે સાથે ભારતમાં કાર્તિકના મોટાભાઈ બુદ્ધિશાળી અને કૃપાળુ ગણેશ પ્રત્યે સ્નેહભાવ પુષ્કળ છે. લોકો તેઓને સપ્રાણ દેવતાના સ્વરૂ પે માન આપે છે. પૂરા ભારતમાં એક માનતા થઈ ગઈ છે કે બધી પૂજાઓમાં બધા દેવતાઓ પહેલાં ગણેશની પૂજા કરવી જોઈએ. એવું માનવામાં આવે છે કે ગણેશની પૂજા કરવાથી માર્ગના બધા જ અવરોધો દૂર થઈ જાય છે. પોતાની તિક્ષ્ણ બુદ્ધિના કારણે તેઓ ધીમે ધીમે લેખકોના દેવતા પણ બની ગયા હતા. એ રીતે

તેઓનું નામ લેખકો, કવિઓ અને બીજા પીડિત આત્માઓ માટે અત્યંત મહત્ત્વપૂર્ણ બની ગયું છે.

સોમરસનો ખાસ કરીને ગણેશ ઉપર ઊંડો પ્રભાવ પડ્યો હતો, એ માટે તેઓ પોતાના બધા જ સમકાલીનોથી વધુ સૈકાઓ સુધી જીવતા રહ્યા હતા અને ગણેશને તે માટે કોઈ ચિંતા નહોતી. તેઓને ભારતભરના લોકોને મળવું, તેઓને મદદ કરવી, તેઓને માર્ગદર્શન આપવું ગમતું હતું, પરંતુ એક સમય એવો આવ્યો, જ્યારે ઘડપણને કારણે નબળાઈ આવતા ગણેશને લાગ્યું કે તેઓ પોતાના નશ્વર શરીરમાં કદાચ બહુ લાંબો સમય રહ્યા છે.

કારણ કે તેઓને પ્રાચીન વૈદિક કાળના ભારતીયો વચ્ચે પ્રલયકારી ગૃહયુદ્ધમાં એકબીજા સાથે લડતા જોવાનું દુ:ખ સહેવું પડ્યું. એ યુદ્ધના ભયંકર રક્તપાતે ન કેવળ શક્તિશાળી સામ્રાજ્યોને જ નહીં પણ પ્રાચીન વૈદિક ભારતીયોની જીવનશૈલીનો નાશ કરી નાખ્યો. જે બચ્યું હતું તે હતો સંપૂર્ણ વિનાશ. હંમેશા બને છે તેમ એ અવશેષોમાંથી એક સભ્યતાએ ફરી જન્મ લીધો, પરંતુ આ નવી સંસ્કૃતિએ ઘણું બધું ગુમાવી દીધું હતું. તેઓ તેમના પૂર્વજોની મહાનતાની માત્ર ઝલક જ જાણતા હતા. તેઓ ઘણી બધી રીતે અયોગ્ય હતા.

આ ઉત્તરાધિકારીઓ ભૂતકાળના મહાન માણસોમાં દેવતાઓનું રૂપ જોવા માંડ્યા, કારણ કે તેઓને લાગતું હતું કે આવા માણસો ખરેખર હોઈ જ ન શકે. આ લોકો ઉત્કૃષ્ટ વિજ્ઞાનને જાદુ માનતા હતા, કારણ કે તેઓની અલ્પ બુદ્ધિ મહાન જ્ઞાનને સમજી શકતી નહોતી. આ લોકોએ ગહન દર્શનોની ફક્ત પૂજા જ બનાવી રાખી. જે ઇતિહાસ હતો તેને આ લોકોએ દંતકથા માની, કારણ કે સાચુકલી યાદો એ અરાજકતામાં ખોવાઈ ગઈ હતી જ્યારે મહાયુદ્ધ વખતે ઉપયોગમાં લેવાયેલાં શસ્ત્રોએ દેશનો સર્વનાશ કરી નાખ્યો હતો. યુદ્ધ લગભગ બધાનો નાશ કરી દીધો હતો. ભારતને પોતાની પુરાણી સાંસ્કૃતિક ચમક અને બૌદ્ધિક ગહનતા ફરી મેળવતાં સેંકડો વર્ષો લાગ્યાં હતાં.

જ્યારે બચી ગયેલી જાણકારીના ટુકડાઓની મદદથી મહાયુદ્ધના ઇતિહાસને ફરી લખવામાં આવ્યો તો પુસ્તકનું નામ શરૂઆતમાં 'જય' રાખવામાં આવ્યું, પરંતુ એ લોકોના મગજને લાગ્યું કે આ નામ યોગ્ય નથી. એ ભયાનક યુદ્ધમાં વિજય કોઈને મળ્યો નહોતો. એકએક વ્યક્તિ જેણે એ યુદ્ધ લડ્યું હતું તે યુદ્ધ હારી ગયું હતું. ખરેખર તો આખું ભારત હારી ગયું હતું.

આજે આપણે એ યુદ્ધની પૂર્વજો પાસેથી મેળવેલી કથાને દુનિયાના સૌથી મહાન મહકાવ્યોમાંથી એકના સ્વરૂપે જાણીએ છીએ : 'મહાભારત'. જો પ્રભુ નીલકંઠ આજ્ઞા આપશે તો અમે એક દિવસ એ ભયંકર યુદ્ધની જરાય ભેળસેળ વગરની કથા સંભળાવીશું.

ૐ નમ: શિવાય

સૃષ્ટિ પ્રભુ શિવને નમન કરે છે. હું પ્રભુ શિવને નમન કરું છું.

* * *